॥ श्री विचारसागर ॥

અનુવાદક

હીરાલાલ નરભેરામ ભટ્ટ

(ચટાસણા - કૃષ્ણનગર, અમદાવાદ)

પ્રકાશક

વકીલ માણેકલાલ ચુનીલાલ કાંટાવાળા

(ખંભાત - કૃષ્ણભુવન)

॥ महात्मा श्री निश्चलदासजीकृत ॥

॥ श्री विचारसागर ॥

અનુવાદક

છોટાલાલ નરભેરામ ભટ્ટ

(વડોદરા - રંગમહાલ, મહમદવાડી)

પ્રકાશક

વકીલ માણેકલાલ ચુનીલાલ કાંટાવાળા

(ખંભાત - કૃષ્ણપોળ)

પ્રથમાવૃત્તિ પ્રત : ૧૦૦૦

સં. ૧૯૮૭ સ. ૧૯૩૦

કિંમત : રૂ. ૨-૪-૦.

(કિંમત : રૂ. ૨-૦-૦, જૂન, ૧૯૩૧ સુધી)

મુદ્રક : ચીમનલાલ ઈશ્વરલાલ મહેતા
મુદ્રણસ્થાન : વસંત મુદ્રણાલય,
ઘીકાંટા રોડ, પાનાભાઈની વાડી,
: : અમદાવાદ. : :

પ્રકાશકનું નિવેદન.

મેં વિચારસાગરનો અભ્યાસ શરૂ કર્યા પછી જેમ જેમ આગળ અભ્યાસ થતો ગયો તેમ તેમ પૂર્વપક્ષ ઉત્તરપક્ષની ગહનતા, યુક્તિપ્રયુક્તિઓની સૂક્ષ્મતા અને અદ્વૈતસિદ્ધાંતનું મંડન કરવાની નિપુણતામાં મારી બુદ્ધિ પ્રવેશ કરી શકી નહિ. એક તરફ આ ગ્રન્થનું આદ્યન્ત અવિચ્છિન્ન અધ્યયન કરવાની ઉત્કટ અભિલાષા; અને બીજી તરફ ગ્રન્થની વજ્ર જેવી કઠિનતા જોઈને મારૂં અંતઃકરણ આશા નિરાશાના ચકડોળે ચઢી ચિંતાગ્રસ્ત બની ગયું. તે વખતે મને આ ભાષાન્તરની મદદ મળી જવાથી, જેમ તરણાં પકડીને મહાસાગરતરનાર ને નૌકા મળી જવાથી, જે આનંદ થાય તે આનંદ પ્રાપ્ત થયો. એમાં બાળકને પણ ઝટ સમજ પડે એવી સરળ ભાષામાં ગહનમાં ગહન વિષયોને પણ બહુજ સ્પષ્ટ કરી બતાવેલા હોવાથી, તેમજ પારિભાષિક શબ્દોને, વિસ્તૃત વ્યાખ્યા આપીને સમજાવેલા હોવાથી ગુરૂની સહાય વિના પણ ગ્રન્થ નિઃશંક સમજી શકાય એમ છે, એવી મારી પ્રતીતિ થવાથી ભાષાન્તરકાર વયોવૃદ્ધ વિદ્દ્વર શ્રીયુત છોટાલાલભાઇ નરભેરામને ભટ્ટને વિનંતિ કરી, આ ભાષાન્તર પ્રસિદ્ધ કરવાનો મને તે વખતેજ વિચાર થએલો. કારણ કે સંસ્કૃતભાષાના અનભ્યાસી હોવા છતાં વેદાન્તનો અભ્યાસ કરવાની ઇચ્છા વાળાને **વિચારસાગર** વિના બીજું એકે અવલંબન નથી. પણ તેમાં વેદાન્તની સમગ્ર પ્રક્રિયાઓનો સમાવેશ કરેલો હોવાથી કઠિનતાને લીધે, મારી પેઠે એ ગ્રન્થના અનેક અભ્યાસીઓને મારા જેવી મુંઝવણ થતી હશે. તે દૂર થતાં જિજ્ઞાસુઓને આ ગ્રન્થનું પઠન કરવામાં પ્રેમ ઉત્પન્ન થાય; અને તે દ્વારા આ ગ્રન્થના પઠનપાઠનનો પ્રચાર વિશેષ થાય એજ હેતુથી ભાષાન્તરકારની પરવાનગી મેળવી આ ગ્રન્થ પ્રસિદ્ધ કરવાનું સાહસ કર્યું છે. સર્વસામાન્યવર્ગ એનો લાભ લેઇ શકે એ આશયથી સસ્તા સાહિત્યના ધોરણે જેમ બને તેમ આ ગ્રન્થ ઓછી કિંમતે આપી શકાય એની સંપૂર્ણ કાળજી રાખી છે. આ પ્રમાણેની શુભ ભાવનાથી પ્રસિદ્ધ કરેલા આ ગ્રન્થનો જનતા આદર કરે એ જ અભિલાષા છે.

મહાત્મા શ્રી નિશ્ચલદાસજીનું જીવનચરિત્ર, અને આ ગ્રન્થના અનુવાદક વિદ્દ્વર શ્રીયુત છોટાલાલ નરભેરામ ભટ્ટના જીવનનું સંક્ષિપ્ત દિગ્દર્શન એ બે સાહિત્ય વાચસ્પતિ કવિ દયાશંકર રવિશંકરની પાસે લખાવીને તે આ ગ્રન્થમાં દાખલ કર્યું છે. એ ઉપરાન્ત આ ગ્રન્થમાં શ્રીમત્ આદ્યશંકરાચાર્ય ભગવાન્ ભાષ્યકારની છબી મૂકવામાં આવી છે તેનો બ્લોક ખંભાતના ડ્રોઇંગમાસ્તર

રા. રા. યાજ્ઞિક હિંમતલાલ નાથાલાલે આપવાની કૃપા કરી છે તેથી તેમનો જનતા ઉપર તેટલે અંશે ઉપકાર થયો છે, અને શ્રીયુત છોટાલાલભાઇની જે છબી આ ગ્રન્થમાં મૂકવામાં આવી છે તે આ ગ્રન્થ છપાતો હતો તે દરમ્યાન તેમનું અહીં પધારવું થવાથી એમનો ફોટો લેવામાં આવ્યો એટલે તે ઉપરથી બ્લોક તૈયાર કરી એ અનુકૂલતા મેળવી છે. તા. ૨-૧૦-૩૦.

ખંભાત
કૃષ્ણપોળ. વિજયાદશમી.
સં. ૧૯૮૬

વકીલ માણેકલાલ ચુનીલાલ કાંટાવાળા.

શ્રી

મહાત્માશ્રી નિશ્ચલદાસજીનું જીવનચરિત્ર.

કોઈ સાધનસમ્પન્ન પુરૂષ, શ્રવણાદિક કરતો કરતો વખતે સ્થૂલ શરીરનો ત્યાગ કરીને અન્ય શરીર ધારણ કરે છે; ત્યારે તેવા પુરૂષને ગત જન્મમાં રહી ગએલી સાધનોની ન્યૂનતા તેના વર્તમાન જન્મમાં ન રહેતાં તેને શીઘ્ર જ્ઞાન પ્રાપ્ત થાય છે; અને તેજ જન્મમાં તેને સાક્ષાત્કાર પણ થાય છે. એને માટે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં લખ્યું છે કે—"

प्राप्य पुण्यकृताँल्लोकानुषित्वा शाश्वतीः समाः।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ अ. ६-श्लो ४१ ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम्।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम्।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन" ॥ ४३ ॥

સર્વ કર્મના સન્યાસ પૂર્વક વેદાન્તાદિનું શ્રવણ કરતાં કરતાં જેનું શરીર પડી ગયું હોય છે તે યોગભ્રષ્ટ પુરૂષ, અશ્વમેધાદિ પુણ્યકર્મ કરનારાઓને જે લોકની પ્રાપ્તિ થાય છે તે લોકમાં ઘણાં વર્ષો સુધી રહ્યા પછી; કાં તો પવિત્ર અને વિભૂતિ સંપન્ન એવા ચક્રવર્તી રાજા ને ત્યાં, અથવા યોગવિદ્ દરિદ્ર બ્રાહ્મણને ત્યાં જન્મે છે. આ પ્રમાણે દરિદ્ર અને બ્રહ્મવિદ્ બ્રાહ્મણના કુળમાં જન્મ થવો એ આ લોકમાં પરમ દુર્લભ છે. ઉપર પ્રમાણે એમાંથી કોઇ પણ એક સ્થાનમાં જન્મ્યા પછી, ત્યાં તેને પૂર્વ જન્મનો બુદ્ધિ સંસ્કાર પ્રાપ્ત થાય છે; અને તે મોક્ષ પ્રાપ્તિને અર્થે ફરીથી પાછો વિશેષ પ્રયત્ન કરે છે.

આ પ્રમાણેના શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના વચનાનુસાર મહાત્માશ્રી નિશ્ચલદાસજીનો પણ, જાણે કોઇ યોગભ્રષ્ટ પુરૂષનો જન્મ થયો હોય એ રીતે પંજાબમાં આવેલા ધણાના નામના ગામમાં વિક્રમસંવત્ ૧૮૪૯ ના શ્રાવણ વદિ અષ્ટમી જેવી ભગવાન્ યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્ર જેવા પૂર્ણાવતાર પુરૂષને જન્મ આપનારી પુણ્ય તિથિએ જન્મ થયો હતો. એમના પિતાશ્રીની સ્થિતિ પરમ દરિદ્ર હતી, તો પણ સ્વભાવે તે અપાર સાત્ત્વિક પ્રકૃતિના હતા. તેમને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થએલું 'મુક્તો' એ નામ જાણે એમની મુક્તદશા સૂચવતું હોય એવું હતું. આ વિદ્વદ્રત્નને જન્મ આપનારી જનેતા પોતાના પુત્રનો પ્રભાવ જોવાને રહી નહિ; અને શ્રી નિશ્ચલદાસને માતૃસ્નેહનું

બન્ધન પણ રખેને મોક્ષસુખમાં અંતરાયરૂપ થઇ પડે એમ ધારીને જાણે અનુકૂળ સંયોગો મેળવી આપવા હોય તેમ દૈવે તેનો શ્રી નિશ્ચલદાસજીની બાલ્યાવસ્થામાંજ દેહાન્ત કર્યો. તે વખતે આ મહાત્માનું વય માત્ર ત્રણ વર્ષનું જ હતું. સ્ત્રીના સ્વર્ગવાસ પછી મુક્તાજી, ત્રણ વર્ષના બાળક નિશ્ચલદાસજીને પોતાને ખભે બેસાડીને ધણુનાથી આશરે છત્રીસ ગાઉને અંતરે આવેલા દીલ્હીમાં ગયા. ત્યાં દાદૂજી નામના કોઇ મહાપુરૂષે પ્રવર્તાવેલા સંપ્રદાયવાળાઓનું સ્થાન હતું. તે સ્થાનના અમરદાસજી નામના સાધુ તે વખતે અધિકારી હતા. મુક્તાજીએ તેમના ચરણના શરણમાં નિશ્ચલદાસજીને મૂકવાનો નિશ્ચય કરીને સાધુની દીક્ષા અપાવી. દાદૂપંથની દીક્ષા લીધા પછી નિશ્ચલદાસજીએ પોતાનું ચૌદ વર્ષનું વય થતા સુધી ત્યાં જ રહીને વિદ્યાભ્યાસ કર્યો અને ગુરૂસેવાનો પણ લાભ લીધો.

નિશ્ચલદાસજીની વિદ્યાને ગ્રહણ ધારણ કરવાની અસામાન્ય શક્તિ અને અભિરૂચિ જોઈને, કેટલાએક દીર્ઘદર્શી પુરૂષો તે વખતે એવું અનુમાન કરતા કે આ કોઇ મહાતીવ્રબુદ્ધિમાન્ બાળક અલૌકિક પાંડિત્ય સંપાદન કરીને મહાપુરૂષ તરીકે ગણાશે. ઇશ્વરકૃપાએ પરિણામે એમજ બન્યું; અને એ ઉદારચરિત્ર દૂરદર્શી પુરૂષોનાં અનુમાન સાચાં પડયાં.

આ વખતે પોતાના જ ગામના રહીશ સ્વરૂપાનંદ નામના કોઈ એક પરમહંસનો મેળાપ નિશ્ચલદાસજીને દિલ્હીમાં જ થયો. અને **मनो हि जन्मान्तर संगतिज्ञम्** એ ન્યાયે જન્માન્તરના સંબંધને જાણે એ બેયનાં મન જાણી ગયાં હોય તેમ તેમની વચ્ચે સહજ મિત્રતા બંધાઇ ગઇ. દિલ્હીમાં અધિક અભ્યાસની અનુકૂલતાનો અભાવ હોવાથી વિદ્યાના સ્થાયી નિવાસસ્થાનરૂપ શ્રી વિશ્વનાથની પુરી વારાણસી-કાશીમાં જવાનો એ બેય મિત્રોએ સંકલ્પ કર્યો. જ્યાં મુરારિ ચરણચ્યુત નિર્મળ જળના અકળ પ્રભાવથી ભગવતી ભાગીરથી અનેક ભવ્ય જીવોનો સમુદ્ધાર કરવાને ગંભીર ગર્જના કરી રહી છે; જ્યાં સકળ વિદ્યાઓના નિયન્તા ભગવાન્ હરિ અને હર, સ્વયં પરમતત્ત્વજ્ઞાનનો સંવાદ, એક વખતે કરીને લોકોને મુક્તિનું સુખ આપતા હોવાથી જે મુક્તિપુરીને નામે પ્રસિદ્ધિ પામી છે. જ્યાં ચરાચરગુરૂ ભગવાન્ વિશ્વનાથ સાક્ષાત્ નિવાસ કરીને તારકમંત્રનો સદુપદેશ આપી અમાપ પાપનો પરિતાપ નષ્ટ કરી રહ્યા છે, જ્યાં અદ્યાપિ કોઇ કોઇ પરમશાન્ત બ્રહ્મનિષ્ઠ જીવન્મુક્ત મહાત્માઓ પ્રારબ્ધશેષ ભોગવતા નિરન્તર બ્રહ્માનંદમાં નિમગ્ન થઈ પરમશાન્તિનું સુખ અનુભવી રહ્યા છે, એવી કલિકલ્મષનિવારિણી શ્રી કાશીજી તરફ જવાને બેય મિત્રોએ પ્રયાણ શરૂ કર્યું.

કાશીજીમાં પગ મૂકતાની સાથે જ શ્રીનિશ્ચલદાજીને પ્રતીતિ થઇ કે-બીજાં સ્થાનોમાં જે પંડિત તરિકે પંકાય છે અને પોતાને પણ પાછા જે

પંડિત જેવા માને છે તે પંડિતો, આ કાશીના નિવાસી મૂર્ખાઓની કોટીમાં પણ મૂકવાને લાયક હોતા નથી. તેમજ પોતે પણ દિલ્હીમાં રહીને કરેલા અભ્યાસથી જે દિલ્હીના પઠિત સાધુસમુદાયમાંના એક તરીકે ગણાતા હતા તે પણ નિરર્થકજ હતું. બુદ્ધિમાન્ પુરૂષોને આમ પોતાની ન્યૂનતાનું ભાન થવું તે પણ અભ્યુદયના નિદાનરૂપ હોય છે, એ યથાર્થજ છે. નિશ્ચલદાસજીએ પ્રથમ નિખિલાગમ નિગમનિષ્ણાત મહાત્માશ્રી વિશુદ્ધાનન્દજીના આશ્રમમાં શાસ્ત્ર શ્રવણ કરવાની વૃત્તિથી જવાનું શરૂ કર્યું. તે ઉપરથી ત્યાંના સજ્જન વિદ્વાનોનો સહવાસ થતાં એમને સમજાયું કે–હજુ મારામાં શાસ્ત્રશ્રવણ કરવાની પણ યોગ્યતા આવી નથી ત્યાં તેના અધ્યયનની આશા તો રાખ-વીજ શી રીતે? આવો વિચાર કરીને આત્મપુરાણ ઉપર ટીકા કરનારા પંડિત શિરોમણિ શ્રીકાકારામજીની પાસે પ્રથમથીજ અધ્યયન કરવાનો આરંભ કર્યો. પોતાના ઉત્સાહ, સ્વાશ્રય, અને નિશ્ચયના બળે નિશ્ચલદાસજીએ કાકારામજીના શિષ્યની પાસે કોશ વ્યાકરણાદિ ગ્રન્થોનો અભ્યાસ કરી લીધો. એમની અસાધારણ ધારણ શક્તિ જોઇને કાકારામજીએ એમના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી. તે વખતે ત્યાં છએ શાસ્ત્રોનો અભ્યાસ ચાલતો હતો, તેથી નિશ્ચલદાસજીએ સર્વે શાસ્ત્રોના પાઠ સાંભળવા માંડયા. અને એમ કરવાથી કાકારામજીનું છાયાની પેઠે અનુસરણ કરનારા અને તેથી જ તેમની પરમ દુર્લભ કૃપાનું પાત્ર થએલા નિશ્ચલદાસજી તે તે શાસ્ત્રોમાં પારંગત થઇ ગયા. ન્યાયશાસ્ત્રનો અભ્યાસ એમણે વિદ્વન્મૂર્ધન્ય દામોદરશાસ્ત્રીની પાસે કર્યો.

એક એવી લોકોક્તિ છે કે–કાશીમાં એક વખતે કોઇ સ્થાનમાં પંડિ-તોની સભા મળી હતી. તેમાં અનેક વિષયો ઉપર શાસ્ત્રાર્થ થતાં કોઈ એવો કઠિન પ્રસંગ આવી પડયો કે તેનું સમાધાન કરવાને તે સભામાંનો કોઇ પણ પંડિત સમર્થ થઇ શકયો નહિ. એ વખતે નિશ્ચલદાસજી પણ ત્યાં બેઠા હતા, તેમણે પંડિતોની નમ્રતાપૂર્વક આજ્ઞા મેળવીને એ કઠિન પ્રસંગનું શાસ્ત્રસંમત એવું સુન્દર સમાધાન કર્યું કે તે સાંભળીને તમામ પંડિતો ચકિત થઈ ગયા. અને આ વિજયી શિષ્યની વિદ્વત્તાથી કાકારામજીની કીર્તિચંદ્રિકા પણ પૂર્ણિમાની ચંદ્રપ્રભા જેવી સર્વત્ર પ્રસરી રહી.

કાશી જેવા સ્થાનમાં વિદ્યા સંપાદન કરવા જવાની વૃત્તિ થવી, ત્યાં સમર્થ વિદ્વાન્ સદ્ગુરૂનો સમાગમ થવો, તેમની કૃપા મેળવવી, અને વિદ્વાન્ સાધુ પુરૂષોનો સહવાસ થવો, એ ઉત્તરોત્તર સદ્ભાગ્યની અભિવૃદ્ધિનાં ચિહ્નો છે.આવું સદ્ભાગ્ય શ્રીનિશ્ચલદાસજીનું પણ હતું. કે જેને યોગે તેમને આવા સમગ્ર અનુકૂળ સંયોગો પ્રાપ્ત થયા હતા.

નિશ્ચલદાસજીને જન્મથી જ રાગનાં બન્ધનોમાં રહેવાનું નિર્માણ નહીં થએલું હોવાથી બાલ્યાવસ્થામાં જ ત્યાગ પ્રાપ્ત થયો હતો. પણ શાસ્ત્રજ્ઞાન

મેળવવાની ન્યૂનતા હતી, તે પણ ન રહી અને સમગ્રશાસ્ત્રનું તેમણે તલસ્પર્શી અને માર્મિકજ્ઞાન સંપાદન કરી પોતાના ગુરૂવર્ય કાકારામજીનો અને કાશીના અન્ય વિદ્વદ્વર્ગનો શુભાશીર્વાદ પણ મેળવ્યો. તે પછી પરમસંત નિશ્ચલદાસજી વસંતની પેઠે લોક હિતાર્થે ઉપદેશ આપવાના ઉદ્દેશથી ત્યાંથી વિદાય થયા.

જ્ઞાનનું ગ્રહણ કરવાની અને જ્ઞાનનું દાન કરવાની બેય શક્તિઓ તેમનામાં અસામાન્ય હતી. તેમણે છએ શાસ્ત્રોનો યથાવત્ અભ્યાસ કર્યા છતાં, સર્વોત્તમ, અને પરમપુરૂષાર્થની પ્રાપ્તિ કરાવનારૂં તો વેદાન્તશાસ્ત્રજ છે એવો તેમને દૃઢ નિશ્ચય હોવાથી તેના ઉપર તેમની અત્યંત પ્રીતિ હતી; અને તેથીજ વેદાન્તશાસ્ત્રનું અધ્યયન તેઓ પ્રાતઃકાળમાંજ કરાવતા હતા. કારણ કે તે વખતે મનોવૃત્તિઓ શાન્ત હોય છે, અને તત્ત્વજ્ઞાનના ગંભીર વિચારોના સંસ્કારો પણ તે વખતે બહુ સારા પડી શકે છે.

આમ વેદાન્તશાસ્ત્રનું પઠન પાઠન કરાવતા મહાત્માશ્રી નિશ્ચલદાસજી દિલ્લીમાં પોતાના ગુરૂસ્થાનમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે વેદાન્તનું શ્રવણ કરાવવા માંડયું પણ ત્યાંના સાધુઓ એની ગહનતામાં પ્રવેશ કરી શકે એવા ન હોવાથી તેમની તેમાં અભિરૂચિ થઇ નહિ. આમ છતાં નિશ્ચલદાસજીની ગુરૂસ્થાન ઉપર બહુ પ્રીતિ હતી તેથી તેઓએ દાદૂપંથી સંપ્રદાયના સાધુઓના જ્ઞાનમાં વધારો કરી તેમનો ઉત્કર્ષ કરવાની પ્રવૃત્તિ ચાલુ રાખી. સુંદરવિલાસના કર્તા સુંદરદાસજીએ અને અને આ મહાત્મા નિશ્ચલદાસજીએ દાદૂ પંથના મહિમામાં ઘણો વધારો કર્યો છે.

નિશ્ચલદાસજીના શિષ્યવર્ગમાં અનેક પંથના સાધુઓ હતા. તેમાં એક વખત એવો કલેશ ઉત્પન્ન થયો કે-કોઇ એક વિદ્યાર્થિએ દાદૂપંથી વિદ્યાર્થીને કહ્યું કે—તારા ગુરૂ તો કુકડા જેવા હતા. આ ગુરૂનિન્દા, દાદૂપંથી વિદ્યાર્થીને દુઃસહ થઇ પડયાથી તેણે નિશ્ચલદાસજીને એ વાત કરી. તે સાંભળીને મંદમંદ હાસ્ય પૂર્વક નિશ્ચલદાસજીએ કહ્યું કે—ભાઇ! એમાં ખોટું શું લગાડે છે? વાત ખરી છે. જેમ કુકડો, સર્વ લોકોને નિદ્રામાંથી જગાડે છે; તેમ શ્રી દાદૂજીએ પણ અનેક લોકોને મોહનિદ્રામાંથી જગાડયા છે માટે એણે જે કુકડાના જેવા કહ્યા છે તે યથાર્થજ છે.

નિશ્ચલદાસજીની વિદ્વતા, ઉપદેશ કરવાની અપ્રતિમ શક્તિ, અને તીવ્ર ત્યાગવૃત્તિની સર્વત્ર પ્રસિદ્ધિ થતાં બૂંદીના નરેશ રામસિંહજીએ એમને આમંત્રણ મોકલ્યું. રાજા રામસિંહજીના આગ્રહથી પોતે બૂન્દીમાં પધાર્યા એમનો સમાગમ થતાં રામસિંહજીનો ભક્તિભાવ બહુ વધી ગયો; અને સમસ્ત રાજ કુટુંબે નિશ્ચલદાસજીને ગુરૂરૂપે ગણી એમની આજ્ઞાનુરૂપ વર્ત્તન શરૂ કર્યું અને રાજા રામસિંહજીએ એમની આજ્ઞાને અનુસરીને સત્કાર્યો કરવા માંડયાં, એક

વખત દેશદેશાન્તરના પંડિતોનો સમાજ પોતાના શહેરમાં ભરીને તેમનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કર્યો. નિશ્ચલદાસજી જેવા સમર્થ મહાત્માના સત્સંગના રંગથી રાજારામસિંહજીએ પણ સ્વભાવથીજ સાથે નહીં રહેનારી શ્રી અને સરસ્વતીના એકાધિકરણનું પદ સંપાદન કર્યું.

પ્રતિદિન પઠનપાઠનના પ્રભાવથી નિશ્ચલદાસજીની વિદ્યા પૂર્ણ પરિપાક પણાને પામી હતી, અને શક્તિ તો તેમનામાં સ્વાભાવિક હતીજ; તેમાં રાજારામસિંહજીની અને કેટલાએક શિષ્યોની પ્રાર્થનાથી એમણે ગ્રન્થ રચવાનું લોકોપકારક કાર્ય આરંભ્યું.

એમના રચેલા વિચારસાગર; અને વૃત્તિપ્રભાકર એ બે ગ્રન્થો પ્રસિદ્ધ છે. તે ઉપરાંત કઠવલ્લી ઉપનિષદ્ ઉપર એમણે સંસ્કૃતમાં ટીકા લખી છે. વૈદ્યક શાસ્ત્રનો પણ એક ગ્રન્થ રચ્યો છે; અને નિશ્ચલદાસજીના સમકાલીન કેવલાશ્રમ નામના સાધુ એમ કહેતા હતા કે ઇશાવાસ્ય ઉપનિષદ્ ઉપર પણ એમણે સંસ્કૃતમાં ટીકા કરી છે. એમ કહેવાય છે કે–એમણે સત્તાવિશ લાખ શ્લોકોનો સંગ્રહ કર્યો હતો. આ સર્વ એમની ગ્રન્થસમૃદ્ધિ, કીહડોલી ગામમાં નિશ્ચલદાસજીનો જ્યાં ગુરૂદ્વારો છે ત્યાં છે એવું લોકો માને છે.

વિચારસાગર એ વેદાન્તનો પ્રમેયગ્રન્થ ગણાય છે. એ ગ્રન્થ વિક્રમ સંવત્ ૧૯૦૫ના ચાતુર્માસમાં રચાયો એમ કહે છે. આ ગ્રન્થ વિચારનો સાગર હોવાથી તેનાં સાત પ્રકરણોનું 'તરંગ' એવું અન્વર્થ નામ રાખ્યું છે. પ્રત્યેક તરંગમાં શું શું છે તે આ ગ્રન્થનું ગુજરાતી ભાષાન્તર કરનારા વિદ્વદ્વર શ્રીયુત છોટાલાલ ભાઇએ ગ્રન્થ વિવેચનમાં વિસ્તારપૂર્વક દર્શાવ્યું છે તેથી તેની પુનરૂક્તિ અહીં કરી નથી.

આ ગ્રન્થનાં બંગાળી, હિન્દી, મરાઠી, અને ઇંગ્રેજી ભાષામાં ભાષાન્તરો થયાં છે એ ઉપરથી એની લોકપ્રિયતા અને લોકોપયોગિતા સિદ્ધ થાય છે.

વૃત્તિપ્રભાકર એ વેદાન્તનો પ્રમાણ ગ્રન્થ છે. એમાં, વૃત્તિનાં કારણ, વૃત્તિનું ભેદયુક્ત સ્વરૂપ. અને વૃત્તિનું વ્યવહારની તથા મોક્ષની સિદ્ધિરૂપ ફળ, એ ત્રણ પ્રકારના પદાર્થોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એ ગ્રન્થનું પ્રથમ નામ વૃત્તિદીપિકા હતું. નિશ્ચલદાસજી જ્યારે બૂંદીમાં બિરાજતા હતા તે વખતે રામસિંહજીની વૃત્તિને અનુસરીને તેમણે એ ગ્રન્થ રચેલો; અને ત્યાંજ તે છપાયો પણ હતો. તેમાં પ્રથમ સાત પ્રકાશ હતા, તે પછી એક આઠમો પ્રકાશ ઉમેરીને વૃત્તિદીપિકાને વૃત્તિ પ્રભાકર એ નામે પ્રસિદ્ધ કરી, એ ગ્રન્થ સં. ૧૯૧૬માં બૂંદીકોટામાં જ પૂરો કર્યો હતો.

યદ્યાપિ અમુક જાતિમાં જન્મ થાય તો જ અમુક પુરૂષાર્થ કરી શકાય એવો કાંઇ નિયમ નથી. " **दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम्** "

અમુક કુલમાં જન્મ થવો એ દૈવાધીન છે અને પુરૂષાર્થ વ્યક્તિને અધીન છે. એવું વેદવ્યાસનું પણ વચન છે, એટલે મહાપુરૂષોની જાતિનો વિચાર કરવો અસ્થાને છે, એમ છતાં તે વાત તેમણે જણાવી હોય અથવા કોઈ પ્રમાણાન્તરથી સિદ્ધ થઈ શકતી હોય તો તે તેમના ઉજ્જ્વલ ચરિત્રને વળી વિશેષ પ્રકાશિત કરે છે. યુક્તિપ્રકાશની ભૂમિકા ઉપરથી મહાત્મા શ્રી નિશ્ચલદાસજી જાટજાતિના હતા એમ જણાય છે. ત્યારે બીજી તરફથી એ બ્રાહ્મણ હતા એમ પણ સમજાય છે. એમના રચેલા વૃત્તિપ્રભાકર ગ્રન્થના અનુપલબ્ધિપ્રકરણમાં નઞર્થનિરૂપણનો પ્રસંગ લખતાં લખ્યું છે કેઃ—("**अब्राह्मणो नाचार्यः**) જે બ્રાહ્મણથી ભિન્ન એટલે અબ્રાહ્મણ છે તે આચાર્ય થવાને યોગ્ય નથી." આ ઉપરથી એ પોતે બ્રાહ્મણ હોવા જોઈએ એવું કેટલાક વિદ્વાનો અનુમાન કરે છે. તેમજ અદ્વૈતસિદ્ધિનો હિન્દી ભાષામાં અનુવાદ કરનારા ન્યાયવેદાન્તના પરમધુરન્ધર વિદ્વાન્ પૂજ્ય બ્રહ્મચારી શ્રી રામેશ્વરદત્તશર્મા ઉક્તગ્રન્થની પ્રસ્તાવનામાં જણાવે છે કેઃ—કોઈ વખતે પૂજ્ય બ્રહ્મચારીશ્રી **પંજાબમાં** આવેલી **રાવી** નામની નદીના તટ ઉપર પર્યટન કરતા હતા, તેવામાં રાવીથી કંઈક દૂર દક્ષિણ તરફ **તુલંબા**નામના ગામમાં એક વૃદ્ધ સાધુનો એમને મેળાપ થયો, તે દાદૂ સંપ્રદાયનો હતો અને તેનું નામ શીતળદાસ હતું. એ શીતળદાસ સાધુએ પ્રસંગોપાત્ત પૂજ્ય બ્રહ્મચારી શ્રીને કહ્યું કે—" નિશ્ચલદાસજી જાતે સરસ્વત બ્રાહ્મણ હતા. હું એમની સેવામાં ઘણા વખત સુધી રહ્યો હતો. અને એમણે (નિશ્ચલદાસે) ઘણા વખત સુધી માથે જટા રાખેલી હોવાથી તેની ગરમીથી એમનું શરીર બહુ સારૂં રહેતું નહિ." આ પ્રમાણે નિશ્ચલદાસજીના સહવાસમાં રહેલા સાધુ શીતલદાસજીએ સ્વયં પૂજ્ય બ્રહ્મચારી શ્રીને કહેલું. ત્યાર પછી મગરબીમમાં કોઇ રામદાસ નામના ઉદાસીન સંપ્રદાયના સાધુનો એમને (પૂ૦ બ્રહ્મચારીજીને) મેળાપ થયો. તે સાધુએ જ્ઞાનીમૂળચંદજીના સહવાસમાં ઘણો સમય ગાળેલો હતો. આ જ્ઞાની મૂળચંદજી પોતાના સમયમાં એક પ્રતિષ્ઠિત મહાત્મા જેવા મનાતા હતા તે ઉપરાંત તે વિદ્વાન પણ સારા હતા. એમણે '**વેદાન્તપદાર્થ મંજૂષા.**' નામનો વેદાન્તવિષયક એક બહુ ઉત્તમ ગ્રન્થ પણ રચ્યો છે. પોતે સિન્ધુદેશમાં ઘણે ભાગે રહેતા. તે જ્ઞાની મૂળચન્દજી મહાત્મા નિશ્ચલદાસજી ને બહુ માનની દૃષ્ટિએ જોતા હતા. આ બેય મહાત્માઓ સમકાલીન ગણાય છે. એવું રામદાસસાધુએ પૂજ્ય બ્રહ્મચારીશ્રીને કહેલું. આ ઉપરથી મહાત્માશ્રી નિશ્ચલદાસજીની જાતિ વિષે વિદ્વાનો જે યોગ્ય લાગે તે અનુમાન કરે, અમે તો માત્ર સંગ્રહ કરીને અટકીએ છીએ.

નિશ્ચલદાસજીનામાં નિઃસંદિગ્ધજ્ઞાન, અને પરમ ઉત્કૃષ્ટકર્તૃત્વશક્તિ, એ બે હતાં નિર્વિવાદ છે. અને તેથીજ તેઓ જ્યારે યોગવાસિષ્ઠાદિ વેદાન્ત ગ્રન્થો વાંચતા

હતા ત્યારે શ્રોતાઓ ચકિત બની જતા હતા. જે ભાગ્યશાળીઓને એમની જ પાસે વિચારસાગરનો અભ્યાસ કરવાનો અલભ્યલાભ મળ્યો હશે, તે પણ એમની કૃપાથી સિદ્ધ જેવાજ બની ગયા હશે એમાં કંઇ આશ્ચર્ય નથી.

જે પુણ્યશાળી પુરૂષોને એમનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો પ્રસંગ મળેલો, તેઓ કહેતા કેઃ—મહાત્મા નિશ્ચલદાસજી શરીરે કૃશ હતા, પંચકેશ રાખતા, એમની મુખાકૃતિ લંબગોળ હતી, આન્તરશત્રુઓનો નિગ્રહ કર્યાના આયાસથી રહેતો હોય એમ એમના શરીરમાં સર્વદા જ્વર રહ્યા કરતો. કટી ઉપર માત્ર એકજ વસ્ત્ર વીંટાળી રાખતા. ગરીબ કે ગૃહસ્થ, રાજા કે રૈયત, પંડિત કે પામર, સઉની ઉપર એ સમદૃષ્ટિવાળા દેખાતા. શિષ્યસમૂહની સંખ્યા સારી હોવા છતાં પોતાનું કાર્ય પોતેજ કરી લેતા. અને હમેશાં પોતાના સંગૃહીત સાહિત્યનું ચિન્તન કર્યા કરતા હતા.

આવા પરમવિરક્ત, અને વિચારસાગર તથા વૃત્તિપ્રભાકર જેવા આકર ગ્રન્થોના રચનારા પ્રાતઃસ્મરણીય પૂજ્ય મહાત્માશ્રી નિશ્ચલદાસજીએ પ્રતીકાર રહિત પ્રારબ્ધકર્મ ભોગવીને દિલ્હીમાં પોતાના ગુરૂસ્થાનમાંજ વિક્રમ સંવત્ ૧૯૧૯–૨૦ ના શ્રાવણ વદિ ૦)) ને દિવસે સિતેરવર્ષની વયે મધ્યાહ્ન પછી પોતાના સ્થૂલશરીરનો ત્યાગ કરી પરમપદ પ્રાપ્ત કર્યું.

વિચારસાગરને પ્રત્યયાન્તર કરી પ્રસિદ્ધ કરનારા શ્રીયુત મનઃસુખરામ ભાઈએ લખેલા તથા અન્યગ્રન્થોમાંથી મળી આવેલા જીવનચરિત્રને આધારે આ જીવનચરિત્ર લખ્યું છે, તેથી તે વિદ્વાનોનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનીને વિરમીએ છીએ. તા. ૨–૧૦–૩૦

ખંભાત.
ઠે. અલિંગ. વિજયાદશમી.
સં. ૧૯૮૬

કવિ દયાશંકર રવિશંકર

વિચારસાગરના અનુવાદક શ્રીયુત છોટાલાલ નરભેરામ ભટ્ટના જીવનનું સંક્ષિપ્ત દિગ્દર્શન.

કોઇપણ ગ્રંથમાં તેના કર્ત્તાનું જીવનચરિત્ર આપવાથી સહૃદય વાચકને જેટલો સંતોષ થાય છે, તેટલોજ સંતોષ તે ગ્રન્થના અનુવાદકનું જો જીવન-ચરિત્ર આપ્યું હોય તો પણ થાય એ નિર્વિવાદ છે. કારણ કે તે ઉપરથી અનુવાદકની શક્તિનું જ્ઞાન થતાં મર્મજ્ઞ વાચકોને ગ્રંથ પ્રત્યે આદર ઉત્પન્ન થાય છે, એટલુંજ નહિ પણ ગ્રંથ કર્તાના હૃદય સાથે પોતાના હૃદયની એકતા કરીને તેના મનોભાવ પોતાની ભાષામાં સરળ અને સચોટ દર્શાવી શકે એવી અનુવાદકની શક્તિનાં દર્શન થતાં તેમને અત્યંત આનંદ પણ થાય છે; અને ગ્રંથગત ગહન રહસ્યને તે આનંદ સાથે ગ્રહણ પણ કરી શકે છે. આ હેતુથી વિચારસાગરના નિર્માતાનું જીવનચરિત્ર આપ્યા પછી તેના અનુવાદકનું જીવનચરિત્ર આપવું એ અસ્થાને નહિ ગણાય.

ગુજરાતના પ્રસિદ્ધવિદ્વાનોમાં મર્મજ્ઞવિદ્વાન્ તરીકે પ્રતિષ્ઠા પામેલા શ્રીયુત છોટાલાલભાઇનો જન્મ સંવત્ ૧૯૦૬ના ભાદરવા સુદિ પડવાને દિવસે મહેમદા-વાદમાં પોતાના મોસાળમાં થયો હતો. એમનું મૂળવતન અળીંદરા બહુ મોટું ગામ નહીં હોવાથી મહેમદાવાદમાં એમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. તે પછી અમદાવાદમાં અભ્યાસ કરી ઉચ્ચવર્ગમાં ઉત્તીર્ણ થવાથી નહાની ઉંમ-રમાં જ શિક્ષકની જગા મળી ગઇ તેથી કેળવણી ખાતામાં દાખલ થયા હતા. મહાત્મા શ્રી તુલસીદાસજી કહે છે કે—"**सिमिट सिमिट जल भरही तलावा तिमि सद्गुण सज्जन पहीं आवा.**" જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે તેમ સજ્જન પાસે સદ્ગુણ પણ ક્રમે ક્રમે આવતા જાય છે, એ રીતે નોકરીને અર્થે જ્યાં જ્યાં એમને જવાનું થતું ત્યાંથી ત્યાંથી કંઇને કંઇ ગુણ ગ્રહણ કરવા ઉપર લક્ષ આપવાના સ્વભાવને લીધે એમણે ઇંગ્રેજી, સંસ્કૃત, અને ફારસી એ ત્રણ ભાષાઓનો સારો અભ્યાસ કર્યો. તેમાં સંસ્કૃ-તભાષાનું તો તલસ્પર્શી જ્ઞાન સંપાદન કરીને જનતા ઉપર એમણે અત્યન્ત ઉપકાર કર્યો છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. એમના પ્રતિભા સમ્પન્ન અંતઃકરણમાં અન્યને ઉપકારક થઈ પડે એવા અનેક વિષયોનું સ્ફુરણ થયા કરતું, તેમજ વિષયને અનુકૂળ હોવા છતાં સરળ અને રસપૂર્ણ ભાષાની શૈલી પણ એમને સહજ સિદ્ધ હતી. તે ઉપરાંત જન્મ સિદ્ધ કવિત્વશક્તિ પ્રાપ્ત થએલી એટલે બાલ્યાવસ્થામાંથી જ એમણે વિવિધ વિષયો ઉપર ગદ્ય અને પદ્યમાં લેખો લખીને તે વખતમાં પ્રસિદ્ધિ પામેલાં બુદ્ધિપ્રકાશ વગેરે માસિકોમાં તે પ્રસિદ્ધ કરેલા જેને લીધે થોડાજ વખતમાં



रा. रा. श्रीयुत छोटालाल नरभेराम भट्ट.
विचारसागरना अनुवादक-वडोदरा.

Lakshmi Art Bombay. 8.

જાણીતા વિદ્વાનોની દૃષ્ટિ એમના તરફ આકર્ષાવા લાગી. સ્કૂલને લગતા વ્યવસાયમાંથી વખત મેળવીને વિદ્યાના વ્યાસંગ ઉપર અખંડ વૃત્તિ રાખેલી હોવાથી એમણે સ્વલ્પ સમયમાં વ્યાકરણ, સાહિત્ય, આયુર્વેદ, વેદાન્ત અને ન્યાય એ શાસ્ત્રોમાં ઉત્તમ પ્રવીણતા સંપાદન કરી લીધી, અર્વાચીન અને પ્રાચીન શિક્ષણના એકાધિકરણ જેવા આ વિદ્વાન્‌ના જ્ઞાનથી પ્રસન્ન થઈને એમને ઇંગ્રેજી રાજ્યમાંથી વડોદરે ગાયકવાડી રાજ્યના કેળવણી ખાતામાં દાખલ કર્યા. અહીં વડોદરામાં શિક્ષિતવર્ગનો સહવાસ, વારંવાર બદલી થવાનો બહુધા અસંભવ, અને વિદ્યાવૃદ્ધિનાં સાધનોનો સદ્ભાવ હોવાથી સંગૃહીત જ્ઞાન સમૃદ્ધિની અભિવૃદ્ધિનો અને ઉપયોગિતાનો આરંભ અહીંથી થવા લાગ્યો

નીતિવિદ્યાપ્રકાશ, અભ્યુદય, અને કેળવણી આ ત્રણ માસિકોના અધિપતિ તરીકેનું એમણે અનુક્રમે ત્રણ, બે, અને અઠ્ઠાવીસ વર્ષ સુધી સ્થાન શોભાવીને તે દ્વારા તથા બીજાં માસિકોદ્વારા લગભગ બે હજાર જેટલા લેખો લખ્યા હશે. અને આશરે એક હજાર ગ્રન્થોનાં અવલોકન લખ્યાં હશે. એમની રસથી છલકાતી અને લાલિત્યથી ભરેલી ભાષા, અને વિવેચકપદ્ધતિ જોઈને વડોદરા રાજ્ય તરફથી પ્રાચીન કાવ્યમાલા ઉપર ટીકા લખવાના કામ ઉપર એમની યોજના કરવામાંઆવી. ત્યાં એમણે પ્રાચીન કાવ્યમાળાના છત્રીસ ગ્રન્થો ઉપર ટીકા લખીને ઉત્તમટીકાકાર તરીકેની અપ્રતીમ કીર્તિ સંપાદન કરી. ગુજરાતી ભાષામાં આટલા સાહિત્યની અભિવૃદ્ધિ કર્યા છતાં એમણે જે જે સ્વતંત્ર ગ્રન્થો રચ્યા અને જે જે ગ્રન્થોનાં ભાષાન્તરો કર્યાં તે નીચે પ્રમાણે છે:—

સ્વતંત્ર રચેલા ગ્રન્થો.

કાવ્યસાહિત્ય—૧ રસશાસ્ત્ર. ૨ વૃત્તનિરૂપણ. ૩ શાન્તિસુધા. ૪ કામકટાક્ષ. (વાર્તા) ૫ બ્રહ્મરાક્ષસ. ૬ ચિત્રપુરના ચમત્કાર. ૭ બાળકૃષ્ણ–નહાની વાર્તા.

નીતિવિષયકનિબન્ધ—૮ વહેમખંડન. ૯ વિદ્યાર્થિઓની સાંસારિક તથા નીતિવિષયક સ્થિતિ.

રમત—૧૦ સેતરંજની ગમ્મત–પદ્યમય. **વૈદ્યક**—૧૧ વાજીકરણ કલ્પદ્રુમ. **ધર્મ**—૧૨ સ્નાનવિધિ. ૧૩ બ્રાહ્મનિત્ય કર્મ. **ભાષા**—૧૪ સંસ્કૃત પ્રથમ પુસ્તક. **નાટક** ૧૫ મલયસુન્દરી "નાટિકા. **વેદાન્ત**—૧૬ **બ્રહ્મસૂત્રાણાં સંક્ષિપ્તા વૃત્તિ:** (**સંસ્કૃત**) ૧૭ **શ્રીમદ્ભગવદ્ગીતોપદેશો ગદ્યાત્મક:** (**સંસ્કૃત**) (નં. ૧૪થી૧૭ સુધીના અમુદ્રિત છે.)

ભાષાન્તર કરેલા ગ્રન્થો.

પુરાણ અને ઇતિહાસ—૧ માર્કંડેયપુરાણ. ૨ ડંકમહાત્મ્ય. ૩ મહાભારત શાન્તિપર્વ. ૪ વાલ્મીકીયરામાયણમાંથી-કિષ્કિંધાકાંડ ૫ યુદ્ધકાંડ. ૬ ઉત્તરકાંડ.

राष्ट्रकथा माला—૭ ઇરાન. **वैद्यक**-૮ અષ્ટાંગહૃદય-વાગ્ભટ. ૯ વૈદ્યજીવન ૧૦ હિતોપદેશ. ૧૧ વૈદ્યવલ્લભ. ૧૨ ચિકિત્સાંજન. ૧૩ હારીતસંહિતા.

धर्मशास्त्र—૧૪ વ્યવહાર મયૂખ. **धर्म**—૧૫ શિવકવચ. **वेदान्त**—૧૬ શિવગીતા. ૧૭ સિદ્ધાન્તદર્શન. ૧૮ શ્રીમદ્ભગવદ્ગીતોપદેશનું ગુજરાતી ભાષાન્તર. ૧૯ વૈયાસિકી ન્યાયમાળા. ૨૦ આત્મ-પુરાણ સારાનુક્રમ. ૨૧ સ્વાનુભવાદર્શ. ૨૨ વિચારસાગર. ૨૩ પંચદશીનું ભાષાન્તર **योग**—૨૪ યોગરત્ન.

ज्योतिष—૨૫ ચમત્કાર ચિંતામણિ. ૨૬ બૃહત્સંહિતા-દશાધ્યાય. **काव्य**-૨૭ શંકર-દિગ્વિજય-સાતસર્ગ. **नाटक**—૨૮ પ્રિયદર્શિકા. ૨૯ ચંડકૌશિક.

नीति—૩૦ દ્રષ્ટાન્તશતક-જૈનગ્રન્થ. **न्याय**—૩૧ તર્કસંગ્રહ.**कोश**—૩૨ પારિભાષિક શબ્દકોશ.**व्याकरण**—૩૩ સારસ્વતનું ભાષાન્તર. **प्रकीर्ण**—૩૪ શાળોપયોગી ભગવદ્ગીતા. ૩૫ પંચતંત્ર-મિત્રભેદ. ૩૬ જ્ઞાનદીપનું ભાષાન્તર.

આ યાદી ઉપરથી સમજાશે કે એમણે પ્રાચીનકાવ્યમાળાના છત્રીશ ગ્રન્થો ઉપર ટીકા લખી છે, સત્તર ગ્રન્થો સ્વતંત્ર રચ્યા છે, અને છત્રીસ ગ્રન્થોનાં ભાષાન્તર કર્યાં છે, એટલે એકંદર નેવ્યાશી ગ્રન્થો લખ્યા છે. આમ છતાં આ યાદી સંપૂર્ણ નથી. કારણકે અત્યારે લગભગ એકાશી વર્ષનું વય થયા છતાં અવિશ્રાંત યત્ન પૂર્વક એમનો લખવા વાંચવાનો વ્યવસાય ચાલ્યાજ કરે છે. જ્યારે જુઓ ત્યારે કાં તો કંઇક વિચારતા હોય કે કંઇક લખતા જ હોય. એટલે આ પરમ વિદ્યાભ્યાસંગનિરત વયોવૃદ્ધ વિદ્વદ્વરની ક્યારે કયી ગ્રન્થરૂપ પ્રસાદી આપણને પ્રાપ્ત થશે તે કહી શકાય નહિ, તેમજ ઉપરની યાદી જો કે એમની સમક્ષમાં જ તૈયાર કરવામાં આવી છે તો પણ વખતે કોઇ કોઇ ગ્રન્થો રહી ગયા હોય તો તે અસંભવિત નથી. આવા ઉદીચ્ય ટોળકજ્ઞાતિના સૂર્યરૂપ. અને કશ્યપગોત્રના વિભૂષણ કવિકુલ શિરોમણિ શ્રીયુત છોટાલાલભાઇએ, મહાત્માશ્રી નિશ્ચલદાસજીના વિચારસાગરનો અનુવાદ કરીને ગ્રન્થકર્ત્તાની અને પોતાની અનુવાદક તરીકેની કૃતિનો સુયોગ્ય સમાગમ કરી બતાવ્યો છે.

આ ટૂંકા લેખને અનુવાદકના જીવનચરિત્રનું દિગ્દર્શન કહો કે એમના રચેલા ગ્રંથોનું સૂચીપત્ર કહો જે કહેશો તે ચાલશે. કારણ કે-જીવનપર્યંત વિદ્યાવ્યસનમાં જ આસક્ત રહેનારા વિદ્વાન્ પુરૂષના જીવનમાં બીજો જાણવા જેવો અને મુખ્ય કયો વિષય હોય ! એમ છતાં એમની કૃતિની સાથે આકૃતિનું પણ દર્શન કરાવવા સારૂં આ ગ્રંથમાં એમની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે, અને એમની પ્રકૃતિનો પરિચય કરવાની જેમને ઇચ્છા હોય તેમને વડોદરા-મહમદવાડીરંગમહાલમાં આ વિદ્વદ્વરનાં દર્શન કરાવવા જવાની વિનંતિ કરી આ પ્રસંગ પૂરો કરીશું. તા. ૨-૧૦-૩૦

ખંભાત.
ઠે. આલિંગ-વિજયાદશમી } કવિ દયાશંકર રવિશંકર.
સં. ૧૯૮૬

પ્રસ્તાવના.

બ્રહ્મનિષ્ઠ પંડિત નિશ્ચલદાસજીએ હિંદુસ્તાની ભાષામાં રચેલા વિચાર-સાગરની ઉત્તમતા અને ઉપયોગિતા વિષે કાંઇ પ્રશંસા કરવાની હવે જરૂર રહી નથી; મરાઠી અને સંસ્કૃતમાં પણ એના અનુવાદો વિદ્વાનોએ કરેલા જાણવામાં આવ્યા છે. આ પુસ્તકનું પ્રથમ ગુજરાતી ભાષાન્તર પંડિતવર્ય મનઃસુખરામભાઇએ કર્યું છે, તે પછી પણ કેટલાક વિદ્વાનોએ તેનાં ગુજરાતી ભાષાન્તરો કરેલાં સાંભળવામાં આવ્યાં છે. આ ગ્રંથ શાસ્ત્રીય પ્રક્રિયાઓથી ભરપૂર હોવાથી એ ભાષાન્તરો વાંચીને પણ ગુરુની સહાયતા વિના તે સમજાવો કઠિન છે. માટે જેમ બને તેમ એમાંના વિષયો વેદાન્ત પરિભાષાથી અતજ્જ્ઞ અને વેદાન્તના સંસ્કાર વિનાના પણ કેળવાયલા અધિકારીઓ સહેલથી સમજી શકે એવી તેની રચના કરવાની મને ઇચ્છા થઇ આવવાથી અનુકૂલતા પ્રાપ્ત થતાં તેનું સરલ ગુજરાતી ભાષાન્તર કરવાનો પ્રયાસ મેં આદર્યો હતો. અને તે પ્રયાસ કેટલે અંશે સફળ થયો છે, તેનો નિર્ણય કરવાનું હું વાંચનારને સોંપું છું.

એમાં મુખ્ય સહાય પંડિતશ્રી પીતામ્બરદાસજીએ ટીકા સહિત બહાર પાડેલી આવૃત્તિની લીધી છે. તેમણે વિષયોના સ્પષ્ટીકરણ માટે જૂદા જૂદા વિભાગો પાડી અંકો વડે તે તે પરિચ્છેદ બતાવ્યા છે. તે વિભાગો અને અંકો કાયમ ન રાખતાં કાંઇક વિશેષ સાદી રીતે મેં અંકો અને પરિચ્છેદ રાખ્યા છે. વળી તેમણે ટીકામાં આપેલા ખુલાસામાંથી જ્યાં જરૂર લાગી તેટલા જ ખુલાસા મૂળના ભાષાન્તરની સાથે જ આમાં આપવામાં આવ્યા છે કે જેથી વાંચનારનો વિચારતંતુ તૂટે નહિ.

આ ભાષાન્તર અક્ષરશઃ કરવાને બદલે વિષય સમજવાને અનુકૂળ પડે એવી રીતે લખ્યું છે. માત્ર ગ્રંથમાંનો કોઇ વિષય રહી ન જાય તેની ખાસ સંભાળ લેવામાં આવી છે. એટલું જ નહિ, પણ એમાંના વેદાન્તને લગતા કેટલાક શબ્દોનું સ્પષ્ટીકરણ વગેરે ટીકામાંથી અથવા બીજા ગ્રંથોમાંથી લેવામાં આવ્યું છે તે પણ તે તે સ્થળે છાપવામાં આવ્યું છે. વેદાન્તના બીજા ગ્રંથો વાંચનારને તેના પારિભાષિક શબ્દો સમજવાને અનુકૂળ પડે માટે મેં વેદાન્ત અને ન્યાયનાં વાંચેલાં પુસ્તકોમાંથી સંગ્રહ કરેલો એક કોશ પણ આ પુસ્તકને અંતે આપવાનો વિચાર હતો પણ ગ્રંથનું કદ વધી જવાના ભયથી તેને અનુકૂળતાએ સ્વતંત્ર પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરવાનો વિચાર રાખ્યો છે.

આ પુસ્તકમાં કેટલાક હિતૈષીઓની સૂચનાને અનુસરી મૂળગ્રંથના દોહા વગેરે હિંદી ભાષામાં આપ્યા છે. તથા તેના અર્થ ગુજરાતી

ભાષામાંઆપ્યા છે. આ અર્થ પ્રાયઃ શ્રી પ. પ. સ્વામી શ્રીમુકુન્દાશ્રમજીએ રચીને પ્રસિદ્ધ કરાવેલા પુસ્તકને આધારે આપેલા છે. શ્રી પ. પ. સ્વામીશ્રી મુકુન્દાશ્રમજી એક સારા વિદ્વાન અને વેદાન્તશાસ્ત્રોના અભ્યાસી છે. આ ભાષાન્તર તેમણે કૃપા કરી અક્ષરશઃ તપાસી જોયું છે તે બદલ તેમનો પરમ ઉપકાર માનું છું. ખંભાતના સાહિત્ય વાચસ્પતિ કવિશ્રી દયાશંકર રવિશંકરભાઈએ પણ આ ગ્રંથ વાંચી પરમ સંતોષ બતાવ્યો છે તથા આ ગ્રંથ છપાવતી વખતે તેનાં પ્રૂફ સુધારવા વગેરે શ્રમ તેમણે સ્વીકારી લીધો છે, એ તેમનો મહદુપકાર છે.

ખંભાતના વકીલ બ્રહ્મનિષ્ઠ રા. રા. માણેકલાલભાઈને આ પુસ્તકની રચના પસંદ પડવાથી કાંઈ પણ ફળની ઈચ્છા ન રાખતાં આ પુસ્તક તેમણે પોતાને ખર્ચે છપાવી પ્રકટ કર્યું છે, એ તેમનો જનતા ઉપર મહાન્ ઉપકાર છે.

વેદાન્તજિજ્ઞાસુ સામાન્ય જનતાને આ પુસ્તક ઉપયોગી થાય એજ આ પુસ્તક લખવાના શ્રમની કૃતાર્થતા તથા સફળતા છે, સંવત્ ૧૯૮૬ કાર્તિક સુ. ૫

વડોદરા
ઠે. વાડી રંગમહાલ

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

ગ્રંથવિવેચન.

શ્રી શંકરાચાર્ય ભગવાન પોતાના "અપરોક્ષાનુભૂતિ" નામે ગ્રંથમાં લખે છે કે—

"नोत्पद्यते विना ज्ञानं विचारेणान्यसाधनैः ।"

"એટલે વિચાર વિના બીજાં કર્મઉપાસનાદિ સાધનો વડે જ્ઞાન ઉત્પન્ન થતું નથી." કેમકે જ્ઞાન એજ અજ્ઞાનનું નાશક છે અજ્ઞાનથી આ સંસાર ભાસે છે અને જ્ઞાનથી આત્મસ્વરૂપ ભાસે છે, માટે મોક્ષનું સાધન જ્ઞાન છે.

"હું કોણ છું? આ જગત શી રીતે થયું? એનો કર્તા કોણ છે? જગતનું ઉપાદાન કારણ શું છે? આવી શંકાઓ વિચારવાળા માણસને સહજ સ્ફુરી આવે છે. એવી શંકાઓનું યથાર્થ સમાધાન થાય એવા વિચારો તેજ શ્રી શંકરાચાર્ય ભગવાન "વિચાર" શબ્દથી સૂચવે છે. ઉપર કહેલી શંકાઓનું સમાધાન થાય એવા વિચારોનો સમૂહ આ ગ્રંથમાં એકત્ર કર્યો છે એ વિચારો પૂર્વના પંડિતોએ એટલા બધા કર્યા છે કે તે બધાનો સમાવેશ આવડા ગ્રંથમાં થાય નહિ; તથાપિ જેમનો પ્રવેશ સંસ્કૃત શાસ્ત્રીય ગ્રંથોમાં નથી, તથા જેમને શાસ્ત્રોની પરિભાષાનું જ્ઞાન નથી, એવા અનેક મુમુક્ષુ પુરૂષો સમજી શકે એવા એટલા બધા વિચારો આ ગ્રંથમાં જણાવ્યા છે કે જેથી તેને "વિચારસાગર" નામ આપવામાં ગ્રંથકારે કાંઇ અયોગ્ય કર્યું નથી.

સાધુશ્રી નિશ્ચળદાસ મોટા વિદ્વાન હતા, તથા તે ધારત તો સંસ્કૃતમાંજ ઉત્તમ વેદાંતનો ગ્રંથ લખી શકત; પરંતુ અત્યાર સુધીમાં તેવા ગ્રન્થો અનેક થયા છે, પણ પ્રાકૃત ભાષાઓ જાણનારને માટે એવો એક ગ્રન્થ થયો નથી, એમ જાણીને તેમણે જિજ્ઞાસુઓ ઉપર દયા કરીને આ ગ્રન્થ લખ્યો છે. એ વાત તેઓ પોતે પણ આ ગ્રન્થના અંતમાં લખે છે—

सांख्य न्यायमें श्रम कियो, पढि व्याकरन अशेष;
पढे जु ग्रन्थ अद्वैतके, रह्यो न एकहु शेष, ११९.

\+ \+ \+ \+ \+

तिन यह भाषा ग्रन्थ किय, रंच न उपजी लाज;
तामें यह इक हेतु है, दया धर्म सिरताज. ११२

આ આખો ગ્રન્થ સાત વિભાગ પાડીને લખ્યો છે. એ વિભાગના દરેકને તરંગ નામ આપ્યું છે, કેમકે ગ્રન્થને સાગરનું રૂપ આપ્યું ત્યારે તેના વિભાગ તો તરંગજ હોઇ શકે. મૂળગ્રંથ દોહા, ચોપાઇ અને છંદોમાં લખ્યો છે, તથા તેની સંખ્યા બધી મળીને લગભગ સાડી પાંચસો જેટલી છે. આ દોહા વગેરે થોડામાં ઘણો અર્થ બતાવનારાં સૂત્રો જેવા હોવાથી તેના ઉપર પોતેજ

ભાષ્ય લખ્યું છે. અને એ ભાષ્યદ્વારા વેદાન્તની બહુધા બધીજ પ્રક્રિયાઓનું સહેલાઈથી નિરૂપણ કર્યું છે.

વેદાંતના પ્રક્રિયા ગ્રંથો લખવાની શૈલી બહુધા સર્વત્ર એવી જોવામાં આવે છે કે તેનું દરેક પ્રકરણ જાણે પૂરો ગ્રંથ હોય; એ રીતે આ ગ્રંથમાં પણ પ્રાયશઃ એવુંજ જોવામાં આવે છે. એટલે ઉત્તમાધિકારીને જ્ઞાનોપદેશ માત્રથી કૃતાર્થ માનીને ચોથો તરંગ સમાપ્ત કર્યો છે, મધ્યમાધિકારીને જ્ઞાન સાથે ઉપાસના પણ બતાવીને પાંચમો તરંગ પૂરો કર્યો છે; અને કનિષ્ઠ અધિકારીને સર્વ શાસ્ત્ર ભણવાની આવશ્યકતા માનીને છઠ્ઠો તરંગ પૂરો કર્યો છે.

ગ્રંથના પહેલા તરંગમાંજ બ્રહ્મવિદ્યાનો અધિકારી કોણ હોઈ શકે વગેરે ચાર અનુબંધ બતાવ્યા છે ત્યાં લખ્યું છે કે, મનુષ્યોમાં મળ (રાગ દ્વેષાદિ પાપદોષ), વિક્ષેપ (નાના પ્રકારની કલ્પનાઓથી જગત અને તદંતર્ગત સુખદુઃખ ભયાદિની પ્રતીતિ) અને આવરણ (એટલે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થવામાં વિઘ્ન રૂપ અજ્ઞાન), એ ત્રણ દોષ હોય છે. એ ત્રણ પૈકી મળદોષ પૂર્વજન્મે કરેલાં કર્મોના સંસ્કાર રૂપ હોય છે, માટે તેને મટાડવાને આ જન્મે તેથી બળવાન શુભ કર્મો કરવાં જોઈએ. અર્થાત્ પરમેશ્વર પ્રીત્યર્થ નિષ્કામ કર્મ કરવાથી એ પાપદોષ મટે છે. મનમાં રાગ, દ્વેષ અથવા કામ, ક્રોધ, વગેરે દોષો રહેલા હોય છે, તે દૂર કરવાનો ઉપાય મહાભારતમાં શ્રી વ્યાસજીએ પણ તેના વિરોધી ગુણોનું સેવન કરવું એજ કહ્યો છે. ઉષ્ણતાનું શમન શીતથી અને શીતનું શમન ઉષ્ણતાથીજ થાય છે. તેમ કામાદિ દોષથી ઉત્પન્ન થયેલા રાગાદિ વ્યાધિનું શમન નિષ્કામ કર્માદિથીજ થાય એ સંભવિત છે; અને મનુષ્યના નિર્બળ મનને ઇશ્વિર ઉપરની શ્રદ્ધા વડે બળ મળે છે માટે એ નિષ્કામ કર્મ ઇશ્વર પ્રીત્યર્થે કરવાં એમ પણ કહ્યું છે.

આવીજ રીતે દીન અને દુઃખીના સુખને માટે શ્રમ કરવો, દ્રવ્ય ત્યાગ કરવો, વગેરે પરોપકારનાં કૃત્યો છે. એથી કરીને પરમેશ્વર પ્રસન્ન થાય છે; તથા પોતાના દેહાદિ ઉપરથી તથા પોતાનાં સ્વજન–મિત્ર–ધન–ધામ–ધરા–સુખ–વૈભવ–અભિમાન–લોભ, વગેરે ઉપરથી રાગ રૂપી મળ અંતઃકરણમાંથી નાશ પામે છે, શત્રુ ઉપરનો ક્રોધ દૂર કરવા વડે દ્વેષ નામનો મળ દોષ નાશ પામે છે, તથા અંતઃકરણ શુદ્ધ થાય છે. શ્રી ભગવાન પણ ગીતામાં વારંવાર એજ વાત કહે છે; જેમ—

"रागद्वेष वियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्
आत्मवश्यै विंधेयात्मा प्रसादमधिगच्छति ।

"જે માણસ શાસ્ત્રની આજ્ઞાને આધીન રહીને રાગ અને દ્વેષ દોષ વિનાની તથા પોતાના કબજામાં રહેલી ઇંદ્રિયો વડે પ્રાપ્ત થયેલા વિષયોને ભોગવે છે, તથાપિ તેનું અંતઃકરણ નિર્મળ થાય છે."

બધાંજ શાસ્ત્રો અને વેદાંતનાં પુસ્તકો એજ વાત કહે છે. રાગ દ્વેષ વગેરે મેલ મન ઉપર ચઢ્યો હોય તે મનમાં જ્ઞાનરૂપ પરમેશ્વરનો સાક્ષાત્કાર થતોજ નથી. "મારે કાંઈ ફળની ઇચ્છા નથી, પણ આ વિષ્ણુયાગ કરવા વડે પરમેશ્વર પ્રસન્ન થાઓ," એમ માનીને જે ઘણું દ્રવ્ય ખરચીને યજ્ઞયાગાદિ કર્મ કરે છે, તે જો કે નિષ્કામ કર્મજ કહેવાય છે, તથાપિ તેમાં છૂપી રીતે લોકૈષણા રહેલી છે તથા કાંઇક છૂપામાં છૂપી પુણ્યવાસના પણ રહેલી છે. જો કે તેમાં પોતાના દ્રવ્યના વધારાનો ત્યાગ થાય છે તથાપિ અંતઃકરણમાંથી દ્રવ્યમાત્રની ઇચ્છાનો ત્યાગ થતો નથી. અને એટલા માટેજ સર્વસ્વનો ત્યાગ કરીને સંન્યાસ લેવાથીજ ખરી રીતે રાગદ્વેષ મળનો ત્યાગ થઇ શકે છે—અન્યથા થતો નથી; આ કારણથીજ શ્રી શંકરાચાર્ય ભગવાન વારંવાર "**निजगृहात् तूर्णं विनिर्गम्यताम्**" પોતાના ઘરમાંથી ઝટપટ નીકળી જાઓ,': એવો ઉપદેશ કરે છે, તથા સંન્યાસાશ્રમનેજ બ્રહ્મસંસ્થા માને છે,

જે લોકો શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વગેરે શાસ્ત્રોમાંથી અને જનકાદિનાં ઉદાહરણોમાંથી સંસારમાં રહીને તેના ભોગ ભોગવતાં છતાં રાગદ્વેષ રહિત હોઇને સંસારી કર્મો કર્યા કરીને આયુષ્ય વીતાવવાનું કહે છે, તેઓના કહેવામાં પણ અર્જુનની પેઠે મોતને હાથમાં લેઇને સ્વધર્મ આચરવો, એજ આશય હોવો જોઇએ. એવી રીતે શુદ્ધ થયેલું અંતઃકરણ વિક્ષેપ રહિત થાય અને પછી તે તત્વજ્ઞાન મેળવે તો તે અંતઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ પડી સાક્ષાત્કાર થવાને વાર લાગતી નથી; માત્ર તે અંતઃકરણ ફરીથી મલિન ન થવું જોઇએ.

સાધુશ્રી નિશ્ચલદાસ મહાત્મા એ રીતે પહેલા તરંગના આરંભમાં મળ દોષ દૂર કરવાનો ઉપદેશ કરીને પછી અંતઃકરણનો વિક્ષેપ દોષ ઉપાસનાથી દૂર કરવાનું કહે છે. નિર્મળ પાણી પણ હાલતું હોય ત્યારે તેમાં સૂર્યાદિનું પ્રતિબિંબ જણાતું નથી, તેમ નાના પ્રકારની કલ્પનાઓથી ચંચળ થયેલા મનમાં આત્મસાક્ષાત્કાર થતો નથી. આ ચંચળતા મટાડવાનો ઉપાય યોગ-શાસ્ત્ર વગેરે ગ્રંથોમાં તથા શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ કહ્યો છે કે—

"**अभ्यासेन तु कौंतेय, वैराग्येण च गृह्यते**" અભ્યાસ અને વૈરાગ્ય વડે મનને સ્થિર કરી શકાય છે. રાગથી ઉલટો વિરાગ છે, માટે

અંતઃકરણ નિર્મળ કરતી વખતેજ વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય છે. પણ મનને સ્થિર કરવાનો અભ્યાસ નથી કરેલો હોતો તેથી નિર્મળ મનનો પણ વિક્ષેપ ચાલુ રહે છે. અર્થાત્ મનને સ્થિર કરવાનો અભ્યાસ કરવાની જરૂર છે. એનેજ ઉપાસના કહે છે.

ઉપાસના પણ ક્રિયા યોગ છે, તેથી તેના અસંખ્ય પ્રકારો અનુભવીઓએ શોધી કાઢેલા છે, તેમાંથી જે પોતાને અનુકૂળ આવે તેનો અભ્યાસ કરવાથી મન સ્થિર થાય છે. એકની એક ક્રિયા વારંવાર કરવી તેને અભ્યાસ કહે છે. અભ્યાસથી ટેવ પડે છે. મનને સ્થિર રહેવાની ટેવ પડી એટલે પરમેશ્વરનું ચિદાનંદ સ્વરૂપ તેમાં નિરંતર ભાસે છે અને સાધક કૃતકૃત્ય થાય છે.

પણ હજી આવરણનો નાશ થવો બાકી છે—તે થયા વિના કૃત્યકૃત્ય થવાનું નથી. આત્મસ્વરૂપનું અજ્ઞાન એજ આવરણ છે. જ્ઞાન મેળવવાને માટે વેદાંત ગ્રંથોનું શ્રવણ કરવું જોઈએ. ખરૂ પૂછો તો જેમ લોકો મહાભારત કે પુરાણની કથાઓનું શ્રવણ કરે છે, તે રીતે તો વેદાંત ગ્રન્થો પૈકી આત્મ-પુરાણ કે યોગવાસિષ્ઠ જેવા ગ્રન્થોનું શ્રવણ કરી શકાય; બાકી વેદાંતની શાસ્ત્રીય પ્રક્રિયાના ગ્રંથોનું શ્રવણ તે તો અધ્યયન રૂપેજ થવું જોઇએ. આ વિચારસાગર પણ પ્રક્રિયાનો ગ્રંથ છે માટે તે પણ અધ્યયન રૂપે થોડે થોડે વાંચવો ને સમજવો; વાંચ્યા પછી વળી કેટલીક વારે શું શું વાંચ્યું તેનું ચિંતન કરવું અને તે યુક્તિ તથા અનુભવ સાથે ઘટાવવું. એને મનન કહે છે. મનન કરેલો અર્થ ભૂલી ન જતાં દરેક ક્ષણે મનમાં ઉપસ્થિત રહે એનેજ નિદિધ્યાસન કહે છે. આવી રીતે શ્રવણ, મનન, અને નિદિધ્યાસનથી અસંભાવના તથા વિપરીત ભાવના દૂર થાય છે. પરમાત્મા દેખાતો નથી માટે તે નથી, એવા વિચારને અસંભાવના કહે છે; શ્રવણ અને મનનથી તે દૂર થાય છે; જ્યાં પરમાત્મા જણાવો જોઈએ ત્યાં જગત્ જણાય છે, એ વિપરીત ભાવના છે, અને તે નિદિધ્યાસનથી મટે છે. આ અસંભાવના અને વિપરીત ભાવના મટે ત્યારે સર્વત્ર એક અદ્વૈત બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. એટલી વાત પહેલા તરંગમાંથી જાણવામાં આવે છે, અને તેથી મુમુક્ષુ કૃતકૃત્ય થાય છે.

એમ છતાં ઉપર કહેલી બાબતોમાં અનેક શંકાઓને આવકાશ રહે છે. તેનું નિરાકરણ કરવાને બીજો તરંગ રચવામાં આવ્યો છે. આ બીજા તરંગમાં મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે કે,—એક તો જગતનું કારણ જે અજ્ઞાન તથા તે અજ્ઞાનમાંથી ઉપજેલું જે જગત એ બન્નેની નિવૃત્તિ થાય અને બીજું

પરમ આનંદની પ્રાપ્તિ થાય તે મોક્ષ. પણ અજ્ઞાન શી વસ્તુ છે? જગતની નિવૃત્તિ શું ખરેખર થઇ શકે છે? થઈ શકતી હોય તો તે કેવા પ્રકારની નિવૃત્તિ? અને કેવી રીતે? આ વિચાર મોક્ષના પ્રથમ અંશ વિષે કરવો રહ્યો; અને ત્રણ પ્રકારના દુઃખથી ભરેલા સંસારમાં પરમ આનંદની પ્રાપ્તિ સંભવે છે કે કેમ? એ બીજો વિચાર કવાનો રહ્યો. આ વિચારોને લગતી બીજી અનેક બાબતો જાણવી પડે છે,

જે મોક્ષની ઇચ્છાવાળો હોય તેને મુમુક્ષુ કહેવો. બધા લોકો મુમુક્ષુ હોતા નથી. પણ તેમાંના કેટલાક પામર જીવો હોય છે—જેઓ સંસારની ભાંગફોડ સિવાય બીજું કાંઈ જાણતાજ નથી; કેટલાક તેથી લગાર ઉચા દરજ્જાના હોય છે તેઓ સંસારનાંજ સુખ અને વૈભવ ઇચ્છે છે, પણ તે ઇશ્વરદ્વારા ઇચ્છે છે—તેમને શાસ્ત્રકારો 'વિષયી' ગણે છે; એનાથી ઊંચા દરજ્જાના કેટલાક એવા હોય છે કે તેઓએ સંસારનાં સુખો દુઃખથી મિશ્રિત છે અને વળી ક્ષણભંગુર છે, એમ અનુભવથી નક્કી કર્યું હોય છે. તેથી તેઓ દુઃખના મિશ્રણ વગરનું અને અવિનાશી સુખ ઇચ્છતા હોય છે. આવા લોકોને જિજ્ઞાસુ કહે છે. કેટલાક લોકોએ એવું અવિનશ્વર સુખ મેળવ્યું હોય છે તેમને મુક્ત કહે છે.

વળી પાછળ કહ્યું કે સંસાર દુઃખથી ભરેલો છે. એ દુઃખનું કારણ પાંચ પ્રકારના કલેશ છે. એ કલેશ એટલે શું અને તે કોને થાય છે તે પણ ગ્રન્થના આ તરંગમાં સંક્ષેપમાં જણાવ્યું છે. એનો વિસ્તાર સાતમા તરંગમાં છે. જેને એ કલેશ થાય છે તેને જીવ કહે છે. જીવ શી વસ્તુ છે, તેને આ સંસાર શી રીતે પ્રાપ્ત થયો, તથા સંસાર એ પણ વસ્તુતઃ શું છે, એ વિચાર હવે ઉપસ્થિત થાય છે. એ વાત સારી રીતે સમજાવાને ગ્રન્થકારે અધ્યાસ-વાદનું નિરૂપણ કર્યું છે. અધ્યાસ ઉપર ઘણા ઘણા શાસ્ત્રાર્થ છે, એમ છતાં આપણે તેને સહેલાઇથી સમજી શકીએ એવી રીતે શ્રી નિશ્ચલદાસજીએ તે લખી બતાવ્યું છે તે તેમનો આપણા ઉપર પરમ ઉપકાર છે.

ટુંકામાં કહીએ તો ભ્રમ એજ અધ્યાસ છે. એ ભ્રમ અનાદિકાળનો હોવા છતાં જ્ઞાનથી નાશ પામે એવો છે. જેમ દોરડીમાં સાપ દેખાય છે, છીંપમાં રૂપુ દેખાય છે. આકાશમાં નીલતા દેખાય છે, ખારભૂમિમાં સૂર્યના તાપથી જળ દેખાય છે, એ સઘળાં મિથ્યા છે, એમ જાણ્યા છતાં પણ દેખાયા કરે છે, તેમ બ્રહ્મમાં જગત્ દેખાય છે તે પણ મિથ્યા છે, એમ છતાં તે દેખાયાજ કરવાનું. જેમ મૃગજળનો સમુદ્ર દેખીને ડૂબી મરવાના ભયથી અજાણ્યો માણસ દૂરથીજ ઉભો રહી જાય છે પણ જાણીતો માણસ બેધડક આગળ વધ્યો જાય છે;

જેમ દોરડીને સાપ માનનાર તેથી બીહીને નાસે છે, પણ જાણીતો માણસ તેના પર પગ મૂકીને ચાલ્યો જાય છે; એજ રીતે બ્રહ્મને સંસારરૂપે માનનાર તેનાં સુખદુઃખને ખરાં માનીને વિહ્વળ થાય છે, પણ તેને બ્રહ્મરૂપે માનનાર સુખદુઃખાદિ મનના ધર્મ છે, ક્ષુધા તૃષાદિ પ્રાણના ધર્મ છે, જન્મ મરણાદિ દેહના ધર્મ છે, ઇત્યાદિ સમજીને તથા 'હું' એ પણ બુદ્ધિમાં કલ્પેલો ભ્રમ છે–'હું' જેવું કાંઈ છેજ નહિ, એમ સમજીને સદા શાંત રહે છે. તે દેહના જીવન અને મરણને સમાન માને છે, કેમકે દેહનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી એમ તે દૃઢ સમજે છે.

જીવનુ સ્વરૂપ ઓળખાવતાં તેઓ એમ પણ કહે છે કે સત્ ચિત્ આનંદ રૂપ તત્વ–જેને બ્રહ્મ, પરમાત્મા, એવાં નામથી લોકો ઓળખે છે–તે તો સર્વત્ર વ્યાપ્ત છે; તેને બુદ્ધિ, ઈંદ્રિયો, વગેરે ન હોવાથી તેને કોઇ પ્રકારનું વિશેષ જ્ઞાન હોતું નથી, પણ તે સૂર્યના પ્રકાશ જેવું સામાન્ય જ્ઞાનરૂપ છે, પણ તે સૂર્યનો પ્રકાશ કોઇ કાચ જેવી ચળકતી વસ્તુ પર પડે ત્યારે જેમ બેવડો પ્રકાશ થઇને તે પ્રકાશ વિશેષ ચકચકીત દેખાય છે, તેમ બ્રહ્મનું સામાન્ય જ્ઞાન સ્વરૂપ બુદ્ધિમાં પ્રતિફલિત થવાથી તે વિશેષ જ્ઞાન સ્વરૂપે જોવામાં આવે છે, અને તેનેજ લોકો જીવ કહે છે. અર્થાત્ જીવ એ વિશેષ ચૈતન્ય છે. અને બ્રહ્મ એ સામાન્ય ચૈતન્ય છે.

આ બીજા તરંગમાં વળી એકભવિક વાદનો પણ સમાવેશ કર્યો છે. કર્મથી જ મોક્ષ મળે છે એવી વ્યવસ્થા ઘટાવી બતાવનાર કર્મવાદીઓ એક ભવિકવાદી કહેવાય છે. તેનું ખંડન કરી કર્મથી મોક્ષ થતો નથી એમ આ ગ્રન્થકારે સિદ્ધ કરી બતાવ્યું છે. આ રીતે આ બીજા તરંગમાં પણ અધ્યાસની નિવૃત્તિદ્વારા આત્મ સ્વરૂપનું જ્ઞાન થવાથી મોક્ષ થાય છે, એમ કહ્યું છે.

આ બીજો તરંગ પણ શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયની પેઠે જાણે આખા ગ્રન્થના સિદ્ધાંતોના બીજરૂપ હોય એવો છે. એનાજ વિસ્તાર રૂપે તથા સંબંધી રૂપે બીજી પ્રક્રિયાઓ પછીના તરંગમાં કહેલી છે.

ત્રીજા તરંગમાં ગુરૂશિષ્યનાં લક્ષણ, ગુરૂભક્તિ તથા તે કરવાની રીત બતાવી છે. કેમકે તે પછીના ચોથા તરંગથી ગુરૂશિષ્યના સંવાદ દ્વારા ગ્રંથનો આરંભ કર્યો છે.

ગ્રંથનો વિષય સમજાવવાને અનુકૂળ પડે માટે અહીં એક શુભસંતતિ રાજા તથા તેના ત્રણ પુત્રો કલ્પ્યા છે. તે ત્રણમાં પણ એક ઉત્તમ અધિકારી, બીજો મધ્યમ, અને ત્રીજો કનિષ્ઠ, એવી કલ્પના કરી છે.

ચોથા તરંગથી ગ્રંથના મુખ્ય વિષયનો આરંભ થાય છે. આ તરંગમાં ઉત્તમ અધિકારીના ઉપદેશનો સમાવેશ કરેલો છે. જે મનુષ્યે પરોપકારાદિ

નિષ્કામ કર્મ કરીને અંતઃકરણનો રાગ દ્વેષાદિ મળ દૂર કર્યો છે, તથા ધ્યાનાદિ ઉપાસના કરીને વિક્ષેપ દોષ દૂર કર્યો છે, તેને માત્ર અજ્ઞાન રૂપ આવરણ દૂર કરવાનું રહે છે. માટેજ આ તરંગમાં શિષ્યનો પ્રથમ પ્રશ્ન એ છે કે સંસાર રૂપી દુઃખનો નાશ અને પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય શો છે? એના ઉત્તરમાં ગુરૂ તેને કહે છે કે—

" પરમાનંદની પ્રાપ્તિની અને સંસારદુઃખના નાશની તારી ઇચ્છા એ ભ્રાંતિથી ઉત્પન્ન થયેલી છે. અર્થાત્ તું જાતેજ પરમ આનંદ સ્વરૂપ છે; અને સંસાર ઉત્પન્નજ થયો નથી તો તેનું દુઃખ અને વળી તે દુઃખની નિવૃત્તિની ઇચ્છા થાયજ કયાંથી? "

વેદાંત શાસ્ત્રનો છેવટનો સિદ્ધાંત આ રીતે ગુરૂએ કહી દીધો, પણ શિષ્યના હૃદયમાં ઉતારવા માટે તેને સિદ્ધ કરવાનો બાકી રહે છે, અને તેમાંજ ચોથો તરંગ પૂરો થાય છે. મનુષ્ય માત્રને વિષયના યોગથી આનંદની પ્રતીતિ થાય છે, એમ જોવામાં આવે છે: જો આત્માજ આનંદ રૂપ હોત તો તેને આનંદ મેળવવા માટે વિષયોનો યોગ કરવાની જરૂર પડત નહિ, આવી શિષ્યની શંકા થઇ; અને ગુરૂએ તેનું સમાધાન કર્યું કે મનુષ્ય અજ્ઞાનથી ઉપજેલા આવરણ દોષને લીધે જ્યાં પરમાત્મા જોવો જોઇએ ત્યાં દેહગેહાદિ વિષયો દેખે છે; અને આત્મા પરમ પ્રેમનું સ્થાન છે તે પણ આવરણને લીધે ન જાણી શકાયાથી આત્માને ઠેકાણે ભ્રાંતિકલ્પિત બીજી વસ્તુઓને પરમ પ્રેમ રૂપ જાણી તે મેળવવાની ઇચ્છા કરે છે. આ ઇચ્છા પણ અજ્ઞાન જન્ય છે. આ ઇચ્છાને લીધે તેનું મન ચંચળ થઇ જાય છે તથા એવા ચંચળ મનમાં આનંદ રૂપ આત્મા પ્રતિબિંબિત થતો નથી; જ્યારે તે ઇચ્છિત વિષયને પ્રાપ્ત કરે છે ત્યારે ક્ષણ વાર તેનું અંતઃકરણ સ્થિર થઇ જાય છે, અને તેમાં પોતાના આનંદરૂપ આત્માનું પ્રતિબિંબ દેખી વિષયથી પોતાને આનંદ પ્રાપ્ત થયો એમ ભૂલથી માને છે. ખરૂં જોતાં તો આત્માજ આનંદરૂપ છે, એ વાતનું જો ભાન થાય તો પછી તે વિષયો પછવાડે દોડેજ નહિ.

એક વાત અહીં જાણવા જેવી છે કે શરીર ધારણ કર્યું ત્યારથીજ વિક્ષિપ્ત અવસ્થા પ્રાપ્ત થયેલી જાણી લેવી. જેમ મૃગજળને મિથ્યા જાણ્યા છતાં પણ તે તેવું ને તેવું દેખાયા કરે છે, તેમ જ્ઞાન પ્રાપ્ત થયા છતાં પણ દેહગેહાદિ જણાયા કરશે અને તેને માટે સ્વાભાવિક ઇચ્છાઓ પણ ઉત્પન્ન થશે, તથા તે વખતે તેને પણ વિષયમાંથી આનંદ મળતો ભાસશે; પરંતુ તે આત્માને આનંદનું મૂળ જાણતા હોવાથી વિષયોને આનંદરૂપ નહિ માને, અને તેથી તેમાં તે આસક્ત નહિ થાય.

હવે શિષ્ય એક નવો પ્રશ્ન કરે છે કે સંસાર મિથ્યા છે એમ છતાં તે પ્રતીત કેમ થાય છે? અને ગુરૂ તેનો ઉત્તર એનો એજ આપે છે કે દોરડીમાં સાપ જેમ મિથ્યા દેખાય છે તેમ પરમાત્મામાં સંસાર પણ મિથ્યા પ્રતીત થાય છે.

દોરડીમાં સાપ દેખાવાનું શું કારણ છે? એ જો નક્કી કરી શકાય તો બ્રહ્મમાં જગત્ દેખાવાનું કારણ પણ સમજી શકાય, એ હેતુથી હવે ગ્રંથકારે "ખ્યાતિ પ્રકરણ"નો આરંભ અહીંથી કર્યો છે. જૂદા જૂદા શાસ્ત્રકારોએ આ દૃષ્ટાંત ઉપર વિચાર ચલાવ્યો છે અને તેમણે દોરડીમાં સાપ દેખાવાનાં કારણ જૂદાં જૂદાં નક્કી કર્યાં છે, તેને 'ખ્યાતિ' એટલે 'કથન' કહે છે. શૂન્યવાદી બૌદ્ધો જગતનેજ અસત્ માને છે, એટલે જગત્ એવી વસ્તુ છેજ નહિ, એવો તેમનો મત છે, તેથી તેઓ દોરડીમાં દેખાતા સાપને પણ અસત્ કહે છે તેથી તેમની **'અસત્ ખ્યાતિ'** કહેવાય છે.

વિજ્ઞાનવાદી બૌદ્ધો ક્ષણિક વિજ્ઞાનરૂપ આત્માજ બધા પદાર્થ રૂપે દેખાય છે એમ માનીને તેને **'આત્મખ્યાતિ'** કહે છે.

ન્યાય વૈશેષિક શાસ્ત્રજ્ઞો એમ માને છે કે દોરડીમાં સાપ દેખનારો માણસ ખરી રીતે તો જંગલ વગેરે કોઇ અન્ય જગોએ સાપ દેખી રહ્યો હોય છે, પણ નેત્રના દોષ વગેરેને લીધે તે સાપને દોરડીમાં દેખે છે. આવી રીતે સાપને જૂદે પ્રકારે દેખે છે માટે દોરડીમાં સાપ દેખાય છે તેને **'અન્યથા ખ્યાતિ'** કહેવી. બીજા કેટલાક નવીન નૈયાયિકો **'અન્યથા ખ્યાતિ'** શબ્દનો અર્થ ઉપર કહ્યો તે કબૂલ ન રાખતાં જૂદી રીતે અર્થ કરે છે. તેઓ કહે છે કે–દોરડીનું અન્યથા એટલે બીજી રીતે (સાપ રૂપે) કથન તે **'અન્યથા ખ્યાતિ'** માનવી.

સાંખ્ય અને મીમાંસાને માનનાર **'અખ્યાતિ'** માને છે. તેઓ એમ માને છે કે જ્યાં દોરડીમાં સાપ દેખાય છે ત્યાં જોનારને બે જ્ઞાન થાય છે, તેમાં 'આ કાંઇક છે' એવું એક 'સામાન્ય જ્ઞાન' થાય છે, અને તે પદાર્થ સાપ જેવો લાંબો દેખાવાથી પૂર્વે જોયેલા સાપનું 'સ્મૃતિજ્ઞાન' થાય છે. પણ ભય તથા અંધકારના દોષથી જોનારને એવો વિવેક નથી રહેતો કે મને બે જ્ઞાન થયાં છે, અને તેથી તે એવું માની લે છે કે 'આ સાપ છે.' આ જ્ઞાનને તેઓ ભ્રમ કહે છે. આ ભ્રમને પંડિતો **'અખ્યાતિ'** શબ્દથી ઓળખે છે.

વેદાંતીઓ એ ચારે ખ્યાતિઓને ન સ્વીકારતાં પાંચમી **'અનિર્વચનીય ખ્યાતિ'** માને છે. જે વસ્તુને સત્ (ત્રણે કાળમાં અસ્તિત્વવાળી) કહેવાય નહિ તેમ અસત્ પણ કહેવાય નહિ. તેને અનિર્વચનીય કહે છે. દોરડીમાં

સાપ દેખાય છે, પણ દોરડીનું જ્ઞાન થયા પછી સાપ દેખાતો નથી માટે દોરડીમાં સાપને સત્ કહેવાય નહિ; તેમજ વર્તમાનકાળમાં સાપ દેખાય છે અને તેથી ભય વગેરે પણ થાય છે માટે તેને અસત્ પણ કહેવાય નહિ. માટે દોરડીમાં સાપ એ અનિર્વચનીય ખ્યાતિ છે.

આ અનિર્વચનીય ખ્યાતિ સમજવા માટે પરિણામ, વિવર્ત, અધિષ્ઠાન, આશ્રય, વગેરે શબ્દો પણ સાથે સાથેજ ગ્રંથમાં સમજાવ્યા છે. વળી સ્વપ્નમાં અને ભ્રમમાં શો તફાવત છે તે પણ અહીંજ સમજાવ્યું છે. પણ તે સમજતા પહેલાં 'અવિદ્યા' અને તેમાં 'ક્ષોભ થાય છે' એ બે વાતો બરાબર સમજાવી જોઇએ. વેદાંતીઓએ એમ માનેલું છે કે, જેને બ્રહ્મ કહે છે તે સત્તાત્મક ચૈતન્ય સર્વત્ર વ્યાપ્ત છે. સામાન્ય લોકો જેમ આકાશને સૃષ્ટિમાં અને સૃષ્ટિ બહાર પણ કલ્પનાથી વ્યાપ્ત માને છે, તેમ વેદાંતીઓ બ્રહ્મને વ્યાપ્ત માને છે, તથા આકાશ તો બ્રહ્મના એક ભાગમાં આપણે કલ્પીએ છીએ એમ માને છે. એ બ્રહ્મ નિર્વિકાર છે એટલે તેમાં ફેરફાર ન થતાં સદા એક રૂપે રહે છે. તે જ્ઞાન સત્તા રૂપ છે એટલે સૂર્ય જેમ પ્રકાશરૂપ હોઇને બીજાને પ્રકાશિત કરે છે તેમ બ્રહ્મ જ્ઞાનરૂપ હોઇને બીજા પદાર્થોનું જ્ઞાન થવાનું સામર્થ્ય આપે છે. તે વળી નિર્વિકાર હોવાથી સદા એક રૂપ છે, અને સદા એક રૂપ હોવાથી ત્રણે કાળમાં સત્ છે. જે ત્રણે કાળમાં હોય તેનેજ સત્ કહે છે; પણ એકાદ કાળમાં હોય ને બીજા કાળમાં ન હોય તેને અસત્ કહે છે.

એ બ્રહ્મની શક્તિ માયા છે. જે ન હોય તે દેખાડવાનું સામર્થ્ય તેજ માયા છે. આપણે કલ્પનામય પદાર્થો સ્વપ્નમાં અથવા મનોરાજ્યમાં દેખીએ છીએ, તે જે શક્તિથી દેખીએ છીએ તેજ માયાશક્તિ, એ માયાશક્તિ બ્રહ્મમાં સદા રહેલી છે તેમ છતાં તે કોઇક વખત પ્રકટ થાય છે અને કોઇક વખત નિગૂઢ રહે છે. એ માયાનું બીજું નામ અવિદ્યા છે કેમકે તે, જે વસ્તુ વિદ્યમાન નથી તેને પ્રકટ કરી બતાવે છે, અને સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં પાછી તે વસ્તુ અદૃશ્ય થાય છે અથવા તત્વશૂન્ય જણાય છે.

એ અવિદ્યાશક્તિ જ્યાં સર્વત્ર બ્રહ્મતત્વ ભરેલું છે, ત્યાં નાના પ્રકારનું જગત્ બતાવે છે, અને તેનું કારણ પ્રાણીઓનાં કર્મ અથવા તેમના મનમાં અનાદિ કાળથી રહેલી ભોગની વાસનાઓ છે. સામાન્ય રીતે એ વાસનાઓથીજ કલ્પનાઓ ઉપજે છે. અર્થાત્ જીવોની કલ્પનાઓથી તે અવિદ્યામાં ક્ષોભ થાય છે. ક્ષોભ એટલે શાંત પડી રહેલી અવિદ્યાનું જાગી ઉઠવું અથવા પોતાનો પ્રભાવ બતાવવા તત્પર થઇ જવું તે. જેમ જીવોની કલ્પનાઓ (ખરૂં જોતાં વાસનાઓ) અવિદ્યામાં ક્ષોભ ઉત્પન્ન કરે છે, તેમ જડ પદાર્થોમાં રહેલી

અવિદ્યામાં અંધકાર વગેરે નિમિત્તથી પણ ક્ષોભ ઉત્પન્ન કરે છે, અને તે જેમાં રહેલી હોય તે પદાર્થને ઢાંકીને તેને બદલે બીજો પદાર્થ બતાવે છે. બ્રહ્મમાં રહેલી અવિદ્યા બ્રહ્મને ઢાંકીને જગત્ બતાવે છે, ત્યારે દોરડીમાં રહેલી અવિદ્યા દોરડીને ઢાંકીને સાપ બતાવે છે.

આવી રીતે અનિર્વચનીય ખ્યાતિનું સ્વરૂપ છે. ખરૂં જોતાં માયા અથવા અવિદ્યા અનિર્વચનીય છે ત્યારે તેનું કાર્ય ભ્રમ અથવા જગત્ પણ અનિર્વચનીય હોય એમાં શું આશ્ચર્ય?

જગત્ દેખાય છે માટે તેને અસત્ તો નજ કહેવાય; તેમ તે નાશ થાય છે માટે તેને સત્ પણ ન કહેવાય. ત્યારે શું કહેવાય? સત્ અને અસત્‌થી વિલક્ષણ અથવા અનિર્વચનીયજ કહેવાય.

જેવી રીતે દોરડીમાં સાપ અનિર્વચનીય ઉત્પન્ન થાય છે, તેવીજ રીતે તે સાપનું જ્ઞાન પણ અનિર્વચનીય ઉત્પન્ન થાય છે. અને તેજ રીતે સ્વપ્ન તથા તેનું જ્ઞાન પણ અનિર્વચનીય ઉપજે છે, અને તેજ પ્રમાણે જગત્ તથા તેનું જ્ઞાન પણ અનિર્વચનીય ઉપજે છે, અને તેથી દોરડીમાંનો સાપ તથા તેનું જ્ઞાન, સ્વપ્ન અને તેનું જ્ઞાન તથા જગત્ અને તેનું જ્ઞાન મિથ્યા છે.

અહીં કેટલાકને એવો સંશય થશે કે જે સ્વપ્ન એકને પ્રતીત થાય છે તે સ્વપ્ન તેની પાસેના બીજા જાગતા કે ઉંઘતાને પ્રતીત થતું નથી માટે તે ભ્રમરૂપ હોઇ શકે; વળી દોરડીમાં પણ એકને સાપ દેખાય તો બીજાને પાણીનો રેલો, ત્રીજાને જમીનની ફાટ, ચોથાને લાકડી, એમ ભિન્ન ભિન્ન કલ્પના થવાથી ભિન્ન ભિન્ન વસ્તુઓ દેખાવાનો સંભવ છે; પણ જગત્ તો બધાને સરખુંજ દેખાય છે, અને તે મિથ્યા છે એવું જ્ઞાન શાસ્ત્રથી કે વિચારથી થયા છતાં પણ તે દોરડીમાંના સાપની પેઠે નાશ પામતું નથી, તેનું શું કારણ છે?

આ પ્રશ્નનું સમાધાન સમજવા માટે વળી જીવનું સાક્ષીનું બ્રહ્મનું અને માયાનું સ્વરૂપ જાણવું પડશે.

સમુદ્રનો કોઇ ભાગ જ્યારે શાંત હોય છે ત્યારે તેના કોઇ ભાગમાં વળી તરંગ ઉત્પન્ન થાય છે. તેમ સર્વત્ર પરિપૂર્ણ બ્રહ્મતત્વ કોઇ સ્થળે શાંત હોય છે ત્યારે તેના કોઇ ભાગમાં બ્રહ્મની પ્રકૃતિરૂપ શક્તિ ઉદ્‌ભૂત થાય છે. (પ્રશ્નના સમાધાન માટેજ બ્રહ્મમાં સ્થળ કલ્પના આપણે કરીએ છીએ, કેમકે અદ્વૈત બ્રહ્મમાં પ્રકૃતિ અને જગત્ તથા તે સંબંધી શંકાઓ રૂપ કલ્પના પણ આપણે કરીએ છીએ.) એ ઉદ્‌ભૂત શક્તિ ત્રિગુણાત્મક છે. તેમાં સત્વગુણના પ્રાધાન્યવાળી શક્તિ તે માયા કહેવાય છે, અને રજસ્ તમો ગુણના પ્રાધાન્યવાળી શક્તિ તે અવિદ્યા કહેવાય છે. માયાઉપાધિવાળા બ્રહ્મને ઇશ્વર કહે છે. એ ઇશ્વર અનેક રૂપે થવાની ઇચ્છા કરે છે, અને અવિદ્યા ઉપાધિ

ધારણ કરે છે એટલે અનેક વ્યષ્ટિ અંતઃકરણો વિદ્યાના સત્વ ગુણમાંથી ઉત્પન્ન થાય છે. એ અંતઃકરણરૂપ વ્યષ્ટિ ઉપાધિવાળું ચૈતન્ય તે સાક્ષી અને અંતઃકરણમાં પ્રતિબિંબિત આભાસરૂપ ચૈતન્ય તે જીવ આ વાત અગ્નિમાં લાલચોળ તપાવેલા લોઢાના ગોળાના દૃષ્ટાંતથી વિશેષ સ્પષ્ટ થશે. લોઢાના ગોળાથી અગ્નિને જૂદો સમજીને જેમ અગ્નિનીજ વાત કરીએ છીએ, તેમ અંતઃકરણથી ચૈતન્યને જૂદું કરીને સમજવું તે સાક્ષીનું સ્વરૂપ છે; અને અગ્નિ સહિત લોઢાના ગોળાને એક વસ્તુ માનીને વાત કરવાની પેઠે જીવનું સ્વરૂપ છે. આ રીતે જીવ વ્યષ્ટિ અંતઃકરણનો અભિમાની એટલે હુંજ વ્યષ્ટિ અંતઃકરણ છું અથવા મારૂં અંતઃકરણ છે એમ માનનારો છે, અને ઇશ્વર હુંજ સમષ્ટિ અંતઃકરણ છું અથવા સમષ્ટિ અંતઃકરણો મારાં છે એમ માનનારો છે. વ્યષ્ટિ અંતઃકરણોના અભિમાની જીવોની ભોગવાસનાઓથી પ્રેરાઇને સમષ્ટિ અંતઃકરણોનો અભિમાની ઇશ્વર જેમ એક ઇંદ્રિયની ઇચ્છાને અધીનજીવ થઈ તેની વાસના પૂરી પાડે છે. વિચિત્ર ભોગનાં સાધનરૂપ સૃષ્ટિ કલ્પે છે. અને સમષ્ટિ ઇશ્વરની કલ્પના પ્રત્યેક અંતઃકરણાભિમાની જીવને પ્રતીત થાય છે. જીવ પણ અવિદ્યાના સત્વ અંશરૂપ અંતઃકરણનો અભિમાની હોવાથી પોતપોતાની નોખી નોખી કલ્પના પણ કરે છે, તે સ્વપ્નરૂપે કે ભ્રમરૂપે તે તે જીવ એકલાનેજ પ્રતીત થાય છે. આ રીતે ઇશ્વર કલ્પિત જગત્ ભ્રમરૂપ હોવા છતાં સર્વને પ્રતીત થાય છે, અને જીવ કલ્પિત સ્વપ્નમય જગત્ એકનેજ પ્રતીત થાય છે, તેનું કારણ ટુંકામાં સમજવું.

એ સિવાય બીજી પણ કેટલીક શાસ્ત્રીય શંકાઓ તથા તેનાં સમાધાનો ગ્રંથમાં આપેલાં છે, તેનો ઉલ્લેખ વિસ્તારભયથી અહીં કર્યો નથી. એક વાત શાસ્ત્રીય છતાં પણ જાણવા જેવી છે તે બ્રહ્મનું સામાન્યરૂપ અને વિશેષરૂપ છે. શાસ્ત્રમાં સામાન્યરૂપને 'આધાર' અને વિશેષરૂપને 'અધિષ્ઠાન' એવાં નામ આપેલાં છે. જેમ દોરડીમાં સાપ દેખાય છે તે વખતે 'આ સાપ' એમ કહેવામાં આવે છે, તેમાં 'આ' શબ્દ દોરડીનું વિશેષણ છતાં અને તેનું ખરૂં વિશેષ્ય દોરડી છતાં પણ તે 'આ' વિશેષણ સાપને પણ લાગુ પાડવામાં આવે છે, માટે 'આ' વિશેષણને સામાન્યરૂપ કહે છે, અને દોરડીને વિશેષરૂપ કહે છે. બધાં ભ્રમસ્થળમાં સામાન્યરૂપ દેખાય છે અને વિશેષરૂપ તિરોહિત થાય છે (ઢંકાઇ જાય છે). જગતમાં પણ બ્રહ્મનું સત્ એ સામાન્યરૂપ છે અને તે દરેક પદાર્થમાં સત્તા (અસ્તિત્વ) રૂપે દેખાય છે; અને અસંગતા, નિત્યમુક્તતા, વ્યાપકતા, આદિક, વિશેષરૂપ ભ્રમરૂપ જગતના પદાર્થોથી ઢંકાયલું રહે છે માટે દેખાતું નથી. જેમ દૃષ્ટાંતમાં દોરડીએ વિશેષરૂપનું જ્ઞાન થવાથી સર્પભ્રમ દૂર થઇ જાય છે, તેમ અસંગતા વગેરે બ્રહ્મના વિશેષ રૂપનું જ્ઞાન થવાથી જગતભ્રમ પણ દૂર થઇ સર્વત્ર બ્રહ્મ દેખાય છે.

એક બીજો સિદ્ધાંત પણ જાણવા જેવો છે કે જ્યાં અધિષ્ઠાન જડ વસ્તુ હોય ત્યાં તેનો (ભ્રાંતિનો) દ્રષ્ટા તેનાથી ભિન્ન હોય છે; અને જ્યાં અધિષ્ઠાન ચેતન વસ્તુ હોય ત્યાં ભ્રાંતિનો દ્રષ્ટા ચેતનથી ભિન્ન હોતો નથી. જેમ દોરડી અધિષ્ઠાન માનીએ તો સાપરૂપ ભ્રમનો દ્રષ્ટા ચેતનજીવ તેનાથી ભિન્ન છે; પણ સ્વપ્ન જગતનું અધિષ્ઠાન સાક્ષીચેતન છે માટે તેનો દ્રષ્ટા પણ સાક્ષીચેતન છે. અને એજ રીતે આખું જગત કલ્પિત હોવાથી જે તેનો દ્રષ્ટા છે તેજ તેનું અધિષ્ઠાન છે. અર્થાત્ આ જગત્ આપણા પોતાના આત્મસ્વરૂપમાંજ કલ્પિત છે.

પુણ્યપાપનાં ફળ સુખદુઃખ કોણ ભોગવે છે ? એવી શંકાના નિરાસ માટે જીવ, સાક્ષી કૂટસ્થ, ઇશ્વર અને બ્રહ્મનાં સ્વરૂપ ઘટાકાશાદિ દૃષ્ટાંતથી સમજાવીને ખુલાસો કર્યો છે કે આભાસરૂપ જીવ એ ફળનો ભોક્તા છે, અને દરેક વ્યષ્ટિ શરીરમાં રહેલો અંતઃકરણ ઉપહિત સાક્ષી તેનો અંતર્યામી દ્રષ્ટા છે. એજ વાત વધારે સ્પષ્ટ થવાને માટે અજ્ઞાન, આવરણ, ભ્રાંતિ, પરોક્ષજ્ઞાન, અપરોક્ષજ્ઞાન, શોકનાશ અને તૃપ્તિ, એવી આભાસની સાત અવસ્થાઓ વર્ણી છે. અહીં પણ પાછો સંશય થાય છે કે આભાસ મિથ્યા છે માટે બ્રહ્મથી ભિન્ન છે, તે આભાસને હું બ્રહ્મ છું ' એવું જ્ઞાન થાય તો તે પણ મિથ્યા કહેવાય. આ સંશયના નિરાસને માટે ગુરૂ શિષ્ય ને ' હું ' શબ્દનો પ્રયોગ ક્યાં ક્યાં કરવામાં આવે છે તે સમજાવે છે. એનું તાત્પર્ય એટલું છે. કે, યદ્યપિ જ્ઞાન આભાસને થાય છે તથાપિ આભાસ પોતાને તથા કૂટસ્થને બન્નેને પોતાનો આત્મા જાણે છે, તેમાં કૂટસ્થનુ બ્રહ્મની સાથે મુખ્ય સામાનાધિકરણ્ય છે અને આભાસનું બાધ સામાનાધિકરણ્ય છે. અર્થાત્ કૂટસ્થ અને બ્રહ્મ તો એકજ વસ્તુ છે, પણ આભાસમાં તો આભાસનો બાધ કરીને વિચાર કરતાં આભાસમાં જણાતું ચૈતન્ય અને બ્રહ્મ પણ એકજ વસ્તુ છે.

આ રીતે અંતઃકરણની "હું"એવી વૃત્તિમાં સાક્ષી અને આભાસ બન્નેનું ભાન થાય છે અને તે તે એકેજ વખતે થાય છે તેમાં પણ અંતઃકરણ સહિત આભાસને તો સાક્ષી જાણે છે, અને સાક્ષી તો સ્વયંપ્રકાશ અનુભવરૂપ છે.

અંતઃકરણ અને તેમાં ચૈતન્યનો આભાસ એનેજ સામાન્યતઃ લોકો "હું" શબ્દથી ઓળખે છે. અર્થાત્ જે જે પદાર્થો અંતઃકરણની વૃત્તિના વિષયરૂપ હોય તે તે પદાર્થો અંતઃકરણની વૃત્તિના વિષયરૂપ હોય તો તે પદાર્થોને 'હું' જાણું છું ' એવો વ્યવહાર થાય છે. એ રીતે ઘટાદિક તમામ બાહ્ય પદાર્થોને નેત્રાદિ સાધનથી જીવ જાણે છે. એ રીતે ઘટાદિકને પ્રમાણ

કહે છે. નેત્રાદિક સિવાય બીજાં પણ કેટલાંક સાધનથી બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે માટે તેમને પણ પ્રમાણ કહે છે. એવાં પ્રમાણો બધાં મળીને પ્રત્યક્ષ અનુમાન, ઉપમાન, શાબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ, એવાં છ માનેલાં છે, અને તે ઉપરથી પ્રમાતા, પ્રમેય, પ્રમા અને પ્રમાણ એવાં ચાર પ્રકારનાં ચેતન શાસ્ત્ર સમજવાને માટે કલ્પ્યાં છે. એ સિવાય .સ્મૃતિજ્ઞાન અને પ્રમા-જ્ઞાનમાં શો ભેદ છે, કરણ અને કારણની વ્યાખ્યા, સાધારણ કારણ અને અસાધારણ કારણની સમજ, વિશેષણ અને ઉપાધિમાં ભેદ, અવચ્છેદ વાદ અને આભાસવાદમાં ભેદ, ઇત્યાદિ અનેક શાસ્ત્રીય વિષયો આ ગ્રન્થમાં સહેલી ભાષામાં સમજાવ્યા છે.

વેદાંતના મતમાં કેટલાક ઉપલક જોનારા જાણે છે તેમ ઇશ્વરનો નિરાસ કરેલો નથી કે ભક્તિને નિરૂપયોગી માની નથી, એ આ ગ્રંથમાંના ઇશ્વરના સ્વરૂપના વર્ણનથી સમજાશે ગ્રન્થમાં લખે છે કે બીજાં પ્રાણીઓના શરીર જેમ પાંચ મહાભૂતોનાં પરિણામ છે તેવાં રામકૃ-ષ્ણાદિકનાં શરીર નથી, પણ તે માયાનાં પરિણામ છે. માટે અવતાર શરીર બીજાં પ્રાણીઓના શરીરની પેઠે જન્મતાં નથી પણ તેનું ઉપાદાન કારણ સાક્ષાત્ માયા છે. વળી જીવોને દેહાદિકમાં આત્માની ભ્રાંતિ છે તેવી ઇશ્વરને નથી. વળી ઇશ્વરને અજ્ઞાનરૂપ આવરણ નથી માટે તેમને પોતાના સ્વરૂપનો (બ્રહ્મનો) સદા સાક્ષાત્કાર બન્યો રહે છે. જીવોને તો વેદના શબ્દથી બ્રહ્મનું પરોક્ષ જ્ઞાન થયા પછી અંતઃકરણની બ્રહ્માકાર વૃત્તિદ્વારા અજ્ઞાનકૃત આવરણ દૂર થવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. બીજા પદાર્થોનો સાક્ષાત્કાર થવામાં નેત્રાદિ ઇંદ્રિયોની જરૂર પડે છે કેમકે બીજા પદાર્થો સ્વયંપ્રકાશ હોવાથી અજ્ઞાન માત્ર દૂર થવાથી તેનો સાક્ષાત્કાર થાય છે.

કોઇ કહેશે કે ઇંદ્રિયોની સહાયતા વિના કોઈ પદાર્થ પ્રત્યક્ષ થતો હોય એમ જોવામાં આવતું નથી, તો બ્રહ્મ પણ ઇંદ્રિયોની સહાય વિના કેમ પ્રત્યક્ષ થાય ? એનું સમાધાન એવું છે કે–સુખદુઃખ વગેરેનું પ્રત્યક્ષ જેમ બાહારનાં ઇંદ્રિયાદિક સાધન વિના થાય છે તેમ બ્રહ્મનું પ્રત્યક્ષ પણ થાય છે. જ્ઞાન થવામાં માત્ર વૃત્તિનો વિષય સાથે સંબંધ એજ મુખ્ય હેતુ છે તે ધ્યાનમાં રાખવું, આ વિષય સૂક્ષ્મ હોવા છતાં ગ્રન્થમાં બહુ સારી રીતે સમજાવ્યો છે. આ રીતે બ્રહ્મનો સાક્ષાત્કાર સમજાવવાને ચોથો તરંગ પૂરો કર્યો છે.

પાંચમા તરંગમાં મધ્યમાધિકારીને ઉપાસના વગેરેનો ઉપદેશ વર્ણ્યો છે. તેમાં પણ આરંભમાં ભેદવાદ તજવા જેવો છે એ વિષે એક ભર્ચ્છુંનું દૃષ્ટાંત આપ્યું છે. ભર્ચ્છું નામના રાજાના મંત્રીનો નાશ કરવાના હેતુથી ખટપટીઓએ રાજાને સમજાવ્યું કે ભર્ચ્છું મરીને પ્રેત થયો છે તથા જેને દેખે તેને મારી

નાંખે છે. આ ઠગોના વચન ઉપર વિશ્વાસ રાખીને જીવતા ભર્છુને પ્રેત જાણી રાજાએ તેના તરફ જોવાની સુદ્ધાં હિમ્મત કરી નહિ. એ રીતે દ્વૈતવાદી ઠગોના વચન ઉપર વિશ્વાસ રાખીને અદ્વૈતથી ભય પામીને મુમુક્ષુઓ ઠગાય છે. ભર્છુના દૃષ્ટાંતથી વૈરાગ્યનો પણ સારો ઉપદેશ કર્યો છે.

શિષ્યે એક એવો પ્રશ્ન કર્યો હતો કે વેદ અને ગુરૂ સત્ય હોય તો દ્વૈત થાય અને અસત્ય હોય તો તેમનાથી સંસાર દુઃખ મટી શકે નહિ. આ પ્રશ્નના ખુલાસા માટે ગુરૂએ એક રાજાનાસ્વપ્નની વાત કહી મિથ્યા દુઃખનો નાશ મિથ્યા ઉપાયથી જ થાય છે–સત્ય ઉપાય ત્યાં કામ આવતા જ નથી, એમ કહી મિથ્યા સંસાર દુઃખનો મિથ્યા વેદ ગુરૂથી નાશ થાય છે એમ સમજાવ્યુ છે.

અહીં વળી શિષ્ય બીજી એક શંકા કરે છે કે મિથ્યા વેદગુરૂથી કલ્યાણ થાય ત્યારે મિથ્યા મૃગજળથી તરસ પણ મટવી જોઇએ—પણ તે તો મટતી નથી ! આના ઉત્તરમાં ગુરૂ સમજાવે છે કે મિથ્યા ગુરૂ મિથ્યા જ્ઞાનનો નાશ કરે છે એવો સિદ્ધાંત છે, અને દૃષ્ટાંતમાં મિથ્યા પાણી સાચી તરસને કેમ મટાડતું નથી એવો પ્રશ્ન છે. માટે એ દૃષ્ટાંત રૂપ પ્રશ્ન બરોબર નથી. આ પ્રસંગથી વ્યાવહારિક, પ્રાતિભાસિક અને પરમાર્થિક એવી ત્રણ સત્તાઓ સમજાવી છે. વ્યવહારમાં આપણે ઘણા માણસો એવા જોઇએ છીએ કે જેઓ શાસ્ત્રકારના વચનનું રહસ્ય સમજ્યા વિનાજ આક્ષેપ કરે છે કે "તમે બ્રહ્મ છો ત્યારે ખાઓ છો શા માટે ? ઇ૦." તેઓ પરમાર્થિક અને વ્યાવહારિક સત્તાનો ભેદ સમજતા નથી માટેજ એવા પ્રશ્નો કરે છે.

એજ રીતે ઘણાક બાધ અને નાશમાં રહેલો તફાવત જાણતા નથી, તેમજ મિથ્યા અસત્ (ન હોવું) માં તફાવત સમજતા નથી, તેથી પણ એવાજ તરેહવાર પ્રશ્નો કરી પોતાનું શાસ્ત્ર વિષયક અજ્ઞાન બતાવે છે અને વિદ્વાનોને હસાવે છે ! ગ્રંથકારે આ સઘળું ત્રણ સત્તાઓનાં સ્વરૂપ સમજાને અહીં સ્પષ્ટ કર્યું છે.

આ જગતને વિદ્વાનો પારમાર્થિક સત્ય તો માનતાજ નથી, પણ કેટલાક તેને વ્યાવહારિક સત્ય માને છે, ત્યારે કેટલાક તેને સ્વપ્નની પેઠે પ્રાતિભાસિક સત્ય માને છે. પ્રાતિભાસિક સત્ય માનનારા તેને સ્વપ્નની પેઠે ક્રમ વગરજ ઉત્પન્ન થયેલું માને છે ત્યારે વ્યાવહારિક સત્ય માનનારા તેમાં ઉત્પત્તિનો ક્રમ ઘટાવે છે. ગ્રંથકારે અહીં જગદુત્પત્તિનો ક્રમ હોવો જોઇએ કે નહિ એનો સારો વિચાર કર્યો છે અને બન્ને પક્ષ માન્ય રાખ્યા છે–જો કે સ્વપ્નની પેઠે જગત્ પણ પ્રાતિભાસિક છે એવા વસિષ્ઠ મહામુનિના મતનેજ તેઓ આખરે જોર આપે છે.

લોકોમાં વ્યાવહારિક સત્ય રૂઢ થઇ ગયું હોય છે, તથા જગતમાં કાર્ય કારણભાવ શોધવાની ટેવ પડી ગઈ હોય છે, તેથી સામાન્ય લોકોને જગતની પ્રાતિભાસિકતા એકદમ ગળે ઉતરતી નથી માટે તેમને વ્યાવહારિક સત્તા દ્વારાજ જગતનું મિથ્યાત્વ સમજાવવાને જગદુત્પત્તિનો ક્રમ કહેવો પડયો છે. વળી ઉપાસકોને લયચિંતન કરાવવામાં પણ જગદુત્પત્તિનો ક્રમ સમજવાની જરૂર છે. પણ જગદુત્પત્તિનો ક્રમ ભિન્ન ભિન્ન કહેલો હોવાનું પણ એજ કારણ છે કે—સ્વપ્ન તુલ્ય અસત્ જગતની ઉત્પત્તિમાં વળી ક્રમ કેવો હોય ! એમ છતાં લયચિંતન કરનારને અનુકૂળ પડે માટે કોઇ પણ ક્રમ કહેવો. જે જેમાંથી ઉત્પન્ન થાય તે તેમાંજ લય પામે છે, એવો નિયમ હોવાથી પાર્થિવ દશ્ય પદાર્થો છેવટે પૃથ્વીમાં લય પામે છે, પૃથ્વી પોતાના કારણ રૂપ જળમાં. જળ અગ્નિમાં, અગ્નિ વાયુમાં, વાયુ આકાશમાં, આકાશ મહત્તત્વમાં (સમષ્ટિ બુદ્ધિ તત્વમાં), મહત્તત્વ પ્રકૃતિમાં અને પ્રકૃતિ પુરૂષમાં લય પામે છે, અને છેવટે એક પુરૂષ (બ્રહ્મતત્વ) માત્ર અવશિષ્ટ રહે છે, તેજ હું છું. એવું ધ્યાન કરવાના પ્રકારને લયચિંતન કહે છે.

જગદુત્પત્તિનો ક્રમ કહેતાં માયાના અનિર્વચનીય સ્વરૂપનું પ્રથમ પ્રતિપાદન કર્યું છે. પછી અજ્ઞાન અને આવરણ એવી માયાની બે શક્તિઓ પૈકી અજ્ઞાનની સ્વાશ્રય સ્વવિષયતા સમજાવી છે. જેમ ઘરમાંનો અંધકાર ઘરને આશરે રહે છે, અને તે ઘરનેજ ઢાંકે છે-તે માંહેલા ભાગને જાણવા દેતો નથી, તેમ અજ્ઞાન બ્રહ્મને આશરે રહે છે અને તે બ્રહ્મનેજ ઢાંકીને બ્રહ્મને ન જણાવા દેતાં ભલતુંજ કાંઇ–જગત–દેખાડે છે. એને ‘સ્વાશ્રયવિષયતા’ કહે છે.

એ અજ્ઞાન સંબંધી કેટલીક બીજી પણ ચર્ચા કર્યા પછી ગ્રંથકારે ઉપાદાન અને નિમિત્ત કારણ કોને કહે છે તે સમજાવ્યું છે અને ઇશ્વર જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે એમ કહ્યું છે. અહીં વળી જીવનું સ્વરૂપ સમજાવાને ઇશ્વરમાં વિષમ દષ્ટિ તથા ક્રૂરતા નથી, પણ જીવોના ભોગ માટે સૃષ્ટિ ઉપજાવવાની ઈશ્વરને ઇચ્છા થાય છે, એમ કહી પાંચ સૂક્ષ્મ ભૂતોની સૃષ્ટિ, સ્થૂલ સૃષ્ટિ, તથા જીવ અને ઇશ્વરના પાંચ કોશોનાં સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. આ સઘળી વાતો સામાન્યતઃ પંચીકરણ વગેરે જાણનારને નવી લાગવા જેવી નથી.

હવે મહાવાકયના અર્થનો ઉપદેશ કર્યો છે કે પાંચ કોશથી ભિન્ન આત્મા એજ બ્રહ્મ છે. બંધમોક્ષ એ માત્ર કલ્પનાજ હોવાથી પોતાને કર્ત્તા ભોક્તા ન માનતાં અસંગ હોઇને વ્યવહાર કર્યા કરવો, ઇત્યાદિ.

આ તરંગમાં મુખ્યત્વે ઉપાસનાનું નિરૂપણ કરવાનું હોવાથી પ્રથમ લયચિંતન રૂપ ઉપાસના સમજાવ્યા પછી માંડૂક્ય ઉપનિષદાદિને આધારે પ્રણવથી ઉપાસના વિસ્તારથી સમજાવી છે. ૐકારની નિર્ગુણ ઉપાસના કરવાનો પરમહંસનેજ અધિકાર છે એમ પણ પ્રસંગવશાત્ ગ્રંથકારે અહીં કહ્યુ છે. આ તરંગના છેવટના ભાગમાં ત્રણ પ્રકારનો પ્રતિબંધ, ધ્યાન અને જ્ઞાનમાં ભેદ, અહંગ્રહ ધ્યાન, નિર્ગુણ અને સગુણ ઉપાસના, ચૌદ ત્રિપુટીઓ ચાર અવસ્થા, ચાર પ્રકારની મુક્તિ, અર્ચિમાર્ગ અને ધૂમમાર્ગ, વગેરે સમજાવીને તરંગ પૂરો કર્યો છે.

છઠ્ઠો તરંગ કનિષ્ઠ અધિકારી માટે છે. તર્ક પ્રધાન બુદ્ધિવાળાને અહીં કનિષ્ઠ કહ્યો છે. આ તરંગના આરંભમાં સ્વપ્ન વિષે વિચાર ચલાવ્યો છે અને એમ સાબિત કર્યું છે કે સ્વપ્નમાં દેશકાળ વગેરે સામગ્રી વિના સૃષ્ટિ જોવામાં આવે છે, અર્થાત્ નિદ્રાદિ સાદિ (આદિ વાળા) દોષ સહિત અવિદ્યાને લીધે ચૈતન્યમાં કલ્પિત સૃષ્ટિ જોવામાં આવે છે તે પ્રાતિભાસિક સૃષ્ટિ છે; અને જે સૃષ્ટિ અનાદિ અવિદ્યાને લીધે બ્રહ્મમાં દેખાય છે તે વ્યાવહારિક છે. જાગ્રતની સૃષ્ટિ વ્યાવહારિક છે. ત્રણ સત્તાઓ માનીને આ સિદ્ધાંત કહ્યો છે. પણ ઘણા આચાર્યો બે સત્તાજ માને છે અને શ્રી નિશ્ચલદાસજી પણ બે સત્તાવાદને જ સ્વીકારે છે, એટલે પ્રાતિભાસિક તથા પારમાર્થિક બેજ સત્તા છે. (વ્યાવહારિક સત્તાનો સમાવેશ પ્રાતિભાસિકમાંજ કરવો) એમ કહે છે. બ્રહ્મની સત્તા પારમાર્થિક છે અને તે વિનાનાં તમામ દશ્યો—જાગ્રત અને સ્વપ્ન બધુંય—પ્રાતિભાસિક છે. કેમકે જેમ સ્વપ્નમાં દેશકાળ વિના સૃષ્ટિ પ્રતીત થાય છે તેમ જાગ્રત સૃષ્ટિ પણ દેશકાળ વિનાજ પ્રતીત થાય છે; બ્રહ્મમાં દેશકાળ નથી, અર્થાત્ જાગ્રતના દેશકાળ પણ બ્રહ્મમાં કલ્પવામાં આવ્યા છે. આને દૃષ્ટિસૃષ્ટિવાદ કહે છે.

અહીં શિષ્ય શંકા કરે છે કે જાગ્રત પણ સ્વપ્ન સમાન મિથ્યા હોય તો જાગ્રતમાં પ્રતીત થતા વેદ ગુરૂ વગેરે પણ મિથ્યા હોવા જોઇએ; બંધ ને મોક્ષ પણ મિથ્યા થશે, અને તેમ થશે તો પછી શ્રવણાદિક સાધન પણ નકામાં છે.

આ શંકાના સમાધાન માટે એક 'અગૃધદેવનું સ્વપ્ન' નામે કલ્પિત આખ્યાયિકા લખી છે. અગૃધદેવને સ્વપ્નમાં જન્મપરંપરા થાય છે તથા તેમાં છેવટે સ્વપ્નમાં જન્મમરણાદિ સૃષ્ટિની નિવૃત્તિ માટે સ્વપ્નના ગુરૂને શરણે જઇ સ્વપ્નનો ગ્રંથ સાંભળે છે અને છેવટે સ્વપ્નના ગુરૂએ કહેલી સ્વપ્નની યુક્તિથી તે જાગી ઉઠે છે. આ રીતે શિષ્યની શંકાનું સમાધાન આપવાના

નિમિત્તથી વેદાંતની બાકીની પ્રક્રિયાઓ સંક્ષેપમાં અહીં ગ્રંથકારે કહી બતાવી છે. તેમાં પ્રથમ આત્માનું નિરૂપણ કરતાં અસ્તિ, ભાતિ, પ્રિય, નામ, રૂપ એવા પદાર્થના પાંચ અંશનું નિરૂપણ કરી તેમાંથી પહેલા ત્રણ સત્ય અને છેલ્લા બે કલ્પિત છે એમ સમજાવ્યું છે. અને એ રીતે સત્યાસત્યનો વિવેક કરવાનું શીખવ્યું છે, તે સિવાય જન્મ, સત્તા, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય અને વિનાશ, એવા નિરૂક્તકારે કહેલા છ વિકારો રહિત આત્મા છે; તેમજ સજાતીય, વિજાતીય અને સ્વગત, એવા ત્રણ ભેદ રહિત આત્મા છે એમ સમજાવ્યું છે.

કર્મથી એ આત્માની પ્રાપ્તિ થતી નથી; કેમકે ઉત્પત્તિ, નાશ, પ્રાપ્તિ, અને સંસ્કાર, એવો ચાર પ્રકારનોજ કર્મનો ઉપયોગ થઇ શકે છે. અને આત્મા કર્મ વડે ઉત્પન્ન કરવા જેવો નથી; આત્મા પોતાનું સ્વરૂપ છે અને તેથી તે નિત્ય પ્રાપ્ત હોવાથી કર્મ વડે પ્રાપ્ત કરવા જેવો નથી; કર્મ વડે આત્માનો વિનાશ કરવાનો નથી; તેમ આત્મા મલિન નથી કે જેથી તેને સંસ્કાર આપવામાં આવે; આ રીતે કહ્યા પછી કર્મ અને જ્ઞાન સાથે હોય તો મોક્ષ થાય એવા સમુચ્ચયવાદનું પણ ખંડન કર્યું છે. ઉપાસના પણ માનસ કર્મ છે માટે તેની પણ જ્ઞાનને માટે જરૂર નથી, કેમકે કર્મ તથા ઉપાસના જ્ઞાનનાં વિરોધી છે.

તે પછી શક્તિવાદનું નિરૂપણ કર્યું છે. અને લક્ષણાનું પ્રકરણ સમજાવ્યું છે કેમકે મહાવાકયનો અર્થ લક્ષણા માન્યા વગર બંધ બેસતો નથી. અહીંજ પ્રસંગોપાત્ત આભાસવાદ અને પ્રતિબિંબવાદમાં શો તફાવત છે તે પણ જણાવ્યું છે. આ વિષયો ગ્રંથમાંથીજ જોઇ લેવા જેવા હોવાથી અહીં તે કહી બતાવીને પુનરાવર્તન કર્યું નથી.

સાતમા તરંગમાં એમ કહ્યું છે કે જ્ઞાનીને કાંઇ કર્તવ્ય રહેતું નથી, તેથી તેના વર્તનનો કાંઇ નિયમ નથી; પ્રારબ્ધ પ્રમાણે તેનો દેહ વ્યવહાર કરે છે. પણ કેટલાકનું માનવું એમ છે કે જ્ઞાનીએ પણ બ્રહ્માનંદમાં થતા વિક્ષેપને ટાળવાને સમાધિ કરી ત્રિપુટીઓનો લય કરવો જોઇએ. આ પ્રસંગથી યમનિયમાદિથી આરંભીને સમાધિ સુધીનાં આઠ અંગનું નિરૂપણ કર્યું છે, તથા તેને અંગે સંચિત, આગામી અને પ્રારબ્ધ કર્મનું પણ વર્ણન કર્યું છે. સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ સમાધિ બે પ્રકારની છે:—

ત્રિપુટીના ભાન સહિત અદ્વિતીય બ્રહ્મમાં અંતઃકરણની સ્થિતિ તે સવિકલ્પ સમાધિ કહેવાય છે. 'હું બ્રહ્મ છું' એવા શબ્દ સહિત સવિકલ્પ સમાધિ તે 'શબ્દાનુવિદ્ધ' કહેવાય છે, અને તે વિનાની તે 'શબ્દાનનુવિદ્ધ' કહેવાય છે. નિર્વિકલ્પ સમાધિમાં ત્રિપુટીનું ભાન થતું નથી.

નિર્વિકલ્પ સમાધિમાં લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ એવાં ચાર વિઘ્નો થાય છે, તેનાં સ્વરૂપ તથા તે દૂર કરવાના ઉપાય પણ સાથે સાથે બતાવ્યા છે.

પ્રસંગવશાત્ ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ, એવી ચિત્તની પાંચ અવસ્થાઓનું પણ વર્ણન કર્યું છે.

સમાધિમાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરનારને જીવન્મુક્ત કહે છે. વ્યવહારમાં જીવન્મુક્તિનું સુખ જ્ઞાનીને પણ મળતું નથી, માટે જીવન્મુક્તિનું સુખ ઇચ્છનાર જ્ઞાની સંન્યાસ ધારણ કરે છે. પણ એમાં પ્રારબ્ધયોગ બળવાન છે તેથી બધાજ જ્ઞાની જીવન્મુક્ત ન થવા છતાં પણ વિદેહ મુક્ત થઇ શકે છે, એવો આ ગ્રન્થકારનો અભિપ્રાય છે.

ગ્રન્થનો ઉપસંહાર કરવાના હેતુથી હવે ગ્રન્થકારે ત્રણે શિષ્યોની વ્યવસ્થા કરી બતાવી છે. તત્વદૃષ્ટિ નાના દેશ ભ્રમણ કરીને પ્રારબ્ધ ભોગવી છૂટતાં દેહ તજે છે; બીજો શિષ્ય અદૃષ્ટિ એકાંતમાં ધ્યાન ધરીને શાસ્ત્ર રીતે દેહ તજે છે; ત્રીજો તર્કદૃષ્ટિ તમામ વિદ્યા ભણીને છેવટે ફરતો ફરતો પિતાને જઇ મળે છે અને તેના મનના સંશયોનો નિરાસ કરી રાજ્ય ભોગવી પછી મુક્તિ પામે છે. અહીં વિદ્યાનાં અઢાર પ્રસ્થાનોનું સંક્ષિપ્ત વર્ણન આપ્યું છે તે પણ જાણવા જેવું છે.

શુભ સંતતિ રાજાને એવો વિચાર થાય છે કે કયો દેવ ઉપાસ્ય છે? જુદાં જુદાં શાસ્ત્રોમાં વિરોધ શાથી દેખાય છે? આ વાતનો નિર્ણય કરવા તે પંડિતોના મત સાંભળે છે. આ દ્વારા ભિન્ન ભિન્ન મતાગ્રહીઓના મત કહી બતાવ્યા છે. છેવટે તમામ ગ્રંથોનો કારણ બ્રહ્મ ઉપાસ્ય છે. અને કાર્ય બ્રહ્મ ઉપાસ્ય નથી, એવું સૂચવવામાં અભિપ્રાય છે એમ પોતાના પુત્રના મુખથી જાણી તેને સંતોષ થયો, અને પુત્રને રાજ્ય સોંપી પોતે કારણ બ્રહ્મની ઉપાસના કરી કૃતાર્થ થયો.

આ રીતે આ ગ્રન્થ સમાપ્ત થાય છે. પંચદશી વગેરે પ્રકરણ ગ્રન્થોમાંથી સાર ખેંચીને પ્રાકૃત ભાષામાં આ ગ્રન્થ એવો લખ્યો છે કે જેથી વેદાંતનું સારૂં જેવું જ્ઞાન થાય છે, તેમજ પોતાના મનને શાંતિ આપી વ્યવહાર કરવા ઇચ્છનારને પણ આ ગ્રન્થની પ્રક્રિયાઓ ઠીક સહાય આપે છે, માટે પણ આ ગ્રન્થ સહુ કોઇએ આદર કરવા યોગ્ય છે.

ભટ્ટ છોટાલાલ નરભેરામ.

વિચારસાગરગત વિષયોનો સંગ્રહ.

પ્રથમ તરંગ.

અનુબંધ સામાન્ય નિરૂપણ.

બીજો તરંગ.

અનુબંધ વિશેષ નિરૂપણ.

ચોથો તરંગ.

ઉત્તમાધિકારી ઉપદેશ નિરૂપણ.

પાંચમો તરંગ.

ગુરૂ વેદાદિક વ્યાવહારિક પ્રતિપાદન અને મધ્યમાધિકારી સાધન નિરૂપણ.

વિષય.		પૃષ્ઠ.

છઠ્ઠો તરંગ.

ગુરૂ વેદાદિ સાધન મિથ્યા વર્ણન.

કનિષ્ટ અધિકારીને ઉપદેશ.

મિથ્યા આચાર્યનો મિથ્યા શિષ્યને મિથ્યા ગ્રંથનો ઉપદેશ

વિષય.		પૃષ્ઠ.

સાતમો તરંગ.

જીવન્મુક્તિ અને વિદેહ મુક્તિનું વર્ણન.

જ્ઞાનીનો પ્રારબ્ધાનુસાર વ્યવહાર

ભિન્ન ભિન્ન મતોનું પ્રતિપાદન

ॐ

तत्सत् परमात्माने नमः

श्री विचारसागर.

प्रथमस्तरंगः ।

अनुबंधसामान्य निरूपण.

૧. વસ્તુ નિર્દેશરૂપ મંગળાચરણ.

दोहा.

जो सुख नित्य प्रकाश विभु, नाम रूप आधार; ।
मति न लखै जिहिं मति लखै, सो मैं शुद्ध अपार. ॥ १ ॥

જે પરમાત્મા સુખરૂપ, નિત્ય, પ્રકાશરૂપ (જ્ઞાનરૂપ,) અને વ્યાપક છે અને જે નામ અને રૂપ માત્રનો આધાર છે; તથા બુદ્ધિ વડે જે જાણી શકાય તેવો નથી, પરંતુ બુદ્ધિ જેની સત્તાથી બીજા પદાર્થોને જાણી શકવાને સમર્થ થાય છે; તે અનંત અને શુદ્ધ ચૈતન્ય મારૂં સ્વરૂપ છે. ૧

(દોહરાના ત્રીજા ચરણનો અર્થ પંડિતો આ પ્રમાણે પણ કરે છે:- "શબ્દની શક્તિ વૃત્તિ વડે બુદ્ધિ જે બ્રહ્મને જાણી શકતી નથી, પણ લક્ષણા વૃત્તિ વડે જેને જાણી શકે છે." અથવા—"મલિન મતિ જે બ્રહ્મને જાણી શકતી નથી પણ શુદ્ધ મતિ જેને જાણી શકે છે." ઇત્યાદિ.)

अब्धि अपार स्वरूप मम, लहरी विष्णु महेस ।
विधि रवि चंदा वरुण यम शक्ति धनेश गणेश ॥ २ ॥

મારૂં સ્વરૂપ અનંત સમુદ્ર જેવું છે; વિષ્ણુ, મહેશ્વર, બ્રહ્મા, સૂર્ય ચંદ્ર, વરૂણ, યમ, શક્તિ, કુબેર, અને ગણપતિ, એ સઘળા તે મારા અપાર ચૈતન્ય સ્વરૂપ સમુદ્રના તરંગો છે. ૨

શંકા—વિષ્ણુ શિવાદિક ઇશ્વરની (માયા વિશિષ્ટ ચેતનની) લહરિઓ સંભવે છે, પણ તમારા પ્રત્યક્ષ આત્માની લહરિઓ સંભવતી નથી.

માટે ઇશ્વરનું મંગળ કરવું જોઇએ, તમારા પ્રત્યક્ આત્માનું મંગળ કરવાથી સર્વ દેવના મંગળની સિદ્ધિ થાય નહિ. એના સમાધાન માટે કહે છે કે—)

जा कृपालु सर्वज्ञको, हिय धारत मुनि ध्यान; ।
ताको होत उपाधितैं, मोमैं मिथ्या भान. ॥ ३ ॥

જે કૃપાળુ સર્વજ્ઞ (ઇશ્વર)નું મુનિઓ હૃદયમાં ધ્યાન ધરે છે, તે ઇશ્વરનું માયા ઉપાધિથી–જેમ રજ્જુમાં સર્પાદિનું અને સ્વપ્નમાં નગરાદિનું ભાન થાય છે તેમ મારા–સ્વરૂપમાં (પ્રત્યક્ આત્મા તત્વમાં) મિથ્યાજ ભાન થાય છે. માટે મારા મંગળથી ઈશ્વરાદિક સર્વના મંગળની સિદ્ધિ થાય છે.

(શંકા—ઇશ્વર તો શુદ્ધ બ્રહ્મમાં અધ્યસ્ત છે, તમારા સ્વરૂપમાં (પ્રત્યક્ આત્મામાં) અધ્યસ્ત નથી. માટે નિર્ગુણ બ્રહ્મનું મંગળ કરવાથી સર્વના મંગળની સિદ્ધિ થશે, પણ તમારા મંગળથી નહિ થાય. એના સમાધાન માટે કહે છેઃ—

जिहिं जानै बिन जगत, मनहु जेवरी साप; ।
नसै भुजग जग जिहिं लहै, सोऽहं आपे आप. ॥ ४ ॥

જેમ દોરડાને જાણ્યા વિના સાપ પ્રતીત થાય છે, તેમ જે બ્રહ્મને જાણ્યા વિના આ જગત્ પ્રતીત થાય છે. અને જેમ દોરડાને જાણવાથી સાપ નિવૃત્તિ પામે છે તેમ જે બ્રહ્મને જાણવાથી આ જગત્ નિવૃત્ત થાય છે, તે અધિષ્ઠાન રૂપ શુદ્ધ બ્રહ્મ હું પોતેજ છું. ૪

હવે સંપ્રદાય પરંપરા ગુરૂ દાદૂજી તથા સંપ્રદાયના ઇષ્ટદેવ શ્રીરામચંદ્ર, એમને નમસ્કારરૂપ મંગળ કરતાં કહે છે કે—

बोध चाहि जाको सुकृति, भजत राम निष्काम; ।
सो मेरो है आतमा, काकूं करू प्रनाम. ॥ ५ ॥

જે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પુણ્યશાળી પુરૂષો કામનારહિત થઇને જે રામચંદ્રજીને (ઈશ્વરને) ભજે છે. તે રામચંદ્રજી તો મારો આત્માજ છે; હવે હું કોને પ્રણામ કરૂં ? ૫

૨ ભાષાગ્રંથ રચવાનો હેતુ.

भर्यो वेद सिद्धांत जल जामैं अतिगंभीर; ।
अस विचार सागर कहुं पेखि मुदित व्है धीर. ॥ ६ ॥

આ વિચારસાગર એટલે વિચારનો સમુદ્ર એવો છે કે જેમાં વેદના સિદ્ધાંત રૂપી અતિ ઉંડું પાણી ભરેલું છે. એ વિચાર

સાગર હું [નિશ્ચળદાસ] કહું છું કે જેને જોઇને (વિચારીને-સમજીને) બ્રહ્મચર્ય આદિક સાધન સંપત્તિવાળા ધીર પુરૂષો આનંદ પામશે. ૬

सूत्र भाष्य वार्तिक प्रभृति ग्रंथ बहुत सुरबानि ।
तथापि मैं भाषा करूं लखि मतिमंद अजानि ॥ ७ ॥

જો કે સૂત્ર, ભાષ્ય અને વાર્તિક વગેરે સંસ્કૃત ભાષાના ગ્રંથો અનેક છે, તથાપિ તે સંસ્કૃત ગ્રંથોથી મંદ બુદ્ધિવાળા અજ્ઞાની માણસોને બોધ થઇ શકે નહિ એમ જાણીને હું આ ભાષા ગ્રંથની રચના કરૂં છું. ૭

ટીકા—જો કે સૂત્ર ભાષ્ય વાર્તિક વગેરે સંસ્કૃત ગ્રંથો ઘણા છે તથાપિ તેથી મંદ બુદ્ધિ પુરૂષોને બોધ થતો નથી, પણ ભાષા ગ્રંથથી તો મંદ બુદ્ધિવાળા અજ્ઞાની મનુષ્યને પણ બોધ થઈ શકે છે. માટે ભાષા ગ્રંથનો આરંભ નિષ્ફળ નથી. અર્થાત્ સંસ્કૃત ભાષામાંના ગ્રંથો વિચારવામાં જેમની બુદ્ધિ સમર્થ નથી તેમને માટે આ ગ્રંથનો આરંભ સફળ છે.

સૂત્ર--જે વાકય થોડા અક્ષરોમાં કહેલું છતાં સંદેહ રહિત હોય, વળી જેનો અર્થ સર્વ તરફ પ્રવૃત્ત થનારો હોઇને કોઇથી રોકી શકાય નહિ, તે વાકયને સૂત્ર કહે છે. જેવાં કે શારીરક આદિ શાસ્ત્રોનાં સૂત્રો છે.

ભાષ્ય—સૂત્રનાં પદોના અર્થ પર્યાયરૂપ બીજા પદોથી આપ્યા પછી મૂળ પદોને અનુસરીને પોતે પર્યાય રૂપે આપેલાં પદોનું વિવરણ તે ભાષ્ય કહેવાય છે. શંકરાચાર્ય આદિએ શારીર સૂત્રો ઉપર ભાષ્ય લખ્યું છે અને બીજાઓએ પણ લખ્યાં છે. અહીં શંકર ભાષ્યને ઉદ્દેશીને ભાષ્ય શબ્દ વાપર્યો છે.

વાર્તિક--જે ગ્રંથમાં મૂળ ગ્રંથકારે કહેલું, નહિ કહેલુ, કે વિરુદ્ધ કહેલું હોય, તેના ઉપર જેમાં વિચાર ચલાવેલો હોય, એવું શ્લોકબદ્ધ વ્યાખ્યાન તે વાર્તિક કહેવાય છે, જેમ, બૃહદારણ્ય ભાષ્ય ઉપર શ્રીસુરેશ્વરાચાર્યનું વાર્તિક છે. બીજાં પણ અનેક શાસ્ત્રો ઉપર અનેક વાર્તિક છે, પણ અહીં સુરેશ્વરાચાર્ય કૃત વાર્તિકને ઉદ્દેશીને કથન છે.

૩ ગ્રંથ મહિમા.

कविजन कृत भाषा बहुत ग्रंथ जगत विख्यात ।
बिन विचार सागर लखै नहि संदेह नसात ॥ ८ ॥

અર્થ—કવિ લોકોએ વેદાંત વિષયક ગ્રંથો ઘણા કર્યા છે, અને તે ગ્રંથો પ્રસિદ્ધ પણ છે, તથાપિ વિચાર સાગર ગ્રંથ જાણ્યાવિના બીજા ભાષા ગ્રંથોથી આત્મ વસ્તુ વિષેનો સંદેહ દૂર થઇ શકતો નથી. ૮

ટીકા—તેનું કારણ એવું છે કે-

(૧) કેટલાકે તો વેદાંતનું શ્રવણ માત્ર કરીને ભાષાના ગ્રંથો રચ્યા છે. જેમ **પંચભાષા** ગ્રંથ છે.

[ષટ્ પ્રશ્ની, શત પ્રશ્ની, જ્ઞાન મંજરી, જ્ઞાનચૂર્ણ, વેદાંતસાર, અને પંચી કરણ, એ મનોહરદાસ કૃત 'ષટ્ ભાષા' ગ્રંથ છે. તેમાં પંચીકરણ બહુ નાનું હોવાથી તેને બાદ કરીને તેને **પંચભાષા** કહે છે.]

એ પંચભાષા ગ્રંથની પ્રક્રિયા કેટલાક અંશમાં તો શાસ્ત્રને અનુસરતી છે પણ ગ્રંથ કર્તાએ શ્રવણ કરેલો જે અર્થ યથાર્થ ધારણ નહિ કરી શકાયો હોય તે અંશમાં તે પ્રક્રિયા શાસ્ત્રથી વિરૂદ્ધ છે માટે શ્રવણ કરીને રચેલા ગ્રંથથી સંદેહ દૂર થઇ શકે નહિ.

[૨] કેટલાક ભાષાગ્રંથો થોડુંક શાસ્ત્ર શીખીને રચેલા હોય છે. જેમ **આત્મબોધ** ગ્રંથ છે. આ ગ્રંથથી પણ સંદેહ રહિત બોધ થતો નથી, કેમકે તેમાં વેદાંતની સંપૂર્ણ પ્રક્રિયાઓ આવી નથી.

વિચાર સાગર—ગ્રંથમાં સંપૂર્ણ પ્રક્રિયાઓ છે, અને તે વેદાંત શાસ્ત્રને અનુસરીને છે; કોઈ ઠેકાણે પણ વિરૂદ્ધ નથી. અને વળી આત્મ જ્ઞાનમાં જેટલા ઉપયોગી પદાર્થો છે તેનું નિરૂપણ વિસ્તારથી એમાં કર્યું છે. માટે આ ગ્રંથ બીજા ભાષાગ્રંથો જેવો નથી, પણ સઘળા ભાષાગ્રંથોમાં આ ગ્રંથ ઉત્તમ છે.

૪ અનુબંધનું સ્વરૂપ.

नहि अनुबंध पिछाने जौलौं है न प्रवृत्त सुघरनर तौलौं।
जानि जिनै यह सुनै प्रबंधा, कहुं व यातैं ते अनुबंधा॥ ९॥

અર્થ—કોઈ પણ પુસ્તકનો અનુબંધ જાણ્યા સિવાય વિચારશીલ માણસો તે પુસ્તક વાંચવાને પ્રવૃત્ત થતા નથી. પણ અનુબંધ જાણ્યા પછી પુસ્તક વાંચવામાં પ્રવૃત્ત થાય છે. માટે આ ગ્રંથનો અનુબંધ પ્રથમ કહીએ છીએ:—૯

सोरठा-अधिकारी संबंध विषय प्रयोजन मेलि सब।
कहत सुकवि अनुबंध, तिनमैं अधिकारी सुनहु॥ १०॥

અર્થ—અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજન, એ ચારેને એકઠા કરીને (એટલે એ ચારેને) વિદ્વાનો અનુબંધ કહે છે. તેમાંથી પ્રથમ અધિકારીનું સ્વરૂપ સાંભળો. ૧૦

(અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજનનું નામ **અનુબંધ** છે. ગ્રંથ વાંચી સમજીને તેનું ફળ પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળો માણસ કોણ હોઇ શકે ગ્રંથમાં શો વિષય પ્રતિપાદન કર્યો છે, અધિકારી વગેરેને અને પ્રતિપાદ્ય

કરેલા વિષય વગેરેને શો સંબંધ છે, તથા ગ્રંથનું પ્રયોજન શું છે, એ ચાર બાબતોને અનુબંધ કહે છે.)

૫ અધિકારી વર્ણન.

दोहा--मल विछेप जाके नहीं किंतु एक अज्ञान।
है चव साधन सहित नर, सो अधिकृत मतिमान॥ ११॥

અર્થ—જેના અંતઃકરણમાં મળ અને વિક્ષેપ હોય નહિ પણ એકલું અજ્ઞાનજ હોય; તથા જે ચાર સાધન યુક્ત હોય, તે બુદ્ધિમાન પુરૂષ આ ગ્રંથનો અધિકારી કહેવાય છે. ૧૧

ટીકા—અર્થાત્ નિષ્કામ કર્મ અને ઉપાસના વડે અંતઃકરણના મળ અને વિક્ષેપ પ્રથમ દૂર કર્યા પછી તથા સાધન સંપન્ન થયા પછીજ, એક અજ્ઞાન એટલે સ્વરૂપનું આવરણ માત્ર રહ્યું હોય તેને દૂર કરવા માટે વેદાંત શાસ્ત્રના ગ્રંથો સમજવાથી બ્રહ્મ સાક્ષાત્કાર થાય છે, માટેજ તેને વેદાંત શાસ્ત્રનો અધિકારી કહે છે. (તે સિવાય માત્ર વાંચવા સમજવાથી પંડિતાઈ સિવાય બીજું ફળ થતું નથી.)

૬ અંતઃકરણના ત્રણ દોષ.

(મળ, વિક્ષેપ અને આવરણ)

ટીકા—અંતઃકરણમાં ત્રણ દોષ હોય છે; (૧) મળ, (૨) વિક્ષેપ અને (૩) આવરણ.

(૧) **મળ**—અંતઃકરણમાં રજોગુણ વગેરેથી થયેલી મલિનતાને-જેવી કે કામ, ક્રોધ, લોભ, વગેરે વાસનાઓના હેતુરૂપ પાપને-મળ કહે છે. મળથી અશુભ વાસનાઓ પેદા થાય છે, માટે જ્યાં સુધી અંતઃકરણમાં મળ (પાપ) હોય ત્યાં સુધી અશુભ વાસનાઓ પણ રહે છે. જ્યારે અશુભ વાસનાઓ નાશ પામે ત્યારે જાણવું કે અંતઃકરણનો મળ દોષ દૂર થયો છે.

(૨) **મળ દોષ દૂર કરવાનો ઉપાય**—શાસ્ત્રમાં કહેલાં નિષ્કામ કર્મો કરવાથી અંતઃકરણનો મળ દોષ દૂર થાય છે. (માટે જ્યાં સુધી વાસનાઓ જણાય ત્યાં સુધી નિષ્કામ કર્મ કર્યા કરવાં.)

(૩) **વિક્ષેપ**—મનની ચંચળતાને વિક્ષેપ કહે છે. વિક્ષેપને લીધેજ ધ્યાન વગેરેમાં ચિત્ત સ્થિર રહી શકતું નથી.

(૪) **વિક્ષેપ નાશ કરવાનો ઉપાય**—શાસ્ત્રમાં કહેલી ઉપાસના કરવાથી વિક્ષેપ દોષ દૂર થઈ મન સ્થિર થાય છે.

(૫) **આવરણ**—વસ્તુનું ભાન ન થવા રૂપ અજ્ઞાનને આવરણ કહે છે.

(૬) **આવરણ દુર કરવાનો ઉપાય**—જ્ઞાનથી આવારણ દોષ દૂર થાય છે.

ટીકા—જે પુરૂષે નિષ્કામ કર્મ અને ઉપાસના કરીને મળ અને વિક્ષેપ દોષ દૂર કર્યા હોય, અને એકલું અજ્ઞાન એટલે સ્વરૂપનું આવરણ માત્ર જેના ચિત્તમાં રહ્યું હોય, અને જે ચારે સાધનથી સંયુક્ત હોય તે પુરૂષ આ ગ્રંથ ભણવાનો અધિકારી થાય છે.

૭ ચાર સાધન.

પાછળ કહ્યું છે કે જેના મળવિક્ષેપ દૂર થયા હોય અને જે ચાર સાધન સંપન્ન હોય તે આ ગ્રંથનો [બ્રહ્મ વિદ્યાના ગ્રંથનો] અધિકારી એટલે યોગ્યતાવાળો થઇ શકે છે. એ ચાર સાધન નીચે પ્રમાણે છેઃ—

प्रथम विवेक विराग पुनि, समादि षट् संपत्ति ।
कही चतुर्थ मुमुक्षुता, ये चव साधन सत्ति ॥ १२ ॥

અર્થ—(૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) શમાદિ છ સંપત્તિ, અને (૪) મુમુક્ષુતા. એ ચાર સાધનો રૂપ સંપત્તિ કહેવાય છે. ૧૨

૮ વિવેકનું લક્ષણ.

अविनासी आतम अचल, जग तातैं प्रतिकूल ।
ऐसो ज्ञान विवेक है, सब साधनको मूल ॥ १३ ॥

અર્થ—આત્મા અવિનાશી એટલે નાશ રહિત છે અને અચળ એટલે ક્રિયા રહિત છે. અને જગત્ આત્માથી પ્રતિકૂળ એટલે વિપરીત સ્વભાવવાળું છે એટલે વિનાશી અને ચળ છે. આવા જ્ઞાનને વિવેક કહે છે, અને તે સઘળા સાધનોનું મૂળ છે. ૧૩

ટીકા—એ વિવેકજ સઘળા સાધનોનું મૂળ છે. કેમકે પ્રથમ વિવેક હોય તો પછી વૈરાગ્ય આદિ પછીનાં સાધન બની શકે છે; વિવેક ન હોય તો બનતાં નથી. માટે વિવેકજ વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ, અને મુમુક્ષુતાનો હેતુ છે.

(૧) શંકા—શાસ્ત્રજ્ઞાન મેળવીને પંડિતાઈ બતાવવાને માટે જેઓ વેદાંતનો અભ્યાસ કરે છે તેમને પણ આત્મા નિત્ય છે, તથા આત્માથી ભિન્ન દેહાદિક જગત્ અનાત્મા હોવાથી અનિત્ય છે, એવા જ્ઞાનરૂપ વિવેક તો થાય છે, તથાપિ તેમનો એ વિવેક વૈરાગ્ય વગેરેનો હેતુ કેમ થતો નથી?

સમાધાન—ઉપર કહ્યા તેવા પંડિતોને શાસ્ત્રાભ્યાસથી વિવેક તો થાય છે, તથાપિ નિષ્કામ કર્મ ઉપાસના વડે શુદ્ધ નહિ થયેલા મલિન અંતઃકરણમાં એ વિવેક ઉપજે છે. માટે ખારવાળી ભૂમિમાં વાવેલા કેળના છોડની પેઠે તે સૂકાઈ જાય છે. પણ ખાર વગરની અને ખાતર વગેરે પૂરીને તૈયાર કરેલી ભૂમિમાં વાવેલો છોડ જેમ ફાલી ફૂલી ફળે છે, તેમ નિષ્કામ

કર્મ, ઉપાસના, વગેરેથી શુદ્ધ કરેલા અંતઃકરણમાંજ એ વિવેક વૈરાગ્ય વગેરે સાધનોને ઉત્પન્ન કરી શકે છે.

એ રીતે શુદ્ધ થયેલા અંતઃકરણમાં ઉત્પન્ન થયેલો વિવેક, વૈરાગ્યનું અસાધારણ કારણ છે. અને વૈરાગ્ય એ શમાદિ છ સંપત્તિઓનું અસાધારણ કારણ છે. એ પ્રમાણે દરેક પૂર્વનું સાધન તેની પછીના સાધનનું નિમિત્ત કારણ છે, અને શુદ્ધ થયેલું અંતઃકરણ બધાનું ઉપાદાન કારણ છે.

સાધારણ અને અસાધારણ કારણો.

છેલ્લા વાક્ય ખંડમાં અસાધારણ કારણ વગેરે શબ્દો આવ્યા છે, માટે ટુંકામાં તે અહીં સમજાવીએ છીએઃ—

(૧) **સાધારણ કારણ**—જે બધાં કાર્યનું કારણ હોય તેને સાધારણ કારણ કહે છે; જેમ ધર્મ અને અધર્મ એ સઘળાં કાર્યનું કારણ હોવાથી સાધારણ કારણ કહેવાય છે.

(૨) **અસાધારણ કારણ**—જે બધાં કાર્યનું કારણ ન હોય, પણ કોઇ એકાદ કાર્યનું કારણ હોય તે અસાધારણ કારણ કહેવાય છે; જેમ-દંડ એ બધાં કાર્યનું કારણ નથી, પણ ઘડો વગેરે કેટલાંક કાર્યનું કારણ છે માટે તે અસાધારણ કારણ છે.

૧૦ ઉપાદાન અને નિમિત્ત કારણો.

ઉપર કહેલાં સાધારણ અને અસાધારણ કારણો બે પ્રકારનાં હોય છે. (૧) ઉપાદાન કારણ તથા (૨) નિમિત્ત કારણ.

(૧) **ઉપાદાન કારણ**—જે કારણ કાર્યમાં પ્રવેશ કરી રહ્યું હોય તથા જેના વિના કાર્ય બનેજ નહિ, તે ઉપાદાન કારણ કહેવાય. જેમ માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. કેમકે માટી એ ઘડાના સ્વરૂપમાં પ્રવેશ કરીને રહેલી છે તથા માટી વિના ઘડો બને પણ નહિ, માટે માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે.

(૨) **નિમિત્ત કારણ**—જે કારણનો કાર્યના સ્વરૂપમાં પ્રવેશ હોય નહિ, પણ કાર્યથી જૂદું રહીને કાર્યને ઉત્પન્ન થવામાં મદદ કરે, તથા જેનો નાશ થવાથી કાર્યને કાંઇ હાનિ પહોચે નહિ તે નિમિત્ત કારણ જેમ.—કુંભાર, દંડ, ચાક, એ બધાં ઘડાનાં નિમિત્ત કારણો છે. કુંભાર વગેરે કાંઇ ઘડાના સ્વરૂપમાં પ્રવેશ કરી રહ્યાં નથી પણ ઘડાથી જૂદાં રહીને ઘડાને ઉત્પન્ન કરે છે, તથા કુંભાર વગેરેનો નાશ થવાથી ઘડાને કાંઇ હાનિ પહોચતી નથી માટે કુંભાર વગેરે ઘડાનાં નિમિત્ત કારણો કહેવાય છે.

૧૧ વૈરાગ્યનું લક્ષણ.

ब्रह्मलोक लौं भोग जो, चहै [illegible]नका त्याग ।
वेदअर्थ ज्ञाता मुनि, कहत ताहि वैराग ॥ १४ ॥

અર્થ—બ્રહ્મલોક પર્યંતના સઘળા ભોગને છોડી દેવાની ઈચ્છાને વેદાર્થ જાણનારા મુનિઓ વૈરાગ્ય કહે છે. ૧૪

૧૨ શમ વગેરે છ સાધનનાં નામ.

सम दम श्रद्धा तीसरी, समाधान उपराम ।
छठी तितिच्छा जानिये, भिन्न भिन्न यह नाम ॥ १५ ॥

અર્થ—(૧) શમ, (૨) દમ, (૩) શ્રદ્ધા, (૪) સમાધાન. (૫) ઉપરામ અને (૬) તિતિક્ષા, એ શમાદિષટ્ સંપત્તિનાં જૂદાં જૂદાં નામ છે. ૧૫

(૧–૨) શમદમ લક્ષણ.

मन विषयनतैं रोकनों, सम तिहीं कहत सुधीर ।
इंद्रियगनको रोकनों, दम भाखत बुधवीर ॥ १६ ॥

અર્થ—(૧) વિષયોથી મનને રોકવું તેને ધીર પુરૂષો શમ કહે છે. (૨) વિષયોથી ઇંદ્રિયોના સમુદાયને રોકવો તેને સમર્થ જ્ઞાનીઓ દમ કહે છે. ૧૬

(૩–૪) શ્રદ્ધા અને સમાધાનનું લક્ષણ.

सत्य वेद गुरु वाक्य हैं, श्रद्धा अस विश्वास, ।
समाधान ताकुं कहत, मन विछेपको नास ॥ १७ ॥

અર્થ—(૩) ગુરૂ અને વેદનાં વચન સાચાંજ છે, એવા વિશ્વાસને શ્રદ્ધા કહે છે.

(૪) મનના વિક્ષેપના (એટલે ચંચળતાના) નાશને સમાધાન કહે છે. ૧૭.

(૫) ઉપરામનું લક્ષણ.

चौपाई-साधन सहित कर्म सब त्यागै, लखि विषसम विषयनतैं भागै।
दग नारी लखि ह्वै जिय ग्लाना, यह लच्छन उपराम बखाना ॥१८॥

અર્થ—સ્ત્રી, ધન. જાતિ, અભિમાન આદિક કર્મનાં સાધનો સહિત સઘળાં કર્મનો ત્યાગ કરવો; તથા શબ્દાદિ વિષયોને ઝેરના જેવા જાણીને તેનાથી દૂર નાસવું; તેમજ આંખ્યોવડે સ્ત્રીને જોઈને મનમાં ગ્લાનિ ઉપજવી; એ ઉપરામનાં લક્ષણોને પંડિતોએ વખાણ્યાં છે, ૧૮

ટીકા—એક વખત ત્યાગ કર્યા પછી પ્રાપ્ત થયેલા વિષયોની ઇચ્છા ન કરવી તેને ઉપરામ કહે છે. ઉપરામનું બીજું નામ ઉપરતિ પણ છે. (બીજા બધા વિષયો કરતાં સ્ત્રી વિષય પ્રબળ હોવાથી ગ્રંથકારો તે વિષે વારંવાર ચેતવણી આપે છે.)

૧૨ તિતિક્ષાનું લક્ષણ.

દોહા-આતપ સીત ક્ષુધા તૃષા, ઇનકો સહન સ્વભાવ ।
તાહિ તિતિ—ા કહત હૈ, કોવિદ મુનિવર રાવ ॥ ૧૯ ॥

અર્થ—તાપ, ટાઢ, ભૂખ, તરસ, એ સર્વને સહન કરવાના સ્વભાવને વિદ્વાન એવા ઉત્તમ સંન્યાસીઓ તિતિક્ષા કહે છે. ૧૯

૧૩ શમાદિ સાધનોની પરસ્પર અપેક્ષા.

દોહા-સમાદિષટ્ સંપત્તિકો, માનત સાધન એક ।
ઇમ નવ નહિ સાધન ભને, કિન્તુ ચ્યારિ સવિવેક ॥ ૨૦ ॥

અર્થ—ઉપર જે શમ આદિ છ સાધનોની પ્રાપ્તિ કહી તે બધાં મળીને વિદ્વાનો એકજ સાધન માને છે, માટે બધાં મળીને નવ નહિ પણ ચારજ સાધન છે એમ વિવેકી પુરુષો કહે છે. ૨૦

જેમ સોનાના અનેક મણકાઓની માળાને એકજ અલંકાર કહેવામાં આવે છે, તેમ આ સાધનો પણ એક બીજા ઉપર આધાર રાખનારાં હોવાથી એકજ સાધન તરિકે ગણાય છે. એ સાધનો પરસ્પરની અપેક્ષા કેવી રીતે રાખે છે તે નીચે બતાવ્યું છેઃ—

(૧) મનને રોકવા રૂપ શમ વિના ઇંદ્રિયોને રોકવા રૂપ દમ બની શકે નહિ માટે દમને શમની અપેક્ષા છે.

(૨) મનને રોક્યા સિવાય સ્રી પુત્રાદિમાં આસક્ત મન વેદ અને ગુરૂપર શ્રદ્ધા રાખી શકે નહિ માટે શ્રદ્ધાને પણ શમની અપેક્ષા છે.

(૩) મન રોક્યા વિના ચિત્તની બ્રહ્મમાં એકાગ્રતા બને નહિ માટે સમાધાનને પણ શમની જરૂર છે.

(૪) વિષયથી નિવૃત્ત થયેલું મન ઘણા દિવસનો અભ્યાસ હોવાથી વિષયને દેખીને ચંચળ થઇ તે તરફ ખેંચાય છે, માટે ઉપરામને પણ શમની અપેક્ષા છે.

(૫) અંતર્મુખ થયેલું મન શીત ઉષ્ણાદિક સહન કરી શકે છે, બહિર્મુખ મન સહન કરી શકતું નથી; માટે તિતિક્ષાને પણ શમની અપેક્ષા છે.

એજ રીતે શમને દમ વગેરેની પણ અપેક્ષા છે, શ્રદ્ધાને પણ શમાદિકની અપેક્ષા છે, અને સમાધાન તથા ઉપરામને પણ શમાદિક સર્વ સાધનોની અપેક્ષા છે, એ સમજાય એવું છે. તિતિક્ષાને પણ એજ રીતે શમાદિકની જરૂર છે. એવી રીતે શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરામ અને તિતિક્ષા, એ સાધનો એક બીજાનાં સહાયક હોવાથી તે બધાંનું એકજ સાધન ગણવામાં આવ્યું છે.

૧૪ મુમુક્ષુતાનું લક્ષણ.

दोहा—ब्रह्मप्राप्ति अरु बंधकी, हानि मोछको रूप ।
ताकी चाह मुमुच्छुता, भाखत मुनिवरभूप ॥ २१ ॥

અર્થ—બ્રહ્મની પ્રાપ્તિ અને બંધની નિવૃત્તિને મોક્ષ કહે છે. મોક્ષની ઇચ્છાને મુમુક્ષુતા કહે છે. એનું જ બીજું નામ મુમુક્ષુત્વ છે. (મોક્ષની ઇચ્છાવાળાને મુમુક્ષુ કહે છે.) ૨૧

૧૫ અંતરંગ સાધનો.

दोहा--ये चव साधन ज्ञानके, श्रवनादिक त्रय मेलि ।
तत्पद त्वंपद अर्थको, सोधन अष्टम भेलि ॥ २२ ॥
अंतरंग ये आट हैं, यज्ञादिक बहिरंग ।
अंतरंग धारै, तजे बहिरंगनको संग ॥ २३ ॥

અર્થ—પૂર્વોક્ત વિવેકાદિ ચાર જ્ઞાનનાં સાધન છે. તથા તેમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ મેળવવાં; તથા **तत्** પદ અને **त्वं** પદના અર્થના શોધનરૂપ આઠમું સાધન ઉમેરવું. ૨૨ એટલે એ આઠ અંતરંગ સાધન કહેવાય છે. યજ્ઞાદિકને બહિરંગ સાધન કહે છે. મુમુક્ષુએ અંતરંગ સાધનો રાખવાં અને બહિરંગનો સંગ છોડી દેવો. ૨૩

ટીકા—પાછલા દોહરામાં કહેલાં વિવેકાદિ આઠ અંતરંગ સાધન કહેવાય છે, અને યજ્ઞાદિ બહિરંગ સાધન કહેવાય છે. તેમાંથી બહિરંગ સાધનોનો જિજ્ઞાસુએ ત્યાગ કરવો અને અંતરંગ સાધનો ગ્રહણ કરવાં.

જેનું શ્રવણમાં અથવા જ્ઞાનમાં પ્રત્યક્ષ ફળ હોય (એટલે જેનો શ્રવણાદિમાં સીધો-નજીકનો ઉપયોગ હોય) તે અંતરંગ સાધન કહેવાય.

વિવેકાદિ ચાર સાધનોનો શ્રવણમાં ઉપયોગ છે. કેમકે, વિવેકાદિવિના બહિર્મુખથી શ્રવણ થઇ શકે નહિ.

શ્રવણ, મનન, નિદિધ્યાસનનો જ્ઞાનમાં ઉપયોગ છે, કેમકે શ્રવણાદિ વિના જ્ઞાન થાય નહિ.

તેમજ **तत्** પદ અને **त्वं** પદનો અર્થ સમજી વિવેક કર્યાવિના અભેદજ્ઞાન થાય નહિ માટે **तत्त्वमसि** મહાવાક્ય સમજવાનો પણ જ્ઞાનમાં ઉપયોગ છે.

એ રીતે વિવેકાદિકનો શ્રવણમાં ઉપયોગ છે, અને શ્રવણાદિકનો જ્ઞાનમાં ઉપયોગ છે, માટે એ આઠે અંતરંગ સાધનો કહેવાય છે.

૧૬ બહિરંગ સાધનો.

જેનું જ્ઞાનમાં અથવા શ્રવણમાં પ્રત્યક્ષ ફળ હોય નહીં, પણ અંતઃકરણની શુદ્ધિ એજ જેનું ફળ હોય તે જ્ઞાનનું બહિરંગ સાધન કહેવાય છે. યજ્ઞાદિ કર્મ તેવાં સાધનો છે.

જો કે યજ્ઞાદિક કર્મ સંસારનું સાધન છે તેનાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે એમ કહેવું પણ સંભવતું નથી; તથાપિ સકામ પુરૂષને તે સંસારનો હેતુ છે, અને નિષ્કામ પુરૂષને અંતઃકરણની શુદ્ધિનો હેતુ છે. એ રીતે નિષ્કામ પુરૂષના અંતઃકરણની શુદ્ધિદ્વારા જ્ઞાનનો હેતુ હોવાથી યજ્ઞાદિક બહિરંગ સાધન કહેવાય છે.

બહિરંગ એટલે દૂર, અને અંતરંગ એટલે સમીપ, યજ્ઞાદિક કર્મ અને તેનાં સાધન સ્ત્રી, પુત્ર, ધનાદિકનો જે ત્યાગ કરે તે જ્ઞાનનો અધિકારી છે. જ્ઞાનના અધિકારમાં યજ્ઞાદિક સંભવતાં નથી, માટે તેને દૂરનાં સાધન કહ્યાં છે.

૧૭ વિવેકાદિ અંતરંગ સાધનો છે.

વિવેકાદિ જ્ઞાનના અધિકારીઓમાં સંભવે છે માટે સમીપ (હોવાથી અંતરંગ સાધન) છે. તેમાં પણ આટલો ભેદ છે:- વિવેકાદિકનો શ્રવણમાં ઉપયોગ છે અને શ્રવણાદિકનો જ્ઞાનમાં ઉપયોગ છે, માટે વિવેકાદિકની અપેક્ષાથી શ્રવણાદિ અંતરંગ છે, અને શ્રવણાદિની અપેક્ષાથી વિવેકાદિ બહિરંગ છે. જોકે વિવેકાદિને પણ સઘળા ગ્રંથોમાં જ્ઞાનનાં અંતરંગ સાધન જ કહેલાં છે-બહિરંગ નથી કહ્યાં, તોપણ વિવેકાદિકનું જ્ઞાનના સાધનરૂપ શ્રવણમાં પ્રત્યક્ષ ફળ છે. અને વળી શ્રવણાદિકની પેઠે વિવેકાદિક પણ જિજ્ઞાસુએ ગ્રહણ કરવા જેવાં છે-યજ્ઞાદિકની પેઠે ત્યાગ કરવા જેવાં નથી, માટે વિવેકાદિકને અંતરંગ સાધન કહે છે. વળી તે યજ્ઞાદિકની અપેક્ષાથી પણ અંતરંગ છે માટે પણ તેની ગણના અંતરંગ સાધનોમાં કરવામાં આવી છે.

૧૮ જ્ઞાનનું મુખ્ય અંતરંગ સાધન.

ખરૂં જોતાં જ્ઞાનનું મુખ્ય અંતરંગ સાધન **તત્ત્વમસિ** આદિક મહાવાક્યનો વિચાર કરવો, એ છે. શ્રવણાદિક પણ બીજા દરજ્જાનાં અંતરંગ સાધનો છે.

(૧) **શ્રવણનું લક્ષણ**-યુક્તિથી વેદાંત વાક્યના તાત્પર્યનો નિશ્ચય કરવો તેને શ્રવણ કહે છે.

(૨) **મનનનું લક્ષણ**—જીવબ્રહ્મના અભેદની સાધક (સિદ્ધ કરનારી) અને ભેદની બાધક (બાધ કરનારી-મિથ્યા ઠરાવનારી) યુક્તિઓવડે અદ્વિતીય બ્રહ્મનું ચિંતન કરવું તેને મનન કહે છે.

(૩) **નિદિધ્યાસનનું લક્ષણ**-અનાત્માકાર વૃત્તિના વ્યવધાન રહિત બ્રહ્માકાર વૃત્તિની સ્થિતિને નિદિધ્યાસન કહે છે.

આત્મા સિવાયના બાકીના જડ પદાર્થમાત્રને **અનાત્મા** કહે છે. 'હું બ્રહ્મ છું' એવી મનની વૃત્તિ થાય તેને બ્રહ્માકાર વૃત્તિ કહે છે. વચમાં અંતરાય આવવો તેને **વ્યવધાન** કહે છે. મતલબ કે, 'હું બ્રહ્મ છું' એવી

એકાગ્રતાનો પ્રયત્ન જે વખતે ચાલતો હોય તે વખતે 'હું મનુષ્ય છું–આ મારૂં છે' ઈત્યાદિ વિચારોનું વ્યવધાન (અડચણ) વચમાં ન આવે ત્યારે તેને નિદિધ્યાસન કહે છે. નિદિધ્યાસનની પરિપક્વ અવસ્થાનેજ સમાધિ કહે છે; માટે સમાધિનો પણ નિદિધ્યાસનમાંજ અંતર્ભાવ છે; સમાધિ એ જૂદું સાધન નથી.

૧૯ યુક્તિ અથવા અનુમાનાદિ.

શ્રવણનું લક્ષણ કહેતાં લખ્યું છે કે "યુક્તિથી વેદાંત વાક્યના તાત્પર્યનો નિશ્ચય કરવો તેને શ્રવણ કહે છે." એમાં 'યુક્તિ' શબ્દ વાપર્યો છે તે સમજવા જેવો છે.

તર્ક શાસ્ત્ર વગેરેમાં જે અનુમાન વગેરે પ્રમાણો કહેવાય છે તેને યુક્તિ કહે છે. જેમ–પર્વતમાં ધૂમાડો જોઇને ત્યાં અગ્નિ હોવો જોઇએ, એવો સિદ્ધાંત કરવો તે યુક્તિ કહેવાય. એ યુક્તિનું સ્વરૂપ આ રીતે છેઃ—

અ. પર્વતમાં અગ્નિ છે. (સિદ્ધ કરવાની બાબત–પ્રતિજ્ઞા).

આ. ત્યાં ધૂમાડો દેખાય છે માટે (સાધ્યનો હેતુ).

ઇ. જેમ રસોડું એટલે–જેમ રસોડામાં ધૂમાડો હોય છે તેથી ત્યાં અગ્નિ આપણે જોયે છે, તેમ પર્વતમાં પણ ધૂમાડો દેખીને અગ્નિનો નિશ્ચય કરી શકીએ છીએ. (દૃષ્ટાંત) આવી રીતે પ્રતિજ્ઞા, હેતુ અને દૃષ્ટાંત વાળા વાક્યને યુક્તિ કહે છે. એવીજ રીતે ઉપમાન, અર્થાપત્તિ, વગેરેની યુક્તિઓ પણ સમજવી.

૨૦ ષડ્‌લિંગ.

એજ રીતે વેદના અર્થનો નિશ્ચય કરવામાં જે છ વાનાં વપરાય છે તેને ષડ્‌લિંગ કહે છે, અને તેને પણ વેદાંતનું તાત્પર્ય નક્કી કરવામાં યુક્તિ તરિકે ગણવામાં આવે છે.

એ ષડલિંગ આ પ્રમાણે છેઃ—(૧) ઉપક્રમ ને ઉપસંહાર, (૨) અભ્યાસ, (૩) અપૂર્વતા, (૪) ફળ, (૫) અર્થવાદ, અને (૬) ઉપપત્તિ.

(૧) **ઉપક્રમ**—કોઇ પણ પ્રકરણનો આરંભ જેમ જગત્ બ્રહ્મ છે.

ઉપસંહાર—પ્રકરણની સમાપ્તિ જેમ,–એટલા માટે જગત્ બ્રહ્મ છે. જે ઉપક્રમ હોય તેજ ઉપસંહાર હોવો જોઇએ.

(૨) **અભ્યાસ**—જે પ્રતિપાદન કરવાનું હોય તે અર્થનું વારંવાર કથન જેમ, આકાશ બ્રહ્મનું વિવર્ત છે, આકાશ એ જગત્ છે. માટે જગત્ બ્રહ્મ છે. ચૈતન્યની સત્તામાંજ જગતનું અસ્તિત્વ ભાસે છે, માટે જગત્ એ ચૈતન્ય બ્રહ્મ છે, ઇત્યાદિ.

(૩) **અપૂર્વતા**—શ્રુતિથી ભિન્ન પ્રમાણ ન હોવાં તે. જેમ–બ્રહ્મને પ્રતિપાદન કરવાને પ્રત્યક્ષ અનુમાન વગેરે પ્રમાણો કામમાં આવતાં નથી,

પણ માત્ર શ્રુતિથીજ બ્રહ્મનું જ્ઞાન થઇ શકે છે. જે વસ્તુ લૌકિક હોય તેને સાબીત કરવામાં પ્રત્યક્ષ, અનુમાન વગેરે લૌકિક પ્રમાણો કામ લાગે છે; પણ બ્રહ્મ અલૌકિક હોવાથી શ્રુતિજ કામ લાગે છે, એ રીતે શ્રુતિથી પૂર્વે બીજાં પ્રમાણુ ન હોવાં તે અપૂર્વતા છે. (વ્યાવહારિક વિષયોમાં અપૂર્વતાનો અર્થ કેટલાક 'નવીનતા' એવો કરે છે).

(૪) **ફળ**—અદ્વૈત તત્ત્વના જ્ઞાનનું ફળ જે શોક મોહાદિકની નિવૃત્તિ, તેનું પ્રતિપાદન તે ફળ કહેવાય છે.

(૫) **અર્થવાદ**—સ્તુતિ કે નિંદા રૂપ વાક્યોને અર્થવાદ કહે છે. જેમ–અભેદ બ્રહ્મનું પ્રતિપાદન કરવામાં અભેદનાં વખાણુ અને ભેદની નિંદા કરવી તે.

(૬) **ઉપપત્તિ**—યુક્તિ (હેતુ–દૃષ્ટાંત વગેરે) સહિત વિષયની સમજુતી તે ઉપપત્તિ કહેવાય છે. જેમ–કાર્ય કારણુના અભેદની સમજૂતી આપીને અદ્વૈત જ્ઞાનને અનુકૂળ દૃષ્ટાંતો આપવાં તે ઉપપત્તિ છે.

આ રીતે કોઈ પણુ શાસ્ત્રીય વિષય પ્રતિપાદન કરી નિર્ણય કરવામાં આ ષડ્‌લિંગનો ઉપયોગ થાય છે, તેવીજ રીતે વેદાંત વાક્યોને, બ્રહ્મનું પ્રતિપાદન કરી અદ્વૈત બ્રહ્મનો નિર્ણય કરી શકાય એવી રીતે સમજવાં તે શ્રવણુ કહેવાય છે. અને વેદાંત શાસ્ત્રનો અભ્યાસ એ તેનું સાધન હોવાથી તે પણુ શ્રવણુ કહેવાય છે.

૨૧ અભેદની સાધક અને ભેદની બાધક યુક્તિઓ.

(૧) (અભેદની સાધક યુક્તિઓ.)

क. જીવ બ્રહ્મથી અભિન્ન છે. (પ્રતિજ્ઞા વાક્ય).

ख. સચ્ચિદાનંદ રૂપ હોવાથી. (હેતુ)

ग. જે જે સચ્ચિદાનંદ હોગ તે બ્રહ્મથી અભિન્ન હોય. (અન્વય વ્યાપ્તિ.)

घ. જેમ ઇશ્વર. (દૃષ્ટાંત).

અથવા

क. જીવ બ્રહ્મથી અભિન્ન છે. (પ્રતિજ્ઞા)

ख, સચ્ચિદાનંદ હોવાથી. (હેતુ)

ग. જે જે સચ્ચિદાનંદ રૂપ નથી, તે તે બ્રહ્મથી અભિન્ન પણુ નથી. (વ્યતિરેક વ્યાપ્તિ)

घ. જેમ ઘડો, (દૃષ્ટાંત)

ङ. જીવ એવો નથી (ઘડાની પેઠે સચ્ચિદાનંદ રૂપથી ભિન્ન નથી), માટે બ્રહ્મથી ભિન્ન નથી, પણુ અભિન્ન છે.

(૨) ભેદની બાધક યુક્તિઓ.

क. જીવ બ્રહ્મનો ભેદ મિથ્યા છે. (પ્રતિજ્ઞા વાક્ય)

ख. ઉપાધિથી થયેલો હોવાને લીધે. (હેતુ)

ग. જે ભેદ ઉપાધિથી થયેલો હોય છે તે મિથ્યા હોય છે. (અન્વય વ્યાપ્તિ.)

घ. જેમ ઘટાકાશ મહાકાશનો ભેદ મિથ્યા છે તેમ. (દૃષ્ટાંત).

અથવા

क. જીવ બ્રહ્મનો ભેદ મિથ્યા છે. (પ્રતિજ્ઞા)

ख. ઉપાધિથી થયેલો હોવાને લીધે. (હેતુ)

ग. જે ભેદ ઉપાધિથી થયેલો નથી હોતો તે ભેદ મિથ્યા પણ નથી હોતો. (વ્યતિરેક વ્યાપ્તિ).

घ. જેમ ઘટ અને પટનો ભેદ (વ્યવહારમાં). (દૃષ્ટાંત).

ङ. જીવ બ્રહ્મનો ભેદ ઘટ પટના ભેદ જેવો નિરૂપાધિક નથી, માટે તે મિથ્યા છે.

(એ સિવાય બીજી પણ ઘણી યુક્તિઓ વિચારસાગરના ટીકાકાર પંડિત પિતામ્બરદાસજીએ ટીકાના અંક ૩૧ માં બતાવી છે, પણ અહીં સાધક બાધક યુક્તિઓનું સ્વરૂપ માત્ર સમજાવવાનું હોવાથી બધી યુક્તિઓ લખી નથી.)

૨૨ નિદિધ્યાસન, સાક્ષાત્કાર અને સમાધિમાં ભેદ.

નિદિધ્યાસન, સાક્ષાત્કાર, અને સમાધિ, એ ત્રણ બાબતો જૂદી જૂદી સ્પષ્ટ સમજાવવાને થોડોક ખુલાસો કરવાની જરૂર હોવાથી તે અહીં ટુંકામાં કર્યો છેઃ—

નિદિધ્યાસનમાં મનની વૃત્તિ બ્રહ્માકાર કરવાની છે તથા વચ્ચે અનાત્મ પદાર્થોમાં વૃત્તિ જતી રહેવી ન જોઇએ.

સાક્ષાત્કારમાં પણ વૃત્તિ સદા બ્રહ્માકાર રહે છે, અને તેમાં પણ અનાત્માકાર વૃત્તિનો અંતરાય હોતો નથી.

પણ નિદિધ્યાસનમાં અનાત્મપદાર્થ તરફથી વૃત્તિને બળાત્કારે ખેંચી લાવવી પડે છે; અને તે પ્રયત્ન પડતો મૂકવામાં આવે છે તો વૃત્તિ પાછી અનાત્મ પદાર્થોમાં ભટકવા લાગે છે. એટલે નિદિધ્યાસન એ બ્રહ્માકાર વૃત્તિ કરવાનો અભ્યાસ છે અને સાક્ષાત્કાર એ નિદિધ્યાસનની પરિપાક અવસ્થા છે. (સમાધિ વિષે સાતમા તરંગમાં વિસ્તારથી કહેવાશે માટે અહીં વિવેચન કર્યું નથી.)

૨૩ અસંભાવના અને વિપરીત ભાવના.

શ્રવણ, મનન, નિદિધ્યાસન, એ જ્ઞાનનાં સાક્ષાત્ સાધન નથી, પણ બુદ્ધિમાં રહેલા અસંભાવના અને વિપરીત ભાવના નામના દોષનો નાશ કરવાનાં સાધન છે.

(૧) **અસંભાવના** એટલે સંશય. આ સાપ છે કે દોરડી છે, એવી રીતે બે પ્રકારનું જ્ઞાન થવાથી નિર્ણય ન થઈ શકે તેને સંશય કહે છે.

(૨) **વિપરીત ભાવના** એટલે મિથ્યા જ્ઞાન. એનુંજ બીજું નામ વિપર્યય છે. એનેજ જ્ઞાનાધ્યાસ કે ભ્રાંતિજ્ઞાન કહે છે. જેમ,-દોરડી દેખીને આ સાપ હશે કે દોરડી, એવું બે પ્રકારનું જ્ઞાન ન થતાં, આ સાપજ છે, એવું મિથ્યા જ્ઞાન થવું તે વિપરીત ભાવના છે. આપણે પણ દેહાદિને જોઇને તેને આત્મા માનીએ છીએ, તે પણ એવુંજ વિપરીત જ્ઞાન અથવા વિપરીત ભાવના છે.

૨૪ શ્રવણાદિક પરંપરાથી જ્ઞાનનાં હેતુ છે.

(૧) **શ્રવણનું ફળ**—શ્રવણથી પ્રમાણનો સંશય દૂર થાય છે. જેમ, વેદાંત વાકય અદ્વિતીય બ્રહ્મનાં પ્રતિપાદક છે કે કોઇ બીજા અર્થનાં પ્રતિપાદક છે, એવો વેદાંત વાકય રૂપ પ્રમાણમાં સંદેહ થાય તે શ્રવણથી દૂર થાય છે.

(૨) **મનનનું ફળ**—મનનથી પ્રમેયનો સંદેહ દૂર થાય છે. જેમ-જીવ બ્રહ્મનો અભેદ સત્ય છે કે ભેદ સત્ય છે એવો પ્રમેય (પ્રમાણથી નક્કી કરવાનો વિષય)માં સંશય થાય તેને મનન દૂર કરે છે.

(૩) **નિદિધ્યાસનનું ફળ**—દેહાદિક સત્ય છે તથા જીવબ્રહ્મનો ભેદ પણ સત્ય છે, એવા જ્ઞાનને વિપરીત ભાવના કહે છે. એને વિપર્યય પણ કહે છે. નિદિધ્યાસનથી એ વિપરીત ભાવના દૂર થાય છે.

(૪) **શ્રવણાદિક જ્ઞાનના સાક્ષાત્ હેતુ નથી**—આ રીતે શ્રવણાદિક ત્રણ સાધનો અસંભાવના અને વિપરીત ભાવનાને દૂર કરે છે. અસંભાવના અને વિપરીત ભાવના જ્ઞાનનાં પ્રતિબંધક છે, એટલે જ્ઞાન થવામાં અડચણ કરનારાં છે. એ પ્રતિબંધકનો શ્રવણાદિક નાશ કરે છે એટલે પ્રતિબંધકનાં નાશદ્વારા તેઓ જ્ઞાનના હેતુ છે. સાક્ષાત્ હેતુ નથી.

૨૫ પ્રમાણ, પ્રમા, પ્રમેય.

(૧) **પ્રમાણ**—નેત્ર આદિક ઇંદ્રિયો જ્ઞાન થવાનાં સાધન છે માટે તેને પ્રમાણ કહે છે. સાધનને શાસ્ત્રમાં 'કરણ' કહે છે. પ્રત્યક્ષ જ્ઞાન થવાનું કરણ નેત્ર આદિક ઇંદ્રિયો છે, માટે નેત્ર આદિક ઇંદ્રિયો પ્રમાણ કહેવાય છે.

(૨) **પ્રમાણના બીજા પ્રકારો**—એજ પ્રમાણે કેટલેક સ્થળે કાર્ય ઉપરથી કારણનો નિર્ણય કરી શકાય છે. જેમ અગ્નિ અને લીલા બળતણનો સંયોગ થવાથી ધૂમાડો નામે કાર્ય ઉત્પન્ન થાય છે. માટે ધૂમાડાને જોઇને અગ્નિનું અનુમાન કરી શકાય છે. એ અનુમાન પણ એક પ્રમાણ છે. અનુમાનનો વિષય કઠણ હોવાથી અહીં વિસ્તારથી લખ્યો નથી.

એજ રીતે સરખાપણું પણ વસ્તુનું જ્ઞાન થવામાં સાધન બને ત્યાં તે સરખાપણું પણ પ્રમાણ ગણાય છે. એને ઉપમાન પ્રમાણ કહે છે.

વળી કેટલીક બાબતો એવી હોય છે કે તેનું જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન કે ઉપમાન વગેરે પ્રમાણોથી થતું નથી; એવી બાબતોનું જ્ઞાન વેદ વગેરેથી થાય છે, માટે તે વેદ વગેરે પણ પ્રમાણ ગણાય છે. એને શબ્દ પ્રમાણ કહે છે. અને વેદના શબ્દથી જે જ્ઞાન થાય તે શાબ્દી પ્રમા કહેવાય છે.

(૩) **પ્રમા**—એટલે પ્રમાણથી થયેલું જ્ઞાન.

આપણે પાછળ જે 'પ્રમાણનો સંશય શ્રવણથી દૂર થાય છે' એમ લખ્યું છે ત્યાં આ ઉપનિષદ્ રૂપ શબ્દ પ્રમાણ સમજવાનું છે. કેમકે વેદમાં પ્રતિપાદન કરેલા મોક્ષ વગેરે પદાર્થોનો યથાર્થ અનુભવ વેદના શબ્દોથીજ થાય છે.

(૪) **પ્રમેય**—પ્રમાણ વડે જાણવા યોગ્ય મોક્ષ વગેરે પદાર્થને પ્રમેય કહે છે.

૨૬ અવાંતર વાક્ય અને મહાવાક્ય.

જ્ઞાનનું સાક્ષાત્ સાધન શ્રોત્ર ઇંદ્રિય સાથે સંબંધ પામેલું વેદાંતવાક્ય છે. અર્થાત્ કાને સાંભળેલા વેદાંત વાક્યથી તત્કાળ જ્ઞાન થાય છે. એ વેદાંત વાક્યો બે પ્રકારનાં છે:-(૧) અવાંતર વાક્ય; અને (૨) મહાવાક્ય.

(૧) **અવાંતરવાક્ય**—પરમાત્મા અથવા જીવના સ્વરૂપનું બોધક વાક્ય તે અવાંતર વાક્ય કહેવાય છે. એ અવાંતર વાક્યથી પરોક્ષ જ્ઞાન થાય છે. જેમ,-'બ્રહ્મ છે. એ પરોક્ષ જ્ઞાન કહેવાય.

(૨) **મહાવાક્ય**—જીવ અને પરમાત્માની એકતાનું બોધક વાક્ય મહાવાક્ય કહેવાય છે. એ મહાવાક્યથી અપરોક્ષ જ્ઞાન થાય છે. જેમ 'હું બ્રહ્મ છું.' એ અપરોક્ષ જ્ઞાન કહેવાય છે. એને જ સાક્ષાત્કાર કહે છે.

આ રીતે 'તું બ્રહ્મ છે' એવું ગુરૂએ કહેલું મહાવાક્ય સાંભળીને 'હું બ્રહ્મ છું' એવો જે શિષ્યને દૃઢ બોધ થાય છે તેને અપરોક્ષ જ્ઞાન કહે છે. એ અપરોક્ષ જ્ઞાન કેવળ ગુરૂએ કહેલા મહાવાક્યનો શિષ્યના કાન સાથે સંબંધ થવાથી થાય છે, માટે શ્રોત્ર ઇંદ્રિયની સાથે સંબંધ પામેલું મહાવાક્ય જ્ઞાનનું સાક્ષાત્ સાધન કહેવાય છે. અર્થાત્—

૧. શ્રોત્રના સંબંધવાળું અવાંતર વાક્ય **પરોક્ષ જ્ઞાનનો** હેતુ છે.

૨. શ્રોત્રના સંબંધવાળું મહાવાક્ય '**અપરોક્ષ જ્ઞાનનો** હેતુ છે. મહાવાક્યથી સૌને અપરોક્ષ જ્ઞાનજ થાય છે; પરોક્ષ જ્ઞાન થતું નથી.

૨૭ વેદાંતના એક દેશીનું મત તથા તેનું ખંડન.

વેદાંતના સિદ્ધાંતના એક ભાગને ગ્રહણ કરીને જેઓ સ્વતંત્ર રીતે અધિક અર્થનું નિરૂપણ કરે છે, એવા આચાર્યોને એક દેશી કહે છે. અહીં પંચદશી

વગેરેના કર્તા વિદ્યારણ્ય વગેરેને એકદેશી માનીને તેમનો મત નીચે જણાવ્યો છે; ભર્તૃપ્રપંચના અનુસારીનો મત અહીં એક દેશી તરિકે કહ્યો નથી.

તેમનું કહેવું એવું છે કે, એકલા વાક્યથી તો પરોક્ષ જ્ઞાન થાય છે, અને શ્રવણાદિ સહિત વાક્યથી અપરોક્ષ જ્ઞાન થાય છે.

જો એકલા વાક્યથી અપરોક્ષ જ્ઞાન થતું હોય તો શ્રવણાદિક સાધનની જરૂર રહેશે નહિ.

સિદ્ધાંતી—એકલા મહાવાક્યથી અપરોક્ષ જ્ઞાન થાય છે, અને શ્રવણાદિકથી અસંભાવના તથા વિપરીત ભાવના દૂર થાય છે, માટે શ્રવણાદિક નકામાં નથી.

એકદેશી—જે વસ્તુનું અપરોક્ષ જ્ઞાન થાય તેમાં અસંભાવનાને વિપરીત ભાવના કોઇને થાયજ નહિ. માટે '**तत्वमसि** (તે તું છે)' એ વગેરે વાક્યથી અપરોક્ષ જ્ઞાન થયા પછી અસંભાવના વિપરીત ભાવના સંભવતીજ નથી. અને તેથીજ શ્રવણાદિક પણ તમારે મતે નકામાંજ થશે.

સિદ્ધાંતી—ત્યારે તમારૂં શું કહેવું છે?

એકદેશી—એ તો અમે કહ્યુંજ છે કે, એકલા વાક્યથી પરોક્ષ જ્ઞાન થાય છે, અને શ્રવણ, મનન, નિદિધ્યાસનથી અપરોક્ષ જ્ઞાન થાય છે. માટે અમારા મત પ્રમાણે શ્રવણાદિક નકામાં નથી.

સિદ્ધાંતી—જો કે તમે કહો છો તેવો ઘણા ગ્રંથકારોનો મત છે તથાપિ આ તમારો મત સમીચીન નથી.

એકદેશી—કેમ?

સિદ્ધાંતી—સાંભળો-શબ્દનો આવો સ્વભાવ છેઃ—

જે વસ્તુ વ્યવહિત હોય, તેનું વાક્યથી પરોક્ષજ્ઞાન થાય છે; વ્યવહિત વસ્તુનું તો કોઇ રીતે અપરોક્ષ જ્ઞાન થાય જ નહિ. જેમ સ્વર્ગ અથવા ઈંદ્રાદિક દેવો આપણાથી વ્યવહિત છે એટલે આપણી અને તેમની વચ્ચે દેશ (જગા)નો અંતરાય છે, માટે શાસ્ત્રના શબ્દોથી તેમનું પરોક્ષ જ્ઞાન થાય છે-અપરોક્ષ જ્ઞાન થતું નથી.

(૨) હવે જે વસ્તુ અવ્યવહિત હોય એટલે તેની અને આપણી વચ્ચે જગાનું કે વખતનું અંતર ન હોય-મતલબ કે પ્રત્યક્ષ હોય-તે વસ્તુનું શબ્દ વડે અપરોક્ષ જ્ઞાન થાય તેમ પરોક્ષ જ્ઞાન પણ થાય.

એકદેશી—અપરોક્ષ જ્ઞાન તો થાય, પણ પ્રત્યક્ષ વસ્તુનું પરોક્ષ જ્ઞાન થાય એમ કહો છો તે શી રીતે સંભવે?

સિદ્ધાંતી—સંભવે. જ્યારે અવ્યવહિત વસ્તુનું પણ શબ્દ વડે "તે છે" એટલોજ બોધ થાય ત્યારે તેનું પરોક્ષ જ્ઞાન થાય છે. જેમ, 'દશમો માણસ છે,' એ રીતે 'અસ્તિ' રૂપથી જણાવેલા દશમા પુરૂષનું પરોક્ષ જ્ઞાનજ થાય

છે. પણ અવ્યવહિત એટલે નજર આગળ રહેલી તે વસ્તુને 'તે આ છે' એમ કોઇ જણાવી દે, એટલે તેનું અપરોક્ષ જ્ઞાન થાય છે. જેમ 'દશમો માણસ તું પોતે જ છે' એ રીતે વાક્યથી દશમા માણસનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

એજ રીતે બ્રહ્મ સર્વનો આત્મા હોવાથી અત્યંત અવ્યવહિત છે. અવાંતર વાક્યથી '**બ્રહ્મ અસ્તિ** (બ્રહ્મ છે)' એવો બોધ થાય છે, એટલે બ્રહ્મનું પરોક્ષ જ્ઞાન થાય છે.

હવે મહાવાક્ય કહે છે કે-'**તત્ત્વમસિ**' 'તે બ્રહ્મ તુંજ છે' એટલે તેજ અવ્યવહિત બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

એકદેશી—એ વાત ખરી; પણ જે વસ્તુનું અપરોક્ષ જ્ઞાન થયું હોય, તેમાં અસંભાવના અને વિપરીત ભાવના રહે નહિ, તેથી શ્રવણાદિક સાધન તમારે મતે નકામાં થ , એ પ્રશ્ન તો ઉભોજ રહે છે.

૨૮ અપરોક્ષ વસ્તુમાં પણ અસંભાવનાદિક થાય છે.

સિદ્ધાંતી—તમે ભર્ચુંનું દૃષ્ટાંત તો સાંભળ્યું હશે. એ ભર્ચુંને રાજાએ પ્રત્યક્ષ જોયો, એટલે રાજાને ભર્ચુંનું અપરોક્ષ જ્ઞાન થયું, તથાપિ એ ભર્ચું નથી, પણ ભૂત છે, એવી રાજાના મનની વિપરીત ભાવના દૂર થઇ નહિ. એજ રીતે મહાવાક્યથી અવ્યવહિત વસ્તુનું અપરોક્ષ જ્ઞાન થયા છતાં પણ મનુષ્યની બુદ્ધિમાં અસંભાવના અને વિપરીત ભાવના રહી જવાનો સંભવ છે. એ દોષને લીધે અપરોક્ષ જ્ઞાન થયા છતાં પણ તેનું ફળ જે પરમાનંદ, તે પ્રાપ્ત થતું નથી. માટે તે દોષની નિવૃત્તિ માટે જેની બુદ્ધિમાં અસંભાવનાદિક દોષ હોય તેને શ્રવણાદિક સાધનની આવશ્યકતા રહે છે. જેની બુદ્ધિમાં એ દોષો ન હોય તેમને શ્રાવણાદિકની જરૂર નથી.

આ ઉપરથી સમજાશે કે જ્ઞાનનું સાધન મહાવાક્ય છે—શ્રવણાદિ નથી; પણ તે શ્રવણાદિક જ્ઞાનના પ્રતિબંધક દોષનાં નાશક હોવાથી શ્રવણાદિકને પણ પરંપરાથી જ્ઞાનના હેતુરૂપે ગણવામાં આવ્યાં છે. તેજ રીતે શ્રવણાદિકના હેતુ વિવેક વગેરે ચાર સાધનો છે માટે તે પણ જ્ઞાનનાંજ સાધનો કહેવાય છે. અને એ રીતે વિવેકાદિ ચાર સાધન સંયુક્ત જે માણસ હોય તે અધિકારી કહેવાય છે.

૨૯ વ્યવહિત અને અવ્યવહિત

(પાછળ વ્યવહિત વગેરે શબ્દો તથા 'દશમો તું છે' અને ભર્ચુંનું દૃષ્ટાંત, એ બાબતો કહેવામાં આવી છે. તેનો કાંઇક વિશેષ ખુલાસો થવાની જરૂર હોવાથી અહીં કહીએ છીએ.)

વ્યવહિત—બે વસ્તુની વચમાં જે આડચ રૂપે આવે તેને વ્યવધાન કે અંતરાય કહે છે. અને એ આડચ જે બે વસ્તુઓ વચ્ચે આવી હોય તેમને વ્યવહિત એટલે વ્યવધાનથી છૂટી પડેલી કહેવાય છે.

એ વ્યવધાન ત્રણ પ્રકારે હોઈ શકે. દેશથી, કાળથી અને વસ્તુથી.

દૂર દેશની વસ્તુની અને આપણી વચ્ચે બીજું વ્યવધાન ન હોય તથાપિ જગોના અંતરરૂપ વ્યવધાન હોવાથી તે દેશકૃત વ્યવધાન કહેવાય છે.

ભૂત અથવા ભવિષ્ય કાળની વસ્તુ સાથે કાળકૃત વ્યવધાન કહેવાય છે.

વચમાં ભીંત, પર્વત, અથવા બીજો કોઇ પદાર્થ હોવાથી તે અંતર નડતું હોય ત્યારે તેને વસ્તુકૃત વ્યવધાન કહેવામાં આવે છે.

જે બે વસ્તુઓની વચમાં કોઈપણ પ્રકારનું વ્યવધાન ન હોય તેને અવ્યવહિત એટલે વ્યવધાન વગરની કહેવામાં આવે છે.

૩૦ અજ્ઞાનની સાત અવસ્થા.

દૃષ્ટાંત—કોઇ દશ બાળકો એકઠાં થઇને જંગલમાં રમવા જતાં હતાં તેમણે મૃગજળની નદી જોઇ અને તેમાં થઇને પેલે પાર ગયાં. પછી એક પ્રમુખ બાળકે બધાં બાળક ગણી જોયાં [પણ પોતાને ગણ્યો નહિ] તો નવ થયાં, ત્યારે તે બોલ્યો કે, ભાઈઓ!

૧. હું દશમા છોકરાને જાણતો નથી (અજ્ઞાનાવસ્થા)

૨. માટે દશમો છોકરો નથી. [અસત્વાપાદક આવરણ]

૩. કેમકે તે મને દેખાતો નથી. [અભાનાપાદક આવરણ]

૪. એમ કહી તે રડવા લાગ્યો. [વિક્ષેપ]

૫. પછી આપ્ત એટલે યથાર્થ વક્તા માણસ ત્યાં આવી ચઢયો. તેણે રડવાની હકીકત પૂછી. પ્રમુખ છોકરે કહ્યું કે અમે દશ જણ ઘેરથી નીકળ્યા હતા, પણ હમણાં નવ છીએ, માટે દશમો નદીમાં તણાઇ ગયો હશે. કયો છોકરો તણાયો તેનું મને જ્ઞાન નથી. આપ્ત પુરૂષે કહ્યું કે રડશો નહિ. "દશમો છે." એ અવાંતર વાક્ય સાંભળીને છોકરાને જ્ઞાન થયું કે "દશમો છે." [પરોક્ષ જ્ઞાન]

૬. છોકરે પૂછયું કે દશમો ક્યાં છે? પુરૂષે કહ્યું કે 'દશમો તું છે' આ મહાવાકય સાંભળીને છોકરાને જ્ઞાન થયું કે 'દશમો હું છું' [અપરોક્ષ જ્ઞાન]

૭. અપરોક્ષ જ્ઞાન થવાથી અજ્ઞાનથી થયેલું આવરણ મટી ગયું અને તેથી થયેલો રોદન વગેરે વિક્ષેપ પણ મટી ગયો, અને હર્ષ રૂપ તૃપ્તિ થઇ [તૃપ્તિ]

એજ રીતે ખોવાયલા છોકરાને ઠેકાણે બ્રહ્મ અને આપ્ત પુરૂષને ઠેકાણે ગુરૂ, અને પ્રમુખ છોકરાને ઠેકાણે ચિદાભાસ રૂપ જીવ મૂકવાથી દાર્ષ્ટાંત સમજાશે.

૩૧ ભીંતનું દૃષ્ટાંત.

વિચારસાગરના પાંચમા તરંગમાં એ દૃષ્ટાંત વિસ્તારથી કહેવાશે. અહીં માત્ર એટલું જાણવું બસ થશે કે—

એક રાજાનો પ્રમાણિક મંત્રી ભર્છું નામનો હતો. તેના ઉપર રાજાની બહુ મેહેરબાની હતી, તેથી બીજા મંત્રીઓ તેની અદેખાઇ કરવા લાગ્યા. પછી તેમણે તરકટ કરીને રાજાની આજ્ઞાથી ભર્છુંને લુંટારાઓ સામે લઢાઈ કરવા મોકલ્યો, અને તે પાછો આવે તે પહેલાં એવો બંદોબસ્ત કર્યો કે ભર્છું ગામમાં આવી શકે નહિ તથા રાજાને મળી શકે નહિ. ભર્છું આ વાત તરત સમજી ગયો અને તેને પણ રાજધાનીમાં રહેવું જોખમ ભરેલું લાગ્યું તેથી જંગલમાં જઇ તપ કરવા લાગ્યો. અહીં મંત્રીઓએ રાજાને સમજાવ્યું કે ભર્છું લઢતાં મરાયો છે ને તે ભૂત થઈ તપસ્વી વેષે જંગલમાં ભટકે છે !

એક વખત અકસ્માત્ જંગલમાં રાજાએ ભર્છુંને જોયો; રાજાને ભર્છું ઉપર બહુ પ્રેમ હતો. ભર્છું પણ રાજાને મળીને ખરી હકીકત કહેવા ધારતો હતો. પરંતુ ભર્છુંને જોતાંજ રાજાને પાછલી વાત યાદ આવી, ને ભર્છું દેખાય છે તે ભર્છું નથી, પણ ભૂતજ છે. એવી વિપરીત ભાવના થઇ આવવાથી રાજા ત્યાંથી તરતજ નાશી ગયો ! અર્થાત્ સાક્ષાત્ મુલાકાત થવા છતાં—અપરોક્ષ જ્ઞાન થવા છતાં અસંભાવના વિપરીત ભાવના હોઇ શકે છે, એ આ દૃષ્ટાંતનો આશય છે.

૩૨ સંબંધ વર્ણન.

ગ્રંથમાં ચાર અનુબંધ જોઇએ એમ શરૂઆતમાંજ કહ્યું છે. એ ચાર અનુબંધમાંનો પહેલો અનુબંધ અધિકારી છે. અધિકારીનું નિરૂપણ અત્યાર સુધી એકત્રીશ પરિચ્છેદવડે કર્યું છે; હવે બીજો અનુબંધ 'સંબંધ' નામે છે. ગ્રંથમાં વર્ણવેલા પદાર્થો અસંબદ્ધ એટલે એક બીજાની સાથે સંબંધ વગરના હોય તો તેમાંથી કાંઈ અર્થ સમજાય નહિ અને તેથી તેવા ગ્રંથનો કોઇ આદર કરે નહિ, માટે ગ્રંથમાં સંબંધ પૂર્વક પદાર્થોનું કથન કરેલું હોવું જોઇએ. ગ્રંથનો દરેક વિષય જોઈને વિચાર કરતાં તરતજ માલમ પડી આવશે કે તે વિષય કોઈની સાથે પણ સંબંધ રાખે છે. એનાં ઉદાહરણ તરિકે નીચે થોડાક સંબંધ બતાવ્યા છે, તેમ—

दुहा-प्रतिपादक प्रतिपाद्यता, ग्रंथ ब्रह्म संबंध ।
प्राप्य प्रापकता कहत, फल अधिकृतको फंद ॥ २४ ॥

અર્થ—ગ્રંથ અને બ્રહ્મનો પ્રતિપાદક પ્રતિપાદ્યતા રૂપ સંબંધ છે; તેમજ મોક્ષફળ પ્રાપ્ય છે અને અધિકારી તેનો પ્રાપક (પ્રાપ્ત કરનારો છે) માટે એ પ્રાપ્ય પ્રાપકતા રૂપ સંબંધ છે. ૨૪.

ટીકા (૧) પ્રતિપાદ્ય પ્રતિપાદકતા સંબંધ—ગ્રંથમાં પ્રતિપાદન કરવાની વસ્તુ જીવ તથા બ્રહ્મની એકતા છે. અને ગ્રંથ તેનું પ્રતિપાદન કરે છે. માટે ગ્રંથ અને ગ્રંથનો વિષય, એ બે વચ્ચે પ્રતિપાદ્ય પ્રતિપાદકતા સંબંધ

કહેવાય છે. પ્રતિપાદન કરવાની વસ્તુ પ્રતિપાદ્ય કહેવાય છે, અને પ્રતિપાદન કરનારને પ્રતિપાદક કહે છે.

(૨) ગ્રંથનું ફળ એ છે કે તેના શ્રવણ કરનારના દુઃખની નિવૃત્તિ થાય અને પરમ આનંદની પ્રાપ્તિ થાય. એ ફળની પ્રાપ્તિ શ્રવણ કરનાર અધિકારીને થાય છે. માટે અધિકારી તથા ફળ વચ્ચે **પ્રાપ્ય પ્રાપકભાવ** સંબંધ છે.

(૩) ગ્રંથ સમજવા માટે અધિકારીએ વિચાર કરવાનો હોય છે. માટે અધિકારી અને વિચારનો **કર્તૃ કર્તવ્ય** ભાવ સંબંધ છે.

(૪) ગ્રંથ સમજવા વડે જ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે જ્ઞાન અને ગ્રંથનો **જન્ય જનકભાવ** સંબંધ કહેવાય. ઉત્પન્ન થનારી વસ્તુને જન્ય કહે છે અને ઉત્પન્ન કરનારને જનક કહે છે.

એવીજ રીતે બીજા સંબધ પણ કલ્પી શકાય.

૩૩ વિષય વર્ણન.

दोहा–जीवब्रह्मकी एकता, कहत विषय जन बुद्धि ।
तिनको जे अंतर लहैं, ते मतिमंद अबुद्धि ॥ २५ ॥

અર્થ—જીવ અને બ્રહ્મનું એકપણું એ આ ગ્રંથનો વિષય છે એમ બુદ્ધિમાન પુરૂષો કહે છે. તે જીવ અને બ્રહ્મમાં જે ભેદ માને છે તે મંદ મતિવાળો તથા જ્ઞાનહીન છે એમ જાણવું. ૨૫.

ટીકા--ગ્રંથનો વિષય જીવ અને બ્રહ્મની એકતા છે. જે બાબત અનેક પ્રકારની યુક્તિઓ અને પ્રમાણોથી સિદ્ધ કરી હોય તેને મુખ્ય પ્રતિપાદ્ય વિષય કહે છે (એ મુખ્ય વિષય પ્રતિપાદન કરવાને ગ્રંથમાં અનેક દૃષ્ટાન્તો, પ્રમાણો, શંકા સમાધાન, વગેરે સમજાવવામાં આવે છે, તે બધા મુખ્ય વિષયના સહાયક વિષયો હોવાથી તે ગ્રંથના વિષય તરિકે કહેવાતા નથી.)

જીવ અને બ્રહ્મનો અભેદ પ્રતિપાદન કરવા માટેજ આ ગ્રંથ લખાયલો હોવાથી તેજ તેનો વિષય છે, અને વેદમાં પણ અભેદજ પ્રતિપાદન કરવામાં આવ્યો છે. માટે જેઓ ભેદનું પ્રતિપાદન કરતા હોય તેમને વેદાર્થ બરાબર સમજાયો નથી એમ જાણવું.

૩૬ પ્રયોજન વર્ણન.

दोहा–परमानन्द स्वरूपकी, प्राप्ति प्रयोजन जानि ।
जगत समूल अनर्थ पुनि, न्है ताकी अतिहानि ॥ २६ ॥

અર્થ—પરમ આનંદરૂપ બ્રહ્મ સ્વરૂપની પ્રાપ્તિ, અને આ જગત તેના કારણ સહિત અનર્થરૂપ છે. માટે તેની નિવૃત્તિ એ આ ગ્રંથનું પ્રયોજન છે. ૨૬.

[ચાર અનુબંધમાં છેલ્લો અનુબંધ પ્રયોજન છે. પ્રયોજન એટલે ફળ, પરમ આનંદની પ્રાપ્તિ અને અનર્થની નિવૃત્તિ એ આ ગ્રંથનું ફળ છે. અર્થાત્ જેમને એ ફળની ઇચ્છા હોય તેજ આ ગ્રંથ સમજવાનો અધિકારી કહેવાય છે.]

ટીકા—જગતનું કારણ અજ્ઞાન, તથા જગત્ એ જન્મમરણ રૂપી દુઃખનો હેતુ છે માટે તે બન્નેને 'અનર્થ' કહે છે. તે અનર્થની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિને મોક્ષ કહે છે. એ મોક્ષ, આ ગ્રંથનું પરમ પ્રયોજન છે, અને **જ્ઞાન** એ અવાંતર પ્રયોજન છે.

૧ પરમ પ્રયોજન—જે પ્રાપ્ત કરવાની પુરૂષની ઇચ્છા હોય તે પરમ પ્રયોજન કહેવાય છે, એને કોઈ પુરૂષાર્થ પણ કહે છે. હવે બધાજ માણસોની ઇચ્છા દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ માટે હોય છે. માટે એ બે વાનાંજ પરમ પ્રયોજન છે. એનેજ મોક્ષ કહે છે, એમ પાછળ કહ્યું છે.

માટે મોક્ષ એ પરમ પ્રયોજન છે—જ્ઞાન પરમ પ્રયોજન નથી. કેમકે જ્ઞાન તો સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિનું સાધન છે, પણ સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિરૂપ જ્ઞાન નથી. માટે જ્ઞાન અવાંતર પ્રયોજન છે.

(૨) અવાંતર પ્રયોજન—જે વસ્તુદ્વારા પરમ પ્રયોજનની પ્રાપ્તિ થાય તેને અવાંતર પ્રયોજન કહે છે. એવું અવાંતર પ્રયોજન જ્ઞાન છે: કેમકે જ્ઞાનદ્વારા મુક્તિરૂપી પરમ પ્રયોજનની પ્રાપ્તિ થાય છે.

(આ ઉપરથી સમજાશે કે ગ્રંથમાંથી જ્ઞાન મેળવવું એજ ગ્રંથનું મુખ્ય ફળ નથી; કેમકે જ્ઞાન એ કાંઇ દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ નથી, પણ તેનું સાધન માત્ર છે.)

૩૫ પ્રયોજન વિષે શંકા સમાધાન

कवित्त

जीवको स्वरूप अति आनन्द कहत वेद,
  ताकूं सुख प्राप्तिको असंभव बखानिये।
आगे जो अप्राप्त वस्तु ताकी प्राप्ति संभवत,
  नित्य प्राप्त वस्तुकी तौ प्राप्ति किम मानिये?
ऐसी संका लेश आनि कीजे न विश्वासहानि,
  गुरुके प्रसादतैं कुतर्क भले भानिये,
करको कंकन खोयो ऐसो भ्रम भयो जिहिं
  ज्ञान तैं मिलत इम प्राप्तप्राप्ति जानिये॥ २७॥

અર્થ—જીવ અતિ આનંદસ્વરૂપ છે એમ વેદ કહે છે, તે આનંદસ્વરૂપ જીવને આનંદની પ્રાપ્તિ કહેવી એ તો અસંભવ

વાત છે; પહેલાં જે વસ્તુની પ્રાપ્તિ ન હોય, તેની પ્રાપ્તિ સંભવે છે; પણ જે વસ્તુ નિત્ય પ્રાપ્ત હોય તેની પ્રાપ્તિ શી રીતે મનાય? એવી લગાર પણ શંકા લાવીને વેદગુરૂ વાકયમાંથી વિશ્વાસ કમી કરવો નહિ, પણ ગુરૂની કૃપાથી વાદીઓના એવા કુતર્કોનો ભલી રીતે નાશ કરવો. જેમ કોઇના હાથમાં કંકણ છતાં 'મારા હાથનું કંકણ ખોવાયું છે, એવો કોઇને ભ્રમ થાય, ત્યારે તેને કોઈ તેના હાથમાં કંકણ બતાવીને કંકણનું જ્ઞાન થવાથી કંકણ ખોવાયાની ભ્રાંતિ ટળી જાય છે, તેમ હું આત્મા બ્રહ્મ છું એવું ગુરૂ પાસેથી જ્ઞાન મળવાથી પોતાની પ્રાપ્તિ પોતાને થાય છે. એવી રીતે પ્રાપ્તની પ્રાપ્તિ થઇ શકે છે. ૨૭.

(૧) પ્રાપ્તની પ્રાપ્તિ શી રીતે?

શંકા—તમે કહો છો કે 'અનર્થની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ, એ ગ્રંથનું પ્રયોજન છે.' એ વાત સંભવતી નથી. કેમકે જે વસ્તુ અપ્રાપ્ત હોય તેની પ્રાપ્તિ સંભવે છે, સદાકાળ પ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ સંભવતી નથી. વેદમાં જીવને પરમાનંદ રૂપ વર્ણેલો છે, અને તમે પણ તેમજ માનો છો. ત્યારે સદાકાળ પરમાનંદ સ્વરૂપ આત્માને પરમાનંદની પ્રાપ્તિ કહેવી શી રીતે સંભવે?

સમાધાન—પ્રાપ્તની પ્રાપ્તિ પણ આ રીતે સંભવે છે: જેમ કોઇના હાથમાં કંકણ હોય, તેને એમ ભ્રાંતિ થઇ જાય કે મારૂં કંકણ ખોવાઇ ગયું છે, અને તે ખોળવા માટે તે મહેનત કરે છે. એવામાં કોઇના કહેવાથી તેને એમ જ્ઞાન થઇ જાય કે 'મારૂં કંકણ તો મારા હાથમાં જ છે!' ત્યારે તે એમ કહે કે 'મારૂં કંકણ મળી આવ્યું છે!' એ રીતે પ્રથમથી જ પ્રાપ્ત કંકણની પ્રાપ્તિ થઇ એમ કહેવામાં આવે છે.

એજ રીતે—પરમાનંદ સ્વરૂપ આત્મા વિષે અવિદ્યાના બળથી એવી ભ્રાંતિ થાય છે કે, આત્મા પરમાનંદ સ્વરૂપ નથી, પણ પરમાનંદ સ્વરૂપ તો બ્રહ્મ છે. તે બ્રહ્મનો ને મારો વિયોગ થયો છે. માટે ઉપાસના કરીને હું તે બ્રહ્મને પ્રાપ્ત કરીશ.

આવી ભ્રાંતિ ઘણા મૂર્ખ પ્રાણીઓને થઇ રહી છે. તેઓ પંડિત હોય તથાપિ મૂર્ખજ જાણવા; કેમકે જીવ બ્રહ્મનો વિયોગ માનતા હોય તેમને મૂર્ખ કહે છે. એવા મૂર્ખ માણસોને ઉત્તમ સંસ્કારથી કદાચિત્ બ્રહ્મજ્ઞાની આચાર્ય પાસેથી વેદાંત ગ્રંથ સાંભળવાનો પ્રસંગ મળી જાય, ત્યારે તેઓ સાંભળેલા અર્થનો નિશ્ચય કરીને કહે કે, વેદાંત ગ્રંથ તથા ગુરૂની કૃપાથી અમને પરમાનંદ પ્રાપ્ત થયો છે!

એમના એમ કહેવાનું તાત્પર્ય આ પ્રમાણે છે:—આત્મા તો પ્રથમથીજ પરમાનંદ રૂપ હતો, પણ 'મારો આત્મા પરમ આનંદ રૂપ છે.' એવું મને ભાન ન હોતું, માટે તે પરમાનંદ હોવા છતાં પણ અપ્રાપ્ત જેવો હતો. હવે ગુરૂ પાસેથી ગ્રંથ શ્રવણ થવાથી પરમાનંદનું બુદ્ધિમાં ભાન થયું છે, માટે પરમાનંદની પ્રાપ્તિ થઈ એમ કહેવામાં આવ્યું છે.

આ રીતે પ્રાપ્તની પ્રાપ્તિ સંભવે છે. અને તેથી તે ગ્રંથનું પ્રયોજન પણ સંભવે છે. તેજ રીતે અનર્થની નિવૃત્તિ પણ ગ્રંથનું પ્રયોજન સમજવું.

(૨) નિત્ય નિવૃત્તની નિવૃત્તિ શી રીતે?

શંકા—તમે કહો છો કે અનર્થની નિવૃત્તિ પણ ગ્રંથનું પ્રયોજન સમજવું. પણ પરમાનંદરૂપ બ્રહ્મને વિષે અજ્ઞાન અને તેમાંથી થયેલો જગત રૂપ અનર્થ છેજ નહિ, સદાકાળ નિવૃત્તજ છે, તો વળી તેની નિવૃત્તિ શી રીતે સંભવે?

સમાધાન—એ વાત પણ દૃષ્ટાંતથી સમજાવી શકાશે. જેમ દોરડીમાં સર્પ સદાકાળ નિવૃત્તજ છે-કોઇ વખત છેજ નહિ, એમ છતાં ભ્રાંતિથી ને ભાસે છે, ત્યારે તેને પ્રકાશ વગેરે સાધનથી નિવૃત્ત કરવો પડે છે; એજ રીતે આત્મામાં સંસાર રૂપી અનર્થ નિત્ય નિવૃત્ત છે, તથાપિ ભ્રાંતિથી ભાસે છે, તેને જ્ઞાનથી નિવૃત્ત કરી શકાય છે. માટે નિત્ય નિવૃત્તની નિવૃત્તિ પણ સંભવે છે. એ રીતે નિત્ય નિવૃત્તની નિવૃત્તિ અને નિત્ય પ્રાપ્તની પ્રાપ્તિ, એ ગ્રંથનું પ્રયોજન સંભવ છે.

(૩) એકજ પદાર્થમાં ભાવ અને અભાવરૂપ વિરૂદ્ધ પદાર્થો શી રીતે હોઈ શકે?

दोहा-अधिष्ठान तैं भिन्न नहिं, जगतनिवृत्ति बखान ।
सर्प निवृत्ती रज्जुजिम, भये रज्जुको ज्ञान ॥२८॥

અર્થ—જેમ દોરડીનું જ્ઞાન થયા પછી સર્પની નિવૃત્તિ તે દોરડીથી ભિન્ન નથી, તેમ જગતની નિવૃત્તિ તે તેના અધિષ્ઠાન રૂપ બ્રહ્મથી ભિન્ન નથી. ૨૮.

શંકા—જે વસ્તુનું અસ્તિત્વ હોય તે ભાવરૂપ વસ્તુ કહેવાય છે; જે વસ્તુ નાશ થઇ હોય અથવા હોય નહિ તે સ્થિતિને વસ્તુનો અભાવ કહે છે. એમ દરેક પદાર્થ કાંતો ભાવ રૂપ હોય, અથવા તો અભાવ રૂપ હોય. ભાવ અને અભાવ એ દિવસ અને રાતની પેઠે વિરૂદ્ધ ધર્મવાળા હોવાથી એકે વખતે એકજ પદાર્થમાં રહી શકે નહિ.

તેમ કહો છો કે પરમાનંદની પ્રાપ્તિ અને અનર્થની નિવૃત્તિ રૂપી મોક્ષ એ ગ્રંથનુ પ્રયોજન છે. એકજ મોક્ષ પદાર્થમાં પ્રાપ્તિ રૂપ ભાવ અને નિવૃત્તિ રૂપ અભાવ શી રીતે સંભવે?

સમાધાન-જેમ દોરડીમાં ભ્રાંતિથી દેખાતા સાપનું અધિષ્ઠાન દોરડી છે. જે પદાર્થમાં ભ્રાંતિથી અન્ય પદાર્થનું ભાન થાય, તે મૂળ પદાર્થને અધિષ્ઠાન કહે છે. દોરડીમાં ભ્રાંતિથી સાપનું ભાન થાય છે, માટે દોરડી સાપના ભ્રમનું અધિષ્ઠાન કહેવાય છે.

હવે પ્રકાશાદિ સાધન વડે કલ્પિત સાપની નિવૃત્તિ કહો કે દોરડીનું જ્ઞાન કહો, પણ એ એક જ પદાર્થ છે. એજ રીતે કારણ સહિત જગતની નિવૃત્તિ એ અધિષ્ઠાન બ્રહ્મ રૂપ છે. કેમકે બ્રહ્મમાં જ અજ્ઞાનથી જગતનો ભ્રમ થયો છે. તે ભ્રમની નિવૃત્તિ જ બ્રહ્મરૂપ છે. માટે તે બ્રહ્મથી ભિન્ન નથી. આવો ભાષ્યકારનો સિદ્ધાંત છે.

આ જગોએ અનર્થની નિવૃત્તિ બ્રહ્મરૂપ છે; કેમકે સર્વ અનર્થનું અધિષ્ઠાન બ્રહ્મ છે. તે બ્રહ્મ ભાવ રૂપ છે, માટે અનર્થની નિવૃત્તિ-જેને તમે અભાવ રૂપ કહો છો-તે પણ ભાવ રૂપ હોવાથી ગ્રંથનું પ્રયોજન સંભવી શકે છે.

दोहा-जो जन प्रथम तरंग यह, पढै ताहि ततकाल ।
करहु मुक्त गुरुमूर्ति व्है, दादू दीनदयाल ॥२९॥

અર્થ—જે મનુષ્ય આપ્રથમ તરંગ ભણે તેને, ગરીબો ઉપર દયા કરનાર શ્રી દાદૂજી ગુરૂરૂપ થઇને તત્કાળ મુક્ત કરે છે. ૨૯:

इतिश्री विचार सागरे अनुबन्ध सामान्य निरूपणं
नाम प्रथमस्तरंगः ॥ १ ॥

श्री विचारसागर.

द्वितीयस्तरंगः ।

अनुबंधविशेषनिरूपण.

दोहा-याके प्रथम तरंगमे, किय अनुबंध विचार ।
कहुं य द्वितीय तरंगमें, तिनहीको विस्तार ॥ १ ॥

અર્થ—પહેલા તરંગમાં ચાર અનુબંધનું નિરૂપણ કર્યું છે. એજ વિષયને દઢ કરવાને આ ત ગમાં તેનાજ વિસ્તારરૂપે વિશેષ નિરૂપણ કર્યું છે. ૧

પહેલા તરંગમાં વિવેકાદિ ચાર સાધન યુક્ત મનુષ્યને વેદાંત શ્રવણનો અધિકારી માન્યો છે. પૂર્વ પક્ષી (શંકા ઉઠાવનાર) કહે છે કે એવો અધિકારી કોઇ હોઇ શકે નહિ, તેમજ વિષય, સંબંધ અને પ્રયોજન પણ હોઇ શકે નહિ, માટે વેદાંત ગ્રંથનો આરંભ કરવોજ ઘટતો નથી. એ રીતે પૂર્વ પક્ષીએ ખંડન કર્યા પછી અનુક્રમે સિદ્ધાંતિએ અધિકારી વગેરે બની શકે છે એમ સિદ્ધ કર્યું છે.

અધિકારી વિષે પૂર્વપક્ષ.

૧. કારણ સહિત જગતની નિવૃત્તિરૂપ મોક્ષના પ્રથમ અંશની ઇચ્છા સંભવતી નથી.

પાછળ કહ્યું છે કે વિવેક, વૈરાગ્ય, શમાદિ ૭ સંપત્તિ અને મુમુક્ષુતા, એ ચાર સાધન યુક્ત હોય તેને અધિકારી કહેવો. એ ચાર સાધનમાં ‘ મુમુક્ષુતા ’ ગણવામાં આવી છે. મોક્ષની ઇચ્છાનું હોવા પણું એ મુમુક્ષતા કહેવાય છે. કારણ (એટલે અજ્ઞાન) સહિત જગત રૂપ અનર્થની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિને મોક્ષ કહ્યો છે. એટલે એમાં બે બાબતો આવી: (૧) જગતની નિવૃત્તિ, અને (૨) બ્રહ્મની પ્રાપ્તિ. તેમાંથી કારણ સહિત

જગતની નિવૃત્તિ રૂપ મોક્ષનો અંશ કોઇ ઇચ્છતું નથી, એ વાત પૂર્વપક્ષી પ્રતિપાદન કરે છેઃ

૨ અધિકારી ખંડન.

दोहा–मूलसहित जगध्वंसकी, कोउ करत नहिं आस ।
किंतु विवेकी चहत हैं, त्रिविध दुखनको नास ॥ २ ॥

અર્થ—મૂળ અવિદ્યા સહિત જગતની નિવૃત્તિની ઇચ્છા કોઈ કરતું નથી, પણ વિવેકી પુરૂષો ત્રણ પ્રકારના દુઃખનો નાશ ચાહે છે. ૨

૩ દુઃખના ત્રણ પ્રકાર.

ટીકા—દુઃખ ત્રણ પ્રકારનાં છેઃ (૧) અધ્યાત્મ, (૨) અધિભૂત, અને (૩) અધિદૈવ.

(૧) રોગ, ભૂખ, વગેરે જે દુઃખ દેહમાંજ ઉત્પન્ન થાય છે તેને અધ્યાત્મ દુઃખ કહે છે.

(૨) ચોર, વાઘ, સર્પ, વગેરે દેહથી ભિન્ન અને જોઇ શકાય એવાં બીજાં ભૂતો (પ્રાણીઓ) થી જે દુઃખ થાય તેને અધિભૂત કહે છે.

(૩) યક્ષ, રાક્ષસ, પ્રેત, ગ્રહ, વગેરે દૈવી જીવો–જેઓ સૂક્ષ્મ શરીરમય હોવાથી નજરે પડી શકતા નથી—તેમનાથી થતું દુઃખ તે અધિદૈવ દુઃખ કહેવાય છે.

એવી રીતે ત્રણ પ્રકારનાં દુઃખના નાશની સહુ ઇચ્છા કરે છે, પણ જગતના નાશની ઇચ્છા કોઇ કરતું નથી.

સિદ્ધાંતી—એ વાત ખરી, પણ અજ્ઞાન સહિત જગતની નિવૃત્તિ વિના એ દુઃખોની નિવૃત્તિ થાય નહિ, માટે દુઃખોની નિવૃત્તિ રૂપ હેતુથી પણ અજ્ઞાન સહિત જગતની નિવૃતિની ઇચ્છા વિવેકી માણસો કરે છે.

પૂર્વપક્ષી—દુઃખની નિવૃત્તિ જો જગતની નિવૃત્તિ વિના નજ થઇ શકતી હોત તો તમારૂં કહેવું સંભવતઃ પણ રોગાદિ દુઃખ વૈદ્યશાસ્ત્રમાં કહેલા ઉપાયોથી મટી શકે છે; ભોજનથી ક્ષુધાજન્ય દુઃખની નિવૃત્તિ થાય છે. એવી રીતે અધિભૂત દુઃખ તથા અધિદૈવ દુઃખ ટાળવાના પણ તે તે ઉપાયો છે, તેથી બધાં દુઃખોની નિવૃત્તિ થઇ શકે છે. માટે અજ્ઞાન સહિત જગતની નિવૃત્તિ વિના પણ દુઃખની નિવૃત્તિ બની શકે છે. તેથી દુઃખની નિવૃત્તિ માટે અજ્ઞાન સહિત જગતની નિવૃત્તિની ઇચ્છા કોઇને થાય નહિ.

"કારણ સહિત જગતની નિવૃત્તિ અને બ્રહ્મની પ્રાપ્તિને મોક્ષ કહે છે" એમાંથી કારણ સહિત જગતની નિવૃત્તિરૂપ મોક્ષના અંશની ઇચ્છા કોઇને થાય નહિ એ વાત પ્રથમ દોહામાં કહી, હવે—

૪ બ્રહ્મપ્રાપ્તિરૂપ મોક્ષના બીજા અંશની ઈચ્છા કોઈને સંભવતી નથી.

એ વાત પૂર્વપક્ષી કહે છે—

दोहा-किय अनुभव जा वस्तुको, ताकी इच्छा होइ ।
ब्रह्म नहीं अनुभूत इम, चहै न ताकूं कोइ ॥ ३ ॥

અર્થ—જે વસ્તુનો અનુભવ કર્યો હોય તે વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે; બ્રહ્મનો એવો અનુભવ પ્રથમ કોઈએ કર્યો નથી માટે તેને કોઇ ઈચ્છે નહિ. ૩

ટીકા—બ્રહ્મની પ્રાપ્તિરૂપ મોક્ષના બીજા અંશની ઇચ્છા તો કોઇને બને જ નહિ. કેમકે જે વસ્તુનો પ્રથમ અનુભવ કર્યો હોય (એટલે જ્ઞાન થયું હોય) તે વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા થાય છે. પણ જે વસ્તુનું જ્ઞાન ન હોય તેની પ્રાપ્તિની ઇચ્છા પણ થાય નહિ. જેમ, બીજા દેશોમાં અનંત પદાર્થો એવા છે કે જે આપણા જાણવામાં આવ્યા નથી, તેથી તે પદાર્થોની આપણને ઇચ્છા પણ થતી નથી. એજ રીતે તમે કહો છો તેવા અધિકારીને બ્રહ્મનું જ્ઞાન તો પહેલાં કદી થયું નથી (જો થયું હોત તો તેને અધિકારી ન કહેત, પણ મુક્તજ કહેત) તેથી તેને બ્રહ્મની પ્રાપ્તિની ઇચ્છા કદી થાયજ નહિ. માટે વેદાંત શ્રવણ થયા પહેલાં અજ્ઞાત જે બ્રહ્મ, તેની પ્રાપ્તિની ઇચ્છારૂપ મોક્ષનો બીજો અંશ સંભવતો નથી. તેથી કોઈ મુમુક્ષુ પણ થઇ શકે નહિ; અને મુમુક્ષુ કોઇ હોય નહિ, ત્યારે અધિકારી પણ હોઇ શકે નહિ.

૫ વૈરાગ્યાદિનો અસંભવ.

ઉપર કહ્યા પ્રમાણે મુમુક્ષુતા સંભવતી નથી તેથી વૈરાગ્ય, શમાદિ ૭ સાધનો વગેરે પણ સંભવતાં નથી, એમ બીજી રીતે પૂર્વપક્ષી અધિકારીના અભાવનું પ્રતિપાદન કરે છે—

दोहा-चहत विषय सुख सकल जन, नहीं मोक्षको पंथ ।
अधिकारी यातैं नहीं, पढै सुनै जो ग्रंथ ॥ ४ ॥

અર્થ—સઘળા લોકો વિષય સુખની ઈચ્છા કરે છે પણ મોક્ષના માર્ગની કોઇ ઈચ્છા કરતું નથી; તેથી કોઈ અધિકારી જ સંભવતો નથી કે જે ગ્રંથને ભણે કે સાંભળે! ૪

ટીકા—બધા માણસો વિષય સુખની ઇચ્છા કરે છે. જે લોકો વિષય સુખ છોડીને તપ કરે છે તેઓ પણ સ્વર્ગમાં ઉત્તમ વિષય સુખની લાલચથી જ કરે છે. અર્થાત્ બધા લોકો આ લોકના કે પરલોકના વિષય સુખની આહના કરે છે, એ વિષય સુખ મોક્ષમાં તો છે નહિ, માટે મોક્ષનું સાધન

કોઈ માણસ ઇચ્છે નહિ. આ રીતે મોક્ષની ઇચ્છા રૂપ મુમુક્ષુતા સંભવતી નથી; અને સઘળા માણસો વિષય સુખને ઇચ્છે છે તેથી વૈરાગ્ય. શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરામ, તિતિક્ષા, વગેરે સાધનો પણ સંભવતાં નથી. એમ થવાથી સાધન સંપન્ન અધિકારી હોવાનો પણ સંભવ નથી. અને અધિકારી ન હોય તો ગ્રંથ કોને માટે ? માટે ગ્રંથનો આરંભ પણ નિષ્ફળ છે.

એ રીતે અધિકારીનું ખંડન કર્યા પછી પૂર્વપક્ષી ગ્રંથના વિષયનું ખંડન કરે છે:—

વિષયખંડન.

૬ જીવબ્રહ્મની એકતાનો અસંભવ.

दोहा–जीवब्रह्मकी एकता, कह्यो विषय सो कूर ।
क्लेसरहित विभु ब्रह्म इक, जीव क्लेशको मूर ॥ ५ ॥

અર્થ—તમે પૂર્વે જીવ અને બ્રહ્મની એકતા એ ગ્રંથનો વિષય છે, એમ કહ્યું છે તે ખોટું છે; કેમકે બ્રહ્મ તો પાંચ કલેશોથી રહિત, વિભુ અને એક છે, તથા જીવ તો પાંચ કલેશવાળો (પરિછિન્ન અને અનેક) છે. ૫.

પૂર્વપક્ષી—તમારા કહેવા પ્રમાણે જિજ્ઞાસુ હોય તે ગ્રંથનો અધિકારી પણ હોય. પણ ગ્રંથનો વિષય—જીવ બ્રહ્મની એકતા—સંભવતો નથી. કેમકે બ્રહ્મ તો (૧) અવિદ્યા, (૨) અસ્મિતા, (૩) રાગ, (૪) દ્વેષ, અને (૫) અભિનિવેશ, એવા પાંચ કલેશથી રહિત છે. વળી વિભુ (વ્યાપક) છે, અને એક છે.

૭ પાંચ કલેશનું વર્ણન.

(૧) અવિદ્યા—વિચાર કરવાથી જેનું અસ્તિત્વ રહે નહિ, તેને અવિદ્યા કહે છે. એ અવિદ્યા બે પ્રકારની છે: મૂલાવિદ્યા અને તુલાવિદ્યા.

क. મૂલા વિદ્યા—શુદ્ધ ચૈતન્યને ઢાંકે તેને મૂલાવિદ્યા કહે છે.

ख. તૂલા વિદ્યા—જે ઘટાદિ ઉપાધિ વાળા ચૈતન્યને ઢાંકે તેને તૂલા વિદ્યા કહે છે.

મૂલાવિદ્યા બે પ્રકારની છે: **(क) કારણરૂપ** અવિદ્યા અને **(ख) કાર્યરૂપ** અવિદ્યા.

(क) જે આવરણ અને વિક્ષેપ શક્તિવાળી અનાદિ ભાવરૂપ હોય તે કારણ વિદ્યા, કહેવાય છે.

(ख) અન્ય વસ્તુમાં અન્ય વસ્તુની પ્રતીતિ રૂપ અવિદ્યા તે કાર્યા વિદ્યા કહેવાય છે. જેમ—(૧) અનાત્મા દેહાદિકમાં આત્મ બુદ્ધિ, (૨)

અનિત્ય આકાશાદિકમાં નિત્ય બુદ્ધિ, (૩) દુઃખ રૂપ ધનાદિકમાં સુખ બુદ્ધિ, (૪) અશુચિ સ્ત્રી પુત્રનાં મુખ ચુંબનાદિકમાં શુચિ બુદ્ધિ.

(અહીં જે પંચ કલેશમાં 'અવિદ્યા' ગણાવી છે તે આ ચાર પ્રકારની કાર્ય અવિદ્યા જ જાણવી.)

(૨) **અસ્મિતા**—બુદ્ધિ અને આત્માને એક સમજવાં, તેને અસ્મિતા કહે છે. એને 'સામાન્ય અહંકાર' પણ કહેવામાં આવે છે.

(૩) **રાગ**—પદાર્થમાં અનુકૂળતાના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિની વૃત્તિને રાગ કહે છે.

(૪) **દ્વેષ**—પ્રતિકૂળ વસ્તુના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિની વૃત્તિને દ્વેષ કહે છે.

(૫) **અભિનિવેશ**—મરણના ભયથી શરીરનું રક્ષણ કરવાનો જે આગ્રહ, તેને અભિનિવેશ કહે છે.

(૧) બ્રહ્મ ઉપર કહ્યા તે પાંચ કલેશથી રહિત છે, અને જીવ એ પાંચ કલેશ વાળો છે, માટે તે એની એકતા બને નહિ.

(૨) બ્રહ્મ વિભુ (વ્યાપક) છે અને જીવ પરિચ્છિન્ન છે. (જે પદાર્થ બીજાથી જૂદો બતાવી શકાતો હોય તેને પરિચ્છિન્ન કહે છે.)

(૩) બ્રહ્મ એક છે, તથા સજાતીય ભેદ રહિત છે. (કેમકે બ્રહ્મનું સજાતીય બીજું બ્રહ્મ છે નહિ). અને જીવ અનેક છે તથા પરિચ્છિન્ન છે. જો બધાં શરીરોમાં એકજ જીવ હોય તો એક શરીરનું સુખ દુઃખ બધાં શરીરોમાં થવું જોઇએ.

૮ *સાક્ષીની અનેકતા

એક **દેશી**—સુખ દુઃખ વગેરે તો અંતઃકરણના ધર્મ છે. તે અંતઃકરણ અનેક છે, માટે એકના સુખી દુઃખી થવાથી બધા સુખી દુઃખી થતા નથી.

અને સાક્ષી તો સુખ દુઃખથી રહિત છે, એક છે, અને બધા કલેશથી રહિત છે, માટે સાક્ષી સાથે બ્રહ્મની એકતા બને છે.

વાદી—શરીરમાં કર્તા ભોકતા જીવ છે. એ જીવ સિવાય જીવથી જૂદો કોઇ સાક્ષી તો વાંઝણીના છોકરાની પેઠે છે જ નહિ. એમ છતાં તમારે સાક્ષી જેવું કાંઈ માનવું જ હોય તો ભલે માનો, પણ બધાં શરીરોમાં સાક્ષી એક જ છે, એમ તો કહેવાશે જ નહિ. અનેક સાક્ષીજ માનવા પડશે. કેમકે વેદાંતનો આવો સિદ્ધાંત છે :—

*અંતઃકરણમાં રહેલા નિર્લેપ ચૈતન્યને સાક્ષી કહે છે. એ વિષે હવે પછી તેમાં પણ કહેવાશે.

૯ અંતઃકરણાદિ સાક્ષીના વિષય છે.

"અંતઃકરણ, અને સુખ દુઃખ વગેરે અંતઃકરણના ધર્મો, એ ઇંદ્રિય અને અંતઃકરણના વિષય નથી પણ સાક્ષીના વિષય છે; કેમકે ઇંદ્રિયો તો પાંચ ભૂતને જ જાણી શકે છે."

'તેમાં પણ'—

નેત્ર ઇંદ્રિય તો રૂપ અને રૂપના આશ્રય, એ બન્ને જુએ છે એટલે કાળું કે રાતું ઘડાનું રૂપ અને તે રૂપનો આશ્રય (જેને આધારે તે રૂપ રહેલું છે તે) ઘડાને પણ જુએ છે. ત્વચા ઇંદ્રિય પણ સ્પર્શ અને સ્પર્શનો આશ્રય એ બન્નેને વિષય કરે છે.–જાણે છે.

પણ રસના, ઘ્રાણ અને શ્રવણ એ ત્રણ ઇંદ્રિયો તો રસ, ગંધ, અને શબ્દ માત્રને જાણે છે, પણ તેના આશ્રયને જાણતાં નથી.

આ રીતે રસના, ઘ્રાણ અને શ્રવણનો વિષય જે રસ, ગંધ અને શબ્દ, તેનાથી અંતઃકરણ ભિન્ન હોવાથી એ ત્રણ ઇંદ્રિયો અંતઃકરણને જાણી શકે નહિ.

એજ રીતે તેની અને ત્વચા ઇંદ્રિય વડે પણ અંતઃકરણનું જ્ઞાન થઈ શકે નહિ. કેમકે પંચીકૃત ભૂત અથવા પંચીકૃતભૂતોનું કાર્ય જે રૂપવાળું અને સ્પર્શવાળું હોય તેજ નેત્ર અને ત્વચાનો વિષય થઇ શકે છે. પણ અંતઃકરણ તો અપંચીકૃત ભૂતોનું કાર્ય છે. માટે નેત્ર અને ત્વચાનો વિષય નથી. એજ કારણથી નેત્ર ઇંદ્રિય પણ નેત્રનો વિષય થઈ શકશે નહિ, કેમકે નેત્ર ઇંદ્રિય પણ અપંચીકૃત ભૂતોનું કાર્ય છે. વળી–બહારની વસ્તુઓ હોય તેજ ઇંદ્રિયોનો વિષય થઇ શકે છે; અંતઃકરણ તો ઇંદ્રિયોની અપેક્ષાથી (ઇંદ્રિયોને મુકાબલે) અંદર છે, માટે પણ અંતઃકરણ ઇંદ્રિયોનો વિષય થઇ શકે નહિ.

૧૦ અંતઃકરણાદિ પોતાની વૃત્તિઓના વિષય નથી.

અંતઃકરણ જેમ ઇંદ્રિયોનો વિષય નથી, તેમ અંતઃકરણની પોતાની વૃત્તિઓનો પણ તે વિષય નથી. કેમકે અંતઃકરણ પોતાની વૃત્તિઓનો ઉપાદાન રૂપ આશ્રય છે, માટે અંતઃકરણ પોતાની વૃત્તિઓનો વિષય બને નહિ. જેમ, અગ્નિએ પોતાનામાં રહેલી દાહકતાનો આશ્રય છે, માટે અગ્નિ દાહકતાનો વિષય થતો નથી, પણ અગ્નિથી ભિન્ન જે કાષ્ઠાદિક છે, તે દાહનો વિષય થઈ શકે છે, તેમ અંતઃકરણથી ભિન્ન જે વસ્તુ હોય તે અંતઃકરણની વૃત્તિનો વિષય થઇ શકે છે, અંતઃકરણ પોતાની વૃત્તિઓનો વિષય થઇ શકે નહિ.

એક શિષ્ય–વાદી મહારાજ, તમે કહો છો કે જે આશ્રય હોય તે આશ્રિતનો વિષય થાય નહિ, પણ ઘરનો મધ્ય ભાગ અંધકારનો આશ્રય છે તથા વિષય પણ છે; ચેતન અજ્ઞાનનો આશ્રય છે તથા વિષય પણ છે; તેમ અહીં કેમ નહિ થાય?

વાદી—અંધકાર ઘરના મધ્ય ભાગથી ભિન્ન છે. એવી રીતે આશ્રિત (અંધકાર) અને આશ્રય (ઘરનો મધ્ય ભાગ) જ્યાં ભિન્ન હોય ત્યાં આશ્રય અને વિષય એક હોઇ શકે, પણ જ્યાં આશ્રિત અને આશ્રય એકજ હોય ત્યાં એમ થઇ શકે નહિ.

એજ રીતે અંતઃકરણના ધર્મ પણ અંતઃકરણની વૃત્તિનો વિષય બને નહિ. કેમકે જો અંતઃકરણની વૃત્તિ અંતઃકરણને વિષય કરતી હોત, તો તેના ધર્મો જે સુખદુઃખાદિક તેને પણ વિષય કરત એટલે જાણત, પણ અંતઃકરણની વૃત્તિ તો અંતઃકરણને વિષય કરવાને સન્મુખ થતી નથી તો પછી તેના ધર્મોને તો શી રીતે જાણી શકે !

એક એવો નિયમ છે કે,—જે વસ્તુ વૃત્તિના આશ્રયથી કાંઇક દૂર હોય તે વસ્તુ વૃત્તિનો વિષય થઈ શકે છે, પણ જે વસ્તુ વૃત્તિના આશ્રય સ્થાનની છેકજ પાસે હોય તે વૃત્તિનો આશ્રય થઈ શકતી નથી. જેમ,–નેત્રની વૃત્તિનું આશ્રય જે નેત્ર, તેની છેકજ પાસે અંજન હોય છે તેથી તે અંજન નેત્રની વૃત્તિનો વિષય થતું નથી; તેમજ અંતઃકરણની વૃત્તિનો આશ્રય જે અંતઃકરણ, તેની અત્યંત સમીપમાં રહેલા તેના સુખાદિક ધર્મો અંતઃકરણની વૃત્તિનો વિષય બની શકતા નથી. આ રીતે અંતઃકરણ તથા તેના ધર્મોનું ભાન ઇંદ્રિયોથી કે અંતઃકરણથી થતું નથી, પણ સાક્ષીથી થાય છે.

હવે જો એ સાક્ષી બધા દેહોમાં એકજ છે એમ માનીએ તો જેમ એક અંતઃકરણના સુખદુઃખનું સાક્ષીથી ભાન થાય છે, તેમ બધાં અંતઃકરણોના સુખદુઃખનું ભાન પણ તે એકજ સાક્ષીથી થવું જોઈએ; પણ તે થતું નથી, તેથી સાક્ષી ભિન્ન ભિન્ન છે, એમ માનીએ તોજ તે દોષ આવે નહિ. એટલે જે સાક્ષીની ઉપાધિ જે અંતઃકરણ હોય, તે ઉપાધિના સુખદુઃખનું ભાન તે સાક્ષીને થાય; બધાં અંતઃકરણનું ભાન એકજ સાક્ષીને થાય નહિ.

આ રીતે સાક્ષી અનેક હોવાથી એક બ્રહ્મની સાથે તેની એકતા સંભવે નહિ. માટે ગ્રંથનો વિષય જે જીવબ્રહ્મની એકતા તે બનતો નથી.

અથ પ્રયોજન ખંડન (અધ્યાસવાદ).

૧૧ પૂર્વપક્ષ અધ્યાસની સામગ્રી નથી.

હવે વાદી પૂર્વપક્ષ કરે છે કે મિથ્યાબંધની સામગ્રી છે નહિ, માટે તેની નિવૃત્તિ પણ સંભવે નહિઃ—

दोहा-बंध निवृत्ति ज्ञानतें, बनै न बिन अध्यास ।
सामग्री ताकी नहि, तजो ज्ञानकी आस ॥ ६ ॥

અર્થ—જો બંધ અધ્યાસથી થયો હોય તો જ્ઞાનથી તેની નિવૃત્તિ સંભવે; પણ અધ્યાસ થવાનીજ સામગ્રીજ નથી તો પછી અધ્યાસ પણ ન હોય, અધ્યાસથી થયેલો બંધ ન હોય, અને જ્ઞાનથી તેની નિવૃત્તિ થાય છે, એમ પણ ન હોય. માટે બંધની નિવૃત્તિ કરવા માટે જ્ઞાનની આશા છોડી દેવી. ૬

ટીકા—અહંકારથી માંડીને જેટલી અનાત્મ (આત્મા ન હોય તે) વસ્તુ તેજ અનર્થ છે. એનુંજ બીજું નામ બંધ છે. તે બંધ જો અધ્યાસરૂપ હોય તો જ્ઞાનથી નિવૃત્ત થાય, અને અધ્યાસરૂપ ન હોય તો જ્ઞાનથી નિવૃત્ત થાય નહિ. કેમકે જ્ઞાનનો આવો સ્વભાવ છે:—જે વસ્તુનું જ્ઞાન થાય તે વસ્તુમાંના અધ્યાસને અને અજ્ઞાનને દૂર કરે છે. જેમ દોરડીનું જ્ઞાન દોરડીમાં રહેલા સર્પાધ્યાસને તથા દોરડીના અજ્ઞાનને દૂર કરે છે.

૧૨ અધ્યાસનાં લક્ષણો.

અધ્યાસનું સામાન્ય લક્ષણ:—ભ્રાંતિથી થયેલા જ્ઞાનનો વિષય જે મિથ્યા વસ્તુ અને ભ્રાંતિજ્ઞાન, એ બન્નેનું નામ અધ્યાસ છે.

અધ્યાસ સંબંધી વિશેષ વિવેચન આ પ્રમાણે છે:—

અધ્યાસનું બીજી રીતે લક્ષણ:—પોતાના અભાવના અધિકરણમાં જે અવભાસ (વિષય અને તેના જ્ઞાનને અવભાસ કહે છે) તે અધ્યાસ. જેમ-કલ્પિત સર્પનો વ્યાવહારિક અને પારમાર્થિક જે અભાવ (ન હોવાપણું) તેનું અધિકરણ એટલે આશ્રય જે રજ્જુ, તેમાં પ્રાતિભાસિક સર્પનો અવભાસ એટલે સર્પ અને તેનું જ્ઞાન, એ અધ્યાસ કહેવાય છે.

(૧) **પ્રાતિભાસિક:**—જે વસ્તુ હોય નહિ છતાં તે દેખાય તે. જેમ, ઝાંઝવાનું પાણી, સ્વપ્નના દેખાવ, વગેરે.

(૨) **વ્યાવહારિક**—દુનિયામાં બધા લોકો જે વસ્તુઓને ખરી માનીને વ્યવહાર કરે છે તે. જેમ,-ઘર, ખેતર, સ્ત્રી પુત્ર, ધન, સૂર્ય, ચંદ્ર અને ટુંકામાં જાગ્રત અવસ્થામાં જણાતું આખું જગત.

(૩) **પારમાર્થિક**—શાસ્ત્રીય તત્વજ્ઞાનથી જે વસ્તુ ખરી ઠરતી હોય તે. જેમ-આત્મા અને પરમાત્મારૂપ ચૈતન્ય.

જૂદી રીતે અધ્યાસનું લક્ષણ—અધિષ્ઠાનથી વિષમ સત્તાવાળો જે અવભાસ તે અધ્યાસ. જેમ,-વ્યાવહારિક સત્તાવાળા દોરડી રૂપ અધિષ્ઠાનથી વિષમ એટલે પ્રાતિભાસિક રૂપ વિપરીત સત્તાવાળો અવભાસ સર્પ અને તેનું જ્ઞાન છે, માટે સર્પ અને તેનું જ્ઞાન એ અધ્યાસ કહેવાય છે.

(૧) **અધિષ્ઠાન**—જે વસ્તુમાં અધ્યાસ થાય તેને અધિષ્ઠાન કહે છે. ઉપરના ઉદાહરણમાં દોરડીમાં અધ્યાસ થાય છે માટે દોરડી એ અધિષ્ઠાન છે.

૧૩ અધ્યાસના પ્રકાર.

અધ્યાસ બે પ્રકારનો છે: (૧) અર્થાધ્યાસ, અને (૨) જ્ઞાનાધ્યાસ.

(૧) ભ્રાંતિ જ્ઞાનનો વિષય જે સર્પાદિક મિથ્યાવસ્તુ તેને **અર્થાધ્યાસ કહે છે.**

(૨) ભ્રાંતિજ્ઞાન એટલે મિથ્યાવસ્તુનું મિથ્યાજ્ઞાન તેને **જ્ઞાનાધ્યાસ કહે છે.**

૧૪ સત્યબંધની નિવૃત્તિ જ્ઞાનથી થાય નહિ.

જેને વિષે (જે સ્થાનમાં) જે વસ્તુ મિથ્યા નહિ, પણ સત્ય હોય, તેની નિવૃત્તિ જ્ઞાનથી થતી નથી.

એજ રીતે આત્મા વિષે અહંકાર આદિક બંધ જો અધ્યાસરૂપ એટલે મિથ્યા હોત તો જ્ઞાનથી તેની નિવૃત્તિ થાત; પણ આત્મામાં મિથ્યા બંધની સામગ્રી છે નહિ, અને બંધ પ્રતીત થાય છે તે માટે બંધ સત્ય છે. એવા સત્ય બંધની જ્ઞાનથી નિવૃત્તિ થાય નહિ.

૧૫ અધ્યાસની સામગ્રી.

दोहा-सत्य वस्तुके ज्ञानतैं, संस्कार इक जान ।
त्रिविध दोष अज्ञान पुनि, सामग्री पहिचान ॥ ७ ॥

અર્થ—સત્ય વસ્તુના જ્ઞાનથી ઉપજેલા સંસ્કાર, ત્રણ પ્રકારના દોષ અને અજ્ઞાન એ અધ્યાસની સામગ્રી છે. ૭

કોઇ પણ કાર્યનાં કારણોના સમુદાયને સામગ્રી કહે છે. જેમ-લાકડાં, ચુલ્હો, વગેરે કારણો એ રસોઈની સામગ્રી કહેવાય છે. તેમ અધ્યાસ થવાનાં કારણોનો સમુદાય તે અધ્યાસની સામગ્રી કહેવાય છે.

ટીકા—એ સામગ્રીમાં પાંચ વાનાં હોય છે:—(૧) સત્ય વસ્તુનો જ્ઞાનજન્ય સંસ્કાર, અને ત્રણ પ્રકારના દોષ-(૨) પ્રમેયનો દોષ, (૩) પ્રમાતાનો દોષ, (૪) પ્રમાણનો દોષ, અને (૫) અધિષ્ઠાનના વિશેષ રૂપનું અજ્ઞાન. એટલી અધ્યાસની સામગ્રી છે; એના વિના અધ્યાસ થાય નહિ.

(૧) સત્ય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર—જેમ, છીપમાં રૂપાનો અને દોરડીમાં સાપનો અધ્યાસ થાય છે, તે જે માણસે સાચું રૂપું અને સાચો સાપ જોયો હોય તેનેજ થાય છે. પણ જે માણસે સાચુ રૂપું અને સાપ કદાપિ જોયાંજ ન હોય તેને તેવો અધ્યાસ થાય નહિ. માટે સત્ય વસ્તુનું જ્ઞાન થવાથી તેનો સંસ્કાર મન પર પડી રહ્યો હોય, તો તે અધ્યાસનો હેતુ બને છે.

(૨) પ્રમેય દોષ—પ્રમેયમાં સાદૃશ્ય દોષ અધ્યાસનો હેતુ છે. કેમકે છીપમાં સાપનો અને દોરડીમાં રૂપાનો અધ્યાસ થતો નથી. નેત્ર વગેરેને

પ્રમાણુ કહે છે. એ પ્રમાણુ વડે જે જ્ઞાન થાય તેને પ્રમા કહે છે. એવું પ્રમારૂપ જ્ઞાન જે વિષયનું થાય તે વિષયને પ્રમેય કહે છે. અથવા ટુંકામાં પ્રમેય એટલે પ્રમાણુથી જાણવાનો વિષય.

દોરડીમાં મિથ્યા સર્પની કલ્પના થાય છે. માટે દોરડીને મિથ્યા સર્પનું અધિષ્ઠાન કહે છે. એ અધિષ્ઠાન પ્રમા જ્ઞાનનો વિષય છે માટે તે પ્રમેય કહેવાય છે. એ પ્રમેયમાં સાપનું સાદૃશ્ય એટલે સરખાપણું જોવામાં આવે છે. માટે **પ્રમેયમાં સાદૃશ્ય દોષ** અધ્યાસનો હેતુ છે. એનેજ પ્રમેય દોષ પણ કહે છે.

(૩) **પ્રમાતા દોષ**—એજ રીતે પ્રમાતામાં ભય, લોભ, વગેરે દોષ અધ્યાસનો હેતુ છે. પ્રમાણુ વડે પ્રમેયને જાણનારાને પ્રમાતા કહે છે. જંગલમાં સાપને જોઇને, સાપના દંશથી માણુસ મરી જાય છે એવો ભય જેના મનમાં હોય તેને દોરડીમાં સાપનો અધ્યાસ જલદી થાય છે. તેમજ ધનની વાંચ્છાવાળાને રસ્તામાં પડેલી ચકચકતી છીપોલી જોઇને તે રૂપું હશે એવો ભ્રમ થાય છે. અર્થાત્ પ્રમાતામાં રહેલા ભય અને લોભ વગેરે દોષ પણુ અધ્યાસના હેતુ છે.

(૪) **પ્રમાણુ દોષ**—નેત્રાદિક પ્રમાણુ વિષે પિત્ત, કમળો, તિમિર વગેરે દોષ પણુ અધ્યાસના હેતુ છે. (આંખે ચોખ્ખું દેખાતું ન હોય ત્યારે તે દોરડીને સહેલાઇથી સાપ ધારી શકે છે.)

(૫) અધિષ્ઠાનનું સામાન્ય રૂપે જ્ઞાન, અને વિશેષ રૂપે અજ્ઞાન, એ પણુ અધ્યાસનો હેતુ છે.

કોઇ પણુ વસ્તુને જોવાથી બે જ્ઞાન ઉત્પન્ન થાય છે. 'આ કાંઇક છે,' અને 'આ છીપ છે.' એ બે જ્ઞાન પૈકી પહેલાં જે અનિશ્ચિત જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને સામાન્ય જ્ઞાન કહે છે. એ જ્ઞાનમાં સામાન્ય અંશ 'આ' એટલો છે. દરેક પદાર્થમાં 'આ, આ, આ,' એવું જ્ઞાન થાય તે સામાન્ય જ્ઞાન કહેવાય. પણુ આ ફલાણી વસ્તુ છે, એમ નિશ્ચિત જ્ઞાન થાય તે વિશેષ જ્ઞાન કહેવાય.

'આ છીંપ છે.' એમાં પણુ 'આ' એટલો સામાન્ય જ્ઞાનનો અંશ છે, અને 'છીંપ' એટલો વિશેષ જ્ઞાનનો અંશ છે. જ્યારે છીંપમાં 'આ' એવું સામાન્ય જ્ઞાન થાય, અને 'છીંપ છે' એવું વિશેષ જ્ઞાન ન થાય, ત્યારેજ અધ્યાસ થાય છે, પણુ 'છીંપ છે' એવું જ વિશેષ જ્ઞાન થાય તો અધ્યાસ બને નહિ. તેમજ સામાન્ય રૂપે કરીને જ્ઞાન થાય નહિ તો પણુ અધ્યાસ થાય નહિ. માટે અધિષ્ઠાનું સામાન્ય રૂપે જ્ઞાન અને વિશેષ રૂપે અજ્ઞાન એ અધ્યાસનો હેતુ છે.

એટલી અધ્યાસની સામગ્રી છે. એ પાંચમાંથી એકાદ પણ ન હોય તો અધ્યાસ થાય નહિ. જેમ કુંભાર, ચાક, દંડો, માટી, એ ઘડાની સામગ્રી છે; તેમાંથી એકાદ વાનું ન હોય તો ઘડો થાય નહિ, તેમ અધ્યાસ પણ બધી સામગ્રીથી થાય છે.

૨૬ બંધના અધ્યાસમાં સામગ્રીનો અભાવ.

(૧) બંધના અધ્યાસમાં સત્ય વસ્તુના જ્ઞાનથી ઉપજેલા સંસ્કારની અસિદ્ધિ.

વાદી—પાછળ જે અધ્યાસનાં કારણો-સામગ્રી-કહ્યાં, તેમાંથી એક પણ કારણ બંધના અધ્યાસમાં નથી. જો કોઈ પણ ઠેકાણે સાચો બંધ હોત તો તેના જ્ઞાનના સંસ્કારથી આત્મામાં મિથ્યા બંધની પ્રતીતિ થાત; પણ સિદ્ધાંતીના મત પ્રમાણે તો આત્માથી ભિન્ન કોઇ વસ્તુ સત્ય છે જ નહિ, તેથી સત્ય બંધ પણ કોઇ જગાએ નથી; ત્યારે તેનું જ્ઞાન અને તે જ્ઞાનનો સંસ્કાર પણ શી રીતે હોઈ શકે ? અને તે ન હોય ત્યારે અધ્યાસ પણ શાથી થાય ? માટે બંધ સત્ય છે, પણ અધ્યાસ નથી.

(૨) બંધના અધ્યાસમાં પ્રમેયના દોષની અસિદ્ધિ.

વાદી—બંધના અધ્યાસમાં પ્રમેયનું સાદશ્ય (સરખાપણું). એ નામનો દોષ હોવો જોઇએ. બંધના અધ્યાસમાં આત્મા એ પ્રમેય છે, માટે આત્મા અને બંધનું સરખાપણું હોય તોજ આત્મામાં બંધનો અધ્યાસ થઇ શકે. પણ તે બેમાં એવું સરખાપણું તો કાંઈ છે નહિ; ઉલટું પ્રકાશ અને અંધકારની પેઠે વિપરીતપણું છે. જેમ—

क આત્મા પ્રત્યક્ છે અને બંધ પરાક્ છે. પ્રત્યક્ એટલે અંતર, અને પરાક્ એટલે બહાર. પ્રત્યક્માં પરાક્નો તથા પરાક્નો પ્રત્યક્માં અધ્યાસ થાય નહિ. જેમ,—પુત્રના દેહની અપેક્ષાથી પોતાનો દેહ પ્રત્યક્ છે, તે પોતાના દેહમાં પુત્રના દેહનો તથા પુત્રના દેહમાં પોતાના દેહનો અધ્યાસ થતો નથી.

ख આત્મા વિષયી છે અને બંધ વિષય છે. જે પ્રકાશ કરતો હોય તે વિષયી કહેવાય અને જે વસ્તુને પ્રકાશ કરવામાં આવતી હોય તે વિષય કહેવાય છે. વિષયમાં વિષયીનો તથા વિષયમાં વિષયીનો અધ્યાસ થાય નહિ. જેમ—દીવો પ્રકાશ કરનારો હોવાથી વિષયી છે અને ઘડો પ્રકાશિત થનારો હોવાથી વિષય છે. દીવાનો ઘડામાં અને ઘડાનો દીવામાં અધ્યાસ થતો નથી.

આ રીતે સરખાપણું ન હોવાથી પ્રત્યક્ અને વિષયી જે આત્મા, તેમાં પરાક્ અને વિષય જે બંધ, તેનો અધ્યાસ બનતો નથી. કેમકે પ્રત્યક્

અને પરાકનો વિરોધ છે, તથા વિષય અને વિષયીનો વિરોધ છે—સાદશ્ય (સરખાપણું) નથી. માટે આત્મામાં બંધનો અધ્યાસ બને નહિ.

(૩) બંધના અધ્યાસમાં પ્રમાતા અને પ્રમાણ દોષની અસિદ્ધિ:—

વાદી—એજ રીતે પ્રમાતાના દોષનો તથા પ્રમાણના દોષનો પણ અભાવ છે. કેમકે—"પ્રમાતા વગેરે સઘળો પ્રપંચ (જગત્) અધ્યાસ રૂપ છે અને તેજ બંધ છે." એવો વેદાંતનો સિદ્ધાંત છે. એટલે—

વેદાંતીઓ એમ માને છે કે—બ્રહ્મ ચૈતન્યથી ભિન્ન જે અજ્ઞાન અને તેનું કાર્ય સ્થૂલ સૂક્ષ્મ જગત્ એ સઘળું ચૈતન્યમાં અધ્યસ્ત છે (અધ્યાસથી મિથ્યા પ્રતીત થાય છે). એ જગતમાંજ અંતઃકરણ રૂપ પ્રમાતા અને ઇંદ્રિય રૂપ પ્રમાણ છે, માટે પ્રમાતા અને પ્રમાણ પણ અધ્યસ્ત છે. અને તેથીજ જગતના અધ્યાસની પહેલાં તે નહોતાં. તો પછી પ્રમાતામાં કે પ્રમાણમાં રહેલા દોષથી અધ્યાસ થયો એમ શી રીતે કહેવાય?

આ રીતે બંધનો અધ્યાસ થયા પહેલાં પ્રમાતા અને પ્રમાણ અને તેનો દોષ પણ અસિદ્ધ છે માટે પ્રમાતા અને પ્રમાણના દોષથી અધ્યાસ બનતો નથી, તેથી બંધ સત્ય છે.

(૪) બંધના અધિષ્ઠાન રૂપ બ્રહ્મનું વિશેષ રૂપથી અજ્ઞાન સંભવતું નથી.

વાદી—ઉપર કહ્યા પ્રમાણે બંધનાં ચાર કારણો સિદ્ધ થતાં નથી. હવે છેલ્લું કારણ—અધિષ્ઠાનનું વિશેષરૂપથી અજ્ઞાન રહ્યું; તે પણ સંભવતું નથી. કેમકે બંધનું અધિષ્ઠાન બ્રહ્મ છે, તે સ્વયં પ્રકાશ જ્ઞાન રૂપ છે. જેમ સૂર્યમાં અંધારૂં હોઈ શકે નહિ, તેજ રીતે સ્વયં પ્રકાશ જ્ઞાન રૂપ બ્રહ્મમાં અજ્ઞાન પણ હોઈ શકે નહિ. જેમ પ્રકાશમાન સૂર્યનો અંધકાર સાથે વિરોધ છે, તેમ ચેતનપ્રકાશ અને અજ્ઞાન રૂપ અંધકારનો પણ પરસ્પર વિરોધ છે.

વારૂ, કદાપિ અધિષ્ઠાન બ્રહ્મનું અજ્ઞાન કબૂલ રાખીએ, તોપણ બંધનો અધ્યાસ સંભવે નહિ. કેમકે છેકજ અજ્ઞાત અથવા છેકજ જ્ઞાત વિષે અધ્યાસ બનતો નથી; પણ જે વિશેષ રૂપથી અજ્ઞાત હોય અને સામાન્ય રૂપથી જ્ઞાત હોય, તેમાં અધ્યાસ થાય છે. પણ બ્રહ્મ બીજા પદાર્થોની પેઠે સામાન્ય વિશેષભાવ વગરનું છે—નિર્વિશેષ છે, એવો વેદાંતનો સિદ્ધાંત છે. માટે બ્રહ્મ સામાન્ય રૂપથી જ્ઞાત અને વિશેષ રૂપથી અજ્ઞાત સંભવતું નથી.

અધ્યાસ ખરો ઠરાવવાના લોભથી બ્રહ્મમાં સામાન્ય વિશેષભાવ અંગીકાર કરશો, તો તમારે પોતાના સિદ્ધાંતનો ત્યાગ કરવો પડશે.

એ રીતે સામાન્ય વિશેષપણાથી રહિત પ્રકાશરૂપ બ્રહ્મનું વિશેષરૂપથી અજ્ઞાન અને સામાન્યરૂપથી જ્ઞાન કહેવું સંભવતું નથી, માટે બ્રહ્મમાં બંધનો

અભ્યાસ પણ સંભવતો નથી. તેથી બંધ સત્ય છે, એમજ માનવું પડશે.

એવી રીતે જ્યારે બંધ સાચો ઠરે છે, ત્યારે જ્ઞાનથી તેની નિવૃત્તિ પણ સંભવતી નથી. માટે જ્ઞાનદ્વારા મોક્ષની પ્રાપ્તિ, એવું ગ્રંથનું પ્રયોજન કહો છો તે પણ બરાબર નથી. માટે જ્ઞાનથી મોક્ષ થાય છે એવો તમારો સિદ્ધાંત સમીચીન નથી. પણ કર્મથી મોક્ષ થાય છે. એ વાત એક ભવિકવાદની રીતિથી પ્રતિપાદન કરે છેઃ—

એક ભવિકવાદ (એટલે એકજ જન્મમાં એકલાં કર્મથી મોક્ષની સિદ્ધિ)

૧૭ નિત્યકર્મથી મોક્ષ.

દોહા-सत्य बंधकी ज्ञानतैं, नहीं निवृत्ति सयुक्त ।
नित्य कर्म संतत करै, भयो चहै जो मुक्त ॥ ૮ ॥

અર્થ—બંધ સત્ય છે. તેની નિવૃત્તિ જ્ઞાનથી માનવી એ યુક્તિસિદ્ધ નથી પણ અયુક્ત છે. માટે જે પુરૂષ મુક્ત થવા ઈચ્છતો હોય, તેણે નિરંતર નિત્યકર્મ કર્યા કરવાં. ૮. એનો અભિપ્રાય એવો છે કે—

૧૮ કર્મના પ્રકાર.

કર્મ બે પ્રકારનું છેઃ (૧) વિહિત કર્મ અને (૨) નિષિદ્ધ કર્મ.

૧ **વિહિત કર્મ**—મનુષ્યે આચરવા માટે જે કર્મના સ્વરૂપનો વેદે ઉપદેશ કર્યો છે, તે વિહિત કર્મ કહેવાય.

(૨) **નિષિદ્ધ કર્મ**—જે કર્મ ન કરવાનો ઉપદેશ વેદે કર્યો છે તે નિષિદ્ધ કર્મ કહેવાય.

એ રીતે મનુષ્યની કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિના હેતુથી વેદે જેનો ઉપદેશ કર્યો હોય તેજ કર્મ કહેવાય. તે સિવાય સ્વાભાવિક ક્રિયા અથવા ઉદાસીન ક્રિયા (વેદે જેનો વિધિ કે નિષેધ કર્યો નથી એવી) એ કર્મ નથી. અર્થાત્ રાગદ્વેષ રહિત જે ગમન, શૌચ, આદિક ક્રિયાઓ તે કર્મ નથી. એ રીતે બે પ્રકારનું જ કર્મ છે-ત્રણ પ્રકારનું નથી.

૧૯ વિહિત કર્મના પ્રકાર.

વાદી—વિહિત કર્મ ચાર પ્રકારનું છેઃ (૧) પ્રાયશ્ચિત્ત, (૨) કામ્ય, (૩) નૈમિત્તિક, અને (૪) નિત્ય.

(૧) **પ્રાયશ્ચિત્ત**—પાપનો નાશ થવાના હેતુથી વેદે વિધાન કરેલું કર્મ તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. જેમ સંન્યાસી પ્રમાદથી પણ દ્રવ્ય ગ્રહણ કરે તો તેને પાપ લાગે છે. એ પાપનો નાશ કરવા માટે—'દ્રવ્યનો ત્યાગ કરીને ત્રણ ઉપવાસ કરવા' એવું જે વિધાન કર્યું છે તે પ્રાયશ્ચિત્ત કર્મ છે.

પ્રમાદ—અવશ્ય કરવા યોગ્ય કાર્યનું વિસ્મરણ પ્રમાદ કહેવાય છે. અથવા શાસ્ત્રમાં જે કરવાની આજ્ઞા કરી છે અને તે કરવાની ઇચ્છા પણ છે, એમ છતાં તે આળસથી કે ટાઢ તાપ વગેરેના ભયથી તે કાર્ય ન કરવું તે પણ પ્રમાદ કહેવાય છે.

(૨) કામ્ય કર્મ—ફળ મળવાના હેતુથી જે કર્મનું વિધાન કર્યું હોય તે કામ્ય કર્મ કહેવાય. જેમ, વૃષ્ટિની ઇચ્છાવાળા રાજાએ કારીરી યાગ કરવો; સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર, સોમયાગ, વગેરે કરવા, તે કામ્ય કર્મ છે.

કારીરીયાગ—વાંસના અંકુરને કરીર કહે છે. તેનો હોમ જે યાગમાં કરવામાં આવે છે તે કારીરી યાગ કહેવાય છે. જ્યારે વરસાદ ન થતો હોય, ત્યારે રાજા પ્રજાપાસેથી પૈસા લેઇને એ યજ્ઞ કરે છે તેથી વરસાદ આવે છે.

નૈમિત્તિક કર્મ—જે કર્મ કોઈ નિમિત્તને લેઇને કરવાનું વિધાન શાસ્ત્રે કર્યું હોય, તથા જે કરવાથી પુણ્યપાપ કાંઇ થાય નહિ, પણ ન કરવાથી પાપ થાય, તથા જે હંમેશાં કરવાનું ન હોય તેને નૈમિત્તિક કર્મ કહે છે. જેમ, ગ્રહણશ્રાદ્ધ, વૃદ્ધના આગમનને જોઇને ઊભા થવું વગેરે, વૃદ્ધ શબ્દવડે અવસ્થા વૃદ્ધ, જાતિ વૃદ્ધ, આશ્રમ વૃદ્ધ, વિદ્યા વૃદ્ધ, ધર્મ વૃદ્ધ, અને જ્ઞાન વૃદ્ધ સમજવા. વિદ્યા વૃદ્ધ એટલે શાસ્ત્રજ્ઞાનમાં અધિયાતો. જ્ઞાન વૃદ્ધ એટલે અપરોક્ષ વિદ્યા એટલે બ્રહ્મનિષ્ઠામાં અધિક આરૂઢ વૃત્તિવાળો. જે વૃદ્ધો ઉપર ગણાવ્યા છે તેમાં પૂર્વના વૃદ્ધ કરતાં ઉત્તરનો (પછીથી જણાવેલો) શ્રેષ્ઠ છે. જેમ અવસ્થા વૃદ્ધ કરતાં જાતિ વૃદ્ધ શ્રેષ્ઠ, તેના કરતાં આશ્રમ વૃદ્ધ શ્રેષ્ઠ, ઈત્યાદિ. એ કર્મ ગ્રહણ, એકાદશી, વગેરે નિમિત્તથી કરવાનાં હોય છે માટે નૈમિત્તિક કહેવાય છે.

(૪) નિત્ય કર્મ—જે કર્મ ન કરવાથી પાપ થાય, કરવાથી પુણ્ય પાપ કાંઈ થાય નહિ, તથા જે હમેશાં જ કરવાની આજ્ઞા વેદે કરી હોય, તે નિત્ય કર્મ કહેવાય છે. જેમ, સ્નાન સંધ્યા, વગેરે. આ રીતે ચાર પ્રકારનાં વિહિત કર્મ અને એક નિષિદ્ધ કર્મ મળીને પાંચ પ્રકારનાં કર્મ છે.

૨૦ મુમુક્ષુએ નિત્ય નૈમિત્તિક અને પ્રાયશ્ચિત્ત કર્મ કરવાં.

મોક્ષની ઇચ્છાવાળાએ કામ્ય અને નિષિદ્ધ કર્મ કરવાં નહિ, કેમકે કામ્ય કર્મથી ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે અને નિષિદ્ધ કર્મથી નીચા લોકની પ્રાપ્તિ થાય છે. માટે એ બન્ને કર્મ છોડીને નિત્ય કર્મ સદા કરવાં તથા જ્યારે નૈમિત્તિક કર્મનો પ્રસંગ આવે ત્યારે નૈમિત્તિક કર્મ પણ કરવાં; કેમકે નિત્ય અને નૈમિત્તિક કર્મ કરે નહિ તો પાપ થાય, તેથી નીચ યોનિમાં જવું પડે, માટે તે પાપને રોકવાને નિત્યનૈમિત્તિક કર્મ તો કરવાં જ. કેમકે નિત્ય અને નૈમિત્તિક કર્મનું બીજું કોઈ તો ફળ નથી, પણ તે કર્મ

કરવાથી પાપ થવાનું તે ન થાય, એજ ફળ છે. માટે મુમુક્ષુએ નિત્ય નૈમિત્તિક કર્મ અવશ્ય કરવાં.

અને જો કદાચિત્ પ્રમાદથી નિષિદ્ધ કર્મ થઇ જાય, તો તેનો દોષ દૂર કરવાને મુમુક્ષુએ પ્રાયશ્ચિત્ત કર્મ પણ કરવું. જો નિષિદ્ધ કર્મ ન કર્યું હોય તો પણ જન્માંતરનું જે પાપ છે તેને દૂર કરવા માટે પણ પ્રાયશ્ચિત્ત કર્મ કરવું.

૨૧ પ્રાયશ્ચિત્ત કર્મના પ્રકાર.

પ્રાયશ્ચિત્ત કર્મ બે પ્રકારનું છેઃ-(૧) અસાધારણ પ્રાયશ્ચિત્ત અને (૨) સાધારણ પ્રાયશ્ચિત્ત.

(૧) **અસાધારણ પ્રાયશ્ચિત્ત**—કોઇ પણ ખાસ પાપ દૂર કરવાને શાસ્ત્રે જે કર્મનું વિધાન કર્યું હોય તેને અસાધારણ પ્રાયશ્ચિત્ત કહે છે. જેમ, પાછળ કહ્યું છે તેમ-યતિએ દ્રવ્ય લીધું હોય તો તે દ્રવ્યનો ત્યાગ કરીને ત્રણ ઉપવાસ કરવા, ઇo.

(૨) **સાધારણ પ્રાયશ્ચિત્ત**—સર્વ પાપ દૂર કરવાને શાસ્ત્રે વિધાન કરેલું કર્મ તે સાધારણ પ્રાયશ્ચિત્ત કહેવાય. જેમ, ગંગાસ્નાન, ઇશ્વરના નામનું ઉચ્ચારણ, વગેરે.

(૧) જે પાપ જાણવામાં હોય તેનો નાશ અસાધારણ પ્રાયશ્ચિત્તથી થાય છે.

(૨) જે જન્માન્તરનું અજ્ઞાત પાપ છે, તેને દૂર કરવા માટે સાધારણ પ્રાયશ્ચિત્ત કરવું કેમકે—

(૧) જે પાપનો નાશ કરવા માટે શાસ્ત્રે જે પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે, તે પાપ તે પ્રાયશ્ચિત્તથી દૂર થાય છે, બીજું પાપ દૂર થતું નથી. માટે જાણેલાં પાપ માટે તો શાસ્ત્રોક્ત અસાધારણ પ્રાયશ્ચિત્ત કરવું.

(૨) પણ જન્માંતરના પાપનું એવું જ્ઞાન હોતું નથી કે કયી જાતનું પાપ છે ને તે કયા પ્રાયશ્ચિત્તથી દૂર થઇ શકે ? માટે એવે સ્થળે સાધારણ પ્રાયશ્ચિત્ત કરવું.

૨૨ મુમુક્ષુએ સાધારણ પ્રાયશ્ચિત્ત કામનારહિત કરવું.

વાદી—સાધારણ પ્રાયશ્ચિત્તથી સર્વ અજ્ઞાત પાપ દૂર થાય છે, એ વાત ખરી, પણ ગંગાસ્નાનાદિક સાધારણ પ્રાયશ્ચિત્ત કેવળ પ્રાયશ્ચિત્ત કર્મજ નથી, પણ તે કામ્યકર્મ પણ છે. કેમકે ગંગાસ્નાનથી તથા ઇશ્વરનામોચ્ચારણથી ઉત્તમ લોકની પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી છે, તેથી તે કામ્યરૂપ છે; અને તે પાપનાં નાશક હોવાથી પ્રાયશ્ચિત્ત પણ છે.

જેમ અશ્વમેધ યજ્ઞ બ્રહ્મહત્યાદિ પાપનો નાશક છે અને સ્વર્ગની પ્રાપ્તિ રૂપ ફળનો પણ હેતુ છે, તેવાંજ ગંગાસ્નાનાદિક છે. પણ ગંગાસ્નાનાદિકથી ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે તે તો મુમુક્ષુને ઇષ્ટ નથી. જેમને ઉત્તમ

લોકપ્રાપ્તિની ઇચ્છા છે તેમને તો ગંગાસ્નાન પાપ નાશ કરીને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરી આપે છે. પણ જેમને ઉત્તમ લોકની કામના નથી, તેમનાં તો કેવળ પાપનોજ નાશ કરે છે. માટે ગંગાસ્નાનાદિક કામના સહિત કર્યાં હોય તો કામ્યરૂપ પ્રાયશ્ચિત્ત છે અને કામના રહિત કર્યાં હોય તો કેવળ પ્રાયશ્ચિત્ત છે.

જેમ વેદાંત મતમાં બધાંજ કર્મ સકામ મનુષ્યને જન્મમરણરૂપ સંસાર આપનારાં થાય છે, પણ નિષ્કામ મનુષ્યને અંતઃકરણની શુદ્ધિ કરીને મોક્ષ આપે છે. એમ માનેલું છે; તેજ પ્રમાણે ગંગાસ્નાનાદિક સકામ મનુષ્યને કામ્ય પ્રાયશ્ચિત્ત છે. અને નિષ્કામ મનુષ્યને કેવળ પ્રાયશ્ચિત્ત છે. માટે મુમુક્ષુએ સાધારણ પ્રાયશ્ચિત કર્મ કરવું.

એ રીતે જન્માંતરનાં તમામ પાપનો જ્ઞાનવિના કર્મથી પણ નાશ થઈ શકે છે.

૨૩ નિષ્કામકર્મ ફળ આપતાં નથી.

વાદી—જન્માન્તરનાં (એટલે પાછલા જન્મોનાં) પાપકર્મનો જેમ પ્રાયશ્ચિત્તથી વિનાશ થાય છે, તેમ મુમુક્ષુએ પાછલા જન્મમાં કરેલાં કામ્ય-કર્મ પણ વાંઝણી સ્ત્રીની પેઠે ફળ આપતાં નથી. કેમકે જેમ વેદાંત મતમાં કર્મ કરતી વખતે કરનારની ઇચ્છા એ ફળનો હેતુ માનેલી છે. એટલે ઇચ્છા-સહિત કરેલું કર્મ સ્વર્ગાદિ ફળ આપે છે; પણ નિષ્કામ કરેલું કર્મ સ્વર્ગાદિ ફળ આપતું નથી એવો સિદ્ધાત છે. તેમ અમારા એક ભવિક મતમાં કર્મની સિદ્ધિ થયા પછી પણ પુરૂષની ઇચ્છાજ ફળનો હેતુ છે. પણ જે વખતે એ કર્મ કરનારો પુરૂષ મુમુક્ષુ થાય છે તેજ વખતે એ ફળની ઇચ્છા દૂર થઇ જાય છે. માટે જન્માંતરમાં કરેલાં કામ્ય કર્મ પણ ફળનાં હેતુ નથી. ફળ આપતાં નથી. જેમ કોઇ માણસે ધનપ્રાપ્તિની ઇચ્છાથી કોઈ ધનવાન માણસની નોકરી કરી હોય, અને તે નોકરી પૂરી થઇ ગયા પછી પણ જો નોકર માણસની ધનની ઇચ્છા દૂર થઈ જાય, તો તેને નોકરી કર્યા છતાં પણ ધનની પ્રાપ્તિ થતી નથી. એજ રીતે પૂર્વ જન્મનાં કામ્ય કર્મનું ફળ પણ મુમુક્ષુને તે ફળની ઇચ્છા નહિ હોવાથી મળતું નથી. એ રીતે કેવળ કર્મથી પણ મોક્ષ થાય છે.

૨૪ કર્મથી મોક્ષ મળવાનો પ્રકાર.

વાદી—(૧) મુમુક્ષુ મનુષ્યને સ્વર્ગાદિ લોકમાં જવાની ઇચ્છા હોતી નથી માટે તે વર્તમાન જન્મમાં કામ્ય અને નિષિદ્ધ કર્મ કરતો નથી. પૂર્વ જન્મનાં જે કામ્ય અને નિષિદ્ધ કર્મથી પ્રારબ્ધરૂપે વર્તમાન શરીર મળ્યું હોય છે તે પ્રારબ્ધનો ભોગથી નાશ થાય છે; નિત્ય અને નૈમિત્તિક કર્મ ન કરવાથી પાપ ઉત્પન્ન થાય છે, પણ મુમુક્ષુ નિત્ય નૈમિત્તિક કર્મ કરતો રહે છે એટલે પાપ ઉત્પન્ન થતું નથી; જન્માંતરનું સંચિત જે નિષિદ્ધ કર્મ છે, તેનો સાધારણ પ્રાયશ્ચિત્તથી નાશ થાય છે; જન્માંતરનું સંચિત

જે કામ્યકર્મ છે, તેના ફળની મુમુક્ષુને ઇચ્છા ન હોવાથી તે ફળ આપતું નથી. માટે મુમુક્ષુએ નિત્યનૈમિત્તિક અને સાધારણ પ્રાયશ્ચિત્ત એટલાં કર્મ કરવાં; અને જો વર્તમાન જન્મનું જ્ઞાત નિષિદ્ધ કર્મ હોય તો અસાધારણ પ્રાયશ્ચિત્ત કરવું.

(૨) અથવા—સાધારણ અને અસાધારણ પ્રાયશ્ચિત્ત કર્મ કરતાં મુમુક્ષુને બહુ શ્રમ જેવું લાગતું હોય તો તેણે એકલાં નિત્યનૈમિત્તિક કર્મજ કરવાં—પ્રાયશ્ચિત કર્મ ન કરવાં. કેમકે મુમુક્ષુનાં સંચિત નિષિદ્ધ કર્મ અને કામ્યકર્મનો નાશ થઈ જાય છે. જેમ વેદાંત મતમાં જ્ઞાનીનાં સંચિત કર્મનો નાશ માનેલો છે, તેજ પ્રમાણે એક ભવિક મતમાં પણ નિષિદ્ધ તથા કામ્ય કર્મને છોડીને નિત્યનૈમિત્તિક કર્મ કરનાર મુમુક્ષુનાં પણ સંચિત કર્મનો નાશ થાય છે, એમ માનેલું છે.

(૩) એમ છતાં કોઇને એમ લાગતું હોય કે કોઇ પણ કર્મ ભોગવ્યા વિના નાશ થતું નથી, એવો શાસ્ત્રનો સિદ્ધાંત છે; માટે સંચિત કર્મ પણ ભોગવવાંજ પડશે અને તેને માટે મુમુક્ષુને પણ નવો જન્મ ધારણ કરવો પડશે. એ વાત કબૂલ રાખીએ તો—પૂર્વનાં કામ્ય અને નિષિદ્ધ એવાં બધાં સંચિત કર્મ મળીને એક જન્મ આપશે; અર્થાત્ મુમુક્ષુને એક જન્મ વધારે લેવો પડશે, પણ તે પછી તો મોક્ષજ થશે.

(૪) કોઇ કહેશે કે અનંત જન્મનાં સંચિત ફળ એકજ જન્મમાં ભોગવાઇ જાય એમ શી રીતે બને? એ શંકા ખરી માનીએ તો તેનો ખુલાસો આ રીતે કરીશું:—યોગી પોતે એક છતાં પોતાની યોગસિદ્ધિથી એકેજ વખતે અનેક શરીરો ધારણ કરીને અનેક ભોગો ભોગવી શકે છે. (યોગીનાં આવાં અનેક શરીરોને 'કાયવ્યૂહ' કહે છે) એ રીતે મુમુક્ષુનાં સંચિત કર્મો પણ એકેજ વખતે તેને અનેક શરીરો આપીને પુણ્યપાપરૂપ સંચિત કર્મો ભોગવાવશે, અને એ રીતે સંચિત કર્મોનો ક્ષય થવાથી એક જન્મ પછી તે મોક્ષ પામશે.

(૫) કોઇ કહેશે કે અનંત જન્મનાં સંચિત પાપ કર્મોને ભોગવવાને એકેજ વખતે અનંત શરીર ધારણ કરવાં પડે, એવા ભયથી કોઈ મુમુક્ષુ આ મતમાં પ્રવૃત્ત થશે નહિ. તો તે ભય દૂર કરવાને અમે (એક ભવિકવાદી) કહીએ છીએ કે—મુમુક્ષુ જે નિત્ય અને નૈમિત્તિક કર્મ કરવામાં ક્લેશ સહન કરે છે તેજ પૂર્વ જન્મોનાં સંચિત નિષિદ્ધ કર્મનું ફળ છે. માટે જન્માંતરનું સંચિત નિષિદ્ધ કર્મ તો દુઃખ ભોગવવા માટે નવો જન્મ આપશે નહિ. હવે રહ્યું જન્માંતરનું સંચિત કામ્યકર્મ. એ સંચિત કામ્ય કર્મ એક જન્મમાં અથવા એક કાળમાં અનંત શરીરો ઉત્પન્ન કરે છે. માટે મુમુક્ષુને ઉત્તર જન્મમાં લગાર પણ દુઃખ ભોગવવાનું રહેશે નહિ—

કેવળ સુખનોજ ભોગ પ્રાપ્ત થશે. કેમકે એ શરીર જન્માંતરના સંચિત વિહિત કર્મથી થયેલું છે અને સંચિત નિષિદ્ધ કર્મ તો નિત્યનૈમિત્તિક કર્મ કરવાનો ક્લેશ વેઠવાથી ભોગવાઇ ગયું છે!

આ રીતે પ્રાયશ્ચિત કર્મ વિના કેવળ નિત્યનૈમિત્તિક કર્મ કરવાથીજ મોક્ષ થાય છે. માટે મુમુક્ષુએ નૈમિત્તિક કર્મને વખતે નૈમિત્તિક કર્મ કરવું અને નિત્ય કર્મ સદૈવ કરવું. આ મતને શાસ્ત્રમાં એક ભવિક વાદ કહે છે. કેમકે તે એકજ જન્મમાં કર્મ કરવાવડે મોક્ષ આપે છે.

૨૫ જ્ઞાનદ્વારા બંધ નિવૃત્તિએ ગ્રંથનું પ્રયોજન નથી.

વાદી—બંધની નિવૃત્તિ એ ગ્રંથનું પ્રયોજન સંભવતું નથી. કેમકે જે વસ્તુ બીજે કોઈ પ્રકારે થાય નહિ, તે વસ્તુ મુખ્ય પ્રયોજન કહેવાય છે. જેમ રૂપનું જ્ઞાન નેત્રવિના થાય નહિ, માટે નેત્રનું પ્રયોજન રૂપજ્ઞાન કહેવાય છે. પણ બંધની નિવૃત્તિ તો ગ્રંથ સિવાય કર્મથી પણ થાય છે માટે બંધ નિવૃત્તિ ગ્રંથનું પ્રયોજન નથી.

૨૬ સંબંધ ખંડન.

વાદી—અમારા મત પ્રમાણે ગ્રંથનો અધિકારી, વિષય, અને પ્રયોજન ન હોવાથી તેમનો સંબંધ પણ હોઇ શકે નહિ. જેમ—

(૧) વિષય ન હોવાથી ગ્રંથનો અને વિષયનો પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સંબંધ બને નહિ.

(૨) અધિકારી અને પ્રયોજન (ફળ) ન હોવાથી તેમનો પ્રાપ્ય-પ્રાપકભાવ સંબંધ બને નહિ.

(૩) અધિકારી ન હોવાથી તેનો અને વિચારનો કર્તૃકર્તવ્યભાવ સંબંધ બને નહિ.

(૪) જ્ઞાન નિષ્ફળ હોવાથી ગ્રંથનો અને જ્ઞાનનો જન્યજનકભાવ સંબંધ બને નહિ. જે વસ્તુ ફળવાન હોય તે જન્ય કહેવાય છે. અને પાછળ એકભવિક વાદમાં કહ્યા પ્રમાણે જ્ઞાન સફળ નથી.

(૫) જ્ઞાનના સ્વરૂપનો પણ અભાવ છે, માટે જ્ઞાનનો અને ગ્રંથનો સંબંધ બને નહિ. કેમકે સિદ્ધાંતમાં જીવ અને બ્રહ્મના અભેદનિશ્ચયનું નામ જ્ઞાન છે. એવો અભેદનિશ્ચય સંભવી શકતો નથી. કેમકે જીવ બ્રહ્મમાં અભેદ છે જ નહિ એ વાત પાછળ વિષયના નિરાકરણમાં પ્રતિપાદન કરી છે.

આ રીતે અધિકારી આદિક અનુબંધના અભાવથી ગ્રંથનો આરંભ બનતો નથી.

પૂર્વપક્ષીના ક્રમથી ઉત્તર.

અધિકારી મંડન.

૨૭ કારણસહિત જગતની નિવૃત્તિરૂપ મોક્ષના પ્રથમ અંશની ઇચ્છા સંભવે છે.

પૂર્વપક્ષીએ પ્રથમ કહ્યું છે કે-"મોક્ષની ઇચ્છા થવી કોઇને સંભવતી નથી. કેમકે મોક્ષના બે અંશ છે:-(૧) એક તો કારણ સહિત જગતની નિવૃત્તિ, એ મોક્ષનો પ્રથમ અંશ છે; અને (૨) બીજો અંશ બ્રહ્મની પ્રાપ્તિ છે."

"તેમાંથી 'કારણસહિત જગતની નિવૃત્તિરૂપ મોક્ષના પ્રથમ અંશની ઇચ્છા કોઇને હોતી નથી, પણ ત્રણ પ્રકારના દુઃખની નિવૃત્તિની ઇચ્છા સર્વ પુરૂષોને હોય છે. એ દુઃખની નિવૃત્તિ પોતપોતાના ઉપાયથી થઇ જાય છે. માટે મૂળસહિત જગતની નિવૃત્તિની ઇચ્છાવાળો મુમુક્ષુ અધિકારી સંભવતો નથી.''

પૂર્વપક્ષીએ કરેલા એવા પૂર્વપક્ષના સમાધાન માટે કહે છે કે—

દોહા-मूलसहित 'जगहानि'बिन, व्है न त्रिविध दुख ध्वंस ।
यातैं जन चाहत सकल, प्रथम मोछको अंस ॥ ९ ॥

અર્થ—જગતના કારણરૂપ અજ્ઞાનસહિત જગતની નિવૃત્તિ થયા વિના ત્રણ પ્રકારના દુઃખનો નાશ થતો નથી, માટે સઘળા લોકો મોક્ષના પહેલા અંશ (જે કારણસહિત જગતની નિવૃત્તિ તે)ને ચ્હાય છે. ૯

ટીકા—અજ્ઞાનસહિત જગતની નિવૃત્તિ થયા વિના ત્રણ પ્રકારનાં દુઃખનો બીજા ઉપાયોથી નાશ થતો નથી. પણ મૂળ અવિદ્યાના નાશથી સર્વ દુઃખ, દુઃખનું કારણ રોગાદિ, અને રોગાદિનો આશ્રય શરીરાદિ, એ સર્વનો નાશ થાય છે. તેથી ત્રિવિધ દુઃખના નાશ માટે કારણ સહિત જગતની નિવૃત્તિરૂપ મોક્ષના પ્રથમ અંશની સહુ મનુષ્યો ઇચ્છા કરે છે. અમારા કહેવાનું તાત્પર્ય એ છે કે,-જે લોકો ઔષધાદિક ઉપાયો કરવાને સમર્થ છે, તેમનાં દુઃખ પણ ઔષધાદિકથી નિયમ પૂર્વક નાશ થતાં નથી; કોઇકનું દુઃખ ઔષધાદિકથી મટે છે અને કોઇકનું નથી પણ મટતું, માટે ઔષધાદિ ઉપાયોથી રોગાદિ દુઃખ મટશેજ એવો નિયમ થઈ શકે નહિ. વળી જેમનું દુઃખ ઔષધાદિ ઉપાયથી મટે છે, તેમનું દુઃખ પણ ફરી નહિજ થાય એવી કાંઇ જામીનગિરિ નથી. અર્થાત્ ઔષધાદિક ઉપાયોથી દુઃખની આત્યંતિક (ફરીને દુઃખ ન ઉપજે એવી રીતે) નિવૃત્તિ થતી નથી. ઔષધાદિક ઉપાયોથી દુઃખની નિવૃત્તિ નિયમે કરીને થતી નથી, પણ નિવૃત્ત થયેલા દુઃખની

ફરી પણ ઉત્પત્તિ થાય છે, માટે તે ઉપાયોથી દુઃખની અત્યંત નિવૃત્તિ થાય નહિ.

૨૮ બ્રહ્મ એજ સુખરૂપ છે; બીજું બધું દુઃખરૂપ છે. એ વિષે નારદ અને સનત્કુમારનો સંવાદ.

ખરી વાત તો એ છે કે દુઃખનાં બધાં સાધનોનો નાશ થાય તોજ બધાં દુઃખ નિયમપૂર્વક નાશ પામે, અને ફરી ઉત્પન્ન થાય નહિ. માટે દુઃખની નિવૃત્તિના હેતુથી દુઃખના સાધનની નિવૃત્તિની ઈચ્છા સર્વને થાય છે. એ દુઃખનું સાધન અજ્ઞાન અને અજ્ઞાનનું કાર્ય—આ જગત્ છે. આ વાત છાંદોગ્ય ઉપનિષદ્‌માં ભૂમવિદ્યામાં પ્રસિદ્ધ છે. તે વાત આવી છેઃ—

એક વખત નારદ સનત્કુમાર પાસે ગયા અને કહ્યું કે—"હે ભગવન્ જે માણસ આત્મજ્ઞાની છે તેમને શોક થતો નથીઃ પણ મને તો શોક થાય છે માટે હું અજ્ઞાની છું. માટે મને એવો ઉપદેશ કરો કે જેથી મારૂં અજ્ઞાન દૂર થાય."

ત્યારે સનત્કુમારે કહ્યું:—"હે નારદ! ભૂમા (બ્રહ્મ) શોકરહિત છે—સુખરૂપ છે. ભૂમાથી ભિન્ન સઘળું તુચ્છ છે અને દુઃખનું સાધન છે." ભૂમા એવું નામ બ્રહ્મનું છે.

આ રીતે બ્રહ્મથી ભિન્ન જે વસ્તુ હોય તે બધી વસ્તુ દુઃખનું સાધન છે. અજ્ઞાન અને તેનું કાર્ય જગત્ બ્રહ્મથી ભિન્ન છે, માટે દુઃખનું સાધન છે. જો અજ્ઞાન અને તેના કાર્યરૂપ જગતની નિવૃત્તિ થાય તો બધા દુઃખની પણ નિવૃત્તિ થાય. માટે સમગ્ર દુઃખની નિવૃત્તિ માટે અજ્ઞાન અને તેના કાર્યરૂપ જગતની નિવૃત્તિની ઇચ્છા વિવેકી પુરૂષો કરે એમાં કાંઈ અસંભવિત નથી. માટે સઘળા દુઃખના નાશ માટે અજ્ઞાનસહિત જગત્‌ની નિવૃત્તિરૂપ મોક્ષના પ્રથમ અંશની ઇચ્છા સંભવે છે.

૨૯ બ્રહ્મપ્રાપ્તિની ઇચ્છા સંભવે છે.

વળી પૂર્વપક્ષીએ કહ્યું છે કે "જે વસ્તુનો અનુભવ કર્યો હોય તેની પ્રાપ્તિની ઈચ્છા થાય છે; બ્રહ્મનો અનુભવ કોઇએ કર્યો નથી, માટે બ્રહ્મની પ્રાપ્તિરૂપ મોક્ષના બીજા અંશની ઇચ્છા કોઇને થાય નહિ." તેના સમાધાન માટે કહે છે કે—

दोहा-किय अनुभव सुखको सबहि, ब्रह्म सुन्यो सुखरूप ।
ब्रह्मप्राप्ति या हेतु तैं, चहत विवेकी भूप ॥ १० ॥

અર્થ—સર્વ માણસોએ સુખનો અનુભવ તો કર્યો હોય છે, માટે સુખની ઈચ્છા સર્વને થાય છે, અને "બ્રહ્મ નિત્ય સુખસ્વરૂપ છે" એવું સત્‌શાસ્ત્રોમાં સાંભળ્યું છે, માટે વિવેકી પુરૂષો બ્રહ્મપ્રાપ્તિની ઈચ્છા કરે છે. ૧૦

दोहा-केवल सुख सब[illegible]न चहै, नहीं [illegible]ी चाह ।
अधिकारी यातैं बने, है जु विवेकी नाह ॥ ११ ॥

અર્થ—સર્વ લોકો કેવળ સુખનેજ ઇચ્છે છે, વિષયોને કોઈ ઇચ્છતું નથી. માટે જે મનુષ્ય ઉત્તમ વિવેકી હોય તે આ ગ્રંથનો અધિકારી હોઇ શકે છે. ૧૧

ટીકાઃ—

સિદ્ધાન્તીઃ—તમે કહો છો કે 'સઘળાં માણસ વિષયસુખની ઇચ્છા કરે છે. તે વિષયસુખ મોક્ષમાં મળતું નથી, પણ જગતમાં મળે છે માટે મોક્ષની ઇચ્છાવાળો અધિકારી ન હોવાથી ગ્રંથનો આરંભ નિષ્ફળ છે." હવે તમને પુછવાનું કે—

(૧) કોઇજ મુમુક્ષુ નથી કે (૨) મુમુક્ષુ તો છે, પણ તેની ગ્રંથમાં પ્રવૃત્તિ થતી નથી ?

વાદી—મુમુક્ષુ નથી.

સિદ્ધાન્તી—એ વાત ખોટી છે. કેમકે સઘળાં માણસો સર્વ દુ;ખનો નાશ અને નિત્યસુખની પ્રાપ્તિ ઇચ્છે છે, માટે સર્વ કોઈ મુમુક્ષુ છે.

વાદી—પણ મેં કહ્યું છે કે બધાં માણસો વિષયસુખ ઇચ્છે છે.

સિદ્ધાન્તી—એમ નથી, સુખ માત્ર ઇચ્છે છે, એમ કહેવું જોઇએ. પછી ને સુખ વિષયમાંથી મળતું હોય કે વિષય વિના મળતું હોય. જો વિષયથી મળતું સુખજ બધા ઇચ્છતા હોય તો સુષુપ્તિ (સુખનિદ્રા)ની ઇચ્છા કોઇને નહિ થવી જોઇએ. કેમકે સુષુપ્તિનું સુખ વિષયજન્ય નથી. માટે સૌ વિષયજન્ય સુખ ઇચ્છે છે એમ ન કહેતાં સુખમાત્ર ઇચ્છે છે એમજ કહેવું યોગ્ય છે. ખરૂં પૂછો તો બધા આત્મસુખની ઇચ્છા કરે છે, વિષયજન્ય સુખની ઇચ્છા કરતા નથી. કારણકે સઘળાં માણુસોને ઓછું વત્તું વિષયસુખ તો પ્રાપ્તજ છે, પણ તેઓ હમેશાં એવી ઇચ્છા કર્યા કરે છે કે "અમને એવું સુખ પ્રાપ્ત થાઓ કે જેનો કદી નાશ થાય નહિ." એવું સુખ તો આત્મસ્વરૂપ મોક્ષ છે. અને તેને બધા ઇચ્છે છે માટે બધાજ મુમુક્ષુ છે, તમે કહ્યું કે કોઇજ મુમુક્ષુ નથી, એ વાત સંભવતી નથી.

૩૦ ગ્રંથારંભ સફળ છે. કેમકે ગ્રંથથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ મળે છે.

વાદી—બધાજ મુમુક્ષુ છે, એ તમે સાબીત કર્યું; તોપણ હજી એક શંકા છે કે, મુમુક્ષુ તો છે, પણ તેમની ગ્રંથમાં પ્રવૃત્તિ થતી નથી, માટે ગ્રંથારંભ નિષ્ફળ છે.

સિ૦—(૧) ગ્રંથ મોક્ષનું સાધન નથી માટે ગ્રંથમાં પ્રવૃત્તિ થતી નથી,

અથવા (૨) ગ્રંથથી બીજું પણ કોઈ સાધન છે કે જેમાં પ્રવૃત્તિ થવાથી ગ્રંથમાં પ્રવૃત્તિ થતી નથી ? અથવા (૩) જે શમાદિથી ગ્રંથનો અધિકાર પ્રાપ્ત થાય છે, ને શમાદિવાળો જ્ઞાનને યોગ્ય કોઇ અધિકારી નથી તેથી ગ્રંથમાં પ્રવૃત્તિ થતી નથી ?

વાદી—ગ્રંથ મોક્ષનું સાધન નથી.

સિદ્ધાંતી—એ વાત ખોટી છે. કેમકે 'મોક્ષ જ્ઞાનથી નિયમે કરીને થાય છે' એવો વેદનો સિદ્ધાંત છે. એ જ્ઞાન શ્રવણથી થાય છે. શ્રવણ બે પ્રકારનું છે:—

(૧) વેદાંત વાક્યોનો શ્રોત્ર સાથે સંબંધ.

(૨) વેદાંત વાક્યોનો વિચાર.

તેમાં જ્ઞાનનો હેતુ પ્રથમ શ્રવણ છે—બીજું નહિ. કેમકે જે જ્ઞાન શબ્દથી થાય છે તેમાં શબ્દનો ઇંદ્રિયની સાથે સંયોગજ સર્વત્ર હેતુ છે. માટે વેદાંત વાક્યના અને શ્રોત્રના સંયોગરૂપ પ્રથમ શ્રવણ બ્રહ્મજ્ઞાનનો હેતુ છે. આપણે પાછળ પ્રતિપાદન કરી ગયા છીએ કે અવાંતર વાક્યનું શ્રવણ પરોક્ષ જ્ઞાનનો હેતુ છે. અને મહાવાક્યનું શ્રવણ અપરોક્ષજ્ઞાનનો હેતુ છે.

જેને જ્ઞાન થયા છતાં પણ અસંભાવના અને વિપરીત ભાવના રહેતી હોય તેણે ઉપર કહેલું (૧) બીજા પ્રકારનું શ્રવણ (વેદાંત વાક્યોનો વિચાર) કરવું; વળી (૨) મનન કરવું; અને (૩) નિદિધ્યાસન પણ કરવું.

૩૧ શ્રવણાદિનું ફળ.

(૧) વેદાંત વાક્યના વિચારરૂપ શ્રવણથી વેદાંત વાક્યોમાં અસંભાવના દેખાતી હોય તો તે દૂર થાય છે. વેદાંત વાક્યો બ્રહ્મનાં પ્રતિપાદક છે કે બીજા અર્થનાં પ્રતિપાદક છે, એવા સંશયને વેદાંત વાક્યોની અસંભાવના કહે છે.

(૨) મનનથી પ્રમેયની અસંભાવના દૂર થાય છે. 'જીવ બ્રહ્મની એકતા' એ વેદાંતનો પ્રમેય કહેવાય છે. જીવ બ્રહ્મની એકતા સત્ય છે કે જીવ બ્રહ્મનો ભેદ સત્ય છે ? એવા સંશયને પ્રમેયની અસંભાવના કહે છે. મનનથી તે દૂર થાય છે.

(૩) નિદિધ્યાસનથી વિપરીતભાવના દૂર થાય છે.

આ રીતે પહેલા પ્રકારનું શ્રવણ જ્ઞાનદ્વારા મોક્ષનો હેતુ છે. અને વિચારરૂપ બીજા પ્રકારનું શ્રવણ, તથા મનન, તથા નિદિધ્યાસન, એ અસંભાવના અને વિપરીત ભાવનાની નિવૃત્તિદ્વારા મોક્ષનો હેતુ છે.

વેદાંત નામ ઉપનિષદનું છે. તે આ ગ્રંથથી ભિન્ન છે, તથાપિ તેના સમાન અર્થવાળાં ભાષાવાક્યો આ ગ્રંથમાં છે, તેના શ્રવણથી પણ જ્ઞાન થાય છે, એ વાત આગળ ત્રીજા તરંગમાં પ્રતિપાદન કરીશું.

આ રીતે જ્ઞાનદ્વારા ગ્રંથ મોક્ષનો હેતુ છે. અને આ ગ્રંથ વિચાર રૂપ તથા મનનરૂપ છે, માટે અસંભાવના દોષની નિવૃત્તિદ્વારા મોક્ષનો હેતુ છે. માટે ગ્રંથથી મોક્ષ થાય નહિ, એ કેવળ દુરાગ્રહ માત્ર છે.

૩૨ ભાષાગ્રંથની સફળતા.

વાદી--ભલે ગ્રંથ મોક્ષનો હેતુ હોય. પણ ગ્રંથ સિવાય બીજાં સાધનથી પણ મોક્ષ થાય છે તો પછી ગ્રન્થનું શું પ્રયોજન છે?

સિદ્ધાંતી—તે સાધન કયાં છે?

વાદી--ઉપનિષદ્, સૂત્રભાષ્ય, આદિક ઘણાક ગ્રન્થો જીવ બ્રહ્મની એકતા પ્રતિપાદન કરે છે; તેના જ્ઞાનથી પણ મોક્ષ થાય છે, ત્યારે આ પ્રાકૃત ગ્રન્થનું શું પ્રયોજન?

સિદ્ધાંતી--એ વાત ખરી છે. તથાપિ જેમની બુદ્ધિ એ સંસ્કૃત ગ્રન્થો સમજવા જેટલી સમર્થ નથી, તેમને તે ગ્રન્થોથી જ્ઞાન થાય નહિ; માટે મંદબુદ્ધિને જ્ઞાન થવાને આ ભાષા ગ્રન્થ ઉપયોગી છે.

વાદી--ગ્રન્થથી મોક્ષ થાય છે, એ વાત ખરી; વળી સંસ્કૃત ગ્રન્થોથી મંદબુદ્ધિને બોધ ન થાય તેથી આ ગ્રન્થ પણ ઉપયોગી થઈ શકે. મુમુક્ષુ પણ છે, તથાપિ ગ્રન્થમાં પ્રવૃત્તિ થાય નહિ. કેમકે વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સાધન વાળો અધિકારી દુર્લભ છે. માટે પોતાનામાં સાધનોનો અભાવ દેખીને ગ્રન્થમાં પ્રવૃત્તિ કરે નહિ.

સિદ્ધાંતી -વારૂ ઘણા અધિકારી નથી? કે કોઇજ અધિકારી નથી!

વાદી—ઘણા અધિકારી નથી.

સિદ્ધાંતી—તે તો અમારે પણ કબૂલ છે.

વાદી--અરે, કોઇ પણ જ્ઞાનને યોગ્ય અધિકારી નથી! એમજ હું કહું છું.

સિદ્ધાંતી—એ વાત ખોટી છે. કેમકે, અંત:કરણમાં ત્રણ દોષ હોયછે. (૧) મળ, (૨) વિક્ષેપ, (૩) સ્વરૂપનું આવરણ.

(૧) મળ નામ પાપનું છે, અને તે શુભ કર્મથી દૂર થાય છે.

(૨) વિક્ષેપ નામ ચંચળતાનું છે, અને તે ઉપાસનાથી દૂર થાય છે.

(૩) આવરણ નામ અજ્ઞાનતાનું છે, અને તે જ્ઞાનથી દૂર થાય છે.

હવે જેના અંતઃકરણમાં મળ અને વિક્ષેપ દોષ છે, તેને કદાચ અધિકારી ના કહો તો તે સંભવે છે; પણ આ જન્મમાં કે પૂર્વ જન્મમાં શુભ કર્મ તથા ઉપાસના કરવાવડે જેના મળ અને વિક્ષેપ દોષ દૂર થયા હોય એવો માણસ જ્ઞાનને યોગ્ય અધિકારી હોઇ શકે, માટે તેની ગ્રન્થમાં પ્રવૃત્તિ થાય છે, તેથી ગ્રન્થનો આરંભ સફળ છે.

૩૩ પામર અને વિષયીનાં લક્ષણો.

વાદી—પણ જગતમાં તો બધા જ વિષયસુખની ઇચ્છાવાળા દેખાય છે, અને વિષયસુખ મળે તો બીજું કાંઇ ઇચ્છિતા જણાતા નથી. આ ઉપરથી તમે કહો છો તેવું નિત્યસુખ કોઇ ઇચ્છતું નથી, એમ જ કહેવું જોઈએ.

સિદ્ધાંતી—એમ નથી. કેમકે, મનુષ્યો ચાર પ્રકારના છે: (૧) પામર, (૨) વિષયી, (૩) જિજ્ઞાસુ, (૪) મુક્ત.

(૧) **પામર**—આ લોકના *નિષિદ્ધ અને ×વિહિત ભોગમાં આસક્ત એવો શાસ્ત્રના સંસ્કારથી રહિત પુરૂષ હોય તેને પામર કહીએ છીએ.

એ પામર પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ત્રણ પ્રકારના જોવામાં આવે છે.

ક. ઉત્તમ પામર—જે શાસ્ત્રવેત્તા હોવા છતાં પણ આ લોકના ભોગમાં આસક્ત હોય તે ઉત્તમ પામર કહેવાય.

ખ. મધ્યમ પામર—જે પોતે શાસ્ત્ર જાણતો નથી, અને બીજાના મુખથી સાંભળેલા શાસ્ત્રના અર્થ ઉપર વિશ્વાસ રાખતો નથી, તથા આ લોકના જ ભોગમાં આસક્ત છે, તે મધ્યમ પામર કહેવાય.

ગ. કનિષ્ઠ પામર-જે બધી જ રીતે શાસ્ત્રના સંસ્કાર રહિત છે-શાસ્ત્રની બાબતમાં કાંઇ જ સમજતો નથી, અને આ લોકનાજ ભોગમાં આસક્ત છે તે કનિષ્ઠ પામર કહેવાય.

(૨) **વિષયી**—જે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વિષયોને ભોગવે છે તથા આ લોક તથા પરલોકના વિષય ભોગની પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં કહેલાં કર્મ કરે છે તે વિષયી કહેવાય છે.

એ વિષયી પણ ત્રણ પ્રકારના જોવામાં આવે છે:—

ક. ઉત્તમ વિષયી—જે વૈકુંઠ અથવા બ્રહ્મલોકની ઇચ્છા મનમાં રાખીને સકામ ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે તેને ઉત્તમ વિષયી જાણવો.

ખ. મધ્યમ વિષયી—સ્વર્ગલોકના સુખની ઇચ્છાવડે સકામ કર્મ કરે તે મધ્યમ વિષયી.

ગ. કનિષ્ઠ વિષયી—આ લોકના રાજ્યાદિ ભોગની ઇચ્છાવડે જે પુણ્યકર્મમાં પ્રવૃત્ત થાય છે તે કનિષ્ઠ વિષયી.

૩૪ જિજ્ઞાસુ અને મુક્તનાં લક્ષણો.

જે માણસને ઉત્તમ સંસ્કારથી સત્ શાસ્ત્રનું શ્રવણ થાય, તે માણસને આવો વિવેક થાય છે કે—

---

* જે ભોગ ભોગવવાની કે કર્મ કરવાની શાસ્ત્રે ના પાડી હોય તે નિષિદ્ધ કહેવાય છે.

× જે ભોગ ભોગવવાની કે કર્મ કરવાની શાસ્ત્રે રજા આપી હોય કે આજ્ઞા કરી હોય તે વિહિત કહેવાય છે

(૧) વિષયસુખ અનિત્ય છે. જેટલો વખત વિષયસુખ મળે છે, તે વખતે કોઈક દુઃખ તો અવશ્ય રહે છેજ. અને પરિણામે નાશવંત સુખ તે પણ દુઃખનો હેતુ છે. અને સુખભોગ વખતે પણ તેનો નાશ થશે એવો ભય રહે છે તે પણ દુઃખજ છે. એ રીતે વિષયસુખની ચારેપાસ દુઃખજ વીંટાઈ રહેલું છે, માટે વિષયસુખ પણ ખરૂં જોતાં દુઃખરૂપજ છે.

(૨) દુઃખની નિવૃત્તિ લૌકિક ઉપાયથી થતીજ નથી; કેમકે જેઓ દુઃખની નિવૃત્તિના ઉપાય કરે છે, તેમનાં પણ બધાં દુઃખ નિવૃત્ત થતાં નથી; કદાચ નિવૃત્ત થાય છે તો પાછાં ફરી થઇ આવે છે.

(૩) જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી દુઃખની નિવૃત્તિ સંભવતી પણ નથી; કેમકે શરીર માત્ર પુણ્યપાપથી થયેલાં છે. તેમાં પણ મનુષ્ય શરીર તો મિશ્રિત કર્મનું ફળ છે, એ પ્રસિદ્ધજ છે.

૩૫ બધાં શરીરો મિશ્રકર્મનાં ફળ છે.

દેવનું શરીર પણ મિશ્રિત કર્મનુંજ ફળ છે.

વાદી—દેવનું શરીર તો કેવળ પુણ્યનુંજ ફળ હોવું જોઇએ.

સિદ્ધાંતી—જો એમ હોય તો પોતાના કરતાં બીજા દેવોનું વધારે ઐશ્વર્ય જોઇને દેવોના મનમાં જે પરિતાપ થાય છે તે ન થવો જોઇએ. બધા દેવોમાં મુખ્ય દેવ જે ઇંદ્ર, તેને પણ અનેક દૈત્ય દાનવના ભયથી દુઃખ થયું છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. જો દેવનું શરીર એકલા પુણ્યથીજ રચાયું હોત તો દેવોને દુઃખ ન થવું જોઇએ. માટે દેવોનું શરીર પણ પુણ્યપાપ બન્નેનું ફળ છે.

વાદી—પણ શ્રુતિમાં કહ્યું છે કે 'દેવો પાપરહિત છે,' તેનો શો અભિપ્રાય છે?

સિદ્ધાંતી—એ શ્રુતિનો અભિપ્રાય એવો છે કે–કર્મનો અધિકાર કેવળ મનુષ્ય શરીરમાં છે. બીજામાં નથી; માટે દેવ શરીરવડે કરેલું જે શુભ કે અશુભ કર્મ તેનું ફળ દેવને થાય નહિ. પણ દેવ શરીર મળતા પહેલાંના પૂર્વના શરીરમાં કરેલું જે શુભ કે અશુભ કર્મ તેનું ફળ તો દેવ શરીરમાં હોવુંજ જોઇએ. આ રીતે દેવશરીર મિશ્રિત કર્મનું ફળ છે.

[1]તિર્યક્ પશુ પક્ષીનું શરીર પણ મિશ્રિત કર્મનું ફળ છે. કેમકે તેમને જે પ્રસિદ્ધ દુઃખ જોવામાં આવે છે તે તો પાપનું ફળ છે; અને મૈથુનાદિકનું સુખ છે તે પુણ્યનું ફળ છે.

આ રીતે બધાં શરીર પુણ્ય અને પાપથી બનેલાં છે. તેમાં પણ કોઇક શરીર તો થોડા પાપથી અને અધિક પુણ્યથી રચાયલાં છેઃ જેવાં કે દેવનાં

---

૧ જે પેટે ચાલે તે તિર્યક્ કહેવાય છે. પાંખોથી ઉડે તે પક્ષી, અને ચાર પગે ચાલે તે પશુ કહેવાય છે. કોઈ વખત પશુ પક્ષી વગેરેને પણ તિર્યક્ કહે છે.

શરીર. પાપ અલ્પ અને પુણ્ય અધિક હોવાથી દેવનાં શરીર પુણ્યથી રચેલાં કહેવામાં આવે છે. જેમ જે ગામમાં ઘણા બ્રાહ્મણ રહેતા હોય તેને બ્રાહ્મણનું ગામ કહે છે તેની પેઠે. ખરૂં જોતાં દેવનું શરીર પણ કેવળ પુણ્યનું ફળ નથી-થોડું પણ પાપ તેમાં ભળેલું છે.

તિર્યક્ પશુ પક્ષીનું શરીર અધિક પાપ અને અલ્પ પુણ્યથી રચાયલું છે. ઉત્તમ મનુષ્યોનાં શરીર દેવની પેઠે વિશેષ પુણ્યના ફળરૂપ છે અને અધમ મનુષ્યોનાં શરીર તિર્યક્ પ્રાણીની પેઠે ન્યૂન પુણ્યના ફળરૂપ છે એમ જાણવું.

આ રીતે બધાંજ શરીર પુણ્યપાપથી રચાયલાં છે. અને પાપનું ફળ દુઃખ છે, માટે શરીર રહે ત્યાં સુધી દુઃખની નિવૃત્તિ થાયજ નહિ.

૭૬ મિશ્રકર્મ ફળરૂપ શરીરે નિવૃત્ત થવાનો ઉપાય.

વાદી—ત્યારે એ શરીર ક્યારે નિવૃત્ત થાય ?

સિદ્ધાંતી—શરીર એ ધર્મ અને અધર્મનું ફળ છે, માટે ધર્મ અને અધર્મની નિવૃત્તિ થયા વિના શરીરની નિવૃત્તિ થાય નહિ. કદાચ વર્તમાન શરીર નિવૃત્ત થાય, તોપણ બાકી રહેલા ધર્મ અધર્મવડે બીજું શરીર અવશ્ય થવાનું.

વાદી—ત્યારે એ ધર્મ કે અધર્મ (પુણ્યપાપ) શી રીતે દૂર થાય ?

સિદ્ધાંતી—(૧) એ પુણ્યપાપ રાગદ્વેષનો નાશ થયા વિના દૂર થાય નહિ. કદાચ વર્તમાન પુણ્યપાપનાં ફળ ભોગવી છૂટવાથી તે નિવૃત્ત થાય, તથાપિ રાગદ્વેષથી બીજાં પુણ્યપાપ થવાનાં. માટે રાગદ્વેષની નિવૃત્તિ થાય ત્યારેજ પુણ્યપાપ દૂર થાય.

(૨) તે રાગદ્વેષની ઉત્પત્તિ અનુકૂળ પ્રતિકૂળ જ્ઞાનથી થાય છે. એટલે જેના સંબંધી અનુકૂળ જ્ઞાન હોય તેના ઉપર રાગ થાય છે, અને જેના સંબંધી પ્રતિકૂળ જ્ઞાન હોય તેના ઉપર દ્વેષ થાય છે. માટે અનુકૂળ પ્રતિકૂળ જ્ઞાનની નિવૃત્તિ થયા વિના રાગદ્વેષ મટે નહિ.

તે અનુકૂળ પ્રતિકૂળ જ્ઞાન ભેદજ્ઞાનથી થાય છે. એટલે-જે વસ્તુને પોતાના સ્વરૂપથી જૂદી જાણે તેને વિષે અનુકૂળ કે પ્રતિકૂળ જ્ઞાન થાય છે; પોતાના સ્વરૂપમાં કોઇને અનુકૂળ કે પ્રતિકૂળ જ્ઞાન થતું નથી. સુખના સાધનનું નામ અનુકૂળ છે, અને દુઃખના સાધનનું નામ પ્રતિકૂળ છે.

પોતાનું સ્વરૂપ સુખનું કે દુઃખનું સાધન નથી. જો કે તે સુખરૂપ છે, પણ સુખનું 'સાધન' નથી. માટે જે વસ્તુને સ્વરૂપથી ભિન્ન જાણી છે, તેને વિષે અનુકૂળ પ્રતિકૂળ જ્ઞાન થાય છે. આ રીતે પદાર્થોમાં પોતાના સ્વરૂપથી જે ભેદજ્ઞાન, એજ અનુકૂળજ્ઞાન અને પ્રતિકૂળજ્ઞાનનો હેતુ છે. માટે તે ભેદજ્ઞાનની નિવૃત્તિ વિના અનુકુળ પ્રતિકૂળજ્ઞાનની નિવૃત્તિ થાય નહિ.

એ ભેદજ્ઞાન અવિદ્યાથી ઉત્પન્ન થયેલું છે. કેમકે, સંપૂર્ણ જગત્ અને તે જગતનું જ્ઞાન, સ્વરૂપના અજ્ઞાન કાળમાં છે—એટલે જ્યાં સુધી સ્વરૂપનું અજ્ઞાન હોય ત્યાં સુધી સઘળું જગત્ અને તેનું જ્ઞાન રહેવાનુંજ—એવો સંપૂર્ણ વેદ અને શાસ્ત્રનો ઢંઢેરો છે, એ રીતે સંપૂર્ણ દુઃખનો હેતુ સ્વરૂપનું અજ્ઞાન છે. સ્વરૂપનું એ અજ્ઞાન સ્વરૂપના જ્ઞાન વિના દૂર થાય નહિ. કેમકે જે વસ્તુનું અજ્ઞાન હોય તે તેના જ્ઞાનથીજ દૂર થાય છે. જેમ દોરડીનું અજ્ઞાન દોરડીના જ્ઞાનથી દૂર થાય છે, બીજાથી થતું નથી. માટે સ્વરૂપનું જ્ઞાનજ અજ્ઞાનને દૂર કરીને દુઃખની નિવૃત્તિ કરે છે. વળી—

સ્વરૂપ જ્ઞાનથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે બ્રહ્મ નિત્ય છે, આનંદ સ્વરૂપ છે અને દુઃખના સંબંધ વિનાનું છે. માટે સ્વરૂપજ્ઞાનથી નિત્ય અને દુઃખના સંબંધથી રહિત જે બ્રહ્મસ્વરૂપ આનંદ તેની પ્રાપ્તિ પણ થાય છે.

આ રીતે દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિનો હેતુ સ્વરૂપનું જ્ઞાન છે, માટે સ્વરૂપ જાણવા યોગ્ય છે, એવો જેને વિવેક હોય તે **જિજ્ઞાસુ** કહેવાય છે.

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરથી ભિન્ન જે પોતાનું સ્વરૂપ, તેનું બ્રહ્મરૂપે કરીને અપરોક્ષ જ્ઞાન જેને થાય તે **મુક્ત** કહેવાય છે.

૩૯ જિજ્ઞાસુની ગ્રંથમાં પ્રવૃત્તિ થાય છે માટે અધિકારી સંભવે છે

પાછળ ચાર પ્રકારના પુરૂષ કહ્યા, તેમાંથી જિજ્ઞાસુનીજ ગ્રંથમાં પ્રવૃત્તિ થાય છે; બાકીના ત્રણની થતી નથી. કેમકે—

પામર અને વિષયીને તો બહુ કરીને વિષય સુખમાંજ બધાં સુખ પૂરાં થયેલાં લાગે છે; કદાચ કોઇક વિષયી પુરૂષ પરમ સુખની ઇચ્છા કરે છે, તો તે પરમ સુખનો ઉપાય જાણતો નથી હોતો, તેથી ગમે તે માર્ગે લાગી જાય છે. કેમકે પરમ સુખ મેળવવાનો ખરો ઉપાય તો સત્સમાગમ અને સતશાસ્ત્રનું શ્રવણ છે, તે એને પ્રાપ્ત થતાં નથી. માટે પામર અને વિષયીની સુખની પ્રાપ્તિ માટે ગ્રંથમાં પ્રવૃત્તિ સંભવતી નથી. એજ પ્રમાણે દુઃખની નિવૃત્તિ માટે પણ તેઓ બીજા બીજા ઉપાયોમાં પ્રવૃત્ત થાય છે, પણ ગ્રંથમાં પ્રવૃત્ત થતા નથી.

પણ જિજ્ઞાસુ પુરૂષને વિષય સુખમાં પરિપૂર્ણતા ભાસતી નથી; કેમકે તેને પરમ સુખની ઇચ્છા હોય છે તથા દુઃખની અત્યન્ત નિવૃત્તિ થવાની ઇચ્છા હોય છે. એ પરમ સુખની પ્રાપ્તિ અને દુઃખની અત્યન્ત નિવૃત્તિ જ્ઞાનથી થાય છે એવો સત્સમાગમથી તેને વિવેક થયેલો હોય છે, માટે તેની ગ્રંથમાં પ્રવૃત્તિ સંભવે છે.

મુક્ત પુરૂષની પણ પહેલા બેની પેઠે ગ્રંથમાં પ્રવૃત્તિ ઘટતી નથી. કેમકે જ્ઞાનવાનને મુક્ત કહીએ છીએ. એવો મુક્ત પુરૂષ કૃતકૃત્ય હોય છે—

તેને કાંઇ કર્ત્તવ્ય હોતું નથી. કદાચ પોતાના મનની મોજની ખાતર તેની ગ્રંથમાં પ્રવૃત્તિ થાય, તોપણ તેથી તેને કાંઇ પ્રયોજન સિદ્ધ કરવાનું હોતું નથી. માટે મુક્તની પણ ગ્રંથમાં પ્રવૃત્તિ થાય નહિ.

આ રીતે મોક્ષની ઇચ્છાવાળો અધિકારી સંભવી શકે છે.

इति अधिकारी निरूपणं।

વિષયમંડન.

૩૮ સાક્ષી અને જીવમાં તફાવત.

दोहा–साक्षी ब्रह्म स्वरूप इक, नहीं भेदको गंध।
रागद्वेष मतिके धरम, तामें मानत अंध॥ १२॥

અર્થ—સાક્ષી બ્રહ્મ સ્વરૂપ છે અને એક છે; તેમાં લગાર પણ ભેદ છે નહિ. રાગ અને દ્વેષ એ બુદ્ધિના ધર્મ છે, તે અજ્ઞાનથી આંધળો થયેલો મનુષ્ય સાક્ષીમાં માને છે.

ટીકા—પૂર્વે પૂર્વપક્ષીએ કહ્યું છે કે "જીવ રાગ વગેરે પાંચ ક્લેશવાળો છે અને બ્રહ્મ પાંચ ક્લેશરહિત છે, માટે જીવ બ્રહ્મની એકતાગ્રંથનો વિષય બને નહિ." એ વાત જો કે સાચી છે, તથાપિ સાક્ષી રાગદ્વેષાદિ ક્લેશથી રહિત છે, માટે તેની સાથે બ્રહ્મની એકતા બને છે.

વાદી—તે પણ મેં કહ્યું છે કે કર્ત્તાભોક્તા જે જીવ, તેનાથી બીજી કોઇ સાક્ષી નામની વસ્તુ વંધ્યાપુત્રની પેઠે બિલકુલ છેજ નહિ.

સિદ્ધાંતી—એમ નથી; કર્ત્તાભોક્તા જે સંસારી (જીવ) તેના *વિશેષ્ય ભાગનું નામ સાક્ષી છે. જો સાક્ષીજ નથી એમ કહેશો તો સંસારીના વિશેષ્ય ભાગનો નિષેધ થવાથી કર્ત્તાભોક્તા સંસારી પણ રહેશે નહિ.

વાદી—સાક્ષી શી વસ્તુ છે?

સિદ્ધાંતી—એકજ અંતઃકરણ વિવેકીની દૃષ્ટિથી ચેતનની ઉપાધિ છે; અને અવિવેકીની દૃષ્ટિથી ચેતનનું વિશેષણ છે. એટલે એકજ ચેતન વિવેકીને સાક્ષીરૂપે ભાસે છે, અને અવિવેકીને જીવરૂપે ભાસે છે.

૩૯ ઉપાધિનું અને સાક્ષીનું સ્વરૂપ.

વાદી—વિશેષણ શું અને ઉપાધિ શું?

સિદ્ધાંતી—જે વસ્તુ જેટલી જગોમાં રહેલી હોય, તેટલીજગોમાં રહેલી બીજી વસ્તુને જણાવે અને પોતે જૂદી રહે, તેને ઉપાધિ કહે છે. જેમ નૈયાયિકો કાનના પોલાણમાં રહેલા આકાશને શ્રોત્ર ઈંદ્રિય કહે છે. આ દૃષ્ટાંતમાં કાનનું પોલાણ એ ઉપાધિ છે. કેમકે કાનનું પોલાણ જેટલી

---

*અંતઃકરણ વિશેષણ અને ચૈતન્ય વિશેષ્ય છે. અંતઃકરણવાળું ચૈતન્ય તે જીવ. આ વાત હવે પછી કહેવાશે.

જગોમાં છે, તેટલી જગોમાં રહેલા આકાશને શ્રોત્રરૂપે જણાવે છે, અને પોતે જૂદુંજ રહે છે.

એજ રીતે અંતઃકરણ જેટલી જગોમાં પોતે રહે છે તેટલી જગોમાં રહેલા ચેતનને 'સાક્ષી' નામથી જણાવે છે અને પોતે જૂદું રહે છે, માટે અંતઃકરણ એ સાક્ષીની ઉપાધિ કહેવાય છે, અને અંતઃકરણમાં રહેલું તે ચેતન માત્ર તે સાક્ષી કહેવાય છે.

૪૦ વિશેષણ અને જીવનું સ્વરૂપ.

વાદી—વારૂ, અંતઃકરણની ઉપાધિવાળું ચેતન તે અંતઃકરણોપહિત ચેતન અથવા સાક્ષી કહેવાય છે, એ વાત તો જાણે ઠીક. ત્યારે અંતઃકરણને વિશેષણ કહેવાથી શો ફેર પડે છે?

સિદ્ધાંતી—પોતાના સહિત જે વસ્તુને જણાવે તેને વિશેષણ કહે છે. જેમ,—'કુંડળવાળો પુરૂષ આવ્યો છે.' આ ઉદાહરણમાં કુંડળ વિશેષણ છે, કેમકે તે પોતાના સહિત પુરુષ આવ્યો છે એમ જણાવે છે. બીજું ઉદાહરણ—'નીલરૂપવાળા ઘડાને હું જોઉં છું.' આમાં પણ નીલરૂપ ઘડાનું વિશેષણ છે, કેમકે નીલરૂપ સહિત ઘડાને જોવામાં આવે છે.

એજ રીતે અંતઃકરણ પણ કર્ત્તાભોકતા જે જીવ, તેનું વિશેષણ છે. કેમકે અંતઃકરણ પોતાના સહિત ચેતનને કર્તાભોકતા જીવ તરિકે જણાવે છે. માટે સંસારી એવા જીવનું અંતઃકરણ વિશેષણ છે. વિશેષણવાળું ચેતન તે વિશિષ્ટ કહેવાય છે. માટે અંતઃકરણ વિશિષ્ટ ચેતનને જીવ કહે છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે અંતઃકરણ તથા તેમાં રહેલું ચેતન એ બન્ને મળીને જીવ કહેવાય છે. એનુંજ બીજું નામ સંસારી છે. આ બાબત આગળ વિસ્તારથી કહેવાશે.

(પણ એજ ચેતનને અંતઃકરણથી છૂટું કરી બતાવવું હોય ત્યારે અંતઃકરણને ઉપાધિ માનવામાં આવે છે. એ વખતે એજ ચેતન સાક્ષી નામથી ઓળખાય છે.)

૪૧ રાગદ્વેષ સાક્ષીમાં નથી.

સિદ્ધાંતી—રાગદ્વેષ વગેરે કલેશ જે તમે પાછળ કહ્યા છે તે સંસારીમાં છે; સાક્ષીમાં નથી. સંસારીમાં છે એમ કહેવાનું તાત્પર્ય એ છે કે, તેમાં પણ વિશેષ્ય જે ચેતન તેમાં રાગદ્વેષાદિક નથી, પણ વિશેષણ જે અંતઃકરણ તેમાં છે. કેમકે સંસારીનો (જીવનો) વિશેષ્ય જે ચૈતન્ય ભાગ અને સાક્ષી એકજ વસ્તુ છે.

અહીં સમજવાનું એ છે કે એકજ ચૈતન્ય અંતઃકરણ સહિત કહેવું હોય ત્યારે તેને સંસારી (જીવ) નામથી ઓળખાવવામાં આવે છે; અને અંતઃકરણ વગરનું એકલું કહેવું હોય ત્યારે સાક્ષી નામથી ઓળખાવવામાં આવે છે.

(આ રીતે અવિવેકી લોકો અંતઃકરણ અને ચેતનને ભેગાં કરી નાંખીને તેને જીવ નામ આપે છે. તથા અંતઃકરણના સુખદુઃખાદિક ધર્મ ચેતનમાં માને છે અને ચેતનના જ્ઞાન વગેરે ધર્મ અંતઃકરણમાં માને છે. વિવેકીઓ અંતઃકરણ અને ચેતનને જૂદાં સમજીને સુખદુઃખાદિક અંતઃકરણના ધર્મ ચેતનમાં માનતા નથી.)

આથી સમજાશે કે સાક્ષીનો અને સંસારીના વિશેષ્ય ભાગનો ભેદ નથી. જો વિશેષ્ય ભાગમાં પાછળ કહેલા કલેશો રહેલા છે એમ માનીએ તો સાક્ષીમાં પણ તે કલેશો માનવા પડે. પણ "સાક્ષી સર્વ કલેશ રહિત છે." એવો વેદનો સિદ્ધાંત છે. માટે સંસારીના વિશેષ્ય ભાગમાં કલેશ નથી, પણ વિશેષણ માત્રમાંજ—અંતઃકરણમાંજ—છે. અને એથીજ રાગદ્વેષાદિક બુદ્ધિના ધર્મ કહેવામાં આવે છે—જીવના નહિ.

આ રીતે અંતઃકરણ વિશિષ્ટ જીવની બ્રહ્મ સાથે એકતા ન બની શકે, તોપણ અંતઃકરણ ઉપહિત જે સાક્ષી તેની સાથે તો બ્રહ્મની એકતા બની શકે છે.

૪૨. સાક્ષી નાના છતાં બ્રહ્મ સાથે એકતા સંભવે છે.

વાદી—પણ સાક્ષી નાના એટલે ભિન્ન ભિન્ન અનેક છે, અને બ્રહ્મ તો એક છે, તે બેની એકતા શી રીતે સંભવે ? અને જો વ્યાપક એક બ્રહ્મ સાથે સાક્ષીનો અભેદ માનશો તો બ્રહ્મની પેઠે સાક્ષી પણ બધાં શરીરોમાં વ્યાપક એકજ છે એમ માનવું પડશે. અને એમ થશે તો એકજ સાક્ષીને બધાં શરીરોના સુખદુઃખનું ભાન થવું જોઇએ. (મારા આ પ્રશ્નનો હજી ખુલાસો થયો નથી.)

સિદ્ધાંતી—જો કે ઇશ્વર સાક્ષી એક છે અને જીવસાક્ષી નાના (જૂદા જૂદા અનેક) અને પરિચ્છિન્ન છે, તો પણ તે વ્યાપક બ્રહ્મથી ભિન્ન નથી. જેમ ઘટાકાશ નાના છે અને પરિચ્છિન્ન છે, તથાપિ તે મહાકાશથી ભિન્ન નથી, પણ ઘટાકાશ એ મહાકાશ રૂપજ છે. અને એજ રીતે નાના અને પરિચ્છિન્ન સાક્ષી તે પણ બ્રહ્મરૂપજ છે.

આ જગોએ એક સુંદર ઉદાહરણ પંડિત શ્રી પિતાંબરદાસજીએ આપ્યું છે, જેમ કોરા કાગળ ઉપર શ્યાહી ચોપડીને તેની વચમાં અક્ષરો જેટલી જગા કોરી રાખી ધોળા અક્ષર પાડવામાં આવ્યા હોય, ત્યાં તે ધોળા અક્ષર અને કોરો કાગળ એ બેમાં નામ માત્રનોજ તફાવત છે. એજ રીતે સાક્ષીનો અને શુદ્ધ ચૈતન્યનો ભેદ છે. જેમ શ્યાહી રૂપ ઉપાધિ વિના 'અક્ષર' નામ હોઇ શકે નહિ, તેમ અંતઃકરણરૂપ ઉપાધિની દૃષ્ટિ વિના 'સાક્ષી' નામ પણ સંભવતું નથી પણ તે શુદ્ધ ચૈતન્યજ છે.

૪૩ સુખદુઃખાદિ સાક્ષી ભાસ્ય કેવી રીતે?

વાદી—"સુખદુઃખાદિ અંતઃકરણની વૃત્તિનો વિષય નથી, પણ સાક્ષીભાસ્ય છે," એમ પૂર્વે કહેવામાં આવ્યું છે.

સિદ્ધાંતી—જો કે સુખદુઃખ સાક્ષીભાસ્ય છે અને સાક્ષી અનેક છે, તથાપિ જ્યારે અંતઃકરણનો પરિણામ સુખરૂપ અથવા દુઃખરૂપ થાય છે તે વખતેજ અંતઃકરણની જ્ઞાનરૂપ વૃત્તિ સુખદુઃખને જાણે છે અને તે વૃત્તિમાં આરૂઢ સાક્ષી તેને પ્રકાશે છે. અર્થાત્ સાક્ષી ચૈતન્યના પ્રકાશથી પ્રકાશિત થયેલી અંતઃકરણની જ્ઞાનરૂપ વૃત્તિ સુખદુઃખને જાણે છે. આ રીતે ગ્રંથકારોએ સુખદુઃખ સાક્ષીનો વિષય છે એમ કહ્યું છે. પણ વૃત્તિ વિના કેવળ સાક્ષીનો વિષય નથી એમ જાણવું.

આ જગોએ આ રહસ્ય છેઃ—જેમ આકાશમાં ઘટાકાશ નામ અને અને જળ લાવવારૂપ કાર્ય જે પ્રતીત થાય છે તે ઘટરૂપ ઉપાધિની દૃષ્ટિથી પ્રતીત થાય છે; ઘટરૂપ ઉપાધિની દૃષ્ટિવિના ઘટાકાશ નામ અને જળ લાવવા રૂપ કાર્ય પ્રતીત થાય નહિ, પણ માત્ર આકાશ જ પ્રતીત થાય. માટે ઘટાકાશ એ મહાકાશરૂપ છે.

એજ રીતે ચેતનમાં સાક્ષી એવું નામ અને અંતઃકરણ તથા તેના ધર્મોનો પ્રકાશ કરવાનું કાર્ય અંતઃકરણરૂપ ઉપાધિની દૃષ્ટિથી પ્રતીત થાય છે; અંતઃકરણરૂપ ઉપાધિની દૃષ્ટિ વિના સાક્ષી એવું નામ અને અંતઃકરણ તથા તેના ધર્મોનો પ્રકાશ કરવા રૂપ કાર્ય પ્રતીત થાય નહિ, પણ ચૈતન્ય માત્ર બ્રહ્મજ પ્રતીત થાય, માટે સાક્ષી એ બ્રહ્મરૂપ છે.

એ અભિપ્રાયથીજ દોહાના પહેલા પાદમાં સાક્ષીને એક કહ્યો છે. કેમકે ઉપાધિની દૃષ્ટિ વિના સાક્ષીમાં નાનાપણું અને પરિચ્છિન્નપણું પ્રતીત થતું નથી.

એ સાક્ષી જીવપદનું લક્ષ્ય છે એ વાત આગળ કહેવાશે. આ રીતે જીવ બ્રહ્મની એકતા એ આ ગ્રંથનો વિષય બને છે.

પ્રયોજન-મંડન.

(કાર્યાધ્યાસનું નિરૂપણ.)

૪૪. અધ્યાસનો હેતુ.

कवित्त.

सजातीय ज्ञान संसकारतैं अध्यास होत,
सत्यज्ञान जन्य संसकारको न नेम है ।
दोषको न हेतुता अध्यास विषै देखियत,
पटविषै हेतु जैसे तुरी तंतु वेम है ॥
आतमा द्विजाति, संख पोत सीता कटु भासै,
सीपमें विरागी रूप देखै बिन प्रेम है ।
नभ नील रूपवान भासत कटाह तंबू,
जिनके न कोउ पित्त प्रभृति अछेम है ॥१३॥

અર્થ—સજાતીય વસ્તુના જ્ઞાનના સંસ્કારથી અધ્યાસ થાય છે; અધ્યાસ થવામાં સાચીજ વસ્તુના જ્ઞાનજન્ય સંસ્કાર જોઈએ,

એવો કોઇ નિયમ નથી. તેમજ વસ્ત્રના હેતુ જેમ કાંઠલો, તાંતણા અને સાળ છે, તેમ અધ્યાસના હેતુ નેત્રાદિકનો દોષ છે એમ પણ જોવામાં આવતું નથી. આત્મા જાતિરહિત છતાં તેને બ્રાહ્મણ કહેવામાં આવે છે, શંખ ધોળો છતાં તે નેત્રદોષથી પીળો જણાય છે, સાકર ગળી છતાં પિત્તાદિના દોષથી તે કડવી ભાસે છે, એવાં દોષને અધ્યાસનો હેતુ જણાવનારાં ઉદાહરણો છતાં, તેથી વિરૂદ્ધ ઉદાહરણો પણ મળી આવે છે. એટલે જેમ રાગરહિત સંન્યાસીને રૂપામાં પ્રીતિ ન છતાં પણ તેને છીપમાં રૂપું દેખાય છે; વળી જેને પિત્તરોગ આદિક કોઈ વ્યાધિ ન છતાં પણ તેને આકાશ આસમાની રંગનું અને કઢાઇ કે તંબૂ જેવા આકારનું ભાસે છે. માટે દોષ પણ અધ્યાસનો હેતુ નથી.

ટીકા—પૂર્વે વાદીએ કહ્યું છે કે "બંધ સત્ય છે, તેની જ્ઞાનથી નિવૃત્તિ થાય નહિ, પણ મિથ્યા વસ્તુ હોય તેની જ્ઞાનથી નિવૃત્તિ થાય છે. આત્મામાં મિથ્યા બંધની સામગ્રી છે નહિ, માટે બંધ સત્ય છે; તેની જ્ઞાનથી નિવૃત્તિ થાય નહિ."

સિદ્ધાંતી—એ વાત સંભવતી નથી; કેમકે બંધ મિથ્યા છે, અને જ્ઞાનથી તેની નિવૃત્તિ થાય છે.

વાદી—બંધ અજ્ઞાનથી થયેલો અધ્યાસ હોત તો તેની જ્ઞાનથી નિવૃત્તિ થાત; પણ બંધ સત્ય છે. કેમકે અધ્યાસનાં પાંચ કારણો મેં હમણાં જ ગણાવ્યાં છે તેમાંનું એકે કારણ આત્મામાં મિથ્યા બંધનો અધ્યાસ થવામાં જણાતું નથી.

સિદ્ધાંતી—તમે જે અધ્યાસની સામગ્રી જણાવી છે, તે ખરી નથી. પ્રથમ તો સત્ય વસ્તુના જ્ઞાનથી ઉપજેલો સંસ્કાર જ અધ્યાસનો હેતુ નથી.

વાદી—કેમ નહિ ? સત્ય વસ્તુનું જ્ઞાન સંસ્કારદ્વારા અધ્યાસનો હેતુ છે. જેમ સાચા સાપના જ્ઞાનનો મનમાં સંસ્કાર પડયો હોય તો જ દોરડી દેખીને સાપની ભ્રાંતિ થાય છે. એજ રીતે કોઇ પણ ઠેકાણે સત્ય બંધ હોય તો જ તેનું જ્ઞાન થાય; પણ તમારે મતે તો અનાત્મ વસ્તુ કોઈ સત્ય જ નથી, તેથી સત્ય વસ્તુનું જ્ઞાન પણ થતું નથી, તો તેનો સંસ્કાર તો ક્યાંથી જ હોય ! આવી રીતે સત્ય વસ્તુના જ્ઞાનના સંસ્કારનો અભાવ હોવાથી જગત રૂપી બંધ દેખાય છે તે અધ્યાસ નથી પણ સાચો જ છે, એમ હું પ્રથમ કહીજ ગયો છું.

સિદ્ધાંતી—તમે કહો છો તેમ સંસ્કાર દ્વારા સત્ય વસ્તુનું જ્ઞાન અધ્યાસનો હેતુ નથી, પણ માત્ર વસ્તુનું જ્ઞાન જ અધ્યાસનો હેતુ છે. પછી તે

વસ્તુ સત્ય હોય કે મિથ્યા હોય, તે જોવાનું નથી. આ વાત એક ઉદાહરણથી સ્પષ્ટ સમજાશે. જેમ—

એક માણસે સીંધણીનું વૃક્ષ કદી જોયું નથી. (જેની સાવરણીઓ કરવામાં આવે છે, તે સીંધણીનાં ડાળ હોય છે.) તે માણસ એક વાર બાજીગરનો તમાસો દેખવા ગયો. બાજીગરે મિથ્યા સીંધણીનું વૃક્ષ બનાવ્યું ને કહેવા લાગ્યો કે જૂઓ, આ સીંધણીનું ઝાડ થયું! (આ તેને સીંધણાં (ફળ) આવ્યાં છે! આ પાકયાં છે, જુઓ, ખાઇ જુઓ! પછી તરત જ બાજી સંકેલી લીધી અને સીંધણીનું ઝાડ અલોપ થઇ ગયું! લોકો બાજીગરની ચતુરાઈ વખાણતા ચાલ્યા ગયા!)

પેલા માણસે સીંધણીનું ઝાડ પહેલવહેલું જોયું, અને તે પણ બાજીગરે બનાવેલું માયાવી મિથ્યા સીંધણીનું ઝાડ જોયું. હવે તેણે કોઈ વખત ખજૂરીનું ઝાડ જોયું નથી. કોઇક વખત જંગલમાં ફરતાં તેની નજરે ખજૂરીનું ઝાડ પડયું, એટલે તે તરત જ બોલ્યો કે આ સીંધણીનું ઝાડ છે!

આ દૃષ્ટાંતમાં ખજૂરીના ઝાડમાં સીંધણીના ઝાડનો અધ્યાસ થયો. તે કાંઈ સાચું સીંધણીનું ઝાડ જોયું હતું તેથી નહિ, પણ મિથ્યા સીધણીનું ઝાડ જોયું હતું તેથી જ થયો છે! અર્થાત્ અધ્યાસ થવાને માટે સત્ય જ વસ્તુના જ્ઞાનનો સંસ્કાર જોઈએ એમ કાંઇ નિયમ નથી. માત્ર **સજાતીય વસ્તુના જ્ઞાનથી ઉત્પન્ન થયેલો સંસ્કાર જ અધ્યાસનો હેતુ છે.** પછી તે સંસ્કારનું જનક જ્ઞાન અને તેનો વિષય મિથ્યા હો કે સત્ય હો, તેની કાંઈ અપેક્ષા નથી. સંસ્કાર દ્વારા જ્ઞાન અધ્યાસનો હેતુ છે.

અધ્યાસનો હેતુ 'જ્ઞાનજન્ય સંસ્કાર' છે અથવા 'સંસ્કાર દ્વારા જ્ઞાન' છે, એમ બન્ને રીતે કહેવામાં એક જ અર્થ છે. કેમકે સંસ્કાર દ્વારા જ્ઞાન અધ્યાસનો હેતુ છે, એનો અર્થ એવો છે કે જ્ઞાન સંસ્કારનો હેતુ છે, અને સંસ્કાર અધ્યાસનો હેતુ છે. એટલે જ્ઞાનથી ઉપજેલો સંસ્કાર અધ્યાસનો હેતુ છે, એવો જ અર્થ થાય છે. સૂક્ષ્મ અવસ્થાનું નામ સંસ્કાર છે.

૪૫ અધ્યાસનો હેતુ વ્યવહિત પૂર્વકાળમાં હોય છે. (પૂર્વપક્ષ)

(**વાદી**—સજાતીય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ છે, એમ કહેવા કરતાં કેવળ વસ્તુનું જ્ઞાન જ અધ્યાસનો હેતુ છે, એમ કહેવામાં શી અડચણ છે?)

સિદ્ધાંતી—કેવળ વસ્તુનું જ્ઞાન અધ્યાસનો હેતુ કહેવાય નહિ. કેમકે એક આવો નિયમ છેઃ-**કાર્યનો હેતુ કાર્યના અવ્યવહિત પૂર્વકાળમાં હોય છે.** જેમ ઘટનો હેતુ દંડ છે તે ઘટથી અવ્યવહિત પૂર્વકાળમાં હોય છે. એજ રીતે અધ્યાસનો હેતુ જો જ્ઞાન માનીએ, તો તે પણ અધ્યાસથી અવ્યવહિત પૂર્વકાળમાં હોવું જોઇએ.

જ્યારે બે વસ્તુઓ વચ્ચે દેશ, કાળ કે વસ્તુનું વ્યવધાન (અંતરાય) ન હોય ત્યારે તે બે વસ્તુઓ અવ્યવહિત કહેવાય. વ્યવધાન હોય તો વ્યવહિત કહેવાય.

ચાલતા પ્રસંગમાં કાર્ય (અધ્યાસ) અને તેનો હેતુ (વસ્તુનું જ્ઞાન) એ બે વસ્તુઓ છે. તેમાં કાર્યના પૂર્વકાળમાં કારણ હોવું જોઇએ એ તો સહુ કોઇ જાણે છે. પણ કારણ અને કાર્યની વચ્ચે વખતનું વ્યવધાન (અંતરાય) ન હોવું જોઇએ, એટલે કારણ મળી આવતાં તરતજ કાર્ય થવું જોઇએ. એટલા માટે જ એ નિયમ કહ્યો કે કાર્યના અવ્યવહિત પૂર્વકાળમાં કારણ હોવું જોઈએ.

વાદી—કાર્યના અવ્યવહિત પૂર્વકાળમાં કારણ હોવું જોઇએ, એવો તમારો નિયમ સંભવતો નથી; કેમકે જે માણસને સર્પનું જ્ઞાન થાય છે, તેને મહિના પછી પણ દોરડી જોઇને તેમાં સર્પનો અધ્યાસ થાય છે. તે તમારા નિયમ પ્રમાણે થવો ન જોઈએ કેમકે અધ્યાસનું કારણ જ્ઞાન અવ્યવહિત પૂર્વકાળમાં નથી, પણ વ્યવહિત પૂર્વકાળમાં છે. એટલે તે જ્ઞાન તો ઉત્પન્ન થઇને નષ્ટ પણ થઇ ગયું હોય છે. માટે એમ કહો કે કાર્યથી પૂર્વકાળમાં હેતુ હોવો જોઇએ. પછી તે વ્યવહિત પૂર્વકાળમાં હો કે અવ્યવહિત પૂર્વકાળમાં હો. વળી, 'કાર્યથી અવ્યવહિત પૂર્વકાળમાં જ હેતુ હોવો જોઇએ' એ નિયમ જો માનીએ તો, "વિહિત કર્મ સ્વર્ગપ્રાપ્તિનો હેતુ છે, અને નિષિદ્ધકર્મ નરકપ્રાપ્તિનો હેતુ છે," એવી શાસ્ત્રની વાત અપ્રમાણ થઇ જશે! કેમકે કાયિક વાચિક માનસિક ક્રિયાનું નામ કર્મ છે. તે ક્રિયા કરી રહ્યા કે પછી નાશ પામી જાય છે, અને તે ક્રિયાનું ફળ જે સ્વર્ગ અને નરક તે તો ક્રિયા નાશ થઇ ગયા પછી લાંબે કાળે મળે છે. આ ઉપરથી માલમ પડશે કે સ્વર્ગ કે નરકપ્રાપ્તિના અવ્યવહિત પૂર્વકાળમાં વિહિત કે નિષિદ્ધ કર્મ હોતાં નથી, પણ વ્યવહિત પૂર્વકાળમાં હોય છે. જેમ વ્યવહિત પૂર્વકાળમાં શુભ કે અશુભ કર્મ સ્વર્ગપ્રાપ્તિ કે નરકપ્રાપ્તિનાં હેતુ છે, એવી જ રીતે વ્યવહિત પૂર્વકાળમાં થયેલું જે સર્પનું જ્ઞાન તે પણ દોરડીમાં સાપના અધ્યાસનો હેતુ હોઇ શકે.

૪૬ અધ્યાસનો હેતુ અવ્યવહિત પૂર્વકાળમાં હોય છે. (સિદ્ધાંત).

સિદ્ધાંતી—અધ્યાસનો હેતુ વ્યવહિત પૂર્વકાળમાં હોતો નથી. કેમકે, જો નાશ પામેલા જ્ઞાનથી અને નાશ પામેલા કર્મથી અધ્યાસ અને સ્વર્ગ-નરકની પ્રાપ્તિ માનશો, તો મરી ગયેલા કુંભારથી અને બળી ગયેલા દંડથી ઘડો થવો જોઇએ! કેમકે જેમ, દોરડીમાં સાપનો અધ્યાસ થયા પહેલાં વ્યવહિત પૂર્વકાળમાં સાપનું જ્ઞાન હોય છે, અને સ્વર્ગનરકની પ્રાપ્તિ પહેલાં વ્યવહિત પૂર્વકાળમાં શુભ અશુભ કર્મ હોય છે, તેમજ ઘટ ઉત્પન્ન થયા પહેલાં વ્યવહિત પૂર્વકાળમાં મરી ગયેલો કુંભાર અને બળી ગયેલો દંડ પણ છે,

માટે તેમનાથી ઘડો પણ ઉપજવો જોઇએ પણ ઉપજતો નથી, એ તો સૌ જાણે છે. માટે વ્યવહિત પૂર્વકાળમાં જે વસ્તુ હોય તે હેતુ નહિ, પણ અવ્યવહિત પૂર્વકાળમાં જે વસ્તુ હોય તેજ હેતુ હોઇ શકે છે.

વળી શુભ અશુભ કર્મ કર્યા પછી કાળાન્તરે મળનારાં સ્વર્ગ કે નરકનો હેતુ તે શુભાશુભ કર્મ જ નથી; પણ શુભ કર્મ પોતાના અવ્યવહિત ઉત્તર કાળમાં ધર્મની ઉત્પત્તિ કરે છે, અને અશુભ કર્મ અધર્મની ઉત્પત્તિ કરે છે. તે ધર્મ અધર્મ અંતઃકરણમાં જીવતા સુધી રહે છે, તેનાથી કાળાંતરે સ્વર્ગ-નરકની પ્રાપ્તિ થાય છે, અને તે પછી તે ધર્મ અધર્મ નાશ પામે છે. આવા અભિપ્રાયથી શાસ્ત્રમાં શુભાશુભ કર્મ અપૂર્વ દ્વારા ફળનાં હેતુ કહ્યાં છે—સાક્ષાત્ નહિ.

૪૭ અપૂર્વ અથવા અદૃષ્ટની સમજ.

અપૂર્વ એ ધર્મ અધર્મનું નામ છે; એને જ **અદૃષ્ટ** અને પુણ્યપાપ પણ કહે છે. કોઇ વખત ધર્મ અધર્મને ઉત્પન્ન કરનારી શુભ કે અશુભ ક્રિયાને પણ ધર્મ અધર્મ લોકો કહે છે. જેમ કોઇ શુભ ક્રિયા કરતો હોય, તેને લોકો એમ કહે છે કે "આ માણસ ધર્મ કરે છે" અને અશુભ ક્રિયા કરનારને એમ કહે છે કે "આ અધર્મ કરે છે." તેમાં શુભઅશુભ ક્રિયાનું નામ ધર્મ અધર્મ નથી, પણ શુભ અશુભ ક્રિયા ધર્મ અધર્મની જનક છે. માટે ક્રિયાને ધર્મ અધર્મ કહે છે. જેમ—ઘી આયુષ્યને વધારનાર હોવાથી શાસ્ત્રમાં ઘીને જ આયુષ્ય કહે છે, તેવું આ સમજવું.

આ રીતે કાર્યના અવ્યવહિત પૂર્વકાળમાં જ હેતુ હોય છે એ સિદ્ધ થયું.

૪૮ ઉપસંહાર સજાતીય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ છે.

સિદ્ધાંતી—દોરડીમાં સાપનો અધ્યાસ થતા પહેલાં અવ્યવહિત પૂર્વ-કાળમાં સર્પનું જ્ઞાન હોતું નથી, માટે સર્પનું જ્ઞાન એ રજ્જુમાં સર્પના અધ્યાસનો હેતુ નથી; પણ સર્પના જ્ઞાનનો સંસ્કાર જ રજ્જુમાં સાપના અધ્યાસનો હેતુ છે. તેમ છીંપમાં રૂપાના અધ્યાસનો હેતુ રૂપાના જ્ઞાનથી ઉપજેલો સંસ્કાર છે. એ રીતે બધા સંસ્કારો જ અધ્યાસના હેતુ છે. માટે સંસ્કારનો હેતુ વસ્તુનું જ્ઞાન છે. જેમ, શુભઅશુભ કર્મથી ઉપજેલો ધર્મ અધર્મ અંતઃકરણમાં રહે છે, તેમ વસ્તુના જ્ઞાનથી ઉત્પન્ન થયેલો સંસ્કાર પણ અંતઃકરણમાં રહે છે.

જે માણસને પૂર્વે સર્પનું જ્ઞાન નથી થયું, તેના અંતઃકરણમાં પણ બીજી વસ્તુઓના જ્ઞાનના સંસ્કાર તો રહેલા જ હોય છે, પણ તે સંસ્કા-રોથી દોરડીમાં સાપનો અધ્યાસ થાય નહિ. કેમકે જે વસ્તુનો અધ્યાસ થાય તેની સજાતીય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ છે પણ વિજાતીય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ હોઇ શકતો નથી. સાપનો સજા-તીય સાપ જ હોય છે, બીજું કોઈ હોતું નથી. સાપનું જ્ઞાન જેને પૂર્વે

હોતું નથી પણ અન્ય વસ્તુનું જ્ઞાન તેને હોય છે. તેને સજાતીય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર નહિ હોવાથી દોરડીમાં સાપનો અધ્યાસ થાય નહિ. આ રીતે અધ્યાસની પૂર્વે સજાતીય વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ છે.

વાદી—પણ **સત્ય** વસ્તુના જ્ઞાનનો સંસ્કાર જ અધ્યાસનો હેતુ છે; મિથ્યા વસ્તુના જ્ઞાનનો સંસ્કાર હેતુ નથી, એ વાત તો ખરી છે ને ?

સિદ્ધાંતી—એવો કાંઇ નિયમ નથી. એ વાત પાછળ સીંધણીના દષ્ટાંતથી પ્રતિપાદન કરેલી જ છે. માટે મિથ્યા વસ્તુના જ્ઞાનનો સંસ્કાર પણ અધ્યાસનો હેતુ હોઈ શકે છે.

૪૯ મિથ્યા વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ છે. એના સમર્થનમાં દૃષ્ટિસૃષ્ટિવાદનું દિગ્દર્શન.

સિદ્ધાંતી—મિથ્યા વસ્તુના જ્ઞાનથી જન્ય સંસ્કાર બંધના અધ્યાસમાં પણ હોય છે. પાછળ કહ્યું છે કે અહંકારથી આરંભીને તમામ અનાત્મ વસ્તુઓ અને તેના જ્ઞાનને **બંધ** કહે છે. " એ અનાત્મ વસ્તુઓ દોરડીમાં સાપની પેઠે જ્યારે પ્રતીત થાય ત્યારે જ હોય છે, અને પ્રતીત ન થતી હોય ત્યારે નથી હોતી. " એવો અમારો વેદ સંમત સિદ્ધાંત છે. આ કારણથી જ સુષુપ્તિમાં સઘળા પ્રપંચનો અભાવ પ્રતિપાદન કર્યો છે. સુષુપ્તિમાં કોઈ પદાર્થ પ્રતીત થતો નથી, માટે સર્વ પ્રપંચનો સુષુપ્તિમાં લય થાય છે. એનું નામ જ શાસ્ત્રમાં દષ્ટિસૃષ્ટિવાદ કહે છે.

દષ્ટિ એટલે અવિદ્યાની વૃત્તિ રૂપ જ્ઞાન. એ જ્ઞાન જે સમયે થાય તે જ સમયે સૃષ્ટિ (પદાર્થ-વિષય)ની ઉત્પત્તિ, તેનો વાદ એટલે કથન, તે દૃષ્ટિસૃષ્ટિવાદ કહેવાય છે. આ વિષે વિશેષ વિવેચન આગળ છઠ્ઠા તરંગમાં કરવામાં આવશે.

આ રીતે અનંત અહંકારાદિક અને તેનું જ્ઞાન ઉપજે છે અને લય થાય છે. વળી અહંકારાદિક અને તેના જ્ઞાનની એક સાથે જ ઉત્પત્તિ અને લય થાય છે. એટલે—જ્યારે અહંકારાદિક પ્રતીત થવા લાગે છે ત્યારે જ અહંકારાદિકની ઉત્પત્તિ થાય છે, અને તે પ્રતીતિ લય પામે છે ત્યારે અહંકારાદિકનો પણ લય થાય છે.

(નાશમાં અને લયમાં ભેદ છે તે ધ્યાનમાં રાખવો; નાશમાં વસ્તુ અસત્ થઇ જાય છે, અને લયમાં વસ્તુનો નાશ થતો નથી પણ તે અવિદ્યામાં લીન થઇ જાય છે–દેખાતી બંધ પડે છે. જેમ, ગાઢ અંધકારમાં નગરનાં ઘર દેખાતાં બંધ પડે ત્યારે એમ કહેવાય કે નગર અંધકારમાં લય પામી ગયું છે, અને પાછો પ્રકાશ થતાં દેખાવા માંડે ત્યારે ' ઉત્પન્ન થયું છે ' એમ કહેવાય છે, તેવું જ અહીં છે.)

અહંકારાદિક અને તેના જ્ઞાનનું નામ અધ્યાસ છે, એ વાત અનિર્વચનીય ખ્યાતિના પ્રસંગમાં કહેવામાં આવશે.

જો કે અહંકાર સાક્ષી ભાસ્ય છે એ વાત વિષય પ્રતિપાદનમાં કહી છે, માટે અહંકારની પ્રતીતિ સાક્ષી રૂપ છે, તેની ઉત્પત્તિ અને લય થાય નહિ, તથાપિ અહંકારનો પ્રકાશ પણ સાક્ષી વૃત્તિ દ્વારા કરે છે—સાક્ષાત્ કરતો નથી,–અને વૃત્તિનો તો ઉત્પત્તિ લય થાય છે; માટે અહંકારની પ્રતીતિની ઉત્પત્તિ અને લય કહી શકાય છે.

આ રીતે પૂર્વ પૂર્વ મિથ્યા અહંકારાદિકના જ્ઞાનથી ઉપજેલા સંસ્કારને લીધે ઉત્તર ઉત્તર (એટલે પછીના) અહંકારાદિક અને તેના જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તાત્પર્ય કે મિથ્યા વસ્તુના જ્ઞાનનો સંસ્કાર અધ્યાસનો હેતુ બને છે.

૫૦ અધ્યાસનું અનાદિપણું.

વાદી—તમે કહો છો તેમ પૂર્વ પૂર્વ અધ્યાસનો સંસ્કાર ઉત્તર ઉત્તર અધ્યાસનો હેતુ સંભવે છે. પણ સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલો જે અહંકાર અને તેનું જ્ઞાન, તેનો હેતુ તો પૂર્વ અધ્યાસનો સંસ્કાર હોઇ શકે નહિ; કેમકે જો પ્રથમ અધ્યાસની પહેલાં કોઇક અધ્યાસ હોત, તો તેનો સંસ્કાર એ પ્રથમ અધ્યાસનો હેતુ બનત; પણ પ્રથમ અધ્યાસની પેહેલાં કોઇ અધ્યાસ હોય જ નહિ. માટે સઘળી વસ્તુઓના પ્રથમ અધ્યાસનો હેતુ સંસ્કાર હોઇ શકે નહિ.

સિદ્ધાંતી—આ શંકા પણ તમને સિદ્ધાંતના અજ્ઞાનથી ઉપજી છે. કેમકે વેદાંતનો આવો સિદ્ધાંત છેઃ—* (૧) બ્રહ્મ ચૈતન્ય, (૨) ઇશ્વર, (૩) જીવ, (૪) અવિદ્યા, (૫) અવિદ્યા અને ચૈતન્યનો સંબંધ, (૬) એ પાંચેનો પરસ્પર ભેદ, એ ૭ વસ્તુ સ્વરૂપથી અનાદિ છે. જે વસ્તુની ઉત્પત્તિ હોય નહિ તે વસ્તુ સ્વરૂપથી અનાદિ કહેવાય છે. એ ૭ ની ઉત્પત્તિ થતી નથી માટે એ ૭ વસ્તુઓ સ્વરૂપથી અનાદિ છે. પં. પિતામ્બરદાસજી એનું વિશેષ વિવરણ કરે છે કે—

(૧) **બ્રહ્મનું અનાદિત્વ**—બ્રહ્મ અવિદ્યાનું અધિષ્ઠાન છે, માટે બ્રહ્મની અવિદ્યાથી (મૂળ પ્રકૃતિથી) ઉત્પત્તિ સંભવે નહિ. જીવ ઇશ્વર વગેરે બીજાં ચારની સિદ્ધિ તો બ્રહ્મ વિના થાય એમ નથી માટે તે ચારથી પણ બ્રહ્મની ઉત્પત્તિ સંભવે નહિ. માટે ઉત્પત્તિ રહિત હોવાથી બ્રહ્મ અનાદિ છે.

(૨) **અવિદ્યાનું અનાદિત્વ**—બ્રહ્મ નિર્વિકાર છે. માટે તેનાથી અવિદ્યાની ઉત્પત્તિ થાય નહિ; અને ઇશ્વર વગેરે ચારની સિદ્ધિ તો અવિદ્યાને

---

* **जीवईशौ विशुद्धाचित् विभागश्च तयोर्द्वयोः । अविद्या तच्चितोर्योगः षडस्माकमनादयः ॥**

અધીન છે, માટે તેમનાથી પણ અવિદ્યાની ઉત્પત્તિ સંભવે નહિ. માટે અવિદ્યા પણ અનાદિ છે.

(૩-૪) **ઇશ્વર અને જીવનું અનાદિત્વ**—એકલા બ્રહ્મથી કે એકલી અવિદ્યાથી, અથવા ઇશ્વરથી જીવની કે જીવથી ઇશ્વરની ઉત્પત્તિ સંભવતી નથી. તેમજ એ ચારેના પરસ્પરના ભેદથી પણ જીવ ઈશ્વરની ઉત્પત્તિ સંભવતી નથી. માત્ર અવિદ્યા અને ચૈતન્યના સંબંધથી જીવ અને ઇશ્વરને સિદ્ધ કરી શકાય છે, પણ તે સંબંધ પણ અનાદિ હોવાથી ઉત્પત્તિ રહિત છે, માટે તે સંબંધથી ઇશ્વર જીવની ઉત્પત્તિ કહી શકાય નહિ. અર્થાત્ સંબંધ અનાદિ છે માટે જીવ ઇશ્વિર પણ અનાદિ છે.

(૫) **અવિદ્યા અને ચેતનના સંબંધનુ અનાદિત્વ**—બ્રહ્મ અને અવિદ્યા અનાદિ છે માટે તેમનો તાદાત્મ્ય સંબંધ પણ અનાદિ છે, માટે તેમનાથી સંબંધની ઉત્પત્તિ થઈ શકે નહિ. અને ઇશ્વર, જીવ, અને દરેકનો પરસ્પર ભેદ, એ ત્રણની સિદ્ધિનો આધાર એ સંબંધ ઉપર છે માટે એ ત્રણથી પણ સંબંધની ઉત્પત્તિ સંભવે નહિ. માટે અવિદ્યા અને ચેતનનો તાદાત્મ્ય સંબંધ અનાદિ છે.

(૬) **પરસ્પર ભેદનું અનાદિત્વ**—બ્રહ્મ, ઇશ્વિર, જીવ, અવિદ્યા, અને ચૈતન્ય તથા અવિદ્યાનો સંબંધ, એ પાંચે વસ્તુઓની ઉત્પત્તિ પોતપોતાનામાંથી થયેલી માનીએ તો ‘આત્માશ્રય’ દોષ આવે; માટે તેમની ઉત્પત્તિ નથી થઇ એમજ માનવું જોઈએ. અને તેથી જ તેમના પરસ્પરના ભેદની ઉત્પત્તિ પણ ન થયેલી હોવાથી તે ભેદ પણ અનાદિ છે.

એ રીતે એ ૭ વસ્તુઓની ઉત્પત્તિ નથી તેથી તે સ્વરૂપથી અનાદિ છે. તેમાં—

(૧) બ્રહ્મ ત્રણે કાળમાં અબાધ્ય (બાધ રહિત) છે. માટે અનાદિ છે અને અનંત પણ છે.

(૨) અવિદ્યા વગેરે પાંચ જ્ઞાનવડે બાધ થઈ શકે એવાં છે, માટે અનાદિ છતાં પણ સાંત (અંતવાળાં) છે.

વાદી—અહંકારાદિકની તો શ્રુતિમાં ઉત્પત્તિ કહી છે!

સિદ્ધાંતી—અમે અહંકારને ક્યારે સ્વરૂપથી અનાદિ કહીએ છીએ. અહંકારાદિક સર્વ વસ્તુ પ્રવાહરૂપથી અનાદિ છે. કેમકે સર્વ વસ્તુઓને પ્રવાહ કાંઈ દૂર થઇ શકતો નથી. અનાદિ કાળમાં એવો કોઈ સમય નથી આવ્યો કે જેમાં કોઇ ઘડો થયો ન હોય! માટે ઘડાનો પ્રવાહ અનાદિ છે. અને એ રીતે બધી વસ્તુઓનો પ્રવાહ અનાદિ છે. પ્રલય કાળમાં પણ સુષુપ્તિની પેઠે સર્વ વસ્તુઓ સંસ્કાર રૂપ થઇને રહે છે.

સંસારનો પ્રવાહ અનાદિ હોવાથી સંસારને પ્રવાહરૂપથી અનાદિ કહેવામાં આવે છે. વળી જેમ દોરડીમાં સાપનો ભ્રમ થાય છે ત્યારે દોરડીમાં

પણ અનાદિ કાળથી સાપ હોય એવો ભાસ થાય છે, પરંતુ દોરડીનું જ્ઞાન થવાથી દોરડીમાં ત્રણે કાળમાં સાપ નહોતો એવો પણ નિશ્ચય થઈ જાય છે; તેમ જ પ્રપંચ પણ આરોપ દશામાં (અધ્યાસ થયો હોય ત્યારે) પ્રવાહ રૂપે અનાદિ સિદ્ધ ભાસે છે, પણ અધિષ્ઠાન રૂપ બ્રહ્મનું જ્ઞાન થયા પછી ત્રણે કાળમાં પ્રપંચ હતો જ નહિ એવો (ત્રિકાલાભાવ નિશ્ચય રૂપ) બાધ થાય છે. આમ હોવાથી પ્રપંચને પ્રવાહ રૂપથી અનાદિ સાંત કહેવામાં આવે છે.—પં. પિં૦

આવું જ્ઞાન જેને નથી હોતું તેને આવી શંકા થાય છે કે–"પ્રથમ અધ્યાસનો હેતુ 'સંસ્કાર' સંભવતો નથી." પણ સિદ્ધાંતમાં તો કોઇ અહંકારાદિક વસ્તુનો અધ્યાસ સર્વથી પ્રથમ છે જ નહિ, પણ સઘળા અધ્યાસ પોતપોતાની પહેલાંના અધ્યાસની પછીથી જ થયેલા હોય છે.

આ રીતે પૂર્વના સજાતીય વસ્તુના જ્ઞાનથી ઉપજેલા સંસ્કારને લીધે અહંકારાદિક બંધનો અધ્યાસ બને છે. એવો કવિતના પ્રથમ પાદનો અર્થ છે.

૫૨ પ્રમેયની સાથે મિથ્યા વસ્તુનો સાદૃશ્ય દોષ અધ્યાસનો હેતુ નથી.

વાદી—વારુ, સજાતીય પૂર્વ જ્ઞાનજન્ય સંસ્કારથી અધ્યાસ સંભવે છે, એમ તમે સિદ્ધ કર્યું. પણ બંધનો અધ્યાસ થવામાં પ્રમેયગત દોષ, પ્રમાણ ગત દોષ અને પ્રમાતા ગત દોષ હોવાની જરૂર છે એમ મેં પાછળ કહ્યું છે; તમારા કહેવામાં એવો કોઈ દોષ હેતુરૂપે તમે બતાવ્યો નથી માટે બંધ અધ્યાસ રૂપ નહિ, પણ સત્ય હોવો જોઇએ.

સિદ્ધાંતી—એ તમારી શંકા બરોબર નથી. કેમકે જો તમે કહ્યા તેવા દોષ વિના અધ્યાસ ન જ બનતો હોત, તો તમારી શંકા ખરી ઠરત. જેમ કપડું બનવામાં સાળ, કાંઠલો, અને સૂતર, એ ત્રણ વસ્તુની ખાસ જરૂર હોય છે; જો એ ત્રણમાંથી એકાદ ન હોય તો કપડું બને નહિ. તેમ દોષ વિના અધ્યાસ ન બનતો હોત તો દોષને અધ્યાસનો હેતુ કહી શકાત; પણ તમે પ્રમેયમાં સાદૃશ્ય (સરખાપણાનો) દોષ અધ્યાસનો હેતુ કહ્યો છે, તે સાદૃશ્ય દોષ પણ અધ્યાસનો હેતુ નથી. કેમકે સાદૃશ્ય વિના પણ આત્મામાં જાતિનો અધ્યાસ થાય છે.

વાદી—શી રીતે?

સિદ્ધાંતી—જુઓ, બ્રાહ્મણત્વ વગેરે 'જાતિ' કહેવાય છે. (અનેક વ્યક્તિઓમાં રહેલો એક ધર્મ તે જાતિ કહેવાય છે. જેમ, તમામ ઘડાઓમાં ઘટત્વ અથવા ઘડાપણું, તમામ ગાયોમાં ગોત્વ અથવા ગાયપણું, એવા સામાન્ય ધર્મને જાતિ કહે છે.) આ બ્રાહ્મણત્વ વગેરે જાતિ સ્થૂલ શરીરનો ધર્મ છે; આત્માનો કે સૂક્ષ્મ શરીરનો ધર્મ નથી. કેમકે જ્યારે

બીજો જન્મ થાય છે ત્યારે આત્મા અને સૂક્ષ્મ શરીર તો તેનાં તેજ રહે છે, અને જાતિ બદલાઇ પણ જાય છે. એવો કાંઇ નિયમ નથી કે—પૂર્વ શરીરમાં જે જાતિ હોય તેજ પછીના શરીરમાં પણ હોવી જોઇએ. અર્થાત્ જો બ્રાહ્મણત્વ વગેરે જાતિ આત્માનો કે સૂક્ષ્મ શરીરનો ધર્મ હોત તો પછીના શરીરમાં બીજી કોઇ જાતિ ન થવી જોઇએ. આથી સ્પષ્ટ સમજાશે કે આત્મા કે સૂક્ષ્મ શરીરનો ધર્મ જાતિ નથી, પણ સ્થૂલ શરીરનો ધર્મ છે.

એમ છતાં,—હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું, હું વૈશ્ય છું, ઇત્યાદિ બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ, જાતિનું આત્મામાં ભાન થાય છે, માટે આત્મામાં જાતિનો અધ્યાસ છે. જેમ દોરડીમાં સાપ ખરી રીતે ન હોવા છતાં પણ તેમાં (દોરડીમાં) સાપનું ભાન થાય છે, માટે તે અધ્યાસ કહેવાય છે, તેમજ આત્મામાં જાતિ ન છતાં તેમાં જાતિનુ ભાન થાય છે, તે પણ આત્મામાં જાતિનો અધ્યાસ જ છે.

આત્મા સાથે જાતિનું સાદશ્ય નથી. કેમકે—

(૧) આત્મા વ્યાપક છે અને જાતિ પરિચ્છિન્ન છે.

(૨) આત્મા પ્રત્યક્ છે અને જાતિ પરાક્ છે.

(૩) આત્મા વિષયી છે અને જાતિ વિષય છે.

આ રીતે આત્માથી વિરોધી 'જાતિ'નો પણ આત્મામાં અધ્યાસ થાય છે.

જેવી રીતે આત્મામાં સાદશ્ય વિના પણ જાતિનો અધ્યાસ થાય છે, તેજ રીતે સાદશ્ય વિના અહંકારાદિક બંધ છે તેનો પણ અધ્યાસ આત્મામાં સંભવે છે.

આ રીતે સાદશ્ય દોષ અધ્યાસનો હેતુ નથી. જો સાદશ્ય દોષ અધ્યાસનો હેતુ હોત તો—

(૧) આત્મામાં જાતિનો અધ્યાસ ન થવો જોઇએ.

(૨) શંખમાં પીળાપણાનો અધ્યાસ ન થવો જોઇએ.

(૩) સાકરમાં કડવાશનો અધ્યાસ ન થવો જોઇએ.

કેમકે એ ત્રણે ઉદાહરણોમાં અધિષ્ઠાન (પ્રમેય) અને મિથ્યા વસ્તુ સાથે સાદશ્ય નથી, પણ વિરોધ છે. માટે અધિષ્ઠાનમાં મિથ્યા વસ્તુનું સાદશ્ય અધ્યાસનો હેતુ નથી.

૫૨ પ્રમાતાનો દોષ અધ્યાસનો હેતુ નથી.

સિદ્ધાંતી—એજ પ્રમાણે પ્રમાતામાં રહેલા લોભ ભય આદિક દોષ પણ અધ્યાસના હેતુ નથી, કેમકે જે લોભ રહિત વૈરાગ્યવાન પુરૂષો છે,

તેમને પણ છીપમાં રૂપાનો અધ્યાસ થાય છે. જો લોભ વગેરે અધ્યાસનો હેતુ હોત તો તેવા વૈરાગ્યશીલ પુરૂષોને રૂપાનો અધ્યાસ ન થવો જોઇએ. માટે પ્રમાતાદોષ અધ્યાસનો હેતુ નથી.

૫૩ પ્રમાણુનો દોષ અધ્યાસનો હેતુ નથી.

એજ પ્રમાણે પ્રમાણુનો દોષ પણ અધ્યાસનો હેતુ નથી. કેમકે આકાશ રૂપ રહિત છે એટલે તેમાં રંગ વગેરે રૂપ નથી. એમ છતાં તે બધાં માણુસોને નીલ રૂપવાળુ પ્રતીત થાય છે, તેમ કડાયાના આકારનું અથવા ધુમટના આકારનું પ્રતીત થાય છે. માટે બધાં મનુષ્યોને આકાશમાં નીલરૂપનો તથા કડાયાના કે ધુમટના આકારનો અધ્યાસ થાય છે. અને બધાંજ માણસોનાં નેત્રરૂપી પ્રમાણુમાં દોષ કહેવો સંભવતો નથી. માટે પ્રમાણુ દોષ અધ્યાસનો હેતુ નથી.

આકાશમાં જે નીલરૂપ વગેરેનો અધ્યાસ થાય છે તેમાં ફકત પ્રમાણુ દોષનોજ અભાવ છે એમ નથી, પણ બીજા બધા દોષોનો અભાવ છે. એટલે પ્રમેયગત સાદશ્ય દોષ પણ નથી અને પ્રમાતનો લોભ ભયાદિ દોષ પણ નથી. જેમ બધા દોષનો અભાવ છતાં પણ આકાશમાં નીલરૂપતા વગેરેનો અધ્યાસ થાય છે, તેજ પ્રમાણે આત્મામાં પણ પ્રમાણુ વગેરેના દોષ વિનાજ બંધ રૂપ અધ્યાસ બની શકે છે. માટે દોષ વિના અધ્યાસ બને નહિ, એવી શંકા કરવી નકામી છે.

આ રીતે બંધના અધ્યાસમાં દોષની અપેક્ષા નથી, માટે દોષ અધ્યાસનો હેતુ નથી. એમ છતાં સંક્ષેપ શારીરક વગેરે ગ્રંથોમાં બંધના અધ્યાસનું નિરૂપણુ કરતાં દોષનું પણ પ્રતિપાદન કર્યું છે, પણ વિસ્તારના ભયથી તે અમે અહીં લખતા નથી; અને વળી જો અધ્યાસનો હેતુ દોષ હોત તો અમે તેનું નિરૂપણુ અહીં કરત, પણ દોષ અધ્યાસનો હેતુ નથી, માટે પણ દોષનુ નિરૂપણુ કર્યું નથી.

કારણુ અધ્યાસનું નિરૂપણુ.

૫૪ સામાન્ય ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી નથી.

दोहा-चित्सामान्य प्रकाशतैं, नहीं नसै अज्ञान ।
लहै प्रकाश सुषुप्तिमें, चेतन तैं अज्ञान ॥ १४ ॥

અર્થ—ચૈતન્યના સામાન્ય પ્રકાશથી અજ્ઞાનનો નાશ થતો નથી; કેમકે સુષપ્તિમાં ચૈતન્ય વડે અજ્ઞાન પ્રકાશ પામે છે. ૧૪

શિ૦ અત્યાર સુધી કાર્ય અધ્યાસનું નિરૂપણુ કર્યું છે, કેમકે અધ્યાસનું કારણુ અજ્ઞાન છે, અને તેનું કાર્ય અહંકારાદિક સઘળો પ્રપંચ છે. આત્મામાં આત્મા દેખાવો જોઇએ તેને ઠામે અહંકારાદિક પ્રપંચ દેખાય છે તે અધ્યાસ છે અને તેનું કારણુ અજ્ઞાન છે. એ અજ્ઞાન પણ અધ્યાસ

રૂપ છે, કેમકે આત્મા ન દેખાતાં અજ્ઞાનજ દેખાય છે. આ રીતે અધ્યાસનું કારણ પણ અધ્યાસ રૂપ હોવાથી તેને કારણઅધ્યાસ કહેવામાં આવે છે.

વાદિ—એમ કહેશો તો અજ્ઞાન રૂપી અધ્યાસનું કારણ વળી બીજું અજ્ઞાન કલ્પવું પડશે !

સિદ્ધાંતી—એમ કલ્પવાની જરૂર નથી. દીવો જેમ પોતાને પ્રકાશ રૂપ જણાવવાની સાથે બીજી વસ્તુઓનો પણ પ્રકાશ કરે છે, તેમજ તેથી ઉલટી રીતે, અજ્ઞાન પોતે ઢંકાઇને બીજી વસ્તુને (આત્માને) પણ ઢાંકે છે. અર્થાત્ પોતે અધ્યાસ રૂપ બનીને બીજી વસ્તુઓને અધ્યાસ રૂપ બનાવે છે.

વાદી—અંધકાર જેવું અજ્ઞાન પ્રકાશ રૂપ આત્માને ઢાંકે એ તો શી રીતે બને ? મેં પહેલાં કહ્યું જ છે કે-વિશેષ રૂપથી અજ્ઞાત (ન જાણેલી) વસ્તુમાં અજ્ઞાનથી અધ્યાસ થાય છે. આત્મા સ્વયંપ્રકાશ છે માટે તેનામાં અજ્ઞાન હોય નહિ કેમકે અંધકાર અને પ્રકાશનો પરસ્પર વિરોધ છે. માટે જેમ અત્યંત પ્રકાશમાં પડેલી દોરડીમાં સાપનો અધ્યાસ થતો નથી તેમ સ્વયંપ્રકાશ આત્મામાં બંધનો અધ્યાસ બને નહિ.

સિદ્ધાંતી—તમે જે શંકા કરો છો તે સંભવતી નથી. કેમકે, જો કે આત્મા પ્રકાશ રૂપ છે તથાપિ આત્માનું એ પ્રકાશ રૂપ અજ્ઞાનનું વિરોધી નથી. જો આત્મા રૂપી પ્રકાશ અજ્ઞાનનો વિરોધી હોય, તો સુષુપ્તિ કાળમાં પ્રકાશ રૂપ આત્મા વિષે અજ્ઞાન પ્રતીત થાય છે તે ન થવું જોઇએ.

ગાઢ નિદ્રામાંથી જાગેલા માણસને આવુ જ્ઞાન થાય છે-કે, " હું સુખથી ઊંઘ્યો અને મેં કાંઇ પણ જાણ્યું નથી." એ જ્ઞાનનો વિષય-સુખ અને અજ્ઞાન છે. એ સુખ અને અજ્ઞાનનું જે જાગ્યા પછી જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષજ્ઞાન નથી; કેમકે જ્ઞાનનો વિષય સન્મુખ હોય તે પ્રત્યક્ષ જ્ઞાન રૂપ કહેવાય છે. પણ જાગ્રત કાળમાં તો તે સુખ અને અજ્ઞાન' છે નહિ. માટે જાગ્રતમાં 'સુખ અને અજ્ઞાન'નું જ્ઞાન પ્રત્યક્ષ નહિ, પણ સ્મૃતિ રૂપ કહેવાય. હવે એ સ્મૃતિ અજ્ઞાત (ન જાણેલી) વસ્તુની હોતી નથી, પણ જાણેલી વસ્તુની હોય છે. માટે સુષુપ્તિ કાળમાં સુખ અને અજ્ઞાન જાણેલું છે અથવા તેનું જ્ઞાન હોય છે. એ સુષુપ્તિનું જ્ઞાન અંત;કરણ અને ઈંદ્રિયોથી ઉપજેલું નથી, કેમકે સુષુપ્તિમાં અંતઃકરણ તથા ઈંદ્રિયો હોતાં નથી; તેથી સુષુપ્તિનું જ્ઞાન આત્મ સ્વરૂપજ હોય છે. જ્ઞાન અને પ્રકાશનો એકજ અર્થ છે.

આ રીતે સુષુપ્તિમાં આત્મા પ્રકાશ રૂપ છે. તથા તે પ્રકાશ રૂપ આત્માથી સ્વરૂપ સુખ અને અજ્ઞાનની પ્રતીતિ થાય છે. જો આત્મ સ્વરૂપ પ્રકાશ અજ્ઞાનનો વિરોધી હોય તો સુષુપ્તિમાં અજ્ઞાનની પ્રતીતિ નહિ

થવી જોઇએ. માટે આત્મા પ્રકાશ રૂપ છતાં આત્માનું સ્વરૂપ જે પ્રકાશ તે અજ્ઞાનનો વિરોધી નથી; ઉલટું, આત્માનું સ્વરૂપ જે પ્રકાશ તે અજ્ઞાનનો સાધક (પ્રકાશક) છે.

આ અભિપ્રાયથીજ વેદાંત શાસ્ત્રમાં કહ્યુ છે કે-સામાન્ય ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી નથી, પણ વિશેષ ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી છે.

વ્યાપક ચૈતન્યને સામાન્ય ચૈતન્ય કહે છે.

અંતઃકરણની વૃત્તિમાં રહેલા ચૈતન્યને વિશેષ ચૈતન્ય કહે છે.

જેમ-લાકડામાં રહેલો જે સામાન્ય અગ્નિ છે તે અંધકારનો વિરોધી નથી, પણ તે લાકડાંના મંથનથી પ્રકટ થયેલો અગ્નિ દીવાની વાટમાં રહેલો હોય ત્યારે અંધકારનો વિરોધી હોય છે. એજ પ્રમાણે વ્યાપક ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી નથી, પરંતુ વેદાંતના વિચારથી અંતઃકરણની જે બ્રહ્માકાર વૃત્તિ થઇ હોય છે, તેમાં રહેલુ ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી છે.

આ રીતે કેવળ ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી નથી, પણ-

(૧) વૃત્તિ સહિત ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી છે. અથવા—

(૨) ચૈતન્ય સહિત વૃત્તિ અજ્ઞાનની વિરોધી છે.

(૧) પ્રથમ પક્ષમાં અજ્ઞાનના નાશનો હેતુ ચૈતન્ય છે અને વૃત્તિ તેમાં સહાય કરનારી છે.

(૨) બીજા પક્ષમાં અજ્ઞાનના નાશનો હેતુ વૃત્તિ છે અને ચૈતન્ય તેમાં સહાયક છે.

આ અવચ્છેદવાદની રીતિ છે. (અવચ્છેદવાદ શું છે, તે વિષે આગળ કહેવાશે.) પણ એ બે પક્ષમાં બીજો પક્ષ શ્રેષ્ઠ છે, કેમકે અજ્ઞાનકૃત આવરણભંગની હેતુ વૃત્તિ છે.

આભાસવાદમાં (એ પણ આગળ કહેવાશે) તો સામાન્ય ચૈતન્યની પેઠે વિશેષ ચૈતન્યને અજ્ઞાનનું વિરોધી માનેલું નથી, પણ વૃત્તિ સહિત આભાસ, અથવા આભાસ સહિત વૃત્તિને અજ્ઞાનની વિરોધી માનેલી છે.

આ રીતે પ્રકાશરૂપ ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી નથી માટે ચૈતન્યને આશ્રિત અજ્ઞાન છે. તે અજ્ઞાનથી ઢંકાયલા આત્મામાં બંધનો અધ્યાસ સંભવે છે.

તમે (વાદીએ) કહ્યું હતું કે સૂર્યમાં જેમ અંધકાર ઘટતો નથી, તેમ સ્વપ્રકાશરૂપ આત્મામાં અજ્ઞાન ઘટતું નથી, તેનો ખુલાસો પણ થઇ ગયો છે. કેમકે સૂર્યાદિક પ્રકાશ તેજ નામના મહાભૂતનું વિશેષ રૂપ છે, સામાન્યરૂપ નથી, અને તેથી અંધકારનું વિરોધી છે. અને આત્માનું સ્વરૂપ સામાન્ય પ્રકાશ રૂપ છે, વિશેષ પ્રકાશ રૂપ નથી, તેથી અજ્ઞાનું વિરોધી નથી.

તેથી દૃષ્ટાંત (સર્પ) અને સિદ્ધાંત (ચેતન) નીવિષમતાને લીધે તમે કરેલી શંકાને સ્થાન નથી—પં. પિ.

૫૫ સામાન્યરૂપથી જણાયલા આત્મામાં અધ્યાસ બને છે.

વાદી—મેં પહેલાં કહ્યું છે કે, સામાન્યરૂપથી જ્ઞાત અને વિશેષરૂપથી અજ્ઞાત વસ્તુમાં અધ્યાસ બને છે. પરંતુ આત્મામાં સામાન્ય વિશેષભાવ છે નહિ, માટે નિર્વિશેષ એવો આત્મા સામાન્ય રૂપે જ્ઞાત અને વિશેષરૂપે અજ્ઞાત સંભવતો નથી, માટે આત્મામાં અધ્યાસ હોઈ શકે નહિ.

સિદ્ધાંતી—એ કહેવું યથાર્થ નથી. કેમકે 'આત્મા છે' એવી પ્રતીતિ સહુ કોઇને થાય છે. **આત્મા** એવું નામ પોતાના સ્વરૂપનું છે. 'હું નથી' એવી પ્રતીતિ કોઇને થતી નથી, પણ 'હું છું' એવી જ પ્રતીતિ સર્વને થાય છે. માટે સત્ રૂપે કરીને આત્માનું ભાન સર્વને થાય છે, પણ 'આત્મા ચૈતન્ય, આનંદ, વ્યાપક, નિત્યશુદ્ધ, નિત્યમુક્ત છે' એવી પ્રતીતિ સર્વને થતી નથી. માટે ચૈતન્ય, આનંદ, વ્યાપક, નિત્યશુદ્ધ, નિત્યમુક્ત, રૂપથી આત્મા અજ્ઞાત છે અને સત્ રૂપે કરીને જ્ઞાત છે, એ વાત અનુભવ સિદ્ધ છે. અને અનુભવસિદ્ધ બાબત હોય તે યુક્તિથી ખોટી ઠરાવી શકાય નહિ. તેથી-

૫૬ આત્માના સામાન્ય અને વિશેષરૂપની સમજ.

(૧) આત્માનું જે સત્ રૂપ સહુને પ્રતીત થાય છે તે આત્માનું સામાન્ય રૂપ છે.

(૨) ચૈતન્ય, આનંદ, ઇત્યાદિ આત્માનું જે રૂપ ફક્ત જ્ઞાનીને જ પ્રતીત થાય છે તે આત્માનું વિશેષ રૂપ છે.

(૧) જે અધિક દેશમાં અને અધિક કાળમાં હોય તે સામાન્યરૂપ કહેવાય છે.

(૨) જે ન્યૂન દેશમાં અને ન્યૂન કાળમાં હોય તે વિશેષરૂપ કહેવાય છે.

જો કે આત્માનું સ્વરૂપ જ ચેતન આનંદ વગેરે છે માટે 'સત્'ની પેઠે ચેતન આનંદાદિક પણ સર્વત્ર વ્યાપક છે. સતની અપેક્ષાથી ચેતન આનંદાદિકને ન્યૂન દેશમાં, અને ચેતન આનંદાદિકની અપેક્ષાથી સત્ રૂપને અધિકદેશમાં વ્યાપક કહેવું સંભવતું નથી, અને તેથી 'સતરૂપ' આત્માનો સામાન્ય અંશ છે અને ચેતન આનંદાદિક વિશેષ અંશ છે, એમ કહેવું પણ સંભવતું નથી, તથાપિ સતની પ્રતીતિ સર્વને અવિદ્યાકાળમાં પણ થાય છે અને 'ચેતન આનંદરૂપ આત્મા છે' એવી પ્રતીતિ સર્વને અવિદ્યાકાળમાં થતી નથી—ફક્ત જ્ઞાનીને જ થાય છે. અવિદ્યાકાળમાં ચેતન, આનંદ, મુક્તતા, શુદ્ધતા, છે તો ખરાં પણ પ્રતીત થતાં નથી, માટે તે હોઇને ન હોવા સમાન છે. આવા અભિપ્રાયથી—

(૧) ચૈતન્ય આનંદ વગેરે ન્યૂન કાળ વૃત્તિ (થોડા વખત પ્રતીત થનારાં) કહીએ છીએ. અને–

(૨) સત્ રૂપ અધિકકાળ વૃત્તિ કહીએ છીએ.

આ રીતે સત્ રૂપને અને ચેતન આનંદ આદિક રૂપને સામાન્ય વિશેષ ભાવ ન છતાં પણ અલ્પકાળ કે અધિકકાળમાં પ્રતીતિ થવાથી સામાન્ય વિશેષ ભાવની પેઠે જણાય છે. અને તેથીજ—

(૧) આત્માનું 'સત્ રૂપ' સામાન્ય અંશ કહેવાય છે. અને–

(૨) ચેતન આનંદ વગેરે વિશેષ અંશ કહેવાય છે.

આ રીતે હોવાથી 'આત્મા નિર્વિશેષ છે' એ સિદ્ધાંતની હાનિ થતી નથી. જો આત્મામાં ખરેખર સામાન્ય વિશેષ ભાવ અંગીકાર કરીએ તો 'આત્મા નિર્વિશેષ છે'એ સિદ્ધાંતની હાનિ થાય; પણ આત્મામાં સામાન્ય વિશેષ ભાવ ન માનતાં અવિદ્યાથી સામાન્ય વિશેષની પેઠે પ્રતીત થાય છે, માટે સામાન્ય વિશેષભાવ કહ્યો છે.

આ રીતે સત્ રૂપે કરીને જ્ઞાત, અને ચેતન, આનંદ, નિત્ય શુદ્ધ, નિત્યમુક્ત, બ્રહ્મ રૂપે અજ્ઞાત આત્મામાં બંધનો અધ્યાસ સંભવે છે. તથા અધ્યાસરૂપ બંધની જ્ઞાનથી નિવૃત્તિ પણ સંભવે છે, માટે ગ્રંથનું પ્રયોજન પણ સંભવે છે.

એક ભવિકવાદનું ખંડન.

૫૭ નિત્ય નૈમિત્તિક કર્મથી સ્વર્ગફળ થાય છે.

વાદી—પાછળ મેં કહ્યું છે કે નિષિદ્ધ કર્મનો તથા કામ્ય કર્મનો ત્યાગ કરીને નિત્ય, નૈમિત્તિક, અને પ્રાયશ્ચિત્ત કર્મ કરવાં.

સિદ્ધાંતી—શા માટે ?

વાદી—નિષિદ્ધ કર્મ નહિ કરવાથી નીચા લોકની પ્રાપ્તિ નહિ થાય; કામ્ય કર્મ નહિ કરવાથી ઉત્તમ લોકની પ્રાપ્તિ નહિ થાય, નિત્ય નૈમિત્તિક કર્મ નહિ કરવાથી જે પાપ થાય છે, તે નિત્ય નૈમિત્તિક કર્મ કરવાથી નહિ થાય; તથા આ જન્મ કે પાછલા જન્મોમાં જે પાપ કર્યાં હશે તેનો સાધારણ તથા અસાધારણ પ્રાયશ્ચિત્ત કર્મ કરવાથી નાશ થશે; તેમજ પૂર્વે કરેલાં કામ્ય કર્મના ફળની ઇચ્છા નિવૃત્ત થઇ જવાથી મુમુક્ષુને તેનું ફળ ભોગવવા જન્મ લેવો નહિ પડે. આ રીતે મુમુક્ષુને જ્ઞાન વિના જ જન્મ મરણનો ફેરો ટળી જવારૂપ મોક્ષ મળે છે.

સિદ્ધાંતી—તમે કહી તે વાત બરાબર નથી. કેમકે નિત્યનૈમિત્તિક કર્મોનું પણ સ્વર્ગ ફળ થાય છે. આ વાત ભાષ્યકારે પણ યુક્તિ અને પ્રમાણથી પ્રતિપાદિત કરી છે. માટે નિત્યનૈમિત્તિક કર્મથી ઉત્તમ લોકની પ્રાપ્તિ થશે પણ જન્મમરણ મટશે નહિ.

જો નિત્યનૈમિત્તિક કર્મનું ફળ થાય છે એમ માન્ય નહિ રાખો તો તેવાં કર્મનો ઉપદેશ કરનારો વેદ નિષ્ફળ થશે. કેમકે જો નિત્યનૈમિત્તક કર્મ નહિ કરવાથી પાપ થતું હોત, તો તે પાપની અનુત્પત્તિ (ન ઉપજવું તે) તે કર્મનું ફળ કહેવાત; પણ ખરું જોતાં તો નિત્યનૈમિત્તિક કર્મ નહિ કરવાથી પાપ થતું જ નથી. કેમકે નિત્યનૈમિત્તિક કર્મ ન કરવાં, તે અભાવ રૂપ છે, અને પાપ ભાવરૂપ છે. અભાવથી ભાવની ઉત્પત્તિ થતી નથી. માટે નિત્યનૈમિત્તિક કર્મ નહિ કરવાથી પાપ થાય છે એમ કહેવું સંભવતું નથી. જો નિત્યનૈમિત્તિક કર્મ નહિ કરવાથી પાપની ઉત્પત્તિ થાય છે એમ માનીએ તો શ્રીભગવદ્‌ગીતામાં બીજા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે—"અભાવથી ભાવની ઉત્પત્તિ થતી નથી," એ વાક્ય સાથે વિરોધ આવશે. માટે નિત્યનૈમિત્તિક કર્મના અભાવથી ભાવરૂપ પાપની ઉત્પત્તિ સંભવતી નથી.

આ રીતે નિત્યનૈમિત્તિક કર્મનું ફળ પાપની અનુત્પત્તિ નથી પણ નિત્ય નૈમિત્તિકકર્મ વિના પણ પાપની અનુત્પત્તિ સિદ્ધ જ છે. માટે નિત્યનૈમિત્તિક કર્મનું ફળ સ્વર્ગ છે, એ વાત કબૂલ નહિ રાખો તો તે કર્મ નિષ્ફળ કહેવાશે, અને એવા નિષ્ફળ કર્મના બોધકવેદને પણ નિષ્ફળ કહેવાનો વારો આવશે. માટે નિત્યનૈમિત્તિક કર્મથી સ્વર્ગ ફળ થાય છે, એમ માનવું જ સંભવે છે.

૫૮ ઇચ્છાના અભાવથી ફળ થતું અટકતું નથી.

વાદી—નિત્યનૈમિત્તિક કર્મનું ફળ સ્વર્ગ છે એમ માન્ય રાખીએ, તો પણ–જન્માંતરમાં કરેલાં કામ્ય કર્મોનું ફળ ભોગવવાની ઇચ્છા ન હોય તો તે ફળ મળતું નથી—એમ મેં કહ્યું છે, એમાં તો તમને વાંધો નહિ હોય ?

સિદ્ધાંતી—એ વાત પણ સંભવતી નથી. કેમકે કર્મરૂપી બીજમાંથી બે અંકુર ફૂટે છે. એક વાસના, અને બીજો અદષ્ટ. ધર્મ અધર્મનું નામ અદષ્ટ છે. શુભ કર્મ કરવાથી શુભ વાસના અને ધર્મરૂપી બે અંકુર થાય છે; અને અશુભ કર્મથી અશુભ વાસના અને અધર્મરૂપી બે અંકુર થાય છે.

શુભ વાસનાથી આગળ ઉપર શુભ કર્મમાં પ્રવૃત્તિ થાય છે અને ધર્મથી સુખ ભોગ મળે છે; અશુભ વાસનાથી અશુભ કર્મમાં પ્રવૃત્તિ થાય છે અને અધર્મથી દુઃખ ભોગવવું પડે છે. આ રીતે કર્મરૂપી બીજમાંથી વાસના અને અદષ્ટરૂપી અંકુર ઉત્પન્ન થાય છે.

(૧) વાસના રૂપી અંકુરનો તો ઉપાયથી નાશ થાય છે. પણ–

(૨) અદષ્ટ રૂપી અંકુરનો તો ફળની ઉત્પત્તિ વિના કોઈ પ્રકારે નાશ થઇ શકતો નથી. એવો શાસ્ત્રનો નિર્ણય છે.

(૧) અશુભ કર્મથી ઉત્પન્ન થયેલા અશુભ વાસનારૂપી અંકુરનો સત્સંગ આદિ ઉપાયથી નાશ થઈ શકે છે.

(૨) શુભ કર્મથી ઉત્પન્ન થયેલા શુભ વાસનારૂપી અંકુરનો કુસંગ આદિથી નાશ થાય છે.

શુભ અશુભ કર્મમાં પ્રવૃત્તિ કરાવનારી વાસના છે. એ વાસનાનો નાશ કરવાને શાસ્ત્રમાં અનેક પુરૂષાર્થ (પુરૂષે કરવાના યત્ન) કહ્યા છે. એવા પુરૂષાર્થથી વાસનાનો નાશ થાય છે માટે પુરૂષાર્થ નિરૂપયોગી નથી. અને ભોગનો હેતુ જે અદષ્ટ, તેનો તો નાશ થતો નથી, માટે—ફળ આપ્યા વિના કર્મનો ક્ષય થતો નથી—એવું જે શાસ્ત્રમાં કહ્યું છે, તેની સાથે પુરૂષાર્થનો વિરોધ પણ આવતો નથી. આ રીતે અજ્ઞાનીના કર્મની નિવૃત્તિ ફળ ભોગવિના થતી નથી.

જ્ઞાનીનાં કર્મ તો ભોગવ્યા વિના નિવૃત્ત થઇ જાય છે. કેમકે—કર્મ, કર્તા તથા ફળ પરમાર્થથી (વાસ્તવિક રીતે) તો છેજ નહિ, પણ અવિદ્યાથી કલ્પિત છે. તે અવિદ્યાનું વિરોધી જ્ઞાન છે, માટે અવિદ્યાએ કલ્પેલાં જે કર્મ વગેરે છે, તેનો પણ જ્ઞાનથી નાશ થાય છે. જેમ સ્વપ્નામાં નિદ્રાથી જે પદાર્થો પ્રતીત થાય છે, તેનો જાગ્રતકાળમાં નિદ્રાની નિવૃત્તિથી અભાવ થાય છે તેમ અવિદ્યારૂપ નિદ્રાથી જે કર્મ, કર્ત્તા અને ફળ પ્રતીત થાય છે તેનો પણ જ્ઞાનદશારૂપી જાગ્રતમાં અવિદ્યાની નિવૃત્તિથી અભાવ થાય છે. જ્ઞાન વિના એવો અભાવ બનતો નથી.

તમે કહ્યું છે કે ઇચ્છા ન હોય તો કર્મનું ફળ ભોગવવું પડે નહિ. જો એમ થાય તો ઇશ્વરનો સંકલ્પ મિથ્યા થાય. કેમકે "ફળ ભોગવ્યા વિના અજ્ઞાનીના કર્મની નિવૃત્તિ થતી નથી." એવો ઇશ્વરનો સંકલ્પ છે. "ઇશ્વિર સત્ય સંકલ્પ છે." એવી વાત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. માટે ઇચ્છાના અભાવથી પૂર્વે કરેલાં કામ્ય કર્મનું ફળ થાય નહિ, એ વાત વિરૂદ્ધ છે—ખરી નથી.

વળી જો ઇચ્છા ન હોય તો કામ્ય કર્મનું ફળ થાય નહિ, તો અશુભ કર્મનું ફળ કોઇને પણ મળવું ન જોઇએ. કેમકે અશુભ કર્મનું ફળ દુઃખ છે તેની ઇચ્છા તો કોઇને જ હોતી નથી!

માટે જ્ઞાનવિના કર્મના ફળનો અભાવ થાય નહિ.

૫૯ જ્ઞાન વિના કર્મના ફળનો ભોગ મટે નહિ.

વાદી—મેં પહેલાં એમ કહ્યું છે કે—"કર્મ કરતી વખતે તે કર્મના ફળની ઇચ્છા ન રાખે તેને તે કર્મનું ફળ મળતું નથી એમ વેદાંતમતમાં કહ્યું છે; તેમજ કર્મ કર્યા પછી પણ તેનું ફળ લેવાની ઇચ્છિા મટી જાય તો કર્મનું ફળ મળતું નથી."—એમ કહેવામાં શું ખોટું છે?

સિદ્ધાંતી—વેદાંત મત નહિ સમજવાથીજ એવી વાત તમે કહી છે. કેમકે ફળની ઇચ્છિા રાખીને કે રાખ્યા વિના પણ જે કોઈ કર્મ કરે છે

તેને તેનું ફળ તો અવશ્ય ભોગવવુંજ પડે છે. એમાં ફેર એટલો છે કે, જે ઇચ્છારહિત કર્મ કરે છે તેનું અંતઃકરણ શુદ્ધ થાય છે; અને જે ઇચ્છા-સહિત કર્મ કરે છે, તેને તે કર્મનું ફળ મળે છે, પણ અંતઃકરણ શુદ્ધ થતું નથી. એટલે—

(૧) જો ઇચ્છારહિત કર્મ કરવાથી અંતઃકરણ શુદ્ધ થઈને શ્રવણ કરવાથી જ્ઞાન થઈ જાય તો તેને કર્મનું ફળ ભોગવવું પડતું નથી. પણ—

(૨) જેણે ઇચ્છારહિત કર્મ કર્યાં છે. પણ શ્રવણ કરવાનો યોગ ન આવવાથી અથવા બીજા કોઈ કારણથી તેને જ્ઞાન થયું નહિ હોય, તો તેને તે ઇચ્છારહિત કર્મનાં ફળનો ભોગ ભોગવવો પડે છે, એવો વેદાંતનો સિદ્ધાંત છે. માટે જ્ઞાન વિના કર્મના ફળનો ભોગ દૂર થતો નથી.

૬૦ જ્ઞાનથી સર્વ પાપનો નાશ થાય છે.

વાદી—મારું કહેવું એમ છે કે પ્રાયશ્ચિત્તથી તમામ અશુભ કર્મનો નાશ થાય છે.

સિદ્ધાંતી—એ વાત પણ ન બનવા જેવી છે. કેમકે અનંત કલ્પનાં જે અશુભ કર્મ છે, તેનું એક જન્મમાં પ્રાયશ્ચિત્ત થઇ શકે નહિ. વળી ગંગાસ્નાન અને ઇશ્વરનાં નામોચ્ચારણ વગેરે સર્વ પાપનાં નાશક જે સાધા-રણ પ્રાયશ્ચિત્ત કહ્યાં છે તે પણ જ્ઞાનનાં સાધન છે, માટેજ સર્વ પાપનાં નાશક કહ્યાં છે. માટે જ્ઞાનથી જ સર્વ પાપનો નાશ થાય છે.

વાદી—નિત્ય નૈમિત્તિક કર્મ કરવાથી જે ક્લેશ થાય છે, તેથી પૂર્વનાં સંચિત નિષિદ્ધ કર્મ ભોગવાઈ જાય છે, માટે સંચિત નિષિદ્ધ કર્મનું ફળ બીજું (નોખું) ભોગવવું પડતું નથી.

સિદ્ધાંતી—એમ ન બને. કેમકે અનંત પ્રકારનાં સંચિત નિષિદ્ધ કર્મ છે, અને તેનું ફળ પણ અનંત પ્રકારનું દુઃખ છે. કેવળ કર્મના અનુ-ષ્ઠાનનો ક્લેશ જ તેનું ફળ હોઇ શકે નહિ.

૬૧ સંચિત કર્મો એકજ જન્મમાં ભોગવાય નહિ.

સિદ્ધાંતી—વળી તમે કહ્યું છે કે "તમામ સંચિત કામ્ય કર્મોથી એક શરીરની પ્રાપ્તિ થાય છે." એ વાત અશક્ય છે. કેમકે સંચિત કામ્ય કર્મ અનંત છે તેનો એક જ જન્મમાં ભોગ ભોગવી લેવાય નહિ.

વળી તમે એક માણસ એકજ વખતે અનેક શરીરો ધારણ કરીને અનેક જન્મનાં સંચિત કર્મો ભોગવી લેશે, એવી કલ્પના કરી છે. પણ સિદ્ધ યોગી વિના બીજાથી તે બની શકે એવું નથી વળી તેવા સિદ્ધ યોગીનામાં બીજું સામર્થ્ય હોય છે, પણ જ્ઞાન વિના મોક્ષ તો તેને પણ મળતો નથી, એવો વેદનો સિદ્ધાંત છે.

આ રીતે કામ્ય કર્મ અને નિષિદ્ધ કર્મને છોડીને કેવળ નિત્યનૈમિત્તિક કર્મ અજ્ઞાની કરે, તો તેનું ફળ ભોગવવાને માટે તે અજ્ઞાનીને પણ અનંત શરીર લેવાં પડશે, પણ મોક્ષ નહિ થાય. માટે જ્ઞાનદ્વારા ગ્રંથનું પ્રયોજન બને છે. જેમ સ્વપ્નમાં મિથ્યા પદાર્થ પ્રતીત થાય છે, તેની નિવૃત્તિ જાગ્રત વિના થાય નહિ; તેમ બંધ પણ મિથ્યા પ્રતીત થાય છે, તેની નિવૃત્તિ પણ જ્ઞાનરૂપ જાગ્રતવિના થાય નહિ.

૬૨ સંબંધમંડન.

આ રીતે ગ્રંથના અધિકારી, વિષય અને પ્રયોજન સંભવે છે, માટે તેમનો સંબંધ પણ સંભવે છે, અને તેથી ગ્રંથનો આરંભ બને છે.

दोहा-दादु दीन दयाल जू, सत सुख परम प्रकास ।
जामें मतिकी गति नहिं, सोइ निश्चलदास ॥ १५ ॥

અર્થ—દીન મનુષ્યો ઉપર દયા કરનાર દાદૂજી સતરૂપ છે, આનંદરૂપ છે અને પરમ પ્રકાશ ચિત્ સ્વરૂપ છે; જે સચ્ચિદાનંદરૂપ દાદૂમાં બુદ્ધિની ગતિ પહોચતી નથી (અર્થાત બુદ્ધિની વૃત્તિઓવડે જે પરમાત્મ ચૈતન્યને જાણી શકાતું નથી), તે સચ્ચિદાનંદ સ્વરૂપ એ જ હું નિશ્ચળદાસ છું. ૧૫

इति श्रीविचारसागरे अनुबंध विशेष निरूपणं नाम द्वितीयस्तरंगः ॥ २ ॥

श्री विचारसागर.

तरंग त्रीजो.

गुरुशिष्य लक्षण अने गुरुभक्ति फळ.

પ્રકારનુ નિરૂપણ.

૧ ગ્રંથારંભની પ્રતિજ્ઞા.

दूहा-पेख च्यारि अनुबंधयुत, पढै सुनै यह ग्रंथ ।
ज्ञानसहित गुरुसे जु नर, लहै मोछको पंथ ॥ १ ॥

અર્થ—ચારે અનુબંધ સહિત ગ્રંથને જાણીને જ્ઞાની ગુરૂ પાસેથી જે આ ગ્રંથ ભણે અથવા એકાગ્ર ચિત્ત કરીને સાંભળે તેને મોક્ષનો માર્ગ જે જ્ઞાન તે પ્રાપ્ત થાય છે. ૧

दूहा-अनयास हि मतिभूमिमैं, ज्ञान विमन आवाद ।
है इहि कारन करत हूं, गुरु शिष्य संवाद ॥ २ ॥

અર્થ—શ્રોતાની બુદ્ધિરૂપી પૃથ્વીમાં જ્ઞાનરૂપી બાગ વિના પ્રયાસે આબાદ થાય (અર્થાત્ ગ્રંથનો બોધ શ્રોતાને સુખથી થાય) માટે ગુરૂશિષ્યના સંવાદરૂપે આ ગ્રંથનો આરંભ કરીએ છીએ. ૨

૨ ગુરૂનું લક્ષણ.

चौपाई-वेद अर्थकूं भलै पिछानै, आतम ब्रह्म रूप इक जानै ।
भेद पंचकी बुद्धि नसावै, अद्वय अमल ब्रह्म दरसावै ॥ ३ ॥
भव मिथ्या मृगतृषा समाना, अनुभव इम भाषत नहि आँना ।
सो गुरु दे अद्भुत उपदेसा, छेदक सिखा न लुंचित केसा ॥ ४ ॥

અર્થ—જે ગુરૂ વેદના અર્થને ભલી પ્રકાર જાણતા હોય, તથા આત્મા અને બ્રહ્મને એકરૂપે જાણતા હોય, જે ગુરૂ પાંચ પ્રકારના ભેદની બુદ્ધિનો નાશ કરે તથા દ્વૈતરહિત અને નિર્મળ બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે. ૩. વળી જે ગુરૂ સંસારને મૃગતૃષ્ણા સમાન મિથ્યા છે અને બ્રહ્મભિન્ન બીજું કાંઈ છે નહિ એમ

સર્વદા કહ્યા કરે છે; એવો ગુરૂ અદ્ભુત ઉપદેશ આપવાને યોગ્ય છે. તે સિવાય શિષ્યની શિખા કાપનારા અથવા માથાના વાળનો લોચ કરનારા (તોડીને બોડું કરનારા) તે ગુરૂ ઉપદેશ આપવાને યોગ્ય નથી. ૪.

ટીકા—'વેદના અર્થને ભલી પ્રકાર જાણતા હોય' એમ કહેવાથી આચાર્ય વેદ ભણેલો જોઇએ, એમ કહ્યું; તથા જીવ બ્રહ્મની એકતા જાણનારો જોઇએ, એમ કહેવાથી આચાર્ય બ્રહ્મનિષ્ઠ જોઇએ, એમ કહ્યું અર્થાત્ બ્રહ્મવિદ્યાના આચાર્યે વેદાધ્યયન કરેલું હોવું જોઇએ તથા આત્મજ્ઞાનમાં તેની સ્થિતિ જોઇએ.

જે વેદ ભણ્યો હોય પણ જ્ઞાનમાં જેની સ્થિતિ ન હોય તે આચાર્ય કહેવાય નહિ; તેમજ જ્ઞાનમાં સ્થિતિ હોય તથાપિ વેદ ભણ્યો ન હોય, તે પોતે તો મુક્ત છે, પરંતુ ઉપદેશ કરવાને યોગ્ય આચાર્ય તે કહેવાય નહિ કેમકે જિજ્ઞાસુ શિષ્યોની શંકા દૂર કરવાની યુક્તિ તેને આવડતી નથી. એમ છતાં, જેના ચિત્તમાં શંકા ઉત્પન્ન થાય નહિ એવા ઉત્તમ સંસ્કારવાળા જિજ્ઞાસુને ઉપદેશ કરવામાં તો તે યોગ્ય છે, તથાપિ સર્વને ઉપદેશ કરવાને તે યોગ્ય હોતો નથી માટે તેને આચાર્ય કહેવાય નહિ.

૩. પાંચ પ્રકારના ભેદ.

શિષ્યની બુદ્ધિમાં પાંચ પ્રકારના ભેદ ભાસમાન થાય છે. તેને નાના પ્રકારની યુકિતથી જે દૂર કરવાને સમર્થ હોય તે આચાર્ય કહેવાય તે પાંચ પ્રકારના ભેદ આ પ્રમાણે છે:—(૧) જીવ ઇશ્વરનો ભેદ; (૨) જીવ જીવનો પરસ્પર ભેદ; (૩) જીવ જડનો ભેદ; (૪) ઇશ્વર અને જડનો ભેદ; (૫) જડ અને જડનો પરસ્પર ભેદ. આ ભેદ ભયનો હેતુ છે માટે તે ભેદનું ખંડન આચાર્યે અવશ્ય કરવું જોઇએ. એ ભેદના ખંડનની અનુમાનરૂપ યુકિતઓ વિચારસાગરના ટીકાકાર પંડિત પિતામ્બરદાસજી આ પ્રમાણે લખે છે:—

(૧) જીવ અને ઇશ્વરનો ભેદ કલ્પિત છે; અવિદ્યા અને માયારૂપ ઉપાધિથી થયેલો હોવાને લીધે; ઘટાકાશ અને મહાકાશના ભેદની પેઠે. (આ અનુમાનમાં ત્રણ બાબતો છે; પ્રથમ પ્રતિજ્ઞા છે, બીજો હેતુ છે, અને ત્રીજું ઉદાહરણ છે. બધાં અનુમાનમાં અનુક્રમે એ ત્રણ વાનાં સમજી લેવાં.)

(૨) જીવ જીવનો પરસ્પર ભેદ કલ્પિત છે; સાભાસ અંતઃકરણરૂપ ઉપાધિથી થયેલો હોવાને લીધે; જૂદા જૂદા ઘટાકાશોના ભેદની પેઠે. (જેમ તપાવેલા લોઢાના ગોળાને લીધે અગ્નિનો ગોળો ભાસે છે, તેમ ચૈતન્યથી પ્રકાશિત થયેલું અંતઃકરણ ચૈતન્યરૂપે ભાસે છે, તેનેજ જીવ કહે છે. અર્થાત્

જીવને ઓળખાવવા માટે 'ચૈતન્યના આ ભાસવાળું અંતઃકરણ' એમ કહેવું જોઇએ. આ કારણથી સાભાસ-આભાસ સહિત અંતઃકરણને ઉપાધિ કહે છે.)

(૩) જીવ અને જડનો ભેદ કલ્પિત છે; સાભાસ અંતઃકરણ અને નિરાભાસ નામરૂપમય ઉપાધિથી થયેલો હોવાથી; સ્વપ્નમાં દેખાતા સ્થાવર જંગમ પદાર્થની પેઠે (જડ પદાર્થમાં અંતઃકરણ વ્યકત ન હોવાથી તેમાં ચૈતન્યનો આભાસ દેખાતો નથી માટે તેને નિરાભાસ કહે છે. વળી જીવનું રૂપ જણાતું નથી, પણ જડ પદાર્થનું તો નામ અને રૂપ બન્ને જોવામાં આવે છે, એથી પણ જીવ અને જડનો ભેદ સમજાય છે.)

(૪) ઇશ્વર અને જડનો ભેદ કલ્પિત છે; સાભાસ માયા અને નામરૂપમય ઉપાધિએ કરેલો હોવાથી; સાક્ષી અને સ્વપ્ન જગતના ભેદની પેઠે. (શુદ્ધ સત્વગુણી પ્રકૃતિ તે માયા કહેવાય છે અને મલિન સત્વગુણી પ્રકૃતિ તે અવિદ્યા કહેવાય છે, શુદ્ધ સત્વગુણી પ્રકૃતિમાં (માયામાં) ચૈતન્યનો આભાસ પડેલો છે. માટે તે આભાસસહિત માયાને ઇશ્વર કહે છે. સ્વપ્નામાંનું જગત્ અપંચીકૃત હોવાથી તેનો દ્રષ્ટા સાક્ષી છે અને વળી સ્વપ્ન જગતથી જૂદો છે. તેમજ ઇશ્વિર આ વ્યાવહારિક જગતનો દ્રષ્ટા છે અને તેનાથી જૂદો છે.)

(૫) જડ જડનો ભેદ કલ્પિત છે; નામરૂપમય ઉપાધિથી થયેલો હોવાથી; દોરડામાં કલ્પેલો પાણીનો રેલો, લાકડી, સાપ, વગેરેની પેઠે.

ઉપર કહ્યા પ્રમાણે અનેક પ્રકારે ભેદને દૂર કરીને અદ્વય અને અવિદ્યાદિ મળથી રહિત શુદ્ધ બ્રહ્મનો આત્મરૂપે સાક્ષાત્કાર કરાવે તે આચાર્ય કહેવાય. તેમજ સંસારનો મિથ્યા રૂપે જે ઉપદેશ કરે તે આચાર્ય કહેવાય. આવી રીતે અદ્દ્ભુત ઉપદેશ આપનારા તે આચાર્ય કહેવાય છે. પણ જેઓ પોતે માથું મુંડાવીને શિષ્યની ચોટલી માત્ર કાપી નાખનારા હોય, અથવા કોઇ સંપ્રદાયના ચિન્હ માત્રથી અંકિત કરનારા હોય તેમને આચાર્ય કહેવાય નહિ.

दोहा—करत मोछ भवग्राहतैं, दे असि निज उपदेस ।
सो दैसिक बुध जन कहत, नहि कृत गैरिक वेस ॥ ५ ॥

અર્થઃ—જે પોતાની ઉપદેશરૂપી તરવારથી સંસારરૂપી મગરને મારીને તેનાથી શિષ્યને છોડાવે છે, તેને પંડિતો આચાર્ય કહે છે, માત્ર ભગવાં લુગડાં ધારણ કરનારને નહિ. ૫

૪ શિષ્યનાં લક્ષણ.

दोहा—दैसिकके लच्छन कहे, श्रुति मुनि वच अनुसार ।
सो लच्छन है शिष्यके, कहै जिनतैं अधिकार ॥ ६ ॥

અર્થ:—વેદ અને શાસ્ત્રનાં વચનોને અનુસરીને ઉપર ગુરૂનાં લક્ષણો કહ્યાં છે. હવે, જે સાધનોથી ગ્રંથ સમજવાનો અધિકાર (યોગ્યતા) પ્રાપ્ત થાય, તે સાધનો શિષ્યનાં લક્ષણો જાણવાં. અર્થાત્ પાછળ પહેલા તરંગમાં વિવેકાદિ અધિકારીનાં લક્ષણો કહ્યાં છે તેજ લક્ષણો શિષ્યનાં જાણી લેવાં. ૬

૫ ગુરૂભકિતના ફળનું વર્ણન.

दोहा—ईश्वरतैं गुरुमैं अधिक, धारै भक्ति सुजान ।
बिन गुरुभक्ति प्रवीनहू, लहै न आतम ज्ञान ॥ ७॥

અર્થ:—શિષ્યે ઇશ્વર કરતાં પણ ગુરૂની વધારે ભકિત કરવી. કેમકે કોઈ માણસ સઘળાં શાસ્ત્રોમાં પ્રવીણ હોય, તથાપિ ગુરૂભકિતવિના આત્મજ્ઞાન મેળવી શકતો નથી. ૭

એજ વાત દષ્ટાંતથી પ્રતિપાદન કરે છેઃ—

दोहा—बेद उदधि बिनगुरु लखै, लागै लौन समान ।
बादर गुरुमुख द्वार व्है, अमृतसैं अधिकान ॥ ८॥

અર્થ:—વેદ રૂપી સમુદ્રનું પાન જો ગુરૂ વિના કરે તો તે લવણ સમાન ખારૂં લાગે છે; પણ તેજ જળ ગુરૂ મુખરૂપી વાદળને દ્વારે આવે છે ત્યારે અમૃતથી પણ વધારે મીઠું લાગે છે. ૮

ટીકા—વેદ રૂપી મોટો સમુદ્ર છે, તે ગુરૂ વિના લવણના જેવો ખારો લાગે છે. જેમ ખારા સમુદ્રમાં જઇને તેના જળનું જે પાન કરે છે તે કેવળ ખારાપણાનોજ અનુભવ કરે છે અને તેથી કલેશ પામે છે. તેમ ગુરૂ વિના જે વેદના અર્થને વિચારે છે તે ભેદરૂપી ખારાપણાનો અનુભવ કરીને જન્મ મરણરૂપી કલેશને પામે છે. એજ કારણથી રામાનુજ અને મધ્વ આદિ જે અનેક પુરૂષો થયા છે તેમણે વેદના અર્થનો વિચાર તો કર્યો છે પણ ગુરૂદ્વારા નથી કર્યો. માટે ભેદનો નિશ્ચય કરીને જન્મ મરણરૂપી ખેદને પ્રાપ્ત થાય છે; મુકિતરૂપી આનંદ તેમને પ્રાપ્ત થયો નથી.

જો કે રામાનુજ આદિક જે થયા છે તેમણે પણ વેદ પોતાના ગુરૂઓ પાસેથીજ ભણીને વિચાર્યો છે અને વિચાર્યા પછી વ્યાખ્યાન પણ કર્યાં છે, તથાપિ જેમની પાસે તેઓ વેદ ભણ્યા તે ગુરૂ નથી. કેમકે " જે જીવ બ્રહ્મની એકતાનો ઉપદેશ કરે તે ગુરૂ હોઇ શકે છે." એ વાત પાછળ ગુરૂના લક્ષણમાં કહેલી છે પણ એમના ભણાવનારા તો જીવ બ્રહ્મના ભેદનો ઉપદેશ આપનારા હતા. માટે તેમને વિષે જેઓ ગુરૂ શબ્દનો પ્રયોગ કરે છે, તે અર્હતની પેઠે કરે છે. જેમ અર્હતના શિષ્યો અર્હતને ગુરૂ કહે છે, પણ અર્હત એ ગુરૂ શબ્દનો વિષય (અર્થ) નથી; તેમજ ભેદવાદી પુરૂષો પો·

તાના ભણાવનારને ગુરૂ કહે છે, પરંતુ તેઓ ગુરૂ નથી. માટે રામાનુજ આદિ જે ભેદવાદી થયા છે તેમણે ગુરૂદ્વારા વેદનો વિચાર નથી કર્યો, તેથી તેઓ ભેદમાં આગ્રહ રાખીને જન્મ મરણરૂપી કલેશને પામ્યા છે.

તેજ પ્રમાણે બીજો પણ કોઇ પાછળ કહેલાં લક્ષણવાળા ગુરૂ સિવાય પોતાની મેળે વેદના અર્થનો વિચાર કરે અથવા ભેદવાદી પુરૂષની પાસે ભણીને વિચાર કરે, તે પણ ભેદરૂપી ક્ષારનો અનુભવ કરીને જન્મ મરણ રૂપી કલેશનોજ અનુભવ કરે છે, એવો આ દોહાના પૂર્વાર્ધનો અર્થ છે.

માટે વાદળરૂપી બ્રહ્મવેત્તા ગુરૂના મુખદ્વારા સાંભળીને જે વેદના અર્થનો વિચાર કરે તેને વેદ અમૃતથી પણ વધારે આનંદનો હેતુ થાય છે. જેમ સમુદ્રનું પાણી સ્વભાવથી ખારૂં છે, પણ વાદળદ્વારા મધુર થાય છે, તેમ વેદનો અર્થ બ્રહ્મજ્ઞાની ગુરૂદ્વારા આનંદનો હેતુ છે.

૬ જ્ઞાની ગુરૂ પાસેથી વેદાર્થના પઠન અને શ્રવણની યોગ્યતા.

પાછળ કહેવામાં આવ્યું છે કે ગુરૂ પાસેથી પઠન કરેલા વેદના અર્થનો વિચાર કરવાથી મુક્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે, પણ તેમાં ગુરૂ જ્ઞાની હોવા જોઇએ કે અજ્ઞાની, તે કહ્યું નથી, તે હવે કહે છે. જો કે ' જ્ઞાનહીન ગુરૂ હોવોજ ન જોઇએ ' એમ પહેલાં કહી ગયા છીએ, તથાપિ એજ વાતને દૃષ્ટાંતથી પ્રતિપાદન કરે છેઃ—

दोहा—दृतिपुट घटसम अज्ञ जन, मेघसमान सुज्ञान ।
पढै वेद इहि हेतुतैं, ज्ञानीपैं तजि आन ॥ ९ ॥

અર્થઃ—અજ્ઞાની માણસો ચામડાની બોખ અથવા મસક જેવા છે. ચામડાની બોખથી સમુદ્રનું પાણી આણીએ તેમાં કોઇ વિલક્ષણ સ્વાદ આવતો નથી. તેમ અજ્ઞાની માણસ પાસેથી ગ્રહણ કરેલા વેદરૂપી સમુદ્રનું અર્થરૂપી જળ, તે પણ વિલક્ષણ આનંદ આપતું નથી; માટે અજ્ઞાની ગુરૂઓ ચામડાની બોખ જેવા છે.

જ્ઞાની ગુરૂ મેઘના જેવા છે, તે વાત પાછળ કહેવાઈ છે. માટે ચર્મપાત્ર જેવા અજ્ઞાની ગુરૂઓને છોડીને મેઘ સમાન જ્ઞાની ગુરૂ પાસેથી વેદના અર્થ શીખવા અથવા સાંભળવા. ૯

૭ ભાષાગ્રંથથી પણ જ્ઞાન થાય છે.

" જ્ઞાનવાન ગુરૂ પાસે વેદ ભણવા " એમ કહેવાથી એવી શંકા થાય છે કે—જે વેદની શ્રુતિ છે તે દ્વારાજ જીવબ્રહ્મનો વિચાર કરવાથી જ્ઞાન થાય છે; બીજા સંસ્કૃત કે પ્રાકૃત ગ્રંથો ભણવાથી જ્ઞાન થાય નહિ. અને એમ હોય તો આ ભાષા ગ્રંથનો આરંભ નિષ્ફળ થાય. તેના સમાધાન માટે કહે છે કે—

દોહા—ब्रह्मरूप अहि ब्रह्मवित, ताकी बानी बेद ।
भाषा अथवा संसकृत, करत भेदभ्रम छेद ॥ १० ॥

અર્થ:—બ્રહ્મવેત્તા પુરૂષ બ્રહ્મરૂપ છે, એ વાત શ્રુતિમાં પ્રસિદ્ધ છે. માટે તેની વાણી વેદરૂપ છે; પછી તે પ્રાકૃત ભાષા-રૂપ હોય કે સંસ્કૃતરૂપ હોય, તથાપિ તે ભેદરૂપી ભ્રમનો નાશ કરે છે. અર્થાત્ આત્માના સ્વરૂપનાં પ્રતિપાદક વાકયોથી જ્ઞાન થાય છે, પછી તે વેદનાં હોય કે બીજાં હોય; માટે ભાષાગ્રંથથી પણ જ્ઞાન થાય છે. ૧૦

શંકા—વેદના વચન સિવાય જ્ઞાન થાય નહિ.

સમાધાન—એવો નિયમ નથી. જેમ આયુર્વેદમાં કહેલા રોગ અને તેનાં નિદાન અને ઔષધ, તે સઘળાંનું જ્ઞાન બીજા સંસ્કૃત ગ્રંથોથી અથવા ભાષાના કે ફારસી ગ્રંથોથી થઇ શકે છે તેમ સર્વનો આત્મા જે બ્રહ્મ તેનું જ્ઞાન પણ ભાષા વગેરેના ગ્રંથથી થાય છે.

એટલા માટે સર્વજ્ઞ એવા જે ઋષિ મુનિઓ થયા છે, તેમણે સ્મૃતિ પુરાણ અને ઇતિહાસ ગ્રંથોમાં બ્રહ્મવિદ્યાનાં પ્રકરણ કર્યાં છે. જો વેદ સિવાય જ્ઞાન થતું ન હોય તો એ સઘળાં પ્રકરણ નકામાં થઇ જશે. માટે આત્માના સ્વરૂપના પ્રતિપાદક જે વાકયો છે તેનાથી જ્ઞાન થાય છે—પછી તે વાકય વેદનાં હોય કે બીજાં હોય—માટે ભાષા ગ્રંથથી પણ જ્ઞાન થાય છે એ વાતો સિદ્ધ થઇ.

૮ આચાર્ય સેવાની આવશ્યકતા.

દોહા—बानी जाको बेद सम, कीजे ताकी सेव ।
व्है प्रसन्न जब सेवतैं, तब जानै निज भेव ॥ ११ ॥

અર્થ:—બ્રહ્મવેત્તા આચાર્યની વાણી વેદ સમાન છે, માટે તેની જિજ્ઞાસુએ સેવા કરવી. કેમકે જ્યારે સેવાથી આચાર્ય પ્રસન્ન થાય છે ત્યારેજ પોતાના સ્વરૂપનું જ્ઞાન શિષ્ય ગુરૂ પાસેથી મેળવી શકે છે. ૧૧

ટીકા—એમ કહેવાનું તાત્પર્ય આ પ્રમાણે છે:–આચાર્યની સેવા ઇશ્વરની સેવાથી પણ અધિક છે, કેમકે ઇશ્વરની સેવા અદષ્ટ ફળનો હેતુ છે અને આચાર્યની સેવા દષ્ટ તથા અદષ્ટ બન્ને ફળનો હેતુ છે.

(૧) જે વસ્તુ ધર્મ કે અધર્મની ઉત્પત્તિ દ્વારા ફળ આપનારી હોય, તે 'અદષ્ટ ફળનો હેતુ' કહેવાય છે.

(૨) જે વસ્તુ ધર્મ કે અધર્મની ઉત્પત્તિ કર્યા સિવાય સાક્ષાત્ ફળનો હેતુ હોય તે 'દષ્ટ ફળનો હેતુ' કહેવાય છે.

(૧) ઇશ્વરની સેવા ધર્મની ઉત્પત્તિ દ્વારા અંતઃકરણુની શુદ્ધિરૂપ ફળને હેતુ છે, માટે ઇશ્વરની સેવા અદષ્ટ ફળને હેતુ છે.

(૨) આચાર્યની સેવા ધર્મની અપેક્ષા વિના આચાર્યની પ્રસન્નતા માત્રથી ઉપદેશ રૂપી ફળને હેતુ છે, માટે દષ્ટ ફળની હેતુ છે; અને ધર્મની ઉત્પત્તિદ્વારા અંતઃકરણુની શુદ્ધિ રૂપ ફળને હેતુ છે, માટે અદષ્ટ ફળની પણ હેતુ છે.

આ રીતે આચાર્યની સેવા ઇશ્વરની સેવાથી પણ ઉત્તમ છે માટે જિજ્ઞાસુએ સર્વ પ્રકારથી બ્રહ્મવેત્તા આચાર્યની સેવા કરવી.

૯ આચાર્ય સેવાનો પ્રકાર.

સોરઠા—ल्है जबही गुरु संग, करै दंड जिम दंडवत ।
धारै उत्तम अंग, पावन पादसरोजरज ॥ १२॥

અર્થ:—જ્યારે ગુરૂની મુલાકાત થાય ત્યારે તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા અને તેમના ચરણનાં પવિત્ર રજ માથે ચઢાવવી. (બે પગ, બે ઘુંટણુ, બે હાથ, છાતી અને માથુ એ આઠ અંગ પૃથ્વીને અડકાડીને લાકડીની પેઠે લાંબા પડી નમસ્કાર કરવો તેને 'સાષ્ટાંગ દંડવત પ્રણામ' કહે છે.) ૧૨

ચૌપાઈ-गुरु समीप पुनि करिये वासा, जो अति उत्कट ल्है जिज्ञासा ।
तन मन धन वच अर्पी देवै, जो चाहै हिय बंधन छेवै ॥ १३ ॥

અર્થ:—જે શિષ્યની જિજ્ઞાસા (જ્ઞાન મેળવવાની ઇચ્છા) અતિશય ઉત્કટ હોય તો તેણે ગુરૂની પાસેજ નિવાસ કરવો. અને જો હૃદયમાં રહેલો સંસારરૂપી બંધ કાપી નાંખવો હોય તો શરીર, મન, ધન અને વાણી ગુરૂને અર્પણ કરવાં. ૧૩

(૧) શરીર અર્પણનો પ્રકાર

ચૌપાઈ-तन करि बहु सेवा विस्तारै, आज्ञा गुरुकी कबहु न टारै।

અર્થ-શરીર વડે ગુરૂની ઘણી સેવા કરવી અને તેમની આજ્ઞાનો કદી લોપ ન કરવો, એ શરીર અર્પણ કર્યું કહેવાય.

(૨) મન અર્પણનો પ્રકાર

मनमैं प्रेम रामसम राखै, ल्है प्रसन्न गुरु इम अभिलाखै ॥१४॥
दोषदृष्टि स्वपनै नहि आनै, हरि हर ब्रह्म गंग रवि जानै ।
गुरु मूरतिको हियमैं ध्याना, धारै चाहै जो कल्याना ॥१५॥

અર્થ—પોતાના મનમાં ગુરૂ ઉપર પરમેશ્વર જેવી પ્રીતિ રાખવી. અને ગુરૂ શી રીતે પ્રસન્ન થાય એજ ઇચ્છા માત્ર મનમાં રાખવી. વળી ગુરૂના દોષ કદાપિ જોવા નહિ અથવા તેમનાં આચરણમાં દોષદષ્ટિ કરવી નહિ; પણ ગુરૂને વિષ્ણુ, મહાદેવ,

બ્રહ્મા, ગંગાજી કે સૂર્યદેવ જેવા જાણવા. જે શિષ્ય પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય તેણે ગુરૂની મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરવું. ૧૪-૧૫

(૩) ધન અર્પણ પ્રકાર

चौपाई-पत्नी पुत्र भूमि पसु दासी, दास द्रव्य ग्रह व्रीहि विनासी।
धनपद इन सबहिनकुं भाखे नहैं गुरु सरन दूरि तिहि नाखैं ॥१६॥
सोरठा-धन अर्पनको भेष, एक कह्यो सुन दूसरो ।
नहैं ग्रहस्थ गुरुदेव, याज्ञवल्क्य सम देह तिहिं ॥ १७ ॥

અર્થ—સ્ત્રી, પુત્ર, પૃથ્વી, પશુ, દાસદાસી, દ્રવ્ય, ઘર, અનાજ, એ સઘળી નાશવંત વસ્તુઓને ધન કહે છે. તે સર્વનો ત્યાગ કરીને ગુરૂને શરણે જવું, તેને ધન અર્પણ કહે છે. કેમકે ગુરૂ તો ત્યાગી હોવાથી તે સઘળાંનો ગુરૂ પોતે તો અંગીકાર કરે નહિ; પણ એવા ત્યાગી ગુરૂની પ્રાપ્તિ માટે ધનનો ત્યાગ કર્યો હોય તો તે પણ ગુરૂને અર્પણ કર્યું કહેવાય. ધન અર્પણનો એ એક પ્રકાર કહ્યો; બીજો સાંભળઃ-

ગુરૂ જો ગૃહસ્થાશ્રમી હોય તો તે સઘળું ધન ગુરૂને આપી દેવું. એ ધન અર્પણનો બીજો પ્રકાર છે. ૧૬-૧૭

શંકા—બ્રહ્મવિદ્યાનો આચાર્ય ગૃહસ્થ હોય નહિ.

સમાધાન—બ્રહ્મવિદ્યાના આચાર્ય યાજ્ઞવલ્કય, ઉદ્દાલક વગેરે ગૃહાશ્રમીઓ પણ વેદમાં સાંભળ્યા છે, માટે ગૃહસ્થ પણ આચાર્ય સંભવે છે.

(૪) વાણી અર્પણનો પ્રકાર.

छंद-भाखत गुनगन गुरुके बानो सुद्ध ।
दोष न कबहु अर्पन करि इम बुद्ध ॥१८॥

અર્થ—વાણી વડે ગુરૂના ગુણોનું વર્ણન કરવું, પણ દોષ કદાપિ બોલવા નહિ, એ ગુરૂને વાણી અર્પણ કરવાનો પ્રકાર છે. ૧૮

૧૦ શિષ્યનો ગુરૂના સંબંધમાં વ્યવહાર.

सोरठा-जो चाहै कल्यान तन मन धन वच अरपि इम ।
बसे बहुत गुरुस्थान, भिच्छा तैं जीवन करै ॥१९॥

અર્થ—જે માણસ પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય તેણે પાછળ કહ્યું તેમ ગુરૂને શરીર, મન, ધન અને વાણી અર્પણ કરીને ઘણા કાળ સુધી ગુરૂ હોય ત્યાં અથવા સમીપમાં રહેવું; અને બ્રહ્મચારી કે ત્યાગી શિષ્ય હોય તો તેણે ભિક્ષા માગીને જીવન ચલાવવું. ૧૯

चौपाई-सो भिच्छा धरि है सिक आगे,निज भोजनकुं नहिं पुनि मागे।
जो गुरु देइ तु जाठर डारै, नहिं दूजेदिन वृत्ति संभारै ॥२०॥

અર્થ—શિષ્યે જે ભિક્ષા માગી આણી હોય તે પોતે જ ખાઈ લેવી નહિ, પણ તે ગુરૂની પાસે મૂકી દેવી; જો ગુરૂ તેમાંથી કાંઈ આપે તો તે શિષ્યે લેઇને ખાઈ લેવું; ન આપે તો બીજે દિવસે પણ એજ પ્રમાણે ભિક્ષા માગી લાવીને ગુરૂને આપવી. એક દિવસમાં બે વખત ભિક્ષા માગવા જવું નહિ.

दोहा-पुनि गुरुके आगे धरै, भिच्छा शिष्य सुजान ।
निर्वेद न जियमें करै, जो निज चहै कल्याम ॥२१॥

અર્થ—બીજે દિવસે પણ શિષ્ય ધર્મને સારી રીતે જાણનારો તે શિષ્ય ભિક્ષા માગી લાવીને ગુરૂની પાસે મૂકે; જો તે પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તો તેણે તેમ કરતાં મનમાં કચવાવું નહિ. ૨૧

चौपाई-इम व्यवहृत अवसर जब पेखै,मुख प्रसन्न गुरु सन्मुख लेखै।
विनती करै दोउ कर जोरी, गुरु आज्ञातैं प्रश्न बहोरी ॥२२॥

અર્થ—આ રીતે વ્યવહાર કરતાં કરતાં જ્યારે ગુરૂને અવકાશ છે એમ માલમ પડે અને ગુરૂ પ્રસન્ન મુખથી પોતાના તરફ જુએ ત્યારે હાથ જોડી ગુરૂની સ્તુતિ કરી વિનતિ કરવી કે, 'હે ભગવન્! મારે કાંઈક પૂછવાની ઇચ્છા છે.' પછી ગુરૂ પૂછવાની આજ્ઞા કરે તો પ્રશ્ન કરવો.

કદાચિતજન્માંતરનાં ઉત્તમ કર્મથી ગુરૂ કૃપા કરીને શિષ્યને તન અર્પણ આદિ સેવા વિના પણ ઉપદેશ કરી દે, તો તેથી પણ શુદ્ધ અધિકારીનું કલ્યાણ થાય છે. કેમકે ગુરૂ સેવાનાં બે ફળ છે:-(૧) ગુરૂની પ્રસન્નતા, અને (૨) અંતઃકરણની શુદ્ધિ, એ બન્ને વાનાં એવા શિષ્યને સિદ્ધ છે.

दोहा-तन मन धन बानी अरपि, जिहिं सेवत चित लाय ।
सकलरूप सो आप है, दादू सदा सहाय ॥२३॥

અર્થ—જે પુરૂષ પાછળ કહ્યા પ્રમાણે તન, મન, ધન અને વાણીનું અર્પણ કરીને ગુરૂની ખરા ભાવથી (એક ચિત્તથી) સેવા કરે છે તે પોતેજ સર્વ જગતરૂપ છે અને દાદૂ સદા તેને સહાય કરે છે.

इतिश्री विचारसागरे गुरुशिष्य लक्षण गुरुभक्तिफलप्रकार निरूपणं नाम तृतीयस्तरंगः समाप्तः ॥ ३ ॥

ॐ

श्री विचारसागर

चतुर्थ तरंगः।

उत्तमाधिकारी उपदेश निरूपण.

૧. શુભસંતતિ અને તેના ત્રણ પુત્રોની કથા.

दोहा–गुरु सिषके संवादकी, कहुं व गाथ नवीन;
पेखि जाहि जिज्ञासुजन, होत विचार प्रवीन. १

અર્થ—ગુરૂ શિષ્યના સંવાદદ્વારા ગ્રંથ સારો સમજાય છે, માટે તે વિષે હું એક કલ્પિત નવીન કથા કહું છું; એ વાત સાંભળવાથી જિજ્ઞાસુ મનુષ્યો વિચાર કરવામાં પ્રવીણ થશે. ૧

तीनि सहोदर बालशुभ, चक्रवर्ती संतान;
शुभसंतति पितु तिहिं नमे, स्वर्गपताल जहान. २

અર્થ—એક ચક્રવર્તી રાજાના ત્રણ સારા પુત્રો (સગા ભાઈઓ હતા. તેમના પિતાનું નામ શુભસંતતિ હતું, અને સ્વર્ગ મૃત્યુ અને પાતાળના લોક તેને નમતા હતા. અર્થાત્ તે ત્રણે લોકમાં તેનું રાજ્ય હતું. ૨

तत्त्वदृष्टि इक नाम अहि, दूजो कहत अदृष्ट;
तर्कदृष्टि पुनि तीसरो, उत्तम, मध्य, कनिष्ट. ३

અર્થ—તે ત્રણ બાળકનાં નામઃ સૌથી મોટાનું નામ તત્ત્વ-દૃષ્ટિ હતું; બીજાનું નામ અદૃષ્ટ હતું; અને ત્રીજાનું નામ તર્કદૃષ્ટિ હતું. તેઓ અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ અધિકારી હતા. ૩

चौपाई.

बालपनो सब खेलत खोयो, तरुण पाय पुनि मदन विगोयो।
धारि नारि गृह मारप्रकासी, भोग लहै तिहुं सब सुखरासी ४

અર્થ—તે રાજાએ પોતાનું બાળકપણું રમતાં રમતાં ગુમાવ્યું. તે જુવાન થયો ત્યારે કામદેવે તેને સતાવવા માંડયો, તેથી તેણે સ્ત્રીનું પાણીગ્રહણ કર્યું અને કામદેવનો પ્રકાશ અનુભવ્યો. એવી રીતે તે ગૃહસ્થાશ્રમી થઇ સર્વ સુખ ભોગ ભોગવવા લાગ્યો. ૪

૨ શુભસંતતિનો વૈરાગ્ય.

दोहा-स्वर्गभूमि पातालके, भोगहि सर्वसमाज ।
सुभसंतति निज तेज बल, करत राजके काज ॥५॥

અર્થ—આ રીતે ત્રણ લોકનું રાજ્ય, વૈભવ, સારાં સંતાન, વગેરે પામીને શુભસંતતિ રાજા સુખ ભોગવતાં ભોગવતાં પોતાના પ્રતાપ વડે રાજ્યકાજ કરતો હતો. ૫

लहि अवसर इक तिहिं पिता, निजहिय रच्यो विचार ।
सुखस्वरूप अज आतमा, तासूं भिन्न असार ॥६॥
इहिं कारन तजि राज पद, जानूं आतमरूप ।
स्वर्गभूमि पातालके, तिहुं पुत्रह करि भूप ॥७॥

અર્થ—એક દિવસ શુભસંતતિના મનમાં વિચાર આવ્યો કે સુખરૂપ તો ફકત આત્મા છે; આત્માથી ભિન્ન તમામ વસ્તુઓ તુચ્છ (સાર વગરની) છે. આટલા માટે મારા ત્રણ છોકરાઓને ત્રણ લોકનું રાજ્ય વહેંચી આપીને હું આ રાજ્ય તજીને ચાલ્યો જાઉં અને આત્માના સ્વરૂપનો અનુભવ કરૂં. ૬–૭

चौपाई.

अस विचार सुभसंतति कीना,
मंत्रि पेखि तिहु पुत्र प्रवीना;
देस इकंत समीप बुलाये,
निज विरागके वचन सुनाये. ८
भाख्यो पुनि यह राज संभारहु,
इक पताल इक स्वर्ग सिधारहु;
अपर बसहु कासी भुवि स्वामी,
रहत जहां सिव अंतरजामी. ९
जिहि मरतहि सुनि सिव उपदेसा,
अनयासहि तिहिं लोक प्रवेसा;
गंग अंग मनु कीर्ति प्रकासै,
उत्तर वाहनि अधिक उजासै १०

અર્થ—આવો વિચાર કરીને પોતાના મંત્રીને એ વાત સમજાવી, અને પછી ત્રણે પુત્રોને એકાંતમાં બોલાવીને કહ્યું કે, મને સંસાર ઉપરથી વૈરાગ્ય થયો છે. માટે હવે તમે ત્રણે જણ આ રાજ્ય સંભાળી લ્યો. એક જણ સ્વર્ગનું રાજ્ય કરજો, એક જણ પાતાળનું કરજો, અને એક જણ કાશી નગરીમાં રહીને ભૂલોકનું રાજ્ય કરજો.

કાશી નગરી અતિ ઉત્તમ છે. તેમાં અંતર્યામી મહાદેવજી નિવાસ કરીને રહ્યા છે. એ નગરીમાં જે મરણ પામે છે તેને મહાદેવજી મૃત્યુ વખતે તારક મંત્રનો ઉપદેશ કરે છે તેથી તે અનાયાસે મહાદેવના લોકમાં (કૈલાસમાં) જાય છે. ત્યાં આગળ ઉત્તર ભણી વહેનારી ગંગા નદીનાં શ્વેત પાણી તે જાણે એ નગરીની કીર્તિનો પ્રકાશ ન કરી રહ્યાં હોય તેવાં શોભે છે. ८–૯–૧૦

दोहा-करहु राज इमि भिन्न तिहु, पालहु निजनिज देस;
बिन विभाग भ्रातानको, भूमि काज व्है क्लेस. ११

અર્થ—તમે ત્રણે એ પ્રમાણે ભિન્ન ભિન્ન દેશમાં રાજ્ય કરજો અને પોતપોતાના દેશનું રક્ષણ કરજો. પૃથ્વી માટે ભાઈઓમાં ટંટો ન થાય, માટે આરીતે મેં વહેંચણ કરી આપી છે. ૧૧

इंदवछंद—राजसमाज तजौं सब मैं अब,
जानि हिये दुःख ताहि असारा;
और तु लोक दुखी अपने दुख,
मैं भुगत्यो जगक्लेस अपारा;
जे भगवान प्रधान अजान,
समान दरिद्रन ते जन सारा;
हेतु विचार हिये जगके भग,
त्यागि लखु निजरूप सुखारा. १२

અર્થ—હવે રાજકાજ વગેરેમાં જે અનેક દુઃખ રહ્યાં છે તે જાણીને તથા તેને અસાર સમજીને હું તેને છોડી દેવા ઇચ્છું છું. કેમકે બીજા લોકો તો માત્ર પોતપોતાનાં દુઃખથી દુઃખી હોય છે, પણ હું તો મારા પોતાના તથા આખા જગતના દુઃખે દુઃખી થઈ રહ્યો છું. જે મનુષ્ય મોટા ઐશ્વર્યવાન છતાં પણ અજ્ઞાની હોય તે માણસો દરિદ્રી માણસોના જેવાજ જાણવા. આવો વિચાર કરીને જગતનું ઐશ્વર્ય છોડીને હવે સુખરૂપ આત્માનોજ અનુભવ કરવા હું ઇચ્છું છું. ૧૨

૩ ત્રણે રાજપુત્રોનો વિચાર.

वाक्य अनंत कहे इम तात,
सुनें तिहु भ्रात सुबुद्धि निधाना,
बैठो इकंत विचार अपार,
भनै पुनि आपसमांहि सुजाना;
दे दुख मूल समाज हमैं यह,
आप भयो चह ब्रह्म समाना;
सो जन नागर बुद्धिकसागर,
आगर दुःख तजै जु जहाना. १३

અર્થ—આવી રીતે પિતાશ્રીએ અનંત વાતો કહી તે ત્રણે પુત્રોએ સાંભળી, અને તેઓ મોટા બુદ્ધિમાન હતા તેથી તે ત્રણે જણ એકાંતમાં વિચાર કરવા ગયા; અને વિચાર કરીને એકબીજાને કહેવા લાગ્યા કે, પિતાશ્રી આ દુઃખના મૂળરૂપ સંસાર આપણને આપીને પોતે બ્રહ્મરૂપ થવા ઇચ્છે છે. માટે જે માણસ આ દુઃખની ખાણરૂપ સંસારને છોડી દે તેજ માણસ ચતુર અને બુદ્ધિનિધાન સમજવો. ૧૩

૪ ત્રણ રાજપુત્રોનો ગૃહત્યાગ તથા ગુરૂ સમાગમ.

दोहो.

यातैं तजि दुख मूल यह राज, करौ निजकाज;
करि विचार इम गेहतैं, निकस्यो भ्रातसमाज. १४
तिहुं खोजत सद्गुरु चले, धारी मोक्ष हिय काम;
अर्थ सहित किय तातको, शुभसंतति यह नाम. १५

અર્થ—માટે આ દુઃખના મૂળરૂપ રાજ્યને છોડીને આપણે આપણું કામ કરવું એજ ઉત્તમ છે. એવો વિચાર કરીને ત્રણે ભાઈઓ ઘેરથી ચાલી નીકળ્યા અને મનમાં મોક્ષ મેળવવાની ઇચ્છાથી કોઈ સદ્‌ગુરૂની શોધ કરતા કરતા પ્રવાસ કરવા લાગ્યા. આવા સુપુત્ર હોવાથી તેમણે પોતાના પિતાના શુભસંતતિ (સારી સંતતિવાળો) એ નામનું સાર્થક કર્યું. ૧૫

खोजत खोजत देस बहु, सुर सरि तीर इकंत;
तरुपल्लव साखा सघन, बन तामैं इक संत. १६
बैठयो बटबिटपहिं तरै, भद्रामुद्रा धारि;
जीव ब्रह्मकी एकता, उपदेसत गुन टारि. १७

અર્થ--ઘણા દેશ શોધતાં શોધતાં એક વખતે ગંગાનદીના કાંઠા ઉપર એકાંતમાં એક વન હતું ત્યાં આવી પહોચ્યા. તે વનમાં ઘણાં વૃક્ષો હોવાથી તે વન શોભી રહ્યું હતું; વૃક્ષોને અનેક ડાળાં ડાળીઓ હોવાથી વૃક્ષો શોભી રહ્યાં હતાં; અને ડાળાં ડાળીઓ પાંદડાંથી ભરપૂર હોવાથી તે ડાળાં શોભી રહ્યાં હતાં. એવા સઘન વનમાં એક વડના ઝાડ નીચે એક સંત ભદ્રા મુદ્રા કરીને બેઠા હતા તથા પાસે બેઠેલા શિષ્યોને જીવ બ્રહ્મની એકતાનો ઉપદેશ કરી રહ્યા હતા, અને ત્રિગુણાત્મક માયાનું મિથ્યાત્વ સમજાવી રહ્યા હતા. ૧૬-૧૭

(હાથનો અંગૂઠો અને તર્જનીનો સંયોગ કરવાથી ભદ્રા મુદ્રા થાય છે. એનેજ લોપા મુદ્રા તર્ક મુદ્રા કે જ્ઞાન મુદ્રા પણ કહે છે.)

૫ શિષ્યના દશ દોષ.

दोष रहित एकाग्रचित, शिष्यसंघपरिवार;
लखि दैसिक उपदेश हिय, बहुधा करत विचार. १८
मनहु संभु कैलासमैं, उपदेसत सनकादि;
पेखि ताहि तिहिं लहि सरन, करी दंडवत आदि. १९
कियो वास खटमास पुनि, शिष्य रीति अनुसार;
करि अधीक गुरु सेव तिहु, मोक्ष काम हिय धार. २०
व्है प्रसन्न श्रीगुरु तबै, ते पूछै मृदु बानि;
किंहि कारन तुम तात तिहुं बसहु, कौन कह आनि. २१
तत्वदृष्टि तब लखि हिये, निज अनुजनकी सैन;
कहै उभयकर जोरि निज, अभिप्रायके बैन. २२

અર્થ--તેમની પાસે બેઠેલા શિષ્યો બધા દોષરહિત હતા, એટલે નૃસિંહ તાપિની ઉપનિષદમાં જે દશ દોષ કહ્યા છે તે દોષો તેમનામાં નહોતા. તે દોષો આ પ્રમાણે છેઃ-

(૧) ચોરી, જારી, હિંસા, આ ત્રણ શરીરના દોષ છે.

(૨) નિંદા, જૂઠ, કઠોર ભાષણ, અને વાચાળપણું, એ ત્રણ વાણીના દોષ છે.

(૩) તૃષ્ણા, ચિંતા, અને બુદ્ધિની મંદતા, એ ત્રણ મનના દોષ છે. આવા દોષ રહિત અને એકાગ્ર ચિત્તવાળા શિષ્યોનો સમૂહ, તથા ગુરુનો ઉત્તમ ઉપદેશ જોઇને ત્રણે રાજપુત્રોને એમ લાગ્યું કે, જાણે કૈલાસમાં વડના ઝાડ નીચે દક્ષિણામૂર્તિ મહાદેવજી બેઠા છે અને સનકાદિક શિષ્યોને ઉપદેશ કરી રહ્યા છે!

આ સઘળું જોઇને તે રાજપુત્રો એજ ગુરૂને શરણે ગયા તથા તેમને દંડવત પ્રણામ આદિ કરીને ત્યાંજ છ માસ પર્યંત શિષ્યની રીતિ પ્રમાણે રહ્યા. તેમણે મોક્ષ મેળવવાની ઇચ્છા મનમાં રાખીને ગુરૂની ઘણી ઘણી સેવા કરી. એક વખત શ્રી ગુરૂ પ્રસન્ન થઇને તેમને પૂછવા લાગ્યા કે-હે પુત્રો! તમે અહીં કેમ આવી રહ્યા છો? તમે કોણ છો? અને તમે કોના પુત્ર છો? ૧૮-૨૧.

આ પ્રશ્ન સાંભળી તેનો ઉત્તર આપવાને બન્ને નાના ભાઇઓએ મોટા ભાઇને ઈસારત કરી જેથી તત્વદષ્ટિએ બે હાથ જોડીને આ પ્રમાણે કહ્યું:—૨૨

तत्वदृष्टिरुवाच.

भो भगवन हम भ्रात तिहु, सुभसंतति संतान;
लख्यो चहैं बहु भेव हिय, दीन नवीन अज्ञान. २३
जो आज्ञा ह्वै रावरी, तौ ह्वै पूछी प्रवीन;
आप दयानिधि कल्पतरु, हम अति दुखित अधीन. २४

૬ તત્વદષ્ટિ અને ગુરૂનું સંભાષણ.

અર્થ-તત્વદષ્ટિ-હે મહારાજ! અમે ત્રણ ભાઇઓ છીએ અને શુભસંતતિ રાજાના પુત્રો છીએ. અમે દીન છીએ, નવીન છીએ અને અજ્ઞાની છીએ, અને જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખીએ છીએ. જો આપની આજ્ઞા હોય તો અમે અમારી શંકા આપને પૂછીને પ્રવીણ થઈએ. આપ તો કલ્પવૃક્ષના જેવા દયાના ભંડાર છો અને અમે તો અતિ દુઃખિયારા તથા પરાધીન છીએ. ૨૩-૨૪

श्रीगुरुरुवाच.

सोरठा,

सुनहु शिष्य मम बात, जो पूछहु तुम सो कहूं;
लहो हिये कुसलात, संसय कोऊ ना रहै. २५

અર્થ-ગુરૂ-હે શિષ્ય! સાંભળ. તું જે પૂછીશ તે બધું હું તને કહીશ. તારા મનમાં કોઈ જાતનો સંશય રહી જશે નહિ અને મનમાં શાંતિ થશે. ૨૫.

दोहा.

गुरुकी लखी दयालुता, सिष्य हिये भौ चैन;
काज सिद्ध निज मानि हिय, भाखे सविनय बैन. २६

અર્થ—ગુરૂનું દયાળુપણું જોઈને શિષ્યના હૃદયમાં આનંદ થયો, અને પોતાનું કાર્ય સિદ્ધ થયું એમ માનીને તે વિનય સહિત બોલ્યોઃ-૨૬.

૭ તત્વદષ્ટિના ત્રણ પ્રશ્નો.

तत्वदृष्टिरुवाच

चौपाई

भो भगवन तुम कृपानिधाना,
हौ सर्वज्ञ महेशसमाना ।
हम अज्ञानमति कछु न जानै,
जन्मादिकसंसृति भय मानै ॥ २७ ॥

અર્થ—હે ભગવન્ આપ તો કૃપાના ભંડાર છો, અને મહાદેવજીના જેવા સર્વજ્ઞ છો. હે મહારાજ! અમે અજ્ઞાની છીએ અને કાંઇપણ જાણતા નથી. જન્મમરણરૂપ સંસારથી અમે ડરીએ છીએ. ૨૭.

कर्म उपासन कीने भारी,
और अधिक जगपासी डारी ।
आप उपाय कहौ गुरु देवा
जै जातै भवदुखको छेवा ॥ २८ ॥

અર્થ—હે ગુરો! અમે કર્મ તથા ઉપાસના ઘણી કરી, પણ તેનાથી અમને ઇચ્છિત ફળ ન મળ્યું, એટલુંજ નહિ, પણ સંસાર એથી ઉલટો વધતો ગયો. માટે એવો ઉપાય બતાવો કે જેથી અમારા સંસારરૂપી દુઃખનો નાશ થાય. ૨૮.

पुनि चाहत हम परमानन्दा,
ताको कहो उपाय सुछंदा ।
जब कृपा करी कहि हौ ताता,
तब ह्वै है हमरे कुसलाता ॥ २९ ॥

અર્થ—વળી અમને પરમાનંદ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, માટે તેનો પણ ઉપાય કહો. હે ગુરો! કૃપા કરીને જ્યારે અમો તે કહેશો ત્યારે અમારૂં કલ્યાણ થશે. ૨૯.

ટીકા—અર્થાત્ શિષ્યે નીચે પ્રમાણે ત્રણ પ્રશ્ન કર્યાઃ—

૧. જન્મ મરણ વગેરે સંસાર દુઃખરૂપ છે, તેનો ભય કેવી રીતે મટે?

૨. પરમાનંદની પ્રાપ્તિ કેવી રીતે થાય?

૩. આપ કહેશો કે કર્મ અને ઉપાસના કરો તેથી સંસારદુઃખનો નાશ થશે અને પરમાનંદની પ્રાપ્તિ થશે, તો તેમ નથી; કર્મ ઉપાસનાથી તો સંસાર વધતો જાય છે, માટે એ બે સિવાય ત્રીજો કોઇ ઉપાય હોય તો તે કહો.

૮. મોક્ષની ઇચ્છા ભ્રાંતિજન્ય છે કેમકે મોક્ષ સદા પ્રાપ્તજ છે.

दोहा

मोच्छकाम गुरु सिष्य लखि, ताको साधन ज्ञान;
वेदउक्त भाषन लगे, जीव ब्रह्मभिद भान. ३०

અર્થ—દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિને મોક્ષ કહે છે. શિષ્યના મનમાં એવા મોક્ષની ઇચ્છા સમજીને તેનું સાધન જે વેદઉક્ત જ્ઞાન તે કહેવાનો ગુરૂએ આરંભ કર્યો, કે જેથી જીવ અને બ્રહ્મના ભેદનો નાશ થાય. ૩૦.

ટીકા—જો કે જ્ઞાનનું સ્વરૂપ અનેક શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન વર્ણેલું છે. તથાપિ જીવ અને બ્રહ્મના ભેદને દૂર કરનારૂં જે જ્ઞાન છે, તે જ્ઞાનને જ વેદમાં મોક્ષનું સાધન કહ્યું છે, માટે તેવા જ્ઞાનને કહેવાનો આરંભ કર્યો.

श्रीगुरुरुवाच

परमानंद मिलाप तूं, जो सिष चहै सुजान;
जन्मादिक दुखनासपुनि, भ्रांतिजन्य तिहिं मान, ३१
परमानन्द स्वरूप तूं, नहि तोमैं दुखलेस;
अज अविनासी ब्रह्म चित् जिन आने हिय क्लेस, ३२

અર્થ—ગુરૂ કહે છે કે હે શિષ્ય! પરમાનંદની પ્રાપ્તિ માટે તથા જન્મમરણ આદિક જે સંસાર છે તેની નિવૃત્તિ માટે તને જે ઇચ્છા થઇ છે તે ભ્રાંતિથી થયેલી છે, એમ તારે જાણવું. ૩૧. તું પોતેજ પરમાનંદ સ્વરૂપ છે. તારામાં લગાર પણ દુઃખ નથી. તારો જન્મ નથી તેમ નાશ પણ નથી; પણ તું કેવળ ચૈતન્ય બ્રહ્મ છે. ૩૨

ટીકા—૧. જે વસ્તુ અપ્રાપ્ત હોય તેની પ્રાપ્તિ કરવાની ઇચ્છા સંભવે છે, પણ જે વસ્તુ હમેશા પોતાની પાસેજ હોય, તેની પ્રાપ્તિની ઇચ્છા સંભવતી નથી. તારૂં પોતાનું સ્વરૂપ જે આત્મા તે તને હંમેશાં પ્રાપ્ત જ છે, માટે તેની પ્રાપ્તિની ઇચ્છા તું કરે છે તે તારી ભ્રાંતિજ છે.

૨. જન્મમરણુ વગેરે સંસાર જો કદી ખરેખરો હોય તો તેની નિવૃત્તિની ઇચ્છા સંભવત, પણુ તારામાં એટલે આત્મામાં જન્માદિક સંસાર છે જ નહિ; તો પછી જે દુઃખ નથી તેની નિવૃત્તિની ઇચ્છા તું કરે છે, એ પણુ ભ્રાંતિ જ છે.

હે શિષ્ય! જન્મ અને નાશ રહિત જે ચેતનરૂપ બ્રહ્મ છે તે તું જ છે. માટે તું તારા મનમાં જન્મ મરણુનું દુઃખ ધરીશ નહિ.

૯ વિષયના યોગથી આનંદ કેમ ભાસે છે.

तत्वदृष्टिरुवाच

दोहा-विषयसंग क्यूं भान व्है, जो मैं आनन्दरूप;
अब उत्तर याको कहौ, श्रीगुरु मुनिवरभूप. ३३

શિષ્ય—હું (આત્મા) જો આનંદરૂપ હોઉં તો મને વિષયના સંગથી આનંદ કેમ ભાસે છે? હે ગુરો! હે મુનિવરોમાં શ્રેષ્ઠ! એનો ઉત્તર મને કહો. ૩૩

ટીકા—કેમકે આત્મા આનંદરૂપ હોય તો વિષયના સંબંધથી આત્મામાં આનંદનું ભાન ન થવું જોઇએ. માટે આત્મા આનંદરૂપ નથી, પણુ વિષયના સંબંધથી આત્મામાં આનંદ થાય છે.

૧૦ અંતર્મુખ વૃત્તિમાં આનંદનું ભાન થાય છે; વિષયમાં આનંદ નથી.

श्रीगुरुरुवाच

आतमविमुख बुद्धिजन जोई,
इच्छा ताहि विषयकी होई ।
तासू चंचल बुद्धि बखानी;
सुख आभास होई तहं हानी. ॥ ३४ ॥
जब अभिलषित पदारथ पावै
तब मति छनक विछेप नसावै ।
तामें व्है अनंदप्रतिबिंबा,
पुनि छनमें बहु चाह विडंबा ॥ ३५ ॥
तातैं व्है थिरताकी हानि,
सो अनंदप्रतिबिंब नसानी;
विषयसंग आनंद जु होई
बिन सतगुरु यह लखै न कोई ॥ ३६ ॥

અર્થ—જે માણુસની બુદ્ધિ આત્માથી વિમુખ હોય છે, તેને વિષયની ઇચ્છા થાય છે. તેથી તેની બુદ્ધિ ચંચળ થાય છે.

અને એ ચંચળ બુદ્ધિમાં સુખરૂપ આભાસ નાશ પામે છે. ૩૪ જ્યારે તે માણસ પોતાના ઇચ્છેલા પદાર્થને પામે છે, ત્યારે ક્ષણુવાર તેની બુદ્ધિમાંથી વિક્ષેપ નાશ પામવાથી બુદ્ધિ સ્થિર થાય છે અને તેમાં આનંદનું પ્રતિબિંબ પડે છે એટલે તેને વિષયથી સુખ મળ્યું હોય એમ ભ્રાંતિ થાય છે. તેથી તે વિષયોની ફરી ઇચ્છા કરે છે. ૩૫. એમ થવાથી તેની બુદ્ધિની સ્થિરતા વળી નાશ પામે છે, અને તે વખતે તે આનંદનું પ્રતિબિંબ પણ નાશ પામે છે એવી રીતે વિષયના સંગથી આનંદ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે સદ્‌ગુરૂ વિના કોઈ જાણુતું નથી. ૩૬.

ટીકા—જે લોકો આત્મસ્વરૂપને જાણુતા નથી તેમની બુદ્ધિ બહારના પદાર્થોમાં ભટકે છે. અર્થાત્ તેમને ભોગનાં સાધન મેળવવાની ઇચ્છા થાય છે. ભોગનાં સાધનને વિષય કહે છે. જેમ-ધન, પુત્ર, સ્ત્રી, ઘર, વગેરે વિષયો કહેવાય છે.

વિષયોની ઇચ્છાને લીધે બુદ્ધિ ચંચળ રહે છે—સ્થિર રહેતી નથી. (જેમ હાલતા પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ ચોખ્ખું પડતું નથી) તેમ ચંચળ બુદ્ધિમાં આત્મસ્વરૂપ આનંદનું પ્રતિબિંબ પડતું નથી.

પણ જે વિષયની ઇચ્છા હોય તે વિષય મળી આવે, ત્યારે ક્ષણુવાર તે માણસની બુદ્ધિ સ્થિર થઈ જાય છે—બહારના વિષયોમાં ભટકતી નથી, પણ પોતાના સ્થાનમાં જ સ્થિર રહે છે. બુદ્ધિની એવી વૃત્તિને અંતર્મુખ વૃત્તિ કહે છે. અંતર્મુખ બુદ્ધિની વૃત્તિમાં આત્મસ્વરૂપ આનંદનું પ્રતિબિંબ પડે છે, એટલે તે માણસને આનંદ ભાસે છે. ખરેખરૂં જોતાં એ આનંદ આત્માનો જ દેખાય છે, પણ અજ્ઞાની માણસ ભ્રાંતિથી એમ માને છે કે મને આનંદ વિષયમાંથી મળ્યો છે. ખરૂં જોતાં વિષયમાં આનંદ નથી.

૧૧. વિષયમાં આનંદ ન હોવાનાં ચાર કારણો.

વિષયમાં આનંદ નથી તેનાં કારણો નીચે પ્રમાણે ચાર છેઃ—

૧. જો વિષયમાં આનંદ હોત તો, બીજા વિષયની ઇચ્છા થયા છતાં પણ પહેલા વિષયનો આનંદ કાયમ હોવો જોઇએ. પણ તેમ થતું નથી, એથી જણાય છે કે વિષયમાં આનંદ નથી.

જે લોકો આત્મામાં આનંદ માને છે, તેમને મતે આ વાંધો આવતો નથી; કેમકે એક વિષયમાં તૃપ્ત થયા પછી જ્યારે બીજા વિષયની તે ઇચ્છા કરે છે ત્યારે વળી બુદ્ધિ ચંચળ થાય છે, તેથી આત્માનંદનું પ્રતિબિંબ ભાસતું નથી, તેથી કાયમ આનંદ રહેતો નથી.

૨. જો કદાચિત્ વિષયમાં આનંદ હોય તો જે પુરુષનો પ્રિયપુત્ર અથવા બીજું કોઇ અત્યંત વહાલું ઘણા કાળ પછી અકસ્માત્ મળે ત્યારે તેને દેખીને પ્રથમ ક્ષણે જે આનંદ થાય છે તેવો પછીથી હંમેશાં રહેવો જોઈએ; કેમકે આનંદનો હેતુ વિષય તો હાજર જ હોય છે માટે પ્રથમ ક્ષણના જેવો આનંદ રહેવો જ જોઈતો હતો; પણ રહેતો નથી માટે વિષયમાં આનંદ નથી.

આત્મામાં આનંદ માનીએ તો એ વાંધો આવશે નહિ; કેમકે પહેલી ક્ષણે વૃત્તિ સ્થિર થવાથી આનંદ ભાસે છે, અને પછી વૃત્તિ ચંચળ થવાથી આનંદ નથી ભાસતો. માટે વિષય રૂપ પદાર્થમાં આનંદ નથી.

૩. સમાધિ કાળમાં કોઇ વિષય હોતો નથી; માટે વિષયમાં આનંદ હોય તો સમાધિમાં યોગીઓને આનંદ ન થવો જોઈએ; પણ થાય છે તો ખરો માટે વિષયમાં આનંદ નથી—આત્મામાં જ છે.

૪. એ જ રીતે સુષુપ્તિમાં પણ વિષય નથી, માટે તેમાં પણ આનંદ ન ભાસવો જોઈએ; પણ સારી નિદ્રાનું સુખ તો સૌને માલમ છે, માટે વિષયમાં આનંદ નથી, પણ આત્મામાં છે. અને તેના જ આનંદ-સ્વરૂપનું બધા આનંદોમાં ભાન થાય છે. માટે જ વેદમાં લખ્યું છે કે "આત્મ સ્વરૂપ આનંદને લીધે બધું આનંદવાળું થાય છે."

दोहा-विषयसंगतैं व्है प्रगट, आतम आनंदरूप;
शिष्य सुनायो तोहि मैं, यह सिद्धांत अनूप. ३७

सोरठा-सो तूं मोहि व भाख, जो यामैं शंका रही;
निज मतिमें मति राख, मैं ताको उत्तर कहूं. ३८

અર્થ:—ગુરૂ કહે છે કે હે શિષ્ય! વિષયના સંગથી આત્માનું આનંદરૂપ શી રીતે પ્રગટ થાય છે, તેનો અનુપમ સિદ્ધાંત મેં તને સંભળાવ્યો. ૩૭.

જો તને એમાં કાંઈ શંકા રહી હોય તો તે હવે તારા મનમાંને મનમાં ન રાખતાં મને કહી દે કે જેથી હું તેનો ઉત્તર તને કહું. ૩૮.

૧૨ જ્ઞાનીને વિષયના સંબંધથી આનંદનું ભાન થાય છે કે નહિ?

तत्त्वदृष्टिरुवाच.

चौपाई-भो भगवन तुम दीन दयाला,
मेटयो मम शंशय ततकाला;

यम कछुक रही आसंका,
सो भाखुं अब व्है निर्बंका ॥ ३९ ॥
आतमविमुख बुद्धि अज्ञानी,
ताकी यह सब रीति बखानी;
ज्ञानी जनको कहौ विचारा,
कोउ न तुमसम और उदारा. ४०

અર્થઃ—શિષ્ય કહે છે કે, હે ભગવન્ આપ તો દીનદયાળ છો તેથી આપે મારો સંશય તત્કાળ દૂર કર્યો છે પણ એમાં કાંઈક શંકા મને રહી છે તે હું આપને નમ્રપણે વિદિત કરૂં છું. ૩૯. જે લોકો આત્માને જાણતા નથી, એટલે જેમની બુદ્ધિ આત્મા તરફ નથી પણ આત્માથી વિરૂદ્ધ દિશાએ એટલે બહારના વિષયો તરફ છે, તેમને તો આત્મામાંથી મળતો આનંદ વિષયોમાંથી મળે છે એવા ભ્રમથી તેઓ વિષયની ઇચ્છા કરે; પણ જેઓ જ્ઞાની છે, તેમને વિષયોની ઇચ્છા થતી હશે કે નહિ? અને તેમને પણ વિષયોમાંથી આનંદ મળતો હશે કે નહિ? હે ભગવન્ તમારા સમાન ઉદાર બીજો કોઇ નથી. ૪૦

૧૩. બે પ્રકારના આત્મવિમુખ. વિષયાનંદ સ્વરૂપાનંદથી જૂદો નથી.

श्रीगुरुरुवाच

दोहा.

सुनहु शिष्य इक बात मम, सावधान मन कान;
है द्वविध आतमविमुख, अज्ञानी रू सुजान. ४१
व्है विस्मृत व्यवहारमैं, कबहुक ज्ञानी संत;
अज्ञानी विमुख हि रहै, यह तूं जान सिद्धंत. ४२

અર્થઃ—હે શિષ્ય મન અને કાનને સાવધ રાખીને મારી એક વાત સાંભળ; આત્મવિમુખ બે પ્રકારના છેઃ (૧) અજ્ઞાની અને (૨) જ્ઞાની. ૪૧. જ્ઞાની સંત પુરૂષ પણ કોઇક વખત વ્યવહારમાં આત્મસ્વરૂપને ભૂલી જાય છે; પણ અજ્ઞાની તો સદૈવ આત્મસ્વરૂપથી વિમુખજ હોય છે,એવો સિદ્ધાંત તારે જાણી લેવો. ૪૨

ટીકા—ગુરૂ કહે છે કે હે શિષ્ય! તું ચિત્ત અને શ્રવણને સાવધાન રાખીને સાંભળ. પાછળ જે અમે આત્મ સ્વરૂપને જ જાણનારા આત્મ વિમુખ કહ્યા છે, તે આત્મ વિમુખ અજ્ઞાની જ હોય છે એમ નથી,

પણ જ્ઞાનીની બુદ્ધિ પણ જ્યારે વ્યવહારમાં પરોવાઇ જાય છે ત્યારે તે પણ તત્વને ભૂલી જાય છે. અને તે વખતે જ્ઞાની પણ આત્મ વિમુખ થાય છે. જો જ્ઞાનીની બુદ્ધિ સદા આત્માકારજ રહે તો જ્ઞાનીથી ભોજનાદિક વ્યવહાર પણ ન બની શકે. માટે જ્ઞાની અને અજ્ઞાની બન્નેની બુદ્ધિ આત્મ વિમુખ હોઇ શકે છે.

જેમઃ—જ્યારે મનની વૃત્તિ જાગ્રત રૂપ હોય છે ત્યારે તે સ્વપ્નરૂપ હોતી નથી; અને જ્યારે સ્વપ્નરૂપ હોય છે ત્યારે જાગ્રત રૂપ હોતી નથી. તેમ તત્વજ્ઞાનીની બુદ્ધિ પણ જ્યારે આત્માકાર હોય છે ત્યારે અનાત્માકાર હોતી નથી, અને જ્યારે અનાત્માકાર હોય છે ત્યારે આત્માકાર હોતી નથી.

યદ્યપિ એક અંતઃકરણમાં એકે જ વખતે ભિન્ન વિષય રૂપ સામાન્ય અને વિશેષ એવી બે વૃત્તિઓ રહે છે, તથાપિ બન્ને વિશેષ વૃત્તિઓ એકે વખતે રહેતી નથી. માટે જ બીજા વ્યવહારમાં લાગેલા મનુષ્ય ને પેટીમાં જાણી બૂઝીને રાખેલા ધનની પણ વિસ્મૃતિ થાય છે, અને જ્યારે તે બીજા વ્યવહારમાંથી પરવારે છે ત્યારે તેને તે ધનની સ્મૃતિ થાય છે. તેજ રીતે જ્ઞાનીની બુદ્ધિ પણ વ્યવહારમાં વિશેષ પરોવાઇ હોય ત્યારે તેને તત્વનું વિસ્મરણ થાય છે, પણ જ્યારે તે વ્યવહારથી પરવારે છે ત્યારે પાછું તેને જેવું ને તેવુંજ તત્વનું સ્મરણ થાય છે.

અને એથીજ ભગવાન ભાષ્યકારે શારીરક ભાષ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાં કહ્યું છે કે—"વ્યવહાર વિષે જ્ઞાનવાન પણ પશુ એટલે અવિવેકી માણસની પેઠે વ્યવહાર કરે છે." માટે ઉપર લખેલો અર્થ ઘટે છે.

અર્થાત્ જેમ અજ્ઞાની સદા કાળ આત્માથી વિમુખ રહે છે, તેમ જ્ઞાની પણ વ્યવહાર કરતો હોય તેટલી વાર આત્માથી વિમુખ રહે છે, તેથી તેને પણ તે વખતે વિષયથી આનંદ ભાસે છે, અને વિષયની ઇચ્છા પણ થાય છે.

પણ જ્ઞાની તથા અજ્ઞાનીમાં ફેર એટલો જ છે કે—

વિષયના સંબંધથી જે આનંદનું ભાન થાય છે. તેને જ્ઞાની એમ જાણે છે કે આ જે આનંદ છે તે મારા સ્વરૂપથી ભિન્ન નથી, પણ તેનો જ આભાસ છે. માટે જ્ઞાનીને વિષય ભોગમાં પણ સમાધિ છે.

આ સમાધિ, સ્વરૂપના અનુસંધાનરૂપ સમાધિના ગુણની સમાનતાને લેઈને કહેલી છે માટે "આ પુરૂષ સિંહ છે." એની પેઠે ગૌણ (ઉપચાર માત્ર) છે.

ચોરને જાણ્યા પછી તેના સંગમાં રહેનાર જેમ સદા જાગ્રત રહે છે, તેમ વિષયોમાં દોષદષ્ટિરૂપ વિવેકના જાગરણ વડે, અને વિષયોમાં મિથ્યાત્વ બુદ્ધિરૂપ દઢ વૈરાગ્ય હોવાથી વિષય ભોગવતાં છતાં પણ જ્ઞાનીનું સ્વરૂપાનુસંધાન કાયમ રહે છે.

વળી શત્રુએ કેદમાં નાંખેલો રાજા છૂટે અને તે વખતે તે થોડો ભોગ મેળવીને પણ જેમ સંતોષ પામે, અથવા વધ કરવા યોગ્ય પુરૂષને ખાનપાન વગેરે ભોગ આપે તેમાં જેમ તેની પ્રીતિ હોતી નથી; તેમ ભોગ માત્ર પરિણામે દુઃખના હેતુ છે એવું જ્ઞાન હોવાથી, વિષયોમાં દઢ રાગનો અભાવ હોવાથી, તેમજ વિષયાનંદ અને સ્વરૂપાનંદમાં ભેદ નથી એવા ભાનથી—એટલે આત્માનંદના પ્રતિબિંબ સિવાય વિષયમાં સર્વથા આનંદનો અભાવજ છે એવા જ્ઞાનથી–જ્ઞાનીનું સ્વરૂપાનુસંધાન કાયમ રહે છે.

આવી રીતે સ્વરૂપાનુસંધાન ગુણની સમાનતાને લીધે જ્ઞાનીને વિષયભોગમાં પણ સમાધિ છે, એમ કહ્યું છે. મતલબ કે–

(૧) અજ્ઞાની સદા આત્મ વિમુખ રહે છે, અને આનંદ વિષયોમાંથી મળે છે એમ માને છે.

(૨) જ્ઞાની વ્યવહારકાળમાંજ આત્મવિમુખ રહે છે; અને વિષયો માત્ર બુદ્ધિને સ્થિર કરવાનું સાધન છે–આનંદ તો આત્મામાંથીજ મળે છે, એમ માને છે.

આમ હોવાથી જ્ઞાની પુરૂષ વિષય ભોગવતો હોય તથાપિ તેને સદાકાળ આત્માના આનંદ સ્વરૂપનું વિસ્મરણ થતું નથી, માટે જ્ઞાનિનો વિષય ભોગ પણ એક પ્રકારની સમાધિજ છે. માત્ર અજ્ઞાની જાણતો નથી કે મારૂં સ્વરૂપ આનંદ છે. ખરૂં જોતાં બંનેનું સ્વરૂપ આનંદ છે; વિષયથી કેવળ અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે.

૧૪. આત્માના અજ્ઞાનથી જન્માદિ દુઃખ પ્રતીત થાય છે.

शिष्यउवाच

चौपाई

हे प्रभु परमानन्द बखान्यो, मेरो रूप सु मैं पहिचान्यो;
नहिं तोमैं भवबंधन लेसा, कह्यो आप पुनि यह उपदेसा. ४३
यामैं संका मुहि यह आवै, जातैं तवबच हिय न सुहावै;
महि मोमैं यह बंधपसारो, कहौ कौन तौ आश्रय न्यारो. ४४

અર્થ:—શિષ્ય કહે છે કે હે ભગવન્! આપે કહ્યું કે તું પરમાનંદસ્વરૂપ છે, તે મેં સારી રીતે જાણ્યું; પણ આપે કહ્યું

કે "જન્મમરણ વગેરે સંસારદુઃખ તારામાં નથી માટે તેની નિવૃત્તિ સંભવતી નથી." તેમાં મને એક શંકા થાય છે, જેથી આપનાં વચન હૃદયમાં ઉતરતાં નથી. મારામાં એટલે આત્મામાં જન્માદિક દુઃખ નથી, ત્યારે તે જેનામાં હોય એવો મારાથી જૂદો આશ્રય આપ કૃપા કરીને બતાવો કે જેનામાં સંસાર દુઃખ જાણીને હું મારા પોતાનામાં તે માનું નહિ. ૪૩-૪૪.

गुरुरुवाच

सोरठा–सुनहु शिष्य मम बानि, जातैं तव शंका मिटै;
है जगकी अति हानि, तो मोमैं नहि औरमैं ४५

અર્થ:—ગુરૂ કહે છે કે હે શિષ્ય મારી વાત સાંભળ કે જેથી તારી શંકા નાશ પામે. જન્માદિ દુઃખરૂપ સંસાર તારામાં, મારામાં કે કોઈનામાં પણ નથી. (કેમકે જગત થયું નથી ને છે પણ નહિ, તો તેનાથી થતું દુઃખ શી રીતે હોય !) ૪૫.

तत्वदृष्टिरुवाच

दोहा–जो भगवन कहुं है नहीं, जन्ममरन जगखेद;
है प्रत्यक्ष प्रतीति त्यूं ? कहो आप यह भेद. ४६

અર્થ:—શિષ્ય પૂછે છે કે હે ભગવન્! જ્યારે જન્મ, મરણ, વગેરે સંસાર દુઃખ મારામાં કે બીજા કોઈનામાં નથી ત્યારે તે દુઃખની પ્રત્યક્ષ પ્રતીતિ કેમ થાય છે, એ ભેદ સમજાવો. ૪૬

ટીકા—જે વસ્તુ હોય નહિ તે જોવામાં આવતી નથી. જેમ વાંઝણીનો છોકરો કે આકાશમાં ફૂલ હોતું નથી તેથી તે પ્રતીત પણ થતું નથી. તેમ સંસાર પણ હોય નહિ તો પ્રતીત પણ થાય નહિ, પણ જન્મ વગેરે સંસાર તો જોવામાં આવે છે, અને તેનું સુખ દુઃખ પણ અનુભવમાં આવે છે, માટે "જન્માદિક સંસાર રૂપી દુઃખ નથી" એમ કહેવું સંભવતું નથી.

श्रीगुरुरुवाच

दोहा–आत्मरूपअज्ञानतैं, है मिथ्या परतीति:
जगत स्वप्न नभनीलता, रज्जुभुजगकी रीति. ४७

અર્થ:—ગુરૂ કહે છે, જેમ સ્વપ્નના પદાર્થ, આકાશમાં નીલતા અને દોરડીમાં સાપ વસ્તુતઃ છે જ નહિ તથાપિ મિથ્યારૂપે ભાય છે ખરાં (અને તેથી સુખ દુઃખ પણ ઉપજે છે) તેમજ

જન્મમરણ વગેરે જગત્ વસ્તુતઃ છે જ નહિ, તથાપિ આત્માના ખરા સ્વરૂપના અજ્ઞાનને લીધે મિથ્યા પ્રતીત થાય છે, અને મિથ્યા જગતથી ઉપજતાં સુખ દુઃખ પણ મિથ્યા જ પ્રતીત થાય છે. ૪૭.

૧૫ રજ્જુસર્પ દૃષ્ટાંતમાં રહેલું રહસ્ય.

तत्वदृष्टिरुवाच

चौपाई–मिथ्या सर्प रज्जुमैं जैसे, भाख्यो भव आतममैं तैसे;
कैसे सर्प रज्जुमैं भासे, यह संशय मनबुद्धि विनासे. ४८

અર્થઃ—તત્ત્વદૃષ્ટિ પૂછે છે કે, જેમ દોરડીમાં સાપ મિથ્યા ભાસે છે, તેમ આત્મામાં સંસાર મિથ્યા ભાસે છે એમ આપે કહ્યું. (હવે દૃષ્ટાંત સારી રીતે સમજાયા વિના દાર્ષ્ટાંતનું જ્ઞાન થાય નહિ, માટે હું પૂછું છું કે) દોરડીમાં સાપ શી રીતે ભાસે છે? (એ મને સમજાવો) કેમકે એ સંશય મારા મનને તથા બુદ્ધિને ગુંચવી નાંખે છે. ૪૮.

૧૬ અધ્યાસ વિષે ચાર મત અથવા ખ્યાતિઓ.

असतख्याति पुनि आतमख्याति,
ख्याति अन्यथा अरु अख्याति;
सुने चारिमत भ्रमकी ठौरा,
मानूं कौन कहौ यह ब्यौरा. ४९

અર્થઃ—દોરડીમાં સાપ, છીંપમાં રૂપું, ઇત્યાદિ ભ્રમ જ્યાં જ્યાં થાય છે, ત્યાં ત્યાં તે થવા વિષે ચાર પ્રકારના મત મેં સાંભળેલા છે એટલે અસત્ ખ્યાતિ, આત્મખ્યાતિ, અન્યથાખ્યાતિ અને અખ્યાતિ એ ચારમાંથી હું (ભ્રમના સંબંધમાં) કયો મત શ્રેષ્ઠ માનું? ૪૯.

ટીકા—(ભ્રમ કેમ થાય છે તેના ખુલાસાને ખ્યાતિ કહી છે,)

(૧) શૂન્યવાદી અસત્ ખ્યાતિ કહે છે.

(૨) ક્ષણિક વિજ્ઞાનવાદી આત્મખ્યાતિ કહે છે.

(૩) ન્યાય અને વૈશેષિક મતમાં અન્યથાખ્યાતિ કહે છે.

(૪) સાંખ્ય અને પ્રાભાકાર અખ્યાતિ કહે છે.

૧૭ અસત્ ખ્યાતિ.

(૧) બૌદ્ધ મતમાં એક શૂન્યવાદી નામે સમુદાય છે. તેઓ એમ માને છે કે બધું જગત્ અસત્ છે, એટલે છેજ નહિ. તેઓ એમ કહે છે કે, દોરડીમાં જેમ સર્પ અત્યંત અસત્ છે. એટલે ખરેખરો સાપ નથી, તેમ બીજી કોઈ જગોએ પણ ખરેખરો સાપ નથી. એવો છેકજ અસત

સાપ દોરડીમાં જોવામાં આવે છે માટે તેને અસત્ય ખ્યાતિ કહે છે. અત્યંત અસત્ય સર્પની ખ્યાતિ એટલે ભાન અને કથન એ **અસત્ખ્યાતિ !**

૧૮ આત્મખ્યાતિ

બૌદ્ધમતના બીજા કેટલાક અનુયાયીઓ, જેઓ બુદ્ધિ એજ આત્મા એમ માને છે તેઓ ક્ષણિક વિજ્ઞાન વાદી કહેવાય છે. તેમનો એવો અભિપ્રાય છે કે દોરડીમાં અથવા બીજે કોઇ ઠેકાણે બુદ્ધિથી બહાર કહીં સર્પ છે નહિં. તમામ પદાર્થો બુદ્ધિથી ભિન્ન નથી, પણ બુદ્ધિજ બધા પદાર્થોના આકારને ધારણ કરે છે. એ બુદ્ધિ ક્ષણિક વિજ્ઞાનરૂપ છે. ક્ષણે ક્ષણે જે વિજ્ઞાન ઉત્પન્ન થઇને નાશ થાય છે તેને ક્ષણિક વિજ્ઞાન કહે છે. એ વિજ્ઞાન જ સર્વ રૂપે પ્રતીત થાય છે, એને આત્મખ્યાતિ કહે છે. આત્મા એટલે ક્ષણિક વિજ્ઞાન રૂપ બુદ્ધિ, તેની ખ્યાતિ એટલે સાપ રૂપે ભાન અને કથન, તે **આત્મખ્યાતિ.**

જેમ નદીના પ્રવાહમાં ક્ષણે ક્ષણે એક પાણી આવ્યું-ચાલ્યું ગયું, તેની જગાએ બીજું આવ્યું-ચાલ્યું ગયું, તથાપિ જોનાર ભ્રાંતિથી તેને એકજ પાણી માને છે, તેમ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થઇને નાશ પામનાર આ બુદ્ધિરૂપી જગતનું જ્ઞાન પણ ક્ષણિક છતાં એકનું એક હોય એમ સમજાય છે.

૧૯ પ્રાચીનોની અન્યથાખ્યાતિ

ન્યાય શાસ્ત્રના કર્તા ગૌતમ આચાર્ય તથા વૈશેષિકના કર્તા કણાદ આચાર્ય છે. એ જૂના આચાર્યો એમ માને છે કે, રાફડા વગેરે ઠેકાણે સાચો સર્પ છે. દોરડીમાં સાપ જોનારો માણસ ખરી રીતે એ સાચા સર્પનેજ દેખે છે, પણ નેત્રમાં દોષ છે તેથી તે પોતાની સન્મુખ દેખાતો હોય એમ જાણે છે. જો કે સાચો સાપ અને નેત્રની વચ્ચે ભીંત વગેરે અંતરાય છે, તથાપિ દોષવાળાં નેત્રને લીધે અંતરાય છતાં પણ તે સર્પ તેને નજીક દોરડીને ઠેકાણે દેખાય છે.

શંકા—દોષને લીધે તો સામર્થ્ય ઘટે છે-વધે નહિ. જેમ વાત પિત્ત કફાદિ દોષથી જઠરાગ્નિનું પાચનસામર્થ્ય ઘટે છે. તેમ તિમિર વગેરે દોષથી નેત્રનું સામર્થ્ય પણ ઘટવું જોઇએ. અને તમે તો કહો છો કે રાફડા વગેરે સ્થાનમાં રહેલા સાપનું જ્ઞાન દોષવાળાં નેત્રથી નજીકમાં થાય છે ! પણ દૂર દેશમાં રહેલી વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન દોષવિનાનાં શુદ્ધ નેત્રથીજ થતું નથી, તો પછી દોષવાળાં નેત્રથી થાય એ શી રીતે માની શકાય ? માટે "દોષથી નેત્રનું સામર્થ્ય વધે છે" એ માનવામાં કોઇ દૃષ્ટાંત નથી.

સમાધાન—એ શંકા સંભવતી નથી. કેમકે કોઇને પિત્તદોષથી એવો રોગ થાય છે કે ચારગણું ખાય તથાપિ તેની તૃપ્તિ થતી નથી. જેમ પિત્ત

દોષથી જઠરાગ્નિમાં પાચન સામર્થ્ય વધે છે તેમજ નેત્રમાં પણ તિમિરાદિક દોષને લીધે પરદેશમાં રહેલા સાપને પ્રત્યક્ષ નજિકમાં જોવાનું સામર્થ્ય વધે છે.

આ રીતે રાફડા વગેરે સ્થળમાં રહેલા સાપનું અન્યથા એટલે મોંઢા આગળ દોરડી સ્થળમાં જે ખ્યાતિ એટલે ભાન અને કથન, તેને **અન્યથા ખ્યાતિ** કહીએ છીએ.

આ પ્રાચીનોના મતમાં અન્ય દેશમાં રહેલી વસ્તુની અન્યદેશમાં પ્રતીતિનેજ **ભ્રાંતિ** કહે છે; અર્થાધ્યાસ અથવા જ્ઞાનાધ્યાસને ભ્રાંતિ કહેતા નથી.

૨૦ નવીનોની અન્યથા ખ્યાતિ

આ વાત નવા નૈયાયિકોને પસંદ પડતી નથી. ન્યાયશાસ્ત્રનો ચિંતામણિ નામે ગ્રંથ જેણે બનાવ્યો છે તે નવીન નૈયાયિક કહેવાય છે. એ ચિંતામણિકાર એમ કહે છે કે, જો જૂના નૈયાયિકના મત પ્રમાણે અન્યથાખ્યાતિ માનીએ તો, દોષવાળી આંખે દૂરનો સાપ દોરડીમાં દેખાવાની સાથે દૂરનાં ઝાડ, ઘર, વગેરે પણ દોરડી આગળ દેખાવાં જોઇએ. પણ તે તો દેખાતાં નથી. માટે અન્ય દેશમાં રહેલી વસ્તુ અન્ય દેશમાં દેખાય, તેનું નામ અન્યથાખ્યાતિ નહિ પણ—

દોષવાળાં નેત્રથી દોરડીનું દોરડી રૂપે ભાન ન થતાં અન્યથા (એટલે બીજે પ્રકારે–સાપ રૂપે) જે ભાન અને કથન તેને અન્યથાખ્યાતિ કહેવી.

૨૧ અખ્યાતિ-ઉક્ત ત્રણ ખ્યાતિઓનું ખંડન

અખ્યાતિ—સાંખ્ય શાસ્ત્રના કર્તા કપિલ મુનિ, તથા મીમાંસા શાસ્ત્રના એક મોટા પંડિત પ્રભાકર, એ બન્ને એમ માને છે કે, દોરડીમાં સાપ જણાય છે તે અસત્ખ્યાતિ નથી, આત્મખ્યાતિ નથી કે અન્યથા ખ્યાતિ પણ નથી. તેનાં કારણો નીચે પ્રમાણે છે:—

(૧) અસત્ વસ્તુની પ્રતીતિ થતી હોય તો વાંઝણીના છોકરાની કે સસલાના શીંગડાની પણ પ્રતીતિ થવી જોઇએ. પણ તે તો થતી નથી; ત્યારે અત્યંત અસત્ સાપની પ્રતીતિ દોરડીમાં થાય છે એ કહેવું પણ ઘટતું નથી. માટે દોરડીમાં સાપ દેખાય છે ત્યાં અસત્ખ્યાતિ નથી.

(૨) ક્ષણિક વિજ્ઞાનરૂપઆત્માનો આકાર દોરડીમાં સાપ રૂપે પ્રતીત થતો હોય તો તે ક્ષણવાર કરતાં વધારે વખત દેખાવો ન જોઇએ; પણ દેખાય છે તો ખરો; માટે ક્ષણિક વિજ્ઞાનવાદી બૌદ્ધો માને છે તેવી આત્મખ્યાતિ પણ દોરડીમાં દેખાતા સાપને લાગુ પડતી નથી.

(૩) નેત્રના દોષને લીધે એક સ્થળનો સાપ બીજા સ્થળમાં (દોરડીમાં) દેખાય છે, એવી રીતે અન્યથાખ્યાતિ સંભવતી નથી, એમ તો

પાછળ ચિંતામણિકાર કહી ગયા છે, તેથી જૂના નૈયાયિકના કહેવા પ્રમાણે, દોરડીમાં સાપ દેખાય છે તેને અન્યથાખ્યાતિ કહી શકાય નહિ.

નવીન નૈયાયિક એમ કહે છે કે નેત્ર દોષને લીધે દોરડીજ સાપરૂપે દેખાય છે. એટલે એક વસ્તુજ બીજે રૂપે દેખાય છે તેને અન્યથા ખ્યાતિ કહેવી, તે પણ યોગ્ય નથી. કેમકે જ્ઞેયને અનુસારેજ જ્ઞાન થાય છે; જ્ઞેય રજ્જુ અને જ્ઞાન સર્પનું એ અત્યંત વિરૂદ્ધ છે.

૨૨ અખ્યાતિ. (સાંખ્યાચાર્યોનો પોતાનો મત.)

જ્યાં દોરડીમાં સાપનો ભ્રમ થાય છે, ત્યાં બે જ્ઞાન ઉત્પન્ન થાય છે. એક તો દોરડી સાથે નેત્રનો વૃત્તિદ્વારા સંબંધ થઇને "આ" કાંઇક છે, એવું દોરડીનું સામાન્ય જ્ઞાન થાય છે; અને બીજું—અન્ય જગોએ જોયેલા સાપનું સ્મરણ થાય છે. એટલે "આ સાપ છે" એ જગોએ બે જ્ઞાન છે:—

(૧) "આ" અંશ તો દોરડીનું **સામાન્ય પ્રત્યક્ષ જ્ઞાન** છે.

(૨) "સાપ છે" એવું સાપનું **સ્મૃતિરૂપ જ્ઞાન** છે.

પરંતુ પ્રમાતામાં ભયદોષ હોય છે તેથી મને બે જ્ઞાન થયાં છે એવો વિવેક જોનારને રહેતો નથી. જોકે "આ" અંશ દોરડીનું સામાન્યજ્ઞાન છે તે યથાર્થ છે; અને પહેલાં દીઠેલા સાપનું સ્મૃતિજ્ઞાન પણ યથાર્થ છે. તોપણ "મને બે જ્ઞાન થયાં છે; તેમાં દોરડીનું સામાન્ય પ્રત્યક્ષ જ્ઞાન છે, અને સર્પનું સ્મૃતિજ્ઞાન છે." એવો વિવેક થતો નથી.

એ બે જ્ઞાનના અવિવેકને સાંખ્ય અને પ્રાભાકરના મતમાં ભ્રમ કહે છે. આ ભ્રમને લીધે દોરડીમાં સાપ દેખાય છે. એજ રીત બધા ભ્રમના સ્થળોમાં જાણવી.

આની રીતે દોરડામાં સાપ દેખાવા વિષે અસત્ખ્યાતિ, આત્મખ્યાતિ, અન્યથાખ્યાતિ અને અખ્યાતિ, એવા ચાર મત સાંભળ્યા છે, તેમાંથી સારો મત હોય તે મને કહો કે તેને હું માનું એવો શિષ્યનો પ્રશ્ન છે.

૨૩ અખ્યાતિ મતખંડન.

श्रीगुरुरुवाच.

दोहा—ख्याति अनिर्वचनीय लखि, पंचम तिनतैं और;
युक्ति हीन मत च्यारि ये, मानहु भ्रमकीठौर. ५०.

ગુરૂ—હે શિષ્ય! પાછળ જે ચાર ખ્યાતિઓ કહી તેનાથી પાંચમી એક **અનિર્વચનીય ખ્યાતિ** છે તેને સઘળાં ભ્રમનાં ઠેકાણાંમાં સમજવી; અને અસત્ખ્યાતિ, આત્મખ્યાતિ, અન્યથાખ્યાતિ અને અખ્યાતિ

એ ચારે મત યુક્તિ હીન હોવાથી તજવા જેવા છે. પણ એ ચારે ખ્યાતિઓનું નિરૂપણ કરતી વખતે ઉત્તર ઉત્તર ખ્યાતિના નિરૂપણમાં પૂર્વ પૂર્વ ખ્યાતી અસંગત છે એમ કહ્યું છે. એજ રીતે ચોથો અખ્યાતિ મત પણ અસંગત છે. કેમકે " આ સર્પ છે " એ જ્ઞાનમાં—

(૧) પ્રથમ " આ " એ અંશ તો દોરડીનું સામાન્ય જ્ઞાન પ્રત્યક્ષ છે.

(૨) અને " સર્પ છે " એટલો અંશ પૂર્વે જોયેલા સાપનું સ્મરણ-જ્ઞાન છે.

આવો અખ્યાતિવાદીઓનો મત છે. તેમાં—

(૧) જો દોરડીમાં સાપ દેખાય છે ત્યાં મોઢા આગળ પડેલી દોરડીમાં સાપનું જ્ઞાન થાય છે એમ ન માને, પણ પહેલાં જોયેલા સાપનું સ્મરણ માત્ર માને, તો પાસે પડેલી દોરડીને જોઇ માણસને ભય થાય છે અને પાછો ફરીને નાસે છે, તે ભય અને નાસવાનું થવું ન જોઇએ, કેમકે સાપના સ્મરણ માત્રથી ભય થતો નથી; માટે સન્મુખ પડેલી દોરડીમાંજ સાપ દેખાય છે, પહેલાં જોયેલા સર્પનું સ્મરણ માત્ર થતું નથી એમજ માનવું પડશે.

(૨) દોરડીનું સામાન્ય રૂપે (આ કાંઇક છે એવું) જ્ઞાન થયા પછી, જ્યારે તેનું વિશેષ રૂપે (આ દોરડી છે) " મને દોરડીમાં સાપની પ્રતીતિ મિથ્યાજ થઇ " એવું જ્ઞાન થાય છે ત્યારે દોરડીમાં દેખાતા સર્પનો બાધ થયો કહેવાય છે, એ બાધ પણ દોરડીમાં દેખાતા સાપનો થાય છે—કાંઇ સાપના સ્મરણનો થતો નથી. તેથી પણ સમજાય છે કે દોરડીમાં સાપનું જ્ઞાન એ સ્મૃતિજ્ઞાન નથી.

(૩). દોરડીમાં, ' આ સાપ છે ' એવું એકજ જ્ઞાન પ્રતીત થાય છે; બે જ્ઞાન પ્રતીત થતાં નથી.

(૪). એકજ વખતે અંતઃકરણમાં સ્મૃતિજ્ઞાન અને પ્રત્યક્ષજ્ઞાન, એવાં બે જ્ઞાન હોઇ શકે નહિ.

આ રીતે અખ્યાતિ મત પણ સમીચીન નથી.

આ ચારે મતનું પ્રતિપાદન અને ખંડન **વિવરણ** અને **સ્વારાજ્ય-સિદ્ધિ** આદિક ગ્રંથોમાં વિસ્તારથી લખેલું છે. ખંડનની યુક્તિ કઠણ છે, માટે અહીં જિજ્ઞાસુને માટે સંક્ષેપમાં તેની રીતિ જણાવી છે—વિસ્તારથી અમે લખ્યું નથી.

૨૪ અનિર્વચનીય ખ્યાતિ.

પદાર્થની પ્રતીતિ કેવી રીતે થાય છે ?—સિદ્ધાંતમાં અનિર્વચનીય ખ્યાતિ માનેલી છે તેની આ રીત છેઃ—અંતઃકરણની વૃત્તિ નેત્રાદિદ્વારા

નીકળીને પદાર્થના જેવો આકાર ધારણ કરે છે, તેથી પદાર્થનું આવરણ દૂર થાય છે, અને પદાર્થની પ્રતીતિ થાય છે. પ્રકાશની તેમાં સહાય હોય છે. પ્રકાશ વિના પદાર્થની પ્રતીતિ થતી નથી.

પદાર્થ અને અંતઃકરણની વૃત્તિની વચમાં જે કાંઇ આડચ આવે તેને આવરણ જાણવું.

દોરડીમાં સર્પ દેખાય છે ત્યાં આવરણનો ભંગ થતો નથી. કેમકે અંતઃકરણની વૃત્તિ નેત્રાદિદ્વારા નીકળીને દોરડી સુધી જાય છે ખરી, પણ મંદ પ્રકાશને લીધે (અથવા પૂરેપૂરો આવરણ ભંગ ન થયેલો હોવાને લીધે) વૃત્તિ દોરડીના સમાન આકારવાળી થતી નથી.

આવી રીતે દોરડીના આવરણનો (અંધકાર રૂપી અંતરાયનો) ભંગ નથી થતો ત્યારે દોરડી રૂપી ચેતનમાં રહેલી અવિદ્યાને લીધે કોઇ ભળતોજ આકાર દેખાય છે. દોરડી લાંબી હોવાથી તથા જોનારના અંતઃકરણમાં પણ કાળો અને લાંબો સાપ હોય છે એવી વાસના અનાદિકાળથી ભરાઇ રહેલી હોવાથી દોરડીમાં સાપજ દેખાય છે. મતલબ કે દોરડીચેતનમાં રહેલી અવિદ્યા સાપનો આકાર ધારણ કરે છે.

એ અવિદ્યાનું કાર્ય સર્પ સત્ હોય તો દોરડીના જ્ઞાનથી તેનો બાધ થાય નહિ, પણ દોરડીનું ખરૂં જ્ઞાન થયા પછી બાધ પામે છે માટે સત્ નથી; તેમ અસત્ હોય તો વાંઝણીના છોકરાની પેઠે અથવા સસલાંના શીંગડાંની પેઠે પ્રતીત ન થવું જોઇએ; પણ પ્રતીત તો થાય છે માટે અસત્ પણ નથી.

આ રીતે દોરડીમાં સાપનું જ્ઞાન, સત્ અને અસત્‌થી વિલક્ષણ અનિર્વચનીય છે. છીપ વગેરેમાં રૂપુ આદિક પણ એજ રીતે અનિર્વચનીય ઉત્પન્ન થાય છે તે અનિર્વચનીયની ખ્યાતિ એટલે પ્રતીતિ અને કથન તેને અનિર્વચનીય ખ્યાતિ કહે છે.

૨૫ અનિર્વચનીય શબ્દનો ખુલાસો

'અનિર્વચનીય' કહેવા વડે 'કહી શકાય એવું' એવો અર્થ ગ્રહણ કરવો નહિ, એનો ખરો અર્થ સમજવા માટે નીચેની વાતપર ધ્યાન આપવુંઃ—

શંકા—તમે કહો છો કે સત્ અને અસત્ બન્નેથી વિલક્ષણ હોય તે **અનિર્વચનીય.** પણ 'સત્'થી વિલક્ષણ તો 'અસત્' છે, તે 'અસત્' ને 'અસત્'થી વિલક્ષણ કહેવું ઘટતું નથી; તેમજ 'અસત્'થી વિલક્ષણ 'સત્' છે, તે 'સત્' ને 'સત્'થી વિલક્ષણ કહેવું ઘટતું નથી. અને 'સત્' તથા 'અસત્'થી ભિન્ન ત્રીજો પદાર્થ છે નહિ, માટે અનિર્વચનીય શબ્દનો કોઇ અર્થ જ જણાતો નથી.

સમાધાન—(૧) ભૂત, વર્તમાન અને ભવિષ્ય, એ ત્રણે કાળમાં જેનો બાધ થઈ શકે નહિ, તેને 'સત્' કહે છે. એ ઉપરથી, જેનો બાધ થઈ શકતો હોય તે સત્થી વિલક્ષણ કહેવાય છે.

(૨) સ્વરૂપ રહિત પદાર્થ (જેવો કે વંધ્યાપુત્ર, શશશૃંગ, ઇત્યાદિ)ને અસત્ કહે છે એ ઉપરથી જે સ્વરૂપવાળું હોય તે અસત્થી વિલક્ષણ કહેવાય.

ઉપર કહેલી બે બાબતોથી સમજાશે કે જે વસ્તુ બાધ યોગ્ય હોય અને તે સાથે જ સ્વરૂપવાળી (આકારવાળી) હોય તે અનિર્વચનીય કહેવાય.

દોરડીમાં સાપ બાધયોગ્ય છે તથા તેનો આકાર દેખાય છે, માટે એ સાપ અનિર્વચનીય છે, અને તેની ખ્યાતિ એટલે જ્ઞાન પણ અનિર્વચનીય છે, એમ સિદ્ધ થયું.

૨૬ ભ્રમ સ્થળમાં ભ્રમનો વિષય અને તેનું જ્ઞાન અવિદ્યાનો પરિણામ છે તથા તે એકજ વખતે ઉત્પન્ન થાય છે તથા લીન થાય છે અને તે સાક્ષી ભાસ્ય છે

દોરડીમાં જેમ સાપ અવિદ્યાનું પરિણામ છે, તેમ તેનું જ્ઞાન પણ અવિદ્યાનુંજ પરિણામ છે. અંતઃકરણનું પરિણામ નથી. (અંતઃકરણનું પરિણામ જો થાત તો દોરડી રૂપેજ થાત.) કેમકે જેમ દોરડીનું જ્ઞાન થવાથી સાપનો બાધ થાય છે તેમ 'સાપ' એવા જ્ઞાનનો પણ બાધ થાય છે. (જેનો બાધ થાય છે તે અવિદ્યાનું પરિણામ સમજવું.) જો 'સાપ' એવું જ્ઞાન અંતઃકરણની વૃત્તિનું પરિણામ હોત તો તેનો બાધ થઈ શકત નહિ. માટે અધ્યાસરૂપ જ્ઞાન પણ અવિદ્યાના કાર્યરૂપ સર્પની પેઠે સત્ અસત્થી વિલક્ષણ અનિર્વચનીય છે પણ તેમાં આટલું ધ્યાનમાં રાખવાનું છેઃ—

(૧) દોરડીરૂપી ઉપાધિવાળા ચેતનમાં રહેલી અવિદ્યાના તમોગુણ રૂપઅંશનું પરિણામ સર્પ છે.

(૨) સાક્ષી ચેતનમાં રહેલી અવિદ્યાના સત્વગુણનું પરિણામ સર્પાકાર વૃત્તિજ્ઞાન છે.

એ રીતે અધ્યાસનો વિષય સર્પ તથા અધ્યાસના વિષયનું જ્ઞાન એ બન્ને અવિદ્યાનું જ પરિણામ છે, અને એ બન્ને અનિર્વચનીય છે, એમ નક્કી થયું.

હવે બીજી વાત એ રહી કે સાપ અને તેનું જ્ઞાન એકેજ વખતે ઉત્પન્ન થાય છે, કેમકે દોરડી ઉપાધિવાળા ચેતનની અવિદ્યાનો જે વખતે સર્પાકાર પરિણામ થાય છે, તેજ સમયે સાક્ષી આશ્રિત અવિદ્યાનો જ્ઞાનાકાર પરિણામ થાય છે. કેમકે રજ્જુચેતન આશ્રિત અવિદ્યામાં ક્ષોભ ઉત્પન્ન થવાનું જે નિમિત્ત (આવરણનો ભંગ ન થવો તે) છે, તે નિમિત્તથીજ સાક્ષી આશ્રિત અવિદ્યા અંશમાં પણ ક્ષોભ ઉત્પન્ન થાય છે. માટે ભ્રમ સ્થળમાં સર્પ વગેરે અને

તેનું જ્ઞાન એકેજ સમયે ઉત્પન્ન થાય છે. અને જે વખતે દોરડી આદિક અધિષ્ઠાનનું જ્ઞાન થાય છે, તેજ વખતે અધ્યસ્ત સર્પ અને સર્પનું જ્ઞાન, બન્ને વાનાં જોડે જ નાશ પામે છે.

૨૭. સ્વપ્ન અને ભ્રમમાં તફાવતઃ-

હવે જેમ દોરડીમાં સાપનો ભ્રમ થાય છે, તેમજ સ્વપ્નમાં પણ નાના પ્રકારના દેખાવો જોવામાં આવે છે તે પણ ભ્રમજ છે. તથાપિ એ બેમાં થોડોક ફેર છે. એટલે સાપના ભ્રમમાં-

(૧) બહારના પદાર્થમાં રહેલો અવિદ્યા અંશ સર્પાદિક ભ્રમનું ઉપાદાન કારણ છે.

(૨) સાક્ષીમાં રહેલો અવિદ્યા અંશ સર્પાદિક ભ્રમના જ્ઞાનનું ઉપાદાન કારણ છે.

અને સ્વપ્નરૂપ ભ્રમમાં—

(૧) સાક્ષીને આધારે રહેલી અવિદ્યાના તમોગુણનો અંશ સ્વપ્ન પદાર્થોનું ઉપાદાન કારણ છે. અને-

(૨) સાક્ષી આશ્રિત અવિદ્યાના સત્વગુણનો અંશ સ્વપ્ન જ્ઞાનનું ઉપાદાન કારણ છે.

માટે સ્વપ્નમાં અંદર રહેલી અવિદ્યાજ વિષય અને જ્ઞાન બન્નેનું ઉપાદાન કારણ છે.

આ ઉપરથી એમ સમજવામાં આવે છે કે બહારના દોરડીમાં સાપ વગેરે ભ્રમના વિષયો, તથા શરીરની અંદરના સ્વપ્નના વિષયો, એ બન્ને **સાક્ષીભાસ્ય** છે.

અવિદ્યાની વૃત્તિદ્વારા સાક્ષી જે વિષયોનો પ્રકાશ કરે તે **સાક્ષી-ભાસ્ય** કહેવાય છે.

૨૮ પરિણામ અને વિવર્ત.

(૧) દોરડી વગેરેમાં અનિર્વચનીય સર્પ વગેરે અને તેનું જ્ઞાન, એ બન્નેને ભ્રમ અથવા અધ્યાસ કહે છે

(૨) ભ્રમ એ અવિદ્યાનો પરિણામ છે અને ચેતનનો વિવર્ત છે.

(૩) ઉપાદાન કારણના સમાન સ્વભાવવાળું અન્યથા સ્વરૂપ તે **પરિણામ**. જેમ, દોરડીમાં સાપ દેખાય છે ત્યાં સાપ દેખાવાનું ઉપાદાન કારણ અવિદ્યા છે એ પાછળ કહી ગયા છીએ. એ અવિદ્યા સત્ અસતથી વિલક્ષણ હોવાને લીધે અનિર્વચનીય છે. અને એમાંથી થયેલાં સર્પ અને તેનું જ્ઞાન પણ અનિર્વચનીય છે, માટે ઉપાદાન (અવિદ્યા)ના સરખા સ્વ-ભાવવાળાં (અનિર્વચનીય) છે તથા અવિદ્યાના સ્વરૂપથી જૂદા પ્રકારના સ્વરૂપવાળાં (સાપના આકારવાળાં) પણ છે, માટે તે **પરિણામ** કહેવાય છે.

(૪) અધિષ્ઠાનથી વિપરીત સ્વભાવવાળું અન્યથા સ્વરૂપ તે **વિવર્ત** કહેવાય છે. જેમ—દોરડીએ ચેતનનો જેટલો ભાગ વ્યાપ્ત કર્યો હોય તે રજ્જુ અવચ્છિન્ન ચેતન કહેવાય છે. એ રજ્જુ અવચ્છિન્ન ચેતન સર્પભ્રમનું અધિષ્ઠાન છે. (જે સત્ વસ્તુમાં ભ્રમ થાય તે સત્ વસ્તુ **અધિષ્ઠાન** કહેવાય છે.) એ અધિષ્ઠાન સત્ છે. અને સાપ તથા તેનું જ્ઞાન સત્થી વિલક્ષણ છે. માટે દોરડીમાં દેખાતો સાપ તથા તેનું જ્ઞાન, અધિષ્ઠાન ચેતનથી વિપરીત સ્વભાવવાળું અને બીજા પ્રકારના આકારવાળું હોવાથી તે ચેતનનું **વિવર્ત** કહેવાય છે.

૨૯ અધિષ્ઠાન-રજ્જુ અને અંતઃકરણ ઉપહિત ચેતન સર્પ ભ્રમનું અધિષ્ઠાન છે. રજ્જુજ્ઞાનથી સર્પ અને સર્પજ્ઞાનની નિવૃત્તિ.

(૧) મિથ્યા સાપનું અધિષ્ઠાન રજ્જુ ઉપાધિવાળું ચેતન છે, રજ્જુ અધિષ્ઠાન નથી. કેમકે સાપ જેમ દોરડીમાં કલ્પિત છે, તેમ દોરડી પણ ચેતનમાં કલ્પિત છે. એક કલ્પિત વસ્તુ બીજી કલ્પિત વસ્તુનું અધિષ્ઠાન બને નહિ, માટે રજ્જુ ઉપહિત (ઉપાધિવાળું) ચેતનજ અધિષ્ઠાન છે; રજ્જુ અધિષ્ઠાન નથી.

(૨) કોઇ રજ્જુ વિશિષ્ટ ચેતનને અધિષ્ઠાન કહે તો તે બરાબર નથી કેમકે એમ કહેવાથી રજ્જુ અને ચેતન બન્ને અધિષ્ઠાન થશે. પણ વાસ્તવિક જોતાં રજ્જુ પણ ચેતનમાં અધ્યસ્ત છે માટે બાધ થવાને યોગ્ય છે. માટે રજ્જુના બાધની સાથે તેનું અધિષ્ઠાનપણું પણ બાધિત થશે માટે રજ્જુ ઉપહિત ચેતનમાં જ અધિષ્ઠાનપણું સંભવે છે. રજ્જુ વિશિષ્ટ ચેતનમાં નહિ.

૩૦ ઉપાધિ અને વિશેષણ વગેરે.

અહીં ઉપાધિ અને ઉપહિત તથા વિશિષ્ટ એવા શબ્દો વપરાયલા છે તેનો કાંઇક વિશેષ ખુલાસો કરવાની જરૂર છે:—

(૧) બીજા પદાર્થોથી જૂદું કરીને વસ્તુનું સ્વરૂપ જે જણાવે તેને **વ્યાવર્તક** કહે છે. અને જે વસ્તુને જૂદી કરી જણાવવામાં આવે છે તે વસ્તુને **વ્યાવર્ત્ય** કહે છે. જેમ, 'કાળો ઘડો.' એમાં કાળાપણું એ વિશેષણ છે અને એ વિશેષણ કાળા ઘડાને બીજા રાતા વગેરે રંગના ઘડાઓથી જૂદો કરીને જણાવે છે માટે કાળાપણું વ્યાવર્તક છે. અને ઘડો વ્યાવર્ત્ય છે કેમકે ઘડાને જૂદો પાડી જણાવવામાં આવ્યો છે.

વસ્તુના સ્વરૂપમાં પ્રવેશ કરીને જે વ્યાવર્તક બને તેને **વિશેષણ** કહે છે. કાળાપણું ઘડામાં પ્રવેશ કરીને ઘડાનું વ્યાવર્તક બન્યું છે માટે કાળાપણું એ વિશેષણ છે અને ઘડો એ **વિશેષ્ય** છે અથવા **વિશિષ્ટ** છે. તેનેજ વ્યાવર્ત્ય કહે છે, અને **પરિચ્છેદ્ય** પણ કહે છે.

(૨) જે વસ્તુ બીજી વસ્તુમાં પ્રવેશ કર્યા સિવાય તે બીજી વસ્તુને જૂદી પાડી બતાવે તેને **ઉપાધિ** કહે છે. જેમ, ઘટાકાશમાં ઘડો એ આકાશની ઉપાધિ છે, કેમકે ઘડો મોટા આકાશથી ઘડામાં ઘેરાયલા આકાશને જૂદું પાડી બતાવે છે એમ છતાં આકાશમાં ઘડો પ્રવેશ પામેલો નથી હોતો.

(૩) આ ઉપરથી સમજાશે કે વિશેષણ પદાર્થ સાથે જોડાઇને પદાર્થનું વ્યાવર્તક બને છે; અને ઉપાધિ પદાર્થથી જૂદી રહીને વ્યાવર્તક બને છે. વિશેષણવડે વ્યાવર્ત્ય પદાર્થને **વિશિષ્ટ** કહે છે, અને ઉપાધિવડે વ્યાવર્ત્ય પદાર્થને **ઉપહિત** કહે છે.

(૪) ચાલતા પ્રસંગમાં દોરડી એ ચેતનનું વિશેષણ નથી, પણ ઉપાધિ છે. માટે રજ્જુ ઉપહિત ચેતન સાપનું અધિષ્ઠાન બને છે.

એજ રીતે સાપના જ્ઞાનનું અધિષ્ઠાન **સાક્ષીચેતન** છે. એ રીતે જ્યાં ભ્રમ થાય છે ત્યાં ભ્રમના વિષયનું (સર્પાદિકનું) અને તેના જ્ઞાનનું (સર્પાદિકના જ્ઞાનનું) ઉપાધિ જૂદી જૂદી હોવાને લીધે અધિષ્ઠાન પણ જૂદું જૂદું હોય છે. એટલે અધ્યસ્ત પદાર્થનું અને અધ્યાસ જ્ઞાનનું એકજ અધિષ્ઠાન હોતું નથી.

આ ઉપરથી એમ સમજાશે કે—

(૧) વિશેષ્ય રૂપથી દોરડીની અપ્રતીતિ રૂપ નિમિત્તથી, અવિદ્યામાં ક્ષોભ થવાવડે સર્પ અને સર્પજ્ઞાન ઉત્પન્ન થાય છે.

(૨) વિશેષ રૂપથી દોરડીનું જ્ઞાન થવાથી સર્પ અને સર્પજ્ઞાનની નિવૃત્તિ થાય છે.

૩૧ દોરડીનું જ્ઞાન અને સર્પના અધિષ્ઠાનનું જ્ઞાન એકજ છે.

શંકા—દોરડીના જ્ઞાનથી સાપની નિવૃત્તિ થાય નહિ. કેમકે મિથ્યા વસ્તુનું જે અધિષ્ઠાન હોય, તે અધિષ્ઠાનના જ્ઞાનથી મિથ્યા વસ્તુની નિવૃત્તિ થાય છે, એવો અદ્વૈતવાદનો સિદ્ધાંત છે. અને મિથ્યા સર્પનું અધિષ્ઠાન રજ્જુ ઉપહિત ચેતન છે–રજ્જુ નથી. માટે રજ્જુના જ્ઞાનથી સર્પની નિવૃત્તિ બને નહિ.

સમાધાન—દોરડીનું જ્ઞાન એજ સર્પના અધિષ્ઠાનનું જ્ઞાન છે. દોરડી વગેરે જડ પદાર્થનું જ્ઞાન અંતઃકરણની વૃત્તિરૂપ હોય છે, ત્યાં આવરણ ભંગ એ વૃત્તિનું પ્રયોજન છે. એ આવરણ અજ્ઞાનની શક્તિ છે. માટે આવરણ જડનું આશ્રિત નથી, પણ જડનું અધિષ્ઠાન જે ચેતન, તેનું આશ્રિત છે. અહીં આ રીતે સમજવું:-

(કોઇ પણ પદાર્થનું જ્ઞાન ન થવાનું જે કારણ હોય તેને **આવરણ** કહે છે. એ આવરણ અજ્ઞાનને લીધે થાય છે માટે આવરણને અજ્ઞાનની

શક્તિ કહે છે. અને એ અજ્ઞાન વળી, ચેતનનીશક્તિ છે. જેમ દાહકત્વ (બાળવા પણું) એ અગ્નિની શક્તિ છે, તેમજ અજ્ઞાન (માયા, અવિદ્યા, પ્રકૃતિ, એ બધાં એ અજ્ઞાનનાં જ નામ છે) ચેતનની શક્તિ છે અર્થાત્ અજ્ઞાનની આવરણ શક્તિ પણ ચેતનને આશરે રહેલી છે, કેમકે અજ્ઞાન પોતેજ ચેતનને આશરે રહેલું છે, માટે જ પાછળ કહ્યું છે કે એ આવરણ જડનું આશ્રિત નથી, પણ જડનું અધિષ્ઠાન જે ચેતન, તેનું આશ્રિત છે. તેથી–

(૧) દોરડીના આકાર જેવા આકારવાળી થયેલી અંતઃકરણની વૃત્તિથી, દોરડીવડે અવચ્છિન્ન (જૂદા પાડેલા ચેતનના) આવરણનો ભંગ થાય છે.

(૨) વૃત્તિમાં જે ચિદાભાસ રહેલો છે તેનાથી દોરડીનો પ્રકાશ થાય છે.

(૩) દોરડી અવચ્છિન્ન ચેતન સ્વયંપ્રકાશ છે, માટે તેને પ્રકાશ કરવાને અંતઃકરણની વૃત્તિમાં રહેલા ચિદાભાસનો કાંઇ ઉપયોગ નથી.*

એનું તાત્પર્ય આ પ્રમાણે છેઃ—

(૧) ચિદાભાસ સહિત અંતઃકરણની વૃત્તિરૂપ જ્ઞાનમાં જે વૃત્તિભાગ છે તે ચેતનના આવરણનો ભંગ કરે છે. અર્થાત્ વૃત્તિનું આવરણભંગરૂપ ફળ ચેતનમાં થાય છે, અને

(૨) વૃત્તિમાં રહેલા ચિદાભાસનું પ્રકાશરૂપ ફળ દોરડીમાં થાય છે. એટલે વૃત્તિમાં રહેલા ચિદાભાસને લીધે દોરડીનું જ્ઞાન થાય છે.

આ ઉપરથી સમજાશે કે, સાભાસ વૃત્તિજ્ઞાનનો કેવળ જડ દોરડી જ વિષય નથી, પણ અધિષ્ઠાન ચેતન સહિત દોરડી એ સાભાસ વૃત્તિજ્ઞાનનો વિષય છે. આ કારણથી જ સિદ્ધાંત ગ્રંથોમાં લખ્યું હોય છે કે "અંતઃકરણથી ઉત્પન્ન થયેલું વૃત્તિજ્ઞાન બ્રહ્મને વિષય કરે છે" એટલે-વૃત્તિજ્ઞાનનો વિષય પણ બ્રહ્મ જ છે.

આ પ્રકારે વૃત્તિવડે આવરણનો ભંગ થવાથી દોરડીનું જ્ઞાન થાય છે, અને તેજ વખતે સાપનું અધિષ્ઠાન જે રજ્જુ અવચ્છિન્ન ચેતન, તેનું તેના પોતાના પ્રકાશથી જ ભાન થાય છે. માટે દોરડીનું જ્ઞાન એજ સાપના અધિષ્ઠાનનું જ્ઞાન છે. માટે દોરડીનું જ્ઞાન થવાથી સાપની નિવૃત્તિ સંભવે છે.

૬૨ અધ્યસ્તના અભાવથીજ અધ્યસ્તના જ્ઞાનની નિવૃત્તિ થાય છે.

શંકા—દોરડીના જ્ઞાનથી સાપના જ્ઞાનની નિવૃત્તિ થાય નહિ. જો કે આ રીતે સાપની નિવૃત્તિ દોરડીના જ્ઞાનથી સંભવે છે, તથાપિ સાપના જ્ઞાનની નિવૃત્તિ સંભવતી નથી. કેમકે સાપનું અધિષ્ઠાન રજ્જુ અવચ્છિન્ન ચેતન છે, અને સાપના જ્ઞાનનું અધિષ્ઠાન સાક્ષી ચેતન છે. અને તમે પાછળ કહ્યું એ રીતે તો રજ્જુનું જ્ઞાન થવાથી રજ્જુ અવચ્છિન્ન ચેતનનુંજ ભાન થાય છે–સાક્ષી ચેતનનું ભાન થતું નથી. માટે રજ્જુનું જ્ઞાન થયા

* આ પ્રક્રિયા આગળ આ તરંગના અંક ૭૨માં સંપૂર્ણ પ્રતિપાદન કરવામાં આવશે.

છતાં પણ સાપના જ્ઞાનનું અધિષ્ઠાન સાક્ષી ચેતન અજ્ઞાતજ રહે છે. અને જ્યાં સુધી અધિષ્ઠાનનું જ્ઞાન ન થયું હોય ત્યાં સુધી તેમાં કલ્પિત પદાર્થના જ્ઞાનની નિવૃત્તિ થતી નથી, પણ અધિષ્ઠાનનું જ્ઞાન થયું હોય તોજ કલ્પિતની નિવૃત્તિ થાય છે. માટે રજ્જુનું જ્ઞાન થયા છતાં પણ સર્પના જ્ઞાનની નિવૃત્તિ થઈ શકે નહિ.

સમાધાન—સાપના અભાવથી જ સાપના જ્ઞાનની નિવૃત્તિ થાય છે– વિષયને અધીન જ્ઞાન થાય છે. એટલે જો વિષય હોય તો તેનું જ્ઞાન થાય અને જ્ઞાનનો વિષય ન હોય તો તેનું જ્ઞાન ન થાય. અહીં જ્ઞાનનો વિષય સર્પ છે. દોરડીનું જ્ઞાન થવાની સાથેજ ભ્રાંતિ જ્ઞાનનો વિષય જે સર્પ તેની નિવૃત્તિ થાય છે. અને સર્પની નિવૃત્તિ થવાથી પછી સર્પજ રહેતો નથી, તેથી સર્પના જ્ઞાનની પણ આપોઆપ નિવૃત્તિ થઈ જાય છે.

૩૩ બે પ્રકારની નિવૃત્તિ.

શંકા—પણ, કલ્પિત વસ્તુની નિવૃત્તિ અધિષ્ઠાનના જ્ઞાન વિના થતી નથી; સાપનું જ્ઞાન પણ કલ્પિત છે તથા તેનું અધિષ્ઠાન સાક્ષી ચેતન છે. એ સાક્ષી ચેતનનું જ્ઞાન થયા સિવાય કલ્પિત સર્પના જ્ઞાનની નિવૃત્તિ શી રીતે બને ?

સમાધાન—નિવૃત્તિ બે પ્રકારની છેઃ–

(૧) એક તો અત્યંત નિવૃત્તિ હોય છે. અને બીજું–

(૨) કાર્ય વસ્તુનો કારણમાં લય થવો તે પણ નિવૃત્તિ કહેવાય છે. તમામ કલ્પિત વસ્તુઓનું કારણ અધિષ્ઠાન સંબંધી અજ્ઞાન છે. માટે–

(૧) અજ્ઞાન સહિત કલ્પિત કાર્યની નિવૃત્તિ તો અધિષ્ઠાનના જ્ઞાનથી થાય છે.

(૨) પણ કારણમાં લયરૂપ જે નિવૃત્તિ તે તો અધિષ્ઠાનના જ્ઞાન વિના પણ થાય છે.

જેમ, સુષુપ્તિમાં અને પ્રલયમાં તમામ પદાર્થોનો અજ્ઞાનમાં લય થાય છે, તે અધિષ્ઠાનના જ્ઞાન વિનાજ થાય છે. એવી રીતે તમામ પદાર્થોનો લય થવાનું કારણ ભોગ આપવાને તત્પર થયેલાં કર્મોનો અભાવ છે.

એજ રીતે અધિષ્ઠાન સાક્ષીના જ્ઞાન વિના પણ સર્પજ્ઞાનનો લય થાય છે. અને તેનું કારણ, સર્પજ્ઞાનનો વિષય જે સર્પ તેનો અભાવ છે.

આ રીતે સાપની નિવૃત્તિ રજ્જુજ્ઞાનથી થાય છે; અને સર્પજ્ઞાનનો વિષય જે સર્પ, તેના અભાવથી સર્પજ્ઞાનનો લય થાય છે.

૩૪ દોરડીનું જ્ઞાન થતી વખતે સાક્ષીનુ ભાન થાય છે.

દોરડીના જ્ઞાનથી સાપની નિવૃત્તિ તો થાય છે, પણ સાપના જ્ઞાનની નિવૃત્તિ દોરડીના જ્ઞાનથી થતી નથી; એ શંકાનું સમાધાન પાછળ એવું

કર્યું કે, દોરડીનું જ્ઞાન થવાની સાથેજ સાપનો અભાવ થયો; અને એ અભાવને લીધેજ તેના જ્ઞાનનો પણ અભાવ થયો.

અહીં આગળ એજ શંકાનું બીજી રીતે સમાધાન કરે છેઃ-સાપ અને તેનું જ્ઞાન, એ બન્નેની નિવૃત્તિ દોરડીના જ્ઞાનથીજ થાય છે. કેમકે જ્યારે દોરડીનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, ત્યારે આ પ્રકાર બને છેઃ–અંતઃકરણની વૃત્તિ નેત્રદ્વારા નીકળીને દોરડીના સ્થળમાં પ્રાપ્ત થાય છે, અને દોરડીના જેવા આકારની તે વૃત્તિ થઇ જાય છે. તેથી દોરડીની ઉપાધિવાળું ચેતન અને વૃત્તિની ઉપાધિવાળું ચેતન, બન્ને એક થઇ જાય છે–તે બેમાં કાંઇ ભેદ રહેતો નથી. એનો હેતુ આ પ્રમાણે છેઃ–ચેતનનો તો કોઈ જગોએ સ્વરૂપથી ભેદ છે જ નહિ, પણ ઉપાધિના ભેદથી ચેતનનો ભેદ કહેવામાં આવે છે. વૃત્તિ ઉપહિત ચેતન અને રજ્જુ ઉપહિત ચેતન એ બેમાં ભેદ કરનારી ઉપાધિ, વૃત્તિ અને રજ્જુ છે.

(૧) એ વૃત્તિ અને રજ્જુ જૂદા જૂદા સ્થળમાં હોય ત્યારે તો ઉપાધિવાળા ચેતનનો ભેદ માલમ પડે છે.

(૨) એ બન્ને ઉપાધિઓ એકજ જગોએ હોય, ત્યારે તે બન્ને ઉપાધિઓથી ઉપહિત છતાં પણ ચેતન એકજ હોય છે.

આ વાત વેદાંતપરિભાષાદિક ગ્રંથોમાં લખી છે.

(૧) જૂદા જૂદા સ્થળમાં રહેલી ઉપાધિથીજ ઉપહિત ચેતનનો ભેદ થાય છે. (ભેદ કહેવામાં આવે છે.)

(૨) જ્યારે બન્ને ઉપાધિઓ એકજ સ્થળમાં રહેલી હોય ત્યારે બન્ને ઉપાધિઓથી ઉપહિત ચેતન એકજ હોય છે.

આ રીતે જે વખતે દોરડીનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, તે વખતે રજ્જુ ઉપહિત ચેતન અને વૃત્તિ ઉપહિત ચેતન એકજ હોય છે. હવે વૃત્તિ ઉપહિત ચેતન એજ સાક્ષીચેતન છે. કેમકે અંતઃકરણ અને તેની વૃત્તિમાં રહીને તેનો જે પ્રકાશ કરે છે તે સાક્ષી ચેતન કહેવાય છે. આ રીતે રજ્જુનું જ્ઞાન થતી વખતે સાક્ષી ચેતન અને રજ્જુ ઉપહિત ચેતનનો અભેદ થાય છે. અને—

(૧) રજ્જુનું જ્ઞાન થવાથી રજ્જુ ઉપહિત ચેતનનું ભાન થાય છે.

(૨) અને રજ્જુનું જ્ઞાન થવાથી રજ્જુ ઉપહિત ચેતનથી અભિન્ન એવા સાક્ષીનું પણ ભાન થાય છે.

આ પ્રમાણે રજ્જુનું જ્ઞાન થતી વખતે અધિષ્ઠાન સાક્ષીચેતનનું ભાન થવાથી કલ્પિત સર્પજ્ઞાનની નિવૃત્તિ થાય છે.

૩૫ સર્વ ત્રિપુટીઓના જ્ઞાનમાં સાક્ષીનુ જ્ઞાન થાય છે.

એજ શંકાની ત્રીજી રીતે નિવૃત્તિ કરે છેઃ-

વિદ્યારણ્ય સ્વામીએ કૂટસ્થદીપમાં આ પ્રક્રિયા કહી છેઃ-

(૧) આભાસ સહિત અંતઃકરણની વૃત્તિ ઇંદ્રિયદ્વારા નીકળીને ઘટાદિક વિષયોનો પ્રકાશ કરે છે.

(૨) ઘટાદિક વિષય, તેમજ આભાસ સહિત વૃત્તિરૂપ તેનું જ્ઞાન, તથા આભાસ સહિત અંતઃકરણરૂપ જ્ઞાતા, એ ત્રણને સાક્ષી પ્રકાશે છે.

(૧) 'આ ઘડો છે' આ રીતે આભાસ સહિત વૃત્તિથી માત્ર ઘડાનો પ્રકાશ થાય છે.

(૨) 'હું ઘડાને જાણું છું' એમાં—

क. 'હું' શબ્દનો અર્થ જ્ઞાતા,

ख. 'ઘટ' એ જ્ઞેય, અને-

ग. તેનું જ્ઞાન,

એ ત્રિપુટીનો સાક્ષીથી પ્રકાશ થાય છે.

આ રીતે તમામ ત્રિપુટીઓનો પ્રકાશક સાક્ષી છે.

સાક્ષી પોતે અજ્ઞાત હોય તો ત્રિપુટીનું જ્ઞાન સાક્ષીથી થાય નહિ. માટે સર્વે ત્રિપુટીઓના જ્ઞાનમાં સાક્ષીનું જ્ઞાન અવશ્ય થાય છે.

(જ્ઞાતા, જ્ઞેય, અને જ્ઞાન; કર્તા, કાર્ય અને કર્મ; દ્રષ્ટા, દૃશ્ય, અને દર્શન; ઈત્યાદિ ત્રણ ત્રણના સમુદાયને ત્રિપુટી કહે છે.

૩૬ સર્પ અને તેના જ્ઞાનનુ અધિષ્ઠાન સાક્ષી છે.

સાક્ષીના જ્ઞાનથી સર્પના જ્ઞાનની નિવૃત્તિ થઇ શકે છે, પ્રથમ એમ કહેવામાં આવ્યું હતું કે સર્પ અને તેના જ્ઞાનનું અધિષ્ઠાન ભિન્ન ભિન્ન છે, તેમાં ઉપર કહ્યા પ્રમાણે શંકા સમાધાન અથવા વિવાદ છે. એ પક્ષમાં બીજા પણ શંકા સમાધાન રૂપ વિવાદ ઘણા છે. પરંતુ તેમાંથી હવે, સર્પ અને તેના જ્ઞાનનું અધિષ્ઠાન એકજ છે, એ પક્ષ કહીએ છીએઃ—

વાદી—સર્પ અને તેના જ્ઞાનનું અધિષ્ઠાન બાહ્ય રજ્જુ ચેતન છે, એમ કહે તો સંભવતું નથી; કેમકે—

(૧) જે જે જ્ઞાન થાય છે તે સર્વે પ્રમાતા અથવા સાક્ષીને આશ્રિત છે, એટલે પ્રમાતા અથવા સાક્ષીને લીધેજ તે જ્ઞાન થાય છે; બહારનું જે રજ્જુચેતન છે, તેને આધારે એ જ્ઞાન થતું નથી.

(૨) હવે જો સર્પ અને સર્પના જ્ઞાનનું અધિષ્ઠાન અંતઃકરણ ઉપહિત સાક્ષી ચેતનને માને, તો શરીરની અંદર અંતઃકરણના સ્થાનમાં સર્પની પ્રતીતિ થવી જોઇએ; દોરડીના સ્થળમાં સર્પની પ્રતીતિ ન થવી જોઈએ. કદાચ શરીરની અંદર ઉપજેલા સાપની માયાના બળથી

બહાર પ્રતીતિ થાય છે એમ માનશો તો વિજ્ઞાન વાદીઓની આત્મખ્યાતિ મંજુર કરવી પડશે, આ રીતે—

(૧) રજ્જુ ઉપહિત ચેતન, સર્પ જ્ઞાનનું અધિષ્ઠાન સંભવે નહિ.

(૨) અંતઃકરણ ઉપહિત ચેતન સર્પનું અધિષ્ઠાન સંભવે નહિ. માટે સર્પ અને તેના જ્ઞાનનું અધિષ્ઠાન એકજ હોઇ શકે નહિ.

સિદ્ધાંતી—તમે કહો છો તે રીતે એક અધિષ્ઠાન હોઇ શકે નહિ, તથાપિ, રજ્જુની સમીપ પ્રાપ્ત થયેલી અંતઃકરણની 'આ (કાંઇક) છે' એવી ઇદિમાકાર વૃત્તિ, તે વૃત્તિમાં રહેલી ચેતનના આશ્રયવાળી અવિદ્યા, તે અવિદ્યા સર્પાકાર પરિણામને પામે છે, તેમજ સર્પજ્ઞાનાકાર પરિણામને પણ પામે છે.

(૧) વૃત્તિ ઉપહિત ચેતનમાં રહેલો અવિદ્યાના તમો ગુણનો અંશ તે સર્પનું ઉપાદાન કારણ છે. અર્થાત્ એ તમોગુણનો અંશ સર્પ રૂપે પરિણામ પામે છે. (એને પરિણામી ઉપાદાન કહે છે)

(૨) તેમાંજ રહેલો અવિદ્યાના સત્વગુણનો અંશ સર્પ એવા જ્ઞાનનું ઉપાદાન કારણ છે. અર્થાત્ એ સત્વગુણનો અંશ સર્પજ્ઞાન રૂપે પરિણામ પામે છે. (એને વિવર્ત ઉપાદાન કહે છે)

સર્પ અને તેના જ્ઞાનનું વૃત્તિ ઉપહિત ચેતન અધિષ્ઠાન છે.

(૧) વૃત્તિ રજ્જુ દેશમાં બહાર ગઇ છે માટે વૃત્તિ ઉપહિત ચેતન પણ બહાર છે. માટે સાપનો આશ્રય બને છે.

(૨) અંતઃકરણનું જેવડું સ્વરૂપ હોય તેવડું સ્વરૂપ સાથીનું પણ હોય છે. શરીરની અંદર રહેલું જે અંતઃકરણ તેજ વૃત્તિરૂપ પરિણામને પામે છે. માટે વૃત્તિ ઉપહિત ચેતન સાક્ષી હોય છે, અને તેથી જ તે સર્પજ્ઞાનનો આશ્રય બને છે.

દોરડીનો જે વખતે સાક્ષાત્કાર થાય છે, ત્યારે રજ્જુચેતન અને વૃત્તિ ચેતન એક થઇ જાય છે. માટે રજ્જુના જ્ઞાનથી સર્પ અને તેના જ્ઞાનની નિવૃત્તિ થાય છે,

૩૭ વૃત્તિ ઉપહિત ચેતન (સાક્ષી) કલ્પિતનું અધિષ્ઠાન છે.

જ્યાં એકજ દોરડીમાં દશ માણસોમાંથી કોઇને સાપ, કોઇને લાકડી, કોઇને માળા, કોઇને પૃથ્વીની ફાટ, કોઇને પાણીનો રેલો, એમ ભિન્ન ભિન્ન પ્રતીતિ થતી હોય, અથવા બધાને સાપજ જણાતો હોય, ત્યાં જે પુરૂષને દોરડીનો સાક્ષાત્કાર થાય, તેના વૃત્તિ ચેતનમાં કલ્પિત અધ્યાસની નિવૃત્તિ થાય છે; પણ જેને દોરડીનું જ્ઞાન થયું નથી હોતું, તેના અધ્યાસની નિવૃત્તિ

થતી નથી. માટે વૃત્તિ ચેતન જ કલ્પિતનું અધિષ્ઠાન છે-રજ્જુ આદિક વિષય ઉપહિત ચેતન અધિષ્ઠાન નથી.

જો રજ્જુ ઉપહિત ચેતનને સર્પ દંડ વગેરેનું અધિષ્ઠાન માનીએ, તો દશ માણસોને એકજ વસ્તુમાં પ્રતીત થતા જે દશ પદાર્થ, તે દરેકને બધા પ્રતીત થવા જોઇએ અને અમારી રીતે તો—જેના વૃત્તિ ચેતનમાં જે પદાર્થ કલ્પિત છે તેજ તેને પ્રતીત થાય છે; બીજાને નહિ.

આ રીતે બહારના સર્પાદિક અને તેમના જ્ઞાનનું અધિષ્ઠાન વૃત્તિ ઉપહિત સાક્ષી છે. સ્વપ્નના પદાર્થ અને તેના જ્ઞાનનું અધિષ્ઠાન પણ અંતઃકરણ ઉપહિત સાક્ષીજ છે.

આ પ્રકારથી સત્ અને અસત્થી વિલક્ષણ જે અનિર્વચનીય અવિદ્યાનો પરિણામ અનિર્વચનીય સર્પાદિક, તેની ખ્યાતિ એટલે પ્રતીતિ અને કથન તે અનિર્વચનીય ખ્યાતિ કહેવાય છે.

૩૮ અપાર મિથ્યા જગતનો આધાર અને અધિષ્ઠાન તું પોતે છે.

शिष्यउवाच ।

दोहा–यह मिथ्या परतीत है, जामैं जगत अपार;
सो भगवन मो कं कहो, को याको आधार. ५१

અર્થ—શિષ્ય પૂછે છે કે આ અપાર જગત્ જેમાં મિથ્યા પ્રતીત થાય છે તે શી વસ્તુ છે? અર્થાત્ આ મિથ્યા જગત્નો આધાર કોણ છે? તે મને કહો. ૫૧

ગુરૂ-મિથ્યા જગતનો આધાર અને અધિષ્ઠાન તું છે.

श्रीगुरुरुवाच.

दोहा–तव निजरूप अज्ञानतै, है मिथ्या जगभान;
अधिष्ठान आधार तूं, रज्जु भुजंग समान. ५२

અર્થ—ગુરૂ કહે છે કે જે અજ્ઞાનને લીધે તું પોતાના બ્રહ્મ રૂપને જાણતો નથી, એ અજ્ઞાન વડેજ મિથ્યા જગત પ્રતીત થાય છે. માટે મિથ્યા જગતનો આધાર અને અધિષ્ઠાન તું પોતેજ છે. જેમ દોરડીના અજ્ઞાનથી મિથ્યા સર્પ પ્રતીત થાય છે, ત્યાં સર્પનું અધિષ્ઠાન અને આધાર દોરડીજ છે. ૫૨

શિષ્ય—અધિષ્ઠાન સંબંધી આપે બે પક્ષ કહ્યા છે. પ્રથમ પક્ષમાં રજ્જુની ઉપાધિવાળું ચેતન અધિષ્ઠાન કહ્યું છે; અને બીજા અથવા મુખ્ય પક્ષમાં વૃત્તિ ઉપહિત ચેતન અથવા સાક્ષીને અધિષ્ઠાન માન્યું છે; પણ દોરડીને તો અધિષ્ઠાન કોઇ પક્ષમાં માન્યું નથી.

ગુરૂ—એમ છતાં પણ પ્રથમ પક્ષમાં ચેતનના અધિષ્ઠાનપણાની ઉપાધિ રજ્જુ છે, માટે સ્થૂલ દૃષ્ટિથી રજ્જુને અધિષ્ઠાન કહેવામાં આવે છે. માટે જેમ, મિથ્યા સર્પનું અધિષ્ઠાન અને આધાર દોરડી છે, તેમ મિથ્યા જગતનું અધિષ્ઠાન અને આધાર તું પોતે જ છે.

૩૯ આત્માનું સામાન્ય રૂપ આધાર અને વિશેષ રૂપ અધિષ્ઠાન છે.

ભાષ્યકારના શિષ્યના શિષ્ય સર્વજ્ઞાત્મ નામે મુનિ થયા છે. તેમણે 'સંક્ષેપ શારીરક' નામે ગ્રંથ કર્યો છે. તેમણે અધિષ્ઠાન અને આધારમાં કાંઇક ભેદ જણાવ્યો છે, તે તેમના કહેવા પ્રમાણે અહીં લખીએ છીએ :-

જેમ દોરડીનાં બે સ્વરૂપ છે: (૧) સામાન્ય રૂપ છે, અને (૨) વિશેષ રૂપ છે.

(૧) સામાન્ય રૂપ 'इदं (આ)' છે.

(૨) વિશેષ રૂપ 'દોરડી' છે.

(૧) ''આ' સાપ છે.' આ રીતે મિથ્યા સાપની અભિન્નપણે ભ્રાંતિ-કાળમાં જે દોરડીનું 'આ' રૂપ દેખાય છે, તે 'આ' રૂપને **સામાન્ય રૂપ** કહે છે.

(૨) જે રૂપ પોતાના રૂપના ભ્રાંતિ કાળમાં પ્રતીત ન થાય, પણ જેની પ્રતીતિ થવાથી ભ્રાંતિ દૂર થાય. તે દોરડીનું **વિશેષ રૂપ** કહેવાય છે.

એજ રીતે આત્માનાં પણ બે રૂપ છે : (૧) સામાન્ય રૂપ અને (૨) વિશેષ રૂપ

(૧) સત્ રૂપ **સામાન્ય રૂપ** છે.

(૨) અસંગતા, કૂટસ્થતા, નિત્ય મુકતતા, વગેરે **વિશેષ રૂપ** છે. કેમકે—

(૧) સ્થૂલ સૂક્ષ્મ સમુદાય 'છે' એમાં સ્થૂલ સૂક્ષ્મ સમુદાયના ભ્રાન્તિ કાળમા (એટલે આત્મા ન દેખાતાં તેને ઠેકાણે સ્થૂલ સૂક્ષ્મ જગત રૂપ સમુદાય દેખાતો હોય તે વખતે) પણ એ મિથ્યા સમુદાયથી અભિન્ન હોઇને 'સત્ રૂપ' પ્રતીત થાય છે. માટે સત્ રૂપ એ આત્માનું સામાન્ય રૂપ છે. અને–

(૨) સ્થૂલ સૂક્ષ્મ સમુદાયની ભ્રાંતિ ચાલુ હોય તે વખતે આત્માનું અસંગ, કૂટસ્થ, નિત્યમુકત સ્વરૂપ પ્રતીત થાય નહિ; પણ જ્યારે અસંગ, કૂટસ્થ, વગેરે આત્મ સ્વરૂપની પ્રતીતિ થાય ત્યારે જગતરૂપી સ્થૂલ સૂક્ષ્મ સમુદાય દૂર થઇ જાય છે. માટે અસંગતા, કૂટસ્થપણું, નિત્યમુકત પણું,

વ્યાપકપણું, ઇત્યાદિ આત્માનાં વિશેષ રૂપ છે.

(૧) તમામ ભ્રાંતિઓમાં સામાન્ય રૂપને **આધાર** કહે છે.

(૨) અને વિશેષ રૂપને **અધિષ્ઠાન** કહે છે.

(૧) જેમ સર્પનો આશ્રય જે દોરડી, તેનું સામાન્ય 'આ' એવું સ્વરૂપ સર્પનો આધાર છે.

(૨) વિશેષ સ્વરૂપ જે 'દોરડી' તે અધિષ્ઠાન છે. તેમજ–

(૧) મિથ્યા જગતનો આશ્રય જે આત્મા, તેના સામાન્ય 'સત્ રૂપ' ને મિથ્યા જગતનો આધાર કહે છે. અને–

(૨) અસંગતા, કૂટસ્થતા, વગેરે વિશેષ રૂપને અધિષ્ઠાન કહે છે.

૪૦ તમામ કલ્પિત વસ્તુનું અધિષ્ઠાન એજ તેનો દ્રષ્ટા છે.

शिष्यउवाच.

दोहा-भगवन् मिथ्या जगतको, द्रष्टा कहिये कौन,
अधिष्ठान आधार जो, द्रष्टा होय न तौन. ५३

શિષ્ય—હે ભગવન્ આ મિથ્યા જગતનો જોનારો કોણ હશે? જે જગતનો આધાર અને અધિષ્ઠાન હોય તે તો જગતનો દ્રષ્ટા થઇ શકે નહિ; કેમકે મિથ્યા સર્પનો આધાર અને અધિષ્ઠાન રજ્જુ છે તે સર્પની દ્રષ્ટા થતી નથી, પણ તેનાથી ભિન્ન એવો પુરૂષ સર્પનો દ્રષ્ટા થાય છે.

श्रीगुरुरुवाच.

चौपाई.

मिथ्या वस्तु जगतमैं जे है,
अधिष्ठानमैं कल्पित ते है;
अधिष्टान सो द्विविध पिछानहु,
इक चेतन, दूजो जड जानहु. ५४
अधिष्ठान जड वस्तु जहां है,
द्रष्टा ता तैं भिन्न तहां है;
जहां होय चेतन आधारा,
तहां न द्रष्टा हो वै न्यारा. ५५

दूहा-चेतन मिथ्या स्वप्नको, अधिष्ठान निर्धार;
सोई द्रष्टा भिन्न नहि, तै सैं जगत विचार. ५६

અર્થ—ગુરૂ કહે છે કે જગતમાં જેટલી મિથ્યા વસ્તુઓ હોય છે, તે સઘળી અધિષ્ઠાનમાં કલ્પિત હોય છે.

અધિષ્ઠાન બે પ્રકારનાં છેઃ (૧) ચેતન અધિષ્ઠાન; (૨) જડ અધિષ્ઠાન. ૫૪

(૧) જ્યાં જડ વસ્તુ અધિષ્ઠાન હોય ત્યાં દ્રષ્ટા અધિષ્ઠાનથી ભિન્ન હોય છે.

(૨) જ્યાં ચેતન અધિષ્ઠાન હોય ત્યાં અધિષ્ઠાનજ દ્રષ્ટા હોય છે–અધિષ્ઠાનથી ભિન્ન કોઈ હોતો નથી. ૫૫

ટીકા—જેમ, સ્વપ્નનું અધિષ્ઠાન સાક્ષી ચેતન છે તેજ સ્વપ્નનો દ્રષ્ટા છે; તેમ જગતનું અધિષ્ઠાન આત્મા છે, માટે આત્મા જ જગતનો દ્રષ્ટા છે.

આ શંકા સમાધાન દોરડીને સાપનું અધિષ્ઠાન માનીને સ્થૂલ દૃષ્ટિથી કહેવામાં આવ્યું છે. સિદ્ધાંત મત પ્રમાણે (વાસ્તવિક જોતાં) તો સાપનું અધિષ્ઠાન પણ સાક્ષી ચેતન છે, તેજ દ્રષ્ટા પણ છે. માટે તમામ કલ્પિત પદાર્થોનું અધિષ્ઠાન, એજ કલ્પિતનું દ્રષ્ટા છે, જેથી કોઇ રીતે એમાં શંકા સમાધાન કરવાની જરૂર રહેતી નથી. ૫૬

૪૧ મિથ્યા સંસારની નિવૃત્તિની ઇચ્છા સંભવતી નથી.

दोहा इम मिथ्या संसार दुख, व्है तोमैं भ्रम भान;
ताकी कहा निवृत्ति तुं, चाहै शिष्य सुजान. ५७

અર્થ—ગુરૂ કહે છે કે હે શિષ્ય, આ રીતે તારે વિષે સંસાર દુઃખ ભ્રાંતિથી મિથ્યાજ પ્રતીત થાય છે, તે મિથ્યા દુઃખની નિવૃત્તિની ઇચ્છા તું ડાહ્યો છતાં કેમ કરે છે? અર્થાત્ મિથ્યા દુઃખની નિવૃત્તિની ઇચ્છા સંભવતી નથી ૫૭. જેમ,–કોઇ બાજીગરે કોઇ માણસને મંત્ર બળથી મિથ્યા શત્રુ બતાવ્યો હોય, તે મિથ્યા શત્રુને મારવાનો ઉદ્યોગ તે પુરૂષ નથી કરતો. તેમ મિથ્યા સંસારની નિવૃત્તિની ઇચ્છા પણ સંભવે નહિ.

૪૨ જન્માદિક સંસારની નિવૃત્તિ આત્મજ્ઞાનથી થાય છે.

शिष्यउवाच ।

चौपाई.

जग यद्यपि मिथ्या गुरु देवा,
तथापि मैं चाहूं तिहि छेवा;
स्वप्न भयानक जाकूं भासै,
करि साधन जन जिम तिहि नासै. ५८
यातैं व्है जातैं जग हाना,
सो उपाव भाखो भगवाना;

तुम समान सतगुरु नहि आना,
श्रवन फूक दे वंचक नाना. ५९

અર્થ—શિષ્ય કહે છે કે હે ભગવાન્! આપે કહ્યું કે,-જગત તારામાં મિથ્યા રૂપે ભાસે છે; સત્યરૂપે નથી. એ વાત જો કે સાચી છે, તોપણ હે ભગવાન્! તે મિથ્યા રૂપે કરીને અથવા જે ઉપાય કરીને મરણાદિક સંસાર મ્હારામાં ન જણાય એવો ઉપાય આપ કહો.

વળી આપે કહ્યું હતું કે, મિથ્યા વસ્તુની નિવૃત્તિ માટે સાધનની જરૂર નથી, તે વાત જો કે સાચી છે. પરંતુ હે ભગવન્! જેને મિથ્યા પદાર્થ પણ દુઃખનો હેતુ થતો હોય, તેણે તો એ મિથ્યા પદાર્થ પણ સાધનો વડે દૂર કરવો યોગ્ય છે. જેમ કોઈ માણસને દરરોજ ભયાનક સ્વપ્ન આવતાં હોય, તે મિથ્યા પણ હોય છે; પણ તેને દૂર કરવાને પગ ધોવા, જપ કરવા, વગેરે અનેક પ્રકારનાં સાધનો તે કરે છે. તેવીજ રીતે આ સંસાર મિથ્યા તો છે, પરંતુ તે જન્માદિક અનેક દુઃખનો હેતુ છે એમ મને જણાય છે, માટે હું સંસારની નિવૃત્તિ ઇચ્છું છું. કૃપા કરીને મને તે ઉપાય બતાવો. આપના સમાન બીજો કોઈ સદ્‌ગુરુ નથી. કેટલાક તો માત્ર કાનમાં ફુક મારીને ઠગે છે. ૫૮-૫૯

सोरठा-सो मैं कह्यो बखानि, जो साधन तैं पूछियो;
निजहिय निश्चय आनि, रहै न रंचक खेद जग. ६०

અર્થ—ગુરુ-જગતરૂપી દુઃખની નિવૃત્તિનો ઉપાય તો અમે તને પ્રથમથીજ (આ તરંગના આરંભમાંજ ૮મા અને ૧૪મા અંકમાં) કહી દીધો છે. તેનોજ તું દૃઢ નિશ્ચય કર કે જેથી તારામનમાં જગતરૂપી દુઃખ કહેશે નહિ. ૬૦

दोहा-निज आतम अज्ञान तैं, ह्वै प्रतीत जगखेद;
नसै सु ताके बोधतैं, यह भाखत मुनिवेद. ६१
जग मोमैं नहि ब्रह्ममैं, "अहं ब्रह्म" यह ज्ञान;
सो तोकू सिष मैं कह्यो, नहि उपाय को आन. ६२

અર્થ—પોતાના આત્માના સ્વરૂપના અજ્ઞાનથી જગતરૂપી દુઃખ પ્રતીત થાય છે, અને તે આત્માના જ્ઞાનથી દૂર થાય છે.

જે વસ્તુ જેના અજ્ઞાનથી પ્રતીત થતી હોય તે વસ્તુ તેના જ્ઞાનથી દૂર થાય છે; એવો નિયમ છે. જેમ દોરડીના અજ્ઞાનથી સાપ પ્રતીત થાય છે તે દોરડીના જ્ઞાનથી દૂર થાય છે. તેમ આત્માના અજ્ઞાનથી જગત્ પણ દૂર થાય છે. એ આત્મજ્ઞાન અમે તને કહ્યું છે. એના સિવાય બીજો કોઇ ઉપાય નથી. ૬૧-૬૨

ટીકા—જગત તો તરામાં ત્રણે કાળમાં નથી, કેમકે મિથ્યા છે. જે વસ્તુ મિથ્યા હોય તે અધિષ્ઠાનની કાંઇ હાનિ કરી શકતી નથી. જેમ, ઝાંઝવાનાં પાણી પૃથ્વીને ભીની કરી શકતાં નથી, તેમ જગત પ્રતીત થવા છતાં પણ મિથ્યા છે, તેથી તે તારી કાંઈ પણ હાનિ કરવાને સમર્થ નથી.

"હું સત્ ચિત્ આનંદ રૂપ બ્રહ્મ છું" એના નિશ્ચયને જ્ઞાન કહે છે. અને તેજ મોક્ષનું સાધન છે, બીજું એકેક નથી. એ જ્ઞાન અમે તને પ્રથમથી જ કહી દીધું છે.

૪૩ અજ્ઞાનનો નાશ કેવળ જ્ઞાનથીજ થાય છે. કર્મ ઉપાસનથી નહિ.

दोहा-कर्म उपासनतैं नहीं जगतिदान तमनास ।
अंधकार जिम गेहमैं, नसै न बिन परकास ॥६३॥

અર્થ—જગના ઉપાદાન કારણરૂપ અજ્ઞાનનો નાશ કર્મ અને ઉપાસનાથી થતો નથી; જેમ ઘરમાં રહેલો અંધકાર પ્રકાશ વિના નાશ પામતો નથી તેમ. ૬૩

दोहा-भाष्यो शिष उपदेश मैं, जगभंजक हियधारि;
जो यामैं संशय रह्यो, सो तूं पूछ विचारि. ६४

અર્થ—હે શિષ્ય જગતનો નાશ કરનાર ઉપાય મેં તને કહ્યો તે તું હૃદયમાં ધારણ કર જો એમા તને કાંઈ સંશય રહ્યો હોય તો તેનો વિચાર કરીને તું તે મને પૂછ. ૬૪

ટીકા— ગુરૂ કહે છે કે જગતનું ઉપાદાન કારણ અજ્ઞાન છે, માટે અજ્ઞાનના નાશથી જગતનો પોતાની મેળેજ નાશ થઇ જાય છે. કેમકે ઉપાદાન કારણનો નાશ થયા પછી તેનું કાર્ય રહે નહિ.

એ અજ્ઞાનનો નાશ કેવળ જ્ઞાન વડેજ થાય છે; કર્મ અને ઉપાસના વડે થતો નથી. કેમકે અજ્ઞાનનું વિરોધી જ્ઞાન છે; કર્મ ઉપાસના વિરોધી નથી.

દૃષ્ટાંત—જેમ ઘરમાં અંધકાર હોય તો તે બીજી કોઇ પણ જાતની ક્રિયાથી દૂર થતો નથી, કેવળ પ્રકાશથી જ દૂર થાય છે. તેમ અજ્ઞાન રૂપી

અંધકાર પણ જ્ઞાન રૂપી ઉપદેશથી દૂર થાય છે. બીજા કોઈ સાધનથી દૂર થતો નથી.

૪૪ ઉક્ત અર્થના અનુવાદપૂર્વક વક્ષ્યમાણ શંકાનું સૂચન.

शिष्यउवाच.

चौपाई.

जो भगवन जो कछु तुम भाख्यो
सो सब सत्य जानि हिय राख्यो;
जगनिदान अज्ञान बखान्यो,
ताको भंजक ज्ञान पिछान्यो. ६५
ज्ञानरूप बर्णन पुनि कीना,
जग मिथ्या सो मैं भल चीना;
सुख स्वरूप आतम परकास्यो,
दया तिहारी सो मुहि भास्यो. ६६
पुनि भाख्यो तू ब्रह्मस्वरूपं,
यह मैं लख्यो न भेद अनूपं;
यामैं मुहि संका इक आवै,
जीव ब्रह्मको भेद जनावै. ६७

અર્થ—શિષ્ય કહે હે ભગવન્! આપે કહ્યાં તે વચનો સત્ય છે એમ જાણીને તે સઘળાં મેં હૃદયમાં રાખ્યાં છે આપે કહ્યું કે જગતનું કારણ અજ્ઞાન છે; અને જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થવાથી અજ્ઞાનનું કાર્ય જે જગત, તેનો પણ નાશ થાય છે, એ વાત પણ મેં જાણી. ૬૫

તે જ્ઞાનનું સ્વરૂપ પણ આપે કહ્યું:-જગત મિથ્યા છે અને જીવ આનંદ સ્વરૂપ છે; તે જીવ બ્રહ્મથી ભિન્ન નથી, પણ બ્રહ્મરૂપ છે; એવા નિશ્ચયનું નામ જ્ઞાન છે. તેમાંથી જગત મિથ્યા છે અને જીવ આનંદ સ્વરૂપ છે એ વાત હું તમારી કૃપાથી સારી રીતે સમજ્યો. ૬૬

પરંતુ આપે બ્રહ્મનું સ્વરૂપ કહ્યું, તેમાં 'જીવ અને બ્રહ્મ બન્ને એકજ છે' એ વાતનો અનુપમ ભેદ હું સમજી શક્યો નથી; કેમકે જીવ અને બ્રહ્મમાં ભેદ જણાવનારી શંકા મારા મનમાં થઈ આવે છે. ૬૭

૬૫ બ્રહ્મ અને જીવનું સ્વરૂપ પરસ્પર વિરૂદ્ધ છે, માટે બ્રહ્મ અને જીવનો અભેદ સંભવે નહિ.

अथ संकाकी चौपाई.

पुन्यपापका हू मैं कर्त्ता,
जन्ममरन औ सुखदुख धर्त्ता;
और अनेकभांति जग भासे,
चहूं ज्ञान अज्ञान जु नासे. ६८
जो यातैं विपरीत स्वरूपा,
ताकुं ब्रह्म कहत मुनिभूपा;
कहो एकता कैसे जानूं,
रूप विरुद्ध हिये पहिचानूं. ६९

અર્થ—શિષ્ય કહે છે કે હે ભગવન્!

(૧) હું પુણ્ય પાપનો કર્ત્તા છું. અને-

(૨) તેનું ફળ જે જન્મમરણ અને સુખદુઃખ, તેનો હું ભોગવનાર છું.

(૩) નાના પ્રકારનું જગત્ મારામાં પ્રતીત થાય છે.

(૪) જગતનું કારણ અજ્ઞાન છે તેને દૂર કરવાને હું જ્ઞાનની ઇચ્છા કરૂં છું. ૬૮ અને એનાથી જે વિપરીત સ્વરૂપ છે, તે બ્રહ્મ છે એમ મોટા મુનિઓ કહે છે; તો એ બેની એકતા શી રીતે સમજાય, કેમકે તેમના રૂપ પરસ્પર વિરૂદ્ધ છે એમ હું મનમાં જાણું છું. ૬૯

એટલે—

(૧) બ્રહ્મમાં પુણ્ય નથી કે પાપ પણ નથી.

(૨) બ્રહ્મમાં જન્મ, મરણ, સુખ, દુઃખ નથી.

(૩) બ્રહ્મમાં કોઇ ક્લેશ નથી. અને—

(૪) બ્રહ્મને જ્ઞાનની ઇચ્છા નથી.

આ રીતે બ્રહ્મનું અને મારૂં (જીવનું) સ્વરૂપ પરસ્પર વિરૂદ્ધ છે. માટે તે બન્નેની એકતા બને નહિ.

જો કે મારામાં જન્માદિક સંસાર વાસ્તવિક રીતે તો નથી, તથાપિ મિથ્યા જન્મ વગેરે મને ભ્રાંતિથી પ્રતીત થાય છે; અને બ્રહ્મમાં તેવું કાંઇ થતું નથી. આ ભેદને લીધે બ્રહ્મ અને જીવની એકતા સંભવતી નથી.

૪૬ પક્ષીરૂપે વેદમાં વર્ણવેલા જીવ અને બ્રહ્મ વિલક્ષણ હોવાથી જો તે બેને એક કહશો તો કર્મ ઉપાસનાનો પ્રતિપાદક વેદ નિષ્ફળ થશે.

अन्य संशयकी चौपाई.

सुनहु गुरू दूजो पुनि संसे,
जीवब्रह्म एकत्व प्रनंसै;
एक वृच्छमें सम द्वैपच्छी,
फल भोगै इक दूजो स्वच्छी. ७०
भोगरहित परकास असंगा,
वेदवचन यह कहत प्रसंगा;
कर्म उपासन पुनि बहु भाखै,
जीव ब्रह्म यातैं द्वय राखै. ७१

અર્થ—હે ગુરૂ વળી બીજો એક સંશય છે તે સાંભળો, કે જેથી જીવ બ્રહ્મની એકતા નાશ પામે છે. એક વૃક્ષમાં સમાન બે પક્ષી છે. તેમાંથી એક ફળ ભોગવે છે અને બીજો નિર્મળ છે. ૭૦

તે બીજો પક્ષી ભોગરહિત પ્રકાશરૂપ અને અસંગ છે, એમ વેદમાં કહ્યું છે. વળી વેદમાં ઘણા પ્રકારનાં કર્મ અને ઉપાસન કહ્યાં છે, તેથી પણ જીવ અને બ્રહ્મ એવો બેપણાનો ભેદ કાયમ રહે છે. ૭૧

ટીકા—શિષ્ય કહે છે કે એક બીજો પણ સંશય છે, તે સાંભળો:—

વેદમાં એમ કહ્યું છે કે એક (બુદ્ધિરૂપી) વૃક્ષમાં બે પક્ષી છે. તે બન્ને સમાન છે. તેમાં—

(૧) એક તો કર્મફળને ભોગવે છે.

(૨) બીજો શુદ્ધ છે, ભોગરહિત છે, અસંગ છે, અને ફળ ભોગવનારને પ્રકાશે છે. એમાં (૧) ફળ ભોગવનારો જીવ હોય એમ જણાય છે અને (૨) બીજો પરમાત્મા હોય એમ પ્રતીત થાય છે, માટે તે બેની એકતા સંભવે નહિ.

વળી, વેદમાં કર્મ અને ઉપાસના અનેક પ્રકારની કહેલી છે, તે જીવ બ્રહ્મની એકતા માનીએ તો નકામી થશે. કેમકે, આપ જે જીવ અને બ્રહ્મની એકતા કહો છો તે, (૧) બ્રહ્મમાં જીવના સ્વરૂપનો અંતર્ભાવ કહો છો અથવા (૨) જીવમાં બ્રહ્મના સ્વરૂપનો અંતર્ભાવ કહો છો ?

(૧) જો કદાચ બ્રહ્મમાં જીવના સ્વરૂપનો અંતર્ભાવ કહેશો તો જીવ બ્રહ્મ સ્વરૂપ હોવાથી વેદાદિનો કોઇ અધિકારી રહેશે નહિ, માટે કર્મ અને ઉપાસના નિષ્ફળ થશે. અને—

(૨) જો જીવમાં બ્રહ્મના સ્વરૂપનો અંતર્ભાવ કહેશો તો—

क. બ્રહ્મ જીવરૂપ થવાથી જેની ઉપાસના કરવાની વેદમાં કહેલી છે તે ઉપાસ્ય કોઇ રહેશે નહિ, માટે ઉપાસના નકામી થશે. અને—

ख. કર્મનું ફળ આપનાર પરમાત્મા ન રહેવાથી કર્મપણ નિષ્ફળ થશે.

મીમાંસકો જે એમ કહે છે કે-કર્મ એજ ઇશ્વર છે, તેનાથી જ ફળ થાય છે,-એ વાત બરાબર નથી. કેમકે કર્મ તો જડ છે તેથી ફળ આપવાનું સામર્થ્ય તેનામાં સંભવતું નથી. માટે કર્મનું ફળ ઇશ્વર આપે છે, એમ જ માનવું જોઇએ. આ રીતે પરમાત્મા અને જીવાત્માની એકતા સંભવતી નથી.

આભાસવાદ

૪૭ ચાર આકાશ અને ચાર ચેતન

श्रीगुरुरुवाच.

चौपाई—सुनहु शिष्य इक कहुं विचारा,
जहै जातैं संका निस्तारा;
घटाकास इक जलआकासा,
मेघाकास महाआकासा. ७२
चारि भेद ये नभके जानहु,
पुनि चेतनके तथा पिछानहु;
इक कूटस्थ जीव पुनि कहिये,
ईस ब्रह्म हिय जानं रहिये. ७३
जब इनको तूं रूप पिछानै,
निज संका तबही सब भानै;
यातैं सुन इनको अब भेदा,
नसै सुनत जन्मादिक खेदा. ७४

અર્થ—ગુરૂ-હે શિષ્ય! તેં જે શંકા કરી છે તેનું સમાધાન થવાને આકાશના ચાર ભેદ પાડીને તેને અનુસરતા ચેતનના ચાર ભેદ સમજવા પડશે, જેમ એક આકાશમાં ચાર ભેદ જોવામાં આવે છેઃ—(૧) ઘટાકાશ; (૨) જલાકાશ; (૩) મેઘાકાશ; (૪) મહાકાશ. તેજ રીતે એકજ ચેતનના પણ ચાર ભેદ પડી શકેઃ—(૧) કૂટસ્થ; (૨) જીવ; (૩) ઈશ્વર; (૪) બ્રહ્મ.

એ રીતે આકાશની પેઠે ચેતનમાં પણ એવા ચાર ભેદ છે. હે શિષ્ય! જ્યારે તું એ ભેદોનાં સ્વરૂપ સારી રીતે જાણીશ ત્યારે તારી શંકાનું સમાધાન તું પોતેજ પોતાની મેળે કરી શકીશ. માટે હવે હું એ સઘળાનું સ્વરૂપ કહું છું તે સાંભળ. તે સાંભળવાથી તું સંશયરહિત થઈશ, અને જન્મ વગેરે દુઃખનો નાશ થશે. ૭૨-૭૩-૭૪.

ઘટાકાશનું વર્ણન

दोहा–जलपूरित घटकू जु दे, जितनो नभ अवकाश;
युक्तिनिपुनपंडित कहैं, ताकुं घटआकास. ७५

અર્થ—જળથી ભરેલો ઘડો આકાશનો જેટલો ભાગ રોકે છે તેટલા આકાશને યુક્તિમાં કુશળ પંડિતો ઘટાકાશ કહે છે.૭૫

જલાકાશ વર્ણન

दोहा--जलपूरित घटमैं जु पुनि, है नभको आभास;
घटाकासयुत विज्ञजन, भाखत जलआकास. ७६

અર્થ—જળથી ભરેલા ઘડામાં [નક્ષત્રાદિ સહિત] આકાશનું પ્રતિબિંબ પડે છે. આકાશનું એ પ્રતિબિંબ અને ઘટાકાશ, બન્ને મળીને જલાકાશ કહેવાય છે. ૭૬

શિષ્ય—આકાશનું તો પ્રતિબિંબ પડતું નથી; કેવળ નક્ષત્ર વગેરેનું પ્રતિબિંબ પડે છે, કેમકે આકાશ રૂપરહિત છે. પ્રતિબિંબ તો રૂપવાળા પદાર્થનું જ પડે છે. માટે આકાશનું પ્રતિબિંબ સંભવતું નથી.

૪૮ રૂપરહિત આકાશનું પ્રતિબિંબ સંભવે નહિ, એવી શંકાનું સમાધાન.

जो जलमैं आकासको, नहि प्रतिबिंब लखाइ;
थोरेमैं गंभीरता, व्है प्रतीत किहि भाइ. ७७
यातैं जलमैं व्योमको, लखि आभास सुजान;
रूपरहितजिम सब्दतैं, व्है प्रतिध्वनिको भान. ७८

અર્થ—જો જળમાં આકાશનું પ્રતિબિંબ જણાય નહિ, તો થોડામાં ગંભીરતા, કેવી રીતે પ્રતીત થાય ? ૭૭

જેમ રૂપરહિત શબ્દ છતાં પણ તેના પ્રતિધ્વનિ (પડઘા) નું ભાન થાય છે, તેમ જળમાં પણ આકાશનું પ્રતિબિંબ જોઇને ડાહ્યા માણસે સમજવું કે રૂપરહિત પદાર્થનું પણ પ્રતિબિંબ પડે છે. ૭૮

ટીકા—ગુરૂ કહે છે કે જો જળમાં આકાશનું પ્રતિબિંબ ન પડતું હોય તો ઘૂંટણપૂર પાણીમાં મથોડું પાણી હોય એમ શાથી દેખાય છે? મતલબ કે આકાશમાં રહેલી વસ્તુઓના અંતરનું પાણીમાં પ્રતિબિંબ દેખાય છે, તેથીજ આકાશના પ્રતિબિંબની ખાત્રી થાય છે.

શિષ્ય—હે ભગવન્! આકાશ તો રૂપરહિત છે; અને રૂપરહિત વસ્તુનું પ્રતિબિંબ પડે છે તેમાં કાંઈ દૃષ્ટાંત નથી.

ગુરૂ—રૂપરહિત વસ્તુનું પ્રતિબિંબ નજ પડે એવો કાંઈ નિયમ નથી; શબ્દ રૂપરહિત છે, એમ છતાં તેનો પ્રતિધ્વનિ થાય છે. માટે રૂપરહિત આકાશનું પણ પ્રતિબિંબ પડે.

મેઘાકાશ વર્ણન.

दोहा-जो मेघ हि अवकाश दे, पुनि तामें आभास;
तिन दोनूंकू कहत हैं, बुधजन मेघाकास. ७९

અર્થ—મેઘ એટલે વાદળાં. એ વાદળાં આકાશનો જેટલો ભાગ રોકે છે, તેટલું આકાશ તથા મેઘમાં જે આકાશનું પ્રતિબિંબ પડે છે, તે બન્નેનું એક 'મેઘાકાશ' એવું નામ છે, એમ પંડિતો કહે છે. ૭૯

શિષ્ય—હે ભગવન્! મેઘ તો આકાશમાં છે; તેમાં જળ તથા આકાશનું પ્રતિબિંબ જોયા સિવાય શી રીતે જાણવામાં આવે?

दोहा-बरसत मेघ अनंत जल, उदकसहित इहि हेत;
दक नहि नभआभासबिन, इम प्रतिबिंब समेत. ८०

અર્થ—મેઘ અનંત જળ વરસે છે, તેથી તે જળસહિત છે એમ સમજાય છે અને જળ આકાશના પ્રતિબિંબ વગરનું હોય નહિ; એ રીતે મેઘાકાશ આકાશના પ્રતિબિંબ સહિત હોય છે એમ જાણવું. ૮૦

ટીકા—જો કે મેઘમાં જળ તથા આકાશનું પ્રતિબિંબ પ્રત્યક્ષ તો જોવામાં આવતું નથી, પણ અનુમાનથી સમજાય છે. જેમ—

(૧) મેઘ જળની વૃષ્ટિ કરે છે, તેથી એવું અનુમાન થાય છે કે મેઘમાં જળ છે; જો તેમાં જળ ન હોય તો મેઘમાંથી જળની વૃષ્ટિ થાય નહિ.

(૨) મેઘમાં જે જળ છે તેમાં આકાશનું પ્રતિબિંબ પડેલું હોવું જોઇએ. કેમકે જે જળ હોય તે આકાશના પ્રતિબિંબ વિનાનું હોતું નથી. માટે મેઘમાં જે જળ છે, તે પણ આકાશના પ્રતિબિંબવાળું છે.

આ રીતે મેઘમાં જળ અને આકાશના પ્રતિબિંબનું અનુમાન થાય છે.

મહાકાશ વર્ણન.

बाहिर भीतर एकरस, व्यापक जो नभरूप;
महाकाश ताकू कहै, कोविद बुद्धि अनूप. ८१

અર્થ—બહાર અને અંદર સઘળે એકરસ વ્યાપક જે આકાશનું સ્વરૂપ છે, તેને અદ્ભુત બુદ્ધિવાળા પંડિતો મહાકાશ કહે છે. ૮૧

૪૯ કૂટસ્થ વર્ણન.

चतुर्भांति नभके कहे, लच्छन श्रुति अनुसार,
अब चेतनके शिष्य सुन, जासू लहै विचार. ८२

અર્થ—હે શિષ્ય જેવાં ચાર પ્રકારનાં આકાશનાં લક્ષણો શ્રુતિને અનુસરીને કહ્યાં તેવાં ચાર પ્રકારના ચેતનના લક્ષણો પણ સાંભળ કે જેથી વિચારનું ફળ જ્ઞાન પ્રાપ્ત થાય, ૮૨

मति वा व्यष्टिअज्ञानको, अधिष्ठानचैतन्य:
घटाकाशसम मानिये, सो कूटस्थ अजन्य. ८३

અર્થ--બુદ્ધિ અથવા વ્યષ્ટિ અજ્ઞાનનું જે અધિષ્ઠાન ચેતન છે, તેને ઘટાકાશની પેઠે નિત્ય કૂટસ્થ સમજવો. ૮૩

ટીકા—(૧) જે પક્ષમાં બુદ્ધિસહિત ચેતનને જીવ માને છે, તે પક્ષમાં બુદ્ધિના અધિષ્ઠાન ચેતનને **કૂટસ્થ** કહે છે. અને—

(૨) જે પક્ષમાં વ્યષ્ટિ અજ્ઞાન સહિત ચેતનને જીવ માને છે, તે પક્ષમાં વ્યષ્ટિ અજ્ઞાનના અધિષ્ઠાન ચેતનને **કૂટસ્થ** કહે છે.

અહીં આવો સિદ્ધાંત છેઃ-જીવપણાનું જે વિશેષણ છે (એટલે 'બુદ્ધિ સહિત ચેતન' અથવા 'વ્યષ્ટિ અજ્ઞાન સહિત ચેતન' એ વિશેષણો) તેના અધિષ્ઠાનનું નામ કૂટસ્થ છે. એ કૂટસ્થ ઉત્પત્તિરહિત છે; એટલે બ્રહ્મથી જૂદો જેમ ચિદાભાસ ઉત્પન્ન થાય છે તેમ કૂટસ્થ ઉત્પન્ન થતું નથી, પણ બ્રહ્મરૂપ જ છે. જેમ ઘટાકાશ મહાકાશથી જૂદું નથી પણ મહાકાશ રૂપજ છે, તેમ કૂટસ્થ પણ બ્રહ્મનો આભાસ કે પ્રતિબિંબ નથી, પણ બ્રહ્મચૈતન્ય જ છે.

એ કૂટસ્થ આત્મપદનો લક્ષ્યાર્થ છે. એને જ **પ્રત્યક્** કહે છે અને એને જ **નિજરૂપ** કહે છે. એજ **જીવસાક્ષી** કહેવાય છે.

૫૦ વાચ્યાર્થ અને લક્ષ્યાર્થનું સંક્ષિપ્ત કથન.

(વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ વિષે આગળ છઠ્ઠા તરંગમાં કહેવામાં આવશે. અહીં માત્ર આટલું ધ્યાનમાં રાખવું:-શબ્દ બોલવા વડે સામાન્યતઃ જે અર્થ

સમજાતો હોય તે શકયાર્થ કહેવાય છે. એને જ વાચ્યાર્થ કહે છે. જેમ 'વૃક્ષ' શબ્દ બોલવાથી 'ઝાડ' સમજાય છે, એ 'વૃક્ષ'નો વાચ્યાર્થ છે. પણ એ શકયાર્થના સંબંધવાળો બીજો કોઇ અર્થ શબ્દથી સમજવાનો હોય ત્યારે તે લક્ષ્યાર્થ કહેવાય છે. જેમ 'ઝાડ ઉપર ચંદ્રમા છે.' અહીં ઝાડના સંબંધવાળું આકાશ 'ઝાડ' શબ્દવડે સમજવાનું હોવાથી 'આકાશ' એ ઝાડનો લક્ષ્યાર્થ છે. એજ રીતે 'આત્મા' શબ્દવડે જ્યારે 'જીવ' સમજવામાં આવે ત્યારે તે 'આત્મા' શબ્દનો વાચ્યાર્થ કહેવાય છે. અને 'આત્મા' શબ્દવડે 'કૂટસ્થ' સમજવામાં આવે ત્યારે તે આત્મા શબ્દનો લક્ષ્યાર્થ કહેવાય છે.)

પર જીવનું વર્ણન.

कामकर्मयुत बुद्धिमें जो चेतनप्रतिबिंब;
जीव कहै विद्वान तिहिं, जलनभतुल्य सबिंब. ८४

અર્થ—કૂટસ્થ સહિત ચિદાભાસ જીવ છે–નાના પ્રકારની કામનાઓ અને કર્મસહિત જે બુદ્ધિ છે, તેમાં પડેલા ચેતનના પ્રતિબિંબને જીવ કહે છે. પણ કેવળ પ્રતિબિંબ માત્રનેજ જીવ કહેતા નથી; પણ જેમ ઘટાકાશ સહિત આકાશના પ્રતિબિંબને જલાકાશ કહે છે, તેમ કૂટસ્થ સહિત ચિદાભાસને જીવ કહે છે.૮૪

તાત્પર્ય—બુદ્ધિમાં જે ચિદાભાસ અને બુદ્ધિનું અધિષ્ઠાન ચેતન, એ બન્નેનું એક નામ 'જીવ' છે.

(વિદ્યારણ્ય સ્વામી બુદ્ધિ, બુદ્ધિમાં ચિદાભાસ, અને બુદ્ધિનું અધિષ્ઠાન કૂટસ્થ, એ ત્રણેને 'જીવ' કહે છે.)

પંડિત પિતામ્બરદાસજી એનું સ્પષ્ટીકરણ કરતાં લખે છે કે–

ઉપર ચિદાભાસ અને કૂટસ્થ બન્ને મળીને 'જીવ' એમ કહ્યું છે; તથા વિદ્યારણ્ય સ્વામીને મતે બુદ્ધિ, ચિદાભાસ અને કૂટસ્થ ત્રણેનું નામ 'જીવ' કહ્યું છે; એથી ભ્રમમાં પડવાનું નથી. કેમકે બન્નેનું એકજ તાત્પર્ય છે. 'ચિદાભાસ' બુદ્ધિવિના હોય નહિ માટે ચિદાભાસ શબ્દથી અર્થાતજ બુદ્ધિનું ગ્રહણ થઇ જાય છે.

વળી કામના અને કર્મ રૂપ જળ સહિત (કર્મની વાસનાઓ સહિત) બુદ્ધિ રૂપી ઘડામાં ચેતનનું જે પ્રતિબિંબ તેને 'જીવ' કહે છે એમ ઉપર લખ્યું છે તેનો અર્થ સમજાવો કઠણ પડે તો આ રીતે સમજવું:–સ્થૂલ દેહ રૂપ ઘડામાં નખથી શિખા પર્યંત ભરેલું જે બુદ્ધિ રૂપી જળ છે, તેમાં ચેતનનુ પ્રતિબિંબ અને કૂટસ્થ એ બેનું નામ જીવ છે.

૧. અહીં જો કેવળ બુદ્ધિ સહિત ચિદાભાસને જ જીવ કહે (અને કૂટસ્થને તેમાં ગણે નહિ) તો ભાગત્યાગ લક્ષણા સંભવે નહિ; પણ આખા

વાચ્ય ભાગના ત્યાગ રૂપ જહત્ લક્ષણા સંભવે. પણ તેમ માનવું એ આચાર્યની યુક્તિથી વિરૂદ્ધ છે.

૨. અધિષ્ઠાનથી અભિન્ન હોઇને અધિષ્ઠાનને ઢાંકે તેને **આરોપ્ય** કહે છે. અધિષ્ઠાનથી ભિન્ન હોઇને કોઇ જગોએ પણ આરોપ્યની પ્રતીતિ થતી નથી. માટે ચિદાભાસ સહિત બુદ્ધિવિશિષ્ટ કૂટસ્થ ચેતનનું નામ 'જીવ' એમજ સમજવું.

પર કૂટસ્થનું કે બ્રહ્મનું પ્રતિબિંબ જીવ છે.

दोहा–अधिष्ठान कूटस्थसें, ह्वै आभास बहाल.

रक्तपुष्प ऊपर धर्यो, स्फटिक होइ जिम लाल ८५

અર્થ—જેમ લાલ પુષ્પ ઉપર સ્ફટિક મૂકયો હોય તે લાલ દેખાય છે, તેમ અધિષ્ઠાન કૂટસ્થને વિષે આરોપાયલી બુદ્ધિમાં કૂટસ્થનો આભાસ પડે છે, તેને જીવ કહે છે. ૮૫

ટીકા—ઉપર એમ કહેવામાં આવ્યું છે કે બિંબ જે કૂટસ્થ તે સહિત આભાસ એ જીવ છે. તે ઉપરથી એમ જણાય છે કે—

(૧) બુદ્ધિમાં જે પ્રતિબિંબ પડે છે તે કૂટસ્થનું પડે છે; બહારના ચેતનનું પડતું નથી. જેનું પ્રતિબિંબ પડે તેને બિંબ કહે છે. ત્યાં કૂટસ્થને બિંબ કહ્યું છે, માટે કૂટસ્થનુંજ પ્રતિબિંબ પડે છે એમ સમજાય છે.

જેમ એક મોટા લાલ પુષ્પના ઉપર સફેદ સ્ફટિક મૂકયો હોય, તેમાં પેલા લાલ ફૂલની લાલાશ જણાય છે. એ લાલાશ એજ પેલા લાલ ફૂલનું પ્રતિબિંબ છે. તેમ કૂટસ્થના આશ્રયથી રહેલી બુદ્ધિમાં કૂટસ્થના પ્રકાશની ધમક દેખાય છે. જેમ સ્ફટિક અત્યંત ઉજ્વળ છે તેમ બુદ્ધિ પણ અત્યંત શુદ્ધ છે, કેમકે તે સત્વ ગુણનું કાર્ય છે. માટે બુદ્ધિમાં કૂટસ્થની ધમકનું નામ પ્રતિબિંબ છે.

(૨) અથવા બુદ્ધિમાં બ્રહ્મચેતનનું પ્રતિબિંબ પડે છે, એમ પણ કહી શકાય. જેમ ઘડાના જળમાં મહાકાશનું પ્રતિબિંબ પડે છે; ઘડાની અંદરના આકાશનું પડતું નથી. કારણ કે, આકાશના પ્રતિબિંબને લીધે ઘડાના પાણીમાં જેટલી ઉંડાઇ માલમ પડે છે, એટલી ઉંડાઇ ઘડાની અંદરના આકાશમાં છે નહિ. એ ઉંડાઈ એજ આકાશનું પ્રતિબિંબ છે, માટે બહારના આકાશનું પ્રતિબિંબ છે.

(૩) વ્યાપક અને રૂપરહિત વસ્તુનું પણ પ્રતિબિંબ પડી શકે છે.

શંકા—વ્યાપક એવા ચેતનનું પ્રતિબિંબ પડે નહિ.

સમાધાન—આકાશના દૃષ્ટાંતથીજ આવી શંકા દૂર થાય છે. કેમકે આકાશ પણ વ્યાપક છે, તેમ છતાં તેનું પ્રતિબિંબ પડે છે.

શંકા—રૂપવાળા પદાર્થનું રૂપવાળા પદાર્થમાં પ્રતિબિંબ પડે છે.

સમાધાન—એવો પણ નિયમ નથી. કેમકે રૂપરહિત શબ્દનું રૂપ રહિત આકાશમાં પ્રતિબિંબ પડે છે, એ વાત પાછળ કહેવામાં આવીજ છે. માટે ચેતનનું પ્રતિબિંબ પડે છે.

આ રીતે બુદ્ધિમાં આભાસ અને બુદ્ધિનું અધિષ્ઠાન ચેતન, એ બેનું નામ જીવ છે.

(૪) જીવ એ त्वं તથા अहं પદનું વાચ્ય છે, અને કૂટસ્થ લક્ષ્ય છે.

વેદનું મહાવાક્ય છે કે **तत् त्वं असि** (તે તું છે); એમાં **त्वं** પદનો વાચ્યાર્થ જીવ છે; અને તેમાંથી ચિદાભાસનો ત્યાગ કરતાં જે કેવળ કૂટસ્થ રહે છે, તે **त्वं** પદનો લક્ષ્યાર્થ છે.

એજ રીતે **अहं ब्रह्म अस्मि** (હું બ્રહ્મ છું) એ મહા વાકયમાંના **अहं** પદનો વાચ્યાર્થ જીવ છે, અને કેવળ કૂટસ્થ લક્ષ્યાર્થ છે.

૫૩ ભ્રાંતિ વગેરે ધર્મ ચિદાભાસના છે.

बुद्धिमांहि आभास जो, पुन्यपापफलभोग;
गमन आगमन सो करैं, नहि चेतनमैं जोग. ८६
मिथ्या नभ घट संग ज्युं, लहै क्रिया बहु भांति;
घटाकाश अक्रिय सदा, रहै एकरस शांति. ८७

અર્થ—બુદ્ધિમાં જે ચેતનનો આભાસ છે, તેજ પુણ્ય–પાપના ફળનો ભોગ ભોગવવા સારૂ આ લોક અને પરલોકમાં ગમન અને આગમન કરે છે; ચેતનને તે કશાનો સંબંધ નથી. ૮૬

જેમ જલાકાશ રૂપ મિથ્યા, આકાશ ઘડાની ક્રિયાની સાથે અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે, પણ ઘટાકાશ સદૈવ ક્રિયા રહિત એક રસ અને શાંત છે. (તેમ આભાસ તથા કૂટસ્થ વિષે પ સમજવું.) ૮૭

ટીકા—જો કે ચિદાભાસ અને કૂટસ્થ બન્નેનું નામ જીવ છે, તથાપ જીવપણાના તમામ ધર્મો આભાસમાં છે પુણ્ય અને પાપ, તથા તેનું ફળ સુખ અને દુઃખ, તેમજ લોકાંતરમાં ગમન અને આગમન, એ વગેર સર્વ કાંઈ આભાસવાળી બુદ્ધિમાં છે, કૂટસ્થમાં નથી; કૂટસ્થમાં કેવળ ભ્રાન્તિથી પ્રતીત થાય છે.

એ ભ્રાંતિથી પ્રતીતિ થાય છે તે પણ બુદ્ધિ સહિત આભાસને થાય છે, કૂટસ્થને થતી નથી. કેમકે—

(૧) લુહારની એરણનું નામ કૂટ છે. તેની પેઠે જે નિર્વિકાર રૂપથી રહેલું હોય તે કૂટસ્થ કહેવાય.

(૨) અથવા-કૂટ એટલે મિથ્યા જે બુદ્ધિ અને ચિદાભાસ, તેમાં જે અસંગ રૂપે રહેલું હોય તે કૂટસ્થ કહેવાય,

માટે કૂટસ્થમાં ભ્રાંતિ વગેરે સંભવતાં નથી, પણ ચિદાભાસમાંજ સંભવે છે.

૫૪ સુખદુઃખાદિ ભ્રાંતિ ખરૂ જોતાં બુદ્ધિમાં છે—જીવનુ સ્વરૂપ

ઘણો વિચાર કરી જોઈએ તો પુણ્ય પાપ, સુખદુઃખ, લોકાંતરમાં ગમન આગમન, એ કેવળ બુદ્ધિમાંજ છેઃ આભાસમાં પણ નથી. આભાસમાં જે દેખાય છે તે બુદ્ધિના સંયોગથી દેખાય છે.

જેમ પાણી ભરેલો ઘડો વાંકો થાય છે, સીધો થાય છે, આવે છે કે જાય છે, તે વખતે તે ઘડાના સંબંધથી તેમાં પડેલો આકાશનો આભાસ ઘડાના જેવીજ બધી ક્રિયાઓ કરે છે, પણ આકાશનો આભાસ સ્વતંત્રપણે કોઈ ક્રિયા કરી શકતો નથી. કામ કર્મ રૂપી પાણીથી ભરેલો જે બુદ્ધિ રૂપી ઘડો છે, તેમાં પુણ્ય પાપ વગેરે તમામ વિકારો હોય છે અને તેના સંબંધથી ચિદાભાસમાં દેખાય છે, અને કૂટસ્થ તો બધા વિકારોથી રહિત હોય છે.

જેમ જળથી ભરેલા ઘડાના વિકારો ઘટાકાશમાં હોતા નથી, તેમ બુદ્ધિના વિકારો કૂટસ્થમાં હોતા નથી. એમ છતાં જીવપણાના ધર્મ ચિદાભાસમાં હોય છે તે કૂટસ્થમાં અજ્ઞાનથી પ્રતીત થાય છે. માટે બુદ્ધિમાં કૂટસ્થ સહિત જે ચિદાભાસ છે તેને **જીવ** કહે છે.

૫૫ જીવના સ્વરૂપનું બીજે પ્રકારે કથન.

ઉપર જે જીવનું સ્વરૂપ વર્ણન કર્યું, તેમાં જાગ્રત દશાનો અભિમાની વિશ્વ, અને સ્વપ્નનો અભિમાની તૈજસ, એ બેનો તો સમાવેશ થઇ જાય છે, પણ સુષુપ્તિનો અભિમાની જે પ્રાજ્ઞ તેનો સમાવેશ થતો નથી. કેમકે સુષુપ્તિમાં બુદ્ધિનો અભાવ હોય છે (એટલે બુદ્ધિ પોતાના કારણમાં લય પામી ગયેલી હોય છે) તેથી બુદ્ધિમાં કૂટસ્થનો આભાસ સુષુપ્તિ વખતે સંભવતો નથી. આથી પ્રાજ્ઞ નામે જીવની સ્થિતિનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રની સાથે જીવના એ લક્ષણનો વિરોધ આવશે. માટે જીવનું સ્વરૂપ બીજી રીતે પ્રતિપાદન કરીએ છીએઃ-

अथवा व्यष्टिअज्ञानमैं, जो चेतन आभास;
अधिष्ठान कूटस्थयुत, कहै जीवपद तास, ८८

અર્થ—અથવા વ્યષ્ટિ અજ્ઞાનમાં જે ચેતનનો આભાસ પડે છે, તે આભાસ અને અધિષ્ઠાન કૂટસ્થ મળીને જીવ કહેવાય છે. ૪

ટીકા—સંપૂર્ણ અજ્ઞાનનું નામ સમષ્ટિ અજ્ઞાન છે. અને અજ્ઞાનના એક અંશનું નામ વ્યષ્ટિ અજ્ઞાન છે.

એ વ્યષ્ટિ અજ્ઞાનમાં જે ચેતનનો આભાસ, અને તે વ્યષ્ટિ અજ્ઞાનનું અધિષ્ઠાન જે કૂટસ્થ, તે બન્નેનું મળીને જીવ એવું નામ છે. એવું જીવનું લક્ષણ કરવાથી 'પ્રાજ્ઞ' નો અભાવ થશે નહિ. કેમકે સુષુપ્તિમાં અજ્ઞાન રહે છે.

સુષુપ્તિ અવસ્થામાં ચેતનના પ્રતિબિંબ સહિત જે અજ્ઞાનનો અંશ છે તે જ બાકીની બે અવસ્થાઓમાં બુદ્ધિનું રૂપ ધારણ કરે છે, અને ચેતનનું પ્રતિબિંબ તો તેમાં પ્રથમથીજ હોય છે.

એવી ચિદાભાસ સહિત બુદ્ધિમાં પુણ્ય પાપાદિક સંસાર પ્રતીત થાય છે, એવા અભિપ્રાયથી શાસ્ત્રોમાં કોઈ જગોએ બુદ્ધિનેજ જીવપણાની ઉપાધિ વર્ણી છે પણ વિચાર કરી જોતાં જીવપણાની ઉપાધિ અજ્ઞાન છે.

૫૬ ઈશ વર્ણન.

दोहा-चिच्छायामायाविषै. अधिष्ठान संयुक्त ।
मेघ व्योमसम ईश सो, अंतरयामी मुक्त ॥ ८९ ॥

અર્થ–માયામાં ચેતનનો આભાસ, અને માયાનું અધિષ્ઠાન ચેતન એ બન્નેને ઇશ્વર કહે છે. ઇશ્વર મેઘાકાશ સમાન છે. તથા અંતર્યામી અને મુક્ત છે. ૪૯.

ટીકા—(૧) એ ઈશ્વર સર્વના અંતરમાં રહીને પ્રેરણા કરે છે માટે તે **અંતર્યામી** છે.

(૨) ઇશ્વરને પોતાના સ્વરૂપમાં આવરણ નથી, માટે તેને જન્મ-મરણાદિક બંધની પ્રતીતિ થતી નથી, તેથી ઈશ્વર **નિત્યમુક્ત** છે.

(૩) ઇશ્વર **સર્વજ્ઞ** છે એટલે સર્વ પદાર્થને જાણવાવાળો છે. ઇશ્વર સર્વજ્ઞ હોવાનો હેતુ આ પ્રમાણે છે:—

માયામાં શુદ્ધ સત્વગુણ રહેલો છે.

તમોગુણ તથા રજોગુણથી જે સત્વગુણ દબાયલો ન હોય, પણ પોતે તમોગુણ અને રજોગુણને દબાવવાવાળો હોય તે શુદ્ધ સત્વગુણ કહેવાય છે.

સત્વગુણથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, માટે સત્વગુણ પ્રકાશ સ્વભાવ-વાળો છે. એવી સત્વગુણવાળી માયામાં જે ચેતનનો આભાસ તેને પોતાના રૂપમાં અથવા બીજા પદાર્થમાં આવરણ સંભવે નહિ. આ કારણથી ઈશ્વર મુક્ત છે અને સર્વજ્ઞ છે.

અધિષ્ઠાન જે ચેતન છે, તે તો જીવ અને ઈશ્વર બન્નેમાં બંધ મોક્ષ ભેદથી રહિત છે, અને આકાશની પેઠે એકરસ છે. પરંતુ આભાસ અંશમાં બંધમોક્ષ છે; તે બંધમોક્ષ અધિષ્ઠાનમાં છે એમ આભાસ ને ભ્રાંતિથી પ્રતીત

થાય છે. (કેમકે આભાસ પોતાને 'આભાસ' સમજતો નથી પણ 'ચેતન' સમજે છે,) માટે કેવળ આભાસમાં બંધમોક્ષ છે. તેમાં પણ આટલો ફરક છે:—

જીવ ઇશ્વર બન્ને આભાસરૂપ છે, ત્યારે જીવ બદ્ધ અને ઇશ્વર મુક્ત હોવાનું કારણ.

(૪) જે આભાસમાં આવરણ છે તેમાં બંધ છે, અને જે આભાસમાં સ્વરૂપનું આવરણ નથી તે મુક્ત છે. ઇશ્વરમાં આવરણ નથી માટે ઇશ્વર સદા મુક્ત છે, અને જીવમાં આવરણ છે માટે તે બદ્ધ છે. કેમકે જે અવિદ્યાના અંશમાં ચેતનનો આભાસ 'જીવ' કહેવાય છે, તે અવિદ્યાનો આવરણ કરવાનો સ્વભાવ છે.

માયા અને અવિદ્યામાં ફેર.

(૫) જો કે અવિદ્યા, અજ્ઞાન અને માયા એકજ વસ્તુ છે, તથાપિ શુદ્ધ સત્વગુણની પ્રધાનતાથી માયા કહેવાય છે; અને મલિન સત્વગુણની પ્રધાનતાથી અવિદ્યા તથા અજ્ઞાન કહેવાય છે.

રજોગુણ અને તમોગુણથી દબાયલો સત્વગુણ તે મલિન સત્વગુણ કહેવાય છે.

આ રીતે અવિદ્યામાં તમોગુણ તથા રજોગુણ અધિક હોય છે. તેથી તે અવિદ્યામાં જીવનો જે આભાસ અંશ હોય છે (આભાસ, અવિદ્યા અને અધિષ્ઠાન ચેતન, , એ સઘળાનું નામ જીવ છે, માટે એ ત્રણે જીવના અંશ થયા. તે પૈકી અહીં આભાસ અંશ કહેવાનું તાત્પર્ય છે), તેને સ્વરૂપનું આવરણ કરે છે. એટલે અવિદ્યા આભાસ અંશ રૂપી જીવને પોતાના ખરા સ્વરૂપનું (અધિષ્ઠાન ચેતનરૂપ શુદ્ધ સ્વરૂપનું) ભાન થવા દેતી નથી. આ કારણથી જીવમાં બંધન છે અને ઇશ્વરમાં નથી.

ઇશ્વર **तत्** પદનું વાચ્ય છે ને બ્રહ્મ લક્ષ છે.

(૬) અધિષ્ઠાન ચેતન સહિત માયામાં આભાસરૂપ જે ઇશ્વર, તે **तत्** પદનું વાચ્ય કહેવાય છે. અને કેવળ અધિષ્ઠાન ચેતન **तत्** પદનું લક્ષ્ય કહેવાય છે.

ઇશ્વર જગતની ઉત્પત્તિ, પાલન સંહાર વગેરે કરે છે.

(૭) "ઇશ્વરજ જગતની ઉત્પત્તિ પાલન અને સંહાર કરે છે." એમ બધાં શાસ્ત્રોમાં કહેલું હોય છે. તેનો અભિપ્રાય આ પ્રમાણે છે:-ઇશ્વરનો ચેતનઅંશ તો આકાશની પેઠે અસંગ છે. આભાસ અંશ જગતની ઉત્પત્તિ વગેરે કરે છે; અને તેનામાંજ સર્વજ્ઞતા છે; તેજ ભક્તજનો ઉપર અનુગ્રહ કરે છે. વળી જે કાંઇ ઐશ્વર્ય છે તે બધું આભાસ અંશમાં છે. ચેતન અંશ

એકરસ છે. તેનામાં તો સત્તાસ્ફૂર્તિ (અમુક વસ્તુ છે એવું જ્ઞાન) આપવા સિવાય બીજું ઐશ્વર્ય સંભવતું નથી.

૫૭ અથ બ્રહ્મસ્વરૂપ વર્ણન.

अंतर बाहिर एकरस, जो चेतन भरपूर
विभु नभसम सो ब्रह्म है, नहिं नेरे नहिं दूर. ९०

અર્થ—બ્રહ્માંડની અંદર અને બહાર મહાકાશની પેઠે જે ભરપૂર ચેતન છે, તેને બ્રહ્મ કહે છે. તે બ્રહ્મ પાસે નથી તેમ દૂર પણ નથી.

ટીકા—કેમકે જે વસ્તુ આપણાથી જૂદી હોય અને દેશરૂપ ઉપાધિવાળી હોય-અમુક સ્થળમાં છે અને અમુક સ્થળમાં નથી, એમ જેના વિષે કહી હોય-તે વસ્તુને પાસે અથવા દૂર કહી શકાય છે. બ્રહ્મ આપણાથી ભિન્ન નથી પણ સર્વેનો આત્મા છે, અને દેશ વગેરે સઘળી ઉપાધિઓથી રહિત છે, માટે તેને પાસે કે દૂર કહી શકાય નહિ.

બ્રહ્મ શબ્દનો વાચ્યાર્થ સોપાધિક છે એટલે માયાની ઉપાધિવાળું ચેતન એવો છે. કારણ કે વ્યાપક વસ્તુનું નામ બ્રહ્મ છે:

૫૮ વ્યાપકતાના બે પ્રકાર.

વ્યાપકતા બે પ્રકારની છે:—(૧) આપેક્ષિક વ્યાપકતા, અને (૨) નિરપેક્ષિક વ્યાપકતા.

(૧) જે વસ્તુ કોઇ પદાર્થની અપેક્ષાથી વ્યાપક હોય અને કોઇની અપેક્ષાથી ન હોય, તેને**આપેક્ષિક વ્યાપક** કહે છે. જેમ, પૃથ્વીની અપેક્ષાથી માયા વ્યાપક છે, અને ચેતનની અપેક્ષાથી વ્યાપક નથી, માટે માયામાં આપેક્ષિક વ્યાપકતા છે.

(૨) જે વસ્તુ સર્વની અપેક્ષાથી વ્યાપક હોય, તેમાં રહેલી વ્યાપકતાને **નિરપેક્ષિક વ્યાપકતા** કહે છે. એવી નિરપેક્ષિક વ્યાપકતા ચેતનમાં છે. કેમકે ચેતનની સમાન અથવા ચેતનથી અધિક બીજું કોઈ વ્યાપક નથી, પણ ચેતનજ સર્વથી વધારે વ્યાપક છે. માટે ચેતનમાં નિરપેક્ષિક વ્યાપકતા છે.

આ બન્ને પ્રકારની વ્યાપકતા સહિત જે વસ્તુ છે, તે તે બ્રહ્મ શબ્દનું વાચ્ય છે. એ બન્ને પ્રકારની વ્યાપકતા માયા વિશિષ્ટ ચેતનમાં છે. કેમકે—

(૧) માયા વિશિષ્ટ ચેતનમાં જે માયા અંશ છે તેમાં તો આપેક્ષિક વ્યાપકતા છે.

(૨) ચેતન અંશમાં નિરપેક્ષિક વ્યાપકતા છે.

જો કે માયા વિશિષ્ટ ચેતનમા નિરપેક્ષિક વ્યાપકતા સંભવે નહિ, કેમકે માયા ચેતનના એક દેશમાં રહેલી છે; તે માયા વિશિષ્ટ ચેતનથી શુદ્ધ ચેત-

નની વ્યાપકતા અધિક છે, માટે શુદ્ધ ચેતનમાં જ નિરપેક્ષિક વ્યાપકતા કહી શકાય. તથાપિ માયા વિશિષ્ટ ચેતન પણ પરમાર્થ દૃષ્ટિથી શુદ્ધ ચેતનથી ભિન્ન નથી, પણ શુદ્ધ રૂપજ છે. માટે માયા વિશિષ્ટમાં પણ જે ચેતન અંશ છે, તેમાં નિરપેક્ષિક વ્યાપકતાજ છે. આ રીતેઃ—

૫૯ બ્રહ્મ શબ્દનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ.

(૧) માયા વિશિષ્ટ ચેતન એ બ્રહ્મ શબ્દનું વાચ્ય છે.

(૨) શુદ્ધ ચેતન બ્રહ્મ શબ્દનું લક્ષ્ય છે.

આ ઉપરથી ઇશ્વર શબ્દ અને બ્રહ્મ શબ્દ બન્નેનો સમાન અર્થજ પ્રતીત થાય છે; ભિન્ન અર્થ પ્રતીત થતો નથી. તથાપિ—

૬૦ બ્રહ્મ શબ્દ અને ઇશ્વર શબ્દના ઉપયોગમાં ભેદ:—

(૧) બ્રહ્મ શબ્દનો આવો સ્વભાવ છે કે, ઘણે ઠેકાણે તે લક્ષ્યાર્થનોજ બોધ કરે છે અને કોઇક ઠેકાણે વાચ્ય અર્થનો બોધ કરે છે.

(૨) ઇશ્વર શબ્દનો આવો સ્વભાવ છે કે, ઘણે ઠેકાણે વાચ્યાર્થનો બોધ કરે છે.

આટલો ભેદ હોવાથી લક્ષ્ય અર્થ ઉપર આધાર રાખીને બ્રહ્મ શબ્દનો અર્થ ભિન્ન નિરૂપણ કર્યો છે.

૬૧ કૂટસ્થ પ્રકાશમાન છે અને આભાસ ભોગવે છે.

दोहा-चतुर्भाति चेतन कह्यो, तामैं मिथ्या जीव;
पुण्यपापफल भोगवै, चित् कूटस्थ सुशीव ॥९१॥

અર્થ—હેશિષ્ય! ચાર પ્રકારનું ચેતન કહ્યું, તેમાં જીવ મિથ્યા છે, તે પુણ્ય પાપના ફળને ભોગવે છેઃ અને કૂટસ્થ ચેતન શિવરૂપ છે. ૯૧

ટીકા—(૧) જીવનાસ્વરૂપમાં જે આભાસ અંશ છે, તે પુણ્યપાપ કરે છે અને તેના ફળને ભોગવે છે.

(૨) કૂટસ્થ જે ચેતન છે તે શિવરૂપ છે. (એટલે કલ્યાણરૂપ છે.)

માટે તેં જે પ્રથમ શંકા (આ તરંગના ૪૫ મા અંકમાં) કરી હતી કે "બુદ્ધિરૂપી વૃક્ષમાં બે પક્ષી છે. એક પરમાત્મા અને એક જીવ." તેનો ઉત્તર આ રીતે ઉપર કહ્યો કે, એ પક્ષી એટલે પરમાત્મા ને જીવ નહિ સમજવાં, પણ કૂટસ્થ અને આભાસ સમજવાં. તેમાં કૂટસ્થ પ્રકાશમાન છે અને આભાસ ભોગવે છે.

૬૨ આભાસ કર્મ કરે છે અને ફળ આપે છે ચેતન નહિ.

कर्मी छाया देत फल, नहिं चेतनमैं जोग;
सो असंग इक रूपहै, जानै भिन्न कुलोग. ॥९२॥

અર્થ—જીવના સ્વરૂપમાં જે ચેતનનો આભાસ અંશ છે, તેજ કર્મ કરે છે. અને તે કર્મ કરનારા આભાસ અંશને ઈશ્વરનો આભાસ અંશ ફળ આપે છે; ચેતનને તેનો સંબંધ નથી. તે તો અસંગ અને એકરૂપ છે. એ બન્ને ચેતનને જે ભિન્ન ભિન્ન જાણે છે તે નિંદવા યોગ્ય માણસો છે.

ટીકા—(૧) જીવના સ્વરૂપમાં જે આભાસ અંશ છે, તે પુણ્ય પાપ કરે છે અને તેનું ફળ ભોગવે છે.

(૨) ઇશ્વરમાં જે આભાસ અંશ છે, તે કર્મનું ફળ આપે છે. એ બન્નેમાં જે ચેતન અંશ છે તેમા કોઈ વાતનો સંબંધ નથી.

(૧) જીવમાં જે ચેતન અંશ છે, તેને કર્મ અને ફળની સાથે સંબંધ નથી.

(૨) ઇશ્વરમાં જે ચેતન અંશ છે. તેને ફળ આપવાની સાથે સંબંધ નથી.

ચેતનમાં જે કર્મનો, તેનાં ફળનો તથા તે ફળ આપવાનો સંબંધ માને છે તેઓ મૂર્ખ છે. કેમકે જીવ અને ઇશ્વર બન્નેમાં ચેતન ભાગ તો અસંગ છે અને એક રૂપ છે. ચેતનમાં કંઇ ભેદ નથી. માટે જે લોકો જીવચેતનને ઇશ્વરચેતનથી, અથવા ઈશ્વરચેતનને જીવચેતનથી જૂદું માનતા હોય તે અજ્ઞાનીજ છે.

હે શિષ્ય ! તેં જે બીજો એવો પ્રશ્ન કર્યો હતો કે," જીવ અને પરમાત્માની એકતા માનવાથી કર્મ અને ઉપાસનાનો પ્રતિપાદક વેદ નિષ્ફળ થશે," તેનું ઉપરના કથનથી સમાધાન થઇ જશે. એટલે—જીવ અને ઇશ્વરમાં જે ચેતન ભાગ છે તેનો અભેદ છે, માટે બન્ને પ્રકારનાં વચન સંભવે છે.

૬૩ જીવ બ્રહ્મના લક્ષ્ય અર્થનો અભેદ છે.

चौपाई—अहो शिष्य तैं प्रश्न जु कीनै,
तिनके ये उत्तर मैं दीनै;
कहे जु तैं तरुमैं द्वै पक्षी,
इक भोगै इक आहि अनिक्षी. ९३
ते चेतन आभास लखाये,
नभ छाया ज्यूं भिन्न बताये;
कह्यो भिन्न कर्मी फलदाता,
मति माया छाया सो ताता ९४
जीव ईसमैं चेतनरूपं
भेदगंधतैं रहित अनूपं

यातैं "अहं ब्रह्म" यह जानौ,
अहं शब्द कूटस्थ पिछानौ. ९५
"ब्रह्म" शब्दको अर्थ सुभाख्यो,
महाकाशसम लक्ष्य जु राख्यो;
"अहं ब्रह्म" नहि जोलौं जानै,
तोलौं दीन दुखित भय मानै. ९६

અર્થ—હે શિષ્ય તેં જે પ્રશ્નો કર્યા, તેના મેં એ ઉત્તર આપ્યાઃ-તેં કહ્યું કે વૃક્ષમાં બે પક્ષી છે, તેમાંથી એક ભોગ ભોગવે છે, અને બીજો ઈચ્છાથી રહિત છે. ૯૩. હે ભાઈ! તે ચેતન અને આભાસ છે એમ મેં તને જણાવ્યું અને આકાશ અને તેના પ્રતિબિંબની પેઠે તે ભિન્ન છે એમ પણ મેં તને બતાવ્યું. વળી કર્મ કરનારો અને ફળ આપનારો ભિન્ન છે એમ કહ્યું, તે બુદ્ધિમાં આભાસ અને માયામાં આભાસ છે. ૯૪. જીવ અને ઈશ્વરમાં જે ચેતનરૂપ છે તે બિલકુલ ભેદ રહિત અને અનુપમ છે. માટે "હું બ્રહ્મ છું" એમ જાણવું, અને તેમાં "હું" શબ્દનો અર્થ કૂટસ્થ સમજવો. ૯૫. વળી મેં તને બ્રહ્મ શબ્દનો અર્થ પણ સારી રીતે કહ્યો, અને તે મહાકાશની પેઠે લક્ષ્યાર્થ છે એમ સમજવાનું છે. જ્યાં સુધી "હું બ્રહ્મ છું" એમ તું જાણીશ નહિ, ત્યાં સુધી તું દીન અને દુઃખી થઈને ભય પામ્યા કરીશ. ૯૬.

ટીકા—ગુરૂ કહે છે કે હે શિષ્ય! તેં જે પ્રશ્નો કર્યા હતા તેના ઉત્તર પાછળ હું તને કહી ગયોઃ—

(૧) તેં એમ પ્રશ્ન કર્યો હતો કે "એક વૃક્ષમાં બે પક્ષી છે. એક કર્મફળ ભોગવે છે અને બીજો ઇચ્છાથી રહિત છે. માટે જીવ બ્રહ્મની એકતા સંભવે નહિ. તેનો ઉત્તર અમે આ રીતે કહ્યો કેઃ—" આ ઠેકાણે પક્ષી શબ્દ વડે જીવ બ્રહ્મ સમજવા નહિ, પણ કૂટસ્થ અને બુદ્ધિમાં કૂટસ્થનો આભાસ એ બે સમજવા. તે બે પરસ્પર ઘટાકાશ અને આકાશની છાયાની પેઠે ભિન્ન છે.

(૨) બીજો પ્રશ્ન તેં એવો કર્યો હતો કે—'જીવ તો કર્મ ઉપાસના કરવાવાળો છે અને પરમાત્મા ફળ આપવાવાળો છે, તે બેની એકતા બને નહિ." એનો પણ અમે ઉત્તર કહ્યો કેઃ—

(૧) કર્મ કરનારો જીવ નથી અને ફળ આપનારો ઈશ્વર નથી. પણ જીવમાં જે આભાસ અંશ છે તે કર્મ કરે છે, અને ઇશ્વરમાં જે આભાસ અંશ છે તે ફળ આપે છે.

(૨) જીવ ઇશ્વરમાં જે ચેતન અંશ છે તે ઘટાકાશ મહાકાશની પેઠે ભેદ રહિત છે.

આ રીતે જીવ અને બ્રહ્મની એકતા બને છે. માટે "હું બ્રહ્મ છું" એમ જાણ.

(૧) "હું" શબ્દનો અર્થ ફૂટસ્થ જાણવો.

"બ્રહ્મ" શબ્દનો અર્થ મહાકાશની પેઠે લક્ષ્યાર્થ જાણવો.

'હું' શબ્દ અને 'બ્રહ્મ' શબ્દના વાચ્યાર્થમાં કદાચ અભેદ ન હોય તો પણ બન્નેના લક્ષ્યાર્થમાં અભેદજ છે.

માટે હે શિષ્ય! જ્યાં સુધી તું 'હું બ્રહ્મ છું' એમ નહિ જાણે ત્યાં સુધી તું પોતાને દીન અને દુઃખી માનીશ, અને તારાથી પરમાત્માને જ્યાં સુધી તું જુદો જાણીશ, ત્યાંસુધી તે તને ભયનો હેતુ થશે. માટે "હું બ્રહ્મ છું" એમજ નક્કી જાણ.

૬૪ 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન કોને કોને થાય છે?

तत्वदृष्टिरुवाच

दोहा-कहो गुरु है कौनकूं "अहं ब्रह्म" यह ज्ञान;
नहि जानूं मैं आपके, भाखे बिना सुजान ९७

અર્થ—શિષ્ય પૂછે છે કે હે ભગવન્! "હું બ્રહ્મ છું." એવું જ્ઞાન કોને થાય છે! હે જ્ઞાનવાનમાં શ્રેષ્ઠ! તમારા કહ્યા સિવાય તે હું જાણી શકીશ નહિ. ૯૭

ટીકા—શિષ્યના મનમાં ગૂઢ અભિપ્રાય આવો છેઃ—

(૧) 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન ફૂટસ્થને થાય છે અથવા (૨) આભાસ સહિત બુદ્ધિને થાય છે?

(૧) જો ફૂટસ્થમાં એવું જ્ઞાન થાય છે એમ કહેશો તો ફૂટસ્થ વિકારી ઠરશે. અને—

(૨) જો આભાસ સહિત બુદ્ધિમાં કહેશો તો "હું બ્રહ્મ છું" એવું જ્ઞાન જે આભાસ સહિત બુદ્ધિને થશે તે ભ્રાંતિરૂપ ઠરશે. કેમકે આપે પૂર્વે કહ્યું છે કે ફૂટસ્થ અને બ્રહ્મ એક છે, અને આભાસ ભિન્ન છે. માટે બ્રહ્મથી ભિન્ન જે આભાસ, તેનું બ્રહ્મ રૂપે જ્ઞાન, તે ભ્રાંતિજ કહેવાય. ઉદા૦—જેમ સર્પથી ભિન્ન જે દોરડી તેનું સર્પરૂપે જ્ઞાન એ ભ્રાંતિજ કહેવાય છે. આ રીતે આભાસ સહિત બુદ્ધિને 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન થાય, તો તે જ્ઞાન યથાર્થ (ખરેખરૂં) નહિ, પણ ભ્રાંતિરૂપજ થશે.

જો કદાચિત્ "હું બ્રહ્મ છું" એ જ્ઞાનને ભ્રાંતિરૂપજ માનશો, તો એ જ્ઞાનથી મિથ્યા જગતની નિવૃત્તિ થશે નહિ. કેમકે યથાર્થ જ્ઞાનથીજ મિથ્યાની

નિવૃત્તિ થાય છે. ઉદા૦—જેમ દોરડીના યથાર્થ જ્ઞાનથીજ મિથ્યા સર્પની નિવૃત્તિ થાય છે. આ રીતે 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન આભાસ સહિત બુદ્ધિમાં પણ સંભવતુ નથી.

૬૫ આભાસની સાત અવસ્થાઓ.

श्रीगुरुरुवाच

सोरठा-कहूं अवस्था सात, सुन शिष्य व आभासकी;
नहि चेतनकी तात, तिनहीमें यह ज्ञान है. ९८

અર્થ—ગુરૂ કહે છે હે શિષ્ય ! આભાસની સાત અવસ્થાઓ છે તે તું જાણીશ એટલે આ તારી શંકા નિવૃત્ત થશે. તે હું તને કહું છું. એ સાત અવસ્થામાંથી કોઇપણ અવસ્થા ચેતનની અથવા કૂટસ્થની નથી. અને 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન પણ એ સાતની અંદરજ છે. ૯૮

આભાસની સાત અવસ્થાનાં નામ.

चोपाइ—इक अज्ञान आवरन जानौ;
भ्रांति द्विविध पुनि ज्ञान पिछानौ ।
शोक नाश अति हर्ष अपारा,
सप्त अवस्था इम निर्धारा ॥ ९९ ॥

અર્થ—(૧) અજ્ઞાન, (૨) આવરણ, (૩) ભ્રાંતિ, (૪) પરોક્ષજ્ઞાન, (૫) અપરોક્ષ જ્ઞાન, (૬) શોક નાશ અને (૭) હર્ષ. એવાં સાત અવસ્થાનાં નામ છે. ૯૯

૧-૨ અજ્ઞાન અને આવરણનું વર્ણન.

दोहा—नहि जानूं मैं ब्रह्मकुं, याकुं कहत अज्ञान;
ब्रह्म है न, नहि भान व्है, यह आवरन सुजान. १००

અર્થ—હે સુજાણ શિષ્ય! હું બ્રહ્મને જાણતો નથી એને અજ્ઞાન કહે છે; અને બ્રહ્મ છે નહિ તથા તેનું ભાન થતું નથી, એને આવરણ કહે છે. ૧૦૦

ટીકા—અજ્ઞાન-'હું બ્રહ્મને જાણતો નથી.' એવું કોઇ માણસ કહે તો હોય, ત્યારે એમ કહેવાનો જે હેતુ તેને **અજ્ઞાન** કહે છે.

(૨) **આવરણ**-'બ્રહ્મ છે નહિ તથા તેનું ભાન પણ થતું નથી.' એમ કોઈ માણસ કહેતો હોય, ત્યારે એમ કહેવાનો જે હેતુ તેને **આવરણ** કહે છે.

આવરણથી ઉપર કહ્યો તેવો વ્યવહાર થાય છે એટલે એમ કહેવા રૂપ વાણીનો વ્યવહાર થાય છે. કારણ કે અજ્ઞાનની બે પ્રકારની શક્તિ છે. એક (क) અસત્ત્વાપાદક છે, અને બીજી (ख) અભાનાપાદક છે.

(क) 'વસ્તુ નથી' એવી પ્રતીતિ કરાવનારી અજ્ઞાનની શક્તિને **અસત્ત્વાપાદક** કહે છે.

(ख) 'વસ્તુનું ભાન થતું નથી.' એવી પ્રતીતિ કરાવનારી અજ્ઞાનની શક્તિને **અભાનાપાદક** કહે છે.

(क) એજ રીતે 'બ્રહ્મ નથી' એવું જેને લીધે કહેવામાં આવે છે તે અજ્ઞાનની **અસત્ત્વાપાદક** શક્તિ છે.

(ख) 'બ્રહ્મનું ભાન થતું નથી' એવું જેને લીધે કહેવામાં આવે છે, તેને અજ્ઞાનની **અભાનાપાદક** શક્તિ કહે છે.

એ બન્નેનું નામ આવરણ છે.

(૩) ભ્રાંતનું વર્ણન.

जन्ममरण गमनागमन, पुण्यपाप सुखखेद;
निजस्वरूपमें भान है, भ्रांति बखानो वेद. १०१

(૪-૫) પરોક્ષ અને અપરોક્ષ એવા બે પ્રકારના જ્ઞાનનું વર્ણન.

द्वैविध ज्ञान बखानिये, इक परोक्ष अपरोक्ष;
"अस्ति ब्रह्म" परोक्ष है, "अहं ब्रह्म" अपरोक्ष. १०२
"नहीं ब्रह्म" या अंसको, करे परोक्ष बिनाश;
सकल अविद्या जालकूं, दूजो नसे प्रकाश. १०३

અર્થઃ—(૩) ભ્રાંતિ-જન્મ અને મરણ, પરલોકમાં ગમન અને આ લોકમાં આગમન, પુણ્ય અને પાપ, સુખ અને દુઃખ, ઈત્યાદિ સંસારની પોતાના સ્વરૂપમાં એટલે કૂટસ્થમાં જે પ્રતીતિ થવી તેને જ ભ્રાંતિ કહે છે. એને જ (અધ્યાસ, વિક્ષેપ) કે શોક પણ કહે છે. ૧૦૧

અર્થઃ—જ્ઞાન બે પ્રકારનું છેઃ (૧) પરોક્ષ જ્ઞાન, અને (૨) અપરોક્ષ જ્ઞાન.

(૪) 'બ્રહ્મ છે' એને પરોક્ષ જ્ઞાન કહે છે.

(૫) 'હું બ્રહ્મ છું.' એને અપરોક્ષ જ્ઞાન કહે છે. ૧૦૨

(૪) 'બ્રહ્મ નથી' એવા આવરણના અંશનો 'બ્રહ્મ છે' એવું પરોક્ષ જ્ઞાન નાશ કરે છે. (કેમકે 'સત્ય જ્ઞાન અનંત રૂપ બ્રહ્મ છે, એવું જે જ્ઞાન તેનું નામ પરોક્ષ જ્ઞાન છે.) અને બીજો

અંશ જે અપરોક્ષ જ્ઞાન તે સકળ અવિદ્યા સમૂહનો નાશ કરે છે. ૧૦૩

જે વસ્તુનો દેશથી, કાળથી કે વસ્તુથી અંત એટલે પરિચ્છેદ (મર્યાદા-હદ) થાય નહિ, એવી જે સર્વદેશ, સર્વકાળ અને સર્વ વસ્તુમાં વ્યાપક વસ્તુ તેને અનંત કહે છે. તેનેજ વિભુ અને ભૂમા કહે છે.

(क) બ્રહ્મ સર્વ દેશમાં વ્યાપક છે તેથી તેનો ઘડાની પેઠે કોઈ દેશથી અંત થવાનો નહિ.

(ख) બ્રહ્મ ઉત્પત્તિ અને નાશથી રહિત છે તેથી તે નિત્ય છે. તેથી તેનો દેહની પેઠે કાળથી અંત નથી.

(ग) ઘડો, કોઠીઆં, વગેરેમાં જેમ માટી અનુગત છે, (માળામાં દોરાની પેઠે પરોવાઈ રહેલી છે), તેણુ બ્રહ્મ પોતાના સ્વરૂપમાં અધ્યાસથી જણાતાં તમામ કાર્યોનો આત્મા છે, માટે તેનો ઘટપટાદિકના ભેદની પેઠે કોઈ વસ્તુ સાથે ભેદ રૂપ અંત નથી. આથી બ્રહ્મ દેશ, કાળ, અને વસ્તુએ કરેલા અંતથી રહિત છે. માંટે વેદમાં બ્રહ્મને અનંત કહ્યો છે.

અહીં અનંત રૂપ કહેવા વડે 'આનંદ' રૂપ બ્રહ્મ છે એમ અર્થાત્ સિદ્ધ થાય છે. કેમકે છાંદોગ્ય ઉપનિષદમાં ભૂમ વિદ્યાના પ્રસંગમાં સનકાદિક ગુરૂઓએ નારદને કહ્યું છે કે "જે ભૂમા (પરિપૂર્ણ) છે તે સુખરૂપ છે. અલ્પ (પરિચ્છિન્ન) માં સુખ નથી." આથી જે અનંત રૂપ છે તે ભૂમા છે તે આનંદ રૂપ છે, એમ જાણવું.

(૫) "હું બ્રહ્મ છું" એવું જે અપરોક્ષ જ્ઞાન તે સઘળી અવિદ્યાના સમૂહનું વિરોધી છે. આ કારણથી—

(क) 'હું બ્રહ્મને નથી જાણતો' એ અજ્ઞાન,

(ख) 'બ્રહ્મ નથી' અને 'તેનું ભાન થતું નથી' એ આવરણ, અને—

(ग) 'હું બ્રહ્મ નથી પણ પુણ્યપાપનો કર્ત્તા અને સુખદુઃખનો ભોક્તા જીવ છું' એ ભ્રાંતિ,

એટલે જે અવિદ્યાનો સમૂહ છે, તેનો નાશ અપરોક્ષ જ્ઞાનથી થાય છે.

(૬) ભ્રાંતિનાશવર્ણન.

जन्ममरण मोमैं नहीं नहि, सुखदुखको लेस;
किन्तु अजन्य कूटस्थमैं, भ्रांतिनाश यह वेस १०४

અર્થ:—મારામાં જન્મ મરણ નથી; સુખ અને દુઃખનો લેશ પણ મારામાં નથી; બીજો પણ કોઈ સંસારધર્મ મારામાં નથી, પણ જન્મથી રહિત જે કૂટસ્થ 'તે હું છું.' એને ઉત્તમ ભ્રાંતિનાશ કહે છે. ૧૦૪

ટીકા—એવી રીતે તમામ અનર્થનો નિષેધ સમજવો તેને ભ્રાંતિ-નાશ કહે છે.

આ સ્થળે કૂટસ્થના જન્મનો નિષેધ કર્યો છે તેથી સર્વનો નિષેધ સમજી લેવો. કેમકે જન્મની પ્રતીતિ થયા પછીજ બીજા અનર્થ પ્રતીત થાય છે. માટે જન્મના નિષેધથી સર્વે અનર્થનો નિષેધ થઇ જાય છે. આ ભ્રાંતિ નાશનું બીજું નામ 'શોક નાશ' પણ છે.

(૭) હર્ષસ્વરૂપવર્ણન.

दोहा—संशयरहित स्वरूपको, होई जु अद्वय ज्ञान;
तब उपजै हिय मोद तव, सो तूं हर्ष पिछान. १०५

અર્થ:—હે શિષ્ય! જ્યારે તને પોતાના સ્વરૂપનું સંશય રહિત એવું જ્ઞાન થશે કે 'હું અદ્વય બ્રહ્મરૂપ છું' ત્યારે તને જે આનંદ થશે તેજ હર્ષનું સ્વરૂપ છે. ૧૦૫

ટીકા—વિદ્યારણ્ય સ્વામી એને 'નિરંકુશા તૃપ્તિ' કહે છે.

चौपाइ—कही अवस्था सातमैं तोकूं शिष्य सुजान;
सो सगरी आभासकी, है तिनहीमैं ज्ञान. १०६
"ज्ञान होत है कौनकूं" यह पूछी तैं बात;
मैं ताको उत्तर कह्यो, चहै सु पूछ व तात. १०७

અર્થ:—હે સુજાણ શિષ્ય! મેં તને સાત અવસ્થાઓ કહી તે સઘળી આભાસની અવસ્થાઓ છે, અને તેમાંજ જ્ઞાન થાય છે એટલે તે અવસ્થાવાળા આભાસનેજ જ્ઞાન થાય છે. ૧૦૬ તેં "જ્ઞાન કોને થાય છે", એવી જે વાત પૂછી તેનો ઉત્તર મેં તને કહ્યો. હવે હે ભાઇ! તારી ઇચ્છા હોય તે તું પૂછ. ૧૦૭

બ્રહ્મથી ભિન્ન આભાસને "હું બ્રહ્મ" એવું જ્ઞાન મિથ્યા થશે એવા ગૂઢ અભિપ્રાયથી પાછળ શિષ્યે પ્રશ્ન કર્યો હતો, તે હવે શિષ્ય પ્રગટ કરે છે:—

૬૬ શંકા-બ્રહ્મથી ભિન્ન મિથ્યા આભાસને હું બ્રહ્મ એવું જ્ઞાન થાય તો તે મિથ્યા હોવું જોઇએ.

शिष्यउवाच

दोहा-भगवन कहै आभासकूं "अहं ब्रह्म" यह ज्ञान;
तुम भाख्यो सो मैं लख्यो, पुनि शंका इक आन. १०८

चौपाई.

है आभास ब्रह्मतें न्यारा,
अस तुम पूर्व कियो निर्धारा;

"अहं ब्रह्म" सो कैसे जाने,
आपहि भिन्न ब्रह्मतें माने. १०९
जो जानै तौ मिथ्या ज्ञाना,
होइ जेवरी भुजग समाना;
श्रीगुरु यह संदेह मिटाऊ,
युक्तिसहित निजउक्ति सुनाऊ. ११०

અર્થ:—હે ભગવન્! "હું બ્રહ્મ છું" એવું જ્ઞાન આભાસને થાય છે, એ પ્રમાણે તમે કહ્યું તે હું સમજ્યો; પણ વળી એક બીજી શંકા મને થઈ છે. ૧૦૮. આભાસ તો બ્રહ્મથી ભિન્ન છે એમ તમે પૂર્વે નિર્ણય કર્યો છે. તો જે પોતે પોતાને બ્રહ્મથી ભિન્ન માને છે એવો આભાસ 'તે હું બ્રહ્મ છું: એમ શી રીતે જાણે? ૧૦૯. જો એ મિથ્યા આભાસ એમ જાણે તો દોરડીમાં સાપ માનવાની પેઠે એ જ્ઞાન પણ મિથ્યા થશે. હે શ્રીગુરો! આપનાં યુક્તિ સહિત વચનો સંભળાવીને આ મારો સંદેહ દૂર કરો. ૧૧૦

ટીકા—શિષ્ય પૂછે છે કે હે ભગવન્ આપે પહેલાં કહ્યું છે કે, કૂટસ્થ અને બ્રહ્મ બન્ને એકજ વસ્તુ છે, અને આભાસ બ્રહ્મથી ભિન્ન છે. એવા બ્રહ્મથી જૂદા આભાસને 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન સંભવતું નથી. કેમકે—

(૧) મારૂં અધિષ્ઠાન જે કૂટસ્થ તે બ્રહ્મ રૂપ છે, એવું જ્ઞાન જો આભાસને થાય તો તે યથાર્થ જ્ઞાન કહેવાય. પણ—

(૨) 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન આભાસને થાય તો તે યથાર્થ ન કહેવાય; કેમકે 'હું' એવું નામ પોતાના સ્વરૂપનું છે. અને આભાસનું સ્વરૂપ મિથ્યા છે તેથી તેને બ્રહ્મથી ભિન્ન કહ્યું છે. માટે બ્રહ્મથી ભિન્ન જે આભાસનું સ્વરૂપ તેને હું બ્રહ્મ છું એમ બ્રહ્મ રૂપે જ્ઞાન થાય તો તે મિથ્યા જ્ઞાન કહેવાય. જેમ સર્પથી ભિન્ન જે દોરડી, તેનું સર્પ રૂપે જ્ઞાન મિથ્યા કહેવાય છે તેમ અહીં પણ આભાસથી ભિન્ન જે બ્રહ્મ, તેનું આભાસ રૂપે જ્ઞાન પણ મિથ્યાજ કહેવાય. મિથ્યા શબ્દનો અર્થ ભ્રાંતિ છે. માટે બ્રહ્મજ્ઞાનને ભ્રાંતિ રૂપ કહેવું બને નહિ.

મુખ્યસામાનાધિકરણ્ય અને બાધસામાનાધિકરણ્ય.

૬૭ **સમાધાન**—અહં (હું) શબ્દના બે અર્થ. તેમાં કૂટસ્થનું બ્રહ્મ સાથે મુખ્ય સામાનાધિકરણ્ય અને આભાસનું બાધ સામાન્યાધિકરણ્ય છે.

श्रीगुरुरुवाच

दोहा—"अहं" शब्द के अर्थ को, सुन अब शिष्य विवेक;
तुव हिय के जासु नसै, संक कलंक अनेक. १११

ह्वै यद्यपि आभासमै, "अहं ब्रह्म" यह ज्ञान;
तथापि सो कूटस्थको, लहै आप अभिमान. ११२
ताको सदा अभेद है, विभु चेतनतैं तात;
बाध समै निजरूप हू, ब्रह्मरूप दरसात. ११३

અર્થ:—હે શિષ્ય હવે "હું" શબ્દના અર્થનો વિવેક સાંભળ કે જેથી તારા હૃદયના શંકારૂપી અનેક ડાગ નાશ પામે (ધોવાઇ જાય). ૧૧૧. જો કે હું બ્રહ્મ છું એવું જ્ઞાન આભાસને થાય છે, તથાપિ તે આભાસ પોતે કૂટસ્થનું અભિમાન ધારણ કરે છે એટલે કૂટસ્થ સાથે તાદાત્મ્યાભિમાનવાળો પોતાને જાણે છે. ૧૧૨. અને હે ભાઇ! તે કૂટસ્થનો વ્યાપક ચૈતન્ય સાથે સર્વદા અભેદ છે, તેથી આભાસ પણ પોતાના મિથ્યા રૂપનો બાધ કરતો હોય, તે વખતે પોતાને પણ બ્રહ્મરૂપે જુએ છે. ૧૧૩.

ટીકા—ગુરૂ કહે હે શિષ્ય! હું તને 'અહં' (હું) શબ્દનો વિવેક કરી બતાવું છું. તે તું સાંભળ. એથી કરીને તારા હૃદયમાં જે અનેક પ્રકારની શંકાઓ હશે તે નાશ પામશે.

હે શિષ્ય! જો કે 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન બુદ્ધિ સહિત આભાસને થાય છે-કૂટસ્થને થતું નથી. તથાપિ એ આભાસ કૂટસ્થને અને પોતાના સ્વરૂપને-બન્નેને પોતાનો આત્મા જાણે છે. અને તે આત્માનું ગ્રહણ 'હું' શબ્દ વડે કરાય છે. 'હું' શબ્દનો એજ અર્થ છે.

એ 'હું' શબ્દમાં કૂટસ્થનું ભાન થાય છે તેનો તો બ્રહ્મની સાથે સદા અભેદજ છે. ઉદા૦—જેમ ઘટાકાશ અને મહાકાશનો સદા અભેદ છે તેમ. આ કારણથી કૂટસ્થનું બ્રહ્મની સાથે **મુખ્ય સામાનાધિકરણ્ય** વેદાંત શાસ્ત્રમાં કહેવાય છે.

૬: મુખ્યસામાનાધિકરણ્ય.

જે વસ્તુનો જે વસ્તુની સાથે સદા અભેદ હોય તે વસ્તુનું તેની સાથે મુખ્ય સામાનાધિકરણ્ય કહેવાય છે, જેમ ઘટાકાશનો મહાકાશ સાથે સદા અભેદ છે, માટે ઘટાકાશ એજ મહાકાશ છે. એ રીતે ઘટાકાશનું મહાકાશ સાથે મુખ્ય સામાનાધિકરણ્ય છે.

બે શબ્દોનું અધિકરણ (એટલે અર્થ રૂપી આશ્રય) એકજ હોય અને તે સમાન વિભક્તિ વડે બતાવાતું હોય, ત્યારે તે બે શબ્દો સમાનાધિકરણ કહેવાય છે; અને તે બે શબ્દોનો જે પરસ્પર સંબંધ તેને સામાનાધિકરણ્ય કહે છે. સામાનાધિકરણ્ય એટલે એક અર્થવાળા હોવાપણું.

એજ રીતે કૂટસ્થનું બ્રહ્મની સાથે મુખ્ય સામાનાધિકરણ્યછે. કેમકે કૂટસ્થનો બ્રહ્મની સાથે સદા અભેદ છે તેથી. તેથી 'હું' શબ્દમાં જે કૂટસ્થનું ભાન થાય છે તેનો તો બ્રહ્મની સાથે સદા અભેદ છે.

૬૯ બાધસામાનાધિકરણ્ય.

'હું' શબ્દમાં જે આભાસનું ભાન થાય છે, તેનો પોતાના સ્વરૂપનો બાધ કરીને બ્રહ્મની સાથે અભેદ થાય છે. જેમ મુખના પ્રતિબિંબનો બિંબ-સ્વરૂપ મુખની સાથે પ્રતિબિંબ સ્વરૂપનો બાધ કરીને અભેદ થાય છે. આ કારણથી વેદાંત શાસ્ત્રમાં આભાસનું બ્રહ્મની સાથે **બાધસામાનાધિકરણ્ય** કહેવાય છે.

જે વસ્તુનો બાધ થઇને જેની સાથે અભેદ થાય, તે વસ્તુનું તેની સાથે બાધસમાનાધિકરણ્ય કહેવાય છે.

જેમ મુખના પ્રતિબિંબનો બાધ થઇને મુખની સાથે અભેદ થાય છે; માટે પ્રતિબિંબ મુખ છે—જૂદું નથી, એવી રીતે પ્રતિબિંબનું મુખની સાથે **બાધસામાનાધિકરણ્ય** છે.

અથવા જેમ ઝાડના ઠુંઠામાં પુરૂષનો ભ્રમ થઇને પછી ઠુંઠાનું જ્ઞાન થવાથી "પુરૂષ ઠુંઠું છે" એવી રીતે પુરૂષનું ઠુંઠા સાથે બાધસામાનાધિ-કરણ્ય થાય છે. એજ રીતે આભાસનો બાધ થઇને બ્રહ્મની સાથે અભેદ થાય છે.

માટે 'હું' શબ્દમાં જે આભાસનુ ભાન થાય છે તે બ્રહ્મ છે—ભિન્ન નથી. એ રીતે આભાસનું બ્રહ્મની સાથે બાધસામાનાધિકરણ્ય થાય છે. માટે હે શિષ્ય !

(૧) 'હું' શબ્દમાં જે કૂટસ્થનું ભાન થાય છે તેનો બ્રહ્મની સાથે મુખ્ય અભેદ છે. અને

(૨) આભાસનો બાધ કરીને અભેદ થાય છે.

૭૦ શંકાઃ—અહંવૃત્તિમાં કૂટસ્થ અને આભાસનું ભાન ક્રમથી અથવા ક્રમ વિના થાય છે.

तत्वदृष्टिरुवाच

अहंवृत्तिमैं भान व्है साक्षी अरु आभास;
सो क्रमतैं वा क्रमविना, याको करहु प्रकास. ११४

અર્થઃ—શિષ્ય પૂછે છે કે હે ભગવન્! આપે કહ્યું કે 'અહં વૃત્તિમાં' સાક્ષી અને આભાસ બન્નેનું ભાન થાય છે તેમાં એક વાત મારાથી સમજાતી નથીઃ—

(૧) કૂટસ્થ અને આભાસનું ભાન અહંવૃત્તિમાં ક્રમથી થાય છે? એટલે જૂદે જૂદે વખતે થાય છે? કે—

(૨) ક્રમ વિના થાય છે? એટલે એકેજ વખતે થાય છે? એ વાત મને સમજાવો. ૧૧૪

૭૧-૭૨ સમા૦-સાક્ષી અને આભાસનું એકેજ વખતે ભાન થાય છે.

श्रीगुरुरुवाच.

दोहा—सावधान व्है शिष्य सुन, भाखू उत्तर सार;
सुनत नसै अज्ञान तम, बोधभानु उजियार. ११५
एक समयही भान व्है, साक्षी अरु आभास;
दूजो चेतनको विषय, साक्षी स्वयंप्रकाश. ११६

અર્થ:—શ્રી ગુરૂ કહે છે કે હે શિષ્ય તું એ પ્રશ્નનો ઉત્તર સવધાન થઈને સાંભળ-ખરો ઉત્તર હું તને કહું છું તે સાંભળવાથી જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થઈને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થશે ૧૧૫. અહંવૃત્તિમાં સાક્ષી અને આભાસનું ભાન એકેજ વખતે થાય છે. સાક્ષી અને આભાસ એ બેમાંથી બીજો એટલે અંતઃકરણ સહિત આભાસ તો સાક્ષી ચેતનનો વિષય થઈને પ્રકાશિત થાય છે. અને સાક્ષી તો સ્વયં પ્રકાશ છે, એટલે તેનું ભાન થવામાં કોઇની સહાયની અપેક્ષા હોતી નથી. ૧૧૬

ટીકા—ગુરૂ કહે છે કે હે શિષ્ય! સાક્ષીનું અને આભાસનું અહંવૃત્તિમાં એકેજ વખતે ભાન થાય છે. (આ આખા પ્રકરણમાં જ્યાં આભાસ શબ્દ કહ્યો હોય ત્યાં અંતઃકરણ સહિત આભાસ સમજવો.) પણ તેમાં આટલો ફેર છે:—

(૧) અંતઃકરણ સહિત આભાસનું સાક્ષી ચેતનનો વિષય થઇને ભાન થાય છે. એટલે અંતઃકરણ સહિત આભાસને સાક્ષી ચેતન પ્રકાશ કરે છે, તેથી તેનું ભાન થાય છે. અને—

(૨) સાક્ષીનું સ્વયંપ્રકાશ રૂપે કરીને ભાન થાય છે. એટલે આભાસ સહિત અંતઃકરણની વૃત્તિ વડે સાક્ષીનું ભાન થતું નથી. પણ તે પોતેજ પ્રકાશિત હોવાથી જણાઈ જાય છે.

સમજુતીઃ--ઘડા વગેરે બહારના પદાર્થોનું ભાન થવામાં આવી રીત છેઃ-જ્યારે ઇંદ્રિયોનો અને ઘડાનો સંયોગ થાય છે, ત્યારે ઇંદ્રિયદ્વારા અંતઃક.

રણની વૃત્તિ નીકળીને ઘડાના સમાન આકારવાળી થાય છે જેમ સોની ગૂસમાં સોનું રેડે છે તેની ઢાળકી મૂસના જેવી લાંબી પડે છે, તેમ અંતઃકરણની વૃત્તિનો પણ ઘડાના જેવો આકાર થાય છે.

એ વૃત્તિ આભાસ વિનાની નથી હોતી, પણ આભાસ સહિત હોય છે. કેમકે વૃત્તિ એ અંતઃકરણનુંજ પરિણામ છે. અંતઃકરણના પરિણામનેજ વૃત્તિ કહે છે.

જેમ અંતઃકરણ સત્વગુણનું કાર્ય હોવાથી સ્વચ્છ હોય છે, અને તેથી અંતઃકરણમાં ચેતનનો આભાસ પડે છે; તેમ વૃત્તિ પણ સ્વચ્છ અંતઃકરણનું કાર્ય હોવાથી વૃત્તિમાં પણ ચેતનનો આભાસ પડેલો હોય છે. વળી વૃત્તિ ઉત્પન્ન થાય છે તે પણ આભાસવાળા અંતઃકરણમાંથીજ ઉત્પન્ન થાય છે, આ કારણથી પણ વૃત્તિ આભાસ સહિત હોય છે.

૭૨ ચેતન એ અજ્ઞાનનો આશ્રય છે તેમ વિષય પણ છે.

વૃત્તિનો વિષય જે ઘડો છે તે તમોગુણનું કાર્ય છે. માટે સ્વરૂપથી જડ છે. અને તેમાં અજ્ઞાન તથા તેનું આવરણ છે,

શંકા—અજ્ઞાન અને તેનું આવરણ વિચાર દષ્ટિથી જોતાં ચેતનમાં છે, ઘડામાં નથી. કેમકે (૧) અજ્ઞાન ચેતનનું આશ્રિત છે અને (૨) તે ચેતનનેજ વિષય કરે છે એટલે ઢાંકે છે, એવો વેદાંત શાસ્ત્રનો સિદ્ધાંત છે.

(૧) સાત અવસ્થાના પ્રસંગમાં જે અજ્ઞાનનો આશ્રય અંતઃકરણ સહિત આભાસ કહ્યો, તે અજ્ઞાનનો અભિમાની છે. "હું અજ્ઞાની છું" એવું અભિમાન અંતઃકરણ સહિત આભાસને થાય છે આ કારણથી તેને (આભાસને) અજ્ઞાનનો આશ્રય કહેવામાં આવે છે; પણ મુખ્ય આશ્રય તો ચેતન છે—આભાસ સહિત અંતઃકરણ નથી. (ઉદા૦—જેમ ધનનો મુખ્ય આશ્રય પેટી વગેરે છે; અને 'હું ધનવાન છું' એવો ધનના અભિમાની રૂપ આશ્રય પુરૂષ છે. તેમ અજ્ઞાનનો મુખ્ય આશ્રય ચેતન છે અને અભિમાની રૂપ આશ્રય સાભાસ અંતઃકરણ છે.) કેમકે આભાસ સહિત અંતઃકરણ અજ્ઞાનનું કાર્ય છે. જે જેનું કાર્ય હોય તે તેનો આશ્રય બને નહિ માટે ચેતનજ અજ્ઞાનનો અધિષ્ઠાન રૂપ આશ્રય છે. અને—(૨) ચેતનનેજ અજ્ઞાન વિષય કરે છે. ચેતનના સ્વરૂપનું જે આવરણ કરવું તેજ અજ્ઞાન વિષય કરે છે એમ સમજવું. એવું અજ્ઞાને કરેલું આવરણ જડ વસ્તુનું થાય નહિ, કેમકે જડ વસ્તુ તો સ્વરૂપથીજ આવૃત (ઢંકાયલી) છે. એને વિષે અજ્ઞાને કરેલા આવરણનો કાંઈ ઉપયોગ નથી.

આ રીતે અજ્ઞાનનો આશ્રય અને વિષય ચૈતન્ય છે. જેમ ઘરની મધ્યે રહેલો અંધકાર તે ઘરના મધ્ય ભાગનું આવરણ કરે છે. માટે ઘડામાં અજ્ઞાન અને તેનું આવરણ સંભવતું નથી. (આવી શંકા થાય છે.)

૭૩ બહારના પદાર્થોમાં વૃત્તિ અને આભાસ બન્નેનો ઉપયોગ છે. એ વિષે અજ્ઞાનથી આવૃત ઘડાનું ઉદાહરણ.

સમાધાન—જેમ ચેતનના સ્વરૂપથી ભિન્ન સત્ અસત્થી વિલક્ષણ અજ્ઞાન ચેતનને આશ્રિત છે, અને તે અજ્ઞાનથી ચેતન ઢંકાય છે. તેમજ ઘડાના સ્વરૂપથી ભિન્ન અજ્ઞાન જો કે ઘડાનું આશ્રિત નથી, તથાપિ અજ્ઞાને ઘટાદિરૂપ (ઘડો વગેરે) પ્રકાશ રહિત જડ સ્વરૂપ રચ્યાં છે, માટે આંધળાની પેઠે તે સદા ઢંકાયલાંજ છે. ઘડા વગેરેનો એ ઢંકાયલાં હોવાનો સ્વભાવ અજ્ઞાને કરેલો છે. કેમકે તમો ગુણ જેમાં મુખ્ય છે એવા અજ્ઞાનથી ભૂતોની ઉત્પત્તિદ્વારા ઘડો વગેરે ઉપજે છે. તે તમો ગુણ આવરણ કરવાના સ્વભાવવાળો છે, માટે ઘડો વગેરે પ્રકાશ રહિત અંધજ હોય છે.

આ રીતે ઘડા વગેરેમાં અજ્ઞાને કરેલુ અંધપણા રૂપ આવરણ સ્વભાવસિદ્ધ છે. અને ઘડા વગેરેનું જે અધિષ્ઠાન ચેતન છે, તે ચેતનને આશરે રહેલું અજ્ઞાન ચેતનને ઢાંકીને સ્વભાવથી આવૃત ઘડા વગેરેને પણ આવૃત કરે છે. (ઢાંકે છે.)

જો કે સ્વભાવથીજ આવૃત પદાર્થનું આવરણ કરવાનું પ્રયોજન નથી, તથાપિ આવરણ કરનારો પદાર્થ પ્રયોજનની અપેક્ષા રાખ્યા સિવાયજ જેમ આવરણ વિનાના પદાર્થોને ઢાંકે છે તેમ આવરણવાળા પદાર્થોને પણ ઢાંકે છે, એ વાત લોકપ્રસિદ્ધ છે.

એ રીતે અજ્ઞાનથી આવૃત થયેલા ઘડામાં અંતઃકરણની આભાસ સહિત જે ઘટાકાર વૃત્તિ વ્યાપ્ત થયેલી છે, તેમાં--

(૧) વૃત્તિભાગ તો ઘડાના આવરણને દૂર કરે છે.

(૨) વૃત્તિમાં જે આભાસભાગ છે તે ઘડાનો પ્રકાશ કરે છે. એ રીતે બહારના પદાર્થોમાં વૃત્તિ અને આભાસ બન્નેનો ઉપયોગ છે.

દૃષ્ટાંત.

જેમ અંધકારમાં કુંડા વડે માટીનું કે લોઢાનું વાસણ ઢાંકી મૂકયું હોય, તેને કોઇ આવીને લાકડી મારીને કુંડાને ફોડી નાંખે, પણ દીવા વિના તે ઢાંકેલું પાત્ર પ્રકાશમાં આવતું નથી–દીવો આવે ત્યારેજ પ્રકાશમાં આવે છે. એજ રીતે અજ્ઞાનથી ઢંકાયલો જે ઘડો તેના આવરણનો વૃત્તિથી ભંગ થાય છે તથાપિ ઘડો પ્રકાશમાં આવતો નથી; કેમકે ઘડો જાતેજ જડ છે અને વૃત્તિ પણ જડ છે. વૃત્તિ તો માત્ર આવરણનો ભંગ કરે છે, પણ તેનાથી પ્રકાશ થઇ શકતો નથી. માટે ઘડાનો પ્રકાશક આભાસ છે.

૭૪ પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાનનું સ્વરૂપ.

નેત્રનો વિષય જે વસ્તુ છે, તેના પ્રત્યક્ષ જ્ઞાનની રીત પાછળ કહી

બતાવી. શ્રવણુ વગેરેના વિષયના પ્રત્યક્ષ જ્ઞાનની રીતિ પણુ એજ રીતે સમજી લેવી. જેમ—

(૧) જ્યારે શ્રોત્ર ઇંદ્રિય વડે શબ્દ વિષયનું પ્રત્યક્ષ થાય છે, ત્યાં શ્રોત્રદ્વારા નિકળેલી અંતઃકરણુની સાભાસ વૃત્તિ, તે દૂર દેશમાં અથવા સમીપના દેશમાં થતા શબ્દના સમાન આકારવાળી થાય છે. તે વખતે વૃત્તિથી આવરણુનો ભંગ થાય છે, અને આભાસ ભાગ શબ્દને પ્રકાશે છે.

(૨) જ્યારે ત્વક્ ઇંદ્રિય વડે સ્પર્શગુણુ અને સ્પર્શના આશ્રય ઘડા વગેરેનું પ્રત્યક્ષ થાય છે, ત્યારે શરીરરૂપ ગોલકને છોડીને વૃત્તિ બહાર જતી નથી. (ઇંદ્રિયો જે જે અંગોમાં રહે છે તેને તેનું ગોલક કહે છે. જેમ નેત્ર ઇંદ્રિયનું ગોલક આંખ, શ્રવણુ ઇંદ્રિયનું કાનની નાળો, ત્વક્ ઇંદ્રિયનું ચામડી, રસ ઇંદ્રિયનું જીભનું ટેરવું, ઘ્રાણુ ઇંદ્રિયનું નાકનો અગ્રભાગ, એ ગોલકો કહેવાય છે.) જેમ નેત્ર ઇંદ્રિયદ્વારા નીકળેલી વૃત્તિ જોવાનો પદાર્થ જ્યાં હોય ત્યાં જાય છે, કર્ણુ ઇંદ્રિયદ્વારા નિકળેલી વૃત્તિ પણુ શબ્દ થતો હોય તે સ્થળે જાય છે, તેમ ત્વક્ ઇંદ્રિયદ્વારા વૃત્તિ પોતાના ગોલકને છોડીને જતી નથી; પણુ શરીરની ક્રિયાથી કે બીજા કોઇની ક્રિયાથી શરીરની ત્વચા સાથે ઘડા વગેરે વિષયનો સંયોગ થાય છે, ત્યારે તે ઘડાનો તથા ઘડામાં રહેલા કઠિનતા આદિક સ્પર્શ ગુણોને શરીરરૂપ ગોલકમાં રહી રહી સાભાસ અંતઃકરણુની વૃત્તિ વિષય કરે છે—જાણે છે. એ સ્થળે પણુ વૃત્તિથી આશ્રય સહિત સ્પર્શનું આવરણુ નાશ પામે છે અને ચિદાભાસ તેમનો પ્રકાશ કરે છે.

(૩) જ્યાં રસન ઇંદ્રિય વડે રસ વિષયનું પ્રત્યક્ષ થાય છે, ત્યાં પણુ જીભ રૂપ ગોલકને છોડીને વૃત્તિ બહાર જતી નથી; પણુ જીભ રૂપ ગોલક સાથે જ્યારે રસ વિષયનો સંયોગ થાય છે, ત્યારે જીભના અગ્રભાગમાં રહેલા રસન ઇંદ્રિયમાં રહેલી સાભાસ વૃત્તિ રસને વિષય કરે છે. ત્યાં વૃત્તિથી રસનું આવરણુ ભંગ થાય છે, અને ચિદાભાસ મધુરાદિ રસનો પ્રકાશ કરે છે.

(૪) જ્યાં ઘ્રાણુ ઇંદ્રિયથી ગંધનું પ્રત્યક્ષ થાય છે, ત્યાં પણુ નાસિકારૂપ ગોલક સાથે પુષ્પાદિરૂપ ગંધના આશ્રયનો અથવા તેના સૂક્ષ્મ અવયવોનો જ્યારે સંયોગ થાય છે, ત્યારે નાસિકાના અગ્ર ભાગમાં રહેનારા ઘ્રાણુ ઇંદ્રિયમાં રહેલી સાભાસ અંતઃકરણુની વૃત્તિ પુષ્પાદિરૂપ દ્રવ્યને આશરે રહેલા ગંધ માત્રનું ગ્રહણુ કરે છે, ત્યાં વૃત્તિ ભાગથીગંધના આવરણુનો ભંગ થાય છે અને વૃત્તિમાં રહેલો ચિદાભાસ ભાગ ગંધનો પ્રકાશ કરે છે.

શ્રોત્રાદિકના વિષય તથા તેના પ્રત્યક્ષની એ રીત છે

(૧) વૃત્તિ અને ઘડો બન્ને એકજ સ્થળમાં રહેલાં હોવાથી ઘડાનું જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. અને—

(૨) અંતઃકરણની વૃત્તિ તો ઘટાકાર થાય, પણ ઘડાની સાથે તે વૃત્તિનો સંબંધ ન હોય–માત્ર અંતરમાંજ વૃત્તિ હોય–તો તે ઘડાનું પરોક્ષ જ્ઞાન કહેવાય છે.

(૧) 'આ ઘડો છે' એવો અપરોક્ષ (પ્રત્યક્ષ) જ્ઞાનનો આકાર (સ્વરૂપ) છે.

(૨) 'ઘડો છે' અથવા 'તે ઘડો છે' એવો પરોક્ષ જ્ઞાનનો આકાર છે.

જો કે સ્મૃતિજ્ઞાન પણ પરોક્ષ જ્ઞાનજ છે, તથાપિ સ્મૃતિજ્ઞાન સંસ્કાર-જન્ય છે, અને અનુમિતિ આદિક પરોક્ષ જ્ઞાન પ્રમાણજન્ય છે, એટલો એ બેમાં ફેર છે.

૭૫ છ પ્રમાણોના માનનારા આચાર્યો.

પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ, અને અનુપલબ્ધિ એવાં છ પ્રમાણો છે.

પ્રમાણના પ્રસંગથી અમે પ્રમાણોનું નિરૂપણ કરીએ છીએ. પ્રત્યક્ષ અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ, અને અનુપલબ્ધિ એવાં છ પ્રમાણો છે.

(૧) પ્રત્યક્ષ પ્રમાણ.

(૧) ચાર્વાક એક પ્રત્યક્ષ પ્રમાણજ માને છે. જે લોકો પાંચ ભૂતમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થયેલી માને છે. તેમને લોકાયત કહે છે. એ પાંચમાંથી આ-કાશ સિવાયનાં ચાર ભૂતનેજ માનનારા લોકાયત તેજ ચાર્વાક કહેવાય છે.

(૨) અનુમાન પ્રમાણ

(૨) વૈશેષિક શાસ્ત્રના કર્ત્તા કણાદમુનિ તથા બૌદ્ધ આચાર્યો પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણ માને છે. કેમકે જો એક પ્રત્યક્ષ પ્રમાણજ માનીએ, તો તૃપ્તિની ઇચ્છાવાળાની ભોજન કરવામાં પ્રવૃત્તિ થાય નહિ. કેમકે જે ભોજન ખાધું નથી તે ભોજનથી તૃપ્તિ થાય છે એવું પ્રત્યક્ષ પ્રમાણથી ઉત્પન્ન થયેલું પ્રત્યક્ષ જ્ઞાન તો છે નહિ. માટે ખાધેલા ભોજનમાં તૃપ્તિના હેતુનો જે અનુભવ કરેલો છે, તેજ તૃપ્તિનો હેતુ ન ખાધેલા ભોજ-નમાં પણ છે, એમ અનુમાનથી જાણીને તૃપ્તિની ઇચ્છાવાળાની ભોજનમાં પ્રવૃત્તિ થતી જોવામાં આવે છે. તેથી અનુમાન પ્રમાણ પણ માન્ય રાખવું જોઈએ. આ રીતે કણાદ અને બૌદ્ધમતવાળા પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણ માને છે.

(૩) શબ્દ પ્રમાણ.

(૩) સાંખ્ય મતના કર્ત્તા જે કપિલ મુનિ છે તેમના મતના વિદ્વાનો ત્રીજું શબ્દ પ્રમાણ પણ માને છે કેમકે જો પ્રત્યક્ષ અને અનુમાન બેજ

પ્રમાણુ અંગીકાર કરીએ તો-દેશાંતરમાં જેનો પિતા ગુજરી ગયો હોય તેને કોઇ યથાર્થ વક્તા (સત્ય વક્તા) મનુષ્ય આવીને કહે કે, 'તારો પિતા મરી ગયો છે,' ત્યારે તે સાંભળનાર પુત્રને પિતાના મરણુનો નિશ્ચય ન થવો જોઇએ. કેમકે દેશાંતરમાં રહેલા પિતાના મરણુનું જ્ઞાન પ્રત્યક્ષથી કે અનુમાનથી સંભવતું નથી. આ રીતે કપિલના મતને અનુસરનારા પ્રત્યક્ષ, અનુમાન, અને શબ્દ, એવાં ત્રણુ પ્રમાણુ માને છે.

(૪) ઉપમાન પ્રમાણુ.

(૪) ન્યાય શાસ્ત્રના કર્તા ગૌતમ મુનિના મતના વિદ્વાનો ચોથું ઉપમાન પ્રમાણુ પણુ સ્વીકારે છે. કેમકે જો પ્રત્યક્ષ વગેરે ત્રણુજ પ્રમાણો માનીએ તો, જે માણુસે રોઝ દીઠું નથી પણુ જંગલમાં ફરનારા માણુસો પાસેથી સાંભળ્યું હોય કે-"બળદના જેવું રોઝ હોય છે." તે માણુસ વનમાં જાય અને રોઝને જૂએ ત્યારે તેને જંગલમાં ફરનારા માણુસનું વાક્ય યાદ આવે છે કે 'બળદના જેવું રોઝ હોય છે' એવી સ્મૃતિ થયા પછી તેને એવું જ્ઞાન થાય છે કે આ પશુ રોઝ છે. જો ઉપમાન પ્રમાણુ ન માનીએ તો આવું જ્ઞાન થઇ શકે નહિ. માટે એવા વિલક્ષણુ જ્ઞાનનો હેતુ ઉપમાન પ્રમાણુ છે.

(૫) અર્થાપત્તિ પ્રમાણુ.

(૫) પૂર્વ મીમાંસાનો એક દેશી જે ભટ્ટનો શિષ્ય પ્રભાકર છે, તે પાંચમું અર્થાપત્તિ પ્રમાણુ પણુ સ્વીકારે છે. દિવસે ન ખાનારા માણુસને તાજો જોઇને એવું જ્ઞાન થાય છે કે "આ માણુસ રાત્રે ખાય છે," રાતે ન ખાતો હોયતો દિવસે ન ખાનારા માણુસનું શરીર પુષ્ટ રહે નહિ. આ રીતે રાત્રિ ભોજન પુષ્ટિનું સંપાદક છે (એટલે પુષ્ટિ મેળવી આપનાર છે) અને પુષ્ટિ એ સંપાદ્ય (રાત્રિ ભોજન વડે પ્રાપ્ત થવાનો વિષય) છે. અને પુષ્ટિનું જ્ઞાન, એ રાત્રિ ભોજનનું જ્ઞાન થવાનો હેતુ છે. પુષ્ટિનું જ્ઞાન થયું એટલે અર્થાતજ રાત્રિ ભોજનનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે તેને અર્થાપત્તિ કહે છે. એ રીતે અર્થાપત્તિ પણુ પ્રમાણુ છે.

(૬) અનુપલબ્ધિ પ્રમાણુ.

(૬) પૂર્વમીમાંસક ભટ્ટપાદ છઠ્ઠા અનુપલબ્ધિ પ્રમાણુનો પણુ સ્વીકાર કરે છે. વેદાંત શાસ્ત્રમાં પણુ એ છ પ્રમાણોનો સ્વીકાર કરેલો છે. અનુપલબ્ધિ પ્રમાણુનું પ્રયોજન આ રીતે છેઃ—ઘર વગેરેમાં ઘડા વગેરેના અભાવનું જ્ઞાન થાય છે. જે પદાર્થની પ્રતીતિ ન થાય તેના અભાવનું જ્ઞાન થાય છે પ્રતીતિ ન થવી તેને અનુપલબ્ધિ કહે છે. ઘડાની જે અનુપલબ્ધિ એટલે અપ્રતીતિ, તેનાથી ઘડાના અભાવનો નિશ્ચય થાય છે. એવી રીતે પદાર્થોના

અભાવના નિશ્ચયનો હેતુ જે પદાર્થોની અપ્રતીતિ, તેને અનુપલબ્ધિ પ્રમાણ કહે છે.

૭૬ પ્રમાણ અને પ્રમાજ્ઞાનનું લક્ષણ.

(૧) પ્રમાજ્ઞાનનું જે કરણ છે તેને **પ્રમાણ** કહીએ છીએ.

(૨) સ્મૃતિથી ભિન્ન જે અબાધિત અર્થને વિષય કરનારૂં જ્ઞાન તેને '**પ્રમા**' કહે છે.

ખુલાસો—(પ્રમા એ એક પ્રકારનું જ્ઞાન છે. પણ તે જ્ઞાન અબાધિત અર્થને વિષય કરનારૂં એટલે જણાવનારૂં હોવું જોઈએ. ભ્રાંતિજ્ઞાન હોય તો ખરૂં જ્ઞાન થવાથી તેનો (ભ્રાંતિ જ્ઞાનનો) બાધ થાય છે. માટે ભ્રાંતિ જ્ઞાન વગેરે બાધ પામી શકે એવું જ્ઞાન એ પ્રમા જ્ઞાન નથી, એમ જણાવવાને 'અબાધિત અર્થને' એવા શબ્દો લક્ષણમાં મૂકયા છે. (અર્થ એટલે પદાર્થ.)

૭૭ સ્મૃતિજ્ઞાન એ પ્રમા નથી—કેમકે પ્રમા જ્ઞાન હોય તે પ્રમાતાને આશ્રિત હોય છે. (અર્થાત્ પ્રમા જ્ઞાન પ્રમાતાને થાય છે. અંતઃકરણ સહિત આભાસને પ્રમાતા કહે છે. આભાસ અંતઃકરણની વૃત્તિદ્વારા પદાર્થને જાણે છે; અને કૂટસ્થ-સાક્ષી અવિદ્યાની વૃત્તિદ્વારા પદાર્થને જાણે છે, એટલો ફેર ધ્યાનમાં રાખવો). અને સ્મૃતિજ્ઞાન પ્રમાતાને આશ્રિત નથી, પણ સાક્ષીને આશ્રિત છે એમ સ્વીકારેલું છે. એટલા માટે-સ્મૃતિ, ભ્રાંતિ, અને સંશય, એ ત્રણે જ્ઞાન આભાસ સહિત અવિદ્યાની વૃત્તિ રૂપ છે, અંતઃકરણની વૃત્તિ રૂપ નથી; અને તેથીજ તે પ્રમાતાને આશ્રિત નથી, પણ સાક્ષીને આશ્રિત છે. જે જ્ઞાન અંતઃકરણની વૃત્તિ રૂપ હોય તે પ્રમાતાને આશ્રિત હોય છે અને તે જ્ઞાનનેજ પ્રમા કહે છે. સ્મૃતિજ્ઞાન અંતઃકરણની વૃત્તિ નથી માટે પ્રમાતાને આશ્રિત નથી અને તેથી તે પ્રમા જ્ઞાન પણ નથી. માટે પ્રમાના લક્ષણમાં 'સ્મૃતિથી ભિન્ન' એવા શબ્દો મૂકયા છે,

અબાધિત અર્થને વિષય કરનારૂં (અર્થાત્ અબાધિત અર્થનું) જ્ઞાન તો સ્મૃતિજ્ઞાન પણ છે, પરંતુ સ્મૃતિજ્ઞાન સ્મૃતિથી ભિન્ન નથી. માટે અબાધિત અર્થને વિષય કરનારૂં જે સ્મૃતિથી ભિન્ન જ્ઞાન છે તેને **પ્રમા** કહે છે. આ લક્ષણમાં કોઇ દોષ નથી.

૭૮ સ્મૃતિજ્ઞાન વિષે વિશેષ વિચાર.

કેટલાક વિદ્વાનો સ્મૃતિજ્ઞાનને પણ પ્રમા રૂપ માનેછે. તેમના મતમાં પ્રમાનું લક્ષણ કહેતાં 'સ્મૃતિથી ભિન્ન' એ શબ્દો કહેવાની જરૂર નથી, પણ "અબાધિત અર્થને વિષય કરનારૂં જ્ઞાન તે પ્રમા" એટલુંજ લક્ષણ કહેવાય છે.

ભ્રાંતિજ્ઞાન અબાધિત અર્થને જણાવનારૂં નથી પણ બાધિત અર્થને જણાવનારૂં છે, માટે પ્રમાનું લક્ષણ ભ્રાંતિજ્ઞાનમાં જતું નથી.

જેમના મતમાં સ્મૃતિજ્ઞાન પણ પ્રમા છે, તેમના મતમાં સ્મૃતિજ્ઞાન અંતઃકરણની વૃત્તિ છે—અવિદ્યાની વૃત્તિ નથી અને સાક્ષીને આશ્રિત પણ નથી, પણ પ્રમાતાને આશ્રિત છે. કેમકે અંતઃકરણની વૃત્તિનો આશ્રય પ્રમાતાજ સંભવે છે, સાક્ષી સંભવતો નથી.

આ રીતે સ્મૃતિજ્ઞાન—

(૧) કોઇકના મતમાં તો અંતઃકરણની વૃત્તિ છે માટે પ્રમા રૂપ છે.

(૨) કોઇકના મતમાં અવિદ્યાની વૃત્તિ છે માટે પ્રમા રૂપ નથી. અને—

ભ્રાંતિજ્ઞાન તથા સંશયજ્ઞાન એ બન્ને સર્વના મતમાં અવિદ્યાની વૃત્તિ છે અને સાક્ષીને આશ્રિત છે, એમાં કોઇ વિવાદ નથી.

વિચાર કરી જોઇએ તો સ્મૃતિજ્ઞાન પણ અવિદ્યાની વૃત્તિ છે અને સાક્ષીને આશ્રિત છે; પ્રમા રૂપ નથી. કેમકે જેઓ વેદાંત સંપ્રદાયના જાણનારા છે, તેમણે પ્રમાજ્ઞાન ૭ પ્રકારનું કહ્યું છે; તે ૭ પ્રકારમાં સ્મૃતિજ્ઞાનનો સમાવેશ થતો નથી, માટે તે પ્રમા નથી. વળી મધુસૂદન સ્વામીએ સ્મૃતિજ્ઞાન સાક્ષીને આશ્રિત કહ્યું છે.

અહીં વિચારસાગરના ટીકાકાર પંડિત પિતામ્બરજી આ પ્રમાણે કહે છેઃ-

ભ્રમ રૂપ અનુભવના સંસ્કારથી જન્ય જે સ્મૃતિ તે બાધિત અર્થને વિષય કરાવવાવાળી હોવાથી અયથાર્થ છે. તેથીજ તે અવિદ્યાની વૃત્તિ છે; અંતઃકરણની વૃત્તિ નથી. અને સાક્ષીને આશ્રિત છે-પ્રમાતાને આશ્રિત નથી.

જે યથાર્થ અનુભવના સંસ્કારથી જન્ય સ્મૃતિજ્ઞાન છે, તે અબાધિત અર્થને વિષય કરવાવાળું હોવાથી યથાર્થ જ્ઞાન છે, તેથી તે અંતઃકરણની વૃત્તિ છે, અવિદ્યાની વૃત્તિ નથી; અને પ્રમાતાને આશ્રિત છે, સાક્ષીને આશ્રિત નથી.

પરંતુ સ્મૃતિજ્ઞાનમાં પૂર્વાચાર્યોએ પ્રમા વ્યવહાર કર્યો નથી (સ્મૃતિ જ્ઞાનને પ્રમાજ્ઞાન કહ્યું નથી). માટે બન્ને પ્રકારની સ્મૃતિ અપ્રમા છે. તેમાં અયથાર્થ સ્મૃતિ તે અયથાર્થ અપ્રમા છે, અને યથાર્થ સ્મૃતિ તે યથાર્થ અપ્રમા છે.

૭૯ ૭ પ્રકારનું પ્રમાજ્ઞાન.

૭ પ્રમા પૈકી (૧) એક તો પ્રત્યક્ષ પ્રમા છે; બીજી (૨) અનુમિતિ પ્રમા છે; (૩) જી ઉપમિતિ પ્રમા છે, (૪) થી શાબ્દી પ્રમા છે; (૫) મી અર્થાપત્તિ પ્રમા છે; અને (૬) ઠ્ઠી અભાવ પ્રમા છે.

પાછળ જે પ્રત્યક્ષ વગેરે ૭ પ્રમાણ કહ્યાં છે, તે એ પ્રમાઓનાં અનુક્રમે કરણ જાણવાં. જેમ,—

પ્રત્યક્ષ પ્રમાનું જે કરણ હોય તે પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય.

કરણનું લક્ષણ--અસાધારણ કારણને **કરણ** કહે છે. (વ્યાપારથી ભિન્ન જે અસાધારણ કારણ તે કરણ, એ લક્ષણ નિર્દોષ છે. કેમકે એવું લક્ષણ કરવાથી 'ઉપમાન' વગેરેમાં અવ્યાપ્તિ આવશે નહિ.)

(કારણ--કાર્યને સાક્ષાત્ ઉપજાવે તેને કારણ કહે છે.)

સાધારણ કારણ--જે બધાંજ કાર્યનું કારણ હોય તે સાધારણ કારણ કહેવાય. જેમ ધર્મ અધર્મ આદિક સર્વ કાર્યનાં કારણ છે, માટે તે સાધારણ કારણ કહેવાય છે.

અસાધારણ કારણ--જે બધા કાર્યનું કારણ ન હોય પણ કોઈક કાર્યનું કારણ હોય તે અસાધારણ કારણ કહેવાય છે. જેમ દંડ એ બધાં કાર્યનું કારણ નથી, પણ ઘડા વગેરેનુંજ કારણ છે. માટે દંડ એ ઘડાનું અસાધારણ કારણ છે, અને તેથી ઘડાનું કરણ પણ છે.

તેમજ પ્રત્યક્ષ પ્રમાનાં ઈશ્વર, ઈશ્વરની ઈચ્છા, ઈશ્વરનું જ્ઞાન, ઈશ્વરનો પ્રયત્ન, કાળ, દિશા, અદૃષ્ટ, પ્રાગભાવ, પ્રતિબંધકાભાવ (અડચણ કરનારનો અભાવ), એ નવ સાધારણ કારણ છે. કેમકે ઈશ્વર વગેરે સર્વ કાર્યનાં કારણ છે; તેના વિના કોઈ પણ કાર્ય થાય નહિ. માટે ઈશ્વર વગેરે સાધારણ કારણ છે.

આંખ વગેરે ઇંદ્રિયો તે પ્રત્યક્ષ પ્રમાનાં અસાધારણ કારણ છે. માટે નેત્રાદિક ઇંદ્રિયો પ્રત્યક્ષ પ્રમાનાં કરણ કહેવાય છે. આ રીતે નેત્રાદિક ઇંદ્રિયો પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે.

૮૦ ચાર પ્રકારનું ચેતન. પ્રમાતા, પ્રમાણ, પ્રમિતિ અને પ્રમેય ચેતન.

શંકા—વેદાંત સિદ્ધાંતમાં ઇંદ્રિયને પ્રમાજ્ઞાનનું કારણ કહેવું સંભવતું નથી. કેમકે ચેતનના ચાર ભેદ છે. (૧) પ્રમાતા ચેતન; (૨) પ્રમાણ ચેતન; (૩) પ્રમિતિ ચેતન-એનેજ પ્રમા ચેતન કહે છે; અને (૪) પ્રમેય ચેતન-એનેજ વિષય ચેતન કહે છે,

આ રીતે પ્રમા નામ ચેતનનું છે. તે નિત્ય છે; ઇંદ્રિય જન્ય નથી, માટે ઇંદ્રિય તેનું કારણ સંભવતું નથી.

સમાધાન—એ વાત ખરી છે. તથાપિ ગેતનમાં પ્રમાવ્યવહારની સંપાદક વૃત્તિને પણ પ્રમા કહીએ છીએ. એટલે ચેતનમાં 'આ પ્રમા છે' એવો વ્યવહાર કરાવનારી અંતઃકરણની વૃત્તિને પણ પ્રમા કહેવામાં આવે છે, અને તેનું કરણ ઇંદ્રિયો થઇ શકે છે.

(૧) દેહમાં રહેલા અંતઃકરણ વડે અવચ્છિન્ન (જૂદુ જણાવાતું) જે ચેતન તેને **પ્રમાતા** કહે છે.

(૨) એજ અંતઃકરણ નેત્રાદિક ઇંદ્રિયદ્વારા નીકળે છે અને જેટલે દૂર ઘડો વગેરે વિષય રહેલો હોય તેટલો લાંબો પરિણામ તે અંતઃકરણનો થાય છે. અને આગળ જે ઘડો વગેરે વિષય છે, તેની સાથે મળીને તે ઘડા વગેરેનો જેવો આકાર હોય તેવો આકાર અંતઃકરણ ધારણ કરે છે. જેમ કૂવાના થાળાની કુંડીમાં જે જળ ભર્યું હોય છે, તે જળ કુંડીના નળમાંથી નીકળીને લાંબી નીકનો આકાર ધારણ કરે છે. પછી ખેતરના ક્યારામાં જાય છે તથા ક્યારાનો જેવો આકાર હોય તેવો આકાર તે પાણી ધારણ કરે છે. એજ રીતે અંતઃકરણ પણ ઇંદ્રિય રૂપી છિદ્રદ્વારા નીકળીને વિષય રૂપી ક્યારામાં જાય છે, અને વિષયનો આકાર ધારણ કરે છે.

અહીં, શરીરમાંથી નીકળીને ઘડા વગેરે વિષય સુધી જે અંતઃકરણનો નીક જેવો પરિણામ તેને વૃત્તિજ્ઞાન કહે છે. અને તે વૃત્તિ વડે અવિચ્છિન્ન જે ચેતન તેને **પ્રમાણ ચેતન** કહે છે.

(૩) વૃત્તિજ્ઞાન રૂપ જે અંતઃકરણનો પરિણામ તેને પ્રમાણ કહે છે. જેમ ક્યારામાં જળ જઇને ક્યારા જેવા આકારવાળું થાય છે, તેમ ઘડો વગેરે જે વિષય છે, તેમાં વૃત્તિ જઇને ઘડા વગેરેના આકારની થાય છે. તે ઘટાકાર વૃત્તિ વડે અવચ્છિન્ન જે ચેતન તેને **પ્રમા ચેતન** કહે છે.

(૪) જ્ઞાનનો વિષય જે ઘડા વગેરે તેના વડે અવચ્છિન્ન ચેતનને વિષય ચેતન કહે છે. અને એનેજ પ્રમેય ચેતન પણ કહે છે.

વેદાંતના જાણનારા આચાર્યોની આવી પરિભાષા છે.

૮૧ અવચ્છેદવાદની રીતિથી પ્રમાતા, સાક્ષીસહિત વિશેષણ અને ઉપાધિનું લક્ષણ.

જેઓ અવચ્છેદવાદ અંગીકાર કરે છે તેમના મતમાં તો—

(૧) અંતઃકરણ વિશિષ્ટ જે ચેતન છે તે પ્રમાતા છે. અને તેજ કર્તા ભોક્તા છે. અને—

(૨) અંતઃકરણ ઉપહિત સાક્ષી છે.

એકજ અંતઃકરણ પ્રમાતાનું વિશેષણ છે અને સાક્ષીની ઉપાધિ છે.

૮૨ વિશેષણનું સ્વરૂપ—સ્વરૂપમાં જેનો પ્રવેશ હોય એવી જે વ્યાવર્તક વસ્તુ તેને વિશેષણ કહે છે.

બીજા પદાર્થથી જૂદું પાડીને વસ્તુનું સ્વરૂપ જે જણાવે તેને **વ્યાવર્તક** કહે છે.

જે વસ્તુને જૂદી પાડીને જણાવે તેને **વ્યાવર્ત્ય** કહે છે.

જેમ 'નીલ ઘટ' છે. આ ઠેકાણે નીલતા એ ઘટનું વિશેષણ છે; કેમકે નીલ ઘટમાં નીલતાનો પ્રવેશ છે- અને ધોળા તથા પીળા ઘડાથી તેને જૂદો પાડીને જણાવે છે. માટે નીલતા એ **વ્યાવર્તક** છે.

આ રીતે નીલતા એ ઘડાનું **વિશેષણ** છે. અને વળી—

ઘડો એ પરિચ્છેદ્ય છે. કેમકે ધોળા તથા પીળા વગેરેથી જૂદો પાડીને જણાવાય છે,

જેને જૂદો પાડીને જણાવીએ તેને પરિચ્છેદ્ય કહે છે; અથવા વ્યાવર્ત્ય કહે છે. અથવા વિશેષ્ય કહે છે. જેમ "દંડી પુરૂષ છે." આ સ્થળમાં દંડ એ પુરૂષનું વિશેષણ છે.

એ રીતે અંતઃકરણ એ પ્રમાતાનું વિશેષણ છે. કેમકે પ્રમાતાના સ્વરૂપમાં અંતઃકરણનો પ્રવેશ છે. અને તે પ્રમેય ચેતનથી જૂદું પાડીને પ્રમાતાનું સ્વરૂપ જણાવે છે, માટે અંતઃકરણ વ્યાવર્તક છે.

ઉપાધિનું સ્વરૂપ—જે વસ્તુનો સ્વરૂપમાં પ્રવેશ ન હોય અને વ્યાવર્તક હોય તેને ઉપાધિ કહે છે.

(૧) જેમ નૈયાયિકના મતમાં કરણ શશ્કુલી (કાનમાં રહેલા પોલાણની ચારે પાસ રહેલો કાનનો ભાગ) વડે અવચ્છિન્ન જે આકાશ છે તેને શ્રોત્ર કહે છે. આ ઠેકાણે કરણશશ્કુલી શ્રોત્રની ઉપાધિ છે. કેમકે શ્રોત્રના સ્વરૂપમાં તો કરણ શશ્કુલીનો પ્રવેશ છે નહિ, અને બહારના આકાશથી જૂદું પાડીને શ્રોત્રને જણાવે છે, માટે વ્યાવર્તક છે.

(૨) ઘટાકાશ એક મણ જેટલા દાણાને અવકાશ આપે છે. આ ઠેકાણે ઘડો એ આકાશની ઉપાધિ છે. કેમકે મણ દાણાને અવકાશ આપનાર જે આકાશ છે, તેના સ્વરૂપમાં તો ઘડાનો પ્રવેશ છે નહિ. ઘડો પૃથ્વીનું કાર્ય છે માટે તેનામાં અવકાશ આપવાનું સંભવનું પણ નથી. માટે ઘડાનો આકાશના સ્વરૂપમાં પ્રવેશ સંભવતો નથી. અને વ્યાપક આકાશથી ઘડામાંના આકાશને જૂદું કરીને જણાવે છે. માટે મણ દાણાને અવકાશ આપનાર જે આકાશ, તેની ઘડો ઉપાધિ છે.

તેમજ અંતઃકરણ ઉપહિત જે ચેતન છે તે સાક્ષી છે. આ ઠેકાણે અંતઃકરણ સાક્ષીની ઉપાધિ છે. કેમકે સાક્ષીના સ્વરૂપમાં તો અંતઃકરણનો પ્રવેશ છે નહિ; અને પ્રમેય ચેતનથી સાક્ષીને જૂદો કરીને જણાવે છે. માટે એકજ અંતઃકરણ સાક્ષીની ઉપાધિ છે અને પ્રમાતાનું વિશેષણ છે. આ રીતે—

(૧) અંતઃકરણ ઉપહિત ચેતન સાક્ષી છે.

(૨) અંતઃકરણ વિશિષ્ટ ચેતન પ્રમાતા છે.

(૧) જે ઉપાધિવાળું હોય તેને ઉપહિત કહે છે.

(૨) જે વિશેષણવાળું હોય તેને વિશિષ્ટ કહે છે.

જે અંતઃકરણ વિશિષ્ટ પ્રમાતા છે તેજ કર્તાભોક્તા, સુખીદુઃખી, સંસારી જીવ છે. આ પ્રમાણે અવચ્છેદવાદની રીતિ છે.

૮૫ આભાસવાદ અને અવચ્છેદવાદમાં ફેર.

(૧) આભાસવાદમાં આભાસ સહિત અંતઃકરણ **જીવનું વિશેષણ** છે. અને—

(૨) આભાસ સહિત અંતઃકરણ **સાક્ષીની** ઉપાધિ છે. તેથી—

(૧) આભાસ સહિત અંતઃકરણ વિશિષ્ટ ચેતન જીવ છે.

(૨) આભાસ સહિત અંતઃકરણ ઉપહિત ચેતન સાક્ષી છે.

જો કે બન્ને પક્ષમાં વિશેષણ સહિત ચેતન જીવ છે, અને તેજ સંસારી છે. તથાપિ વિશેષ્ય ભાગ જે ચેતન છે તેને વિષે તો જન્મ મરણ વગેરે સંસાર હોવાનો સંભવ નથી; માટે વિશેષણ માત્રમાં સંસાર છે. અને તેજ વિશિષ્ટ ચેતનમાં પ્રતીત થાય છે.

(૧) કોઈ જગોએ વિશેષણના ધર્મનો વિશિષ્ટમાં વ્યવહાર થાય છે. અને—

(૨) કોઇ જગોએ વિશેષ્યના ધર્મનો વિશિષ્ટમાં વ્યવહાર થાય છે. અને—

(૩) કોઈ જગોએ વિશેષણ અને વિશેષ્ય બન્નેના ધર્મનો વિશિષ્ટમાં વ્યવહાર થાય છે. ઉદાહરણો—

(૧) જેમ, "દંડ વડે ઘટાકાશનો નાશ થાય છે." આ ઠેકાણે વિશેષણ જે ઘડો છે તેનો દંડવડે નાશ થાય છે, અને વિશેષ્ય જે આકાશ છે તેનો નાશ સંભવતો નથી. તોપણ વિશિષ્ટ જે ઘટાકાશ છે તેનો નાશ પ્રતીત થાયછે.

(૨) "કુંડળવાળો પુરૂષ સૂએ છે." આ ઠેકાણે કુંડળ વિશેષણ છે અને પુરૂષ વિશેષ્ય છે. વિશેષણ જે કુંડળ છે, તેનામાં તો સૂવાનું સંભવતું નથી, પણ વિશેષ્ય જે પુરૂષ છે તે માત્ર સૂએ છે. પણ કુંડળ વિશિષ્ટ સૂએ છે એવો વિશિષ્ટમાં વ્યવહાર થાય છે.

(૩) "શસ્ત્રધારી પુરૂષ યુદ્ધમાં ગયો છે." આ સ્થળે વિશેષણ જે શસ્ત્ર અને વિશેષ્ય જે પુરૂષ, બન્ને યુદ્ધમાં ગયા છે માટે બન્નેના ધર્મનો વિશિષ્ટમાં વ્યવહાર થાય છે.

આ ઠેકાણે--

(૧) અવચ્છેદવાદમાં તો અંતઃકરણ વિશેષણ છે. અને—

(૨) આભાસવાદમાં સાભાસ અંતઃકરણ વિશેષણ છે.

બન્નેપક્ષમાં ચેતન વિશેષ્ય છે. તેમાં તો જન્માદિક સંસાર સંભવે નહિ; પણ વિશેષણ જે અંત;કરણ અથવા સાભાસ અં:તકરણ, તેનો ધર્મ જન્માદિક સંસાર છે, તેનો ભ્રાંતિથી વિશિષ્ટ ચેતનમાં (વિશેષણ સહિત ચેતનમાં) વ્યવહાર કરીએ છીએ. અર્થાત્ જન્માદિક સંસાર વિશિષ્ટ ચેતનમાં પ્રતીત

થાય છે તથા વિશિષ્ટ ચેતનમાં છે એમ કહેવામાં આવે છે. પ્રતીતિ થવી અને કહેવું એનું નામ વ્યવહાર છે.

આભાસવાદ અને અવચ્છેદવાદમાં આટલો ભેદ છે.

૮૫ આભાસવાદની શ્રેષ્ઠતા.

આભાસવાદમાં તો અંતઃકરણ આભાસસહિત છે, અને અવચ્છેદવાદમાં અંતઃકરણ આભાસ રહિત છે. એ બન્નેપક્ષમાં આભાસવાદ શ્રેષ્ઠ છે. કારણ કે-

(૧) ભાષ્યકારે આભાસવાદનો અંગીકાર કર્યો છે. વળી—

(૨) અવચ્છેદવાદમાં વિદ્યારણ્ય સ્વામીએ દોષ પણ કહ્યો છેઃ—જો આભાસરહિત અંતઃકરણ અવચ્છિન્ન ચેતનને પ્રમાતા માનીએ, તો ઘટ અવચ્છિન્ન ચેતનને પણ પ્રમાતા કહેવો જોઇએ. કેમકે—

૧ જેમ અંતઃકરણ ભૂતોનું કાર્ય છે તેમ ઘડો પણ ભૂતોનું કાર્ય છે. અને—

૨ જેમ અંતઃકરણ ચેતનનું અવચ્છેદક એટલે વ્યાવર્તક છે તેમ ઘડો પણ ચેતનનો અવચ્છેદક છે.

માટે અંતઃકરણ વિશિષ્ટ ચેતનની પેઠે ઘટવિશિષ્ટ ચેતન પણ પ્રમાતા થવું જોઇએ.

પણ અંતઃકરણમાં આભાસ અંગીકાર કરીએ તો એ દોષ આવે નહિ. કેમકે—

૧ અંતઃકરણ તો ભૂતોના સત્વગુણનું કાર્ય છે માટે સ્વચ્છ છે. અને—

૨ ઘડો વગેરે ભૂતોના તમો ગુણનું કાર્ય છે માટે સ્વચ્છ નથી.

૧ જે પદાર્થ સ્વચ્છ હોય તે આભાસને યોગ્ય હોય છે.

૨ મલિન પદાર્થ આભાસને યોગ્ય હોતા નથી.

જેમ આરસો અને તેનું ઢાંકણું બન્ને પૃથ્વીનાં કાર્ય છે. પરંતુ—

૧ કાચ તો સ્વચ્છ છે તેમાં મુખનો આભાસ પડે છે.

૨ ઢાંકણું સ્વચ્છ હોતું નથી માટે તેમાં આભાસ પડતો નથી.

૧ તેમ સત્વ ગુણનું કાર્ય હોવાથી અંતઃકરણ સ્વચ્છ છે; તેમાં ચેતનનો આભાસ પડે છે.

૨ શરીરાદિક અને ઘટાદિક તમો ગુણનાં કાર્ય હોવાથી સ્વચ્છ નથી, તેમાં ચેતનનો આભાસ પડતો નથી.

૮૬ અંતઃકરણમાં બે પ્રકારનો પ્રકાશ.

આ રીતે અંતઃકરણમાં બે પ્રકારનો પ્રકાશ છે. એક તો વ્યાપક ચેતનનો પ્રકાશ અને બીજો આભાસનો પ્રકાશ.

શરીર વગેરેમાં અને ઘડા વગેરેમાં એક વ્યાપક ચેતનનો પ્રકાશ તો છે, પણ બીજો આભાસનો પ્રકાશ નથી; માટે બે પ્રકારના પ્રકાશ સહિત અંતઃકરણ વિશિષ્ટજ ચેતનને પ્રમાતા કહેવામાં આવે છે.

એકજ પ્રકાશ સહિત જે ઘડો વગેરે, તેનાથી યુક્ત ચેતન પ્રમાતા નથી. જેમના મતમાં, અંતઃકરણમાં આભાસ પડે છે એવો સ્વીકાર નથી, તેમના મતમાં ઘડા વગેરેની પેઠે અંતઃકરણમાં પણ આભાસનો બીજો પ્રકાશ તો છે નહિ; વ્યાપક ચેતનનો જે એક પ્રકાશ અંતઃકરણમાં છે, તેજ વ્યાપક ચેતનનો ઘડા વગેરેમાં છે. માટે અંતઃકરણ વિશિષ્ટની પેઠે ઘટવિશિષ્ટ અથવા શરીર વિશિષ્ટ અથવા ભીંત વિશિષ્ટ ચેતન પણ પ્રમાતા થવું જોઇએ!

આ રીતે ઘડો અને શરીર વગેરેથી અંતઃકરણમાં જે વિલક્ષણતા છે: તે આજ છેઃ—

૧ અંતઃકરણ સત્વ ગુણનું કાર્ય છે. માટે સ્વચ્છ હોવાથી ચેતનનો આભાસ ગ્રહણ કરવાને યોગ્ય છે.

૨ બીજા પદાર્થ સ્વચ્છ નથી માટે આભાસ ગ્રહણ કરવાને યોગ્ય નથી.

૧ આભાસ ગ્રહણ કરવાને યોગ્ય જે અંતઃકરણ તેનાથી સંયુક્ત ચેતનને પ્રમાતા કહે છે.

૨ ઘટાદિક અને શરીરાદિક આભાસ ગ્રહણ કરવાને યોગ્ય નથી, માટે તેમનાથી વિશિષ્ટ ચેતન પ્રમાતા કહેવાય નહિ.

આ રીતે આભાસવાદજ ઉત્તમ છે—અવચ્છેદવાદ નહિ. જો કે આભાસવાદમાં આભાસની કલ્પના કરવી પડે છે એ અધિકતા છે—અવચ્છેદવાદમાં તેવું નથી. માટે આભાસવાદમાં ગૌરવ દોષ આવે છે અને અવચ્છેદવાદમાં લાઘવ ગુણ આવે છે. તથાપિ મંદ બુદ્ધિવાળા જિજ્ઞાસુની બુદ્ધિમાં આભાસવાદનો આરોપ ઠીક બેસે છે, એ અભિપ્રાયથી અહીં આભાસવાદની સ્તુતિ કરી છે. ભાષ્યકાર વગેરેનું પણ એવુંજ તાત્પર્ય છે.

૮૭ પ્રમાણ અને પ્રમાનું સ્વરૂપ તથા તેથી વિષયનો સાક્ષાત્કાર.

જેમ અંતઃકરણ આભાસ સહિત છે, તેમ અંતઃકરણની વૃત્તિ પણ આભાસ સહિતજ હોય છે.

આભાસ સહિત વૃત્તિ વિશિષ્ટ ચેતન તે પ્રમાણ ચેતન કહેવાય છે.

અંતઃકરણની ઘટાદિ વિષયાકાર જેવૃત્તિ, તેમાં આરૂઢ ચેતનને પ્રમા અથવા યથાર્થ જ્ઞાન કહે છે.

પ્રમાનું સાધન જે ઇંદ્રિય તે પ્રમાણ કહેવાય છે. કેમકે વિષયાકાર થયેલી વૃત્તિમાં આરૂઢ ચેતનને પ્રમા કહે છે. તેમાં ચેતન જો કે સ્વરૂપથી તો નિત્ય છે; માટે તે ઇંદ્રિયથી ઉત્પન્ન થયેલું ન હોવાથી પ્રમા ચેતનનું સાધન ઇંદ્રિય કહેવાય નહિ. તથાપિ—

ઉપાધિ વગરના ચેતનમાં તો 'પ્રમા' એવો વ્યવહાર થતો નથી, પણ વિષયાકાર થયેલી વૃત્તિ રૂપ ઉપાધિવાળા ચેતનમાં 'પ્રમા' વ્યવહાર હોઇ શકે છે. માટે—

ચેતનમાં પ્રમા શબ્દની પ્રવૃત્તિ થાય-પ્રમા શબ્દ ચેતનને લાગુ પાડવામાં આવે-તેમાં વિષયાકાર વૃત્તિ ઉપાધિ છે. એ વિષયાકાર વૃત્તિ ઇંદ્રિય જન્ય છે, માટે ઇન્દ્રિય તેનું (પ્રમાનું) સાધન છે.

પ્રમાપણાના ઉપાધિ જે વૃત્તિ, તે ઇંદ્રિય જન્ય હોવાથી, ઉપહિત (ઉપાધિવાળી) જે પ્રમા, તેને પણ ઇન્દ્રિય જન્ય કહેવામાં આવે છે. અને તેથીજ ઇન્દ્રિયને પ્રમાનું સાધન કહેવામાં આવે છે. પરંતુ અંતઃકરણના બધા પરિણામને પ્રમા કહેતા નથી; પણ શરીરની અંદર જે અંતઃકરણ છે, તેનો ઘટાદિક વિષય સુધી જે પરિણામ તેને પ્રમાણ કહે છે, અને વિષય સાથે મળીને વિષયના જેવો જે અંતઃકરણનો પરિણામ, એટલાને પ્રમા કહે છે.

શરીરની અંદર જે અંતઃકરણ છે, ત્યાંથી આરંભીને તે ઘડા વગેરે વિષય સુધી પહોંચેલો જે અંતઃકરણનો પરિણામ, તેજ પ્રમા રૂપને ધરે છે, માટે પ્રમાણ રૂપ અંતઃકરણની વૃત્તિથી પ્રમાનો અત્યંત ભેદ નથી.

૧ આ રીતે બહારના પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન જ્યાં થાય છે, ત્યાં અંતઃકરણની વૃત્તિ બહાર નીકળીને ઘટાદિક વિષયના સમાન આકારને ધારણ કરે છે. અને—

૨ શરીરની અંદર જે આત્મા, તેનું પ્રત્યક્ષ થાય ત્યારે અંતઃકરણની વૃત્તિ બહાર જતી નથી, પણ શરીરની અંદર રહીનેજ વૃત્તિ આત્માકાર થાય છે.

(૧) તે વૃત્તિથી આત્માને આશરે રહેલું આવરણ દૂર થાય છે. અને-

(૨) આત્મા પોતાના પ્રકાશથી તે વૃત્તિમાં પ્રકાશે છે.

આ કારણથી વૃત્તિનો વિષય આત્મા કહ્યો છે. પણ વૃત્તિમાં ચિદાભાસ રૂપ જે ફળ છે, તેનો વિષય આત્મા નથી.

આ પ્રકારે સાક્ષી આત્માનું સ્વયંપ્રકાશ રૂપે ભાન થાય છે, એ સિદ્ધ થયું.

૮૮ પ્રશ્ન-ઇંદ્રિય સંબંધ વિના 'હું બ્રહ્મ છું' એવું પ્રત્યક્ષજ્ઞાન શી રીતે થાય ?

दूहा-इंद्रियके संबध बिन, "अहं ब्रह्म" यह ज्ञान ।
कैसे व्है पत्यच्छ प्रभु, मोकूं कहौ बखान ॥११७॥

અર્થ-હે પ્રભુ ! ઇંદ્રિયના સંબંધ વિના "હું બ્રહ્મ છું" એનું જ્ઞાન શી રીતે થાય તે મને વિસ્તારથી સમજાવો. ૧૧૭

ટીકા—શિષ્ય પૂછે છે કે "બ્રહ્મના અપરોક્ષ જ્ઞાનથી તમામ અવિદ્યા

સમૂહનો નાશ થાય છે–પરોક્ષ જ્ઞાનથી નથી થતો.” એમ પાછળ કહેવામાં આવ્યું છે. તેમાં એવી શંકા થાય છે કે–બ્રહ્મનું અપરોક્ષ એટલે પ્રત્યક્ષ જ્ઞાન સંભવતું નથી; કેમકે ઇન્દ્રિયજન્ય જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. બ્રહ્મનું જ્ઞાન ઇન્દ્રિયજન્ય સંભવતું નથી. કેમકે—

૮૯ બ્રહ્મ નેત્રનો વિષય નથી.

નેત્ર ઇંદ્રિયથી રૂપવાળા પદાર્થનું અથવા નીલ વગેરે રૂપનું જ્ઞાન થાય છે. બ્રહ્મને રૂપ નથી માટે બ્રહ્મનું જ્ઞાન નેત્ર ઇંદ્રિયથી જન્ય નથી.

૯૦ રામ કૃષ્ણાદિકનાં શરીર બ્રહ્મ નથી.

રામ કૃષ્ણાદિકની જે મનુષ્યાકાર મૂર્તિ છે તે જો કે રૂપવાળી છે તથાપિ તે મૂર્તિ માયાથી રચાયલી હોવાથી મિથ્યા છે. તે મૂર્તિ બ્રહ્મ નથી. (માટે તેને પ્રત્યક્ષ જોવાથી બ્રહ્મનું પ્રત્યક્ષ જ્ઞાન થયું કહેવાય નહિ.)

પુરાણમાં રામ કૃષ્ણાદિકને બ્રહ્મરૂપે કહેલા છે, તે તેની શરીર રૂપ મૂર્તિ બ્રહ્મ રૂપ છે એવા અભિપ્રાયથી નથી કહ્યા; પણ તેમનાં શરીરોનું અધિષ્ઠાન ચેતન બ્રહ્મ છે, એવા અભિપ્રાયથી કહેલા છે.

શિષ્યના આ પ્રશ્નમાં એક આવી શંકા થાય છે:—

શંકા—બધાં શરીરોનું અધિષ્ઠાન ચેતન બ્રહ્મ છે. માટે અધિષ્ઠાન ચેતનને બ્રહ્મ માનીને રામ કૃષ્ણાદિકને બ્રહ્મ રૂપતા કહી હોય, તો બધાંજ શરીરોનું અધિષ્ઠાન ચેતન બ્રહ્મ હોવાથી મનુષ્ય, પશુ, પક્ષી, આદિક સર્વ કોઈ બ્રહ્મ રૂપજ છે. તેમના જેવાજ રામ કૃષ્ણાદિક થશે! માટે અધિષ્ઠાન ચેતન બ્રહ્મ છે એવા અભિપ્રાયથી રામ કૃષ્ણાદિકને બ્રહ્મ રૂપ કહ્યા નથી, પણ બીજા જીવોથી તેમનામાં કાંઇક વિશેષપણું છે, એ વાત સિદ્ધ થવાને માટે તેમનાં શરીર બ્રહ્મ છે એમ માનવુંજ ઉચિત છે.

સમાધાન—એ વાત સંભવતી નથી. કેમકે તેમનાં શરીર તો રૂપવાળાં હોવાથી બ્રહ્મ રૂપ સંભવે નહિ, પણ તેમનાં શરીરનો બાધ કરીને પછી તેમનાં શરીરને બ્રહ્મ રૂપ માનીએ તો—

(૧) બધાં શરીરોનો બાધ કરીને બધાંજ શરીરો બ્રહ્મ રૂપ છે એમ માનવાને શી અડચણ છે? અને—

(૨) બાધ કર્યા વિના તો બીજાં શરીરોની પેઠે હાથ પગ વગેરે અવયવ સહિત, રૂપવાન્ અને ક્રિયાવાન્ શરીરનો અવયવ રહિત, રૂપ રહિત અને ક્રિયા રહિત બ્રહ્મની સાથે અભેદ થઈ શકશે નહિ. માટે રામ કૃષ્ણાદિકનાં શરીર બ્રહ્મ નથી. પરંતુ બીજા જીવોનાં શરીરોમાં અને રામ કૃષ્ણાદિકનાં શરીરોમાં આટલો ભેદ છે:—

૯૧ જીવનાં શરીરો અને રામ કૃષ્ણાદિકનાં શરીરોમાં ફેર.

(૧) જીવનાં શરીરો—

क. પુણ્ય પાપને અધીન છે.

ख. ભૂતોનાં કાર્ય છે. અને—

ग. જીવોને દેહાદિક અનાત્મ પદાર્થોમાં અવિદ્યાના બળથી 'હું મરૂં' એવો અધ્યાસ છે; અને આચાર્યના ઉપદેશથી તે અધ્યાસની નિવૃત્તિ થાય છે.

(૨) અને રામકૃષ્ણાદિકનાં શરીર પોતાનાં પુણ્યપાપથી રચાયલાં નથી. અને ભૂતોનાં કાર્ય નથી. પણ—

क. સૃષ્ટિના આદિ કાર્યમાં પ્રાણીઓનાં કર્મ, ભોગ આપવાને સન્મુખ થાય છે ત્યારે આપ્તકામ (જેનેબધા કામ પ્રાપ્ત થયેલા છે—જેને કોઈ કામના નથી એવો) ઈશ્વરને પણ પ્રાણીઓનાં કર્માનુસાર 'હું જગતની ઉત્પત્તિ કરૂં એવો સંકલ્પ થાય છે. તે સંકલ્પથી જગતની ઉત્પત્તિ રૂપ સૃષ્ટિ થાય છે.

ख. તેમજ સૃષ્ટિ કર્યાં પછી પણ 'હું જગતનું પાલન કરૂં' એવો ઈશ્વરનો સંકલ્પ થાય છે. (પ્રાણીઓનાં કર્મો પ્રમાણે સુખદુઃખનો સંબંધ, તે પાલન કહેવાય છે.)

ग. તે પાલન કરતી વખતે ઉપાસક પુરૂષોની ઉપાસનાના બળથી ઈશ્વરને એવો સંકલ્પ થાય છે કેઃ—"રામકૃષ્ણાદિક નામ સહિત મૂર્તિ બધાંને પ્રતીત થાઓ," ઈશ્વરના એવા સંકલ્પથી વિશેષ નામ રૂપરહિત ઈશ્વરમાં રામકૃષ્ણાદિક નામની અને પીતાંબરધરાદિ શ્યામસુંદર શરીરરૂપની ઉત્પત્તિ થાય છે. એ શરીર કર્મને અધીન નથી.

શંકા—યદ્યપિ રામકૃષ્ણાદિક શરીરથી સાધુ અને દુષ્ટોને ક્રમથી સુખદુઃખ થાય છે; પણ જે જેના સુખદુઃખનો હેતુ હોય છે, તે તેના પુણ્ય પાપથી રચિત હોય છે. માટે શરીરને પુણ્યપાપને અધિન કહેવામાં આવે છે. આ રીતે અવતારનાં શરીર—

(૧) સાધુ પુરૂષના સુખનો હેતુ હોવાથી સાધુ પુરૂષોના પુણ્યસમુદાયથી રચાયલાં છે. તેમજ-

(૨) અસુરાદિક અસાધુ પુરૂષના દુઃખનો હેતુ હોવાથી તેમના પાપથી રચાયલાં છે.

માટે 'અવતારનાં શરીર પુણ્ય પાપને અધીન નથી' એમ કહેવું સંભવતું નથી.

સમાધાન—તથાપિ જેમ જીવે પૂર્વ શરીરમાં પુણ્યપાપ કર્મ કર્યાં હોય છે, તેનું ફળ પછીના શરીરમાં સુખદુઃખ રૂપે થાય છે—અને તેથીજ

શરીરના અભિમાની જીવે પોતાના પૂર્વ શરીરમાં કરેલાં પુણ્યપાપને અધીન તેનું પછીનું શરીર કહેવામાં આવે છે-તેમજ રામ કૃષ્ણાદિકનાં શરીર પણ યદ્યપિ સાધુ અસાધુ પુરૂષોનાં પુણ્યપાપને અધીન છે અને તેમને (સાધુ અસાધુને) સુખદુઃખનાં હેતુ પણ છે; પરંતુ તે શરીર રામ કૃષ્ણાદિકના પોતાના પુણ્યપાપથી બનેલાં અવતાર શરીરો નથી, અને તેમને પોતાને તે શરીરથી સુખ કે દુઃખનો ભોગ થતો નથી, તેથી રામકૃષ્ણ વગેરેનાં શરીર તેમના પોતાના પુણ્યપાપને અધીન નથી એમ સંભવે છે.

૯૨ રામ કૃષ્ણાદિકનાં શરીર માયાનું પરિણામ છે.

તેજ પ્રમાણે રામકૃષ્ણાદિકનાં શરીર ભૂતોનાં પરિણામ નથી, પણ માયાનું પરિણામ છે.

(૧) જો રામ કૃષ્ણાદિકનાં શરીર પંચીકૃત ભૂતોનું પરિણામ હોય તો કૃષ્ણનું શરીર દોરડીથી બંધાયું નહોતું એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે અસંગત ઠરે.

જો કે પંચભૂતથી બનેલા સિદ્ધ યોગીના શરીરનું પણ બંધન થઈ શકે નહિ, એ વાત ખરી છે; તથાપિ યોગીના શરીરમાં યોગાભ્યાસ કર્યા પહેલાં તો બંધનાદિક સંભવે છે; પછી જ્યારે યોગાભ્યાસ કરીને સિદ્ધ થાય ત્યારે તે શરીરમાંથી બંધન, દાહ, વગેરેની યોગ્યતા નાશ પામે છે.

કૃષ્ણાદિકનાં શરીરમાં યોગીની પેઠે કાંઇ સિદ્ધિ મેળવવાનો પુરૂષાર્થ કર્યા પછી બંધન વગેરેની યોગ્યતા નાશ પામે છે એમ થતું નથી; પણ તેમનાં શરીર તો સ્વભાવથીજ બંધન વગેરેને યોગ્ય હોતાં નથી, માટે તે ભૂતોનાં પરિણામ નથી.

(૨) માંડૂક્ય ભાષ્યની ટીકામાં આનંદગિરિએ રામાદિકનાં શરીરને પણ ભૂતોનાં પરિણામ કહ્યાં છે; તે સ્થૂલ દૃષ્ટિથી-બીજાં શરીરોના જેવાં એ શરીર પ્રતીત થાય છે એવા અભિપ્રાયથી-કહ્યાં છે. કેમકે—

(૩) ભાષ્યકારે ગીતાભાષ્યમાં આ રીતે કહ્યું છેઃ—"જીવોના ઉપર અનુગ્રહ કરીને શરીરધારીની પેઠે માયાના બળથી પરમાત્મા કૃષ્ણ રૂપે પ્રતીત થાય છે. તે જન્માદિથી રહિત છે. વસુદેવ અને દેવકીદ્વારા તેમનો જન્મ પણ માયાથીજ પ્રતીત થાય છે." આ રીતે ભાષ્યકારે પણ કૃષ્ણના શરીરને માયાનું કાર્ય કહ્યું છે.

માટે ભૂતોથી અવતાર શરીરોની ઉત્પત્તિ નથી, પણ તેમનાં શરીરોનું ઉપાદાનકારણ સાક્ષાત્ માયા છે.

૯૩ ઈશ્વરને દેહમાં આત્મભ્રાંતિ નથી.

જીવ પોતાના દેહાદિકને ભ્રાંતિથી આત્મા માને છે; રામકૃષ્ણાદિક દેહાદિને આત્મા માનતા નથી. કેમકે—

(૧) જીવોની ઉપાધિ અવિદ્યા મલિન સત્વ ગુણવાળી છે. અને રામ કૃષ્ણાદિકની ઉપાધિ માયા શુદ્ધ સત્વગુણવાળી છે. માટે જીવને અવિદ્યાએ કરેલી ભ્રાંતિ થાય છે, અને રામકૃષ્ણાદિકને માયાએ કરેલી સર્વજ્ઞતા હોય છે.

૯૪ ઈશ્વરને ભ્રાંતિ નાશ માટે જ્ઞાનોપદેશ લેવાની જરૂર નથી.

(૨) જીવોને અજ્ઞાનથી થયેલું આવરણ અને ભ્રાંતિના નાશ માટે આચાર્યની પાસેથી મહાવાકયના ઉપદેશની અને જ્ઞાનની જરૂર હોય છે; રામકૃષ્ણાદિકને આવરણ અને ભ્રાંતિ હોતાં નથી માટે ઉપદેશ જન્ય જ્ઞાનની જરૂર હોતી નથી. પણ જીવને અંતઃકરણની વૃત્તિ રૂપ જ્ઞાન જેમ થાય છે, તેમ ઈશ્વરને માયાની વૃત્તિ રૂપ આત્માનું જ્ઞાન તો ઉપદેશાદિક વગરજ થાય છે. પણ તે જ્ઞાનથી ઈશ્વરનું કોઇ પ્રયોજન સિદ્ધ થતું નથી. કેમકે—

૯૫ ઈશ્વરને આવરણ ભંગની જરૂર નથી.

(૧) જીવોને ઘડા વિગેરેનું જ્ઞાન થવાથી આવરણભંગ અને ઘટાદિક વિષયનો પ્રકાશ થાય છે. અને જ્યારે જીવોને બ્રહ્મરૂપે આત્માનું જ્ઞાન થાય છે ત્યાં—

क, જ્ઞાનનો વિષય જે આત્મા, તેનો આવરણ ભંગ જ્ઞાનથી થાય છે: અને વિષય જે આત્મા તેતો સ્વયં પ્રકાશ છે. માટે આત્મજ્ઞાનથી વિષયનો પ્રકાશ થતો નથી.

ख. તેમ ઈશ્વરને માયાની વૃત્તિરૂપ જે 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન તથા તેનો વિષય ઈશ્વરનો આત્મા-તે-આવરણરહિત સ્વયંપ્રકાશ છે, માટે આવરણ ભંગ અથવા વિષયનો પ્રકાશ, એ ઈશ્વરના જ્ઞાનનું પ્રયોજન નથી.

(૨) જેમ જીવન્મુકત વિદ્વાનને, આવરણ રહિત આત્માને વિષય કરનારી અંતઃકરણની 'હું બ્રહ્મ છું, એવી વૃત્તિ, આવરણભંગ વગેરે પ્રયોજન વિનાજ થાય છે; તેમ ઈશ્વરને પણ આવરણભંગ વગેરે પ્રયોજન વિનાજ માયાની વૃત્તિરૂપ 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન ઉપદેશાદિક વિનાજ થાય છે.

આ રીતે રામકૃષ્ણાદિકની જીવોથી જે વિલક્ષણતા તે ઈશ્વરતા છે. તો પણ તેમનાં શરીર માયા રચિત છે, માટે તે શરીરો બ્રહ્મ નથી પણ મિથ્યા છે. માયાએ ઉત્પન્ન કર્યું જે અવતારનું શરીર, તે હાથ પગ વગેરે અવયવ સહિત અને રૂપસહિત કર્યું છે માટે તેમનું શરીર નેત્ર ઇંદ્રિયનો વિષય થાય છે; બ્રહ્મને નેત્ર ઇંદ્રિય જોઈ શકતું નથી.

૯૬ બ્રહ્મ જ્ઞાનેંદ્રિયો તથા કર્મેદ્રિયોનો વિષય નથી.

(૧) બ્રહ્મ ત્વચા ઇંદ્રિયનો વિષય નથી.

તેમજ ત્વચા ઇંદ્રિય પણ સ્પર્શને તથા સ્પર્શના આશ્રય ને વિષય કરે છે-જાણે છે. બ્રહ્મ સ્પર્શનો આશ્રય નથી કે સ્પર્શ પણ નથી માટે ત્વચા ઇંદ્રિયનો વિષય નથી.

(૨) બ્રહ્મ રસના, પ્રાણ અને શ્રોત્રનો વિષય નથી.

રસના ઇંદ્રિયથી રસનું જ્ઞાન, ઘ્રાણથી ગંધનું જ્ઞાન, અને શ્રોત્રથી શબ્દનું જ્ઞાન થાય છે. રસ, ગંધ અને શબ્દ, એ સર્વ બ્રહ્મથી વિલક્ષણ છે, માટે રસના, ઘ્રાણ અને શ્રોત્રથી બ્રહ્મ નુ જ્ઞાન થતું નથી.

(૩) બ્રહ્મ કર્મેન્દ્રિયોનો વિષય નથી.

કર્મેન્દ્રિયો જ્ઞાનનું સાધન નથી પણ વચનાદિક ક્રિયાઓનું સાધન છે, માટે તેમનાથી તો કોઇનું જ્ઞાન થઇ શકેજ નહિ.

આ રીતે કોઈ પણ ઇંદ્રિયથી બ્રહ્મનું જ્ઞાન સંભવતું નથી,

ઇંદ્રિયોથી જે જ્ઞાન થાય છે તેને પ્રત્યક્ષ કહે છે; અને એ પ્રત્યક્ષને જ અપરોક્ષ કહે છે.

માટે બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન સંભવતું નથી; પણ શબ્દથી બ્રહ્મનું જ્ઞાન થાય છે. જે જ્ઞાન શબ્દથી થાય છે તે પરોક્ષજ હોય છે. માટે બ્રહ્મનું જ્ઞાન પણ પરોક્ષજ થાય છે,

પૂર્વપક્ષનો ઉત્તર.

૯૭ ઇંદ્રિયના સંબંધવિના પ્રત્યક્ષ જ્ઞાન થાય નહિ, એવો નિયમ નથી-સુખદુઃખની સાક્ષી ભાસ્યના

दूहा-इंद्रियबिन प्रत्यक्ष नहि, सिष यह नियम न जान;
बिन इंद्रिय प्रत्यक्ष व्है जैसे सुखदुःख ज्ञान. ११८

અર્થ—હે શિષ્ય! ઇંદ્રિયો વિના પ્રત્યક્ષ જ્ઞાન થાય નહિ એવો કોઈ નિયમ છે એમ જાણીશ નહિ; કેમકે જે સુખદુઃખનું પ્રત્યક્ષ જ્ઞાન ઇંદ્રિય વિના થાય છે, તેમ બ્રહ્મનું પ્રત્યક્ષ જ્ઞાન પણ ઇંદ્રિય વિના બની શકે છે. ૧૧૮

ટીકા—ઇંદ્રિયના સંબંધ વિના પ્રત્યક્ષ જ્ઞાન થાયજ નહિ એવો કાંઇ નિયમ નથી. કેમકે સુખ અને દુઃખનું જ્ઞાન થાય છે તે કોઇ ઇંદ્રિય વડે થતું નથી, એમ છતાં તે સુખદુઃખનું જ્ઞાન પ્રત્યક્ષજ થાય છે. માટે ઇંદ્રિય સંબંધથી થાય તે જ્ઞાનજ પ્રત્યક્ષ એવો નિયમ નથી; પણ વિષયની સાથે વૃત્તિનો સંબંધ થઇને જ્યાં વિષયાકાર વૃત્તિ થાય ત્યાં પ્રત્યક્ષ જ્ઞાન થયું, એમ કહેવાય છે.

પ્રત્યક્ષ જ્ઞાનના સંબંધમાં વિશેષ ખુલાસો પંડિતશ્રી પિતાંબરદાસજીએ કરેલો છે તે જાણવા જેવો હોવાથી અહીં આપીએ છીએઃ—

વિષય ચેતનનો વૃત્તિચેતન સાથે અભેદ એજ પ્રત્યક્ષ જ્ઞાનનું લક્ષણ છે. તે અભેદ—

(૧) કોઇ જગોએ ઇંદ્રિયદ્વારા થાય છે.

(૨) કોઇ જગોએ શબ્દદ્વારા થાય છે, અને

(૩) કોઇ જગોએ ઇંદ્રિય વગેરે બહારનાં નિમિત્ત વિનાજ શરીરની અંદર ઉપજેલી વૃત્તિદ્વારા થાય છે.

એને પ્રત્યક્ષ કહે છે.

ચેતનનો સ્વરૂપથી કોઇ જગોએ ભેદ નથી, પણ વિષય અને વૃત્તિરૂપ ઉપાધિએ કરેલો ભેદ હોય છે. એટલે એ બન્ને ઉપાધિ જ્યારે જૂદા જૂદા સ્થળમાં હોય ત્યારે તે ઉપાધિવાળા ચેતનનો ભેદ કહેવાય છે.

જ્યારે વૃત્તિ વિષયાકાર થાય છે, ત્યારે બન્ને ઉપાધિ એક સ્થળમાં સ્થિત હોય છે. માટે તે ઉપાધિવાળા વિષય ચેતન અને વૃત્તિ ચેતનનો અભેદ કહેવાય છે. એવી રીતે વિષય ચેતનનો વૃત્તિ ચેતન સાથે અભેદ એજ **પ્રત્યક્ષજ્ઞાન** કહેવાય છે. એનેજ અપરોક્ષ જ્ઞાન અને સાક્ષાત્કાર પણ કહે છે.

પ્રત્યક્ષજ્ઞાનનું આ લક્ષણ—

(૧) ઇંદ્રિયજન્ય **બાહ્યઘટાદિકના** પ્રત્યક્ષજ્ઞાનમાં અનુગત છે.

(૨) મહાવાકય જન્ય **બ્રહ્મના** પ્રત્યક્ષજ્ઞાનમાં અનુગત છે.

(૩) બહારના નિમિત્ત વિના અંદર ઉપજેલા **સુખદુઃખના** પ્રત્યક્ષજ્ઞાનમાં અનુગત છે.

(૪) માયાની વૃત્તિરૂપ **ઇશ્વરના** જ્ઞાનમાં અનુગત છે. અને—

(૫) અવિદ્યાની વૃત્તિરૂપ રજ્જુ સર્પાદિકના જ્ઞાનમાં અનુગત છે.

(૧) વિષયની સાથે વૃત્તિનો એવો સંબંધ કોઈ જગોએ ઇન્દ્રિયદ્વારા થાય છે, અને—

(૨) કોઈ જગોએ શબ્દદ્વારા વૃત્તિનો સંબંધ થાય છે. જેમ, 'દશમો તું છે' આ શબ્દોથી દશમો જે પોતે, તેની સાથે અંતઃકરણની વૃત્તિનો સંબંધ થઇને 'હું દશમો છું' એવા આકારની વૃત્તિ થાય છે. માટે 'દશમા' નું જ્ઞાન શબ્દથી ઉત્પન્ન થયેલું હોવા છતાં પ્રત્યક્ષ હોય છે.

૧૦૨ સુખદુઃખાદિની સાક્ષી ભાસ્યતા-તથા તેમાં વૃત્તિની સહાય-

તેજ પ્રમાણે જ્યારે પ્રમાતાને સુખદુઃખ થાય છે ત્યારે અંતઃકરણની વૃત્તિ સુખાકાર કે દુઃખાકાર થાય છે; એવી રીતે તે વૃત્તિ સાથે સુખદુઃખનો સંબંધ થાય છે, તેથી સુખ કે દુઃખનું જ્ઞાન પ્રત્યક્ષ થાય છે.

પહેલાં ઉત્પન્ન થયેલાં સુખ કે દુઃખ નાશ પામ્યા પછી જ્યારે તે ફરી કોઈવાર માણસને યાદ આવે છે, ત્યારે વૃત્તિ સુખાકાર કે દુઃખાકાર થાય છે તો ખરી, પણ તે વૃત્તિ નાશ પામ્યા પછી સુખદુઃખ સાથે સંબંધ રહેતો નથી, માટે તે જ્ઞાન સ્મૃતિરૂપ છે; પ્રત્યક્ષ નથી.

(૧) જો કે અંતઃકરણના ધર્મ સુખદુઃખ સાક્ષીભાસ્ય છે, તથાપિ સુખાકાર દુઃખાકાર અંતઃકરણની વૃત્તિદ્વારા સાક્ષી સુખદુઃખનો પ્રકાશ કરે છે.

(૨) જે સાક્ષી ભાસ્ય પદાર્થ છે, તેને પણ સાક્ષી વૃત્તિની અપેક્ષાથીજ પ્રકાશે છે. એટલે તેનો પ્રકાશ કરવામાં પણ સાક્ષીને વૃત્તિની જરૂર પડે છે. જેમ છીપમાં રૂપું દેખાય છે તે સાક્ષીભાસ્ય છે; ત્યાં અવિદ્યાની વૃત્તિની અપેક્ષા રાખીને સાક્ષી રૂપાનો પ્રકાશ કરે છે.

(૧) પણ સુખદુઃખના પ્રકાશમાં અંતઃકરણની વૃત્તિ સાક્ષીની સહાયક છે. અને—

(૨) મિથ્યા રૂપું વગેરેનો પ્રકાશ કરવામાં અવિદ્યાની વૃત્તિ સહાયક છે.

આ રીતે સાક્ષીભાસ્ય પદાર્થના જ્ઞાનમાં પણ વૃત્તિની અપેક્ષા છે.

(૧) જ્યારે એ વૃત્તિ ઇન્દ્રિયાદિક બાહારનાં સાધનથી વિષયનો પ્રકાશ કરવામાં મદદગાર થતી હોય, ત્યારે તે વૃત્તિનો વિષય સાક્ષી ભાસ્ય કહેવાતો નથી.

(૨) સુખદુઃખને વિષય કરનારી વૃત્તિમાં બહારનાં ઇન્દ્રિયાદિક હેતુ નથી; પણ જ્યારે સુખાદિક ઉત્પન્ન થાય છે તે વખતે બીજા સાધનની અપેક્ષા વિના અંતઃકરણની વૃત્તિ સુખાકાર કે દુઃખાકાર થાય છે. તે વૃત્તિમાં આરૂઢ સાક્ષી સુખદુઃખને પ્રકાસે છે, માટે સુખદુઃખને સાક્ષી ભાસ્ય કહેવામાં આવે છે,

૯૮ બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષ સંભવે છે.

બહારના પદાર્થ જે ઘડો વગેરે છે, તેની સાથે નેત્રાદિ ઇન્દ્રિયોદ્વારા અંતઃકરણની વૃત્તિનો સંબંધ થાય છે તેથી ઘડો વગેરે સાક્ષી ભાસ્ય નથી.

તેમ બ્રહ્માકાર અંતઃકરણની વૃત્તિ થાય છે, તે અંતકરણની વૃત્તિ બહાર જતી નથી, પણ શરીરની અંદરજ થાય છે. તે વૃત્તિ સાથે બ્રહ્મનો સંબંધ છે, માટે બ્રહ્મનું જ્ઞાન પણ સુખદુઃખના જ્ઞાનની પેઠે પ્રત્યક્ષ રૂપ છે.

જેમ,

(૧) નેત્રમાં સૂર્ય અભેદ પણે રહેલો છે. એમ છતાં તે નેત્રને આંગળી રૂપ સ્વલ્પ આવરણથી ઢાંક્યું હોય તો આખા બ્રહ્માંડમાં પસરી રહેલો સૂર્યનો પ્રકાશ દેખાતો નથી. અને—

(૨) તે આવરણને દૂર કર્યા પછી નેત્રમાં રહેલી અંતઃકરણની વૃત્તિનો સૂર્યના પ્રકાશ સાથે સંબંધ થતાંજ બ્રહ્માંડમાં પ્રસરી રહેલો સૂર્યનો પ્રકાશ દેખાય છે.

તેમજ,

(૧) સાક્ષી આત્મા સાથે બ્રહ્મનો અભેદ છે. તે સાક્ષી આત્મા અંતઃ-

કરણમાં રહેલા અજ્ઞાનાંશ રૂપ સ્વરૂપ આવરણ વડે ઢંકાઈ જવાથી સર્વત્ર પરિપૂર્ણ બ્રહ્મ પ્રત્યક્ષ ભાસતું નથી.

(૨) જ્યારે શરીરની અંદર ઉપજેલી બ્રહ્મ અને આત્માના અભેદ રૂપ આકારવાળી વૃત્તિ વડે આવરણનો ભંગ થાય છે ત્યારે, ઘરમાંના આકાશના અસંગપણા વગેરે જ્ઞાનથી મહાકાશના અસંગપણા વગેરેનું જેમ જ્ઞાન થાય છે તેમ, સર્વત્ર પરિપૂર્ણ બ્રહ્મનું સ્વપ્રકાશતા રૂપે ભાન થાય છે.

પરંતુ—

(૧) સુખ દુઃખાકાર વૃત્તિમાં બહારના સાધનની અપેક્ષા નથી, માટે સુખદુઃખ સાક્ષી ભાસ્ય છે. અને—

(૨) અંતઃકરણની બ્રહ્માકાર વૃત્તિમાં તો ગુરૂદ્વારા વેદ વચનનો શ્રોત્રની સાથે સંબંધ રૂપ બાહ્ય સાધનની અપેક્ષા રહે છે માટે બ્રહ્મ સાક્ષીભાસ્ય નથી.

જેમ બ્રહ્મ સાક્ષી ભાસ્ય નથી, તેમ બ્રહ્મ ચિદાભાસ સહિત અંતઃકરણની વૃત્તિ રૂપ પ્રમાતાનો પણ વિષય નથી. જેમ દીવાને જોવાને બીજા દીવાની જરૂર પડતી નથી પણ માત્ર નેત્ર એકલુંજ દીવાને વિષય કરી શકે છે (જોઇ શકે છે) તેમ **अहंब्रह्म** (હું બ્રહ્મ છું) એવા આકારવાળી કેવળ વૃત્તિજ બ્રહ્મને વિષય કરી શકે છે. (મતલબ કે 'હું બ્રહ્મ છું' એવી મનની વૃત્તિ (એને ધારણા કહો કે પછી કલ્પના કહો) થકી એજ બ્રહ્મનો સાક્ષાત્કાર છે. કેમકે જેમ સુખદુઃખ ચિંતા વગેરેનો આકાર મન ધારણ કરે છે ત્યારે સુખદુઃખાદિનો સાક્ષાત્કાર થાય છે, તેમ નિત્ય, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, અનંત, સત્યરૂપ બ્રહ્મ હું છું, એવી રીતે મન બ્રહ્મના ચિંતન માત્રથી બ્રહ્માકાર થઈ જાય છે, તેજ બ્રહ્મનો સાક્ષાત્કાર છે.) માટે બ્રહ્મ પ્રમાતા ભાસ્ય પણ નથી, પણ પોતાના પ્રકાશમાં બીજા પ્રકાશની અપેક્ષાથી રહિત સર્વનું પ્રકાશક એવું સ્વયંપ્રકાશ બ્રહ્મ છે.

વૃત્તિ પણ વસ્ત્રના મેલને સાબૂની પેઠે બ્રહ્મનો આવરણ ભંગ કરે છે, અને એનેજ 'વૃત્તિ બ્રહ્મને વિષય કરે છે' એમ કહેવામાં આવે છે. બીજી કોઈ રીતે વૃત્તિ બ્રહ્મને વિષય કરતી નથી.

"**अहं ब्रह्मास्मि** (હું બ્રહ્મ છું)" એવી વૃત્તિ રૂપ **તત્વજ્ઞાનને** બાહ્ય સાધનની અપેક્ષા વિના સાક્ષી પ્રકાસે છે, માટે તે **તત્વજ્ઞાન** સાક્ષી ભાસ્ય છે.

આ રીતે જ્યાં વિષય સાથે વૃત્તિનો સંબંધ થાય છે ત્યાં પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. 'હું બ્રહ્મ છું' એ વૃત્તિનો, બ્રહ્મ વિષય સાથે સંબંધ છે, માટે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષ સંભવે છે.

(૩) વિષયનો વૃત્તિ સાથે સંબંધ ન હોય એવા અનુમાનાદિ પરોક્ષ છે.

(**क**) જ્યાં ધૂમાડાને જોઇને અગ્નિનું જ્ઞાન થાય છે, ત્યાં ધૂમાડાનું જ્ઞાન તો પ્રત્યક્ષ છે; અને અગ્નિનું જ્ઞાન પ્રત્યક્ષ નથી. કેમકે નેત્ર દ્વારા અંતઃકરણની વૃત્તિનો ધૂમાડા સાથે સંબંધ છે, માટે ધૂમાડાનું જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે.

(**ख**) અનુમાનથી અંતઃકરણની વૃત્તિ શરીરની અંદર અગ્નિના આકારને ગ્રહણ કરવાવાળી તો થાય છે, પરંતુ અગ્નિ સાથે વૃત્તિનો સંબંધ નથી માટે અગ્નિનું જ્ઞાન 'પ્રત્યક્ષ' નથી કહેવાતું.

આ રીતે જ્યાં વૃત્તિ સાથે વિષયનો સંબંધ હોય ત્યાં પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે.

જ્યાં વૃત્તિની સાથે વિષયનો સંબંધ થાય નહિ, વિષય બહાર દૂર હોય અથવા ભૂતકાળમાં થઇ ગયેલો હોય, અથવા ભવિષ્યકાળમાં થવાનો હોય; અને અનુમાનથી અથવા શબ્દથી વિષયાકાર વૃત્તિ અંતરમાં હોય, તે જ્ઞાન પરોક્ષ કહેવાય છે.

શબ્દજન્ય જ્ઞાન પ્રત્યક્ષ હોઈ શકે છે.

(૪) ઇંદ્રિયજન્યજ્ઞાનજ પ્રત્યક્ષ થાય છે એવો નિયમ નથી. જેમ સુખ-દુઃખનું જ્ઞાન ઇંદ્રિયજન્ય ન છતાં પણ પ્રત્યક્ષ છે. તેમ 'દશમા પુરૂષ'નું જ્ઞાન શબ્દજન્ય છતાં પણ પ્રત્યક્ષ છે.

એજ રીતે ગુરૂદ્વારા શ્રવણ કરેલા મહાવાક્યરૂપ વેદ શબ્દથી ઉપજેલું બ્રહ્મજ્ઞાન પણ પ્રત્યક્ષજ સંભવે છે.

गुरुको अस उपदेश सुनि, तत्वदृष्टि बुधिमंत;
ब्रह्मरूप लखि आतमा, कियो भेदभ्रम अंत. ११९
अहं ब्रह्म या वृत्तिमैं, निरावरण जै भान;
दादू आदूरूप सो यूं हम लियो पिछान. १२०

इतिश्री विचारसागरे उत्तमाधिकारी उपदेशनिरूपणं नाम चतुर्थ स्तरंग समाप्त:

ગુરૂનો આવો ઉપદેશ સાંભળીને બુદ્ધિમાન તત્વદૃષ્ટિએ પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણીને ભેદ બુદ્ધિ રૂપી ભ્રમનો નાશ કર્યો-

'હું બ્રહ્મ છું' એવી વૃત્તિમાં આવરણ રહિત થયેલા એવા જે વિષયનું ભાન થાય છે તે સર્વના આદિ રૂપ દાદૂ ગુરૂ બ્રહ્મ છે એમ અમે સમજી લીધું.

ઇતિ વિચારસાગરે ઉત્તમાધિકારી ઉપદેશ નિરૂપણ નામે ચોથો તરંગ સમાપ્ત થયો.

श्री विचारसागर

पंचम तरंगः।

श्रीगुरुवेदादि व्यावहारिक प्रतिपादन अने मध्यमाधिकारी साधन निरूपण.

ભેદવાદનું ખંડન.

૧ અદષ્ટિનો પ્રશ્નઃ—વેદ અને ગુરૂ સત્ય હોય કે મિથ્યા હોય; બન્ને રીતે અદ્વૈતજ્ઞાન સંભવતું નથી.

પાછલા તરંગમાં એમ કહ્યું કે "ગુરૂના મુખથી શ્રવણ કરેલાં વેદવાક્યથી અદ્વૈત બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે." એમ સાંભળીને અદષ્ટિ નામનો બીજો શિષ્ય શંકા કરે છેઃ—

(૧) વેદ અને ગુરૂ સત્ય હોય તો અદ્વૈતની હાનિ થશે. એટલે અદ્વૈત રહેશે નહિ.

(૨) વેદ અને ગુરૂ અસત્ય હોય તો અસત્ય વેદ અને અસત્ય ગુરૂથી સત્યજ્ઞાન મળે નહિ, માટે પુરૂષાર્થની (અદ્વૈત બ્રહ્મની) પ્રાપ્તિ થશે નહિ.

બન્ને રીતે વેદ અને ગુરૂથી અદ્વૈત જ્ઞાન સંભવતું નથી. એજ વાત શિષ્ય પૂછે છે કે—

अदृष्टिरुवाच.

चौपाई.

वेद रु गुरु जो मिथ्या कहिये,
तिनतैं भवदुख नस्यो न चहिये;
जैसे मिथ्या मरुथलको जल,
प्यास नाशको नहि तामैं बल. १
सत्य वेदगुरु कहैं तु द्वैता-
भयो, गयो सिद्धांत अद्वैता;

यूं शंकरमत पेखि असुद्धा,
तज्यो सकल मध्वादि प्रबुद्धा. २
यह शंका भगवन् मुहि उपजै,
उत्तर देहु दयाल न कुपिजै;

શિષ્ય—વેદ અને ગુરૂ જો મિથ્યા હોય તો તેનાથી સંસાર દુઃખનો નાશ થાય નહિ. જેમ મિથ્યા મૃગજલમાં કોઈની તરસ મટાડવાનું સામર્થ્ય હોતું નથી. ૧

અને જો વેદ અને ગુરૂને સત્ય કહીએ તો, બ્રહ્મ સત્ય, વેદ સત્ય, ગુરૂ સત્ય, એમ ઘણાં સત્ય હોવાથી દ્વૈત થાય છે અને અદ્વૈત સિદ્ધાંત નાશ પામે છે.

આવી રીતે શંકરભગવાનનો મત દોષવાળો જાણીને, મધ્વસ્વામી વગેરે દ્વૈતાચાર્યોએ તેને છોડી દીધો છે. ૨

હે ભગવન્ આવી શંકા મારા મનમાં ઉપજી છે, માટે ક્રોધ કરશો નહિ, પણ દયા રાખીને તેનું સમાધાન કરો.

૨ શંકરમતની પ્રમાણતા.

चौपाई–गुरु बोले सिषकी सुनि बानी,
शंकरको मत परम प्रमानी. ३
चारि यार मध्वादिक जेहै,
वेद विरुद्ध कहत सब तेहै;
यामैं व्यासबचन सुनि लीजै.
संकरमत हि प्रमान करीजै. ४
कलिमैं वेद अर्थ बहु करिहै,
श्री संकरसिव तब अवतरिहै;
जैन बुद्धमतमूल उखारै,
गंगातैं प्रभुमूर्ति निकारै. ५

શિષ્યનાં એવાં વચન સાંભળીને ગુરૂ બોલ્યા કે શંકરનો મત પરમ પ્રમાણભૂત છે. ૩. મધ્વ વગેરે જે ચાર ભેદવાદીઓ છે તે સઘળા વેદ વિરૂદ્ધ સિદ્ધાંત કહે છે. એ બાબતમાં શ્રીવ્યાસ ભગવાનનું વચન તું સાંભળ અને પછી શંકર મતનેજ તું પ્રમાણ માનીશ. ૪. વ્યાસજી કહે છે કે,—કલિકાલમાં જ્યારે આચાર્યો વેદના અર્થ જૂદે જૂદે પ્રકારે કરશે, ત્યારે કૃપાળુ ભગવાન શિવ



कलिमें वेद अर्थ बहु करि है।
श्रीसंकर मित्र तब अवतारि है॥

Lakshmi Art, Bombay, 8

અવતાર હેશે, તે વેદબાહ્ય જૈન તથા બૌધ મતનું ખંડન કરશે; ગંગાજીમાંથી બદ્રીનાથજીની મૂર્તિનો ઉદ્ધાર કરીને તેનું સ્થાપન કરશે. ૫.

चोपाई-जैसे भानु उदय उजियारो,
दूरि करै जगमैं अंधियारो;
सब वस्तु हि ज्यूं को त्यूं भासै
संसै और विपर्यय नासै. ६
वेद अर्थमैं त्यूं अज्ञाना,
नसि है श्री शंकर व्याख्याना;
करि है ते उपदेश यथारथ,
नासहि संशय अरु अयथारथ. ७
और जु वेदअर्थकू करिहै,
ते सठ वृथा परिश्रम धरिहै;
यूं पुरानमैं व्यास कहीहै,
शंकर मनमैं मान यही है. ८

અર્થ—જેમ સૂર્યના ઉદય પામવાથી જે અજવાળું થાય છે, તે જગતના અંધારાને દૂર કરે છે, ત્યારે બધી વસ્તુઓ જેવી હોય તેવી દેખાય છે, તથા તે વસ્તુઓ વિશે સંશય અને વિપરીત જ્ઞાન નાશ પામે છે. ૬ તેમ વેદના અર્થ સમજવામાં રહેલું અજ્ઞાન શ્રીશંકરાચાર્યના ભાષ્યથી દૂર થશે; અને તે ભાષ્ય જે યથાર્થ ઉપદેશ કરશે તેથી સંશય અને ભ્રાંતિ નાશ પામશે. ૭ બીજા જે કોઇ વેદના અર્થને કરશે તે શઠ લોકોનો પરિશ્રમ વૃથા થશે. એ રીતે વ્યાસ મુનિએ પુરાણમાં કહ્યું છે, અને શ્રી-શંકરના મત માટે તે વ્યાસ વચનોજ પ્રમાણ છે. ૮

मध्वादिकको मत न प्रमानो,
यह हम व्यास वचन तैं जानो;
और प्रमाण कहूं सो सुनिये,
वाल्मीकि रिषि मुख्य जु गिनिये. ९
तिन मुनि कियो ग्रंथ वासिष्ठा,
तामैं मत अद्वैत स्पष्टा;
श्री शंकर अद्वैत हि मान्यो,
तिनको मत यह हेतु प्रमान्यो, १०

—**અર્થ:**મધ્વાદિકનો મત પ્રમાણરૂપ નથી, એમ અમે વ્યાસના વચનથી જાણ્યું છે. વળી બીજું પ્રમાણ કહું તે સાંભળો. ઋષિઓમાં મુખ્ય ઋષિ વાલ્મીકિ ગણાય છે. ૯ તે મુનિએ યોગવાસિષ્ઠ નામે ગ્રંથ કર્યો છે, તેમાં અદ્વૈત મતનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. શ્રી શંકરે પણ અદ્વૈત મતનું નિરૂપણ કર્યું છે, તેમાં તેમના મતમાં આ હેતુને પ્રમાણ માન્યો છે. ૧૦

ટીકા–બધા પ્રકરણનો ભાવ આ પ્રમાણે છે:–વ્યાસ ભગવાને પુરાણમાં એમ કહ્યું છે કે જ્યારે કલિયુગમાં વેદના અર્થને જૂદે જૂદે પ્રકારે વિદ્વાનો કરશે, ત્યારે કૃપાળુ શિવ શ્રી શંકર નામ ધારણ કરી અવતાર લેઇને દેવનદી ગંગાજીમાંથી શ્રીબદરીનાથની મૂર્તિનો ઉદ્ધાર કરી તેનું તેના સ્થાનમાં સ્થાપન કરશે; જૈન અને બૌદ્ધ મતનું ખંડન કરશે; તથા વેદનું યથાર્થ વ્યાખ્યાન કરશે.

(૧) આ વ્યાસ વચનથી શ્રી શંકર મત પ્રમાણ છે.

(૨) અને મધ્વાદિકનો ભેદ મત અપ્રમાણ છે.

વળી ઉપનિષદ્, ગીતા અને બ્રહ્મસૂત્ર, એ ત્રણ જે વેદાંતનાં પ્રસ્થાન કહેવાય છે, તેના મધ્વાદિકોએ ખેંચી તાણીને કોઇપણ રીતે પોતાના મતને બંધ બેસે એવા અર્થ કર્યા છે, તથાપિ વ્યાસજીના વચનથી શ્રી શંકરાચાર્યે કરેલું વ્યાખ્યાનજ પ્રમાણ છે.

૩ ભેદવાદની અપ્રમાણતા.

चोपाई–वाल्मीकि रिषि वचन विरुद्धं,
भेदवाद लखि सकल असुद्धं. ११

અર્થ—વળી વાલ્મીકી ઋષિના વચનથી વિરૂદ્ધ એવો જે ભેદવાદ, તે સઘળો અશુદ્ધ એટલે અપ્રમાણ છે એમ જાણવું. ૧૧

ટીકા—વળી આદી કવિ સર્વજ્ઞ વાલ્મીકિ ઋષિએ ઉત્તર રામયાણ વાસિષ્ઠ નામે ગ્રંથ કર્યો છે. તેમાં, અદ્વૈત મતમાં મુખ્ય જે દૃષ્ટિસૃષ્ટિ વાદ છે તે અનેક ઇતિહાસોથી પ્રતિપાદન કર્યો છે. માટે વાલ્મીકિના વચન પ્રમાણે પણ અદ્વૈત મત પ્રમાણ છે. અને વાલ્મીકિના વચન વિરૂદ્ધ ભેદ મત અપ્રમાણ છે.

આ રીતે સર્વજ્ઞ ઋષિ મુનિઓના વચનથી વિરૂદ્ધ હોવાથી ભેદવાદ અપ્રમાણ છે એમ કહ્યું. હવે યુક્તિથી પણ ભેદવાદ વિરૂદ્ધ છે એમ શ્રી હર્ષ પંડિતે કરેલા ખંડનખંડખાદ્ય નામે ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે. એ ભેદવાદ ખંડનની યુક્તિઓ સમજાવી કઠણ હોવાથી અહીં લખી નથી.

૪ ભેદવાદનો તિરસ્કાર.

ભેદવાદ જૈનમતની પેઠે અપ્રમાણ છે, કેમકે તે ઋષિ અને મુનિઓના

વચનથી વિરુદ્ધ છે, એવો નિશ્ચય થયા પછી તેનું યુક્તિથી ખંડન કરવાની આસ્તિક અધિકારીને માટે જરૂર પણ નથી. એ વાત ત્રણ ચોપાઈથી કહે છે:—

किया ग्रंथ श्री हर्ष जु खंडन,
खंडन भेद एकता मंडन;
लिख्यो तहां यह बहु विस्तारा,
भेदवाद नहि युक्ति सहारा. १२
और भेदधिक्कार जु ग्रंथा;
तहां भेदखंडनको पंथा;
कठिन दुरूहतर्क है ते अति,
नहि पैठिहि सिष तिनमैं ते मति १३
यातैं कही न ते तुहि उक्ति,
करैं जु भेद हि खंडनयुक्ति;
अप्रमाण मत भेद लख्यो जब,
खंडनमैं युक्ति न चहियत तब. १४

અર્થ—શ્રીહર્ષ નામના પંડિતે "ખંડન ખંડ ખાદ્ય" નામે ગ્રંથ લખ્યો છે તેમાં ભેદનું ખંડન કર્યું છે, અને એકતાનું મંડન કર્યું છે. ત્યાં બહુ વિસ્તારથી આ વાત લખી છે કે ભેદવાદને યુક્તિ સહન કરી શકતી નથી. ૧૨. વળી "ભેદધિઃકાર" કરીને ગ્રંથ છે, તેમાં ભેદના ખંડનની રીત બતાવી છે. એ ગ્રંથમાંના તર્ક ઘણા કઠણ તથા બુદ્ધિમાં ઘણી મુશ્કેલીથી ઉતરી શકે એવા છે. હે શિષ્ય! એ તર્કોમાં તારી બુદ્ધિ પ્રવેશ કરી શકશે નહિ. ૧૩ માટે જે યુક્તિઓ વડે ત્યાં ભેદનું ખંડન કર્યું છે તે વચનો હું તને કહેતો નથી. વળી જો ભેદમત અપ્રમાણ છે એમજ સમજવામાં આવે છે, તે પછી તેનું ખંડન કરવાને યુક્તિઓની જરૂર પણ નથી. ૧૪

વેદવચનથી પણ ભેદમત વિરુદ્ધ છે તે કહે છેઃ—

चौपाई-भेदप्रतीति महा दुःखदाता
यम कठमैं यह टेरत ताता;
यातैं भेदवाद चित त्यागहु,
इक अद्वैतवाद अनुरागहु. १५

(१) "मृत्योः स मृत्यु माप्नोति य इह नानेव पश्यति"

(२) " द्वितीयाद्वै भयं भवति "
(३) " अन्योसा-वन्योऽहमस्मीति न स वेद यथा पशुरेव स देवानाम् ॥ "

जो द्वितीयकू मतिमैं धारैं,
भय ताकूं यह वेद पुकारै;
ज्ञेय ध्येय मो तैं कछु औरा,
लखै सुपसु यह वेदढंढोरा. १६
शिष्य यातैं मध्वादिकबानी.
सुनी सुबिसरह अतिदुःखदानी;
द्वैतवचन तव हियमैं जोलौं,
ह्वै साक्षात अद्वैत न तोलौं, १७

અર્થ--હે ભાઈ! ભેદની પ્રતીતિ મહા દુઃખ આપનારી છે, એમ કઠોપનિષદમાં યમરાજાએ નચિકેતા નામે શિષ્યને કહ્યું છે. માટે ભેદવાદનો મનમાંથી ત્યાગ કર અને એક અદ્વૈતવાદમાંજ પ્રીતિ કર. ૧૫

શ્રુતિઓનો અર્થઃ--

જે મનુષ્ય આ લોકમાં અનેક (આત્માઓ, પદાર્થો, વગેરે ભેદ) જુએ છે, તે મૃત્યુથી મૃત્યુને પામે છે, એટલે જન્મ મરણ પામ્યા કરે છે.

(૨) જેની બુદ્ધિમાં બ્રહ્મ સિવાય (આત્મા સિવાય) બીજો પદાર્થ છે, એમ જેને જણાય છે તેને તે બીજા પદાર્થથી ભય થાય છે. (ભેદ ભયનું કારણ છે).

(૩) 'તે અન્ય છે અને હું અન્ય છું' એમ જે જાણે છે-એટલે જેને હું જાણું છું તે ભિન્ન છે અને હું જાણનારો તેનાથી ભિન્ન છું, એમ જે જાણે છે-તે કશુંજ જાણતો નથી. તે દેવો નો પશુજ છે.

શ્રુતિના અર્થની ચોપાઈનો અર્થ--જે મનમાં બીજાને ધારણ કરે છે તેને ભય થાય છે, એમ વેદ કહે છે. વળી મારૂં જ્ઞેય અને ધ્યેય વસ્તુ મારાથી ભિન્ન છે, તે મોટો પશુ છે એમ વેદ દાંડી વગાડીને કહે છે. ૧૬ માટે હે શિષ્ય મધ્વાદિક દ્વૈત-વાદીઓનાં વચન તેં સાંભળ્યાં હોય તો તેને ભૂલીજા, કેમકે તે અતિ દુઃખ આપનારાં છે. જ્યાં સુધી તારા હૃદયમાં દ્વૈત વચનોની અસર રહેશે ત્યાં લગી તને અદ્વૈતનો સાક્ષાત્કાર થશે નહિ. ૧૭

૫ ભર્તૃનું આખ્યાન અને તેનો સિદ્ધાંત.

द्वैत वचनको स्मरण जु होवे,
है साक्षात तु ताहि बिगोवे;
पूर्वस्मृती साक्षात बिनासत,
सुन इक अस तुहि कथा प्रकासत. १८

અર્થ—હે શિષ્ય! દ્વૈત વચનનું જો સ્મરણ થાય તો તે સાક્ષાત્કાર થયો હોય તેને પણ બગાડી નાંખે છે. અર્થાત્ સાક્ષાત્ વસ્તુને પણ તે ખોટી જાણે છે. વળી તે પૂર્વની સાક્ષાત્ સ્મૃતિને પણ નાશ કરે છે. એ વિષે તને હું એક કથા કહું તે સાંભળ.

राजाको इक भर्तृ मंत्री,
राजकाज सब ताके तंत्री;
और मुसाहिब मंत्री जेते,
करें ईरखा तासूं ते ते. १९
करी न सकत भर्तृकी हाना,
महाराज निजजिय प्रिय जाना;
तब सब मिलि यह रच्यो उपाया,
धारि दौर दंगा मचवाया. २०
सो सुनि राज हि करी कवहरी,
लिये बुलाय मुसाहिब जहरी;
तिनसूं कह्यो वेग चढि जावहु,
दौरत धारि सु धूम मसावहु. २१
तब सब मिलि उत्तर यह दीना,
सदा एक भर्तृ हि तुम चीना;
मरणलिये अब हम हि पठावतु,
भर्तृकूं कहु क्यूं न चढावतु. २२
तब बोल्यो भर्तृ कर जोरी,
महाराज सुनु बिनती मोरी;
आज्ञा होय मोहि अब दौरी,
मारूं सकल धारि जो दौरी. २३
तब भर्तृकू बोल्यो राजा,
तुम चढि जाहु सम्भारहु काजा;
ते जात हि भर्तृ सब मारे,
बनक कृषीबल किये सुखारे. २४

૧ ભર્તૃ મંત્રી ઉપર રાજાનો પ્રેમ—બીજા મંત્રીઓની અદેખાઇ.

એક રાજાને ભર્તૃ નામે મંત્રી હતો. તમામ રાજકાજ તેના તાબામાં હતાં તથા તે ઘણો પ્રમાણિક અને હોશિયાર હતો તેથી બીજા પ્રધાનો અને સરદારો તેની અદેખાઈ કરવા લાગ્યા. ૧૯ પણ ભર્તૃની પ્રમાણિકતા તથા કાર્ય કુશળતા રાજા જાણતો હતો તેથી રાજાની તેના ઉપર પોતાના પ્રાણ જેવી પ્રીતિ હતી. આ કારણથી બીજા દ્વેષી સરદારો તેને કાંઈ નુકસાન કરી શકતા નહોતા.

૨ ભર્તૃ વિરૂદ્ધ પ્રપંચ—ભર્તૃએ લુંટારાઓ પર મેળવેલી જીત.

પછી બધાએ મળીને એક પ્રપંચ કર્યો. અને બહારથી એક લુંટારાની ટોળીને બોલાવી ધાડ પડાવી. ૨૦. અને તે વાતની રાજાને ખબર કરી કે કોઈ લુંટારાનું ટોળું આપણા શહેર ઉપર ચઢી આવ્યું છે. તે સાંભળીને રાજાએ દરબાર ભર્યો, અને પોતાના સરદારોને કહ્યું કે, તમે બધા જલદી તૈયાર થઇ જાઓ અને લુંટારાઓને હરાવીને હાંકી કહાડો. ૨૧.

તે વખતે બધાએ મળીને રાજાને ઉત્તર આપ્યો કે, મહારાજ! અમે તો સદા તૈયારજ છીએ; જ્યાં મરવાનું હોય ત્યાં અમનેજ જવાની આજ્ઞા કરવામાં આવે છે! પણ આપના પ્રધાનજી જે યુદ્ધ કાર્યમાં ઘણા કુશળ છે, તેમને તો કોઇ વખત તેવી આજ્ઞા આપ કરતાજ નથી! ૨૨

તે સાંભળતાંજ ભર્તૃ તેમનો આશય સમજી ગયો અને રાજા પોતાને હુકમ કરે તે પહેલાં તે હાથ જોડીને બોલ્યો કે મહારાજ! મારી એક અરજ સાંભળો; આપની આજ્ઞા હોય તો હુંજ એકલો જઇને તમામ ધાડપાડુઓને મારીને નસાડી મૂકું! ૨૩. રાજાએ કહ્યું: ભલે તમે ચઢી જાઓ અને કામ સિદ્ધ કરીને આવો.

ભર્તૃએ જઇને લુંટારાઓને મારી કાઢયા તથા વેપારી ને ખેડુતોનો ત્રાસ મટાડયો. ૨૪.

भछूं विजय सुन्यो तिन जबही,
राजापैं भाख्यो यह तबही;
भछूं मर्यो न सुधर्यो काजा,
मिथ्या वचन सुनतही राजा. २५
और प्रधान मुसाहिब कीनो,
छत्र रु पीनस पंखा दीनो;
बंदोबस तिन किने अपनहू,
सुनै न राजा भछूं (ही) सुपनहूं. २६
सब वृत्तांत भछूं तब सुनिके,
रूप तपस्वि धर्यो यह गुनिके;
राजापैं मुहि जान न दे है,
गये द्वारलग प्रानहु लै है. २७
अबलग सबहि पदारथ भोगे,
देह रु इंद्रिय रहे अरोगे;
तिय जों चारि चतुर्पद सोहत,
चारि फूलफल खग मनमोहत. २८

चारि चतुर्पद.

दोहा.

करि करउरु मृगखुरुपुरज, केहरिसी कटि मान;
लोचन चपल तुरंगसैं, बरनै परमसुजान. २९

चारि फूल.

कमलवदन, अलसोकुसुम चिबुकचिह्न मतिधाम;
तिलप्रसूनसी नासिका, चंपकतनु अभिराम. ३०

૩ ભછૂં લડાઇમાં મૂઓ, એવી ખોટી અફવા રાજાને કાને લેઇ જવી.

ભછૂંએ જીત મેળવી એ સાંભળીને (પેલા સરદારોએ એવી ગોઠવણ કરી કે ભછૂં પાછો નગરમાં આવી રાજાને મળી ન શકે પછી) તેમણે રાજા પાસે જઇને જૂઠી વાત કહી કે-મહારાજ! ભછૂં લડાઈમાં મરાયો છે એ બહુ ખોટું થયું! આ મિથ્યા વચનને રાજાએ સાચું માની લીધું. ૨૫. અને ભછૂંની જગોએ બીજાની મુખ્ય પ્રધાન તરીકે નિમણૂક કરી તથા તેને છત્ર ચામર

પાલખી અને પ્રધાનવટાનો પોશાક આપ્યો. તે પ્રધાને એવો બંદોબસ્ત કર્યો કે રાજાને કાને સ્વપ્નામાં ભર્છૂ શબ્દ આવે નહિ. ૨૬

૪ ભર્છૂનો ત્યાગ-વૈરાગ્યઃ—

હવે ભર્છૂએ વિચાર કર્યો કે, આ લોકો મને રાજાની પાસે જવા દેવાના નથી; અને જો જવાનો યત્ન કરીશ તો મને મારી નાંખશે. એમ સમજીને પોતે તપસ્વીનું રૂપ ધારણ કર્યું. તેણે મનમાં વિચાર કર્યો કે—૨૭

૫ ભર્છૂનો સ્ત્રી વિષય વૈરાગ્ય—

આજસુધી બધા પદાર્થો ભોગવ્યા; દેહ અને ઇંદ્રિયો પણ આરોગ્ય રહી. ચાર જાતનાં પશુ, ચાર જાતનાં ફૂલ, ચાર જાતનાં ફળ અને ચાર જાતનાં પક્ષીની જેને ઉપમા આપવામાં આવે છે, એવી સ્ત્રીઓ મેં ભોગવી. ૨૮

ચાર પશુ—હાથીની શુંડ જેવી જેની જાંઘ, હરણની ખરી જેવું જેનું ગુહ્યસ્થળ, સિંહના જેવી જેની કટિ, અને ઘોડાના જેવાં ચંચળ જેનાં નેત્ર, એવી સ્ત્રીઓ મેં ભોગવી. ૨૯

ચાર ફૂલ—કમળ જેવું જેનું મુખ, અળસીના ફૂલ જેવી જેની હડપચી, તલના ફૂલ જેવી જેની નાસિકા અને ચંપાના ફૂલના રંગ જેવું સુંદર જેનું શરીર, એવી સ્ત્રીઓ મેં ભોગવી. ૩૦

चारि फल.

बिंबअधर दारिमदसन, उरज बिल्लसे पीर;
कोहरसी पड़ी कहत, कोबिदमतिगंभीर. ३१

चारि खग.

है मरालसी मंदगति, कंठ कपोतसुढार;
पिकसी बानी अति मधुर, मोरपुच्छसे बार. ३२

चौपाई-गंग पयोनिधि कबहु न त्यागत,
जातैं रसिक सुमन अनुरागत;
बिधि तिलोत्तमा अपर बनाई,
हम्यो सुंद जिन सो न सुहाई. ३३
मिहिंदी नावक करपदरागा,
तिनको मैं किय निमिष न त्यागा,

और भोग तिनके उपकरना,
भोगे सबैं निकट भौ मरना. ३४
अहो मूढ को ममसम जगमैं,
भौ लंपट अबलग मैं भगमैं;
गीलो मलिन मूत्रतें निसदिन,
स्रवत मांसमय रुधिर जु छतबिन. ३५

ચાર ફળ—પાકા ગિલોડાના ફળ જેવો જેનો નીચલો ઓઠ, દાડમની કળી જેવા જેના દાંત, બીલા જેવા જેના સ્તન, અને સલગમ (વિલાયતી મૂળો) ના કંદ જેવી જેની એડી, એવી સ્ત્રીઓ મેં ભોગવી. ૩૧

ચાર પક્ષી—હંસના જેવી જેની મંદ ગતિ, હોલાના જેવો જેનો સુંદર ઢાળવાળો કંઠ, કોયલ જેવી જેની મધુર વાણી, અને મોરના પીંછા જેવા જેના સુંદર વાળ, એવી સ્ત્રીઓ મેં ભોગવી. ૩૨

મહાદેવના માથા ઉપર રહેલી છતાં પણ ગંગા સમુદ્રને કદી તજતી નથી, માટે સ્ત્રીઓનાં મન રસિકની સાથેજ પ્રેમવાળાં થાય છે. બ્રહ્માએ સૌથી સુંદર સ્ત્રી તિલોત્તમા બનાવી, પણ તેણે સુંદ અને ઉપસુંદ નામના દૈત્યોને મારી નાંખ્યા! ૩૩ એમ છતાં મેંદી અને અળતાના રંગ જેવા પગના રંગવાળી સ્ત્રીઓનો મેં ક્ષણ પણ ત્યાગ કર્યો નહિ, એટલુંજ નહિ, પણ સ્ત્રી ભોગનાં બીજાં સાહિત્ય ખાનપાન આદિ પણ મેં ભોગવ્યાં. પણ હવે મારૂં મરણ પાસે આવ્યું છે. ૩૪ અરે! મારા જેવો મૂઢ જગતમાં કોણ હશે કે જે હું આજસુધી સ્ત્રીની યોનિમાં લંપટ થઇ રહ્યો! એ યોનિ રાત દહાડો મૂત્રથી મેલી અને ભીની રહે છે, તથા તેમાં કાંઈ ક્ષત થયા વિના પણ માંસના રસ જેવું લોહી (વખતો વખત) વહે છે! ૩૫

चर्म लपेट्यो मांस मलीना,
ऊपरि चार अशुद्ध अलीना;
इनमैं कौन पदारथ सुंदर,
अति अपवित्र ग्लानिको मंदिर. ३६
तियकी जंघ जघन्य लखाही,
रंभा करिकर उपमित जाही;

आर्द्र मूतको मनु पतनारो,
रुधिरमांसत्वक अस्थिपसारो. ३७
लगत जु नीके स्थूलनितंबा,
तिनके मध्य मलिन मलबंबा,
तट ताकेतैं अतिदुर्गंधा,
व्है आसक्त तहां सो अंधा. ३८
अधर जु थूकलारसैं भीजत,
तजि ग्लानी निज मुखमैं दीजत;
दृष्टमद्दा नारीमदिरा भजि
शुद्ध अशुद्ध विवेक दियो तजि. ३९
कहत नारिके अंग जु नीके,
करत बिचार लगत युं फीके;
कपट कूटको आगर नारी,
मैं जानी अब तजन बिचारी. ४०

એ ભગ એટલે મલિન માંસ છે અને તેના ઉપર ચામડું લપેટેલું છે. તેના ઉપર અશુદ્ધ એવા વાળ સ્પષ્ટ છે. એમાં કયો પદાર્થ સુંદર છે! જે છે, તે અત્યંત અપવિત્ર અને ગ્લાનિનું સ્થાન છે. ૩૬

સ્ત્રીની જે જાંઘને કેળનો સ્તંભ અને હાથીની શુંઢ સાથે સરખાવી છે, તે સદૈવ નિકૃષ્ટ વસ્તુ છે. તે હાડકાં, માંસ, લોહી અને ત્વચાનીજ બનાવટ છે, અને ભીના (વહેતા) મૂતરની જાણે પરનાળ હોય તેવી છે. ૩૭

સ્ત્રીના સ્થૂલ નિતંબ (ફૂલા) જે (કામીઓને) સારા લાગે છે, તેમની વચ્ચે મલિન એવી વિષ્ટાના બંબા જેવું ગુદસ્થાન આવેલું છે, અને બે નિતંબ તે તેના બે અતિ દુર્ગંધિવાળા કિનારા છે. તેમાં જે આસક્ત થાય છે તે (ખરેખર) આંધળો છે. ૩૮

સ્ત્રીનો નીચલો ઓઠ જે હંમેશાં થુંક અને લાળથી ભીનો રહે છે, તેને (કામી પુરૂષ) ગ્લાનિ તજીને પોતાના મુખમાં મૂકે છે! એવી રીતે દીઠેથીજ જેની કેફ ચઢે છે એવી સ્ત્રીમાં આસક્ત થઇને મેં શુદ્ધ અશુદ્ધનો વિવેક છોડી દીધો છે! ૩૯

સ્ત્રીનાં અંગ જે સુંદર કહેવાય છે, તે તો વિચાર કરતાં

આવી રીતે ફીકાં (રસરહિત) લાગે છે! સ્ત્રી તો કપટ અને કૂડની ખાણુ છે, એમ મેં જાણ્યું તેથી હવે તેનો ત્યાગ કરવાનો મેં વિચાર કર્યો છે. ૪૦

कलाकंद दधि पायस पेरा,
तंदुलघृत व्यंजन बहुतेरा;
और विविध भोजन जे कीने,
तिन सबके रसना रसलीने. ४१
अबलौं भई न तृप्ति जु याकूं,
यातैं वृथा पोषिना ताकूं;
क्षुधाविनासेहि बनफल कंदा,
व्है क्यूं पराधीन यह बंदा. ४२
गुहा महल बन बाग घनेरा,
क्यूं राजाको व्है हूं चेरा;
सैज सिला अरु निजभुज तकिया,
निर्झरजल करपात्र न रुकिया. ४३

૬ ભર્તૃને બીજા પદાર્થોનો વૈરાગ્ય—

આજ સુધી મેં કેળાં, કંદ, દૂધ, દહીં, દૂધપાક, પેંડા, ચોખા, ઘી, શાક, અથાણાં ઇત્યાદિક અનેક સ્વાદિષ્ટ પદાર્થોનું ભોજન કર્યું તે બધાનો રસ જીભને ચખાડયો. ૪૧ પણ હજી એને તૃપ્તિ થતી નથી, માટે તેનું પોષણ કરવું એ મિથ્યા છે. માત્ર ભૂખજ મટાડવી હશે તો વનમાં કંદ અને ફળ ઘણાં મળે છે, ત્યારે હવે હું શા માટે પરાધીન રહું? ૪૨

પર્વતની ગુફાઓ રૂપી મહેલ છે; અને વન રૂપી બાગ પણ ઘણા છે; પલંગને ઠેકાણે પર્વતની શિલાઓ છે; અને હાથનું ઓસીકું છે; ઝરણોમાં પાણી છે; અને મારા હાથ એજ પાત્ર છે; શા માટે હવે હું રાજાનો ગુલામ થાઉં? ૪૩

बैठि इकंत होय सुच्छंदा,
लहिये भर्तृ परमानंदा;
बिन एकांत न आनंद कबहु,
मिलै अखिलौं पृथ्वी सबहु. ४४

दोहा.

पृथ्वीपती नीरोगयुत, दृढस्थूल बलवंत;
विषायुत तिहि भूपमैं मानुष सुखको अंत. ४५

चौपाई—जे मानवगंधर्व कहावत,
ता नृपतैं सतगुन सुख पावत;
होत देवगंधर्व जु औरा,
तिनतैं तहँ सौगुन सुख च्यौरा. ४६
सुख गंधर्वदेवको जो है,
तातैं सतगुन पितरनको है;
पुनि आजान देवमैं तिनतैं,
सौगुन कर्मदेवमैं जिनतैं. ४७
मुख्य देव जे है पुनि तिनमैं,
कर्मदेवतैं सौगुन जिनमैं;
जो त्रिलोकपति इंद्र कहीजै,
तामैं पुनि सौगुन गिनि लीजै. ४८
सब देवनको गुरु बृहस्पति,
लहै इंद्रतैं सतगुन सुखगति;
जाको नाम प्रजापति भाखत,
गुरुतैं सुख सौगुन सो राखत. ४९
ताहूतैं सौगुन ब्रह्महि सुख,
लहै न रंचक सो कबहु दुःख;
इतनैं या क्रमतैं सुख पावत,
तैत्तिरीयश्रुति यूं समुझावत. ५०

सोरठा

राजातैं ब्रह्मांत, कह्यो जु सुख सगरो लहै,
रहत सदा एकांत, कामदग्ध जाको न हिय. ५१

૭ સર્વ સુખ એકાંતમાં છે.

પછી ભર્તૃ પોતાના મનને કહેવા લાગ્યો કે સ્વછંદપણે એકાંતમાં બેસીને હે ભર્તૃ ! તું પરમાનંદનો અનુભવ કર. જો સમુદ્ર પર્યંત બધી પૃથ્વીનું રાજ્ય મળે તો પણ એકાંત વગર આનંદ કદી મળતો નથી ! ૪૪

મનુષ્ય લોકનું સૌથી અધિક સુખ કયું ?—જે રાજા હોય, વળી તે જુવાન હોય, તે નીરોગી હોય, શરીરે દૃઢ અને કદાવર હોય, બળવાન હોય, અને વળી વિદ્વાન હોય, એવા રાજાને જે સુખ મળે તે માનુષ સુખની સીમા ગણાય.૪૫

હવે માનુષ્ય સુખ કરતાં માનવ ગંધર્વનું સુખ સોગણું છે; દેવગંધર્વનું સુખ તેના કરતાં સોગણું છે. ૪૬ તેનાથી પિતૃઓનું સુખ સોગણું છે, તેનાથી આજાન દેવોનું સુખ સોગણું છે; તેનાથી કર્મજ દેવોનું સોગણું છે, ૪૭ તે દેવોમાં જે મુખ્ય દેવો છે (એટલે ૧૧ રૂદ્ર, ૧૨ આદિત્ય, અને ૮ વસુઓ) તેમનું સુખ તેનાથી પણ સોગણું છે; તેનાથી ત્રિલોકપતિ ઈંદ્રનું સુખ સોગણું છે. ૪૮ તેના કરતાં બધા દેવોના ગુરૂ બૃહસ્પતિનું સુખ સોગણું છે, તેનાથી પ્રજાપતિદેવનું સુખ સોગણુ છે;૪૯ અને તેના કરતાં બ્રહ્મસુખ સોગણું છે તેને લગાર પણ દુઃખ કોઈ વખત થતું નથી. એટલા જણ એ ક્રમથી સુખ પામે છે, એમ તૈત્તિરીય શ્રુતિમાં કહ્યું છે. ૫૦

હવે જે વિદ્વાન પુરૂષનું હૃદય કામના વડે મલિન નથી અને જે એકાંતમાં રહે છે, તેને એ સઘળાં સુખ પ્રાપ્ત થાય છે. ૫૧

(૮) સ્ત્રીના સંગના દુખનું વર્ણન.

चौपाई—व्है एकांतदेसमैं अस सुख,
युवति पुत्र धन संग सदा दुःख;
युवति कुरूप कुबोलनि जाके,
सदा सोक हिय व्है यह ताके. ५२
प्रभु पुरीषपंडा यह रंडा,
दिय मुहि कौन पापको दंडा;
बोलत बैन ब्याल कागनिके,
भेड भैसि न्योरि नागनिके. ५३
मूत भावती ऊठनिको है,
बोल खगीको सुनि खर मोहै;
रैनि जु ऊचे स्वरहि उचारत,
स्यार हजारन सुनत पुकारत. ५४
निरपराध तिथि बिन वैरागा,
तजत न बनत पाप जिय लागा;
रहत दुखी यूं निसि दिन पिय मन,
तय कुबोल सुनि लखि कुरूप तन. ५५
कामनि व्है जु सुरूप सुबानी,
सा कुरूपतैं व्है दुखदानी;

चमक चामकी पियहि पियारी,
अर्थ धर्म नसि मोक्ष बिगारी, ५६

અર્થ—એકાંત દેશમાં રહેવાથી આ સઘળું સુખ મળે છે; પણ સ્ત્રી, પુત્ર અને ધનના સહવાસમાં સદા દુઃખજ છે. જેની સ્ત્રી કદરૂપી અને કઠોર બોલનારી હોય તેના મનમાં સદૈવ આવો શોક થયા કરે છે કે. ૫૨ હે પ્રભુ! વિષ્ટાથી બનાવેલ શરીર રૂપ આ રાંડ તમે મને કયા પાપના દંડ તરિકે આપી છે! એ બોલ બોલે છે તે વાઘણુના, કાગડી, ઘેટી, ભેંસ, નોળવી કે સાપણુના જેવા હોય છે. ૫૩

અથવા જેમ ભૂતની સ્ત્રી ચુડેલ બોલતી હોય, અથવા ઊંટડી બોલતી હોય, અથવા જેમ ગધેડી ભૂંકતી હોય અને તે સાંભળીને જેમ ગધેડો મોહ પામે એવો એનો અવાજ છે. રાત્રે જ્યારે એ ઊંચા સ્વરથી બોલી ઊઠે છે ત્યારે તે સાંભળીને હજારો શિયાળવાં બોલવા મંડી પડે છે! ૫૪ પણ એમાં એ સ્ત્રીનો શો અપરાધ છે! (કેમકે એનું કુરૂપ અને કુભાષણુ એ તો એને જન્મથીજ મળેલાં છે!) અને મારા મનમાં વૈરાગ્ય પણુ નથી કે જેથી હું એને તજી શકું. આ સ્ત્રી મને મળી તે મારા પૂર્વ જન્મના કોઈક પાપનું ફળ મને વળગ્યું છે, માટે એને હું તજી પણુ શકતો નથી. એ રીતે સ્ત્રીનાં કઠોર વચનો સાંભળીને તથા એનું કુરૂપ શરીર જોઈને પતિનું મન રાત દહાડો એવી રીતે દુઃખી રહે છે. ૫૫ સ્ત્રી જો સુંદર અને મધુર બોલનારી હોય તો તે વળી તેનાથી પણુ દુઃખદાત્રી છે, એની ચામડીની શોભા જોઈને તેનો ધણી એના ઉપર પ્રેમી બની જાય છે, અને તેથી પરિણામે ધર્મ અને અર્થનો નાશ થાય છે, અને મોક્ષ પણુ બગડે છે. ૫૬

अथ धनबिगार.

मीठे बैन जहरयुत लडवा,
खाय गमाय बुद्धि भडवा;
और कछु सुपनहु नहि देखै,
कामअंध इक कामिनि लेखै. ५७

धन कछु मिलै जु बाहिर घरमैं,
सो सब खरचै कामिनि घरमैं;
भूषण वस्त्र ताहि पहिरावे,
गुरु पितु मात याविहु न आवै. ५८

क स्त्री संगथी धननो नाश.—

पायस पान मिठाई मेवा,
देय भक्तितैं तिय निज देवा;
नेर नाथ नाथ्यो नहि छूटै
तिय कमान पियबैल हि कूटै. ५९

(क) स्त्रीसंगथी धननो नाश.

સ્ત્રીનાં મીઠાં વચન એ ઝેર ભેળવેલા લાડુ જેવાં છે, તે જે ખાય છે તેની બુદ્ધિ નાશ પામે છે ને તે ભડવા જેવો થાય થાય છે. તે માત્ર કામનીનેજ દેખી રહ્યો હોય છે—તેને બીજું કશું દેખાતુંજ નથી! ૫૭ જે તેના ઘરમાં ધન હોય કે તે બહારથી લાવ્યો હોય તે બધું સ્ત્રીની ઇચ્છા પ્રમાણે ખરચી નાંખે છે. તેને સારાં સારાં વસ્ત્ર અલંકાર પહેરાવે છે; પણ તેને પોતાના ગુરૂ. માતા કે પિતા કદી યાદ પણ આવતા નથી. ૫૮ સ્ત્રીને ભક્તિથી તે પોતાનો દેવ માનીને તેને મેવા મિઠાઈ ખવરાવે છે; સ્ત્રીના મોહ રૂપી નાથથી નાથેલો પતિ રૂપી બળદીયો છુટતો નથી, પણ સ્ત્રી રૂપી ખેડુત તેને કૂટયાજ કરે! ૫૯

अथ धर्मविगार.

ज्यूं सूवा पिंजरेमैं बंधुवा,
सिखयो बोलत सुद्ध असुधवा;
तैसे जो कछु नारि सिखावत,
सो गुरु पितु मातहि सुनावत. ६०
जैसे मोर मोरनी आगै,
नाचि रिझाय आप अनुरागै;
तैसैं विविध वेष करि तियको,
मन रिझाय रीझत मन पियको. ६१
जब बुढूनको मन अनुराग्यो,
तब हि मदनमदिरा मद लाग्यो;

भये बावरे वसन हु त्यागे,
अति उन्मत्त घुरन घुनि लागे. ६२
प्रेतरूप धरि नग्न अमंगल,
भिरि भिरि फिरत मेष मन दंगल;
ज्यूं लोटत मद्यपि मतवारो,
गिनत मलीन गलीन न नारो. ६३

त्यूं नरनारि मदनमद अंधे,
अतिगलीन अंगनमें बंधे;
करत मदनमद भ्रम जे मनकूं,
व्है अचरज मुनि त्यागी जनकूं; ६४

नसै मदनमदतैं मति नरकी,
लखत न ऊंचनीच परघरकी;
तियहु बावरी मदन बनाई,
क्रिया दुखद जिहि व्है सुखदाई. ६५
प्रबल काममदिरामद जागे,
तब द्विजतिय धानकतैं लागे;
पिये मदनमदिरा नरनारी,
पसे करत अनंत खुवारी. ६६
कामदोष यूं नरहि बिगोवत,
सो प्रकट सुंदरि तिय जोवत;
यातैं अति सुरूप तिय दुखदा,
त्याको त्याग कहत मुनि सुखदा. ६७
जो सुरूप तियमैं अनुरागत,
विषसम दुखद पेखि नहि भागत;
उभय लोककी करत सुहानि,
मुनिजनगन गुन साख बखानी ॥ ६८

ख स्त्री संगथी धर्मनो बिगाड.

જેમ પોપટને પાંજરામાં પૂરી રાખેલો હોય તેને જે શુદ્ધ કે અશુદ્ધ શીખવ્યું હોય તે પ્રમાણે બોલે છે; તેમ (સ્ત્રીજિત) પુરૂષ પણ જે કાંઈ સ્ત્રી શીખવે છે તે પ્રમાણે પોતાના ગુરૂ અને માતાપિતાને સંભળાવે છે. ૬૦ જે મોર ઢેલની આગળ નાચીને તેને પ્રસન્ન કરીને પોતે તેના ઉપર પ્રીતિ કરે છે, તે પ્રમાણે નાના

પ્રકારના વસ્ત્રાલંકાર પહેરી પહેરાવીને સ્ત્રીનું મન રીઝાવીને પતિનું મન પ્રસન્ન થાય છે. ૬૧

(હવે પછીની ૬૨, ૬૩, અને ૬૪, એ ત્રણ ચોપાઈનો અર્થ બીભત્સ હોવાથી આપ્યો નથી, પણ તેનો ભાવ એ છે કે, કામના આવેશથી સ્ત્રી પુરૂષ ભાન ભૂલીને એવી રીતે વર્તે છે કે તે કહેતાં ગ્લાનિ ઉપજે છે!)

કામના મદથી પુરૂષની બુદ્ધિ નાશ પામે છે, અને તેથી તે ઊચ નીચ કે પરસ્ત્રી છે તે જોઇ શકતો નથી. સ્ત્રીને પણ કામદેવ એવી બહાવરી બનાવી દે છે કે જેથી દુઃખદાયક ક્રિયાઓને તે સુખદાયક માને છે. ૬૫ જ્યારે કામ રૂપી મદિરાનો બળવાન મદ ચઢે છે, ત્યારે બ્રાહ્મણની સ્ત્રી પણ પારધીની સાથે પ્રેમ કરે છે! સ્ત્રી અને પુરૂષ કામ રૂપી મદ્ય પીએ છે અને એવી રીતે અનંત પ્રકારની ખુવારી કરે છે. ૬૬ કામદોષ આ રીતે હેરાન કરે છે. એ કામદોષ સુંદર સ્ત્રીને જોવાથી પ્રગટ થાય છે; માટે અતિશય સુંદર સ્ત્રી દુઃખનો હેતુ છે, અને તેનો ત્યાગ એજ સુખદાયી છે એમ મુનિઓ કહે છે. ૬૭ જે પુરૂષો સુંદર સ્ત્રીઓમાં પ્રેમ કરે છે, અને તેમને ઝેરના જેવી દુઃખ આપનારી જાણીને તેનાથી નાસતા નથી. તેઓ આ લોક અને પરલોક બન્નેનો નાશ કરે છે, એમ સઘળા મુનિઓ સાક્ષી આપે છે, અને તેમનું કહેવું પ્રશસ્ત છે. ૬૮

युवती संगसैं बिंदुका नाश ॥

जो नानाविध भोजन खावै,
रस ताको फल बिंदु उपावै;
जीवन बिंदु अधीन सबनको,
नसत शोक बिंदुहुतैं मनको. ६९
ह्वै जब जनको मन मलवासी,
करत सोक अति धरत उदासी;
रुधिर निवास धरत मन जबहु,
चंचल अधिक रजोगुण तबहु. ७०
जब मन करत बिन्दुमें वासा,
तबै सोक चंचलता नासा;

पुनि आप हि बलवत मन आनै,
व्है प्रसन्न शुभ कारज ठानै. ७१
बिन्दु अधिक होवै जा जनमैं,
सुंदर कांति रूप ता तनमैं;
बिंदु हुको तनमैं उजियारो,
नसै बिंदु तन मनु हतियारो. ७२
जाको बिंदु न कबहु नासै,
बलि न पलित तिहि तन परकासै;
योगी करत खेचरी मुद्रा,
तातैं बिंदु राखि व्है भद्रा. ७३
अष्ट सिद्धि जे धारत योगी,
बिंदु नसै हारत ते भोगी;
अस अति उत्तम बिंदु जु जगमैं,
तिहिं तिय छीनि लेत निज भगमैं. ७४
ज्यूं किसान बेलनमैं ऊषहि,
पीरत लेत निचोरि पियूष हि;
बार बार बेलनमै धारहि,
व्है असार दृथा तब जारहि ७५

ग स्त्री संगथी बिंदुनो नाश.

મનુષ્ય જે નાના પ્રકારનું ભોજન કરે છે, તેના રસમાંથી બિંદુ (વીર્ય) બને છે સઘળા માણુસ એ બિંદુને લીધે જીવે છે. અને મનના શોકનો નાશ પણુ બિંદુને લીધેજ થાય છે. ૬૯ માણુસનું મન જ્યારે શરીરની ધાતુઓના મળમાં નિવાસ કરે છે ત્યારે તે માણુસને બહુ શોક થાય છે ને તેનું મન ઉદાસ થઇ જાય છે. જ્યારે તેનું મન લોહીમાં નિવાસ કરે છે ત્યારે તે ઘણું ચંચળ (અસ્થિર) થઇ જાય છે અને રજોગુણુ વધી જાય છે, ૭૦ જ્યારે મન બિંદુમાં નિવાસ કરે છે ત્યારે શોક અને ચંચળતા જતાં રહે છે; વળી તે પોતાને બળવાન સમજે છે તથા તેનું મન પ્રસન્ન રહે છે અને સારાં કાર્ય કરે છે. ૭૧ જેના શરીરમાં બિંદુ વધારે હોય તેના શરીરની કાંતિ સુંદર થાય છે; શરીરમાં બિંદુનુંજ અજવાળું છે; જો શરીરમાંથી બિંદુ નાશ પામે તો તે શરીર જાણે હત્યારા જેવું થઈ જાય છે. ૭૨ જેના શરીરમાં

બિંદુ વિશેષ હોય તેના શરીરની ચામડી ઉપર કરચલીઓ પડતી નથી, તથા તેને પળીઆં આવતાં નથી; યોગી લોકો ખેચરી મુદ્રા કરીને બિંદુનું રક્ષણ કરે છે, અને પોતાનું કલ્યાણ સાધે છે. ૭૩ યોગી લોકો—જેઓ આઠ સિદ્ધિઓ ધારણ કરે છે—તેમનું પણ જો બિંદુ ખસે છે તો તેઓ સિદ્ધિઓ ગુમાવી બેસે છે. જગતમાં આવું અતિ ઉત્તમ જે બિંદુ તેને સ્ત્રી પોતાની યોનિમાં પડાવી લે છે. ૭૪ જેમ ખેડૂત શેરડીને કોલુમાં પીલીને તેનો સાર નીચોવી લે છે, તથા ફરી ફરીને કોલુમાં મૂકે છે. જ્યારે રસ વગરનું પાઠું રહે છે ત્યારે તેને બાળી મૂકે છે; ૭૫

त्युं तिय भींचि भुजनमैं पीकू,
भरत योनि घट खींचि अमीकूं;
पुनि पुनि करत क्रिया नित तौलौं,
शेष बिंदुको बिंदु जौलौं. ७६

कियो असार नारि नरदेहा,
खींच फुलेल फूल ज्युं खेहा;
भौ अकाम सब ताहि जरावै,
सूके बेन मुरार लगावै. ७७

व्है जु सुरूप जोर धन भारी,
ता नरपैं नारी बलिहारी;
करि सुरूप धन बलको अंता,
कहत ताहि तूं काको कंता. ७८

तिह्नि पुनि मिलन चहै जु अनारी,
कर धरपैं धरतहु दे गारी;
नाक चढाय आंखि हु मोरै,
जाय न पति सेजहुके धोरै. ७९

कोटि वज्रसंघात जु करिये,
सबको सार खींचि इक धरिये;
तियके हियसम सो न कठोरा,
रिखि मुनिगण यह देत ढंढोरा. ८०

करत गुमान हठत तिय ज्यूं ज्यूं,
चिपटत सठमति जनमन त्यूं त्यूं;
कबहुक ताको वांछित करिके,
मरन अंत छोडत न पकरिके. ८१

पढयो पुरान वेद स्मृति गीता,
तर्क निपुन पुनि किनहु न जीता;
करत अधीन ताहि तिय पसै,
बाजीगर बंदरकू जैसे. ८२
सब कछु मन भावत करवावत,
पढै पसुहि भल भाँति नचावत;
उक्तियुक्ति सब तबही बिसरैं,
जब पंडित पढि तियपैं ढिसरैं ८३
जब कबहु सुमरत यह वेदा,
तब तियमैं मानत कछु खेदा;
तिहिं त्यागनकी इच्छा धारै,
पुनि तिय नैन सैन सर सारै. ८४

જેમ ફૂલમાંથી ફુલેલ (ફૂલનું તત્ત્વ) ખેંચી લેઇને બાકી નિઃસાર કુંચા રહેવા દે છે, તેમ સ્ત્રી પણ પુરૂષના દેહને સાર-રહિત કરી મૂકે છે. એમ એમ કરતાં જ્યારે તે કામરહિત થઇ જાય છે ત્યારે તેને કઠોર વચન રૂપી ઉમાડીયાં ચાંપીને ખાળ્યા કરે છે. ૭૭

જે પુરૂષ રૂપાળો, બળવાન અને ધનવાન હોય તેના ઉપર સ્ત્રી પ્રીતિ કરે છે; પણ જ્યારે રૂપ ધન અને બળનો નાશ થાય છે ત્યારે તેને કહે છે કે તું કોનો ધણી છે ? ૭૮ (સ્ત્રીઓ વૃદ્ધ પુરૂષ ઉપર રૂચિ કરતી નથી; એ વાતને નહિ સમજનારો) જે મૂર્ખ માણુસ ફરીને પોતાની માનેલી તે સ્ત્રી પાસે જાય છે અને તેના શરીરને હાથ અડકાડે તો તે સ્ત્રી નાક ચઢાવીને તથા આંખ ફેરવીને તેને એવાં કઠોર વચનો કહે છે કે જેથી પતિ સ્ત્રીની શય્યા પાસે જાયજ નહિ. ૭૯ કરોડો વજ્રને એકઠાં કરીને તેનો સાર કાઢીને એકઠો કર્યો હોય તોપણ તે સ્ત્રીના હૃદય જેટલો કઠણ થતો નથી. એમ ઋષિ અને મુનિઓ ઢંઢેરો પિટાવીને કહે છે. ૮૦

જેમ જેમ સ્ત્રી અભિમાન રાખીને પુરૂષથી દૂર હઠતી જાય છે, તેમ તેમ મૂર્ખ માણુસ તેને વધારેને વધારે વળગતો જાય છે. કોઇક વાર વળી તે પુરૂષના મનની ઇચ્છા પૂરી કરે છે. અને

પછી એવી રીતે તેને મરતા સુધી સાણુસામાંથી છોડતી નથી. ૮૧ જે પુરૂષ પુરાણુ, વેદ, સ્મૃતિ, અને ગીતા ભણ્યો હોય છે; તથા તર્કશાસ્ત્રમાં એવો નિપુણુ હોય છે કે તેને કોઇ પણુ જીતી શકે નહિ; તેને પણુ, જેમ બાજીગર વાંદરાને વશ કરી લે છે તેમ સ્ત્રી પોતાને વશ કરી લે છે. ૮૨ તેની પાસે સ્ત્રી પોતાની ઈચ્છા પ્રમાણે કાર્ય કરાવે છે. અને શીખવેલા પશુની પેઠે તેને સારી રીતે નચાવે છે. જ્યારે પંડિત ભણીને પછી સ્ત્રીના ઉપર આસક્ત થઇ જાય છે ત્યારે બધાં વચનો ને યુક્તિઓને ભૂલી જાય છે. ૮૩

जहर कटाक्ष नैनसर बोरै,
तानि कमान भौंह जुग जोरै;
मारत सारत हिय सब जनको,
त्रिशहु बचत न धन सठगनको. ८५
भयो न तियमैं तीव्र विरागा,
यूं मतिमंद करत पुनि रागा;
करत त्रिविध आज्ञा ज्यूं चाकर,
हुकम करै बैठीं मनु ठाकर. ८६
जे नर नारनयनसर बीधे,
तिनको हिये होत नहि सीधे;
भलो बुरो सुखदुख सब विसरत,
ते कैसे भवदुख तैं निसरत. ८७
मारी बुरि वेश्या अरु परकी,
तीजी नरक निसानी घरकी;
तजत विवेकी तिहूंमैं नेहा,
करै नेह तिह सठ मुख खेहा. ८८
दोहा—धर्म अर्थ अरु मोक्षको, नारि बिगारतऐन;
सब अनर्थको मूल लखि, तजे ताहि व्है चैन. ८९

જ્યારે કોઇ દિવસ તેને વેદશાસ્ત્રનું સ્મરણુ થાય છે, ત્યારે સ્ત્રીના સંગમાં તેને લગારેક ખેદ થાય છે, અને તેનો ત્યાગ કરવાની ઇચ્છા કરે છે. પણુ વળી પાછો સ્ત્રીના નેત્ર કટાક્ષથી તે વીંધાય છે અને પૂર્વની સ્થિતિમાં આવી પડે છે! ૮૪

જ્યારે સ્ત્રી પોતાની બન્ને ભમરો રૂપી કમાન ખેંચીને નેત્ર

કટાક્ષ રૂપી ઝેરમાં બોળેલાં બાણુ મારે છે ત્યારે સઘળા માણુસોનાં હૃદયને વીંધી નાંખે છે. તેમાંથી જ્ઞાની પણુ બચતા નથી તો પછી મૂર્ખ માણુસોનું ધન ન બચે એમાં શું કહેવું ? ૮૫

આવી રીતે જેઓ સ્ત્રીના પાશમાં ફસેલા છે, તેમને તીવ્ર વૈરાગ્ય થયો નથી; તેમના ઉપર મહારાણીની પેઠે બેઠી બેઠી હુકમ કરે છે અને ચાકરની પેઠે તે હુકમનો પુરૂષ અમલ કરે છે. ૮૬ જે પુરૂષો સ્ત્રીના નેત્ર બાણુથી વીંધાયા હોય છે, તેમનું હૃદય સરલ હોતું નથી; તે માણુસો સારૂં માઠું, સુખ દુઃખ બધું ભૂલી જાય છે. આવા માણુસો સંસાર દુઃખમાંથી શી રીતે નીકળી શકે ? ૮૭

સ્રી વેશ્યા હો કે પારકી હો, પણુ તે બન્ને ખરાબજ છે. અને ત્રીજી ઘરની સ્રી તે પણુ નરકનીજ નિશાની છે. જે વિવેકી માણુસ હોય છે તે એ ત્રણેમાંથી સ્નેહને છોડી દે છે; પણુ જેઓ તેમનામાં સ્નેહ કરે છે તેના મુખ ઉપર તો ધૂળજ પડી સમજવી ! ૮૮ સ્રી ધર્મ, અર્થ અને મોક્ષ ને જરૂર બગાડી નાંખે છે; તે સઘળા અનર્થનું મૂળ છે, એમ જાણીને જ્યારે તેમને તજે છે ત્યારેજ સુખ થાય છે. ८९

पुत्र संग दुःख वर्णन ॥

पुत्र सदा दुख देत यूं, बिन प्राप्ति दुख एक-
गर्भ समय दुख जन्म दुख, मरै तु दुःख अनेक. ९०
चौपाई--गर्भ धरत जौ लौं नहि नारी,
दुख दंपति मन तौ लौं भारी;
व्है जु गर्भ यह चित न नासै,
पुत्रि होय की पुत्र प्रकासै. ९१
गर्भ गिरनके हेतु अनंता,
तिनतैं डरत करत अति चिंता;
व्है जु पूत नव मास विहानै,
जननी जनक अधिक दुख सानै. ९२
नवग्रहमैं इकहै नहि बिगरै,
अस जन को जन्म न जग सगरै;
बिगरै ग्रहकी निशिदिन चिंता,
करत मातपितु बैठि इकंता. ९३

शिशु उदास व्है जब तजि बोबा,
तब दोऊ मिलि लागत रोबा;
यूं चिंतत कछु गये महीने,
दांत पूतके निकसै झीने. ९४
मरत बाल बहु निकसत दंता,
तब यह चिंता दुख तिय कंता;
जियै दूबरो दुखतैं वारो,
देखि चुहारो धरत उतारो. ९५
म्लेच्छ चमार चूहरे कोरी,
तिनतैं जरवावत द्विज धोरी;
सइयद ख्वाजा पीर फकीरा,
धोकत जोरत हाथ अधीरा. ९६
जाकूं हिंदु कबहु नहि मानै,
पुत्रहेतु तिहि इष्ट पिछानै;
भैरो भूत मनावत नाना,
धरत शिवा बल भूमि मसाना. ९७
धानकको डमरू घरि बाजै,
कर जोरत पूजत नहि लाजै;
और जंत्र तावीज घनैरै,
लिखि मढवाय पूतगर गेरै. ९८

(૯) પુત્ર સંગ દુઃખ વર્ણન.

(ભર્તૃ પોતાના મનમાં કહે છે કે-) એજ રીતે પુત્ર પણ સદા દુઃખનો હેતુ છે. જો પુત્ર ન થાય તો દુઃખ, ગર્ભમાં આવે તો દુઃખ, જન્મે ત્યારે દુઃખ, અને મરે તો પણ અનેક દુઃખ થાય છે. ૯૦

જ્યાં સુધી સ્ત્રીને ગર્ભ રહેતો નથી, ત્યાં લગી પતિપત્નીના મનને ઘણું દુઃખ રહ્યા કરે છે; ગર્ભ રહ્યા પછી પણ છોકરો આવશે કે છોકરી? એ ચિંતા મનમાંથી મટતી નથી. ૯૧. વળી ગર્ભ પડી જવાનાં ઘણાં કારણો હોય છે તેથી પણ તેઓ ડર્યા કરે છે ને ફિકર કર્યા કરે છે. નવ મહિના વિત્યા પછી છોકરો જન્મે છે, ત્યારે પણ મા બાપની ચિંતા ઘટતી નથી; ૯૨. કેમકે નવે ગ્રહમાંથી એક બે ગ્રહ પણ જેના માઠા ન

હોય એવું તો કોઈ જન્મતુંજ નથી ! હવે જે ગ્રહ નબળા હોય તેની ફિકર માબાપ રાત દહાડો એકાંતમાં બેસીને કર્યા કરે છે. ૯૩.

હવે છોકરૂં કદાચ ઉદાસ થઈ જાય કે ધાવે નહિ ત્યારે બન્ને મળીને રડવા લાગે છે. એમ કરતાં કેટલાક મહીના વીતે છે એટલે છોકરાને ઝીણા ઝીણા દાંત નીકળે છે. ૯૪ ઘણાં છોકરાં દાંત આવતાં મરી જાય છે (તે છોકરૂં સૂકાઈ જાય છે અને તેને અનેક વ્યાધિ થઈ આવે છે) ત્યારે માબાપની ચિંતાનો પાર રહેતો નથી. જો એ દુઃખમાંથી છૂટીને દૂબળો થઈ ગયેલો છોકરો જીવે છે તો માબાપ ચાર રસ્તાના ચકલા પર ઉતારો મૂકે છે. ૯૫ વળી મ્લેચ્છ, ચમાર, કોળી, વાઘરી, તેની પાસે દોરા ધાગા કરાવે છે કે ઉજણી નંખાવે છે. સારા સારા બ્રાહ્મણો પણ સઈયદ, ખોજા, પીર, ફકીરની પાસે જઈ હાથ જોડી આજીજી કરે છે, ૯૬ જેમને હિંદુ કદાપિ માને નહિ. તેમને પણ છોકરાને માટે પોતાના ઇષ્ટ માને છે. વળી ભૂત ભૈરવની ઉપાસના કરે છે અને મશાણમાં જઈને શિવાબાલ મૂકી આવે છે ! ૯૭ તેમના ઘરમાં વાઘરીનું ડાકલુ વાગે છે અને હાથ જોડીને તેમની પૂજા કરતાં પણ તે લાજતા નથી ! બીજાં પણ ઘણાંક તાવીજ, દોરા, ધાગા, કે જંત્ર લખીને તેને મઢાવીને છોકરાના ગળામાં બાંધે છે. ૯૮

निजकुलमैं इक अच्युतपूजा,
किनहु न सुपनहु सुमर्यो दूजा;
सो कुलनेम पूतहित त्याग्यो,
व्यभिचारन ज्यूं जहँ तह लाग्यो. ९९

होत सीतलाको जब निकसन,
नसत मातपितु मनको विकसन;
स्नानक्रिया तजि रहत मलीना,
परम देव गदहाकूं कीना. १००

मोरिवाग बकमहु सिसु मोरा,
गदहा मात चराऊं तोरा;
यूं कह चना गोदमैं धारैं,
बिनती करि गदहाकूं चारैं. १०१

अस अनंत दुखतैं लिसु पारन,
जुवा होत लौं और हजारन;
उमर पूतकी व्है जो थोरी,
मरि है करहु उपाय करोरी. १०२

જેમના ઘરમાં એક વિષ્ણુ સિવાય બીજાની પૂજા સ્વપ્ને પણ ન થતી હોય, તે કુળનો નિયમ પણ છોકરાને માટે તજી દેઈને વ્યભિચારિણીની પેઠે ગમે તેની પાસે જાય છે! ૯૯

હવે જ્યારે સીતળા નીકળે છે તે વખતે માબાપના મનનો આનંદ નાશ પામે છે. તે વખતે નહાવા ધોવાનું તજીને મલીન રહે છે, તથા ગધેડાને પોતાનો પરમ દેવ માને છે! ૧૦૦ હે મારી સીતળા માતા! મારો છોકરો મને બક્ષિસ આપજે, હું તારા ગધેડાને મોરડી અને લગામ ચઢાવીશ અને ચારીશ. એમ કહીને ખોળામાં ચણા લેઈને ગધેડાને વીનવીને ખવરાવે છે! ૧૦૧

આવાં ને આવાં અનંત દુઃખો વેઠીને છોકરો ઉછેરવામાં આવે છે તથા તે જુવાન થાય તે પહેલાં બીજાં પણ હજારો સંકટ વેઠવાં પડે છે; એમ કરતાં છોકરાનું આયુષ્ય ટૂંકું હોય તો કરોડો ઉપાય કરતાં પણ તે મરે છે. ૧૦૨

मरै मातपित कूटहि माथा,
मानि आपकू दीन अनाथा;
हाय हाय करि निशिदिन रोवै,
करि धिकधिक निज जन्म विगोवै. १०३
पूतमरनको व्है दुख जैसो,
लखन सपूत, अपूत न तैसो;
जो जीवै तौ होत हि तरुना.
लगत नारिके पोषन भरना. १०४
दिन अनेक यत्ननि प्रतिपारौ;
तिनकू जल प्यावन है भारौ;
रजनि सेजपैं सिखवै नारी,
तब पितुमात देहु मुहि गारी. १०५
व्है सपूत तौ प्रात हि उठिके,
नवै दूरतैं माथ न गठिके;

चहै मातपित आवे नेरै, :
पूत न सन्मुख आखि हु हेरै. १०६
जौ कपूत तो उठत हि प्राता,
वचन गारिसम बकि असुहाता;
जुदौ होय ले सब घरको धन,
दे पित मातहि इकतिनको तन. १०७
फेरि संभारत कबहु न तिनकूं,
पोषत सबदिन तिय निजतनकूं;
देखि लेत [illegible] उसासा,
या विधि पुत्र सदा दुखरासा. १०८
दोहा-करि विचार यूं देखिये; पुत्र सदा दुखरूप;
सुख चाहत जे पूततैं, ते मूढनके भूप. १०९

તે વખતે માબાપ માથું કુટે છે અને પોતાને દીન તથા અનાથ માને છે તથા હાય હાય કરીને રાત દિવસ રડે છે. અને ધિક ધિક કહીને પોતાનો જન્મારો રદ થઇ ગયો માને છે. ૧૦૩ છોકરો મરવાનું દુઃખ કેવું છે, તે જેનો છોકરો જીવે છે તે જાણે છે, પણ જેને છોકરૂં છે નહિ તે જાણતો નથી. છોકરો જો જીવે છે તો જુવાન થયો કે તરત પોતાની સ્ત્રીનું ભરણ પોષણ કરવા લાગે છે. ૧૦૪ અને જેણે અનેક મહેનત કરીને તેને ઉછેર્યો છે, તેને પાણી પાવાનું પણ ભારે થઇ પડે છે. રાત્રે પથારીમાં સ્ત્રી તેને સમજાવે છે કે તમારાં માબાપે મને ગાળો દીધી ! ૧૦૫ તે સાંભળીને જો સપૂત હોય તો સવારમાં ઉઠીને માબાપની પાસે ગયા વિનાજ દૂરથી નમે છે. અને કદાચ માબાપ એમ ઇચ્છે કે છોકરો પાસે આવે તો સારૂં, પણ છોકરો તો પાસે આવીને તેમના તરફ જોતો પણ નથી ! ૧૦૬

જો કપૂત હોય તો સવારમાં ઉઠતાંજ ગાળો જેવાં અઘટતાં વચન બોલીને ઘરમાંથી સઘળું ધન લેઇને જૂદો નીકળે છે તથા માબાપ પાસે ફકત તેમનું શરીર રહેવા દે છે ! ૧૦૭ પછી ફરીને કદી તેમની સંભાળ લેતો નથી, પણ પોતાની બાઈડીને તથા પોતાના શરીરને પોષે છે. આવા છોકરાને જોઇને માબાપ હમેશાં નીસાસા મૂકયા કરે છે. આ પ્રમાણે પુત્ર સદા દુઃખના રાશિ જેવો છે. ૧૦૮

આ રીતે વિચાર કરી જોઈએ તો પુત્ર સદા દુઃખ રૂપજ છે. એમ છતાં જેઓ છોકરાથી સુખની ઈચ્છા રાખે છે તેઓ મૂઢના રાજાઓ છે. ૧૦૯

अथ धन–दुःख–वर्णन.

तजि तिय पुत जु धन चहै, ताके मुखमैं धूर;
धनजोरन रक्षा करन, खरच नाश दुखपूर. १९०
चौपाई—जो चाहै माया बहु जोरी,
करै अनर्थ सु लाखकरोरी;
जातिधर्म कुलधर्म सु त्यागै,
जो धनकूं जोरन जन लागै. १११
बिना भाग तदपि न धन जुरि है,
जुरै तु रक्षा करिकरि मरि है;
खरचत धन घटि है यह चिंता,
नासै निशिदिन ताप अनंता. ११२
सदा करत यूं दुख धन मनकूं,
चहै ताहि धिक धिक तिहि जनकूं;
युवति पूत धन लखि दुखदाता,
तज्यो भर्तृ ममताको नाता. ११३

૧૦ ધન સંગ દુઃખ વર્ણન.

જેઓ સ્ત્રી અને છોકરાને તજીને ધનની ઈચ્છા રાખે છે, તેમના મોઢામાં ધૂળ પડી સમજવી. કેમકે ધન મેળવવામાં દુઃખ છે, તેનું રક્ષણ કરવામાં દુઃખ છે, અને તેનો ખર્ચ થાય કે નાશ થાય તો તે પણ દુઃખનો હેતુ છે. ૧૧૦

જે માણસ ઘણું ધન મેળવવા ઈચ્છે છે તે લાખો ને કરોડો અનર્થ કરે છે. જે માણસ ધન મેળવવામાં આસક્ત થાય છે, તે જાતિધર્મ અને કુળધર્મને પણ છોડે છે. ૧૧૧ એમ છતાં ભાગ્યમાં નથી હોતું તો ધન મળતું નથી; કદી મળે છે તો તેને સાચવી સાચવીને મરી જાય છે! વળી ઓછું થવાની બીકથી તેનો ખર્ચ કરવાની તેની હિંમત ચાલતી નથી! એમ છતાં જો તે નાશ પામ્યું તો રાત દહાડો અનંત પરિતાપ થયાજ કરે છે! ૧૧૨ એ રીતે ધન પણ મનને સદા દુઃખજ કરે છે,

તેની જે ચાહના રાખે છે તે માણસને ધિક્કાર છે. ભર્તૃહરિએ ઉપર કહ્યું તેમ સ્ત્રી, પુત્ર અને ધનને દુઃખ રૂપ જાણીને તેમનો ત્યાગ કર્યો. ૧૧૩

कुंडलिया छंद.

भर्तृ वन एकांतमैं, गयो कियो चित सांत;
भयो नयो दीवान तिन, सुन्यो सकल वृत्तांत;
सुन्यो सकल वृत्तांत, चित यह उपजी ताके;
जो नृप जीवत सुनै, मिलै वा काहू नाके;
तौं झूठे हम होहि, भूप दे सबकूं दंडा;
यातैं अब मिलि कहौ, भर्तृ भौ प्रेत प्रचंडा. ११४

दोहा-करि सलाह यह परसपर, गये कचहरी बीच;
सबहि कहो यह भूपतैं; भर्तृ प्रेत भौ नीच. ११५
राख लगाये देहमैं मिलै जाहि बतरात;
तिहि मारत सो नर बचत, जो तिहि देखि परात. ११६

૧૧ રાજાની ભર્તૃમાં પ્રેત બુદ્ધિ.

પછી ભર્તૃ કોઈ એકાંત વનમાં ગયો અને ત્યાં ચિત્ત શાંત કરીને બેઠો. એ વાત જે નવો દીવાન થયો હતો તેણે સાંભળી. તેણે ધાર્યું કે ભોગ જોગે કદાચ રાજા તે તરફ જઈ ચઢશે અને તેને જીવતો જાણશે તો અમને સૌને જૂઠા તથા દગાખોર જાણીને શિક્ષા કરશે. માટે હવે બધાએ મળીને એમજ કહેવું કે ભર્તૃ તો મોટો ભૂત થયો છે! ૧૧૪ આવી રીતે બધાએ ઠરાવ કરીને બીજે દીવસે બધા કચેરીમાં ગયા અને રાજાના આગળ વાત કરી કે ભર્તૃ તો મરીને નીચ ભૂત થયો છે. ૧૧૫ તથા શરીરે રાખોડી ચોળીને ફરે છે. કોઈ માણસ તેને દેખીને તેની જોડે વાત કરવા જાય છે તેને મારી નાંખે છે, પણ તેને જોતાંમાં જે નાસી જાય છે તેજ બચે છે. ૧૧૬

सुनि भूपह निश्चय कियो, भर्तृ मरि भो प्रेत;
साच जूठ भूप न लखत, व्है जु प्रमाद अचेत. ११७
कछुदिन बीते भूप तब, मारन गयो सिकार;
पैठयो गिरिवन सघनमैं, जहँ मृगराज हजार. ११८
तपत तहां इक तरूतरै, भर्तृ नीन दीवान;
पेखि ताहि भाज्यो उलटि, मानि प्रेत दुखदान. ११९

इंदव छंद.

भर्तृ मर्यो रु परेत भयो यह,
वाक्य असत्य हु सत्य पिछाना;
पेखि लियो निज आखिन जीवत,
तो हु परेत हु मानि भगाना;
वंचकतैं सुनि द्वैत तथा मति मैं
विशवास करै जु अज्ञाना,
ब्रह्म अद्वैत लखै परतच्छ हु
तौ हि नताहि हिये ठहराना. १२०

दोहा.

भेदवचन विसवास करि, सुनत जु कोउ अजान;
सो जन दुख भुगतै सदा, व्है न ब्रह्मको ज्ञान. १२१
यातैं सुनै जु भेदके वचन लखै सु असत्य;
तबही ताकूं ज्ञान व्है, महावाक्यतैं सत्य. ११२

चौपाई—सिष तें सुनी जु भेदकहानी
जानि झूठ ते नरकनिसानी;
तिनके कहनहार सब झूटै,
पुरुषारथ सुखतै सठ रुठै. १२३
तिनको संग न कबहू कीजै,
ह्वै जो संग, न वचन सुनीजै;
जो कहु सुनै तु सुनतही त्यागहु;
म्लेच्छ जैनवचसम लखि भागहु. १२४

આ વાત સાંભળીને રાજાને નિશ્ચય થયો કે ભર્ત્તૃ મરીને પ્રેત થયો છે; રાજા લોકો પ્રમાદી હોય છે તેથી તેઓ સાચું જૂઠું જાણી શકતા નથી. ૧૧૭

કેટલાક દિવસ વીત્યા પછી રાજા શિકાર કરવા ગયો ત્યાં દૈવ જોગે જ્યાં હજારો સિંહ હતા એવા પર્વતવાળા ઘાડા જંગલમાં જઈ ચઢ્યો ૧૧૮ ત્યાં એક ઝાડ તળે તપશ્ચર્યા કરતા પોતાના દીવાન ભર્તૃને રાજાએ જોયો; તેને જોતાંજ રાજા તેને દુઃખદાયક ભૂત માનીને તરત પાછો વળીને નાઠો–(રખેને એ ભૂત રાજાને ખાઇ ન જાય!) ૧૧૯

(૧૨) ભર્છૂના દષ્ટાંતનો સિદ્ધાંત.

ગુરૂ—ભર્છૂં મરી ગયો અને તે ભૂત થયો છે, એ વાત જૂઠી છતાં રાજાએ સાચી માની; પોતાની આંખે એને જીવતો જોયો તથાપિ એને ભૂત માનીને નાશી ગયો. એજ પ્રમાણે ધૂર્ત માણુસોનું માનીને જે દ્વૈતમાં વિશ્વાસ કરે છે, એવા અજ્ઞાની માણુસો અદ્વૈત બ્રહ્મનો પ્રત્યક્ષ અનુભવ કરે તથાપિ તેમના હૃદયમાં તે ઠરતો નથી. ૧૨૦

જે માણુસ દ્વૈત વચનનો વિશ્વાસ કરીને તેમની વાતો સાંભળે છે, તે માણુસ સદા દુઃખ ભોગવે છે, અને તેને બ્રહ્મનું જ્ઞાન થતું નથી. ૧૨૧. માટે ભેદવાદીનાં જે જે વચનો સાંભળ્યાં હોય તે સઘળાંને જૂઠાં જાણે, ત્યારે તેને મહા વાક્યથી સત્ય જ્ઞાન થાય છે. ૧૨૨.

હે શિષ્ય! તેં ભેદની વાતો સાંભળી હોય, તે સઘળી જૂઠી છે અને નરકમાં નાંખનારી છે, એમ જાણજે. તેના કહેનારા પણ સઘળા જૂઠા છે, અને તે સઘળા શઠ પુરૂષાર્થના સુખથી રહિત છે. ૧૨૩. તેમનો સંગ કદી કરવો નહિ; સંગ થાય તો તેમનું વચન સાંભળવું નહિ; વચન સંભળાઇ જાય તો તરત તેને ભૂલી જવું, તથા મ્લેચ્છ અને જૈનનાં વચનો સમાન તેને જાણીને ત્યાંથી દૂર જવું. ૧૨૪

મિથ્યા દુઃખનો મિથ્યા ઉપાયથી નાશ.
એ વિષે એક રાજાના સ્વપ્નનું દષ્ટાન્ત.

गुरु रुवाच.

चौपाई–जो मिथ्या व्है दैसिक वेदा,
कैसे करही भवदुख छेदा ?
याको अब उत्तर सुनि लीजै,
मिथ्या दुख मिथ्यातैं छीजै. १२५
वेद रु गुरु सत्य नां होवै,
तौ मिथ्या भवदुख नहि खोवै;
यामैं इक दृष्टांत सुनाऊं,
जातैं तव संदेह नसाऊं. १२६

सुरपति इंद्र स्वर्गमैं जैसो,
प्रबलप्रताप भूप इक ऐसो;
भीमसमान सूर बहुतेरे,
तिनके चहुधा डेरे गेरे. १२७
जोधा ले निजनिज हथियारन,
खरे रहे तिहि द्वार हजारन;
अंदर मंदिर ड्योढी ठाढे,
लिये खडग कोसनतैं काढे. १२८
उंचो महल अटारी तामैं,
फूल सेज सोवै नृप तामैं,
पंछी हू पौचन नहि पावै,
तहां और कैसे चलि जावै. १२९

ગુરૂ—હે શિષ્ય ! તેં જે એમ પૂછયું હતું કે ગુરૂ અને વેદ જો મિથ્યા હોય તો તે સંસાર દુઃખનો શી રીતે નાશ કરશે ? એનો ઉત્તર હું તને કહું તે સાંભળી લે; મિથ્યા દુઃખ મિથ્યા ઉપાયથીજ નાશ થાય છે. ૧૨૫

વેદ અને ગુરૂ જો સત્ય હોત તો તે મિથ્યા સંસારના મિથ્યા દુઃખને મટાડી શકત નહિ. એ વિષે હું તને એક દૃષ્ટાંત કહું છું કે જે વડે તારો સંદેહ નાશ પામશે. ૧૨૬

(૧) રાજાના શયનાગારનું વર્ણન.

સ્વર્ગમાં જેવો ઈંદ્ર રાજા છે, તેવોજ એક પૃથ્વી પર મહા પ્રતાપશાલી રાજા હતો. તેની તહેનાતમાં ભીમના સરખા પરાક્રમી અને બળવાન ઘણાક યોદ્ધા હતા, તે તેનું ચારે પાસેથી રક્ષણ કરવાને તેની ચારે પાસે પોતાનો મુકામ નાખીને પડયા હતા. ૧૨૭ હજારો યોદ્ધાઓ પોતપોતાનાં હથિયારો લેઈને દ્વારમાં ખડા રહેતા હતા. ઉઘાડી તરવારો લેઇને તે મહેલની અંદર રાજાની અટારીમાં ઉભા રહેતા હતા. રાજાનો મહેલ ઉંચો હતો અને તેની ફરતી અડાશી હતી. ૧૨૮ રાજા પોતાના એ ઉંચા મહેલની અટારીમાં ફૂલની શય્યામાં સૂઈ રહ્યો હતો. તે જગોએ પક્ષી પણ પહોંચી શકે એમ ન હોતું તો બીજો કોઈ ત્યાં શી રીતે જઈ શકે ? ૧૨૯

तहां भूप देख्यो अस सुपना,
पकड्यो पैर गादरी अपना;
भूप छुडायो चाहत निज पग,
तजत न गादरि पकडि जु पगरग. १३०
तब राजा यूं खरो पुकारै,
है को अस जा गादरि मारै;
जोधा जो ठाढे निजद्वारा,
तिन रंचकहु न दियो सहारा. १३१
तब नप दंड लियो निज करमैं,
आपुहि मार्यो स्यारनि सिरमैं;
लगत दंड भौ ताको अंता,
तब निसरैं पगरगतैं दंता. १३२
दांत लगे गाढे नृप पगमैं,
यूं लंगरात सु चालत मगमैं;
तब चाल्यो ले लाठी करमैं,
पहुच्यो घावरियाके घरमैं. १३३
ताहि कह्यो फोहा अस दीजै,
घाव पावको तुरत भरिजै;
घावरिया नृपतैं यह भाख्यो,
फोहा नहिं तयार धर राख्यो. १३४
जो तूं दे पैसा इक मोकूं,
तौ तयार करि देहू तोकूं;
तब उलटयो नृप लाठी टेका,
नहीं देनकूं कौडिहु एका. १३५

(૨) રાજાને સ્વપ્ન–પગે શિયાળ કરડયું.

ત્યાં રાજાને એક એવું સ્વપ્ન આવ્યું કે તેમને પગે એક શિયાળ બાઝી પડી છે. રાજા તેની પાસેથી તે પગ છોડાવવાની મેહેનત કરવા લાગ્યો, પણ શિયાળના દાંત રાજાના પગની રગમાં એવા બેઠા હતા કે તે શિયાળ છોડતી નહોતી. ૧૩૦. તે વખતે રાજાએ ત્યાં ઉભા ઉભા બૂમો પાડવા માંડી કે ‘અરે ! કોઈ દોડો–આવો; આ શિયાળને મારીને મારો પગ છોડાવે એવો કોઈ છે ?’

(૩) જાગ્રતનાં સાહિત્યો રાજાને મદદ કરતાં નથી– તે વખતે જે જોદ્ધાઓ રાજાના બારણા ઉપર ઉઘાડી તરવારે ઉભા

રહ્યા હતા, તેમણે તેને લગાર પણ મદદ કરી નહિ! (કેમકે રાજાના સ્વપ્નાની બૂમો તેમણે સાંભળી નહોતી અને સ્વપ્નાનું શિયાળ તેમણે જોયું નહોતું.) ૧૩૧. કોઈ મદદ કરવા આવતું નથી, એમ જોઈને છેવટે રાજાએ એક ડાંગ હાથમાં લીધી અને જાતેજ તે શિયાળના માથામાં મારી. તે ડાંગ વાગતાંજ શિયાળ મરી ગઇ, અને ત્યારે રાજાના પગની રગમાં તેના દાંત પેઠા હતા. તે નીકળી ગયા. ૧૩૨. રાજાના પગમાં દાંત ઊંડા પેઠા હતા, તેથી રાજા લંગડાતો લંગડાતો રસ્તામાં ચાલવા લાગ્યો.

(૪) મલમપટ્ટા કરનારને આપવા પૈસો મળતો નથી, અને તેથી પગે મલમપટ્ટો થતો નથી—લાકડીના ટેકાથી રાજા ચાલતો ચાલતો મલમપટ્ટા કરનારને ઘેર ગયો, ૧૩૩. અને તેને કહ્યું કે મારે પગે શિયાળ કરડી છે માટે એવો મલમ આપ કે જેથી પગનો ઘા જલદી રૂઝાઈ જાય! ત્યારે મલમપટ્ટા કરનાર બોલ્યો કે ભાઇ, મલમ ઘરમાં તૈયાર રાખ્યો નથી; ૧૩૪ જો તું મને એક પૈસો આપે તો તને મલમ તૈયાર કરી આપું. એમ સાંભળીને રાજા લાકડીના ટેકાથી લંગડાતો લંગડાતો ત્યાંથી પાછો ફર્યો, કેમકે તેને આપવાને તેની પાસે તો એક કોડી પણ નહોતી: ૧૩૫.

लाग्यो सोच करन टरि घरतैं,
बूजे बात कौन बिन जरतैं;
जो मैं होत धनी वडभागा,
आवतु घर धावरिया भागा. १३६
मोहि निकम्मा जानि कंगाला,
घरतैं तुरत रोग ज्यूं टाला;
याहीकूं कछु दोष न दीजै,
बिनस्वारथको किहि न पतीजै. १३७
मातपितावांधवसुतनारी,
करत प्यार स्वारथतैं भारी;
जो नहि स्वारथ सिद्धि पावै,
तो इनकूं देख्यो हु न भावै. १३८
जा बिन घरी पक नहि रहते,
दुःख अपार बिछुरै सब लहते;

जब देखै आयो घर पौरी,
घरके मिलत भाजि भरि कौरी. १३९
विधि अधीन कोढी सो होवै,
सब अंगनीमैं पानी चोवै;
अरु जरि परी आंगुरी जाके,
भिनभिनात मुख माखी ताके. १४०
कहत ताहि ते घरके प्यारे,
मरि पापी अब तौ हतियारे;
जिहि देखत अंखिया न अघानी,
तिहि लखि ग्लानि वमनज्यूं आनी. १४१
जो तियहिय लागत पति प्यारो,
किय न चहत पल उरतें न्यारो;
ताकी पवन बचायो लौरै,
भिरै जु वसन तु नाक सकौरै. १४२

(५) राजानो स्वप्नमां शोक–संसार स्वार्थी छे.— मलमपट्टा करनारने घेरथी नीकळ्या पछी ते शोक करवा लाग्यो के, अरेरे! पैसा वगर मारी वात कोण सांभळे! जो हुं भाग्यशाळी धनवान होत तो मलमपट्टा करनार दोडतो दोडतो मारे घेर आवत. १३६. पण मने कंगाल अने नकामो जाणीने रोगनी पेठे घेरथी तेणे तरत हांकी काढ्यो. पण एने कांइ दोष आपवानो नथी; स्वार्थ वगर कोई कोइनो विश्वास करतुं नथी. १३७ मा, बाप, दीकरा अने स्त्री, ए सघळां स्वार्थथी घणो घणो प्रेम करे छे! जो तेनी पासेथी स्वार्थनी सिद्धि न थाय तो पछी ते तेमने दीठा पण गमतो नथी! १३८

जे माणुसने जोया विना घरनां माणुस एक घडी पण रहेतां नथी, जेना वियोगथी तेमने अपार दुःख थाय छे, जेने आवतो जोईने घरनां माणुस तेना सामे दोडी जाय छे अने पगथियां उपरज तेने बाथ भरीने भेटी पडे छे; १३९. तेज माणुस दैव योगथी जो गळतकोढ रोगवाळो थाय, एना तमाम अंगमांथी पाणी टपकतुं होय, तेनी आंगळियो गळी पडी गई होय, तेना मोंढा उपर माख्यो बणु बणु करती होय, १४०, तो घरनां तेनां वाहालां तेने कहेशे के हवे तो आ पापी हत्यारो मरे तो

સારૂં થાય! જેને જોઈને આંખ્યો તૃપ્ત થતી નહોતી, તેને જોઇને ઉલટી થતી હોય એવી ગ્લાનિ થાય છે! ૧૪૧. જે સ્ત્રીને પોતાનો પતિ વહાલો લાગતો હતો અને તેને છાતીથી એક પળ પણ દૂર કરવા ચહાતી નહોતી, તેના તરફથી આવતા પવનથી તે બચવા ઈચ્છે છે, અને કદાચ પવન આવી ગયો તો નાક સંકોચીને તેમાં લૂગડું દાબે છે: ૧૪૨.

जिहि पितुमात गोदमैं लेते,
सकुचत तिहि करते कछु देते;
मिलत भ्रात जो भरि भुज कोरी,
सो बतरात बीच दै डोरी. १४३
ऐसैं जग स्वारथको सारो,
बिनस्वारथको काको प्यारो;
मुहि स्वारथ योग्य न विधि कीनो,
यातें इन फोहा नहि दीनो. १४४
यूं चिंतत इक मुनि तिहिं भेटयो,
तिन दै जरी घाव दुख मेटयो;
निद्रातें जाग्यो नृप जबही,
घाव दरद मुनि नासैं तबही. १४५
सिष यह तुहि दृष्टांत प्रकास्यो,
लिखि मिथ्यातैं मिथ्या नास्यो
मिथ्या दुख देख्यो जव राजा,
साच समाज न किय कछु काजा. १४६

માબાપ જેને ખોળામાં લેઈ રમાડતાં હતાં, તેને હાથથી કાંઇ આપતાં પણ તેમને સંકોચ થાય છે: જે ભાઈઓ તેને બાથ ભરીને ભેટતા હતા, તે તેની સાથે વચ્ચે છેટું રાખીને વાત કરે છે!! ૪૩. આ જગત એવું સ્વારથનું સગું છે; સ્વાર્થ વગર કોણ કોનું વહાલું છે? વિધાતાએ મને કોઇના સ્વાર્થને યોગ્ય કર્યો નહિ, તેથી આજ મલમપટ્ટી કરનારાએ મને મલમ આપ્યો નહિ!? ૪૪.

(૯) **સ્વપ્નના સંન્યાસીનો મેળાપ–તેણે આપેલી સ્વપ્નાાંની દવા અને તેથી દુઃખનો નાશ**—આવી રીતે વિચાર કરતો કરતો તે રાજા સ્વપ્નામાં જતો હતો, એવામાં એક સંન્યાસી

તેને મળ્યો. તેણે તેને એક વનસ્પતિ આપી તેથી તેના ઘાનું દુઃખ મટી ગયું! રાજા જ્યારે ઉંઘમાંથી જાગ્યો, ત્યારે તો તેના પગનો ઘા, તેમાં થતું દરદ, અને તે દરદને મટાડનાર મુનિ, એ ત્રણે નાશી ગયાં ૧૪૫.

(૭) સ્વપ્નના દૃષ્ટાંતનો ખુલાસો-મિથ્યા વેદ ગુરૂજ મિથ્યા સંસારનો નાશ કરી શકે છે—હે શિષ્ય! તને આ દૃષ્ટાંત કહ્યું તે ઉપરથી, મિથ્યાથી મિથ્યાનો નાશ થાય છે તે તું સમજી લે. રાજાને જ્યારે મિથ્યા દુઃખ થયું ત્યારે જેટલું સાચું સાહિત્ય તેની પાસે હતું, તેનો કાંઇ ઉપયોગ થયો નહિ. ૧૪૬.

ટીકા—તાત્પર્ય એ છે કે, સંસાર રૂપી દુઃખ મિથ્યા છે, માટે તેને દૂર કરવાને વેદ અને ગુરૂ રૂપી સાધન પણ મિથ્યા જ જોઇએ. મિથ્યાના નાશમાં સત્ય સાધનની અપેક્ષા નથી. અને સત્ય સાધન હોય તેનાથી મિથ્યાનો નાશ થાય નહિ. જેમ—

રાજાની પાસે મિથ્યા શિયાળ સ્વપ્નમાં આવ્યું, તે કોઇ સાચા યોદ્ધાથી રોકાઇ નહિ; અને રાજાએ બૂમો પાડી, તે વખતે રાજાની પાસે સાચા શસ્ત્રધારી તો અનેક હતા, પણ કોઇથી તે મરી નહિ; જ્યારે રાજાએ મિથ્યા ડાંગ મારી ત્યારે તે મરી. વળી રાજાને મિથ્યા ઘા પડયો તે વખતે કોઇ સાચો વૈદ્ય કે મલમપટ્ટી કરનારો મળી આવ્યો નહિ. મિથ્યા મલમપટ્ટી કરનાર પાસે ગયો ત્યારે તેણે પૈસો માગ્યો. રાજાની પાસે અનંત ખજાનો સાચો હતો તે એમ ને એમ રહ્યો પણ રાજાને તેમાંથી એક પૈસો પણ મળ્યો નહિ. કોઈ પણ સાચું સાધન રાજાના દુઃખનો નાશ કરવાને સમર્થ થયું નહિ. પણ મિથ્યા મુનિએ મિથ્યા વનસ્પતિ આપીને મિથ્યા દુઃખનો નાશ કર્યો.

આવી રીતનાં સ્વપ્નનો અનુભવ સર્વને છે. સ્વપ્નામાં જાગ્રતના પદાર્થનો કોઇને કોઈ જગોએ પણ ઉપયોગ થયેલો જાણવામાં નથી. એજ રીતે મિથ્યા એવા સંસાર દુઃખનો નાશ મિથ્યા વેદ ગુરૂથીજ થાય છે; સાચા વેદ ગુરૂની અપેક્ષા નથી.

ત્રણ પ્રકારની સત્તા.

૮ મૃગજળથી તરસ કેમ મટતી નથી?

શિષ્ય—મારી એક એવી શંકા હતી કે, જેમ મૃગજળના મિથ્યા પાણીથી તરસનો નાશ થતો નથી, તેમ મિથ્યા વેદ ગુરૂથી સંસાર દુઃખનો નાશ થતો નથી. પણ જો વેદ ગુરૂ મિથ્યા માન્યા છતાં તેનાથી સંસાર દુઃખનો નાશ થાય છે એમ માનશો, તો મૃગજળથી તરસનો પણ નાશ થવો જોઇએ.

મૃગજળ અને તરસમાં સત્તાનો ભેદ છે.

चौपाई—यद्यपि मिथ्या मरुथल पानी,
तातैं किनहु न प्यास बुझानी;
तदपि विषम दृष्टांत सु तेरो,
सत्ताभेद दुहनमैं हेरो. १४७

અર્થ—ગુરૂ કહે છે કે, જો કે મરૂસ્થળનું પાણી મિથ્યા છે, તેથી કોઇની તરસ મટતી નથી, તો પણ એ તારૂં દૃષ્ટાંત વિષમ છે, કેમકે મૃગજળનું પાણી અને તરસ એ બેમાં સત્તાનો ભેદ છે તે તમે જુઓ. ૧૪૭.

ટીકા—જો કે મિથ્યા મૃગજળ વડે કોઇની તરસ મટતી નથી; પણ મિથ્યા વેદ ગુરૂથી સંસાર દુઃખનો નાશ માનીએ, તો મિથ્યા મૃગજળથી તરસ પણ મટવી જોઇએ; પણ તરસ મટતી તો નથી. ત્યારે મિથ્યા વેદ ગુરૂથી સંસાર દુઃખનો પણ નાશ થાય નહિ. એમ તારૂં કહેવું છે. પણ એ દૃષ્ટાંત વિષમ છે. કેમકે મૃગજળ અને તરસ, એ બન્નેની સત્તા સમાન નથી. બન્નેની સત્તાનો ભેદ છે, તે જુઓ.

(૧૦) સમ સત્તાની પોતામાં સાધકબાધકતા.

समसत्ता भवदुख गुरु वेदा,
यूं गुरु वेद करत भवछेदा;
आपसमैं समसत्ता जिनकी,
लखि साधकबाधकता तिनकी. १४८

ટીકા—સંસારનું દુઃખ અને વેદ ગુરૂની સમાન સત્તા એટલે એક સત્તા છે; માટે વેદ અને ગુરૂથી સંસાર દુઃખનો નાશ થાય છે. **જે પદાર્થોની પોતપોતામાં એકજ જાતની સત્તા હોય તે પોતપોતામાં સાધક અને બાધક થઇ શકે છે.*** સાધક એટલે કારણ અને બાધક એટલે નાશક.

ટીકા—જેમ, માટી અને ઘડાની સમસત્તા છે (બન્ને વ્યાવહારિક હોવાથી) માટે માટી એ ઘડાની સાધક છે.

જેમ, અગ્નિ અને લાકડાની સમસત્તા છે, માટે અગ્નિ એ લાકડાનો બાધક છે.

---

* આ નિયમ અધિષ્ઠાન રૂપ સાધક અને જ્ઞાન રૂપ બાધક, એ બે સિવાય બાકીના પદાર્થોને લાગુ પડે છે, એમ વિચાર સાગરની ટીકા કરનારા પંડિત શ્રી પિતામ્બરદાસજી લખે છે.—અનુવાદક.

પણ મૃગજળની પ્રાતિભાસિક સત્તા છે અને તરસની વ્યાવહારિક સત્તા છે, માટે એ સમસત્તા નથી પણ વિષમ સત્તા છે. અને તેથી મૃગજળ તરસનું બાધક થતું નથી.

આ ઠેકાણે સત્તાઓનું રહસ્ય સમજાવવું જોઇએ, તે આ પ્રમાણે છે:—ચેતનમાં જે અસ્તિત્વ છે તેને પરમાર્થ સત્તા અથવા પારમાર્થિક સત્તા કહે છે. ચેતન સિવાયના મિથ્યા પદાર્થોમાં બે પ્રકારની સત્તા (એટલે અસ્તિત્વ) છે; એક વ્યાવહારિકી સત્તા છે અને બીજી પ્રાતિભાસિકી સત્તા છે

(૧) **વ્યાવહારિકી સત્તા**—જે પદાર્થનો બ્રહ્મજ્ઞાન વિના બાધ થાય નહિ, પણ બ્રહ્મજ્ઞાનથીજ બાધ થાય છે, તે પદાર્થમાં વ્યાવહારિકી સત્તા છે એમ કહેવાય છે.

એવી વ્યાવહારિકી સત્તા ઇશ્વરની સૃષ્ટિમાં છે. કેમકે દેહ ઇંદ્રિયો વગેરે સંસાર જે ઇશ્વરની સૃષ્ટિ છે, તેનો બ્રહ્મજ્ઞાન વિના બાધ થતો નથી; બ્રહ્મજ્ઞાનથીજ બાધ થાય છે.

જો કે ઇશ્વરની સૃષ્ટિના પદાર્થોનો બ્રહ્મજ્ઞાન વિના નાશ તો થાય છે, પણ બ્રહ્મજ્ઞાન વિના બાધ થાય નહિ.

(૨) **બાધ શબ્દનો અર્થ**—અપરોક્ષ મિથ્યા નિશ્ચયનું નામ બાધ છે.

એ અપરોક્ષ (પ્રત્યક્ષ) મિથ્યા નિશ્ચય ઇશ્વરની સૃષ્ટિના પદાર્થોમાં બ્રહ્મજ્ઞાન થયા પહેલાં કોઇને થતો નથી; બ્રહ્મજ્ઞાન થયા પછીજ થાય છે. માટે[1] મૂલ અવિદ્યાનું કાર્ય જે જાગ્રતના પદાર્થ–ઈશ્વર સૃષ્ટિ તેમાં વ્યાવહારિકી સત્તા છે.

જન્મ મરણ, બંધમોક્ષ, આદિ વ્યવહારને સિદ્ધ કરનારી સત્તા એટલે હોવાપણું હોવાથી તે વ્યવહારિક સત્તા કહેવાય છે.

(૩) **પ્રાતિભાસિકી સત્તા**—બ્રહ્મજ્ઞાન વિના જેનો બાધ થઇ શકે તેને પ્રાતિભાસિક સત્તા કહે છે. જેમ, દોરડી, છીપ, ખાર ભૂમિ વગેરેમાં અનુક્રમે સાપ, રૂપું, પાણી, વગેરે દેખાય છે, તેનો બ્રહ્મજ્ઞાન વિનાજ બાધ થાય છે, માટે સાપ વગેરેમાં પ્રતિભાસિક સત્તા છે.

---

૧ અવિદ્યા બે પ્રકારની છે; (૧) મૂલ અવિદ્યા અને (૨) તૂલ અવિદ્યા. જાગ્રતના પદાર્થોનું કારણ મૂલ અવિદ્યા છે; અને સ્વપ્ન તથા મૃગજળ વગેરે ભ્રમનું કારણ તૂલ અવિદ્યા છે. અથવા બીજી રીતે કહીએ તો, ઘટાદિ જડ પદાર્થની ઉપાધિવાળા ચેતનને ઢાંકનારી અવિદ્યા તે **તૂલાવિદ્યા** અને શુદ્ધ ચેતનને ઢાંકનારી તે **મૂલાવિદ્યા.**

પ્રતિભાસ એટલે પ્રતીતિ માત્ર (ફક્ત જોવાપણુજ) જે સત્તા એટલે હોવાપણું તેને પ્રાતિભાસિકી સત્તાકહે છે. છીપમાં રૂપું વગેરે જણાવું, એ તૂલ અવિદ્યાનું કાર્ય છે. એ કાર્યનું અસ્તિત્વ પ્રતીતિ માત્રજ છે, કેમકે ફક્ત દેખાવાપણા સિવાય બીજી કોઈ રીતે રૂપા વગેરેનું અસ્તિત્વ નથી. માટે તેને પ્રતિભાસ સત્તા કહે છે.

(૪) **પારમાર્થિક સત્તા**—જેનો ત્રણે કાળમાં બાધ થાય નહિ, તેની પારમાર્થિક સત્તા કહેવાય છે. ચેતનનો બાધ કદી થતો નથી, માટે ચેતનની પારમાર્થિકી સત્તા છે.

આ રીતે વેદ ગુરૂ અને સંસાર દુઃખ એ બેની એક–વ્યાવહારિક–સત્તા હોવાથી તેમ પોતપોતામાં સમસત્તા છે, માટે મિથ્યા વેદ ગુરૂથી મિથ્યા સંસાર દુઃખનો નાશ થાય છે. અને ભૂખ તરસ પ્રાણના ધર્મ છે. પ્રાણ અને તેના ધર્મોનો બ્રહ્મજ્ઞાન વિના બાધ થઇ શકે નહિ, માટે તરસની વ્યવહારિક સત્તા છે. મરૂસ્થળના પાણીનો બ્રહ્મ જ્ઞાન વિના પણ મરૂસ્થળના જ્ઞાનથી બાધ થાય છે, માટે મરૂસ્થળના પાણીની પ્રતિભાસ સત્તા છે. એ તરસ અનું મરૂસ્થળનું પાણી (ઝાંઝવાંનું જળ) એમની સમાન સત્તા ન હોવાથી તે પાણીથી તરસનો નાશ થતો નથી.

આ પ્રમાણે દૃષ્ટાંત બાધક વેદ ગુરૂ અને બાધ્ય સંસાર દુઃખ, તેની સત્તા એક છે.

અને દૃષ્ટાંતમાં જળ અને તરસની સત્તાનો ભેદ છે. માટે દૃષ્ટાંત વિષમ એટલે દાર્ષ્ટાંત સાથે મળતું આવે એવું નથી.

शिष्यकी शंकाकी चौपाई.

ब्रह्मभिन्न मिथ्या सब भाखौ,
तिनको भेद हेत किहि राखौ;
उपज्यो यह मोकूं संदेहा,
प्रभु ताकी अब कीजे छेहा १४९

૧૨ પ્રશ્ન–કોનો બાધ કોણ કરી શકે ?

શિષ્ય—હે પ્રભુ ! દોરડીમાં દેખાતા સાપનો, અને ક્ષારભૂમિમાં દેખાતા પાણીનો અને છીપમાં દેખાતા રૂપા વગેરેનો બાધ બ્રહ્મજ્ઞાન વિનાજ થાય છે; અને સંસાર દુઃખનો બ્રહ્મજ્ઞાન થયા પછીજ બાધ થાય છે; એવો ભેદ રાખવાનું શું કારણ છે ? કેમકે બ્રહ્મથી ભિન્ન સર્વ કાંઈ મિથ્યા છે એમ તો આપ કહો છો, ત્યારે તે મિથ્યા પદાર્થોમાં એવો ભેદ રાખવાનું શું કારણ ?

૧૩ ઉત્તર-જેના અજ્ઞાનથી જે ઉપજે તેના જ્ઞાનથી તેનો બાધ.

उत्तर.

सकल अविद्या कारज मिथ्या,
लिष तामैं रंचकहु न तथ्या;
जा अज्ञानसैं उपजत जोई,
ताके ज्ञान बाध तिहि होई. ૧૫૦

ગુરૂ—હે શિષ્ય જો કે બ્રહ્મથી ભિન્ન સઘળું અવિદ્યાનું કાર્ય છે માટે મિથ્યા છે, પરંતુ જેના અજ્ઞાનથી જે કાર્ય ઉત્પન્ન થયું હોય તેના જ્ઞાનથી તે કાર્યનો બાધ થઈ શકે છે. ૧૫૦ એટલે-

(૧) છીપ, દોરડી, મરૂસ્થળ, ઇત્યાદિકના અજ્ઞાનથી રૂપુ, સાપ, પાણી વગેરે ઉપજેલાં છે માટે તેનો બાધ છીપ, દોરડી, અને મરૂસ્થળ, વગેરેના જ્ઞાનથી થાય છે.

(૨) બ્રહ્મના અજ્ઞાનથી જન્મ, મરણ, વગેરે સંસાર દુઃખ ઉપજ્યાં છે માટે તેનો બાધ બ્રહ્મજ્ઞાનથી થાય છે.

સંસારોત્પત્તિનો ક્રમ.

शिष्य उवाच.

दोहा-भगवन् ब्रह्मअज्ञानतैं, जो उपजैं संसार;
सो किहि क्रमतैं होत है कहो मोहि निरधार. ૧૫૧

श्री गुरु उवाच.

जैसे स्वप्न होत बिन क्रमतैं,
त्यूं मिथ्या जग भासत भ्रमतैं;
जो ताको क्रम जान्यो लोरै,
सो मरुथलजलवसन निचोरै. ૧૫૨

दोहा

उपनिषदनमैं बहुतविधि, जग उत्पत्ति प्रकार;
अभिप्राय तिनको यही, चेतनभिन्न असार. ૧૫૩

શિષ્ય—હે ભગવન્! બ્રહ્મના અજ્ઞાનથી સંસાર ઉપજ્યો છે એમ આપ કહો છો, તો તે સંસાર કયા ક્રમથી ઉપજ્યો છે તે કહો?

૧૪. સ્વપ્નની પેઠે વિના ક્રમથી જગતનો ભાસ.

ગુરૂ—જેમ સ્વપ્ન ઉત્પન્નથવામાં કોઇ ક્રમ હોતો નથી, પણ ક્રમ વિનાજ સ્વપ્નના પદાર્થોનો ભાસ થાય છે, તેમ ભ્રાંતિથી મિથ્યા જગતનો પણ ભાસ થાય છે. એ સંસારની ઉત્પત્તિનો ક્રમ જેઓ જાણવા ઇચ્છે છે, તેઓ મરૂ સ્થળના પાણીમાં વસ્ત્ર બોળીને નીચોવવા ઇચ્છે છે, એમ જાણવું. ૧૫૨.

ઉપનિષદોમાં જગતની ઉત્પત્તિનો પ્રકાર અનેક પ્રકારે કહ્યો છે, તેનો અભિપ્રાય એવો છે કે ચેતનથી ભિન્ન તે સઘળું તુચ્છ (મિથ્યા) છે. ૧૫૩.

ટીકા—જો કે ઉપનિષદમાં જગતની ઉત્પત્તિ અનેક પ્રકારે કહી છે. જેમ—

છાંદોગ્યમાં તો સત્ રૂપ પરમાત્માથી અગ્નિ, જળ, પૃથ્વી, એ ક્રમે ઉપજે છે, એમ કહ્યું છે. અને—

તૈત્તિરીયમાં આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, એ ક્રમે ઉપજે છે, એમ કહ્યું છે. એ રીતે પાંચ ભૂતોની ઉત્પત્તિ કહી છે. અને—

કોઇ ઠેકાણે તો બધાની ઉત્પત્તિ પરમેશ્વર કરે છે એ રીતે ક્રમ વિનાજ ઉત્પત્તિ કહેલી છે.

એવી રીતે જગતની ઉત્પત્તિ વેદમાં અનેક પ્રકારે કહી છે.

તેમાં વેદનો આવો અભિપ્રાય છેઃ—જગત્ મિથ્યા છે. જો જગત્ કાંઇક પદાર્થ હોત તો તેની ઉત્પત્તિ વેદ અનેક પ્રકારથી કહેત નહિ. પણ અનેક પ્રકારથી જગતની ઉત્પત્તિ કહી છે માટે જગતની ઉત્પત્તિ પ્રતિપાદન કરવાનો વેદનો અભિપ્રાય નથી, પણ અદ્વૈત બ્રહ્મ ઓળખાવવાને જગતનો નિષેધ કરવા માટે મિથ્યા જગતનો કોઇ પણ રીતે બ્રહ્મમાં આરોપ કરી બતાવ્યો છે. દૃષ્ટાંતઃ—જેમ ગમ્મતની ખાતર આતસબાજીમાં ઉડવવાને દારૂનો હાથી બનાવે છે; તેનાં કાન અને પૂંછડું વગેરે વાંકાં રહી ગયાં હોય તો તે સીધાં કરવાને આતસબાજી બનાવનારો યત્ન કરતો નથી. તેમજ અદ્વૈત જ્ઞાનને માટે સંસારનો નિષેધ કરવાને માટે સંસારનો આરોપ કર્યો છે. માટે વેદે સંસારની ઉત્પત્તિનો ક્રમ એકજ રૂપે કહેવાનો યત્ન નથી કર્યો.

વેદે સંસારની ઉત્પત્તિ એક રૂપથી નથી કહી, એ ઉપરથી એમ માલમ પડે છે કે વેદનો અભિપ્રાય સંસારનો નિષેધ કરવામાં છે; તેની ઉત્પત્તિનું કથન કરવામાં તેનો અભિપ્રાય નથી.

૧૫ સૂત્ર ભાષ્યકારનો શ્રુતિ વચનથી જગતની ઉત્પત્તિ કહેવાનો અભિપ્રાય.

ગુરૂ—બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયમાં સૂત્રકારે અને ભાષ્યકારે જગતની ઉત્પત્તિ કહેનારાં શ્રુતિ વચનોનો વિરોધ દૂર કરીને એક રૂપથી તૈત્તિરીય શ્રુતિ પ્રમાણે જગતની ઉત્પત્તિ કહેવાનો બધાં ઉપનિષદોનો અભિપ્રાય છે એમ કહ્યુ છે, તે મંદ જિજ્ઞાસુઓને માટે કહ્યું છે. કેમકે જગનની ઉત્પત્તિ કહેનારાં શ્રુતિ વાક્યોનો સૂત્ર ભાષ્યકારના કહેવા પ્રમાણે અભિપ્રાય ન સમજે તો તે મંદ જિજ્ઞાસુ ઉપનિષદમાં જગતની ઉત્પત્તિ જૂદે જૂદે પ્રકારે કહેલી જોઇને વેદ વાક્યોમાં પરસ્પર વિરોધ છે, એવી તેને ભ્રાંતિ થઇ જાય. તે ભ્રાંતિ દૂર કરવાને બધાં ઉપનિષદોમાં જગતની ઉત્પત્તિનો પ્રકાર સરખો છે એમ સૂત્રકારે તથા ભાષ્યકારે પ્રતિપાદન કર્યું છે.

વળી, જેને બ્રહ્મ વિચારથી યથાર્થ જ્ઞાન થાય નહિ તેને લય ચિંતન માટે પણ ઉત્પત્તિ ક્રમ કહ્યો છે. જે ક્રમથી ઉત્પત્તિ કહી છે તેનાથી ઉલટે ક્રમે લય ચિંતન કરવું. તે લય ચિંતનથી અદ્વૈતમાં બુદ્ધિ સ્થિર થાય છે. તે લય ચિંતનનો પ્રકાર પંચીકરણમાં વાર્તિકકાર સુરેશ્વરાચાર્યે કહ્યો છે.

આ ગ્રંથ ઉત્તમ જિજ્ઞાસુઓને માટે છે, માટે એમાં જગતની ઉત્પત્તિ તથા લયનો પ્રકાર લખ્યો નથી; પણ સાગર રૂપ છે માંટે સંક્ષેપમાં તે બતાવીએ છીએ:—

શુદ્ધ બ્રહ્મથી જગતની ઉત્પત્તિ થાય નહિ, કેમકે શુદ્ધ બ્રહ્મ અસંગ છે અને અક્રિય છે. પણ માયા વિશિષ્ટ* જે ઇશ્વર તેનાથી જગતની ઉત્પત્તિ થાય છે. માટે માયા અને ઇશ્વરનું સ્વરૂપ પ્રતિપાદન કરીએ છીએ.

૧૬ માયાના સ્વરૂપનું પ્રતિપાદન.

કવિત.

जीवईसभेदहीन चेतनस्वरुपमांहि,
माया सो अनादि एक सांत ताहि मानिये;
सत औ असततैं विलक्षण स्वरुप ताके,
ताहिकूं अविद्या औ अज्ञानहू बखानिये;
चेतनसामान्य न विरोधी, ताको साधकहै,
वृत्तिमें आरूढ वा विरोधी वृत्ति जानिये:

---

* ખરૂં જોતાં જગતનુ **પરિણામી ઉપાદાન** કેવળ માયા છે, અને **વિવર્ત ઉપાદાન** માયા ઉપહિત ચેતન છે; એમ છતાં અવિવેકી પુરૂષોની દૃષ્ટિને અનુસરીને અહીં **માયાવિશિષ્ટ**ને વિવર્ત ઉપાદાન કહ્યું છે.—પં૦ પિતામ્બરદાસજી.

मायामैं आभास अधिष्ठान अरु माया मिल,
ईस सरवज्ञ जगहेतु पहिचानिये. १५४

અર્થ—જીવ અને ઈશ્વર એવા ભેદથી રહિત ચેતનના સ્વરૂપમાં માયા અનાદિ સાંત (અંતવાન) છે એમ માનવું. એનું સ્વરૂપ સત્ અને અસતથી વિલક્ષણ છે. એનેજ અવિદ્યા અને અજ્ઞાન કહે છે. સામાન્ય ચેતન એ માયાનું વિરોધી નથી પણ સાધક (મદદગાર) છે. પણ એ ચેતન વૃત્તિમાં આરૂઢ થયેલું છે તે અથવા ચેતનયુક્ત વૃત્તિ, તે માયાનાં વિરોધી છે, એમ જાણવું. અધિષ્ઠાનશુદ્ધ ચૈતન્ય, એ ચૈતન્યનો માયામાં આભાસ અને માયા એ ત્રણે મળીને ઈશ્વર કહેવાય છે, તે સર્વજ્ઞ અને જગતનું કારણ છે. ૧૫૪.

ટીકા—જીવ અને ઇશ્વર એવા ભેદ રહિત જે શુદ્ધ ચૈતન્ય છે, તેની આશ્રિત માયા છે. તે માયા અનાદિ છે, એટલે ઉત્પત્તિ રહિત છે.

(૧) જો માયાની ઉત્પત્તિ માનીએ તો–માયાનું કાર્ય જે જગત તેનાથી તો માયાની ઉત્પત્તિ કહેવાય નહિ; પુત્રથી પિતાની ઉત્પત્તિ જેમ હોય નહિ; તેમજ જગતથી માયાની ઉત્પત્તિ પણ હોય નહિ. ત્યારે હવે ચેતનથીજ માયાની ઉત્પત્તિ માનવી પડશે. તેમાં પણ—

(૨) જીવભાવ અને ઇશ્વરભાવ એ તો માયાનાં કાર્ય છે. પ્રથમ માયા હોય નહિ તો જીવ અને ઇશ્વર પણ હોવા સંભવે નહિ. માટે જીવચેતન અથવા ઇશ્વરચેતનથી માયાની ઉત્પત્તિ કહેવી એ અસંભવિત છે.

(૩) શુદ્ધ ચેતન અસંગ છે, અક્રિય છે, અને નિર્વિકાર છે: તેનાથી માયાની ઉત્પત્તિ માનીએ તો શુદ્ધ ચેતનને વિકારી કહેવું પડે! વળી શુદ્ધ ચેતનથી માયાની ઉત્પત્તિ માનીએ તો મોક્ષ દશામાં માયા ફરી ઉત્પન્ન થાય; અને એમ થાય તો મોક્ષને માટે કરેલાં સાધનો બધાં નિષ્ફળ થશે!—

આ રીતે માયા—

(૧) ઉત્પત્તિ રહિત છે માટે અનાદિ છે. અને—

(૨) એક છે.

(૩) સાંત છે એટલે અંતવાળી છે. જ્ઞાનથી માયાનો અંત થાય છે.

(૪) સત્ અસતથી વિલક્ષણ છે.

ક. જેનો ત્રણે કાળમાં બાધ થાય નહિ, તેને **સત્** કહે છે. એવું એક ચૈતન્ય છે.

ખ. માયાનો જ્ઞાનથી બાધ થાય છે માટે તે **સત**થી વિલક્ષણ છે.

ग. જેની ત્રણે કાળમાં પ્રતીતિ થાય નહિ તેને 'અસત્' કહે છે. જેમ—સસલાનું શીંગડું, વાંઝણીનો છોકરો, આકાશનું ફૂલ, ઉત્યાદિ અસત્ છે.

घ. જ્ઞાન થયા પહેલાં માયા અને તેનું કાર્ય પ્રતીત થાય છે. જેમ—

(૧) જાગ્રતમાં " હું અજ્ઞાની છું; બ્રહ્મને જાણતો નથી." એવી રીતે માયા પ્રતીત થાય છે.

(૨) સ્વપ્નમાં જે અનેક પ્રકારના પદાર્થો દેખાય છે, તેનું ઉપાદાન કારણ માયા છે.

(૩) સુષુપ્તિમાંથી જાગ્યા પછી આવી રીતે અજ્ઞાનની સ્મૃતિ થાય છે. " હું સુખથી સુઈ રહ્યો; મેં કાંઇ પણ જાણ્યું નહિ." એ સ્મરણ ન જાણેલી વસ્તુનું થાય નહિ; માટે સુષુપ્તિમાં અજ્ઞાનનું ભાન થાય છે. તે અજ્ઞાન અને માયા એકજ છે, તેમાં કાંઇ ભેદ નથી.

આ પ્રમાણે ત્રણે અવસ્થામાં માયાની પ્રતીતિ થાય છે, માટે માયા અસત્થી વિલક્ષણ છે.

એ રીતે સત્ અસત્થી વિલક્ષણ જે માયા તેનું કાર્ય પણ સત્ અસત્થી વિલક્ષણ છે.

સત્ અસત્થી વિલક્ષણ હોય તેનેજ અદ્વૈત મતમાં મિથ્યા કહે છે અને અનિર્વચનીય પણ કહે છે.

માટે માયા અને તેના કાર્યથી દ્વૈતની સિદ્ધિ થાય નહિ. કેમકે જેમ ચેતન સત્ રૂપ છે, તેમ માયા અને તેનું કાર્ય પણ સત્ રૂપ હોત, તો દ્વૈત થાત, તે માયા અને તેનું કાર્ય તો સત અને અસતથી વિલક્ષણ હોવાથી મિથ્યા છે. મિથ્યા પદાર્થથી દ્વૈત થતું નથી. જેમ સ્વપ્નના પદાર્થ મિથ્યા છે, તેનાથી દ્વૈત થતું નથી.

૧૭ અજ્ઞાનની સ્વાશ્રયતા અને સ્વવિષયતા.

(૧) જીવ ઈશ્વર વિભાગ રહિત એવા શુદ્ધ બ્રહ્મની આશ્રિત માયા છે. અને—

(૨) શુદ્ધ બ્રહ્મનુંજ આચ્છાદન કરે છે.

આ પક્ષને **સ્વાશ્રય સ્વવિષય** પક્ષ કહે છે.

(૧) સ્વ એટલે શુદ્ધ બ્રહ્મજ માયાનો આશ્રય છે. અને—

(૨) સ્વ એટલે શુદ્ધ બ્રહ્મજ માયાનો વિષય છે. એટલે માયાથી આચ્છાદિત (ઢંકાયલું) છે.

સંક્ષેપશારીરક, વિવરણ, વેદાંતમુકતાવલિ, અદ્વૈતસિદ્ધિ, અદ્વૈત દીપિકા, આદિ ગ્રંથકારોએ સ્વાશ્રય સ્વવિષય પક્ષજ અંગીકાર કર્યો છે.

એ વિષે વાચસ્પતિનો મત. (અજ્ઞાન અનેક છે)

વાચસ્પતિનો મત આવો છે:—

(૧) અજ્ઞાન જીવનું આશ્રિત છે અને (૨) બ્રહ્મને વિષય કરે છે.

(૧) 'હું અજ્ઞાની છું અને બ્રહ્મને જાણતો નથી' એવું કહેવામાં આવે છે. એમાં 'હું' શબ્દનો અર્થ જીવ, પોતાને 'અજ્ઞાની' કહેવાથી તે અજ્ઞાનનો આશ્રય છે એમ ભાન થાય છે. અને—

(૨) 'બ્રહ્મને જાણતો નથી' એમ કહેવાથી અજ્ઞાનનો વિષય બ્રહ્મ છે, એમ પ્રતીત થાય છે.

આ રીને અજ્ઞાન જીવનું આશ્રિત છે, અને બ્રહ્મને વિષય કરે છે એટલે ઢાંકે છે.

તે અજ્ઞાન એક નથી પણ અનંત છે. કેમકે—

જો એક અજ્ઞાન માનીએ તો, તે એક અજ્ઞાનની એકના જ્ઞાનથી નિવૃત્તિ થયાથી, બીજાઓને અજ્ઞાન અને તેનું કાર્ય સંસાર પ્રતીત નહિ થવો જોઇએ.

(૨) જો એમ કહો કે—આજ સુધી કોઇને જ્ઞાન થયું નથી, અને હવે પછી પણ થવાનું નથી, તો શ્રવણાદિક સાધન નકામાં થશે!

માટે અનંત જીવોને આશરે રહેલું અજ્ઞાન પણ અનંત છે. અનંત જીવોના અનંત અજ્ઞાનથી કલ્પિત ઇશ્વર પણ અનંત છે અને બ્રહ્માંડ પણ અનંત છે. જે જીવને જ્ઞાન થાય, તે જીવનું અજ્ઞાન, ઇશ્વર, અને બ્રહ્માંડ નિવૃત્ત થાય. જેને જ્ઞાન ન થાય તેનો બંધ કાયમ રહે છે.

આ વાચસ્પતિનો મત સમીચીન નથી. કેમકે—

૧૯ વાચસ્પતિ મતની અસમીચીનતા.
(અજ્ઞાન એકજ છે.)

(૧) ઇશ્વર જીવના અજ્ઞાનથી કલ્પિત છે, એમ કહેવું શ્રુતિ, સ્મૃતિ, અને પુરાણથી વિરૂદ્ધ છે.

(૨) ઇશ્વર અનંત છે, અને દરેક જીવની સૃષ્ટિ જૂદી જૂદી છે, એ વાત પણ શ્રુતિ વગેરેથી વિરૂદ્ધ છે.

માટે અજ્ઞાન અનેક માનવાં યોગ્ય નથી. વળી અજ્ઞાન માનીને ઇશ્વર અને સૃષ્ટિ એક માને તો તે સંભવતું નથી. કેમકે જીવ અને ઇશ્વર રૂપ સંસાર અજ્ઞાનથી કલ્પાયલો છે. પણ અનંત અજ્ઞાન માનવાથી એક એક અજ્ઞાને કલ્પેલા જીવની પેઠે ઇશ્વર અને જગત પણ અનંતજ માનવાં પડે; અને તેથીજ વાચસ્પતિએ અનંત ઇશ્વર અને અનંત સૃષ્ટિ કહી છે. માટે અજ્ઞાન એક છે એ મતજ સાચો છે.

૨૦ સ્વાશ્રય સ્વવિષય પક્ષનો સ્વીકાર.

ગુરૂ—અને તે એક અજ્ઞાન પણ જીવનું આશ્રિત નથી, પણ શુદ્ધ બ્રહ્મનું આશ્રિત છે. કેમકે—

(૧) જીવપણું એ અજ્ઞાનનું કાર્ય છે. તે અજ્ઞાન સ્વતંત્ર કદી પણ રહી શકતું નથી; માટે કોઇના આશ્રય વિનાના અજ્ઞાનથી તો જીવપણું સંભવે નહિ. પ્રથમ કોઇને આશરે અજ્ઞાન રહેઃ ત્યારે અજ્ઞાનનું કાર્ય જીવપણું બની શકે.

(૨) જીવપણાની પેઠે ઇશ્વરપણું એ પણ અજ્ઞાનનું કાર્ય છે, માટે તેને આશરે પણ અજ્ઞાન રહે નહિ. પણ શુદ્ધ બ્રહ્મને આશરે અનાદિ અજ્ઞાન રહ્યું છે.

ચેતન અને અજ્ઞાન બન્ને અનાદિ હોવાથી તેમનો સંબંધ પણ અનાદિ છે. અને તે અનાદિ સંબંધથી થયેલો જીવભાવ અને ઇશ્વરભાવ પણ અનાદિ છે. પરંતુ જીવભાવ અને ઇશ્વરભાવ અજ્ઞાનને આધીન છે—એટલે અજ્ઞાનથી ઉત્પન્ન થએલો છે તેથી તેને અજ્ઞાનનું કાર્ય કહેવામાં આવે છે.

જો કે 'હું અજ્ઞાની છું' એવી રીતે જીવનું આશ્રિત અજ્ઞાન જોવામાં આવે છે, તથાપિ શુદ્ધ બ્રહ્મનું આશ્રિત જે અજ્ઞાન, તેનો 'હું અજ્ઞાની છું' એવો જીવને અભિમાન થાય છે. વળી—

(૧) જીવ અજ્ઞાનનુ કાર્ય છે માટે અજ્ઞાનના અધિષ્ઠાન રૂપ આશ્રય જીવ હોઇ શકે નહિ; પણ શુદ્ધ બ્રહ્મજ અજ્ઞાનના અધિષ્ઠાન રૂપ આશ્રય સંભવે છે.

(૨) શુદ્ધ બ્રહ્મરૂપ અધિષ્ઠાનનું આશ્રિત જે અજ્ઞાન તે, બ્રહ્મનેજ ઢાંકે છે. તે પછી 'હું અજ્ઞાની છું' એટલે બ્રહ્મને જાણતો નથી, એવી રીતે અભિમાની રૂપ આશ્રય જીવ થાય છે.

આ રીતે અજ્ઞાન **સ્વાશ્રય સ્વવિષય** કહેવાય છે.

૨૧ એક અજ્ઞાન પક્ષમાં બંધમોક્ષની વ્યવસ્થા.

તે અજ્ઞાન જો કે એક છે, અને જ્ઞાનથી નિવૃત્ત થાય છે; પરંતુ જે અંતઃકરણમાં અજ્ઞાન હોય તે અંતઃકરણ અવચ્છિન્ન ચેતનમાં રહેલો જે અજ્ઞાનનો અંશ, તેની નિવૃત્તિ જ્ઞાનથી થાય છે, તેથી તેજ મુક્ત થાય છે. જે અંતઃકરણમાં જ્ઞાન ન હોય ત્યાં અજ્ઞાનનો અંશ રહે છે અને તેથી બંધ પણ રહે છે. આ રીતે એક અજ્ઞાન પક્ષમાં બંધમોક્ષ વ્યવહાર બને છે.

જો કોઇને વાચસ્પતિની રીતે અનેક અજ્ઞાનવાદ બુદ્ધિમાં ઠીક લાગે તો તે પણ અદ્વૈત જ્ઞાનનો ઉપાય છે—તેનું ખંડન કરવામાં અમારો આગ્રહ નથી. જે રીતે જિજ્ઞાસુને અદ્વૈત બોધ થાય, તે રીતે બુદ્ધિને સ્થિત કરે.

૨૨ માયાનું નામ ભેદથી સ્વરૂપ.

શુદ્ધ બ્રહ્મની આશ્રિત જે માયા તેને અવિદ્યા અને અજ્ઞાન કહે છે.

(૧) **માયા**—અચિંત્ય શક્તિવાળી હોવાથી તથા યુક્તિને પણ માન ન આપે એવી હોવાથી તે **માયા** કહેવાય છે.

(૨) **અવિદ્યા**—વિદ્યાથી એનો નાશ થાય છે માટે **અવિદ્યા** કહેવાય છે.

(૩) **અજ્ઞાન**—સ્વરૂપનું (જીવના વાસ્તવિક બ્રહ્મરૂપનું) આચ્છાદન કરે છે; માટે તેને અજ્ઞાન કહે છે.

(૧) માયા જે ચેતનની આશ્રિત છે, તે સામાન્ય ચેતન તેનું વિરોધી નથી, પણ ઉલટું સાધક છે. એટલે માયાને સત્તા સ્ફુરણ આપે છે. (સામાન્ય ચેતનને લીધે માયાનું અસ્તિત્વ જણાય છે.)

(૨) વૃત્તિમાં આરૂઢ એટલે રહેલું જે ચેતન-અથવા ચેતન સહિત વૃત્તિ-એ માયાની વિરોધી છે. (આ વાત આગળ ૫૬મા અંકમાં વિસ્તારથી કહેવાશે.)

૨૩ ઇશ્વરનું સ્વરૂપ.

(૧) શુદ્ધ સત્વગુણ સહિત માયા,

(૨) માયાનું અધિષ્ઠાન ચેતન અને—

(૩) માયામાં આભાસ.

એ ત્રણે મળીને ઇશ્વિર કહેવાવ છે.તે ઇશ્વર સર્વજ્ઞ છે અને તેજ જગતનો હેતુ એટલે કારણ છે.

૨૪. કારણના બે પ્રકાર.

કારણ બે પ્રકારનાં હોય છે: એક ઉપાદાન કારણ હોય છે, અને બીજું નિમિત્ત કારણ હોય છે.

(૧) **ઉપાદાન કારણ**—જે વસ્તુનો કાર્યમાં પ્રવેશ હોય; અને જેના વગર કાર્યની સ્થિતિ હોઇ શકે નહિ; તેને **ઉપાદાન** કારણ કહે છે. જેમ,-માટીનો ઘડામાં પ્રવેશ છે; અને માટી વગર ઘડાની સ્થિતિ હોઇ શકે નહિ; માટે માટીએ ઘડાનું **ઉપાદાન** કારણ છે.

(૨) **નિમિત્તકારણ**—જે વસ્તુનો કાર્યમાં પ્રવેશ હોય નહિ; જે કાર્યથી જુદું હોઇને કાર્યને ઉત્પન્ન કરે: અને જેનો નાશ થવાથી કાર્ય બગડે નહિ; તેને નિમિત્ત કારણ કહે છે જેમ,-કુંભાર, ચાક, દાંડો વગેરે ઘડાનાં નિમિત્ત કારણો છે. કેમકે—ઘડાના સ્વરૂપમાં તેમનો પ્રવેશ નથી; ઘડાથી જુદાં રહીને તે ઘડાની ઉત્પત્તિ કરે છે; અને ઘડો તૈયાર થયા પછી કુંભાર, ચાક, દાંડો, વગેરે નાશ પામે તથાપિ ઘડાને કાંઈ હાનિ પહોચતી નથી.

આ રીતે ઉપાદાન અને નિમિત્ત એવા બે પ્રકારનાં કારણહોય છે.

૨૫ ઇશ્વર જગતનું ઉપાદાન કારણ છે, અને નિમિત્ત કારણ પણ છે.

જગતનું ઉપાદાન અને નિમિત્ત બન્ને પ્રકારનું કારણ ઇશ્વર છે; જેમ એકજ કરોળિયો જાળનું ઉપાદાન અને નિમિત્ત કારણ હોય છે તેમ.

શિષ્ય—કરોળિયો જાળ બાંધે છે, તેમાં તેનું જડ શરીર જાળનું ઉપાદાન કારણ છે અને તે શરીરમાં જે ચેતન ભાગ છે તે નિમિત્ત કારણ છે. માટે એકજ ઇશ્વરને ઉપાદાન અને નિમિત્ત કારણ માનવામાં કોઈ દૃષ્ટાંત નથી.

ગુરૂ—તો કરોળિઆની પેઠે ઇશ્વરનું શરીર જે જડ માયા તે જગતનું ઉપાદાન કારણ છે. અને ચેતન ભાગ એ નિમિત્ત કારણ છે, એમ સમજવું.

આ રીતે એકજ ઇશ્વર જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે. તેમાં કરોળિયાનું દૃષ્ટાંત છે. તથા મુખ્ય દૃષ્ટાંત સ્વપ્ન છે.

કરોળિઆના દૃષ્ટાંત પરથી એમ સમજવું કે—તમઃ પ્રધાન પ્રકૃતિ રૂપ માયા જગતનું ઉપાદાન કારણ છે; શુદ્ધ સત્વ પ્રધાન માયા સહિત ચેતન ભાગ જગતનું નિમિત્ત કારણ છે. મતલબ કે કેવળ ચેતન ભાગ કારણ નથી.

સ્વપ્ન દૃષ્ટાંત પરથી એમ સમજવાનું કે—સાક્ષી ચેતન સ્વપ્નમાં દેખાતિ સૃષ્ટિનું ઉપાદાન કારણ છે તેમ નિમિત્ત કારણ પણ છે. તેજ રીતે ઇશ્વર પણ જગતનું ઉપાદાન કારણ છે તથા નિમિત્ત કારણ છે.

જે એકજ વસ્તુ ઉપાદાન કારણ તથા નિમિત કારણ પણ હોય, તેને શાસ્ત્રમાં **અભિન્ન નિમિત્ત ઉપાદાન કારણ** કહે છે. ઇશ્વર જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે.

જે સમયે જીવોનાં કર્મ ફળ આપવાને સન્મુખ (તત્પર) નહિ હોય, તે સમયને **પ્રલય** કહે છે. અને જે સમો જીવોનાં કર્મ ફળ આપવાને સન્મુખ હોય તે સમયને સૃષ્ટિ કહે છે. એ રીતે જીવોનાં કર્મને અધીન સૃષ્ટિ કહે છે. એ રીતે જીવોનાં કર્મને અધીન સૃષ્ટિ છે.

૨૬ જીવનું સ્વરૂપ.

મલિન સત્વ અજ્ઞાનમેં, જો ચેતન આભાસ;
અધિષ્ઠાનયુત જીવસો, કરત કર્મફલ આસ. ૧૯૯

અર્થ—રજોગુણ તથા તમોગુણથી મિશ્ર એવા સત્વગુણને મલિન સત્ત્વગુણ કહે છે. એવા મલિન સત્ત્વગુણ યુક્ત જે અજ્ઞાન તેમાં જે ચેતનનો આભાસ, અને અધિષ્ઠાન ચેતન, એ ત્રણ

મળીને જીવ કહેવાય છે, અને તે કર્મ કરીને તેના ફળની આશા રાખે છે. અર્થાત્ તે કર્તા ભોક્તા છે. ૧૫૫

૨૭ ઇશ્વરમાં વિષમ દૃષ્ટિ અને ક્રૂરતા નથી.

એ જીવોના કર્મ પ્રમાણે ઉંચા નીચા ભોગને માટે ઇશ્વર સૃષ્ટિ રચે છે, માટે ઇશ્વરમાં વિષમ દૃષ્ટિ અને ક્રૂરતા નથી.

શંકા—સર્વથી પ્રથમ સૃષ્ટિની પહેલાં કર્મ હોતાં નથી; અને તે પ્રથમ સૃષ્ટિમાં પણ ઉંચનીચ શરીર અને ભોગ ઇશ્વરે રચ્યાં હોય છે, માટે ઇશ્વરમાં વિષમ દૃષ્ટિ કેમ નહિ ?

સમાધાન—સંસાર અનાદિ છે. પછી પછીની સૃષ્ટિમાં પૂર્વ પૂર્વ સૃષ્ટિનાં કર્મ હેતુ છે. સર્વથી પ્રથમ એવી સૃષ્ટિ કોઇ છેજ નહિ. માટે ઇશ્વરમાં દોષ નથી.

૨૮ સૃષ્ટિની ઉત્પત્તિ.

૨૯ પંચભૂત અને તેના ગુણોની ઉત્પત્તિ.

कवित.

जीवनके पूर्वसृष्टि कर्म अनुसार ईस-
इच्छा होय जीवभोग जग उपाजाईये;
नभ वायु तेज जल भूमि भूत रचै तहां,
शब्द स्पर्श रूप रस गंध गुण गाईये;
सत्व अंश पंचनको मेली उपजत सत्य,
रजोगुण अंश मिली प्राण त्यूं उपजाईये;
एक एक भूत सत्व अंश ज्ञान इंद्रि रचै,
कर्मइंद्रि रजोगुण अंसतैं लखाईये. १५६

અર્થ—પૂર્વની સૃષ્ટિમાં જીવોએ કરેલાં કર્મને અનુસારે ઇશ્વરને ઇચ્છા થાય છે કે જીવોને ભોગ આપવાને માટે જગત ઉત્પન્ન કરૂં. તેથી તેણે આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી, એવાં પાંચ ભૂત રચ્યાં. એ પાંચ ભૂતોના અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એવા પાંચ ગુણ છે. (એ દરેક ભૂત સત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણવાળું હોય છે.) તે દરેક ભૂતનો સત્વ અંશ એકત્ર થઇને અંતઃકરણ ઉપજે છે; દરેકનો રજો અંશ એકત્ર થઇને પ્રાણ ઉપજે છે; દરેક ભૂતના જૂદા જૂદા સત્વ ગુણોના અંશમાંથી પાંચ જ્ઞાનેદ્રિયો રચાયલી છે; અને

હરેકના જૂદા જૂદા રજો ગુણના અંશમાંથી કર્મેન્દ્રિયો ઉત્પન્ન થઇ છે એમ જાણવું. ૧૫૬

ટીકા—જ્યારે જીવોનાં કર્મ, ભોગ આપવાથી ઉદાસીન હોય છે એટલે કર્મો ભોગ આપવાને તત્પર નથી હોતાં, ત્યારે પ્રલય થાય છે. પ્રલય કાળમાં બધા પદાર્થોના સંસ્કાર માયામાં રહે છે. માટે જીવોનાં કર્મ પણ જે બાકી રહ્યાં હોય છે, તે સૂક્ષ્મ થઇને માયામાં રહે છે.

જ્યારે કર્મ ભોગ આપવાને સન્મુખ થાય છે, ત્યારે ઇશ્વરને આવી ઇચ્છા થાય છે કે—જીવોના ભોગ માટે જગતની ઉત્પત્તિ કરૂં.

પૂર્ણ કામ ઇશ્વરને ઇચ્છા ઉત્પન્ન થવાનું કોઇ કારણ નથી, એમ છતાં જેમ કલ્પ વૃક્ષ અન્ય પુરૂષના સંકલ્પથી સ્વભાવે કરીને ઇચ્છિત ફળ આપે છે; તેમ ઇશ્વર પણ ફળ આપવાને તત્પર થયેલાં જીવોના અદૃષ્ટ રૂપ નિમિત્તથી પોતાના સ્વભાવે કરીને ઇચ્છા, જ્ઞાન, અને પ્રયત્ન કરે છે.

સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇશ્વરની ઇચ્છા થતાં માયા તમોગુણ પ્રધાન થાય છે—એટલે સત્વગુણ અને રજોગુણ દબાઇ રહે છે તથા તમોગુણ મુખ્ય આગળ પડતો થાય છે. તે તમોગુણ પ્રધાન માયાથી આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ પાંચ ભૂત ઉત્પન્ન થાય છે; તથા તે ભૂતોમા અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. ઉત્પન્ન થાય છે. જેમ—

(૧) માયાથી શબ્દ સહિત આકાશની ઉત્પત્તિ.

(૨) આકાશથી વાયુની ઉત્પત્તિ.

વાયુ આકાશનું કાર્ય, છે માટે આકાશનો શબ્દ ગુણ વાયુમાં આવે ને વાયુનો પોતાનો ગુણ સ્પર્શ છે.

(૩) વાયુથી તેજની ઉત્પત્તિ થાય છે.

તેજમાં આકાશનો શબ્દ ગુણ, વાયુનો સ્પર્શ ગુણ અને તેજનો પોતાનો રૂપ ગુણ હોય છે.

(૪) તેજથી જળની ઉત્પત્તિ થાય છે.

જળમાં આકાશનો શબ્દ ગુણ, વાયુનો સ્પર્શ ગુણ, તેજનો રૂપ ગુણ, અને જળનો પોતાનો રસ ગુણ હોય છે.

(૫) જળથી પૃથ્વી ઉપજે છે.

પૃથ્વીમાં આકાશનો શબ્દ ગુણ, વાયુનો સ્પર્શ ગુણ, તેજનો રૂપ ગુણ, જળનો રસ ગુણ, અને પોતાનો ગંધ ગુણ હોય છે.

ક આકાશમાં પ્રતિધ્વનિ રૂપ શબ્દ છે.

ખ વાયુમાં સી સી શબ્દ; અને ઉષ્ણ, શીત. કે કઠિનથી વિલક્ષણ સ્પર્શ હોય છે.

ગ અગ્નિ રૂપી તેજમાં ભુગ્ ભુગ્ શબ્દ, ઉષ્ણુ સ્પર્શ, અને પ્રકાશ રૂપ છે.

ઘ જળમાં ચુલુ ચુલુ શબ્દ, શીત સ્પર્શ, શુક્લ રૂપ, અને મધુર રસ છે. જળમાં જે ખારાપણું કે કડવાપણું દેખાય છે તે પૃથ્વીના સંબંધથી દેખાય છે. હરડે વગેરે ખાઈને જળપાન કરવાથી જળની મધુરતા પ્રગટ થાય છે.

ङ પૃથ્વીમાં કટ કટ શબ્દ; ઉષ્ણુ શીતથી વિલક્ષણુ કઠિન સ્પર્શ; શ્વેત, નીલ, રક્ત, હરિત (લીલું) વગેરે રૂપ; મધુર, ખાટો, ખારો. કડવો, તુરો, તીખો, રસ; અને સુગંધ તથા દુર્ગંધ બે પ્રકારની ગંધ છે.

એ રીતે આકાશમાં એક, વાયુમાં બે, તેજમાં ત્રણુ, જળમાં ચાર અને પૃથ્વીમાં પાંચ ગુણુ છે. તેમાં એક એક ગુણુ પોતાનો છે અને બાકીના પોતાનાં કારણુના છે (જેમાંથી પોતે ઉપજ્યાં છે તે ભૂતોના છે.)

સર્વનું મૂળ કારણુ ઇશ્વર છે. તેમાં માયા અને ચેતન બે ભાગ છે.

(૧) મિથ્યાપણું એ માયાનો ભાગ છે.

(૨) સર્વ ભૂતોમાં સત્તા સ્ફૂર્તિ એ ચેતનનો ભાગ છે.

૩૦ અંતઃકરણુની ઉત્પત્તિ.

પાંચ ભૂત તમોગુણુ પ્રધાન માયાથી ઉત્પન્ન થયેલાં છે એટલે એ પાંચે ભૂતોમાં તમોગુણુ પ્રાધાન્ય છે, એમ છતાં એ પાંચે ભૂતોમાં સત્વગુણુ તથા રજોગુણુ છેકજ નથી એમ નથી; ગૌણુ સ્થિતિમાં પાંચે ભૂતોમાં એ સત્વ ગુણુ તથા રજોગુણુ રહેલાજ હોય છે. એ પાંચે ભૂતોના સત્વગુણુનો અંશ મળીને અંતઃકરણુ ઉત્પન્ન થાય છે. અંતઃકરણુ પાંચ સૂક્ષ્મ ભૂતોના સત્વ ગુણુનું કાર્ય હોવાથી તેને ' સત્વ ' પણુ કહે છે. અંતઃકરણુ જ્ઞાનનો હેતુ છે, અને જ્ઞાનની ઉત્પત્તિ સત્વગુણુથી થાય છે એમ માનેલું છે, તેથી અંતઃકરણુ ભૂતોના સત્વગુણુનું કાર્ય છે એમ સમજવું. વળી પાંચ ભૂતોનું કાર્ય જે પાંચ જ્ઞાન ઇંદ્રિયો, તે સઘળી ઇંદ્રિયોનું સહાયક અંતઃકરણુ છે, માટે પાંચે ભૂતોના એકઠા મળેલા સત્વગુણુથી અંતઃકરણુની ઉત્પત્તિ કહેવાય છે.

ભૂતોના એકઠા મળેલા સત્વગુણુથી અંતઃકરણુની ઉત્પત્તિ કહેવાય છે.

અંતઃકરણુ એવું નામ પડવાનું કારણુ—શરીરની અંતઃ (એટલે અંદર) છે, અને કરણુ (એટલે જ્ઞાનનું સાધન) છે, માટે અંતઃકરણુ એવું નામ પડયું છે.

સત્વ—ભૂતોના સત્વગુણુનું કાર્ય અંતઃકરણુ હોવાથી તેનું ' સત્વ ' એવું નામ પણુ કહે છે.

અંતઃકરણુના પરિણામને વૃત્તિ કહે છે. એવી વૃત્તિઓ ચાર છે.

(૧) પદાર્થના સારા માઠા સ્વરૂપનો નિશ્ચય કરનારી વૃત્તિને **બુદ્ધિ** કહે છે.

(૨) સંકલ્પ વિકલ્પ કરનારી વૃત્તિને **મન** કહે છે.

(૩) ચિંતન રૂપ વૃત્તિને **ચિત્ત** કહે છે.

(૪)"હું" એવી અભિમાન રૂપ વૃત્તિને **અહંકાર** કહે છે.

૩૨ પ્રાણોની ઉત્પત્તિ.

પાંચ ભૂતોના રજોગુણ એકઠા મળીને પ્રાણ ઉત્પન્ન થાય છે. તે પ્રાણ જૂદી જૂદી ક્રિયાને લીધે તથા જૂદા જૂદા સ્થાનને લીધે પાંચ પ્રકારનો છે.

(૧) **પ્રાણ**—જેનું સ્થાન હૃદયમાં હોય, અને ભૂખ તરસ એ જેની ક્રિયા હોય તેને 'પ્રાણ' કહે છે.

(૨) **અપાન**—જેનું ગુદાસ્થાન, અને મળમૂત્રને નીચે લઇ જવાની જેની ક્રિયા હોય તેને અપાન કહે છે.

(૩) **સમાન**—જેનું નાભિસ્થાન, અને ખાધેલા પીધેલા અન્ન જળને પાચન યોગ્ય સમાન કરવાની ક્રિયા હોય તેને સમાન કહે છે.

(૪) **ઉદાન**—જેનું કંઠસ્થાન, અને શ્વાસ ક્રિયા હોય તેને ઉદાન કહે છે.

(૫) **વ્યાન**—જેનું આખું શરીર સ્થાન, અને રસમેલન ક્રિયા હોય તેને વ્યાન કહે છે.

કોઈ જગોએ નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય, એવા પાંચ પ્રાણ વિશેષ કહ્યા છે. અને તેમની ઓડકાર, નિમેષ, છીંક, બગાસું, અને મ... શરીરને ફૂલાવવું, એવી ક્રિયાઓ અનુક્રમે કહી છે. વળી પૃથ્વી, જળ, તેજ, વાયુ, અને આકાશ, એ દરેકના જૂદા જૂદા રજોગુણથી નાગ વગેરે દરેકની ઉત્પત્તિ કહી છે. વળી અપાન, સમાન, પ્રાણ, ઉદાન અને વ્યાન, એ પાંચ પ્રાણોની ઉત્પત્તિ પણ પૃથ્વી, જળ, તેજ, વાયુ, અને આકાશ, એ દરેકના જૂદા જૂદા રજોગુણથી અનુક્રમે કહી છે—બધાના એકઠા મળેલા રજોગુણથી નહિ. પરંતુ અદ્વૈત સિદ્ધિમાં આ પ્રક્રિયા નથી, કેમકે વિદ્યારણ્ય સ્વામીએ તથા પંચીકરણમાં વાર્તિકકારે સૂક્ષ્મ શરીરમાં અને પંચકોશમાં નાગ, કૂર્મ આદિક પ્રાણોનું ગ્રહણ કર્યું નથી, વળી તેમણે અપાન આદિક પંચ પ્રાણની ઉત્પત્તિ પાંચ ભૂતોના એકઠા મળેલા રજોગુણથી કહેલી છે. માટે—

(૧) દરેકના જૂદા જૂદા રજોગુણથી અપાન આદિ પ્રાણોની ઉત્પત્તિ અસંગત છે. અને—

(૨) સૂક્ષ્મ શરીરમાં નાગ કૂર્મ આદિકનું ગ્રહણ પણ અસંગત છે.—પાંચ પ્રાણનુંજ સૂક્ષ્મ શરીરમાં ગ્રહણ છે.

પ્રાણ વિક્ષેપ રૂપ છે; અને વિક્ષેપ સ્વભાવ રજોગુણનો છે, માટે ભૂતોના રજોગુણથી પ્રાણની ઉત્પત્તિ કહેલી છે.

૩૨ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયની ઉત્પત્તિ

એક એક ભૂતના સત્વગુણ અંશમાંથી પાંચ જ્ઞાનઇંદ્રિયો થઇ છે. અને એક એક ભૂતના રજોગુણ અંશમાંથી પાંચ કર્મેન્દ્રિયો થઇ છે. એટલે-આકાશના સત્વગુણથી શ્રોત્ર ઇંદ્રિય; વાયુના સત્વગુણથી ત્વક્ ઇન્દ્રિય; તેજના સત્વગુણથી ચક્ષુ ઇન્દ્રિય; જળના સત્વગુણ અંશથી રસના ઇન્દ્રિય; અને પૃથ્વીના સત્વગુણ અંશથી ઘ્રાણ ઇન્દ્રિય થયું છે.

એ પાંચે ઇન્દ્રિયો જ્ઞાનનાં સાધન છે, માટે જ્ઞાનેંદ્રિય કહેવાય છે. અને જ્ઞાન સત્વગુણથી ઉત્પન્ન થાય છે, માટે તેમની ઉત્પત્તિ ભૂતોના સત્વગુણથી માની છે

શ્રોત્રેંદ્રિય આકાશના ગુણને (શબ્દને) ગ્રહણ કરે છે માટે આકાશથી શ્રોત્રેંદ્રિયની ઉત્પત્તિ કહી છે. એજ રીતે જે ઇન્દ્રિય જે ભૂતના ગુણને ગ્રહણ કરે તે ભૂતથી તે ઇન્દ્રિયની ઉત્પત્તિ જાણવી.

એજ પ્રમાણે આકાશના રજોગુણથી વાક્ ઇન્દ્રિયની ઉત્પત્તિ; વાયુના રજોગુણથી પાણિ (હાથ) ઇન્દ્રિયની ઉત્પત્તિ; તેજના રજોગુણથી પાદની; જળના રજોગુણથી ઉપસ્થની; અને પૃથ્વીના રજોગુણથી ગુદાની ઉત્પત્તિ જાણવી.

એ પાંચ ઇન્દ્રિય ક્રિયાનાં સાધન છે, માટે કર્મેન્દ્રિય કહેવાય છે. અને ક્રિયા રજોગુણથી થાય છે, માટે રજોગુણ અંશથી તેમની ઉત્પત્તિ કહી છે.

૩૩ સ્થૂલ સૃષ્ટિનું નિરૂપણ.

सवैया छंद.

भूत अपंचीकृत औ कारज,
इतनी सूछमसृष्टि पिछान;
पंचीकृत भूतनतैं उपज्यो
स्थूलपसारो सारो मान;
कारण सूछम स्थलदेह अरु,
पचकोस इनहीमैं जान;
करि विवेक लखि आतम न्यारो
मुंज इषीकातैं ज्यूं भान. ૧૯૭

અર્થ—અપંચીકૃત ભૂતો અને તેનું કાર્ય, એટલી સૂક્ષ્મ સૃષ્ટિ જાણવી. પણ આ સઘળો સ્થૂલ સૃષ્ટિનો વિસ્તાર તો પંચીકૃત ભૂતોથી થયો છે એમ માનવું. સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ

એવા ત્રણ દેહ છે અને પાંચ કોશ તે એ ત્રણ દેહોમાં છે. જેમ મુંજ નામના ઘાસમાં ઉપરના પડની અંદર બીજું પડ અને એમ કરતાં કરતાં સૌથી અંદર તેની શળી રહેલી હોય છે, તેને જૂદી કાઢી શકાય છે, તેમ એ પાંચ કોશમાંથી પણ વિવેક કરીને સૌથી છેલ્લા કોશની અંદર તે કોશોથી ન્યારો આત્મા રહેલો છે તેને ઓળખી લે. ૧૫૭

અપંચીકૃત ભૂત (એટલે જે ભૂતોનું આગળ કહેવાશે તેવું પંચીકરણ થયું નથી) અને તેમનાં કાર્ય—અંતઃકરણ, પ્રાણ, કર્મેન્દ્રિય અને જ્ઞાનેંદ્રિય, એટલાંને સૂક્ષ્મ સૃષ્ટિ કહે છે.

સૂક્ષ્મ સૃષ્ટિનું જ્ઞાન ઇન્દ્રિયોથી થતું નથી. નેત્ર, નાસિકાદિક ગોલક (ઇન્દ્રિયોને રહેવાનું સ્થાન) તો ઇંદ્રિયોના વિષય છે; પરંતુ તે ગોલકમાં રહેલી જે ઇંદ્રિયો તે કોઇ ઇંદ્રિયોનો વિષય નથી.

સૂક્ષ્મ સૃષ્ટિની ઉત્પત્તિ થયા પછી ઇશ્વરની ઇચ્છાથી સ્થૂલ સૃષ્ટિની રચના થવા માટે ભૂતોનું પંચીકરણ થયું.

૮૪ પંચીકરણનો પ્રકાર.

પંચીકરણ બે પ્રકારે કહ્યું છેઃ—

(૧) પ્રથમ દરેક ભૂતના બે સરખા ભાગ થયા. પછી તેમાંથી એક ભાગના ચાર ચાર ભાગ થયા. પાંચે ભૂતનો અરધો અરધો ભાગ જેમનો તેમ રહ્યો છે; અને બીજા અરધા અરધા ભાગના ચાર ચાર ભાગ થાય છે તે જૂદા રહ્યા છે. પ્રથમના અરધા ભાગમાં પોત પોતાના ભાગ સિવાય બાકીના ચારે ભૂતનો મળીને અરધો ભાગ મેળવવાથી પંચીકરણ થાય છે.

(૨) બીજો આવો પ્રકાર છેઃ—એક એક ભૂતના બે ભાગ થયા, પણ તે સમ નહિ; પણ એક ભાગ ચાર ભાગવાળો અને એક પાંચમો ભાગ. એટલે એક ભાગ $\frac{4}{5}$, અને બીજો ભાગ $\frac{1}{5}$; આ રીતે વત્તા ઓછા પ્રમાણમાં બે ભાગ થયા. તેમાં બધાનો મોટો ભાગ જેમનો તેમ રહ્યો, અને પાંચ ભૂતોનો નાનો જે $\frac{1}{5}$ ભાગ તેના એક એક ભાગેના પાંચ પાંચ ભાગ કરીને પેલા જૂદા રાખેલા મોટા પંચમાંશમાં ($\frac{4}{5}$માં) એક એક મેળવવાથી પંચીકરણ થાય છે.

(૧) પ્રથમ પક્ષમાં એક ભાગના ચાર ભાગ જૂદા રહ્યા અને અરધા ભાગોમાં પોતાના ભાગને છોડીને મેળવ્યા.

(૨) બીજા પક્ષમાં નાના ભાગના પાંચ ભાગ જૂદા રહ્યા તે મોટા ભાગોમાં પોતાના ભાગ સહિત મેળવ્યા.

(૧) પ્રથમ પક્ષમાં પંચીકૃત ભૂતોમાં દરેક ભૂતનો પોતાનો અરધો અંશ અને બીજાં ભૂતોનો મળીને અરધો અંશ.

(૨) બીજા પક્ષમાં પંચીકરણ કરવાથી પોતાના અંશ એકવીશ અને બીજાના ચાર.

બીજા પક્ષની સુગમ રીત આ છેઃ--એક એક ભૂતના પચીશ ભાગ કરવા. તેમાંથી એકવીશ એકવીશ ભાગ અને ચાર ચાર ભાગ જૂદા રાખવા એ ચાર ચાર ભાગોમાંથી એક એક ભાગ પેલા એકવીશ એકવીશ ભાગમાંથી પોતાની જાતનો ભાગ રહેવા દેઈને મેળવવા.

એ રીતે બે પ્રકારનું પંચીકરણ કહ્યું છે. એક એક ભૂતમાં પાંચ પાંચ ભૂત મેળવીને જે કરવું તેનું નામ પંચીકરણ.

જે ભૂતોનું પંચીકરણ કર્યું હોય તેમને **પંચીકૃત** કહે છે.

૩૫ સ્થૂલ બ્રહ્માંડાદિકની ઉત્પત્તિ.

ગુરૂ--એ પંચીકૃત ભૂતોથી—

(૧) ઈંદ્રિયોથી જેને જાણી શકાય એવું સ્થૂલ બ્રહ્માંડ થયું.

(૨) તે બ્રહ્માંડની અંદર–ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક, અને સત્યલોક, એ સાત ભુવન ઉપરનાં થયાં. અને--

(૩) અતલ, વિતલ, સુતલ, પાતાલ, રસાતલ, તલાતલ, મહાતલ, એ સાત નીચેના લોક થયાં.

(૪) એ ચૌદ લોકમાં જીવોને ભોગયોગ્ય અન્ન વગેરે, અને ભોગનાં સ્થાન–દેવ મનુષ્ય પશુ આદિ શરીર–ઉત્પન્ન થયાં.

સંક્ષેપથી આ પ્રમાણે સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે. માયાના કાર્યનું નિરૂપણ કરવામાં તો કોટિ બ્રહ્માની ઉમ્મર વહી જાય તો પણ માયાએ રચેલા પદાર્થોના નિરૂપણનો પાર આવે નહિ; એ વાત શ્રી વાલ્મીકિ મુનિએ અનેક ઇતિહાસો વડે વાસિષ્ઠ નામે ગ્રંથમાં નિરૂપણ કરેલી છે.

પંચકોશ નિરૂપણ.

૩૬ પાંચ કોશ અને તેનાથી આત્મનું ઠેકાણું.

માયા અને તેના કાર્યમાં ત્રણ શરીર અને પાંચ કોશ છે. એટલે—

(૧) શુદ્ધ સત્વગુણ સહિત માયા ઇશ્વરનું કારણ **શરીર** છે. અને સત્વ ગુણ સહિત અવિદ્યા અંશ જીવનું કારણ શરીર છે.

(૨) હવે પછીના શરીરનો આરંભ કરનાર (એટલે જીવનું વર્તમાન સ્થૂલ શરીર નાશ થયા પછી બીજું નવું શરીર પ્રાપ્ત થવામાં કારણ ભૂત) પંચ સૂક્ષ્મ ભૂતો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, (પંચ) પ્રાણ, (પંચ) કર્મેન્દ્રિયો

અને (પંચ) જ્ઞાનેન્દ્રિયો, **જીવનું સૂક્ષ્મ શરીર** છે. અને બધા જીવોનાં સૂક્ષ્મ શરીર મળીને **ઇશ્વરનું સૂક્ષ્મ શરીર** છે.

(૩) સંપૂર્ણ બ્રહ્માંડ ઇશ્વરનું **સ્થૂલ શરીર** છે; અને જીવોનાં વ્યષ્ટિ સ્થૂલ શરીર તો પ્રસિદ્ધજ છે.

એ ત્રણ શરીરોમાંજ પંચ કોશ છે.

(૧) કારણ શરીરનેજ **આનંદમય કોશ** કહે છે.

(૨) વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, એ ત્રણ કોશ સૂક્ષ્મ શરીરમાં છે:-

क પાંચ જ્ઞાનેન્દ્રિયો અને નિશ્ચય રૂપ અંતઃકરણની વૃત્તિ બુદ્ધિ, એ **વિજ્ઞાનમય કોશ** કહેવાય છે.

ख પાંચ જ્ઞાનેન્દ્રિયો અને સંકલ્પ વિકલ્પ રૂપ અંતઃકરણની વૃત્તિ મન એ **મનોમય કોશ** કહેવાય છે.

ग પંચ પ્રાણ અને પાંચ કર્મેન્દ્રિયો, એ **પ્રાણમય કોશ** કહેવાય છે.

(૩) સ્થૂલ શરીરને **અન્નમય કોશ** કહે છે.

એ રીતે ત્રણ શરીરોમાંજ પંચકોશ છે.

જેમ જીવના શરીરમાં જીવના કોશ છે, તેમ ઇશ્વરના શરીરમાં ઇશ્વરના પણ પાંચ કોશ છે.

તરવાર વગેરેને ઢાંકનાર મ્યાનને કોશ કહે છે મ્યાનની પેઠે પાંચ કોશ આત્માના સ્વરૂપનું આચ્છાદન કર છે માટે **અન્નમય** વગેરેને કોશ નામ આપ્યું છે.

૩૭ ઇશ્વરના પાંચ કોશ.

ઇશ્વરના પંચકોશ પણ જાણવા જેવા હોવાથી ટીકાકાર પંડિતે આપેલા છે તે અહીં ઉતારી લઇએ છીએઃ—

(૧) સમષ્ટિ અજ્ઞાન રૂપ માયા ઇશ્વરનું કારણ શરીર છે. માટે તે ઇશ્વરનો **આનંદમય કોશ** છે.

(૨) જીવના સૂક્ષ્મ શરીરની સમષ્ટિ રૂપ હિરણ્યગર્ભ ઇશ્વરનું સૂક્ષ્મ શરીર છે, તેમાં (**क**) વિજ્ઞાનમય, (**ख**) મનોમય અને (**ग**) પ્રાણમય, એવા ઇશ્વરના ત્રણ કોશ છે. તેમાં

अ દિક્‌પાલ, વાયુ, સૂર્ય, વરૂણ અને અશ્વની કુમાર, એ પાંચ ઇશ્વરની જ્ઞાનેન્દ્રિયે; અને સમષ્ટિ બુદ્ધિમય મહત્તત્ત્વ રૂપ અથવા સર્વ બુદ્ધિઓના અભિમાની બ્રહ્મારૂપ ઇશ્વરની બુદ્ધિ મળીને ઇશ્વરનો **વિજ્ઞાનમય કોશ** છે.

ख પાછળ જે દિક્‌પાળ વગેરે જે પાંચ દેવતા કહ્યા તે અનુક્રમે શ્રોત્ર ત્વક્, ચક્ષુ, જિહ્વા, અને ઘ્રાણ ઇંદ્રિયોના અધિષ્ઠાતા. તે દેવતા રૂપ પાંચ

ઇશ્વરની જ્ઞાનેન્દ્રિયો; અને સમષ્ટિ મન રૂપ અહંકારમય અથવા સર્વના મનના અભિમાની ચંદ્રમામય ઇશ્વિરનું મન; મળીને ઇશ્વરનો **મનોમય કોશ છે.**

ग અગ્નિ, ઇંદ્ર, ઉપેન્દ્ર, પ્રજાપતિ, અને મૃત્યુ એ પાંચ,-વાક્, પાણિ, પાદ, ઉપસ્થ અને પાયુ, એવી પાંચ કર્મેન્દ્રિયોના દેવતા છે. એ દેવતા ઇશ્વિરની કર્મેન્દ્રિયો છે. એ કર્મેન્દ્રિયો; તથા સમષ્ટિ પ્રાણ અથવા વાયુના અભિમાની દેવતા રૂપ ઇશ્વરનો પ્રાણ; મળીને ઇશ્વરનો **પ્રાણમય કોશ છે.**

(૩) સમષ્ટિ સ્થૂલ સૃષ્ટિ રૂપ વિરાટ ઇશ્વરનું સ્થૂલ શરીર છે. તે ઇશ્વિરનો અન્નમય કોશ છે.

જેમ જીવના શરીરમાં જીવના કોશ છે, તે કોશકાર નામે જીવડાના *કાંટાથી બનાવેલા ઘર રૂપ કોશની પેઠે જીવની દૃષ્ટિથી તેના નિજ રૂપ પ્રત્યક્ આત્માને ઢાંકે છે; તેમ ઇશ્વિરનાં શરીરોમાં જે ઇશ્વરના કોશ છે, તે ઇશ્વરની દૃષ્ટિથી તેના નિજરૂપ બ્રહ્મના આચ્છાદક (ઢાંકનાર) નથી; પણ જીવની દૃષ્ટિથી બ્રહ્મના ઢાંકનાર છે. માટે જીવોને વ્યષ્ટિ પાંચ કોશોથી જેવો પ્રત્યગાત્માનો વિવેક (કોશથી આત્માને જૂદો પાડવા રૂપ વિવેચન) કર્તવ્ય છે, તેમ સમષ્ટિ પંચકોશથી બ્રહ્મનો વિવેક (વિવેચન-છૂટું પાડવું) પણ કર્તવ્ય છે. ઇશ્વરને આવરણ ન હોવાથી તથા તે નિત્ય મુક્ત હોવાથી કાંઈ પણ કર્તવ્ય નથી.

પંચકોશ વિવેક.

અનેક મંદ બુદ્ધિવાળાં માણસો પંચકોશમાં જે અનાત્મ પદાર્થ છે, તેમાંથી કોઈ એક પદાર્થને આત્મા માનીને મુખ્ય સાક્ષી રૂપ આત્મ સ્વરૂપથી વિમુખજ રહે છે કેમકે અન્નમયાદિક કોશ આત્માના સ્વરૂપને ઢાંકી રાખે છે. તેમાં—

૩૮ વિરોચનનો સિદ્ધાંત.

(અન્નમય કોશ આત્મા છે)

કેટલાક પામર [1]વિરોચન મતના અનુસારી સ્થૂલ શરીર રૂપ અન્નમય

---

* એક જાતની ચેળ જેવો જીવડો આશરે બે ઇંચ લાંબો હોય છે, તે બાવળની શૂળો માથા તરફથી સરખી કરીને તેને એક બીજા સાથે કરોળીઆના પડ જેવા પદાર્થથી ચોઢી દેઇ પોતે તેમાં રહે છે, તે પોતાના આગલા ભાગને બહાર કાઢીને ચાલે છે ત્યારે શૂળોનું ઘર તેની પાછળ ઘસડાતું ચાલ્યું આવે છે; અને ભયના પ્રસંગે પોતાનું માથું ઘરમાં ઘાલી પડી રહે છે. આ જીવડાનું અહીં દૃષ્ટાંત છે. અનુવાદક

૧ વિરોચન એક અસુરોનો રાજા હતો. તેનો મત એવો હતો કે શરીર એજ આત્મા છે.

કોશનેજ આત્મા કહે છે. અને તેના સમર્થનમાં નીચેની યુક્તિઓ જણાવે છેઃ-

(૧) જેમાં 'હું' એવી બુદ્ધિ થાય તેને આત્મા જાણવો. તેવી 'હું' બુદ્ધિ સ્થૂલ શરીરમાં થાય છે.

क " હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ છું, " એવી પ્રતીતિ સર્વને થાય છે.

ख મનુષ્યપણું, બ્રાહ્મણપણું સ્થૂલ શરીરમાંજ હોય છે.

માટે સ્થૂલ શરીરજ હું બુદ્ધિનો વિષય હોવાથી આત્મા છે.

(૨) અથવા, જેમાં મુખ્ય પ્રીતિ હોય તેને આત્મા જાણવો.

क સ્ત્રી, પુત્ર, ધન, પશુ, આદિક સ્થૂલ શરીરને ઉપકારક હોય તો તેમાં પ્રીતિ થાય છે.

ख સ્થૂલ શરીરને ઉપકારક ન હોય તો પ્રીતિ થતી નથી.

જેને માટે બીજા પદાર્થોમાં પ્રીતિ થાય છે તે સ્થૂલ શરીરમાંજ મુખ્ય પ્રીતિ હોય છે; માટે સ્થૂલ શરીર એજ આત્મા છે.

સ્થૂલ શરીરનું વસ્ત્ર, ભૂષણ, અંજન, મંજન, નાના પ્રકારના ભોજનથી શૃંગાર પોષણ, એજ પરમ પુરૂષાર્થ છે.

અસુરોના રાજા વિરોચનનો એવો સિદ્ધાંત છે..

૩૯ ઇન્દ્રિયાત્મવાદીનો મત.

ઇન્દ્રિય આત્મા.

કોઇ એમ કહે છે કે સ્થૂલ શરીરજ આત્મા નથી, પણ—

(૧) જેના હોવાથી સ્થૂલ શરીરનો જીવન વ્યવહાર ચાલે છે અને જે ન હોય તો મરણ વ્યવહાર થાય છે એટલે મરી ગયો છે એમ કહેવામાં આવે છે, તે આત્મા સ્થૂલ શરીરથી જૂદો છે.

જીવનમરણ ઇંદ્રિયોને અધીન છે. જેટલો વખત શરીરમાં ઇન્દ્રિયો હોય તેટલો વખત જીવન કહેવાય છે. અને કોઇ ઇંદ્રિય ન હોય ત્યારે મરણ કહેવાય છે.

(૨) હું દેખું છું, હું સાંભળું છું, હું બોલું છું, એ રીતે અહંબુદ્ધિ પણ ઇન્દ્રિયોમાંજ થાય છે.

માટે ઇંદ્રિયો આત્મા છે.

૪૦ હિરણ્યગર્ભના ઉપાસકનો મત.

પ્રાણ આત્મા.

હિરણ્યગર્ભના ઉપાસક પ્રાણને આત્મા કહે છે, અને તેમાં આ પ્રમાણે યુક્તિ કહે છેઃ—

(૧) મરણ વખતે જ્યારે માણુસને મૂર્છા થાય છે, ત્યારે તેના સંબંધીઓ પુત્ર વગેરે જો પ્રાણ શેષ હોય તો તે જીવે છે એમ જાણે છે, અને પ્રાણ બાકી ન હોય તો મરણ થયું એમ જાણે છે.

(૨) વળી શરીરમાં નેત્ર ઇંદ્રિય ન હોય તો આંધળાનું શરીર પણ જીવે છે; શ્રોત્ર વિના બહેરો રહે છે; વાણી વિના મૂગો રહે છે; એમ જે ઇંદ્રિય ન હોય તેની ક્રિયા બંધ પડે છે છતાં શરીર જીવતું રહે છે. પણ પ્રાણ જતાંની સાથે સ્મશાનના જેવું શરીર અમંગળ અને ભયંકર થઇને પૃથ્વીપર પડે છે.

(૩) 'હું દેખું છું, હું સાંભળું છું' એવી પ્રતીતિ થવા ઉપરથી પણ આત્મા ઇંદ્રિયથી ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. કેમકે નેત્ર સ્વરૂપ હું દેખું છું, શ્રવણ સ્વરૂપ હું સાંભળું છું" એવી પ્રતીતિ જો થતી હોય તો ઇંદ્રિયો આત્મા છે એમ સિદ્ધ થાય; પણ નેત્રવાળો હું દેખું છું, શ્રોત્રવાળો હું સાંભળું છું, એવી પ્રતીતિ થાય છે. માટે ઇન્દ્રિયથી ભિન્ન આત્મા છે.

૪ સુષુપ્તિમાં બધી ઇન્દ્રિયોનો અભાવ થાય છે. એટલે બધી ઇન્દ્રિયો હોતી નથી, તો પણ પ્રાણના રહેવાથી જીવન વ્યવહાર ચાલે છે. માટે જીવન મરણ પણ ઇન્દ્રિયોને અધીન નથી. પણ સ્થૂળ શરીર અને પ્રાણના વિયોગને મરણ કહે છે, માટે જીવન મરણ પ્રાણને અધીન છે. માટે તેજ આત્મા છે.

૪૧ મન આત્મવાદીનો મત.

(મન આત્મા છે.)

કોઈ એમ કહે છે કે—

(૧) પ્રાણ જડ છે માટે ઘડાની પેઠે અનાત્મ છે. અને—

(૨) બંધ મોક્ષ તો મનને અધીન છે.

ક વિષયમાં આસક્ત મન બંધનો હેતુ છે.

ખ વિષય વાસના રહિત મન મોક્ષનો હેતુ છે,

(૩) મનના સંબંધથીજ ઇંદ્રિયો જ્ઞાન કરી શકે છે; મનના સંબંધ વિના ઇંદ્રિયોથી જ્ઞાન થઈ શકતું નથી.

માટે સઘળા વ્યવહારનો હેતુ મન છે. અને તેજ આત્મા છે.

૪૨ વિજ્ઞાનવાદી બૌદ્ધોનો મત.

બુદ્ધિ આત્મા.

(૧) **વિજ્ઞાનનું ક્ષણિકત્વ**—ક્ષણિક વિજ્ઞાનવાદી બૌદ્ધો એમ કહે છે કે-મનનો વ્યાપાર બુદ્ધિને અધીન છે. કેમકે બુદ્ધિજ મનને આકારે થાય છે. માટે ક્ષણિક વિજ્ઞાન રૂપ બુદ્ધિજ આત્મા છે, મન આત્મા નથી.

એ બૌદ્ધોનો આવો અભિપ્રાય છે:—

क તમામ પદાર્થો વિજ્ઞાનનોજ આકાર છે.

ख તે વિજ્ઞાન પ્રકાશ રૂપ છે.

ग દરેક ક્ષણે વિજ્ઞાનની ઉત્પત્તિ અને નાશ થાય છે.

(૨) **ક્ષણિક વિજ્ઞાનની ધારા**—પહેલાંના વિજ્ઞાનના જેવા બીજા વિજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી પહેલાંનું વિજ્ઞાન નાશ પામે છે; તેમજ ત્રીજા વિજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી બીજા વિજ્ઞાનનો નાશ થાય છે; વળી ચોથા વિજ્ઞાનની ઉત્પત્તિ અને ત્રીજા વિજ્ઞાનનો નાશ થાય છે. એ રીતે નદીના પ્રવાહની પેઠે વિજ્ઞાનની ધારા (આ પ્રવાહને બૌદ્ધો ધારા કહે છે) ચાલુ રહે છે. એ વિજ્ઞાનની ધારા બે પ્રકારની છે:--

क આલયવિજ્ઞાન ધારા છે. અને બીજી--

ख પ્રવૃત્તિ વિજ્ઞાન ધારા છે.

क 'હું' 'હું' એવી વિજ્ઞાનની ધારાને **આલય વિજ્ઞાન ધારા** કહે છે. અને એનેજ બુદ્ધિ કહે છે.

ख 'આ ઘડો છે' 'આ શરીર છે' એવી વિજ્ઞાન ધારાને **પ્રવૃત્તિ વિજ્ઞાન ધારા** કહે છે.

આલયવિજ્ઞાનધારાથી પ્રવૃત્તિવિજ્ઞાનધારાની ઉત્પત્તિ થાય છે. મનનું સ્વરૂપ પણ પ્રવૃત્તિવિજ્ઞાનધારામાં છે, માટે તે (મન) આલયવિજ્ઞાનધારા રૂપ બુદ્ધિનું કાર્ય છે. એ **બુદ્ધિજ આત્મા** છે.

(૩) **વિજ્ઞાન વાદીઓના મોક્ષનું સ્વરૂપ**—આલય વિજ્ઞાન ધારાના બાધનું ચિંતન કરવાથી-એટલે પ્રવૃત્તિ વિજ્ઞાન આલય વિજ્ઞાન ધારાનું કાર્ય હોવાથી મિથ્યા છે એમ વિચાર કરવાથી-નિર્વિશેષ ક્ષણિક વિજ્ઞાન ધારાની સ્થિતિ (એટલે કોઈ પણ ભિન્ન ભિન્ન વિજ્ઞાન નથી, પણ માત્ર ક્ષણિક વિજ્ઞાનની ધારાજ વહી રહી છે, એટલુંજ માત્ર ભાન રહે, એવી સ્થિતિ) એજ તેમના મતમાં મોક્ષ છે.

આ રીતે વિજ્ઞાનવાદી બુદ્ધિનેજ ક્ષણિક રૂપ અને સ્વયં પ્રકાશ કલ્પીને તેને આત્મા કહે છે.

૪૩ ભટ્ટનો મત

(આનંદમય કોશ આત્મા.)

પૂર્વ મીમાંસાના વાર્તિકકાર ભટ્ટ કહે છે કે:—આત્મા વિજળીના જેવો ક્ષણિક નથી, પણ સ્થિર સ્વરૂપ છે. તે આત્મા (૧) જડ રૂપ અને (૨) ચેતન રૂપ છે.

ભટ્ટપાદનો અભિપ્રાય આવો છે:—

(૧) સુષુપ્તિમાંથી જાગીને પુરૂષ આ પ્રમાણે કહે છે:-"હું જડ થઇને સુઇ રહ્યો." માટે આત્મા જડ રૂપ છે. અને—

(૨) જાગેલાને સ્મૃતિ થાય છે. જે વસ્તુ જાણી નથી, તેનું સ્મરણ થતું નથી; અને સુષુપ્તિમાં આત્મસ્વરૂપથી બીજું કાંઈ જ્ઞાન થવાનું સાધન નથી. માટે સુષુપ્તિમાં પણ જે જ્ઞાન રહેલું છે તેજ સ્મરણ થવાનું કારણ છે. માટે એ જ્ઞાન આત્માનું સ્વરૂપ છે.

આ રીતે આગિયા જીવડાની પેઠે આત્મા પ્રકાશ રૂપ અને અપ્રકાશ રૂપ છે.

આનંદમય કોશ પ્રકાશરૂપ અને અપ્રકાશરૂપ છે. કેમકે સુષુપ્તિમાં ચેતનના આભાસ સહિત જે અજ્ઞાન, તેને આનંદમય કોશ કહે છે. તેમાં આભાસ પ્રકાશ રૂપ છે અને અજ્ઞાન અપ્રકાશ રૂપ છે. માટે ભટ્ટના મતમાં આનંદમય કોશજ આત્મા છે.

૪૪ માધ્યમિક બૌદ્ધનો મત.

(આનંદમય કોશ આત્મા.)

શૂન્યવાદી બૌદ્ધો એમ કહે છે કે:—

આત્મા અંશ રહિત છે, માટે એકજ આત્માને પ્રકાશ રૂપ અને અપ્રકાશ રૂપ કહેવો સંભવે નહિ. આગિયાનો તો એક ભાગ પ્રકાશ રૂપ છે. અને એક ભાગ અપ્રકાશ રૂપ છે; પણ તેની પેઠે ભાગરહિત આત્મા પણ પ્રકાશ રૂપ અને અપ્રકાશ રૂપ હોય એ અસંગત છે. જો આત્માને બન્ને રૂપ માનવો હોય તો આત્માને જેનાભાગથઇ શકે એવો પદાર્થ માનવો જોઇએ.

હવે જે પદાર્થો ઘડા વગેરેની પેઠે અંશવાળા છે, તે ઉત્પત્તિ નાશવાળા હોય છે. તેમ આત્મા પણ અંશવાળો હોવાથી ઉત્પત્તિ નાશવાળો માનવો પડશે.

(૧) જે પદાર્થ ઉત્પત્તિ નાશવાળો હોય, તે ઉત્પત્તિથી પહેલાં અને નાશની પછી અસત્ હોય છે તે મધ્યે (વર્તમાનકાળમાં) પણ સત્ હોય નહિ, પણ અસતજ હોય છે. માટે આત્મા અસત્ રૂપ છે.

(૨) તેમજ આત્માથી ભિન્ન તમામ પદાર્થો પણ ઉત્પત્તિ નાશવાળા હોવાથી અસત્ રૂપ છે.

એ રીતે આત્મા અને અનાત્મા—તમામ વસ્તુ—અસત્ રૂપ હોવાથી શૂન્ય એજ પરમતત્વ છે. એવો શૂન્યવાદી માધ્યમિક બૌદ્ધોનો મત છે.

તે પણ અજ્ઞાન રૂપ આનંદમય કોશનુંજ પ્રતિપાદન કરે છે. કેમકે અજ્ઞાન ત્રણ રૂપથી પ્રતીત થાય છે.

(૧) અદ્વૈત શાસ્ત્રના સંસ્કાર વગરના જે મૂઢ છે, તેમને તો જગત્ રૂપે પરિણામ પામેલુ અજ્ઞાન સત્ય પ્રતીત થાય છે.

(૨) અદ્વૈત શાસ્ત્રને અનુસાર યુક્તિ નિપુણ પંડિતોને એ અજ્ઞાન સત્ અસત્થી વિલક્ષણ અનિર્વચનીય રૂપ પ્રતીત થાય છે, અને એ અજ્ઞાનનું કાર્ય જગત્ છે એમ પ્રતીત થાય છે.

(૩) જ્ઞાનમાં સ્થિતિવાળા જીવન્મુક્ત વિદ્વાનોનેકાર્ય સહિત અજ્ઞાન તુચ્છ રૂપ પ્રતીન થાય છે.

તુચ્છ, અસત્, અને શૂન્ય, એ ત્રણે શબ્દો એકજ અર્થના છે.

આ રીતે જીવન્મુકતોને જે અજ્ઞાન તુચ્છ રૂપ પ્રતીત થાય છે, તેમાં મોહ પામેલા શૂન્યવાદી પરમ પુરૂષાર્થને જાણતા નથી; પણ તુચ્છરૂપ આનંદમય કોશનેજ આત્મા કહે છે.

૪૫ પ્રભાકર અને નૈયાયિકનો મત.

આનંદમય કોશ આત્મા.

પૂર્વ મીમાંસાના એક દેશી પ્રભાકર, અને નૈયાયિક આ રીતે કહે છે:—(કોઈ શાસ્ત્રમાંની એકાદ બાબત વિષે જેનો મત ભેદ હોય તેને એકદેશી કહે છે.)

આત્મા શૂન્યરૂપ નથી. કેમકે જે આત્માને શૂન્ય માનતો હોય તેને આ બે પ્રશ્ન પૂછીએ છીએ:—(૧) શૂન્ય રૂપનો તેં અનુભવ કર્યો છે? (૨) અથવા નથી કર્યો?

(૧) જો તે એમ કહે કે " શૂન્યનો અનુભવ કર્યો છે. " તો જેણે શૂન્યનો અનુભવ કર્યો છે, તે આત્મા શૂન્યથી વિલક્ષણ (જૂદા લક્ષણવાળો) સિદ્ધ થાય છે.

(૨) જો તે એમ કહે કે " શૂન્ય રૂપનો અનુભવ નથી કર્યો " તો શૂન્ય નથી, એમજ સિદ્ધ થાય છે.

આ રીતે શૂન્યથી વિલક્ષણ આત્મા છે.

(૧) એ આત્માને મનના સંયોગથી જ્ઞાન ઉત્પન્ન થાય છે.

(૨) એ જ્ઞાન ગુણને લીધે આત્માને ચેતન કહે છે.

(૩) પણ--આત્મા સ્વરૂપથી તો જડ છે.

(૪) તેમ—સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, આદિ ગુણો આત્મામાં છે.

તેમના મતમાં પણ આનંદમય કોશજ આત્મા છે.

વિજ્ઞાનમય કોશમાં જે બુદ્ધિ છે, તેને તેઓ આત્માનો જ્ઞાન ગુણ માને છે; કેમકે આનંદમય કોશમાં ચેતન ઢંકાયલું છે, તે વિવેક કરી ન જાણે તેને પ્રતીત થતું નથી, અને તેથીજ પ્રભાકર તથા નૈયાયિક આત્માને સુષુપ્તિમાં જ્ઞાનહીન માનીને ' આત્માનું મૂળ સ્વરૂપ જડ છે ' એમ કહે

છે. માટે જે કોશમાં ચેતન ગૂઢ રહ્યું છે એવો આનંદ ય કોશ એજ આત્મા છે એવી તેમને ભ્રાંતિ થાય છે.

તેઓ જીવમાં આત્મસ્વરૂપ નિત્યજ્ઞાન છે એમ માનતા નથી; પણ જીવમાં અનિત્ય જ્ઞાન છે એમ માને છે. તે અનિત્ય જ્ઞાન અંતઃકરણની વૃત્તિ બુદ્ધિ રૂપ છે એવો વેદાંતનો સિદ્ધાંત છે.

એવી રીતે પ્રભાકર અને નૈયાયિકના મતમાં આનંદમયકોશ આત્મા છે અને બુદ્ધિ તેનો ગુણ છે. તેમનો આ મત પણ સારો નથી.

૪૬ જીવના પંચકોશની પેઠે ઇશ્વરના પંચકોશ વડે ઇશ્વરના સ્વરૂપનું આચ્છાદન.

પાછળ પ્રભાકર અને નૈયાયિકનો મત સારો નથી, એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છેઃ—

(૧) જ્ઞાનથી ભિન્ન જે જડ વસ્તુ ઘડો વગેરે છે તે અનિત્ય છે, તેમ આત્મા પણ જ્ઞાનસ્વરૂપ ન હોય તો ઘડા વગેરેની પેઠે જડ હોવાથી અનિત્ય ઠરશે.

(૨) જો આત્મા અનિત્ય હોય તો મોક્ષને માટે જે સાધનો વેદશાસ્ત્રમાં કહ્યાં છે તે નિષ્ફળ થશે.

આ રીતે વેદાંતવાક્યોમાં વિશ્વાસ વિનાના અનેક બહિર્મુખ (બહાર આત્માને શોધનારા) મનુષ્યો પંચકોશમાંથી કોઇ એક પદાર્થને આત્મા માને છે, અને મુખ્ય આત્મસ્વરૂપ સાક્ષીને જાણતા નથી. માટે અન્નમય વગેરે આત્માને ઢાંકનારા હોવાથી તેમને કોશ કહેવામાં આવે છે.

જેમ જીવના પંચકોશ જીવના યથાર્થ સ્વરૂપ સાક્ષીને ઢાંકે છે; તેમ ઇશ્વરના સમષ્ટિ પંચકોશ ઇશ્વરના યથાર્થ સ્વરૂપને પણ ઢાંકે છે. કેમકે ઇશ્વરનું યથાર્થ સ્વરૂપ તો 'તત્' પદનું લક્ષ્ય છે (એટલે શુદ્ધ નિર્વિકાર ચૈતન્ય બ્રહ્મ છે.) તેને છોડીને—

(૧) કોઇ તો માયારૂપ આનંદમય કોશ વિશિષ્ટ જે અંતર્યામી તત્પદનું વાચ્ય, તેનેજ પરમતત્વ કહે છે.

(૨) તેમજ હિરણ્યગર્ભ. વૈશ્વાનર ,વિષ્ણુ, બ્રહ્મા, શિવ, ગણેશ, દેવી, સૂર્ય, વગેરેથી આરંભીને તરવાર, કોદાળી, પીપળો, આકડો, અને વાંસ પર્યંત પદાર્થોને ભ્રાંતિથી પરમાત્મા માને છે.

જો કે સર્વે પદાર્થોમાં લક્ષ્ય ભાગ પરમાત્માજ છે તથાપિ તે તે ઉપાધિ સહિતને જે પરમાત્મા માને છે, તે તેમની ભ્રાંતિ છે. આ રીતે—

(૧) પાંચ કોશથી ઢંકાયલું જે જીવ અને ઇશ્વરનું પરમાર્થ સ્વરૂપ (ખરૂં સ્વરૂપ), તેનાથી વિમુખ થઇને દેહ વગેરેને ભ્રાંતિથી આત્મા માનીને મનુષ્ય પુણ્ય પાપ કર્મ કરે છે. અને—

(૨) અંતર્યામીથી આરંભીને વાંસ સુધીના પદાર્થોને ઈશ્વર રૂપ માનીને તેમનું આરાધન કરીને સુખની ઇચ્છા રાખે છે. જેવી ઉપાધિનું મનુષ્ય આરાધન કરે છે તેને અનુસરનારજ તેને ફળ પણ મળે છે. કેમકે કારણ રૂપ, સૂક્ષ્મરૂપ અને સ્થૂળરૂપ બધું જગત ઇશ્વરનાં ત્રણ શરીરોમાંજ સમાઇ રહેલું છે. તેમાં ઉપાસનાને અનુસારે ફળ પણ તે સર્વ શરીરવાળો ઇશ્વરજ આપે છે.

પરંતુ, બ્રહ્મજ્ઞાન વિના મોક્ષ થતો નથી. જો મોક્ષની ઇચ્છા હોય તો વિવેકથી જીવ ઇશ્વરના સ્વરૂપને પાંચ કોશમાંથી છૂટો કરીને જુઓ.

દૃષ્ટાંતઃ—જેમ મુંજ નામના ઘાસમાં વચલી સળી ઉપર એક પછી એક એમ ઘણાં પડ વીંટાયલાં હોય છે, તે સર્વને ઉખેડી નાંખીને વચલી શળી જૂદી કરવામાં આવે છે, તેમ જીવ અને ઇશ્વરના સ્વરૂપને પણ પાંચ કોશથી ભિન્ન કરીને સમજવું.

૪૭ પાંચકોશનો વિવેક કરવાનો પ્રકાર.

स्थूल देहको भान न होवै,
स्वप्नमांहि लखि आतमज्ञान;
सूक्ष्मज्ञान सुषुप्ति समै नहिं,
सुखस्वरूप व्है आतम भान;
भासै भये समाधि अवस्था
निरावरन आतम न अज्ञान;
ऐसे तीनि देह व्यभिचारी,
आतम अनुगत न्यारो ज्ञान। १५८

અર્થ—સ્વપ્નાવસ્થામાં સ્થૂલ દેહનું ભાન થતું નથી, પણ આત્માનું ભાન થાય છે. સુષુપ્તિ અવસ્થામાં સૂક્ષ્મ દેહનું ભાન થતું નથી, તથાપિ તેમાં પણ સુખ સ્વરૂપ આત્માનું ભાન થાય છે. સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે નિરાવરણ આત્માનું ભાન થાય છે, પણ (સુષુપ્તિ અવસ્થાનું) અજ્ઞાન તેમાં ભાસતું નથી. એ રીતે ત્રણે દેહ વ્યભિચારી છે, પણ તે સર્વે દેહોમાં અનુગત જે આત્મા તે, તે ત્રણે દેહોથી ભિન્ન છે એમ જાણ ૧૫૮

ટીકા—(૧) સ્વપ્ન અવસ્થામાં સ્થૂલ દેહનું ભાન હોતું નથી, પણ આત્માનું ભાન થાય છે.

(૨) તેમજ સુષુપ્તિ અવસ્થામાં સૂક્ષ્મ શરીરનું જ્ઞાન થતું નથી, પણ સુખ સ્વરૂપ આત્મા સ્વયંપ્રકાશરૂપે પ્રતીત થાય છે. જો સુખનું જ્ઞાન

સુષુપ્તિમાં ન થતું હોય તો ' હું સુખથી ઉંઘ્યો ' એવી સ્મૃતિ જાગ્યા પછી ન થવી જોઇએ. માટે સુખનું જ્ઞાન સુષુપ્તિમાં થાય છે. સુષુપ્તિનું તે સુખ વિષય જન્ય તો નથીજ, કેમકે સુષુપ્તિમાં કોઇ વિષય હોતો નથી; પણ તે સુખ આત્મ સ્વરૂપનુંજ છે. તે આત્મા સ્વયં પ્રકાશ છે, માટે સુખ રૂપ આત્મા સ્વયંપ્રકાશ રૂપથી સુષુપ્તિમાં ભાસે છે.

૩ નિદિધ્યાસનનું ફળ જે નિર્વિકલ્પ સમાધિ અવસ્થા, તેમાં અજ્ઞાન કૃત આવરણ રહિત (સુષુપ્તિની પેઠે અજ્ઞાનથી ઢંકાયલો નહિ એવો) આત્મા ભાસે છે; પણ કારણ શરીર રૂપ અજ્ઞાન ભાસતું નથી.

(૧) એવી રીતે ત્રણે દેહ વ્યભિચારી છે, એટલે એક અવસ્થામાં હોય અને બીજી અવસ્થામાં ન હોય, એવા છે. માટે એક અવસ્થા સિવાય બીજી અવસ્થામાં ભાસતા નથી.

(૨) આત્મા બધા દેહોમાં અનુગત છે એટલે વ્યાપક છે, કેમકે બધી અવસ્થાઓમાં ભાસે છે.

આવી રીતે વિવેક કરીને ત્રણે શરીરથી આત્માને જૂદો સમજવો.

(૧) સ્થૂલ શરીર અન્નમય કોષ છે. અને (૨) કારણ શરીર આનંદમય કોશ છે. તેમજ (૩-૪-૫) સૂક્ષ્મ શરીરમાં પ્રાણમય, મનોમય, અને વિજ્ઞાનમય, એ ત્રણ કોશ છે. માટે ત્રણ શરીરથી આત્માનો વિવેક થઈ જાય છે.

જેમ જીવનું સ્વરૂપ પાંચ કોશથી ભિન્ન છે, તેમ ઇશ્વરનું સ્વરૂપ પણ સમષ્ટિ પંચકોશથી ભિન્ન છે.

ચોથા તરંગમાં ચાર પ્રકારના આકાશના દૃષ્ટાંતથી જીવ ઇશ્વરના લક્ષ્ય સ્વરૂપનો વિવેક વિસ્તારથી કર્યો છે; અને છઠ્ઠા તરંગમાં અસ્તિ ભાતિ પ્રિય રૂપના નિરૂપણમાં તથા મહાવાક્યના અર્થ નિરૂપણમાં આત્માના પરમાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવશે, માટે અહીં સંક્ષેપથી આત્મ વિવેક કહ્યો છે.

૪૮ મહાવાક્યના અર્થનો ઉપદેશ.

આ રીતે પંચ કોશથી આત્માને જૂદો જાણવા વડે પણ જિજ્ઞાસુ કૃતકૃત્ય થતો નથી. પણ જીવ અને બ્રહ્મના અભેદ નિશ્ચય માટે ફરી પણ વિચાર કરવાનો બાકી રહે છે. માટે જેથી કાંઇ પણ કરવાનું બાકી રહે નહિ, અને જિજ્ઞાસુ કૃતકૃત્ય થાય, તે માટે મહાવાક્યના અર્થનો ઉપદેશ કરે છેઃ—

सवैया—पंचकोशतैं आतम न्यारो,
जानि सु जानहु ब्रह्मस्वरूप;
तातैं भिन्न जु दीखै सुनिये,

सो मानहु मिथ्या भ्रमकूप;
मिथ्या अधिष्ठान न बिगारै,
स्वप्नभीख न दरिद्री भूप;
सब कछु कर्ता तऊ अकर्ता,
तव अस अद्भुतरूप अनूप. १५९

અર્થ—પાંચ કોશથી આત્મા ભિન્ન છે. એમ જાણીને તેને બ્રહ્મરૂપજ જાણવો એ આત્માથી ભિન્ન જે જોવામાં કે સાંભળવામાં આવે, તે મિથ્યા અને ભ્રાંતિના કૂવા રૂપ માનવું. જે અધિષ્ઠાનમાં મિથ્યા વસ્તુનો ભ્રમ થાય છે તે મિથ્યા વસ્તુ તે અધિષ્ઠાનને બગાડી શકતી નથી. દૃષ્ટાંતઃ—જેમ રાજા રૂપી અધિષ્ઠાનમાં સ્વપ્ન-રૂપ ભ્રાંતિથી તે પોતાને ભીખ માગતો જુએ, પણ તેથી કાંઇ રાજા દરિદ્રી થઇ જતો નથી. એ રીતે આત્મા સર્વ કાંઇ કરનારો હોવા છતાં અકર્ત્તા છે. હે શિષ્ય ! તારૂં રૂપ એવું અદ્‌ભુત અને અનુપમ છે. ૧૫૯

ટીકા—હે શિષ્ય પંચકોશથી આત્માને જૂદો જાણીને તે આત્માજ બ્રહ્મ છે એમ જાણવું.

૪૯ આત્માનો બ્રહ્મથી અભેદ.

શિષ્ય—હે ભગવન્, આત્મા પુણ્ય પાપ કરે છે, તેથી સ્વર્ગ અને નરક લોકમાં તથા મૃત્યુ લોકમાં નાના પ્રકારનાં સુખદુઃખ ભોગવે છે, તેની બ્રહ્મ સાથે એકતા સંભવતી નથી.

ગુરૂ—આત્મા અકર્તા, અભોક્તા અને નિત્ય મુક્ત છે, માટે તે સદૈવ બ્રહ્મથી અભિન્ન છે એ આત્માથી ભિન્ન જેટલું તું દેખે છે, અને શાસ્ત્રથી સાંભળે છે-જેવું કે, સ્વર્ગ નરક, પુણ્ય પાપ, એ સઘળો મિથ્યા ભ્રમ છે એમ સમજવું વળી-જે મિથ્યા વસ્તુ હોય તે પોતાના અધિષ્ઠાનને કાંઇ દૂષિત કરી શકતી નથી. જેમ—

(૧) સ્વપ્નની મિથ્યા ભીખ માગવાથી રાજા કાંઇ દરિદ્રી થઇ જતો નથી; વળી—

(૨) મરૂસ્થળના મિથ્યા પાણીથી પૃથ્વી કાંઇ ભીની થતી નથી.

(૩) મિથ્યા સાપથી દોરડી કાંઇ ઝેરી બનતી નથી.

માટે આત્મા સંપૂર્ણ (તમામ) મિથ્યા એવી શુભ અશુભ ક્રિયાનો કર્તા છતાં પણ અકર્તા છે, એટલે પરમાર્થથી (વાસ્તવિક રીતે) કર્તા નથી! એવું તારૂં (આત્માનું) રૂપ અદ્‌ભુત અને ઉપમા રહિત છે.

એનો ભાવ એવો છે કે—

(૧) તારૂં સ્વરૂપ બ્રહ્મથી ભિન્ન નથી. એવા તારા સ્વરૂપમાં સ્થૂલ સૂક્ષ્મ શરીર અને તેની સારી માઠી ક્રિયાઓ, અને તેનું ફળ જન્મ મરણ, સ્વર્ગ નરક, સુખદુઃખ, એ તમામ અવિદ્યાએ કલ્પેલું છે.

(૨) એવી કલ્પિત સામગ્રીથી તારૂં બ્રહ્મપણું કાંઇ બગડતું નથી; કેમકે જ્ઞાન થયા પહેલાં પણ આત્મા બ્રહ્મ સ્વરૂપજ છે.

(૩) તેનામાં ત્રણે કાળમાં શરીર અને તેના ધર્મોનો સંબંધ નથી, પણ આત્મા હમેશાંજ નિત્યમુક્ત છે, તે બ્રહ્મથી કદી પણ જૂદો છેજ નહિ.

૫૦ જીવન્મુક્તનો નિશ્ચય. (વેદાંત શ્રવણનું ફળ.)

શિષ્ય—જો આત્મા હમેશાંજ નિત્ય મુક્ત અને બ્રહ્મસ્વરૂપ છે, તો શ્રવણ વગેરે જ્ઞાનનાં સાધનો નકામાં થશે ! એ પ્રશ્નના સમાધાન માટે કહે છે કેઃ—

इंदव छंद.

नांहि खपुष्पसमान प्रपंच तु
ईस कहां करता जु कहावे;
साक्ष्य नहीं इम साक्षिस्वरूप न,
दृश्य नही दृक काहि जनावैं;
बंधहु होई तु मोक्ष बने अरु
होय अज्ञान तु ज्ञान नसावै.
जानि यही कर्तव्य तजै सब,
निश्चल होत हि निश्चल पावे. १६०

અર્થ—આ જગતજ આકાશના પુષ્પ સમાન હોવાથી તેજ નથી, તો પછી તેનો કર્તા ઇશ્વર શી રીતે કહેવાય? સાક્ષીથી ભાષ્ય સાક્ષ્ય વસ્તુજ નથી, તો પછી સાક્ષી શાનો હોય? દૃશ્ય નથી તો દૃક (સાક્ષી ચેતન રૂપ જ્ઞાન) કયી વસ્તુને જણાવે? (દૃશ્યની અપેક્ષાથીજ દૃક કહેવામાં આવે છે) જો બંધ હોય તો મોક્ષ સંભવે અને અજ્ઞાન હોય તો તેનો નાશ જ્ઞાન કરે. એ રીતે જાણીને જે સમગ્ર કર્તવ્યને તજી દેઈને સ્થિર થાય છે એટલે તેને નિશ્ચળ આત્માની પ્રાપ્તિ થાય છે. (અહીં કવિએ નિશ્ચળ શબ્દ ભિન્નાર્થક વાપરીને ગ્રંથ કર્તાના નામનું સૂચન કર્યું છે, માટે એ 'મુદ્રાલંકાર' છે.) ૧૬૦

ટીકા—જીવન્મુક્ત વિદ્વાન પુરૂષની દષ્ટિમાં અજ્ઞાન અને તેનું કાર્ય તુચ્છ છે. હે શિષ્ય ! તે જીવન્મુક્તોનો નિશ્ચય આ પ્રમાણે છે.

(૧) આ જગત્ આકાશના ફૂલ જેવું છે. અર્થાત્ આકાશમાં જેમ ફૂલ હોતું નથી તેમ આ જગત્ પણ નથી. અને જગત નથી ત્યારે તેનો કર્તા ઇશ્વર પણ નથી.

(૨) સાક્ષીનો વિષય જે અજ્ઞાન વગેરે તે 'સાક્ષ્ય' કહેવાય છે. તે સાક્ષ્ય નથી તેથી સાક્ષી પણ નથી.

(૩) તેમજ દશ્ય પદાર્થનો જે પ્રકાશ કરે તેને દક્ કહે છે. અને પ્રકાશવા યોગ્ય જે દેહ વગેરે તેને દશ્ય કહે છે. એ દેહ વગેરે દશ્ય છે જ નહિ. માટે દક પણ નથી. જો કે કેવળ કૂટસ્થ ચેતનને સાક્ષી અથવા દક કહે છે, તેનો નિષેધ સંભવે નહિ, એટલે—' તે નથી ' એમ કહેવાય નહિ; તથાપિ સાક્ષ્યની અપેક્ષાથી 'સાક્ષી' એવું નામ કહેવાય છે, અને દશ્યની અપેક્ષાથી ' દક , એવું નામ કહેવાય છે; સાક્ષ્ય અને દશ્ય વસ્તુનો અભાવ છે, એટલે—સાક્ષ્ય અને દશ્ય એવી વસ્તુજ નથી, ત્યારે સાક્ષી અને દક નામ ન હોઇ શકે. એ રીતે સાક્ષી અને દક નામનો નિષેધ કર્યો છે-સ્વરૂપનો નહિ.

(૪) જો બંધ હોય તો બંધના નિવૃત્તિરૂપ મોક્ષ હોય; બંધ નથી માટે મોક્ષ પણ નથી. અને—

(૫) અજ્ઞાન હોય તો તેનો જ્ઞાનથી નાશ થાય; અજ્ઞાન છે નહિ, માટે તેનો નાશ કરનાર જ્ઞાન પણ નથી.

એમ સમજીને કર્તવ્ય તજવું. એટલે મારે 'આ કરવા યોગ્ય છે' એ બુદ્ધિ તજી દેવી. કેમકે—

(૧) આ લોક અને પરલોક તો તુચ્છ છે; તેને માટે તો કશું કર્તવ્ય છે નહિ.

(૨) આત્મામાં બંધ નથી; માટે તેને સારૂં પણ કાંઇ કર્તવ્ય નથી.

આ રીતે જ્યારે આત્માને નિત્ય મુક્ત બ્રહ્મરૂપ જાણીને જિજ્ઞાસુ જ્યારે સ્થિર થાય-સઘળાં કર્ત્તવ્યનો ત્યાગ કરે-ત્યારે અક્રિય (ક્રિયા રહિત) એવા બ્રહ્મરૂપ વિદેહ મોક્ષને પામે છે.

એમ કહેવાનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

જો કે આત્મા જ્ઞાન થયા પહેલાં પણ નિત્યમુક્ત બ્રહ્મસ્વરૂપજ છે, પરંતુ મનુષ્ય જ્ઞાન થયા પહેલાં આત્માને કર્ત્તાભોક્તા મિથ્યા માનીને સુખની પ્રાપ્તિ માટે તથા દુઃખની નિવૃત્તિ માટે અનેક સાધન કરે છે, અને તેથી ક્લેશ જ પામે છે.

જ્યારે ઉત્તમ આચાર્ય મળે છે ત્યારે તે વેદાંત વાક્યોનો ઉપદેશ કરે છે, તે વેદાંત વાક્યો સાંભળવાથી આવું જ્ઞાન થાય છેઃ—"હું કર્તા ભોક્તા નથી, પણ બ્રહ્મસ્વરૂપ છું, માટે મારે કાંઇપણ કર્ત્તવ્ય નથી," એ રીતે સમજવું, એજ શ્રવણાદિક સાધનોનું ફળ છે; બ્રહ્મની પ્રાપ્તિ એ વેદાંત શ્રવણનું ફળ નથી, કેમકે બ્રહ્મ તો પોતાનું સ્વરૂપ છે, અને તેથી તે નિત્ય પ્રાપ્ત છે.

૫૧ જ્ઞાની અને અજ્ઞાનીનું લક્ષણ.

(કર્તવ્ય અને અકર્તવ્ય.)

दोहा-यही चिह्न अज्ञानको, जो मानै कर्तव्य;
सोई ज्ञानी सुघर नर, नहि जाकूं भवितव्य. १६१

અર્થ—ગુરૂ કહે છે, હે શિષ્ય! જે મનુષ્ય પોતાને કાંઇક કર્તવ્ય છે એમ માને છે, તેજ અજ્ઞાનનું ચિન્હ છે; અને જે કોઇ પોતે છે તેનાથી બીજે રૂપે થવા ઇચ્છતો નથી—અને તેથી જેને કાંઇ કર્ત્તવ્ય નથી, તેજ ચતુર મનુષ્ય જ્ઞાની છે. ૧૬૧.

૫૨ ગોપ્ય તત્વનો ઉપદેશ.

इंदव छंद.

एक अखंडित ब्रह्म असंग,
अजन्म अदृश्य अरूप अनामैं,
मूल अज्ञान न सूक्षम थूल,
समष्टि न व्यष्टिपनो नहि तामैं;
ईस न सूत्र विराट न प्राज्ञ न,
तैजस बिश्वस्वरूप न जामैं;
भोग न जोग न बंध न मोक्ष,
नहीं कछु वामैं रु है सब वामैं. १६२

जाग्रतमैं जु प्रपंच प्रभासत,
सो सब बुद्धि विलास बन्यो है;
ज्यूं सुपने महिं भोग्य न भोग,
तऊ इक चित्रविचित्र जन्यो है;
लीन सुषुपतिमैं मति होत हि,
भेद भगै इक रूप सुन्यो है;
बुद्धि रच्यो जु मनोरथमात्र सु,
निश्चल बुद्धि प्रकाश भन्यो है. १६३

सवैया छंद.

जाके हिये ज्ञान उजियारो,
तम अंधियारो खरो विनाश;
सदा असंग एकरस आतम,
ब्रह्मरूप सो स्वयंप्रकाश;
ना कछु भयो न है नहिं व्है है,
जगत मनोरथ मात्र विलास;
ताकी प्राप्ति निवृत्ति न चाहत,
ज्युं ज्ञानीके कोउ न आस. १६४

देखै सुनै, न सुनै न देखै,
सबरस ग्रहै रु लेत न स्वाद;
सूंघि परखि, परसै न न सूंघै
बैन न बोलै करै विवाद;
ग्रहि न ग्रहै, मल तजै न त्यागै,
चलै नहीं अरु धावत पाद;
भोगै युवति सदा संन्यासी,
सिष लखि यह अद्भुत संवाद. १६५

निज विषयनमैं इंद्रिय वर्तै
तिनतैं मेरा नाहीं संग
मैं इंद्रिय नहि, मम इंद्रिय नहि,
मैं साक्षी कूटस्थ असंग;
त्यागहु विषय कि भोगहु इंद्रिय,
मोकूं लगै न रंचक रंग;
यह निश्चय ज्ञानिको जातैं,
कर्त्ता दीखै करै न अंग. १६६

ગુરૂ—બ્રહ્મ એક છે; અખંડ છે એટલે તેના વિભાગ પડતા નથી; તે અસંગ છે એટલે તેને કાંઇ વળગણુ નથી; તેને જન્મ નથી; તે અદૃશ્ય છે, તથા નામ અને રૂપ વિનાનું છે..

મૂળ અજ્ઞાન એટલે અવિદ્યા, સૂક્ષ્મ અને સ્થૂલ જગત્. સમષ્ટિ અને વ્યષ્ટિપણું, એ સઘળું તે બ્રહ્મમાં છેજ નહિ.

તે બ્રહ્મમાં ઇશ, સૂત્રાત્મા, વિરાટ, પ્રાજ્ઞ, તૈજસ, વિશ્વ, એ પણ નથી.

ભોગ, યોગ, બંધ, મોક્ષ, એ કાંઈ તેમાં નથી, અને અજ્ઞાનીની દૃષ્ટિથી એ બધું એમાંજ છે. ૧૬૨.

જાગ્રતમાં જે જગત દેખાય છે તે સઘળો બુદ્ધિનો વિલાસ છે. જેમ સ્વપ્નામાં ભોગ કે ભોગ્ય છે નહિ, તથાપિ ચિત્ર વિચિત્ર વસ્તુઓ ઉત્પન્ન થયેલી જણાય છે.

પણ જ્યારે બુદ્ધિ સુષુપ્તિમાં લીન થઇ જાય છે, ત્યારે એ સઘળો ભેદ નાશ પામે છે અને એક રૂપ માલમ પડે છે.

માટે એ સર્વ બુદ્ધિએ રચેલો મનોરથ માત્ર છે. અને એ બુદ્ધિનું પ્રકાશક બ્રહ્મ છે. (એમ નિશ્ચળદાસ કહે છે.) ૧૬૩

જેના હૃદયમાં જ્ઞાન રૂપી પ્રકાશ પડયો છે, અને જેના હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થયો છે, તે પોતેજ સદા અસંગ, એક રસ, બ્રહ્મરૂપ, સ્વયંપ્રકાશ આત્મા છે.

તેને મન કાંઈ થયું નથી, કાંઇ છે નહિ અને કાંઇ થવાનું નથી; માત્ર મનોરથના વિલાસ જેવું જગત તે દેખે છે.

એવા મનોરથ માત્ર જગતની તે પ્રાપ્તિ ઈચ્છતો નથી કે નિવૃત્તિ પણ ઇચ્છતો નથી. કેમકે જ્ઞાનીને કોઈ જાતની આશા હોતી નથી. ૧૬૪.

તે દેખે છે પણ દેખતો નથી; તે સાંભળે છે પણ સાંભળતો નથી; તે બધા રસ ચાખે છે, પણ સ્વાદ લેતો નથી; તે સૂંઘે છે, પણ સૂંઘતો નથી; તે સ્પર્શ કરે છે, પણ સ્પર્શ કરતો નથી; તે વિવાદ કરે છે તથાપિ બોલતો નથી; તે હાથ વડે ઝાલે છે પણ ઝાલતો નથી; તે મળ તજે છે પણ તજતો નથી; તે પગે દોડે છે છતાં ચાલતો નથી; તે સ્ત્રી ભોગવે છે છતાં સંન્યાસી છે એટલે સન્યાસીનિ પેઠે સદા સ્ત્રી સંગથી રહિત છે. હે શિષ્ય આ અદ્‌ભુત વાત તું સમજ. ૧૬૫

એનો અભિપ્રાય એવો છે કે :—

ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાં પ્રવર્તે છે, પણ તેની સાથે મારે કાંઇ સંગ નથી—આસક્તિ નથી. હું કાંઇ ઇંદ્રિય નથી અથવા ઇંદ્રિયો મારી પણ નથી; હું તો સંગ રહિત, કૂટસ્થ સાક્ષી છું.

અને ઇંદ્રિયો વિષયને છોડી દે અથવા ભોગવે, તેનો મને લગાર પણ રંગ લાગતો નથી. જ્ઞાનીનો એવો નિશ્ચય હોય છે, તેથી છે કર્ત્તા હોય એમ દેખાય છે ખરો, પણ વાસ્તવિક જોતાં કાંઈ કરતો નથી. ૧૬૬

લય ચિંતન.*

૫૩ સર્વ જગતની ઈશ્વર રૂપતા.

આ રીતે આચાર્યે શિષ્યને ગુપ્ત રાખવા જેવા તત્વનો ઉપદેશ કર્યો, તોપણ શિષ્યનું મુખ અત્યન્ત પ્રસન્ન થયું નહિ. તેથી ગુરૂએ જાણ્યું કે શિષ્ય કૃતાર્થ થયો નથી. જો કૃતાર્થ થયો હોત, તો એનું મુખ પ્રસન્ન થાત માટે ગુરૂએ ફરી સ્થૂળ રીતે ઉપદેશ કરવા માંડયો:—

लयचिंतन कहै है.

माटीको कारज घट जैसो
माटी ताके बाहरि मांहि;
जलतैं फैन तरंग बुदबुदा
उपजत जलतैं जुदे सु नाहिं;
ऐसें जो जाको है कारज,
कारणरूप पिछानहु ताहि;
कारण ईस सकलको "सो मैं"
लयचिंतन जानहु विध याहि. ૧૬૭

ગુરૂ—જેમ માટીનાં તમામ કાર્ય (વસ્તુઓ) માં બાહાર અને અંદર માટીજ હોય છે. માટે માટીનાં તમામ કાર્યો માટી સ્વરૂપજ છે. ફીણ વગેરે જળનાં કાર્ય જળ સ્વરૂપ છે. એ પ્રમાણે જે જેનું કાર્ય છે, તે તેના કારણ સ્વરૂપથી જૂદું નથી; પણ કાર્ય હમેશાં કારણ સ્વરૂપજ હોય છે.

તમામ જગતનું મૂળ કારણ ઇશ્વર છે. માટે સઘળું કાર્ય રૂપ જગત્ત ઈશ્વરના સ્વરૂપથી ભિન્ન નથી, પણ બધા જગતનું સ્વરૂપ ઇશ્વરજ છે.

'તે ઈશ્વર હું છું' એ રીતે લય ચિંતન સમજીને તે તું કર. ૧૬૭.

---

* કાર્યને કારણ રૂપ જાણીને ચિંતન કરવું તેને લયચિંતન કહે છે:—ટીકાકાર.

૫૪ લયચિંતનનો ક્રમ.

બધી સૂક્ષ્મ સૃષ્ટિ અપંચીકૃત ભૂત રૂપ છે.

ટીકા—(૧) આખું સ્થૂલ બ્રહ્માંડ પંચીકૃત ભૂતોનું કાર્ય છે. તેમાં જે પૃથ્વીનું કાર્ય તે પૃથ્વી સ્વરૂપ છે; અને જળનું કાર્ય તે જળ સ્વરૂપ છે. એ રીતે જે ભૂતનું જે કાર્ય હોય તે કાર્ય, તે ભૂત સ્વરૂપ છે. આ રીતે આખું સ્થૂલ બ્રહ્માંડ પંચીકૃત ભૂત સ્વરૂપ છે.

(૨) તેજ રીતે પંચીકૃત ભૂત પણ અપંચીકૃત ભૂતોનું કાર્ય છે, માટે પંચીકૃત ભૂતો પણ અપંચીકૃત ભૂત સ્વરૂપ છે.-તેમાથી ભિન્ન નથી. અને-

(૩) અંતઃકરણ આદિક સૂક્ષ્મ સૃષ્ટિ પણ અપંચીકૃત ભૂતોનું કાર્ય હોવાથી અપંચીકૃત ભૂત સ્વરૂપ છે. તેમાં—

(૧-૨) અંતઃકરણ (મન-બુદ્ધિ) બધાં ભૂતોના સત્વગુણનું કાર્ય હોવાથી સત્વગુણ સ્વરૂપ છે.

(૩-૭) પાંચે પ્રાણ ભૂતોના રજોગુણનું કાર્ય હોવાથી રજોગુણ સ્વરૂપ છે.

(૮-૯) ગુદા ઇંદ્રિય પૃથ્વીના રજોગુણનું કાર્ય હોવાથી તે પૃથ્વીના રજોગુણ સ્વરૂપ છે. અને ઘ્રાણ ઇંદ્રિય પૃથ્વીના સત્વગુણનું કાર્ય હોવાથી પૃથ્વીના સત્વગુણ સ્વરૂપ છે.

(૧૦-૧૧) રસના ઇંદ્રિય જળના સત્વગુણનું કાર્ય છે, તથા ઉપસ્થ ઇન્દ્રિય જળના રજોગુણનું કાર્ય છે. માટે એ બે ઇન્દ્રિયો ક્રમે કરીને જળના સત્વગુણ તથા રજોગુણ રૂપ છે.

(૧૨-૧૩) એજ પ્રમાણે નેત્ર ઇન્દ્રિય તથા પાદ ઇન્દ્રિય ક્રમથી તેજના સત્વગુણ તથા રજોગુણનું કાર્ય હોવાથી; તેજના સત્વગુણ અને રજોગુણ રૂપ છે.

(૧૪-૧૫) એજ રીતે ત્વચા અને પાણી ઇન્દ્રિય વાયુના સત્વગુણ અને રજોગુણનું કાર્ય હોવાથી તે પણ અનુક્રમે પોતાના કારણ રૂપ છે.

(૧૬-૧૭) એજ રીતે શ્રોત્ર અને વાક્ ઇન્દ્રિય આકાશના સત્વગુણ રૂપ અને રજોગુણ રૂપ છે.

આ રીતે બધી (સત્તર તત્વોની) સૂક્ષ્મ સૃષ્ટિ અપંચીકૃત ભૂત સ્વરૂપ છે.

૫૫ તમામ અનાત્મ પદાર્થોનું, ક્રમથી બ્રહ્મમાં લયચિંતન.

આવી રીતે ચિંતન કરીને અપંચીકૃત ભૂતોના લયનું પણ ચિંતન કરવું. જેમ—

(૧) પૃથ્વી જળનું કાર્ય છે, માટે જળ સ્વરૂપ છે.

(૨) જળ તેજનું કાર્ય છે માટે તેજ સ્વરૂપ છે.

(૩) તેજ વાયુનું કાર્ય હોવાથી વાયુ સ્વરૂપ છે.

(૪) વાયુ આકાશનું કાર્ય હોવાથી આકાશ સ્વરૂપ છે.

(૫) આકાશ તમોગુણપ્રધાન પ્રકૃતિનું કાર્ય હોવાથી પ્રકૃત સ્વરૂપ છે.

(૬) પ્રકૃતિ એ એક માયાનીજ અવસ્થા છે માટે પ્રકૃતિ સ્વરૂપ છે:-

૫૬ માયાના જૂદાં જૂદાં નામ તથા તેનાં કારણ.

(૧) પ્રધાન, (૨) પ્રકૃતિ, (૩) માયા, (૪) અવિદ્યા, (૫) અજ્ઞાન, અને (૬) શક્તિ, એ સઘળાં એકજ વસ્તુનાં નામ છે.

(૧) સઘળાં કાર્ય માત્રને પોતાનામાં લીન કરીને પ્રલયમાં રહેલા ઉદાસીન સ્વરૂપને **પ્રધાન** કહે છે.

(૨) સૃષ્ટિના ઉપાદાન કારણને યોગ્ય તમોગુણ પ્રધાન સ્વરૂપને પ્રકૃતિ કહે છે.

(૩) જેમ દેશકાલાદિક સામગ્રી વિના દુર્ઘટ (ન ઘટી શકે એવા-અસંભાવ્ય) પદાર્થની ઉત્પત્તિ ઇંદ્રજાળથી (જાદુથી) થાય છે (ઇન્દ્ર જાળ-નેજ માયા કહે છે). તેમ અસંગ અને અદ્વિતીય બ્રહ્મમાં ઇચ્છાદિક દુર્ઘટ છે—ન સંભવી શકે એવાં છે,—એમ છતાં તેને ઉત્પન્ન કરે છે-બતાવે છે, માટે તેને (તે બતાવનારી કોઇક અલૌકિક શક્તિને) **માયા** કહે છે.

(૪) સ્વરૂપનું આચ્છાદાન કરે છે, એટલે સ્વરૂપને ન જોવા દેતાં તેને ઠામે કાંઇક કાંઇક બીજું બતાવે છે-માટે તેને **અજ્ઞાન** કહે છે.

(૫) બ્રહ્મવિદ્યાથી એનો નાશ થાય છે માટે તેને **અવિદ્યા** કહે છે.

(૬) વળી એ પદાર્થ કદાપિ સ્વતંત્ર રહી શકતો નથી, પણ ચેતનને આશરીનેજ રહે છે-ચેતનના આશ્રય વિના તે રહી શકતો નથી, માટે તેને **શાક્ત** પણક હે છે.

આ રીતે પ્રકૃતિ વગેરે પ્રધાનનાજ ભેદ છે માટે તે પ્રધાન સ્વરૂપ છે.

(૭) એ પ્રધાન (માયા) બ્રહ્મ ચેતનની શક્તિ છે. જેમ પુરૂષમાં સામર્થ્ય રૂપ શક્તિ પુરૂષથી ભિન્ન નથી, તેમ બ્રહ્મ ચેતનમાં પ્રધાન રૂપ શક્તિ બ્રહ્મ ચેતનથી ભિન્ન નથી.

આ રીતે સર્વ અનાત્મ પદાર્થોનું બ્રહ્મમાં લયચિંતન કરીને " તે અદ્વય બ્રહ્મ હું છું " એવું ચિંતન કરવું.

૫૭ ત્રણ પ્રકારનાં પ્રતિબધનાં સ્વરૂપ.

જેને મહા વાક્યનો વિચાર કર્યા છતાં પણ બુદ્ધિની મંદતા (તથા ત્રણ પ્રકારના પ્રતિબંધ) ને લીધે અપરોક્ષ જ્ઞાન થાય નહિ તેને એ લય ચિંતન ધ્યાન કરવાનું કહેલું છે. ત્રણ પ્રકારના પ્રતિબંધ આ પ્રમાણે છે:—)

क વર્તમાન પ્રતિબંધ—વિષયાસક્તિ, કુતર્ક, અને વિપર્યયમાં દુરાગ્રહ, એ ત્રણ વર્તમાન પ્રતિબંધ છે.)

ख ભૂત પ્રતિબંધ—ધન પુત્રાદિ પ્રિય વસ્તુનો નાશ થયા પછી તેનું અનુસંધાન (અવિસ્મરણ.)

ग ભવિષ્ય પ્રતિબંધ—બ્રહ્મલોકાદિકની ઇચ્છા, અથવા જન્માન્તરનો હેતુ જે બાકી રહેલું પ્રારબ્ધ તે.

ધ્યાન અને જ્ઞાનમાં ભેદ.

(૧) જ્ઞાન તો પ્રમાણ અને પ્રમેયને આધીન છે; વિધિ તથા પુરૂષની ઇચ્છાને અધીન નથી, અને—

(૨) ધ્યાન તો વિધિ, પુરૂષની ઇચ્છા, વિશ્વાસ તથા હઠને અધીન છે.

(૧) જ્ઞાનનું સ્વરૂપઃ—

જેમ પ્રત્યક્ષ જ્ઞાનમાં પ્રમાણ નેત્ર છે અને પ્રમેય ઘડો વગેરે છે. ત્યાં નેત્ર અને ઘડાનો સંબંધ થવાથી પુરૂષની ઇચ્છા વિના પણ ઘડાનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. ભાદરવા સુદી ચોથને દિવસે ચંદ્રનું દર્શન કરવાનો નિષેધ છે-વિધિ નથી. અને મનુષ્યની ઇચ્છા પણ એવી હોય છે કે 'મારે આજ ચંદ્રનું દર્શન કરવું નથી.' તો પણ કોઇ રીતે પ્રમેય ચંદ્રનો અને નેત્રપ્રમાણનો સંબંધ થઇ જાય તો ચંદ્રનું પ્રત્યક્ષ જ્ઞાન અવસ્ય થાય છે. એ રીતે જ્ઞાન પ્રમાણ તથા પ્રમેયને આધીન છે, વિધિ તથા ઇચ્છાને આધીન નથી.

(૨) ધ્યાનનું સ્વરૂપઃ—જેમ 'શાલિગ્રામ વિષ્ણુ રૂપ છે' એવુ ધ્યાન કરે તેને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. અહીં શાસ્ત્ર પ્રમાણથી વિષ્ણુને ચાર હાથવાળા, શંખ-ચક્ર-ગદા-પદ્મ અને લક્ષ્મીજી સહિત જાણે છે અને નેત્ર પ્રમાણથી શાલિગ્રામને શિલા જાણે છે. તથાપિ વિધિથી, વિશ્વાસથી તથા ઇચ્છાથી શાલિગ્રામ વિષ્ણુ છે, એવું ધ્યાન કરવામાં આવે છે. એ ધ્યાન અનેક પ્રકારનું છેઃ—

૫૯ ધ્યાનના પ્રકાર.

(૧) કોઇ જગોએ તો, અન્ય વસ્તુનું અન્ય રૂપથી ધ્યાન—જેમ શાલિગ્રામનું વિષ્ણુ રૂપે ધ્યાન; એને **પ્રતિક ધ્યાન** કહે છે.

(૨) વૈકુંઠ લોક નિવાસી વિષ્ણુનું શંખ ચક્ર વગેરે સહિત ચતુર્ભુજ મૂર્તિ રૂપે ધ્યાન કરવાનું હોય છે. એ જગોએ અન્યનું અન્યથી ધ્યાન નથી, પણ ધ્યેય રૂપને અનુસારે એ ધ્યાન છે. વૈકુંઠવાસી વિષ્ણુનું સ્વરૂપ પ્રત્યક્ષ તો છે નહિઃ કેવળ શાસ્ત્રથી જાણવામાં આવે છે. અને શાસ્ત્રે શંખ ચક્રાદિ

સહિત વિષ્ણુનું સ્વરૂપ કહ્યું છે, માટે ધ્યેયના સ્વરૂપને અનુસરતુંજ એ ધ્યાન છે.

અને એજ પ્રમાણે "હું બ્રહ્મ છું" એ આકારવાળું જે નિર્ગુણ ઉપાસના રૂપ અહંગ્રહ ધ્યાન છે, તે પણ ધ્યેયાનુસાર ધ્યાન છે.

વિધિ, વિશ્વાસ, અને ઇચ્છા વિના ધ્યાન થતું નથી.

(૧) 'મનુષ્યે ઉપાસના કરવી' એવું પુરૂષનું પ્રેરક વચન, તે વિધિ કહેવાય છે.

(૨) તે વચનમાં શ્રદ્ધા, વિશ્વાસ કહેવાય છે.

(૩) અંતઃકરણની કામના રૂપ રજોગુણની વૃત્તિ તે ઇચ્છા કહેવાય છે. એ ત્રણે ધ્યાનના હેતુ છે; જ્ઞાનના નથી.

(૪) ધ્યાન હઠથી થાય છે. જ્ઞાનમાં હઠની જરૂર નથી. કેમકે નિરંતર ધ્યેયાકાર વૃત્તિને ધ્યાન કહે છે. તેમાં વૃત્તિમાં વિક્ષેપ થાય તો હઠથી વૃત્તિની સ્થિતિ કરવી પડે છે. અને—

જ્ઞાન રૂપ અંતઃકરણની વૃત્તિથી તરતજ આવરણનો ભંગ થાય છે તેથી વૃત્તિને ત્યાં ચોટાડી મૂકવાની જરૂર નથી, તેથી હઠની પણ જરૂર નથી.

વૈકુંઠવાસી ચતુર્ભુજ વિષ્ણુના ધ્યાનની પેઠે 'હું બ્રહ્મ છું' એ ધ્યાન પણ ધ્યેયને અનુસાર છે, પ્રતીક નથી; પરંતુ તેને અહંગ્રહધ્યાન કહે છે.

ધ્યેય સ્વરૂપનું પોતાનાથી અભેદ રૂપે ચિંતન તે અહંગ્રહ ધ્યાન કહેવાય છે.

જે પુરૂષને અપરોક્ષ જ્ઞાન થયું ન હોય અને વેદની આજ્ઞા રૂપ વિધિમાં વિશ્વાસ કરીને હઠથી નિરંતર 'હું બ્રહ્મ છું' એ વૃત્તિની સ્થિતિ રૂપ અહંગ્રહ ધ્યાન કરે તેને પણ જ્ઞાન પ્રાપ્ત થઇને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

યદ્યપિ ધ્યાનનો વિષય જે બ્રહ્મ તે પરમાર્થ રૂપ નથી, પણ મનઃકલ્પિત છે. માટે ભ્રમ રૂપ છે, માટે તેને વિષય કરનારી વૃત્તિ રૂપ ધ્યાન પણ ભ્રાંતિજ્ઞાનજ છે-યથાર્થ જ્ઞાન નથી, તથાપિ મણિના પ્રકાશને મણિ માનીને (સંવાદીભ્રમથી) દોડનારા પુરૂષને મણિના જ્ઞાનદ્વારા મણિની પ્રાપ્તિ થાય છે, તેમ ઉપર કહેલા અહંગ્રહ ધ્યાનથી પણ બ્રહ્મનું જ્ઞાન થઇને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રણવની ઉપાસના.

૬૦ પ્રણવનું અહંગ્રહ ધ્યાન.

सवैया छंद—ध्यान अहंग्रह प्रणवरूपको
कह्यो सुरेश्वर श्रुति अनुसार;

अक्षर प्रणव ब्रह्म मम रूपसु,
युं अनुभव निजमति गति धार;
ध्यानसमान आन नहि थाके,
पंचीकरणप्रकार विचार;
जो यह करत उपासन सो मुनि.
तुरित नसै संसार अपार. १६८

ગુરૂ—હે શિષ્ય! પ્રણવ એટલે ૐકાર સ્વરૂપનું અહંગ્રહ ધ્યાન માંડૂક્યોપનિષદ્, પ્રશ્નોપનિષદ્ આદિક શ્રુતિઓને અનુસાર સુરેશ્વરાચાર્યે પંચીકરણના વાર્તિકમાં કહ્યું છે તે તું કર. તેનો સંક્ષેપથી આ પ્રકાર છે:—

પ્રણવ અક્ષર બ્રહ્મ સ્વરૂપ છે. 'તે પ્રણવરૂપ બ્રહ્મ હું છું' એ રીતે ક્ષણમાત્ર પણ અંતરાય રહિત બુદ્ધિની વૃત્તિ રાખ્યા કર. એના સમાન બીજું ધ્યાન નથી, અને તે સુરેશ્વર કૃત પંચીકરણ ગ્રંથમાંથી સમજી લે. જે સંન્યાસી એનું ઉપાસન કરે છે તેનો આ અપાર સંસાર તરતજ નાશ પામે છે. ૧૬૮.

૬૧ નિર્ગુણ અને સગુણ પ્રણવની ઉપાસનાનું ફલ સહિત કથન.

જો કે પ્રણવની ઉપાસના ઘણી ઉપનિષદોમાં છે, તથાપિ માંડૂક્ય ઉપનિષદમાં વિશેષ છે. તેના વ્યાખ્યાનમાં ભાષ્યકાર તથા આનંદગિરિએ તેની સ્પષ્ટ રીતિ લખી છે. તેજ રીત વાર્તિકકારે પંચીકરણમાં લખી છે. તથાપિ તે ગ્રંથો વિચારવામાં જેમની બુદ્ધિ સમર્થ નથી, તેમને માટે પ્રણવ ઉપાસનાની રીત અમે લખીએ છીએ:—

પ્રણવનું ઉપાસન ઉપનિષદોમાં બે પ્રકારે કહ્યું છે. (૧) એક તો પર બ્રહ્મરૂપથી પ્રણવનું ચિંતન કહ્યું છે અને (૨) બીજું—અપરબ્રહ્મ રૂપથી કહ્યું છે.

(૧) નિર્ગુણ બ્રહ્મને **પરબ્રહ્મ** કહે છે.

(૨) સગુણ બ્રહ્મને **અપરબ્રહ્મ** કહે છે,

(૧) પરબ્રહ્મ રૂપથી પ્રણવનું ચિંતન કરે તે મોક્ષ પામે છે.

(૨) અપરબ્રહ્મ રૂપે પ્રણવનું ચિંતન કરે તે બ્રહ્મલોકને પામે છે.

એવી રીતે નિર્ગુણ અને સગુણ ભેદથી પ્રણવ ઉપાસના બે પ્રકારની છે. તેમાં—

૬૨ નિર્ગુણરૂપ પ્રણવ ઉપાસનાના પ્રકાર.

નિર્ગુણ ઉપાસનાની રીતિ લખીએ છીએ—સગુણની નહિ. કેમકે—

(૧) જેને બ્રહ્મલોકની કામના હોય તેને નિર્ગુણ ઉપાસનાથી પણ કામના રૂપ પ્રતિબંધકથી જ્ઞાનદ્વારા તત્કાળ મોક્ષ મળતો નથી; પણ બ્રહ્મલોકનીજ પ્રાપ્તિ થાય છે. ત્યાં હિરણ્યગર્ભના જેવા ભોગ ભોગવીને જ્ઞાન થાય છે ત્યારે મોક્ષ થાય છે. અને—

(૨) જેને બ્રહ્મલોકની કામના ન હોય, તેને આ લોકમાંજ જ્ઞાન થઇને મોક્ષ થાય છે.

આ રીતે સગુણ ઉપાસનાનું ફળ પણ નિર્ગુણ ઉપાસનામાં આવી જાય છે, માટે નિર્ગુણ ઉપાસનાનોજ પ્રકાર કહીએ છીએઃ—

૬૩ કારણરૂપ અને કાર્યરૂપ વસ્તુ ૐકાર છે.

(૧) તમામ પદાર્થોમાં નામ અને રૂપ એ બે ભાગ છે. તેમાં રૂપ ભાગ પોતપોતાના નામ ભાગથી જૂદો નથી, પણ નામ સ્વરૂપજ રૂપ ભાગ છે. કેમકે પદાર્થનું રૂપ એટલે આકાર તેનું નામ બોલીનેજ ગ્રહણ કરાય છે કે ત્યાગ કરાય છે. નામ જાણ્યા વિના કેવળ આકારથી વ્યવહાર ચાલતો નથી. માટે નામ એજ સાર છે. આકારનો નાશ થયા પછી પણ નામ શેષ રહે છે. જેમ ઘડાનો નાશ થયા પછી માટી શેષ રહે છે. ત્યાં ઘડોએ માટીથી જૂદી વસ્તુ નથી-માટી રૂપજ છે. તેમ આકારનો નાશ થયા પછી માટીની પેઠે બાકી રહ્યું જે નામ, તેનાથી આકાર કાંઇ જૂદો નથી. નામ સ્વરૂપજ આકાર છે.

અથવા-જેમ ઘડો, કોડિયાં વગેરેમાં માટી અનુગત છે, (એટલે તે દરેકમાં માટી રહેલી છે,) અને ઘડો, કોડિયું વગેરે પરસ્પર વ્યભિચારી છે (એટલે ઘડો હોય તે કોડિયું નહિ, અને કોડિયું હોય તે ઘડો નહિ, એવી રીતે એક બીજામાં હોતાં નથી), માટે ઘડો અને કોડિયું, વગેરે મિથ્યા છે, અને તેમાં અનુરાગ માટી, એ સત્ય છે. તેમજ, ઘડાના આકાર અનેક છે (જૂદા જૂદા અનેક ઘડા હોવાથી), અને તે બધાનું 'ઘડો' એવું બે અક્ષરનું નામ એક છે. એથી સમજાશે કે જૂદાજૂદા ઘડાના આકારો પરસ્પર વ્યભિચારી છે, અને બધા ઘડાના આકારોમાં નામ એક અનુગત છે, માટે મિથ્યા આકાર સત્ય નામથી જૂદા નથી.

ઉપર 'ઘડો' વગેરે દૃષ્ટાંતમાં મૃત્તિકા અને ઘડાનું નામ સત્ય કહ્યાં છે, તેનો ખુલાસો આ પ્રમાણે છેઃ—

ઘડો, કોડિયું, વગેરેની અપેક્ષાથી મૃત્તિકા બહુ કાળ સ્થાયી છે, માટે તે **આપેક્ષિક સત્ય** કહેવાય છે.

એજ રીતે ઘડાની અપેક્ષાથી "ઘડો" એવું બે અક્ષરવાળું નામ બહુ કાળ પર્યંત સ્થાયી છે; માટે, પુણ્યનો ક્ષય થવાથી મૃત્યુ પામે એવા બહુ

કાળ સ્થાયી દેવોને જેમ અમર કહેવામાં આવે છે તેમ એ નામને પણ સત્ય (નિત્ય) કહેવામાં આવે છે.

આ રીતે બધા પદાર્થના આકાર પોતપોતાના નામથી ભિન્ન નથી, પણ સ્વરૂપજ આકાર છે.

(૨) તે બધાનાં નામ ૐકારથી ભિન્ન નથી, પણ ૐકાર સ્વરૂપજ નામ છે. કેમકે વાચક શબ્દને નામ કહે છે. અને લોકના તથા વેદના સઘળા શબ્દો ૐકારથી ઉત્પન્ન થાય છે, એવું શ્રુતિમાં પ્રસિદ્ધ છે. તમામ કાર્યો પોતાના કારણ સ્વરૂપ હોય છે, માટે ઓંકારનું કાર્ય જે વાચક શબ્દ રૂપ નામ, તે ઓંકાર સ્વરૂપ છે. માટે સર્વ સ્વરૂપ છે. માટે સવરૂપ ઓંકાર છે.

૬૪ ૐ કાર અને બ્રહ્મનો અભેદ.

(૧) જેમ સર્વ સ્વરૂપ ઓંકાર છે, તેમ સર્વ સ્વરૂપ બ્રહ્મ છે, માટે ઓંકાર બ્રહ્મરૂપ છે.

(૨) અથવા, ઓંકાર બ્રહ્મનો વાચક છે, બ્રહ્મ વાચ્ય છે; વાચ્ય અને વાચકનો અભેદ હોય છે, માટે પણ ઓંકાર બ્રહ્મરૂપ છે.

(૩) વિચાર દૃષ્ટિથી જોઇએ તો, જે અક્ષર બ્રહ્મ વિષે અધ્યસ્ત છે, તેનું અધિષ્ઠાન બ્રહ્મ છે. અધ્યસ્તનું સ્વરૂપ અધિષ્ઠાનથી ભિન્ન હોતું નથી, માટે પણ ઓંકાર બ્રહ્મ સ્વરૂપ છે.

માટે ઓંકારનું બ્રહ્મરૂપે ચિંતન કરવું.

૬૫ ઓંકારના ચાર પાદનું કથન.

બ્રહ્મરૂપ ઓંકારનો આત્મા સાથે પણ અભેદ ચિંતન કરવું. એટલે ઓંકાર અને આત્મા એકજ વસ્તુ છે એમ સમજવું. કેમકે આત્માનો બ્રહ્મ સાથે અભેદ છે.

બ્રહ્મના ચાર પાદ છે તેમ આત્માના પણ ચાર પાદ છે.

પાદ નામ ભાગનું છે. તેને અંશ પણ કહે છે. (ગાયના પાદની પેઠે અવયવ રૂપ અર્થ અહીં પાદનો સમજવાનો નથી, પણ શેરનો પાદ જેમ પાશેર છે તેમ ભાગ માત્ર સમજવો.)

(૧) **બ્રહ્મના ચાર પાદ**—વિરાટ્, હિરણ્યગર્ભ, ઇશ્વર અને તત્પદનું લક્ષ્ય ઇશ્વર સાક્ષી, એ ચાર પાદ બ્રહ્મના છે.

આત્માના ચાર પાદ—વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, અને ત્વં પદનું લક્ષ્ય જીવ સાક્ષી, એ ચાર પાદ આત્માના છે.

જીવ સાક્ષીને તુરીય કહે છે. (જીવના સાક્ષી ચૈતન્યને તુરીય કહે છે.)

(ક) સમષ્ટિ સ્થૂલ પ્રપંચ સહિત ચેતનનેવિરાટ્ કહે છે.

(ख) વ્યષ્ટિ સ્થૂલ શરીરના અભિમાનીને **વિશ્વ** કહે છે.

વિરાટ્ અને વિશ્વની ઉપાધિ સ્થૂલ છે, માટે વિરાટ્ રૂપજ વિશ્વ છે. વિશ્વ વિરાટ્થી જૂદો નથી.

(૨) વિરાટ્ રૂપી વિશ્વનાં સાત અંગ છેઃ—

क સ્વર્ગલોક **મૂર્ધા** (માથું) છે.

ख સૂર્ય **નેત્ર** છે.

ग વાયુ **પ્રાણ** છે.

घ આકાશ **ધડ** છે.

ङ સમુદ્રાદિ રૂપ જળ **મૂત્રસ્થાન** છે.

च પૃથ્વી **પાદ** છે.

छ જે અગ્નિમાં હોમ કરીએ તે અગ્નિ **મુખ** છે.

એ સાત અંગ વિશ્વનાં કહ્યાં છે.

માંડૂક્ય ઉપનિષદમાં જો કે સ્વર્ગાદિ લોકને વિશ્વનાં અંગ કહ્યાં નથી, પણ વિરાટ્નાં અંગ કહ્યાં છે; તથાપિ તે વિરાટ્ અને વિશ્વ એકજ વસ્તુ છે માટે અહીં વિશ્વનાં અંગ કહ્યાં છે.

(૩) તેજ પ્રમાણે વિરાટ્ રૂપ વિશ્વનાં **ઓગણીસ મુખ** છેઃ—પંચ પ્રાણ; પંચ કર્મેન્દ્રિયો; પંચ જ્ઞાનેન્દ્રિયો; અને ચાર અંતઃકરણ. એ ઓગણીસ મુખની પેઠે ભોગનાં સાધન છે માટે તેને **મુખ** કહ્યાં છે.

વિરાટ્ રૂપ વિશ્વ એ ઓગણીસ સાધનો વડે બહારના શબ્દ વગેરે સ્થૂલ વિષયોને બાહ્ય વૃત્તિથી જાગ્રત અવસ્થામાં ભોગવે છે, માટે વિરાટ્ રૂપ વિશ્વને સ્થૂલનો ભોક્તા અને બહિઃપ્રજ્ઞ (એટલે વૃત્તિઓને બહાર ફેલાવનારો) કહેવાય છે. તથા જાગ્રત અવસ્થાવાળો કહેવાય છે.

પાછળ જે પ્રાણ વગેરે ભોગના સાધન કહ્યાં, તે પૈકી શ્રોત્ર વગેરે દશ ઈંદ્રિયો અને ચાર અંતઃકરણ મળીને ચૌદવાનાં ભોગને માટે પોતપોતાના વિષયોની તથા પોતપોતાના દેવતાઓની સહાયની અપેક્ષા રાખે છે; દેવતા અને વિષયોની સાહાય્ય વગર એકલાં પોતે (ઈંદ્રિયો ને અંતઃકરણ) ભોગ ભોગવી શકે નહિ. એને માટે તો પંચપ્રાણ અને ચૌદ ત્રિપુટીઓ (હવે પછી કહેવાશે તે) વિરાટ્ રૂપ વિશ્વનાં મુખ કહેવાય છે. ત્રણના સમુદાયનું નામ ત્રિપુટી છે.

(૪) **ત્રિપુટીનું સ્વરૂપ.**—ત્રિપુટીઓમાં અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ, એ ત્રણનો સમુદાય (જથો) હોય છે.

(૫) **અધ્યાત્મ વગેરે ત્રણનું સ્વરૂપ**—क આ પ્રકરણમાં ક્રિયા

શક્તિવાળાં ને જ્ઞાન શક્તિવાળાં ઇંદ્રિયો, તથા અંતઃકરણ એમને અધ્યાત્મ કહે છે.

ખ તેમના વિષયને અધિભૂત કહે છે.

ગ તેમના સાહાયક દેવતાને અધિદૈવ કહે છે.

૬૫ ચૌદ ત્રિપુટીઓનું સ્વરૂપ.

(૧) શ્રોત્ર ઇંદ્રિય અધ્યાત્મ છે; તેનો વિષય 'શબ્દ' એ અધિભૂત છે; અને દિશાની અભિમાની દેવતા એ અધિદૈવ છે.

(૨) ત્વચા ઇન્દ્રિય અધ્યાત્મ છે; તેનો વિષય 'સ્પર્શ' અધિભૂત છે; અને વાયુ તત્વની અભિમાની દેવતા અધિદૈવ છે.

(૩) નેત્ર ઇન્દ્રિય અધ્યાત્મ છે; રૂપ અધિભૂત છે; અને સૂર્ય અધિદૈવ છે.

(૪) રસના ઇન્દ્રિય અધ્યાત્મ; રસ વિષય અધિભૂત; અને વરૂણ અધિદૈવ છે.

(૫) ઘ્રાણ ઇન્દ્રિય અધ્યાત્મઃ ગંધ અધિભૂત; અને અશ્વિનિકુમાર અધિદૈવ છે.

વાર્તિકકાર સુરેશ્વરાચાર્યે પૃથ્વીનો અભિમાની દેવતા તે ઘ્રાણનો અધિદૈવ કહ્યો છે, તે પણ સંભવે છે; કેમકે પૃથ્વીથી ઘ્રાણની ઉત્પત્તિ છે, માટે પૃથ્વી અધિદૈવ હોઈ શકે છે. અને સૂર્યની સ્ત્રી વડવા (ઘોડી) ની નાસિકાથી અશ્વિનીકુમારની ઉત્પત્તિ કહેલી છે માટે નાસિકા ઇન્દ્રિયનો અધિદૈવ કોઈ જગોએ અશ્વિનીકુમારને પણ કહે છે.

(૬) વાક ઇન્દ્રિય અધ્યાત્મ છે; વક્તવ્ય (બોલવાનો) વિષય અધિભૂત છેઃ અને અગ્નિ અધિદૈવ છે.

(કોઇ જગોએ વચનાદિ ક્રિયાને અધિભૂત કહી છે, તે સ્થૂલ દૃષ્ટિ વાળા માણસોને સમજાવવા માટે છે. માટે સર્વત્ર તે તે કર્મેન્દ્રિયોની ક્રિયાના વિષયનેજ અધિભૂત જાણવું.

(૭) હસ્ત ઇન્દ્રિય અધ્યાત્મ છે; પદાર્થનું ગ્રહણ અધિભૂત છે; અને ઇન્દ્ર અધિદૈવ છે.

(૮) પાદ ઇન્દ્રિય અધ્યાત્મ છે; ગમન અધિભૂત છે; અને વિષ્ણુ અધિદૈવ છે.

(૯) ગુદા ઇન્દ્રિય અધ્યાત્મ છે; મળત્યાગ અધિભૂત છેઃ અને યમ અધિદૈવ છે.

(૧૦) ઉપસ્થ ઇન્દ્રિય અધ્યાત્મ છે; ગ્રામ્ય ધર્મના સુખની ઉત્પત્તિ અધિભૂત છે; અને પ્રજાપતિ અધિદૈવ છે.

(૧૧) મન અધ્યાત્મ છે; મનનો વિષય અધિભૂત છે; અને ચંદ્રમા અધિદૈવ છે.

(૧૨) બુદ્ધિ અધ્યાત્મ છે; બોદ્ધવ્ય (બુદ્ધિ વડે જાણવાનો વિષય) અધિભૂત છે; અને બૃહસ્પતિ અધિદૈવ છે.

(૧૩) અહંકાર અધ્યાત્મ છે; અહંકારનો વિષય અધિભૂત છે અને રુદ્ર અધિદૈવ છે.

(૧૪) ચિત્ત અધ્યાત્મ છે; ચિંતનનો વિષય અધિભૂત છે; ક્ષેત્રજ્ઞ જે સાક્ષી ચેતન તે અધિદૈવ છે.

(સાક્ષી ચેતન જેથી ચિત્તનો આશ્રય હોવાથી ચિત્ત ઉપર અનુગ્રહ કરે છે, માટે સાક્ષી ચેતનને ચિત્તનો અધિદૈવ કહ્યો છે. અને તેથીજ કેટલાક આચાર્યોએ ચિંતન રૂપ સ્મૃતિજ્ઞાન સાક્ષીનું આશ્રિત કહેલું છે.)

ઉપર કહેલી ચૌદ ત્રિપુટીઓ અને પાંચ પ્રાણ એ ઓગણીસ વિરાટ્ રૂપ વિશ્વનાં મુખ છે.

૬૬ વિશ્વ વિરાટ્ અને અકારનું અભેદ ચિંતન.

જેમ વિરાટ્ અને વિશ્વ એક છે (એટલે તે બેમાં ભેદ નથી), તેમ ઓંકારની પહેલી માત્રા જે અકાર. તેનો પણ વિરાટ્ રૂપ વિશ્વની સાથે ભેદ નથી–અભેદ છે. કેમકે—

(૧) બ્રહ્મના ચાર પાદમાં પ્રથમ પાદ વિરાટ્ છે.

(૨) આત્માના ચાર પાદમાં પ્રથમ પાદ વિશ્વ છે.

(૩) તેમ ઓંકારની ચાર માત્ર રૂપ પાદોમાં પ્રથમ પાદ અકાર છે.

માટે ત્રણેમાં પ્રથમતા (પહેલાપણું) એ સમાન ધર્મ હોવાથી વિશ્વ વિરાટ્–અકારના અભેદનું ચિંતન કરવું.

૬૭ વિશ્વ અને તૈજસની વિલક્ષણતા.

જે સાત અંગ અને ઓગણીશ મુખ વિશ્વનાં કહ્યાં છે, તેજ સાત અંગ અને ઓગણીશ મુખ તૈજસનાં પણ જાણવાં. પરંતુ તેમાં આટલો ભેદ છેઃ—

(૧) વિશ્વનાં અંગ અને મુખ છે, તે તો ઇશ્વરે રચેલાં છે. અને—

(૨) તૈજસનાં જે ઇંદ્રિયનેદેવતા–વિષયરૂપ ત્રિપુટી અને મૂર્ધા વગેરે અંગ તે મનોમય છે.

તૈજસનો ભોગ સૂક્ષ્મ છે.

(૧) યદ્યપિ ભોગ એટલે સુખ અથવા દુઃખનું જ્ઞાન, તેમાં સ્થૂલતા અને સૂક્ષ્મતા કહેવી સંભવતી નથી. તથાપિ બહારના જે શબ્દાદિક વિષય

છે, તેના સંબંધથી થતો જે સુખદુઃખનો સાક્ષાત્કાર (પ્રયક્ષ અનુભવ) તેને **સ્થૂલ** ભોગ કહેવામાં આવે છે.

(૨) માનસ જે શબ્દાદિક તેના સંબંધથી જે ભોગનો સાક્ષાત્કાર થાય તેને **સૂક્ષ્મ** ભોગ કહે છે.

[૧) આ કારણથી શ્રુતિમા વિશ્વને સ્થૂલનો ભોક્તા કહ્યો છે.

(૨) અને તૈજસને સૂક્ષ્મનો ભોક્તા કહ્યો છે.

કેમકે—

(૧) તૈજસના ભોગ્ય જે શબ્દાદિક છે, તે માનસ છે, માટે સૂક્ષ્મ છે અને—

(૨) તેની અપેક્ષાએ (એટલે તેના મુકાબલામાં) વિશ્વના ભોગ્ય જે બહારના શબ્દાદિક વિષયો છે તે સ્થૂલ છે. વળી—

વિશ્વ બહિઃપ્રજ્ઞ કહેવાય છે અને તૈજસ અંતઃપ્રજ્ઞ કહેવાય છે. કેમકે વિશ્વની જે અંતઃકરણની વૃત્તિ રૂપ પ્રજ્ઞા (જ્ઞાન) છે, તે બહારની તરફ જાય છે, અને તૈજસની પ્રજ્ઞા બહાર જતી નથી, પણ અંદરજ રહે છે.

૬૮ તૈજસ, હિરણ્યગર્ભ, અને ઉકારનું અભેદ ચિંતન.

જેમ વિશ્વનો અને વિરાટ્નો અભેદ છે; તેમ તૈજસનો પણ હિરણ્યગર્ભ સાથે અભેદ છે, તેથી તૈજસને હિરણ્યગર્ભ રૂપ જાણવો. કેમકે તૈજસની ઉપાધિ સૂક્ષ્મ છે અને હિરણ્યગર્ભની ઉપાધિ પણ સૂક્ષ્મ છે, માટે બન્નેને એક સમજવા.

તૈજસ અને હિરણ્યગર્ભની એકતા જાણીને પછી ઓંકારની બીજી માત્રા જે ઉકાર તેની સાથે પણ તેમના અભેદનું ચિંતન કરવું. કેમકે—

(૧) આત્માના ચાર પાદમાંથી તૈજસ એ બીજો પાદ છે,

(૨) બ્રહ્મના પાદોમાં હિરણ્યગર્ભ એ બીજો પાદ છે, અને—

(૩) ઓંકારની માત્રાઓમાં ઉકાર એ બીજી માત્રા છે.

એ રીતે દ્વિતીયતા (બીજાપણું) એ ત્રણેમાં સમાનધર્મ છે, માટે એ ત્રણે એક છે એમ ચિંતન કરવું.

૬૯ પ્રાજ્ઞ, ઇશ્વર, અને મકારનો અભેદ–પ્રાજ્ઞનાં વિશેષણ.

પ્રાજ્ઞને ઇશ્વરરૂપ જાણવો. કેમકે—

(૧) પ્રાજ્ઞની કારણ ઉપાધિ છે અને ઇશ્વરની પણ કારણ ઉપાધિ છે.

(૨) ઇશ્વર અને પ્રાજ્ઞ બન્નેનો ત્રીજો પાદ છે, અને મકાર એ ઓંકારની ત્રીજી માત્રા છે. ત્રીજાપણું એ ત્રણેમાં સમાનધર્મ છે, માટે એ ત્રણેને એકજ સમજવા.

(૧) એ પ્રાજ્ઞ **પ્રજ્ઞાનઘન** છે. કેમકે જાગ્રત્ અને સ્વપ્નનું તમામ જ્ઞાન સુષુપ્તિ અવસ્થામાં ઘન એટલે એક અવિદ્યા રૂપ થઇ જાય છે, માટે તે પ્રજ્ઞાનઘન કહેવાય છે. (દૃષ્ટાંત—જેમ વરસાદનું સારૂં માઠું બધું પાણી એક તલાવમાં એકરૂપ થઇ જાય છે, તેમ જાગ્રત્ સ્વપ્નનું તમામ જ્ઞાન સુષુપ્તિમાં એક અવિદ્યા રૂપ થઇ જાય છે. તે અવિદ્યામાં રહેલો, અધિષ્ટાન કૂટસ્થ સહિત ચેતનના પ્રતિબિંબ રૂપ પ્રાજ્ઞ જીવ પ્રજ્ઞાનઘન કહેવાય છે).

(૨) એ પ્રાજ્ઞને સુષુપ્તિમાં **આનંદભુક્** કહે છે. કેમકે અવિદ્યાથી ઢંકાયલો જે આનંદ તેને એ પ્રાજ્ઞ ભોગવે છે, માટે તેને **આનંદભુક્** કહે છે.

જેમ વિશ્વ અને તૈજસના ભોગ ત્રિપુટીથી થાય છે તેમ પ્રાજ્ઞના ભોગની પણ ત્રિપુટી કહેવાય છે. જેમ—

(૧) ચેતનના પ્રતિબિંબ સહિત અવિદ્યાની જે વૃત્તિ છે તે **અધ્યાત્મ** છે.

(૨) અજ્ઞાનથી ઢંકાયલો જે સ્વરૂપાનંદ તે **અધિભૂત** છે.

(૩) ઇશ્વર **અધિદૈવ** છે.

એજ રીતે—

વિશ્વ બહિઃપ્રજ્ઞ છે; તૈજસ અંતઃપ્રજ્ઞ છે; અને પ્રાજ્ઞ પ્રજ્ઞાનઘન છે.

૭૦ વિશ્વ આદિક ત્રણની વાસ્તવિક એકતા તુરીયની ઇશ્વરસાક્ષી (બ્રહ્મ) સાથે એકતા.

વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞમાં બહિઃપ્રજ્ઞ, અંતઃપ્રજ્ઞ, પ્રજ્ઞાનઘન, વગેરે જે ભેદ છે, તે ઉપાધિને લીધે છે.

(૧) વિશ્વની સ્થૂલ, સૂક્ષ્મ, અજ્ઞાન, એ ત્રણ ઉપાધિ છે.

(૨) તૈજસની સૂક્ષ્મ અને અજ્ઞાન, એવી બે ઉપાધી છે.

(૩) પ્રાજ્ઞની એક અજ્ઞાન ઉપાધિ છે.

આ રીતે ઉપાધિની ન્યૂનતા અધિકતાથી (ઓછાવત્તાપણાને લીધે) એ ત્રણેનો ભેદ છે. વાસ્તવિક રીતે તેમના સ્વરૂપમાં ભેદ નથી.

વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, એ ત્રણેમાં અનુગત જે ચેતન છે, તે વાસ્તવિક, જોતાં ત્રણે ઉપાધિના સંબંધથી રહિત છે. એ ત્રણે ઉપાધિઓનુ અધિષ્ઠાન તુરીય છે.

એ તુરીય (૧) બહિઃપ્રજ્ઞ નથી; (૨) અંતઃપ્રજ્ઞ નથી; (૩) પ્રજ્ઞાનઘન પણ નથી; (૪) કર્મઇંદ્રિય અને જ્ઞાનઇંદ્રિયનો વિષય નથી; (૫) બુદ્ધિનો વિષય નથી; (૬) અને કોઇ શબ્દનો વિષય નથી.

એવું જે તુરીય છે, તેને પરમાત્માનુ ચોથું પાદ, ઇશ્વરનું સાક્ષીચૈતન્ય-શુદ્ધ બ્રહ્મરૂપ જાણો.

૭૧ બે સ્વરૂપવાળા ઓંકાર અને આત્માનું માત્રા અને પાદરૂપથી અભેદ ચિંતન.

એવી રીતે બે પ્રકારનું આત્માનું સ્વરૂપ કહ્યું; એક તો પરમાર્થરૂપ છે, બીજું અપરમાર્થરૂપ છે.

(૧) પહેલા ત્રણ પાદ અપરમાર્થરૂપ છે.

(૨) એક પાદ તુરીય પરમાર્થરૂપ છે.

જેમ આત્માનાં બે સ્વરૂપ છે તેમ ઓંકારનાં પણ બે સ્વરૂપ છે.

(૧) અકાર, ઉકાર, મકાર, એ ત્રણ માત્રા રૂપ જે વર્ણ છે તે તો અપરમાર્થરૂપ છે.

(૨) એ ત્રણે માત્રામાં વ્યાપક જે અસ્તિ, ભાતિ પ્રિયરૂપ અધિષ્ઠાન ચેતન છે તે પરમાર્થરૂપ છે.

ઓંકારનું જે પરમાર્થરૂપ છે, તેને શ્રુતિમાં અમાત્ર શબ્દે કરીને કહ્યું છે. કેમકે એ પરમાર્થસ્વરૂપમાં માત્રાનો વિભાગ નથી.

આ રીતે બે સ્વરૂપવાળો ૐકાર અને બે સ્વરૂપવાળો આત્મા, એ બેને અભિન્ન (એક) સમજવા.

(૧) વ્યષ્ટિ અને સમષ્ટિ જે સ્થૂલ પ્રપંચ (જગત્), તે સહિત વિશ્વ અને વિરાટ્નો અકાર સાથે અભેદ સમજવો.

આત્માના પાદમાં વિશ્વ આદિ છે અને ઓંકારની માત્રાઓમાં અકાર આદિ છે, માટે વિશ્વ અને અકારને એક સમજવાં.

(૨) સૂક્ષ્મ પ્રપંચ સહિત જે હિરણ્યગર્ભરૂપ તૈજસ છે, તેને ઉકાર રૂપ જાણવો.

તૈજસ બીજો છે અને ઉકાર પણ બીજો છે, માટે એ બન્નેને એક સમજવા.

(૩) કારણ ઉપાધિસહિત જે ઇશ્વરરૂપ પ્રાજ્ઞ છે તેને મકાર રૂપ જાણવો.

જેમ ઇશ્વર રૂપ પ્રાજ્ઞ ત્રીજો છે તેમ મકાર પણ ત્રીજો છે. માટે ઇશ્વર રૂપ પ્રાજ્ઞ અને મકારને એક જાણવા.

(૪) એ ત્રણેમાં અનુગત જે પરમાર્થ રૂપ તુરીય છે તેને ઓંકારની ત્રણે માત્રાઓમાં અનુગત જે ૐકારનું પરમાર્થ રૂપ અમાત્ર છે, તેનાથી અભિન્ન (એક) જાણવું.

જેમ વિશ્વ વગેરેમાં તુરીય અનુગત છે, તેમ અકાર વગેરે ત્રણ માત્રાઓમાં અમાત્ર અનુગત છે.

માટે ૐકારના અમાત્ર રૂપને અને તુરીયને એક જાણવું.

આ રીતે આત્માના પાદ અને ઓંકારની જે માત્રાઓ છે, તેમની એકતા સમજીને લયચિંતન કરવું.

૭૨ લયચિંતનનો અનુવાદ. (એકમાત્રા રૂપ વિશ્વ આદિકની અન્ય માત્રા રૂપતા.)

એ લયચિંતન કેવી રીતે કરવું તે હવે કહીએ છીએઃ—

(૧) વિશ્વ રૂપ જે અકાર છે, તે તૈજસ રૂપ ઉકારથી જૂદો નથી, પણ ઉકાર રૂપ છે, એવું ચિંતન કરવું તે આ જગોએ 'લય' કહેવાય છે. અને એવોજ લય બીજી માત્રાઓમાં પણ સમજવો. અને—

(૨) જે ઉકારમાં આકરનો લય કર્યો છે, તે તૈજસ રૂપ ઉકારનો પ્રાજ્ઞ રૂપ મકારમાં લય કરવો- અને—

(૩) જે પ્રાજ્ઞ રૂપ મકાર છે તેને તુરીય રૂપ જે ઓંકારનું પરમાર્થ રૂપ અમાત્ર છે, તેમાં લીન કરવો. કેમકે સ્થૂલની ઉત્પત્તિ અને લય સૂક્ષ્મમાં થાય છે. તેથી—

(૧) વિશ્વ રૂપ જે અકાર છે તેનો તૈજસ રૂપ ઉકારમાં લય સંભવે છે. અને—

(૨) સૂક્ષ્મની ઉત્પત્તિ તથા લય કારણમાં થાય છે, માટે તૈજસ રૂપ જે ઉકાર છે, તેનો કારણ પ્રાજ્ઞ રૂપ મકારમાં લય સંભવે છે.

આ ઠેકાણે વિશ્વ વગેરે માત્ર કહેલા છે; પણ તેથી સમષ્ટિ જે વિરાટ્ વગેરે છે તે, તથા તેમની પોતપોતાની જે ત્રિપુટીઓ છે તે સર્વને કહેલાં છે એમ સમજી લેવું.

(૩) જે પ્રાજ્ઞ રૂપ મકારમા ઉકારનો લય કર્યો છે તે મકારને તુરીય રૂપ જે ઓંકારનું પરમાર્થ અમાત્ર છે તેમાં લીન કરવો. કેમકે ઓંકારના પરમાર્થ સ્વરૂપનો તુરીયની સાથે અભેદ છે. તે તુરીય બ્રહ્મરૂપ છે, અને તે શુદ્ધ બ્રહ્મમાં ઇશ્વર અને પ્રાજ્ઞ બન્ને કલ્પેલા છે. જે વસ્તુ જેનામાં કલ્પિત હોય તે વસ્તુ તેનું સ્વરૂપ હોય છે, માટે ઇશ્વર સહિત પ્રાજ્ઞ રૂપ મકારનો શુદ્ધ બ્રહ્મમાં લય સંભવે છે.

આ રીતે જે ઓંકારના પરમાર્થસ્વરૂપ અમાત્રમાં સર્વનો લય કર્યો છે 'તે હું છું' એવું એકાગ્ર ચિત્તથી ચિંતન કરવું.

સ્થાવર જંગમરૂપ જે અસંગ, અદ્વય, અસંસારી, નિત્યમુક્ત, નિર્ભય, બ્રહ્મરૂપ જે ઓંકારનું પરમાર્થ સ્વરૂપ 'તે હું છું' એવું ચિંતન કરવાથી જ્ઞાન ઉદય પામે છે. માટે જ્ઞાન ઉદય પામે છે. માટે જ્ઞાનદ્વારા મુક્તિફળને આપનારૂં આ ઓંકારનું નિર્ગુણ ઉપાસન છે તે સર્વથી ઉત્તમ છે.

૭૩ ૐકારનું ચિંતન કરવાનો પરમહંસને અધિકાર છે.

પાછળ કહેવામાં આવ્યું તેવું ૐકારનું સ્વરૂપ જે જાણે છે, તે મુનિ છે; જે નથી જાણતો તે મુનિ નથી. કેમકે જે મનન કરનારો હોય તેને મુનિ કહે છે. આ ઓંકારનું ચિંતન મનન રૂપ છે. જે માણુસ ઓંકારના ચિંતનરૂપ મનન નથી કરતો તે મુનિ કહેવાય નહિ.

ઉપર જે ઓંકારનું ચિંતન કહ્યું છે તે માંડૂક્ય ઉપનિષદની રીતિથી સંક્ષેપમાં કહ્યું છે. નૃસિંહ તાપિની આદિક બીજી ઉપનિષદોમાં પણ ૐકારના ચિંતનનો પ્રકાર કહેલો છે. આ ઓંકારનું ચિંતન એ પરમહંસોનું ગુપ્ત રાખવા જેવું ધન છે; બહિર્મુખ પુરૂષોનો એમાં અધિકાર નથી, અત્યંત અંતર્મુખ પુરૂષોનોજ એમાં અધિકાર છે. વળી ગૃહસ્થનો પણ એમાં અધિકાર નથી, પણ ધન-સ્ત્રી-પુત્ર સંગાદિકથી રહિત પરમહંસનો એમાં અધિકાર છે.

૭૪ ૐકારના ધ્યાનનું ફળ.

(૧) પાછળ કહ્યા પ્રમાણે ૐકારનું બ્રહ્મરૂપે ધ્યાન કરવાથી જ્ઞાનદ્વારા મોક્ષ થાય છે.

(૨) પણ જે મનુષ્યને આલોકના ભોગની અથવા બ્રહ્મલોકના ભોગની કામના હોય તીવ્ર વૈરાગ્ય ન હોય, અને બળાત્કારે કામનાને રોકીને ધન પુત્રાદિકનો ત્યાગ કરી પરમહંસ ગુરૂના ઉપદેશથી ઓંકાર રૂપ બ્રહ્મનું ધ્યાન કરે, તેને મનમાં રહી ગયેલી ભોગની કામના જ્ઞાનમાં પ્રતિબંધ (અડચણ) કરે છે, જેથી તેને જ્ઞાન થતું નથી. પણ ધ્યાન કરતાં કરતાંજ શરીર છૂટી ગયા પછી તેને બીજા શરીરની પ્રાપ્તિ થાય છે. તેમાં—

(૧) જે આ લોકના ભોગની કામનાને બળાત્કારે રોકીને ધ્યાનમાં લાગી રહ્યો હોય, તો તેનો જન્મ આલોકમાં અત્યંત વૈભવવાળા પવિત્ર સત્સમાગમવાળા કુળમાં થાય છે. ત્યાં તેને પૂર્વ જન્મની કામનાના સઘળા ભોગ પ્રાપ્ત થાય છે; અને તે પૂર્વ જન્મના ધ્યાનના સંસ્કારથી ફરી વિચારમાં અથવા ધ્યાનમાં પ્રવૃત થાય છે. અને તેથી તેને જ્ઞાન પ્રાપ્ત થઇને તેનો મોક્ષ થાય છે.

(૨) જે માણુસના મનમા બ્રહ્મલોકના ભોગની કામના હોય, અને તેને બળાત્કારે રોકીને ઓંકાર રૂપ બ્રહ્મના ધ્યાનમાં લાગી રહ્યો હોય તો તે શરીર છોડયા પછી બ્રહ્મલોકમાં જાય છે. ત્યાં મનુષ્યને, પિતૃઓને, અને દેવોને દુર્લભ એવી સ્વતંત્રતા તેને પ્રાપ્ત થાય છે અને તેનો આનંદ તે ભોગવે છે. હિરણ્યગર્ભની જેટલી વિભૂતિ (વૈભવ) છે તે સત્ય સંકલ્પાદિક તમામ વિભૂતિ તેને પ્રાપ્ત થાય છે.

૭૫ બ્રહ્મલોકના માર્ગનો ક્રમ.

ઓંકારનું ધ્યાન કરનારો જે માર્ગથી બ્રહ્મલોકમાં જાય છે તેનો માર્ગ વેદમાં આ રીતે કહ્યો છેઃ—જે માણુસ બ્રહ્મની ઉપાસનામાં તત્પર રહ્યો હોય છે તેના મરણ સમયે ઇંદ્રિય અંતઃકરણ જો કે બધાં મૂર્છિત હોય છે–કોઈ જગોએ જવામાં સમર્થ હોતાં નથી–અને જમના દૂતથી તેની સમીપમાં અવાતું નથી કે જે તેના લિંગ શરીરને લેઈ જાય, પરંતુ—

(૧) **અગ્નિનો અભિમાની દેવતા** તેને મરણ સમયે શરીરમાંથી કાઢીને પોતાના લોકમાં લેઇ જાય છે.

(૨) તે અગ્નિના લોકથી **દિવસનો અભિમાની** દેવતા લેઇ જાય છે.

(૩) ત્યાંથી **શુક્લપક્ષનો અભિમાની દેવતા** પોતાના લોકમાંલેઇ જાય છે.

(૪) ત્યાંથી આગળ **ઉત્તરાયણના છ માસનો અભિમાની દેવતા**

(૫) ત્યાંથી સંવત્સરનો **અભિમાની** દેવતા આગળ પોતાના લોકમાં લેઈ જાય છે.

(૬) ત્યાંથી **દેવલોકનો** અભિમાની **દેવતા** લેઇ જાય છે.

(૭) ત્યાંથી **વાયુનો** અભિમાની **દેવતા** લેઈ જાય છે.

(૮) ત્યાંથી **સૂર્ય**દેવતા લેઈ જાય છે.

(૯) ત્યાંથી **ચંદ્ર**દેવતા લેઈ જાય છે.

(૧૦) ત્યાંથી **વીજળીનો અભિમાની** દેવતા પોતાના લોકમાં લેઈ જાય છે.

(૧૧) ત્યાં વીજળીના લોકમાં તે ઉપાસકને લેવાને હિરણ્યગર્ભની આજ્ઞાથી દિવ્ય પુરૂષ આવે છે. તે દિવ્ય પુરૂષ હિરણ્યગર્ભના લોકનો વાસી હોય છે, અને તેનું રૂપ પણ હિરણ્યગર્ભના જેવું હોય છે. તે તેને વીજળીના લોકથી **વરૂણલોકમાં** લેઈ જાય છે, અને વીજળીનો અભિમાની દેવતા તેની સાથે આવે છે.

(૧૨) વરૂણલોકમાંથી વીજળીનો અભિમાની દેવતા વિદાય થાય છે. અને પેલો દિવ્ય પુરૂષ ઉપાસકને ત્યાંથી **ઇંદ્રલોકમાં** લેઇ જાય છે. અને વરૂણ દેવતા પણ ઇંદ્રલોક સુધી તેની સાથે જાય છે.

(૧૩) ત્યાથી આગળ ઇંદ્રદેવતા **પ્રજાપતિના** લોક સુધી તે એની સાથે રહે છે.

(૧૪) ત્યાંથી આગળ પ્રજાપતિદેવ તે બન્નેની સાથે બ્રહ્મલોક સુધી જવાને સમર્થ નથી, માટે તે દિવ્ય પુરૂષની સાથેજ ઉપાસક પુરૂષ બ્રહ્મલોકમાં પ્રાપ્ત થાય છે. બ્રહ્મલોકના અધિપતિ હિરણ્યગર્ભ છે.

સૂક્ષ્મ સમષ્ટિનું અભિમાની જે ચેતન તેને **હિરણ્યગર્ભ** કહે છે. તેનેજ **કાર્યબ્રહ્મ** કહે છે. કાર્યબ્રહ્મના નિવાસસ્થાનને બ્રહ્મલોક કહે છે.

૭૬ ચાર પ્રકારની મુક્તિ-સાયુજ્ય મોક્ષનું વર્ણન.

ૐકારની ઉપાસના કરનારને સાયુજ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષ અથવા મુક્તિ ચાર પ્રકારની છે.)

(૧) રાજાની પ્રજાની પેઠે ઇશ્વરના લોકમાં વાસ કરવો તેને **સાલોક્યમુક્તિ** કહે છે.)

(૨) તેનાથી શ્રેષ્ઠ—રાજાના નોકરની પેઠે ઇશ્વરની સમીપમાં વાસ કરવો તેને **સામીપ્યમુક્તિ** કહે છે.)

(૩) તેનાથી શ્રેષ્ઠ—રાજાના નાના ભાઇની પેઠે ઇશ્વિરના સમાન રૂપની પ્રાપ્તિ થાય તેને **સારૂપ્યમુક્તિ** કહે છે.

(૪) તેનાથી શ્રેષ્ઠ—રાજાના મોટા પુત્રની પેઠે ઇશ્વરના સમાન સત્યસંકલ્પ વગેરે ઐશ્વર્ય (વૈભવ) પ્રાપ્ત થાય, તેને **સાયુજ્યમુક્તિ** કહે છે. સાયુજ્યમુક્તિનું બીજું નામ **સાર્ષ્ટિમુક્તિ** પણ કહે છે.)

જો કે પાછળ કહ્યા પ્રમાણે ૐકારની ઉપાસના શુદ્ધ બ્રહ્મસ્વરૂપેજ કરવાની કહેલી છે; અને શુદ્ધબ્રહ્મના ઉપાસકને શુદ્ધ બ્રહ્મનીજ પ્રાપ્તિ થવી જોઇએ, તથાપિ શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ જ્ઞાનથીજ થાય છે. પણ કામનારૂપ પ્રતિબંધથી જેને જ્ઞાન થયું નથી, તેને તો કાર્યબ્રહ્મની પ્રાપ્તિરૂપ સાયુજ્યમુક્તિ મળે છે.

(૧) બ્રહ્મલોકમાં ગયેલા ઉપાસકને હિરણ્યગર્ભ સમાન ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

(૨) તે સત્ય સંકલ્પ થાય છે. એટલે તે જે જે સંકલ્પ કરે તે તે તરત બની જાય છે.

(૩) તે જેવા શરીરની ઇચ્છા કરે તેવુંજ તેનું શરીર થાય છે.

(૪) તે જે જે ભોગની ઇચ્છા કરે તે સઘળા ભોગ તેને સંકલ્પથીજ પ્રાપ્ત થાય છે.

(૫) જો તે એકેજ વખતે હજારો શરીર ધારણ કરીને જૂદા જૂદા ભોગોની ઇચ્છા કરે તો તેજ સમયે હજાર શરીર અને તેના ભોગોની સામગ્રી ઉત્પન્ન થાય છે.

વિશેષ શું કહેવું! તે જે કાંઇ સંકલ્પ કરે તે સિદ્ધ થાય છે. પરન્તુ જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર સિવાય બીજું તમામ ઐશ્વર્ય ઇશ્વિરના જેવુંજ તેને પ્રાપ્ત થાય છે. એનેજ સાયુજ્ય મોક્ષ કહે છે.

એવી રીતે ઉપાસક પુરૂષ હિરણ્યગર્ભની સમાન થઈને ઘણાક કાળ સુધી સંકલ્પ વડે સિદ્ધ થતા દિવ્ય પદાર્થોના ભોગ ભોગવીને, પ્રલયકાળમાં જ્યારે હિરણ્યગર્ભના લોકનો નાશ થાય છે, ત્યારે તેને જ્ઞાન થાય છે. અને તે ઉપાસકને વિદેહમોક્ષની પ્રાપ્તિ થાય છે.

૭૭ ૐકારના અહંગ્રહધ્યાનથી બ્રહ્મલોકની પ્રાપ્તિનો નિયમ.

જેમ ૐકારરૂપ બ્રહ્મની ઉપાસના કરનાર બ્રહ્મલોકની પ્રાપ્તિ દ્વારા મોક્ષ પામે છે, તેમ બીજાં ઉપનિષદોમાં પણ બ્રહ્મની ઉપાસના કહેલી છે, અને તેનાથી પણ એજ ફળ મળે છે; પરંતુ અહંગ્રહ ઉપાસના વિના બીજી ઉપાસનાઓથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થતી નથી. આ વાત સૂત્રકારે અને ભાષ્યકારે ચોથા અધ્યાયમાં પ્રતિપાદન કરી છે.

૧. જેમ નર્મદેશ્વરનું શિવરૂપથી અને શાલિગ્રામનું વિષ્ણુરૂપથી ધ્યાન કહ્યું છે, તે પ્રતીક ધ્યાન છે-અહંગ્રહ ધ્યાન નથી. અને—

૨. મનનું બ્રહ્મરૂપથી, આદિત્યનું બ્રહ્મરૂપથી, જે ધ્યાન કહ્યું છે તે પણ પ્રતીક ધ્યાન છે-અહંગ્રહ ધ્યાન નથી.

એ પ્રતીક ધ્યાનથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થતી નથી. પણ જે સગુણ બ્રહ્મને અથવા નિર્ગુણ બ્રહ્મને પોતાનાથી અભિન્ન માનીને (એટલે જૂદો ન માનીને-પોતાનું સ્વરૂપજ માનીને) તેનું ચિંતન કરે, તેને **અહંગ્રહધ્યાન** કહે છે, અને તેથીજ બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે.

૭૮ ઉત્તરાયણમાર્ગથી બ્રહ્મલોકમા જનારને પુનઃ સંસારની અપ્રાપ્તિ, અને જ્ઞાનદ્વારા મોક્ષની પ્રાપ્તિ.

પાછળ જે માર્ગ કહ્યો છે, તેને **ઉત્તરાયણ માર્ગ** કહે છે, અને **દેવમાર્ગ** પણ કહે છે.

તે દેવમાર્ગે જે ઉપાસક બ્રહ્મલોકમાં જાય છે તેને ફરી સંસારમાં આવવું પડતું નથી, પણ ત્યાંજ જ્ઞાન થઈને તે વિદેહમુક્ત થાય છે.

ત્યાં જ્ઞાનનાં સાધન જે ગુરૂનો ઉપદેશ, વગેરે છે તેની પણ તેને જરૂર રહેતી નથી; પણ બ્રહ્મલોકમાં ગુરૂના ઉપદેશ વગેરે સાધન વિનાજ જ્ઞાન થાય છે; કેમકે બ્રહ્મલોકમાં તમોગુણ અને રજોગુણનો તો લેશ પણ નથી; એ લોક કેવળ સત્વગુણપ્રધાન છે.

(૧) ત્યાં તમોગુણ નથી તેથી જડતા, આળસ, વગેરે નથી.

(૨) રજોગુણ નથી, માટે કામક્રોધાદિરૂપ રજોગુણનું કાર્ય જે વિક્ષેપ તે નથી.

(૩) કેવળ સત્વગુણ છે, માટે સત્વગુણનું કાર્ય જ્ઞાનરૂપ પ્રકાશ તે લોકમાં મુખ્ય છે.

૭૯ હિરણ્યગર્ભલોકના વાસીઓને અસંગ નિર્વિકાર બ્રહ્મરૂપ આત્માનું ભાન થાય છે તેનું કારણ.

પછવાડે ઓંકારની બ્રહ્મરૂપે ઉપાસના કહી છે, ત્યાં ઓંકારની માત્રાઓના અર્થનું આ રીતે ચિંતન કરવાનું કહ્યું છેઃ—

(૧) સ્થૂલ ઉપાધિ સહિત વિરાટ્ વિશ્વચેતન અકારનું વાચ્ય છે.

(૨) સૂક્ષ્મ ઉપાધિ સહિત હિરણ્યગર્ભ અને તૈજસ ચેતન ઉકારનું વાચ્ય છે.

એવા અર્થનું પૂર્વે ઉપાસકે ચિંતન કર્યું છે, તેની બ્રહ્મલોકમાં સ્મૃતિ થાય છે. અને સત્વગુણના પ્રભાવથી આવો વિવેક (વિવેચન) થાય છેઃ—

(૧) સ્થૂલ ઉપાધિને લીધે ચેતનમાં **વિરાટ્પણું** અને **વિશ્વપણું** પ્રતીત થાય છે. તેમાં—

ક. સ્થૂલ સમષ્ટિની દૃષ્ટિથી **વિરાટ્પણું** પ્રતીત થાય છે. અને—

ખ. સ્થૂલ વ્યષ્ટિની દૃષ્ટિથી (વ્યષ્ટિરૂપે જોતાં) વિશ્વપણું પ્રતીત થાય છે.

અને સમષ્ટિ વ્યષ્ટિ સ્થૂલની દૃષ્ટિથી ન જોઇએ તો વિરાટ્પણું અને વિશ્વપણું પ્રતીત થાય નહિ, પણ ચેતનમાત્રજ પ્રતીત થાય.

(૨). તેજ રીતે સૂક્ષ્મ ઉપાધી સહિત હિરણ્યગર્ભ અને તૈજસ ચેતન ઉકારનું વાચ્ય છે. તેમાં—

ક. સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિની દૃષ્ટિથી ચેતનમાં **હિરણ્યગર્ભ** પ્રતીત થાય છે. અને—

ખ. વ્યષ્ટિ સૂક્ષ્મ ઉપાધિની દૃષ્ટિથી ચેતનમાં **તૈજસ** પ્રતીત થાય છે.

સૂક્ષ્મ ઉપાધિની દૃષ્ટિ વિના (સૂક્ષ્મ ઉપાધિરૂપે ન જોઇએ તો) **હિરણ્યગર્ભ**પણું અને **તૈજસપણું** પ્રતીત થાય નહિ.

(૩) તેમજ **મ**કારનું વાચ્ય ઈશ્વર અને પ્રાજ્ઞ છે. તેમાં—

ક. સમષ્ટિ અજ્ઞાનરૂપ ઉપાધિથી જોતાં ચેતનમાં **ઈશ્વરપણું** દેખાય છે. અને—

ખ. વ્યષ્ટિ અજ્ઞાનરૂપ ઉપાધિથી જોતાં ચેતનમાં પ્રાજ્ઞપણું દેખાય છે.

અજ્ઞાનરૂપ ઉપાધિની દૃષ્ટિ વિના ઇશ્વરતા અને પ્રાજ્ઞતા જોવામાં આવતી નથી, પણ માત્ર ચેતનજ જોવામાં આવે છે.

જે વસ્તુ જેમામાં બીજી વસ્તુની દૃષ્ટિથી જોતાં પ્રતીત થાય, તે તેમાં પરમાર્થથી હોતી નથી; પણ જે વસ્તુમાં કોઇ બીજી વસ્તુની દૃષ્ટિ કર્યા વિના

તેનું જે રૂપ પ્રતીત થાય તે તેનું પરમાર્થરૂપ (ખરેખરૂં વાસ્તવિક રૂપ) હોય છે. જેમ, એક પુરૂષને પિતાની દૃષ્ટિથી જોતાં પોતાનામાં પુત્રતા દેખાય છે, અને દાદાની દૃષ્ટિથી જોતાં પૌત્રતા દેખાય છે, તે વાસ્તવિક નથી. પુરૂષનું શરીર એજ પરમાર્થ (વાસ્તવિક) છે. તેમ સ્થૂલ–સૂક્ષ્મ–કારણ ઉપાધિની દૃષ્ટિથી જે વિરાટ્–વિશ્વ, વગેરે ભાન થાય છે, તે મિથ્યા છે. ચૈતન્ય માત્ર સત્ય છે.

એ ચેતન સઘળા ભેદથી રહિત છે. કેમકે—

(૧) વિરાટ્ અને વિશ્વનો જે ભેદ છે, તે ઉપાધિ તો બન્નેની જો કે સ્થૂલ છે તથાપિ વિરાટ્‌ની સમષ્ટિ ઉપાધિને લીધે છે–સ્વરૂપથી ભેદ નથી.

(૨) તેમજ તૈજસનો હિરણ્યગર્ભથી પણ ભેદ સમષ્ટિ–વ્યષ્ટિ ઉપાધિને લીધે છે–સ્વરૂપથી ભેદ નથી.

(૩) અને તેજ પ્રમાણે ઇશ્વરથી પ્રાજ્ઞનો ભેદ પણ સમષ્ટિ વ્યષ્ટિ ઉપાધિને લીધે છે–સ્વરૂપથી ભેદ નથી.

(૧) એ રીતે પ્રાજ્ઞનો ઇશ્વિર સાથે અભેદ છે:
(૨) તૈજસનો હિરણ્યગર્ભ સાથે અભેદ છે;
(૩) અને વિશ્વનો વિરાટ સાથે અભેદ છે.

આ રીતે સ્થૂલ ઉપાધિવાળાનો સૂક્ષ્મ ઉપાધિવાળા સાથે અથવા કારણ ઉપાધિવાળા સાથે ભેદ નથી; કેમકે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ ઉપાધિની દૃષ્ટિનો ત્યાગ કર્યાથી ચેતન સ્વરૂપમાં કોઇ પ્રકારનો ભેદ પ્રતીત થતો નથી.

વળી અનાત્મા સાથે પણ ચેતનનો ભેદ નથી. કેમકે અનાત્મા દેહ વગેરે અવિદ્યા કાળમાં પ્રતીત થાય છે, પરમાર્થથી પ્રતીત થતા નથી, માટે તેમનો પણ ચેતન સાથે ભેદ સંભવતો નથી.

એ રીતે સર્વ ભેદ રહિત, અસંગ, નિર્વિકાર, નિત્ય મુક્ત, બ્રહ્મરૂપ આત્મા, એ ઓંકારનું લક્ષ્ય તથા સ્વયંપ્રકાશ રૂપ છે, એમ તે ઉપાસકને ભાન થાય છે. તેથી હિરણ્યગર્ભ વાસીને જન્મ મરણ રૂપ સંસાર પ્રાપ્ત થતો નથી પણ જ્ઞાનદ્વારા મોક્ષ રૂપ ફળ થાય છે.

૮૦ ૐકાર અને મહાવાક્યના અર્થની એકતા.

જો કે મહાવાક્યના વિવેચન વિના જ્ઞાન થતું નથી, તથાપિ ૐકારનું વિવેચન એજ મહાવાક્યનું વિવેચન છે.

(૧) ક સ્થૂલ ઉપાધિ સહિત ચેતન અકારનું વાચ્ય છે.
ख स्थूल ઉપાધિને છોડીને ચેતન માત્ર અકારનું લક્ષ્ય છે.

(૨) क તેમજ સૂક્ષ્મ ઉપાધિ સહિત ચેતન ઉકારનું વાચ્ય છે.
ख સૂક્ષ્મ ઉપાધિને છોડીને ચેતન માત્ર ઉકારનું લક્ષ્ય છે.
(૩) क કારણ ઉપાધિ સહિત ચેતન મકારનું વાચ્ય છે.
ख કારણ ઉપાધિને છોડીને ચેતન માત્ર મકારનું લક્ષ્ય છે.

એ રીતે—

क ઉપાધિ સહિત વિશ્વ વગેરે અકારાદિ માત્રાનું વાચ્ય છે.

ख ઉપાધિ રહિત ચેતન સર્વ માત્રાઓનું લક્ષ્ય છે.

क તેમજ નામરૂપ સઘળી ઉપાધિ સહિત ચેતન ૐકાર અક્ષરનું વાચ્ય છે.

ख અને નામ રૂપ સઘળી ઉપાધિ રહિત ચેતન ૐકાર અક્ષરનું લક્ષ્ય છે.

એ રીતે ૐકારનો અને મહાવાક્યનો અર્થ એકજ છે. માટે ૐકારનો વિવેક (વિવેચન) કરવાથી અદ્વૈત જ્ઞાન થાય છે.

એ રીતે આચાર્યના મુખથી શ્રવણ કરી અદષ્ટિ નામે મધ્યમ શિષ્ય ઉપાસનામાં પ્રવૃત થઇને પરમ પુરૂષાર્થ મોક્ષ પામ્યો.

૮૧ નિર્ગુણ ઉપાસનાના અધિકારીનું કર્ત્તવ્ય

જે જિજ્ઞાસુની વેદાંતના શ્રવણ મનન રૂપ વિચારમાં પ્રવૃતિ થઇ હોય તેને તો વિચાર સિવાય અન્ય સાધન કર્તવ્ય નથી.

(૧) જો કદાચિત્ તે વિચારશીલ પુરૂષ વિચારને છોડીને બીજા સાધનમાં પ્રવૃત થાય તો તે આરૂઢ પતિત (ઉંચે ચઢીને નીચે પડેલો) થશે—કહેવાશે.

(૨) અથવા તેને 'करं लेढि' ન્યાય (એટલે 'મિષ્ટાન્ન ગુમાવીને હાથ ચાટનાર' નું દૃષ્ટાંત) લાગુ પડશે.

માટે વિચારશીલ પુરૂષે તો દૃઢ જ્ઞાન થતા સુધી વિચારમાંજ પ્રવૃત્ત રહેવું. અને—

(૧) જેની વિચારમાં પ્રવૃત્તિ ન થઇ શકતી હોય તેને નિર્ગુણ ઉપાસના કર્તવ્ય છે.

(૨) જેનો નિર્ગુણ ઉપાસનામાં અધિકાર ન હોય તેને "ઉપવાસથી ભિક્ષા શ્રેષ્ઠ છે" એ ન્યાયે સગુણ ઉપાસના કર્તવ્ય છે.

(૧) માયા વિશિષ્ટ ચેતન રૂપ કારણ બ્રહ્મ એ સગુણ ઇશ્વર કહેવાય છે.

(૨) અથવા તેના ઉપલક્ષણ રૂપ જે હિરણ્યગર્ભ, વૈશ્વાનર, હરિ, હર, ગૌરી, ગણેશ, સૂર્ય, અને તેના અવતાર રૂપ કાર્યબ્રહ્મ પણ સગુણ ઇશ્વર કહેવાય છે.

(૩) અથવા તેમની પ્રતિમા રૂપ પ્રતિનિધિ (તેમને ઠેકાણે સ્થાપિત) તે પણ સગુણ ઇશ્વર કહેવાય.

ઉપર કહેલાં ઉપાસ્ય રૂપોમાં પૂર્વપૂર્વનું શ્રેષ્ઠ છે.

सवैया—जो यह निर्गुण ध्यान न व्है तौ,
सगुण ईश करी मनको धाम;
सगुण उपासन हू नहि व्है तौ,
करि निष्काम कर्म भजि राम;
जो निष्काम कर्म हू नहि व्है,
तौ करिये शुभ कर्म सकाम;
जो सकाम कर्म हुनहिं होवै,
तौ शठ बारबार मरि जाम.

दोहा.

ओमकारको अर्थ लखि भयो कृतार्थ अदृष्टि;
पढै जु याहि तरंग तिहि, दादू करहु सुदृष्टि. १७०

પણ જો એવું નિર્ગુણ ધ્યાન બની શકે નહિ તો સગુણ ઉપાસના કરવી. અને સગુણ ઉપાસના કરવા ઇચ્છનારે એ ઇશ્વરમાં મનને સ્થિર કરવું.

જો સગુણ ઉપાસન પણ બને નહિ તો ફળની કામના છોડીને પોત-પોતાના વર્ણાશ્રમને યોગ્ય કર્મ કરીને તેને ઇશ્વરને અર્પણ કર, અને તે સાથે રામનામાદિકનું કીર્તન કરીને ઇશ્વરને ભજ.

જો નિષ્કામ કર્મ પણ બને નહિ તો કામના સહિત શુભ કર્મ કરવાં.

પણ તે સકામ કર્મ પણ ન બને તો હે શઠ માણસ! તું વારંવાર મરીને જન્મ ધારણ કર્યા કર.

ૐકારનો અર્થ સમજીને અદૃષ્ટિ નામે બીજો શિષ્ય કૃતાર્થ થયો. જે મનુષ્ય આ તરંગ ભણે તેના ઉપર દાદૂ ગુરૂ કૃપાદૃષ્ટિ કરો.

इति श्रीगुरुवेदादि व्यावहारिक प्रतिपादन–मध्यमाधिकारी
साधन वर्णनं नाम पंचमस्तरंगः समाप्तः

श्री विचारसागर.

षष्ठः तरंगः।

अथ गुरुवेदादिसाधन मिथ्यावर्णनं.

१. उपोद्घात.

दोहा–चेतनभिन्न अनात्म सब, मिथ्या स्वप्न समान;
यूं सुनि बोल्यो तीसरो, तर्कदृष्टि मतिमान. १

અર્થ—ચેતનથી ભિન્ન સઘળું અનાત્મ (જડ) છે અને સ્વપ્નની પેઠે મિથ્યા છે. (એમ પૂર્વે કહ્યું હતું) તે સાંભળીને ત્રીજો બુદ્ધિમાન તર્કદૃષ્ટિ બોલ્યો.

ટીકા—ચોથા તરંગમાં ઉત્તમ અધિકારીને ઉપદેશનો પ્રકાર કહ્યો; પાંચમા તરંગમાં મધ્યમ અધિકારીને ઉપદેશ કહ્યો; હવે આ છઠ્ઠા તરંગમાં કનિષ્ઠ અધિકારીને ઉપદેશનો પ્રકાર કહે છે.

જેને શંકાઓ ઘણી ઉત્પન્ન થાય, તેની બુદ્ધિ જોકે તીવ્ર હોય તથાપિ તે કનિષ્ઠ અધિકારી જાણવો.

આ તરંગ યુક્તિ પ્રધાન છે, માટે સાંભળેલા અર્થમાં જેને કુતર્ક ઉપજે તેને આ તરંગનો ઉપયોગ છે. કુતર્કથી દૂષિત થયેલી બુદ્ધિવાળો માણસ કનિષ્ઠ અધિકારી હોય છે, તેને ઉપદેશ કરવાનો પ્રકાર આ તરંગમાં છે.

પાછલા તરંગમાં પ્રણવ ઉપાસના અને જગતની ઉત્પત્તિનું નિરૂપણ કરતાં પૂર્વે આ રીતે કહ્યું હતું:—

"ચેતનથી ભિન્ન જે અજ્ઞાન અને તેનું કાર્ય, એ સર્વ અનાત્મ કહેવાય છે. અને તે અનાત્મ પદાર્થ બધા સ્વપ્નની પેઠે મિથ્યા છે." આ વાત સાંભળીને બન્ને ભાઈઓએ કાંઇ પ્રશ્ન કર્યો નહિ. તે જોઇને ત્રીજો બુદ્ધિમાન તર્ક દૃષ્ટિ બોલ્યો:—

૨. તર્કદૃષ્ટિની શંકાઓ.

पहिली जानै वस्तुकी, स्मृति स्वप्नमैं होय;
जागृतमैं अज्ञात अति, ताहि लखै नहि कोय. ૨
अथवा स्थूल हि लिंग तजि, बाहरि देखत जाय;
गिरि समुद्र वन वाजि गज, सो मिथ्या किंहि भाय. ૩

અર્થ—પહેલાં જાણેલી વસ્તુની સ્વપ્નમાં સ્મૃતિ થાય છે. પણ જે વસ્તુ જાગ્રતમાં કેવળ અજ્ઞાત છે તેને કોઈ જાણી શકતું નથી. ૨. અથવા સ્થૂલ શરીરને છોડીને લિંગ શરીર બહારના પર્વત, સમુદ્ર, વન, ઘોડા, હાથી, વગેરેને જોવાને જાય છે, તો તે પદાર્થો મિથ્યા શી રીતે કહેવાય? ૩.

ટીકા—**સ્વપ્ન એ જાગ્રતની સ્મૃતિ છે, માટે સ્વપ્ન દૃષ્ટાંતથી જાગ્રત મિથ્યા સંભવે નહિ.** હે ગુરો! પૂર્વે જે અત્યંત અજ્ઞાત–બિલકુલ નહિ જાણવામાં આવેલો–પદાર્થ હોય તેનું જ્ઞાન સ્વપ્નમાં થતું નથી. પણ જાગ્રતમાં જેનું અનુભવ રૂપ જ્ઞાન હોય, તેનું સ્વપ્નમાં સ્મરણ-થાય છે. હવે સ્મૃતિ જ્ઞાનના વિષય રૂપ જાગ્રતના પદાર્થો સત્ય હોવાથી તેનું સ્વપ્નમાં જે સ્મૃતિ રૂપ જ્ઞાન થાય છે તે પણ સત્ય છે. માટે સ્વપ્નના દૃષ્ટાંતથી જાગ્રતના પદાર્થોને મિથ્યા કહેવા સંભવે નહિ.

(૨) **સ્વપ્નામાં લિંગ શરીર સ્થૂળમાંથી બહાર નીકળી સાચા પદાર્થોને દેખે છે.** હવે શિષ્ય બીજી રીતે સ્વપ્ન જ્ઞાનના વિષય રૂપ પદાર્થોની સત્યતાનું પ્રતિપાદન કરે છેઃ—

અથવા—બીજે પ્રકારે પણ સ્વપ્નનું જ્ઞાન અને સ્વપ્નના વિષય રૂપ પદાર્થો સત્ય છે-મિથ્યા નથી. કેમકે સ્વપ્નાવસ્થામાં સ્થૂલ શરીરને છોડીને લિંગ શરીર બહાર જાય છે; અને ત્યાં સાચા પર્વત, સમુદ્ર, વન, હાથી, ઘોડા, વગેરે દેખે છે. ત્યારે સ્વપ્નને મિથ્યા શી રીતે કહેવાય?

શંકાનું સમાધાન.

૩. જાગ્રતના પદાર્થોની સ્વપ્નમાં સ્મૃતિ થતી નથી.

दोहा-यह हस्ती आगे खरो, पसो होवे ज्ञान;
स्वप्नमांहि स्मृतिरूपसो, कैसे होय सुजान.? ૪

અર્થ—સ્વપ્નમાં ‘ આ હાથી આગળ ઉભો છે’ એવું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, તે હે સુજાણ શિષ્ય! તે જ્ઞાન સ્મૃતિરૂપ શી રીતે હોઇ શકે? ૪.

ટીકા—(૧) ગુરૂ કહે છે કે હે શિષ્ય! પૂર્વે જે પદાર્થોનો **અનુભવ** કર્યો હોય, તેનું જ્ઞાન પાછળથી થાય તેને સ્મૃતિ કહે છે. જેમ પહેલાં હાથી જોયો હોય, "તે હાથી હતો" એવી **સ્મૃતિ** થાય છે. પણ--

(૨) "આ હાથી મોઢા આગળ ઉભો છે." એવું જ્ઞાન થાય, તો તેને સ્મૃતિ કહેવાય નહિ, પણ એ જ્ઞાન તો **પ્રત્યક્ષ** કહેવાય છે.

સ્વપ્નમાં તો આ "હાથી મોઢા આગળ ઉભો છે." "આ પર્વત છે." "આ નદી છે." એવું જ્ઞાન થાય છે. માટે તે જાગ્રતમાં દીઠેલા પદાર્થોની સ્મૃતિ નથી, પણ હાથી વગેરેનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

શંકા—જાગ્રતમાં જાણેલા પદાર્થોનુંજ સ્વપ્નમાં જ્ઞાન થાય છે, નહિ જાણેલાનું સ્વપ્નમાં જ્ઞાન થતું નથી. માટે જાગ્રતના જ્ઞાનના સંસ્કારથી સ્વપ્નના જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. જે જ્ઞાન સંસ્કારથી ઉત્પન્ન થયું હોય તે સ્મૃતિરૂપ જ્ઞાન કહેવાય છે. માટે સ્વપ્નનું જ્ઞાન પણ સ્મૃતિરૂપ છે.

સમાધાન—એ તારી શંકા સંભવતી નથી. કેમકે પ્રત્યક્ષ જ્ઞાન બે પ્રકારનું હોય છે. (૧) **અભિજ્ઞા** રૂપ પ્રત્યક્ષ જ્ઞાન; અને (૨) બીજું **પ્રત્યભિજ્ઞા**રૂપ પ્રત્યક્ષજ્ઞાન.

(૧) કેવળ ઇંદ્રિયના સંબંધથી જે જ્ઞાન થાય તે **અભિજ્ઞાપ્રત્યક્ષ** કહેવાય છે. જેમ, નેત્રના સંબંધથી હાથીનું "આ હાથી છે" એવું જ્ઞાન **અભિજ્ઞાપ્રત્યક્ષ** છે. અને—

(૨) પૂર્વના જ્ઞાનના સંસ્કારોથી અને ઇંદ્રિય સંબંધથી જે જ્ઞાન થાય તે **પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષ** કહેવાય છે. જેમ, પહેલાં દીઠેલા હાથીનું 'તે હાથી આ છે' એવું જ્ઞાન થાય, તે **પ્રત્યભિજ્ઞાપ્રત્યક્ષ** કહેવાય.

એ પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષમાં પૂર્વે જોયેલા હાથીના જ્ઞાનના સંસ્કાર અને તે સાથેજ હાથીનો અને નેત્રનો સંબંધ એ પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષજ્ઞાન થવામાં હેતુ છે. માટે 'સંસ્કારજન્ય જ્ઞાન સ્મૃતિરૂપ હોય છે' એવો કાંઇ નિયમ નથી,—પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષ પણ સંસ્કારજન્ય હોય છે. પરંતુ, ઇંદ્રિયના સંબંધ વિનાનું કેવલ સંસ્કારજન્ય જે જ્ઞાન હોય તેનેજ **સ્મૃતિજ્ઞાન** કહેવું.

(૧) સ્વપ્નમાં હાથી વગેરેનું જ્ઞાન કેવળ સંસ્કારજન્ય નથી, પણ નિદ્રારૂપ દોષથી ઉત્પન્ન થયેલું છે. વળી હાથી વગેરેની પેઠે સ્વપ્નમાં કલ્પિત ઇંદ્રિયો પણ છે, તે જ્ઞાન ઇંદ્રિયજન્ય છે.

શંકા—સ્વપ્નના પદાર્થ તો સાક્ષીભાસ્ય (એટલે સાક્ષીચેતન વડે જાણવામાં આવે એવા) છે. માટે ઇંદ્રિયજન્ય જ્ઞાનના તે વિષય નથી (ઇંદ્રિયો વડે તેનું જ્ઞાન થતું નથી.)

સમાધાન—એ વાત વિવેકીની દૃષ્ટિથી ખરી છે, પણ અવિવેકીની દૃષ્ટિથી સ્વપ્નનું જ્ઞાન ઇંદ્રિય જન્ય કહેવાય છે. આ રીતે સ્વપ્નનું જ્ઞાન તે જાગ્રતના પદાર્થોની સ્મૃતિ રૂપ નથી.

(૨) ઉંઘમાંથી જાગીને પુરૂષ એમ કહે છે કે-મેં સ્વપ્નમાં હાથી દીઠો. જો સ્વપ્નામાં હાથી વગેરેનું સ્મરણ થતું હોત તો તે પુરૂષ જાગીને એમ કહેત કે-મેં સ્વપ્નામા હાથીને સંભાર્યો. પણ એમ કોઇ કહેતું નથી, તેથી સ્વપ્નમાં જાગ્રતના તે પદાર્થોની સ્મૃતિ થાય છે એમ કહેવાય નહિ.

(૩) વળી, જાગ્રતમાં જે પદાર્થ દીઠા હોય છે કે સાંભળ્યા હોય છે. તેનુંજ સ્વપ્નમાં જ્ઞાન થાય છે, એવો કાંઈ નિયમ નથી; પણ જાગ્રતમાં ન જાણ્યો હોય એવા પદાર્થનું પણ સ્વપ્નમાં જ્ઞાન થાય છેઃ કોઇક વખત સ્વપ્નમાં એવા વિલક્ષણ પદાર્થ પ્રતીત થાય છે કે જે આખા જન્મારામાં કદી જોયા કે સાંભળ્યા હોય નહિ! માટે સ્વપ્નના પદાર્થનું જ્ઞાન તે સ્મૃતિ નથી;

શંકા—આ જન્મના પદાર્થોના જ્ઞાનના સંસ્કારથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે, એવો નિયમ નથી એ ખરી વાત; પણ બીજા જન્મોના જ્ઞાનના સંસ્કારથી સ્મૃતિ ઉપજે છે એમ કહેવામાં કાંઇ અડચણ જણાતી નથી. કેમકે—અનુકૂળ જ્ઞાનથી પ્રવૃત્તિ થાય છે, અનુકૂળ જ્ઞાન વિના પ્રવૃત્તિ થતી નથી. માટે, બાળકની ધાવવામાં જે પ્રથમ પ્રવૃત્તિ થાયછે, તેનો હેતુ-બાળકને પણ એવું જ્ઞાન થાય છે કે 'ધાવવું' એ મને અનુકૂળ છે. બાળકે બીજા જન્મોમાં ધાવવામાં જે અનુકૂળતાનો અનુભવ કર્યો છે, તેના સંસ્કારોથી તેને પ્રથમ અનુકૂળતાની સ્મૃતિ થાય છે, માટે બીજા જન્મોના જ્ઞાનના સંસ્કારોથી પણ સ્મૃતિ થાય છે. તેજ રીતે આ જન્માં પણ ન જોયેલ: જાણેલા પદાર્થો સ્વપ્નમાં જણાય છે, તે પદાર્થોનું બીજા જન્મોમાં જ્ઞાન થયું હોય તેના સંસ્કારો મન પર રહી ગયા હોય તેને લીધે સ્વપ્નમાં તે પદાર્થોની સ્મૃતિ સંભવે છે.

સમાધાન—તો પણ કોઇ પદાર્થ સ્વપ્નમાં એવા પ્રતીત થાય છે કે જેનું જાગ્રતમાં કોઇ પણ જન્મમાં જ્ઞાન થતું સંભવે નહિ. જેમ,—કોઇ માણસ સ્વપ્નામાં પોતાનું માથું કપાયલું પોતાનાં નેત્રથી જુએ છે. હવે પોતાના માથાનું કપાવું પોતાની આંખ્યોથી જાગ્રતમાં તો કોઇ જોઇ શકતું નથી! માટે જાગ્રત પદાર્થોના જ્ઞાનના સંસ્કારો વડે સ્વપ્નમાં સ્મૃતિ થતી નથી.

એ રીતે સ્વપ્નું 'સ્મૃતિ રૂપ છે,' એ વિષયના ખંડન માટે અનેક યુક્તિઓ ગ્રંથાકારોએ કહેલી છે. પરંતુ સ્વપ્નને સ્મૃતિ રૂપ માનવામાં પાછળ કહેલો દોષ સૌથી પ્રબળ છે, કે—જેની સ્મૃતિ થઇ હોય તે વિષય

પોતાના મોઢા આગળ દેખાતો નથી, પણ સ્વપ્નના હાથી વગેરે તો સ્વપ્ન કાળમાં સન્મુખ પ્રતીત થાય છે. માટે તે હાથી વગેરેની સ્વપ્નમાં સ્મૃતિ થતી નથી.

૪ સ્વપ્નમાં લિંગ શરીર બહાર જઈને જાગ્રતના પદાર્થોને જોતું નથી.

बाहरि लिंग जु नीकसै, देह अमंगल होय;
प्राणसहित सुंदर लसै, यातैं लिंग हि जोय. ९

અર્થ—જો લિંગ સ્થૂલ શરીરમાંથી બહાર નીકળે તો સ્થૂલ દેહ અમંગળ થઈ જાય (મરણ પામે); પણ તે પ્રાણ સહિત હોય છે માટે સુંદર શોભે છે, માટે તેમાં લિંગ શરીર છે એમ જોવામાં આવે છે.

ટીકા—હે શિષ્ય ! તમારો બીજો પ્રશ્ન એવો હતો કે સ્વપ્નકાળે લિંગ શરીર આ સ્થૂલ શરીરમાંથી બહાર નીકળીને જાગ્રતના સાચા પર્વત નદી વગેરેને દેખે છે;" પણ જો તેમ થતું હોય-લિંગ શરીર સ્થૂલ શરીરમાંથી નીકળીને બહારના સાચા પર્વત સમુદ્ર વગેરેને જોતું હોય, તો લિંગ શરીરના નીકળવાથી જેમ મરણ અવસ્થામાં શરીર ભયંકર રૂપ પ્રતીત થાય છે તેમ સ્વપ્ન અવસ્થામાં પણ લિંગ શરીર ન હોવાથી સ્થૂલ શરીર ભયંકર દેખાવું જોઈએ, અને પ્રાણ રહિત શબ જેવું થવું જોઈએ. પણ સ્વપ્ન અવસ્થામાં એવું થતું નથી; તેમાં તો સ્થૂલ શરીર પ્રાણ સહિત હોય છે. અને જાગ્રતની પેઠે સુંદર હોય છે, અર્થાત્ મડા જેવું ભયંકર દેખાતું નથી. માટે સ્વપ્નાવસ્થામાં લિંગ શરીર સ્થૂલ શરીરમાંથી બહાર નીકળતું નથી.

શંકા—સ્વપ્ન અવસ્થામાં પ્રાણ શરીરની બહાર જતા નથી, પણ અંતઃકરણ અને ઇંદ્રિયો બહાર પર્વત વગેરેમાં જઈને તેમને દેખે છે સ્થૂલ શરીરમાંથી પ્રાણ બહાર જતા નથી, માટે સ્થૂલ શરીર મડા જેવું ભયંકર દેખાતું નથી. વળી પ્રાણને બહાર જવાનું કશું પ્રયોજન પણ નથી, કેમકે પ્રાણમાં જ્ઞાન શક્તિ નથી, પણ ક્રિયા શક્તિ છે. માટે બહારના પદાર્થોને જાણવાની જેનામાં શક્તિ છે તેજ બહાર જાય છે. જાણવાની શક્તિ અંતકરણ અને ઇંદ્રિયોમાં છે. પ્રાણની પેઠે કર્મ ઇંદ્રિયોમાં પણ જ્ઞાન શક્તિ નથી, ક્રિયા શક્તિ છે. માટે પ્રાણ અને કર્મ ઇંદ્રિયો શરીરમાં રહે છે. તેથી સ્વપ્નાવસ્થામાં પડેલા સ્થૂલ શરીરને કોઈ શબ જેવું સમજીને બાળી મુકતું નથી. અને અંતઃકરણ તથા જ્ઞાનેંદ્રિયો જે બહાર ગયાં હોય છે તે સાચા પર્વત વગેરેને જોઈને પ્રાણ તથા કર્મેન્દ્રિયો પાસે આવે છે,

સમાધાન—એ વાત બનવા જેવી નથી. કેમકે—

(૧) સ્થૂલ અને સૂક્ષ્મ શરીરના સમુદાયમાં બધાનો સ્વામી પ્રાણ છે. પ્રાણ વગરનું શરીર જોઇને તેને ક્ષણમાત્ર પણ રહેવા દેતા નથી, પણ બહાર લેઇ જાય છે. અને દહન કરે છે. અને તેનો સ્પર્શ થવાથી સ્નાન કરે છે. માટે સ્થૂલ શરીરનો સાર પ્રાણ છે. અને એજ રીતે સૂક્ષ્મ શરીરમાં પણ પ્રાણ મુખ્ય છે.

ઉપનિષદમાં કથા છે કે,—એક વખત પ્રાણ અને ઇન્દ્રિયો વગેરેમાં સૌથી મોટું કોણ છે, એ બાબત પરસ્પર તકરાર ઉઠી. તેનો નિર્ણય કરાવવા માટે તે સઘળાંએ પ્રજાપતિ ભગવાન પાસે જઇને કહ્યું કે, હે ભગવન્ ! અમારામાં શ્રેષ્ઠ કોણ છે? ત્યારે પ્રજાપતિ ભગવાને કહ્યું કે, તમે બધાં સ્થૂલ શરીરમાં પ્રવેશ કરો, અને પછી એકે એકે તેમાંથી નીકળતાં જાઓ. જેના નીકળવાથી શરીર અમંગળ રૂપ થઇને પડી જાય તે તમારામાં સૌથી મોટો સમજવો. પ્રજાપતિનાં વચનથી તેમણે તેમ કર્યું, અને નેત્ર વગેરે ઇંદ્રિય જેમ જેમ શરીરમાંથી નીકળતાં ગયાં તેમ તેમ શરીર આંધળું, બહેરું, વગેરે થવા લાગ્યું, પણ પડી ગયું નહિ, પણ પ્રાણેએ નીકળવાની તૈયારી કરતાંની સાથેજ શરીર પડવા લાગ્યું. ત્યારે બધાંએ નિશ્ચય કર્યો કે અમારા સૌનો સ્વામી પ્રાણ છે.

આ કારણથી જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી અંતઃકરણ ઇંદ્રિયો શરીરમાં રહે છે; શરીરમાંથી પ્રાણ નીકળવાની સાથેજ બધાં નીકળી જાય છે. માટે સૂક્ષ્મ સમુદાયના રાજા જેવો પ્રાણજ શરીરમાં પ્રધાન છે. તેના નિકળ્યા વિના અંતઃકરણ અને જ્ઞાનેંદ્રિયો બહાર નીકળતી નથી.

(૨) અથવા--અંતઃકરણ અને જ્ઞાનેંદ્રિયો પાંચ ભૂતના સત્વગુણનું કાર્ય છે. તેમનામાં જ્ઞાન શક્તિ છે, પણ ક્રિયા શક્તિ નથી. પણ પ્રાણમાં ક્રિયા શક્તિ છે, તેના બળથી મરણ વખતે લિંગ શરીર આ સ્થૂલ શરીરને છોડીને બીજા લોકમાં જાય છે. વળી પ્રાણના બળથીજ ઇંદ્રિય દ્વારા અંતઃકરણની વૃત્તિ બહાર ઘડા વગેરેની પાસે જાય છે. પ્રાણની મદદ વિના અંતઃકરણનું બહાર ગમન સંભવતું નથી. અને એજ કારણથી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે "પ્રાણનો નિરોધ કર્યા વિના મનનો નિરોધ થાય નહિ. પ્રાણના સંચારથી મનનો સંચાર થાય છે, અને પ્રાણના નિરોધથી મનનો નિરોધ થાય છે." માટે મનના નિરોધ રૂપ જે રાજયોગ, તેની જેને ઇચ્છા હોય તેણે પ્રાણના નિરોધ રૂપ હઠયોગનું અનુષ્ઠાન કરવું. એથી પણ સમજાય છે કે પ્રાણને આધીન અંતઃકરણનું ગમન છે; તેના (પ્રાણના) નીકળ્યા વિના અંતઃકરણ અને જ્ઞાનેંદ્રિયો બહાર નીકળતી નથી.

(૩) સ્વપ્ન અવસ્થામાં સ્થૂલ શરીર પ્રાણુ સહિત જોવામાં આવે છે, માટે "સ્વપ્નામાં સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરમાંથી બહાર જઇને સાચા પદાર્થોને જુએ છે." એ સંભવતું નથી.

(૪) અથવા—કોઇ પુરૂષ સ્વપ્નામાં પોતાના કોઇ સંબંધીને મળીને કાંઇ વ્યવહાર કરે; જાગ્યા પછી જ્યારે તે સંબંધી મળે છે, ત્યારે કોઇ એમ નથી કહેતો કે રાત્રે આપણે મળ્યા હતા અને ફલાણી વાતચીત કરી હતી;! અને શંકાકારની રીતે તો બહાર નીકળીને તે સંબંધી સાથે મળીને વ્યવહાર સાચો કર્યો છે! માટે તે મળવાનું વાતચીત વગેરે વ્યવહારનું જ્ઞાન તે સંબંધીને હોવું જોઇએ! અને તે મળે ત્યારે તેણે તે સઘળું કહેવું પણ જોઇએ! પરંતુ, સિદ્ધાંતીની રીતિથી તો તે સંબંધી અને તેનો મેળાપ એ સહુ અંદરજ કલ્પિત છે.

(૫) અથવા—જો સૂક્ષ્મ શરીર બહાર જઇને સાચા પદાર્થોને જોતું હોય, તો રાત્રે સૂતેલા પુરૂષને એવું સ્વપ્ન આવે છે કે—હરિદ્વારમાં મધ્યાન્હના સૂર્યથી તપેલાં મંદિરો ગંગાથી પૂર્વમાં તે દેખે છે; અને નીલ પર્વત ગંગાથી પશ્ચિમમાં દેખે છે." હવે રાત્રીએ મધ્યાહ્નનો સૂર્ય હોય નહિ, ગંગાથી પૂર્વમાં હરિદ્વારપુરી નથી અને ગંગાથી પશ્ચિમમાં નીલ પર્વત નથી. એ ઉપરથી પણ સમજાશે કે સાચા પદાર્થો દેખાવા એ સ્વપ્નમાં અસંભવિત છે.

એ રીતે સ્વપ્નામાં જાગ્રતના પદાર્થોની સ્મૃતિ થાય છે, અથવા ઇશ્વરકૃત પર્વતો વગેરેને સ્થૂળ શરીરમાંથી બહાર નીકળી સૂક્ષ્મ શરીર જોઇ આવે છે, એ બંને શંકાઓનું સમાધાન થયું.

૫. સિદ્ધાંતઃ-જાગ્રત અને સ્વપ્નની તુલ્યતા.
બધો ત્રિપુટીસમુદાય સ્વપ્નમાં ઉપજે છે.

दोहा-यातैं अंतर ऊपजै, त्रिपुटी सकलसमाज;
वेद कहत या अर्थकूं, सब प्रमाण सिरताज. ६

અર્થ—માટે જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેયરૂપ સઘળો ત્રિપુટીનો સમુદાય અંદરજ ઉત્પન્ન થાય છે; સઘળાં પ્રમાણોમાં શ્રેષ્ઠ જે વેદ તે પણ એજ અર્થને કહે છે. ૬.

ટીકા—સ્વપ્નમાં જાગ્રતના પદાર્થોનું સ્મરણ અથવા લિંગ શરીરનું બહાર નીકળવું તો સંભવતું નથી; તથાપિ જાગ્રતની પેઠે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન, એ ત્રિપુટી સ્વપ્નમાં પ્રતીત થાય છે. એમ વેદમાં કહ્યું છે.

ઉપનિષદમાં કહ્યું છે કે—"જાગ્રતના પદાર્થ સ્વપ્નમાં પ્રતીત થતા નથી,

પણ રથ, ઘોડા તથા માર્ગ તેમ રથમાં બેસનાર સ્વપ્નમાં નવીન ઉત્પન્ન થાય છે." માટે પર્વત, સમુદ્ર, નદી, વન, ગામ, નગરી, સૂર્ય, ચંદ્ર, વગેરે જે કાંઇ સ્વપ્નમાં દેખાય છે તે નવીન ઉપજે છે.

જો સ્વપ્નમાં પર્વત વગેરે ન હોય તો તેનું પ્રત્યક્ષ જ્ઞાન સ્વપ્નમાં થાય છે તે ન થવું જોઇએ. કેમકે વિષયની સાથે ઇંદ્રિયોનો કે અંતઃકરણની વૃત્તિનો સંબંધ થાય ત્યારેજ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. માટે પર્વત વગેરે વિષય અને તેના જ્ઞાનનાં સાધન ઇંદ્રિયો તથા અંતઃકરણ, તે બધાં શરીરમાંહેજ ઉત્પન્ન થાય છે.

શંકા—જેમ છીપમાં રૂપું સાક્ષીભાસ્ય છે તેમ સ્વપ્નના પદાર્થ પણ સાક્ષીભાસ્ય છે. માટે સ્વપ્નપદાર્થના જ્ઞાન માટે અંતઃકરણ તથા ઇંદ્રિયોનો કાંઈ ઉપયોગ નથી. માટે જ્ઞેય જે પર્વતાદિક છે તેનીજ ઉત્પત્તિ સ્વપ્નમાં માનવી ઘટે છે; જ્ઞાતા, જ્ઞાન અને ઇંદ્રિયોની ઉત્પત્તિ સ્વપ્નમાં નવીન થાય છે એમ માનવાની જરૂર નથી.

સમાધાન—(૧) જેમ સ્વપ્નમાં પર્વત વગેરે જોવામાં આવે છે, તેમ ઇંદ્રિયો–અંતઃકરણ–પ્રાણ સહિત સ્થૂલ શરીર પણ સ્વપ્નમાં જોવામાં આવે છે, માટે તેની ઉત્પત્તિ પણ સ્વપ્નમાં નવીન થાય છે એમ માનવું જોઇએ.

(૨) અથવા—સ્વપ્નના પદાર્થો નેત્ર વડે દેખાતા હોયએવું ભાન થાય છે. હવે વ્યાવહારિક નેત્રો વડે તો સ્વપ્નના પ્રાતિભાસિક પદાર્થો જોઇ શકાય નહિ; કેમકે સમાન સત્તાવાળા પદાર્થોજ પોતપોતાનામાં સાધક બાધક થઇ શકે છે, એ વાત પાછળ પાંચમા તરંગમાં પ્રતિપાદન કરવામા આવી છે. માટે વ્યાવહારિક નેત્ર વગેરે શરીરમાં છતાં પણ, તેની સાથે સ્વપ્નના પદાર્થોની વિષમ સત્તા હોવાથી તે વ્યાવહારિક નેત્રો વડે સ્વપ્નના પર્વત વગેરે જોવાનું બની શકે નહિ એ સ્પષ્ટ છે.

(૩) અથવા— વ્યવહારિક ઇંદ્રિયો પોતપોતાના ગોલકને છોડીને કાર્ય કરવામાં સમર્થ થતી નથી. અને સ્વપ્નાવસ્થામાં હાથ, પગ, વાણી,વગેરે કર્મેન્દ્રિયોના ગોલક તો નિશ્ચળ પડેલા બીજા જોઇ શકે છે. અને સ્વપ્નામાં હાથમાં દ્રવ્ય લેઇને બૂમો પાડતો પોતે દોડતો હોય છે. માટે સ્વપ્નમાં ઇંદ્રિયો નવીનજ ઉત્પન્ન થાય છે એમ અવસ્ય માનવું પડશે.

(૪) વળી–સુખ દુઃખ અને તેનું જ્ઞાન, તથા સુખદુઃખનો આશ્રય પ્રમાતા સ્વપ્નમાં પ્રતીત થાય છે; પણ ન થયેલા પદાર્થની પ્રતીતિ થાય નહિ, માટે બધો ત્રિપુટી સમુદાય સ્વપ્નમાં ઉત્પન્ન થાય છે.

અનિર્વચનીય ખ્યાતિનો આવો પ્રકાર છેઃ—જે કાંઇ ભ્રમજ્ઞાન છે

તેના તમામ વિષયો અનિર્વચનીય ઉત્પન્ન થાય છે, વિષય વિના કોઇ પ્રકારનું જ્ઞાન થતુંજ નથી એ **સિદ્ધાંત છે.**

બીજાં શાસ્ત્રોમાં તો અન્ય પદાર્થનું અન્ય રૂપે ભાન થાય તેને **ભ્રમ** કહે છે. સિદ્ધાંતમાં તો જેવો પદાર્થ હોય તેવુંજ જ્ઞાન થાય, એમ માનેલું છે. માટે ભ્રમસ્થળમાં પણ વિષયની ઉત્પત્તિ અવશ્ય માનવી પડશે. **વિષય વિના જ્ઞાન થતું નથી.**

આ રીતે સ્વપ્નમાં ત્રિપુટીની પ્રતીતિ થાય છે તેથી તમામ ત્રિપુટીઓનો સમુદાય નવીન ઉત્પન્ન થાય છે.

૬ શંકા—જાગ્રતની પેઠે ઉત્પત્તિવાળા હોવાથી સ્વપ્નના પદાર્થો સત્ય છે,

શિષ્ય—સ્વપ્નના જે પદાર્થ પ્રતીત થાય છે, તેની ઉત્પત્તિ કબુલ રાખીએ, તો જેમ સ્વપ્નના દૃષ્ટાંતથી જાગ્રતના પદાર્થ મિથ્યા છે, એમ સિદ્ધાંત કરવામાં આવ્યો છે; તેમ જાગ્રતના પદાર્થની પેઠે ઉત્પત્તિવાળા હોવાથી સ્વપ્નના પદાર્થ પણ સત્ય માનવા પડશે. પણ જો સ્વપ્નના પદાર્થની ઉત્પત્તિ નહિ માનીએ, તો એ દોષ લાગુ પડશે નહિ. કેમકે જાગ્રતના પદાર્થ તો ઉત્પન્ન થયેલા માલમ પડે છે, અને સ્વપ્નના પદાર્થ ઉત્પન્ન થયા સિવાય જોવામાં આવે છે. માટે વગર ઉત્પન્ન થએલા પદાર્થો સ્વપ્નમાં દેખાય છે માટે તેનું જ્ઞાન ભ્રમ રૂપ છે; તેની ઉત્પત્તિ માનવી યોગ્ય નથી.

૭ સમાધાન—સ્વપ્ન પદાર્થ સામગ્રી વિના ઉપજે છે માટે મિથ્યા છે.

साधनसामग्री विना उपजै जूठसु होय;
बिन सामग्री उपजै, यूं तिहि मिथ्या जोय, ७

અર્થ—(જાગ્રતમાં) જે પદાર્થ સાધન સામગ્રી વિના ઉપજેલો જણાય છે તે જૂઠો હોય છે, તેમ (સ્વપ્નમાં પણ) સામગ્રી વિના પદાર્થો ઉપજે છે.

(૧) જે વસ્તુની ઉત્પત્તિ થવામાં જેટલી દેશકાળ વગેરે સામગ્રી સાધન તરિકે (કારણ તરિકે) જોઇએ, તેટલી સામગ્રી વિના જે ઉપજે તે મિથ્યા કહેવાય છે. હવે સ્વપ્નમાં હાથી વગેરેની ઉત્પત્તિને લાયક દેશકાળ નથી; ઘણે વખતે અને ઘણી જગામાં ઉપજવા યોગ્ય હાથી વગેરે ક્ષણ માત્ર વખતમાં અને સૂક્ષ્મ એવી કંઠદેશની નાડીમાં ઉપજે છે માટે તે મિથ્યા કહેવાય છે.

(૨) જો કે સ્વપ્ન અવસ્થામાં અધિક કાળ અને અધિક દેશની પણ પ્રતીતિ થાય છે, તથાપિ બીજા પદાર્થોની પેઠે સ્વપ્નમાં અધિકકાળ અને

અધિક દેશ પણ અનિર્વચનીય પ્રાતિભાસિક ઉત્પન્ન થાય છે. કેમકે (પ્રત્યક્ષ જ્ઞાનના) વિષય વિના પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી, અને સ્વપ્નમાં તો અધિક દેશકાળનું જ્ઞાન થાય છે. તે વખતે વ્યાવહારિક દેશકાળ તો ન્યૂન હોય છે, માટે તે પ્રાતિભાસિક ઉત્પન્ન થાય છે, એમજ માનવું જોઇએ. પરંતુ સ્વપ્નાવસ્થામાં ઉપજેલા જે પ્રાતિભાસિક દેશકાળ, તે સ્વપ્નાવસ્થાના હાથી વગેરેનું કારણ નથી. કેમકે જે કારણ હોય તે પ્રથમ ઉપજે છે, અને કાર્ય પછી ઉપજે છે, એવો નિયમ છે. સ્વપ્નના દેશકાળ અને હાથી વગેરે એકજ સમયમાં ઉત્પન્ન થાય છે, માટે તેમનામાં કાર્ય કારણ ભાવ સંભવતો નથી. અને વ્યાવહારિક દેશકાળ તો ન્યૂન છે, તે હાથી વગેરેની ઉત્પત્તિ થવાને યોગ્ય નથી. આથી સમજાશે કે સ્વપ્નના પદાર્થો દેશકાળ વગેરે સામગ્રી વિનાજ ઉપજે છે માટે મિથ્યાજ છે

(૩) સ્વપ્નનો હાથી ઉત્પન્ન થવામાં માતા વગેરે બીજી સામગ્રી પણ સ્વપ્નમાં નથી. જો કે સ્વપ્નમાં પ્રાણી વગેરેના માતા પિતા પણ પ્રતીત થાય છે, તથાપિ સ્વપ્નનાં માતાપિતા પુત્રની ઉત્પત્તિનાં કારણ નથી; કેમકે માતાપિતા અને પુત્ર એક ક્ષણમાં સાથેજ ઉપજે છે, માટે તેમનો કાર્ય કારણ ભાવ નથી. જે નિદ્રા સહિત અવિદ્યાથી સ્વપ્નના પદાર્થ ઉપજે છે, તેજ અવિદ્યા તે પદાર્થોમાં માતાપણું, પિતાપણું, અને પુત્રપણું, ઉપજાવે છે. આ રીતે સ્વપ્નના પદાર્થોની ઉત્પત્તિમાં બીજી કોઈ સામગ્રી નથી, પણ નિદ્રા દોષ સહિત અવિદ્યાજ કારણ છે. જે દોષ સહિત અવિદ્યાથી ઉત્પન્ન થયું હોય તે છીપમાંના રૂપાની પેઠે મિથ્યા હોય છે. માટે સ્વપ્નના પદાર્થ સત્ય નહિ પણ મિથ્યા છે.

(૪) સ્વપ્નના પદાર્થોનું ઉપાદાન કારણ અંતઃકરણ છે; અથવા સાક્ષાત્ અવિદ્યાજ તેનું ઉપાદાન કારણ છે.

(૧) પહેલા પક્ષમાં સાક્ષી ચેતન સ્વપ્નનું અધિષ્ઠાન છે.

(૨) બીજા પક્ષમાં બ્રહ્મચેતન સ્વપ્નનું અધિષ્ઠાન છે.

આ રીતે અંતઃકરણ અથવા અવિદ્યાનું પરિણામ, અને ચેતનનું વિવર્ત સ્વપ્ન છે.

૮ ત્રિવિધિ સત્તા પક્ષમાં જાગ્રત અને સ્વપ્નનું વિલક્ષણપણું.

શિષ્ય—હે ગુરો! અહીં બે શંકાઓ ઉપજે છે:—

૧ પહેલી શંકા—બ્રહ્મજ્ઞાન વિના સ્વપ્ન નિવૃત્ત કેમ થાય?

પાછળ આપે કહ્યું કે—"બીજા પક્ષમા બ્રહ્મચેતન સ્વપ્નનું અધિષ્ઠાન

છે." અને અવિદ્યાને સ્વપ્નનું ઉપાદાન કારણ કહ્યું. હવે અધિષ્ઠાનના જ્ઞાનથી કલ્પિતની નિવૃત્તિ થાય છે એવો નિયમ છે. અને સ્વપ્નનું અધિષ્ઠાન બ્રહ્મ છે. માટે બ્રહ્મજ્ઞાન વિના અજ્ઞાનીના સ્વપ્નની જાગરણમાં પણ નિવૃત્તિ ન થવી જોઇએ.

૨ બીજી શંકા—જાગ્રત અને સ્વપ્નની સત્તા સમાન હોવી જોઇએ.

જેમ સ્વપ્નનું અધિષ્ઠાન બ્રહ્મ છે અને ઉપાદાન કારણ અવિદ્યા છે; તેમ વેદાંત સિદ્ધાંતમાં જાગ્રતના વ્યાવહારિક પદાર્થોનું પણ અધિષ્ઠાન બ્રહ્મ છે અને ઉપાદાન કારણ અવિદ્યા છે. માટે—

૧ જાગ્રતના પદાર્થોને વ્યાવહારિક કહેવા,

૨ અને સ્વપ્નના પદાર્થોને પ્રાતિભાસિક કહેવા, એવો ભેદ નહિ હોવો જોઇએ. કેમકે તે બંનેનું અધિષ્ઠાન બ્રહ્મ છે, અને ઉપાદાન કારણ અવિદ્યા છે. માટે—

૧ જાગ્રત અને સ્વપ્ન બન્ને વ્યાવહારિક હોવાં જોઇએ,

૨ અથવા બન્ને પ્રાતિભાસિક હોવાં જોઇએ.

૧ પહેલી શંકાનું સમાધાન—નિવૃત્તિ બે પ્રકારની છે, માટે કારણમાં લય રૂપ નિવૃત્તિ સ્વપ્નની થઇ શકે.

ગુરૂ—પ્રથમ શંકાનું સમાધાન આ પ્રમાણે છેઃ—નિવૃતિ બે પ્રકારની હોય છે એ પાછળ ખ્યાતિ નિરૂપણમાં કહેલી છેઃ—

ક કારણ સહિત કાર્યનો વિનાશ થવો તે આત્યંતિકી નિવૃત્તિ. એવી નિવૃત્તિ તો બ્રહ્મજ્ઞાન વિના સ્વપ્નની જાગ્રતમાં પણ થાય નહિ.

ખ પણ લાકડી મારવાથી જેમ ઘડાનો માટીમાં લય થાય છે, તેમ સ્વપ્નનો હેતુ જે નિદ્રા દોષ, તેના નાશથી અથવા સ્વપ્નની વિરોધી જે જાગ્રતની ઉત્પત્તિ, તેનાથી અવિદ્યામાં લય રૂપ સ્વપ્નની નિવૃત્તિ બ્રહ્મજ્ઞાન વિના પણ સંભવે છે.

૨ બીજી શંકાનું સમાધાન—જાગ્રતમાં વ્યાવહારિક અને સ્વપ્નમાં પ્રાતિભાસિક સત્તા છે.

હવે તેં જે બીજી શંકા કરી કે—'જાગ્રત અને સ્વપ્ન સમાન કહેવાં જોઇએ' તે બની શકે નહિ. કેમકે—

૧ જાગ્રતના દેહાદિક પદાર્થોની ઉત્પત્તિમાં તો બીજા દોષ રહિત કેવળ અનાદિ અવિદ્યાજ ઉપાદાન કારણ છે. અને—

(૨) સ્વપ્નના પદાર્થોમાં તો સાદિ (આદિવાળો) નિદ્રાદોષ પણ **અવિદ્યાનો સહાયક** છે. માટે—

૧ અન્ય દોષ રહિત કેવળ અવિદ્યાજન્ય **વ્યાવહારિક કહેવાય** છે. અને—

૨ સાદિ દોષ સહિત અવિદ્યાજન્ય (એટલે તૂલાવિદ્યાજન્ય) **પ્રાતિભાસિક** કહેવાય છે.

૧ સ્વપ્નના પદાર્થો નિદ્રા દોષ સહિત અવિદ્યાજન્ય હોવાથી **પ્રાતિભાસિક** છે. અને—

૨જાગ્રતના પદાર્થ અન્ય દોષ રહિત અવિદ્યાજન્ય હોવાથી **વ્યાવહારિક** કહેવાય છે.

આ રીતે સ્વપ્નના પદાર્થોમાં જાગ્રતના પદાર્થોથી વિલક્ષણતા છે.

પરંતુ આ બધું ત્રણ પ્રકારની સત્તા માનીને સ્થૂલ દૃષ્ટિથી કહ્યું છે. વિચાર દૃષ્ટિથી તો ત્રણ પ્રકારની સત્તા સંભવતી નથી, અને જાગ્રત સ્વપ્નની પરસ્પર વિલક્ષણતા પણ સંભવતી નથી. (એ વાત હવે પછી સિદ્ધ કરવામાં આવશે. હમણાં તો ત્રણ સત્તા માનનારા બીજા ગ્રંથકારોનો અભિપ્રાય કહ્યા પછી તે કહેવામાં આવશે.)

૯ ત્રિસત્તાવાદીનો મત.

વેદાંતપરિભાષા વગેરે ગ્રંથોમાં પાછળ કહ્યું તેમ વ્યાવહારિક તથા પ્રાતિભાસિકપદાર્થોને જૂદા કહ્યા છે, માટે વ્યાવહારિક, પ્રાતિભાસિક અને પારમાર્થિક, એવી ત્રણ સત્તા માની છે.

તેમજ વિદ્યારણ્ય સ્વામીએ પોતાના પંચદશી નામે ગ્રંથમાં પણ ત્રણ સત્તાઓ માની છે. કેમકે તેમણે આવો પ્રસંગ લખ્યો છે:—બે પ્રકારના દેહ વગેરે પદાર્થો છે:—

(૧) **क.** એક તો ઇશ્વરે રચેલા છે અને તે બહાર છે.

ख. બીજા જીવના સંકલ્પથી રચાયલા છે. તે મનોમય કહેવાય છે, અને તે અંદર છે.

તે બેમાં:—

(૨) **क.** જીવના સંકલ્પથી રચાયલા અંદરના મનોમય તે સાક્ષીભાસ્ય છે.

ख. ઇશ્વરના રચેલા બહાર છે તે પ્રમાતા અને પ્રમાણનો વિષય છે–પ્રમાણવડે પ્રમાતા તેમને જાણી શકે છે.

(૩) **क.** અંદરના મનોમય દેહ વગેરેજ જીવને સુખદુઃખનું કારણ છે.

ख. બહારના ઇશ્વરરચિત પદાર્થો સુખદુઃખના હેતુ નથી.

(૪) क. માટે અંદરના મનોમય પદાર્થોની નિવૃત્તિ મુમુક્ષુને જરૂરની છે.
ख. બહારની સૃષ્ટિ સુખદુઃખનો હેતુ નથી, માટે તેની નિવૃત્તિ જરૂરની નથી.

જેમ બે પુરૂષોના બે છોકરા પરદેશમાં ગયા હોય. તેમાંથી એકનો છોકરો મરી જાય અને એકનો જીવતો રહે. તે જીવતો છોકરો મોટું ઐશ્વર્ય પ્રાપ્ત કરીને કોઇ જતા આવતા માણુસ સાથે પોતાના ઐશ્વર્યની અને બીજાના મરણુની ખબર પોતાના પિતાને કહેવરાવે. હવે ખબર લેઈ જનારો માણુસ દુષ્ટ હોય, તેથી તે—

(૧) જીવતા છોકરાના બાપને કહે કે તમારો પુત્ર મરી ગયો. અને–

(૨) મરી ગયેલા છોકરાના બાપને કહે કે તારો છોકરો શરીરે સાજો તાજો છે. અને તેણે ઘણી સંપત્તિ પ્રાપ્ત કરી છે. તે થોડા દહાડામાં હાથી ઉપર બેશીને ઘણી ધામધૂમથી ઘેર આવશે.

એ ઠગારાનાં વચન સાંભળીને—

(૧) જીવતા પુત્રનો બાપ રડવા લાગે છે અને ઘણો દુઃખી થાયછે.

(૨) મરીગયેલા પુત્રનો બાપ ઘણો આનંદ પામે છે.

આ રીતે દેશાંતરમાં—

(૧) क. ઇશ્વરે બનાવેલો પુત્ર જીવે છે. તોપણુ મનોમય પુત્ર મરી ગયો, તેથી દુઃખ થાય છે.

ख. પણુ ઇશ્વરે બનાવેલા જીવતા પુત્રનું સુખ થતું નથી.

(૨) क. તેમ બીજા પુરૂષનો ઇશ્વરે બનાવેલો છોકરો મરી ગયો છે. તેનું તેને દુઃખ થતું નથી. પણુ—

ख. મનોમય જીવે છે, તેનું સુખ થાય છે.

માટે—

(૧) જીવસૃષ્ટિજ સુખદુઃખનીહેતુ છે.

(૨) ઇશ્વર સૃષ્ટિ સુખદુઃખની હેતુ નથી.

આ રીતે વિદ્યારણ્યસ્વામીએ જીવસૃષ્ટિ અને ઇશ્વરસૃષ્ટિ, એમ સૃષ્ટિ બે પ્રકારની કહી છે. તેમાં—

(૧) જીવસૃષ્ટિ પ્રાતિભાસિક છે. અને—

(૨) ઇશ્વરસૃષ્ટિ વ્યાવહારિક છે.

એજ રીતે બીજા ગ્રંથકારોએ પણુ સત્તા ત્રણુ પ્રકારની કહી છેઃ—

(૧) ચેતનની પારમાર્થિક સત્તા છે.

ચેતનથી ભિન્ન જડ પદાર્થોના બે પ્રકારની સત્તા છેઃ એક વ્યાવહારિક સત્તા અને બીજી પ્રાતિભાસિક સત્તા છે

(૨) સૃષ્ટિના આરંભમાં ઈશ્વરના સંકલ્પથી ઉપજેલાં, જે કેવળ અવિદ્યાનાં કાર્ય–પંચભૂત, અને તે પંચભૂતોનાં કાર્યની **વ્યાવહારિક સત્તા** છે.

(૩) દોષ સહિત અવિદ્યાનું કાર્ય, જેવાં કે–સ્વપ્ન, છીપમાં રૂપું, ઇત્યાદિની **પ્રાતિભાસિક સત્તા** છે.

આ રીતે જાગ્રતના પદાર્થોની **વ્યાવહારિક** સત્તા, અને સ્વપ્નના પદાર્થોની **પ્રાતિભાસિક** સત્તા કહેલી છે.

દૃષ્ટિ સૃષ્ટિવાદ.

૧૦. દ્વિવિધ સત્તા પક્ષમાં જાગ્રત સ્વપ્નની એકતા.

(પાછળ ત્રણ પ્રકારની સત્તા છે એમ કહ્યું છે, તથાપિ એ સઘળું સ્થૂલ દૃષ્ટિથી કહ્યું છે. વિચાર દૃષ્ટિથી જોતાં તો ત્રણ પ્રકારની સત્તા સંભવતી નથી.) પણ સઘળા અનાત્મ પદાર્થોની પ્રાતિભાસિક સત્તાજ છે. માટે બે પ્રકારનીજ સત્તા છે:—

(૧) ચેતનની **પરમાર્થ** સત્તા છે. અને—

(૨) ચેતનથી ભિન્ન તમામ અનાત્મ પદાર્થોની **પ્રાતિભાસિક** સત્તા છે.

જાગ્રત અને સ્વપ્નના પદાર્થોમાં લગાર પણ વિલક્ષણતા સિદ્ધ થતી નથી, એ ઉત્તમ સિદ્ધાંતને હવે પ્રતિપાદન કરે છે:—

ચોપાઈ.

बिनसामग्री उपजत यातैं,
स्वप्नसृष्टि सब मिथ्या तातैं;
देशकालको लेस न जामैं,
सर्व जगत उपजत है तामैं. ८
स्वप्नसमान झूठ जग जानहु,
लेश सत्य ताकूं मति मानहु;
जाग्रतमांहि स्वप्न नहि जैसे,
स्वप्नमांहि जाग्रत नहि तैसें. ९

અર્થ—સ્વપ્નસૃષ્ટિ સામગ્રી વિના ઉપજે છે, માટે તે બધી સૃષ્ટિ મિથ્યા છે; તેમજ જે બ્રહ્મમાં દેશ અને કાળનો લેશ પણ નથી. તેમાં સઘળું જગત ઉત્પન્ન થાય છે. ૮ માટે જગતને પણ સ્વપ્નના જેવું જુઠું જાણવું; તે લગાર પણ સત્ય છે એમ માનવું નહિ. જેમ જાગ્રત અવસ્થામાં સ્વપ્ન હોતું નથી, (એટલે મિથ્યા છે) તેમ સ્વપ્નમાં જાગ્રત પણ હોતું નથી. અર્થાત્ મિથ્યા છે.

ટીકા--જાગ્રત સ્વપ્ન બન્નેમાં દેશકાળાદિ સામગ્રી નથી. દેશ અને કાળ વગેરે સામગ્રી વિના સ્વપ્નના હાથી, પર્વત વગેરે ઉત્પન્ન થાય છે. માટે તે મિથ્યા કહેવાય છે. તેમજ આકાશ વગેરે પ્રપંચની સૃષ્ટિ (ઉત્પત્તિ) બ્રહ્મથી થાય છે, તે બ્રહ્મમાં પણ દેશકાળ વગેરેનો લેશ પણ નથી. સ્વપ્નમાંના હાથી, પર્વત, વગેરેને યોગ્ય દેશકાળ તો નથી, તથાપિ અલ્પ દેશકાળ છે, તેમ આકાશ વગેરેની સૃષ્ટિમાં અલ્પ દેશકાળ પણ નથી. કેમકે દેશકાળ વગેરેથી રહિત પરમાત્માથી આકાશાદિ સૃષ્ટિ થાય છે એમ શ્રુતિમાં કહ્યું છે. એ કારણથી—

(૨) તૈત્તિરીય શ્રુતિમાં આકાશાદિની ક્રમથી સૃષ્ટિ કહી છે (એટલે બ્રહ્મથી આકાશ ઉત્પન્ન થયું, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, વગેરે ક્રમથી જગતની ઉત્પત્તિ કહી છે.) પણ દેશકાળની સૃષ્ટિ (ઉત્પત્તિ) કહી નથી.

(૩) અને સૂત્રકાર તથા ભાષ્યકારે પણ દેશકાળની સૃષ્ટિ કહી નથી.

તેમા તૈત્તિરીય શ્રુતિનો અને સૂત્રકાર તથા ભાષ્યકારનો આવો અભિપ્રાય છે. આકાશાદિક પ્રપંચની ઉત્પત્તિ દેશકાળ વગેરે સામગ્રી વિના થાય છે. માટે આકાશાદિ પણ સ્વપ્નની પેઠે મિથ્યા છે.

૧૧ દેશકાળ માયાનુ પરિણામ છે અને બ્રહ્મનું વિવર્ત છે, એવું મધુસૂદન સ્વામીનું મત.

શંકા—મધુસૂદન સ્વામીએ દેશકાળ સાક્ષાત્ અવિદ્યાનું કાર્ય છે, એમ કહ્યું છે. જેથી માયા વિશિષ્ટ પરમાત્માથી પ્રથમ માયાનું પરિણામ દેશકાળ થાય છે, અને પછી આકાશ વગેરેની ઉત્પત્તિ થાય છે; માટે યોગ્ય દેશકાળથી આકાશ વગેરે જગતની ઉત્પત્તિ થાય છે.

સમાધાન—એમાં મધુસૂદન સ્વામીનો એવો અભિપ્રાય નથી કે દેશકાળ પ્રથમ ઉત્પન્ન થાય છે અને આકાશાદિ સૃષ્ટિ તે પછી થાય છે. કેમકે—

(૧) જે ભૂતકાળમાં હોય તે પ્રથમ અને પૂર્વ કહેવાય છે.

(૨) ભવિષ્યકાળમાં જે થાય તે ઉત્તર અથવા પછી કહેવાય છે.

આકાશાદિકની ઉત્પત્તિથી પહેલાં દેશકાળ ઉત્પન્ન થાય છે, એમ કહેવાથી આકાશ વગેરેની ઉત્પત્તિના કાળથી પૂર્વકાળની ઉપાધિવાળો પરમાત્મા દેશકાળનું અધિષ્ઠાન છે એમ સિદ્ધ થશે. માટે દેશકાળની ઉત્પત્તિમાં પૂર્વકાળની અપેક્ષા રહેશે. પણ કાળની ઉત્પત્તિ વિના પૂર્વકાળ અસિદ્ધ છે. માટે આકાશાદિકથી પૂર્વકાળમાં દેશકાળ વગેરે હોય છે એમ કહેવું સંભવતું નથી.

(મતલબ એ છે કે દેશકાળ ઉત્પન્ન થયા પૂર્વે, પરમાત્મા પૂર્વકાળની ઉપાધિવાળો હતો, એ કહેવું ઘટતું નથી. કેમકે દેશકાળની ઉત્પત્તિનું કારણ

પૂર્વકાળને માનીએ તો તે પૂર્વકાળની ઉત્પત્તિમાં પણ કોઇક કાળને કારણ માનવું પડશે. અને એમ માનવાથી આત્માશ્રય વગેરે અનેક દોષ આવશે. જેમ–

(૧) જો પોતાની ઉત્પત્તિમાં પોતેજ કારણ થાય તો તે **આત્માશ્રય** દોષ કહેવાય.

(૨) જો (પ્રસ્તુત) કાળનું કારણ પૂર્વકાળ, ને તે પૂર્વકાળનું કારણ (પ્રસ્તુત) કાળ એમ એક બીજાનું કારણ કાર્ય થાય તો **અન્યોન્યાશ્રય** દોષ કહેવાય.

(૩) જો પ્રથમ પૂર્વકાળનું કારણ બીજો પૂર્વકાળ, ને બીજા પૂર્વકાળનું કારણ ત્રીજો પૂર્વકાળ, ને ત્રીજા પૂર્વકાળનું કારણ પ્રથમ પૂર્વકાળ, એમ કહીએ તો **ચક્રિકા** દોષ કહેવાય.

(૪) જો ત્રીજા પૂર્વકાળનું કારણ પાંચમો પૂર્વકાળ, એમ પૂર્વકાળનો પ્રવાહ ચાલુ રાખીએ તો **અનવસ્થા** દોષ કહેવાય. એ રીતે અનેક દોષ ઉત્પન્ન થતા હોવાથી દેશકાળની ઉત્પત્તિમાં પૂર્વકાળને કારણ માનવું અયુક્ત છે.

પણ મધુસૂદન સ્વામીનો તો આવો અભિપ્રાય છેઃ—

(૧) જેમ ભૂત અને ભૌતિક (ભૂતોથી ઉત્પન્ન થયેલો) પ્રપંચ પ્રતીત થાય છે, તેમ દેશકાળ પણ પ્રતીત થાય છે. કેમકે—

ક આત્માથી ભિન્ન કોઇ (વસ્તુ) નિત્ય નથી, માટે દેશકાળ નિત્ય નથી. અને—

ખ જે ઉત્પન્ન થયું ન હોય તેની પ્રતીતિ થાય નહિ, માટે આકાશાદિકની પેઠે દેશકાળની પણ ઉત્પત્તિ થાય છે.

એ દેશકાળ માયાનું પરિણામ છે, અને ચેતનનું વિવર્ત છે. જે વિવર્ત હોય તે કોઇનું વિવર્ત હોય નહિ. માટે આકાશાદિક પ્રપંચની ઉત્પત્તિનું દેશકાળ કારણ નથી.

(૨) અથવા—કારણ પ્રથમ હોય છે અને કાર્ય પછી થાય છે. પણ આકાશાદિક પ્રપંચથી દેશકાળ પ્રથમ હોય છે એમ કહેવું સંભવતું નથી, એ વાત હમણાંજ કહી ગયા છીએ. એ કારણથી પણ દેશકાળ આકાશાદિ પ્રપંચનાં કારણ સંભવતાં નથી. પણ સ્વપ્નના પિતા પુત્રની પેઠે દેશકાળ સહિત આકાશાદિ પ્રપંચ માયા વિશિષ્ટ પરમાત્માથી ઉત્પન્ન થાય છે.

વળી, કોઇ પદાર્થ કોઇક દેશમાં અને કોઇક કાળમાં ઉપજે છે, પણ બીજા દેશમાં અને બીજા કાળમાં ઉપજતા નથી. એ રીતે બધાજ પદાર્થો પ્રલય કાળમા ઉપજતા નથી. પણ સૃષ્ટિકાળમાં ઉપજે છે, માટે દેશકાળ

કારણ હોય એમ દેખાય છે પણ ખરૂં; તો પણ જે માયાથી દેશકાળ સહિત પ્રપંચની ઉત્પત્તિ થાય છે, તેજ માયાથી દેશકાળ કારણ છે અને બીજો બધો પ્રપંચ કાર્ય છે, એમ પણ પ્રતીત થાય છે.

દેશકાળનું કારણ બ્રહ્મ છે, એમ જણાતું હોય તેવાં સ્થળે અન્યથાખ્યાતિનો સ્વીકાર.

૧૨ પૂર્વ પક્ષીની શંકા—જગતનું કારણ દેશકાળ છે.

શંકા—આકાશાદિ પ્રપંચનું કારણ દેશકાળ નથી, એ વિષયમાં આવી શંકા થાય છે કેઃ–જે પદાર્થ થયોજ નથી, તેની પ્રતીતિ થાય નહિ, અને સિદ્ધાંતમાં પણ તેની પ્રતીતિ માન્ય રાખેલી નથી. જો ન થયેલા પદાર્થની પ્રતીતિનો સ્વીકાર કરવામાં આવે તો—

(૧) અસતખ્યાતિનો અંગીકાર કરવો પડશે.

(૨) અને જેની ઉત્પત્તિજ થઇ નથી, એવો વાંઝણીનો છોકરો અને સસલાના શીંગડાની પણ પ્રતીતિ થવી જોઇશું !

માટે ન ઉપજેલા પદાર્થની પ્રતીતિ થતી નથી.

માટે જો દેશકાળ આકાશાદિક સર્વ પદાર્થનું કારણ ન હોય, બીજી રીતે કહીએ તો–દેશકાળમાં સર્વ પદાર્થોનું કારણ ન હોય, તો માયાના બળથી પણ દેશકાળમાં પદાર્થોનું કારણપણું પ્રતીત ન થવું જોઇએ. પણ દેશકાળમાં કારણપણું તો પ્રતીત થાય છે, માટે દેશકાળ એ સઘળા પ્રપંચનું કારણ છે.

સમાધાન—સઘળા પ્રપંચનું કારણ બ્રહ્મ છે. બ્રહ્મમાં રહેલું એ કારણપણું દેશકાળમાં જોવામાં આવે છે; દેશકાળમાં કારણપણું નથી.

શંકા—એ વાત સંભવતી નથી. કેમકે—

(૧) જેમ દેશકાળનું અધિષ્ઠાન બ્રહ્મ છે, તેમ સઘળા જગતનું અધિષ્ઠાન બ્રહ્મ છે. માટે દેશકાળનુંજ કારણ બ્રહ્મ છે એમ જોવામાં આવે, અને બીજાનું કારણ બ્રહ્મ જોવામાં આવતું નથી, એમ કહેવામાં કોઈ હેતુ નથી. અને તેથી અધિષ્ઠાન રૂપ બ્રહ્મ જો દેશકાળનું કારણ જણાતું હોય તો સઘળા જગતનું અધિષ્ઠાન બ્રહ્મ છે માટે સઘળા જગતનું કારણ પણ બ્રહ્મ જણાવું જોઇએ. પણ કોઇ પદાર્થમાં (દેશકાળાદિકમાં) કારણપણું દેખાય અને કોઇ પદાર્થમાં (જગતમાં) કાર્યપણું દેખાય, એવો ભેદ નહિ હોવો જોઇએ.

(૨) અથવા—જો તમે એમ કહેશો કે, દેશકાળમાં કારણપણું નથી, અને બ્રહ્મમાં કારણપણું છે, તથા તે બ્રહ્મનું કારણપણું દેશકાળમાં પ્રતીત

થાય છે, તો તમે **અન્યથાખ્યાતિનો** અંગીકાર કર્યો, એમ થશે, કેમકે; અન્ય વસ્તુની અન્ય રૂપથી પ્રતીતિ, તે **અન્યથાખ્યાતિ** કહેવાય છે. દેશકાળને તમે જગતનું કારણ માનતા નથી ત્યારે દેશકાળને 'અકારણ' (એટલે કારણ રૂપ નહિ એવો પદાર્થ) માનવું પડશે. અને તે 'અકારણની' (દેશકાળની) અન્ય રૂપથી એટલે 'કારણ રૂપથી' પ્રતીતિ માનવામાં અન્યથાખ્યાતિનો અંગીકાર કરવો પડશે. અને સિદ્ધાંતમાં તો અન્યથાખ્યાતિનો અંગીકાર કર્યો નથી–તેને કબૂલ રાખેલી નથી.

હવે જો આ ઠેકાણે અન્યથાખ્યાતિ માન્ય રાખશો, તો છીંપમાં અનિર્વચનીય રૂપાની ઉત્પત્તિ (વેદાંત) સિદ્ધાંતમાં માની છે તે નિષ્ફળ થશે. કેમકે અન્યથાખ્યાતિમાં બે મત છે:—

(૧) એક તો, અન્ય દેશમાં રહેલા પદાર્થની અન્યદેશમાં (સ્થળમાં) પ્રતીતિ, તે **અન્યથાખ્યાતિ** જેમ સ્ત્રીના હાથમાં રહેલા રૂપાની પાસે પડેલી છીંપમાં પ્રતીતિ તે અન્યથાખ્યાતિ.

(૨) અથવા—અન્ય પદાર્થની અન્ય રૂપે પ્રતીતિ તે **અન્યથાખ્યાતિ** જેમ છીંપનીજ રૂપા તરીકે પ્રતીતિ, તે અન્યથાખ્યાતિ.

એ રીતે તમામ ભ્રમસ્થળમાં અન્યથાખ્યાતિ માનવાથી નભી શકે છે; અને તેથી છીંપ વગેરેમાં અનિર્વચનીય રૂપા વગેરેની ઉત્પત્તિનું કથન અસંગત (અઘટિત-બીન જરૂરનું) થશે.

સમાધાન—વિષયના સમાન આકારવાળું જ્ઞાન હોય છે. કોઇક વસ્તુનું બીજી કોઇક વસ્તુ રૂપે જ્ઞાન સંભવતું નથી. માટે છીંપમાં રૂપાને આકારે જ્ઞાન થાય છે તેનો વિષય જે રૂપું તે પણ અનિર્વચનિય ઉત્પન્ન થાય છે.

શંકા—આ અદ્વૈત સિદ્ધાંત પ્રમાણે પણ કારણથી અન્ય જે દેશકાળ, તેમાં બ્રહ્મની કારણતાનું જ્ઞાન સંભવતું નથી. (એટલે દેશકાળ એ વસ્તુતઃ જગતનું કારણ નથી; પણ બ્રહ્મમાં રહેલું જગતનું કારણપણું માયાને લીધે દેશકાળમાં જણાય છે, એમ જો સિદ્ધાંતી કહે; તો તેમ પણ સંભવતુ નથી.) માટે દેશકાળમાં જે કારણપણું પ્રતીત થાય છે, તે (વાંઝણીના છોકરાની પેઠે બિલકુલ) ઉત્પન્ન થયા વિનાનુંજ પ્રતીત થતું નથી; અથવા બ્રહ્મમાં રહેલા કારણપણાનું ભાન દેશકાળમાં થાય છે એમ પણ નથી; પણ દેશકાળમાંજ કારણપણું રહેલું છે, તેજ પ્રતીત થાય છે.

આ રીતે 'આકાશાદિક જગતનું કારણ દેશકાળ નથી" એ કથન અસંગત છે–બરાબર સંભવતું નથી.

૧૩. સમાધાન—બ્રહ્મનું કારણપણું અન્યથાખ્યાતિથી દેશકાળમાં પ્રતિત થાય છે.

સિદ્ધાંતી—પૂર્વપક્ષીની શંકા સંભવતી નથી. કેમકે દેશકાળમાં બ્રહ્મની કારણતા પ્રતીત થાય છે (એટલે દેશકાળનું કારણ બ્રહ્મ છે એમ જણાય છે.

જેમ જાસૂદના ફૂલ ઉપર સ્ફટિક મૂકયો હોય તો તે સ્ફટિકમાં જાસૂદના ફૂલની રતાશ દેખાય છે. તેમજ અધિષ્ઠાનની સત્યતા સ્વપ્નકાળમાં મિથ્યા હાથી પર્વત વગેરેમાં દેખાય છે;

હવે સ્ફટિકમાં અનિર્વચનીય રક્તતા ઉત્પન્ન થાય છે, એમ માનેલું નથી; પણ ફૂલની રતાશ સ્ફટિકમાં પ્રતીત થાય છે. એમ માનેલું છે. માટે ધોળો સ્ફટિક રાતો પ્રતીત થાય છે તેથી રાતાપણાના જ્ઞાનમાં અન્યથાખ્યાતિ માનેલી છે.

એજ રીતે સ્વપ્નના મિથ્યા પદાર્થોમાં સત્યતા પ્રતીત થાય છે. ત્યાં અનિર્વચનીય સત્યતા તે મિથ્યા પદાર્થોમાં ઉત્પન્ન થાય છે, એમ કહેવું, એતો "સત્ય મિથ્યા છે" એવા (વ્યાઘાત દોષવાળા) વચનની પેઠે સંભવતું નથી. અને જે ન થયું હોય તેની પ્રતીતિ થતી નથી. માટે સ્વપ્નના અધિષ્ઠાન ચેતનની સત્યતા સ્વપ્નના મિથ્યા પદાર્થોમાં પ્રતીત થાય છે, એમજ માનવું પડશે. તેથી, મિથ્યા પદાર્થોની સત્યરૂપે પ્રતીતિ થવાથી સત્યતાના જ્ઞાનમાં અન્યથાખ્યાતિ માનેલી છે. તેજ પ્રમાણે અધિષ્ઠાન બ્રહ્મમાં રહેલું કારણપણું દેશકાળમાં અન્યથાખ્યાતિથી પ્રતીત થાય છે.

વાદી—જો એટલી જગોએ (દેશકાળમાં) અન્યથાખ્યાતિ માનો છો, તો પછી બધાજ ભ્રમસ્થાનમાં પણ અન્યથાખ્યાતિ શા માટે નથી માનતા?

સિદ્ધાંતી—કેમકે 'છીપમાં રૂપું દેખાય છે' વગેરે ઠેકાણે અન્યથાખ્યાતિ માનવામાં આ દોષ આવે છેઃ—

જ્ઞાનનો જે વિષય હોય તેનાથી જૂદા પ્રકારનું જ્ઞાન હોઇ શકતું નથી. હવે જ્યાં સ્ફટિકમાં રાતાપણાનું જ્ઞાન થાય છે, ત્યાં રાતા પુષ્પનો સ્ફટિક સાથે સંબંધ છે. માટે સ્ફટિકના સંબંધવાળા ફૂલની રક્તતા સ્ફટિકમાં જોવામાં આવે છે. કેમકે અંતઃકરણની વૃત્તિ જ્યારે રાતા પુષ્પના આકારની થાય છે, ત્યારે, તેજ વૃત્તિનો વિષય રાતા પુષ્પના સંબંધવાળો સ્ફટિક છે, માટે પુષ્પની રક્તતા સ્ફટીકમાં જોવામાં આવે છે. પણ તેજ પ્રમાણે છીપનું રૂપાને આકારે જ્ઞાન થવું સંભવતું નથી. કેમકે વેદાંત સિવાય બીજા કોઇ મતમા છીપમાં અનિર્વચનીય રૂપું કે વ્યાવહારિક રૂપું છે નહિ, પણ ફક્ત છીપ છે. તે

છીંપના સંબંધથી અંતઃકરણની વૃત્તિ છીંપને આકારેજ થવાની; રૂપાને આકારે થવાની નહિ. માટે અવિદ્યાનું પરિણામ અને ચેતનનું વિવર્ત એવું અનિર્વચનીય રૂપું અને તેનું જ્ઞાન એ બન્ને ઉત્પન્ન થાય છે.

વળી, સ્ફટિકમાં રક્તતા પ્રતીત થાય છે, ત્યાં વૃત્તિનો સંબંધ સ્ફટિક અને રાતું પુષ્પ એ બેની જોડે થાય છે. રાતા પુષ્પના સંબંધથી વૃત્તિ રક્તાકાર થાય છે. તે વૃત્તિનો સંબંધ સ્ફટિક સાથે પણ છે, અને સ્ફટિકમાં રક્તતાની છાયા છે, માટે પુષ્પનો ધર્મ જે રક્તતા, તે સ્ફટિકમાં પણ તેજ વૃત્તિના વિષય તરીકે બને છે. અર્થાત્ જે વૃત્તિ પુષ્પમાં રક્તતાનો આકારે ધારણ કરે છે તેજ વૃત્તિ સ્ફટિકમાં પણ રક્તતાનો આકાર ધારણ કરે છે.)

આ રીતે—

(૧) જ્યાં બે પદાર્થોનો સંબંધ છે, ત્યા એકના ધર્મની બીજાનામાં પ્રતીતિ સંભવે છે. અને તેથી ત્યાં **અન્યથાખ્યાતિ** પણ સંભવે છે.

(૨) જ્યાં બે પદાર્થોનો સંબન્ધ નથી, ત્યાં અન્યથાખ્યાતિ નહિ પણ **અનિર્વચનીયખ્યાતિ** છે.

જેમ પુષ્પના સંબન્ધવાળા સ્ફટિકમાં પુષ્પની રક્તતા પ્રતીત થાય છે; તેમ સ્વપ્નના હાથી પર્વત વગેરેનો પણ અધિષ્ઠાન ચેતન સાથે સમ્બન્ધ છે, માટે ચેતનનો ધર્મ સત્યતા પણ ચેતનના સમ્બન્ધવાળા હાથી પર્વત વગેરેમાં પ્રતીત થાય છે. તે અન્યથાખ્યાતિ છે. તેવીજ રીતે અધિષ્ઠાન ચેતનનો ધર્મ કારણપણું, તે અધિષ્ટાન ચેતનના સમ્બન્ધવાળા દેશકાળમાં પ્રતીત થાય છે.

૧૪. જાગ્રત્ પ્રપંચ સામગ્રીવિના થાય છે, માટે સ્વપ્નની પેઠે મિથ્યા છે.

વાદિ—પણ મેં પહેલાં કહ્યું છે કે, જો અન્યથાખ્યાતિની રીતે અધિષ્ઠાન ચેતનના સંબંધવાળા દેશકાળમાં ચેતનનો ધર્મ-કારણપણું પ્રતીત થતો હોય તો, અધિષ્ઠાન ચેતનનો સંબંધ તો સઘળા પ્રપંચ સાથે છે, માટે અન્યથાખ્યાતિની રીતે સઘળા પ્રપંચમાં કારણપણું પ્રતીત થવું જોઇએ!

સિદ્ધાંતી—એમ સંભવતું નથી. કેમકે—

(૧) જેમ સ્વપ્નમાં બે શરીર ઉત્પન્ન થાય છેઃ—

(૧) એક શરીર પિતા રૂપ પ્રતીત થાય છે. અને—

(૨) બીજું શરીર પુત્ર રૂપ પ્રતીત થાય છે. ત્યાં બન્ને શરીરોનો સ્વપ્નના અધિષ્ઠાન ચેતન સાથે સંબંધ પણ છે, તથાપિ પિતાના શરીરમાં અધિષ્ટાનની કારણતા પ્રતીત થાય છે, અને પુત્રના શરીરમાં કારણત

પ્રતીત થતી નથી, પણ 'પિતાથી ઉત્પન્ન થયેલો પુત્ર છે' એ રીતે પુત્રના શરીરમાં કાર્યતા પ્રતીત થાય છે. એજ રીતે જો કે અધિષ્ઠાન ચેતન સાથે સંબંધ તો સર્વનો છે, તથાપિ દેશકાળમાં ચેતનધર્મે કારણતા પ્રતીત થાય છે, અને બીજા બધામાં કાર્યતાની પ્રતીતિ થાય છે.

(૨) અથવા—અધિષ્ઠાન ચેતન અસંગ છે. તે કોઇનું પરમાર્થથી (વાસ્તવિક રીતે) કારણ નથી.

માયામાં આભાસ (ઇશ્વર) જો કે કારણ છે, તથાપિ આભાસનું સ્વરૂપ મિથ્યા હોય છે. જે પોતેજ મિથ્યા હોય તે બીજાનું કારણ હોઇ શકે નહિ.

જો પરમાત્મા જગતનું કારણ હોય, તો તેનુ કારણપણું ભ્રાંતિથી દેશકાળમાં પ્રતીત થાય છે એમ સંભવે; પણ પરમાત્મા વિષે કારણતા છે નહિ; પરમાત્મા કારણતાદિક ધર્મ રહિત અસંગ છે માટે તેની કારણતા દેશકાળમાં પ્રતીત થાય છે, એમ કહેવું સંભવતું નથી. માટે માયાકૃત અનિર્વચનીય દેશકાળ અનિર્વચનીય કારણતા વાળા ઉત્પન્ન થાય છે.

વાસ્તવિક જોતાં દેશકાળ પણ કારણ નથી. જેમ પુત્ર વગરનો પુરૂષ સ્વપ્નમાં પુત્ર અને પૌત્ર બન્નેનેદેખે. ત્યાં પુત્ર અને પૌત્રનાં શરીર અનિર્વચનીય ઉત્પન્ન થાય છે; અને પુત્રના શરીરમાં પૌત્રના શરીરની કારણતા પણ અનિર્વચનીય ઉત્પન્ન થાય છે, ત્યાં પુત્ર શરીર અને પૌત્ર શરીરનો પરસ્પર કાર્ય કારણભાવ વાસ્તવિક હોતો નથી. તેમજ અનિર્વચનીય દેશકાળ પ્રતીત થાય છે. વાસ્તવિક રીતે દેશકાળ અને આકાશાદિક પ્રપંચનો કાર્યકારણ ભાવ નથી.

આ રીતે દેશકાળ સામગ્રી વિના જાગ્રત પ્રપંચની ઉત્પત્તિ થાય છે. માટે સ્વપ્નની પેઠે જાગ્રત પણ મિથ્યા છે.

વળી, જેમ સ્વપ્નનાં સ્ત્રી પુત્રાદિક સ્વપ્નમાંજ સુખદુઃખનાં હેતુ છે; જાગ્રતમાં તેનો અભાવ છે; તેમ જાગ્રતના પદાર્થોનો સ્વપ્નમાં અભાવ હોય છે, માટે બન્ને સમાન છે.

૧૫. પૂર્વપક્ષ–એક સ્વપ્નના પદાર્થો બીજા સ્વપ્નમાં રહેતા નથી, માટે જાગ્રત સ્વપ્નની સમાનતા હોઇ શકે નહિ.

વાદી—જાગ્રત અને સ્વપ્ન સમાન કહો છો તે સંભવતું નથી. કેમકે જાગ્રત પછી સ્વપ્ન થઇને ફરીને જાગ્રત થાય છે, ત્યારે પહેલા જાગ્રતમાં જે પદાર્થો હોય છે, તેના તેજ સ્વપ્ન પછીના બીજા જાગ્રતમાં કાયમ હોય છે. અને પ્રથમ સ્વપ્નના પદાર્થો બીજા સ્વપ્નમાં કાયમ રહેતા નથી.

માટે સ્વપ્નના પદાર્થોથી જાગ્રતના પદાર્થો વિલક્ષણ છે, અને તેથી જાગ્રત અને સ્વપ્ન સમાન નથી.

સિદ્ધાંતી—આવી શંકા પણ સિદ્ધાંતને ન જાણનાર મૂઢ લોકોની દૃષ્ટિથી કરવામાં આવે છે. કેમકે મૂર્ખાઓ એમ જાણે છે કે, સંસાર પ્રવાહ અનાદિ છે; તેમાં જીવોને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થાય છે:—

(૧) જાગ્રત કાળમાં સ્વપ્ન સુષુપ્તિ નષ્ટ થાય છે.

(૨) સ્વપ્નકાળમાં જાગ્રત સુષુપ્તિ નષ્ટ થાય છે.

(૩) તેમ, સુષુપ્તિકાળમાં જાગ્રત સ્વપ્ન નષ્ટ થાય છે. પણ સ્વપ્ન સુષુપ્તિ થાય, ત્યારે જાગ્રત કાળનાં સ્ત્રી પુત્ર પશુધન વગેરે દૂર થતાં નથી (નાશ પામતાં નથી), પણ એમને એમ બન્યાં રહે છે; માત્ર તેનું જ્ઞાન દૂર થાય છે. ફરી જાગ્રત થાય છે, ત્યારે પ્રથમ જાગ્રતના વિદ્યમાન પદાર્થોનું જ્ઞાન થાય છે, આવી અજ્ઞાની મૂર્ખોની દૃષ્ટિ હોય છે.

૧૬. સિદ્ધાંત-જાગ્રતના પદાર્થો તેના જ્ઞાનની સાથેજ ઉત્પન્ન થાય છે, માટે તે પણ બીજા જાગ્રતમાં રહેતા નથી.

પણ સિદ્ધાંત આ પ્રમાણે છે:—

(૧) અવિદ્યાનું બે પ્રકારનું પરિણામ:—

૧. સઘળા પદાર્થો ચેતનનું વિવર્ત છે: અને અવિદ્યાનું **પરિણામ** છે,

માટે છીપમાંના રૂપાની પેઠે જે વખતે જે પદાર્થ જોવામાં આવે, તે વખતે અધિષ્ઠાન ચેતનને આશરીને રહેલી અવિદ્યાનું બે પ્રકારનું પરિણામ થાય છે.

ક અવિદ્યાના તમોગુણ અંશનો ઘટાદિ વિષય રૂપ પરિણામ થાય છે. અને—

ખ અવિદ્યાના સત્વગુણ અંશનો જ્ઞાન રૂપ પરિણામ થાય છે.

(૨) વ્યાપક ચેતન અને વૃત્તિજ્ઞાનમાં ભેદ-વૃત્તિનેજ જ્ઞાન કહેવાનો વ્યવહાર.

જો કે ચેતનને જ્ઞાન કહે છે, માટે સત્વગુણનું પરિણામ જ્ઞાન છે, એમ કહેવું સંભવતું નથી; તથાપિ તમામ વ્યાપક ચેતન એ જ્ઞાન નથી, પણ સાભાસ વૃત્તિમાં આરૂઢ ચેતનને જ્ઞાન કહે છે. માટે ચેતનમાં જ્ઞાન વ્યવહારનું સંપાદન કરનારી વૃત્તિ રહેલી છે. એ રીતે ચેતનમાં જ્ઞાનપણાની સંપાદક વૃત્તિ છે.

આ રીતે ચેતનમાં જ્ઞાનપણાની ઉપાધિ વૃત્તિ છે. તે વૃત્તિમા પણ જ્ઞાન શબ્દનો પ્રયોગ થાય છે. જેમ લોકોમાં કહેવાય છે કે:—" ઘડાનું જ્ઞાન

ઉત્પન્ન થયું; વસ્ત્રનું જ્ઞાન નાશ પામ્યું." ત્યાં વૃત્તિમાં આરૂઢ ચેતનનો તો ઉત્પત્તિ નાશ સંભવતો નથી; વૃત્તિનો ઉત્પત્તિ નાશ થાય છે, અને જ્ઞાનનો ઉત્પત્તિ નાશ કહે છે. માટે વૃત્તિમાં પણ જ્ઞાન શબ્દનો પ્રયોગ થાય છે.

(૩) વૃત્તિ અવચ્છિન્ન ચેતન તે જ્ઞાન અને સાક્ષી.

એ વૃત્તિ રૂપ જ્ઞાન સત્વગુણનું પરિણામ છે, એમ કહેવું સંભવે છે.

ક તે વૃત્તિરૂપ (અવિદ્યાના) પરિણામમાં ચેતનનો આભાસ હોય છે.

ખ ઘટાદિક વિષયરૂપ પરિણામમાં ચેતનનો આભાસ હોતો નથી.

કેમકે વિષય અને વૃત્તિ જોકે બન્ને અવિદ્યાનાં પરિણામ છે, તથાપિ–

ક ઘટાદિક વિષય તો અવિદ્યાના તમોગુણનું પરિણામ છે, માટે મલિન છે, તેમાં આભાસ હોતો નથી.

ખ અને વૃત્તિ સત્વગુણનું પરિણામ છે માટે સ્વચ્છ હોય છે અને તેમાં આભાસ હોય છે.

આ રીતે—

ક વૃત્તિમાં ચેતનના આભાસનું ગ્રહણ કરવાની યોગ્યતા હોવાથી વૃત્તિ અવિચ્છિન્ન ચેતનને **જ્ઞાન** કહે છે, અને **સાક્ષી** કહે છે.

ખ ઘટાદિક વિષયમાં આભાસનું ગ્રહણ કરવાની યોગ્યતા નથી, તેથી વિષય અવચ્છિન્ન ચેતન **જ્ઞાન** નથી અને **સાક્ષી** પણ નથી.

આ રીતે જાગ્રતના પદાર્થ અને તેનું જ્ઞાન બન્ને સાથેજ ઉત્પન્ન થાય છે અને સાથેજ નષ્ટ થાય છે. આ વેદનો ગૂઢ સિદ્ધાંત છે. માટે જાગ્રતના પદાર્થો બીજા જાગ્રતમાં રહે છે એમ કહેવું સંભવે નહિ.

૧૭. જાગ્રતના પદાર્થોનો પરસ્પર કાર્યકારણભાવ નથી.

વાદી—સ્વપ્નામાંથી જાગેલા પુરૂષને એવી પ્રત્યભિજ્ઞા થાય છે કે "જે પદાર્થ પહેલાં હતો તેજ આ પદાર્થ છે." માટે જાગ્રતના પદાર્થોની જ્ઞાન થતી વખતેજ ઉત્પત્તિ અને નાશ થતો નથી, પણ તે પદાર્થ જ્ઞાન થયા પહેલાં વિદ્યમાન હોય છે, અને જ્ઞાન નષ્ટ થયા પછી પણ રહે છે.

સિદ્ધાંતી—જેમ સ્વપ્નના પદાર્થો તેજ ક્ષણે ઉત્પન્ન થાય છે અને એમ પ્રતીત થાય છે કે "મારા જન્મથી પણ પહેલાં ઉપજેલા આ પર્વત સમુદ્ર વગેરે છે." એ સ્થળે, તત્કાળ ઉપજેલા પદાર્થોમાં પણ ઘણા કાળ સ્થિરતાની ભ્રાંતિ થાય છે. માટે જે અવિદ્યાએ મિથ્યા પર્વત સમુદ્રાદિક ઉપજાવ્યા છે, તેજ અવિદ્યાથી બહુ કાળ સ્થિરતા અને સ્થિરતાની પ્રતીતિ અનિર્વચનીય ઉપજે છે.

એજ રીતે જાગ્રતના પદાર્થો વિષે પણ બહુકાળ (અનેક દિવસો સુધી)

સ્થિરતા છે નહિ, પણ અવિદ્યાના બળથી મિથ્યા સ્થિરતા પણતે પદાર્થોની સાથે ઉપજે છે અને પ્રતીત થાય છે.

(જાગ્રતના પદાર્થોમાં " આ પહેલાં જોયેલા પદાર્થો છે," એવુ પ્રત્યભિજ્ઞા જ્ઞાન ઊંઘમાંથી જાગેલા પુરૂષને થાય છે, એ જ્ઞાન નદીના પ્રવાહ જેવું, દીવાની જ્યોતિ જેવું, આકાશના તારાની સ્થિતિ જેવું, અને વૃક્ષના ફળ જેવું ભ્રમાત્મક છે.)

વાદી—(૧) સ્વપ્નના પદાર્થો સાક્ષાત્ અવિદ્યાનું પરિણામ છે.

(૨) જાગ્રતના પદાર્થ સાક્ષાત્ અવિદ્યાનું પરિણામ નથી. પણ જેમ ઘડાની ઉત્પત્તિ દંડ, ચક્ર, કુંભાર વગેરેથી થાય છે, તેમ બધા પદાર્થોની ઉત્પત્તિ પોતપોતાનાં કારણથી થાય છે; સાક્ષાત અવિદ્યાથી થતી નથી.

જો જાગ્રતના પદાર્થો સાક્ષાત્ અવિદ્યાનો પરિણામ હોય તો શ્રુતિમાં આકાશાદિક ક્રમથી પાંચ ભૂતોની ઉત્પત્તિ અને પંચીકરણ તથા તેનાથી બ્રહ્માંડની ઉત્પત્તિ કહી છે તેનો મેળ બેસશે નહિ. માટે ઇશ્વરની સૃષ્ટિરૂપ જાગ્રતના પદાર્થો પોતપોતાના ઉપાદાનનું પરિણામ છે; અવિદ્યાનું સાક્ષાત્ પરિણામ નથી.

(૧) સ્વપ્નના તો તમામ પદાર્થો અવિદ્યાનું પરિણામ છે. તે પદાર્થોનું ઉપાદાન એક અવિદ્યાજ હોવાથી તે પદાર્થોની અને તેના જ્ઞાનની એક અવિદ્યાથીજ એકજ વખતે ઉત્પત્તિ સંભવે છે.

(૨) જાગ્રતના પદાર્થ જૂદાં જૂદાં કારણોમાંથી ઉત્પન્ન થાય છે. કાર્યની પહેલાં કારણ હોય છે અને કારણમાં કાર્યનો લય થાય છે. અને તેથીજ ઘડો ઉત્પન્ન થતા પહેલાં, અને ઘડો નાશ થયા પછી માટીજ રહે છે. એજ રીતે કાર્યકારણ રૂપ કોઇ પદાર્થ અધિક કાળ સ્થિર રહે છે અને કોઇ અલ્પ કાળ સ્થિર રહે છે. સ્વપ્નના પદાર્થોમાં એવું નથી.

સિદ્ધાંતી—વાદિનું કહેવું યથાર્થ નથી. કેમકે જાગ્રતના પદાર્થોની પેઠે સ્વપ્નના પદાર્થોમાં પણ કાર્યકારણભાવ પ્રતીત થાય છે. જેમ કોઇને એવું સ્વપ્ન આવે કે, મારી ગાયને વાછરડી આવી છે અને મારી સ્ત્રીને પુત્ર આવ્યો છે. ત્યાં ગાય અને સ્ત્રીમાં કારણપણાની પ્રતીતિ અને ઘણા કાળ સ્થિરતાની પ્રતીતિ થાય છે. વાછરડીમાં અને પુત્રમાં કાર્યતા અને અલ્પકાળ સ્થિરતા પ્રતીત થાય છે. ખરૂં જોતાં તે બધાં સમકાળમાં ઉત્પન્ન થયેલાં છે; કોઈ કોઇનું કારણ નથી, પણ ગાય, વાછરડી, સ્ત્રી, પુત્ર, એ સર્વનું અવિદ્યાજ ઉપાદાન છે. તેમ જાગ્રત વિષે પણ કોઈ અધિક કાળથી ઉપજેલુ હોઇને કારણ રૂપે જણાય છે અને કોઇ ઓછા વખતથી ઉપજેલુ હોઇને કાર્ય રૂપે

સ્વપ્નની પેઠે પ્રતીત થાય છે. કોઇ કોઇનું પરસ્પર કાર્ય કારણ નથી, પણ સાક્ષાત્ અવિદ્યાનુંજ કાર્ય છે.

શ્રુતિમાં જે, ક્રમ વડે સૃષ્ટિની ઉત્પત્તિ કહી છે, ત્યાં સૃષ્ટિના પ્રતિપાદનમાં શ્રુતિનો અભિપ્રાય નથી, પણ અદ્વૈતનો બોધ કરવાનો અભિપ્રાય છે.

તમામ પદાર્થો પરમાત્માથી ઉપજ્યા છે માટે તેનું વિવર્ત છે. જે જેનું વિવર્ત હોય તે તેનુંજ સ્વરૂપ હોય છે. માટે તમામ નામરૂપ બ્રહ્મથી ભિન્ન નથી, પણ બ્રહ્મજ છે, એ અર્થ સમજાવવાને શ્રુતિએ સૃષ્ટિનું કથન કર્યું છે સૃષ્ટિ કથન કરવાનું બીજું કાંઇ પ્રયોજન નથી.

તેમાં ક્રમનું જે કથન છે, તે સ્થૂલ દૃષ્ટિવાળા પુરૂષને લયનું ચિંતન કરવા માટે છે. તેનું પણ અદ્વૈતનો બોધ કરવાનુંજ પ્રયોજન છે. માટે ક્રમ કથનમાં અભિપ્રાય નથી.

સૃષ્ટિમાં ક્રમ નથી, પણ તમામ પદાર્થો એક અવિદ્યાથીજ ઉપજ્યા છે. તેમનામાં જે કાર્યકારણપણું દેખાય છે, તથા પૂર્વોત્તરપણું (એટલે આ પ્રથમ ઉપજ્યો છે અને આ પછી ઉપજ્યો છે, એવું) દેખાય છે, તે અવિદ્યાથી ઉત્પન્ન થયેલા સ્વપ્નની પેઠે મિથ્યા પ્રતીત થાય છે.

શ્રુતિએ સૃષ્ટિના પદાર્થોનું પોતપોતાનામાં (અંદર અંદર) કાર્યકારણપણું અને પૂર્વોત્તરપણું કહ્યું છે, તે લયચિંતન માટે કહ્યું છે, ધ્યાનને માટે કહ્યું નથી; કેમકે ધ્યાનમાં કાંઈ પૂર્વોત્તરપણાનો નિયમનથી–જેવું સ્વરૂપ હોય છે, તેવુંજ ધ્યાન થાય છે.

માટે જાગ્રતના પદાર્થોનો પોતપોતામાં કાર્યકારણભાવ નથી.

૧૯. દૃષ્ટિ સૃષ્ટિવાદનો અંગીકાર.

(૧) તમામ પદાર્થો સાક્ષીભાસ્ય છે.

સઘળા પદાર્થો સાક્ષાત્ અવિદ્યાનું કાર્ય છે. અને છીંપમાંના રૂપાની પેઠે અથવા સ્વપ્નની પેઠે અવિદ્યાની વૃત્તિરૂપ ઉપાધિવાળા સાક્ષી વડે તે સર્વનો પ્રકાશ થાય છે; માટે સઘળા પદાર્થો સાક્ષી ભાસ્ય છે.

(૨) જ્ઞાન અને જ્ઞેય એકજ વખતે ઉપજે છે—અવિદ્યાનો જ્ઞાનાકાર પરિણામ તથા જ્ઞેયાકાર પરિણામ એકજ વખતે થાય છે, અને એકજ વખતે નાશ પામે છે. માટે જે વખતે પદાર્થની પ્રતીતિ થાય તેજ વખતે તે પ્રતીતિનો વિષય–પદાર્થ–પણ ઉત્પન્ન થાય છે, બીજી વખતે ઉત્પન્ન થતો નથી. એને દૃષ્ટિસૃષ્ટિવાદ કહે છે.

(૩)દૃષ્ટિસૃષ્ટિ શબ્દનો અર્થ—એનું બીજું નામ અજાતવાદ—(દૃષ્ટિ એટલે અવિદ્યાની વૃત્તિ રૂપ જ્ઞાન તે જ્ઞાન થતાંની સાથેજ સૃષ્ટિ

એટલે પ્રપંચની ઉત્પત્તિ, તેનું જે કથન, તેને દૃષ્ટિ સૃષ્ટિવાદ કહે છે. એનેજ અજાતવાદ પણ કહે છે.)

(૪) આ પક્ષમાં પદાર્થની અજ્ઞાતસત્તા નથી, પણ જ્ઞાત-સત્તા છે. (એટલે જે વખતે જે પદાર્થ જાણેલો હોતો નથી, તે વખતે તે હોતો નથી; પણ જે વખતે પદાર્થ જાણવામાં આવે છે તેજ વખતે તેનું અસ્તિત્વ પણ ભાસે છે.) અદ્વૈતવાદમાં આ સિદ્ધાંત પક્ષ છે. એટલે અદ્વૈત-વાદનો સૌથી છેવટનો એ સિદ્ધાંત છે.

(૫) એ સિદ્ધાંત પક્ષમાં બે સત્તા છે: ત્રણ નથી. કેમકે તમામ અનાત્મ પદાર્થો સ્વપ્નની પેઠે પ્રાતિભાસિક છે. જે વખતે તે પદાર્થો દેખાય છે તેજ વખતે માત્ર તેમની સત્તા (અસ્તિત્વ) છે, તે સિવાય બીજે વખતે તે અનાત્મ પદાર્થોની સત્તા નથી. માટે ત્રીજી વ્યવહારિક સત્તા છેજ નહિ.

(૬) જાગ્રતમાં સત્ય મિથ્યા વગેરે પ્રતીતિ થાય છે તે સ્વપ્નની પેઠે મિથ્યા હોય છે. આ પક્ષમાં તમામ અનાત્મ પદાર્થો સાક્ષીભાસ્ય છે. પ્રમાતા કે પ્રમાણનો વિષય કોઇ પણ પદાર્થ નથી. કેમકે અંતઃકરણ અને ઇન્દ્રિયો તથા ઘટાદિક બધી ત્રિપુટી અને જ્ઞાન સ્વપ્નની પેઠે એકજ વખતે ઉત્પન્ન થાય છે. માટે તેમનો વિષય વિષયી ભાવ સંભવે નહિ. એટલે તે સાથે ઉપજેલા પદાર્થો પૈકી એક પદાર્થ જ્ઞેય થાય અને બીજો જ્ઞાતા થાય, એમ બને નહિ. જો ઘડો વગેરે વિષયો અને નેત્ર વગેરે ઇન્દ્રિયો, તેમજ અંતઃકરણ, એ જ્ઞાન થતા પહેલાં ઉત્પન્ન થયાં હોય, તો નેત્રાદિદ્વારા અંતઃકરણની વૃત્તિરૂપ જ્ઞાન પ્રમાણ જન્ય કહેવાય પણ તે અંતઃકરણ, ઇન્દ્રિયો અને વિષય એ ત્રણે જ્ઞાન થતા પહેલાં તો હતાં નહિ; પણ એ ત્રિપુટી સ્વપ્નની પેઠે જ્ઞાનની સાથેજ ઉત્પન્ન થાય છે, માટે ત્રિપુટી જન્ય જ્ઞાન કાંઇપણ નથી. તથાપિ જ્ઞાનમાં સ્વપ્નની પેઠે ત્રિપુટી જન્યતા (એટલે પ્રમાણ વડે પ્રમાતાને ઘટાદિ પ્રમેયનું જ્ઞાન થવું તે) પ્રતીત થાય છે. માટે જાગ્રતના પદાર્થ સાક્ષી ભાસ્ય છે, પ્રમાણ જન્ય જ્ઞાનના વિષય નથી. માટે પણ જાગ્રતના પદાર્થો સ્વપ્નના પદાર્થોની પેઠે મિથ્યા છે.

અથવા—

क જાગ્રતમાં કેટલાક પદાર્થોને મિથ્યારૂપે જાણવામાં આવે છે.

ख બીજા કેટલાકને સત્યરૂપે જાણવામાં આવે છે. એવી રીતે કે—

(क) અનાદિ કાળના પદાર્થ છે. તેમાં કોઇ નષ્ટ થાય છે, અને બીજા તેના જેવા ઉત્પન્ન થાય છે. એવી રીતે જગતના પ્રવાહનો નાશ કદી થતો નથી—સદાકાળ ચાલ્યા કરશે.

(ख) જેને જ્ઞાન થાય છે, તેને જગત્ દેખાતું નથી; બીજાને દેખાય છે. (અર્થાત્ તે જગતને અસત્ જુએ છે; બીજાઓ તેને સત્ જૂએ છે.)

(ग) તે જ્ઞાનનું સાધન વેદ અને ગુરૂ છે. તેમના વડે પરમ સત્યની પ્રાપ્તિ થાય છે.

એવી પ્રતીતિ જાગ્રતમાં થાય છે. તેમાં—

(૧) કોઇ પદાર્થમાં મિથ્યાપણું, (૨) કોઈ પદાર્થમાં નાશ, (૩) કોઇ પદાર્થમાં ઉત્પત્તિ, અને (૪) વેદ ગુરૂથી પરમાર્થની પ્રાપ્તિ, એ સર્વે અવિદ્યાકૃત સ્વપ્નની પેઠે મિથ્યા છે.

क ક્ષણુ માત્રના સ્વપ્નમાં ઘણા કાળની પ્રતીતિ થાય છે.

ख વળી તેમાં જાગ્રતની પેઠે સ્થિર પદાર્થો પ્રતીત થાય છે.

ग તે પદાર્થોથી ઘણા કાળલગી ભોગ ભોગવાય છે.

માટે જાગ્રતના પદાર્થોની સ્વપ્નના પદાર્થોથી લગાર પણ વિલક્ષણતા નથી; પણ આત્માથી ભિન્ન સર્વ કાંઇ મિથ્યા છે. (દૃષ્ટિ સૃષ્ટિવાદનું આ તત્વ છે.)

૨૮. પ્રશ્નઃ-સ્વપ્નની પેઠે સંસાર સ્વલ્પકાળ સ્થાયી હોય તો અનાદિકાળનો બંધ નહિ કહેવાયઃ તથા બંધની નિવૃત્તિરૂપ મોક્ષ માટેશ્રવણાદિ સાધન નિષ્ફળ થશે.

દૃષ્ટિ સૃષ્ટિવાદનો સિદ્ધાંત સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છેઃ—

शिष्य उवाच.

दोहा.

लाख हजारन कलपको, यह उपज्यो संसार;
यातैं ज्ञानी मुक्त ह्वै, बंधे अज्ञ हजार. १०
झूठो स्वप्नसमान जो, क्षण घटिका ह्वै जाम,
बद्ध कौन को मुक्त है, श्रवणादिक किहि काम. ११

અર્થ—આ સંસાર લાખો અને હજારો કલ્પથી ઉપજેલો છે, માટે તેમાં જે જ્ઞાની થાય છે તે મુક્ત થાય છે, અને બીજા હજારો અજ્ઞાનીઓ બંધાયલા રહે છે. ૧૦ જો સ્વપ્નાની પેઠે આ સંસાર જૂઠો હોય તો તે પણ સ્વપ્નની પેઠે એકાદ ક્ષણ, કે ઘડી, કે પહોર સુધી રહેવો જોઈએ. વળી એવા સ્વપ્ન સમાન જૂઠા સંસારમાં બદ્ધ કોણ અને મુક્ત કોણ? તેમ શ્રવણાદિક સાધનોનું પણ શું પ્રયોજન છે? ૧૧

શિષ્ય—હે ગુરો ! આ ઇશ્વરની સૃષ્ટિ લાખ્ખો અને હજારો કલ્પથી ઉત્પન્ન થયેલી, કિંબહુના, અનાદિ છે. તેમાં જે જ્ઞાની હોય છે તે મુક્ત થાય છે, અને અજ્ઞાની બંધાયલા રહે છે.

જો આ સૃષ્ટિ સ્વપ્ન સમાન હોય તો, સ્વપ્ન તો એક ઘડી કે પહોર જેટલો વખત રહે છે; તેમ આ સંસાર પણ એક ક્ષણ, ઘડી કે પહોર, અથવા કાંઇક વધારે વખત રહેવો જોઇએ—બહુ લાંબો વખત ટકવો ન જોઇએ.

(૧) સ્વપ્નની પેઠે સ્વલ્પ કાળ ટકનારો સંસાર હોય તો તેમાં અનાદિ કાળનો બંધ નહિ હોવો જોઇએ.

(૨) વળી તે બંધની નિવૃત્તિ રૂપ મોક્ષને માટે શ્રવણાદિક સાધન નિષ્ફળ થશે.

૨૧. ઉત્તરઃ-નિત્યમુક્ત ચેતનમાં અવિદ્યાના પરિણામથી એવો ભ્રમ પ્રતિત થાય છે.

ગુરૂ—હે શિષ્ય ! પૂર્વે કહેલો સિદ્ધાંત બરાબર સમજ્યા વિના સ્થૂલ દૃષ્ટિથી આ પ્રશ્ન તેં કર્યો છે. પૂર્વે કહેલા સિદ્ધાંતમાં;-

(૧) બંધ, મોક્ષ, વેદ, ગુરૂ, એ સઘળું માન્ય રાખેલું નથી.

(૨) પણ ચેતન નિત્યમુક્ત છે.

(૩) અવિદ્યાના પરિણામ રૂપે ચેતનમાં અનેક પ્રકારના વિવર્ત (ભિન્ન ભિન્ન નામ રૂપથી પ્રતીતિ) થાય છે. તેથી આત્મારૂપ ચેતનની કાંઇ પણ હાનિ થતી નથી.

(૪) આત્મા સદા અસંગ એકરસ છે.

(૫) આજસુધી કોઇ મુક્ત થયો નથી, અને હવે પછી થવાનો નથી; પણ ચેતન નિત્ય મુક્ત છે.

(૬) અવિદ્યા અને તેના પરિણામનો ચેતનની સાથે કોઈ કાળમાં સંબંધ નથી. માટે બંધ, વેદ, ગુરૂ, શ્રવણાદિક સાધન, સમાધિ તથા મોક્ષ, એ સર્વની પ્રતીતિ પણ સ્વપ્નની પેઠે અવિદ્યા જન્ય છે, માટે મિથ્યા છે.

(૭) એ સર્વમાં ઘણા કાળ સુધી ટકવાપણું દેખાય છે, તે પણ અવિદ્યા જન્ય છે. પણ શાસ્ત્રના આ સિદ્ધાંતને ન જાણવાથી સ્થૂલ દૃષ્ટિથી કરેલો આ પ્રશ્ન છે.

૨૨. શાસ્ત્ર, ગુરૂ, વગેરે અનિર્વચનીય ઉત્પન્ન થયેલું હોવાથી સ્વપ્ન જેવો ભ્રમ છે.

ગુરૂ—હે શિષ્ય ! જેમ નિદ્રા દોષથી સ્વપ્નમાં અધ્યાપક, અધ્યયન, વેદશાસ્ત્ર, પુરાણ, ધર્મશાસ્ત્ર, અધ્યયનનો કરનાર, તેનું કર્મ, તે કર્મનું ફળ,

પ્રતીત થાય છે; અને તે સર્વ પદાર્થોમાં સત્યતાની ભ્રાંતિ થાય છે; તથાપિ તે સ્વપ્નના સઘળા પદાર્થો મિથ્યા છે. તેમ જાગ્રતના પણ સઘળા પદાર્થો મિથ્યા છે, અને તે પદાર્થોમાં સત્યતાની પ્રતીતિ એ ભ્રમ છે.

૨૩. અગૃધદેવનું સ્વપ્ન.

જેમ, અમે તારા ગુરૂ છીએ, તથા બંધનો નાશ કરનાર વેદાર્થનો ઉપદેશ કરીએ છીએ, એવી પ્રતીતિ તને થાય છે, એ પ્રતીતિ મિથ્યા છે; અને જેમ અગૃધદેવને (ઇચ્છા રહિત આત્મદેવને) સ્વપ્નમાં મિથ્યા પ્રતીતિના વિષય ગુરૂ વેદ વગેરે અનિર્વચનીય ઉપજેલા માલમ પડયા હતા; તેમ તારા જોવામાં આવતા હું–ગુરૂ વગેરે પણ તમામ અનિર્વચનીય અને મિથ્યા છે.

૨૩ અગૃધ દેવને સ્વપ્નમાં થયેલી પ્રતીતિ,

ગુરુ વાક્ય.

अग्रधदेवकूं स्वप्नमैं, भ्रम उपज्यो जिहि रीति;
शिष तोकूं यह ऊपजी, बंधमोक्ष परतीति. १२

અર્થ—અગૃધ દેવને સ્વપ્નમાં જે રીતે ભ્રમ ઉપજ્યો હતો તે રીતે, હે શિષ્ય! તને પણ આ બંધ અને મોક્ષની પ્રતીતિ ઉપજી છે. ૧૨

ટીકા—તે અગૃધ દેવને આવું સ્વપ્ન થયું હતું:–એક અગૃધ નામનો દેવ અનાદિકાળથી નિદ્રામાં પડયો પડયો સ્વપ્ન જોઇ રહ્યો હતો. (આ સ્વપ્ન તે સંસાર રૂપી સ્વપ્ન સમજવું.) તે સ્વપ્નમાં તે દેવને એવી પ્રતીતિ થઇ કે,

(૧) જાણે હું ચાંડાલ છું. અને–(ચાંડાલ–સ્થૂલ સૂક્ષ્મ દેહનો અભિમાની જીવ.)

(૨) મહાદુઃખી છું.

(૩) મારા મોઢામાં હાડકાં, મજ્જા, લોહી, ત્વચા, માંસ, મેદ, વીર્ય રૂપ સાત ધાતુઓ ભરી છે.

(૪) મહા ભયાનક સાપ, હાથી, આદિક પ્રાણીઓથી ભરેલ વનમાં (સંસારમાં) હું ભટકું છું.

તે દેવ વનમાં ફરતાં ફરતાં અનંત સ્થાન દેખવા લગ્યો:––

(૧) (અહીંથી નરકનું વર્ણન છે:) કોઇ જગોએ ભાત ભાતનાં ભયંકર પ્રાણીઓ ભક્ષણ કરી જવાને સામે દોડી આવે છે.

(૨) કોઇ જગોએ પરૂ અને લોહીના ભરેલા કુંડ છે, તેમાં પડેલાં પ્રાણીઓ હાહાકાર કરી રહ્યાં છે.

(૩) કોઇ જગોએ લોઢાના સ્તંભ તપાવેલા છે; તેની સાથે બાંધેલાં મનુષ્ય રડે છે—ચીસો પાડે છે.

(૪) કોઇ જગોએ તપેલી રેતીવાળા માર્ગમાં ઉઘાડે પગે મનુષ્યોને લેઇ જાય છે અને રાજાના સિપાઇઓ તેમને લોઢાની લાકડીઓથી મારે છે.

(૧) આવી રીતનાં અનેક ભયંકર સ્થાન તે દેવ જોવા લાગ્યો.

(૨) તથા કોઇ વખત પોતે પણ અપરાધ કરીને સ્વપ્નમાં તેવાં દુઃખ ભોગવવા લાગ્યો.

(અહિંથી સ્વર્ગનું વર્ણન છે.) વળી કોઇ જગોએ તેણે દિવ્ય સ્થાન જોયાં:—

(૧) તે સ્થાનમાં ઉત્તમ દેવો શોભી રહ્યા છે.

(૨) તે દેવો દિવ્ય ભોગ ભોગવે છે.

(૩) અમૃતના દર્શન માત્રથી તેમની તૃપ્તિ થાય છે.

(૪) તે દેવોને ભૂખ તરસની પીડા થતી નથી.

(૫) તેમનાં શરીર મળમૂત્રરહિત પ્રકાશમાન છે.

(૬) કોઈ દેવો ઉત્તમ વિમાનમાં રમણ કરે છે; તથા તે વિમાન તે દેવોની ઇચ્છા પ્રમાણે ગમન કરે છે.

(૭) કોઈ જગોએ રંભા, ઉર્વશી, આદિક અપ્સરાઓ નૃત્ય કરે છે. તેમનાં તમામ અંગ દોષ રહિત છે, તથા તે અપ્સરાઓ સંપૂર્ણ સ્રીગુણો-વાળી છે.

(૮) તેમના શરીરમાંથી કામવાસનાનો પ્રકાશ કરે એવી ઉત્તમ સુગંધ આવે છે; અને કોઇ જગોએ દેવો તેમની સાથે રમણ કરે છે.

(૯) કોઇ વખત અગૃધદેવ પોતે પણ દેવપણું પામીને તે અપ્સરાઓ સાથે ઘણા કાળ લગી રમણ કરે છે.

(૧૦) કોઇ વખત તે અપ્સરાઓ સાથે રમણ કરતો છતાં અકસ્માત્ લોહી અને મળથી ભરેલા કુંડમાં પોતે ડૂબી જાય છે. (અહીં પુણ્યનો ક્ષય અને પાપરૂપ અદૃષ્ટનો ઉદય બતાવ્યો છે.)

એક સ્થાનમાં સર્વનો અધિપતિ (ધર્મરાજા) પુરૂપ બેઠેલો જોવામાં આવે છે. અને તેની આજ્ઞાનો અમલ કરનારા તેના સેવક (યમદૂતો) તેના આગળ ઉભેલા છે.

(૧) કેટલાક માણસોને (પુણ્યવાનોને) તે અધિપતિ અને તેના અનુચર સૌમ્ય જણાય છે. અને—

(૨) કેટલાક માણસોને (પાપીઓને) તે મહાભયંકર જણાય છે.

(૩) તે અધિપતિ પ્રથમ કહેલા વનમાં રહેલા પુરૂષોને કર્મને અનુસારે ફળ આપે છે.

આ રીતે તે અગૃધનામે દેવ સ્વપ્નમાં અનેક પ્રકારનાં સ્થાન જોવા લાગ્યો. વળી—(અહીંથી મૃત્યુલોકગત ભરતખંડનું વર્ણન છે)

(૧) કોઈ બીજા સ્થાનમાં બ્રાહ્મણો વેદનો ઘોષ કરી રહ્યા છે;

(૨) કોઈ જગોએ યજ્ઞશાળામાં ઉત્તમ કર્મ કરે છે.

(૩) કોઈ જગોએ ઉત્તમ નદી વહે છે, તેમાં પુણ્યપ્રાપ્તિ માટે લોકો સ્નાન કરે છે.

(૪) કોઈ જગોએ જ્ઞાની ગુરૂઓ શિષ્યોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરે છે. તે બ્રહ્મવિદ્યાને પામીને તેઓ તે વનમાંથી નીકળી જાય છે.

આ રીતે અગૃધ દેવને સ્વપ્નામાં એક ક્ષણ જેટલા કાળમાં તે વનમાં ભાત ભાતના આશ્ચર્યકારક પદાર્થો જણાયા. તેને સ્વપ્નમાં એમ લાગ્યું કે—

(૧) હું અનન્ત કાળથી આ વનમાં રહેતો આવ્યો છું.

(૨) આ વનનો નાશ કદી થાય એમ નથી.

(૩) ક. કોઈ વખતે બાગવાન (બ્રહ્મા વિષ્ણુ મહેશ) પોતાનાં ચારે મોઢામાંથી નાના પ્રકારનાં બીજ (જીવોનાં પરિપક્વ અદૃષ્ટ) કાઢીને વનની ઉત્પત્તિ કરે છે.

ખ. વળી જળનું સિંચન કરીને (કર્માનુસાર સુખદુઃખના અનુભવ રૂપ ભોગ આપીને) તેનું રક્ષણ કરે છે.

ગ. કોઈ વખતે ભયાનક હાસ્ય કરીને મોઢામાંથી અગ્નિ કાઢીને વનને બાળી નાંખે છે. (પ્રલય-સંહાર કરે છે).

(૪) વનની જ્યારે ઉત્પત્તિ થાય છે, ત્યારે તેની સાથે મારી પણ ઉત્પત્તિ થાય છે; અને વનના દાહની સાથે મારો પણ દાહ થાય છે.

(૫) બધા વનનો દાહ કરીને તે બાગવાન (માળી) એકલોજ રહે છે.

(૬) તેના શરીરમાં વનનાં બીજ રહે છે.

સ્વપ્નાના વેદ સાંભળવાથી અગૃધદેવને સ્વપ્નામાં ઉપર કહી તેવી પ્રતીતિ થઈ.

૨૪. અગૃધદેવનો સ્વપ્નામાં ગુરૂ સાથે મેળાપ.

સ્વપ્નના વેદશાસ્ત્રમાં અગૃધદેવે સાંભળ્યું કે, આ વનમાંના (સંસારી) જીવોનું વારંવાર જન્મમરણ થાય છે, તેમ પોતાનું પણ વારંવાર જન્મમરણ થાય છે. માટે તેણે વિચાર કર્યો કે—

(૧) કોઈ પણ રીતથી વનમાંથી બહાર નીકળી જવું.

(૨) કદાચ વનમાંથી બહાર ન નીકળાય, તોપણ મારું ચાંડાળપણું (અર્થાત્ જીવપણું) મટી જાય, અને હમેશાં દેવપણું કાયમ રહે, એમ કરવું.

(૩) વનમાંથી બહાર નીકળવાનો બીજો કોઈ ઉપાય તો નથી; પણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનારા આચાર્ય પોતાના શિષ્યોને વનની બહાર કાઢી શકે છે.

એવો વિચાર કરીને તે અગૃધદેવ સ્વપ્નમાંજ તેવા એક સ્વપ્નના આચાર્યને શરણે ગયો. અને વિધિપૂર્વક આવેલા તે શિષ્યને આચાર્યે સંસ્કૃત ભાષાના એક મિથ્યા (સ્વપ્નના) ગ્રંથનો ઉપદેશ કર્યો.

મિથ્યા આચાર્યનો મિથ્યા શિષ્યને મિથ્યા સંસ્કૃત ગ્રંથનો ઉપદેશ.

૨૫. ગ્રંથનું મંગળાચરણ.

મિથ્યા આચાર્યે શિષ્યને (અગૃધદેવને) જે મિથ્યા સંસ્કૃત ગ્રંથનો ઉપદેશ કર્યો, તેને અમે ભાષામાં (હીંદીમાં–અહીં ગુજરાતીમાં) લખીએ છીએ.

સંસ્કૃત ગ્રંથને ભાષામાં લખતી વખતે મંગળાચાર કરીએ છીએ. કેમકે–

(૧) મંગળાચરણ કરવાથી ગ્રંથની સમાપ્તિ થવામાં પ્રતિબંધક (અડચણ કરનારાં) જે વિઘ્નો છે, તેનો નાશ થાય છે. વિઘ્ન નામ પાપનું છે, પાપને લીધે શુભ કાર્યની સમાપ્તિ થાય નહિ. તે પાપનો મંગળાચરણથી નાશ થાય છે. અને—

(૨) જે પાપરહિત હોય, તેણે પણ ગ્રંથના આરંભમાં મંગળાચરણ અવશ્ય કરવું. કેમકે જો ગ્રંથના આરંભમાં મંગળાચરણ ન હોય તો તે ગ્રંથકર્તા વિષે લોકોને નાસ્તિકપણાની ભ્રાંતિ થવાથી લોકોની પ્રવૃત્તિ તે ગ્રંથમાં થતી નથી.

મંગળ ત્રણ પ્રકારનું છેઃ (૧) વસ્તુ નિર્દેશ રૂપ; (૨) નમસ્કાર રૂપ; અને (૩) આશિર્વાદ રૂપ છે.

સગુણ અથવા નિર્ગુણ જે પરમાત્મા તેને **વસ્તુ** કહે છે. તેના કીર્તનનું નામ **વસ્તુનિર્દેશ** કહેવાય છે.

પોતાની અથવા શિષ્યની જે ઇચ્છિત વસ્તુ તેની પ્રાર્થનાનું નામ **આશિર્વાદરૂપ મંગળ** કહે છે. એનું ઉદાહરણ હવે પછીના ૪થા અને ૫ મા દોહરામાં છે. ચોથા દોહરામાં ગ્રંથકર્તાની ઇચ્છિત વસ્તુની પ્રાર્થના અને શિષ્યની ઇચ્છિત વસ્તુની પ્રાર્થના પાંચમા દોહરામાં છે.

૨૬. ગણેશ, દેવી, વગેરેની ઈશ્વરતા.

ગણેશ અને દેવીનું ઇશ્વર પણું પુરાણોમાં પ્રસિદ્ધ છે, માટે તેમનું

ચિંતન એ પણ ઇશ્વરનું ચિંતન છે; અનિશ્વરનું ચિંતન નથી. પુરાણમાં ગણપતિનો જે જન્મ કહ્યો છે તે જીવના જન્મની પેઠે કર્મનું ફળ નથી, પણ રામકૃષ્ણાદિકની પેઠે ભક્તજનના અનુગ્રહ માટે પરમાત્માનોજ તે આવિર્ભાવ (પ્રગટપણું) થાય છે, એવો વ્યાસ ભગવાનનો પરમ અભિપ્રાય છે.

અહીંયાં આવું રહસ્ય છેઃ-પરમાર્થ દૃષ્ટિથી (વાસ્તવિક રીતે જોતાં) જીવ પણ પરમાત્માથી ભિન્ન નથી, પરંતુ જન્મ મરણ વગેરે બંધનો આત્મામાં જે અધ્યાસ તે જીવનું જીવપણું છે. એવો જન્માદિક બંધ ગણેશ વગેરેને આત્મામાં પ્રતીત થતો નથી, માટે તે જીવ નથી, પણ ઇશ્વર છે. આ રીતે ગણેશ વગેરેમાં ઇશ્વરતા છે માટે ગ્રંથના આરંભમાં તેમનું ચિંતન કરવું યોગ્ય છે.

ગણપતિ, વિષ્ણુ, શિવ, દેવી, આચાર્ય, ઇત્યાદિ નાના રૂપે ઇશ્વરનું જે કથન કરવામાં આવે છે, તે એ સર્વની ઇશ્વરતા જણાવવા માટે છે; વળી ઇશ્વરભક્તિ તથા ગુરૂભક્તિ એ વિદ્યાની પ્રાપ્તિનાં મુખ્ય સાધન છે, એ અર્થ જણાવવા માટે પણ છે.

अथ अग्रधदेवकूं स्वप्नगुरु उक्त ग्रंथारंभः

अथ निर्गुण वस्तुनिर्देशरुपमंगल.

जा विभु सत्य प्रकाशतैं, परकाशत रविचंद;
सो साक्षी मैं बुद्धिको, शुद्धरूप आनंद. १

अथ सगुणवस्तुनिर्देशमंगल.

नासैं विघ्न समूलतैं, श्री गणपतिको नाम;
जा चिंतन बिन व्है नहीं, देवनहूके काम. २

अथ नमस्काररुपमंगल.

सोरठा.

असुरनको संहार, लछमीपारवतीपती,
तिन्हे प्रनाम हमार, भजतनकूं संतत भजै. ३

अथ स्ववांछितप्रार्थनरुप आशिर्वाद मंगल.

दोहा.

जा सक्तीको सक्ति लही, करै ईस यह साज;
मेरी बानीमैं बसहु, ग्रंथसिद्धि के काज. ४

अथ शिष्य वांछितप्रार्थनारूप आशीर्वादः

बंधहरण सुखकरण श्रीदादू दीनदयाल;
पढै सुनै जो ग्रंथ यह. ताके हरहु जंजाल. ५

अथ वेदांत शास्त्रकर्त्ता आचार्य नमस्कार.

कवित्व.

वेदवादवृक्ष बन भेदवादी वायु आप,
पकर हलाय क्रिया कंटक पसारिके;
सरल सुसुद्ध शिष्य कंज पुनि तोरि गेरि,
सूलनमैं फेरत फिरत फेरि फारिके;
पेखी सुपथिक भगवान जानि अनुचित,
अंकमैं उठाय ध्याय व्यासरूप धारिके,
सूत्रको बनाई जाल बनको विभाग किह्न,
करत प्रनाम ताहि निश्चल पुकारिके. ६

२७. त્રણ પ્રકારનું મંગળ.

(૧) નિર્ગુણ વસ્તુ નિર્દેશરૂપ મંગળ.

૧ લો દોહરો—જે વિભુ (વ્યાપક) અને સત્યરૂપ પ્રકાશથી સૂર્ય અને ચંદ્ર પ્રકાશે છે, તે હું–બુદ્ધિનો સાક્ષી–શુદ્ધરૂપ અને આનંદરૂપ છું.

(૧) સગુણ વસ્તુ નિર્દેશરૂપ મંગળ.

૨ જો દોહરો—શ્રીગણપતિના નામનું સ્મરણ કરવાથી સમૂળાં વિઘ્નો નાશ પામે છે; જેના ચિંતન વગર દેવોનાં પણ કામ થતાં નથી.

ટીકા—ત્રિપુર વધમાં આ વાત પ્રસિદ્ધ છે: મયદાનવે રચેલાં ત્રણ નગરોનો નાશ કરવામાં પ્રવૃત્ત થયેલા મહાદેવજીનો જ્યારે જય થયો નહિ, ત્યારે બધા દેવો સહિત મહાદેવજીએ ગણપતિનું પૂજન કર્યું. અને તે પછી મહાદેવજીનો વિજય થયો.

(૨) નમસ્કારરૂપ મંગળ.

૩ જો દોહરો—જે લક્ષ્મીપતિ અને પાર્વતીપતિ અસુરોનો સંહાર કરે છે તથા પોતાને ભજનારા ભક્તજનોને જે ભજે છે, તેમને અમારા પ્રણામ છે.

(૩) સ્વેચ્છિત પ્રાર્થનરૂપ આશીર્વાદ.

૪ થો દોહરો—જે પરમાત્માની શક્તિમાંથી શક્તિ પ્રાપ્ત કરીને ઈશ્વર આ જગત રચે છે; તે ઈશ્વરી શક્તિ, આ ગ્રંથ સંપૂર્ણ થવાને માટે મારી વાણીમાં નિવાસ કરો.

(૩) શિષ્યેચ્છિત પ્રાર્થનરૂપ આશીર્વાદ.

૫ મો દોહરો—જન્મમરણુ રૂપી બંધને નાશ કરનાર અને પરમાનંદ રૂપી સુખને આપનાર, ગરીબના ઉપર દયા કરનાર દાદૂ ગુરૂ રૂપ પરમેશ્વર, આ ગ્રંથને ભણુનાર તથા સાંભળનાર મનુષ્યોનાં જન્મમરણુાદિ દુઃખોનો નાશ કરો.

૨૮ વેદાન્ત શાસ્ત્રના કર્ત્તા આચાર્યને નમસ્કાર.

ઉપનિષદ્‌ને વેદાંત કહે છે. તેના તાત્પર્યનો નિર્ણય કરનાર જે બ્રહ્મસૂત્રરૂપ ઉત્તરમીમાંસા, તેને પણુ વેદાંતસાસ્ત્ર કહે છે. તેના કર્ત્તા શ્રીવેદવ્યાસ સર્વ આસ્તિક સંપ્રદાયના આચાર્ય કહેવાય છે તેને ગ્રંથકાર નમસ્કાર કરે છે.

(૧) રૂપક.

જેમ વાયુ વનમાં પેશીને વૃક્ષોને હલાવીને તેના કાંટા ચારે પાસે પસારે છે. તથા સુંદર કમળનાં ફૂલને તેમના સ્થાનમાંથી તોડીને કાંટામાં ભમાવે છે. તે ભમતાં ફૂલોને જોઇને કોઇ મુસાફરના મનમાં એમ થાય કે આ સુંદુર કમળો આ (કાંટાના) સ્થાનને યોગ્ય નથી. પણુ ઉત્તમ સ્થાનને યોગ્ય છે. એવો વિચાર કરીને તે ફૂલોને ઉઠાવી લે. વળી તે ફરી વિચાર કરે કે, હવે પછી પણુ વાયુ ફૂલોને તોડીને કાંટામાં ભમાવશે. માટે એવો ઉપાય કરવો જોઇએ કે જેથી વાયુ ફૂલોને કાંટામાં ભમાવે નહિ. એમ વિચારીને સૂત્રની જાળી ગુંથીને કાંટાવાળાં વૃક્ષોને કમળવનથી જૂદાં પાડી દે, કે જેથી તે જાળીને લીધે ફૂલનો પ્રવેશ કાંટામાં થાય નહિ;

(૨) રૂપકનો અર્થ.

તેમ ભેદવાદી આચાર્ય રૂપ જે વાયુ છે, તે વેદરૂપી વનમાં, વાદ એટલે અર્થવાદ રૂપી જે કંટકવાળાં વૃક્ષો છે, તેમાંથી સકામ કર્મરૂપી કાંટા ફેલાવે છે. અને કપટ રહિત તથા રાગાદિ દોષ રહિત અતિ શુદ્ધ જે શિષ્ય રૂપી કમળનાં ફૂલ, તેમને શમાદિ રૂપ જે સ્વસ્થાન, તેમાંથી તોડીને સકામ કર્મ રૂપી કાંટામાં ભમાવે છે. તે જોઇને મુસાફરની પેઠે સર્વત્ર વ્યાપક વિષ્ણુએ વિચાર કર્યો કે આ સુંદર કમળ રૂપ શુદ્ધ પુરૂષો આ સ્થાનને યોગ્ય નથી, પણુ મારા સ્વરૂપ પ્રાપ્ત થવા યોગ્ય છે. એવો વિચાર કરી વ્યાસરૂપ ધારણુ કરીને તે શિષ્યોને ઉપદેશ રૂપી ખોળામાં સ્થાપન કર્યા. જેમ પુરૂષના ખોળામાં રહેલાં ફૂલને ઉડાડી મેલવામાં પવન સમર્થ થતો નથી, તેમ બ્રહ્મનિષ્ઠ આચાર્યના ઉપદેશમાં સ્થિતિ કરનાર શિષ્યોને ભેદવાદી આચાર્ય સંશયમાં નાંખી નિષ્ઠાથી ડગાવવાને સમર્થ થતા નથી. માટે ઉપદેશ એજ ખોળો છે. વળી વ્યાસ ભગવાને વિચાર કર્યો કે, એ ભેદવાદીઓ હવે પછી પણુ

મનુષ્યોને સકામ કર્મમાં ભમાવશે, માટે એવો કોઇ ઉપાય કરવો જોઇએ કે જેથી હવે પછી પણ શિષ્યો ભમે નહિ. એમ વિચારી સૂત્ર રૂપી જાળથી વેદવાક્ય રૂપી વૃક્ષોનો આંતરો ભરી લીધો–વિભાગ કરી દીધો. એવા વ્યાસને નિશ્ચળદાસ મોટે અવાજે પ્રણામ કરે છે.

જેમ વનમાં બે પ્રકારનાં વૃક્ષો હોય છેઃ (૧) સકંટક એટલે કાંટાવાળાં; અને (૨) કાંટા વગરનાં. તેમનો જાળથી આંતરો ભરી લે, તો તેને લીધે ફૂલોનો કાંટાવાળાં વૃક્ષોમાં પ્રવેશ થઈ શકે નહિ. તેમ વેદમાં બે પ્રકારનાં વાકયો છેઃ—

(૧) કર્મની સ્તુતિ કરીને બહિર્મુખ પુરૂષોની કર્મમાં પ્રવૃત્તિ કરાવે છે. અને—

(૨) બીજાં, કર્મના ફળને અનિત્ય સમજાવીને કર્મથી પુરૂષની નિવૃત્તિ કરાવે છે.

૨૯ વેદવાકયોનો વિભાગ કરવામાં વ્યાસનો હેતુ.

તે વાકયોનો વેદ વ્યાસે સૂત્રો વડે વિભાગ કરીને એમ સમજાવ્યું છે. કે વેદનાં સઘળાં વાકયોનું નિવૃત્તિમાં તાત્પર્ય છે. પ્રવૃત્તિમાં તાત્પર્ય નથી.

જે પ્રવૃત્તિ બોધક વાકયો છે, તેનું પણ આવું તાત્પર્ય છેઃ સ્વાભાવિક છતાં નિષિદ્ધ એવી પ્રવૃત્તિથી મનુષ્યોને અટકાવવા; અને વિહિત પ્રવૃત્તિથી અંતઃકરણની શુદ્ધિ થયા પછી તે પ્રવૃત્તિ પણ બંધ કરી મનુષ્યને જ્ઞાનનિષ્ઠ કરવો. આ રીતે પ્રવૃત્તિ બોધક વાકયોનું પણ નિવૃત્તિમાંજ તાત્પર્ય છે.

વેદમાંના અર્થવાદ વાકયોએ જે કર્મના ફળનું કથન કર્યું છે, તે ‘ગુડજિહ્વા’ ન્યાયથી કથન કર્યું છે.

(જેમ કોઇ બાળકને તેની મા આંગળીએ ગોળ ચોટાડી બાળકની જીભને લગાડે; અને એ રીતે કડવા ઓસડમાં મધુરતાની બુદ્ધિ ઉપજાવે અને પછી કડવું ઓસડ પાઈ દે, તેને ‘ગુડજિહ્વા’ ન્યાય કહે છે. એજ રીતે શ્રુતિ રૂપી માતા પામર જીવરૂપી બાળકને પોતાનાં કર્મફળની સ્તુતિ અર્થવાદ વાકયો રૂપી ગોળની આંગળી ચટાડીને–સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ ફળનો બોધ કરીને તે કર્મોમાં પ્રવૃત્તિ કરાવે છે. પણ જેમ માતાનું તાત્પર્ય બાળકની રોગ નિવૃત્તિમાં છે-ગોળનો સ્વાદ ચખાડવામાં નથી–તેમ શ્રુતિરૂપ માતાનું પણ પાપની નિવૃત્તિ દ્વારા ચિત્તની શુદ્ધિ કરવામાં તાત્પર્ય છે–સ્વર્ગાદિ ફળ આપવામાં નથી.

એ વાત વ્યાસજીએ સૂત્રો વડે સમજાવી છે. એવી વાત સૂત્રોથી સમજ્યા પછી મનુષ્યની સકામ કર્મમાં પ્રવૃત્તિ થાય નહિ.

જેમ સૂતરની દોરડીઓની જાળી ફૂલોને કાંટામાં પડતાં અટકાવે છે, તેમ વ્યાસ ભગવાનનાં સૂત્રો સકામ કર્મોથી મનુષ્યોને અટકાવે છે માટે સૂત્રોને જાળનું રૂપ આપ્યું છે.

૩૦ અગૃધદેવના ત્રણ પ્રશ્ન.

હવે અગૃધદેવે ગુરૂને પ્રશ્ન કર્યો કે હે ગુરો!

(૧) હું કોણ છું? (૨) સંસારનો કર્ત્તા કોણ છે? (૩) મુક્તિનો હેતુ જ્ઞાન છે, અથવા કર્મ છે, અથવા ઉપાસના છે, અથવા બન્ને છે?

ગુરૂ અગૃધદેવને ગ્રંથ સંભળાવે છે કે—

दोहा.

कोउक शिष्य उदारमति, गुरुके सरनै जाई;
प्रश्न कियो कर जोरिके, पादपद्म सिर नाइ. ७

शिष्य उवाच.

भो भगवन मैं कौन, यह, संसृति कातैं होई;
हेतु मुक्तिको ज्ञान वा, कर्म उपासन दोई. ८

કોઇક મોટી બુદ્ધિવાળો શિષ્ય ગુરૂને શરણે ગયો, અને હાથ જોડીને ગુરૂના ચરણ આગળ માથું નમાવી બોલ્યોઃ–૭ હે ભગવન હું કોણ છું? આ સંસાર ક્યાંથી થયો? મુક્તિનો હેતુ જ્ઞાન છે કે કર્મ ઉપાસના છે કે બન્ને છે? ૮

ટીકા--(૧) પહેલો પ્રશ્નઃ હું કોણ છું. એટલે હું દેહ સ્વરૂપ છું? અથવા દેહથી ભિન્ન છું?

હું મનુષ્ય છું, અને મારૂં શરીર છે, એવી બે જાતની પ્રતીતિ થાય છે માટે મને આવો સંશય ઉપજ્યો છે. જો આપ મને દેહથી ભિન્ન કહેતા હો તો હું કર્ત્તા ભોક્તા છું? અથવા અક્રિય છું?

જો અક્રિય કહેતા હો તો--

સઘળાં શરીરોમાં હું એક છું? અથવા જૂદો જૂદો છું?

આવો પ્રથમ પ્રશ્નનો અભિપ્રાય છે. હવે બીજો પ્રશ્નઃ--

(૨) આ સંસારનો કર્તા કોણ છે? એ પ્રશ્નનો અભિપ્રાય એવો છે કે–

આ સંસારનો કોઈ કર્ત્તા છે? અથવા આ સંસાર પોતાની મેળેજ થયો છે?

જો કર્ત્તા છે એમ કહો તો—

કોઇ જીવ સંસારનો કર્ત્તા છે? અથવા ઇશ્વર કર્ત્તા છે?

જો ઇશ્વર કર્ત્તા છે, એમ કહો તો—

તે ઇશ્વર કોઈ એક જગોએ રહેલો છે? અથવા વ્યાપક છે?

જો વ્યાપક છે એમ કહો તો—

જેમ વ્યાપક આકાશથી જીવ ભિન્ન છે, તેમ તે ઇશ્વરથી જીવ ભિન્ન છે? અથવા ઇશ્વરથી જીવ અભિન્ન છે?

(૩) મુક્તિનો હેતુ જ્ઞાન છે? અથવા કર્મ છે? અથવા ઉપાસના છે? અથવા બન્ને છે?

જો બે કહો તો—જ્ઞાન અને કર્મ એ બે છે? અથવા જ્ઞાન અને ઉપાસના એ બે છે? અથવા કર્મ અને ઉપાસના એ બે છે?

"હું કોણ છું" એવા પહેલા પ્રશ્નનો ઉત્તર.

૩૧. આત્મા સંઘાત (સમુદાયનો) સાક્ષી છે.

ગુરૂ શિષ્યે કરેલા પહેલા પ્રશ્નનો ("હું કોણ છું" એનો) ઉત્તર આપે છેઃ—

दोहा-सत्‌चित्‌ आनंद एक तुं ब्रह्म अजन्म असंग ॥

અર્થ—તું સત્‌, ચિત્‌, આનંદ, એક, અજન્મ, અને અસંગ બ્રહ્મ છે.

ટીકા—તું સત્‌, ચિત્‌, અને આનંદસ્વરૂપ છું.

આમ કહેવાથી ગુરૂએ શિષ્યને દેહથી જૂદો કહ્યો. કેમકે દેહ અસત્‌ રૂપ છે, જડ રૂપ છે, અને દુઃખરૂપ છે. વળી તું કર્ત્તા ભોક્તા પણ નથી.

(૧) જેનામાં દુઃખ હોય તે દુઃખની નિવૃત્તિ માટે અને સુખની પ્રાપ્તિ માટે ક્રિયા કરે છે, અને તે કર્ત્તા કહેવાય છે.

ક તારામાં દુઃખ નથી, તેથી દુઃખની નિવૃત્તિ માટે તું ક્રિયાનો કર્ત્તા નથી.

ख तुं આનંદ સ્વરૂપ છે, માટે સુખની પ્રાપ્તિ માટે પણ તું ક્રિયાનો કર્ત્તા નથી.

(૨) જે કર્ત્તા હોય તેજ ભોક્તા હોય છે. તું કર્ત્તા નથી, માટે ભોક્તા પણ નથી,

પુણ્ય પાપની ઉત્પત્તિ કરનાર જે કર્મ છે, તેનો કર્ત્તા અને સુખદુઃખનો ભોક્તા સ્થૂલ સૂક્ષ્મ સમુદાય છે, તું નથી. તું સમુદાયનો સાક્ષી છે,

૩૨ આત્મા એક છે. ભોક્તા અનેક છે.

આત્મા કર્ત્તા ભોક્તા નથી, પણ સમુદાયનો સાક્ષી છે, માટે આત્મા એક છે; પ્રત્યેક દેહમાં જૂદા જૂદા અનેક આત્મા નથી. જો આત્મા કર્ત્તા ભોક્તા હોય, તો તે અનેક હોય; કેમકે કોઇ સુખી છે અને કોઇ દુઃખી છે.

વળી જો કર્ત્તા ભોક્તા એવો એકજ આત્મા વિશ્વમાં છે એમ માનવામાં આવે તો એકને સુખદુઃખ થવાથી સહુને સુખદુઃખ થવું જોઇએ. પણ તેમ થતું નથી, તે ઉપરથી માલમ પડે છે કે ભોક્તા એક નથી પણ અનેક છે. અને આત્મા ભોક્તા નથી, માટે આત્મા તો એકજ છે.

૩૨. સાંખ્યમતના સિદ્ધાંતની સમજ અને આત્માનું નાનાત્વ.

પૂર્વપક્ષી—સાંખ્યના મતમાં આત્માને કર્ત્તાભોક્તા માન્યો નથી, એમ છતાં આત્મા ભિન્ન ભિન્ન અનેક છે, એમ માન્યું છે. કેમકે સાંખ્યનો મત આ પ્રમાણે છેઃ—

(૧) સત્વ, રજ અને તમોગુણની સમ અવસ્થાનું નામ **પ્રધાન** છે. તે પ્રધાન પ્રકૃતિ છે, વિકૃતિ નથી.

क. ઉપાદાન કારણને **પ્રકૃતિ** કહે છે.

ख. કાર્યનુંનામ **વિકૃતિ** કહેવાય છે.

क. પ્રધાન મહત્તત્વનું ઉપાદાન કારણ છે, માટે પ્રધાન એ **પ્રકૃતિ** છે.

ख. પ્રધાન અનાદિ છે માટે વિકૃતિ નથી.

મહત્તત્વ, અહંકાર, પંચ તન્માત્રા, એ સાત **પ્રકૃતિવિકૃતિ** કહેવાય છે.

क. એ સાતમાંનું દરેક પોતપોતાની પછીનાની પ્રકૃતિ છે; અને પહેલા પહેલાની વિકૃતિ છે. જેમ, મહત્તત્વ એ અહંકારની પ્રકૃતિ છે; અહંકાર તન્માત્રાની પ્રકૃતિ છે; શબ્દ એ સ્પર્શની પ્રકૃતિ છે; વગેરે.

ख અને એજ પ્રમાણે સ્પર્શ એ શબ્દની વિકૃતિ છે; શબ્દ એ અહંકારની વિકૃતિ છે; અહંકાર એ મહત્તત્વની વિકૃતિ છે; મહત્તત્વ એ પ્રધાનની વિકૃતિ છે; ઇત્યાદિ. અર્થાત્ એ સાત પોતાની પછીનાની પ્રકૃતિ છે, અને પહેલાની વિકૃતિ છે, માટે **પ્રકૃતિવિકૃતિ** કહેવાય છે.

પાંચ તન્માત્રાઓ પણ પાંચ પંચીકૃત ભૂતની પ્રકૃતિ છે, એ રીતે સાત પ્રકૃતિવિકૃતિ છે.

પાંચ ભૂત, દશ ઇંદ્રિયો, અને મન, એ સોળ વિકૃતિ છે, પ્રકૃતિ નથી.

પુરૂષ (આત્મા) પ્રકૃતિ નથી તેમ વિકૃતિ પણ નથી. કેમકે—

क જે કોઇ પદાર્થનો હેતુ હોય તે **પ્રકૃતિ** કહેવાય.

ख અને કાર્ય હોય તે વિકૃતિ કહેવાય,

क પુરૂષ (આત્મા) કોઇનો હેતુ નથી. માટે પ્રકૃતિ નથી. અને—

ख કાર્ય નથી માટે વિકૃતિ નથી, માટે પુરૂષ અસંગ છે.

આ રીતે સાંખ્ય મતમાં **પચીસ તત્વ** છે. તત્વ એટલે પદાર્થ.

(ઉપર કહેલી બધી વાત સાંખ્ય કારિકામાં એક આર્યાથી કહેલી છે.

જેમ-मूल प्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त ।
षोडशकस्तु विकारो नप्रकृतिर्नविकृतिः पुरुषः ॥)

(અર્થ—પ્રધાન એ મૂળ પ્રકૃતિ છે, પણ વિકૃતિ નથી; મહત્તત્વ વગેરે સાત પદાર્થો પ્રકૃતિવિકૃતિ છે; પંચભુત વગેરે સોળ પદાર્થો વિકૃતિ છે; અને પુરૂષ માત્ર અસંગ છે એટલે કોઈની પ્રકૃતિ નથી તેમ વિકૃતિ પણ નથી.)

(૨) સાંખ્ય મતમાં ઇશ્વરનો અંગીકાર નથી.

(૩) સ્વતંત્ર એવી પ્રકૃતિ જગતનું કારણ છે.

(૪) પુરૂષના ભોગ માટે તથા મોક્ષ માટે પ્રકૃતિજ પ્રવૃત્ત થાય છે; પુરૂષ પ્રવૃત્તિ કરતો નથી.

(૫) પ્રકૃતિ જ્યારે વિષય રૂપે પરિણામ પામે છે ત્યારે પુરૂષને ભોગ પ્રાપ્તિ થાય છે.

(૬) પ્રકૃતિ બુદ્ધિદ્વારા વિવેક રૂપે પરિણામ પામે છે ત્યારે પુરૂષને મોક્ષ પ્રાપ્તિ થાય છે.

(૭) જો કે પુરૂષ અસંગ છે, તેથી તેનામાં ભોગ અને મોક્ષ સંભવે નહિ; તથાપિ જ્ઞાન, સુખ, દુઃખ, રાગ, દ્વેષ, વગેરે બુદ્ધિનાં પરિણામ છે. તે બુદ્ધિનો આત્મા સાથે અવિવેક છે–વિવેક નથી. માટે આત્મામાં આરોપિત બંધમોક્ષ છે; વાસ્તવિક નથી.

(૮) એવા અવિવેકથી પ્રાપ્ત થયેલો જે આત્મામાં ભોગ છે, તેથીજ સાંખ્ય મતમાં આત્માને **ભોક્તા** કહે છે.

(૯) વાસ્તવિક જોતાં આત્મા ભોક્તા નથી, પણ બુદ્ધિજ ભોક્તા છે.

(૧૦) બુદ્ધિ આત્માથી ભિન્ન છે, અને—

(૧૧) એવા જ્ઞાનને **વિવેક** કહે છે.

(૧૨) એવા વિવેકના અભાવનું નામ **અવિવેક** છે.

આ રીતે સાંખ્ય મતમાં—

(૧૩) આત્મા અસંગ છે. અને—

(૧૪) સુખાદિક બુદ્ધિનાં પરિણામ છે, માટે બુદ્ધિના ધર્મ છે. અને–

(૧૫) આત્મા જૂદા જૂદા અનેક છે.

૩૪ સાંખ્યોક્ત આત્માના અનેકપણાનું ખંડન

સિદ્ધાંતી—ઉપર કહેલી સાંખ્યમતની વાત અત્યંત વિરૂદ્ધ છે. જો સુખ દુઃખ જૂદાં જૂદાં હોવાથી આત્મા પણ દરેક શરીરમાં ભિન્ન ભિન્ન છે, એમ કહેવાય. પણ તે સુખ દુઃખ આત્માના ધર્મ તો છે નહિ, પણ બુદ્ધિના

ધર્મ છે. માટે સુખ દુઃખ ભિન્ન ભિન્ન હોવાથી બુદ્ધિ પ્રત્યેક શરીરમાં ભિન્ન છે એમ સિદ્ધ થાય છે, પણ આત્મા ભિન્ન છે, એમ સિદ્ધ થતું નથી.

જેમ એકજ વ્યાપક આકાશમા જૂદી જૂદી અનેક ઉપાધિઓના ધર્મ જોવામાં આવે છે; તે ઉપાધિ અને આકાશના અવિવેકને લીધે જોવામાં આવે છે. તેમ એકજ વ્યાપક આત્મામાં જૂદી જૂદી અનેક બુદ્ધિઓના ધર્મ અવિવેકથી જોવામાં આવે છે, એ વાત સાંખ્ય મતમાં માન્ય રાખવી ઘટે છે.

આત્માને અસંગ માનીને અનેક માનવા, એ નકામું છે.

પૂર્વપક્ષી—કોઇ આત્મા મુક્ત છે અને બીજા કોઇ બદ્ધ છે, એવી રીતે બંધ અને મોક્ષનો તફાવત આત્માને જૂદા જૂદા અનેક માન્યા સિવાય શી રીતે હોઇ શકે? માટે આત્મા ભિન્ન ભિન્ન છે એમજ માનવું જોઇએ.

સિદ્ધાંતી—એ કહેવું પણ નકામું છે. કેમકે જો બંધ અને મોક્ષ આત્મામાં અંગીકાર કરીએ, તો બંધ મોક્ષના ભેદથી આત્માઓ ભિન્ન ભિન્ન છે, એમ સિદ્ધ થાય; પણ સાંખ્યમતમાં આત્માને અસંગ માનીને તેનામાં બંધમોક્ષ નથી એમ માનેલું છે. પણ બુદ્ધિનો આત્મા સાથે અવિવેક છે માટે આત્મામાં બંધ જણાય છે, એમ માનેલું છે. અને આત્માથી બુદ્ધિનો વિવેક કરવાથી તે બંધનો મોક્ષ માનેલો છે.

જે વસ્તુ અવિવેકથી માલમ પડતી હોય અને વિવેકથી દૂર થતી હોય, તે વસ્તુ દોરડીમાંના સાપની પેઠે મિથ્યા હોય છે. આત્મા વિષે પણ બુદ્ધિના અવિવેકથી બંધ દેખાય છે અને વિવેકથી દૂર થાય છે, માટે બંધ મિથ્યા છે.

જેમ બંધ મિથ્યા છે તેમ આત્માનો મોક્ષ પણ મિથ્યા છે. જેનામાં બંધ સત્ય હોય તેનો મોક્ષ પણ સત્ય હોય. આત્મામાં બંધ મિથ્યા છે માટે મોક્ષ પણ મિથ્યાજ છે.

એ રીતે મિથ્યા બંધ મોક્ષ તો વ્યાપક આકાશની પેઠે એક વ્યાપક આત્મામાં પણ સંભવે છે. બંધ મોક્ષના ભેદથી આત્માનો ભેદ સિદ્ધ થઇ શકે નહિ; માટે સાંખ્ય મતમાં આત્માનો ભેદ (ભિન્ન ભિન્ન અનેક આત્મા હોવાપણું)કહ્યો છે તે અસંગ છે. (બરાબર નથી.)

૩૫. ન્યાયમતમાં કહેલા આત્માનું વર્ણન.

ન્યાયમતમાં પણ ભિન્ન ભિન્ન અનેક આત્મા માનેલા છે, તે પણ બરાબર નથી. કેમકે ન્યાયનો આવો સિદ્ધાંત છેઃ—

(૧). (૧) સુખ, (૨) દુઃખ, (૩) જ્ઞાન, (૪) ઇચ્છા, (૫) દ્વેષ, (૬) પ્રયત્ન, (૭) ધર્મ, (૮) અધર્મ, (૯) જ્ઞાનના સંસ્કાર, (૧૦) સંખ્યા,

(૧૧) પરિમાણુ, (૧૨)પૃથક્ત્વ, (૧૩) સંયોગ, અને (૧૪) વિભાગ, એ ચૌદ ગુણુ જીવરૂપ આત્મામાં છે.

(૨). ૧ સંખ્યા, (૨) પરિમાણુ, (૩) પૃથક્ત્વ, (૪) સંયોગ, (૫) વિભાગ, (૬) જ્ઞાન, (૭) ઇચ્છા, (૮) પ્રયત્ન, એ આઠ ગુણુ ઈશ્વરમાં છે.

પણુ તેમાં આટલો તફાવત છેઃ—

क. ઈશ્વરનાં જ્ઞાન, ઇચ્છા, પ્રયત્ન, એ ત્રણુ ગુણો નિત્ય છે.

ख. જીવના એ ત્રણુ ગુણો અનિત્ય છે.

क. ઇશ્વર વ્યાપક છે અને નિત્ય છે.

ख. જીવ નાના (જૂદા જૂદા અનેક) છે, સંપૂર્ણ વ્યાપક છે, અને નિત્ય છે. પણુ જીવનું જ્ઞાન અનિત્ય છે, માટે જ્યારે જ્ઞાન ગુણુ હોય ત્યારે તો જીવ ચેતન છે, અને જ્ઞાન ગુણુનો નાશ થાય, ત્યારે જીવ જડ રૂપ રહે છે.

(૩) ઇશ્વર અને જીવની પેઠે આકાશ, કાળ, દિશા, અને મન, નિત્ય છે.

(૪) પૃથ્વી, જળ, તેજ અને વાયુનાં પરમાણુ નિત્ય છે. જાળિયામાંથી સૂર્યનો તડકો આવતો હોય તેમાં જે સૂક્ષ્મ રજ ઉડતી દેખાય છે, તેના છઠ્ઠા ભાગનું નામ પરમાણુ છે. તે પરમાણુ આત્માની પેઠે નિત્ય છે.

(૫) બીજા પણુ જાતિ વગેરે કેટલાક પદાર્થો ન્યાય મતમાં નિત્ય માન્યા છે. વેદ વિરૂદ્ધ સિદ્ધાંતને ઘણો લખવાનો જીજ્ઞાસુને કાંઇ ઉપયોગ નથી, માટે વિશેષ લખ્યું નથી.

(૬) હું મનુષ્ય છું, બ્રાહ્મણ છું, એવી જે દેહમાં આત્માની ભ્રાંતિ થાય છે, તેનાથી રાગદ્વેષ થાય છે. તે રાગ દ્વેષથી ધર્મ અધર્મ માટે પ્રવૃત્તિ થાય છે. તે પ્રવૃત્તિથી શરીરના સંબંધદ્વારા સુખ દુઃખ થાય છે. એ રીતે ન્યાયમતમાં આત્માના સંસારનો હેતુ ભ્રાંતિજ્ઞાન છે.

(૭) તે ભ્રાંતિજ્ઞાન તત્વજ્ઞાનથી દૂર થાય છે.

(૮) દેહાદિક તમામ પદાર્થોથી આત્મા ભિન્ન છે, એવા નિશ્ચયનું નામ તત્વજ્ઞાન છે.

क. એ તત્વજ્ઞાનથી હું બ્રાહ્મણ છું, હું મનુષ્ય છું, એવી ભ્રાંતિ દૂર થાય છે.

ख. ભ્રાંતિનો નાશ થવાથી રાગદ્વેષનો અભાવ થાય છે.

ग. રાગદ્વેષનો અભાવ થવાથી ધર્મ અધર્મને માટે પ્રવૃત્તિ થતી નથી.

घ. પ્રવૃત્તિના અભાવથી શરીર સંબંધરૂપ જન્મનો અભાવ થાય છે.

ङ. શરીરનો સંબંધ ન થવાથી એકવીશ પ્રકારના દુઃખનો નાશ થાય છે.

(૯) એ દુઃખનો નાશ, એજ ન્યાયમતમાં મોક્ષ છે.

એક શરીર; શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના, ઘ્રાણુ, અને મન એ ૭ ઈંદ્રિયો; એ ૭ ઈંદ્રિયોના વિષયો; એ ૭ ઈંદ્રિયોનાં જ્ઞાન; સુખ અને દુઃખ એ એકવીશ દુઃખ માનેલાં છે.

શરીર વગેરે પણ દુઃખનાં જનક હોવાથી તેમને પણ દુઃખ કહેલાં છે.

તેમ સ્વર્ગાદિકનુ સુખ પણ નાશના ભયથી દુઃખનો હેતુ છે માટે દુઃખ કહેવાય છે.

જો કે ન્યાયમતમાં શ્રોત્ર અને મન નિત્ય છે, તેનો નાશ સંભવે નહિ; તથાપિ જે રૂપે કરીને શ્રોત્ર અને મન દુ;ખનાં હેતુ છે તે રૂપનો નાશ સંભવે છે.

તે શ્રોત્ર અને મન પદાર્થોના જ્ઞાનની ઉત્પત્તિ કરવા વડે દુઃખનાં હેતુ છે. પદાર્થોનું તે જ્ઞાન મોક્ષકાળમાં શ્રોત્ર અને મન કરી શકતાં નથી. કેમકે કર્ણુગોલકમાં રહેલુ' જે આકાશ છે તે શ્રોત્ર કહેવાય છે, મોક્ષકાળમાં તે કર્ણુ ગોલકનો અભાવ હોય છે. માટે શ્રોત્ર ઇંદ્રિય આકાશ રૂપ છતાં પણ ગોલકના અભાવથી જ્ઞાન થતું નથી.

એ રીતે જ્ઞાનનું જનક જે શ્રોત્ર ઇંદ્રિયનું સ્વરૂપ, તેજ દુઃખ છે અને તેનોજ નાશ થાય છે.

(૧૦) આત્માની સાથે મનના સંયોગથી **જ્ઞાન થાય** છે ન્યાયમતમાં એ મનનો સંયોગ (૧) એકની ક્રિયાથી, અથવા (૨) બેની ક્રિયાથી થાય છે.

(૧) બાજ પક્ષી અને વૃક્ષનો સંયોગ એક બાજ પક્ષીની ક્રિયાથી થાય છે. અને—

(૨) બે ઘેટાંનો સંયોગ બન્નેની ક્રિયાથી થાય છે.

તેમ વિભુ આત્મામાં તો ક્રિયા કદી પણ બને નહિ; તેમ મોક્ષકાળમાં સંયોગવાળા મનનોજ અભાવ થાય છે. (સંયોગ વગરનું મન તો રહે છે).

૩૬ ન્યાયના એક દેશીનો મત.

પૂર્વપક્ષી—જે કોઇ નૈયાયિક ન્યાય શાસ્ત્રનાબીજા બધા સિદ્ધાંત કબુલ રાખતો હોય, પણ તેમાંના એકાદ વિષયમાં તેનો મતભેદ હોય, તેને એકદેશી કહે છે. એવો કોઇ ન્યાયનો એકદેશી ત્વચાની સાથે મનના સંયોગને જ્ઞાનનો હેતુ માને છે, આત્માના સંયોગને જ્ઞાનનો હેતુ માનતો નથી. સુષુપ્તિ અવસ્થામાં પુરીતત્ નામે નાડીમાં મન પ્રવેશ કરે છે, તે વખતે ત્વચા સાથે મનનો સંયોગ હોતો નથી, માટે સુષુપ્તિમાં જ્ઞાન થતું નથી. તેમના મતમાં ત્વચા સાથે સંયોગવાળું મન એજ જ્ઞાનદ્વારા દુઃખનો હેતુ છે–કેવળ મન દુઃખનો હેતુ નથી. મોક્ષકાળમાં ત્વચાનો નાશ થવાથી મનનો સયોગ ત્વચા

સાથે હોતો નથી, માટે જ્ઞાન થતું નથી. મોક્ષકાળમાં મન તો છે, પણ ત્વચા સાથે સંયોગવાળું મનજ જ્ઞાનદ્વારા દુઃખનો હેતુ છે, તેના સંયોગનો તે કાળે નાશ થવાથી જ્ઞાનનો નાશ થાય છે.

આ રીતે મોક્ષકાળમાં પરમાત્માથી ભિન્ન હોઇને તથા દુઃખ રહિત હોઇને વ્યાપક એવો આત્મા જડ રૂપે રહે છે. કેમકે જ્ઞાન ગુણથી આત્માનો પ્રકાશ થાય છે. પણ આત્માનું સઘળું જ્ઞાન ઇંદ્રિય જન્ય છે, નિત્ય નથી; તે ઇંદ્રિય જન્ય જ્ઞાનનો મોક્ષકાળમાં નાશ થાય છે, માટે મોક્ષકાળમાં આત્મા પ્રકાશ રહિત જડ રૂપ થઇને રહે છે, આવો ન્યાયનો સિદ્ધાંત છે.

૩૭ ન્યાયમતમાં આત્મા નાના છે અને વ્યાપક છે.

પૂર્વપક્ષી—ન્યાયમતમાં પાછળ કહ્યું તે પ્રકારથી સુખદુઃખ અને બંધ મોક્ષ આત્માને થાય છે, માટે આત્મા જૂદા જૂદા અનેક છે અને તે તમામ આત્મા સર્વત્ર વ્યાપક છે.

જેમ વેદાંતીઓ સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદના અભાવને વ્યાપક કહે છે, તેમ ન્યાયમતમાં માનતા નથી; પણ સર્વ અલ્પ પદાર્થો સાથે જે સંયોગ તેજ વ્યાપકનું લક્ષણ માને છે. કેમકે, ન્યાયમતમાં જો કે આત્મા નિરવયવ છે તેથી તેનામાં સ્વગત ભેદનો તો અભાવ છે, પણ આત્મામાં સજાતીય અને વિજાતીય ભેદનો અભાવ નથી. પણ—

(૧) એક આત્માનો સજાતીય જે બીજો આત્મા તેનો ભેદ આત્મામાં છે,

(૨) અને વિજાતીય ઘટાદિકનો ભેદ પણ આત્મામાં છે.

માટે સજાતીય, વિજાતીય અને સ્વાગત ભેદનો અભાવ, એ વ્યાપકનું લક્ષણ નથી; પણ સર્વ અલ્પ પદાર્થો સાથે સંયોગ, એજ વ્યાપકનું લક્ષણ છે.

શંકા—ન્યાયમતમાં આત્માની પેઠે આકાશ, કાળ, અને દિશા પણ વ્યાપક છે. અને પરમાણુ સૂક્ષ્મ છે તથા નિરવયવ છે. તેની સાથે સઘળા વ્યાપક પદાર્થોનો સંયોગ સંભવે નહિ. કેમકે જો પરમાણુ સાવયવ હોય ત્યારે તો તેની સાથે કોઇક ભાગમાં આત્માનો સંયોગ થાય અને કોઇક ભાગમાં બીજા વ્યાપક પદાર્થોનો સંયોગ થાય. પણ પરમાણુ સાવયવ નથી, પણ નિરવયર છે અને અતિ સૂક્ષ્મ છે. તેની સાથે એકજ દેશમાં સઘળા વ્યાપક પદાર્થોનો સંયોગ સંભવે નહિ. કેમકે જે સ્થાન એકના સંયોગથી રોકાયલું હોય તે દેશમાં અન્ય પદાર્થોનો સંયોગ બને નહિ. માટે નાના પદાર્થોને વ્યાપકતા ઘટતી નથી; એકજ હોઇ પદાર્થ વ્યાપક સંભવે છે.

સમાધાન (પૂર્વપક્ષી)—એ શંકા સંભવતી નથી. કેમકે જે સાવયવ વસ્તુનો સંયોગ છે, તે તો અન્ય સંયોગનો વિરોધી છેઃ—

(૧) જેમ, પૃથ્વીના જે દેશ સાથે હાથનો સંયોગ હોય, તે દેશમાં પગનો સંયોગ હોય નહિ. પણ નિરવયવનો સંયોગ જગો રોકતો નથી માટે તે બીજાના સંયોગનો વિરોધી નથી, એ વાત અનુભવ સિદ્ધ છે.

(૨) જેમ, ઘડાના જે દેશમાં આકાશનો સંયોગ છે. તેજ દેશમાં કાળનો અને દિશાનો પણ સંયોગ છે. જો ઘડાનો કોઇ દેશ આકાશ, કાળ અને દિશાથી બાહેર હોય તો તે દેશમાં આકાશ, કાળ અને દિશાનો સંયોગ થાય નહિ; પણ તેમની બહાર તો કોઇ દેશ છે નહિ, પણ સઘળા પદાર્થોના સઘળા દેશ આકાશ, કાળ, અને દિશામાંજ છે. માટે સઘળા પદાર્થોના સઘળા દેશમાં આકાશ, કાળ અને દિશાનો સંયોગ છે.

એ રીતે પરમાણુમાં પણ એકજ દેશમાં નાના નિરવયવ વિભુ (વ્યાપક) નો સંયોગ હોઇ શકે છે, કોઇ દોષ આવતો પથી. માટે આત્મા નાના છે અને સર્વવ્યાપક છે.

૩૮ પાછળ કહેલા ન્યાયમતનું ખંડન.

સિદ્ધાન્તી—સઘળા આત્માઓનો, વ્યાપક વસ્તુઓથી ભિન્ન જે સઘળા પરિચ્છિન્ન (વ્યાપક નહિ તે–મર્યાદિત) દેહ, ઇંદ્રિય, મન, પરમાણુ આદિક વસ્તુઓ સાથે સંયોગ છે, એવો ન્યાયનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંત યથાર્થ નથી. કેમકે જો વ્યાપક આત્મા જૂદા જૂદા અનેક છે એમ માનીએ, તો બધાં શરીરો સાથે બધા આત્માઓનો સંબંધ માનવો પડશે. અને તેથી કયું શરીર કયા આત્માનું છે, એ વાતનો નિશ્ચય થઇ શકશે નહિ, પણ દરેક આત્માનાં સઘળાં શરીર છે, એમ ઠરશે.

પૂર્વપક્ષી—જે આત્માના કર્મથી જે શરીર ઉત્પન્ન થયું છે તે આત્માનું તે શરીર છે, એમ સમજવું.

સિદ્ધાન્તી—તેમ પણ નહિ બને. કેમકે જે શરીરથી કર્મ થયું હશે, તે કર્મ કરનારા પૂર્વના શરીરમાં પણ બધા આત્માઓનો સંબંધ છેજ; માટે કર્મ પણ બધા આત્માઓનાં કહેવાં પડશે, એક આત્માનાં નહિ કહેવાય.

પૂર્વપક્ષી—જે આત્માના મન સહિત શરીર છે, તે આત્માનું તે શરીર છે, એમ સમજવું.

સિદ્ધાંતી—તે પણ નહિ બને. કેમકે—

(૧) શરીરની પેઠે મનની સાથે પણ બધા આત્માઓનો સંબંધ છે. તેથી કયા આત્માનું કયું મન છે તેનો નિશ્ચય થઇ શકશે નહિ. પણ સઘળા આત્માનાં સઘળાં મન છે એમ માનવું પડશે.

(૨) તેજ પ્રમાણે ઇંદ્રિયો પણ બધા આત્માની બધી કહેવી પડશે.

(૩) બહારના પદાર્થોમાં "આ પદાર્થ મારો છે, અને આ પદાર્થ બીજાનો છે" એવો વ્યવહાર પણ શરીરને લઈને થાય છે. તે બધાં શરીર તો બધા આત્માનાં છે, માટે બહારના પદાર્થ પણ સર્વ આત્માના સર્વ હોવા જોઈએ.

પૂર્વપક્ષી—જે આત્માને જે શરીરમાં અહંબુદ્ધિ (હું એવી બુદ્ધિ) અને મમ બુદ્ધિ (મારૂં એવી બુદ્ધિ) હોય, તે આત્માનું તે શરીર છે, એમ સમજવું. હવે અહંબુદ્ધિ અને મમબુદ્ધિ એક છે માટે સઘળા આત્માઓમાં તે રહિ શકે નહિઃ પણ એક ધર્મ એકજ ધર્મી વિષે રહી શકે છે. (બુદ્ધિ એ ધર્મ છે અને આત્મા એ ધર્મી છે.) માટે એક આત્માનું એકજ શરીર છે. જે આત્માનું જે શરીર છે, તે શરીરનાં સંબંધી મન, ઇંદ્રિયો, અને બહારના પદાર્થો પણ તે આત્માના છે. માટે વ્યાપક અને નાના આત્મા માનવામાં પણ દોષ નથી.

સિદ્ધાંતી—એ વાત પણ સંભવતી નથી. કેમકે, યદ્યપિ અહંબુદ્ધિ એક દેહમાં એકજ આત્માને થાય છે, તથાપિ ન્યાયમતમાં તે સંભવતું નથી, પણ બધા આત્માઓને એક દેહમાં અહંબુદ્ધિ થવી જોઇએ કેમકે ન્યાય મત્તમાં બુદ્ધિ એવું જ્ઞાનનું નામ છે. તે જ્ઞાન આત્મા અને મનના સંયોગથી થાય છે. તે મનની સાથે બધા આત્માઓનો સંયોગ છે. માટે મનના સંયોગથી જેવી રીતે એક આત્માને એક દેહમાં અહંબુદ્ધિ થાય છે, તેવી રીતે બધા આત્માઓને એક દેહમાં અહંબુદ્ધિ થવી જોઇએ.

પૂર્વપક્ષી—જો કે મનનો સંયોગ તો બધા આત્માઓ સાથે છે, તથાપિ જે આત્મામાં જ્ઞાનનું જનક અદૃષ્ટ છે, તે આત્માનેજ અહંબુદ્ધિ થાય છે.

સિદ્ધાન્તી—તોપણ સર્વનેજ જ્ઞાન થવું જોઈએ. કેમકે જો વ્યાપક નાના આત્મા માનીએ, તો એક શરીરની શુભાશુભ ક્રિયાથી શરીરમાં રહેલા બધા આત્માઓમાં પણ અદૃષ્ટ થવું જોઇએ, એ વાત પહેલા કહેલી છે. માટે આત્માને વ્યાપક અને નાના અંગીકાર કરીએ તો એકજ દેહમાં સઘળા આત્માઓને સુખદુઃખનો ભોગ થવો જોઈએ.

માટે વ્યાપક અને નાના (જૂદા જૂદા અનેક) તથા કર્ત્તાભોક્તા આત્મા છે, એવો ન્યાયમતનો સિદ્ધાંત ખરો નથી.

જેમ નાના ઘટને વ્યાપક કહેવા નિષ્ફળ છે, તેમ પ્રત્યેક જૂદા જૂદા દેહમાં રહેલા કર્ત્તા ભોક્તા નાના આત્માઓને વ્યાપક કહેવા નિષ્ફળ છે.

આત્માનું પરિમાણ.

૩૯ સિદ્ધાંતમતમાં અંતઃકરણનું પરિમાણ.

સિદ્ધાંતી—અમારા સિદ્ધાંતમતમાં તો કર્ત્તા ભોક્તા અંતઃકરણ છે. તે અંતઃકરણ નાના છે. તે વ્યાપક નથી, તેમ અણુ પરિમાણવાળાં પણ નથી; પણ જેવડું શરીર તેવડુંજ અંતઃકરણનું પણ પરિમાણ છે. જેમ દીવાનો પ્રકાશ જેટલી જગામાં દીવો હોય તેવડો હોય છે, તેમ શરીર મોટું હોય તો અંતઃકરણનો વિકાસ થાય છે, અને શરીર નાનું હોય તો સંકોચ થાય છે. આ વાત સિદ્ધાંતબિંદુના વ્યાખ્યાનમાં મધુસૂદન સ્વામીએ પ્રતિપાદન કરી છે. જે અંતઃકરણનો જે શરીર સાથે સંબંધ છે તે અંતઃકરણને તે શરીરથી ભોગ પ્રાપ્તિ થાય છે.

જો અંતઃકરણને વ્યાપક માનીએ તો બધાં શરીરો બધાં અંતઃકરણનાં થાય અને ભોગ પણ બધાં અંતઃકરણને થાય; પણ અંતઃકરણ વ્યાપક નથી, માટે તે દોષ આવશે નહિ.

જો અંતઃકરણને અણુ પરિમાણવાળું માનીએ, તો શરીરના એક ભાગમાં અંતઃકરણ રહે છે, એમ માનવું પડશે. પણ એ વાત સંભવતી નથી; કેમકે જો એકજ વખતે પગમાં અને માથામાં કાંટો ઘોંચાય, તો બન્ને ઠેકાણે એકજ વખતે પીડા થાય છે તે ન થવી જોઇએ. કેમકે જો અંતઃકરણ અણુ હોય તો એક વખતે તે એક સ્થાનમાંજ રહી શકે; અને તેથી જે સ્થાનમાં અંતઃકરણ હોય, તે સ્થાનમાંજ પીડા થવી જોઇએ, બન્ને સ્થાનમાં ન થવી જોઇએ.

માટે અંતઃકરણ અણુ નથી કે વ્યાપક પણ નથી; પણ શરીરના સમાન છે. એમ માનવાથી કોઇ દોષ આવશે નહિ.

જે પદાર્થ અણુ ન હોય તેમ વ્યાપક પણ ન હોય, તે પદાર્થ મધ્યમ-પરિમાણવાળો કહેવાય છે. (અંતઃકરણ મધ્યમ પરિમાણવાળું છે.)

૪૦ નવીન નૈયાયિકોને મતે આત્માનું મધ્યમ પરિમાણ.

પૂર્વપક્ષી—ન્યાયમતમાં કોઈ નવીન નૈયાયિકોએ એમ માનેલું છે કે—

(૧) આત્મા નાના છે. કર્ત્તાભોક્તા છે. વ્યાપક નથી, તેથી એકનો સુખદુઃખ વગેરે ભોગ બીજાને પણ પ્રાપ્ત થવા રૂપ ભેળસેળ થવાનો દોષ આવશે નહિ.

(૨) આત્મા અણુ પણ નથી, માટે શરીરમાં એકજ વખતે બે ઠેકાણે પીડા થવાનો પણ સંભવ નથી.

પણ જેમ વેદાંતમતમાં અંતઃકરણ મધ્યમ પરિમાણ માનેલું છે, તેમ

અમારા મતમાં આત્મા પણ મધ્યમ પરિમાણ છે. (મધ્યમ પરિમાણવાળો આત્મા હોવાથી શરીરમાં રહેલાં મન, ઈંદ્રિય, વગેરે અલ્પ પદાર્થો સાથે આત્માનો સંયોગ હોવાથી ન્યાયમતમાં કહેલું વ્યાપકનું લક્ષણ પણ સંભવે છે.) એ આત્મામાં પાછળ કહેલા ચૌદ ગુણો રહેલા છે.

૪૧ આત્માના મધ્યમ પરિમાણનું ખંડન.

(૧) જો આત્માને સંકોચ વિકાશવાળો માનીએ (એટલે મધ્યમ પરિમાણવાળો હોવાથી જે શરીરમાં જાય તેના જેવડો થનારો-અર્થાત્ સંકોચ વિકાશવાળો માનીએ) તો દીવાના પ્રકાશની પેઠે આત્મા વિકારી અને વિનાશવાળો માનવો પડશે. અને એમ માનશો તો મોક્ષને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો અને સાધન નકામાં થશે.

(૨) મધ્યમ પરિમાણવાળો માનીને પણ સંકોચ વિકાસ વિનાનો માનશો તો કયા શરીરની બરાબર આત્માને માનવો એ નિશ્ચય થઇ શકશે નહિ.

(૩) જો માણસના શરીર જેવડો આત્માને માનશો તો જ્યારે આત્મા હાથીનું શરીર પામશે, ત્યારે તેના આખા શરીરમાં આત્મા નહિ હોઇ શકે. માટે જે હાથીના શરીરના જે દેશમાં આત્મા નહિ હોય તે દેશમાં પીડા નહિ થવી જોઇએ.

(૪) જો આત્માને હાથીના શરીર જેવડો માનશો તો તેનાથી બીજાં જે મોટાં શરીર હશે તેના એક દેશમાં પીડા નહિ થવી જોઇએ. અને સૌથી મોટું તો કોઇનું શરીર છે નહિ કે જેની સમાન આત્માનું પરિમાણ માનીએ.

(૫) સૌથી મોટું વિરાટ્નું શરીર છે. તેની બરાબર જો આત્મા માનીએ તો વિરાટ્ના શરીરમાં સઘળાં શરીરો અંતર્ભૂત છે, માટે તે સર્વ શરીરો સાથે આત્માનો સંબંધ થશે. અને એમ થવાથી શો દોષ આવે તે પાછળ કહેલોજ છે.

એવો નિયમ છે કે—જે મધ્યમ પરિમાણવાળી વસ્તુ હોય તે શરીરની પેઠે અનિત્ય છે. માટે આત્મા પણ મધ્યમ પરિમાણવાળો હોય તો અનિત્ય માનવો પડશે, અને અંતઃકરણનો તો અમારા મતમાં જ્ઞાનથી નાશ થાય છે, માટે તે અનિત્યજ છે, તેથી તેને મધ્યમ પરિમાણવાળું માનવાથી દોષ આવતો નથી.

આ રીતે નવીન તાર્કિકોનો મત પણ સમીચીન નથી.

૪૨ આત્માના અણુત્વનું ખંડન.

પૂર્વપક્ષી—જો કોઇ એમ કહે કે આત્મા નાના છે, અને અણુ છે,

તો શો દોષ છે?

સિદ્ધાન્તી—એ વાત પણ સંભવતી નથી. કેમકે—

(૧) જો આત્માને કર્ત્તાભોક્તા માનીએ તો, અંતઃકરણને અણુ માનવાથી જે દોષ આવે છે, તે દોષ અહિં પણ આવશે.

(૨) જો કર્ત્તાભોક્તા નહિ માનો તો નાના આત્મા માનવા નિષ્ફળ થશે.

માટે બધાં શરીરોમાં એક વ્યાપક આત્માજ માનવો યોગ્ય છે.

વળી આત્માને કર્ત્તા ભોક્તા નહિ માનો તો તમારે તમારા સિદ્ધાંતનો પણ ત્યાગ કરવો પડશે. કેમકે આત્માને અણુ માનનારાઓનો એવો સિદ્ધાંત છે કે,—"જ્ઞાન, સુખ, દુઃખ વગેરે આત્માના ધર્મ છે."

માટે જો આત્માને અણુ માને, તો શરીરના જે ભાગમાં આત્મા નહિ હોય તે ભાગ મૃત સમાન થશે. તે ભાગમાં પીડા વગેરે ન થવાં જોઇએ.

પૂર્વપક્ષી—જો કે આત્મા તો શરીરના એક દેશમાં છે, પરંતુ કસ્તુરીના ગંધની પેઠે તેનું જ્ઞાન બધા શરીરમાં વ્યાપ્ત છે. માટે સઘળા શરીરમાં અનુકૂળ અને પ્રતિકૂળ સંબંધનો તે અનુભવ કરે છે.

સિદ્ધાંતી—એ કહેવું પણ બરાબર નથી. કેમકે એવો નિયમ છેઃ- જેટલા દેશમાં ગુણવાળો પદાર્થ રહેલો હોય, તે દેશની બહાર તેનો ગુણ રહેતો નથી, પણ ગુણીમાંજ ગુણ રહે છે. જેમ ઘડાનું રૂપ ઘડાની બહાર રહેતું નથી, તેમ આત્માની બહાર આત્માનો ગુણ જે જ્ઞાન તે પણ રહે નહિ. કસ્તુરીના સૂક્ષ્મ ભાગ જેટલા દેશમાં વ્યાપ્ત હોય, તેટલા દેશમાંજ તેનો ગંધ વ્યાપ્ત હોય છે. માટે કસ્તુરીનું દૃષ્ટાંત સંભવતું નથી. માટે આત્મા અણુ છે, એ પક્ષ પણ સંભવતો નથી.

શ્રુતિમાં કોઇ જગોએ આત્માને અણુથી પણ અણુ કહ્યો છે, તે આત્મા દુર્વિજ્ઞેય છે માટે કહ્યો છે. જેમ અત્યંત અણુ વસ્તુનું મંદદૃષ્ટિવાળા પુરૂષને જ્ઞાન થતું નથી. માટે આત્મા અણુ જેવો સૂક્ષ્મ છે એવો શ્રુતિનો અભિપ્રાય છે, પણ "આત્મા અણુ પરિમાણવાળો છે" એવો અભિપ્રાય નથી. કેમકે વેદમાંજ ઘણી જગોએ આત્માને વ્યાપક રૂપ કહ્યો છે. માટે આત્મા અણુ નથી.

(જે શ્રુતિમાં "**अणोरणीयान् महतो महीयान्**" એટલે આત્મા અણુથી પણ સૂક્ષ્મ છે અને મોટાથી પણ મોટો છે" એમ કહ્યું છે ત્યાં તેનો આવો અર્થ છેઃ—

(૧) પૃથ્વીથી જળ સૂક્ષ્મ છે અને વ્યાપક છે.

(૨) જળથી તેજ સૂક્ષ્મ છે અને વ્યાપક છે.

(૩) તેજથી વાયુ સૂક્ષ્મ છે અને વ્યાપક છે.

(૪) વાયુથી આકાશ સૂક્ષ્મ છે અને વ્યાપક છે.

(૫) આકાશથી માયા સૂક્ષ્મ છે અને વ્યાપક છે.

(૬) માયાથી આત્મા સૂક્ષ્મ છે અને વ્યાપક છે.

ઇત્યાદિક શ્રુતિ વિષે આત્માની સર્વથી સૂક્ષ્મતા અને વ્યાપકતા કહી છે. આ અર્થ ભગવાન્ ભાષ્યકારે ઉપદેશ સહસ્રીમાં પ્રતિપાદન કર્યો છે.)

(૭) આ રીતે વ્યાપક આત્મા મધ્યમ પરિમાણુ અથવા અણુ પરિમાણુ-વાળો હોઇને નાના છે, એમ કહેવું સંભવતું નથી.

૪૩ બુદ્ધિ વગેરે આત્મામાં અધ્યસ્ત છે.

આત્મા મધ્યમ પરિમાણુવાળો કે અણુ પરિમાણુવાળો નથી, તથા નાના નથી, ત્યારે પરિશેષથી આત્મા એક છે અને વ્યાપક છે, એમ નક્કી થાય છે.

૮ ઘણા અર્થો પ્રાપ્ત થયા પછી બીજા અર્થોનો નિષેધ થાય અને એક બાકી રહેલા અર્થમાં જે નિશ્ચય થાય તેને **પરિશેષ** કહે છે)

તે આત્મામાં જો ધર્મ અધર્મ, સુખ દુઃખ, અને બંધમોક્ષ માનીએ તો કોઇને સુખ અને કોઇને દુઃખ, કોઇને મોક્ષ એવો વ્યવહાર થઈ શકે નહિ. માટે ધર્મ અધર્મ સુખદુઃખ, વગેરે બુદ્ધિના ધર્મ છે.

જો કે બુદ્ધિ જડ છે માટે તેમાં ધર્મ વગેરે સંભવે નહિ, તથાપિ એ આત્માના ધર્મ નથી એવા અભિપ્રાયથી બુદ્ધિના ધર્મ કહીએ છીએ. "બુદ્ધિના ધર્મ છે" એમ કહેવાનો અભિપ્રાય નથી.

બુદ્ધિ અને સુખદુઃખાદિક આત્મામાં અધ્યસ્ત છે.

(૧) જે વસ્તુ જેમાં અધ્યસ્ત હોય તે વસ્તુ તેમાં વાસ્તવિક રીતે હોય નહિ. જેમ સર્પ દોરડીમાં અધ્યસ્ત છે, તેથી તે દોરડીમાં વાસ્તવિક હોતો નથી. તેમ બુદ્ધિ અને સુખ વગેરે આત્મામાં નથી.

(૨) વળી, જે વસ્તુ પોતેજ અધ્યસ્ત છે, તે બીજી કોઇ વસ્તુનો આશ્રય થઇ શકે નહિ; માટે બુદ્ધિ આત્મામાં અધ્યસ્ત હોવાથી સુખાદિકનો આશ્રય નથી. પરંતુ—

(૧) અજ્ઞાન શુદ્ધ ચેતનમાં અધ્યસ્ત છે.

(૨) અજ્ઞાન ઉપહિત ચેતનમાં અંતઃકરણ અધ્યસ્ત છે.

(૩) અંતઃકરણ ઉપહિત ચેતનમાં ધર્માધર્મ, સુખદુઃખ, અને બંધ-મોક્ષ અધ્યસ્ત છે.

એ રીતે ધર્માદિક અધ્યસ્ત પદાર્થોનું અધિષ્ઠાન આત્મા બને, તે અધિ-ષ્ઠાનપણામાં અંતઃકરણ ઉપાધિ છે. માટે ધર્માધર્માદિ અંતઃકરણના ધર્મ કહેવાય છે.

૪૪ ઉપાધિ અને વિશેષણ.

અંતઃકરણ વિશિષ્ટ ચેતનમાં ધર્માદિક અધ્યસ્ત છે, એમ કહે તો તે સંભવે નહિ. કેમકે, જે વિશેષણ યુક્ત હોય તેને વિશિષ્ટ કહે છે. ધર્માદિકના અધ્યાસનું અધિષ્ઠાન જે આત્મા, તેનું અંતઃકરણ વિશેષણ છે એમ જો માનીએ, તો અંતઃકરણ પણ ધર્માદિકનું અધિષ્ઠાન થાય; પણ તે વાત સંભવતી નથી; કેમકે મિથ્યા વસ્તુ અધિષ્ઠાન હોઈ શકે નહિ. માટે આત્મામાં ધર્માદિકનો અધ્યાસ થવામાં અંતઃકરણ વિશેષણ નથી, પણ ઉપાધિ છે.

(૧) ઉપાધિનો આવો સ્વભાવ છેઃ—પોતે તટસ્થ રહીને જેટલી જગોમાં પોતે હોય તેટલી જગોમાં રહેલી વસ્તુને જણાવવી.

(૨) વિશેષણનો આવો સ્વભાવ છેઃ—જેટલી જગોમાં પોતે હોય તેટલી જગોમાં રહેલી વસ્તુને પોતાના સહિત જણાવવી.

(૧) વિશેષણવાળા પદાર્થને વિશિષ્ટ કહે છે.

(૨) ઉપાધિવાળા પદાર્થને ઉપહિત કહે છે.

એ રીતે હોવાથી, જો અંતઃકરણ વિશિષ્ટ ચેતનમાં ધર્માદિક અધ્યસ્ત છે એમ કહે, તો જટલા દેશમાં અંતઃકરણ છે, તે દેશમાં રહેલો ચેતન ભાગ અને અંતઃકરણ બન્નેને અધિષ્ઠાન કહેવાં પડે. પણ અંતઃકરણ તો પોતે પણ અધ્યસ્ત છે માટે અધિષ્ઠાન બને નહિ. એટલા માટે અંતઃકરણ ઉપહિત ચેતનમાં ધર્માદિક અધ્યસ્ત છે, એમ કહ્યું છે.

માટે જેટલી જગોમાં અંતઃકરણ છે, એટલી જગોમાં રહેલા ચેતન ભાગ માત્રમાં અધિષ્ઠાનતા છે; અંતઃકરણમાં અધિષ્ઠાનતા નથી. એ વાત સંભવે છે.

૪૫ સુખદુઃખાદિક આત્માના ધર્મ નથી.

તેમજ અંતઃકરણ પણ અજ્ઞાન ઉપહિત ચૈતન્યમાં અધ્યસ્ત છે—અજ્ઞાન વિશિષ્ટ ચૈતન્યમાં અધ્યસ્ત નથી.

આ રીતે અધ્યસ્ત એવા ધર્માદિકનું અધિષ્ઠાન આત્મા છે.

(૧) અધ્યાસના અધિષ્ઠાનપણાંની અંતઃકરણ ઉપાધિ છે માટે સુખદુઃખાદિ બુદ્ધિના (એટલે અંતઃકરણના) ધર્મ કહ્યા છે.

(૨) પણ અવિવેકીને લીધે તે ધર્મ. અંતઃકરણ અને આત્મા બન્નેમાં પ્રતીત થાય છે, માટે કોઈ તેને અંતઃકરણ વિશિષ્ટ જે પ્રમાતા તેના ધર્મ કહે છે.

એ રીતે ગમે તો—

(૧) ધર્માધર્માદિક અંતઃકરણના ધર્મ હોય,

(૨) અથવા અંતઃકરણ વિશિષ્ટ પ્રમાતાના ધર્મ હોય,

(૩) અથવા રજ્જૂસર્પ, સ્વપ્નના પદાર્થો, ગંધર્વનગર, આકાશની નીલતા એ સહુની પેઠે મિથ્યા હોવાથી કોઇના ધર્મ ન હોય, પણ—

સર્વ પ્રકારથી આત્માના ધર્મ નથી.

જો કે ધર્માધર્મ, સુખદુઃખ, બંધમોક્ષ, વગેરે ધર્મો આત્મામાં અધ્યસ્ત છે, તથાપિ જે વસ્તુ જેમાં અધ્યસ્ત હોય, તે વસ્તુ તેમાં પરમાર્થથી [વાસ્તવિક રીતે] હોય નહિ. માટે રાગદ્વેષ, ધર્માધર્મ, સુખદુઃખ, બંધમોક્ષ. એ સર્વથી રહિત એક વ્યાપક આત્મા છે. અધ્યસ્ત એટલે કલ્પિત.

૪૬ આત્મા સત્ છે.

એ આત્મા સત્ છે.

(૧) જે વસ્તુનો જ્ઞાન થવાથી અભાવ માલમ પડે, તેને અસત્ કહે છે.

(૨) જેની નિવૃત્તિ કોઇ પણ કાળમાં હોય નહિ, તેને સત્ કહે છે.

તમામ પદાર્થોનું અને તેમની નિવૃત્તિનું અધિષ્ઠાન આત્મા છે,

જો આત્માની નિવૃત્તિ થતી હોય તો તેનું પણ બીજું અધિષ્ઠાન કહેવું પડે; કેમકે—

[૧] શૂન્યમાં કોઇની નિવૃતિ થાય નહિ. (એટલે કોઇ પદાર્થ નાશ પામીને છેવટે શૂન્ય રહે છે, એમ કહેવાય નહિ.

(૨) અને આત્મા તથા તેની નિવૃત્તિનું અધિષ્ઠાન કોઇ બીજું છે, એમ માનીએ, તો તે બીજાનું વળી કોઈ બીજું અધિષ્ઠાન માનવું પડશે; અને તેનું વળી ત્રીજું માનવું પડશે; અને એ રીતે અનવસ્થા થશે.

વળી જે આત્માની નિવૃતિ (નાશ) થાય છે એમ માનતા હોય તેને એમ પૂછવું કે-(૧) આત્માની નિવૃત્તિનો કોઇએ અનુભવ કર્યો ?

(૧) જો તે એમ કહે કે, આત્માની નિવૃત્તિનો અનુભવ કર્યો છે; તો તે સંભવતું નથી. કેમકે જે અનુભવ કરનારો છે તેજ આત્મા છે અને અનુભવ કરનારનું પોતાનું સ્વરૂપ છે. તેની નિવૃત્તિનો અનુભવ તે પોતના મસ્તકના છેદનના અનુભવ જેવો છે. માટે આત્માની નિવૃત્તિનો અનુભવ સંભવતો નથી.

(૨) જો વાદી એમ કહે કે આત્માની નિવૃત્તિ તો થાય છે, પણ તેની નિવૃત્તિનો અનુભવ કોઇને થતો નથી.

તો એ ઉપરથી એમ સિદ્ધ થયું કે, આત્માની નિવૃત્તિ થતીજ નથી; કેમકે જે વસ્તુનો કોઇને અનુભવ થતો નથી, તે વસ્તુ વંધ્યા પુત્રની પેઠે

સત્ય હોતી નથી. માટે આત્માની નિવૃત્તિ પણ સત્ય નથી. તેથી આત્મા સત્ છે, એમ સિદ્ધ થાય છે.

૪૭ આત્મા ચિત્ છે.

આત્મા ચિત્ છે. પ્રકાશરૂપ જે જ્ઞાન તેને ચિત્ કહે છે. (ચિત એટલે ચૈતન્ય.)

(૧) જો આત્માને અપ્રકાશરૂપ જડ માનીએ, તો અનાત્મ જડ વસ્તુનો પ્રકાશ કદી હોતો નથી.

(૨) જો અંતઃકરણ અને ઇંદ્રિયોથી પદાર્થનો પ્રકાશ થાય છે એમ કહે, તો તે પણ સંભવતું નથી, કેમકે અંતઃકરણ તથા ઇંદ્રિયો પરિચ્છિન્ન છે તેથી કાર્ય છે.

(૧) જે પરિચ્છિન્ન છે તે ઘડાની પેઠે કાર્ય હોય છે. અંતઃકરણ અને ઇંદ્રિયો પણ પરિચ્છિન્ન છે, માટે કાર્ય છે.

(૨) દેશ વડે અને કાળ વડે જેનો અંત જણાતો હોય તેને પરિચ્છિન્ન કહે છે.

(૩) જે કાર્ય હોય તે જડ હોય છે.

અંતઃકરણ અને ઇંદ્રિયો પણ જડ છે, તેથી તેઓ કોઇ વસ્તુને પ્રકાશ કરી શકતાં નથી. માટે જે આત્મા સર્વનો પ્રકાશ કરે છે, તેજ પ્રકાશરૂપ છે.

૪૮ જ્ઞાન એ આત્માનો ગુણ નથી, પણ સ્વરૂપ છે.

વાદી—આત્મા પ્રકાશરૂપ નથી પણ આત્મા તો જડ છે, અને જ્ઞાન એ આત્માનો ગુણ છે. તે જ્ઞાનગુણથી આત્મા અને અનાત્માનો પ્રકાશ થાય છે.

સિદ્ધાંતી—આત્માનો જ્ઞાનગુણ નિત્ય છે કે અનિત્ય છે?

વાદી—નિત્ય છે.

સિદ્ધાંતી—ત્યારે તો આત્માનું સ્વરૂપજ જ્ઞાન છે, એમ સિદ્ધ થશે. કેમકે, આવો નિયમ છેઃ—જે આત્માથી ભિન્ન હોય તે અનિત્ય હોય છે. જો જ્ઞાનને આત્માથી ભિન્ન અંગીકાર કરીએ તો તેને અનિત્યજ કહેવું પડશે. માટે જ્ઞાનને નિત્ય માનીને પછી તેને અનિત્ય કહેવું બની શકે નહિ.

વાદી—ત્યારે તો જ્ઞાન અનિત્ય છે, એમ કહીશું.

સિદ્ધાન્તી—તો તે જ્ઞાન ઘટાદિકની પેઠે જડ થશે. કેમકે જે અનિત્ય વસ્તુ હોય છે તે જડ હોય છે. માટે જ્ઞાન અનિત્ય છે એમ કહેવું પણ સંભવતું નથી, પણ જ્ઞાન નિત્યજ છે. તે નિત્યજ્ઞાન આત્મસ્વરૂપજ છે. જો જ્ઞાનને અનિત્ય માનીએ તો આત્મામાં કોઈ વખત જ્ઞાન હોય અને કોઈ

વખત ન હોય! અને એમ હોય ત્યારે આત્માથી ભિન્ન જ્ઞાન કહેવાય. પણ જ્ઞાન નિત્ય છે માટે આત્માથી જ્ઞાન જૂદું નથી.

જે ગુણ હોય તે ગુણવાળા પદાર્થમાં કોઇ વખત રહે અને કોઈ વખત ન રહે; જેમ વસ્ત્રમાં લાલ, પીળો, ગુણ વસ્ત્રમાં કોઇ વખત હોય છે અને કોઇ વખત નથી હોતો. માટે જે ગુણ હોય તે **આગમાપાયી** (કોઇ વખત આવનાર અને કોઇ વખતજતો રહેનાર) હોય છે.

જ્ઞાન નિત્ય છે માટે તે આગમાપાયી નથી; માટે આત્માનું સ્વરૂપજ જ્ઞાન છે.

જો જ્ઞાનને અનિત્ય કહીએ તો જ્ઞાન ઇંદ્રિયો તથા અંતઃકરણથી ઉત્પન્ન થાય છે એમ કહેવું પડશે. પણ તેમ કહેવું બને તેમ નથી; કેમકે સુષુપ્તિ અવસ્થામાં ઇંદ્રિયાદિક તો હોતાં નથી, પણ સુખનું જ્ઞાન થાય છે તે ન થવું જોઇએ.

જો સુષુપ્તિમાં સુખનું જ્ઞાન થાય છે એમ નહિ માનો, તો જાગ્યા પછી "હું સુખમાં સૂતો હતો" એવી સુષુપ્તિના સુખની સ્મૃતિ થાય છે તે ન થવી જોઇએ. જે વસ્તુનું પહેલાં જ્ઞાન થયું હોય તેની સ્મૃતિ થાય છે, ન જાણી હોય તેવી વસ્તુની સ્મૃતિ થતી નથી. સુષુપ્તિના સુખની જાગ્યા પછી સ્મૃતિ થાય છે માટે સુષુપ્તિમાં સુખનું જ્ઞાન થાય છે એમ માનવું જોઇએ. તે જ્ઞાનનાં જનક (ઉત્પન્ન કરનાર) ઇંદ્રિયો વગેરે સુષુપ્તિમાં હોતાં નથી, એમ છતાં જ્ઞાન હોય છે માટે જ્ઞાન નિત્ય છે.

જ્ઞાનને છોડીને કોઇ વખત આત્મા રહેતો નથી માટે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જેમ ઉષ્ણતાને છોડીને અગ્નિ કદાપિ રહેતો નથી માટે ઉષ્ણતા અગ્નિનું સ્વરૂપ છે. તેમ જ્ઞાન પણ આત્માનું સ્વરૂપ છે. જે આગમાપાયી હોય તે ગુણ હોય છે. ઉષ્ણતા અને જ્ઞાન આગમાપાયી નથી માટે અગ્નિ અને આત્માનું સ્વરૂપ છે. જે વસ્તુ કોઇ વખત હોય અને કોઇ વખત ન હોય તે **આગમાપાયી** કહેવાય છે.

૪૯ જ્ઞાનની ઉત્પત્તિ અને વિનાશ નથી.

કોઇ કહેશે કે જ્ઞાન ઉપજે છે તથા જ્ઞાન નાશ થાય છે, એવું વ્યાવહારમાં જોવામાં આવે છે, ત્યારે ઉત્પત્તિ વિનાશ જ્ઞાનનો નથી થતો એમ કેમ કહેવાય? એના ખુલાસામાં જણાવવાનું કે અંતઃકરણની વૃત્તિનો ઉત્પત્તિ અને વિનાશ થાય છે; જ્ઞાનનો થતો નથી.

(૧) આત્મસ્વરૂપ જે જ્ઞાન છે, તે વિશેષ વ્યવહારનો હેતુ નથી. પણ જ્ઞાન સહિત વૃત્તિ અથવા વૃત્તિમાં આરૂઢ જ્ઞાન, વિશેષ વ્યવહારનો હેતુ છે. આ અવચ્છેદવાદની રીતિ છે.

(૨) આભાસવાદમાં આભાસ સહિત વૃત્તિથી વ્યવહાર છે. આભાસ દ્વારા અથવા સાક્ષાત્ વૃત્તિદ્વારા આત્મસ્વરૂપ જ્ઞાનથીજ સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે; આત્મસ્વરૂપ જ્ઞાન સિવાય કોઇ વ્યવહાર બને નહિ.

આ રીતે સર્વને પ્રકાશક જ્ઞાન સ્વરૂપ આત્મા છે માટે તે ચિત્ છે.

(અહીં એટલું ધ્યાનમાં રાખવું કે આત્માનું જ્ઞાન સ્વરૂપ એ સામાન્ય પ્રકાશરૂપ છે. અને ઇંદ્રિયો અંતઃકરણ દ્વારા જે જ્ઞાન થાય છે તે વિશેષ પ્રકાશરૂપ છે. લોકો આ વિશેષ જ્ઞાનનેજ જ્ઞાન માનીને આત્માને પણ તેવો વિશેષ જ્ઞાનરૂપે સમજતા હોવાથી ગોટાળામાં પડે છે. માટે સામાન્ય જ્ઞાન-જે ઇંદ્રિયાદિને પ્રકાશ આપે છે, તે જ્ઞાન સ્વરૂપ આત્માનું છે એમ જાણવું.)

૫૦ આત્મા આનંદરૂપ છે.

આત્મા આનંદરૂપ છે. જો આત્મા આનંદરૂપ ન હોય તોવિષયના સંબંધથી સ્વરૂપ આનંદનું ભાન થાય છે તે ન થવું જોઇએ. વિષયમાં આનંદ નથી, એ વાત પૂર્વે કહી છે.

જો વિષયમાં આનંદ હોય તો જે વિષયથી એક પુરૂષને સુખ થાય છે, તેજ વિષયથી બીજાને દુઃખ થાય છે; જેમ, અગ્નિના સ્પર્શથી અગ્નિના કીડાને, અને સર્પનું રૂપ દેખવાથી સાપણને, તથા સિંહનું રૂપ દેખવાથી સિંહણને આનંદ થાય છે, અને બીજા મનુષ્યને તેથી દુઃખ થાય છ, તે ન થવું જોઇએ.

સિદ્ધાંત મતમાં તો એમ છે કે અગ્નિના કીડાને અગ્નિના સ્પર્શની જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે તેની ચંચળ બુદ્ધિમાં સ્વરૂપાનંદનું ભાન થતું નથી; અગ્નિનો સંબંધ થવાથી ક્ષણમાત્ર તે ઇચ્છા દૂર થઇને બુદ્ધિ નિશ્ચલ (સ્થિર) થાય છે એટલે તેમાં સ્વરૂપાનંદનું ભાન થાય છે. બીજાં માણસોને અગ્નિ સંબંધની ઇચ્છા હોતી નથી, પણ બીજાજ કોઇ પદાર્થની ઇચ્છા હોય છે, તે ઇચ્છા અગ્નિના સંબંધથી દૂર થતી નથી, માટે તેનું અંતઃકરણ ચંચળ રહે છે અને તેમાં અગ્નિના સંબંધથી આનંદ થતો નથી.

શંકા—જે ઇચ્છારૂપી અંતઃકરણની વૃત્તિ છે, તે વિષયની પ્રાપ્તિથી નાશ પામી ગઈ; અને બીજી વૃત્તિ ઉત્પન્ન થવાનું કોઈ નિમિત્ત ન હોવાથી તે બીજી વૃત્તિ ઉત્પન્ન થઇ નહિ; અને વૃત્તિના વિના સ્વરૂપાનંદનું ભાન થાય નહિ, માટે વિષયમાંજ આનંદ છે.

સમાધાન—(૧) એ શંકા સંભવતી નથી જો કે વિષય પ્રાપ્ત થયા પછી ઇચ્છા રૂપ અંતઃકરણની વૃત્તિ નાશ પામે છે.—એ ઇચ્છા રૂપ વૃત્તિ હોય તો પણ તેને વિષે આનંદનો પ્રકાશ થાય નહિ; કેમકે ઇચ્છા રૂપ વૃત્તિ

રાજસ છે, અને આનંદનો પ્રકાશ સાત્વિક વૃત્તિમાં થાય છે.–તથાપિ વાંછિત પદાર્થ જે મળ્યો છે, તેના સ્વરૂપને વિષય કરવા માટે (તે સ્વરૂપનો અનુભવ કરવા માટે) જે જ્ઞાન રૂપ અંતઃકરણની વૃત્તિ હોય છે તે સાત્વિક છે કેમકે સત્વ-જ્ઞાન ઉત્પન્ન થાય છે એવો નિયમ છે. તે સાત્વિક વૃત્તિમાં આનંદનું ભાન થાય છે. પરંતુગુણથી તે જ્ઞાનરૂપ વૃત્તિ બહિર્મુખ છે. તે વૃત્તિની પાછળ રહેલો જે અંતઃકરણ ઉપહિત ચેતનસ્વરૂપ આનંદ, તેનું તે વૃત્તિથી ગ્રહણ થઈ શકતું નથી,. માટે વિષયની ઉપાધિવાળા ચેતન રૂપ આનંદનું ભાન થાય છે. તે વિષય ઉપહિત ચેતન આત્માથી જૂદું નથી, માટે આત્માનંદનુંજ વિષયમાં ભાન થાય છે એમ કહેવામાં આવે છે. તે જ્ઞાનરૂપ વૃત્તિ ઉત્પન્ન થવામાં વિષયની સાથે નેત્રાદિકનો સંબંધ, એજ નિમિત્ત છે.

(૨) અથવા—જ્ઞાનરૂપ જે બહિર્મુખ વૃત્તિ, તેનાથી બીજી એક અંતર્મુખ વૃત્તિ હોય છે. તે અંતર્મુખ વૃત્તિમાં અંતઃકરણ ઉપહિત ચેતનરૂપ આનંદનું ભાન થાય છે, એ ઉત્તમ સિદ્ધાંત છે. એ અંતર્મુખ વૃત્તિ ઉપજવામાં ઇચ્છાદિકનો અભાવ એજ નિમિત્ત છે. (અર્થાત ઇચ્છાદિકનો નાશ થવાથી અંતર્મુખ વૃત્તિ થાય છે, તેમાં અંતઃકરણ ઉપહિત ચેતનરૂપ આનંદનું ભાન થાય છે. જેમ ઇચ્છાદિથી રહિત ઉદાસીન પુરૂષ જે એકાંતમાં બેસી રહે છે, તેમને બહિર્મુખ જ્ઞાનરૂપ કોઇ વૃત્તિ હોતી નથી, પણ તેમને આનંદનું ભાન થાય છે. માટે ઇચ્છાદિકના અભાવરૂપ નિમિત્તથી થયેલી અંતર્મુખ વૃત્તિ આનંદનું ગ્રહણ કરનારી હોય છે. આ ઉપરથી સમજાશે કે ઇચ્છેલા વિષયની પ્રાપ્તિ થયા પછી (તત્કાલ) ઇચ્છાદિકનો અભાવ થવાથી, વિષયનું જ્ઞાન થવા પછી અંતર્મુખ વૃત્તિ થાય છે. તે અંતર્મુખ વૃત્તિવડે અંતઃકરણ ઉપહિત ચેતનરૂપ આનંદનુંજ ગ્રહણ થાય છે.

એ સ્વરૂપાનંદનું ગ્રહણ અને વિષયનું જ્ઞાન અત્યંત અવ્યવહિત છે. એટલે વિષયનું જ્ઞાન થયા પછી તરતજ સ્વરૂપાનંદનું ભાન થાય છે, તેથી મનુષ્યને એવી ભ્રાંતિ થાય છે કે "વિષયમાં આનંદનો અનુભવ મેં કર્યો છે."

વિષયથી આનંદ થતો ભાસે છે, તે સંબંધે ઉપર બે પક્ષ બતાવ્યા છે. તેમાં પહેલા પક્ષ કરતાં બીજો પક્ષ ઉત્તમ છે. કેમકે, જે વિષયના જ્ઞાનરૂપ વૃત્તિ છે, તેનાથી અંતઃકરણ ઉપહિત આનંદનું ભાન તો થઇ શકતું નથી, માટે વિષય ઉપહિત આનંદનું ભાન થશે; ત્યારે માર્ગમાં વૃક્ષના જ્ઞાનરૂપ વૃત્તિ છે તે પણ સાત્વિક હોવાથી, તેનાથી પણ વૃક્ષ ઉપહિત ચેતનસ્વરૂપ આનંદનું ભાન થવું જોઇએ, એજ રીતે સઘળાં જ્ઞાનમાં જ્ઞેય ઉપહિત ચેતનરૂપ આનંદનું ભાન થવું જોઇએ. પણ તે થતું નથી. માટે અનાત્મ વસ્તુના જ્ઞાન-

રૂપ જે બહિર્મુખ વૃત્તિ, તેનાથી જ્ઞેય ઉપહિત ચેતનસ્વરૂપ આનંદનું ગ્રહણ થઈ શકે નહિ.

આ રીતે વિષયના સંબંધથી આત્મસ્વરૂપાનંદનું ભાન થાય છે. જો આત્મા આનંદરૂપ ન હોય તો વિષયના સંબંધથી આનંદનું ભાન થાય નહિ. માટે આત્મા આનંદરૂપ છે.

(આત્મા આનંદરૂપ છે, એમ બતાવતાં બે વાતો કહી)

(૧) વિષયમાં જે આનંદનું ભાન થાય છે, તે પણ સ્વરૂપાનંદજ છે, તથાપિ શ્વાનની ચામડીમાં ભરેલા દૂધની પેઠે નિષિદ્ધ હોવાથી તે આનંદ ગ્રહણ કરવા જેવો નથી, પણ અનેક વિક્ષેપનો હેતુ હોવાથી તજવા જેવો છે;

(૨) વિષયના અભાવપૂર્વક વિચાર આદિ સાધનોથી જે આનંદનું ભાન થાય છે, તે સુવર્ણ આદિકના પાત્રમાં ભરેલાં દૂધની પેઠે શાસ્ત્રવિહિત હોવાથી ગ્રહણ કરવા જેવું છે.

એક વાત એ કહીઃ અને બીજી વાત–વિષયમાં આનંદ શાથી ભાસે છે તે વિષે કહીઃ તેમા બે પક્ષ બતાવ્યાઃ—

(૧) વિષયાકાર વૃત્તિ થવાથી વિષય ઉપહિત ચેતનરૂપ આનંદનું ભાન થાય છે, એ પહેલો પક્ષ;

(૨) વિષયપ્રાપ્તિ થતાં ઇચ્છા નિવૃત થવાથી વૃત્તિ અંતર્મુખ થાય છે, તેથી અંતર્મુખ વૃત્તિમાં અંતઃકરણ ઉપહિત ચેતનરૂપ આનંદનું ભાન થાય છે એ બીજો પક્ષ.

પહેલા પક્ષ કરતાં બીજો પક્ષ શ્રેષ્ઠ છે.

૫૧ મુખ્ય પ્રેમ આત્મામાંજ છે.

મનુષ્યને આત્માના સંબંધવાળી વસ્તુમાં પ્રેમ થાય છે; તેમાં જે વસ્તુ આત્માની વિશેષ પાસેની હોય તેમાં વિશેષ પ્રેમ થાય છે. એ રીતે વ્યહારના બહારના પદાર્થોની અપેક્ષાથી અંદરના પદાર્થોમાં વધારે પ્રીતિ થાય છે. જેમ—

(૧) પરંપરાથી આત્માનો સંબંધી જે પુત્રનો મિત્ર, તેના ઉપર પ્રીતિ થાય છે.

(૨) પુત્રના મિત્રની અપેક્ષાથી પુત્રમાં અધિક પ્રીતિ થાય છે.

(૩) પુત્રના કરતાં પણ પોતાના સ્થૂલ શરીરમાં વધારે પ્રીતિ થાય છે.

(૪] સ્થૂલ શરીરના કરતાં પણ સૂક્ષ્મ શરીરમાં વધારે પ્રીતિ થાય છે.

એ ચારે આત્માના સંબંધી છે. તેમાં પૂર્વ પૂર્વના કરતાં ઉત્તર ઉત્તર (પછી પછીના) આત્માની વિશેષ સમીપમાં છે.

(૧) આત્માનો આભાસ સૂક્ષ્મ શરીરમાં છે, બીજામાં નથી. માટે આભાસદ્વારા આત્માનો સૂક્ષ્મ શરીર સાથે સંબંધ છે–બીજા સાથે નથી.

(૨) સૂક્ષ્મ શરીરનો સ્થૂલ શરીર જોડે સંબંધ છે, માટે સૂક્ષ્મ શરીર દ્વારા આત્માનો સ્થૂલ શરીર જોડે સંબંધ છે.

(૩) પુત્રની સાથે સ્થૂલ શરીરદ્વારા આત્માનો સંબંધ નથી.

(૪) પુત્રના મિત્ર સાથે પુત્રદ્વારા સંબંધ છે.

એ રીતે ઉત્તરોત્તર જે આત્માની વધારે સમીપ હોય તેમાં વધારે પ્રીતિ થાય છે.

આત્માનો સંબંધ હોવાથી પદાર્થમાં પ્રીતિ થાય છે. માટે **આત્મામાંજ** મુખ્ય પ્રીતિ છે–પદાર્થમાં પ્રીતિ નથી. જેમ પુત્રના મિત્રમાં પુત્રના સંબંધથી પ્રીતિ છે, માટે પુત્રમાંજ પ્રીતિ છે–પુત્રના મિત્રમાં નથી. તેજ રીતે આત્માની અધિક સમિપતાવાળા પદાર્થમાં અધિક પ્રીતિ થાય છે, માટે આત્મામાંજ સર્વની પ્રીતિ છે એમ સમજવું.

હવે એ પ્રીતિ આનંદમાં તથા દુઃખના અભાવમાં હોય છે–બીજામાં હોતી નથી. બીજા પદાર્થોમાં જે પ્રીતિ થાય છે, તે આનંદ અને દુઃખના અભાવના નિમિત્તથી થાય છે, માટે આનંદ અને દુખના અભાવ સિવાય બીજામાં પ્રીતિ હોતી નથી. તેથી સર્વની પ્રીતિનો વિષય જે આત્મા તે આનંદરૂપ છે.

દુઃખનો અભાવ આત્મારૂપ છે. કલ્પિતનો અભાવ અધિષ્ઠાનરૂપ હોય છે. જેમ સર્પનો અભાવ રજ્જુરૂપ છે. માટે કલ્પિત એવા દુઃખનો અભાવ પણ આત્મારૂપ છે.

આ રીતે આત્મા આનંદરૂપ છે.

૫૨ આનંદ એ આત્માનો ગુણ નથી.

ન્યાયમતમાં આનંદને આત્માનો ગુણ કહેલો છે તે બરાબર નથી કેમકે—

જો એ આનંદગુણને નિત્ય માનીએ તો તે આગમાપાયી નહિ હોવાથી તે આનંદ આત્માનું સ્વરૂપજ છે, એમ સિદ્ધ થશે. પણ નિત્ય આનંદ ન્યાયમતમાં નથી. માટે—

જો આત્માને અનિત્ય કહે, તો અનુકૂળ વિષય તથા ઇંદ્રિયોના સંબંધથી આનંદની ઉત્પત્તિ માનવી પડશે. અને તેથી સુષુપ્તિમાં જે આનંદનું ભાન છે તે નહિ થવું જોઇએ. કેમકે સુષુપ્તિમાં વિષયનો અને ઇંદ્રિયોનો સંબંધ છે નહિ. માટે આનંદ એ આત્માનો ગુણ નથી, પણ આત્મા આનંદરૂપજ છે.

એ રીતે આત્મા સત્ ચિત્ આનંદરૂપ છે.

૫૩ સત્ ચિત્ આનંદ પરસ્પર ભિન્ન નથી.

એ સત્ ચિત્ અને આનંદ પરસ્પર ભિન્ન નથી. પણ એકજ છે. જો તે આત્માના ગુણ હોત તો પરસ્પર ભિન્ન પણ હોત; પણ તે આત્માનું સ્વરૂપજ છે માટે આત્માથી ભિન્ન નથી.

(૧) એકજ આત્માનો નાશ થતો નથી માટે તે સત્ કહેવાય છે.

(૨) તે જડથી વિલક્ષણ–પ્રકાશ રૂપ છે માટે ચિત્ કહેવાય છે.

(૩) તે દુઃખથી વિલક્ષણ–મુખ્ય પ્રીતિનો વિષય છે માટે આનંદ કહેવાય છે.

જેમ ઉષ્ણ અને પ્રકાશરૂપ અગ્નિ છે, તેમ સત્ ચિત્ આનંદ રૂપ આત્મા છે. અને—

શાસ્ત્રમાં સચ્ચિદાનંદ સ્વરૂપનેજ બ્રહ્મ કહ્યું છે, માટે બ્રહ્મસ્વરૂપ આત્મા છે. બ્રહ્મ નામ વ્યાપકનું છે.

(૧) જે પદાર્થનો દેશવડે અંત ન આવે,–એટલે કોઈપણ સ્થળે જેનો છેડો ન હોય, તેને વ્યાપક કહે છે. માટે આત્મા જો બ્રહ્મથી ભિન્ન એટલે ભેદવાળો હોય તો તેનો દેશથી અંત આવવો જોઈએ!

(૨) જે વસ્તુનો દેશથી અંત માલમ પડે છે તેનો કાળથી પણ અંત હોવો જોઇએ એવો નિયમ છે. માટે આત્મા જો દેશકાળથી અંતવાળો હોય તો તે અનિત્ય થશે. કેમકે જેનો કાળથી અંત આવે છે તેને અનિત્ય કહે છે. માટે બ્રહ્મથી ભિન્ન આત્મા નથી.

આત્માથી ભિન્ન જો બ્રહ્મ હોય તો તે અનાત્મા થશે. અને અનાત્મ એવા જે ઘટ વગેરે છે તે જડ છે, માટે આત્માથી ભિન્ન બ્રહ્મને પણ જડ કહેવો પડશે! માટે આત્માથી ભિન્ન બ્રહ્મ નથી, પણ બ્રહ્મ સ્વરૂપજ આત્મા છે.

૫૪ બ્રહ્મ અને આત્મા એવાં ભિન્ન નામનો હેતુ.

(૧) એકજ ચેતન સઘળો પ્રપંચ અને માયાનું અધિષ્ઠાન છે, માટે તે બ્રહ્મ કહેવાય છે.

૨ તેજ ચેતન અવિદ્યા અને વ્યષ્ટિ દેહ વગેરેનું અધિષ્ઠાન છે, માટે તે આત્મા કહેવાય છે.

(૧) **તત્** પદનું લક્ષ્ય **બ્રહ્મ** કહેવાય છે.

(૨) **ત્વં** પદનું લક્ષ્ય **આત્મા** કહેવાય છે.

(૧) ઇશ્વર સાક્ષી**તત્**પદનું લક્ષ્ય છે.

(૨) જીવ સાક્ષી **ત્વં**પદનું લક્ષ્ય છે.

(૧) વ્યષ્ટિ સંઘાત (સમુદાય) ઉપહિત ચેતન જીવસાક્ષી છે.

(૨) સમષ્ટિ સંઘાત ઉપહિત ચેતન ઇશ્વર સાક્ષી છે.

જો કે જીવની અને ઇશ્વરની એકતા બને નહિ. તથાપિ જીવસાક્ષી અને ઇશ્વર સાક્ષીની, ઉપાધિ જૂદી જૂદી હોવાથી ભેદ છે.-સ્વરૂપથી ભેદ નથી. જેમ મઠ (ઘર) માં રહેલું જે ઘટાકાશ અને મહાકાશ, તેનો ઉપાધિના ભેદ વિના સ્વરૂપથી કાંઇ ભેદ નથી. તેમ આત્મા અને બ્રહ્મનો ઉપાધિના ભેદ વિના ભેદ નથી; એકજ વસ્તુ છે.

૫૫ બ્રહ્મરૂપ આત્મા અજન્મા છે.

તે બ્રહ્મરૂપ આત્મા અજન્મા એટલે જન્મ રહિત છે.

જો આત્માનો જન્મ અંગીકાર કરીએ તો તે અનિત્ય થશે. પણ તે વાત પરલોકને માનનારા આસ્તિકોને ઇષ્ટ નથી. કેમકે જો આત્મા ઉત્પતિ વિનાશવાળો હોય, તો આત્માના પ્રથમ જન્મમાં પૂર્વનાં કારણ વિનાજ સુખદુઃખનો ભોગ પ્રાપ્ત થશે; અને કરેલાં કર્મનો ભોગ ભોગવ્યા વિના નાશ થશે ! માટે જો આત્માને કર્તા ભોક્તા માને તો પણ તેને જન્મ નાશ વિનાનોજ માનવાની જરૂર છે.

જેઓ આત્માનો જન્મ માનતા હોય તેમને પણ આત્માનો જન્મ થવાનો કોઇ પણ હેતુ તો બતાવવોજ પડશે. કેમકે હેતુ વિના તો કોઇ વસ્તુનો જન્મ થતો નથી. પણ આત્માના જન્મનો હેતુ કહેવો સંભવતોજ નથી. કેમકે આત્માનો જે હેતુ હશે તે આત્માથી ભિન્ન છે એમ કહેવું પડશે. પણ આત્માથી ભિન્ન સર્વ કાંઈ આત્મામાં કલ્પેલું છે—સત્ય નથી. માટે આત્માનો હેતુ સંભવતો નથી. જેમ દોરડીમાં કલ્પેલો સાપ દોરડીનો હેતુ હોઇ શકતો નથી, તેમ આત્મામાં કલ્પેલી વસ્તુ આત્માનો હેતુ હોઇ શકે નહિ.

૫૬ ભ્રાંતિના બે અંશ.

જેમ એકજ દોરડીમાં જૂદાં જૂદાં માણસોને લાકડી, સાપ જમીન ઉપર ફાટ, પાણીનો રેલો, એવી જૂદી જૂદી ભ્રાંતિ થાય છે. તે ભ્રાંતિમાં બે અંશ છે.

(૧) એક તો સામાન્ય इदं (આ) અંશ છે.

(૨) બીજો સાપ વગેરે વિશેષ અંશ છે.

તે સામાન્ય " આ " અંશ સર્પ વગેરે સઘળા વિશેષ અંશોમાં વ્યાપક છે.

(૧) આ સાપ છે.

(૨) આ લાકડી છે,

(૩) આ જમીનની ફાટ છે.

(૪) આ પાણીનો રેલો છે.

એ રીતે સાપ વગેરે વિશેષ અંશોમાં " આ " અંશ બધે વ્યાપક છે. છે. તે વ્યાપક સામાન્ય " આ " અંશ દોરડી સ્વરૂપ છે. તે સામાન્ય "આ" અંશના જ્ઞાનનેજ ભ્રાંતિનો હેતુ દોરડીનું સામાન્ય જ્ઞાન કહે છે.

તે સામાન્ય " આ " અંશ સત્ય છે, કેમકે દોરડીનું જ્ઞાન થયા પછી પણ તે " આ " અંશની પ્રતીતિ થાય છેઃ—

(૧) જેમ ભ્રાંતિ કાળમાં " આ સાપ છે " એ રીતે સાપ વગેરેની સાથે મળીને " આ " અંશની પ્રતીતિ થાય છે, તેજ રીતે—

(૨) ભ્રાંતિ નિવૃત્ત થયા પછી પણ " આ દોરડી છે. " એ રીતે દોરડીની સાથે મળીને પણ "આ" અંશની પ્રતીતિ થાય છે.

જો "આ" અંશ પણ મિથ્યા હોય, તો સાપ વગેરેની પેઠે ભ્રાંતિ નિવૃત્ત થયા પછી તેની (તે " આ " અંશની) પણ પ્રતીતિ ન થવી જોઇએ, માટે સર્પ વગેરે ભ્રાંતિમાં વ્યાપક જે " આ " અંશ, તે સત્ય છે, અને તે અધિષ્ઠાન રજ્જુ રૂપ છે; તથા પરસ્પર વ્યભિચારી જે સર્પાદિક, તે કલ્પિત છે.

૫૭ પદાર્થમાત્રના પાંચ અંશ અને છ વિકાર.

એજ પ્રમાણે પદાર્થ માત્રમાં પાંચ અંશ છેઃ (૧) નામ, (૨) રૂપ, (૩) અસ્તિ, (૪) ભાતિ, (૫) પ્રિય.

(૧) 'ઘડો' એવા બે અક્ષર એ નામ.

(૨) ગોળ રૂપ.

(૩) ઘડો " છે " એ અસ્તિ.

(૪) ઘડો " પ્રતીત થાય છે " એ ભાતિ.

(૫) ઘડો " પ્રિય છે " એ આનંદ. (સર્પાદિક પણ સાપણ વગેરેને પ્રિય હોય છે.)

આ રીતે સર્વ પદાર્થોમાં પાંચ અંશ છે.

તેમાંથી અસ્તિ, ભાતિ, પ્રિય, એ ત્રણ અંશ સર્વ પદાર્થોમાં વ્યાપક છે. અને નામ, રૂપ, વ્યભિચારી છે.

જે વસ્તુ કોઇ જગોએ હોય અને કોઇ જગોએ ન હોય, તે વસ્તુને વ્યભિચારી કહે છે.

ઘડો એવું નામ, અને ગોળ એવું રૂપ પટ (વસ્ત્ર) માં નથી; અને

પટ નામ અને તેનું રૂપ ઘટમાં નથી. એ રીતે સઘળા **પદાર્થોમાં નામ અને રૂપ વ્યભિચારી** છે.

અસ્તિ, ભાતિ, પ્રિય, સર્વ પદાર્થોમાં અનુગત છે. જેમ સાપ, લાકડી, પાણીનો રેલો, ઇત્યાદિ સર્વમાં "આ" અંશ અનુગત છે, અને તે સત્ય તથા અધિષ્ઠાન છે, તેમ સઘળા પદાર્થોમાં અનુગત જે અસ્તિ, ભાતિ, અને પ્રિય, એ સત્ય છે.

તથા સર્પ, લાકડી, વગેરેની પેઠે વ્યભિચારી એવાં નામ અને રૂપ કલ્પિત છે. અને—

અસ્તિ, ભાતિ, પ્રિય સત્, ચિત્, આનંદ રૂપ છે, માટે આત્મ સ્વરૂપ છે.

આ રીતે સચ્ચિદાનંદ રૂપ આત્મામાં તમામ નામ અને રૂપ કલ્પિત પદાર્થ કોઇ આત્માના જન્મનો હેતુ બને નહિ, માટે આત્મા અજન્મા છે.

છ વિકાર

જે વસ્તુનો જન્મ (ઉત્પત્તિ) હોય, તે વસ્તુનેજ સત્તા, વૃદ્ધિ પરિણામ, અપક્ષય, વિનાશ રૂપ પાંચ વિકાર (ઉત્પત્તિ સહિત ૭ વિકાર) હોય છે. આત્માનો જન્મ થતો નથી, માટે જન્મ પછી થનારા પાંચ વિકાર પણ તેને હોતા નથી.

આ રીતે આત્મા અજન્મા છે, એટલે જન્મ વગેરે ૭ વિકારથી રહિત છે.

સત્તા નામ પ્રગટપણાનું છે; **અપક્ષય** નામ ઘટવાપણાનું છે.

૫૮ આત્મા અસંગ છે.

એ આત્મા **અસંગ** છે. **સંગ** નામ સંબંધનું છે. તે સંબંધ સજાતીય, વિજાતીય અને સ્વગત પદાર્થ સાથે હોય છે. જેમ—

(૧) ઘડાનો ઘડાની સાથે સંબંધ છે તે **સજાતીય** પદાર્થની સાથે સંબંધ કહેવાય. (**સજાતીય સંબંધ**).

(૨) ઘડાનો પટ સાથે જે સંબંધ તે **વિજાતીયની** સાથે સંબંધ છે. (વિજાતીય સંબંધ.)

(૩) **સ્વગત** એટલે અવયવ. માટે પટનો તંતુઓ સાથે જે સંબંધ છે તે **સ્વગત સંબંધ** કહેવાય.

(૧) આત્મા બે અથવા અનંત હોય તો સજાતીયની સાથે તેનો સંબંધ થાય. પણ આત્મા એકજ છે, માટે સજાતીય આત્માની સાથે તેનો (આત્માનો) સંબંધ હોય નહિ.

(૨) આત્માથી વિજાતિય અનાત્મા પદાર્થો છે. તે બધા મૃગતૃષ્ણાના જળની પેઠે આત્મામાં કલ્પિત છે. તે કલ્પિત અનાત્માઓ સાથે આત્માનો સંબંધ સંભવતો નથી. જેમ મૃગતૃષ્ણાના પાણી સાથે પૃથ્વીનો સંબંધ હોય નહિ—જો સંબંધ હોય તો ખાર ભૂમિ તેના પાણીથી ભીની થવી જોઇએ, માટે મૃગતૃષ્ણાના પાણી સાથે ખાર ભૂમિનો સંબંધ નથી—તેમ આત્મામાં કલ્પિત જે વિજાતીય અનાત્મા તેની સાથે આત્માનો સંબંધ નથી.

(૩) જો આત્માને અવયવ હોય તો આત્માનો સ્વગત સાથે સંબંધ થાય; પણ આત્મા નિત્ય છે તેથી નિરવયવ છે. તેનો સ્વગતની સાથે સંબંધ બને નહિ.

આ રીતે આત્મામાં સજાતીય, વિજાતીય, કે સ્વગત સંબંધ છે નહિ, માટે આત્મા અસંગ છે.

આ રીતે હે શિષ્ય! સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ જન્માદિ વિકાર રહિત અસંગ આત્મા છે, "તે તું છે" આ પ્રથમ પ્રશ્નનો ઉત્તર ગુરૂએ અર્ધા દોહાથી કહ્યો.

સંસારનો કર્ત્તા કોણ છે? એ બીજા પ્રશ્નનો ઉત્તર.

૫૯ જગતનો કર્ત્તા ઇશ્વર છે.

दोहा—विभु चेतन माया करै, जगको उत्पति भंग। ९

અર્થ—વ્યાપક ચેતન અને તેને આશ્રયે રહી તેને વિષય કરનારી જે માયા, તે જગતની ઉત્પત્તિ અને ભંગ કરે છે! ૯

ટીકા—વ્યાપક એવું ચેતન, તથા તેને વિષય કરનારી એટલે તે ચેતનને ઢાંકનારી તથા ચેતનને આશ્રે રહેલી એવી માયાશક્તિ એટલે સત્ અને અસતથી વિલક્ષણ અદ્ભુત શક્તિરૂપ અજ્ઞાન, તેનાથી જગતની ઉત્પત્તિ અને નાશ થાય છે. ઉત્પત્તિ નાશ કહેવા વડે જગત્તની સ્થિતિ પણ એ માયા વડેજ થાય છે એમ સમજી લેવું.

એમ કહેવાથી આવો અર્થ સિદ્ધ થાય છે.

(૧) માયા સહિત જે ચેતન તેને ઇશ્વર કહે છે.

(૨) તે ઇશ્વર જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયનો હેતુ છે.

આ કહેવાથી—

(૧) જગતનો કોઇ કર્ત્તા છે કે તે પોતાની મેળેજ ઉત્પન્ન થાય છે? એ પ્રશ્નનો ઉત્તર અપાઇ ગયો.

(૨) તેમ, જગત્‌નો કર્ત્તા કોઈ જીવ છે કે ઇશ્વર? એનો પણ ઉત્તર અપાઇ ગયો.

૬૦ ઇશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ અને સ્વતંત્ર છે.

જગતનો કર્ત્તા ઇશ્વર છે; તે પોતાની મેળે થતું નથી.

જો કર્ત્તા વિના જગત્ થતું હોય તો કુંભાર વિના ઘડો પણ થવો જોઇએ માટે જગતનો કોઇ કર્ત્તા છે.

(૧) **તે કર્ત્તા સર્વજ્ઞ છે**—કેમકે જે કાર્યનો કર્ત્તા હોય છે, તે કાર્યને અને તેના ઉપાદાનને (કારણરૂપ સામગ્રીને) જાણીને પછી કાર્ય કરે છે. માટે જગતનો કર્ત્તા પણ જગતને અને જગતના ઉપાદાનને જાણીને જગતને કરે છે. એ રીતે જગતનો કર્ત્તા જગતને અને તેના ઉપાદાનને જાણે છે, માટે તે **સર્વજ્ઞ** છે.

(૨) **તે શક્તિમાન છે**—કેમકે જે અલ્પશક્તિવાળા જીવ છે, તેમનાથી તો આ જગતની રચના મનથી પણ વિચારી શકાય એવી નથી. માટે એવા અદ્ભૂત જગતનો કર્ત્તા અદ્ભુત શક્તિવાળો હોવો જોઇએ—અને તેવોજ છે. આ રીતે જગતનો કર્ત્તા **સર્વશક્તિમાન** છે.

(૩) **તે સ્વતંત્ર** છે—કેમકે જે ઓછી શક્તિવાળો હોય, તે પરાધીન હોય છે; પણ સર્વશક્તિવાળો પરાધીન હોય નહિ, માટે **તે સ્વતંત્ર** છે.

આ રીતે જગતનો કર્ત્તા સર્વજ્ઞ, સર્વશક્તિમાન, અને સ્વતંત્ર છે, તેને ઇશ્વર કહે છે.

૬૧. જીવ અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન, અને પરાધીન છે.

અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન, અને પરાધીનને જીવ કહે છે. જો કે જીવમાં અલ્પજ્ઞતા વગેરે પરમાર્થથી તો નથી, તથાપિ અવિદ્યાએ કરેલાં મિથ્યા અલ્પજ્ઞપણું વગેરે જીવમાં પ્રતીત થાય છે, માટે તે જીવમાં છે, એમ કહેવામાં આવે છે.

અવિદ્યાએ કરેલા અલ્પજ્ઞત્વાદિકની જે ભ્રાંતિ તેજ જીવપણું છે.

એવી અલ્પજ્ઞત્વાદિકની ભ્રાંતિ ઇશ્વરમાં નથી; પણ માયાએ કરેલું સર્વજ્ઞપણુંવગેરે ઇશ્વરમાં છે; આ વાત વિસ્તારથી આગળ કહેવામાં આવશે.

આ રીતે જગતનો કર્ત્તા જીવ નથી પણ ઇશ્વર છે.

૬૨ ઇશ્વર વ્યાપક અને નિત્ય છે.

એ ઇશ્વર એક સ્થળમાં રહેતો નથી, પણ સર્વત્ર વ્યાપક છે. જો ઇશ્વરને એક સ્થળમાં રહેલો માનીએ તો, જે વસ્તુનો દેશથી છેડો આવે છે તેનો કાળથી પણ (છેડો) અંત આવે છે. એવો નિયમ હોવાથી ઇશ્વર અનિત્ય ઠરશે!

જે અનિત્ય હોય છે તે કર્ત્તાથી જન્ય હોય છે. માટે ઇશ્વરનો પણ કર્ત્તા અંગીકાર કરવો પડશે!

પણ ઇશ્વરનો કર્ત્તા સંભવતો નથી. કેમકે—

(૧) પોતે તો પોતાનો કર્ત્તા હોય નહિ. જો પોતાનો કર્ત્તા પોતેજ છે, એમ માનીએ તો **આત્માશ્રય દોષ** આવશે.

જ્યાં પોતેજ ક્રિયાનો કર્ત્તા (આશ્રય), અને પોતેજ ક્રિયાનું કર્મ-ક્રિયાના વિષયરૂપ કાર્ય-હોય ત્યાં **આત્માશ્રય દોષ** થાય છે. જેમ કુંભાર ક્રિયાનો કર્ત્તા છે, અને ઘડો કર્મ છે. એજ રીતે ક્રિયાનો કર્ત્તા અને તેનું કર્મ ભિન્ન હોય છે-એક હોય નહિ. માટે જ્યાં કર્ત્તા અને કર્મ એક કહે ત્યાં **આત્માશ્રય દોષ** જાણવો.

કર્મ નામ કાર્યનું છે.

કાર્યના વિરોધીનું નામ દોષ છે.

આત્માશ્રય કાર્યનો વિરોધી છે માટે દોષ છે. માટે—

(૨) ઇશ્વરનો કર્ત્તા કોઇ બીજો છે એમ માનવું પડશે. તે બીજો પણ પહેલાની પેઠે કર્તાથી જન્ય છે એમ કહેવું પડશે, અને તેનો કર્ત્તા પણ પહેલાની પેઠે તેનાથી ભિન્ન છે એમ કહેવું પડશે. હવે જો પહેલાં ઇશ્વર કહ્યો છે' તેને બીજા કર્ત્તાનો કર્ત્તા છે એમ માનીએ તો **અન્યોન્યાશ્રય દોષ** આવશે. માટે—

(૩) કોઈ ત્રીજો કર્ત્તા માનવો પડશે ! આ ત્રીજા કર્ત્તાનો કર્ત્તા જો બીજાને માને તો અન્યોન્યાશ્રય દોષ આવે, અને પહેલાને માને તો **ચક્રિકા દોષ** આવશે.

જેમ ચક્રનું ભ્રમણ થાય છે તેમ—

क પ્રથમ કર્ત્તા દ્વિતીય જન્ય,

ख દ્વિતીય કર્ત્તા તૃતીય જન્ય,

ग તૃતીય કર્ત્તા પ્રથમ જન્ય,

घ અને વળી તે પ્રથમ કર્ત્તા દ્વિતીય જન્ય, ૪૦

એ રીતે કાર્ય કારણભાવનું ભ્રમણ થયા કરશે. ચક્રિકા સ્થાનમાં કોઇ પણ એક સિદ્ધ થાય નહિ-સર્વની પરસ્પર અપેક્ષા રહે છે.

અન્યોન્યાશ્રયમાં બેની પરસ્પર અપેક્ષા હોય છે. એકની સિદ્ધિ થયા વિના બીજાની સિદ્ધિ થાય નહિ. માટે—

જેમ કુંભારનો કર્ત્તા કુંભાર પોતે નથી પણ તેનો બાપ છે, તેમ પ્રથમ ઇશ્વર કર્ત્તાનો બીજો કર્ત્તા છે.

કુંભારનો બાપ પોતાના પુત્રથી ઉત્પન્ન થાય નહિ; પણ બીજા પિતાથી ઉત્પન્ન થાય છે; તેમ બીજો કર્ત્તા પ્રથમ કર્ત્તા ઇશ્વરથી ઉત્પન્ન થાય નહિ, પણ તે બીજા કોઇ કર્ત્તાથી ઉત્પન્ન થયો છે એમ કહેવું પડશે.

કુંભારનો પિતામહ, કુંભાર અને તેના પિતાથી ઉત્પન્ન થાય નહિ, પણ ચોથો જે કુંભારનો પ્રપિતામહ, તેનાથી ઉત્પન્ન થાય છે.

(૪) તેમ ત્રીજો કર્ત્તા પણ પ્રથમ અને દ્વિતીય કર્ત્તાથી ઉત્પન્ન થાય નહિ, માટે એક ચોથો કર્ત્તા માનવો પડશે. તે ચોથાનો કર્ત્તા વળી એક પાંચમો માનવો પડશે. એથી **અનવસ્થા** દોષ આવશે.

ધારા (પ્રવાહ) નું નામ **અનવસ્થા** છે.

જો કર્ત્તાની ધારા અંગીકાર કરીએ તો કયો કર્ત્તા જગત્ કરે છે એનો નિર્ણય થઈ શકશે નહિ.

(૫) કોઈ પણ એકને જગતનો કર્ત્તા માનવામાં કોઈ યુક્તિ (અનુમાન જેવું પ્રમાણ) નથી. એવી યુક્તિના અભાવને **વિનિગમન વિરહ** (નિશ્ચાયક યુક્તિનો અભાવ) કહે છે.

(૬) હવે એ ધારાની કોઈ જગોએ વિશ્રાંતિ માનીએ, એટલે કર્ત્તાની ધારામાં એક જગોએ અટકીને તેને જગતનો કર્ત્તા માનીએ તો, જે કર્ત્તા અગ્રેજી ધારામાં અંત આવ્યો એમ માન્યું હોય, તેનેજ જગતનો કર્ત્તા માનવો યોગ્ય છે–પહેલાંના બધા કર્ત્તા નકામા થશે. એનું નામ **પ્રાગ્લોપ** કહેવાય છે.

પ્રાક્ (પાછળના) નો લોપ (અભાવ) તે **પ્રાગ્લોપ**.

આ રીતે ઇશ્વરનો દેશથી અંત અંગીકાર કરીએ તો ઈશ્વરની ઉત્પત્તિ માનવી પડે છે! અને ઉત્પત્તિ માનીએ તો આત્માશ્રય વગેરે છ દોષ આવે છે. માટે ઇશ્વરનો દેશથી અંત નથી, પણ તે વ્યાપક છે, માટે નિત્ય છે.

૬૩ ઇશ્વર અને જીવનો સ્વરૂપથી ભેદ નથી.

એ વ્યાપક ઇશ્વરનો અને જીવનો સ્વરૂપથી ભેદ નથી, પણ ઉપાધિથી ભેદ છે. કેમકે—

(૧) અવચ્છેદ વાદમાં—

ક માયા વિશિષ્ટ ચેતનને **ઇશ્વર** કહે છે. અને—

ખ અવિદ્યા વિશિષ્ટ ચેતનને **જીવ** કહે છે.

(૨) આભાસ વાદમાં—

ક માયા અને આભાસ વિશિષ્ટ ચેતનને ઇશ્વર કહે છે.

ખ આભાસ સહિત અવિદ્યા વિશિષ્ટ ચેતનને જીવ કહે છે.

(૧) આભાસ વાદમાં આભાસ સહિત અવિદ્યા અને માયાનો ભેદ છે; ચેતનનો ભેદ નથી.

(૨) તેમ અવચ્છેદ વાદમાં પણ અવિદ્યા અને માયાનો ભેદ છે; સ્વરૂપથી ચેતનનો ભેદ નથી.

(૩) અને બિંબ પ્રતિબિંબ વાદમાં—

क અજ્ઞાનમાં ચેતનનું પ્રતિબિંબ જીવ છે.

ख અજ્ઞાનમાં ચેતનનું બિંબ ઇશ્વર છે.

આ પક્ષમાં પણ ચેતનનો સ્વરૂપથી ભેદ નથી. પણ એકજ ચેતનમાં જીવપણું અને ઇશ્વરપણું આરોપિત છે. એ વાત આગળ કહેવામાં આવશે.

આ રીતે જગતનો કર્ત્તા સર્વજ્ઞ સર્વ શક્તિમાન સ્વતંત્ર ઈશ્વર છે.

તે ઇશ્વર વ્યાપક છે. તેનો અને જીવનો વિશેષણ માત્રથી ભેદ છે અને સ્વરૂપથી અભેદ છે.

આ રીતે બીજો પ્રશ્નનો ઉત્તર કહ્યો,

મુક્તિનો હેતુ કોણ? એ બીજા પ્રશ્નનો ઉત્તર.

૬૪ મુક્તિનો હેતુ જ્ઞાન છે.

हेतु मोक्षको ज्ञान इक, नहीं कर्म नहि ध्यान;
रज्जु सर्प तबही नसै, होय रज्जुको ज्ञान. १०

અર્થ—મોક્ષનો હેતુ એક જ્ઞાનજ છે, કર્મ કે ઉપાસના નથી; કેમકે દોરડીમાં કલ્પેલો સાપ જ્યારે દોરડીનું જ્ઞાન થાય છે ત્યારેજ નાશ પામે છે. ૧૦

ટીકા—ગુરૂ કહે છે કે હે શિષ્ય! તેં ત્રીજો પ્રશ્ન એવો કર્યો છે કે મુક્તિનો હેતુ એટલે મોક્ષનું સાધન જ્ઞાન છે, અથવા કર્મ છે, અથવા ઉપાસના છે અથવા બંને છે? એનો ઉત્તર સાંભળ:—

મુક્તિનો હેતુ કર્મ અથવા ઉપાસના એટલે ધ્યાન નથી, પણ જ્ઞાનજ હેતુ છે. કેમકે આત્મામાં બંધ સત્ય હોય તો તેની નિવૃત્તિ રૂપ મોક્ષ જ્ઞાનથી થાય નહિ, પણ કર્મ અથવા ઉપાસનાથી થાય, પણ બંધ આત્મામાં સત્ય નથી, પણ રજ્જુ સર્પની પેઠે મિથ્યા છે. તે મિથ્યાની નિવૃત્તિ અધિષ્ઠાનના જ્ઞાનથીજ થાય છે, કર્મ અથવા ઉપાસનાથી થતી નથી. જેમ દોરડીનો સાપ કોઈ ક્રિયાથી દૂર થાય નહિ, કેવળ દોરડીના જ્ઞાનથીજ દૂર થાય છે. તેમ આત્માના અજ્ઞાનથી પ્રતીત થતો જે બંધ, તે બંધની પ્રતીતિ અને અજ્ઞાન આત્માના જ્ઞાનથીજ દૂર થાય છે.

૬૫ કર્મ ઉપાસના મુક્તિના હેતુ નથી.

(૧) જો કર્મનું ફળ મોક્ષ હોય તો મોક્ષ અનિત્ય થશે, કેમકે આવો નિયમ છે:-જે કર્મનું ફળ હોય તે અનિત્ય હોય. જેમ ખેતી વગેરે કર્મનું ફળ અન્ન વગેરે છે તે અનિત્ય છે; અને યજ્ઞાદિકનું ફળ સ્વર્ગ વગેરે છે

તે પણ અનિત્ય છે. જો મોક્ષને પણ કર્મનું ફળ માનીએ તો તે પણ અનિત્ય થશે. માટે કર્મનું ફળ મોક્ષ નથી.

(૨) એજ રીતે ઉપાસનાનું ફળ મોક્ષ છે એમ માનીએ તો પણ મોક્ષ અનિત્ય થશે. કેમકે ઉપાસના પણ માનસ (મન વડે થતું) કર્મજ છે. અને કર્મનું ફળ અનિત્ય હોય છે, માટે ઉપાસના રૂપ કર્મનું ફળ મોક્ષ નથી.

૬૬ કર્મનો પાંચ પ્રકારનો ઉપયોગ

કર્મના કર્તાનો પાંચ પ્રકારે ઉપયોગ થાય છે:—

(૧) પદાર્થની ઉત્પત્તિ (૨) પદાર્થનો નાશ (૩) પદાર્થની પ્રાપ્તિ (૪) પદાર્થનો વિકાર (૫) પદાર્થનો સંસ્કાર.

બીજું રૂપ પ્રાપ્ત થવું તેને વિકાર કહે.

સંસ્કાર બે પ્રકારનો છે:-(૧) મળની નિવૃત્તિ; (૨) ગુણની ઉત્પતિ.

એ પાંચ પ્રકારનો કર્મનો ઉપયોગ છે. એમાંથી કોઇ પ્રકારે મુમુક્ષુને કર્મનો ઉપયોગ સંભવતો નથી. માટે મુમુક્ષુએ જ્ઞાનનાં સાધન શ્રવણાદિકમાંજ પ્રવૃત્ત થવું કર્મમાં નહિ.

જેમ કુંભારના કર્મથી કુંભારને ઘટની ઉત્પત્તિ રૂપ ઉપયોગ થાય છે, તેમ મુમુક્ષુને કર્મથી મોક્ષની ઉત્પત્તિ રૂપ ઉપયોગ સંભવે નહિ. કેમકે અનર્થની ઉત્પત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ મોક્ષ છે:—

અનર્થની નિવૃત્તિ આત્મામાં નિત્ય સિદ્ધ છે. એટલે આત્મામાં અનર્થની નિવૃત્તિ હમેશાજ બનેલી રહે છે. જેમ દોરડીમાં વ્યાવહારિક સત્તાવાળા સાપના અભાવરૂપ સાપની નિવૃત્તિ નિત્યસિદ્ધ છે, તેમ પરમાર્થ સત્તાવાળા આત્મામાં-કાર્યસહિત અજ્ઞાનરૂપ-અનર્થની અત્યંતાભાવરૂપ નિવૃત્તિ નિત્યસિદ્ધ છે.

આ રીતે સ્વભાવસિદ્ધ મોક્ષની કર્મથી ઉત્પત્તિ સંભવે નહિ.

જે વસ્તુ પ્રથમ સિદ્ધ ન હોય તેની કર્મથી ઉત્પત્તિ થાય છે; પણ સિદ્ધ વસ્તુની ઉત્પત્તિ હોયજ નહિ. (મોક્ષ સર્વદા સિદ્ધ છે માટે તેની ઉત્પત્તિ ઘટે નહિ.)

(૧) મોક્ષની ઉત્પત્તિ માટે કર્મનો ઉપયોગ નથી—વેદાંતશ્રવણ પણ મોક્ષની ઉત્પત્તિ માટે કહ્યું નથી, પણ "આત્મા નિત્યમુક્ત છે; કાંઇપણ કર્તવ્ય નથી." એ વાર્તા જાણવાને માટે શ્રવણની જરૂર કહેલી છે. એમ જાણવાથી કર્તવ્યની ભ્રાંતી દૂર થાય છે.

વેદાંતશ્રવણ કર્યા પછી પણ જેને કર્તવ્યની પ્રતીતિ થાય છે, તેણે તત્ત્વ જાણ્યું નથી. આ કારણથી નિત્યનિવૃત્ત જે અનર્થ, તેની નિવૃત્તિ અને

નિત્યપ્રાપ્ત આનંદની પ્રાપ્તિ વેદાંતશ્રવણનું ફળ છે, એમ નૈષ્કર્મ્યસિદ્ધિમાં સુરેશ્વરાચાર્યે કહ્યું છે.

માટે મોક્ષની ઉત્પત્તિરૂપ કર્મનો ઉપયોગ મુમુક્ષુને સંભવતો નથી.

(૨) મુમુક્ષુને પદાર્થના નાશ માટે કર્મનો ઉપયોગ નથી.—જેમ લાકડી મારવારૂપ કર્મનો ઘડાનો નાશ કરવામાં ઉપયોગ છે, તેમ મુમુક્ષુને કર્મ કરીને કોઈ પદાર્થનો નાશ કરવા રૂપ ઉપયોગ છે નહિ. કેમકે બીજા કોઈ પદાર્થનો નાશ કરવાની ઇચ્છા મુમુક્ષુને હોતી નથી; માત્ર બંધનો નાશ કરવામાં કર્મનો ઉપયોગ કહી શકાશે. પણ આત્મામાં બંધ છેજ નહિ—મિથ્યા પ્રતીત થાય છે. તે મિથ્યા પ્રતીતિનો નાશ કર્મથી થઇ શકે નહિ; પણ આત્માના યથાર્થ જ્ઞાનથીજ મિથ્યા પ્રતીતિનો નાશ થાય છે. માટે મુમુક્ષુને પદાર્થનો નાશરૂપ ઉપયોગ પણ કર્મથી સંભવતો નથી.

(૩) પ્રાપ્તિ સંભવતી નથી—જેમ ગમનરૂપ કર્મથી ગામની પ્રાપ્તિ થાય છે, તેમ મોક્ષની પ્રાપ્તિરૂપ ઉપયોગ પણ કર્મથી બને નહિ. કેમકે

આત્મા—નિત્ય મુક્ત છે, તે આત્માને મોક્ષની પ્રાપ્તિ કહેવી સંભવતી નથી. જેને બંધ હોય તેને મોક્ષની પ્રાપ્તિ કહેવી સંભવે, પણ આત્મામાં બંધ છે નહિ, માટે મોક્ષની પ્રાપ્તિરૂપ કર્મનો ઉપયોગ મુમુક્ષુને સંભવતો નથી.

(૪) વિકાર સંભવતો નથી—જેમ પાક કરવારૂપ કર્મથી અન્નનો વિકારરૂપ ઉપયોગ રાંધનારને થાય છે, તેમ મુમુક્ષુને કર્મ કરવાવડે વિકારરૂપ ઉપયોગ સંભવતો નથી. (પદાર્થને પૂર્વરૂપ છોડીને બીજા રૂપની પ્રાપ્તિને **વિકાર** કહે છે. તેનેજ **વિક્રિયા** અને **પરિણામ** પણ કહે છે.) કેમકે આત્મામાં બીજો કોઇ વિકાર સંભવતો નથી. જો આત્મામાં પ્રથમ બંધ માને, અને મોક્ષદશામાં ચતુર્ભુજ આદિક વિલક્ષણ રૂપની પ્રાપ્તિ અંગીકાર કરે, તો અન્યરૂપની પ્રાપ્તિરૂપ વિકાર કર્મનો ઉપયોગ મુમુક્ષુને સંભવે. પણ અન્યરૂપની આત્માને પ્રાપ્તિ થાય એમ માનેલું નથી. માટે કર્મથી વિકારરૂપ ઉપયોગ પણ મુમુક્ષુને થતો નથી.

(૫) સંસ્કાર સંભવતો નથી—જેમ વસ્ત્રને ધોવારૂપ કર્મનો મેલને દૂર કરવારૂપ સંસ્કારનો પણ મુમુક્ષુને ઉપયોગ નથી. કેમકે—

(क) મુમુક્ષુને બીજો કોઈ મેલ તો દૂર કરવાની ઇચ્છા હોતી નથી; તેથી આત્માનો મેલ દૂર કરવાનો હોય એમ કહેવું પડશે. પણ આત્મા તો સદૈવ શુદ્ધ છે—તેનામાં મેલ હોતો નથી. માટે મલની નિવૃત્તિરૂપ સંસ્કારનો ઉપયોગ મુમુક્ષુને સંભવતો નથી.

(ખ) અંતઃકરણમાં પાપરૂપ જે મલ છે તેની નિવૃત્તિ, એ કર્મનો ઉપયોગ છે, એમ કહે તો તે વાત સત્ય છે. પરંતુ શુદ્ધ અંતઃકરણવાળો જે મુમુક્ષુ છે, તેનોજ અહિં વિચાર ચાલતો હોવાથી, તેના અંતઃકરણમાં પાપરૂપી મલ હોતો નથી; માટે પાપરૂપ મલની નિવૃત્તિરૂપ સંસ્કાર માટે મુમુક્ષુને કર્મનો ઉપયોગ સંભવતો નથી.

(ગ) જો અજ્ઞાનને મલ કહેતા હો, તો આત્મામાં અજ્ઞાન છે (એટલે આત્માને અજ્ઞાને ઢાંકયો છે,) પણ તેની નિવૃત્તિ કર્મથી થાય નહિ. કેમકે અજ્ઞાનનું વિરોધી જ્ઞાન છે-કર્મ નથી. માટે મુમુક્ષુને મલની નિવૃત્તિરૂપ સંસ્કાર માટે પણ કર્મનો ઉપયોગ સંભવે નહિ.

(ઘ) જેમ લુગડાને કસુંબના રંગમાં બોળવારૂપ કર્મનો, વસ્ત્રમાં રક્ત ગુણની ઉત્પત્તિરૂપ સંસ્કાર આપવાને ઉપયોગ થાય છે; તેમ ગુણની ઉત્પત્તિરૂપ સંસ્કાર માટે પણ મુમુક્ષુને કર્મનો ઉપયોગ નથી. કેમકે બીજા કશામાં તો ગુણની ઉત્પત્તિ કહેવી સંભવતી નથી તેથી આત્મામાંજ તે કહેવી પડશે; પણ આત્મા નિર્ગુણ છે. તેનામાં ગુણની ઉત્પત્તિ સંભવતી નથી. માટે મુમુક્ષુને ગુણની ઉત્પત્તિરૂપ સંસ્કાર માટે પણ કર્મનો ઉપયોગ સંભવતો નથી.

આ પ્રકરણમાં ઉપયોગ શબ્દ ફળના અર્થમાં વાપર્યો છે. કર્મનું ફળ એ પાંચ પ્રકારનુંજ થાય છે-બીજા કોઇ પ્રકારનું થતું નથી. તે પાંચે પ્રકારના કર્મનું ફળ મુમુક્ષુને સંભવતું નથી. માટે મુમુક્ષુએ કર્મને છોડીને જ્ઞાનનું સાધન જે શ્રવણ, તેમાં પ્રવૃત્ત થવું.

ઉપાસના પણ માનસ કર્મજ છે માટે તેનું ખંડન કરવામાં જૂદી યુક્તિઓ કહેવાની જરૂર નથી.

આ રીતે કેવળ કર્મ અથવા ઉપાસના મોક્ષનો હેતુ નથી, પણ કેવળ જ્ઞાન એજ મોક્ષનો હેતુ છે.

સમુચ્ચયવાદનું મંડન.

૬૭. આક્ષેપઃ—કર્મ અને ઉપાસના જ્ઞાનના અને મોક્ષના હેતુ છે.

વાદી—કોઇ આચાર્યો કર્મ ઉપાસના સહિત જ્ઞાનને મોક્ષનો હેતુ માને છે, અને તે વિષે યુક્તિદૃષ્ટાંત પણ કહે છે.

૧ પક્ષીની પાંખનું દૃષ્ટાંતઃ-જેમ આકાશમાં પક્ષી એક પાંખથી ઉડી શકતું નથી, પણ બે પાંખથી ઉડી શકે છે; તેમ મોક્ષલોકમાં પણ એક જ્ઞાનરૂપ પાંખથી જવાતું નથી. પણ એક પાંખ તો કર્મઉપાસના છે અને જ્ઞાન એ બીજી પાંખ છે. ઉપાસના પણ માનસ કર્મ છે માટે તેનો સમાવેશ કર્મમાં કરીને કર્મ ઉપાસનાની એક પાંખ ગણી છે.

(૨) બીજું સેતુનુંદષ્ટાંત-જ્ઞાનને કર્મ ઉપાસનાની અપેક્ષા— જેમ સેતુના દર્શનથી પાપનો નાશ થાય છે. તે સેતુનું દર્શન પણ પ્રત્યક્ષરૂપ જ્ઞાન છે, અને તે જ્ઞાન શ્રદ્ધા ભક્તિ સહિત ગમનાદિ નિયમની અપેક્ષા રાખે છે. જે માણુસ શ્રદ્ધા ભક્તિથી રહિત હોય તેને સેતુદર્શનનું ફળ થતું નથી. જેમ સેતુનું પ્રત્યક્ષ જ્ઞાન, પાપ નાશરૂપ ફળની ઉત્પત્તિ કરવામાં શ્રદ્ધા નિયમ વગેરેની અપેક્ષા રાખે છે, તેમ બ્રહ્મજ્ઞાન પણ મોક્ષરૂપ ફળની ઉત્પત્તિ કરવામાં કર્મ ઉપાસનાની અપેક્ષા રાખે છે.

વળી જેઓ કેવલ જ્ઞાનથી મોક્ષ માને છે, તેઓ પણ કર્મઉપાસનાને જ્ઞાનનો હેતુ તો માને છેજ. કેમકે શુદ્ધ અને સ્થિર અંતઃકરણમાં જ્ઞાન થાય છે. તે અંતઃકરણ શુભ કર્મથી શુદ્ધ થાય છે અને ઉપાસનાથી સ્થિર થાય છે. આ રીતે અંતઃકરણની શુદ્ધિ અને સ્થિરતા દ્વારા કર્મ ઉપાસના જ્ઞાનના હેતુ માનેલા છે.

(૩) ત્રીજું જળ સેચનનું દષ્ટાંત-જ્ઞાનના ફળ મોક્ષને માટે કર્મ ઉપાસનાની અગત્ય—જેમ જ્ઞાનનો હેતુ કર્મ ઉપાસના માનેલાં છે તેમ જ્ઞાનનું ફળ જે મોક્ષ તેનો હેતુ પણ કર્મ ઉપાસના છે, એમ માનવું યોગ્ય છેઃ—

જેમ, જળનું સેચન વૃક્ષની ઉત્પત્તિનો હેતુ છે, અને વૃક્ષના ફળની ઉત્પત્તિનો પણ હેતુ છે-જળના સંબંધ વિના ઝાડ પણ સૂકાઈ જાય અને તેને ફળ પણ થાય નહિ, તેમ કર્મ-ઉપાસના જ્ઞાનની ઉત્પત્તિનાં હેતુ છે, અને જ્ઞાનનું ફળ જે મોક્ષ, તેનાં પણ હેતુ છે.

વનનાં જે વૃક્ષોને પાણી સીંચ્યા વિનાજ ફળ આવે છે, તેમને પણ વૃક્ષની નીચે મૂળમાં પાણીનો સંબંધ છે માટે ફળ આવે છે, તેથી દષ્ટાંત બરોબર છે.

આ રીતે કર્મ, ઉપાસના અને જ્ઞાન, એ ત્રણે મોક્ષનાં હેતુ છે માટે જ્ઞાનવાને પણ કર્મ કરવાં.

(૪) ચોથું દષ્ટાંત-કર્મ ઉપાસના જ્ઞાનનું રક્ષણ કરે છે. અથવા કર્મ ઉપાસના જ્ઞાનનું રક્ષણ કરવામાં હેતુ છે. કેમકે જો જ્ઞાનવાન્ માણુસ કર્મ ઉપાસનાનો ત્યાગ કરે, તો ઉત્પન્ન થયેલું જ્ઞાન પણ જળ વિનાના વૃક્ષની પેઠે નાશ પામી જાય છે. કેમકે શુદ્ધ અંતઃકરણમાં જ્ઞાન થાય છે; અને શુભ કર્મ ન કરે તો જ્ઞાનવાનને પણ પાપ લાગે, તથા ઉપાસના ન કરવાથી ફરીને અંત.કરણ ચંચળ થઈ જાય. એવા મલિન અને ચંચળ અંતઃકરણમાં જ્ઞાન રહે નહિ. જેમ સૂકી ભૂમિમાં ઉત્પન્ન થયેલું વૃક્ષ રહેતું નથી તેમ.

૫ પાંચમું, બ્રહ્મચારીના સ્થાનનું દ્દષ્ટાંત. જેમ સંસ્કારથી શુદ્ધ કરેલા સ્થાનમાં વેદપાઠી બ્રહ્મચારી નિવાસ કરે છે. પણ કોઈ કારણથી તે શુદ્ધ કરેલું સ્થાન પુનઃ મલિન થઇ જાય તો તે સ્થાનને તે છોડી દે છે. તેમજ કર્મના ત્યાગથી મલિન થયેલા અને ઉપાસનાના ત્યાગથી ચંચળ થયેલા અંતઃકરણમાં જ્ઞાન રહે નહિ, માટે કર્મ ઉપાસના જ્ઞાનના રક્ષણના હેતુ છે.

(૧) આ રીતે કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણે મોક્ષના હેતુ માને;

(૨) તથા જ્ઞાનની રક્ષાના હેતુ કર્મ ઉપાસના માને અને કેવળ જ્ઞાન મોક્ષનો હેતુ માને;

બન્ને પ્રકારથી જ્ઞાનવાનને કર્મ ઉપાસના કર્તવ્ય છે. આ વાદને સમુચ્ચયવાદ કહે છે.

સમુચ્ચયવાદનું ખંડન.

૬૮ કર્મ ઉપાસના સાથે જ્ઞાનનો વિરોધ. દ્દષ્ટાંત

સિદ્ધાંતી—એ સમુચ્ચયવાદ યથાર્થ નથી. કેમકે આત્મા દેહથી ભિન્ન છે એમ જે ન જાણતો હોય તે કર્મ કરે નહિ. કેમકે બીજા જન્મમાં મળવાના ભોગને માટેજ કર્મ કરવામાં આવે છે. અને દેહનો તો અગ્નિમાં દાહ થાય છે માટે દેહને તો બીજા જન્મના ભોગ ભોગવવાના હોય નહિ. માટે—

(૧) શરીરથી આત્મા ભિન્ન છે એવું જ્ઞાન કર્મનો હેતુ છે.

આત્મા શરીરથી ભિન્ન હોય છે અને તે કર્તા તથા ભોક્તા છે. એવું જ્ઞાન જેને હોય તેજ કર્મ કરી શકે. એટલે "હું પુણ્ય પાપનો કર્તા છું અને પુણ્યપાપનું ફળ મને મળશે," એવું જેને જ્ઞાન છે તેજ કર્મ કરે છે.

જ્ઞાની પુરૂષને આત્મા સંબંધી એવું જ્ઞાન હોતું નથી, પણ "પુણ્યપાપ અને સુખદુઃખથી રહિત અસંગ બ્રહ્મ રૂપ આત્મા છે" એવું વેદાંત વાક્યથી જ્ઞાન થાય છે. તે જ્ઞાન કર્મનો હેતુ નથી, પણ ઉલટું વિરોધી છે, માટે જ્ઞાનવાન કર્મ કરે નહિ.

(૨) કર્તા અને કર્મ ફળના ભેદનું જ્ઞાન કર્મનો હેતુ છે.

કર્તા અને કર્મફળ આત્માથી ભિન્ન છે એવી પ્રતીતિ જ્ઞાનીને થતી નથી; તેને તો બધું આત્મ રૂપજ પ્રતીત થાય છે. માટે પણ જ્ઞાનવાન હોય તે કર્મ કરે નહિ.

વળી ભાષ્યકારે પણ ઘણે પ્રકારે જ્ઞાનીને કર્મનો અભાવ છે એમ પ્રતિપાદન કર્યું છે. કર્મના ફળનો અને જ્ઞાનના ફળનો વિરોધ છે તેથી પણ જ્ઞાન અને કર્મનો સમુચ્ચય બની શકે નહિ

(૩) સમુચ્ચયના બે પ્રકાર-ક્રમ સમુચ્ચય ગ્રાહ્ય છે—જો કે વેદમાં પણ કોઈ જગોએ જ્ઞાન અને કર્મનો સમુચ્ચય લખ્યો છે. તથાપિ સમુચ્ચય બે પ્રકારનો છે; (૧) સમ સમુચ્ચય; અને (૨) ક્રમ સમુચ્ચય.

જ્ઞાનનાં સાધન શ્રવણાદિક અને કર્મનાં સાધન અગ્નિહોત્રાદિક, એમનું એકેજ વખતે અનુષ્ઠાન કરવું તેને **સમ સમુચ્ચય** કહે છે. અને—

પ્રથમ અંતઃકરણની શુદ્ધિને માટે જિજ્ઞાસા થતાં સુધી કર્મ કરવાં; અને પછી કર્મના વિધિનો અનાદર કરીને જ્ઞાનનાં સાધન શ્રવણાદિદ્વારા જ્ઞાન સંપાદાન કરવું, એનું નામ **ક્રમસમુચ્ચય** છે.

તેમાંથી (क) સમ સમુચ્ચય ત્યાજ્ય છે; અને (ख) ક્રમ સમુચ્ચય ગ્રાહ્ય છે. એવું વેદનું તાત્પર્ય છે. માટે અહીંઆં સમ સમુચ્ચયનો પરિહાર (ખંડન) કર્યો છે; ક્રમ સમુચ્ચયનો નહિ.

क કર્મનું ફળ અનિત્ય સંસાર છે. અને—

ख જ્ઞાનનું ફળ નિત્ય મોક્ષ છે.

(૪) આત્મામાં જાતિ, આશ્રમ, અવસ્થાનો અધ્યાસ કર્મનો હેતુ છે—આત્મામાં બ્રાહ્મણાદિક જાતિનો, ગૃહસ્થાદિ આશ્રમનો, અને જાગ્રત વગેરે અવસ્થાનો અધ્યાસ કરીને મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત થાય છે. કેમકે તે જાતિ, આશ્રમ, અને અવસ્થાને યોગ્ય ભિન્ન ભિન્ન કર્મ કરે છે.

(૫) અપરોક્ષ ભ્રાંતિજ્ઞાનનો અપરોક્ષ જ્ઞાન સાથે વિરોધ છે; પણ પરોક્ષ જ્ઞાન સાથે વિરોધ નથી—જો કે જાતિ. આશ્રમ, અવસ્થા, દેહના ધર્મ છે. અને કર્મી દેહને આત્મા જાણતો નથી, પણ દેહથી ભિન્ન આત્મા જાણે છે, એ વાત પહેલાં કહી છે. માટે જાતિ, આશ્રમ, અવસ્થાની પ્રતીતિ આત્મામાં કર્મીને પણ થાય નહિ. પણ દેહથી ભિન્ન આત્માનું કર્મીને અપરોક્ષ જ્ઞાન નથી હોતું, પણ શાસ્ત્રથી પરોક્ષ જ્ઞાન થયેલું હોય છે, અને દેહમાં આત્માનું જ્ઞાન (એટલે દેહ આત્મા છે એવું જ્ઞાન) અપરોક્ષ હોય છે. જો દેહથી ભિન્ન આત્માનું અપરોક્ષ જ્ઞાન હોય, તો તે અપરોક્ષ જ્ઞાન તેજ દેહને આત્મા માનવા રૂપ અપરોક્ષ આત્માના જ્ઞાનનું વિરોધી થાય; પણ દેહથી ભિન્ન આત્માનું પરોક્ષ જ્ઞાન થાયઅને દેહ આત્મા છે એવું અપરોક્ષ જ્ઞાન થાય, તો તે બનવા જેવું છે. કેમકે પરોક્ષ જ્ઞાનને અપરોક્ષ જ્ઞાન સાથે વિરોધ નથી.

દૃષ્ટાન્ત—મૂર્તિમાં ઇશ્વરજ્ઞાન શાસ્ત્રથી થયેલું હોવાથી તે પરોક્ષ જ્ઞાન છે, અને મૂર્તિ પાષાણ છે એ અપરોક્ષ જ્ઞાન છે. પણ તેનો વિરોધ નથી-બન્ને જ્ઞાન એકમાં થઇ શકે છે. તેમ એકજ દેહમાં, "દેહથી ભિન્ન આત્મા"નું

પરોક્ષ જ્ઞાન અને "દેહ આત્મા છે" એવું અપરોક્ષ જ્ઞાન પણ હોઈ શકે છે.

પણ દોરડીમાં સાપનું અપરોક્ષ ભેદજ્ઞાન છે, તેની અપરોક્ષ સર્પભ્રાંતિ દૂર થાય છે. (અર્થાત્ અપરોક્ષ ભ્રાંતિજ્ઞાન સાથે અપરોક્ષ સત્યજ્ઞાનનો વિરોધ છે.)

માટે આવો નિયમ સિદ્ધ થયો:—અપરોક્ષ ભ્રાંતિનો અપરોક્ષ જ્ઞાન સાથે વિરોધ છે. પણ અપરોક્ષ ભ્રાંતિનો પરોક્ષ જ્ઞાન સાથે વિરોધ નથી. માટે દેહથી ભિન્ન આત્માનું પરોક્ષ જ્ઞાન અને દેહમાં અપરોક્ષ જ્ઞાન એકજ માણસને હોઈ શકે છે. અને તે બન્ને જ્ઞાન કર્મનાં હેતુ છે.

(૬) જ્ઞાનીને કર્મ ઉપાસનાનો અધિકાર નથી–તેનાં કારણો:–

क. દેહથી ભિન્ન કર્તા રૂપે આત્માનું જ્ઞાન કર્મનો હેતુ છે. પણ કર્તા-રૂપે આત્માનું જ્ઞાન ભ્રાંતિરૂપ છે, અને વિદ્વાનને ભ્રાંતિ હોતી નથી, માટે કર્મનો અધિકાર વિદ્વાન (જ્ઞાની) ને નથી.

ख. દેહમાં અપરોક્ષ આત્મબુદ્ધિ હોય તો દેહના ધર્મ જાતિ, આશ્રમ, અવસ્થાની પ્રતીતિ આત્મામાં થાય. પણ જ્ઞાનીને દેહમાં આત્મબુદ્ધિ છે નહિ, પણ બ્રહ્મરૂપે કરીને આત્માનું અપરોક્ષ જ્ઞાન છે. માટે જાતિ, આશ્રમ, અવસ્થાની ભ્રાંતિના અભાવથી પણ જ્ઞાનીને કર્મનો અધિકાર નથી.

ग. ઉપાસના પણ "હું ઉપાસક છું, દેવ ઉપાસ્ય છે," એ બુદ્ધિથી થાય છે. પણ જ્ઞાનીને ઉપાસ્ય ઉપાસક ભાવ પ્રતીત થતો નથી. વિદ્વાનનો નિશ્ચય એવો હોય છે કે, દેહાદિક સમુદાય તો મારો અને દેવનો કલ્પિત છે; અને ચેતન તો બન્નેમાં એક છે." માટે જ્ઞાનનો ઉપાસના સાથે વિરોધ છે.

૬૯ પક્ષીની બે પાંખોનું દૃષ્ટાંત સંભવતું નથી.

બે પાંખોથી પક્ષી ઉડે છે, એ દૃષ્ટાંત પણ સંભવતું નથી. કેમકે પક્ષીની તો બન્ને પાંખો એકજ સમયે હોય છે અને તેમનો પરસ્પર વિરોધ નથી; અને જ્ઞાનનો તો કર્મ ઉપાસના સાથે વિરોધ છે. અને તે એકજ સમયે બની શકે નહિ.

(૭૦) મોક્ષની ઉત્પત્તિ માટે કર્મનો ઉપયોગ નથી.—

સેતુના જ્ઞાનનું દૃષ્ટાંત પણ સંભવતું નથી. કેમકે સેતુનું દર્શન દૃષ્ટફળનો હેતુ નથી પણ અદૃષ્ટફળનો હેતુ છે.

(૧) જે ફળની પ્રતીતિ પ્રત્યક્ષ થતી હોય તે દૃષ્ટફળ કહેવાય છે. જેમ ભોજનનું ફળ તૃપ્તિ પ્રત્યક્ષ માલમ પડે છે, માટે ભોજન દૃષ્ટફળનો હેતુ છે.

(૨) તેમ સેતુના દર્શનથી પ્રત્યક્ષ ફળ પ્રતીત થતું નથી, પણ પાપના નાશરૂપ ફળ શાસ્ત્રથી જાણવામાં આવે છે. જે ફળ શાસ્ત્રથી જાણવામાં આવે તે પ્રત્યક્ષ પ્રતીત થતું નથી, માટે તે અદૃષ્ટ ફળ કહેવાય છે.

તેથી જેમ યજ્ઞાદિક કર્મ સ્વર્ગાદિ અદષ્ટ ફળનો હેતુ છે, તેમ સેતુનું દર્શન પણ પાપનાશરૂપ અદૃષ્ટ ફળનો હેતુ છે. જે કર્મ અદષ્ટ ફળનો હેતુ હોય છે, તે કર્મ ફળની ઉત્પત્તિ માટે શાસ્ત્રમાં જેટલાં સહાયકારક કર્મો કહેલાં હોય છે તે સઘળાં હોય તોજ ફળની ઉત્પત્તિમાં હેતુ થાય છે, એકલું હોય તો ફળનો હેતુ થતું નથી. હવે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે શ્રદ્ધા, નિયમ, વગેરે સહિત સેતુનું દર્શન પાપનાશનો હેતુ છે શ્રદ્ધા નિયમાદિક રહિત સેતુદર્શન પાપ નાશનો હેતુ નથી. કેમકે સેતુદર્શનથી પ્રત્યક્ષ તો કોઇ ફળ પ્રતીત થતું નથી; કેવળ શાસ્ત્રથી જાણવામાં આવે છે. તે શાસ્ત્ર શ્રદ્ધાદિક સહિત સેતુદર્શનથી ફળ મળે છે એમ ઉપદેશ કરે છે. કેવળ સેતુદર્શનથી ફળની ઉત્પત્તિ થાય છે એ વાતનું કોઇ પ્રમાણ નથી. માટે સેતુનું દર્શન ફળની ઉત્પત્તિમાં શ્રદ્ધા નિયમ ભક્તિ આદિકની અપેક્ષા રાખે છે.

૭૧ બ્રહ્મવિદ્યાને ફળની ઉત્પત્તિ માટે કર્મ ઉપાસનાની જરૂર નથી.

પણ બ્રહ્મવિદ્યા પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં કર્મ ઉપાસનાની અપેક્ષા રાખતી નથી. કેમકે જો બ્રહ્મવિદ્યાનું ફળ પણ સ્વર્ગની પેઠે કોઈ લોક વિશેષ અદષ્ટ હોય; અને તે લોક વિશેષ પણ કેવળ બ્રહ્મવિદ્યાથી મળે છે એમ શાસ્ત્રમાં ન કહ્યું હોય. પણ કર્મ ઉપાસના સહિત બ્રહ્મવિદ્યાથી મળે છે એમ કહ્યું હોય, તો તે બ્રહ્મવિદ્યા પણ સેતુના દર્શનની પેઠે ફળની ઉત્પત્તિમાં કર્મ ઉપાસનાની અપેક્ષા રાખે; પણ બ્રહ્મવિદ્યાનું ફળ તો મોક્ષ સ્વર્ગની પેઠે લોકવિશેષ રૂપ અદષ્ટ નથી; પણ મોક્ષ તો નિત્ય પ્રાપ્ત છે. અને ભ્રાંતિથી બંધ પ્રતીત થાય છે, તે ભ્રાંતિની નિવૃત્તિજ બ્રહ્મવિદ્યાનું ફળ છે. તે ભ્રાંતિની નિવૃત્તિ કેવળ બ્રહ્મવિદ્યાથી જ્ઞાનીઓને પ્રત્યક્ષ છે, જેમ રજ્જુનું જ્ઞાન થવાથી સર્પની ભ્રાંતિની નિવૃત્તિ સર્વને પ્રત્યક્ષ છે તેમ. માટે અધિષ્ઠાનના જ્ઞાનનું ભ્રાંતિની નિવૃત્તિ એ દષ્ટ ફળ છે.

દષ્ટ ફળની ઉત્પત્તિ જેટલી સામગ્રીથી પ્રત્યક્ષ પ્રતીત થાય છે, તે સામગ્રી દષ્ટ ફળની હેતુ કહેવાય છે.

(૧) જેમ તુરી (વણાયલું કપડું વીંટવાનું લાકડું), તંતુ અને વેમ (કાંઠલો) થી વસ્ત્રની ઉત્પત્તિ પ્રત્યક્ષ છે, માટે તુરી, તંતુ અને વેમ વસ્ત્રના પ્રત્યક્ષ હેતુ છે.

(૨) ભોજનથી તૃપ્તિ રૂપ ફળ પ્રત્યક્ષ પ્રતીત થાય છે માટે કેવળ ભોજન તૃપ્તિનો હેતુ છે.

તેમજ કેવળ અધિષ્ઠાન જ્ઞાનથી ભ્રાંતિની નિવૃત્તિ પ્રત્યક્ષ પ્રતીત થાય છે, માટે કેવળ અધિષ્ઠાનનુંજ્ઞાનજ ભ્રાંતિની નિવૃતિનો હેતુ છે.

જેમ રજ્જુનું જ્ઞાન ભ્રાંતિની નિવૃત્તિમાં બીજાની અપેક્ષા રાખતું નથી; તેમ બંધ રૂપ ભ્રાંતિનું અધિષ્ઠાન જે નિત્ય મુક્ત આત્મા તેનું જ્ઞાન પણ બંધ રૂપ ભ્રાંતિની નિવૃત્તિમાં કર્મ ઉપાસનાની અપેક્ષા રાખતું નથી.

૭૨ મોક્ષ એ લોકવિશેષ અદૃષ્ટ નથી.

(૧) જ્ઞાનનું ફળ મોક્ષ છે. તેને જેઓ સ્વર્ગની પેઠે લોક વિશેષ રૂપ અદૃષ્ટ ફળ માને છે એ તેમની માન્યતા વેદ વિરૂદ્ધ છે. કેમકે જ્ઞાનવાનના પ્રાણ કોઈ લોકમાં ગમન કરતા નથી એમ વેદમાં કહ્યું છે.

(૨) મોક્ષને લોક વિશેષ માનવાથી તે સ્વર્ગની પેઠે અનિત્ય થશે. માટે મોક્ષ એ લોક વિશેષ નથી.

(૩) કદાપિ મોક્ષ એ લોક વિશેષ છે, એમ જેઓ માનતા હશે, તેમને પણ કેવળ જ્ઞાનથીજ મોક્ષ લોકની પ્રાપ્તિ માનવી પડશે. કેમકે જે અર્થ શાસ્ત્રે પ્રતિપાદન કર્યો હોય તે શાસ્ત્રને અનુસારજ માનવો પડે, અને શાસ્ત્ર તો કેવળ જ્ઞાનથીજ મોક્ષ કહે છે, માટે કેવળ જ્ઞાનજ મોક્ષનો હેતુ છે; કર્મ ઉપાસના અને જ્ઞાન, એ ત્રણ ભેગાં મળીને મોક્ષનો હેતુ નથી.

૭૩ જળ સેચનના દૃષ્ટાંતનું ખંડન.

વૃક્ષનું દૃષ્ટાંત પણ સંભવતું નથી. કેમકે, યદ્યપિ જળનું સેચન કરવાથી વૃક્ષની ઉત્પત્તિ તથા રક્ષણ થાય છે, તથાપિ વૃક્ષને ફળ આવવામાં જળ સેચન એ હેતુ નથી. જેમ, જૂના થયેલા વૃક્ષમાં જળના સેચનથી વૃક્ષનું રક્ષણ માત્ર થાય છે, પણ કાંઇ ફળ આવતાં નથી, પણ જળથી પુષ્ટ થયેલું વૃક્ષ એજ ફળનો હેતુ છે—જળસેચન હેતુ નથી. તેવીજ રીતે કર્મ ઉપાસનાનો પણ જ્ઞાનની ઉત્પત્તિમાં ઉપયોગ છે, મોક્ષમાં ઉપયોગ નથી. માટે જ્ઞાનની ઉત્પત્તિ થતા પહેલાંજ અંતઃકરણની શુદ્ધિ અને નિશ્ચળતા માટે કર્મ ઉપાસના કરવી; જ્ઞાન થયા પછી મોક્ષને માટે કર્મ ઉપાસનાની જરૂર નથી.

જ્ઞાનની ઉત્પત્તિ થયા પહેલાં પણ જ્યાં સુધી અંતઃકરણમાં મળ અને વિક્ષેપ હોય ત્યાં સુધી કર્મ ઉપાસના કરવી; પણ જેનું અંતઃકરણ શુદ્ધ અને સ્થિર હોય તે જિજ્ઞાસુએ શ્રવણનાં વિરોધી એવાં જે કર્મ અને ઉપાસના તેનો ત્યાગ કરવો. મળ નામ પાપનું છે, અને તે અશુભ વાસનાનો હેતુ છે. જ્યાં સુધી મળ હોય ત્યાં સુધી અશુભ વાસના પણ હોય છે. જ્યારે મનમાં અશુભ વાસના રહે નહિ ત્યારે મનમાંથી મળ જતો રહ્યો છે એમ નિશ્ચય કરવો. અંતઃકરણ ચંચળ છે કે એકાગ્ર છે, તે તો સહુને અનુભવથી જણાઇ આવે એવું છે. માટે ઉત્તમ જિજ્ઞાસુને અને જ્ઞાનીને કર્મ ઉપાસના નકામાં છે.

૭૪ કર્મ ઉપાસનાથી જ્ઞાનનું રક્ષણ થતું નથી.

વાદી—પહેલાં મેં કહ્યું છે કે, જ્ઞાનનું રક્ષણ કરવા માટે કર્મ ઉપાસના કરવાની જરૂર છે. જેમ જળથી ઉત્પન્ન થયેલું જે વૃક્ષ, તેની જળથીજ રક્ષા થાય છે. જો વૃક્ષને જળનો સંબંધ ન હોય તો વૃદ્ધિ પામેલું વૃક્ષ પણ સુકાઇ જાય છે. તેમ કર્મ ઉપાસનાથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન, તેનું રક્ષણ પણ કર્મ ઉપાસનાથીજ થાય છે. જો જ્ઞાન થયા પછી પણ તે જ્ઞાની કર્મ ઉપાસના કરે નહિ તો અંતઃકરણ ફરીને પાછું મલિન અને ચંચળ થઇ જશે. તે મલિન અને ચંચળ અંતઃકરણમાં સૂકી ભૂમીમાંના વૃક્ષની પેઠે ઉત્પન્ન થયેલું જ્ઞાન પણ નષ્ટ થઇ જશે. માટે જ્ઞાનીએ પણ કર્મ ઉપાસના કરવાં.

સિદ્ધાંતી—એ વાત બરાબર નથી. કેમકે આભાસ સહિત અથવા ચેતન સહિત જે અંતઃકરણની "હું અસંગ બ્રહ્મ છું" એવી વૃત્તિ તે વેદાંતના ફળ રૂપ જ્ઞાન છે. કર્મ ઉપાસના ન કરે તો, એ જ્ઞાનનો નાશ થાય છે? અથવા ચેતન રૂપ જ્ઞાનનો નાશ થાય છે?

વાદી—સ્વરૂપજ્ઞાન તો નિત્ય છે માટે તેનો નાશ અથવા તેનું રક્ષણ સંભવતું નથી. પરંતુ વેદાંતનું ફળ જે બ્રહ્મવિદ્યારૂપ જ્ઞાન છે, તેની કર્મ ઉપાસનાથી ઉત્પત્તિ થાય છે; અને કર્મ ઉપાસના છોડી દેવાથી ઉત્પન્ન થયેલી વિદ્યા પણ નષ્ટ થઇ જાય છે. માટે તે જ્ઞાનના રક્ષણ માટે કર્મ ઉપાસના કરવાં.

સિદ્ધાંતી—એ વાત પણ માન્ય રાખવા જેવી નથી. કેમકે—

(૧) એક વાર ઉત્પન્ન થયેલી જે બ્રહ્માકાર વૃત્તિ, તે વૃત્તિવડે અજ્ઞાન અને ભ્રાંતિના નાશરૂપ ફળ તેજ સમયે સિદ્ધ થાય છે. અજ્ઞાન અને ભ્રાંતિનો નાશ થયા પછી ફરીને વૃત્તિની રક્ષા કરવાની જરૂર નથી.

(૨) વળી અંતઃકરણની વૃત્તિની કર્મ અને ઉપાસનાથી રક્ષા સંભવતી પણ નથી. કેમકે જે વખતે મનુષ્ય કર્મ ઉપાસનાનું અનુષ્ઠાન કરવા માંડશે, તે વખતે કર્મ ઉપાસનાની સામગ્રીનું વૃત્તિરૂપ જ્ઞાન થશે-બ્રહ્મનું જ્ઞાન થશે નહિ, કેમકે બીજી વૃત્તિ ઉત્પન્ન થાય તે વખતે પ્રથમ વૃત્તિ રહે નહિ, એ સૌને અનુભવ સિદ્ધ છે. માટે કર્મ ઉપાસના જ્ઞાનની ઉત્પત્તિનાં તો પરંપરાએ હેતુ છે; પણ ઉત્પન્ન થયેલી જ્ઞાનરૂપ વૃત્તિનાં વિરોધી છે. માટે કર્મ ઉપાસનાથી જ્ઞાનનું રક્ષણ થઇ શકે નહિ.

૭૫ જ્ઞાનીને પાપ અને ચંચળતા હોતાં નથી, માટે તેને કર્મ ઉપાસાનો ઉપયોગ નથી.

વાદી—પણ મેં પહેલાં કહ્યું છે કે કર્મનો ત્યાગ કરવાથી જ્ઞાનીને પાપ થાય છે તેનું કેમ?

સિદ્ધાંતી—એ વાત અસંભવિત છે. કેમકે—

(૧) શુભ કર્મનો ત્યાગ એ પાપનો હેતુ નથી, પણ નિષિદ્ધ કર્મનું અનુષ્ઠાન એજ પાપનો હેતુ છે. આ વિષય ભાષ્યકારે ઘણે પ્રકારે પ્રતિપાદન કર્યો છે. માટે કર્મનો ત્યાગ કરવાથી પાપ થતું નથી.

(૨) અને જ્ઞાનીને તો બધી રીતે પાપનો અસંભવ છે. કેમકે પુણ્ય, પાપ, અને તેનો આશ્રય જે અંતઃકરણ, તે પરમાર્થથી નથી; અવિદ્યાથી મિથ્યા પ્રતીત થાય છે. તે અવિદ્યા અને મિથ્યા પ્રતીતિ જ્ઞાનીને હોતી નથી, માટે જ્ઞાનવાનને શુભ કર્મના ત્યાગથી અથવા અશુભ કર્મના અનુષ્ઠાનથી પાપ થતું નથી.

ઉપરના કથનનું તાત્પર્ય.

સિદ્ધાંતી—ઉપર કહ્યું કે જ્ઞાનીને કર્મ કરવાથી કે ન કરવાથી પાપ થતું નથી, એમ કહેવામાં આવે સિદ્ધાંત છેઃ મંદ અને દૃઢ એવું બે પ્રકારનું જ્ઞાન છે.

(૧) સંશય વગેરે સહિત જે જ્ઞાન તે મંદજ્ઞાન કહેવાય.

(૨) સંશયાદિ રહિત જ્ઞાન તે દૃઢ જ્ઞાન કહેવાય.

જેને દૃઢ જ્ઞાન હોય તેને તો કિંચિત્ માત્ર પણ કર્તવ્ય નથી. એકવાર ઉત્પન્ન થયેલું સંશયાદિ રહિત અંતઃકરણની વૃત્તિ રૂપ જે દૃઢ જ્ઞાન તેજ અવિદ્યાનો નાશ કરી નાંખે છે. તે જ્ઞાન પાછળથી જતું રહે તો પણ સારી રીતે જાણેલા આત્મામાં ફરીને ભ્રાંતિ થતી નથી. કેમકે ભ્રાંતિનું કારણ જે અવિદ્યા છે, તે અવિદ્યા એકવાર ઉત્પન્ન થયેલા જ્ઞાનથી નાશ પામી ગઇ છે, તેથી ભ્રાંતિ અને અવિદ્યા રહેલાં નથી; માટે અંતઃકરણની વૃત્તિ રૂપ જ્ઞાનની આવૃત્તિ (પુનઃ પુનઃ અભ્યાસ) કરવાની કાંઇ જરૂર નથી.

એમ છતાં જીવન્મુક્તિના આનંદ માટે જો વૃત્તિની આવૃત્તિ કરવાની જરૂર હોય, તો તેણે વારંવાર વેદાંતના અર્થનુંજ ચિંતન કરવું. વેદાંતના અર્થનું ચિંતન કરવાથીજ વારંવાર બ્રહ્માકાર વૃત્તિ થાય છે, પણ કર્મ ઉપાસનાથી બ્રહ્માકાર વૃત્તિ થતી નથી. કેમકે કર્મ અને ઉપાસનાનો અંતઃકરણની શુદ્ધિ અને સ્થિરતા દ્વારાજ જ્ઞાનમાં ઉપયોગ છે, બીજી રીતે ઉપયોગ નથી. પણ જ્ઞાનીના અંતઃકરણમાં પાપ અને ચંચળતા હોતાં નથી. પાપ અને ચંચળતાનો હેતુ રાગ દ્વેષદ્વારા અવિદ્યા છે, અને તે અવિદ્યાનો તો જ્ઞાનથી નાશ થઇ ગયો છે, માટે જ્ઞાનીમાં પાપ અને ચંચળતા ન હોવાથી તેને કર્મ ઉપાસનાનો કાંઇ ઉપયોગ નથી.

૭૬ જ્ઞાનીના પ્રારબ્ધની વિલક્ષણતા અને જીવન્મુક્તિના સુખ માટે તેની ઉપાસનામાં અપ્રવૃત્તિ.

વાદી—રાગદ્વેષ વગેરે અંતઃકરણના સહજ (સ્વાભાવિક) ધર્મ છે. જ્યાંસુધી અંતઃકરણ છે, ત્યાંસુધી જ્ઞાનીના રાગદ્વેષનો નાશ પણ સર્વ પ્રકારે તો થઇ શકતો નથી. અને એ રાગદ્વેષથી જ્ઞાનીનું અંતઃકરણ પણ ચંચળ થઈ જાય છે. માટે એ ચંચળતા દૂર કરવાને જ્ઞાનીએ પણ ઉપાસના કરવી જોઇએ.

જો કે જ્ઞાનીને અંતઃકરણની ચંચળતથી વિદેહ મોક્ષની તો હાનિ નથી, તો પણ ચંચળ અંતઃકરણમાં સ્વરૂપઆનંદનું ભાન થાય નહિ, માટે ચંચળતા એ જીવન્મુક્તિની વિરોધી છે—અર્થાત્ ચંચળ અંતઃકરણવાળાને જીવન્મુક્તિના આનંદનો અનુભવ મળતો નથી. તેથી જીવન્મુક્તિ સુખને માટે પણ અંતઃકરણની ચંચળતા દૂર કરવાને ઉપાસનાની જરૂર છે.

સિદ્ધાંતી—એ કહેવું પણ બરાબર નથી. કેમકે જેના અંતઃકરણમાં દૃઢ બોધ થયો છે, તેને તો સમાધિ અને વિક્ષેપ બન્ને સમાન છે. તેથી અંતઃકરણની સ્થિરતા માટે જ્ઞાનીને કોઈ પ્રકારના યત્નનો આરંભ કરવાની જરૂર નથી. એમ છતાં જ્ઞાનીની પ્રવૃત્તિ અને નિવૃત્તિ પ્રારબ્ધને અધીન છે. પ્રારબ્ધ કર્મ સર્વ જ્ઞાનીઓનું વિલક્ષણ હોય છે;—એટલે સર્વ જ્ઞાનીઓનું પ્રારબ્ધ કર્મ એક સરખું હોતું નથી:—

(૧) કોઈ જ્ઞાનીઓનું પ્રારબ્ધ જનક વગેરેની પેઠે ભોગ ભોગવવાનું હોય છે.

(૨) કોઇ જ્ઞાનીઓનું પ્રારબ્ધ શુક અને વામદેવ વગેરેની પેઠે નિવૃત્તિ પરાયણ રહેવાનું હોય છે.

(૧) જેનું પ્રારબ્ધ ભોગ ભોગવવાનું હોય છે, તે તો પ્રારબ્ધના ભોગની ઇચ્છા અને ભોગનાં સાધન પ્રાપ્ત કરવાનો યત્ન કરે છે.

(૨) જેનું પ્રારબ્ધ નિવૃત્તિ પરાયણ રહેવાનું હોય છે, તેને જીવન્મુક્તિના સુખની ઇચ્છા થાય છે, અને ભોગમાં ગ્લાનિ થાય છે.

જેને જીવન્મુક્તિના આનંદની ઇચ્છા હોય તેણે બ્રહ્માકારવૃત્તિની આવૃત્તિ માટે વેદાંતના અર્થનું ચિંતનજ કરવું, પણ ઉપાસના કરવી નહિ. કેમકે અંતઃકરણની નિશ્ચળતા માત્રથી બ્રહ્માનંદનું વિશેષ રૂપથી ભાન થતું નથી, પણ બ્રહ્માકાર વૃત્તિથીજ થાય છે. એ બ્રહ્માકાર વૃત્તિ વેદાંત ચિંતનથીજ થાય છે, ઉપાસનાથી થતી નથી.

વળી જ્ઞાનીના અંતઃકરણની ચંચળતા પણ વેદાંત ચિંતનથી દૂર થઇ

જાય છે. માટે પણ અંતઃકરણની સ્થિરતા માટે ઉપાસનામાં જ્ઞાનીની પ્રવૃત્તિ થતી નથી.

આ રીતે જેને દૃઢ જ્ઞાન થયું છે, તેની કર્મ ઉપાસનામાં પ્રવૃત્તિ થતી નથી.

કર્મ ઉપાસનાનું જ્ઞાન વિરોધી છે.

૭૭ દૃઢઅદૃઢ જ્ઞાની અને ઉત્તમમંદ જિજ્ઞાસુનો કર્મ ઉપાસનામાં અધિકાર નથી.

સિદ્ધાંતી—જેને મંદ બોધ હોય (એટલે જેને દૃઢ જ્ઞાન ન હોય, તેણે પણ મનન અને નિદિધ્યાસન કરવું, પણ કર્મ ઉપાસના કરવાં નહિ. કેમકે મંદ બોધ જેને થયો હોય તે ઉત્તમ જિજ્ઞાસુ કહેવાય છે. તે ઉત્તમ જિજ્ઞાસુને મનન અને નિદિધ્યાસન વિના બીજું કર્તવ્ય હોય નહિ. એજ વાત શારીરક સૂત્રમાં સૂત્રકારે તથા ભાષ્યકારે પ્રતિપાદન કરી છે.

અને જ્ઞાની પુરૂષને તો મનન નિદિધ્યાસનની પણ જરૂર નથી. જે જ્ઞાની પુરૂષ જીવન્મુક્તિના આનંદ માટે મનન અને નિદિધ્યાસનમાં પ્રવૃત્ત થાય છે, તે પણ પોતા ી ઇચ્છાથી પ્રવૃત્ત થાય છે.

જો હું વેદની આજ્ઞા નહિ માનું તો મને જન્મમરણાદિ સંસાર પ્રાપ્ત થશે, એવી બુદ્ધિથી જે ક્રિયા કરે તેને કર્ત્તવ્ય કહે છે. જ્ઞાનીને એવી જન્મ-મરણાદિ સંસાર થવાની બુદ્ધિ હોતી નથી; માટે પોતાની ઇચ્છાથી જ્ઞાની જે મનન નિદિધ્યાસન કરે તે કર્ત્તવ્ય કહેવાય નહિ.

આ રીતે જેને મંદ બોધ અથવા દૃઢ બોધ થયો છે, તેમને કર્મ ઉપાસના કર્ત્તવ્ય નથી.

૭૮ ઉત્તમ કે મંદ જિજ્ઞાસુને કર્મ ઉપાસના કર્ત્તવ્ય નથી

જેને જ્ઞાન થયું નથી, પણ આત્માને જાણવાની તીવ્ર ઇચ્છા છે–ભોગની ઇચ્છા નથી, તેનું અંતઃકરણ શુદ્ધ છે, માટે તે પણ ઉત્તમ જિજ્ઞાસુ છે. તેને પણ જ્ઞાનને માટે શ્રવણાદિક કરવાની જરૂર છે, કર્મ ઉપાસના કરવાની જરૂર નથી. કેમકે કર્મ ઉપાસનાનું ફળ જે અંતઃકરણની શુદ્ધિ અને સ્થિરતા તે તો તેને પ્રાપ્તજ છે.

જ્ઞાનની તીવ્ર ઇચ્છાથી નહિ, પણ સામાન્ય ઇચ્છાથી જે શ્રવણમાં પ્રવૃત્ત થયો છે, પણ જેનું અંતઃકરણ ભોગમાં આસક્ત છે, તે મંદજિજ્ઞાસુ કહેવાય છે. તેણે પણ શ્રવણને છોડીને ફરીથી કર્મ ઉપાસનામાં પ્રવૃત્ત થવું નહિ. કર્મ ઉપાસનાનું ફળ જે અંતઃકરણની શુદ્ધિ અને સ્થિરતા છે; તે

તેને શ્રવણથીજ પ્રાપ્ત થઇ જશે. વારંવાર શ્રવણ કરવાથી અંતઃકરણનો દોષ દૂર થઇને આ જન્મમાં અથવા બીજા જન્મમાં અથવા બ્રહ્મલોકમાં તેને જ્ઞાન (સાક્ષાત્કાર) થાય છે.

જે માણસ શ્રવણને છોડીને કર્મ ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે તે આરૂઢ પતિત કહેવાય છે. એટલે મોક્ષની નીસરણી ઉપર ચઢીને પાછો નીચે પડે છે,

(૧) આ રીતે જ્ઞાનીને કર્મ ઉપાસનાનો અધિકાર નથી.

(૨) ઉત્તમ જિજ્ઞાસુને પણ નથી.

(૩) મંદ જિજ્ઞાસુ પણ જો વેદાંત શ્રવણમાં પ્રવૃત્ત થયો હોય તો તેને પણ અધિકાર નથી.

(૪) જ્ઞાનની જેને ઇચ્છા છે, પરંતુ બુદ્ધિ ભોગમાં આશક્ત છે, તેથી જે શ્રવણમાં પ્રવૃત્ત નથી થયો, એવા મંદ જિજ્ઞાસુનો નિષ્કામ કર્મ અને ઉપાસનામાં અધિકાર છે.

(૫) જેની ભોગમાં આસક્તિ છે અને જ્ઞાનની જેને ઇચ્છા નથી, એવા બહિર્મુખનો સકામ કર્મમાં પણ અધિકાર છે.

માટે જ્ઞાનીને કર્મ ઉપાસનાનો અધિકાર નથી. કેમકે કર્મ ઉપાસના જ્ઞાનનાં વિરોધી છે.

૭૯ કર્મ ઉપાસના દૃઢ બોધનાં વિરોધી નથી, પણ મંદબોધનાં વિરોધી છે.

કર્મ ઉપાસના પણ અંતઃકરણની શુદ્ધિ અને સ્થિરતા દ્વારા જ્ઞાનની ઉત્પત્તિના તો હેતુ છે, પરંતુ જ્ઞાનની ઉત્પત્તિ થયા પછી જો કર્મ ઉપાસના કરે તો ઉત્પન્ન થયેલું જ્ઞાન નષ્ટ થઈ જશે. માટે કર્મ ઉપાસના જ્ઞાનનાં વિરોધી છે.

વળી કર્મ ઉપાસના જ્ઞાનની ઉત્પત્તિનાં હેતુ છતાં પણ જ્ઞાનની ઇચ્છાનાં હેતુ નથી, એટલે કર્મ ઉપાસના કરવાથી કાંઇ જ્ઞાનની ઇચ્છા ઉત્પન્ન થતી નથી. કેમકે—

(૧) હું કર્તા છું, યજ્ઞાદિક મારૂં કર્તવ્ય છે, અને યજ્ઞાદિકનું ફળ સ્વર્ગ છે, એવી ભેદબુદ્ધિથી કર્મ થાય છે.

(૨) હું ઉપાસક છું અને દેવ ઉપાસ્ય છે, એવી ભેદબુદ્ધિથી ઉપાસના થાય છે.

આ બન્ને પ્રકારની બુદ્ધિ ' સર્વ બ્રહ્મ છે ' એ બુદ્ધિને દૂર કર્યા પછીજ થઇ શકે છે. માટે કર્મ ઉપાસના જ્ઞાનનાં વિરોધી છે.

જો કે જ્ઞાની આત્માને અસંગ જાણે છે તથાપિ શરીરના ભોજનાદિ વ્યવહાર અથવા જનક વગેરેની પેઠે વિશેષ રાજ્યપાલનાદિક વ્યવહાર કરે છે. એવા વ્યવહારનું જ્ઞાન વિરોધી નથી અથવા વ્યવહાર જ્ઞાનનો પણ વિરોધી નથી. કેમકે, જે આત્મ સ્વરૂપને જ્ઞાનવડે અસંગ જાણ્યું છે, તે આત્મામાં જો વ્યવહાર પ્રતીત થાય, તો વ્યવહારનું વિરોધી જ્ઞાન તથા જ્ઞાનનો વિરોધી વ્યવહાર કહેવાય. પણ જ્ઞાનીને આત્મામાં વ્યવહાર પ્રતીત થતો નથી; પણ તમામ વ્યવહાર દેહ વગેરેને આશ્રિત છે, અને આત્મામાં વ્યવહાર તથા દેહાદિકનો સંબંધ નથી, એવી બુદ્ધિથી તે સઘળો વ્યવહાર કરે છે. આ કારણથી જ્ઞાનીની પ્રવૃત્તિને પણ નિવૃત્તિજ કહેલી છે.

૮૦ આભાસ રૂપ કર્મ ઉપાસના દૃઢ બોધનાં વિરોધી નથી.

જેમ બીજા વ્યવહારો જ્ઞાનના વિરોધી નથી, તેમ બીજા બહિર્મુખ પુરૂષો જ્ઞાનીનો આચાર જોઇને કર્મ ઉપાસના કરે એવા હેતુથી, જ્ઞાની પોતે પણ આત્માને અસંગ જાણીને તથા ક્રિયા માત્રને દેહ, વાણી તથા અંતઃકરણને આશ્રિત છે એમ જાણીને, કર્મ ઉપાસના કરે તો તે જ્ઞાનની વિરોધી નથી. કેમકે જે આત્મા જ્ઞાનીએ અસંગ જાણ્યો છે તેને કર્ત્તા માનીને જો કર્મ ઉપાસના કરે તો તે જ્ઞાનની વિરોધી થાય. પણ કર્મ ઉપાસના વડે આત્મા અસંગ છે' એવો જ્ઞાનીનો દૃઢ નિશ્ચય દૂર થઇ શકતો નથી; માટે આભાસ રૂપ કર્મ અને ઉપાસના દૃઢ જ્ઞાનનાં વિરોધી નથી. આ કારણથી જનકાદિકે આભાસરૂપ કર્મ કર્યા છે.

જે જ્ઞાની પુરૂષ આત્માને અસંગ જાણીને, અને બીજા બધા વ્યવહારની પેઠે દેહાદિકનો ધર્મ જાણીને શુભક્રિયાઓ કરે તે આભાસ રૂપ કર્મ કહેવાય છે. (અર્થાત્ આત્માને અસંગ જાણીને અને તમામ ક્રિયાઓ દેહ, વાણી, અને મનને લીધે થાય છે એમ જાણીને જે કર્મ ઉપાસના કરે છે તે આભાસ રૂપ છે.) એ આભાસ રૂપ ક્રિયાનો જ્ઞાન સાથે વિરોધ નથી. ભાષ્યકારે કર્મ ઉપાસનાનો જ્ઞાન સાથે જે વિરોધ કહ્યો છે, તે આત્માને કર્ત્તા જાણીને જે કર્મ ઉપાસના કરે છે તેનો કહ્યો છે ! આભાસ રૂપ કર્મ ઉપાસનાનો વિરોધ કહ્યો નથી.

૮૧ મંદ બોધવાળાને આભાસ રૂપ કર્મ અને ઉપાસના વિરોધી છે.

દૃઢ જ્ઞાન બોધ ને આભાસ રૂપ કર્મ ઉપાસના વિરોધી નથી, એમ છતાં મંદ બોધવાળાને આભાસ રૂપ કર્મ ઉપાસના પણ વિરોધી છે. કેમકે જે બોધ સંશયાદિકવાળો છે તેને મંદ બોધ કહે છે. જેના અંતઃકરણમાં

આત્મા અસંગ છે કે નથી? એવો કોઇ વખત સંશય થતો હોય, તે પુરૂષે વારંવાર "આત્મા અસંગ છે, અને મારે કિંચિત્ માત્ર પણ કર્તવ્ય નથી, એ અર્થનું ચિંતન કરવું. એમ કરવાથી સંશય દૂર થઇ જઇને દૃઢ બોધ થશે. પણ જો સંશયવાળો માણસ કર્મ ઉપાસના કરશે તો જે મંદબોધ ઉત્પન્ન થયો છે તે દૂર થઇને "હું કર્તા ભોક્તા છું" એવો વિપરિત નિશ્ચય થઇ જશે, માટે મંદબોધની ઉત્પત્તિ થતા પહેલાંજ કર્મ ઉપાસના કરવી, પણ મંદબોધ ઉત્પન્ન થયા પછી નહિ.

જો મંદબોધવાળો કર્મ ઉપાસના કરશે તો ઉત્પન્ન થયેલો બોધ પણ નાશ પામી જશે.

દૃષ્ટાંતઃ—જેમ પક્ષી પોતાનાં ઇંડાંને પાંખો ઉત્પન્ન થતાં પહેલાં સેવે છે, પણ પાંખો આવ્યા પછી સેવતાં નથી. જો પાંખો આવ્યા પછી પણ ઇંડાંનું સેવન કર્યા કરે તો બાળક પક્ષીની પાખો તે ઇંડાંમાંના પાણીથી ગળી જાય છે. તેમ જ્ઞાનની ઉત્પત્તિ થયા પહેલાંજ કર્મ ઉપાસનાનું સેવન કરવું, પણ જ્ઞાનની ઉત્પત્તિ થયા પછી નહિ કરવું. જે માણસ જ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ કર્મ ઉપાસનાનું સેવન કરે, તો બાળક પક્ષીની પાંખોની પેઠે મંદ-જ્ઞાનનો નાશ થઇ જાય છે. પણ વૃદ્ધ પક્ષીની પાંખોને જેમ ઇંડાંના સંબંધથી હાનિ થતી નથી, તેમ દૃઢ બોધવાળાના જ્ઞાનને કર્મ ઉપાસનાથી હાનિ થતી નથી. તેમજ વૃદ્ધ પક્ષીને જેમ સેવનનો ઉપયોગ નથી, તેમ દૃઢ બોધવાળાને કર્મ ઉપાસનાનો ઉપયોગ પણ નથી.

આ રીતે જ્ઞાનીને મોક્ષને માટે કાંઇ પણ કર્તવ્ય નથી. આ શિષ્યના ત્રીજા પ્રશ્નનો ઉત્તર થયો.

૮૨ પૂર્વોક્ત અર્થ સર્વ વેદનો સાર છે.

दोहा-शिष्य कह्यो जो तोंहि मैं, सर्व वेदको सार;
लहै ताहि अनयास ही संसृति नसै अपार. ११

અર્થ—હે શિષ્ય જે મેં તને કહ્યો તે સઘળા વેદનો સાર છે, માટે તેને યથાર્થ જાણીને તેમાં વિશ્વાસ કર અને એ જાણ-વાથી અપાર એવા સંસારનો શ્રમ વિના નાશ થાય છે. અર્થાત્ જન્મ મરણ થતું નથી. (સંસાર એટલે જન્મ મરણ.)

૮૩ ભાષાનો સંપ્રદાય.

વિચારસાગર ગ્રંથ નિશ્ચળદાસે કવિતામાં લખ્યો છે તથા તેના ઉપર વિવરણ પોતેજ હિંદુસ્તાની ભાષામાં કરેલું છે. ભાષામાં (હિંદુસ્તાની વગેરે ચાલતી ભાષાઓમાં) કવિતા વગેરેમાં કેવી છૂટ લેવામાં આવે છે, તે વિષે નિશ્ચળદાસ નીચે પ્રમાણે કહે છેઃ—

અથ ભાષા સંપ્રદાયકા દોહા.

"લઘુ ગુરુ લઘુ હોત હૈ, વૃત્તિ હેત ઉચ્ચાર;
રૂ નેંહે અરુકો ઠૌર મેં અબકી ઠૌર વકાર. ૧
સંયોગી ક્ષ ન, કપર ષ ન, નહીં ટ વર્ગ ણકાર;
ભાષામૈં ઋલૃ હુ નહીં, અરૂ તાલવ્યશકાર. ૨"

ભાષામાં છંદને માટે ગુરૂના સ્થાનમાં લઘુ અને લઘુના સ્થાનમાં ગુરૂ બોલવાનો દોષ નથી.

'મોક્ષ'ને બદલે મોછ લખાય છે. કેમકે ભાષામાં 'ક્ષ' નથી.

'અરૂ'ને ઠામે 'રૂ' લખાય છે.

'અબ'ને ઠામે 'વ' લખાય છે.

'ષ'ને ઠામે 'ખ'; 'ણ'ને ઠામે 'ન'; 'ઋ'ને ઠામે 'રિ'; 'લૃ' ને ઠામે 'લ્રિ' અને 'શ'ને ઠામે 'સ' લખાયે છે.

૮૪ ઉક્ત અર્થનો સંગ્રહ.

"જગતનો કર્તા ઇશ્વર છે; તે તારાથી ભિન્ન નથી; અને તૂં સત્ ચિત્ આનંદ રૂપ બ્રહ્મ છે. એમ આચાર્યે કહ્યું. તેજ વાત કૃપા કરીને ફરી કહે છેઃ—

કવિત્ત.

દીનતાકૂં ત્યાગી નર અપનો સ્વરૂપ દેખિ,
તૂં તૌ શુદ્ધ બ્રહ્મ અજ દૃશ્યકો પ્રકાસી હૈ,
આપને અજ્ઞાનતૈં જગત સબ તૂંહી રચૈ,
સર્વકો સંહાર કરૈ આપ અવિનાસી હૈ;
મિથ્યા પરપંચ દેખિ દુઃખ જિન આણી જિય,
દેવનકો દેવ તૂ તૌ સબ સુખ રાસી હૈ;
જીવ જગ ઈસ હોય, માયાસૈં પ્રભાસૈં તુહી,
જૈસે રજ્જુ સાપ; સીપ રૂપ હ્વૈ પ્રભાસી હૈ. ॥૧૨॥

અર્થ—હે શિષ્ય! હું અલ્પજ્ઞ, અસમર્થ મનુષ્ય છું, એવી હીનતા છોડી દે; તું પોતાનું સ્વરૂપ જો; તું તો શુદ્ધ બ્રહ્મ છે, જન્મ રહિત છે અને દૃશ્ય માત્રનો પ્રકાશ કરનાર છે.

તુંજ પોતાના અજ્ઞાનથી આ સઘળા જગતની રચના કરે છે. ('હું અને મારૂં' એ જગત જીવે પોતાના અજ્ઞાનથી રચેલું

છે.) (તુંજ જ્ઞાન પ્રાપ્ત થવા વડે) તે જગતનો સંહાર કરે છે. એમ છતાં તું પોતે તો અવિનાશી છે.

આ મિથ્યા પ્રપંચ (વિસ્તાર પામેલું જગત્) દેખીને તું જે તારા મનથાં દુઃખ આણે છે તે ન આણીશ; કેમકે તું તો દેવનો પણ દેવ છે, અને અત્યંત સુખમય છે.

જેમ દોરડી સાપરૂપે અને છીંપ રૂપા રૂપે દેખાય છે, તેમ માયા વડે તુંજ પોતે જીવ રૂપે, જગત રૂપે અને ઇશ્વર રૂપે દેખાય છે.

૮૫ જ્ઞાનનાં સાધન.

कवित्त.

राग जारी, लोभ हारी, द्वेष जारी, मार वारीं,
वार वार मृगवारि पारवार पेखिये,
ज्ञानभान आनि, तमतम तारि, भाग त्याग,
जींवसीव भेदछेद, वेदन सु लेखिये;
वेदको विचार सार आपकूं संभारि यार,
टारि दासपास आस ईसकी न देखिये;
निश्चल तूं चल न, अचल, चलदल छल,
नभ नील तलमल तासूं न बिसेखिये. १३

અર્થ—ગુરૂ કહે છે કે હે શિષ્ય! રાગને બાળી દે; લોભનો નાશ કર; દ્વેષને મારી નાંખ; અને કામને દૂર કર. અને સંસાર એ મૃગજળના સમુદ્ર જેવો છે એમ વારંવાર જોયા કર.

જ્ઞાનરૂપી સૂર્ય પ્રાપ્ત કરીને અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કર. અને જીવમાંથી અવિદ્યા ભાગનો તથા ઇશ્વિરમાંથી માયા ભાગનો ત્યાગ કરી, જીવ ઇશ્વરમાં જે ભેદ જણાતો હોય તેનો નાશ કર અને તે બન્નેમાં અવશિષ્ટ રહેલો જ્ઞાનરૂપ ચેતન ભાગ છે તે ભેદ રહિત છે એમ જાણ.

વેદના વિચારનો સાર એ છે કે તું પોતે પરમાત્મા છે તે સંભાર; અને ઇશ્વર ધણી છે તથા તું દાસ છે, એ બંધન કાપી નાંખ.

નિશ્ચલદાસ કહે છે કે તું ચળ નથી પણ અચળ છે. સંસાર રૂપી અશ્વત્થ વૃક્ષ આકાશની નિલતા પેઠે તથા કટાહરૂપની પેઠે મિથ્યા છે.

ટીકા—રાગ એટલે પદાર્થમાં દઢ આસક્તિ, રાગ, લોભ, દ્વેષ અને કામ, એ ચાર ઉપરથી તમામ રાજસી અને તામસી વૃત્તિઓનો ત્યાગ કરવાનું સૂચવ્યું છે. અર્થાત્ રાજસી અને તામસી વૃત્તિઓ જ્ઞાનની વિરોધી છે, માટે તેમનો નાશ કર્યા વિના જ્ઞાન થાય નહિ, માટે તે વૃત્તિઓની નિવૃત્તિ કરવી જિજ્ઞાસુને જરૂરની છે.

વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ, અને મુમુક્ષુતા, એ ચાર જ્ઞાનનાં સાધન છે, તેમાં વિવેક સહુથી મુખ્ય છે. કેમકે વિવેકથી વૈરાગ્ય ઉપજે છે. માટે વિવેકનો ઉપદેશ આચાર્ય કરે છેઃ—

હે શિષ્ય! પારવાર જે સંસાર તેને વારંવાર મૃગતૃષ્ણા જેવો મિથ્યા જાણ. એમાં પારવાર નામ સંસારનું છે, માટે એ સંસારથી ભિન્ન જે આત્મા તે **અપારવાર** કહેવાય. હવે પારવાર મિથ્યા છે, એ ઉપરથી અપારવાર મિથ્યા નથી પણ સત્ય છે એમ અર્થાત્ સમજાય છે.

જેમ, બાજીગરનો તમાસો જોઇ રહેલા છોકરાને તેનો પિતા કહે, કે "હે પુત્ર! આ આંબો વગેરે જે બાજીગરે બનાવ્યું છે તે બધું મિથ્યા છે." એમ કહેવાથી છોકરો બાજીગરને મિથ્યા જાણતો નથી, પણ સત્ય જાણે છે. તેમ જગતને મિથ્યા કહેવાથી 'આત્મા સત્ય છે' એમ સમજાઇ જશે એવા હેતુથી આચાર્યે પારવારને મિથ્યા કહીને ચલાવ્યું છે.

આ રીતે જગત્ મિથ્યા છે અને આત્મા સત્ય છે એવા વિવેકનો ઉપદેશ કર્યો છે.

વિવેક થયા પછી બીજાં સાધન પોતાની મેળેજ ઉત્પન્ન થાય છે. માટે એકલા વિવેકનો ઉપદેશ કર્યો છે, તે ઉપરથી વૈરાગ્ય વગેરે બીજાં સાધનોનો ઉપદેશ પણ સમજી લેવો.

એ રીતે જ્ઞાનનાં બહિરંગ સાધન કહ્યાં. હવે અંતરંગ સાધન જે શ્રવણ તે વિષે કહે છેઃ—હે શિષ્ય! જ્ઞાનરૂપી જે ભાનુ છે તેને શ્રવણથીસંપાદન કરીને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર. તમ નામ અંધારાનું તથા અજ્ઞાનનું છે.

કવિતામાં 'તમરૂપી તમ' એટલે અજ્ઞાન રૂપી અંધારૂં એમ છે, એમાં પહેલો તમ (અજ્ઞાન) શબ્દ એ ઉપમેય છે. અને બીજો તમ (અંધારૂં) શબ્દ એ ઉપમાન છે.

अथ उपमान उपमाउपमेय स्वरूप.

दोहा-जाकू उपमा दीजिये, सो उपमेय बखानि;
जाकी उपमा दीजिये. सो कहिये उपमानि. ३

અર્થ—જેને ઉપમા આપી હોય તે ઉપમેય કહેવાય છે, અને જેની ઉપમા આપી હોય તે ઉપમાન કહેવાય છે.

૮૬ મહાવાકયાનુસાર જ્ઞાનનું સ્વરૂપ.

જ્ઞાનનું સ્વરૂપ સાંખ્ય, ન્યાય, વગેરે શાસ્ત્રોમાં જૂદી જૂદી રીતે કહેલું છે. માટે અહીં મહાવાકયને અનુસારે જ્ઞાનનું સ્વરૂપ કહે છેઃ—હે શિષ્ય!—

(૧) જીવ અને ઈશ્વરમાં અનુક્રમે અવિદ્યા અને માયા ભાગનો ત્યાગ કરીને તેમનો જે ભેદ પ્રતીત થાય છે તેને દૂર કર.

(૨) અને જીવ ઈશ્વરમાં જે ચેતન ભાગ છે તેને ભેદ રહિત જાણ.

એમ કહેવા વડે, મહાવાકયમાં ભાગત્યાગ લક્ષણા કરીને જીવ ઈશ્વરની એકતા જાણ, એમ સમજાવ્યું છે.

હે શિષ્ય! તું ચળ નથી એટલે વિનાશી જે દેહસંઘાત તે તું નથી. પણ તું અચળ છે એટલે અવિનાશી બ્રહ્મ તે તું છે. ચલદલ એટલે પીંપળો, અર્થાત્ વૃક્ષ. વૃક્ષરૂપ જે સંસાર તે મિથ્યા છે. જેમ આકાશમાં નીલતા અને કડાઇ જેવો આકાર છે નહિ, પણ મિથ્યા પ્રતીત થાય છે તેમ આત્મામાં સંસાર નથી તથાપિ મિથ્યા પ્રતીત થાય છે.

શ્રુતિમાં સંસારને વૃક્ષરૂપે કહ્યો છે, માટે અહીં પણ વૃક્ષને ઠેકાણે ચલદલ (પીંપળો) શબ્દ વાપર્યો છે.

૮૭ અજ્ઞાની અને જ્ઞાનીના બંધમોક્ષનું કથન.

મોક્ષનું સાધન જ્ઞાન છે એ અર્થને નિશ્ચળદાસ કવિતામાં બીજા પ્રકારે કહે છેઃ—

कवित्व.

बंधमोक्ष गेह देहवान ज्ञानवान जान,
राग रु विराग दोइ धजा फररात है;
विषे विषै सत्यभ्रम, भ्रमभति वात तात,
हलव्वात प्रातरात घरि न ठहरात है,
साक्ष्य साक्षी पूतरी अनूजरी रु ऊजरी है,
देखि रागी त्यागी ललचात जन जात है;
चंचल अचल भ्रम ब्रह्म लखि रूप निज,
दुःखकूप आनंद स्वरूप मैं समात है. १४

અર્થ—બંધ અને મોક્ષરૂપી બે ઘરમાં રહેનારા માલિક અનુક્રમે બે છેઃ બંધરૂપી ઘરમાં રહેનારો દેહાભિમાની છે, અને મોક્ષરૂપી ઘરમાં રહેનારો જ્ઞાની છે. તે બન્ને ઘરની નિશાની તરીકે તેના ઉપર અનુક્રમે રાગ અને વિરાગ રૂપી ધજાઓ ફરકે છે. એ બન્નેધજાઓમાંથી રાગરૂપી ધજાને વિષયમાં સત્યતા ભ્રાંતિ

રૂપી વાયુ હલાવી રહ્યો છે, અને વિરાગરૂપી ધજાને વિષયો ભ્રમ છે—સત્ય નથી—એવી બુદ્ધિરૂપી વાયુ રાત દિવસ હલાવી રહ્યો છે, તે ઘડી પણ અટકતો નથી. વળી બંધમોક્ષના ધામરૂપ અજ્ઞાની અને જ્ઞાનીના અંતઃકરણરૂપી ઘર ઉપર સાક્ષ્ય અને સાક્ષીરૂપ બે પૂતળીઓ છે. તેમાંની પહેલી કાળી છે અને બીજી શ્વેત છે. તેને જોઈને અનુક્રમે રાગી અને ત્યાગી માણસો લલચાઈ જાય છે. એ બેમાંનો પહેલો પોતાને ચંચળ અને ભ્રમરૂપ જાણે છે તથા બીજો પોતાને અચળ અને બ્રહ્મરૂપ જાણે છે અને તેથી પહેલો દુઃખરૂપી કૂવામાં પડે છે, અને બીજો આનંદ સ્વરૂપમાં સમાઈ જાય છે. ૧૪

હે શિષ્ય ! દેહાભિમાની (અજ્ઞાની) અને જ્ઞાની બન્ને બંધ અને મોક્ષનાં ધામ છે.

(૧) અજ્ઞાની બંધનું ધામ છે. અને—

(૨) જ્ઞાની મોક્ષનું ધામ છે.

રાગ અને વિરાગ એ બે તેમની ધજાઓ છે. જેમ, ધજા એ રાજાના નગરનું ચિન્હ હોય છે, તેમ રાગ અને વિરાગ અનુક્રમે તે બન્નેનાં ચિન્હ છે. તેમાં—

(૧) રાગ એ અજ્ઞાનીનું ચિન્હ છે.

(૨) વિરાગ એ જ્ઞાનીનું ચિન્હ છે.

અજ્ઞાનીને પણ વિરાગ થાય છે. માટે જ્ઞાનીના અને અજ્ઞાનીના વિરાગમાં શો તફાવત છે તે કહે છે:—

(૧) હે તાત !શબ્દાદિક વિષયમાં સત્યભ્રમ એટલે સત્યપણાની ભ્રાંતિ, એ અજ્ઞાનીનું ધજારૂપ ચિન્હ છે.

(૨) અને વિષયમાં ભ્રમ બુધિ એટલે દોરડીમાંના સાપની પેઠે વિષય ભ્રમરૂપ છે, એવી જે બુદ્ધિ, એ જ્ઞાનીનું ધજારૂપ ચિન્હ છે.

અજ્ઞાની અને જ્ઞાનીની ઉપર કહી તેવી બે પ્રકારની બુદ્ધિ વાયુની પેઠે રાગ અને વિરાગને હલાવે છે. જેમ વાયુ ધજાને ઢીલી ન પડવા દેતાં ચંચળ કરે છે, તેમ વિષયમાં સત્યબુદ્ધિ રાગને ઢીલો ન પડવા દેતાં અક્કડ રાખીને ઉડવાનો જોસ આપે છે, અને વિષયમાં ભ્રમબુદ્ધિ વિરાગને ઢીલો ન પડવા દેતાં તેને જોસ આપે છે. મતલબ કે—

(૧) વિષયમાં સત્ય બુદ્ધિથી રાગની શિથિલતા દૂર થાય છે. અર્થાત્ રાગ મજબૂત થાય છે.

(૨) વિષયમાં ભ્રમ બુદ્ધિથી વિરાગની શિથિલતા દૂર થાય છે. અર્થાત્ વિરાગ મજબૂત થાય છે.

વિષય અસત્ય છે માટે તેમાં સત્ય બુદ્ધિ ભ્રાંતિ રૂપ છે, એ વાત જણાવવાને પાછળ અજ્ઞાનીનું ધ્વજા રૂપ ચિન્હ કહેતી વખતે "સત્યભ્રમ" શબ્દ વાપર્યો છે, પણ 'સત્ય બુદ્ધિ' એ શબ્દ વાપર્યો નથી.

ભ્રાંતિ જ્ઞાન અને ભ્રાંતિ જ્ઞાનનો વિષય જે મિથ્યા વસ્તુ તે બન્ને વાનાં **ભ્રાંતિ** કહેવાય છે. એમ કહેવા વડે અજ્ઞાનીના વિરાગમાં અને જ્ઞાનીના વિરાગમાં તફાવત છે એમ સમજાવ્યું છે. કેમકે અજ્ઞાનીનો વિરાગ વિષયમાં મિથ્યા બુદ્ધિથી ઉત્પન્ન નથી થયો માટે મંદ છે. 'વિષય મિથ્યા છે' એવી બુદ્ધિ અજ્ઞાનીને થતી નથી.

(૧) જો કે શાસ્ત્ર યુક્તિથી અજ્ઞાની પણ વિષયને મિથ્યા જાણે છે, તથાપિ 'વિષય મિથ્યા છે' એવી અપરોક્ષ બુદ્ધિ જ્ઞાનીનેજ થાય છે, અજ્ઞાનીને થતી નથી. માટે અજ્ઞાનીની વિષયમાં જે પરોક્ષ મિથ્યા બુદ્ધિ છે, તે વડે વિષયમાં અપરોક્ષ સત્યતાની ભ્રાંતિ દૂર થતી નથી. આ રીતે અજ્ઞાનીને વિષયમાં જ્યારે વિરાગ થાય છે, તે વખતે તેને મન વિષયમાં પરોક્ષ મિથ્યા બુદ્ધિ છે; પણ પરોક્ષ મિથ્યા બુદ્ધિથી અપરોક્ષ સત્ય બુદ્ધિ પ્રબળ છે, માટે અજ્ઞાનીની પરોક્ષી મિથ્યા બુદ્ધિ વિરાગની હેતુ નથી; પણ પ્રબળ એવી જે વિષયમાં સત્ય બુદ્ધિ, તેનાથી વિષયમાં રાગજ ઉત્પન્ન થાય છે. અને કદાચિત્ અજ્ઞાનીને વિષયમાં વિરાગ થતો હોય તો તે વિષયમાં મિથ્યા બુદ્ધિને લીધે નથી થતો, પણ વિષયમાં દોષ દષ્ટિથી થાય છે.

(૨) જ્ઞાની સઘળા પ્રપંચને અપરોક્ષ રૂપે કરીને મિથ્યા જાણે છે. તે અપરોક્ષ મિથ્યા બુદ્ધિથી અપરોક્ષ સત્ય બુદ્ધિ દૂર થાય છે. તેથી રાગનો હેતુ જે વિષયમાં સત્ય બુદ્ધિ, તે તો જ્ઞાનીને છે નહિ, પણ વિરાગનો હેતુ જે વિષયમાં મિથ્યા બુદ્ધિ તે જ્ઞાનીને હોય છે. જો જ્ઞાનીને ફરીને વિષયમાં સત્યબુદ્ધિ થાય તો રાગ પણ ફરી થાય અને વિરાગ ખસી જાય; પણ અપરોક્ષ રૂપે મિથ્યા જાણેલા પદાર્થમાં ફરીને સત્ય બુદ્ધિ થતી નથી; જેમ અપરોક્ષ રીતે મિથ્યા જાણેલા દોરડીમાંના સાપમાં ફરીને 'એ સાચો સાપ છે' એવી સત્ય બુદ્ધિ થતી નથી, તેમ જ્ઞાનીને ફરીને વિષયમાં સત્યબુદ્ધિ થતી નથી, આ રીતે જ્ઞાનીને રાગની ઉત્પત્તિ અને વિરાગની નિવૃત્તિ થતી નથી માટે જ્ઞાનીનો દઢ વૈરાગ્ય છે.

દોષ દષ્ટિથી અજ્ઞાનીને જે વૈરાગ્ય થાય છે તેતો પાછો દૂર થઇ જાય છે. કેમકે જે પદાર્થમાં દોષ દષ્ટિ થાય છે, તેજ પદાર્થમા બીજે વખતે

સમ્યક્ બુદ્ધિ પણ થઈ જાય છે. (તે પદાર્થ સારો છે એ બુદ્ધિને સમ્યક્ બુદ્ધિ કહે છે.) જે સર્વે પુરુષોને પશુ ધર્મના અંતમાં સ્રી વિષે દોષ દૃષ્ટિ થાય છે, અને બીજે વખતે પાછી સમ્યક્ બુદ્ધિ થાય છે. આ રીતે જ્યારે દોષ દૃષ્ટિ દૂર થાય છે, ત્યારે અજ્ઞાનીનો વૈરાગ્ય પણ દૂર થઇ જાય છે. માટે અજ્ઞાનીને દૃઢ વૈરાગ્ય થતો નથી. (શ્રી ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે–નિરાહાર એટલે બહારથી વિષયનો ત્યાગ કરનારા દેહીના એટલે જિજ્ઞાસુના વિષયો દૂર થાય છે ખરા, પણ રસવર્જ દૂર થય છે. મતલબ કે વિષયોની સૂક્ષ્મ વાસના દૂર થતી નથી. મનુષ્યનો એ સૂક્ષ્મ રાગ પણ પરબ્રહ્મના અપરોક્ષ જ્ઞાને કરીને નિવૃત્ત થાય છે.)

એ રીતે રાગ અને વિરાગ એ અનુક્રમે અજ્ઞાની અને જ્ઞાનીનાં ચિન્હ છે.

બીજાં પણ ચિન્હ છેઃ--હે શિષ્ય! જેમ ધામના ઉપર પૂતળીઓ એટલે હાથી વગેરેની મૂર્તિઓ હોય છે તેમ બંધ અને મોક્ષનું ધામ જે અજ્ઞાની અને જ્ઞાનીનું અંત;કરણ છે, તેમાં અનુક્રમે સાક્ષ્ય અને સાક્ષી રૂપી પૂતળીઓ છે.

(૧) અજ્ઞાનીના અંતઃકરણમાં તો સાક્ષ્ય રૂપી પૂતળી છે.
(૨) જ્ઞાનીના અંતઃકરણમાં સાક્ષી રૂપી પૂતળી છે.
સાક્ષીનો વિષય જે પ્રપંચ તેને **સાક્ષ્ય** કહે છે.
(૧) સાક્ષ્ય રૂપી પૂતળી મલિન હોય છે.
(૨) સાક્ષી રૂપી પૂતળી શુદ્ધ હોય છે.

પ્રથમની પૂતળી રૂપી પ્રપંચને જોઇને **રાગી** માણસ લલચાઇ જાય છે. અને ત્યાગી સાક્ષીને જોઇને લલચાઇ જાય છે એટલે એ સ્વરૂપના અનુભવમાં આનંદ ભોગવવાની ઇચ્છા કરે છે.

રાગી માણસ અસ્થિર એવા ભ્રમરૂપ પ્રપંચને સત્ય (પોતાનું) રૂપ માનીને દુઃખમાં પડે છે; ત્યાગી માણસ સ્થિર એવા બ્રહ્મને પોતાનું રૂપ માનીને આનંદમાં સમાઇ જાય છે.

લક્ષણા સામાન્ય નિરૂપણ.

૮૯ લક્ષણાના ત્રણ પ્રકાર,

પાછળ (આ તરંગમાં ૮૫મા અંકમાં) ભાગત્યાગલક્ષણા બાબત ખાસ કરી સૂચન કર્યું હતું. એ સૂચન કરવાનો હેતુ લક્ષણા અને તેના પ્રકાર સમજાવવાનો હતો, માટે હવે લક્ષણાના ભેદ કહે છે.

अथ लक्षणा

दोहा-त्रिविधि लछना कहत है, कोविद बुद्धिनिधान:
जहती अरु अजहति पुनी, भागत्याग निजजान. १५
आदि दोइ नहिं संभवै, महावाक्यमैं तात;
भागत्यागतैं रूप निज, ब्रह्मरुप दरसात. १६

અર્થ—બુદ્ધિમાન્ પંડિતો લક્ષણા ત્રણ પ્રકારની કહે છે. તેનાં નામઃ—(૧) **જહતી લક્ષણા**, (૨) **અજહતી લક્ષણા**, અને (૩) **ભાગત્યાગ લક્ષણા**. ૧૫

મહાવાકયનો અર્થ કરવામાં પહેલાંની બે લક્ષણાઓ એટલે જહતીલક્ષણા અને અજહતીલક્ષણા સંભવતી નથી. પણ છેલ્લી ભાગત્યાગ લક્ષણા વડે પોતાનું સ્વરૂપ બ્રહ્મ છે એમ સમજાય છે. ૧૬

૯૦ લક્ષણા એટલે શું?

શિષ્ય ઉવાચ.

अर्ध शंकर छंद.

अब लक्षणा प्रभु कहत काकूं, देहु यह समुझाय;
पुनि भेद ताके तीनि तिनके, लक्षणहु दरसाय. १७

શિષ્ય—હે ગુરો! લક્ષણા કોને કહે છે તે મને સમજાવો, તથા તે લક્ષણાના ત્રણ ભેદ તમે કહો છો, તેનાં શાં શાં લક્ષણો છે તે પણ સમજાવો. ૧૭

ટીકા—કેમકે સામાન્યજ્ઞાન થયા પછીજ વિશેષનું જ્ઞાન થાય છે. જેમ સામાન્ય બ્રાહ્મણનું જ્ઞાન થયા પછી તે ઔદિચ્ય બ્રાહ્મણ છે કે રાયકવાળ બ્રાહ્મણ છે એવું વિશેષ જ્ઞાન થાય છે. એજ રીતે સામાન્ય લક્ષણાનું જ્ઞાન થાય તો **જહતી** વગેરે લક્ષણાના વિશેષ રૂપનું જ્ઞાન થાય. લક્ષણાનું સામાન્ય રૂપ જાણ્યા વિના જહતી વગેરે વિશેષ રૂપનું જ્ઞાન થાય નહિ. માટે શિષ્યે કહ્યું કે હે ગુરો! લક્ષણા કોને કહે છે તે હું જાણતો નથી; માટે લક્ષણાનું સામાન્ય રૂપ બતાવીને તેની પછી જહતી આદિક જે લક્ષણાના ત્રણ ભેદ છે તેનાં જૂદાં જૂદાં લક્ષણ સમજાવો.

૯૧ શક્તિવૃત્તિ અને લક્ષણાવૃત્તિ.

ગુરુ ઉવાચ.

श्रुति चित्त निज एकाग्र करि, अब शिष्य सुनि मम बानि;
ज्यूं लच्छना अरु भेद ताके, लेहु नीके जानि;

सुनि वृत्ति है द्वै भांति पदकी, शक्ति तामैं एक,
तहां लछना पुनि जानि दूजी, सुनहु सो सविवेक. १८

અર્થ—હે શિષ્ય! તારા કાન અને મન એકાગ્ર કરીને મારી વાણી સાંભળ કે જેથી લક્ષણા અને તેના ભેદ તું સારી રીતે સમજી શકે. (આ વિષય સૂક્ષ્મ હોવાથી ગુરૂએ એવી સૂચના કરી છે. પદનો અર્થ સાથે જે સંબંધ, તેને **વૃત્તિ** કહે છે.) તે વૃત્તિ બે પ્રકારની છે. તે બે પ્રકારમાં એક **શક્તિવૃત્તિ** છે અને બીજી **લક્ષણાવૃત્તિ** છે. તે બેનું સ્વરૂપ હું કહું છું તે વિવેક સહિત સાંભળ. ૧૮

(વિચાર સાગરના ટીકાકાર પંડિત પિતાંબરદાસજીએ આ સંબંધી વિશેષ ખુલાસો કર્યો છે તે ઉપયોગી હોવાથી અહીં ઉતારીએ છીએ):—

૯૨. વૃત્તિ એટલે શું?

જેમ, વાછરડાનો ગાય સાથે સંબંધ છે, તેથી અનેક ગાયોમાં રહેલી પોતાની માતારૂપ ગાયને તે વાછરડું શોધી કાઢે છે અને તેના તરફ પેલા વાછરડાની પ્રવૃત્તિ થાય છે. જો વાછરડાનો ગાય સાથે સંબંધ ન હોય તો એવી પ્રવૃત્તિ થાય નહિ. માટે વાછરડાનો અને ગાયનો જે પરસ્પર સંબંધ છે તેને **જન્યજનકભાવ** સંબંધ કહેવામાં આવે છે. એ જન્યજનકભાવરૂપ જ્ઞાનનો હેતુ જે વાછરડાની ગાય તરફ પ્રવૃત્તિ, તેને પણ સંબંધ કહે છે.

તેજ રીતે શબ્દની પોતપોતાની અર્થમાં જે પ્રવૃત્તિ થાય છે તે પણ સબંધ વિના થાય નહિ, માટે શબ્દનો પણ પોતાના વાચ્યરૂપ અથવા લક્ષ્ય રૂપ અર્થ (પદાર્થ) સાથે **વાચ્ય વાચક ભાવરૂપ** અથવા **લક્ષ્ય લક્ષક ભાવરૂપ સંબંધ** કહેવાય છે.

આ બે પ્રકારના સંબંધનેજ **સ્માર્ય સ્મારકભાવ રૂપ સંબંધ** પણ કહે છે.

(૧) વાચ્યરૂપ અથવા લક્ષ્યરૂપ જે અર્થ તે પદવડે સ્મરણ કરવા યોગ્ય છે માટે તે **સ્માર્ય** કહેવાય છે

(૨) વાચકરૂપ અથવા લક્ષકરૂપ જે પદ તે, તે અર્થનું સ્મરણ કરાવનારૂં છે માટે તેને **સ્મારક** કહે છે.

પદ અને અર્થનો પરસ્પર સ્માર્યસ્મારકરૂપ સંબંધ છે. તે સંબંધનું જ્ઞાન કરાવવાના હેતુરૂપ જે પોતાના અર્થમાં પ્રવૃત્તિ, તેને પણ **શબ્દ સાથે અર્થનો સંબંધ** કહેવામાં આવે છે. એજ પ્રવૃત્તિરૂપ સંબંધને શબ્દની **વૃત્તિ** પણ કહે છે.

એ વૃત્તિરૂપ સંબંધ કોઇ જગોએ શક્તિરૂપ હોય છે, અને કોઇ જગોએ લક્ષણારૂપ હોય છે, તે પ્રસંગથી સમજી શકાય છે.

૯૩. વૃત્તિ શબ્દના બીજા અર્થો અહીં લેવા નથી.

(૧) શાસ્ત્રમાં અંતઃકરણના અથવા અવિદ્યાના પરિણામને પણ વૃત્તિ કહે છે.

(૨) તેમજ વર્તવું–ચાલુ રહેવું, એનું નામ પણ વૃત્તિ છે.

(૩) તેમજ જીવનનિર્વાહના સાધનનું નામ પણ વૃત્તિ છે.

(૪) પ્રાણીની ક્રિયાનું નામ પણ વૃત્તિ છે.

(૫) કોઇક વ્યાકરણના વિભાગનું નામ પણ વૃત્તિ છે.

વૃત્તિ શબ્દ એમ અનેક અર્થમાં વપરાય છે. તે બધામાંથી કોઇ અર્થ વૃત્તિ શબ્દનો અહીં જાણવાનો નથી. પણ **શબ્દનો અર્થ સાથે સંબંધ** એજ અર્થ વૃત્તિ શબ્દનો અહીં સમજવો.

૯૪. શક્તિ એટલે શું ?

શબ્દમાં પોતાના અર્થનું જ્ઞાન કરવાનું જે સામર્થ્ય છે, તેને **શબ્દની શક્તિ** કહે છે.

એ શબ્દની શક્તિ ઘડાનાં ઉપરનાં નિચલાં બે કાચલાંની વચ્ચે રહેલા કપાલસંયોગ (કપાલ–ઘડાનું કાચલું) ની પેઠે, અથવા કાર્યકારણ વગેરેની વચમાં રહેલા સમવાય સંબંધ કે તાદાત્મ્ય સંબંધની પેઠે, શબ્દ અને અર્થ એ બન્નેની વચ્ચે રહેલી છે. માટે તે શક્તિ શક્તિવૃત્તિરૂપ, શબ્દનો અર્થની સાથે **સાક્ષાત્ સંબંધ** કહેવાય છે.

૯૫. શક્તિ વૃત્તિના ત્રણ ભેદ.

એ રીતે ઉપર કહેલી શબ્દની અર્થની સાથે સાક્ષાત્ સંબંધરૂપ શક્તિ વૃત્તિ (૧) યોગાવૃત્તિ, (૨) રૂઢિવૃત્તિ, અને (૩) યોગારૂઢિ વૃત્તિ, એમ ત્રણ પ્રકારની છે.

(૧) **યોગાવૃત્તિ**—જે શબ્દમાં પોતાના અવયવોના યોગ (મેળાપ) થી અર્થનું જ્ઞાન કરવાનું સામર્થ્ય છે, તે શબ્દનો પોતાના અર્થની સાથેયોગશક્તિ રૂપ સંબંધ છે; તેનેજ શબ્દની યોગાવૃત્તિ કહે છે.

જેમ—'પગરખું' એ શબ્દ છે. તેમાં 'પગ' અને 'રખું' એવા બે અવયવ છે. તેના યોગથી (મેળાપથી) પગનું રક્ષણ કરનાર 'જોડા (ખાસડું)' એવા અર્થનું જ્ઞાન કરવાનું સામર્થ્ય એ શબ્દમાં રહેલું છે. માટે 'પગરખું' એ શબ્દનો પગનું રક્ષણ કરનાર (ખાસડું) અર્થ સાથે યોગાશક્તિરૂપ સંબંધ છે. અને એ સંબંધને લીધેજ તેને યોગાવૃત્તિ કહે છે.

૨ રૂઢિવૃત્તિ—જે પદના અવયવો વડે અર્થનું જ્ઞાન થાય નહિ, પણ "આ પદનો આવોજ અર્થ છે" એવી રીતે અર્થ સમજવાનો સંકેત (પરિભાષા) જે શબ્દમાં રહેલી હોય, તે શબ્દનો પોતાના અર્થ સાથે રૂઢિશક્તિરૂપ સંબંધ કહેવાય છે. અને તેનેજ શબ્દની રૂઢિવૃત્તિ કહે છે.

જેમ, "ઝાડ" શબ્દ છે. એના અવયવોથી કોઇ અર્થનું જ્ઞાન થઇ શકતું નથી. પણ "ઝાડ" શબ્દનો 'વૃક્ષ' એવોજ અર્થ કરવો, એવો જે લોકનો સંકેત છે, તેજ ઝાડ શબ્દનો વૃક્ષરૂપ અર્થની સાથે રૂઢિશક્તિરૂપ સંબંધ છે. એ સંબંધનેજ રૂઢિવૃત્તિ કહે છે.

૩ યોગારૂઢિવૃત્તિ—જે પદના અવયવોથી પણ જ્ઞાન થતું હોય, અને તે પદના અર્થમાં લોકોનો પણ સંકેત હોય, તે પદનો પોતાના અર્થ સાથે યોગારૂઢિ એવી ઉભય (બન્ને) રૂપ શક્તિ કહેવાય છે.

જેમ. 'અંગરખું' શબ્દના અવયવ 'અંગ×રખું' છે. એ બન્ને અવયવના યોગથી શરીરનાં અંગોનું રક્ષણ કરનાર એવા અર્થનું જ્ઞાન થાય છે. અને વળી પગ રૂપ અંગનું રક્ષણ કરનાર અર્થને 'પગરખું' કહેવું પણ અંગરખું નહિ કહેવું–માત્ર ડગલાનેજ અંગરખું કહેવું, એવો લોકનો સંકેત પણ 'અંગરખા' શબ્દમાં રહેલો છે. માટે 'અંગરખા' શબ્દનો પોતાના અર્થ સાથે યોગારૂઢિ અને શક્તિ રૂપ સંબંધ છે. એ સંબંધને યોગારૂઢિ વૃત્તિ કહે છે.

ઉપર જે ત્રણ પ્રકારની શબ્દની શક્તિ વૃત્તિ કહી છે, તેને મુખ્યવૃત્તિ પણ કહે છે.

૯૧ લક્ષણાવૃત્તિ.

(૧) શબ્દની શક્તિ વૃત્તિ રૂપ સંબંધથી શબ્દના સાક્ષાત્ સંબંધવાળો જે અર્થ જાણવામાં આવે છે, તેને **શક્યાર્થ** કહે છે.

(૨) તે શક્યાર્થના સંબંધવાળો–બોલનારના તાત્પર્યનો વિષય (બોલનારના મનમાં જે અર્થ કહેવાનો હોય તે)–જે કોઇક બીજો અર્થ, તે બીજા અર્થની સાથે શબ્દનો જે પરંપરા સંબંધ તેને શબ્દની **લક્ષણાવૃત્તિ** કહે છે. અર્થાત્ શક્યાર્થદ્વારા શબ્દનો કોઈ ત્રીજા પદાર્થ જોડે સંબંધ તે **લક્ષણાવૃત્તિ**.

(૩) તે લક્ષણા વૃત્તિથી જાણવામાં આવે એવો જે પરંપરાવડે શબ્દના સંબંધવાળો અર્થ, તેને શબ્દનો **લક્ષ્યાર્થ** કહે છે.

અનુક્રમે ઉદાહરણો.

(૧) **શક્યાર્થનું ઉદાહરણ**—જેમ પિતા શબ્દનો શક્તિ વૃત્તિરૂપ સાક્ષાત્ સંબંધ 'જનક' રૂપ અર્થની સાથે છે. માટે 'જનક' રૂપ અર્થ તે પિતા

શબ્દનો શક્યાર્થ છે. કેમકે તે પિતા શબ્દની શક્તિ વૃત્તિરૂપ સંબંધથી જાણવામાં આવે છે.

૨ **લક્ષણાવૃત્તિનું ઉદાહરણ**—તે જનક રૂપ શક્ય અર્થના સંબંધવાળો, અને કોઇ સારા પ્રસંગ વખતે "સૌથી પ્રથમ પિતાને પગે લાગ" એ પ્રમાણે પૌત્રને બોધ કરનારો—બોલનાર પુરૂષના તાત્પર્યનો વિષય—પિતામહ રૂપ અન્ય અર્થ છે, તેને વિષે જે પિતા શબ્દનો પરંપરા સંબંધ તે પિતા શબ્દની લક્ષણા વૃત્તિ છે.

(૩) **લક્ષ્યાર્થનું ઉદાહરણ**—એ લક્ષણાવૃત્તિથી જાણવામાં આવતો એવો જે પિતા શબ્દનો પરંપરાથી (જનકરૂપ શક્ય અર્થ દ્વારા) સંબંધી પિતામહરૂપ અર્થ તે પિતા શબ્દનો **લક્ષ્ય અર્થ** છે.

(૪) **પરંપરા સબંધનું** ઉદાહરણ—જે અર્થની સાથે જેનો સાક્ષાત્ સંબંધ ન હોય, પણ કોઇ દ્વારા સંબંધ હોય તે અર્થની સાથે તેનો **પરપરાસંબંધ** કહેવાય છે.

જેમ, પૌત્રરૂપ ત્રીજા પુરૂષનો પોતાના પિતામહરૂપ પ્રથમ પુરૂષની સાથે સાક્ષાત્ સંબંધ (જન્યજનકભાવ સંબંધ) નથી, પણ પુત્રનો પોતાન પિતા સાથે સંબંધ (જન્ય જનક ભાવ) છે, અને પિતાનો સંબંધ પિતામહ સાથે છે; માટે પૌત્રનો પિતામહ સાથે પિતાદ્વારા સંબંધ છે. એ સંબંધ **પરંપરા સંબંધ** છે.

તેમ શબ્દનો પોતાનો સાક્ષાત્ સંબંધી શક્ય અર્થ છે. તે શક્ય અર્થથી ભિન્ન જે શક્ય અર્થનો સંબંધી, તેની સાથે શબ્દનો સાક્ષાત્ સંબંધ નથી; પણ શબ્દનો શક્તિરૂપ સંબંધ શક્ય અર્થની સાથે છે અને શક્ય અર્થનો સંયોગાદિરૂપ કોઇ પણ પ્રકારનો સંબંધ બોલનારના તાત્પર્યના વિષયરૂપ શક્યાર્થના સંબંધવાળા અન્ય અર્થની સાથે છે. માટે તે શક્યના સંબંધવાળા અન્ય અર્થની સાથે શબ્દનો શક્ય અર્થ દ્વારા સંબંધ છે. માટે તે **પરંપરા સંબંધ** કહેવાય છે.

શબ્દનો આ પરંપરા સબંધ એજ **લક્ષણાવૃત્તિ** છે. તે શબ્દનો પરંપરા સંબંધ જે અર્થની સાથે હોય તે, શબ્દનો **લક્ષ્યાર્થ** છે. લક્ષણાવૃત્તિનું સામાન્ય લક્ષણ અને ઉદાહરણ એ પ્રમાણે છે. એના જહતી વગેરે ત્રણ પ્રકારના ભેદનું વિવેચન હવે પછી [અં. ૧૧૭ થી ૧૧૯] થશે.

શક્તિવાદ.

૯૭. ન્યાયરીતિથી શક્તિનું લક્ષણ.

(ઇશ્વરની ઇચ્છા)

(પાછળ શક્યાર્થ અને લક્ષ્યાર્થ સંબંધી સમજુતી વિચારસાગરના

ટીકાકાર પંડિત પિતામ્બરદાસજીના લખવા પ્રમાણે આપી છે, કે જેથી વાંચનારને હવે પછી આવતો એ વિષય સમજવાને સુગમ પડે. હવે અહીંથી પાછો મૂળગ્રંથનો વિષય લખીએ છીએ, તેથી ફરીને એજ વિષયનું વિવેચન આવે તો વાંચનારે પુનરાવૃત્તિ જોઇને શંકિત થવું નહિ.)

जा पदतैं जा अर्थकी, व्है सुनते हि प्रतीति;
यसी इच्छा ईसकी, शक्ति न्यायकी रीति. १९

અર્થ—નૈયાયિકો કહે છે કે, અમુક શબ્દ સાંભળતાંજ અમુક અર્થનો બોધ થાઓ, એવી જે ઇશ્વરની ઇચ્છા તેને **શક્તિ** કહે છે. ૧૯ (અર્થાત્ 'ઘડો' વગેરે શબ્દ સાંભળતાંજ તે તે પદાર્થોની પ્રતીતિ (જ્ઞાન) બધા માણુસોને થાય, એવી જે ઇશ્વરની ઇચ્છા તેને ન્યાયશાસ્ત્રમાં શક્તિ કહે છે. ૧૯

૯૮. સિદ્ધાંતીની પોતાની રીતે શક્તિનું લક્ષણ.
(પદમાં અર્થના જ્ઞાનનું સામર્થ્ય.)

अथ स्वरीति शक्ति लक्षण.

अर्धशंकर छंद.

सामर्थ्य पदकी शक्ति जानहु, वेदमत अनुसार;
सो वह्निमें जिम दाहकी है शक्ति त्युं निरधार. २०

અર્થ—વેદમત પ્રમાણે પદમાં અર્થને ઓળખાવવાનું જે સામર્થ્ય રહેલું છે તેને શક્તિ કહેવી. જેમ અગ્નિમાં દાહશક્તિ છે તેની પેઠે. ૨૦.

ટીકા—(૧) 'ઘડો' એ શબ્દના સાંભળનારને 'કલશ' રૂપ અર્થનું જ્ઞાન કરવાનું જે 'ઘડો' એ શબ્દમાં સામર્થ્ય છે, તેજ 'ઘડો' એ પદમાં શક્તિ છે.

૨ તેમજ, 'પટ' શબ્દના સાંભળનારને 'વસ્ત્ર' રૂપ અર્થનું જ્ઞાન કરવાનું જે 'પટ' શબ્દમાં સામર્થ્ય છે, તે 'પટ' પદમાં 'શક્તિ વૃત્તિ' છે. એ રીતે બધાં પદોમાં શક્તિ વૃત્તિ સમજી લેવી.

દૃષ્ટાંત:—જેમ અગ્નિમાં, પોતાની સાથે સ્પર્શ કરતાંજ વસ્તુને બાળી મૂકવાના સામર્થ્ય રૂપ શક્તિ છે. તેમ શ્રોતાના કાન સાથે સંબંધ થતાંજ વસ્તુનું જ્ઞાન કરવાનું જે પદમાં સામર્થ્ય છે તેને **શક્તિ** કહે છે.

સામર્થ્ય એટલે સમર્થપણું. એનેજ બળ, જોર અને શક્તિ પણ કહે છે.

જેમ અગ્નિમાં દાહની શક્તિ છે તેમ જળમાં ભીનું કરવાની, તરસ દૂર કરવાની, લોચો કરવાની શક્તિ છે.

એ રીતે સર્વ પદાર્થોમાં પોતપોતાનું કામ કરવાનું જે સામર્થ્ય છે, તેજ શક્તિ છે, એવો વેદનો સિદ્ધાંત છે. એજ સિદ્ધાંતને નિશ્ચય કર; ન્યાયની રીતિ તજવા યોગ્ય છે.

૯૯ પૂર્વપક્ષઃ—વર્ણ સમુદાયથી જૂદી શક્તિ નથી, માટે ઇશ્વરની ઈચ્છા એજ શક્તિ છે.

शिष्य उवाच.

शंकर छंद.

ननु वह्निमैं नहि सक्ति भासै, वह्नि बिन कछु और;
है हेतुता जो दाहकी, सो वह्निमैं तिहि ठौर;
इम पदनहुं मै बर्नबिन कछु सक्ति भासत नाहीं.
या हेतुतैं जो ईस इंच्छा, सक्ति सो मतमांहि. २१

અર્થ—અગ્નિમાં અગ્નિના સ્વરૂપથી જૂદી કોઈ શક્તિ દેખાતી નથી. અને અગ્નિમાં જે બાળવાનું સામર્થ્ય છે તે તો અગ્નિમાંજ છે. એજ રીતે પદોમાં પણ અક્ષર વિના બીજી કોઈ શક્તિ દેખાતી નથી. આ હેતુથી જે ઈશ્વરની ઈચ્છા તેજ શક્તિ છે, એમ મારી બુદ્ધિમાં સમજાય છે. ૨૧

ટીકા—શિષ્ય કહે છે, હે ગુરો! મને એક સંદેહ થાય છે;-અગ્નિમાં અગ્નિના સ્વરૂપથી જૂદી શકિત દેખાતી નથી. પાછળ તમે કહ્યું કે, અગ્નિમાં જે બાળવાનું સામર્થ્ય છે તે દાહનો હેતુ છે, અને તેજ અગ્નિમાં શક્તિ છે. એ વાત સંભવતી નથી. કેમકે બાળવાનું કારણપણું એકલા અગ્નિમાંજ છે. અપ્રસિદ્ધ સામર્થ્ય અગ્નિમાં માનીને તેમાં [તે સામર્થ્યમાં] દાહની હેતુતા માનવાનું, તથા પ્રસિદ્ધ અગ્નિમાં દાહની હેતુતા તજવાનું કાંઇ કારણ નથી. મતલબ કે દાહનું કારણ અગ્નિ ને ન માનતાં તેમાં એક શક્તિ કલ્પીને તેને દાહનું કારણ માનવાનું કાંઇ પ્રયોજન નથી.

જેમ દૃષ્ટાંતમાં શક્તિ સંભવતી નથી, તેમ શબ્દમાં પણ અક્ષરોનો સમુદાય-જે શબ્દનું સ્વરૂપ છે-તેનાથી જૂદી શક્તિ દેખાતી નથી અને તે માનવાનું કારણ પણ નથી. માટે, નૈયાયિકો જે ઇશ્વરની ઇચ્છા રૂપ શબ્દની શક્તિ માને છે, તેજ મને ઠીક લાગે છે.

૧૦૦ અગ્નિમાં દાહકતા વગેરે કાર્યના સામર્થ્ય રૂપ શક્તિનું પ્રતિપાદન.

શંકર છંદ.

प्रतिबंध होते वह्नि तैं नहि, दाह उपजै अंग,
उत्तेजक रू जब, धरै तब फिरि, दहै वह्नि स्वसंग;
व्है वह्निमें जो हेतुता तौ दाह व्है सबकाल,
जो नसै उपजै वह्नि होते, हेतु सक्ति सुबाल. २२

અર્થ—હે શિષ્ય! પ્રતિબંધકને લીધે અગ્નિ છતાં પણ દાહ થતો નથી; અને ઉત્તેજક વસ્તુ સમીપ આવે એટલે (એ પ્રતિબંધક છતાં પણ) અગ્નિ પોતાના સંગથી તે પદાર્થને બાળે છે. જો શક્તિના વિના કેવળ અગ્નિમાં દાહની હેતુતા હોય તો સર્વદા અગ્નિના સંબંધથી દાહ થવો જોઇએ. (અર્થાત્ પ્રતિબંધક હોય તોપણ, અને ઉત્તેજક ન હોય તોપણ દાહ થવો જોઇએ.. કેમકે દાહનો હેતુ અગ્નિમાં તે વખતે પણ હોય છે. અમારા મતમાં એ દોષ આવતો નથી; કેમકે અમારા મત પ્રમાણે તો અગ્નિની શક્તિ અથવા શક્તિ સહિત અગ્નિ દાહનો હેતુ છે—કેવળ અગ્નિ દાહનો હેતુ નથી.)

છંદના ચોથા પાદનો અર્થઃ—હે બાલ! હે અજ્ઞાતતત્વ! જે અગ્નિ છતાં પણ પ્રતિબંધથી નાશ પામે અને ઉત્તેજકથી ઉત્પન્ન થાય, તે શક્તિ દાહનો હેતુ છે.

*(૧) કાર્યનુ જે વિરોધી હોય તેને પ્રતિબંધક કહે છે.

(૨) પ્રતિબંધક છતાં પણ કાર્યનું જે સાધક એટલે ઉત્પન્ન કરનાર હોય તેને ઉત્તેજક કહે છે.

(૧) અગ્નિમાં પ્રતિબંધક અને ઉત્તેજક મણિ, મંત્ર, ઔષધ, વગેરે છે. જે મણિ, અથવા મંત્ર, અથવા ઔષધ પાસે હોવાથી દાહ થાય નહિ તે પ્રતિબંધક છે અને—

[૨] જે મણિ, મંત્ર, કે ઔષધ પાસે હોવાથી પ્રતિબંધક છતાં પણ દાહ થાય તે ઉત્તેજક છે.

---

* પ્રતિબંધક અને ઉત્તેજકનો ખુલાસો ગ્રંથકારે છંદના અર્થને અંતે આપ્યો છે, પણ અર્થ સમજવાની અનુકૂળતા માટે તેટલો ભાગ અમે પ્રથમ આપ્યો છે—અનુવાદક.

[પ્રતિબંધક રૂપ મણિ, મંત્ર, ઔષધ વડે અગ્નિની દાહ કરનારી શક્તિનો નાશ અથવા અટકાવ થાય છે; તેમજ ઉત્તેજક રૂપ મણિ, મંત્ર, ઔષધ વડે અગ્નિની દાહક શક્તિની ઉત્પત્તિ અથવા પ્રાદુર્ભાવ થાય છે, એવું કેટલાક મહાત્માઓમાં જોવામાં આવે છે.]

ટીકા—જ્યાં પ્રતિબંધ હોય છે ત્યાં જોકે પ્રતિબંધથી અગ્નિનો નાશ અથવા તિરોધાન [ગુપ્ત રહેવાપણું] કદાચ ન થાય, તોપણ અગ્નિની શક્તિનો નાશ અથવા તિરોધાન થાય છે. માટે દાહનો હેતુ શક્તિ અથવા શક્તિ સહિત અગ્નિનો અભાવ થવાથી દાહ થતો નથી.

જે ઠેકાણે પ્રતિબંધની પાસે ઉત્તેજક આવે છે, તે ઠેકાણે પ્રતિબંધને લીધે અગ્નિની શક્તિનો નાશ અથવા તિરોધાન થાય છે, પણ ઉત્તેજકને લીધે કરીને અગ્નિની દાહક શક્તિની ઉત્પત્તિ અથવા પ્રાદુર્ભાવ થાય છે. માટે પ્રતિબંધક છતાં પણ ઉત્તેજકના માહાત્મ્યથી દાહની હેતુરૂપ શક્તિ અથવા શક્તિસહિત અગ્નિ હોવાથી દાહ થાય છે.

(અર્થાત્ અગ્નિ છતાં પણ દાહ થવામાં કે ન થવામાં જે હેતુભૂત છે, તેજ શક્તિ છે, એ રીતે અગ્નિથી દાહક શક્તિ જૂદી માનવાની જરૂર છે.)

૧૦૧ શક્તિનું પ્રયોજન અને પ્રમાણ.

अर्द्धशंकर छंद.

सिष रीति यह सब वस्तुमैं तुं, शक्ति लेहु पिछानि,
बिनसक्ति नहि कछु काज होवै यहै निश्चै मानि. २३

ગુરૂ—હે શિષ્ય ! આ રીતે બધી વસ્તુમાં તારે શક્તિને જાણી લેવી. શક્તિ વિના કોઇ હેતુથી કોઇ કાર્ય થતું નથી, એમ નિશ્ચય માનવું. ૨૩

વળી શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે, અગ્નિની શક્તિ અગ્નિથી ભિન્ન પ્રતીત થતી નથી, તેનો ખુલાસો આપતાં ગુરૂ જણાવે છે કે,

अर्धसंकर छंद.

अब सक्ति यामैं है नहीं वह सक्ति उपजी और;
यह सक्तिको परसिद्ध अनुभव लोपि है किस ठौर. २४

અર્થ—(પ્રતિબંધકથી શક્તિનો લોપ થયા પછી) હવે આમાં શક્તિ રહી નથી; અને (ઉત્તેજકથી) આ બીજી શક્તિ ઉપજી છે. એવો શક્તિનો પ્રસિદ્ધ અનુભવ છે તે કયે ઠેકાણે લોપી શકાશે ? ૨૪.

આ ઠેકાણે શ્રી પિતાંબરદાસજીએ કરેલી ટીપણી વિશેષ સ્પષ્ટતા સાથે ટીકા તરીકે અહીં ઉતારી છેઃ—

ટીકા—અગ્નિમાં દાહકતા હોય છે, પણ મણિ મંત્રાદિકથી તે દાહકતા શક્તિનો પ્રતિબંધ થાય છે તે વખતે દાહ કરવાનું સામર્થ્ય તે અગ્નિમાં હોતું નથી; ફરી વળી જ્યારે તે શક્તિને પેદા કરનારૂં ઉત્તેજક મણિ મંત્રાદિ આવી મળે છે ત્યારે વળી અગ્નિમાં ફરીને બીજી દાહક શક્તિ ઉત્પન્ન પણ થાય છે. આ શક્તિનો પ્રસિદ્ધ અનુભવ જેમણે ઠીંકરનાથ વગેરેના તમાસા જોયા છે તે સર્વને છે. હે શિષ્ય ! એ અનુભવનો તું કયી રીતે બાધ કરી શકવાનો છે ! અર્થાત્ અનુમિતિ પ્રમા [અનુમાનથી ઉપજેલું યથાર્થ જ્ઞાન] રૂપ અનુભવનો બાધ સંભવતો નથી.

ઉપર પ્રમાણે સિદ્ધાંતની રીતે શક્તિનું સ્વરૂપ અને શક્તિ વિષે પ્રમાણનું નિરૂપણ કર્યું છે.

૧૦૨ ન્યાયમતની શક્તિનું ખંડન.

अन्यमतकी शक्ति खंडन.

जो सक्ति इच्छाईसकी सो पदनके न नजीक,
मत न्यायको अन्याय या विधि, सक्ति जानि अलिक. २६

નૈયાયિકો ઈશ્વરની ઇચ્છાને પદશક્તિ કહે છે એ અજુક્તું છે. કેમકે ઇશ્વરની ઈચ્છા એ ઈશ્વરનો ધર્મ છે માટે તે ઇશ્વરમાંજ રહેવો જોઈએ. પણ ઇશ્વરની ઈચ્છા, અને તે પદની શક્તિ એમ કહેવું સંભવતું નથી. જો પદનો ધર્મ શક્તિ હોય તો તે પદની શક્તિ કહેવાય. માટે પદમાં જે અર્થને ઓળખાવવાનું સામર્થ્ય રહેલું છે તેજ પદની શક્તિ છે. ઈશ્વરની ઈચ્છા પદની નજીક પણ નથી માટે તેને પદની શક્તિ કહેવી સંભવતું નથી.

(ઇશની ઇચ્છા ઇશનો ધર્મ છે, માટે તે ઇશને આશ્રિત હોવાથી–ઇશની પાસે છે માટે ઇશના સંબંધવાળી હોવાથી–ઇશની શક્તિ છે. તે ઇચ્છા ' ઘટ ' વગેરે પદોનો ધર્મ નથી માટે તે પદોનો ધર્મ નથી. એ રીતે ઇશની ઇચ્છા પદોની જોડે સંબંધવાળી ન હોવાથી તે પદની શક્તિ નથી. જેમ કુંભારને ઘડો કરવાની ઇચ્છા છે તે કુંભારનો ધર્મ છે, ઘડાનો ધર્મ નથી. તેમજ ' આ [ઘટ] પદનો આવો [કલશ રૂપ] અર્થ થાય ' એવા સંકલ્પ

પૂર્વક જે ઇશ્વરની ઇચ્છા તે ઇશ્વરને આશ્રરીને રહેલો ધર્મ છે માટે ઇશ્વરની શક્તિ છે, પદોની શક્તિ નથી, માટે ઇશ્વરની ઇચ્છા એ પદની શક્તિ નથી.

૧૦૩ વૈયાકરણની રીતે શક્તિનું લક્ષણ.

अथ वैयाकरणरीति शक्ति लक्षण.

योग्यता जो अर्थकी पदमांहि शक्ति सु देखि,
यूं कहत वैयाकरनभूषन, कारिका हरि लेखि. २६

(પદમાં અર્થની યોગ્યતા.)

પદમાં અર્થની યોગ્યતા એટલે અર્થનું ભાન થવામાં હેતુપણું, તેને પદની શક્તિ કહે છે. જેમ 'ઘડો' એ પદમાં કલશરૂપ અર્થના જ્ઞાનની હેતુતા રૂપ યોગ્યતા છે, તેજ શક્તિ છે. એવી રીતે હરિ પંડિત કૃત વૈયાકરણભૂષણની કારીકામાં લખ્યું છે.

[હરિ પંડિતે આશરે ૭૦૦ શ્લોકમાં વ્યાકરણને વૈયાકરણ ભૂષણ નામે ગ્રંથ લખ્યો છે. તેનું પ્રમાણ અહીં આપ્યું છે.]

૧૦૪ વૈયાકરણમતની શક્તિનું ખંડન.

गुरु वाक्य.

सुनि शिष्य वैयाकरनमतमैं प्रबलदूषन एक,
सामर्थ्य पदमैं है न वा यह पूछि ताहि विवेक. २७

शंकर छंद.

भाखै जु है हौ, शक्ति मानहु ताहि लोकप्रसिद्ध,
कहि नाहि, जो असमर्थ पदसो योग्य कहै यह सिद्ध;
असमर्थ है पद अर्थ योग्य रू, कहत ही सविरोध;
जो और दूषन देखनो तौ ग्रंथदर्पन शोध. २८

અર્થ—ગુરૂ કહે છે કે હે શિષ્ય વ્યાકરણના શકિત સંબંધી મતમાં એક દૂષણ પ્રબળ છે. તેમને એમ પૂછો કે શકિત પદમાં છે કે નથી? ૨૭. જો તે એમ કહે કે પદમાં શકિત છે, તો તેજ લોકપ્રસિદ્ધ શકિત છે એમજ માનવું; જો પદમાં શકિત નથી એમ કહે તો એ પદ શકિતહીન ઠરે છે. અને શકિત રહિત પદને અર્થયોગ્ય કહેવું યોગ્ય નથી. પદ અસમર્થ એટલે શકિત રહિત છે અને તે અર્થ બતાવવાને યોગ્ય છે એમ કહેવું

એ દેખીતો વિરોધ છે. જો વ્યાકરણના શક્તિવાદનાં બીજાં દૂષણો જાણવાં હોય તો 'દર્પણ' નામનો ગ્રંથ વાંચી જોવો. ૨૮

ગુરૂ—હે શિષ્ય! વ્યાકરણના શક્તિ સંબંધી મતમાં એક મોટું દૂષણ છે. વૈયાકરણને એમ પૂછો કે તમારા મતમાં 'પદમાં સામર્થ્ય' છે કે નહિ? જો એમ કહે કે 'પદમાં સામર્થ્ય છે' તો તો વેદાંત મતમાં કહેલી શક્તિજ સિદ્ધ થાય છે. અર્થાત્ જો વૈયાકરણ પણ પદમાં શક્તિ માને તો પછી પદમાં અર્થજ્ઞાનને ઉત્પન્ન કરનાર યોગ્યતારૂપ હેતુ એ શક્તિ છે એવું તેમનું માનવું મિથ્યા ઠરે છે.

કહેવાનો અભિપ્રાય એમ છે કે, જેઓ પદમાં સામર્થ્ય છે એમ માને છે, તેમણે તે સામર્થ્યથી ભિન્ન રૂપ શક્તિ માનવી યોગ્ય નથી, પણ સામર્થ્ય રૂપજ શક્તિ છે, એમ માનવું યોગ્ય છે. કેમકે સામર્થ્ય, બળ, જોર, શક્તિ, એ ચારે નામ એકજ અર્થનાં છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. જેનામાં જોર ન હોય તેને લોકો એમ કહે છે કે—એ સામર્થ્યહીન છે, બલહીન છે, શક્તિહીન છે. તેમજ શેકેલા દાણાને લોકો કહેશે કે:—એમાં અંકુર ઉત્પન્ન કરવાની શક્તિ નથી—સામર્થ્ય નથી—બળ નથી—જોર નથી.

આ રીતે સામર્થ્ય અને શક્તિ એકજ વસ્તુ છે એમ બધા લોકો જાણે છે.

અગ્નિમાં પણ સામર્થ્ય રૂપ શક્તિનો નિર્ણય થઇજ ગયેલો છે. માટે પદમાં સામર્થ્ય રૂપ શક્તિ માનવી યોગ્ય છે. પણ પદમાં સામર્થ્ય માનીને તેનાથી ભિન્ન 'યોગ્યતા' ને શક્તિ કહે, તો તેથી લોક પ્રસિદ્ધ વાતથી વિરોધ, એજ માત્ર ફળ થશે,

વારૂ જો વૈયાકરણ એમ કહે કે એ સામર્થ્યનેજ અમે યોગ્યતા કહીએ છીએ, તો પછી અમારોજ મત સિદ્ધ થાય છે.

પણ જો વૈયાકરણ એમ કહે કે,—જો અમે સામર્થ્ય માનતા હોઇએ તો સામર્થ્ય રૂપ શક્તિ પદમાં સંભવે; પણ અમે તેવું કાંઇ સામર્થ્ય માનતાજ નથી. માટે અર્થ જ્ઞાનની જનકતા રૂપ યોગ્યતા એજ પદમાં શક્તિ છે. હવે આપણે વૈયાકરણને આ પ્રમાણે પૂછવું જોઇએ:—

સિદ્ધાંતિ—તમે સામર્થ્યનો અભાવ કેવળ પદમાંજ અંગીકાર કરો છો કે અગ્નિ આદિક સર્વે પદાર્થોમાં સામર્થ્યનો અભાવ અંગીકાર કરો છો?

વૈયાકરણ—અગ્નિ આદિક તમામ પદાર્થમાં અમે સામર્થ્યનો અભાવ માનીએ છીએ. (બીજો પક્ષ માનીએ છીએ).

સિદ્ધાંતિ—ત્યારે તો અગ્નિ આદિક પદાર્થોમાં સામર્થ્ય રૂપ શક્તિનું

પ્રતિપાદન અમે જે યુક્તિથી કરેલુ છે. તે જોવાથી તમારા મતનું ખંડન જાણુવામાં આવશે. એટલે—

જો અગ્નિ આદિક સર્વ પદાર્થમાં સામર્થ્ય રૂપ શક્તિ નહિ માનો, તો પ્રતિબંધકથી દાહનો અભાવ બને નહિ. આ તમારા બીજા પક્ષની માન્યતામાં દોષ છે. (કેમકે અગ્નિમાં જો દાહકતા રૂપ શક્તિ ન હોય તો પ્રતિબંધકથી અભાવ કોનો થાય? અગ્નિ તો પ્રતિબંધક વખતે પણુ કાયમ હોય છે. તેથી પ્રતિબંધકને લીધે અગ્નિની શકિતનોજ લોપ થયો છે એમ સિદ્ધ થાય છે. અને તેથી અગ્નિમાં અગ્નિથી ભિન્ન, અગ્નિની શક્તિ (દાહકતા) રહેલી છે, એમ માનવુંજ પડશે. અને એમ માનવું પડે, એટલે તમે જે અગ્નિમાં શકિતનો અભાવ કહો છો, એ પક્ષ ખોટો ઠરે છે).

વૈયાકરણુ—એમ હશે તો, અમે કેવળ પદમાંજ સામર્થ્યનો અભાવ છે એ પહેલો પક્ષ માનીશું.

સિદ્ધાંતિ—એ પહેલા પક્ષમાં, બીજા પક્ષમાં કહેલો દોષ તો નથી. કેમકે, પદમાં અર્થ જ્ઞાનની જનકતારૂપ યોગ્યતાથી ભિન્ન સામર્થ્યરૂપ શકિત નથી, પણુ યોગ્યતાજ શક્તિ છે, એ પ્રથમ પક્ષ છે. તેમાં પ્રતિબંધકથી દાહના અસંભવ રૂપ દોષ તો નથી, તથાપિ પદમાં પણુ અગ્નિની પેઠે સામર્થ્યનો અંગીકાર તો અવશ્ય કરવો જોઇએ. કેમકે પદમાં સામર્થ્યનો તો તમે અંગીકાર કરતા નથી. તેથી પદ અસમર્થ છે અને તે અર્થની યોગ્યતાવાળુ છે એટલે અર્થ જ્ઞાનનું જનક છે; એવો તમારો મત છે એ મત અસંગ છે. કેમકે પદ અસમર્થ છે અને અર્થને યોગ્ય છે એટલે અર્થ જ્ઞાનનું જનક છે, એ વાકય 'નપુંસકનું સફળ વીર્ય છે,' એ વાકયની પેઠે બોલવામાંજ વિરોધ છે.

અસમર્થથી કોઇ કાર્ય થતું નથી એ લોકમાં પ્રસિદ્ધ વાત છે. માટે અસમર્થ પદથી પણુ અર્થના જ્ઞાનરૂપ કાર્ય બને નહિ. માટે પદમાં સામર્થ્ય માનવું યોગ્ય છે. જો પદમાં સામર્થ્ય અંગીકાર કર્યું તો પછી શકિત પણુ પદમાં સામર્થ્ય રૂપ માનવી યોગ્ય છે.

એ રીતે અર્થ જ્ઞાનની જનકતા રૂપ યોગ્યતા પદમાં શક્તિ નથી પણુ સામર્થ્ય રૂપજ શક્તિ છે.

વૈયાકરણુ મતમાં શક્તિ નિરૂપણુનાં બીજાં દૂષણુ જોવા હોય તો શક્તિ નિરૂપણુના વિષયમાં દર્પણુ ગ્રંથ જુઓ. એમાં લખેલાં દૂષણો કિલષ્ટ છે એટલે કલેશ વડે સમજવા જેવાં છે માટે દર્પણુમાં કહેલાં દૂષણુ અહીં લખ્યાં નથી

[શંકર દિગ્વિજયમાં જેને કુમારિલ ભટ્ટ અથવા ભટ્ટપાદ કહેલા છે. મંડનમિશ્ર તથા પ્રભાકર વગેરે જેના શિષ્યો હતા, તથા જૈમિનીકૃત પૂર્વમીમાંસા ઉપર જેણે વાર્તિક લખ્યું છે, તે ભટ્ટપાદનો મત અહીં બતાવ્યો છે. તે કહે છે કે—

अथ भट्टरीति शक्तिका लक्षण.

अर्द्धशंकर छंद.

संबंध पदको अर्थसैं तादाम्य शक्ति सुवेद;
इम भट्टके अनुसारि भाषत, ताहि भेदाभेद. २९

૧૦૫ ભટ્ટની રીતે શક્તિનું લક્ષણ.

(પદનું અર્થની સાથે ભેદાભેદરૂપ તાદાત્મ્ય.)

અર્થ—પદનો અર્થની સાથે જે તાદાત્મ્યસંબંધ છે તે શક્તિ એમ ભટ્ટને અનુસરનારા પંડિતો કહે છે. એ તાદાત્મ્યને તે ભેદાભેદરૂપ માને છે. ૨૯

ટીકા—પદ તેજ અર્થરૂપ છે અને અર્થ તેજ પદરૂપ છે, એમ માનવું તે તાદાત્મ્ય; અને એમ છતાં એ તાદાત્મ્ય ભેદરૂપ છે અને અભેદરૂપ પણ છે, એમ પણ તેઓ માને છે. તેમનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

[૧] અગ્નિપદનો અંગારારૂપ અર્થની સાથે છેકજ ભેદ નથી [અગ્નિ શબ્દ અને અંગારો એ અર્થ એ બન્ને એકજ છે. જો તે બે છેકજ જૂદાં હોય તો,–જેમ અગ્નિ શબ્દ વડે [અગ્નિથી અત્યંત ભિન્ન જે જળ વગેરે છે તેનું જ્ઞાન થતું નથી તેમ અગ્નિ પદથી અંગાર રૂપ અર્થની પણ પ્રતીતિ ન થવી જોઇએ. પદથી અત્યંત ભિન્ન પદાર્થની પદવડે પ્રતીતિ થાય નહિ.

(૨) જેમ પદનો પોતાના અર્થ સાથે અત્યંત ભેદ નથી, તેમ અત્યંત અભેદ પણ નથી. એટલે અગ્નિ શબ્દ અને 'અંગારો' અર્થ એ કેવળ એકજ છે એમ પણ નથી. જો અત્યંત અભેદ હોય–અગ્નિ શબ્દ અને અંગારો અર્થ બન્ને એકજ હોય–તો જેમ અગ્નિ પદના વાચ્ય રૂપ અંગારાથી મુખનો દાહ થાય છે તેમ અંગાર પદનો વાચક અગ્નિ શબ્દ બોલતાંમાંજ મુખનો દાહ થવો જોઇએ ! પણ શબ્દના ઉચ્ચારણથી દાહ થતો નથી માટે અગ્નિ પદ અને અંગાર અર્થનો છેકજ અભેદ પણ નથી.

આ રીતે અગ્નિ પદનો અંગાર રૂપ અર્થ સાથે ભેદાભેદ છે એટલે ભેદ પણ છે અને અભેદ પણ છે.

(૧) ભેદ છે માટે અગ્નિ શબ્દ બોલતાંમાં મોં દાઝતું નથી.

(૨) અભેદ છે માટે અગ્નિ શબ્દ વડે જેમ જળ સમજવાનો અસંભવ છે તેમ અંગારો સમજવાનો અસંભવ નથી.

જેમ અગ્નિ પદનો અંગાર રૂપ અર્થ સાથે ભેદ સહિત અભેદ છે, તેમ ઉદક, વન, જળ, જીવન, વગેરે પદોનો પાણી રૂપ અર્થ સાથે ભેદ સહિત અભેદ છે.

(૧) જો અત્યંત ભેદ હોય તો જેમ ઉદક વગેરે પદોથી અત્યંત ભિન્ન જે અગ્નિ વગેરે છે, તેની ઉદક વગેરે પદોથી પ્રતીતિ થતી નથી, તેમ ઉદક વગેરે પદોથી પાણી વગેરે અર્થની પણ પ્રતીતિ થાય નહિ. આ કારણથી ઉદક વગેર પદોનો પાણી અર્થ સાથે અત્યંત ભેદ નથી.

(૨) તેમ અત્યંત અભેદ પણ નથી. જો અત્યંત અભેદ હોય તો જેમ પાણી પીવાથી મુખમાં શીતળતા થાય છે તેમ ઉદક વગેરે શબ્દો બોલવાથીજ મુખમાં શીતળતા થવી જોઇએ. પણ શબ્દો વડે શીતળતા થતી નથી તેથી શબ્દ અને અર્થનો અત્યંત અભેદ પણ નથી.

પણ ભેદ સહિત અભેદ માનવાથી ઉપર કહેલા બન્ને દોષ આવશે નહિ.

આ રીતે બધેજ પોતપોતાના વાચ્યની સાથે વાચકપદોનો ભેદ સહિત અભેદ છે. એ ભેદ સહિત અભેદનેજ ભટ્ટના મતને અનુસરનારા પંડિતો **તાદાત્મ્ય** સંબંધ કહે છે અને **ભેદાભેદ સંબંધ** પણ કહે છે.

એ ભેદાભેદરૂપ તાદાત્મ્ય સંબંધ એજ બધાં પદોમાં પોતપોતાના અર્થની શક્તિ છે. તાદાત્મ્ય સંબંધથી જૂદી સામર્થ્યરૂપ શક્તિ કોઇ છે નહિ.

૧૦૬ ભેદાભેદ વિષે પ્રમાણ—વ્યાપ્ય વ્યાપકની સમજ.

પાછળ ભેદાભેદ શક્તિ યુક્તિથી સમજાવવામાં આવી છે. હવે એ વિશેનાં પ્રમાણો કહી બતાવે છે:—

यह ॐ अक्षर ब्रह्म है यूं, कहत वेद अभेद;
पुनि बानिमें पद अर्थ बाहरि, देखीयत यह भेद. ३०

અર્થ—વેદમાં આ ૐ અક્ષર બ્રહ્મ છે એમ અભેદ કહ્યો છે; વળી ૐ પદ વાણીમાં રહેલું છે અને તેનો અર્થ વાણીથી બહાર છે એવી રીતે ભેદ પણ જોવામાં આવે છે. ૩૦

ટીકા—માંડૂક્ય આદિ વેદ વાકયોમાં "ૐ અક્ષર બ્રહ્મ છે" એમ કહ્યું છે. વ્યાકરણની રીતે ૐનો અર્થ "પ્રકાશરૂપ સર્વનું રક્ષણ કરનાર" એવો છે. બ્રહ્મ પ્રકાશરૂપ અને સર્વનું રક્ષણ કરનાર છે માટે ૐ અક્ષર બ્રહ્મનો વાચક છે અને બ્રહ્મ વાચ્ય છે.

(૧) જો વાચ્ય અને વાચકનો પોતપોતામાં અત્યંત ભેદ હોય તો

વાચક ૐ અક્ષરનો અને વાચ્ય બ્રહ્મનો માંડૂક્ય આદિ ઉપનિષદોમાં અભેદ કહેત નહિ. પણ "ૐ અક્ષર બ્રહ્મ છે" એવી રીતે અભેદ કહ્યો છે માટે વાચ્ય અને વાચકના અભેદમાં વેદવચન પ્રમાણ છે.

(૨) સર્વ લોકોની પ્રતીતિથી વાચ્ય અને વાચકનો ભેદ સિદ્ધ છે—વાચ્ય અને વાચક ભિન્ન છે એમ સર્વે લોકો જાણે છે. કેમકે અગ્નિ વગેરે પદો તો વાણીમાં છે. અને અંગાર વગેરે તેનો અર્થ વાણીથી બહાર ચૂલા વગેરેમાં છે. તેમ ૐ અક્ષર રૂપ પદ વાણીમાં છે, અને તેનો અર્થ બ્રહ્મ વાણીથી બહાર એટલે પોતાના મહિમામાં છે. જોકે બ્રહ્મ વ્યાપક છે માટે વાણીમાં બ્રહ્મનો અભાવ નથી, તથાપિ બ્રહ્મમાં વાણી છે, વાણીમાં બ્રહ્મ નથી.

(જે ન્યૂન દેશમાં-થોડી જગામાં-હોય તે **વ્યાપ્ય** કહેવાય છે અને અધિક દેશમાં હોય તે **વ્યાપક** કહેવાય છે. જેમ ઘડો ન્યૂન દેશમાં છે માટે **વ્યાપ્ય** છે અને આકાશ અધિક દેશમાં છે માટે **વ્યાપક** છે.)

(જે વ્યાપ્ય હોય તે વ્યાપકની અંદર હોય છે અને જે વ્યાપક હોય તે વ્યાપ્યની બહાર હોય છે. જેમ ઘડો આકાશની અંદરજ છે, અને આકાશ તો ઘડાની બહાર પણ છે. તેમ વાણી બ્રહ્મથી ન્યૂન દેશમાં છે માટે વ્યાપ્ય હોવાથી બ્રહ્મની અંદર છે; અને બ્રહ્મ વાણીથી અધિક દેશમાં હોવાથી વ્યાપક છે, અને તેથી વાણીની બહાર પણ કહેવાય છે.)

આ રીતે સર્વ લોકોને પદ વાણીમાં અને અર્થ વાણીની બહાર પ્રતીત થાય છે; માટે પદનો અને અર્થનો ભેદ લોકોમાં પ્રસિદ્ધ છે.

(૧) આ રીતે વાચ્યવાચકના ભેદમાં સર્વે લોકોનો અનુભવ પ્રમાણ છે.

(૨) અને વાચ્યવાચકના અભેદમાં વેદ વચન પ્રમાણ છે.

માટે પદનો અર્થ સાથે ભેદાભેદરૂપ તાદાત્મ્યસંબંધ અપ્રમાણ નથી, પણ પ્રમાણ સિદ્ધ છે.

૧૦૭ બીજે ઠેકાણે પણ ભેદાભેદરૂપ તાદાત્મ્ય સંબંધનું કથન.

जो गुनगुनी औ जातिव्यक्ती, क्रिया अरु तद्वान,
संबंध लखि तादात्म्य इनको, कार्य कारन सान. ३१

અર્થ—ગુણ અને ગુણી, જાતિ અને વ્યક્તિ, ક્રિયા અને ક્રિયાવાન્, તથા કાર્ય અને કારણ, એમનો તાદાત્મ્ય સંબંધ છે, એમ જાણવું.

(૧) રૂપ, રસ, ગંધ આદિક ગુણ છે, અને તેમનો આશ્રય (તે ગુણો

જેનામાં હોય તે) ગુણી કહેવાય છે. જેમ રૂપ વગેરેનો આશ્રય જે પૃથ્વી તે 'ગુણી' છે. એ ગુણ અને ગુણીનો પરસ્પર તાદાત્મ્ય સંબંધ છે.

(૨) અનેકમાં રહેલો જે એક ધર્મ તે જાતિ કહેવાય છે. જેમ બધાં બ્રાહ્મણ શરીરોમાં એક બ્રાહ્મણત્વ છે, સર્વ શૂદ્રોમાં શૂદ્રત્વ છે, બધા જીવોમાં એક જીવત્વ છે, બધા પુરૂષોમાં પુરૂષત્વ છે, બધા ઘડાઓમાં ઘટત્વ છે; લોકો તેને બ્રાહ્મણપણું, ક્ષુદ્રપણું, જીવપણું, પુરૂષપણું, ઘડાપણું કહે છે. બ્રાહ્મણ વગેરેના શરીરમાં જે બ્રાહ્મણપણું વગેરે છે, તે જાતિ કહેવાય છે, અને તે જાતિનો આશ્રય જે બ્રાહ્મણ વગેરે તેને વ્યક્તિ કહે છે.

(જાતિ, ગુણ, ક્રિયા, એ ત્રણેનું સામાન્ય નામ ધર્મ છે.)

(૩) ગમન,આગમન આદિકને ક્રિયા કહે છે. અને તે ક્રિયાવાળાને (એ ક્રિયાના આશ્રયને–એ ક્રિયા જેનામાં હોય તેને) ક્રિયાવાન કહે છે.

(૪) એ સર્વેમાં તાદાત્મ્ય સંબંધ છે. એજ રીતે કાર્ય અને કારણ વચ્ચે પણ તાદાત્મ્ય સંબંધ છે.

મતલબ કે—

(૧) કાર્ય અને કારણનો પણ ગુણ અને ગુણીની પેઠે તાદાત્મ્ય સંબંધ છે.

(૨) ગુણ અને ગુણીનો પોતપોતામાં તાદાત્મ્ય સંબંધ છે.

(૩) જાતિ અને વ્યક્તિનો પરસ્પર તાદાત્મ્ય સંબંધ છે.

(૪) ક્રિયા અને ક્રિયાવાનનો પણ તાદાત્મ્ય સંબંધ છે,

તાદાત્મ્ય એટલે ભેદ સહિત અભેદ, એવું ભટ્ટનું મત છે. (વેદાંતીઓ પણ ઉપર કહેલાં ચારેમાં તાદાત્મ્ય સંબંધ માને છે, પણ તાદાત્મ્ય સંબંધનું લક્ષણ તેઓ ભટ્ટના જેવું માનતા નથી–જૂદું માને છે, તે હવે પછી કહેવામાં આવશે, એ ચારે ઠેકાણે નૈયાયિકો સમવાય સંબંધ માને છે. નિત્ય સંબંધને સમવાય કહે છે.)

જો કે નિમિત્ત કારણનો અને કાર્યનો ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધ નથી–અત્યંત ભેદજ છે, તથાપિ ઉપાદાન કારણનો અને કાર્યનો ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધજ છે. જેમ, ઘડાનું નિમિત્ત કારણ કુંભાર, દંડ વગેરે છે, તેનો ઘટ રૂપ કાર્ય સાથે અત્યંત ભેદ છે, તથાપિ ઉપાદાન કારણ જે માટીનો ગોળો અને ઘટ રૂપ કાર્ય તેમનો ભેદ સહિત અભેદ છે.

(૧) જો માટીના પિંડથી ઘડો છેકજ જૂદો હોય તો જેમ માટીના પિંડથી અત્યંત ભિન્ન એવું તેલ નીકળતું નથી, તેમ ઘડાની ઉત્પત્તિ પણ થાય નહિ. અને—

(૨) ઉપાદાન કારણનો કાર્યથી અત્યંત અભેદ હોય તો માટીના પિંડ-

માંથી ઘડાની ઉત્પત્તિ થાય નહિ; કેમકે પોતાના સ્વરૂપમાંથી પોતાની ઉત્પત્તિ થતી નથી.

માટે,, ઉપાદાન કારણનો કાર્યની સાથે ભેદ સહિત અભેદ છે. અર્થાત્ ઉપાદાન કારણનો કાર્ય સાથે અભેદ માન્યો છે, તેથી કાર્ય કારણમાં અત્યંત ભેદ માનનારમાં જે દૂષણ આવે તે આ પક્ષમાં આવતું નથી; અને ભેદ પણ માન્યો છે, તેથી કાર્યકારણમાં અત્યંત અભેદ માનનારના પક્ષમાં જે દોષ આવે છે તે આ પક્ષમાં આવતો નથી.

આ રીતે ઉપાદાન કારણનો કાર્યની સાથે ભેદાભેદ યુક્તિ સિદ્ધ છે. અને—

(૧) પ્રતીતિથી પણ ઉપાદાન અને કાર્યનો ભેદાભેદજ સિદ્ધ છે. જેમ આ માટીનો ગોળો છે; આ ઘડો છે; એવી ભિન્ન પ્રતીતિ થાય છે માટે ભેદ સિદ્ધ થાય છે.

(૨) વિચાર કરીને જૂએ તો ઘડાની અંદર અને બહાર માટીથી ભિન્ન કોઇ વસ્તુ પ્રતીત થતી નથી; પણ માટીજ પ્રતીત થાય છે, માટે અભેદ પણ સિદ્ધ થાય છે.

એ રીતે ઉપાદાન કારણનો કાર્યની સાથે ભેદાભેદરૂપ તાદાત્મ્ય સંબંધ છે.

એજ રીતે ગુણ અને ગુણીનો પણ ભેદાભેદ છે.

(૧) ઘડાના રૂપનો ઘડા સાથે અત્યંત ભેદ હોય તો, જેમ ઘડાથી વસ્ત્રનો અત્યંત ભેદ છે, માટે વસ્ત્ર ઘડાનું આશ્રિત નથી–વસ્ત્ર ઘડામાં રહેલું નથી પણ સ્વતંત્ર છે, તેમ ઘડાનું રૂપ પણ ઘડાનું આશ્રિત ન હોતાં સ્વતંત્રજ હોત. અને—

(૨) ગુણ તથા ગુણીનો અત્યંત અભેદ હોય તો પણ ઘડાનું રૂપ ઘડાનું આશ્રિત હોઇ શકે નહિ કેમકે પોતેજ પોતાનો આશ્રય હોય નહિ.

માટે ગુણગુણીનો પણ ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધ છે.

એજ પ્રમાણે જાતિ અને વ્યક્તિ, તથા ક્રિયા અને ક્રિયાવાનમાં પણ ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધ સમજી લેવો. વળી જે મતનું ખંડનજ કરવાનું છે, તેના સ્થાપનમાં ઘણી યુક્તિઓ કહેવાની જરૂર પણ ન લાગવાથી તે યુક્તિઓ લખી નથી.

૧૦૮ ભટ્ટમતના ભેદાભેદવાદનું ખંડન.

अथ भट्टमत खंडन.

दोहा.

एक वस्तुका एकमैं, भेदअभेद विरुद्ध:
युक्तिशून्य यातैं कहत, यह मत सकल अशुद्ध. १२

અર્થ—એકજ વસ્તુનો એકજ વસ્તુમાં ભેદ અને અભેદ કહેવો એ વિરૂદ્ધ છે. અને એ કારણથી યુક્તિઓને જાણનારા સઘળા પંડિતો એ મતને દોષવાળો કહે છે.

ટીકા—જો કે એક ઘડામાં ઘડાનો પોતાનો અભેદ છે અને બીજાનો ભેદ છે. તથાપિ—

(૧) જેનો અભેદ છે તેનો ભેદ નથી અને જેનો ભેદ છે, તેનો અભેદ નથી. આ અભિપ્રાયથી એક વસ્તુનો ભેદ અને અભેદ વિરુદ્ધ કહેવામાં આવે છે.

(૨) તેમજ એક વસ્તુનો એટલે ઘડાનો પોતાની સાથે અભેદ અને બીજાની સાથે ભેદ છે. પરંતુ જેની સાથે અભેદ છે તેની સાથે ભેદ નથી, અને જેની સાથે ભેદ છે, તેની સાથે અભેદ નથી. એ હેતુથી એકજ વસ્તુમાં એકજ વસ્તુનો ભેદ અને અભેદ વિરૂદ્ધ કહેલો છે.

ભેદ અને અભેદ પરસ્પર વિરોધી છે. એક વસ્તુમાં જેનો ભેદ હોય તેનોજ અભેદ, અને જેનો અભેદ હોય તેનોજ ભેદ વિરૂદ્ધ છે. માટે વાચ્ય વાચક, ગુણગુણી, જાતિ વ્યક્તિ, ક્રિયાક્રિયાવાન્, ઉપાદાન કારણ અને કાર્ય, એમનો ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધ અંગીકાર કર્યો છે તે દૂષણ યુક્ત છે.

૧૦૯ ૐકાર તથા બ્રહ્મના ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધનું ખંડન.

પાછળ ૧૦૬મા અંકમાં વાચ્ય અને વાચકના ભેદાભેદ તાદાત્મ્ય સંબંધનું પ્રમાણ આપતાં કહ્યું છે કે,

(૧) વાચક (શબ્દ) વાણીમાં હોય છે, અને વાચ્ય (પદાર્થ) બહાર હોય છે માટે વાચ્ય વાચકમાં ભેદ છે. અને—

(૨) શ્રુતિમાં ૐ અક્ષરને બ્રહ્મ કહ્યો છે માટે વાચક (ૐ) અને વાચ્ય (બ્રહ્મ)માં અભેદ છે.

એનું સમાધાન નીચે પ્રમાણે છે:—

प्रणव वर्ण अरु ब्रह्मको, कह्यो जु वेद अभेद;
तामैं अन्य रहस्य कछु, लख्यो न भट्ट सु भेद. ३३

અર્થ—વેદમાં પ્રણવ અક્ષરનો (ૐકારનો) અને બ્રહ્મનો જે અભેદ કહ્યો છે; તે કાંઈક બીજુંજ રહસ્ય છે, પણ ભટ્ટપાદે તે ભેદ જાણ્યો નથી. ૩૩

ટીકા—ૐ અક્ષર અને બ્રહ્મનો વેદમાં જે અભેદ કહ્યો છે, તે વેદવચનનો, વાચ્ય અને વાચકનો અભેદ છે, એવો અભિપ્રાય નથી; પણ તેમાં

બીજો કોઇ ગુપ્ત અભિપ્રાય છે, તે અભિપ્રાય ભટ્ટાચાર્યના જાણવામાં આવ્યો હોય એમ લાગતું નથી.

જ્યાં ૐ અક્ષરને બ્રહ્મ કહ્યો છે; ત્યાં તે વાક્યનું એવું તાત્પર્ય નથી કે ૐ અક્ષર અને બ્રહ્મ એકજ વસ્તુ છે, પણ ૐ અક્ષરની બ્રહ્મરૂપે કરીને ઉપાસના કરવી, એવું તાત્પર્ય છે. વેદમાં જ્યાં ઉપાસનાનું વિધાન કર્યું છે, ત્યાં ઉપાસ્ય સ્વરૂપનો કાંઈ એવો નિયમ નથી કે જેવી ઉપાસનાનું વિધાન કર્યું છે તેવુંજ ઉપાસ્યનું સ્વરૂપ હોવું જોઇએ; પણ વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને તજીને અન્ય સ્વરૂપની પણ તે વસ્તુમાં ઉપાસના કરવામાં આવે છે.

(૧) જેમ શાલિગ્રામ અને નર્મદેશ્વરની વિષ્ણુ રૂપે અને શિવરૂપે ઉપાસના કરવાનું વિધાન છે. ત્યાં શંખ ચક્રઆદિ સહિત ચતુર્ભુજ મૂર્તિ શાલિગ્રામની નથી; અને ગંગા ભૂષિત જટા જૂટ ડમરૂ ચર્મ કપાલ સહિત અને શરણે આવેલાઓને ભદ્રામુદ્રાથી ત્રિગુણ રહિત આત્માનો ઉપદેશ આપનારી મૂર્તિ નર્મદેશ્વરની નથી; પણ બન્ને શિલારૂપ છે. અને શાસ્ત્રની આજ્ઞાથી તે શિલા રૂપ દૃષ્ટિનો ત્યાગ કરીને બન્ને જાતની શિલાઓમાં ક્રમે કરીને વિષ્ણુના રૂપની અને શિવના રૂપની ઉપાસના કરવામાં આવે છે. માટે ઉપાસ્યને અધીન ઉપાસના નથી હોતી પણ વિધિને અધીન હોય છે. શાસ્ત્રનું વચન જેવું વિધાન કરે તેવી ઉપાસના કરવી, એવોજ નિયમ છે.

(૨) જેમ છાંદોગ્ય ઉપનિષદમાં પંચાગ્નિ વિદ્યાના પ્રકરણમાં સ્વર્ગલોક, મેઘ, ભૂમિ, પુરૂષ અને સ્ત્રી, એ પાંચ પદાર્થની અગ્નિ રૂપે ઉપાસના કરવાની કહેલી છે; અને શ્રદ્ધા, સોમ, વર્ષા, અન્ન અને વીર્ય એ પાંચ પદાર્થની ઉકત પાંચ અગ્નિની આહુતિ રૂપ ઉપાસના કહેલી છે. ત્યાં સ્વર્ગ, મેઘ, વગેરે અગ્નિ નથી, અને શ્રદ્ધા, સોમ, વગેરે આહુતિ નથી. તથાપિ વેદની આજ્ઞાથી સ્વર્ગ લોક વગેરેની અગ્નિ રૂપથી અને શ્રદ્ધા વગેરેની આહુતિ રૂપથી ઉપાસના કરવામાં આવે છે.

એજ રીતે ૐ અક્ષરની બ્રહ્મરૂપે ઉપાસના કરવાની કહેલી છે. ત્યાં ૐ અક્ષર બ્રહ્મ નથી, તોપણ બ્રહ્મરૂપે ઉપાસના થઇ શકે છે. ઉપાસના વાક્યોમાં વસ્તુનો અભેદજ હોવો જોઇએ એવી કાંઇ જરૂર નથી, પરંતુ ભિન્ન વસ્તુની પણ અભિન્નરૂપથી ઉપાસના બની શકે છે.

વિચારદષ્ટિથી જોઇએ તો બ્રહ્મનો વાચક જે ૐ અક્ષર છે, તેનો તો પોતાના વાચ્ય બ્રહ્મ સાથે અભેદ હોઇ પણ શકે છે. પણ ઘટ આદિક બીજાં પદોનો પોતપોતાના વાચ્ય જડરૂપ પદાર્થો સાથે અભેદ સંભવતો નથી. કેમકે, સઘળાં નામ અને રૂપ બ્રહ્મમાં કલ્પિત છે. બ્રહ્મ અધિષ્ઠાન છે. ૐ

અક્ષર પણ બ્રહ્મનું નામ છે, માટે બ્રહ્મમાં કલ્પિત છે. કલ્પિત વસ્તુ અધિષ્ઠાનથી ભિન્ન હોતી નથી, પણ અધિષ્ઠાનરૂપજ હોય છે. માટે ૐ અક્ષર બ્રહ્મરૂપ છે.

અને ઘટ વગેરે પદોનો જડરૂપ જે પોતાનો અર્થ તે અધિષ્ઠાન નથી, પણ વાચ્ય સહિત ઘટ આદિક પદો બ્રહ્મમાં કલ્પિત છે, અને બ્રહ્મ તેમનું અધિષ્ઠાન છે. માટે બ્રહ્મની સાથે તો તે સર્વનો અભેદ હોઇ પણ શકે છે. પરંતુ ઘટ આદિ પદોનો પોતાના જડરૂપ વાચ્ય અર્થની સાથે કોઇ પણ રીતે અભેદ બનતો નથી. માટે ભટ્ટના મતમાં વાચ્ય અને વાચકનો અભેદ અસંગત છે.

૧૧૦ શબ્દનો અર્થ સાથે તાદાત્મ્ય સંબંધ સંભવતો નથી.

વાચ્ય અને વાચકનો ફક્ત ભેદજ છે (અભેદ નથી), એમ જેઓ માને છે તેમના મતમાં આવો દોષ ભટ્ટપાદે કહ્યો છે:—જો ઘટપદનું વાચ્ય ઘટ પદથી અત્યંત જૂદું હોય, તો જેમ ઘટપદથી અત્યંત ભિન્ન એવા વસ્ત્રરૂપ અર્થની પ્રતીતિ થતી નથી, તેમ ઘટપદથી અત્યંત ભિન્ન એવા કલશરૂપ અર્થની પણ પ્રતીતિ ન થવી જોઇએ; અને ઘટપદથી વાચ્યને ભિન્ન માનીને પણ ઘટ પદથી તે વાચ્યની પ્રતીતિ માનશો, તો જેમ ઘટ પદથી અત્યંત ભિન્ન કલશરૂપ અર્થની પ્રતીતિ થાય છે, તેમ ઘટપદથી અત્યંત ભિન્ન વસ્ત્રરૂપ અર્થની પણ પ્રતીતિ થવી જોઈએ. આ દોષ પણ જેઓ સામર્થ્ય અથવા ઇચ્છારૂપ શક્તિ નથી માનતા તેમના મતમાં છે.

પણ જેઓ શક્તિનો અંગીકાર કરે છે તેમના મતમાં એ દોષ નથી. કેમકે ઘટપદનો વાચ્ય કલશ અને તેનો અવાચ્ય વસ્ત્રાદિક તે બન્ને ઘટપદથી ભિન્ન છે. પરંતુ ઘટપદમાં કલશરૂપ અર્થનું જ્ઞાન કરવાની શક્તિ છે, અને અન્ય અર્થનું જ્ઞાન કરવાની શક્તિ નથી. માટે ઘટપદથી કલશરૂપ અર્થથી ભિન્ન અર્થની પ્રતીતિ થાય નહિ.

આ રીતે જે પદમાં જે અર્થની શક્તિ છે, તેજ અર્થની તે પદથી પ્રતીતિ થાય છે, બીજા અર્થની પ્રતીતિ થતી નથી. માટે વાચ્ય અને વાચકનો અત્યંત ભેદ છે એમ માનવામાં દોષ નથી. માત્ર તેમનો ભેદ સહિત અભેદરૂપ તાદાત્મ્ય સંબંધ હોઇ શકે નહિ.

૧૧૧ ભટ્ટને મતે કેવળ ભેદ માનવાથી જે દોષ આવે છે, તે નૈયાયિક અને શક્તિવાદીના મતમાં નથી.

—પ્રૌઢિવાદ અને તેનું સ્વરૂપ:—

(સિદ્ધાંતિ શક્તિવાદી છે એટલે શબ્દમાં અર્થનું જ્ઞાન કરનારી શક્તિ રહેલી છે એમ માને છે. તેના મતમાં એવું છે કે,—"ઉપાદાન કારણનો કાર્યની સાથે કેવળ ભેદ નથી, પણ અનિર્વચનીય તાદાત્મ્ય છે."

એમ છતાં તે "કાર્ય અને કારણુનો કેવળ ભેદ છે" એમ કહીને પોતાનો પક્ષ સાબીત કરે તો તે પ્રૌઢિવાદ કહેવાય. પ્રૌઢિ એટલે પોતાની ઉત્કર્ષતાને માટે જે વાદ (કથન) કરવો તે પ્રૌઢિવાદ કહેવાય.

પ્રૌઢિવાદનું લક્ષણ—પ્રતિવાદીનું કથન કબૂલ રાખીને પણ પોતાના મતમાં દોષનો પરિહાર કરે તેને પ્રૌઢિવાદ કહે છે.

ભટ્ટપાદ કાર્ય અને કારણુનો કેવળ ભેદ માનતા નથી, પણુ તે કેવળ ભેદ પક્ષમાં દોષ છે એમ કહે છે. એ દોષસહિત પક્ષને માનીને પણુ પોતાના મતમાં આવતા દોષનો પરિહાર કર્યો છે માટે તે પ્રૌઢિવાદ છે.

કાર્ય અને કારણુમાં સિદ્ધાંતીને મતે તો અનિર્વચનીય તાદાત્મ્યજ માનેલું છે. એમ છતાં **કેવળ ભેદ** માનવાથી ભટ્ટપાદ જે દોષ આવવાનું કહે છે, તેવો દોષ કેવળ ભેદ માનીને પણુ નૈયાયિકને મતે શી રીતે દૂર કરવામાં આવ્યો છે તથા સિદ્ધાંતીને મતે શી રીતે દૂર કરવામાં આવ્યો છે તે હવે પછી તરતજ કહેવાશે. પ્રથમ તો ભટ્ટને મતે કેવળ ભેદ માનવાથી શો દોષ આવે છે તેનું પુનઃ સ્મરણુ કરાવીએ છીએઃ—

ભેદ અને અભેદ પરસ્પર વિરોધી છે. તેમજ ઉપાદાન કારણુનો અને કાર્યનો (ભટ્ટના કહેવા પ્રમાણે) 'ભેદ સહિત અભેદ' નથી પણુ કેવળ ભેદ છે. ભટ્ટપાદે કેવળ ભેદમાં જે દોષ કહ્યા છે, તે દોષ નૈયાયિક અને શક્તિવાદીના મતમાં (કેવળ ભેદ માનવાથી પણુ) નથી. કેમકે કાર્યકારણુના અત્યંત ભેદમાં આ દોષ કહેવામાં આવે છેઃ—જો માટીના પિંડથી અત્યંત ભિન્ન ઘટની ઉત્પત્તિ થાય, તો માટીના પિંડથી અત્યંત ભિન્ન તેલની પણુ ઉત્પત્તિ થવી જોઇએ; પણુ અત્યંત ભિન્ન એવા તેલની તો ઉત્પત્તિ થતી નથી, તો પછી અત્યંત ભિન્ન એવા ઘટની પણુ ઉત્પત્તિ માટીના પિંડથી ન થવી જોઇએ.

૧૧૨ કેવળ ભેદપક્ષના દોષનો નૈયાયિકને મતે પરિહાર.

ઉપર કહ્યો તે દોષ નૈયાયિકના મતમાં લાગુ પડતો નથી. કેમકે સર્વ વસ્તુની ઉત્પત્તિમાં નૈયાયિક પ્રાગભાવને કારણુ માને છે.

(વસ્તુનું ન હોવું તેને અભાવ કહે છે. પ્રાક્ એટલે વસ્તુ અથવા કાર્યની પૂર્વે, વસ્તુ અથવા કાર્યનો જે અભાવ તેને નૈયાયિકો પ્રાગભાવ માને છે.) જેમ ઘડાની ઉત્પત્તિમાં દંડ, ચક્ર, કુંભાર, કારણુ છે, તેમ ઘડાનો પ્રાગભાવ પણુ ઘડાનું કારણુ છે. અને એજ રીતે સર્વ કાર્યોની ઉત્પત્તિમાં સર્વનો પ્રાગભાવ કારણુ છે.

(૧) ઘડાનો પ્રાગભાવ ઘડાના ઉપાદાન કારણ મૃત્તિકાના પિંડમાં રહેલો છે, બીજા કશામાં રહેલો નથી.

(૨) તેલનો પ્રાગભાવ તલમાં રહેલો છે, બીજા કશામાં રહેલો નથી.

એ રીતે બધાં કાર્યોનો પ્રાગભાવ પોતપોતાના ઉપાદાન કારણમાં રહેલો છે. જે પદાર્થમાં જેનો પ્રાગભાવ હોય તે પદાર્થથી તેની ઉત્પત્તિ થાય છે, બીજાની થતી નથી.

(૧) જેમ માટીના પિંડામાં ઘડાનો પ્રાગભાવ છે, માટે માટીના પિંડા-થી ઘડાનીજ ઉત્પત્તિ થાય છે; તેલની થતી નથી.

(૨) તેલનો પ્રાગભાવ તલમાં રહેલો છે, માટે તલમાંથી તેલનીજ ઉત્પત્તિ થાય છે; ઘડાની ઉત્પત્તિ થતી નથી.

એ રીતે સઘળાં કાર્યોમાં પ્રાગભાવ કારણ છે. માટે કારણ અને કાર્યનો અત્યંત ભેદ માનવાથી નૈયાયિક મતમાં દોષ આવતો નથી.

૧૧૩ કેવળ ભેદ પક્ષના દોષનો શક્તિવાદિને મતે પરિહાર.

કાર્યનો કારણ સાથે કેવળ ભેદ માનવાથી સામર્થ્ય રૂપ શક્તિવાદીના મતમાં દોષ આવતો નથી. કેમકે માટીના પિંડામાં ઘડાને ઉત્પન્ન કરવાની સામર્થ્ય રૂપ શક્તિ છે, તેલને ઉત્પન્ન કરવાની શક્તિ નથી. અને તલમાં તેલને ઉત્પન્ન કરવાની શક્તિ છે, ઘડાને ઉત્પન્ન કરવાની શક્તિ નથી. માટે માટીના પિંડમાંથી ઘડાની ઉત્પત્તિ થાય છે પણ તેલની ઉત્પત્તિ થતી નથી. તેમજ તલમાંથી તેલની ઉત્પત્તિ થાય છે પણ ઘડાની ઉત્પત્તિ થતી નથી.

આ રીતે ઉપાદાન કારણનો અને કાર્યનો અત્યંત ભેદ માનવામાં દોષ નથી. માટે કારણ અને કાર્યનો ભેદાભેદ માનવો અસંગત છે.

કારણ તથા કાર્યને અત્યંત ભિન્ન માનવાથી, તેમજ કારણ તથા કાર્યને અત્યંત અભિન્ન માનવાથી, જે દોષ થતા ભટ્ટપાદ જણાવે છે, તે બન્ને પક્ષના દોષ ભટ્ટપાદના મતમાં અવશ્ય રહે છે. કેમકે ભટ્ટપાદે ભેદ સહિત અભેદ માનેલો છે. એનો અર્થ એવો થાય કે કાર્ય અને કારણનો ભેદ પણ છે તથા અભેદ પણ છે.

(૧) કાર્ય કારણમાં ભેદ છે માટે ભેદ પક્ષમાં (તેમણે પોતે) કહેલા દોષ આવશે. અને—

(૨) કાર્ય કારણનો અભેદ છે માટે તેમણે પોતે અભેદ પક્ષમાં કહેલા દોષ આવશે.

જેમ એક માણસમાં કેવળ ચોરીનો દોષ છે, અને બીજા એક માણ-સમાં કેવળ જુગારનો દોષ છે. એ બન્ને વ્યસન જે એક માણસને

હોય તેને ચોરી તથા જુગાર બન્નેનો દોષ લાગે છે. તેવીજ રીતે, ગુણ અને ગુણી વગેરેમાં ભેદાભેદ માનવાથી ભેદ પક્ષના અને અભેદ પક્ષના-બંને દોષ પ્રાપ્ત થશે.

પણ શકિતવાદીના મતમાં કેવળ ભેદ અંગીકાર હોવાથી દોષ આવતો નથી. કેમકે ગુણીમાં ગુણને ધારણ કરવાની શકિત છે, બીજાને ધારણ કરવાની શકિત નથી. માટે ભેદ પક્ષમાં જે દોષ કહેવામાં આવ્યો હતો કે:– " ઘડાનાં રૂપ વગેરે જેમ ઘડાથી ભિન્ન છે. તેમ વસ્ત્ર વગેરે પણ ઘડાથી ભિન્ન છે. માટે જેમ રૂપ વગેરે ઘડાથી ભિન્ન છતાં ઘડામાં રહે છે, તેમ વસ્ત્ર વગેરે પણ ઘડાથી ભિન્ન છતાં ઘડામાં રહેવાં જોઇએ. અથવા એથી ઉલટું–વસ્ત્ર વગેરે જેમ ઘડામાં રહેતાં નથી તેમ રૂપ વગરે પણ ઘડામાં ન રહેવાં જોઇએ."

એ દોષ જેઓ શકિતનો અંગીકાર કરતા નથી, તેમના મતમાં છે. શકિતવાદીના મતમાં કેવળ ભેદ માનવાથી પણ એ દોષ આવતો નથી. ઉલટું–

(૧) ભટ્ટમતમ ભેદ અભેદ બન્ને વાનાં માનવાથી બન્ને પક્ષના દોષ ઉપર કહેલાં દૃષ્ટાંતથી આવે છે.

(૨) અને વળી ભેદ અભેદ બન્ને વિરોધી ધર્મવાળા હોવાથી અસંભવ દોષ પણ આવે છે.

એજ પ્રમાણે જાતિ અને વ્યકિતનો, ક્રિયા અને ક્રિયાવાળાનો પણ કેવળ ભેદ છે. તથાપિ વ્યકિતમાં જાતિને ધારણ કરવાની શકિત છે, અને ક્રિયાવાળામાં ક્રિયાને ધારણ કરવાની શકિત છે; અન્યને ધારણ કરવાની શકિત નથી.

એ રીતે ઉપાદાન અને કાર્યનો. તથા ગુણ અને ગુણી વગેરેનો ભેદાભેદ રૂપ તાદાત્મ્ય સંબંધ અસંગત છે. પણ એ સર્વનો પોતપોતામાં પરસ્પર ભેદ માનવાથી ભટ્ટપાદે કહેલા દોષોને શકિતવાદીની શકિત ગળી જાય છે-અર્થાત્ દૂર કરે છે.

૧૧૪ સિદ્ધાંત અનિર્વચનીય તાદાત્મ્ય સંબંધ.

જો કે વેદાંત સિદ્ધાંતમાં પણ કાય, ગુણ જાતિ, અને ક્રિયાનો અનુક્રમે ઉપાદાન, ગુણી, વ્યકિત અને ક્રિયાવાન્ (ક્રિયાવાળો) સાથે અત્યંત ભેદ માનેલો નથી, પણ તાદાત્મ્ય સંબંધજ માનેલો છે; તથાપિ વેદાંત મતમાં ભેદાભેદ રૂપ તાદાત્મ્ય માનેલું નથી, પણ ભેદ અને અભેદથી વિલક્ષણ અનિર્વચનીય રૂપ તાદાત્મ્ય સંબંધ માનેલો છે.

(૧) એ તાદાત્મ્ય સંબંધ ભેદથી વિલક્ષણ છે માટે અભેદ પક્ષના દોષ આવતા નથી. અને—

(૨) અભેદથી વિલક્ષણ છે માટે ભેદ પક્ષના દોષ આવતા નથી.

આ રીતે ભેદ અને અભેદથી વિલક્ષણ અનિર્વચનીય તાદાત્મ્ય સંબંધ છે.

(જો કે, જ્યાં કેવળ ભેદ હોય ત્યાં તાદાત્મ્ય સંભવે નહિ. કેમકે અભેદ પ્રતીતિનો જે વિષય હોય—એટલે જ્યાં બે વસ્તુઓમાં એકપણાનું જ્ઞાન થતું હોય, તેનું નામ તાદાત્મ્ય છે. માટે કેવળ ભેદ હોય, ત્યાં અભેદ પ્રતીતિ સંભવે નહિ. તેથી તાદાત્મ્ય સંબંધમાં અભેદની અપેક્ષા છે; અને જ્યાં કેવળ અભેદ હોય ત્યાં સંબંધ સંભવે નહિ, કેમકે સંબંધ તો બે પદાર્થો હોય ત્યારેજ સંભવે છે—પોતાના સ્વરૂપ સાથે પોતાનો સંબંધ હોય નહિ. માટે તમામ સંબંધોમાં ભેદની પણ અપેક્ષા છે. જેથી તાદાત્મ્ય પણ સંબંધ છે તેથી તેમાં ભેદની પણ અપેક્ષા રહે છે. આ રીતે ભેદ અને અભેદ બન્નેના વિના તાદાત્મ્ય સંબંધ સંભવે નહિ; પણ ભેદ અને અભેદ એકજ ઠેકાણે રહેવામાં વિરોધ આવે છે.

તથાપિ—આ જગોએ કલ્પિત ભેદસહિત વાસ્તવ અભેદનું નામ **તાદાત્મ્યસંબંધ** છે. વળી અહીંયાં ભેદઅને અભેદથી વિલક્ષણ **તાદાત્મ્યસંબંધ** કહ્યો છે, તેનો અભિપ્રાય એવો છે કે—

(૧) ભેદથી વિલક્ષણ એટલે વાસ્તવ ભેદથી રહિત કહ્યો છે. અર્થાત્ **કલ્પિત ભેદ સહિત**, એમ સમજાવ્યું છે.

(૨) અને અભેદથી વિલક્ષણ એટલે કલ્પિત અભેદથી રહિત કહ્યો છે. એટલે **વાસ્તવ અભેદ સહિત** એમ સમજાવ્યું છે.

આ રીતે સિદ્ધાંતમાં કલ્પિત ભેદસહિત વાસ્તવ અભેદને **તાદાત્મ્ય સંબંધ** કહે છે. એનેજ **અનિર્વચનીય તાદાત્મ્ય** કહે છે.

એવી રીતે ભેદાભેદથી વિલક્ષણ અનિર્વચનીય તાદાત્મ્ય સંબંધ છે.

પરંતુ ભેદાભેદરૂપ તાદાત્મ્ય (જે ભટ્ટ કહે છે તે) અસંગત છે, તેથી "વાચ્ય અને વાચકનો ભેદાભેદરૂપ તાદાત્મ્ય સંબંધ એજ શક્તિ છે, એવો ભટ્ટમતના અનુસારીનો પક્ષ બરાબર નથી. પણ પદ સાંભળતાં વાંતજ અર્થનું જ્ઞાન કરવાનું પદમાં જે સામર્થ્ય રહેલું છે તેજ પદમાં શક્તિ છે.

ઇતિ શક્તિ નિરૂપણ.

લક્ષણા નિરૂપણ

૧૧૫ શક્યનું લક્ષણ.

લક્ષણાના જ્ઞાનમાં શક્યનું જ્ઞાન ઉપયોગી છે. કેમકે **શક્ય સંબંધ** એ લક્ષણાનું સ્વરૂપ છે. શક્યનું જ્ઞાન થયા વિના શક્યસંબંધરૂપ લક્ષણાનું જ્ઞાન થાય નહિ. માટે શક્યનું લક્ષણ કહે છેઃ—

अथ शक्य लक्षण.

दोहा—जै पदमें जा अर्थकी शक्ति शक्य सो जानि;
वाच्य अर्थ पुनि कहत तिहिं, वाचक पदहि पिछानि. ३४

અર્થ—પદમાં જે અર્થની શક્તિ હોય તે પદના જે અર્થ તેને શક્ય કહે છે. તે શક્ય અર્થનેજ વાચ્ય અર્થ પણ કહે છે. વાચ્ય અર્થને કહેનાર પદને વાચક કહે છે. તેમજ અભિધેય અર્થ તથા મુખ્ય અર્થ, એવાં પણ તેનાં નામ છે.] ૩૮

ટીકા—જેમ અગ્નિ પદમાં અંગારરૂપ અર્થની શક્તિ છે. માટે અગ્નિ પદનો અંગાર એ શક્ય અર્થ છે. તે વાચ્ય અર્થ પણ કહેવાય.

अथ लक्षणा औ जहती आदिक भेद लक्षण.

कवित्त.

शक्यको संबंध सो स्वरूप जानि लक्षणको,
लक्षण सो भान जाको लक्ष्य सु पिछानिये;
वाच्य अर्थ सारो त्यागी, वाच्यको संबंध जहां,
होई परतीति तहां जहती बखानिये;
वाच्ययुत वाच्यके संबंधिका जु ज्ञान होय,
तांहि ठौर लक्षणा अजहती हि मानिये;
एकवाच्य भागत्याग होत तहां भागत्याग,
दूजो नाम जहती अजहती प्रमानिये. ३५

અર્થ—શક્યાર્થનો (વાચ્યાર્થનો) (વક્તાનું તાત્પર્ય જે વિષયમાં હોય તેની સાથે) સંબંધ તે લક્ષણાનું સ્વરૂપ જાણવું. અને તે લક્ષણાવડે જે વિષયનું ભાન થાય તેને 'લક્ષ્ય' જાણવું.

આખા વાચ્યાર્થનો ત્યાગ કરીને વાચ્યનો સંબંધ (બીજા કોઈ અર્થ સાથે) જ્યાં પ્રતીત થતો હોય ત્યાં જહતી લક્ષણા જાણવી.

વાચ્ય અર્થની સાથે વાચ્યના સંબંધવાળા અર્થનું પણ જ્યાં ભાન થતું હોય ત્યાં અજહતી લક્ષણા માનવી.

વાચ્ય અર્થના એકભાગનો જ્યાં ત્યાગ (અને એક ભાગનું ગ્રહણ) કરવામાં આવે તેને ભાગત્યાગ લક્ષણા કહેવી. એ લક્ષણાનું બીજું નામ જહતી અજહતી પણ કહેવાય છે. ૩૫

૧૧૬ લક્ષ્ય અર્થ અને લક્ષણાનું સામાન્ય સ્વરૂપ.

શક્ય અર્થનો લક્ષ્ય અર્થ સાથે સંબંધ (મેળાપ) તેને લક્ષણા કહે છે.

જે અર્થનું જ્ઞાન પદની શક્તિથી ન થતું હોય, પણ લક્ષણાથી થતું હોય અને તે અર્થ બોલનારના તાત્પર્યનો વિષય હોય તો તેને લક્ષ્ય અર્થ કહે છે. મતલબ કે, શક્ય અર્થની સાથે સંબંધવાળો એવો, (અને બોલનારને કહેવાનું તાત્પર્ય જેના વિષે હોય એવો) જે અર્થ (પદાર્થ) તે લક્ષ્ય અર્થ કહેવાય.

(લક્ષણા ત્રણ પ્રકારની છે: (૧) જહતી (૨) અજહતી, અને (૩) ભાગત્યાગ, એ પાછળ કહેવામાં આવ્યું છે. હવે એ ત્રણનાં લક્ષણ તથા ઉદાહરણો અનુક્રમે કહેવાશે.)

૧૧૭ જહતી લક્ષણાનું લક્ષણ.

જ્યાં વાચ્ય અર્થને સંપૂર્ણ છોડી દેઇને તે વાચ્ય અર્થના સંબંધવાળા અર્થને કહેવાનું વકતાનું તાત્પર્ય હોય ત્યારે તેને **જહતી લક્ષણા** કહે છે.

જહતી લક્ષણાનાં ઉદાહરણો.

(૧) જેમ, કોઇએ કહ્યું કે "ગંગામાં ગામ છે." આ ઠેકાણે ગંગા પદની તીરના પ્રદેશમાં લક્ષણા છે. કેમકે ગંગા પદનો વાચ્ય અર્થ 'દેવનદીના પાણીનો પ્રવાહ' છે. એ પ્રવાહમાં ગામ હોવાનો અસંભવ છે. માટે પ્રવાહ રૂપી આખા વાચ્ય અર્થને છોડી દેઇને, તે પ્રવાહના સંબન્ધવાળો જે 'ગંગાનો કાંઠો,' તેમાં લક્ષણા કરવી જોઇએ. કેમકે બોલનારનું તાત્પર્ય પણ કાંઠા ઉપર ગામ છે, એમ કહેવાનુંજ સંભવે છે. માટે એ **જહતી લક્ષણા**છે,

વાચ્ય અર્થ સાથેના સંબંધનું નામ લક્ષણા છે.

આ ઠેકાણે ગંગા પદના વાચ્ય (પ્રવાહ) નો કાંઠા સાથે સંયોગ સંબંધ છે. માટે—.

ક ગંગા પદના વાચ્યનો (શક્યાર્થનો) તીરસાથે (બોલનારના તાત્પર્ય રૂપ લક્ષ્ય અર્થ સાથે) સંબંધ છે, તે સંબંધનું નામ લક્ષણા છે. અને—

ખ એમાં આખા વાચ્ય અર્થને છોડી દેવામાં આવ્યો છે, માટે એ **જહતી લક્ષણા** છે.

ટીકાકારે આપેલા બીજાં ઉદાહરણો.

(૨) જહતી લક્ષણાનું સુગમ ઉદાહરણ આ પ્રમાણે છે; કોઇ વર પરણવા ગયો છે, પણ તેનો પિતા ત્યાં હાજર નથી. હવે વરના પિતાના ખોળામાં કન્યા પધરાવવાનો સમય થયો. ત્યારે કોઇ બોલ્યું કે-"વરના પિતાના ખોળામાં કન્યા પધરાવો." તે વખતે 'પિતા' શબ્દનો શક્ય અર્થ જે વરનો જનક, તે ત્યાં હાજર નથી, માટે જનક રૂપ શક્ય અર્થમાં વક્તાનું

તાત્પર્ય સંભવે નહિ. તેથી પિતા શબ્દના આખા શક્યાર્થનો ત્યાગ કરીને પિતા અર્થના સંબંધી પિતાના ભાઇનું ગ્રહણ કરવામાં આવે છે. માટે એ જહતી લક્ષણા છે.

આ ઉદાહરણમાં જનક રૂપ શક્ય અર્થ જે પિતાના ભાઇ સાથે સહોદરતા રૂપ સંબંધ છે તે લક્ષણા છે. તે લક્ષણાવડે જાણવામાં આવેલો જે 'કાકા' રૂપી અર્થ તે પિતા શબ્દનો લક્ષ્યાર્થ છે.

(૩) કોઇએ કહ્યું કે જુઓને, કૂવો ચાલે છે ?" એમાં કૂવા શબ્દનો શક્યાર્થ તો જળથી ભરેલો ખાડો છે. તેમાં ચાલવા રૂપ ક્રિયાનો અભાવ છે, માટે પૂછનારનું તાત્પર્ય તે કૂવાને ચાલવાનું કહેવામાં સંભવતું નથી. પણ એ બળદ સહિત ચામડાનો કોશ કહેવામાં વકતાનું તાત્પર્ય છે. માટે કૂવા રૂપી આખા શક્યાર્થનો ત્યાગ કરીને તેના સંબંધવાળા એ બળદ સહિત ચામડાના કોશનું ગ્રહણ કરવામાં આવે છે. માટે એ **જહતી લક્ષણા** છે.

(૪) એજ રીતે ' આ રસ્તો અમદાવાદ તરફ જાય છે,' એમાં રસ્તો જતો નથી, પણ મુસાફર એ રસ્તે થઇને જઇ શકે છે, એવું વકતાનું તાત્પર્ય હોવાથી એ પણ **જહતી લક્ષણા** છે.

(૫) "ચૂલો સળગે છે." એમાં પણ એજ રીતે ચૂલાનો ત્યાગ કરીને લાકડાંમાં લક્ષણા કરવી, એ પણ **જહતી લક્ષણા** છે.

આ જહતી લક્ષણાનો કોઇ ગ્રંથકારે આવી રીતે સિદ્ધાંતમાં ઉપયોગ કરી બતાવ્યો છેઃ—

"**सर्वं खल्विदं ब्रह्म**" એટલે "આ સઘળું જગત્ નિશ્ચય બ્રહ્મ છે." ઇત્યાદિ શ્રુતિ વાક્યોમાં સઘળા જગતને બ્રહ્મરૂપ કહ્યું છે. હવે અનિત્યત, દશ્યતા, વિકારિતા, જડતા, દુઃખરૂપતા, આદિ વિપરિત ધર્મવાળા નામરૂપમય જગતને, નિત્ય, દ્રષ્ટા, અવિકારી, ચેતન, આનંદ આદિ સ્વરૂપ બ્રહ્મ કહેવું એ વિરૂદ્ધ છે. માટે એમ કહેવામાં શ્રુતિવચનનું તાત્પર્ય હોય એ સંભવતું નથી. પણ બાધસામાનાધિકરણ્યની રીતે નામરૂપનો બાધ કરીને બાકી રહ્યું જે તેના સંબંધવાળું અધિષ્ઠાન ચેતન તે બ્રહ્મ છે, એવા અર્થમાં શ્રુતિવાક્યનું તાત્પર્ય છે. માટે અહીંયાં 'સર્વ' શબ્દનું વાચ્ય જે નામરૂપવાળું જગત્ તે સઘળાનો ત્યાગ કરીને તેનું સંબંધી અસ્તિ ,ભાતિ, પ્રિયરૂપ અધિષ્ઠાનનું બ્રહ્મરૂપે ગ્રહણ કરવામાં આવે છે, માટે એ **જહતી લક્ષણા** છે.

આ ઉદાહરણમાં આરોપિત નામરૂપનો પોતાના અધિષ્ઠાન ચેતન સાથે જે તાદાત્મ્ય સંબંધ છે તે લક્ષણા છે. અને એ લક્ષણા વડે જાણવામાં આવનારૂં જે અધિષ્ઠાન ચેતન તે લક્ષ્ય અર્થ છે.

મુખ્ય સિદ્ધાંતમાં જહતી લક્ષણા માની નથી, પણ ભાગત્યાગ લક્ષણા

માનેલી છે. કેમકે અધિષ્ઠાન સિવાય આરોપિત અર્થની પ્રતીતિ થતી નથી, પણ અધિષ્ઠાન સાથે અભિન્ન હોઇને આરોપિતની પ્રતીતિ થાય છે. માટે અસ્તિ, ભાતિ, પ્રિય સહિત નામ અને રૂપ, સર્વ શબ્દનો વાચ્યાર્થ છે, તેમાંથી નામ રૂપ ભાગનો ત્યાગ કરીને બાકી રહ્યો જે અસ્તિ ભાતિ પ્રિય રૂપ અધિષ્ઠાન ભાગ, તે બ્રહ્મ છે. એવી "**सर्वं खल्विदं ब्रह्म**" એ શ્રુતિ વાક્યમાં **ભાગત્યાગલક્ષણા** માનેલી છે.

૧૧૮ અજહતી લક્ષણા.

વાચ્ય અર્થ સહિત વાચ્યાર્થનો સંબંધી જે લક્ષ્યાર્થ તેનું જ્ઞાન જે પદથી થાય તે પદમાં **અજહતી લક્ષણા** સમજવી.

ઉદાહરણો.

(૧) જેમ રાતો, કાળો અને ધોળો, એવા જૂદા જૂદા રંગના ઘોડા સરતમાં દોડાવવાના હોય, તેમાંથી જે વખતે રાતો ઘોડો દોડતો હોય તે વખતે તેને જોઇને કોઈ બોલે કે, "હવે રાતો દોડે છે." એ જગોએ 'રાતો' એ પદની લાલ રંગના ઘોડામાં અજહતી લક્ષણા છે. કેમકે 'રાતો' એ નામ લાલ રંગનું છે. માટે 'રાતો' એ પદનો વાચ્ય અર્થ લાલ રંગ છે. તે એકલા લાલ રંગમાં દોડવાનો અસંભવ છે, માટે 'રાતો' એ પદનો વાચ્ય જે લાલ રંગ, તે સહિત ઘોડામાં 'રાતો' પદની **અજતી લક્ષણા** છે.

ગુણ અને ગુણીનો તાદાત્મ્ય સંબંધ કહેવાય છે.

"રાતો" એ પણ રૂપનો ભેદ હોવાથી ગુણ છે: માટે—

क 'રાતો' પદનું વાચ્ય જે લાલ ગુણ, તેનો ગુણી (ઘોડા)ની સાથે જે તાદાત્મ્ય સંબંધ તે લક્ષણા છે. અને—

ख વાચ્ય અર્થનો ત્યાગ ન કરતાં અધિક અર્થનું ગ્રહણ કર્યું છે માટે તે **અજહતી લક્ષણા** છે.

[૨] કીડીઓ વગેરે ચઢી ન જાય એવા હેતુથી કોઇએ તડકામાં દહીં મૂકીને ત્યાં કોઇ નોકરને બેસાડીને કહ્યું કે "કાગડાથી દહીં સાચવજે." આ વાકયમાં 'કાગડા' પદનો વાચ્ય અર્થ જે વાયસ પક્ષી તેનાથીજ દહીંને સાચવવાનું કહેવામાં બોલનારનું તાત્પર્ય નથી, પણ દહીંને ખાઇ જનારાં જે કૂતરાં, બિલાડાં, તેમનાથી પણ દહીંનું રક્ષણ કરજે, એમ કહેવામાં બોલનારનું તાત્પર્ય છે. માટે 'કાગડા' પદનું વાચ્ય જે વાયસ પક્ષી, તેનો કૂતરાં બિલાડાં સાથે જે દહીંને ખાઇ જવાના સ્વભાવ રૂપ સજાતીય સંબંધ, તે **લક્ષણા** છે. અને વાચ્ય (કાગડો) નો ત્યાગ ન કરતાં તેના સંબંધવાળા અધિક અર્થનું (કૂતરાં વગેરેનું) ગ્રહણ છે, માટે તે **અજહતી લક્ષણા** છે.

(૩) ખેતરમાં પક્ષીઓ ઉડાડવાને બાંધેલા માળા ઉપર ચઢીને ખેતરના રખેવાળ બૂમો પાડે છે. તે જોઇને કોઈ બોલ્યું કે "માળાઓ ગાજી ઉઠયા છે." એ વાકયમાં 'માળા' શબ્દની માળા ઉપર બેઠેલા રખેવાળ પુરૂષમાં અજહતી લક્ષણા છે. કેમકે 'માળા' પદના વાચ્યાર્થ 'માંચડામાં' ગર્જના કરવાનો અસંભવ છે, માટે માળા પદનો વાચ્યાર્થ જે માંચડો તથા તે ઉપર બેઠેલો પુરૂષ એ બન્ને 'માળા' શબ્દથી સમજવાં જોઇએ. માટે માળા સહિત રખવાળમાં 'માળા' શબ્દની **અજહતી લક્ષણા** છે.

આ ઉદાહરણમાં 'માળા' પદનું વાચ્ય જે માંચડો તેનો પોતાના આધેય [આશ્રિત] પુરૂષની સાથે આધેયતા રૂપ સંબંધ છે (માળો આધાર છે અને પુરૂષ આધેય છે], તે **લક્ષણા** છે, અને વાચ્યાર્થનો ત્યાગ ન કરતાં અધિક અર્થનું ગ્રહણ છે, માટે **અજહતિલક્ષણા** છે,

(૪) તડકામાં કેટલાક માણસો જતા હોય તેમાં કેટલાકે છત્રીઓ ઉઘાડી માથે ધરી હોય અને કેટલાક છત્રી વગરના પણ તેમની સાથે ચાલ્યા જતા હોય તે જોઇને કોઈ બોલ્યું કે "પેલા છત્રીવાળા જાય છે." એ વાકયમાં 'છત્રીવાળા" પદવડે છત્રીવાળા તથા છત્રી વગરના બધાજ સમજાઇ જાય છે. માટે એમાં પણ વાચ્યાર્થ જે છત્રીવાળા પુરૂષો, તથા તેના સંબંધવાળા છત્રી વગરના પુરૂષોનું ગ્રહણ થાય છે તેથી તે **અજહતી લક્ષણા** છે.

(૫) તેમજ ઘરને આંગણે લાકડાંનો ભારો લેઇને મજૂર આવ્યો છે તેને જોઇને ઘરધણી બોલે છે કે, "લાકડાંને ઘરમાં આવવા દો." અહીં લાકડાં પદનો વાચ્યાર્થ તો એની મેળે ઘરમાં આવી શકે તેમ નથી, માટે તે વાચ્યાર્થનો સંબંધી જે મજૂર, તે સહિત વાચ્યાર્થ (લાકડાં) "લાકડાં" પદથી સમજવામાં આવે છે માટે એ **અજહતીલક્ષણા** છે.

એજ રીતે શ્રુતિવાકયોમાં પણ જ્યાં આત્માનાં સત્ વગેરે વિશેષણોમાંથી એક કે બેજ વિશેષણો કહ્યાં હોય ત્યાં, તે કહેલાં વિશેષણો સહિત બીજાં ન કહેલાં વિશેષણો પણ સમજાઈ જતાં હોય, ત્યાં સિદ્ધાંતમાં પણ અજહતીલક્ષણાનો ઉપયોગ કરવામાં આવે છે.

૧૧૯ ભાગત્યાગ લક્ષણા.

શબ્દોના વાચ્ય અર્થમાંથી એક ભાગનો ત્યાગ થાય, અને એક ભાગનું ગ્રહણ થાય, ત્યાં **ભાગત્યાગલક્ષણા** કહેવાય છે. એ ભાગત્યાગલક્ષણાને **જહતિઅજહતિલક્ષણા** પણ કહે છે.

જેમ, પ્રથમ જોયેલા પદાર્થને બીજા સ્થળમાં જોઇને કોઈ બોલ્યો કે:- "તે આ છે." ત્યાં ભાગત્યાગલક્ષણા જાણવી. કેમકે—

(૧) ભૂતકાળમાં અને બીજા દેશમાં રહેલી વસ્તુને 'તે' કહે છે. માટે ભૂતકાળ સહિત અને અન્યદેશ સહિત વસ્તુ તે પદનો વાચ્ય અર્થ છે.

(૨) વર્તમાનકાળ અને સમીપદેશમાં રહેલી વસ્તુને "આ" કહે છે. માટે વર્તમાનકાળ સહિત અને સમીપદેશસહિત વસ્તુ **આ** પદનો વાચ્ય અર્થ છે.

અને ભૂતકાળ સહિત અને અન્યદેશ સહિત જે વસ્તુ, તેજ વર્તમાન કાળ અને સમીપ દેશ સહિત છે, એવો એ બન્ને વાક્યના **સમુદાયનો વાચ્ય અર્થ** છે. એવો **વાચ્યાર્થ** સંભવતો નથી. કેમકે—

(૧) ભૂતકાળ અને વર્તમાનકાળનો વિરોધ છે.

(૨) અન્યદેશ અને સમીપ દેશનો વિરોધ છે.

માટે એ બન્ને પદોમાંથી દેશ અને કાળ—જે વાચ્યનો ભાગ છે તેને ત્યાગીને વસ્તુ માત્રમાં બન્ને પદની લક્ષણા કરવી તે **ભાગત્યાગ લક્ષણા** છે.

ટીકાકાર આ સંબંધમાં કાંઇક વિશેષ કહે છે. જેમ—

"તે આ છે." આ વાક્યમાં રહેલાં 'તે' અને 'આ' એ બે પદ, તેમનો, પરસ્પર સમાન (એક) વિભક્તિના બળથી એક અર્થવાનપણા રૂપ **સામાનાધિકરણ્ય** સંબંધ છે. (બે શબ્દોની વિભક્તિ એકજ હોઇને તે બે શબ્દો એકજ પદાર્થને ઓળખાવતા હોય ત્યારે તે **સામાનાધિકરણ્ય** કહેવાય છે.) એ સામાનાધિકરણ્યના બળથી તે બે શબ્દોના વાચ્ય અર્થ જે પરોક્ષ વસ્તુ અને અપરોક્ષ વસ્તુ, તેમની એકતા પ્રતીત થાય છે. પણ તે બન્ને વાચ્ય અર્થો વિરોધી ધર્મવાળા હોવાથી તેમની એકતા સંભવતી નથી. માટે અહીં લક્ષણા કરવાની જરૂર પડે છે.

એ ઠેકાણે જહતી કે અજહતી લક્ષણા તો થઇ શકતી નથી, પણ ભાગત્યાગ લક્ષણા થઈ શકે છે. માટે "તે" પદનું વાચ્ય જે પરોક્ષતા સહિત વસ્તુ, અને "આ" પદનું વાચ્ય જે અપરોક્ષતા સહિત વસ્તુ, તે બન્નેમાંથી પરોક્ષતા અને અપરોક્ષતા ભાગનો ત્યાગ કરીને અવિરોધી એવી જે વસ્તુ, તેનું માત્ર ગ્રહણ કરવામાં આવે છે.

(૧) અહીં પરોક્ષતા અપરોક્ષતા ભાગનો વસ્તુની સાથે **આશ્રયતા સંબંધ** છે. અને—

(૨) વસ્તુ ભાગનો પોતાના સ્વરૂપ સાથે **તાદાત્મ્ય સંબંધ** છે.

એ આખા વાચ્ય ભાગનો વસ્તુની સાથે જે આશ્રયતા તાદાત્મ્ય સંબંધ તે **લક્ષણા** છે.

૧ પરસ્પર વિરોધી પરોક્ષતા અને અપરોક્ષતા રૂપ **વાચ્ય ભાગનો ત્યાગ** છે.

૨ અવિરોધી કેવળ વસ્તુ રૂપ વાચ્ય ભાગનું ગ્રહણ છે. માટે એ ભાગત્યાગ લક્ષણા છે.

એજ રીતે "તત્ત્વમસિ" આદિ મહાવાકયમાં રહેલાં જે જીવ અને અને ઇશ્વરનાં વાચક બે પદો, તેમનો પણ પરસ્પર સમાન વિભક્તિના બળથી એક અર્થવાનપણા રૂપ સામાનાધિકરણ્ય સંબંધ છે. તે સંબંધના બળથી તેમનાં વાચ્ય જે જીવ અને ઇશ્વર તેમની એકતા પ્રતીત થાય છે. પણ તે બન્ને વિરોધી ધર્મવાળા હોવાથી તેમની એકતા સંભવતી નથી. માટે અહીંઆં લક્ષણા માનવાની જરૂર છે. તેમાં પાછળ કહ્યું છે તે રીતે જહતી કે અજહતી લક્ષણા તો સંભવતી નથી, પણ ભાગત્યાગ લક્ષણાજ સંભવે છે. માટે બધાં મહાવાકયોમાં બે બે પદોના વાચ્ય જે જીવ અને ઇશ્વિર તેમાંથી—

૧ ધર્મ સહિત ઉપાધિ રૂપ વિરોધી વાચ્ય ભાગનો ત્યાગ,

૨ અને અવિરોધી ચેતન ભાગનું ગ્રહણ કરીએ છીએ.

૧ આ લક્ષણામાં ધર્મ સહિત માયા અવિદ્યાનો અધિષ્ઠાનતા સંબંધ છે.

૨ ચેતન ભાગનો પોતાની સાથે તાદાત્મ્ય સંબંધ છે.

આ આખા વાચ્યનો ચેતન ભાગની સાથે જે અધિષ્ઠાનતા તાદાત્મ્ય સંબંધ છે, તે લક્ષણા છે.

૧ વિરોધી વાચ્ય ભાગનો ત્યાગ, અને—

૨ અવિરોધી ચેતન ભાગનું ગ્રહણ છે,

માટે એને ભાગત્યાગ લક્ષણા કહીએ છીએ.

૧૨૦ મહાવાકયમાં લક્ષણા.

"તત્ત્વમસિ" એ મહા વાકયમાં લક્ષણા સમજાવવાને "તત્" અને "ત્વં" પદનો વાચ્ય અર્થ સમજાવે છેઃ—

(૧) તત્ પદનો વાચ્યાર્થ.

દોહા.

सर्वशक्ति सर्वज्ञ विभु, ईस स्वतंत्र परोच्छ;
मायो तत्पद वाच्य सो, जामैं बंध न मोच्छ. ३६

અર્થ—(૧) સર્વ શક્તિવાળો, (૨) સર્વજ્ઞ, (૩) વિભુ (વ્યાપક) (૪) ઈશ (સઘળાનો પ્રેરક), ૫ સ્વતંત્ર (કર્મને અધીન નહિ તે), [૬] પરોક્ષ [જીવને પ્રત્યક્ષ નહિ તે], [૭] માયી [માયા જેને અધીન છે તે], અને [૮] બંધ મોક્ષ રહિત (એટલે

જેને બંધ હોય તેને મોક્ષ હોય; ઇશ્વરને બંધ નથી માટે તેને મોક્ષ પણ નથી], એવા ધર્મવાળું જે ઈશ્વર ચેતન તે तत् પદ વાચ્ય છે. [तत्=તે]

(૨) त्वं પદનો વાચ્યાર્થ.

कहे धर्म जो ईसके, सब तिनतैं विपरीत;
ठहै जिहि चेतन जीव तिहिं, त्वंपद वाच्य प्रतीत. ३७

અર્થ—ઉપર જે ઇશ્વરના ધર્મ કહ્યા છે તેનાથી ઉલટાજ ધર્મ જેમાં હોય તે જીવ ચેતન त्वं (તું) પદનું વાચ્ય છે એમ જાણવું.

ટીકા—મતલબ કે જે—(૧) અલ્પ શક્તિવાળો, (૨) અલ્પજ્ઞ, (૩) પરિચ્છિન્ન (અમુક મર્યાદિત દેશકાળ વસ્તુમાં રહેલો), (૪) અનીશ (અસમર્થ), (૫) કર્મને અધીન, (૬) અવિદ્યાથી મોહિત, (૭) બંધમોક્ષવાળો, અને (૮) પ્રત્યક્ષ, પ્રત્યક્ષ એટલા માટે કહેવામાં આવે છે કે પોતાનું સ્વરૂપ કોઇને પરોક્ષ હોતું નથી, પણ પ્રત્યક્ષજ હોય છે. જો કે ઇશ્વરને પણ પોતાનું સ્વરૂપ પ્રત્યક્ષ હોય છે, તથાપિ જીવોને ઇશ્વરનું સ્વરૂપ પ્રત્યક્ષ નથી માટે ઇશ્વરને પરોક્ષ કહેલો છે. અને જીવના સ્વરૂપને તો જીવ અને ઇશ્વર બન્ને જાણે છે માટે તેને પ્રત્યક્ષ કહ્યું છે.

(જો કે, જીવ પોતાના નિજ રૂપ અહંપદના લક્ષ્ય કૂટસ્થને જાણતો નથી, એટલે અહં પદનું લક્ષ્ય ફકત કૂટસ્થ છે અને તેજ મારૂં ખરૂં સ્વરૂપ છે એમ જાણતો નથી, તથાપિ અહં (હું) પદનું વાચ્ય જે અંતઃકરણ વિશિષ્ટ ચેતન અથવા સ્થૂલ સૂક્ષ્મ સંઘાત વિશિષ્ટ ચેતન, તે હું છું, એમ જાણે છે. માટે જીવને વિવેક જ્ઞાન થયા પહેલાં પણ વિશિષ્ટ આત્માના રૂપથી પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રત્યક્ષ છે.

(૩) વાચ્ય અર્થમાં એકતાનો વિરોધ, અને લક્ષણા કરવાની જરૂર

महावाक्यमैं एकता, ठहै दोनोंकी भान;
सो न बनै यातैं सुमति, लक्ष्यलक्षण हि जान. ३८

સામવેદના છાંદોગ્ય ઉપનિષદમાં ઉદ્દાલક મુનિએ પોતાના પુત્ર શ્વેતકેતુને જગતની ઉત્પત્તિ કરનારા ઈશ્વરને બતાવીને કહ્યું કે "तत्त्वमसि (તે તું છે)." એમાં तत् (તે) त्वम् (તું) असि (છે) એવાં ત્રણ પદ છે. એનો વાચ્યાર્થ આ પ્રમાણે છેઃ—

(क) तत् એટલે તે-જગતની ઉત્પત્તિ કરનારો સર્વ શક્તિ, સર્વજ્ઞતા, વગેરે ધર્મવાળો ઇશ્વર.

(ख) त्वम् એટલે તું, અલ્પ શક્તિ, અલ્પજ્ઞતા, વગેરે ધર્મવાળો જીવ.

(ग) असि એટલે છે.

આ જગોએ "તે તું છે" એમ કહેવાથી જીવ ઇશ્વરની એકતા વાચ્ય અર્થથી થતી હોય એમ લાગે છે કેમકે तत् અને त्वं પદનું સામાનાધિકરણ્ય છે. પણ એવી રીતે વાચ્ય અર્થની એકતા સંભવી શકે નહિ. કેમકે—

क સર્વશક્તિ અને અલ્પ શક્તિ,

ख સર્વજ્ઞ અને અલ્પજ્ઞ,

ग વિભુ અને પરિચ્છિન્ન,

घ સ્વતંત્ર અને કર્માધીન,

ङ પરોક્ષ અને પ્રત્યક્ષ,

च માયાને પોતાના તાબામાં રાખનાર અને અવિદ્યાથી મોહિત બનનાર, ઈશ્વર અને જીવ એક છે, એમ કહેવું, તે 'અગ્નિ શીતલ છે' એમ કહેવા બરાબર છે. માટે! લક્ષણાથી અર્થ સમજવો; કેમકે વાચ્ય અર્થમાં વિરોધ છે.

आदि दोय नहि संभवै. महावाक्यमैं तात;
भागत्याग यातैं लखहु, व्है जातैं कुसलात. ३९

અર્થ—હે તાત! મહાવાકયમાં પહેલી બે લક્ષણાઓ સંભવતી નથી એટલે જહતી અને અજહતી સંભવતી નથી. માટે મહાવાકયમાં ભાગત્યાગ લક્ષણા જાણવી, કે જેથી વિરોધનો પરિહાર થઈ શકે. ૩૯

૪ મહાવાકયમાં જહતીનો અસંભવ.

अथ जहती असंभव प्रतिपादन.

ज्ञेय जु साक्षी ब्रह्मचित, वाच्यमांहि सो लीन;
मानै जहती लक्षणा, व्है कछु ज्ञेय नवीन. ४०

અર્થ—સમગ્ર વેદાંતનું જ્ઞેય સાક્ષીચેતન અને બ્રહ્મચેતન છે. એ સાક્ષીચેતન त्वं પદના વાચ્યમાં અને બ્રહ્મચેતન तत पદના વાચ્યમાં રહેલું છે.

હવે જ્યાં જહતી લક્ષણા હોય છે ત્યાં આખા વાચ્યાર્થનો ત્યાગ કરીને વાચ્યના સંબંધી બીજા કોઇ જ્ઞેયમાં વાચકની લક્ષણા કરવામાં આવે છે. માટે જો મહાવાકયમાં જહતી લક્ષણા માનીએ તો વાચ્યમાં રહેલું જે ચેતન તેનો ત્યાગ કરીને ચેતનથી ભિન્ન બીજું કાંઇ જ્ઞેય થશે. ચેતનથી ભિન્ન અસત્ જડ અને દુઃખ રૂપ છે, તેને જાણવાથી પુરૂષાર્થ સિદ્ધ થતો નથી, માટે મહાવાકયમાં જહતી લક્ષણાનો ઉપયોગ નથી. ૪૦

૫ મહાવાક્યમાં અજહતીનો અસંભવ.

वाच्य हु सारो रहतहै, जहां अजहती मीत;
वाच्य अर्थ सविरोध यूं, तजहु अजहती रीत. ४१

અજહતી લક્ષણામાં આખો વાચ્યાર્થ તો કાયમ રહે છે. અને તે ઉપરાંત અધિક અર્થનું ગ્રહણ કરવામાં આવે છે. મહાવાક્યમાં અજહતીલક્ષણા માનીએ તો तत् અને त्वं પદનો આખો વાચ્ય અર્થ રહેવો જોઈએ, પણ તે વાચ્ય અર્થ તો પરસ્પર વિરોધી છે. એ વિરોધ દૂર કરવાને તો લક્ષણાનો સ્વીકાર કરવો પડયો છે, પણ અજહતીલક્ષણા માનવાથી મહાવાકયમાંનો વિરોધ દૂર થતો નથી, માટે મહાવાકયમાં અજહતી લક્ષણા પણ લાગુ પાડી શકાય નહિ. ૪૧

૬ મહાવાકયમાં ભાગત્યાગનો સ્વીકાર.

त्यागी विरोधी धर्म सब, चेतन शुद्ध असंग;
लखहु लच्छनातैं सुमति, भागत्याग यह अंग. ४२

तत् પદનું વાચ્ય ઇશ્વર અને त्वं પદનું વાચ્ય જીવ તેમનામાં જે પરસ્પર વિરોધી ધર્મ હોય તેનો ત્યાગ કરીને અવિરોધી ભાગ જે શુદ્ધ ચેતન તેને લક્ષણા વડે જાણવો તે ભાગત્યાગ લક્ષણા છે. ૪૨

ટીકા—આ જગોએ આવો સિદ્ધાંત છે.—

ઇશ્વર અને જીવનું સ્વરૂપ અદ્વૈત ગ્રંથોમાં અનેક પ્રકારનું કહ્યું છે. જેમ,—

૧ વિવરણ ગ્રંથમાં (૧) અજ્ઞાનમાં પ્રતિબિંબ એ જીવ છે, અને (૨)બિંબ એ ઇશ્વર છે, એમ કહેલું છે.

૨ વિદ્યારણ્યના મતમાં (૧) શુદ્ધ સત્વગુણ સહિત માયામાં આભાસ એ ઇશ્વર અને (૨) મલિન સત્વગુણ સહિત અંતઃકરણનું ઉપાદાન કારણ જે અવિદ્યાનો અંશ, તેમાં આભાસ તે જીવ છે, એમ કહ્યું છે.

જીવ અને ઇશ્વરના સ્વરૂપમાં પંચદશીકાર તથા વિવરણકાર વગેરેનો મત. (આભાસવાદ, પ્રતિબિંબવાદ અવચ્છેદવાદ)

૧૫૧ આભાસવાદ.

યદ્યપિ પંચદશી ગ્રંથમાં વિદ્યારણ્ય સ્વામીએ અંતઃકરણમાં આભાસ, તે જીવ એમ કહ્યું છે. પણ અંતઃકરણમાંના આભાસને જીવ માનીએ, તો

સુષુપ્તિમાં અંતઃકરણ રહેતું નથી માટે જીવનો પણ અભાવ થવો જોઇએ. પરંતુ પ્રાજ્ઞરૂપ જીવ તો સુષુપ્તિમાં રહે છે. માટે વિદ્યારણ્ય સ્વામિનો આવો અભિપ્રાય છે કે—

જે અવિદ્યાનો અંશ અંતઃકરણરૂપ પરિણામને પામે છે, તે અવિદ્યા-અંશમાં ચેતનનો આભાસ તે જીવ કહેવાય છે. તે અવિદ્યાનો અંશ સુષુપ્તિમાં પણ રહે છે. માટે સુષુપ્તિમાં પ્રાજ્ઞરૂપ જીવનો અભાવ થતો નથી.

અર્થાત્, કેવળ આભાસજ જીવ કે ઇશ્વર નથી, પણ—

(૧) માયાનું અધિષ્ઠાન ચેતન, અને માયા સહિત આભાસ ઈશ્વર કહેવાય છે.

(૨) અવિદ્યા અંશનું અધિષ્ઠાન ચેતન, અને અવિદ્યાના અંશ સહિત આભાસ, એ જીવ કહેવાય છે.

(૧) ઇશ્વરની ઉપાધિમાં શુદ્ધ સત્ત્વગુણ છે માટે ઇશ્વરમાં સર્વશક્તિ સર્વજ્ઞતાદિક ધર્મ રહે છે.

(૨) જીવની ઉપાધિમાં મલિન સત્ત્વગુણ છે, માટે જીવમાં અલ્પશક્તિ અલ્પજ્ઞતાદિક ધર્મ રહે છે.

આને આભાસવાદ કહે છે.

(આ ઉપરથી જણાશે કે કેવળ ચિદાભાસજ જીવ ઇશ્વર નથી. કેમકે—

પોતાના તાદાત્મ્ય સંબંધ વડે અધિષ્ઠાનથી અભિન્ન હોઇને જે પ્રતીત થાય છે તેને **આરોપિત** કહે છે. આરોપિત વસ્તુ અધિષ્ઠાનથી જૂદી પ્રતીત થતી નથી. જેમ, દોરડીમાં સાપ આરોપિત છે માટે તે દોરડીથી ભિન્ન પ્રતીત થતો નથી; પણ દોરડીથી અભિન્ન હોઇને અને દોરડીના સ્વરૂપને ઢાંકીને સાપની પ્રતીતિ થાય છે, તેજ પ્રમાણે માયા અને અવિદ્યામાં જે આભાસ છે, તે પણ આરોપિત હોવાથી તે બન્નેના આભાસ પણ પોતાના અધિષ્ઠાન બ્રહ્મ અને કૂટસ્થથી જૂદા પ્રતીત થતા નથી; પણ તે બન્ને પોતાના અધિષ્ઠાન બ્રહ્મ અને કૂટસ્થ સાથે તાદાત્મ્ય સંબંધ રૂપ એકપણું પામીને અને તેમના સ્વરૂપને ઢાંકીનેજ પ્રતીત થાય છે. માટે અધિષ્ઠાન ચેતન અને ઉપાધિ સહિત ચિદાભાસ, એજ જીવ અથવા ઈશ્વર છે.)

૧૨૨ પ્રતિબિંબવાદ.

વિવરણકારના મતમાં યદ્યપિ જીવ અને ઇશ્વર એ બન્નેની ઉપાધિ એકજ અજ્ઞાનછે, માટે બન્ને અલ્પજ્ઞ હોવા જોઇએ, તથાપિ જે ઉપાધિમાં પ્રતિબિંબ પડે છે, તે ઉપાધિનો એવો સ્વભાવ હોય છે કે તે પ્રતિબિંબમાં પોતાના દોષનું આરોપણ કરે છે; બિંબમાં નહિ.

જેમ દર્પણરૂપ ઉપાધિમાં મુખનું પ્રતિબિંબ પડે છે. ગળા ઉપર રહેલું મુખ એ બિંબ છે. હવે દર્પણમાં રહેલા કાળા, પીળા, વગેરે અનેક દોષ પ્રતિબિંબમાં દેખાય છે, પણ ગળા ઉપર રહેલા બિંબરૂપ મુખમાં દેખાતા નથી. એજ રીતે દર્પણને ઠેકાણે જે અજ્ઞાન છે, તેમાં પ્રતિબિંબરૂપ જીવમાં અજ્ઞાનકૃત અલ્પજ્ઞતાદિક દોષ હોય છે, પણ બિંબરૂપ ઈશ્વરમાં (વિવરણકાર શુદ્ધબ્રહ્મ ચૈતન્યનેજ ઈશ્વર કહે છે, એ ધ્યાનમાં રાખવું) તે દોષ હોતા નથી. માટે—

(૧) ઇશ્વરમાં સર્વજ્ઞતાદિક છે, અને

(૨) જીવમાં અલ્પજ્ઞતાદિક છે.

(જો કે પ્રતિબિંબવાદમાં શુદ્ધ બ્રહ્મનેજ ઇશ્વર કહે છે; તેમા સર્વજ્ઞ-તાદિક ધર્મ પણ સંભવે નહિ. તથાપિ જીવના અલ્પજ્ઞતાદિક ધર્મની અપેક્ષાએ કરીને શુદ્ધ બ્રહ્મમાં બિંબપણું, ઇશ્વરપણું, સર્વજ્ઞપણું, ઈત્યાદિ ધર્મોનો આરોપ કરવામાં આવે છે. ખરૂં જોતાં તો જીવ અને ઇશ્વર બન્ને શુદ્ધ બ્રહ્મ રૂપ છે. માટે તેમનામાં કોઇ પણ ધર્મનો સંભવ નથી.

૧૨૩ આભાસ અને પ્રતિબિંબવાદમાં ભેદ.

આભાસ અને પ્રતિબિંબમાં આટલો તફાવત છેઃ—

આભાસ પક્ષમાં તો આભાસ મિથ્યા છે; અને પ્રતિબિંબવાદમાં પ્રતિબિંબ મિથ્યા નથી, પણ સત્ય છે. કેમકે—

પ્રતિબિંબવાદીનો આવો સિદ્ધાંત છે કે, દર્પણમાં જે મુખનું પ્રતિબિંબ છે તે મુખની છાયા નથી. કેમકે—

(૧) છાયાનો એવો સ્વભાવ છે કે જે દિશામાં છાયાવાળાનું મુખ અને પીઠ હોય, તેજ દિશામાં છાયાનું પણ મુખ અને પીઠ હોય છે. પણ—

(૨) દર્પણમાંના પ્રતિબિંબનું મુખ અને પીઠ બિંબથી ઉલટું હોય છે. માટે દર્પણમાં છાયારૂપ પ્રતિબિંબ નથી, પણ દર્પણને જોવા માટે નેત્રદ્વારા નીકળેલી એવી જે અંતઃકરણની વૃત્તિ, તે દર્પણને જોઇને તરતજ દર્પણથી પાછી ફરે છે, અને ડોકા ઉપર રહેલા મુખને જુએ છે.

જેમ બળતા લાકડા વગેરેના ઉંબાડિયાને કે સળગતા કાકડાને વેગથી ફેરવવાવડે બળતાનું ચક્ર હોય તેવું ભાન થાય છે; ખરૂં જોતાં તે ચક્ર હોતું નથી. તેમ દર્પણ અને મુખને જોતી વખતે વૃત્તિના વેગથી મુખ દર્પણમાં હોય એમ ભાન થાય છે; ખરૂં જોતાં મુખ ડોકા ઉપરજ છે—તે દર્પણમાં હોતું નથી. તેમ તેની છાયા પણ દર્પણમાં હોતી નથી. વૃત્તિના વેગથી દર્પણમાં જે મુખની પ્રતીતિ તેને પ્રતિબિંબ કહે છે.*

---

* પ્રતિબિંબના સંબંધમાં હાલના વિદ્વાનો આમ કહે છેઃ—પ્રકાશનાં કિરણો મુખ ઉપર પડીને ત્યાંથી પરાવર્તન પામે છે (પાછાં ફેંકાય છે) અને

આ રીતે દર્પણરૂપ ઉપાધિના સંબંધથી ગ્રીવા ઉપર રહેલું મુખજ બિંબરૂપ અને પ્રતિબિંબ રૂપ જોવામાં આવે છે. પણ લગાર વિચાર કરી જોતાં માલમ પડશે કે બિંબ પ્રતિબિંબભાવ છેજ નહિ.

તેવીજ રીતે અજ્ઞાન રૂપ ઉપાધિના સંબંધથી અસંગ ચેતનમાં બિંબને ઠેકાણે ઇશ્વરપણું અને પ્રતિબિંબને ઠેકાણે જીવપણું પ્રતીત થાય છે. પણ વિચાર દૃષ્ટિથી જોતાં ઇશ્વરપણું કે જીવપણું છેજ નહિ.

અજ્ઞાનથી જે ચેતનમાં જીવભાવની પ્રતીતિ થાય છે તેજ અજ્ઞાનમાં **પ્રતિબિંબ** કહેવાય છે. માટે બિંબપણું અને પ્રતિબિંબપણું એ તો મિથ્યા (કલ્પના) છે. (કેમકે પ્રતિબિંબ જ્યારે મિથ્યા છે, ત્યારે પ્રતિબિંબની અપેક્ષાથીજ "બિંબ" કહેવામાં આવે છે, તે બિંબપણું પણ મિથ્યા છે). એમ છતાં સ્વરૂપથી તો બિંબ પ્રતિબિંબ સત્ય છે. કેમકે બિંબ પ્રતિબિંબનું મૂળ સ્વરૂપ જે દૃષ્ટાંતમાં કહેલું 'મુખ' તે સત્ય છે; અને એજ રીતે દાર્ષ્ટાંતમાં (સિદ્ધાંતમાં) કહેલું ચેતન એ પણ સત્ય છે, (ચેતન સત્ય છે; પણ બિંબ પ્રતિબિંબ રૂપે કલ્પેલા ઇશ્વર અને જીવ સત્ય નથી—માત્ર કલ્પનાજ છે, એમ કહેવાનું તાત્પર્ય છે.)

(૧) આ રીતે પ્રતિબિંબ તેના મૂળ સ્વરૂપમાં સત્ય હોવાથી—(અને તે મૂળ સ્વરૂપજ પ્રતિબિંબ રૂપે ભાસમાન થવાથી—) તેને સત્ય કહેવામાં આવે છે,

(૨) આભાસનું સ્વરૂપ છાયા માનવામાં આવે છે, માટે તે મિથ્યા છે.

આ પ્રમાણે આભાસવાદમાં અને પ્રતિબિંબવાદમાં તફાવત છે. (પ્રતિબિંબ સત્ય છે—આભાસ મિથ્યા છે.)

પંડિત શ્રી પિતામ્બરદાસજી અહીં કાંઇક વિશેપ જણાવે છેઃ—

જળથી ભરેલા અનેક ઘડાઓમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ (આભાસ) પડે છે. તેમાં—

(૧) એક એક પ્રતિબિંબને **વ્યષ્ટિ** કહે છે.

(૨) સઘળાં મળીને એક **સમષ્ટિ** પ્રતિબિંબ કહેવાય છે.

તે પ્રતિબિંબોમાંથી જળના અભાવને લીધે જેનો અભાવ થાય તે

તે દર્પણ ઉપર પડે છે. દર્પણ ઉપર પડેલી દૃષ્ટિ દર્પણમાં મુખ ઉપરનાં કિરણોના પ્રકાશથી પ્રકાશતું મુખ તેમાં જૂએ છે. અર્થાત્ જે મુખ ડોકા ઉપર દેખાવું જોઇતું હતું તેજ મુખ દર્પણમાં દેખાય છે. પરાવર્તનના આ ચમત્કારની પેઠે પ્રકાશના આ વક્રાભવનને લીધે પણ એક પદાર્થ જ્યાં હોય ત્યાં ન દેખાતાં બીજી જગોએ દેખાય છે. ભાષાન્તર કર્તા.

પ્રતિબિંબનો સૂર્યની સાથે અભેદ કહેવાય છે, પણ બીજાં પ્રતિબિંબોનો અભેદ કહેવાતો નથી. એ રીતે જ્યારે બધાં પ્રતિબિંબોનો અભાવ થાય ત્યારે તે સમષ્ટિ પ્રતિબિંબનો સૂર્ય સાથે અભેદ કહેવાય છે.

તેજ રીતે પાછળ કહેલા આભાસવાદીના પક્ષમાં

(૧) અનેક બુદ્ધિ અથવા અવિદ્યા અંશ રૂપ જળમાં બ્રહ્મનાં અનેક પ્રતિબિંબ (આભાસ) છે; તેમાં એક એક પ્રતિબિંબ વ્યષ્ટિ **જીવ** કહેવાય છે,

(૨) બધાંનું મળીને એક સમષ્ટિ પ્રતિબિંબ તે **ઈશ્વર** કહેવાય છે.

તેમાંથી જે જીવનો ઉપાધિના અભાવથી અભાવ થાય છે તેનો બ્રહ્મની સાથે ઉપચાર માત્રથી અભેદ કહેવાય છે. (અર્થાત્ એ અભેદ કહેવા માત્ર છે, કેમકે ભેદ હતોજ નહિ.)

એ રીતે જ્યારે બધા જીવોનો અભાવ થશે ત્યારે તે સમષ્ટિ પ્રતિબિંબ રૂપ ઈશ્વરનો વિદેહ મોક્ષ થશે.

(૧) આ પક્ષમાં જગત્ અને બ્રહ્મના, અથવા જીવ અને બ્રહ્મના અભેદનો બોધ કરનારાં શ્રુતિ વાક્યોમાં ભાગ ત્યાગ લક્ષણાનો સ્વીકાર નથી. પણ " ગંગામાં ગામ છે " એ વાક્યની પેઠે આખા વાચ્ય ભાગનો ત્યાગ અને તેની સાથે સંબંધ રાખનાર બ્રહ્મનું ગ્રહણ થતું હોવાથી જહતી લક્ષણાનો સ્વીકાર છે.

જે લોકો અધિષ્ઠાન કૂટસ્થ સિવાય માત્ર બુદ્ધિ સહિત કે અવિદ્યા-સહિત આભાસને જીવ માનનારા વેદાંતના એકદેશી આભાસવાદી છે, તેમનું આવું મત છે.

(૨) આ પક્ષમાં પુરૂષાર્થ [મોક્ષ]ને માટે પ્રયત્ન કરનારા જીવનો મોક્ષ દશામાં અભાવ થાય છે, માટે વ્યાજની આશાએ રૂપિયા ધીરનારના મુદ્દલ રૂપિયા પણ નાશ પામે " એની પેઠે મોક્ષની ઈચ્છાથી પ્રયત્ન કરનારના જીવનું સ્વરૂપ પણ નાશ થાય છે. આવો અનર્થ થતો જાણીને આ સિદ્ધાંતમાં મુમુક્ષુની પ્રવૃત્તિ ભાગ્યેજ થઇ શકે. માટે આ મત સમીચીન નથી.

પંચદશીમાં તથા આ વિચારસાગર ગ્રંથમાં

[૧] અધિષ્ઠાન કૂટસ્થ સહિત સાભાસ બુદ્ધિ અથવા સાભાસ અવિદ્યાને **જીવ** માન્યો છે.

[૨] અધિષ્ઠાન બ્રહ્મ સહિત સાભાસ માયાને **ઈશ્વર** માન્યો છે.

આ પક્ષમાં વાચ્ય ભાગના એક દેશના ત્યાગથી અને એક દેશના ગ્રહણથી મહાવાક્ય આદિક સ્થળમાં, સિદ્ધાંતમાં માન્ય રાખેલી ભાગત્યાગ લક્ષણાનોજ સ્વીકાર છે.

આ પક્ષમાં મુખ્ય આકાશના દૃષ્ટાંતનોજ સ્વીકાર છે. એ આકાશનું દૃષ્ટાંત સવિસ્તર પંચદશીના ચિત્રદીપમાં તથા આ પુસ્તકના ચોથા તરંગમાં કહેલું છે.

આ પક્ષની રીતે

[૧] આકાશના અથવા મુખ આદિના પ્રતિબિંબનું **અધિષ્ઠાનરૂપ ઉપાદાન** ઘટાકાશ અને દર્પણ આદિ છે.

[૨] **પરિણામી ઉપાદાન** જળ અને અવિદ્યાદિક છે.

[૩] **નિમિત્ત કારણ** મહાકાશ મુખ આદિક બિંબ તથા ઉપાધિનું સમીપમાં હોવું, એ વગેરે છે.

એ પ્રતિબિંબનો બાધ કરીને તેનો પોતાના બિંબ રૂપ મુખ વગેરેની સાથે અભેદ થાય છે ખરો, તથાપિ જ્યાં લગી જળ, દર્પણ અને બિંબની સમીપતા રૂપ નિમિત્ત હોય, ત્યાં લગી બાધ કરેલા પ્રતિબિંબની પણ અનુવૃત્તિ [પ્રતીતિ] થયા કરે છે. એને **બાધિતાનુવૃત્તિ** કહે છે.

તેમ,

[૧] ચિદાભાસ રૂપ જીવનું અધિષ્ઠાન રૂપ ઉપાદાન **કૂટસ્થ** છે.

[૨] પરિણામી ઉપાદાન **નાના બુદ્ધિ** અથવા **અજ્ઞાન અંશ** છે.

[૩] નિમિત્તકારણ **પ્રારબ્ધ** છે.

તેમાંથી જે ચિદાભાસ, બુદ્ધિ રૂપ અથવા અજ્ઞાન અંશ રૂપ ઉપાધિ સહિત પોતાના ચિદાભાસ સ્વરૂપનો બાધ કરે છે; અને "હું" વગેરે જીવ વાચક શબ્દનો લક્ષ્ય અર્થ જે કૂટસ્થ અધિષ્ઠાન રૂપ પોતાનું નિજરૂપ તેનો અભિમાન કરે છે; અને એમ કરીને તે "હું" શબ્દના લક્ષ્યરૂપ કૂટસ્થની બિંબ રૂપ બ્રહ્મ સાથે પહેલાંથી એકતા છે, તેને જાણે છે; તે **મુક્ત** થાય છે, બીજા બદ્ધ છે.

યદ્યપિ પાછળ કહેલું "હું બ્રહ્મ છું" એ જ્ઞાન થવાની સાથેજ અવિદ્યારૂપી ઉપાદાનનો નાશ થાય છે અને તે અવિદ્યાના કાર્યરૂપ જગત્ સહિત ચિદાભાસનો બાધ થઇ જાય છે; તથાપિ જ્યાં લગી પ્રારબ્ધરૂપ નિમિત્ત છે ત્યાં લગી બાધ પામેલા (મિથ્યા જાણેલા) દેહાદિ જગત્ સહિત ચિદાભાસની અનુવૃત્તિ (પ્રતીતિ) થયા કરે છે. જ્યારે પ્રારબ્ધનો અંત આવે છે ત્યારે તે પ્રતીતિનો અભાવ થાય છે. એનું નામજ ચિદાભાસરૂપ જીવનો **વિદેહ મોક્ષ** છે. પાછળ કહેલા બિંબપ્રતિબિંબ પક્ષ કરતાં આ આભાસપક્ષ ઉત્તમ છે.

બિંબ પ્રતિબિંબ વાદમાં

[૧] પ્રતિબિંબનું **આધિષ્ઠાનરૂપ ઉપાદાન** બિંબ છે. અને

[૨] **પરિણામી ઉપાદાન** મુખ આદિક બિંબનું અજ્ઞાન છે.

[૩] **નિમિત્ત કારણ** દર્પણ અને બિંબની સમીપતા વગેરે છે.

બિંબ અને પ્રતિબિંબની એકતાનું જ્ઞાન થાય ત્યારે પ્રતિબિંબપણાની નિવૃત્તિ થાય છે. પરંતુ જ્યાં સુધી બિંબ અને દર્પણની સમીપતારૂપ ઉપાધિ [નિમિત્ત] હોય છે, ત્યાં સુધી મિથ્યા જાણેલા પ્રતિબિંબપણા સિવાય પ્રતિબિંબના સ્વરૂપની પ્રતીતિ થાય છે. જ્યારે દર્પણ આદિકને લેઇ લેવામાં આવે ત્યારેજ પ્રતિબિંબની પ્રતીતિનો અભાવ થાય છે.

[૧] તેમ, એકજ અજ્ઞાનથી શુદ્ધ બ્રહ્મરૂપ બિંબમાં જીવરૂપ પ્રતિબિંબભાવ પ્રતીત થાય છે. તેનું **ઉપાદાન** અજ્ઞાન છે અને **આધિષ્ઠાન શુદ્ધ** બ્રહ્મ છે.

[૨] **નિમિત્ત કારણ** અદષ્ટ છે. જ્યારે તે પ્રતિબિંબને પોતાના બિંબરૂપ બ્રહ્મની સાથે પોતાની એકતા પ્રતીત થાય છે, ત્યારે તેનો પ્રતિબિંબભાવ [જીવભાવ] નિવૃત્ત થાય છે. પરંતુ જ્યાં લગી પ્રારબ્ધરૂપ ઉપાધિ (નિમિત્ત) હોય છે, ત્યાં લગી બાધિત થયેલા જગત્ સહિત એ જીવના જીવપણા રહિત સ્વરૂપની પ્રતીતિ થાય છે (એટલે પોતાના ખરા સ્વરૂપને જાણ્યા છતાં પણ જીવપણું દેખાયા કરે છે અને જીવ તરીકેનો વ્યવહાર ચાલુ રહે છે.) જ્યારે પ્રારબ્ધનો અંત આવશે, ત્યારે તે પ્રતીતિનો અભાવ થઇને કેવળ શુદ્ધ બ્રહ્મ અવશેષ રહેશે. એજ તેનો **વિદેહ મોક્ષ** છે.

આ પક્ષમાં સ્વપ્નની પેઠે મુખ્ય એક જીવનો અંગીકાર છે. અને જે અનેક જીવો પ્રતીત થાય છે તે જીવાભાસ છે. એમાં ત્રણ સત્તાનો અંગીકાર છે, માટે આ પણ વ્યાવહારિક પક્ષ કહેવાય છે. પરંતુ બીજા બધા વ્યાવહારિક પક્ષો કરતાં આ પક્ષ ઉત્તમ છે.

આ રીતે આભાસવાદ અને પ્રતિબિંબવાદમાં ભેદ છે.

૧૨૪ અવચ્છેદવાદ.

કેટલાક ગ્રંથોમાં—

[૧] શુદ્ધ સત્વગુણ સહિત માયાવિશિષ્ટ ચેતનને **ઇશ્વર** કહે છે.

[૨] મલિન સત્વગુણસહિત અંતઃકરણનું ઉપાદાન એવી **અવિદ્યાના અંશવિશિષ્ટ ચેતનને જીવ** કહે છે.

એને **અવચ્છેદવાદ** કહે છે.

એ રીતે સઘળી વેદાંતની પ્રક્રિયાઓ અદ્વૈત આત્માને જણાવવાને માટે છે. માટે જે પ્રક્રિયાથી જીજ્ઞાસુને બોધ થાય તેજ પ્રક્રિયા તેને માટે સારી

છે. તથાપિ વાકયવૃત્તિ અને **ઉપદેશસાહસ્રીમાં** ભાષ્યકારે **આભાસવાદજ** લખ્યો છે, માટે **આભાસવાદજ** શ્રેષ્ઠ છે.

[એ સિવાય-કાર્યકારણવાદ, અવચ્છિન્ન અનવચ્છિન્નવાદ, અને દૃષ્ટિ સૃષ્ટિવાદ, વગેરે વાદ પણ શાસ્ત્રોમાં કથન કર્યા છે, તે અપય્યાદીક્ષિતકૃત **સિદ્ધાંતલેશમાં** તથા નિશ્ચલદાસકૃત **વૃત્તિપ્રભાકરના** **અષ્ટમપ્રકાશમાં** જોઇ લેવા.]

૧૨૫ આભાસવાદની રીતે ચારે મહાવાકયોમાં ભાગત્યાગ લક્ષણા.

[**तत्वमसि** એટલે ' તે તું છે " ઇત્યાદિ મહાવાકયો કહેવાય છે. કેમકે તે અપરોક્ષ જ્ઞાનનો ઉપદેશ કરનારાં વાકયો છે. તે સિવાયનાં વાકયો- જેનાથી પરોક્ષ જ્ઞાન થાય છે તેને **અવાંતર** વાકયો કહે છે.

(ચારે મહાવાકયોમાં પણ **तत्वमसि** વાકયને **ઉપદેશ** વાકય કહે છે અને બાકીનાં ત્રણવેદનાં ત્રણ મહાવાકયોને **અનુભવ વાકયો** કહે છે. કારણ સ્પષ્ટ છે. " **तत्वमसि** ' એ ગુરૂનો શિષ્યને ઉપદેશ હોય એવું વાકય છે; અને બાકીનાં-**अयमात्मा ब्रह्म** (આ આત્મા બ્રહ્મ છે), **अहं ब्रह्मास्मि** (હું બ્રહ્મ છું), અને **प्रज्ञानमानन्दं ब्रह्म** (જ્ઞાન અને આનંદ બ્રહ્મ છે), એ બોલનારનો પોતાનો અનુભવ જણાવતાં હોય તેવાં વાકયો છે.)

૧ સામવેદનું મહાવાકય तत्वमसि.

क માયા, માયામાં આભાસ, અને માયાનું અધિષ્ઠાન ચેતન, એ ત્રણે મળીને સર્વ શક્તિ અને સર્વજ્ઞતાદિક ધર્મ સહિત ઇશ્વર છે. અને **तत्** પદનું વાચ્ય છે.

ख વ્યષ્ટિ અવિદ્યા, અવિદ્યામાં આભાસ, અને તેનું અધિષ્ઠાન ચેતન, એ ત્રણે મળીને અલ્પ શક્તિ, અલ્પજ્ઞતા, વગેરે ધર્મ સહિત જીવ છે. અને તે **त्वं** પદનું વાચ્ય છે.

એ બન્ને વિરૂદ્ધ ધર્મોવાળા ચેતનની એકતાનો બોધ **तत्वमसि** મહા વાકય કરે છે, પણ તે સંભવિત નથી લાગતો. માટે—

क આભાસ સહિત માયા અને માયાએ કરેલા સર્વજ્ઞતા વગેરે ધર્મ, એટલો વાચ્ય ભાગ છોડી દેઇને બાકી રહેલા ચેતન ભાગમાં **तत्** પદની ભાગત્યાગ લક્ષણા કરવી. અને—

ख આભાસ સહિત અવિદ્યા અંશ, અને અવિદ્યાકૃત અલ્પશક્તિ, અલ્પજ્ઞતાદિક ધર્મ જે त्वं પદનો વાચ્ય ભાગ છે, તેને છોડી દેઇને ચેતન ભાગમાં त्वं પદની ભાગત્યાગ લક્ષણા કરવી. આ રીતે ભાગત્યાગ લક્ષણા કરવાથી-ઇશ્વર અને જીવના સ્વરૂપમાં લક્ષ્ય એવો જે ચેતન ભાગ તેની એકતાનો तत्वमसि મહાવાકય બોધ કરે છે.

[૨] અથર્વણવેદનું મહાવાક્ય 'अयमात्मा ब्रह्म.'

अयमात्माब्रह्म (આ આત્મા બ્રહ્મ છે), એ મહાવાક્યમાં

क 'આત્મા' પદનું વાચ્ય જીવ છે. અને

ख 'બ્રહ્મ' પદનું વાચ્ય ઇશ્વર છે. આ જગાએ બ્રહ્મ એટલે શુદ્ધ બ્રહ્મ કહેવાનું શ્રુતિનું તાત્પર્ય નથી, પણ 'ઇશ્વર' એવો અર્થ બ્રહ્મપદનો સમજવાનો છે, એ વાત ચોથા તરંગમાં કહી આવ્યા છીએ ત્યાં જોવી.

જીવ અને ઇશ્વરની એકતા **तत्वमसि** માં કરી બતાવી છે તેમ અહીં પણ કરવાની છે.

આ મહાવાક્યમાં લક્ષ્ય અર્થ (શુદ્ધ ચેતન) તે પરોક્ષ નથી પણ અપરોક્ષ છે એમ બતાવવાને **अयं** (આ) પદ મૂકેલું છે. અર્થાત્ 'આ' એટલે સર્વને અપરોક્ષ એવો આત્મા બ્રહ્મ છે, એવો એ મહાવાક્યનો અર્થ છે

અપરોક્ષ બે પ્રકારનું છેઃ—

[૧] એક તો, આત્મા સ્વયંપ્રકાશ હોવાથી બુદ્ધિરૂપી જ્ઞાનનો વિષય જે આત્માનું સ્વરૂપ, તે **અપરોક્ષ** છે.

[૨] બીજું, "હું સ્વપ્રકાશ આત્મા છું" એવી રીતે બુદ્ધિથી અવલોકન કરવું તે પણ **અપરોક્ષ** કહેવાય છે.

તેમાંથી પ્રથમનું અપરોક્ષ નિત્ય [સદા વિદ્યમાન] છે. અને બીજું (બુદ્ધિની વૃત્તિ રૂપ) અપરોક્ષ અનિત્ય [કદાચિત્ થવાવાળું] છે.

[૩] યજુર્વેદનું મહાવાક્ય "अहंब्रह्मास्मि."

अहंब्रह्म अस्मि એટલે હું બ્રહ્મ છું, એ મહાવાક્યમાં

क. अहं પદનું વાચ્ય જીવ છે. અને

ख. ब्रह्म પદનું વાચ્ય ઇશ્વર છે.

એ બન્ને પદોની પાછળ કહ્યા પ્રમાણે ચેતન ભાગમાં લક્ષણા કરવી.

[૪] ઋગ્વેદનું મહાવાક્ય-"प्रज्ञानमानन्दं ब्रह्म"

આ મહાવાક્યમાં—

क. प्रज्ञान પદનું વાચ્ય જીવ છે. અને

ख. ब्रह्म પદનું વાચ્ય ઇશ્વર છે.

બન્ને પદોની પહેલાંની પેઠે ભાગત્યાગ લક્ષણા કરવી.

લક્ષ્ય જે બ્રહ્માત્મા તે આનંદ ગુણવાળો નથી, પણ આનંદ રૂપ છે, એ અર્થ જણાવવાને મહાવાક્યમાં **आनन्द** પદ મૂકેલું છે.

આત્માથી અભિન્ન બ્રહ્મ આનંદ રૂપ છે એવો એ વાક્યનો અર્થ છે. [**प्रज्ञानं**-આત્મા, **ब्रह्म**-ઇશ્વર, **आनन्दं**-આનંદ રૂપ છે.]

જેવી રીતે મહાવાકયમાં ભાગત્યાગ લક્ષણાથી અર્થનો બોધ થાય છે, તેમ બીજાં વાકયોમાં પણ સત્ય, જ્ઞાન, આનન્દ, એ શબ્દો પણ ભાગત્યાગ લક્ષણાથીજ શુદ્ધ બ્રહ્મનો બોધ કરે છે, શક્તિથી બોધ કરતાં નથી. કેમકે શુદ્ધ બ્રહ્મ કોઈ પદનું વાચ્ય નથી, એવો સિદ્ધાંત છે. માટે બધાં પદ વિશિષ્ટ નાં (વિશેષણ યુક્ત અર્થનાં) વાચક છે અને શુદ્ધ બ્રહ્મનાં લક્ષક છે.

[૧] માયા બ્રહ્મની અપેક્ષાએ-બ્રહ્મને લીધે- સત્ય ભાસે છે માટે માયાની આપેક્ષિક સત્યતા છે. અને ચેતન પોતાની સત્યતા માટે કોઇની અપેક્ષા રાખતું નથી માટે તેની નિરપેક્ષિક સત્યતા છે. એ બન્ને સત્યતાઓ મળીને સત્ય પદનો વાચ્યાર્થ છે અને નિરપેક્ષ સત્ય એ લક્ષ્યાર્થ છે.

(૨) બુદ્ધિવૃત્તિ રૂપ જ્ઞાન અને સ્વયંપ્રકાશ જ્ઞાન, એ બન્ને મળીને જ્ઞાન પદનો વાચ્યાર્થ છે, અને સ્વયંપ્રકાશ જ્ઞાન ભાગ લક્ષ્યાર્થ છે.

[૩] વિષયના સંબંધથી ઉત્પન્ન થયેલી સુખાકાર સાત્વિક અંતઃકરણની વૃત્તિ, અને પરમ પ્રેમનું સ્થાન એવું સ્વરૂપ સુખ, એ બન્ને મળીને આનંદ પદનો વાચ્યાર્થ છે, અને વૃત્તિભાગને છોડીને સ્વરૂપ ભાગ માત્ર લક્ષ્યાર્થ છે.

આ રીતે સઘળા પદોની શુદ્ધ બ્રહ્મમાં લક્ષણા કરવાનું સંક્ષેપ શારીરક નામે ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે.

૧૨૬ લક્ષણાપ્રકરણનો સારાંશ.

कवित्त.

गंगामैं ग्राम जहती लच्छना या ठौर लखि,
सोन धावै लच्छना अजहती जनाईये;
"सोई यह वस्तु" इहां लच्छना है भागत्याग,
दूजो नाम जहतो अजहती सुनाईये;
"तत्वमसि" आदि महावाक्यनमैं भागत्याग,
लच्छना न जहती अजहती बताईये;
ब्रह्म काहू पदको न वाच्य यूं बखानै वेद,
यातैं सर्वपदनमैं रीति यूं लखाईये. ४३
मायामांहि सत्यता जु और भांति भाषियत,
ब्रह्ममांहि सत्यता सु और भांति भाषिये ।
दोउ मिली सत्यपद वाच्य मुनि भाषत है,
ब्रह्ममांहि सत्यता सु लच्छ्यभाग राखिये ॥
बुद्धिवृत्ति संवित द्वै मिले ज्ञानपद वाच्य,
संवितस्व .प लच्छय बुद्धिवृत्ति नाखिये ।

आत्म औ विषैको सुख वाच्यपद आनंदको,
विषैसुख त्यागी आत्मसुख लच्छी आखिये ॥ ४४ ॥

અર્થ—(૧) 'ગંગામાં ગામ છે' એ જહતીલક્ષણાનું ઉદાહરણ છે.

(૨) 'લાલ દોડે છે' એ અજહતી લક્ષણાનું ઉદાહરણ છે.

(૩) 'તે આ છે' આ ભાગત્યાગ લક્ષણાનું ઉદાહરણ છે. એનેજ કોઇ 'જહતીઅજહતી' પણ કહે છે.

(૪) 'तत्वमसि' આદિ મહાવાકયોમાં ભાગત્યાગ લક્ષણા કરવી; જહતી અને અજહતી લક્ષણા કરવી નહિ.

(૫) બ્રહ્મ કોઇ પદનો વાચ્ય નથી એમ વેદમાં કહ્યું છે, માટે બ્રહ્મને જણાવનારાં સઘળાં પદોમાં આ રીતે ભાગત્યાગ લક્ષણા કરીને લક્ષ્યાર્થ બ્રહ્મને જાણવું. ૪૩

(૬) માયામાં જૂદા પ્રકારની (સાપેક્ષ) સત્યતા છે અને બ્રહ્મમાં જૂદા પ્રકારની (નિરપેક્ષ) સત્યતા છે.

(૭) એ બન્ને સત્યતા એ સત્ય પદનો વાચ્યાર્થ છે, અને બ્રહ્મ એ સત્ય પદનો લક્ષ્યાર્થ છે.

(૮) બુદ્ધિની વૃત્તિરૂપ જ્ઞાન અને સ્વયંપ્રકાશ જ્ઞાન એ બન્ને મળીને જ્ઞાન પદનો વાચ્યાર્થ છે, અને જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ એ જ્ઞાન પદનો લક્ષ્યાર્થ છે. ત્યાં બુદ્ધિની વૃત્તિનો ત્યાગ કરવો.

(૯) વિષયનું સુખ અને આત્મસ્વરૂપ સુખ, એ બન્ને મળીને આનંદ પદનો વાચ્યાર્થ છે; તેમાંથી વિષયસુખને તજી દેઇને, આનંદ સ્વરૂપ બ્રહ્મ એ આનંદ પદનો લક્ષ્યાર્થ છે એમ કહેવું.

૧૨૭ લક્ષણા વિશે શંકા સમાધાન.

अथ शंकाका दोहा.

एक हि पदमैं लच्छना, मानै नहीं विरोध;
दोयपदनमैं लच्छना, निष्फल कहत सुबोध. ४५

અર્થ—એકજ પદમાં લક્ષણા માને તો વિરોધ આવતો નથી; પણ બન્ને પદોમાં લક્ષણા માનવી નિષ્ફળ છે એમ પંડિતો કહે છે. ૪૫.

[૧] શંકા-બન્ને પદમાં લક્ષણા માનવી સયુક્તિક નથી.

વાદી—મહાવાકયોમાં વિરોધ દૂર કરવાને બન્ને પદમાં લક્ષણા માન-

વામાં આવી છે. એટલે तत् त्वं असि, એમાંનાં तत् અને त्वं બન્ને પદોને બ્રહ્મનાં લક્ષક માની એ બન્ને પદોમાં લક્ષણા કરીછે-વાચ્યાર્થ ભાગનો ત્યાગ કરી લક્ષ્યાર્થ ભાગ સ્વીકાર્યો છે-એમ કરવાની જરૂર નહોતી. કેમકે એક પદમાં લક્ષણા માનવાથી પણ વિરોધ દૂર થઇ શકે છે; બન્ને પદમાં લક્ષણા માનવાની જરૂર નથી.

જો કે સર્વજ્ઞતાદિ વિશિષ્ટ ઇશ્વરની અલ્પજ્ઞતાદિ વિશિષ્ટ જીવની સાથે એકતા સંભવતી નથી; તથાપિ બન્ને પદમાંથી એક પદનું લક્ષ્ય જે શુદ્ધ બ્રહ્મ તેની વિશિષ્ટની સાથે (વિશેષણવાળા એમાંના કોઇ પણ એક પદ સાથે) એકતા બને છે. દૃષ્ટાંતઃ—જેમ,—

क "શૂદ્ર મનુષ્ય બ્રાહ્મણ છે." આ રીતે શૂદ્રત્વ ધર્મ વિશિષ્ટ મનુષ્યની બ્રાહ્મણત્વ ધર્મ વિશિષ્ટ મનુષ્યની સાથે એકતા કહેવી વિરૂદ્ધ છે. પણ, તે એમાંથી એક પદનું વિશેષણ (શૂદ્રત્વ) છોડી દેઇને—

ख "મનુષ્ય બ્રાહ્મણ છે" એ રીતે શૂદ્રત્વ ધર્મ રહિત શુદ્ધ મનુષ્યને બ્રાહ્મણત્વ વિશિષ્ટ કહેવામાં વિરોધ નથી.

એજ રીતે—

क અલ્પજ્ઞતાદિ ધર્મવિશિષ્ટચેતનની અને સર્વજ્ઞતાદ્ધર્મવિશિષ્ટ ચેતનની એકતા માનવી વિરૂદ્ધ છે, પણ—

ख જીવવાચક પદ અથવા ઇશ્વર વાચક પદની ચેતનમાં લક્ષણા કરીને લક્ષ્યાર્થ જે ચેતન માત્ર, તેની સર્વજ્ઞતાદિ ધર્મ વિશિષ્ટ ઇશ્વર સાથે, અથવા અલ્પજ્ઞતાદિ ધર્મ વિશિષ્ટ જીવ સાથે એકતા કહેવામાં વિરોધ આવતો નથી.

માટે બન્ને પદમાં લક્ષણા માનવી સયુક્તિક નથી.

૨ સમાધાન-બન્ને પદમાં લક્ષણા સફળ છે.

समाधान.

कवित्त.

लच्छना जो कहै एकपदमांहि ताकूं यह,
पूछी दोयपदनमैं कौनसैंमैं लच्छना ?
प्रथम वा द्वितीयमैं कहै ताहि भाखी यह,
वाक्यनको होयगो विरोध मूढलच्छना !
तीनि वाक्यमध्य जीववाचक प्रथमपद,
"तत्वमसि" यामैं आदिपद ईसलच्छना;
प्रथम वा द्वितीयको नेम नहीं बनै यातैं,
भाषत है पदनमैं लच्छना सुलच्छना ॥ ४६ ॥

અર્થ—જે એમ કહે કે એક પદમાં લક્ષણા કરવી, તેને

એમ પૂછવું કે બે પદમાંથી કયા પદમાં લક્ષણા કરવી? જો તે એમ કહે કે પહેલા પદમાં અથવા બીજા પદમાં લક્ષણા કરવી, તો તેને કહેવું કે હે મૂઢ લક્ષણવાળા! એમ કરવાથી વાકયનો વિરોધ થશે; કેમકે (ચાર મહાવાકયોમાંથી) ત્રણ વાકયોમાં પ્રથમ પદ જીવવાચક છે, અને तत्त्वमसि વાકયમાં પ્રથમ પદ ઇશ્વર વાચક છે. તેથી (જો એકજ પદમાં લક્ષણા કરવાની હોય તો) પહેલા પદમાં લક્ષણા કરવી કે બીજા પદમાં કરવી, તેનો કાંઈ નિયમ રહેશે નહિ; માટે ઉત્તમ લક્ષણવાળા આચાર્યો બન્ને પદમાં લક્ષણા કરવાનું કહે છે. ૪૬

સિદ્ધાંતી—તમે બે પદ પૈકી એક પદમાં લક્ષણા માનો છો, ત્યારે એટલું તો કહો કે તે બેમાંથી કયા પદમાં લક્ષણા માનો છો?

વાદી—બધાં મહાવાકયોના પહેલા પદમાં લક્ષણા માનવી અથવા બીજા પદમાં લક્ષણા માનવી. કોઇ પણ એક પદમાં લક્ષણા માનવી.

સિદ્ધાંતી—તમે પ્રથમ પદમાંજ લક્ષણા માનશો, તો ચારે મહાવાકયોનો પરસ્પર વિરોધ આવશે. કેમકે—

(૧) **अहं ब्रह्म अस्मि**; (૨) **प्रज्ञानं आनंदं ब्रह्म**; (૩) **अयं आत्मा ब्रह्म**. એ ત્રણ વાકયોમાં જીવવાચક પદ પ્રથમ છે. અને (૪) **तत् त्वं असि** એ વાકયમાં ઇશ્વર વાચક પદ પ્રથમ છે.

क. હવે જો બધે પ્રથમ પદમાંજ લક્ષણા માનીએ તો પ્રથમનાં ત્રણ વાકયોનો એવો અર્થ થશે કે,—ચેતન એ સર્વજ્ઞતાદિ વિશિષ્ટ ઇશ્વર રૂપ છે. અને—

ख "**तत् त्वं असि**" એ વાકયનો એવો અર્થ થશે કે, ચેતન એ અલ્પજ્ઞતાદિ વિશિષ્ટ સંસારી જીવ રૂપ છે.

કેમકે પહેલાંનાં ત્રણ વાકયોમાં પ્રથમ પદ જીવવાચક છે, તેની લક્ષણા ચેતન ભાગમાં થશે, અને બીજું જે ઈશ્વર વાચક પદ છે, તેનો લક્ષ્યાર્થ નહિ લેવાનો હોવાથી, તેનો માત્ર વાચ્યાર્થજ લેવાશે.

અને **तत्त्वमसि** માં પ્રથમ પદ ઇશ્વર વાચક છે તેની ચેતન ભાગમાં લક્ષણા થશે અને બીજું જે જીવ વાચક પદ છે તેના વાચ્યાર્થનુંજ ગ્રહણ થશે!

એવી રીતે પ્રથમ પદમાંજ લક્ષણા કરવાનો નિયમ કરવાથી મહાવાકયોનો પરસ્પર વિરોધ થશે.

વાદી—પણ એમ હશે તો અમે વાકયના બીજા પદમાં લક્ષણા માનીશું, પણ એકજ પદમાં માનીશું.

સિદ્ધાંતી—જો બધા વાક્યોના બીજા પદમાં લક્ષણા માનશો, તો-

ક પ્રથમનાં ત્રણ વાક્યમાં પહેલું જે જીવ વાચક પદ છે તેના વાચ્યાર્થનું ગ્રહણ થશે અને પછીનું જે ઇશ્વર વાચક પદ છે તેની માત્ર ચેતન ભાગમાં લક્ષણા થશે. તેથી, અલ્પજ્ઞત્વાદિક ધર્મ વિશિષ્ટ ચેતન છે, એવો એ ત્રણે વાક્યોનો અર્થ થશે. અને—

ख 'तत्त्वमसि' માં પહેલું પદ ઇશ્વર છે તેના વાચ્યાર્થનું ગ્રહણ થશે અને બીજું જે જીવવાચક પદ છે તેની ચેતનમાં લક્ષણા થશે. તેથી, સર્વજ્ઞત્વાદિ ધર્મ વિશિષ્ટ ચેતન છે, એવો **तत्त्वमसि**નો અર્થ થવાથી મહાવાક્યોનો પરસ્પર વિરોધ થશે.

આમ હોવાથી વાક્યના પહેલા કે બીજા પદમાં લક્ષણાનો નિયમ થઇ શકે નહિ. અને એટલા માટેજ વિદ્વાન આચાર્યો વાક્યના બન્ને પદોમાં લક્ષણા માને છે.

૩ એકલા 'ઇશ્વર' પદમાં લક્ષણા સંભવતી નથી.

વાદી—વારૂ ત્યારે વાક્યના પ્રથમ કે દ્વિતીય કોઇ એકજ પદમાં લક્ષણા કરવી એવો નિયમ અમે કરતા નથી; પણ બધાં વાક્યોમાં ઇશ્વર વાચક પદમાં લક્ષણા કરવી, એવો નિયમ કરીએ છીએ, પછી તે ઇશ્વર વાચક પદ પહેલું હોય કે પછી હોય. એમ કરવાથી વિરોધ આવશે નહિ.

એનો ઉત્તર નીચેના દોહરાથી આપે છે:—

दोहा.

ईसपदहि लच्छक कहै, सब अनर्थकी खानि;
ज्ञेय होय श्रुति वाक्यमैं, व्है पुरुषारथहानि. ४७

અર્થ—જો ઇશ્વરવાચક પદમાંજ લક્ષણા માનીએ તો અલ્પજ્ઞતા, પરાધીનતા, જન્મમરણ, વગેરે દુઃખનાં સાધન રૂપી અનર્થવાળો જીવ એજ શ્રુતિવાક્યમાં જ્ઞેય કહ્યો છે એમ ઠરશે. અને એમ ઠરશે તો પછી મોક્ષ વસ્તુનોજ નાશ થશે!

તાત્પર્ય—જો ઇશ્વર વાચક પદમાંજ લક્ષણા માનીએ તો મહાવાક્યનો આવો અર્થ થશે:—

"**तत्**પદનું લક્ષ્ય જે અદ્વય અસંગ માયામળરહિત ચેતન, તે કામ કર્મ અવિદ્યાને અધીન, અલ્પજ્ઞ, અલ્પશક્તિ, પરિચ્છિન્ન, પુણ્યપાપ-સુખ-દુઃખ-જન્મ મરણ-ગમનાગમન-આદિક અનંત અનર્થનું પાત્ર છે!"

જો મહાવાક્યનો એવો અર્થ થાય તો પછી જિજ્ઞાસુને એજ અર્થમાં સ્થિતિ કરવી પડશે; અને જેમાં બુદ્ધિની સ્થિતિ થાય છે તેજ અર્થને

મૃત્યુ પછી પામે છે, માટે વેદ વાક્યના વિચારથી મુમુક્ષુને અનર્થનીજ પ્રાપ્તિ થશે, આનંદની પ્રાપ્તિનહિ થાય ! માટે ઇશ્વરવાચક પદમાં લક્ષણા છે, અને જીવવાચક પદમાં લક્ષણા નથી, એ નિયમ સુઘટિત નથી.

(૪) એકલા જીવપદમાં લક્ષણા સંભવતી નથી.

વાદી—વારુ ત્યારે, એકલા જીવ પદમાં લક્ષણા માનો, ઇશ્વર પદમાં લક્ષણા માનશો. એમ થવાથી પુરૂષાર્થની (મોક્ષની) હાનિ થવાની નથી. કેમકે જીવવાચક પદમાં લક્ષણા માનવાથી મહાવાકયનો આવો અર્થ થશેઃ-

" **ત્વં** પદનું લક્ષ્ય જે ચેતનભાગ, તે સર્વશક્તિમાન્, સર્વજ્ઞ, સ્વતંત્ર, જન્માદિક બંધ રહિત, ઇશ્વરરૂપ છે." એવા અર્થમાં બુદ્ધિની સ્થિતિ કરવાથી જિજ્ઞાસુને ઉત્તમ ઇશ્વરભાવની પ્રાપ્તિ થશે. માટે જીવવાચક પદમાં લક્ષણા કરવી, એવો નિયમ કરવાથી હાનિ દેખાતી નથી. તેના સમાધાનનો દુહો:—

साच्छी त्वंपद लच्छय कहुं, कैसेईसस्वरूप ?
यातैं दोपदलच्छना, भाखत जतिवर भूप. ४८

અર્થ—**ત્વં** પદનો લક્ષ્ય જે સાક્ષી તે ઇશ્વરરૂપ શી રીતે હોઇ શકે ? અર્થાત્ **ત્વં** પદના લક્ષ્યને ઈશ્વરરૂપ કહેવાય નહિ, માટે જ્ઞાની મુનિઓ બન્ને પદમાં લક્ષણા કરવાનું કહે છે. ૪૮.

તાત્પર્ય નીચે પ્રમાણે છેઃ—

સિદ્ધાંતી—તમે જીવપદમાંજ લક્ષણા માનો છો અને ઇશ્વર પદમાં લક્ષણા નથી માનતા, એમજ કેની ?

વાદી—હા.

સિદ્ધાંતી—**ત્વં** પદની લક્ષણા વ્યાપક ચેતનમાં છે ? અથવા જેટલા દેશમાં જીવની ઉપાધિ છે તેટલા દેશમાં રહેલું જે સાક્ષીચેતન, તેમાં **ત્વં** પદની લક્ષણા છે ?

વાદી—વ્યાપક ચેતનમાં **ત્વં** પદની લક્ષણા છે.

સિદ્ધાંતી—એ સંભવતું નથી. કેમકે વાચ્ય અર્થમાં જેનો પ્રવેશ હોય-વાચ્ય વસ્તુમાં જે રહેલું હોય-તેમાં ભાગત્યાગ લક્ષણા થઇ શકે છે. વ્યાપક ચેતનનો પ્રવેશ વાચ્ય અર્થમાં નથી-સઘળે વ્યાપી રહેલું ચેતન પરિચ્છિન્ન (મર્યાદિત) જીવરૂપ વાચ્ય અર્થમાં હોઇ શકે નહિ-પણુ જીવ-પણાની ઉપાધિરૂપ દેશમાં રહેલું જે સાક્ષી ચેતન, તેનો વાચ્યમાં પ્રવેશ છે. માટે સાક્ષી ચેતનમાંજ **ત્વં** પદની લક્ષણા છે, વ્યાપક ચેતનમાં નથી.

એવા એક જીવના સાક્ષી ચેતનમાં તમામ જીવોના હૃદયમાં પ્રેરણા કરવાની શક્તિ અને આખા જગતમાં વ્યાપી રહેવા રૂપ ઇશ્વરનો ધર્મ

સંભવતો નથી, વળી સાક્ષી સદા અપરોક્ષ છે, તેમાં ઈશ્વરનો ધર્મ જે પરોક્ષતા તે હોવાનો પણ અત્યંત અસંભવ છે.

વળી માયા રહિત સાક્ષી ચેતનને માયા વિશિષ્ટ કહેવું પણ અસંભવિત છે. જેમ લાકડી વિનાના માણસને લાકડીવાળો કહેવો, અને સંસ્કાર રહિત દ્વિજ બાળકને સંસ્કારવાળો કહેવો સંભવે નહિ, તેમ સાક્ષી ચેતનને ઈશ્વર કહેવું એ પણ સંભવતું નથી. અને એમ છતાં પણ જો કોઈ મહાવાકયનો એવોજ અર્થ કરે તો મહાવાકય અસંભવિત અર્થનું પ્રતિપાદન કરનારૂં છે, એમ કહેવું પડે।

પણ બન્ને પદોમાં લક્ષણા માનવાથી એ દોષ આવે નહિ. કેમકે એકતાના વિરોધી તમામ ધર્મોનો ત્યાગ કરીને બન્ને પદોમાં પ્રકાશ રૂપ વાચ્યનો જે સર્વ ધર્મ રહિત ચેતનભાગ તેમાં બન્ને પદોની લક્ષણા કરવી.

ચેતનનો ભેદ ઉપાધિથી અને ઉપાધિકૃત ધર્મોથી છે, સ્વરૂપથી નથી. ઉપાધિ અને ઉપાધિકૃત ધર્મોનો ત્યાગ કરવાથી બન્ને પદોના લક્ષ્ય ચેતનની એકતા સંભવે છે. ઉદાહરણઃ—જેમ ઘટાકાશમાં ઘટદૃષ્ટિ તજને મઠવિશિષ્ટ આકાશ સાથે એકતા બને નહિ, પણ મઠદૃષ્ટિનો ત્યાગ કરીએ તો એકતા બને છે.

૧૨૮ મહાવાકયનાં બન્ને પદોમાં પરસ્પર ઓતપ્રોતભાવ.

> तत्त्वं त्वंतत् रीति यह, सब वाक्यनमैं जानि;
> जातैं होय परोच्छता, परिच्छिन्नता हानि. ४९

અર્થ—સર્વ વાકયોમાં "तत् त्वं (તે તું)" અને "त्वं तत् (તું તે)" એ પ્રમાણે ઓતપ્રોતભાવની રીતિ જાણવી, એવો ઓતપ્રોતભાવ કરવાથી વાકયના અર્થમાં પરોક્ષતા અને પરિચ્છિન્નતા રૂપ ભ્રાંતિ નાશ પામે છે. ૪૯

બધાં મહાવાકયોમાં જીવવાચક અને ઈશ્વર વાચક જે પદો હોય છે તેમને પરસ્પર સ્થાન બદલીને બોલવાથી-એટલે પહેલું પદ પછી અને પછીનું (બીજું) પદ પહેલુ બોલવાથી જે અર્થ ઉત્પન્ન થાય છે તેને ઓતપ્રોતભાવ કહે છે. જેમ, **तत् त्वम् असि** ને બદલીને **त्वम् तत् असि** એમ બોલવું તે ઓતપ્રોતભાવની રીતિ કહેવાય છે.

ઓતપ્રોતભાવનું બીજું નામ **અન્વય** અને **વ્યતિહાર** પણ છે. જેમ એક માણસ પગે ચાલીને એક ઠેકાણેથી દૂર આવેલે બીજે ઠેકાણે જાય, અને તે બીજે ઠેકાણેથી પાછો મૂળને ઠેકાણે આવે; એમ કરવાથી તેને રસ્તાનું ખરેખરૂં ભાન થાય છે, એજ રીતે ઓતપ્રોતભાવથી વાકયાર્થનું

ચિંતન કરવાથી પરોક્ષતા અને પરિચ્છિન્નતા દૂર થાય છે. એટલે બ્રહ્મ-ચૈતન્યની પરોક્ષતા દૂર થાય છે અને જીવચૈતન્યની પરિચ્છિન્નતા દૂર થાય છે.

(૧) **तत त्वं** એમ કહેવા વડે **तत्** પદના અર્થનો **त्वं** પદના અર્થ સાથે અભેદ જણાવ્યો. હવે त्वं પદનો અર્થ સાક્ષી ચેતન હમેશાં અપરોક્ષ છે માટે **तत् त्वम्** એમ બોલવાથી પરોક્ષતા રૂપ ભ્રાંતિ દૂર થાય છે.

(૨) **त्वं तत** એમ કહેવા વડે **त्वं** પદના અર્થનો **तत्** પદના અર્થ સાથે અભેદ કર્યો. એ **तत्**પદનો અર્થ વ્યાપક છે. માટે **त्वं तत् असि** એમ કહેવાથી પરિચ્છિન્નતા ભ્રાંતિ દૂર થાય છે.

(૧) એજ રીતે—**अहं ब्रह्म, प्रज्ञानं ब्रह्म, आत्मा ब्रह्म,** એમ સમજવાથી પરિચ્છિન્નતા ભ્રાંતિ દૂર થાય છે.

(૨) અને **ब्रह्म अहम्, ब्रह्म प्रज्ञानम्, ब्रह्म आत्मा,** એમ સમ-જવાથી પરોક્ષતા ભ્રાંતિ દૂર થાય છે.

जीवब्रह्मकी एकता, कहत वेदस्मृति बैन;
शिष्य तहां पहिचानिये, भागत्यागकी सैन. ५०

અર્થ—એ રીતે હે શિષ્ય, વેદનાં અથવા સ્મૃતિનાં વચનો જ્યાં જીવ અને બ્રહ્મની એકતા જણાવતાં હોય ત્યાં હમેશાં ભાગત્યાગ લક્ષણા સમજવી. ૫૦

૧૨૯. અગ્રૃધદેવને તેના સ્વપ્નના મિથ્યા ગુરૂએ કહેલા ગ્રંથની સમાપ્તિ.

अस सिष गुरु उपदेशसुनि, भौ ततकाल निहाल;
भलै विचारै याहि जो ताके नसत जंजाल ५१

सोरठा.

मिथ्यागुरु सुरबानि, कियो ग्रंथ उपदेस यह;
सुनत करत तमहानि, यह ताको भाषा करी. ५२

दोहा.

अग्रधदेवकूं स्वप्नमें, यह किय गुरु उपदेस;
नस्यो न तहु दुखमूल वह, मिथ्या बनको वेस. ५३

આવી રીતે સ્વપ્નના મિથ્યા ગુરૂએ અગ્રૃધદેવને સ્વપ્નમાં ઉપદેશ કર્યો, તે સાંભળીને શિષ્ય તત્કાળ કૃતાર્થ થયો. અને બીજો પણ કોઇ જિજ્ઞાસુ પુરૂષ એ ગ્રંથનો અભ્યાસ કરે તેના પણ જન્મમરણ દુઃખનો નાશ થાય છે. ૫૧

મિથ્યા ગુરૂએ સંસ્કૃત ભાષામાં ગ્રંથનો ઉપદેશ કરેલો છે,

તેનું આ ભાષાંતર કર્યું છે; જે એ ગ્રંથને સાંભળે છે તેના અજ્ઞાનનો નાશ થાય છે. ૫૨

અગૃધદેવને સ્વપ્નમાં ગુરૂએ આ ઉપદેશ કર્યો, તથાપિ દુઃખના મૂળરૂપ મિથ્યા વનનું રૂપ તો તેવુંને તેવું રહ્યું–નાશ પામ્યું નહિ. ૫૩

વનના નાશનો ઉપાય અને અગૃધદેવના સ્વપ્નની સમાપ્તિ.

अग्रध उवाच.

चौपाई.

भगवन यह तुम ग्रंथ पढायो,
अर्थ सहित सो मो हिय आयो;
बन दुखमूल तऊ मुहि भासै,
कहु उपाय जातैं यह नासै. ५४
बोले गुरु सुनि सिषकी बानी,
सुनि सिष ह्वै जातैं बनहानी;
अस उपाय को और नहीं है,
बनका नासक हेतु यही है. ५५
महावाक्यको अर्थ विचारहु,
"मैं अग्रध" यह टेरि पुकारहु;
सुनि पुनि वाक्य विचारे चेला,
"अहम् अग्रध" यह दीनो हेला: ५६
निद्रा गई नैन परकासै.
बन गुरु ग्रंथ सबै वह नासै;
भयो सुखी बनदुख विसरायो,
हुतो अग्रध निजरूप सु पायो. ५७

અગૃધદેવે સ્વપ્નના ગુરૂને પૂછ્યું કે, હે ભગવન્! આપે કૃપા કરીને મને આ ગ્રંથ ભણાવ્યો અને અર્થ સહિત તે હું સમજ્યો પણ ખરો; તથાપિ બધા દુઃખનું મૂળ જે આ વન છે, તે તો તેવુંને તેવું દેખાયા કરે છે! માટે હવે એવો ઉપાય બતાવો કે જેથી એ મિથ્યા વનનો નાશ થાય. ૫૪

શિષ્યનું વચન સાંભળીને ગુરૂએ કહ્યું કે આ મિથ્યા વનનો જેથી નાશ થાય તે તું સાંભળ; તેનો બીજો કોઇ ઉપાય નથી, માત્ર આ હું કહું છું તેજ ઉપાય છે. ૫૫

તે ઉપાય એ છે કે, મહાવાકયના અર્થનો વિચાર કર્યા કરવો; તથા "હું અગૃધદેવ છું!" એમ મોટેથી બોલવું. એ વચન સાંભળી શિષ્ય અગૃધદેવે મહાવાકયનો વિચાર કર્યો, અને "હું અગૃધદેવ છું!" એવી મોટેથી બૂમ પાડી. ૫૬

એ રીતે બોલવાથી તેની ઉંઘ જતી રહી અને તેના નેત્ર પર જાગ્રતનો પ્રકાશ પડયો; તેજ વખતે વન, ગુરૂ, ગ્રંથ એ સઘળું તરતજ નાશ પામ્યું. એથી તે સુખી થયો, વનનું દુઃખ ભૂલી ગયો, અને પોતે પ્રથમથીજ અગૃધદેવ હતો તે પોતાના મૂળ સ્વરૂપને પામ્યો. ૫૭

૧૩૦ ઉપસંહાર-મિથ્યા ગુરૂવેદથી અજ્ઞાનજન્ય મિથ્યા જગતનો પરિહાર થાય છે.

दोहा-अग्रधदेवमैं नींदतैं, भौ बनदुख जिहि रीति;
आतममैं अज्ञानतैं, त्युं जगदुख परतीति ५८
ज्यूं मिथ्या गुरू ग्रंथतैं, मिथ्या बनसंहार;
त्यूं मिथ्या गुरू वेदतैं, मिथ्या जग परिहार. ५९
लच्छय अर्थ लखि वाक्यको, व्है जिज्ञासु निहाल;
निरावरन सो आप है, दादू दीन दयाल. ६०

અગૃધદેવને નિદ્રાથી જે રીતે વનનાં દુઃખ પડયાં હતાં, તે રીતેજ આત્માના અજ્ઞાનથી જીવને જગતનાં દુઃખની પ્રતીતિ થાય છે. ૫૮

જે રીતે મિથ્યા ગુરૂ અને મિથ્યા ગ્રંથથી મિથ્યા વનનો નાશ થયો, તેજ રીતે મિથ્યા ગુરૂ અને મિથ્યા વેદથી મિથ્યા જગતનો પણ બાધ થઇ શકે છે.

એ રીતે મહાવાકયનો લક્ષ્યાર્થ સમજીને જિજ્ઞાસુ એવો શિષ્ય કૃતકૃત્ય થયો. અને તે અજ્ઞાનરૂપી આવરણ રહિત થઇને સ્વસ્વરૂપે સ્થિત થયો.

इतिश्री विचारसागरे गुरुवेदादि साधन मिथ्यावर्णनं नाम षष्ठस्तरंगः समाप्तः ॥

श्री विचारसागर.

सप्तम तरंग : ।

જીવન્મુક્તિ અને વિદેહમુક્તિનું વર્ણન.

૧. જ્ઞાનિના વ્યવહારમાં નિયમ નથી.

दोहा.

उत्तम मध्य कनिष्ठ तिहु सुनि अस गुरु उपदेश;
ब्रह्म आत्म उत्तम लख्यो, रह्यो न संसै लेस. १

ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, ત્રણે શિષ્યોએ ગુરૂ પાસેથી એવી રીતે ઉપદેશ સાંભળ્યો, તથાપિ તેમાંથી જે ઉત્તમ અધિકારી હતો તેનેજ સાક્ષાત્કાર થયો—લગાર પણ સંશય રહ્યો નહિ.

(એવો સાક્ષાત્કાર થયા પછી પણ જ્ઞાનિઓ કેવી રીતે વર્તે છે તે કહે છે:—)

भ्रमन करत ज्यूं पवनतैं सूको पीपरपात;
शेषकर्म प्रारब्धतैं, क्रिया करत दरसात. २

જેમ પીંપળાનું સૂકું પાંદડું પવનથી આમતેમ ઉડયા કરે છે તેજ રીતે બાકી રહેલાં પ્રારબ્ધ કર્મથી જ્ઞાનીઓ પણ ક્રિયાઓ કરતા નજરે પડે છે. ૨

कंचन के चढि रथबाजिगज, बागबगीचे देखि;
मगपाद पुनि पकले, फिर आवत तिहिं लेखि. ३

विविधवेश शय्याशयन, उत्तमभोगन भोग;
कबहुक अनसन गिरिगुहा, रजनि सिलासंयोग. ४
करि प्रनाम पूजन करत, कहुं जन लाख हजार;
उभै लोकतैं भ्रष्ट लखि, कहत कर्मि धिक्कार. ५
जो ताकी पूजा करत संचित सुकृत सु लेत;
दोषदृष्टि तिहिं जो लखै, ताहि पापफल देत. ६
ऐसे ताके देहको, विना नियम व्यवहार;
कबहु न भ्रम संदेह है, लह्यो तत्व निरधार. ७
नहि ताकूं कर्तव्य कछु, भयो भेदभ्रम नास;
उपज्यो वेद प्रमानतैं, अद्वय ब्रह्मप्रकास. ८
ज्ञानीके व्यवहारमैं, कोउ कहत है नेम;
त्रिपुटि तजै दुःख हेतु लखि, लहै समाधि सप्रेम. ९
लहै किंचित व्यवहार जो, भिच्छासन जल पान;
भूले नांहि समाधिसुख, लहै त्रिपुटीतैं ग्लान. १०
लहै प्रयत्न समाधिको, पुनि ज्ञानी इह हेत;
जो समाधिसुख तजि भ्रमत, नरकूकर खरप्रेत ११
गौडपादमुनि कारिका, लिख्यो समाधिप्रकार;
ज्ञानी तजी बिच्छेप यूं, लहै सकलसुखसार. १२
अष्ट अंग बिन होत नहि, सो समाधि सुखमूल;
अष्ट अंग ते अब सुनो, जे समाधि अनुकूल. १३
पांच पांच यम नियम लखि, आसन बहुत प्रकार;
प्रानायाम अनेक विध, प्रत्याहार विचार. १४
छठो धारना ध्यान पुनि, अरु सविकल्प समाधि;
अष्ट अंग ये साधिके, निर्विकल्प आराधि. १५
सुनि समाधि कर्त्तव्यता, तत्वदृष्टि हसि देत;
उत्तर कछु भाखत नहीं, लखि तिहिं बकत सप्रेत. १६

તેઓ કોઈક વખત ગાડી ઘોડામાં બેસીને સ્વારી કરતા જણાય છે અને વળી કોઈ વખત તેઓજ ઉઘાડે પગે ફરતા પણ જોવામાં આવે છે. ૩

કોઈ વખત નાના પ્રકારના વસ્ત્રાલંકાર ધારણ કરે છે. ને સુંદર પલંગમાં પોઢી રહે છે; કોઈ વખત તેઓ ભૂખ્યા તરસ્યા પર્વતની ગુફાઓમાં પડી રહે છે અને રાત પડે છે ત્યારે પથરાની છાટો પર સૂઈ રહે છે. ૪

કોઇ જગોએ હજારો અને લાખો લોકો તેમને પગે લાગીને પૂજા કરે છે; અને કોઇ જગોએ કર્મવાદી લોકો તેમને બન્ને લોકમાંથી ભ્રષ્ટ થયેલા માની ધિક્કારે છે. ૫

જેઓ તેમનું પૂજન કરે છે તેમને તે જ્ઞાનીઓનું અનેક જન્મનું સંચિત પુણ્ય પ્રાપ્ત થાય છે; જેઓ તેમની નિંદા કરે છે–તેમનામાં દોષદૃષ્ટિ કરે છે–તેમને તે જ્ઞાનીઓનું સંચિત પાપકર્મ પ્રાપ્ત થાય છે. ૬

એવી રીતે જ્ઞાનીઓના શરીરના વ્યવહારનો કોઇ નિયમ નથી; પણ તેમને તત્વનો નિશ્ચય થયેલો હોય છે તેથી તેમને કોઇ વખત પણ ભ્રમ કે સંશય થતો નથી. ૭

તેમના મનમાંથી ભેદરૂપી ભ્રાંતિનો નાશ થયો હોય છે, તથા વેદ પ્રમાણથી અદ્વય બ્રહ્મનો તેમને સાક્ષાત્કાર થયો હોય છે, તેથી તેમને કાંઇ પણ કર્ત્તવ્ય હોતું નથી. ૮

તાત્પર્ય એ છે કે જ્ઞાની પુરૂષના શરીરના વ્યવહારનો કાંઇ નિયમ નથી. કેમકે જ્ઞાનીના વ્યવહારમાં અજ્ઞાન અને તેનું કાર્ય જે ભેદરૂપ ભ્રાંતિ, તથા ભેદરૂપ ભ્રાંતિનું કાર્ય જે રાગદ્વેષ તે તો છે નહિ; પરંતુ જ્ઞાનીનું પણ પ્રારબ્ધકર્મ બાકી રહે છે, તે પ્રારબ્ધકર્મરૂપ નિમિત્તથી તેના સર્વે વ્યવહાર બન્યા જાય છે. એ પ્રારબ્ધકર્મ જૂદા જૂદા પુરૂષોનું જૂદું જૂદું હોય છે, માટે જ્ઞાનીના પ્રારબ્ધ કર્મજન્ય વ્યવહારનો નિયમ હોઇ શકતો નથી. આ સિદ્ધાંતપક્ષ છે.

પૂર્વપક્ષ–જ્ઞાનીના વ્યવહારમાં નિયમ હોઈ શકે.

૨. જ્ઞાનીને સમાધિ અને શરીરનિર્વાહ સિવાય વિશેષ પ્રવૃત્તિ હોઇ શકે નહિ.

(૧) જ્ઞાનીને સમાધિનો નિયમ–કેટલાક એમ કહે છે કે,–જ્ઞાનીના વ્યવહારમાં પણ નિયમ હોવો જોઇએ. કેમકે જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન,–ભોક્તા, ભોગ્ય, ભોગ,–વગેરે ત્રિપુટીઓ દુઃખનો હેતુ છે, એમ જાણીને જ્ઞાનીએ તજવાની છે; તથા પ્રેમ આણીને તેણે સમાધિમાં સ્થિત થવાનું છે. ૯

વળી એવો જ્ઞાની હોય તે જો કાંઇ વ્યવહાર કરે તો તે

માત્ર ભોજન અને જળપાન એટલોજ કરે; પણ સમાધિસુખને તે ભૂલતો નથી, અને ત્રિપુટીથી સદા ગ્લાનિ પામે છે. ૧૦

આ કારણથી જ્ઞાની સદા સમાધિમાટે પ્રયત્ન કર્યા કરે છે. જેઓ સમાધિના સુખને છોડીને સંસારમાં ભટકે છે તે માણસો કૂતરા જેવા છે, ગધેડા જેવા છે, અને પ્રેત જેવા છે. ૧૧

ગૌડપાદ મુનિએ માંડૂકય ઉપનિષદ ઉપર રચેલી કારિકાઓમાં સમાધિનો પ્રકાર લખેલો છે; જ્ઞાની પુરૂષે તેમાં લખ્યા પ્રમાણે વિક્ષેપને તજીને સુખનો અનુભવ કરવો જોઈએ. ૧૨

એવી સમાધિનાં આઠ અંગ છે. તે આઠ અંગવાળી સમાધિ સિવાય સુખ પ્રાપ્ત થતું નથી; હવે સમાધિને અનુકૂળ એવાં તે આઠ અંગનાં નામ કહું તે સાંભળો. ૧૩

પાંચ પ્રકારના યમ, પાંચ પ્રકારના નિયમ, અનેક પ્રકારનાં આસન, અનેક પ્રકારના પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સવિકલ્પ સમાધિ, એ આઠ અંગ સમાધિનાં છે; તેને સિદ્ધ કર્યા પછી નિર્વિકલ્પ સમાધિ કરવી ૧૪–૧૫.

વાદીએ સમાધિ કરવીજ જોઇએ, એમ કહ્યું તે સાંભળીને ઉત્તમ અધિકારી જે તત્વદૃષ્ટિ તેને હસવું આવ્યું; પણ જેમ કોઈ ભૂતના આવેશવાળો માણસ લવારો કરતો હોય, તેવાં વચન વાદીનાં સાંભળીને તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિ. ૧૬

(મતલબ કે જ્ઞાનીને સમાધિ ખાસ કર્તવ્ય છે એમ છેજ નહિ. સમાધિ વિષે વિસ્તારથી વર્ણન હવે પછી કરવામાં આવશે માટે પણ અહીં તેનો ઉત્તર આપ્યો નથી.)

ટીકા—કોઇ (કેવળ સંન્યાસીનેજ જ્ઞાનનો મુખ્ય અધિકાર છે એમ માનનારા શંકરાનંદ સ્વામી વગેરે) એમ કહે છે કે—

જ્ઞાનીના વ્યવહારમાં બીજા કોઇ કર્મનો નિયમ નથી, પણ દરેક કર્મથી તેણે નિવૃત્ત થવું જોઇએ એવો તો નિયમ હોવો જોઇએ. જો જ્ઞાની કદાપિ પ્રવૃત્તિ કરે તો દેહને ટકાવવાને ભિક્ષાન્નનું ભોજન કરવું અને લંગોટી વડે દેહ ઢાંકવો, એટલીજ પ્રવૃત્તિ હોઇ શકે—બીજી કોઇ પ્રવૃત્તિ ન હોવી જોઇએ. કેમકે જ્ઞાન થતા પહેલાં જિજ્ઞાસાના વખતમાંજ વિષયોમાં દોષ દૃષ્ટિ કરવાને લીધે તેને વૈરાગ્ય થયેલો હોય છે. તેજ વૈરાગ્ય જ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ વિષયોમાં દોષ દૃષ્ટિથી તથા મિથ્યા બુદ્ધિથી કાયમજ હોય છે.

क પદાર્થોને અપરોક્ષ રૂપે મિથ્યા જાણવાથી તે પદાર્થોમાં સત્યબુદ્ધિ રહેતી નથી.

ख વિષયોમાં દોષ દૃષ્ટિ હોવાથી રાગ ઉત્પન્ન થતો નથી. પ્રવૃત્તિ રાગથી થાય છે; જ્ઞાનીને રાગ હોતો નથી, માટે તેની વિષયોમાં પ્રવૃત્તિ થતી નથી.

શરીરનો નિર્વાહ કરનારાં ભોજન વગેરેમાં તો રાગ વિના પ્રારબ્ધ કર્મથી પણ પ્રવૃત્તિ સંભવે છે.

૩ **ત્રણ પ્રકારનાં કર્મ**—કર્મ ત્રણ પ્રકારનાં છેઃ—[क] સંચિત, (ख) આગામી, અને [ग] પ્રારબ્ધ.

क પૂર્વ જન્મનાં શરીરો વડે કરેલાં જે કર્મોએ ફળ આપવાનો આરંભ કર્યો નથી તે **સંચિત** કર્મ કહેવાય છે.

ख વર્તમાન શરીરવડે કરેલાં કર્મ-જેનું ફળ હવે પછી મળવાનું છે તે-**આગામી** કર્મ કહેવાય છે.

ग પૂર્વ જન્મોમાં કરેલાં કર્મો-જેનાવડે વર્તમાન શરીર પ્રાપ્ત થયું છે તે-પ્રારબ્ધ કર્મ કહેવાય છે.

એ કર્મોમાંથી—

क **સંચિત** કર્મનો જ્ઞાનથી નાશ થાય છે.

ख જ્ઞાનીને આત્મામાં કર્તૃત્વભ્રાંતિ હોતી નથી-આત્મા કર્મનો કર્તા છે એમ જ્ઞાની માનતો નથી, તેથી તેને**આગામી કર્મ** હોવાનો સંભવ નથી.

ग જે પ્રારબ્ધ કર્મોએ જ્ઞાનીના શરીરનો આરંભ કર્યો છે, એટલે જે કર્મોથી વર્તમાન શરીર ઉત્પન્ન થયું છે, તેજ **પ્રારબ્ધ કર્મ** શરીરની સ્થિતિના હેતુ ભિક્ષા વગેરેમાં જ્ઞાનીની પ્રવૃત્તિ કરાવે છે. પ્રારબ્ધ કર્મનો ભોગ વિના નાશ થતો નથી.

કોઇ જગોએ (અપરોક્ષાનુભૂતિ અને વિવેક ચૂડામણિ વગેરે ગ્રંથોમાં) એમ લખ્યું છે કે,-સંચિત અને આગામી કર્મની પેઠે જ્ઞાનીનું પ્રારબ્ધ કર્મ પણ રહેતું નથી. માટે જ્ઞાનીની ભોજનાદિક પ્રવૃત્તિ પણ સંભવતી નથી, પણ તેમ લખવાનો આવો અભિપ્રાય છેઃ-જ્ઞાનીની દૃષ્ટિથી કર્મ અને તેના ફળનો સંબંધ આત્મા સાથે નથી. માટે આત્મામાં સર્વ કર્મનો નિષેધ કહેવાના અભિપ્રાયથી જ્ઞાનીના પ્રારબ્ધ કર્મનો નિષેધ કર્યો છે; કાંઇ, જ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં કરેલાં પ્રારબ્ધ કર્મોનો જ્ઞાનીના શરીરને ભોગ પ્રાપ્ત થતો નથી; એવા અભિપ્રાયથી પ્રારબ્ધ કર્મનો નિષેધ કર્યો નથી. કેમકે સૂત્રકારે લખ્યું છે કે—

(૧) જ્ઞાનીના સંચિત કર્મનો જ્ઞાનથી નાશ થાય છે.
(૨) આગામી કર્મનો જ્ઞાની સાથે સંબંધજ હોતો નથી.
(૩) પ્રારબ્ધ કર્મનો ભોગથી નાશ થાય છે.

માટે પ્રારબ્ધ કર્મથી જ્ઞાનીના શરીરની નિર્વાહ ક્રિયા માત્ર થાય છે-તેથી અધિક કાંઇ થતું નથી.

૩ અનેક શરીર આપનારૂં એક કર્મ.

(એક કર્મ એકજ જન્મમાં પૂરૂં ભોગવાઇ ન રહ્યું હોય તો તેને જ્ઞાન થયા છતાં પણ બીજા જન્મ લેવા પડે છે, એવો એક વાદ છે. તેનું શંકા સમાધાન નીચે પ્રમાણે).

શંકા—કર્મ નાના પ્રકારનાં છે. જે એક કર્મ અનેક શરીરોનો આરંભ કરે એવું હોય, એવા કર્મથી બનેલા પહેલાજ શરીરમાં જેને જ્ઞાન થયું હોય, તે જ્ઞાનીને બીજું શરીર પણ લેવું પડે ! કેમકે ફળ આપવાનો જેણે આરંભ કરી દીધો હોય તેને **પ્રારબ્ધ** કહેવામાં આવે છે. અને પ્રારબ્ધનો ભોગ-વ્યા વિના નાશ થતો નથી. અનેક શરીરોને આપનારૂં કર્મ એક છે અને તેણે પ્રથમ શરીર ઉપજાવીને ફળ આપવાનો આરંભ કરી દીધો છે માટે તે પ્રારબ્ધ કર્મ છે. તેણે ઉપજાવેલા પ્રથમ શરીરમાં જ્ઞાન થયું. તે પણ તે પ્રારબ્ધ કર્મનુંજ ફળ છે; પરંતુ પ્રારબ્ધનું બીજું ફળ હજી ભોગવવાનું બાકી હોવાથી જ્ઞાન થયા છતાં પણ બીજું શરીર ધારણ કરવાનું બાકી રહે છે. માટે જ્ઞાનવાનને પણ બીજા શરીરની પ્રાપ્તિ થવી જોઇએ.

શંકાનો પ્રત્યુત્તર—જો તમારા માનવા પ્રમાણે જ્ઞાન થયા પછી પણ જ્ઞાનીને પ્રારબ્ધ શેષથી શરીર ધારણ કરવું પડે તો પછી " જ્ઞાનથી મુક્તિ થાય છે " એ સિદ્ધાંતનું શું થશે ?

શંકાકાર—મારૂં કહેવું એમ છે કે પ્રારબ્ધ કર્મના ફળ તરીકે જેટલાં શરીર ધારણ કરવાં પડે, એટલાંજ શરીર જ્ઞાનીનેપ્રાપ્ત થાય; પ્રારબ્ધ ભોગ કરતાં વધારે થાય નહિ. એમ હોવાથી પ્રારબ્ધ અનેક શરીર આપે છે એ વાત પણ ખરી ઠરશે અને જ્ઞાનીનો મોક્ષ થાય છે એ વાત ખરી ઠરશે.

શંકાનો પ્રત્યુત્તર આપનાર કહે છે કે—તમે કહો છો તેમ બનવું અસંભવિત છે. કેમકે " જ્ઞાનવાનના પ્રાણ અન્ય લોકમાં અથવા આ લોકમાં બીજા શરીરમાં પ્રવેશ કરતા નથી, પણ તેજ ઠેકાણે ઇંદ્રિયો અને અંતઃકરણ સહિત લય પામે છે " એમ વેદમાં કહેલું છે તે સર્વ કોઇ જાણે છે. અને પ્રાણ બીજા શરીરમાં પ્રવેશ ન કરે તો બીજા

શરીરની પ્રાપ્તિ થવી સંભવતી નથી. માટે જ્ઞાનીને પ્રારબ્ધ શેષ હોવાથી બીજું શરીર લેવું પડે છે એ વાતતો સંભવતી નથી.

શંકાકાર—ત્યારે અનેક શરીર આપે એવું જેનું એક પ્રારબ્ધ કર્મ હોય એવા જ્ઞાનીનો મોક્ષ શી રીતે થાય ?

શંકાનું સમાધાન આપનાર કહે છે કે—સાંભળો; જ્યાં અનેક શરીર આપનાર એક કર્મ હોય, ત્યાં છેલ્લા શરીરમાંજ જ્ઞાન થાય છે; તેની પહેલાંના શરીરોમાં જ્ઞાન થતું નથી. કેમકે અનેક શરીરોનો પ્રારંભ કરનાર પ્રારબ્ધજ તેના જ્ઞાનમાં પ્રતિબંધ કરનાર હોય છે. જેમ (૧) વિષયાસક્તિ, (૨) બુદ્ધિમાંદ્ય, અને(૩) ભેદવાદીઓના વચનમાં વિશ્વાસ એ સૌ કોઇને જ્ઞાનનાં પ્રતિબંધક છે, તેમ વિલક્ષણ પ્રારબ્ધ પણ જ્ઞાનનું પ્રતિબંધક છે. (બીજો જન્મ આપનાર પ્રારબ્ધ શેષને વિલક્ષણ પ્રારબ્ધ કહે છે.)

જ્ઞાનનાં પ્રતિબંધક છતાં પણ જો પ્રથમ જન્મમાં જ્ઞાનનાં સાધન જે શ્રવણાદિક તે બની આવ્યાં હોય, તો જ્યારે–જે બીજા કે ત્રીજા વગેરે જન્મમાં–તે પ્રતિબંધક દૂર થાય, ત્યારે પ્રથમ જન્મમાં કરેલાં શ્રવણાદિકથી તે છેલ્લા જન્મમાં જ્ઞાન થાય છે. જેમ,

વામદેવ નામના એક મુમુક્ષુએ પૂર્વ જન્મમાં શ્રવણાદિક કર્યાં, પણ તેના પ્રારબ્ધનું ફળ રૂપ એક શરીર લેવાનું તેને બાકી હતું, તેથી તે પૂર્વ જન્મમાં તેને જ્ઞાન થયું નહિ. પણ શ્રવણાદિક કરતાં કરતાં તે પૂર્વ જન્મના શરીરનો પાત થઇને તેને બીજા શરીરની પ્રાપ્તિ થઈ, તે વખતે પૂર્વ જન્મમાં કરેલાં શ્રવણાદિક વડે તેને ગર્ભાવસ્થામાંજ જ્ઞાન થયું છે.

(એજ રીતે ઋષભદેવના પુત્ર ભરતનું પણ ત્રણ જન્મ આપનારૂં પ્રારબ્ધ શેષ હતું, તેથી સાધન સામગ્રી (શ્રવણાદિક) છતા પણ તેને જ્ઞાન થયું નહિ; અને પછી ત્રીજા જન્મમાં ગુરૂના ઉપદેશ વિનાજ પૂર્વે કરી મૂકેલા શ્રવણાદિક વિચારથી જ્ઞાન થયું.)

માટે જ્ઞાન થયા પછી બીજા શરીરનો સંબંધ થતોજ નથી, માત્ર વર્તમાન શરીરની ચેષ્ટા (હાલચાલ) પ્રારબ્ધથી થાય છે. તેમાં પણ જેટલી ચેષ્ટા શરીરનો નિર્વાહ માત્ર કરનારી હોય તેટલીજ થાય છે. રાગજન્ય અધિક ચેષ્ટા થતી નથી. માટે જ્ઞાની પુરૂષ સઘળી પ્રવૃત્તિઓથી રહિત હોય છે, એમ અમારૂં (ત્યાગ પ્રધાન વાદીનું) માનવું છે.

૪ જ્ઞાનીનું મન સમાધિવડે જીતાયલું હોય છે.

ઉપર કહ્યું તે પ્રમાણે જ્ઞાનીનો વ્યવહાર નિવૃત્તિ પ્રધાન હોય છે. એમાં એક એવી શંકા થાય છેઃ—

શંકા—મનનો સ્વભાવ અતિ ચંચળ છે. કોઇ પણ આલંબન સિવાય મનની સ્થિતિ હોઇ શકતી નથી, પરંતુ કોઇ પણ જાતનું આલંબન હોય તોજ મનની સ્થિતિ હોય છે. (આલંબન એટલે આધાર. તાત્પર્ય કે વિચાર કરવાના કોઈ પણ વિષય વિના મન રહી શકતું નથી. જ્યારે અંતઃકરણની વૃત્તિ વિચાર કરતી હોય છે ત્યારેજ તેને મન કહેવામાં આવે છે. જો વિચાર કરનારી વૃત્તિ હોતી નથી તો મન પણ નથી હોતું–તેનો લય થઇ જાય છે. માટેજ મનને નિરાલંબ રાખવાનું કામ અશક્ય જેવું કહેવામાં આવે છે. કાંતો મન હોય નહિ અથવા હોય તો વિચાર વગરની સ્થિતિ હોય નહિ.) માટે મનને કોઇ આલંબન પ્રાપ્ત કરી આપવાને પણ જ્ઞાનવાનની પ્રવૃત્તિ થાય છે.

સમાધાન—જો કે સમાધિ રહિત પુરૂષનું મન ચંચળ હોય છે, તથાપિ સમાધિથી મન ઉપર વિજય મેળવી શકાય છે–એટલે મનને વિચાર રહિત કરી શકાય છે. અને જ્ઞાનવાન સમાધિમાં રહેલો હોય છે, માટે જ્ઞાનવાનને પ્રવૃત્તિ હોતી નથી.

૫ સમાધિનાં-યોગનાં આઠ અંગ.

એ સમાધિનાં (સાધન રૂપ) અંગ આઠ છે. તેનાં નામઃ—(૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન, (૮) સવિકલ્પ સમાધિ. આ આઠ અંગથી **સમાધિ** થાય છે.

(૧) **યમ**—(૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય (ચોરી ન કરવી તે), (૪) બ્રહ્મચર્ય, [૫] અપરિગ્રહ [વળગણ-લાગતું વળગતું–સ્ત્રી પુત્ર ગૃહ-ધન વાહન અને ભોગનાં સાહિત્યો વગેરેને **પરિગ્રહ** કહે છે. એ પરિગ્રહ ન હોવો તે**અપરિગ્રહ** કહેવાય છે.] એ પાંચ **યમ** કહેવાય છે.

(૨) **નિયમ** [૧] શૌચ [મનની અને શરીર વગેરેની સ્વચ્છતા], [૨] સંતોષ, [૩] તપ, (૪) સ્વાધ્યાય [વેદપાઠ], અને [૫] ઇશ્વિર પ્રણિધાન [સર્વ કાંઇ ઇશ્વરને અર્પણ કરવું તે], એ પાંચ **નિયમ** કહેવાય છે.

જ્ઞાન સમુદ્ર ગ્રંથમાં દશ પ્રકારના યમ અને દશ પ્રકારના નિયમ કહ્યા છે તે પુરાણની રીતે કહ્યા છે. વેદાંત સંપ્રદાયમાં યમનિયમના પાંચ પાંચજ ભેદ છે.

(૩) **આસન** આસનના ભેદ અનંત છે. તેમાં [૧] સ્વસ્તિક, [૨] ગોમુખ, [૩] વીર, [૪] કૂર્મ, [૫] પદ્મ, (૬) કુક્કુટ, (૭) ઉત્તાન, (૮) કૂર્મક, (૯) ધનુષ્ય, (૧૦) મત્સ્ય, (૧૧) પશ્ચિમતાન, (૧૨) મયૂર, (૧૩) શવ, [૧૪] સિંહ, (૧૫) ભદ્ર, (૧૬) સિદ્ધ, ઇત્યાદિ ચોરાશી આસન યોગ ગ્રંથમાં

લખ્યાં છે. ગ્રંથ વિસ્તારના ભયથી તથા વેદાંતમાં અત્યંત ઉપયોગી નહિ હોવાથી તેનાં લક્ષણુ અહીં લખ્યાં નથી. એ સઘળાં આસનોમાં સિંહ, ભદ્ર, પદ્મ, અને સિદ્ધ, એ ચાર આસન મુખ્ય છે. તે ચારમાં પણુ--

સિદ્ધ આસન અત્યંત પ્રધાન છે. તેનું લક્ષણુ:—ડાબા પગની એડી ગુદા અને મૂત્રાવયવની વચ્ચે સીવની નામે શિરા છે તેના ઉપર દાબીને રાખવી; જમણા પગની એડી મૂત્રાવયવની ઉપર દાબીને રાખવી; દૃષ્ટિ ભ્રૂકુટિની વચ્ચે રાખવી; અને થાંભલાના જેવું સીધું અને સ્થિર શરીર રાખવું એવી સ્થિતિને સિદ્ધાસન કહે છે.

કોઇ એમ કહે છે કે—ડાબા પગની એડી સીવનીમાં દાબવાની જરૂર નથી, પણ તે મૂત્રાવયવની ઉપર રાખવી, અને તેના ઉપર જમણા પગની એડી રાખવી, અને પછી પાછળ કહ્યુ તેમ બેસવું, એ સિદ્ધાંત અતિશય શ્રેષ્ઠ છે. કેમકે કેટલાંક આસન તો રોગનાં નાશક છે; અને કોઇ આસન એવાં છે કે જેનાથી પ્રાણાયામાદિ સમાધિનાં અંગ સાધ્ય થઇ શકે છે. સિદ્ધાસન સમાધિ વખતે હોય છે માટે તે અતિ શ્રેષ્ઠ છે. એનેજ **વજ્રાસન**, **મુક્તાસન**, **ગુપ્તાસન** પણુ કહે છે.

(૪) પ્રાણાયામ.

આસન સિદ્ધ થયા પછી પ્રાણાયામ પણુ કરવા. પ્રાણાયામ ઘણા પ્રકારના છે, તથાપિ સંક્ષેપમાં આ રીતે છે:--

(૧) નાકના ડાબા છિદ્ર દ્વારા ઇડા નામે નાડીથી વાયુને પૂરવો તેને **પૂરક** કહે છે.

(૨) નાકના જમણા છિદ્રદ્વારા પિંગલા નામે નાડીથી વાયુનો ત્યાગ કરવો તેને **રેચક** કહે છે.

(૩) સુષુમ્ણા નાડી વડે વાયુને રોકવો તેને કુંભક કહે છે.

એ રીતે પૂરક રેચક કુંભકને પ્રાણાયામ કહે છે. એ પ્રાણાયામ બે પ્રકારનો છેઃ—(૧) અગર્ભ અને સગર્ભ.

(૧) પ્રણવના ઉચ્ચારણ રહિત પ્રાણાયામ તે **અગર્ભ** પ્રાણાયામ કહેવાય છે.

(૨) પ્રણવના ઉચ્ચારણ સહિત પ્રાણાયામ તે સગર્ભ કહેવાય છે.

(આખા હઠયોગનો પ્રાણાયામમાં અંતર્ભાવ છે, તેથી એ પ્રાણાયામની રીતિ "હઠયોગ પ્રદીપિકા" વગેરે ગ્રંથોમાં વિસ્તારથી અને સ્પષ્ટ લખી હોય છે.)

(૫) **પ્રત્યાહાર**–વિષયોથી તમામ ઇંદ્રિયોને રોકવી તેને**પ્રત્યાહાર** કહે છે.

(૬) **ધારણા**—અંતરાય રહિત અંતઃકરણની સ્થિતિને **ધારણા** કહે છે.

(૭) **ધ્યાન**—અંતરાય સહિત અદ્વિતીય બ્રહ્મ વસ્તુ વિષે અંતઃકરણનો પ્રવાહ ધ્યાન કહેવાય છે.

(૮) સવિકલ્પ સમાધિઃ—

વ્યુત્થાન અને નિરોધ સંસ્કાર—

(સમાધિમાંથી જાગી ઊઠવું એટલે જગતના વિષયોનું ભાન થવું તેને **વ્યુત્થાન** અવસ્થા કહે છે. અને જગતના વિષયોનું ભાન ન હોવું તેને **નિરોધ** અવસ્થા કહે છે. અંતઃકરણમાં રહેલા જે સંસ્કારોથી વ્યુત્થાન થાય છે તેને **વ્યુત્થાન સંસ્કાર** કહે છે અને જે સંસ્કારોથી નિરોધ થાય છે તેને **નિરોધ સંસ્કાર** કહે છે.)

વ્યુત્થાન સંસ્કારોને દબાવી દેઈને નિરોધ સંસ્કારોની પ્રકટતા થવાથી અંતઃકરણનું જે એકાગ્રતા રૂપ પરિણામ થાય–અંતઃકરણ એકાગ્ર થાય–તેને **સમાધિ** કહે છે. એ સમાધિ બે પ્રકારની છે'–(૧) સવિકલ્પ સમાધિ, અને (૨) નિર્વિકલ્પ સમાધિ.

ख સવિકલ્પ સમાધિ—જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેય રૂપ ત્રિપુટીના ભાન સહિત અદ્વિતીય બ્રહ્મમાં અંતઃકરણની વૃત્તિની સ્થિતિને **સવિકલ્પ સમાધિ** કહે છે. એ સવિકલ્પ સમાધિ બે પ્રકારની છે. (**क**) એક શબ્દાનુવિદ્ધ અને (**ख**) બીજી શબ્દાનનુવિદ્ધ છે.

[क] "**अहं ब्रह्मास्मि**" એ શબ્દ વડે અનુવિદ્ધ એટલે સહિત હોય તે **શબ્દાનુવિદ્ધ** સમાધિ કહેવાય છે.

(**ख**) એ શબ્દ રહિત સમાધિને **શબ્દાનનુવિદ્ધ** સમાધિ કહે છે.

(ग) **નિર્વિકલ્પ સમાધિ**—ત્રિપુટીના ભાન રહિત અખંડ બ્રહ્માકાર અંતઃકરણની સ્થિતિને **નિર્વિકલ્પ સમાધિ** કહે છે.

એ રીતે સવિકલ્પ અને નિર્વિકલ્પ, એવા સમાધિના બે ભેદ છે તેમાં સવિકલ્પ સમાધિ સાધન છે અને નિર્વિકલ્પ સમાધિ ફળ છે.

(**घ**) **સાધનરૂપ સવિકલ્પ સમાધિ**–સાધન રૂપ જે સવિકલ્પ સમાધિ છે, તેમાં જો કે ત્રિપુટી રૂપ દ્વૈત પ્રતીત થાય છે ખરું, પણ તે દ્વૈત બ્રહ્મ રૂપે પ્રતીત થાય છે. એટલે જેમ, માટીના વિકાર (ઘડા વગેરે) ને માટી રૂપે જાણતી વખતે વિવેકી પુરૂષને માટીના વિકાર ઘડો વગેરે પણ પ્રતીત થાય છે, પરંતુ તે માટી રૂપજ પ્રતીત થાય છે. તેજ પ્રમાણે સવિકલ્પ સમાધિમાં ત્રિપુટી રૂપી દ્વૈત પ્રતીત થતાં છતાં પણ બ્રહ્મ રૂપે પ્રતીત થાય છે.

(**ङ**) **સાધ્યરૂપ નિર્વિકલ્પ સમાધિ**–નિર્વિકલ્પ સમાધિમાં પણ સવિ-

કલ્પ સમાધિની પેઠે ત્રિપુટી રૂપ દ્વૈત વિદ્યમાન હોય છે તો ખરૂં, પણ તે ત્રિપુટી રૂપ દ્વૈતની પ્રતીતિ થતી નથી. જેમ, પાણીમાં મીઠું નાખ્યું હોય ત્યાં મીઠું હોય છે તો ખરૂં, પણ નેત્રથી મીઠાનીકોઇ રીતે પ્રતીતિ થતી નથી.

એ રીતે સવિકલ્પ અને નિર્વિકલ્પમાં એટલોજ ભેદ છે કે—

(૧) **સવિકલ્પ સમાધિમાં** બ્રહ્મ રૂપે દ્વૈતની પ્રતીતિ થાય છે. અને–

(૨) **નિર્વિકલ્પ સમાધિમાં** ત્રિપુટી રૂપ દ્વૈતની અ પ્રતીતિ હોય છે.

નિર્વિકલ્પ સમાધિ

૬ સુષુપ્તિ અને નિર્વિકલ્પ સમાધિનો ભેદ.

એજ રીતે સુષુપ્તિમાં અને નિર્વિકલ્પ સમાધિમાં પણ ભેદ છે:—

(૧) **સુષુપ્તિમાં** અંતઃકરણની વૃત્તિ બ્રહ્માકાર થતી નથી.

(૨) **નિર્વિકલ્પ સમાધિમાં** અંતઃકરણની બ્રહ્માકાર વૃત્તિ થાય છે, તથા અંતઃકરણનો અભાવ થતો નથી.

એ રીતે—

(૧) **સુષુપ્તિમાં** વૃત્તિ સહિત અંતઃકરણનો અભાવ થાય છે.

(૨) **નિર્વિકલ્પ સમાધિમાં** વૃત્તિ સહિત અંતઃકરણ કાયમ હોય છે પણ તેની પ્રતીતિ થતી નથી.

(સમાધિમાં જો અંતઃકરણનો અભાવ થાય, તો ઉંઘતા માણસની પેઠે યોગીનું શરીર ભોંય પડી જવું જોઇએ; પણ પડી જવું નથી તેથી સમાધિમાં અંતઃકરણ હોય છે એમ માલમ પડે છે.)

નિર્વિકલ્પ સમાધિમા અંતઃકરણની જે બ્રહ્માકાર વૃત્તિ થાય છે તેનો હેતુ સવિકલ્પ સમાધિનો અભ્યાસ છે. માટે સાધન રૂપ આઠ અંગોમાં સવિકલ્પ સમાધિની ગણના કરી છે. નિર્વિકલ્પ સમાધિ એ આઠ સાધન રૂપ અંગોનું સાધ્ય અથવા ફળ છે.

૭ નિર્વિકલ્પ સમાધિના બે પ્રકાર.

એ નિર્વિકલ્પ સમાધિ બે પ્રકારની છે. (૧) એક અદ્વૈત ભાવના રૂપ, અને (૨) બીજી અદ્વૈતાવસ્થાનરૂપ.

(૧) **અદ્વૈત ભાવના રૂપ નિ૦ સ૦**—અંતઃકરણની વૃત્તિ અદ્વૈત બ્રહ્માકાર થાય, અને તે સાથે તે વૃત્તિ અજ્ઞાત પણ હોય–મતલબ કે જે અંતઃકરણની જે સ્થિતિમાં અદ્વૈત બ્રહ્મ માત્રનું ભાન થાય, પણ તે ભાન કોને થાય છે, કયાં થાય છે, વગેરે ભાન હોય નહિ, એવી અંતઃકરણની બ્રહ્મ સાથે તદ્રૂપતા–તેને **અદ્વૈત ભાવના રૂપ નિર્વિકલ્પ સમાધિ** કહે છે.

(૨) **અદ્વૈતાવસ્થાન રૂપ નિ૦ સ૦**—એજ (અદ્વૈત ભાવના રૂપ નિર્વિકલ્પ) સમાધિમાં ઘણો અભ્યાસ થવાથી બ્રહ્માકાર વૃત્તિ પણ શાંત થઇ જાય છે, માટે એવી વૃત્તિ રહિત સમાધિને **અદ્વૈતાવસ્થાન રૂપ નિર્વિકલ્પ સમાધિ** કહે છે.

જેમ તપાવેલા લોઢા ઉપર પાણીનું ટીપું નાંખતાં તે તપાવેલા લોઢામાં પ્રવેશ કરે છે, તેમ અદ્વૈતભાવના રૂપ સમાધિના દૃઢ અભ્યાસથી, અત્યંત પ્રકાશમાન બ્રહ્મમાં વૃત્તિનો લય થાય છે. માટે તે અદ્વૈત ભાવના રૂપ નિર્વિકલ્પ સમાધિ અદ્વૈતાવસ્થાન રૂપ નિર્વિકલ્પ સમાધિનું સાધન છે, એમ જાણવું.

(એ અદ્વૈતાવસ્થાન રૂપ નિર્વિકલ્પ સમાધિજ જ્ઞાનની સપ્તમ ભૂમિકા રૂપ યોગની પરમ અવધિ છે.)

૮ અદ્વૈતાવસ્થાન નિર્વિકલ્પ સમાધિનો સુષુપ્તિથી ભેદ.

અદ્વૈતાવસ્થાન રૂપ નિર્વિકલ્પ સમાધિ અને સુષુપ્તિમાં આટલો તફાવત છેઃ—

(૧) સુષુપ્તિમાં વૃત્તિનો લય અજ્ઞાનમાં થાય છે.

(૨) અદ્વૈતાવસ્થાન સમાધિમાં વૃત્તિનો લય બ્રહ્મ પ્રકાશમાં થાય છે.

(અહિં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છેઃ—પાછળ તપાવેલા લોઢા ઉપર જળબિંદુ લય પામે છે, એવું દૃષ્ટાંત કહ્યું છે. ત્યાં વિચારદૃષ્ટિથી જોઇએ તો પાર્થિવ એવા લોઢામાં જળના બિંદુનો લય થતો નથી, પણ જળનું ઉપાદાન જે અગ્નિ તેમાંજ જળના બિંદુનો લય થાય છે. એમ છતાં તપાવેલા લોઢાને ગૌણરૂપે અગ્નિ માનીને લોઢામાં જળબિંદુનો લય કહ્યો છે.

એવીજ રીતે અદ્વૈતાવસ્થાન સમાધિમાં રજોગુણ અને તમોગુણ સંપૂર્ણ અંતર્ધાન પામી ગયેલા હોવાથી સત્ત્વગુણ રૂપ ઉપાદાનમાંજ અંતઃકરણની વૃત્તિનો લય થાય છે–નિર્વિકાર બ્રહ્મપ્રકાશમાં લય થતો નથી–એમ છતાં બ્રહ્મપ્રકાશના ભાન રૂપ નિમિત્તથી વૃત્તિનો લય થાય છે માટે ગૌણ રીતે વૃત્તિનો બ્રહ્મ પ્રકાશમાં લય કહ્યો છે.)

(૧) સુષુપ્તિનો આનંદ અજ્ઞાનથી ઢંકાયલો છે.

(૨) સમાધિમાં નિરાવરણ (અજ્ઞાનથી નહિ ઢંકાયલા) બ્રહ્માનંદનું ભાન થાય છે.

૯ નિર્વિકલ્પ સમાધિમાં વિઘ્નો.

નિર્વિકલ્પ સમાધિમાં (૧) લય, (૨) વિક્ષેપ, (૩) કષાય, અને [૪] રસાસ્વાદ, એવાં ચાર વિઘ્ન થાય છે. એ વિઘ્નો દૂર કરવાના હેતુથી અહીં તેમનું નિરૂપણ કરીએ છીએઃ—

[૧] લય—આળસથી અથવા ઊંઘથી અંતઃકરણની વૃત્તિનો અભાવ થઇ જાય તેને લય કહે છે. એ લયને લીધે સુષુપ્તિ જેવી અવસ્થા થાય છે—બ્રહ્માનંદનું ભાન થતું નથી. માટે નિદ્રા આળસ વગેરે નિમિત્તથી વૃત્તિ જ્યારે પોતાના ઉપાદાન કારણ રૂપ અંતઃકરણમાં લય થતી જોવામાં આવે ત્યારે યોગીએ સાવધાન થઇને નિદ્રા વગેરેને રોકીને વૃત્તિને જાગ્રત કરવી. એ રીતે લય રૂપ વિઘ્નનું વિરોધી જે નિદ્રા વગેરેના નિરોધ સહિત વૃત્તિના પ્રવાહ રૂપ જાગરણ, તેને ગૌડપાદાચાર્ય ચિત્ત સંબોધન કહે છે.

(૨) વિક્ષેપ જેમ બાજ અથવા બિલાડીથી ભય પામીને ચકલી ઘરમાં પ્રવેશ કરે છે, પણ તે ભયથી વ્યાકુળ થયેલી હોવાથી તેને ઘરમાં સંતાવાની જગો તુરતાતુરત માલમ પડતી નથી, તેથી વળી ફરી બહાર નીકળી જાય છે અને ભય અથવા મરણ રૂપ ખેદ પામે છે. તેમ, અનાત્મ પદાર્થોને દુઃખના હેતુરૂપ જાણીને અદ્વૈતાનંદને વિષય કરવા માટે—અદ્વૈતાનંદનો અનુભવ લેવા માટે—વૃત્તિ અંતર્મુખ થાય છે. પણ વૃત્તિનો વિષય ચેતન અતિ સૂક્ષ્મ હોવાથી તુરતાતુરત તે ચેતનમાં વૃત્તિની સ્થિરતા થતી નથી અને તેથી તત્કાળજ ચેતન સ્વરૂપ આનંદનો લાભ વૃત્તિને થતો નથી, માટે વૃત્તિ પાછી બહિર્મુખ થઇ જાય છે. આ રીતે વૃત્તિના બહિર્મુખપણાને વિક્ષેપ કહે છે.

વૃતિની સ્થિરતા વિના સ્વરૂપાનંદનો લાભ થતો નથી. માટે વૃત્તિ અંતર્મુખ થયા પછી જ્યાંસુધી વૃત્તિ બ્રહ્માકાર થાય નહિ, તેટલા વખત સુધી બહારના પદાર્થોમાં દોષભાવના કરીને યોગીએ વૃત્તિને બહિર્મુખ થવા દેવી નહિ, પણ વૃત્તિને અંતર્મુખજ રાખવી. આવી રીતે વિક્ષેપ રૂપ વિઘ્નનો વિરોધી જે યોગીનો પ્રયત્ન, તેને ગૌડપાદાચાર્ય સમ કહે છે.

(૩) કષાય. શંકા—રાગ વગેરે દોષોને કષાય કહે છે. એ રાગ બે પ્રકારનો છે. (क) એક બાહ્ય છે, અને (ख) બીજો આંતર છે.

क જે રાગનો વિષય સ્ત્રી, પુત્ર, ધન, વગેરે હોય અને તે વર્તમાન હોય તે બાહ્ય (બહારનો) રાગ કહેવાય છે.

ख ભૂતકાળના અથવા ભવિષ્યકાળના વિષયના ચિંતનરૂપ જે મનોરાજ્ય તે આંતર (અંદરનો) રાગ કહેવાય છે.

એ બન્ને પ્રકારના રાગાદિક સમાધિમાં પ્રવૃત્ત થયેલા યોગીમાં હોવા સંભવે નહિ. કેમકે—

૧૦ ચિત્તની પાંચ અવસ્થાઓ.

ચિત્તની પાંચ ભૂમિકા (અવસ્થા) છે. તેમાં (૧) એક ક્ષેપ નામે

ભૂમિકા છે. (૨) બીજી **મૂઢતા**, (૩) ત્રીજી **વિક્ષેપ**, (૪) ચોથી **એકાગ્રતા**, અને (૫) પાંચમી નિરોધ ભૂમિકા છે.

(૧) **ક્ષેપ**—લોકવાસના, દેહવાસના, શાસ્ત્રવાસના, વગેરે રજોગુણનો પરિણામ જે દઢ અનાત્મવાસના, તેને ક્ષેપ કહે છે.

क **લોકવાસના**—કોઈ લોક મારી નિંદા ન કરે, પણ બધાજ સ્તુતિ કરે, એવા આગ્રહનો જે દઢ સંસ્કાર તેને લોકવાસના કહે છે.)

ख **દેહવાસના**—સ્થૂલ અથવા સૂક્ષ્મ દેહના રોગાદિરૂપ અથવા પાપ રૂપ મળનું ઔષધ આદિથી અથવા તીર્થાટન આદિથી નિઃશેષ નિવારણ કરીશ, અને તે દેહોમાં શોભા પુષ્ટિ આદિક અથવા પુણ્ય રૂપ ગુણની પ્રાપ્તિ કરીશ, એવા આગ્રહના દઢ સંસ્કારને દેહવાસના કહે છે.)

ग **શાસ્ત્રવાસના**—તમામ શાસ્ત્રોના પાઠને અથવા અર્થને હું ધારણ કરીશ, એવા આગ્રહના દઢ સંસ્કારને શાસ્ત્રવાસના કહે છે.)

(૨) **મૂઢતા**—નિદ્રા, આળસ, વગેરે તમોગુણના પરિણામને **મૂઢતા** કહે છે.

(૩) **વિક્ષેપ**—ધ્યાનમાં પ્રવૃત્ત થયેલા ચિત્તની કોઇ વખત બાહ્ય પ્રવૃત્તિ થાય તેને **વિક્ષેપ** કહે છે.

(૪) **એકાગ્રતા**—અંતઃકરણનું ભૂતકાળનું પરિણામ અને વર્તમાન-કાળનું પરિણામ સમાન આકારવાળું હોય તેને એકાગ્રતા કહે છે. (કહેવાની મતલબ એ છે કે, જ્યારથી અંતઃકરણ કોઇ વિષયમાં ચોટાડયું ત્યારથી તે હમણાં સુધી અંતઃકરણ તે વિષયાકારજ રહે—વચમાં કોઇ બીજા વિષયનું રૂપ ધારણ કરે નહિ—ત્યારે તે એકાગ્ર કહેવાય છે. પહેલી ક્ષણે અંતઃકરણ જેમાં ચોટયું છે, તેમાંજ છેલ્લી ક્ષણે પણ હોય ત્યારેજ અંતઃકરણનું ભૂત અને વર્તમાનકાળનું પરિણામ સરખું કહેવાય. છેલ્લી ક્ષણ પૂર્વેની બધી ક્ષણો ભૂતકાળ ગણાય છે.)

એકાગ્રતાનું પૂર્વોક્ત લક્ષણ પતંજલિએ કહ્યું છે. તેનો ભાવ આ પ્રમાણે છેઃ—સમાધિકાળમાં યોગીના અંતઃકરણમાં એકાગ્રતા હોય છે. તે એકાગ્રતા વૃત્તિના અભાવ રૂપ હોતી નથી; પણ અંતઃકરણનાં જેટલાં પરિ-ણામ સમાધિકાળમાં થાય છે તે સઘળાં બ્રહ્મનેજ વિષય કરનારાં હોય છે. માટે અંતઃકરણનું અતીત પરિણામ (એટલે થઇ ગયેલું અથવા ભૂતકાળનું પરિણામ) અને વર્તમાન પરિણામ કેવળ બ્રહ્માકાર હોવાથી સમાનાકાર હોય છે.

(૫) નિરોધ—એ એકાગ્રતાની વૃત્તિને નિરોધ કહે છે.

એ પાંચ ભૂમિકાઓ અંતઃકરણની છે. એ પાંચ ભૂમિકા સહિત અંતઃકરણનાં અનુક્રમે આવાં નામ છેઃ—૧(૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર, અને (૫) નિરુદ્ધ.

તેમાં ક્ષિપ્ત અને મૂઢ અંતકરણનો તો સમાધિમાં અધિકાર નથી.

વિક્ષિપ્ત અંતઃકરણને સમાધિનો અધિકાર છે.

એકાગ્ર અને નિરુદ્ધ અંતઃકરણ સમાધિકાળમાં હોય છે એ રીતે યોગના ગ્રંથોમાં કહેલું છે.

૧૧ શંકા—રાગાદિ દોષ યુક્ત કષાય સમાધિનું વિઘ્ન કહેવાય નહિ—

રાગાદિ દોષસહિત અંતઃકરણ ક્ષિપ્તજ હોય છે. એવા ક્ષિપ્ત અંતઃકરણનો યોગમાં અધિકાર નથી. માટે રાગાદિ દોષરૂપ કષાય સમાધિમાં વિઘ્ન છે, એમ કહેવાય નહિ.

(જે પુરૂષને રાજાની પાસે જવાનો અધિકાર હોય, તેને દરવાન રાજાની પાસે ન જવા દે ત્યારે તેને વિઘ્ન કર્યું એમ કહેવું સંભવે છે; પણ જેને રાજાની પાસે જવાનો અધિકારજ નથી, તેને દરવાને વિઘ્ન કર્યું એમ કહેવું સંભવે નહિ. તેજ રીતે ક્ષિપ્ત અંતઃકરણનો જો સમાધિમાં અધિકાર હોત, તો તેને રાગાદિદોષરૂપ કષાય સમાધિમાં વિઘ્ન કહેવાત; પણ જેથી ક્ષિપ્ત અંતઃકરણનો સમાધિમાં અધિકારજ નથી, તેથી રાગાદિ દોષરૂપ કષાય સમાધિમાં વિઘ્ન છે એમ કહેવું સંભવતું નથી.)

૧૨ વિદ્યારણ્ય સ્વામીને મતે રાગાદિના પ્રકાર.

સમાધાન.

જીવન્મુક્તિવિવેક નામે ગ્રંથમાં વિદ્યારણ્યસ્વામીએ રાગ ત્રણ પ્રકારનો કહ્યો છે. (૧) બાહ્ય. (૨) આંતર, અને (૩) વાસના રૂપ.)

બાહ્યરાગ—બાહ્ય (બાહારની) પ્રવૃત્તિના હેતુ જે રાગાદિક તે ઉદ્યુક્ત રાગ કહેવાય છે. તેનેજ **બાહ્યરાગ** પણ કહે છે.)

(૨) **આંતરરાગ**—મનો રાજ્ય રૂપ જે રાગાદિક તે **આશારૂપ રાગ** કહેવાય છે. તેને **આંતરરાગ** પણ કહે છે)

(૩) **વાસનારૂપરાગ**—જન્માંતરમાં પૂર્વે અનુભવ કરેલા રાગાદિકના જે સંસ્કાર, તેને **વાસનારૂપ રાગાદિક** કહે છે.)

(૪ એ વાસના રૂપ રાગાદિક **ઉદ્‌ભૂત** અને **અનુદ્‌ભૂત** એવા બે પ્રકારના છે.) (એમાંના આદિ શબ્દ વડે દ્વેષાદિક સમજવા.)

જે પ્રકટ હોય તેને **ઉદ્‌ભૂત** કહે છે; અને અપ્રકટ હોય તેને **અનુદ્‌ભૂત** કહે છે.

૧૩ વિક્ષેપ અને કષાયમાં તફાવત.

હવે બાહ્ય અથવા આંતર જે રાગાદિક છે, તે તો ક્ષિપ્ત અંતઃકરણમાંજ હોય છે. એવા ક્ષિપ્ત અંતકરણનો સમાધિમાં અધિકાર પણ નથી. તો પણ અનેક જન્મ વિષે પૂર્વે અનુભવ કરેલા જે બાહ્ય અને આંતર રાગ દ્વેષ, તેના સૂક્ષ્મ સંસ્કાર વિક્ષિપ્તાદિક અંતઃકરણમાં પણ સંભવે છે. માટે રાગદ્વેષનું નામ કષાય નહિ, પણ રાગદ્વેષાદિકના સંસ્કારને કષાય કહે છે.

એ સંસ્કાર જ્યાં સુધી અંતઃકરણ હોય ત્યાં સુધી દૂર થતા નથી, માટે સમાધિકાળમાં પણ તે સંસ્કાર અંતઃકરણમાં રહે છે. પરંતુ, રાગદ્વેષાદિકના ઉદ્ભૂત સંસ્કાર સમાધિના વિરોધી છે, અનુદ્ભૂત સંસ્કાર વિરોધી નથી.

સમાધિમાં પ્રવૃત્ત થયેલા યોગીને જો રાગદ્વેષના સંસ્કારો ઉદ્ભૂત થાય એટલે પ્રગટ થાય, તો વિષયોમાં દોષ જોઇને–વિષયોના દોષોનો વિચાર કરીને– તે સંસ્કારોને દબાવી દેવા.

વિક્ષેપ અને કષાયમાં આટલો તફાવત છેઃ—

ક. બાહ્ય વિષયાકાર વૃત્તિને **વિક્ષેપ** કહે છે.

ખ. યોગીના પ્રયત્નથી જ્યાં વૃત્તિ અંતર્મુખ તો થાય, પરંતુ તે અંતમુખ થયેલી વૃત્તિ રાગાદિકના ઉદ્ભૂત સંસ્કારોને લીધે રોકાઇ જાય–બ્રહ્મને વિષય કરે નહિ–તેને કષાય કહે છે. વિષયમાં દોષદર્શન સહિત યોગીના પ્રયત્નથી કષાય વિઘ્નની નિવૃત્તિ થાય છે.

૧૪ રસાસ્વાદનું સ્વરૂપ.

રસાસ્વાદ એ સમાધિનું ચોથું વિઘ્ન છે. એનો અર્થ નીચે પ્રમાણે છેઃ-

યોગીને જેમ બ્રહ્માનંદનો અનુભવ થાય છે, તેમ વિક્ષેપરૂપ દુઃખની નિવૃત્તિનો પણ અનુભવ થાય છે. કોઈ વખત દુઃખની નિવૃત્તિથી પણ આનંદ થતો જણાય છે.

જેમ ભારે બોજો ઉઠાવીને જનારા મજૂરનો ભાર ઉતરી જવાથી તેને આનંદ થાય છે. એ વખતે આનંદ થવાનો બીજો કોઇ હેતુ નથી, પણ ભારજન્ય દુઃખની નિવૃત્તિ થવાથી તે એમ કહે છે કે,–"મને આનંદ થયો છે." માટે દુઃખની નિર્વૃત્તિ પણ આનંદનો હેતુ છે. એજ રીતે યોગીને પણ સમાધિમાં વિક્ષેપજન્ય દુઃખની નિવૃત્તિથી જે આનંદ થાય છે તેના અનુભવને **રસાસ્વાદ** કહે છે.

જો દુઃખનિવૃત્તિથી ઉપજેલા આનંદના અનુભવથીજ યોગી તૃપ્ત થઈ જાય, તો સકળ ઉપાધિ રહિત બ્રહ્માનંદાકાર વૃત્તિ થઇ શકે નહિ, અને તેથી બ્રહ્માનંદનો અનુભવ પણ તેને સમાધિમાં થાય નહિ. માટે દુઃખનિવૃત્તિ જન્ય આનંદના અનુભવરૂપ રસાસ્વાદ પણ સમાધિનું વિઘ્ન ગણાય છે.

બ્રહ્માનંદરૂપ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ થયા વિના પણ વિક્ષેપજન્ય દુઃખરૂપ વિરોધીની નિવૃત્તિથી આનંદ ઉપજે છે તેનું બીજું એક દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ–

જેમ પૃથ્વીમાં (ભોંયરામાં) નિધિ (દ્રવ્યભંડાર) હોય, પણ તે મહા ઝેરી સાપથી રક્ષિત હોય. એ નિધિની ઇચ્છાવાળા મનુષ્યને નિધિની પ્રાપ્તિ કરતા પહેલાં નિધિપ્રાપ્તિનો વિરોધી જે સર્પ, તેની નિવૃત્તિ કરવી પડે છે. અને તે સાપની નિવૃત્તિ થવાથી તેને આનંદ પણ થાય છે. હવે જો સાપની નિવૃત્તિ થવાથી મળતા આનંદથીજ જો તે મનુષ્ય તૃપ્ત થઈ જાય અને પછી બીજો કાંઇ ઉદ્યમ કરે નહિ તો નિધિ પ્રાપ્તિનો પરમ આનંદ તેને મળે નહિ.

તેમ અદ્વૈત બ્રહ્મરૂપ નિધિ છે. દેહાદિક અનાત્મ પદાર્થોની પ્રતીતિરૂપ જે વિક્ષેપ તે સર્પ છે. એ વિક્ષેપરૂપ સર્પની નિવૃત્તિજન્ય જે અવાંતર આનંદ રૂપી રસના અનુભવ રૂપ આસ્વાદન છે તે રસાસ્વાદ છે. એ રસાસ્વાદ, નિધિરૂપી અદ્વૈત બ્રહ્મની પ્રાપ્તિથી થતા મહાનંદની પ્રાપ્તિનો પ્રતિબંધક (વિરોધી) હોવાથી વિઘ્નરૂપ કહેવાય છે.

૧૫ રસાસ્વાદનો બીજો અર્થ.

અથવા રસાસ્વાદનો એક બીજો પણ અર્થ થાય છે તે આ પ્રમાણેઃ–

સવિકલ્પ સમાધિ થયા પછી નિર્વિકલ્પ સમાધિ થાય છે. સવિકલ્પ સમાધિમાં ત્રિપુટી પ્રતીત થાય છે, માટે સવિકલ્પ સમાધિનો આનંદ ત્રિપુટી રૂપ ઉપાધિ સહિત હોવાથી સોપાધિક કહેવાય છે; અને નિર્વિકલ્પ સમાધિમાં ત્રિપુટી પ્રતીત થતી નથી માટે નિર્વિકલ્પ સમા- ધિનો આનંદ નિરૂપાધિક કહેવાય છે. આ રીતે સવિકલ્પ સમાધિ પછીની નિર્વિકલ્પ સમાધિના આરંભમાં પણ જો યોગી સવિકલ્પ સમાધિના સોપાધિક આનંદને તજી શકે નહિ, પણ તે સોપાધિક આનંદનોજ અનુભવ કર્યા કરે, તો તેને પણ **રસાસ્વાદ** કહેવામાં આવે છે. તેથી, વિક્ષેપ નિવૃત્તિ જન્ય આનંદનો અનુભવ અથવા સવિકલ્પ સમાધિના આનંદનો અનુભવ **રસાસ્વાદ** કહેવાય છે. એ બન્ને પ્રકારનો રસાસ્વાદ નિર્વિકલ્પ સમાધિમાં થતા પરમાનંદના અનુભવનો વિરોધી હોવાથી વિઘ્નરૂપ છે, માટે તેનો ત્યાગ કરવો.

એ રીતે નિર્વિકલ્પ સમાધિમાં ચાર વિઘ્ન હોય છે. અને તે ચારે વિઘ્ન સમાધિના આરંભમાંજ થાય છે. માટે જ્ઞાનવાન યોગી પુરૂષે સાવધાનીથી એ ચારે વિઘ્નોને દૂર કરીને સમાધિમાં પરમાનંદનો અનુભવ કરવો; એનેજ જીવન્મુક્ત કહે છે.

૧૬ જ્ઞાનીની બાહ્ય પ્રવૃત્તિના અસંભવવિષે આક્ષેપની સમાપ્તિ.

આ રીતે જ્ઞાનીનું ચિત્ત નિરાવલંબ હોતું નથી ત્યારે પ્રારબ્ધના બળથી

તે જ્ઞાનીનું સમાધિથી ઉત્થાન થાય, ત્યારે પણ સમાધિમાં જે પરમાનંદનો તેણે અનુભવ કર્યો છે, તેની સ્મૃતિ તેને રહ્યા કરે છે, તેથી ઉત્થાનકાળમાં પણ જ્ઞાનીનું ચિત્ત નિરાલંબ હોતું નથી.

જ્ઞાની પુરૂષની જે ભોજન વગેરેમાં પ્રવૃત્તિ થાય છે તે કેવળ પ્રારબ્ધથીજ થાય છે. પરંતુ જ્ઞાની પુરુષ ભોજનાદિક વ્યવહારમાં પણ ખેદ પામીને પ્રવૃત્ત થાય છે. કેમકે ભોજનાદિકમાં પ્રવૃત્તિ પણ સમાધિસુખની વિરોધી છે. જેને શરીરનિર્વાહમાટે ભોજનાદિકની પ્રવૃત્તિ પણ ખેદરૂપ લાગે છે, તેની અધિક પ્રવૃત્તિ સંભવતી નથી.

આ રીતે ઘણા આચાર્યોએ ઉપર કહ્યો તેજ પક્ષ લખ્યો છે. વળી જીવન્મુક્તિનો આનંદ પણ પ્રવૃત્તિમાં મળતો નથી, પણ નિવૃત્તિમાંજ મળે છે. માટે જીવન્મુક્તિના સુખની ઇચ્છા રાખનારા જ્ઞાનીની બાહ્યપ્રવૃત્તિ સંભવતી નથી.

જ્ઞાનીના વ્યવહારમાં નિયમ હોવો જોઇએ એવા આક્ષેપનું સમાધાન.

(પછવાડે આ તરંગના ૧ થી ૧૬ સુધી જ્ઞાનીનો વ્યવહારનો પણ કોઇ નિયમ જોઇએ એમ કહેનારા કેટલાક આચાર્યોનો મત બતાવ્યો છે. પણ સિદ્ધાંત એવો નથી, માટે આચાર્યોના તે મતને આક્ષેપ અથવા પૂર્વપક્ષ માનીને હવે ગ્રંથકાર તેનું સમાધાન આપે છે.)

૧૭ જ્ઞાની નિરંકુશ છે, તથા પ્રારબ્ધથી તેનો વ્યવહાર સિદ્ધ થાય છે.

જ્ઞાનીની બાહ્ય પ્રવૃત્તિ સંભવતી નથી એમ નિવૃત્તિપક્ષવાળાઓનું કહેવું છે; અર્થાત્ જ્ઞાનીએ નિયમપૂર્વક નિવૃત્તિપરાયણ થવું જોઇએ, એમ કેટલાક કહે છે, તે પણ સંભવતું નથી. કેમકે નિવૃત્તિ માટે અથવા પ્રવૃત્તિ માટે વેદની આજ્ઞારૂપ વિધિ તો જ્ઞાનીના સંબંધમાં છે નહિ, કે જેથી જ્ઞાનીના વ્યવહારનો નિયમ હોઇ શકે ! માટે જ્ઞાની નિરંકુશ છે અને તેનો વ્યવહાર પ્રારબ્ધથી થાય છે.

(૧) જે જ્ઞાનીનું પ્રારબ્ધ ભિક્ષાભોજન માત્ર ફળનો હેતુ છે, તેની ભિક્ષાભોજન માત્રમાં પ્રવૃત્તિ થાય છે.

(૨) જેનું પ્રારબ્ધ અધિક ભોગનો હેતુ છે, તેની અધિક ભોગમાં પ્રવૃત્તિ થાય છે.

શંકા—પણ અમે એમ કહીએ છીએ કે, જેનું પ્રારબ્ધ ભિક્ષાભોજન માત્રનું હેતુરૂપ છે, તેનેજ જ્ઞાન થાય છે; જેનું પ્રારબ્ધ અધિક વ્યવહારનો

હેતુ છે, તેને જ્ઞાન થતું નથી. માટે જ્ઞાનીનો વ્યવહાર ભિક્ષાભોજનાદિ કરતાં વધારે થતોજ નથી; અને જેની અધિક પ્રવૃત્તિ થાય તે જ્ઞાની નથી.

સમાધાન—એમ કહેવું સંભવતું નથી. કેમકે યાજ્ઞવલ્કય અને જનક વગેરેને જ્ઞાની કહ્યા છે; સભામાં વિજય મેળવીને ધન સંગ્રહ કરવું એવો વ્યવહાર યાજ્ઞવલ્કયનો કહેલો છે, અને રાજ્ય ચલાવવાનો વ્યવહાર જનકનો કહેલો છે. વળી યોગવાસિષ્ઠ ગ્રંથમાં અનેક જ્ઞાની પુરૂષોનો વ્યવહાર નાના પ્રકારનો કહ્યો છે. માટે જ્ઞાની પુરૂષની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિનો કાંઇ નિયમ નથી.

શંકા—યાજ્ઞવલ્કયે સભામાં વિજય મેળવ્યા પછી વિદ્વત્સંન્યાસરૂપ નિવૃત્તિ ધારણ કરી હતી, તથા પ્રવૃત્તિમાં ગ્લાનિના હેતુરૂપ અનેક દોષ પણ કહ્યા છે. માટે છેવટે તો નિવૃત્તિજ મુખ્ય છે.

સમાધાન—એમ છતાં પણ યાજ્ઞવલ્કયને વિદ્વત્સંન્યાસ કરતાં પહેલાં જ્ઞાન નહોતું, એમ કહેવું તો સંભવતું નથી; કેમકે જ્ઞાન તો તેને પ્રથમથીજ હતું. પણ વિદ્વત્સંન્યાસ ધારણ કરવા પૂર્વે તેને જીવન્મુક્તિનો આનંદ પ્રાપ્ત થયો નહોતો; અને તેથી જીવન્મુક્તિનો આનંદ મેળવવાને માટે તેણે સર્વ સંગ્રહનો ત્યાગ કર્યો હતો. યાજ્ઞવલ્કયનું પ્રારબ્ધ કેટલાક કાળ સુધી અધિક ભોગનો હેતુ હતું; અને તે પછીના કાળમાં ઓછા ભોગનો હેતુ હતું. માટે પ્રથમ તો યાજ્ઞવલ્કયને ભોગમાં ગ્લાનિ વિના અધિક ભોગ પ્રાપ્ત થયા છે, અને તે પછી ભોગમાં ગ્લાનિ થવાથી સઘળા ભોગનો ત્યાગ થયો છે. એ ઉપરથી જણાય છે કે—

(૧) જનકનું પ્રારબ્ધ મરણ પર્યંત રાજ્યપાલન વગેરે સમૃદ્ધિનો ઉપભોગ કરવામાં હેતુરૂપ હતું; માટે તેને સદૈવ ત્યાગનો અભાવજ રહ્યો છે, અને ભોગમાં તેને ગ્લાનિ પણ થઇ નથી. અને—

(૨) વામદેવાદિકનું પ્રારબ્ધ ન્યૂન ભોગનો હેતુ થયેલું છે; તેથી તેમને ભોગોમાં સદા ગ્લાનિ થવાથી પ્રવૃત્તિનો અભાવ હતો, એમ કહેવામાં આવ્યું છે.

(૩) વળી યોગવાસિષ્ઠમાં એવો પણ પ્રસંગ છે કે શિખરધ્વજની જ્ઞાન થયા પછી અધિક પ્રવૃત્તિ થઈ હતી.

એ રીતે જ્ઞાની પુરૂષોના નાના પ્રકારના વિલક્ષણ વ્યવહાર કહેલા છે. તે બધાઓને જ્ઞાન સમાન છે અને તેનું ફળ મોક્ષ પણ સમાન છે; માત્ર પ્રારબ્ધ જૂદાં જૂદાં હોવાથી તેમના વ્યવહારમાં તફાવત પડે છે. તેમનામાંથી જેમની વ્યવહારમાં પ્રવૃત્તિ ઓછી છે તેમને જીવન્મુક્તિનું સુખ વિશેષ પ્રાપ્ત થયું છે, અને જેમની વ્યવહારમાં પ્રવૃત્તિ વધારે છે તેમને જીવન્મુક્તિનું સુખ ઓછું પ્રાપ્ત થયું છે.

૧૮ જ્ઞાનીને વિદેહમોક્ષના ત્યાગની અથવા પરલોકની ઈચ્છા થતી નથી.

શંકા—જે માણસ જીવન્મુક્તિના સુખને તજીને તુચ્છ એવા ભોગોમાં પ્રવૃત્ત થાય, તે માણસ વિદેહ મોક્ષને તજીને વૈકુંઠાદિક લોકનીઇચ્છા રાખીને ત્યાં પણ શા માટે ન જાય?

સમાધાન—એવી શંકા કરવી નહિ. કેમકે જ્ઞાનીને જીવન્મુક્તિનો ત્યાગ અને ભોગોમાં પ્રવૃત્તિ તો પ્રારબ્ધના બળથી સંભવે છે; પણ વિદેહ મોક્ષનો ત્યાગ તથા પરલોકમાં ગમન સંભવે નહિ. કેમકે—

(૧) જ્ઞાનીના પ્રાણ બહાર ગમન કરતા નથી તેથી પરલોકમાં જવું સંભવતું નથી. અને—

(૨) જ્ઞાનીને વિદેહ મોક્ષનો ત્યાગ પણ સંભવતો નથી. કેમકે જ્ઞાનીને જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. તે પછી તે પ્રારબ્ધ ભોગ ભોગવે છે. અને તે પછી સ્થૂલ અને સૂક્ષ્મ આકારે રહેલા અજ્ઞાનનો ચેતનમાં લય થાય છે, તેને વિદેહ મોક્ષ કહે છે. જ્ઞાનીને એ વિદેહમોક્ષ અવશ્ય પ્રાપ્ત થાય છે. જો તેનું મૂળ અજ્ઞાન બાકી રહેતું હોય, અથવા નાશ પામેલા અજ્ઞાનની ફરીને ઉત્પત્તિ થતી હોય, તો વિદેહ મોક્ષનો અભાવ થાય. પણ મૂળ અજ્ઞાનનું વિરોધી જ્ઞાન હોવાથી અજ્ઞાન બાકી રહેતું નથી, અને શ્રુતિ વગેરેનાં પ્રમાણોવડે નાશ થયેલા અજ્ઞાનની ફરી ઉત્પત્તિ થતી નતી, માટે તેના વિદેહ મોક્ષનો અભાવ થતો નથી.

(૩) વળી વિદેહ મોક્ષનો ત્યાગ કરવાની તથા પરલોકમાં ગમન કરવાની જ્ઞાનીને ઇચ્છા પણ ઉપજતી નથી. કેમકે—

क જ્ઞાનીને કેવળ પ્રારબ્ધથીજ ઇચ્છા થાય છે. જેટલી સામગ્રી વિના પ્રારબ્ધનો ભોગ સંભવે નહિ, તેટલી સામગ્રી પ્રારબ્ધ રચે છે અને જ્ઞાનીને ભોગ ભોગવાવે છે. ઇચ્છા વિના ભોગ સંભવે નહિ, માટે જ્ઞાનીની ઇચ્છા એ પણ પ્રારબ્ધનું ફળ છે.

ख બીજા લોકમાં અથવા આ લોકમાં જ્ઞાનીને બીજું શરીર પ્રારબ્ધથી પણ મળતું નથી, એ વાત આ તરંગમાંજ પાછળ કહેલી છે. માટે પ્રારબ્ધથી જ્ઞાનીને વિદેહમોક્ષના ત્યાગનાં અથવા પરલોક ગમનની ઇચ્છા સંભવતી નથી.

(જેમ સ્વપ્નમાંથી જાગેલા પુરૂષને, સ્વપ્નરૂપ ભ્રાંતિ પાછી ફરીને થાય તો ઠીક, એવી ઇચ્છા સંભવતી નથી, અને સ્વપ્નના પરલોકમાં ગમનની ઇચ્છા પણ થતી નથી; તેમ જ્ઞાનીને પણ બંધરૂપ ભ્રાંતિની નિવૃત્તિરૂપ વિદેહ મોક્ષનો

ત્યાગ કરી ફરીને બંધરૂપ ભ્રાંતિમાં પડવાની ઇચ્છા થાય નહિ, અને સ્વર્ગાદિ પરલોકમાં જવાની ઇચ્છા પણ થાય નહિ.)

૧૯. મંદ પ્રારબ્ધને લીધે જ્ઞાનીની જીવન્મુક્તિસુખની વિરોધી પ્રવૃત્તિ.

જેમ સંન્યાસીને પણ ભિક્ષાભોજનની ઇચ્છા થાય છે, તેમ વર્તમાન શરીરમાં અધિક ભોગ ભોગવવાની ઇચ્છા, જીવન્મુક્તિની વિરોધી છતાં પણ, જનકાદિક જ્ઞાનીઓને સંભવે છે.

કહેવાનું રહસ્ય એ છે કેઃ—જ્ઞાનીની બાહ્ય પ્રવૃત્તિ જીવન્મુક્તિની વિરોધી નથી, પણ જીવન્મુક્તિના વિલક્ષણ સુખની વિરોધી છે. કેમકે આત્મા નિત્ય-મુક્તછે; અવિદ્યાથી બંધ પ્રતીત થાય છે, જે વખતે જ્ઞાન થાય છે, તેજ વખતે અવિદ્યાકૃત બંધ નાશ પામી જાય છે; જ્ઞાન થયા પછી ફરીને બંધની ભ્રાંતિ થતી નથી. **શરીર છતાં પણ બંધરૂપી ભ્રાંતિનો અભાવ તે જીવન્મુક્તિ** કહેવાય છે. શરીર વગેરેની પ્રવૃત્તિ થાય અથવા નિવૃત્તિ થાય, તેથી કરીને આત્મામાં બંધ છે, એવી ભ્રાંતિ જ્ઞાનીને થતી નથી. માટે બાહ્ય પ્રવૃત્તિ કરવાથી પણ જ્ઞાનીની જીવન્મુક્તિ નાશી જતી નથી એમ છતાં પણ બાહ્ય પ્રવૃત્તિમાં જીવન્મુક્તને વિલક્ષણ સુખ થતું નથ; એકાગ્રતારૂપ અંતઃકરણના પરિણામથીજ સુખ થાય છે. તે એકાગ્રતારૂપ પરિણામ બાહ્ય પ્રવૃત્તિમાં થતું નથી.

આ રીતે પ્રારબ્ધ ભિન્ન ભિન્ન હોવાથી જ્ઞાની પુરૂષોના વ્યવહાર ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **જેનું પ્રારબ્ધ અધિક પ્રવૃત્તિનું હેતુ હોય છે, તેનું મંદપ્રારબ્ધ** કહેવાય છે. ('મંદ' શબ્દનો અર્થ શિથિલ—ઓછું—ધીમું—એવો અહીં કરવાનો નથી, પણ નિકૃષ્ટ—અધમ—નઠારૂં એવો અર્થ કરવો.) કેમકે અધિક પ્રવૃત્તિ એકાગ્રતાની વિરોધી છે, અને એકાગ્રતા વિના નિરૂપાધિક આનંદ પ્રતીત થતો નથી; એ વાત સમાધિના નિરૂપણમાં પાછળ કહેવામાં આવી છે.

૨૦. જ્ઞાનીની વ્યવહારમાં મિથ્યા બુદ્ધિ છતાં પણ પ્રવૃત્તિ.

શંકા—પાછળ કહેવામાં આવ્યું છે (છઠ્ઠા તરંગના ૮ મા અંકમાં) કે "જ્ઞાનીને સઘળા અનાત્મ પદાર્થોમાં મિથ્યાબુદ્ધિ હોય છે, તેથી જ્ઞાનીને રાગ હોતો નથી." એમ હોય તો પછી જ્ઞાનીની પ્રવૃત્તિ થવી પણ સંભવતી નથી.

સમાધાન—આવી શંકા સંભવતી નથી કેમકે-જેમ જ્ઞાનીને પોતાના દેહમાં પણ મિથ્યા બુદ્ધિજ હોય છે, તોપણ દેહને અનુકૂળ જે ભિક્ષાદિક

છે, તેમાં કેવળ પ્રારબ્ધથીજ તેની પ્રવૃત્તિ થાય છે; તેમ જેનું પ્રારબ્ધ અધિક ભોગ ભોગવવાનું હોય તે જ્ઞાનીની અધિક પ્રવૃત્તિ પણ થાય છે. જેમ, બાજીગરના તમાશાને મિથ્યા જાણ્યા છતાં પણ સઘળા લોકોની તે જોવામાં પ્રવૃત્તિ થાય છે, તેમ સઘળા પદાર્થોને મિથ્યા જાણ્યા છતાં પણ જ્ઞાનીની તેમાં પ્રવૃત્તિ થઇ શકે છે.

૨૧. જ્ઞાનીની રાગ ન છતાં પણ પ્રવૃત્તિ.

શંકા—જે માણસને જે પદાર્થમાં દોષ દૃષ્ટિ હોય, તે પદાર્થમાં તેની પ્રવૃત્તિ થાય નહિ. જ્ઞાનીને અનાત્મ પદાર્થોમાં દોષદૃષ્ટિ હોય છે, અને રાગ હોતો નથી, માટે જ્ઞાનીની પ્રવૃત્તિ સંભવતી નથી.

સમાધાન—એ કહેવું પણ સંભવતું નથી. કેમકે, જેમ કોઇ રોગીને વૈદ્યે અમુક અમુક અપથ્ય પદાર્થો ન ખાવાની આજ્ઞા કરી હોય, તથા તે રોગી પણ જાણતો હોય કે ફલાણા ફલાણા પદાર્થોના સેવનથી હાનિ થાય એમ છે તથા ફલાણા ફલાણા પદાર્થોનું નહિ સેવન કરવાથી ફાયદો થાય એમ છે; એમ છતાં પ્રારબ્ધને લીધે જાણતા છતાં પણ તે રોગી અપથ્ય પદાર્થોનું સેવન કરે છે. તેમ જ્ઞાનીની અનાત્મ પદાથોમાં દોષદૃષ્ટિ હોવા છતાં પણ પ્રારબ્ધને લીધે સર્વ વ્યવહારમાં પ્રવૃત્તિ સંભવે છે.

(આ સ્થળે ટીકાકાર નીચે પ્રમાણે વિશેષ ખુલાસો કરે છે તે જિજ્ઞાસુને ઉપયોગી હોવાથી અહીં ઉતારીએ છીએ:—)

૨૨. પ્રારબ્ધના ત્રણ પ્રકાર.

(પ્રારબ્ધ ત્રણ પ્રકારનું છે; (૧) મંદ પ્રારબ્ધ; (૨) તીવ્ર પ્રારબ્ધ; અને (૩) તીવ્રતર પ્રારબ્ધ.)

(૧) **મંદ પ્રારબ્ધ** જે વસ્તુ મનુષ્યને પ્રાપ્ત કરવા જેવી લાગતી હોય તેને **ઉપાદેય** કહે છે; અને જે વસ્તુ ત્યાગ કરવા જેવી લાગતી હોય તેને **હેય** કહે છે. જે પ્રારબ્ધનું ઉપાદેય ફળ ભીખ માગીને પ્રાપ્ત કરેલા અન્નની પેઠે ઘણી મેહેનતથી પ્રાપ્ત થાય એવું હોય; અને જેનું અકસ્માત્ પ્રાપ્ત થયેલું હેય ફળ ઝટ મટે એવા રોગની પેઠે અલ્પ પ્રયત્નથી દૂર થાય એવું હોય; એવા પ્રારબ્ધને **મંદ પ્રારબ્ધ** કહે છે.)

(૨) જે પ્રારબ્ધનું ઉપાદેય ફળ નિમંત્રણથી જમવા મળેલા અન્નની પેઠે થોડી મેહેનતે પ્રાપ્ત થાય એવું હોય; અને જેનું અકસ્માત્ પ્રાપ્ત થયેલું હેયફળ કષ્ટ સાધ્ય રોગની પેઠે ઘણી મેહેનતે દૂર થાય એવું હોય; એવા પ્રારબ્ધને **તીવ્ર પ્રારબ્ધ** કહે છે.)

(૩) જેનું ઉપાદેય ફળ આસન પર બેઠાં બેઠાંજ પ્રાપ્ત થયેલા અન્નની પેઠેવગર મેહેનતે પોતાની મેળેજ પ્રાપ્ત થાય એવું હોય; અને જેનું બળાત્કારથી

પ્રાપ્ત થયેલું હોય ફળ બળદને દીધેલા ડામની પેઠે મરતાં સુધી પ્રયત્ન કરવાથી પણ દૂર થઇ ન શકે એવું હોય; એવા પ્રારબ્ધને **તીવ્રતર પ્રારબ્ધ** કહે છે.)

(આ રીતે મંદ અને તીવ્ર પ્રારબ્ધનું ફળ પ્રયત્નને આધીન છે. તે પ્રયત્નની હેતુ શુભ કે અશુભ વાસના છે. તે વાસનાની નિવૃત્તિ પણ પુરૂષાર્થથી (પુરૂષના પ્રયત્નથી) થાય છે. તેમાં—)

શુભવાસનાની નિવૃત્તિ કુસંગ વગેરેથી થાય છે અને **અશુભ વાસનાની** નિવૃત્તિ સત્સંગ અને વિવેક જ્ઞાન વગેરેથી થાય છે.)

(જેથી કરીને જ્ઞાની સત્સંગ અને વિવેક જ્ઞાન વગેરે ગુણો વડે સંપન્ન હોય છે, તેથી તેના ચિત્તમાં અશુભ પ્રવૃત્તિની હેતુભૂત કોઇ અશુભ વાસના હોય નહિ, પણ શુભ પ્રવૃત્તિની હેતુભૂત શુભ વાસનાજ હોય છે. તેથી મંદ અને તીવ્ર પ્રારબ્ધના નિષિદ્ધ ફળમાં (મતલબ કે ન કરવા જેવા કામમાં) તેની પ્રવૃત્તિ થતી નથી. જો કે તેનામાં શાસ્ત્રમાં કહેલા વિધિનિષેધવડે ઉત્પન્ન થયેલી ગુણદોષ બુદ્ધિ હોતી નથી, એમ છતાં પણ શુભ વાસનારૂપ સ્વભાવને લીધે બ્રાહ્મણના છોકરાની પેઠે સ્વભાવથીજ તેની નિષિદ્ધ કર્મમાં પ્રવૃત્તિ થતી નથી.)

(રોગી માણસ અપથ્ય સેવનમાં નુકસાન છે એમ જાણતાં છતાં પણ તેવું અપથ્ય સેવન કરે છે; પણ જે જિવ્હાલોલુપ રોગી હોય છે તેજ તેવું કરે છે, પણ પ્રયત્નશીલ રોગી તેવું કરતો નથી. કોઇ વખત કોઇ પ્રયત્નશીલ રોગીની પણ અપથ્ય સેવનમાં પ્રવૃત્તિ થઇ જાય છે એમ જોવામાં આવે ત્યારે તે મંદ તીવ્ર પ્રારબ્ધનું ફળ છે એમ ન જાણવું, પણ **તીવ્રતર પ્રારબ્ધનું** તે ફળ છે એમ જાણવું.)

(આ રીતે વિષયોમાં દોષનો તથા મિથ્યાપણાનો જેણે નિશ્ચય કર્યો હોય એવા દૃઢ વિવેકવાળા જ્ઞાનીની મંદ કે તીવ્ર પ્રારબ્ધના ફળરૂપ યથેષ્ટા ચરણમાં (નિષિદ્ધ કાર્યમાં) પ્રવૃત્તિ સંભવે નહિ.)

(૪) પ્રારબ્ધ અને પુરૂષાર્થના વાદનો નિરાસઃ—

(કોઇ પ્રારબ્ધવાદી કહે કે—પ્રારબ્ધનું ફળ સર્વથા અનિવાર્ય છે, માટે પુરૂષપ્રયત્ન વ્યર્થ છે. તો એમ કહેવું સંભવતું નથી, કેમકે જો એમ હોય તો સર્વજ્ઞ મુનિઓએ રચેલું વૈદ્યશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર અને યોગશાસ્ત્ર આદિક શાસ્ત્રો વ્યર્થ કહેવાં પડે! પણ સૌ કોઇને અનુભવમાં આવતાં દૃષ્ટફળનાહેતુ એવા ઉપાયોનું જ્ઞાન આપનારાં તે શાસ્ત્રોને વ્યર્થ કહેવાં સંભવતાં નથી. માટે—

(મંદ અને તીવ્ર પ્રારબ્ધનાં ફળનું પ્રયત્નથી નિવારણ કરી શકાય છે; તથા તીવ્રતર પ્રારબ્ધનાં ફળનું નિવારણ કરી શકાતું નથી; એમ સમજવાથી પ્રારબ્ધ અને પુરૂષાર્થનો વાદ રહેશે નહિ.)

એ રીતે(તીવ્રતર પ્રારબ્ધવાળા) જ્ઞાનીની સઘળા વ્યવહારમાં દોષદૃષ્ટિ છતાં પણ પ્રવૃત્તિ થાય છે. માટે જ્ઞાનીના વ્યવહારનો નિયમ નથી.

(સ્વાધીન કાર્યમાં નિયમ સંભવે છે, પણ પરાધીન કાર્યમાં નિયમ સંભવતો નથી. જ્ઞાનીના શરીરનો વ્યવહાર નાના પ્રકારનાં પ્રારબ્ધને અધીન છે; માટે હાથમાંથી છૂટેલા તીરના વેગને અધીન જેમ પક્ષીનો વધ છે, તેમ પ્રારબ્ધને અધીન જ્ઞાનીના દેહના વ્યવહારનો નિયમ સંભવે નહિ.)

(જો કે સ્વાધીન ચિત્તવાળા કેટલાક જ્ઞાની રાગાદિ વાસનાઓને રોકીને મંદ અને તીવ્ર પ્રારબ્ધના ફળરૂપ શરીરના વ્યવહારને નિયમમાં રાખે છે, તથાપિ તીવ્રતર પ્રારબ્ધના ફળરૂપ શરીરના વ્યવહારને જ્ઞાનીથી પણ નિયમમાં રાખી શકાતો નથી.)

આ પક્ષનું પ્રતિપાદન વિદ્યારણ્ય સ્વામીએ તૃપ્તિદીપમાં વિસ્તારથી કર્યું છે. (તથા ત્યાં ઇચ્છા, અનિચ્છા, અને પરેચ્છા પ્રારબ્ધ, એવા પ્રારબ્ધના ત્રણ પ્રકાર કહીને જ્ઞાનીને પ્રીતિ વગર પણ કેવી રીતે પ્રારબ્ધના ફળનો ભોગ થાય છે તે સમજાવ્યુંછે) આ બધા ઉપરથી એમ સમજાય છે કે તત્વ દૃષ્ટિ જ્ઞાનીનો વ્યવહાર નિયમ રહિત છે. અને તેથીજ પાછળ કહેલા સમાધિરૂપ નિયમનો વિધિ સાંભળીને તત્વદૃષ્ટિ નામે શિષ્યને હસવું આવ્યું હતું.

૨૩. જ્ઞાનીના મરણનો પ્રકાર–તેને દેશકાલાદિકની અપેક્ષા નથી.

તત્વદૃષ્ટિનો દેહપાત.

भ्रमन करत कछु कालयूं, तत्त्वदृष्टि सुज्ञान;
भोगो निज प्रारब्ध तब, लीन भये तिहि प्राण. १७

તત્વદૃષ્ટિ નામે શિષ્યને જ્ઞાન થયા પછી કેટલાંક વર્ષ સુધી તેણે અહીં તહીં ભ્રમણ કર્યું; અને પોતાનું પ્રારબ્ધ તે ભોગવી રહ્યો ત્યારે તેના પ્રાણ લય પામી ગયા.

(૧) પ્રારબ્ધ ભોગ ભોગવી રહ્યા પછી જ્ઞાનીના પ્રાણ બીજી કોઇ જગોએ જતા નથી, માટે તત્વદૃષ્ટિના પ્રાણ લય પામી ગયા એમ કહ્યું છે.

(૨) જ્ઞાનીનું મૃત્યુ થવામાં અમુક કાળ જોઇએ એમ કાંઇ જરૂર નથી; ઉત્તરાયણ હો કે દક્ષિણાયન હો, ગમે તે વખતે જ્ઞાનીનું મરણ થાય તથાપિ તે સર્વથા મુક્તજ છે.

(૩) તેજ પ્રમાણે જ્ઞાનીનું મરણ કોઈ અમુક સ્થળે જોઇએ એમ પણ નિયમ નથી; કાશી વગેરે પવિત્ર સ્થળમાં અથવા અત્યંત મલિન સ્થળમાં જ્ઞાનીનું મરણ થાય તથાપિ તે મુક્તજ છે.

(૪) વળી જ્ઞાનીને મરણ વખતે આસનનો પણ નિયમ નથી; ગમે તો તે શબ આસનની સ્થિતિમાં મરે, અથવા સિદ્ધાસન કરીને મરે, પણ તે સદા મુક્ત છે.

(૫) તેમજ જ્ઞાની સાવધાનપણે બ્રહ્મચિંતન કરતાં કરતાં મરે અથવા રોગથી વ્યાકુળ થઈને હાય હાય એવી બૂમો પાડતો પાડતો મરે તથાપિ તે સર્વથા મુક્ત છે. કેમકે જે વખતે તે જ્ઞાનવડે અજ્ઞાનથી મુક્ત થયો, તેજ કાળમાં તે જ્ઞાની થવાથી મુક્ત થયેલો છે.

માટે જ્ઞાનીના મરણમાં દેશકાલ આસન વગેરેની અપેક્ષા નથી. તેજ રીતે જ્ઞાન પ્રાપ્તિ થવા માટે શ્રવણ કરવામાં પણ દેશકાળ આસન વગેરેની અપેક્ષા નથી.

૨૪. ઉપાસકના મરણનો પ્રકાર–તેને દેશકાલાદિકની અપેક્ષા છે.

જો કે ભીષ્મ વગેરે જ્ઞાની કહેવાય છે અને ભીષ્મે ઉત્તરાયણ થતાં સુધી પ્રાણ ત્યાગ કર્યા નહિ; તથાપિ ભીષ્માદિક અધિકારી પુરૂષ છે, માટે ઉપાસક પુરૂષને ઉપદેશ મળે એ હેતુથી તેમણે ઉત્તરાયણ રૂપ ખાસ કાળની વાટ જોઈ હતી.

વસિષ્ઠ, ભીષ્મ, વગેરે અધિકારી પુરૂષો કહેવાય છે. (જે જીવો જગતના હિત માટે પ્રત્યેક સૃષ્ટિમાં અવતાર ધારણ કરે છે તે **અધિકારી** કહેવાય છે.) અને તેથીજ તેમના અનેક જન્મ થયા છે. કેમકે અધિકારી પુરૂષોનું પ્રારબ્ધ એક કલ્પ પર્યંતનું હોય છે. કલ્પનો અંત આવતા સુધી તેમનો વિદેહ મોક્ષ થતો નથી; અને કલ્પની અંદર તેમને પોતાની ઇચ્છાના બળથી જૂદાં જૂદાં શરીર પ્રાપ્ત થાય છે. એમ છતાં પણ આત્મ સ્વરૂપમાં તેમને જન્મમરણની ભ્રાંતિ થતી નથી, માટે તેઓ જીવન્મુક્ત હોય છે. તે અધિકારી પુરૂષોનો તમામ વ્યવહાર બીજાઓને ઉપદેશ મળવાને માટે હોય છે.

એ અધિકારી પુરૂષો સિવાયના બીજા જ્ઞાનીઓના વ્યવહારમાં કોઇ પ્રકારનો નિયમ હોતો નથી. એવા અભિપ્રાયથી તત્વદૃષ્ટના મરણમાં દેશકાળ આસન વગેરે કાંઈ કહ્યું નથી.

અદૃષ્ટિ નામે શિષ્યનો દેશાદિક અપેક્ષા સહિત દેહપાત.

> **दूजो शिष्य अदृष्ट तिहि, गंगातट शुभस्थान;**
> **देश इकंत पवित्र अति, कियो ब्रह्मको ध्यान. १८**
> **शास्त्ररीति तजी देहकू, पूरव कह्यो जु राह;**
> **जाय मिल्यो सो ब्रह्मतैं, पायो अधिक उछाहः १९**

હવે બીજો શિષ્ય જે અદૃષ્ટિ નામે હતો, તેણે ગંગાના કિનારા ઉપર સુંદર એકાંત અને પવિત્ર જગોમાં જઇને બ્રહ્મનું

ધ્યાન કર્યું; અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દેહનો ત્યાગ કરીને પાછળ જે અર્ચિમાર્ગ કહેવામાં આવ્યો છે, તે રસ્તે થઇને તે બ્રહ્મને પ્રાપ્ત થયો અને ઘણો આનંદ પામ્યો. ૧૮–૧૯

જેમ જ્ઞાનીને મરણ માટે દેશકાળની અપેક્ષા નથી, તેથી ઉલટું, ઉપાસકને દેશકાલની અપેક્ષા હોય છે.

કેમકે ઉત્તરાયણ આદિક ઉત્તમ કાળમાં તથા કાશી આદિક ઉત્તમ દેશમાં ઉપાસક શરીર છોડે ત્યારે તેને ઉપાસનાનું ફળ મળે છે. વળી જ્ઞાનીને મરણ વખતે સાવધાનતાથી જ્ઞેય એવા બ્રહ્મનું સ્મરણ હોવાની અપેક્ષા નથી હોતી, પણ ઉપાસકને તો ધ્યેય એવા બ્રહ્મના સ્વરૂપની મરણ સમયે સ્મૃતિ હોવાની જરૂર છે. કેમકે—

(૧) જે ધ્યેયનું પૂર્વે ધ્યાન કર્યું છે. તે ધ્યેયનું સ્મરણ મરણકાળે થાય તોજ ઉપાસનાનું ફળ મળે છે.

(૨) વળી જેમ ધ્યેયનું સ્મરણ મરણકાળે હોવું જોઇએ, તેમ તે ધ્યેય બ્રહ્મને પામવાનો જે માર્ગ પાછળ પાંચમા તરંગમાં કહ્યો છે, તેનું પણ સ્મરણ ઉપાસકને હોવું જોઇએ. કેમકે માર્ગ ચિંતન એ પણ ઉપાસનાનું અંગ છે.

જ્ઞાનને માટે શ્રવણ કરવામાં દેશ, કાળ, આસન, વગેરે અમુક તરેહનાંજ જોઇએ એવો કાંઇ નિયમ નથી. પણ ધ્યાનમાં તો ઉત્તમ દેશ (જગા), નિરંતર (વચમાં અંતરાય વગરનો) કાળ, અને સિદ્ધાસનાદિક આસનની અપેક્ષા હોય છે. માટે ગંગા તટના ઉત્તમ પ્રદેશમાં અને યોગશાસ્ત્રમાં કહેલી રીતે અદૃષ્ટિનો દેહપાત થયો એમ કહ્યું છે.

તર્ક દૃષ્ટિનો નિશ્ચય.

૨૫. સઘળાં શાસ્ત્રો બ્રહ્મજ્ઞાનનાં હેતુ છે.

तर्कदृष्टि पुनि तीसरो, लहि गुरुमुखउपदेश;
अष्टादश प्रस्थान जिन, अवगाहन करी वेस. ॥ २० ॥
जेतो बानी वैखरी, ताको अलं पिछान;
हेतु मुक्तिको ज्ञान लखि, अद्वय निश्चय मान. ॥ २१ ॥

ત્રીજો શિષ્ય તર્કદૃષ્ટિ હતો, તેણે ગુરૂના મુખનો ઉપદેશ સાંભળીને વિદ્યાનાં અઢાર પ્રસ્થાનમાં પ્રવીણતા મેળવી. અને જેટલી વૈખરી વાણી છે તે સઘળીનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું. અને છેવટે મુક્તિનો હેતુ જ્ઞાન છે એમ નિશ્ચય કરીને અદ્વૈત જ્ઞાનનો નિશ્ચય કર્યો. ૨૦–૨૧.

ટીકા—કહેવાનું તાત્પર્ય એમ છે કે—ત્રીજા શિષ્ય તર્કદૃષ્ટિએ ગુરુદ્વારા ઉપદેશનું શ્રવણ કરીને, તે સાંભળેલા અર્થમાં બીજા શાસ્ત્રોનો વિરોધ દૂર કરવા માટે બધા શાસ્ત્રોના અભિપ્રાય જાણી લેવા જોઈએ, એમ ધારીને તે બધાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, અને પછી આવો નિશ્ચય કર્યો:—

(૧) સઘળાં શાસ્ત્રોનું પરમ પ્રયોજન મોક્ષ છે.

(૨). મોક્ષનું સાધન જ્ઞાન છે.

(૩) તે જ્ઞાન અદ્વય બ્રહ્મના નિશ્ચયરૂપ છે.

(૪) ભેદનો નિશ્ચય એ યથાર્થ જ્ઞાન નથી.

(૫) તમામ શાસ્ત્રો સાક્ષાત્ અથવા પરંપરાથી બ્રહ્મજ્ઞાનનાં હેતુ છે.

શંકા—સંસ્કૃત વૈખરી વાણીનાં અઢાર પ્રસ્થાન છે. તેમાં—

(૧) કેટલાંક તો કર્મનું પ્રતિપાદન કરે છે.

(૨) કેટલાંક વિષય સુખના ઉપાયોનું પ્રતિપાદન કરે છે.

(૩) કેટલાંક બ્રહ્મથી ભિન્ન દેવોની ઉપાસનાનું પ્રતિપાદન કરે છે—બોધ કરે છે.

(૪) તેજ પ્રમાણે ન્યાય, સાંખ્ય, આદિક જે શાસ્ત્રો છે તે પણ ભેદ જ્ઞાનનેજ યથાર્થ જ્ઞાન કહે છે.

માટે બધાં શાસ્ત્રો અદ્વૈત બ્રહ્મનાં બોધક છે એમ કહેવાય નહિ.

સમાધાન—તોપણ બધા શાસ્ત્રોના કર્તા સર્વજ્ઞ મુનિઓ હતા અને તેઓ કૃપાળુ હતા. માટે તેમણે કરેલાં મૂળ સૂત્રોનો તો વેદને અનુસરતોજ અર્થ છે. પણ તે સૂત્રોનું વ્યાખ્યાન કરનારાઓએ ભ્રમમાં પડી જઇને મૂળ સૂત્રકારોના અભિપ્રાયથી વિલક્ષણ અર્થ કર્યા છે. માટે તે સૂત્રોના અર્થ વેદથી વિરૂદ્ધ નથી, પણ વેદને અનુસરતાજ અર્થ છે. એ રીતે તર્કદૃષ્ટિએ ઉત્તમ સંસ્કારને લીધે નક્કી કર્યું.

૨૬. સંસ્કૃત વૈખરી વાણીનાં અઢાર પ્રસ્થાન-તેમનાં નામ.

અઢાર પ્રસ્થાન.

વૈખરી વાણીરૂપ વિદ્યાના અઢાર ભેદ છે, તેને પ્રસ્થાન કહે છે. ચાર વેદ, ચાર ઉપવેદ, ૭ વેદાંગ, પુરાણ, ન્યાય, મીમાંસા, અને ધર્મશાસ્ત્ર એ અઢાર પ્રસ્થાનનાં નામ છે.

૨૭ ચારે વેદોનું બ્રહ્મજ્ઞાનમાં તાત્પર્ય.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અથર્વવેદ, એ ચાર વેદ છે. તેમાં—

(૧) કેટલાંક વચનો જ્ઞેય બ્રહ્મનું બોધન કરે છે.

(૨) કેટલાંક વચનો ધ્યેય બ્રહ્મનું બોધન કરે છે.

(૩) બાકીનાં વચનો કર્મનું બોધન કરે છે.

(૧) કર્મબોધક વેદનું પણ નિવૃત્તિમાં તાત્પર્ય છે—જે કર્મનાં બોધક વેદવચન છે, તેનું પણ અંતઃકરણ શુદ્ધિદ્વારા જ્ઞાનજ પ્રયોજન છે; પ્રવૃત્તિમાં કોઇ પણ વેદ વચનનો અભિપ્રાય નથી, પણ મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિઓમાં જે નિષિદ્ધ પ્રવૃત્તિઓ છે તેને રોકવામાં તે વચનોનો અભિપ્રાય છે. માટે અભિચારાદિ કર્મનું પ્રતિપાદન કરનાર જે અથર્વ વેદ છે. તેનું પણ નિવૃત્તિમાં તાત્પર્ય છે. જેઓ દ્વેષથી શત્રુનો નાશ કરવાને પ્રવૃત્ત થાય છે, તેઓ પોતાના શત્રુઓને ઝેર આપીને અથવા અગ્નિ મૂકીને મારે નહિ, એટલા માટે શ્યેન યાગાદિક અભિચાર કર્મ કહેવામાં આવ્યાં છે. શત્રુઓને મારવા માટે જે કર્મ, તે અભિચાર કહેવાય છે. શ્યેન નામનો એક યજ્ઞ છે તે અભિચાર કર્મ કહેવાય છે.

શ્યેન યાગનાં બોધક જે વેદવચનો છે તેનો એવો અર્થ નથી કે, શત્રુને મારવાની ઇચ્છાવાળાએ શ્યેન યાગ કરવા પ્રવૃત્ત થવું; પણ તેનો એવો અર્થ છે કે, શત્રુને મારવાની જેની ઇચ્છા હોય તેણે શ્યેન યાગથી ભિન્ન એવા જે ઝેર દેવું વગેરે શત્રુને મારવાના ઉપાયો છે, તેમાં પ્રવૃત્ત થવું નહિ આ રીતે દ્વેષથી સુઝી આવેલી જે ઝેર દેવા વગેરેની પ્રવૃત્તિ, તેમાંથી નિવૃત્ત કરવાનો શ્યેન યાગ બોધક વચનોનો અભિપ્રાય છે, પ્રવૃત્ત કરવાનો અભિપ્રાવ નથી. કેમકે એવી પ્રવૃત્તિ તો દ્વેષથી પ્રાપ્ત થયેલી છે. અને જે અન્યથી પ્રાપ્ત થયેલું હોય તેમાં વિધિવાક્યનો અભિપ્રાય હોય નહિ.

(૨) વિધિવાક્યોનું નિવૃત્તિમાં તાત્પર્ય છે તેનાં ઉદાહરણો: જેમ,—

क. પરણેલી સ્ત્રીનો સંગ કરવો;
ख. ઋતુમતી ભાર્યાનો સંગ કરવો;
ग. હોમ કરતાં વધેલું (માંસ) ખાવું;
घ. સૂત્રામણિ યાગમાં સુરાપાન કરવું;
ઇત્યાદિ વેદનાં વિધિવચનો છે. તેમાંથી પહેલા વાક્યનો અભિપ્રાય—)

क. સ્વાભાવિક કામવાસનારૂપ રાગ (પ્રીતિ)થી પ્રાપ્ત થયેલો હરકોઈ સ્ત્રીનો સંગ કરવાને પ્રવૃત્ત થવું, એમ કહેવાનો નથી; પણ પરણેલી સ્ત્રીનોજ સંગ કરવો, અને બીજી (પરણ્યા વગરની) સ્ત્રીનો સંગ નહિ કરવો, એમ નિવૃત્તિ કરાવવાનો અભિપ્રાય છે. તેમજ બીજા વાક્યનો—)

ख. પરણેલી સ્ત્રીનો પણ ઋતુકાળમાંજ સંગ કરવો પણ સર્વદા સંગ ન કરવો, એમ નિવૃત્તિમાંજ અભિપ્રાય છે.)

ग (ત્રીજા વાક્યનો અભિપ્રાય જેઓ સર્વદા માંસ ખાતા હોય તેમની તે પ્રવૃત્તિને રોકીને માત્ર યજ્ઞ કર્યા પછી હોમતાં શેષ રહેલું માંસજ ખાવું,

એમ કહીને માંસ ખાવાની પ્રવૃત્તિનું નિવારણ કરવાનો અભિપ્રાય છે. અને એજ પ્રમાણે—)

ઘ. ચોથા વાક્યમાં સ્વાભાવિક રાગથી પ્રાપ્ત જે મદ્યપાન, તેને રોકીને માત્ર સૂત્રામાણુ યાગમાંજ મદ્ય પીવું, એમ કહીને તેમાંથી નિવૃત્તિ કરવાનો અભિપ્રાય છે.)

(૩) **પરિસંખ્યા વિધિનું સ્વરૂપ**—(આવી રીતે વેદનાં વિધિ વચનોનો, અન્ય (સ્વાભાવિક રાગ) થી પ્રાપ્ત જે સર્વ સ્ત્રીઓનો સંગ, અથવા પરણેલી સ્ત્રીનો સર્વદા સંગ, અથવા મદ્યમાંસનું સેવન, એ સઘળાંમાં પ્રવૃત્તિ કરાવવાનો અભિપ્રાય નથી, પણ તે સઘળાંમાં જે સ્વાભાવિક પ્રવૃત્તિ છે, તેનો સંકોચ કરીને નિવૃત્તિમાં અભિપ્રાય છે. એવાં વેદ વાક્યોને **પરિસંખ્યા વિધિ** કહે છે. માટે ઉપરનાં વેદવાક્યો પણ પરિસંખ્યા વિધિ રૂપ છે; નિયમવિધિ રૂપ અથવા અપૂર્વ વિધિ રૂપ નથી.)

(એજ રીતે શ્યેનયાગનું બોધક વેદવચન પણ, અન્યથી (દ્વેષથી) પ્રાપ્ત જે શત્રુનું મારણ, તેમાં પ્રવૃત્તિ કરાવવાના અભિપ્રાયવાળું નથી, પણ દ્વેષથી ઉપજેલી તે સ્વાભાવિક પ્રવૃત્તિને રોકીને શત્રુને ઝેર વગેરે આપવાથી નિવૃત્તિ કરવાના અભિપ્રાયવાળું છે. માટે શ્યેન યાગ બોધક વચન પણ **પરિ સંખ્યા વિધિ** છે.)

(અન્યથી પ્રાપ્ત થયેલા અર્થનો સંકોચ કરવા માટે કહેલું વેદવચન **પરિસંખ્યારૂપ** કહેવાય છે.)

આ રીતે આખા અથર્વ વેદનું નિવૃત્તિમાં તાત્પર્ય છે. અને ત્રણે વેદોમાં કર્મબોધક વાક્યોનો અંતઃકરણની શુદ્ધિદ્વારા જ્ઞાનમાં ઉપયોગ સ્પષ્ટ છે.

૨૮. ચારે ઉપવેદનું બ્રહ્મજ્ઞાનમાં તાત્પર્ય.

ઉપવેદ ચાર છેઃ આયુર્વેદ ધનુર્વેદ, ગાંધર્વવેદ, અને અર્થવેદ તેમાં—

(૧) **આયુર્વેદના** કર્ત્તા બ્રહ્મા, પ્રજાપતિ, અશ્વનીકુમાર ધન્વન્તરિ, આદિક છે. ચરક, વાગ્ભટાદિક ચિકિત્સાશાસ્ત્ર પણ આયુર્વેદ છે અને વાત્સ્યાયનકૃત કામશાસ્ત્રનો પણ આયુર્વેદમાંજ સમાવેશ થાય છે. કેમકે કામશાસ્ત્રનો વિષય જે વાજીકરણ, સ્તંભન, આદિક પણ ચરક વગેરેએ પોતાના વૈદ્યક ગ્રંથોમાં કહેલાં છે. તે આયુર્વેદનો વૈરાગ્યમાંજ અભિપ્રાય છે. કેમકે આયુર્વેદની રીતે રોગાદિકોની નિવૃત્તિ થયા પછી પણ ફરી રોગાદિક ઉત્પન્ન થાય છે. માટે લૌકિક ઉપાયો તુચ્છ છે. એ અર્થમાં **આયુર્વેદનો અભિપ્રાય છે.** વળી ઔષધનું દાન કરવા વગેરેથી પુણ્ય થઈને અંતઃકરણની શુદ્ધિ થાય, તે દ્વારા પણ એ વેદનો જ્ઞાનમાં ઉપયોગ છે.

(૨) વિશ્વામિત્રકૃત ધનુર્વેદમાં આયુધનું નિરૂપણ કર્યું છે. આયુધ ચાર પ્રકારનાં છે; મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત, અને યંત્રમુક્ત.

क. હાથથી ફેંકવાનાં ચક્ર વગેરે **મુક્ત** કહેવાય છે,

ख. તરવાર વગેરે **અમુક્ત** કહેવાય છે.

ग. બરછી વગેરે મુક્તામુક્ત કહેવાય છે.

घ. તીર, ગોળી, વગેરે યંત્રમુક્ત કહેવાય છે,

આ રીતે ચાર પ્રકારનાં આયુધ છે. તેમાં મુક્ત આયુધને **અસ્ત્ર** કહે છે; અમુક્તને **શસ્ત્ર** કહે છે.

એ ચારે પ્રકારનાં આયુધોના બ્રહ્મા, વિષ્ણુ, પ્રજાપતિ, પશુપતિ, અગ્નિ, વરૂણ, આદિક દેવતા કહેવામાં આવે છે તથા તેમના મંત્ર પણ હોય છે. ક્ષત્રિય પુત્રો તે આયુધોના અધિકારી હોય છે તથા તેમને અનુસરનારા બ્રાહ્મણો પણ અધિકારી હોય છે. તે અધિકારીઓના ચાર પ્રકાર છે, (૧) પદાતિ, (૨) રથારૂઢ, (૩) અશ્વારૂઢ, (૪) ગજારૂઢ. વળી યુદ્ધમાં જતી વખતે શકુન કેવા જોઈએ, મંગળ કેવું કરવું. એ વાતો પણ ધનુર્વેદના ગ્રંથોમાં લખેલી હોય છે.

क. ઉપર કહી તે બધી વાતો ધનુર્વેદના પ્રથમ પાદમાં કહેલી છે.

ख. આચાર્યનું લક્ષણ તથા આચાર્ય પાસેથી શસ્ત્રો ગ્રહણ કરવાની રીત, એ સઘળું ધનુર્વેદના દ્વિતીય પાદમાં કહેલું છે.

ग. ગુરૂ સંપ્રદાયથી પ્રાપ્ત થયેલાં શસ્ત્રોનો અભ્યાસ, તથા મંત્રસિદ્ધિ અને દેવતા સિદ્ધિનો પ્રકાર, તૃતીય પાદમાં કહેલો છે.

घ. સિદ્ધ થયેલા મંત્રોનો પ્રયોગ ચતુર્થ પાદમાં કહ્યો છે.

એટલો અર્થ ધનુર્વેદમાં કહેલો છે. તે બ્રહ્મા તથા પ્રજાપતિઆદિક પાસેથી વિશ્વામિત્રને પ્રાપ્ત થયો હતો અને તેણે તે પ્રકટ કર્યો છે. વિશ્વામિત્રથી ધનુર્વેદ ઉત્પન્ન થયો નથી.

દુષ્ટ ચોર વગેરેથી પ્રજાનું રક્ષણ કરનારૂપ ક્ષત્રિયના ધર્મનો બોધ કરનારો ધનુર્વેદ છે. માટે તેનો પણ અંતઃકરણની શુદ્ધિ વડે જ્ઞાનપ્રાપ્તિ દ્વારા મોક્ષમાંજ અભિપ્રાય છે.

(૩) **ગાંધર્વવેદ** ભરતમુનિએ પ્રકટ કર્યો છે. તેમ સ્વર, તાલ, મૂર્છના સંહિત ગીત, નૃત્ય, વાદ્ય, વગેરેનું નિરૂપણ વિસ્તારથી કરેલું છે. દેવતાનું આરાધન અને નિર્વિકલ્પ સમાધિની સિદ્ધિ એ ગાંધર્વ વેદનું પ્રયોજન કહ્યું છે. માટે તેનું પણ અંતઃકરણની એકાગ્રતા કરીને જ્ઞાનદ્વારા મોક્ષમાં પ્રયોજન છે.

(૪) **અર્થવેદ** પણ નાના પ્રકારનો છે. નીતિશાસ્ત્ર, અશ્વશાસ્ત્ર,

શિલ્પશાસ્ત્ર, સૂપશાસ્ત્ર, આદિક ધનપ્રાપ્તિના ઉપાયનું બોધક શાસ્ત્ર અર્થવેદ (કે સ્થાપત્યવેદ) કહેવાય છે. ધનપ્રાપ્તિના સઘળા ઉપાયોમાં નિપુણ પુરૂષને પણ ભાગ્ય વિના ધનની પ્રાપ્તિ થતી નથી, માટે અર્થવેદનું પણ વૈરાગ્યમાં તાત્પર્ય છે.

૨૯ વેદનાં છ અંગનું પ્રયોજન.

ચાર વેદનાં ૬ અંગ છે. ૧ શિક્ષા, ૨ કલ્પ, ૩ વ્યાકરણ, ૪ નિરૂક્ત, ૫ જ્યોતિષ, ૬ પિંગળ; એ ૭ વેદને ઉપયોગી હોવાથી વેદનાં અંગ કહેવાય છે. તેમાં—

(૧) **શિક્ષા**—શિક્ષાના કર્ત્તા પાણિનિ મુનિ છે. વેદના શબ્દોમાં અક્ષરોના સ્થાનનું જ્ઞાન, અને ઉદાત્ત, અનુદાત્ત તથા સ્વરિતનું જ્ઞાન શિક્ષાથી થાય છે. વેદના વ્યાખ્યાનરૂપ જે અનેક પ્રતિશાખા નામે ગ્રંથ છે, તેનો પણ શિક્ષામાં સમાવેશ થાય છે.

(૨) **કલ્પ**—વેદમાં કહેલાં કર્મો કરવાની રીત કલ્પસૂત્રોથી જાણવામાં આવે છે. યજ્ઞ કરાવનારા બ્રાહ્મણોને ઋત્વિક્ કહે છે. તેમને કરવાનાં જે જૂદાં જૂદાં કર્મ તેના પ્રકાર કલ્પસૂત્રમાંથી જાણવામાં આવે છે. તે કલ્પસૂત્રોના કર્ત્તા કાત્યાયન, આશ્વલાયન, વગેરે મુનિઓ છે. માટે કલ્પસૂત્ર પણ વેદને ઉપયોગી હોવાથી વેદનું અંગ કહેવાય છે.

(૩) **વ્યાકરણ**—વ્યાકરણથી વેદના શબ્દોની શુદ્ધતાનું જ્ઞાન થાય છે. તે વ્યાકરણના સૂત્રરૂપે આઠ અધ્યાય પાણિનિ મુનિએ રચેલા છે. કાત્યાયન અને પતંજલિ મુનિઓએ તે સૂત્રોના વ્યાખ્યાનરૂપ વાર્તિક અને ભાષ્ય રચેલાં છે. બીજાં પણ કેટલાંક વ્યાકરણો પંડિતોએ રચેલાં છે, તેમાં વેદના શબ્દોનો વિચાર નથી, માટે તે પુરાણાદિકને તો ઉપયોગી છે, પરંતુ વેદને ઉપયોગી નથી. અને પાણિનિકૃત વ્યાકરણ વેદના શબ્દોને સિદ્ધ કરે છે માટે તે વેદનું અંગ છે.

(૪) **નિરૂક્ત**—યાસ્ક નામે મુનિએ તેર અધ્યાયરૂપ નિરૂક્ત નામે ગ્રંથ કર્યો છે. તેમાં વેદના મંત્રોમાં જે અપ્રસિદ્ધ શબ્દો આવ્યા છે તેનો અર્થ સમજાવવાના હેતુથી તે શબ્દોનું નિરૂપણ કરેલું છે. એ રીતે વેદના અપ્રસિદ્ધ શબ્દોના અર્થજ્ઞાનમાં ઉપયોગી હોવાથી નિરૂક્ત પણ વેદનું અંગ છે.

સંજ્ઞા (એટલે નામ) નો બોધક પાંચ અધ્યાયનો **નિઘંટુ** નામે ગ્રંથ પણ યાસ્ક મુનિએ કર્યો છે, તેનો સમાવેશ પણ નિરૂક્તમાંજ કરવામાં આવે છે. વળી અમરસિંહ, હેમચંદ્ર, આદિક પંડિતોએ સંજ્ઞાના બોધક જે કોષ કર્યાં છે તે સઘળાનો સમાવેશ પણ નિરૂક્તમાંજ થઇ શકે.

(૫) જ્યોતિષ આદિત્ય અને ગર્ગ વગેરે એ કરેલા જ્યોતિષના ગ્રંથો પણ વેદનું અંગ છે. કેમકે વૈદિક કર્મના આરંભમાં કાળનું જ્ઞાન આવશ્યક છે. તે કાળજ્ઞાન જ્યોતિષથી થાય છે. માટે તેને વેદનું અંગ કહ્યું છે.

૬. છંદઃશાસ્ત્ર—પિંગળ મુનિએ સૂત્રરૂપ આઠ અધ્યાયથી છંદોનું નિરૂપણ કર્યું છે. તેનાથી ગાયત્રી વગેરે વૈદિક છંદોનું જ્ઞાન થાય છે માટે પિંગળકૃત સૂત્ર પણ વેદનું અંગ છે.

આ ૭ જે વેદનાં અંગ છે, તેમાં જે અર્દ્ધો વેદને ઉપયોગી નથી તેનું પણ પ્રસંગોપાત્ત નિરૂપણ કરવામાં આવ્યું છે. પણ પ્રધાનપણે નિરૂપણ કર્યું નથી. માટે વેદનું જે પ્રયોજન છે. તેજ વેદાંગોનું પણ પ્રયોજન છે; વેદથી ભિન્ન તેમનું પ્રયોજન નથી.

૩૦ અઢાર પુરાણ તથા ઉપપુરાણ.

પુરાણો અઢાર છે અને તે વ્યાસ નામે મુનિએ કરેલાં છે. તેમનાં નામઃ—૧ બ્રાહ્મ, ૨ પાદ્મ, ૩ વૈષ્ણવ, ૪ શૈવ, ૫ ભાગવત, ૬ નારદીય, ૭ માર્કંડેય. ૮ આગ્નેય, ૯ ભવિષ્ય, ૧૦ બ્રહ્મવૈવર્ત, ૧૧ લૈંગ, ૧૨ વારાહ, ૧૩ સ્કંદ, ૧૪ વામન, ૧૫ કૌર્મ, ૧૬ માત્સ્ય, ૧૭ ગારૂડ, ૧૮ બ્રહ્માંડ. એ અઢાર પુરાણ વ્યાસે કરેલાં છે.

કાલી પુરાણ વગેરે બીજાં પણ ઘણાં પુરાણો છે. તે ઉપપુરાણ કહેવાય છે. કોઇ ઉપપુરાણ પણ અઢાર છે એમ કહે છે,, પણ એવો નિયમ નથી; ઉપપુરાણો ઘણાં છે.

ભાગવત બે છે એક વૈષ્ણવ ભાગવત છે અને બીજું ભગવતી ભાગવત છે. બન્નેના શ્લોકની સંખ્યા સમાન એટલે અઢાર હજાર છે, અને બંન્નેના બાર સ્કંધ છે. પરંતુ તેમાંથી એક પુરાણ છે અને બીજું ઉપપુરાણ છે. બન્ને વ્યાસનાં કરેલાં છે માટે બન્ને પ્રમાણ છે.

જેમ વ્યાસે પુરાણો કર્યાં છે તેમ ઉપપુરાણો પણ કોઇક વ્યાસે કરેલાં છે. કોઇક ઉપપુરાણ પરાશર આદિ બીજા સર્વજ્ઞ મુનિઓએ કર્યાં છે માટે ઉપપુરાણ પણ પ્રમાણ છે.

જે અર્થ ઉપનિષદોનો છે તેજ અર્થ ઉપપુરાણ સહિત પુરાણોનો પણ છે. આ વાત આગળ (અંક ૫૫ થી ૬૪ સુધીમાં પ્રતિપાદન કરવામાં આવશે.

૩૧ ન્યાય અને વૈશેષિક સૂત્રોનું ફળ.

ગૌતમ મુનિએ પાંચ અધ્યાયરૂપ ન્યાયસૂત્રનો ગ્રંથ રચ્યો છે. તેમાં યુક્તિ પ્રધાન છે. યુક્તિઓનો વિચાર કરવાથી મનુષ્યની બુદ્ધિ તીવ્ર થાય છે

ત્યારે તે મનન કરવામાં સમર્થ થાય છે માટે યુક્તિપ્રધાન ન્યાયસૂત્રોનું પણ મનનદ્વારા વેદાંતજન્ય જ્ઞાન એજ ફળ છે.

કણાદ મુનિએ દશ અધ્યાયરૂપ વૈશેષિક સૂત્રો કર્યાં છે તેનો પણ ન્યાયમાં જ સમાવેશ થાય છે.

૩૨ મીમાંસા અને સંકર્ષણ કાંડનું ફળ.

મીમાંસા શાસ્ત્રના બે ભેદ છે; એક ધર્મ મીમાંસા, અને બીજી બ્રહ્મ મીમાંસા

(૧) ધર્મમીમાંસાને પૂર્વ મીમાંસા કહે છે. (એમાં ધર્મ વિષે વિચાર કર્યો છે.)

(૨) બ્રહ્મમીમાંસાને ઉત્તર મીમાંસા કહે છે. (એમાં બ્રહ્મ સંબંધી વિચાર કરવામાં આવ્યો છે.)

(૧) ધર્મમીમાંસાના બાર અધ્યાય છે જૈમિનિ નામે તેના કર્તા છે. કર્મ કરવાની રીતિ તેમાં પ્રતિપાદન કરી છે. માટે વિધિપૂર્વક કર્મમાં પ્રવૃત્તિ એ ધર્મમીમાંસાનું ફળ છે. કર્મમાં પ્રવૃત્તિ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અંતઃકરણની શુદ્ધિથી જ્ઞાન થાય છે, અને જ્ઞાનથી મોક્ષ થાય છે, એ રીતે ધર્મમીમાંસાનું મોક્ષફળ છે-

ધર્મમીમાંસાના બાર અધ્યાય અંદર અંદર અર્થનો ભેદ છે, તે સમજવો કઠણ હોવાથી અહી લખ્યો નથી.

જૈમિનિએ વળી સંકર્ષણ કાંડ નામે પાંચ અધ્યાયનો ગ્રંથ રચ્યો છે. તેમાં ઉપાસનાનું કથન કર્યું છે. એનો પણ ધર્મમીમાંસામાં અંતર્ભાવ છે.

(૨) બ્રહ્મમીમાંસાના ચાર અધ્યાય છે. તેના કર્તા વ્યાસ છે. એક એક અધ્યાયના ચાર ચાર પાદ છે.

क. બધાંજ ઉપનિષદ્ વાક્યો બ્રહ્મનુંજ પ્રતિપાદન કરે છે—બીજા કશાનું પ્રતિપાદન કરતાં નથી એ વાત પહેલા અધ્યાયમાં છે.

ख ઉપનિષદ્નાં વચનોનો મંદ બુદ્ધિવાળાં મનુષ્યોને અંદર અંદર વિરોધ હોય એવું દેખાય છે. એ વિરોધનો પરિહાર બીજા અધ્યાયમાં કરેલો છે.

ग ત્રીજા અધ્યાયમાં જ્ઞાન તથા ઉપાસનાનાં સાધનોનો વિચાર કરેલો છે.

घ. ચોથા અધ્યાયમાં જ્ઞાન તથા ઉપાસનાના ફળનું પ્રતિપાદન કર્યું છે.

આ બ્રહ્મમીમાંસાને શારીરિક શાસ્ત્ર પણ કહે છે. કેમ કે એમાં શારીર (એટલે જીવ) નો વિચાર કરેલો છે એ શાસ્ત્રજ બધાં શાસ્ત્રોમાં મુખ્ય છે. અને મુમુક્ષુ પુરૂષોએ એજ ગ્રહણ કરવા જેવું છે તેના ઉપર વ્યાખ્યાનના ગ્રંથો અનેક છે તથાપિ શ્રી શંકરકૃત ભાષ્ય રૂપ વ્યાખ્યાનજ મુમુક્ષુઓએ શ્રવણ કરવા જેવું છે. તેનું જ્ઞાન થવાથી મોક્ષફળ સ્પષ્ટજ છે.

૩૩ સ્મૃતિ આદિક ગ્રંથોના કર્ત્તાઓ અને પ્રયોજન.

મનુ, યાજ્ઞવલ્કય, વિષ્ણુ, યમ, અંગિરા, વસિષ્ઠ, દક્ષ, સંવર્ત, શાતાતપ, પરાશર, ગૌતમ, શંખ, લિખિત, હારીત, આપસ્તંભ, શુક્ર, બૃહસ્પતિ, વ્યાસ, કાત્યાયન, દેવલ, નારદ, ઇત્યાદિક સર્વજ્ઞ મુનિઓએ વેદને અનુસાર સ્મૃતિ નામે ગ્રંથો લખ્યા છે, તેને ધર્મશાસ્ત્ર કહે છે. તેમાં વર્ણ અને આશ્રમના કાયિક, વાચિક અને માનસિક ધર્મ કહ્યા છે. તેનું પણ અંતઃકરણ શુદ્ધિદ્વારા જ્ઞાન થઇને મોક્ષ એજ પ્રયોજન છે.

તેમજ વ્યાસમુનિએ મહાભારત અને વાલ્મીકિએ રામાયણ રચ્યું છે; તેનો પણ ધર્મશાસ્ત્રમાંજ સમાવેશ થાય છે.

દેવતાઓનું આરાધન કરવાને જે મંત્રશાસ્ત્ર છે, તેનો પણ ધર્મશાસ્ત્રમાં અંતર્ભાવ થાય છે. દેવતાઓના આરાધનનું પ્રયોજન પણ અંતઃકરણની શુદ્ધિ છે.

તેજ પ્રમાણે સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વૈષ્ણવતંત્ર, શૈવતંત્ર, વગેરેનો પણ ધર્મશાસ્ત્રમાં સમાવેશ થાય છે, કેમકે એમાં પણ માનસ ધર્મનું (ઉપાસનાનું) નિરૂપણ છે.

૩૪ સાંખ્ય શાસ્ત્રનું ફળ.

૭ અધ્યાયરૂપ સાંખ્યશાસ્ત્ર કપિલ મુનિએ કરેલું છે. તેના—

[૧] પ્રથમ અધ્યાયમાં ગ્રંથના વિષયનું નિરૂપણ કર્યું છે.

[૨] બીજા અધ્યાયમાં પ્રધાનનાં કાર્ય મહત્તત્વ, અહંકાર આદિનું નિરૂપણ કર્યું છે,

(૩) ત્રીજા અધ્યાયમાં વિષયોથી વૈરાગ્ય કહ્યો છે.

[૪] ચોથા અધ્યાયમાં વિરક્ત પુરૂષોની આખ્યાયિકાઓ કહી છે.

[૫] પાંચમા અધ્યાયમાં પરપક્ષનું ખંડન કર્યું છે.

[૬] છઠ્ઠા અધ્યાયમાં બધા અર્થનો સંક્ષેપમાં સંગ્રહ કર્યો છે.

પ્રકૃતિ પુરૂષના વિવેકથી પુરૂષનું અસંગ જ્ઞાન એ સાંખ્ય શાસ્ત્રનું પ્રયોજન છે. તેનું પણ त्वं પદના લક્ષ્યાર્થના શોધનદ્વારા મહા વાક્ય જન્ય જ્ઞાનમાં ઉપયોગ હોવાથી મોક્ષ એજ ફળ છે.

૩૫ યોગશાસ્ત્રનું ફળ અને શારીરક ઉક્તિ સાથે અવિરોધ.

યોગશાસ્ત્રના ચાર પાદ છે. તેના કર્ત્તા પતંજલિ છે. એ પતંજલિ શેષનો અવતાર છે. એક ઋષિ સંધ્યોપાસન કરતા હતા. તેની અંજલિમાં પ્રકટ થઇને તે પૃથ્વી પર પડયા છે માટે પતંજલિ નામ પડયું છે. તેમણે—

[૧] શરીરનો રોગરૂપી મળ દૂર કરવાને ચિકિત્સાગ્રંથ કર્યો છે.

[૨] અશુદ્ધ શબ્દના ઉચ્ચારણ રૂપી જે વાણીનો મળ છે, તેનો નાશ કરવાને તેમણે પાણિનિના વ્યાકરણ ઉપર મહાભાષ્ય રચ્યું છે.

[૭] વિક્ષેપરૂપી અંતઃકરણનો મળ છે, તેનો નાશ કરવાને તેમણે યોગસૂત્રો રચ્યાં છે.

[૧] યોગસૂત્રના પહેલા પાદમાં ચિત્તવૃત્તિના નિરોધરૂપ સમાધિ અને તેનાં સાધન અભ્યાસ વૈરાગ્યાદિક કહ્યાં છે.

[૨] બીજા પાદમાં વિક્ષિપ્ત ચિત્તની સમાધિનાં સાધન —યમ, નિયમ, આસન, પ્રણાયામ , પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, એ આઠ અંગ કહ્યાં છે.

[૩] ત્રીજા પાદમાં યોગની વિભૂતિ કહી છે.

[૪] ચોથા પાદમાં યોગનું ફળ મોક્ષ કહ્યો છે.

આ રીતે યોગશાસ્ત્ર પણ જ્ઞાનનું સાધન જે નિદિધ્યાસન, તેની પ્રાપ્તિ કરી આપનાર હોવાથી મોક્ષનો હેતુ છે.

શારીરક સૂત્રમાં જે સાંખ્ય યોગનું ખંડન કર્યું છે તે— ઉપનિષદોથી વિરૂદ્ધ એવું જે તે સૂત્રોનું વ્યાખ્યાન કરેલું છે તેનું ખંડન કર્યું છે; સૂત્રોનું ખંડન કર્યું નથી. ન્યાય વૈશેષિકનું ખંડન પણ વિરૂદ્ધ વ્યાખ્યાનનુંજ છે.

૩૬ પાંચરાત્ર અને પાશુપત તંત્ર વગેરેનું ફળ.

નારદે પંચરાત્ર નામે તંત્ર કર્યો છે. તેમાં વાસુદેવમાં અંતઃકરણનું સ્થાપન કરવાનું કહ્યું છે. તેનું પણ અંતઃકરણની સ્થિરતાથી જ્ઞાનદ્વારા મોક્ષ એજ ફળ છે. તમામ વૈષ્ણવ ગ્રંથોનો પંચરાત્રમાં સમાવેશ થઇ જાય છે. અને પંચરાત્રનો સમાવેશ ધર્મશાસ્ત્રમાં થાય છે.

એજ રીતે પાશુપત તંત્રમાં પશુપતિનું આરાધન કહ્યું છે. એ તંત્રના કર્તા પશુપતિ છે. તેનું પણ અંતઃકરણની સ્થિરતાદ્વારા મોક્ષસાધન જ્ઞાન એજ ફળ છે.

૩૭. શૈવગ્રંથાદિકનું ફળ તથા વામમાર્ગ.

બધા શૈવગ્રંથો પશુપતતંત્રમાં અંતર્ભૂત છે.

તેજ રીતે ગણેશ, સૂર્ય, અને દેવીની ઉપાસનાના ગ્રંથોનું પણ ચિત્તની સ્થિરતાદ્વારા જ્ઞાન ફળ છે. અને તે સર્વનો પણ ધર્મશાસ્ત્રમાં અંતર્ભાવ છે.

પરંતુ દેવીની ઉપાસનાના ગ્રંથોમાં બે સંપ્રદાય છેઃ એક દક્ષિણ સંપ્રદાય અને બીજો ઉત્તર સંપ્રદાય. ઉત્તર સંપ્રદાયને વામમાર્ગ કહે છે. તેમાં—

દક્ષિણ સંપ્રદાયની રીતે જે ગ્રંથમાં દેવીની ઉપાસના છે, તે તો ધર્મ શાસ્ત્રમાં અંતર્ભૂત છે.

અને વામ માર્ગ જે ગ્રંથોમાં છે તે ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ છે, માટે અપ્રમાણ છે.

જો કે વામ તંત્ર શિવજીએ કરેલો છે તથાપિ સઘળાં શાસ્ત્ર અને વેદથી વિરૂદ્ધ છે માટે તે પ્રમાણ નથી.

જેમ વિષ્ણુના બુદ્ધ અવતારે નાસ્તિક ગ્રંથ કર્યા છે તે વેદ વિરૂદ્ધ છે માટે પ્રમાણ નથી, તેમ શિવકૃત વામતંત્ર પણ અત્યંત વિરૂદ્ધ હોવાથી પ્રમાણ નથી. મદિરાદિક અત્યંત અશુદ્ધ પદાર્થોનું ગ્રહણ કરવાનું તેમાં લખ્યું છે. વળી તેમાં જે ઉત્તમ પદાર્થોનાં નામ જોવામાં આવે છે, તે લોકોને ઠગવા માટે મલિન પદાર્થોને બદલે આપવામાં આવ્યાં છે. જેમ, મદિરાનું નામ તીર્થ, માંસનું નામ શુદ્ધ, મદિરાપાત્રનું નામ પદ્મા, ડુંગળીનું નામ વ્યાસ, લસણનું નામ શુકદેવ, અને મદિરા વેચનાર કલાલનું નામ દીક્ષિત કહ્યું છે. તેમજ વેશ્યાનું સેવન કરનાર તથા ચામડિયણ આદિક ચાંડાલીનું સેવન કરનારને પ્રયાગસેવી તથા કાશી સેવી કહે છે. અને ભૈરવીચક્રમાં [મંડળમાં] સ્થિત જે ચાંડાલાદિક છે તેમને બ્રાહ્મણ કહે છે. અત્યંત વ્યભિચારિણીને યોગિની અને વ્યભિચારીને યોગી કહે છે. એવો અનેક પ્રકારનો તેમનો નિષિદ્ધ વ્યવહાર છે. વળી પૂજનને સમે અનેક દોષવાળી સ્ત્રીને ઉત્તમ શક્તિ કહે છે' જાતની ચાંડાલી, અતિવ્યભિચારિણી અને રજસ્વલા સ્ત્રીને દેવી માનીને તેનું પૂજન કરે છે. તેનું ઉચ્છિષ્ટ મદિરાપાન કરે છે. અને અધિક મદિરા પીવાથી તેને ઉલટી થાય તો તેને પૃથ્વી ઉપર પડવા દેતા નથી, પણ આચાર્ય સહિત બીજાઓ સાવધાન થઇને તેનું ભક્ષણ કરે છે. ઉલટીને ભૈરવી કહે છે. અને......જીભ લગાડીને મંત્રોનો જપ કરે છે. મદિરા, માંસ, મત્સ્ય, મુદ્રા, અને મંત્ર એ પાંચ પ્રકારનું ભોગ તથા મોક્ષ માટે સેવન કરે છે. પહેલા ત્રણ પ્રકારનો અપ્રસિદ્ધ નામથી વ્યવહાર કરે છે. એ વગેરે વામતંત્રનો બધો વ્યવહાર આ લોક અને પરલોક બન્નેમાંથી ભ્રષ્ટ કરનાર છે. કેટલાક કાનફટા યોગીઓ, અવધૂત ગોસાંઇઓ, તેમ અનેક સંન્યાસી અને બ્રાહ્મણ વગેરે પણ વામમાર્ગનું સેવન કરે છે, તોપણ એ માર્ગ લોકમાં અને વેદમાં નિંદિત હોવાથી તેને ગુપ્ત રાખે છે.

વિશેષ શું કહીએ ? ! વામતંત્રની રીતિ સાંભળીને મ્લેચ્છનાં પણ રૂંવાં ઉભાં થઇ જાય, એવો નિંદિત એ વામતંત્ર છે. સર્વંગી [સરભંગી] જે અભક્ષ્ય પદાર્થનું ભક્ષણ કરે છે તે સઘળા નિંદિત માર્ગ વામતત્રતાં કહેલા છે. તેમનો અતિ નીચ વ્યવહાર લખવા યોગ્ય નથી માટે વિશેષ પ્રકાર લખ્યો નથી. સર્વથા વામતંત્ર તજવા જેવો છે.

૩૮ નાસ્તિક મત.

નાસ્તિક મત પણ તજવા જેવો છે. નાસ્તિકના ૭ પ્રકાર છે. ૧. માધ્યમિક, ૨ યોગાચાર, ૩ સૌત્રાંતિક, ૪ વૈભાષિક, ૫ ચાર્વાક, અને ૬ દિગંબર. એ ૭ મતવાળા વેદને પ્રમાણ માનતા નથી. તેમનો પોતપોતાનો ભિન્ન ભિન્ન સિદ્ધાંત છે.

(૧) માધ્યમિક શૂન્યવાદી છે.

(૨) યોગાચારના મતમાં તમામ પદાર્થો વિજ્ઞાનથી ભિન્ન નથી; વિજ્ઞાનજ તત્વ છે; તે વિજ્ઞાન ક્ષણિક છે.

(૩) સૌત્રાંતિક મતમાં વિજ્ઞાનનો આકાર બહારના પદાર્થરૂપ વિષય વિના હોઇ શકે નહિ માટે [વિજ્ઞાન સિવાય] વિજ્ઞાનથી બહારના પદાર્થનું અનુમાન થઈ શકે છે. એ રીતે સૌત્રાંતિક મતમાં બાહારના પદાર્થો પ્રત્યક્ષ નથી, પણ અનુમાનનો વિષય છે; અને સ્થિર નથી, પણ તમામ પદાર્થો ક્ષણિક છે.

(૪) વૈભાષિક મતમાં બહારના પદાર્થો ક્ષણિક તો છે, પણ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય છે એટલો ભેદ છે.

એ ચારે મત બૌદ્ધના છે.

(૫) ચાર્વાકના મતમાં પદાર્થ ક્ષણિક નથી; પરંતુ તેના મતમાં દેહ એજ આત્મા છે.

(૬) દિગંબર મતમાં દેહ આત્મા નથી, પણ આત્મા દેહથી ભિન્ન છે; પરંતુ દેહનું પરિમાણ [માપ] જેટલું હોય તેટલુંજ આત્માનું પરિમાણ હોય છે.

એ રીતે બધા નાસ્તિકોનો પણ પોતપોતામાં મતભેદ છે. બીજી પણ એમના પોતપોતાના મતમાં વિલક્ષણતા [તફાવત] બહુ છે; પણ તે બધાજ વેદના વિરોધી છે માટે નાસ્તિક છે. એ કારણથીજ તેમના મતનું ઉપપાદન અને ખંડન ખાસ કરીને લખ્યું નથી.

૨૯ સાહિત્ય શાસ્ત્ર

વામ માર્ગના અને નાસ્તિકોના ગ્રંથો જો કે સંસ્કૃત ભાષામાં લખાયલા છે તથાપિ તે વેદ બાહ્ય છે, માટે વેદને અનુસરનારી વિદ્યાનાં પ્રસ્થાન પાછળ કહ્યાં તે પ્રમાણે અઢારજ છે.

વળી મમ્મટ આદિ વિદ્વાનોએ જે સાહિત્ય ગ્રંથો કર્યા છે, તેમનો પણ કામશાસ્ત્રમાં અંતર્ભાવ છે. તેમ સઘળાં કાવ્યોમાંથી પણ કોઇનો કામશાસ્ત્રમાં તો કોઇનો ધર્મશાસ્ત્રમાં અંતર્ભાવ સમજવો

આ રીતે વિદ્યાનાં અઢાર પ્રસ્થાન છે. તે બધાં બ્રહ્મજ્ઞાનદ્વારા મોક્ષનાં હેતુ છે; કોઇ સાક્ષાત્ જ્ઞાનનાં હેતુ છે અને કોઇ પરંપરાથી જ્ઞાનનાં હેતુ છે, એ રીતે તર્ક દૃષ્ટિએ સઘળાં શાસ્ત્રના તાત્પર્યનો નિશ્ચય કર્યો.

યદ્યપિ ઉત્તર મીમાંસા વિના સઘળાં શાસ્ત્ર જિજ્ઞાસુએ તજવા જેવાં છે એમ શારીરકમાં સૂત્રકારે તથા ભાષ્યકારે પ્રતિપાદન કર્યું છે, માટે તે

વિનાનાં બીજાં શાસ્ત્રો મોક્ષમાં ઉપયોગી છે એમ કહેવું સંભવતું નથી; તથાપિ સારગ્રાહી દૃષ્ટિથી તર્કદૃષ્ટિએ આ રીતે સારનો નિશ્ચય કર્યો છે.

જ્ઞાનીનો પ્રારબ્ધાનુસાર વ્યવહાર.

૪૦ તર્કદૃષ્ટિનો એક વિદ્વાન સાથે મેળાપ.

सुनि प्रसिद्ध विद्वान पुनि, मिल्यो आप तिहिं जाय;
निश्चय अपनो तांहि तिहि, दीनो सकल सुनाय. २२
तर्कदृष्टिके बैन सुनि, सो बोल्यो बुध संत;
जो मोसूं तैं यह कह्यो, सोइ मुख्य सिद्धंत. २३
संशय सकल नसाय यूं, लख्यो ब्रह्म अपरोक्ष;
जग जान्यो जिन सब असत, तैसे बंध रु मोक्ष. २४
शेष रह्यो प्रारब्ध यूं, इच्छा उपजी येह;
चलि तत्कालहि देखिये जननिजनकजुत गेह. २५

ગુરૂ પાસેથી સાંભળેલા અર્થમાં બુદ્ધિની સ્થિરતા થવા માટે તર્કદૃષ્ટિએ સઘળાં શાસ્ત્રોના અભિપ્રાયનો વિચાર કર્યો. તો પણ વળી તેને સંદેહ થયો કેઃ—શાસ્ત્રોનો અભિપ્રાય મેં નક્કી કર્યો છે તેજ હશે કે બીજો હશે? આવો સંદેહ થવાનું કારણ એજ કે તર્કદૃષ્ટિ કનિષ્ટ અધિકારી હતો; તેથી જ એને વારંવાર કુતર્કથી સંદેહ થઇ આવતો હતો. તે સંદેહનું નિવારણ કરવા માટે,

એક પ્રસિદ્ધ વિદ્વાનનું નામ સાંભળીને તર્કદૃષ્ટિ તેને જઈને મળ્યો, અને તેને પોતે કરેલો સઘળો નિશ્ચય સંભળાવ્યો. ૨૨

તર્કદૃષ્ટિનાં વચન સાંભળીને તે વિદ્વાન સંત પુરૂષે કહ્યું કે તેં મને જે કહી બતાવ્યો તેજ મુખ્ય સિદ્ધાંત છે. ૨૩

આ રીતે સઘળા સંશયનો નાશ કરીને અપરોક્ષ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કર્યું; અને તેણે સઘળું જગત્ તથા બંધ અને મોક્ષ સૌ અસત્ છે એમ જાણ્યું. ૨૪

૪૧ જ્ઞાનીને ઈચ્છાનો સંભવ.

હવે તર્કદૃષ્ટિનું જે પ્રારબ્ધ શેષ રહ્યું હતું, તેથી તેને એવી ઇચ્છા ઉપજી કે, હવે અહીંથી તરતજ ચાલી નીકળવું અને ઘેર જઇ માતાપિતાનાં દર્શન કરવાં. ૨૫

ટીકા—પાછળ કહેવામાં આવ્યું છે કે જ્ઞાનીનો સઘળો વ્યવહાર આરબ્ધના બળથી અજ્ઞાનીના જેવોજ થાય છે. માટે જ્ઞાનીને પણ ઇચ્છા થવી સંભવે છે. શાસ્ત્રમાં કોઇક જગોએ એમ લખ્યું છે કે જ્ઞાનીને ઇચ્છા થતી નથી. તેનો એવો અર્થ નથી કે, જ્ઞાનીનું અંતઃકરણ પદાર્થની ઇચ્છા રૂપ પરિણામને પ્રાપ્ત થતું નથી; કેમકે ઇચ્છા વગેરે તો અંતઃકરણના સ્વાભાવિક ધર્મ છે.

જો કે અંતઃકરણ ભૂતોના સત્વગુણનું કાર્ય છે, એમ કહેવામાં આવ્યું છે. તથા તે રજોગુણ અને તમોગુણ સહિત સત્વગુણનું કાર્ય છે; કેવળ સત્વગુણનું કાર્ય નથી. જો કેવળ સત્વગુણનું કાર્ય અંતઃકરણ હોય તો તે ચળ સ્વભાવવાળું ન હોવું જોઇએ; તેમજ કામ ક્રોધાદિક રજોગુણની વૃત્તિઓ, તથા મૂઢતા વગેરે તમોગુણની વૃત્તિઓ કોઈ પણ અંતઃકરણમાં ન હોવી જોઇએ. માટે અંતઃકરણ કેવળ સત્વગુણનું કાર્ય નથી; પણ જેમાં રજોગુણ તમોગુણ અપ્રધાન છે, અને સત્વગુણ પ્રધાન છે, એવાં ભૂતોનું કાર્ય અંતઃકરણ છે. માટે અંતઃકરણમાં ત્રણે ગુણો રહેલા છે. તે ત્રણ ગુણ પણ મનુષ્યોનાં જેટલાં અંતઃકરણો છે તે બધાંમાં સરખા નથી, પણ ન્યૂનાધિક છે. એવી રીતે અંતઃકરણમાં ગુણોની ન્યૂનતા અધિકતાને લીધે બધા સ્વભાવ ભિન્ન ભિન્ન જોવામાં આવે છે.

આ રીતે ત્રણે ગુણોનું કાર્ય અંતઃકરણ છે, માટે જ્યાં સુધી અંતઃકરણ હોય ત્યાં સુધી રજોગુણનો પરિણામ જે ઇચ્છા, તેનો અભાવ સંભવે નહિ. માટે "જ્ઞાનીને ઇચ્છા થાય નહિ" એમ જ્યાં કહ્યું છે, તેનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

અજ્ઞાની અને જ્ઞાની બંનેને સરખીજ રીતે ઇચ્છા તો થાય છે. પણ—

(૧) અજ્ઞાની તો ઇચ્છા આત્માનો ધર્મ છે એમ સમજે છે. અને—

(૨) જ્ઞાનીને જે વખતે ઇચ્છા થાય છે તે વખતે પણ તે આત્માનો ધર્મ છે એમ જાણતો નથી; પણ કામ, સંકલ્પ, સંદેહ, રાગ, દ્વેષ, શ્રદ્ધા ભય, લજ્જા, ઇચ્છા, વગેરે અંતઃકરણનાજ પરિણામ છે, માટે તે અંતઃકરણના ધર્મ છે, એમ જાણે છે,

આ રીતે જ્ઞાનીને ઇચ્છા થવા છતાં પણ જ્ઞાનીને ઇચ્છા વગેરે આત્માના ધર્મ દેખાતા નથી, માટે જ્ઞાનીને ઇચ્છાનો અભાવ કહ્યો છે.

એજ રીતે મન, વાણી અને શરીરથી જ્ઞાની જે વ્યવહાર કરે છે, તે વ્યવહાર આત્મા કરે છે એમ જ્ઞાનીને દેખાતું નથી, પણ બધી ક્રિયાઓ મન, વાણી અને શરીર કરે છે, તથા આત્મા તો અસંગ છે, એવો જ્ઞાનીનો

[અંતઃકરણ સહિત ચિદાભાસનો] નિશ્ચય હોય છે. માટે સર્વ વ્યવહારનો કર્તા છતાં પણ જ્ઞાની અકર્તા છે. આ કારણથીજ શ્રુતિમાં કહ્યું છે કેઃ- "જ્ઞાન થયા પછી કરેલાં વર્તમાન શરીરનાં શુભાશુભ કર્મનાં ફળ રૂપ પુણ્ય પાપનો સંબંધ જ્ઞાનીની સાથે હોતો નથી." પણ પ્રારબ્ધના બળથી અજ્ઞાનીની પેઠે તેના સઘળા વ્યવહાર અને તેની ઇચ્છાઓ સંભવે છે.

ભિન્ન ભિન્ન મતોનું પ્રતિપાદન.

૪૨ શુભ સંતતિ રાજાનો ખેદ.

શુભ સંતતિ રાજાને તજીને ત્રણે પુત્રો નિકળ્યા, તે પછીની પુત્રોની કથા અત્યાર લગી કહી હવે તેમના પિતાએ શું કર્યું તે કહે છેઃ—

शुभसंततिका वृत्तांत.

दोहा.

पुत्र गये लखि गेहतैं, पितु चित उपज्यो खेद;
सूनो राज न तिनि तज्यो, नहि यथार्थ निर्वेद. २६

અર્થ—પુત્રોને ઘરથી ગયા જાણીને તેમના પિતાના મનમાં ખેદ ઉપજ્યો; પણ તેણે રાજ્યને સૂનું જાણીને તેનો ત્યાગ કર્યો નહિ, કેમકે તેના મનમાં બરાબર વૈરાગ્ય થયો ન હોતો. ૨૬

ટીકા—છોકરા ઘરમાંથીજતા રહ્યા છે એમ જાણ્યા પછી રાજાને તીવ્ર વૈરાગ્યનો અભાવ હોવાથી પુત્રોના વિયોગનું દુઃખ થયું. વળી તેને મંદ વૈરાગ્ય થયો હતો. તેથી વિષયના ભોગમાં પણ તેને સુખ થયું નહિ. વળી તેણે પણ ઘર છોડી જતા રહેવાનો વિચાર કર્યો, પણ રાજ્યગાદી સૂની છોડીને જવાની તેની હિમ્મત થઇ નહિ, તેથી પણ તેને દુઃખ થયું. જો એને તીવ્ર વૈરાગ્ય હોત તો સૂનું રાજ્ય પણ છોડી દેત; પણ વૈરાગ્ય તીવ્ર નહોતો, પણ મંદ હતો, તેથી સૂનું રાજ્ય છોડી શકયો નહિ અને મંદ વૈરાગ્યને લીધે ભોગમાં આસક્તિ હતી નહિ, માટે તેને તો બન્ને તરફથી ખેદજ થતો હતો. જો તેને ખરેખરો એટલે તીવ્ર વૈરાગ્ય થયો હોત તો તેને ખેદ રહેત નહિ. મંદ વૈરાગ્યનું ફળ ઉપાસ્યની જિજ્ઞાસા હોય છે. તે વિષે હવે કહે છેઃ—

૪૩ શુભ સંતતિનો પંડિતોને પ્રશ્ન—

એવો કયો દેવ છે કે જે સૂતો નથી પણ જાગે છે?

चौपाई

शुभसंतति पितु सो बडभागा,
भयो प्रथम तिहिं मंदविरागा;

जिज्ञासा उपजी यह ताकूं,
देव ध्येयको ध्याउं जाकूं. २७
पंडित निरमो करन बुलाये,
यथायोग्य आसन बैठाये;
प्रश्न कियो यह सबके आगै,
असको देव न सोवै जागै. २८
पुरुषारथहित जन जिहि जाचै,
भक्तिमानके मनमैं राचै;
सुनि यह पृथिवीपतिकी बानी,
इक तिनमैं बोल्यो सुज्ञानी. २९

શુભ સંતતિ પિતા મોટો ભાગ્યશાળી હતો કેમકે તે ખરેખર શુભ સંતતિનો પિતા હતો. પ્રથમ તેને મંદ વૈરાગ્ય ઉપજ્યો અને તેથી તેને એવી જિજ્ઞાસા થઇ કે કયો દેવ ધ્યાન કરવા યોગ્ય છે કે જેથી હું તેનું ધ્યાન કરૂં ? ૨૭

આ વાતનો નિર્ણય કરવાને તેણે પંડિતોને બોલાવ્યા અને તેમને તેમની યોગ્યતા પ્રમાણે આસન આપીને બેસાડ્યા. અને તે સૌના આગળ રાજાએ પ્રશ્ન કર્યો કે,--એવો દેવ કયો છે કે જે સૂતો નથી પણ સદા જાગે છે ?૨૮ વળી પુરૂષાર્થ પ્રાપ્ત કરવાને લોકો જેની પ્રાર્થના કરે અને જે દેવ ભક્તિમાન પુરૂષોના મનમાં રાચી રહ્યો હોય! રાજાની આવી વાણી સાંભળીને તેમાંથી એક જે ઘણો જ્ઞાની હતો તે બોલ્યોઃ—૨૯

વિષ્ણુ ઉપાસકનો ઉત્તર.

सुन राजा तुहि कहूं सुदेवा,
शिव विरंचि लागे जिहिं सेवा;
शंखचक्रधारी हितकारी,
पद्मगदाधर परउपकारी. ३०
मंगलमूर्ती विष्णु कृपालूं,
निजसेवक लखि करत निहालूं;
शक्ति गनेस सूर शिव जे है,
सब आज्ञा ताकीमैं ते हैं; ३१
भारत सकल ग्रंथ यह भाखै,
पद्म पुराण तापनी आखै;

विष्णुरूपतैं उपजत सबही,
परै भौर जाचै तिहिं तबही. ३२
विविध वेषको धरि अवतारा,
सबदेवनकूं देत सहारा;
यातैं ताकी कीजे पूजा'
विष्णुसमान सेव्य नहि दूजा. ३३
विष्णु भक्त सिव उत्तम कहिये,
तथापि सेव्यस्वरूप न लहिये;
रूप अमंगल सिवको सबसम,
ध्यान करै नहिं ताको यूं हम. ३४
राख डमरु गज चर्म कपाला,
धरै भाज किहिं करै निहाला;
ताको पूत गनेस हु तैसो,
रूप विलच्छन नरपसु जैसो, ३५
सठ हठतैं ध्यावत जो देवी,
तासमरूप धरत तिहिं सेवी;
तिय निंदित असुची न पवित्रा,
औगुन गिनै न जात विचित्रा. ३६
कपट कूटको आकर कहिये,
पराधीन निज तंत्र न लहिये;
ऐसो रूप जु चहिये जाकूं,
सो सेवहु नर खरसम ताकूं. ३७
भ्रमत फिरै निसिदिन यह भानू,
रहत न निश्चल छन इक थानू;
भ्रमतौ फिरै उपासक ताको,
तिहि समान सेवक जौ जाको. ३८
आन देव यातैं सब त्यागै,
सेवनीय इक हरि नित जागै;
पूजन ध्यान करन विधि जोहै,
नारदपंचरात्रमैं सो है. ३९

હે રાજા ! તમે જે દેવ વિષે પૂછ્યું તે દેવ હું તને કહું તે સાંભળ. મહાદેવ અને બ્રહ્મા પણ તે દેવની સેવા કરે છે. તે દેવ વિષ્ણુ છે. તેમણે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં છે,

તથા તે પરોપકારી અને ભક્ત જનના હિતકારી દેવ છે. ૩૦

વિષ્ણુદેવ મંગળની મૂર્તિ છે તથા કૃપાળુ છે. પોતાનો ભક્ત જાણે તેને ન્યાલ કરી દે છે! શક્તિ, ગણપતિ, સૂર્ય અને શિવ, એ ચારે દેવો તેની આજ્ઞામાં રહે છે. ૩૧

એ વાત આખા મહાભારતમાં પ્રસિદ્ધ છે. તેમ નૃસિંહ-તાપની, રામતાપની, ગોપાલતાપની ઉપનિષદોમાં તથા પદ્મ પુરાણમાં એમજ કહ્યું છે. સર્વ કાંઈ વિષ્ણુના રૂપમાંથી ઉત્પન્ન થયું છે; અને દેવોને પણ જ્યારે સંકટ પડે છે ત્યારે તેઓ તેનીજ પ્રાર્થના કરે છે. ૩૨

તે વખતે એ વિષ્ણુ ભગવાન અવતાર લેઈને વિવિધ પ્રકારનાં રૂપ ધારણ કરી સઘળા દેવોને સહાય આપે છે. માટે તમારે તેમનુંજ પૂજન કરવું. કેમકે વિષ્ણુના જેવો બીજો કોઈ મોટો દેવ નથી. ૩૩

શિવ એ વિષ્ણુના પરમ ભક્ત છે. તથાપિ તે સેવવા યોગ્ય નથી. કેમકે શબના જેવું શિવનું અમંગળ સ્વરૂપ છે, તેથી અમે તેનું ધ્યાન ધરતા નથી.૩૪

તે પોતે રાખોડી, ડાખલું, હાથીનું ચાંમડું, માણસના માથાની ખોપરી, એવી અમંગળ વસ્તુઓ ધારણ કરે છે, તે કોને ન્યાલ કરી શકે ? તેનો પુત્ર ગણપતિ છે. તે પણ તેવોજ છે; નરપશુ જેવું તેનું વિલક્ષણ રૂપ છે. ૩૫

જે મૂર્ખ માણસ હઠ કરીને દેવીનું ધ્યાન કરે છે, તેને તેના સેવનથી તેના જેવું રૂપ પ્રાપ્ત થાય છે. એટલે નિંદિત, મલિન, અને અપવિત્ર એવું સ્ત્રીનું રૂપ તેને મળે છે. તેનામાં અનેક વિચિત્ર અવગુણો ભરેલા હોય છે કે જે ગણતાં પાર આવે એમ નથી.

કૂડ અને કપટની તો તે ખાણજ જાણવી. તે કદી સ્વતંત્ર તો હોતી નથી. પણ હંમેશાં પરાધીન હોય છે. એવું રૂપ જેને જોઇતું હોય તે નર રૂપી ગધેડાએ દેવીનું સેવન કરવું. ૩૭

અને સૂર્ય તો રાત દહાડો ભ્રમણ કર્યાજ કરે છે; એક ઠેકાણે એક ક્ષણ વાર પણ તે સ્થિર રહેતો નથી. તેનો જે ઉપા-

સક હોય તેને પણ સદા ભમ્યા કરવાનુંજ પ્રાપ્ત થાય; કેમકે જે જેનો સેવક હોય તે તેના જેવોજ થાય. ૩૮

આ કારણથી બીજા બધા દેવોને તજીને એક હરિજ સેવવા યોગ્ય છે, કેમકે હમેશાં જાગતો દેવ છે. એ દેવનું પૂજન ધ્યાન વગેરે કરવાનો વિધિ નારદ પંચરાત્રમાં કહેલો છે. ૩૯

ટીકા—એ રીતે વિષ્ણુ સિવાય બીજા ચાર દેવોની ઉપાસનાઓ પ્રસિદ્ધ છે; તે દરેક નિષેધ કરવાથી સ્માર્ત ઉપાસનાનો પણ નિષેધ થયો સમજવો. કેમકે પાંચે દેવોની સમાન બુદ્ધિથી ઉપાસના કરવી તેને સ્માર્ત ઉપાસના કહે છે. પણ વિષ્ણુ ઉપાસકે તો શિવ આદિક ચારે દેવોને વિષ્ણુની સમાન ગણ્યા નથી, તેથી અર્થાત્ સ્માર્ત ઉપાસનાનો પણ નિષેધ કર્યો છે.

શિવ સેવકનો ઉત્તર.

सिवसेवक मुनि सुनि तिहि बैना,
क्रोधसहित बोल्यो चलनैना;
सुन राजन बानी इक मोरी,
जामैं वचन प्रमान करोरी. ४०
सिवसमान आन को कहिये.
मांगे देत जाहि जो चहिये;
सब विभूति हरिकू दै मागी,
धरत विभूति आप निस्य त्यागी. ४१
चर्म कपाल हेतु इहि धारै,
सम नहि उत्तम अधम विचारै;
नग्नरहत उपदेसत येही,
नहि विरागसम सुख न्है केहि. ४२
सदावर्त ऐसो दे भारी,
कासीपुरी मरे नरनारी;
सो सायुज्यमुक्ति लावै,
गर्भवास संकट नहि पावै. ४३
शिवसमान नरनारी ते सब,
लहत सु दिव्यभोग सगरे तब;
करत आप अद्वय उपदेशा,
तजत लिंग यूं ब्रह्मप्रवेशा. ४४

उंचनीच रंचहु नहि देखै,
मुक्ति सबनकूं दे इक लेखे;
शिवसमान राजन को दाता,
भक्त अभक्त सबनको त्राता, ४५
विष्णु सुभाव सुन्यो हम पेसो,
जगमैं जन प्राकृत व्है तैसो;
त्राता भक्त अभक्त न त्राता,
यह प्रसिद्ध सब जगमैं नाता. ४६
हरि सेवक हर सेव्य बखान्यो,
रामचंद्र रामेश्वर मान्यो;
स्कंदपुराण व्यास बहु भाख्यो,
हरि सेवक हर सेव्य हि राख्यो. ४७
कह्यो जु भारत पद्मपुराणा,
सब देवनतैं हरि अधिकाना;
भारततातपर्य नहि देख्यो,
जो अप्पय दीक्षित बुध लेख्यो. ४८

અર્થ—વિષ્ણુ સેવકે કહેલું વચન સાંભળીને શિવ સેવકને ક્રોધ થયો અને તે આંખ ફેરવીને બોલ્યો કે હે રાજન્! મારી એક વાત સાંભળો કે જેનાં કરોડો પ્રમાણ છે. ૪૦

શિવજીના સમાન બીજું કોણ છે? જેને જે જોઇએ તે શિવજી પાસે માગે તો તેને મળે છે. વિષ્ણુએ તેમની પાસેથી સઘળું ઐશ્વર્ય માગી લીધું તો તે તેને આપી દીધું. અને પોતે તો હંમેશાં ત્યાગી હોઇને શરીરે વિભૂતિ ચોળે છે! ૪૧

પોતાના મનમાં કાંઇ ઉત્તમ નથી કે અધમ નથી, પણ સર્વ સમાન છે, એ હેતુથી તેઓ ચામડું પહેરે છે અને ખોપરી ધારણ કરે છે. પોતે નગ્ન રહેવા વડે તેઓ જગતને એવો ઉપદેશ આપી રહ્યા છે કે વૈરાગ્ય જેવું બીજું સુખ જગતમાં નથી! ૪૨

તે એવું મોટું સદાવ્રત આપી રહ્યા છે કે, જે કોઇ કાશીપુરીમાં મરણ પામે તે પુરૂષ હો કે સ્ત્રી હો, પણ તે શિવજીની સાયુજ્ય મુકિત પામે છે એટલે શિવસમાન ઐશ્વર્યવાળા લોકોમાં જાય છે, અને તેઓ ફરીને ગર્ભવાસના સંકટમાં પડતા નથી! ૪૩

તે સઘળાં સ્ત્રી પુરૂષો શિવજીના સરખા સઘળા દિવ્ય ભોગ પ્રાપ્ત કરે છે. શિવજી પોતે તેમને અદ્વૈતનો ઉપદેશ કરે છે. તેથી તેઓ લિંગ શરીરને છોડીને બ્રહ્મમાં પ્રવેશ કરે છે. ૪૪

તે પોતાના ભક્તમાં ઉંચનીચનો ભેદ ગણતા નથી. પણ સર્વને એક સરખા ગણીને મુક્તિ આપે છે. હે રાજન્! શિવજીના સરખો દાતા બીજો કોણ છે? શિવજી તો ભક્ત અને અભક્ત સર્વનું રક્ષણ કરનાર છે. ૪૫

વિષ્ણુનો સ્વભાવ તો જગતમાં જેવો પ્રાકૃત મનુષ્ય હોય છે તેના જેવો અમે સાંભળ્યો છે. તે તો પોતાના ભક્તનુંજ રક્ષણ કરે છે પણ અભક્તનું રક્ષણ કરતા નથી! આવો સંબંધ તો આખા જગતમાં પ્રસિદ્ધ છે. ૪૬

વળી વિષ્ણુ એ સેવક છે અને શિવજી એ સેવ્ય છે. રામચંદ્રજીએ પરમેશ્વરનું પૂજન કર્યું હતું. વ્યાસજીએ સ્કંદ પુરાણમાં વિષ્ણુ સેવક અને શિવ સેવ્ય છે એમ ઘણે પ્રકારે કહ્યું છે. ૪૭

મહાભારત અને પદ્મ પુરાણમાં બધા દેવો કરતાં વિષ્ણુની અધિકતા કહેલી છે, એમ જેઓ કહે છે, તેઓ ભારતનું તાત્પર્ય સમજ્યાજ નથી; એ તાત્પર્ય તો અપ્પય દીક્ષિત નામે વિદ્વાને જાણ્યું છે. ૪૮

ટીકા—[અપ્પય દીક્ષિત નામે એક પંડિત દક્ષિણમાં શિવકાંચી નામે નગરમાં થઇ ગયા છે. સિદ્ધાંતલેશ નામે એક વેદાંતનો ગ્રંથ પણ તેમણે લખ્યો છે.] તેમણે સઘળા ઇતિહાસ અને પુરાણોનું તાત્પર્ય લખ્યું છે, તે ઉપરથી માલમ પડે છે કે ભારતાદિક ગ્રંથોમાં વિષ્ણુને સર્વદેવના પૂજ્ય કહ્યા છે તે બરોબર નથી; કેમકે ભારતના તાત્પર્યનો વિચાર કરતાં શિવજીમાં જ ઇશ્વરપણું પ્રતીત થાય છે.

ભારતમાં એક આવો પ્રસંગ છેઃ—અશ્વત્થામાએ જ્યારે નારાયણાસ્ત્ર અને અગ્નેયાસ્ત્રનો પ્રયોગ કર્યો, ત્યારે પાંડવોની ઘણીક સેનાનો તો સંહાર થઇ ગયો, પણ પાંચ પાંડવોમાંથી કોઇ મરી ગયું નહિ. તે વખતે તે પોતાનો રથ છોડીને ધનુર્વેદનો અને આચાર્યનો ધિક્કાર કરતો કરતો વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેને વ્યાસ ભગવાનનો મેળાપ થયો. વ્યાસે તેને કહ્યું કે, હે બ્રાહ્મણ! તું આચાર્યનો અને વેદનો ધિક્કાર કરીશ નહિ. આ અર્જુન અને કૃષ્ણ એ બન્ને નરનારાયણ રૂપ છે. એમણે શિવનું પૂજન ઘણું કર્યું છે. માટે

એમનીભક્તિને અધીન થયેલા ત્રિશૂળધારી મહાદેવ એમના રથની આગળ રહે છે. માટે એ બન્નેના ઉપર યોજેલાં અનેક શસ્ત્ર અસ્ત્રના સામર્થ્યનો મહાદેવ નાશ કરી નાંખે છે,

ભારતમાંના આ પ્રસંગથી સમજાશે કે નારાયણરૂપ કૃષ્ણનું ઐશ્વર્ય મહાદેવની કૃપાથી પ્રાપ્ત થયેલું છે. માટે વિષ્ણુ ચરિત્રના પ્રતિપાદક જેટલા ગ્રંથો છે તે બધા શિવની મોટાઈનુંજ પ્રતિપાદન કરનારા છે. કેમકે તે ગ્રંથોમાં વિષ્ણુને સેવ્ય વર્ણવ્યા છે; પણ તે વિષ્ણુ મહાદેવના ભક્ત છે એમ ભારતના પ્રસંગ ઉપરથી માલમ પડે છે. માટે જે શિવની ભક્તિથી વિષ્ણુને સેવ્યપણું પ્રાપ્ત થયું છે તે શિવજીજ પરમ સેવ્ય છે. આ રીતે અપ્પય દીક્ષિતે સઘળા વૈષ્ણવ ગ્રંથના પ્રતિપાદ્ય શિવ છે, એમ કહ્યું છે.

शिव सबको प्रतिपाद्य बखान्यो,
भक्तनमैं उत्तम हरि गान्यो;
ईस देवपद सबमैं कहिये,
महतसहित इक सिवमैं लहिये. ४९

शिवतैं भिन्न अशिव जो कहिये,
तिहि तजि शिव कल्याणहि लहिये;
जलशायी जिहि नाम बखान्यो,
सो जागै यह मिथ्या गान्यो. ५०

विख लख जब सबकूं उपज्यो डर,
निर्भय किये सकल गर धरि गर;
जाको पूत गनेस कहावै,
विघ्नजाल ततकाल नसावै. ५१

कारजमैं कारणगुण होवै,
यूं शिव विघ्न मूलतैं खोवै;
जन्म मरण दुख विघ्न कहावै,
तिहि समूल सिवध्यान नसावै. ५२

सबन जोग्य सदासिव एका,
जागै सहित समाधि विवेका;
तंत्र पाशुपत रीति जु गावै,
त्यूं पूजन करि ध्यान लगावै. ५३

नारदपंचरात्रमत जूठो,
यह परिमल परसंग अनूठो;

यातैं शिवसेवा चित लावै,
पुरुषारथ जो चहै सु पावै. ५४

માટે શિવ એજ સઘળા ગ્રંથોમાં પ્રતિપાદ્ય છે. અને શિવના ભક્તોમાં વિષ્ણુને ઉત્તમ ભક્ત કહેલો છે. બીજા સઘળાને તો દેવ કહે છે અથવા ઈશ્વર કહે છે; પણ શિવને તો મહાદેવ કે મહેશ્વર કહે છે. ૪૯

શિવથી જે ભિન્ન હોય તે અશિવ (અકલ્યાણ) કહેવાય છે. માટે તેને તજીને શિવનું એટલે કલ્યાણનુંજ ગ્રહણ કરવું ઘટે છે. વળી વિષ્ણુ સદા જાગતો દેવ છે એ વાત પણ ખરી નથી. કેમકે જે દેવને જળમાં શયન કરનાર તરિકે પુરાણોમાં કહ્યો છે તે દેવ 'સદા જાગે છે' એ કહેવું એ મિથ્યા છે. ૫૦

વળી જ્યારે સમુદ્રમંથન વખતે તેમાંથી વિષ નીકળ્યું તે જોઈને સહુને ભય ઉત્પન્ન થયો. તે વખતે મહાદેવજીએજ તે વિષને કંઠમાં ધારણ કરી રાખીને સઘળાને ભયમાંથી બચાવ્યા. વળી જેનો પુત્ર ગણેશ કહેવાય છે. તે સઘળાં વિઘ્નોના સમૂહનો તત્કાળ નાશ કરવાની શકિત ધરાવે છે. ૫૧

'કાર્યમાં કારણના ગુણો આવે છે' એ ન્યાયથી વિચાર કરતાં જણાશે કે શિવમાં તો વિઘ્નોનો સમૂળ નાશ કરવાની શકિત છે. જન્મ અને મરણનું દુઃખ એ મોટું વિઘ્ન કહેવાય છે. તે દુઃખ શિવનું ધ્યાન કરવાથી સમૂળું નાશ પામે છે. ૫૨

માટે એક સદાશિવજ સેવવા યોગ્ય છે, અને તે દેવજ સમાધિ ધારણ કરીને સદા જાગતા રહે છે. પાશુપત તંત્રમાં કહેલી રીતે શિવજીનું પૂજન કરીને ધ્યાન પરાયણ થવું જોઈએ ૫૩

નારદ પંચરાત્રનો મત તો જૂઠો છે. આ પ્રસંગ 'પરિમલ' નામની ટીકામાં સુંદર રીતે કહ્યો છે. માટે શિવની સેવાજ મનમાં રાખવી કે જેથી જે પુરુષાર્થને ઈચ્છે તે પ્રાપ્ત કરી શકે. ૫૪

ટીકા—નારદપંચરાત્રના મતનું સૂત્રભાષ્યમાં ખંડન કર્યું છે. તેને અનુસરનારા રામાનુજ આદિ નવીન વૈષ્ણવોના મતનું કલ્પતરુની ટીકા પરિમલ નામે છે તેમાં ખંડન કર્યું છે.

૪૬ ગણેશ પૂજકનો ઉત્તર.

सिवको पूत गनेस बतायो,
कारणगुण कारजमैं गायो;
सुनि गनेसको पूजक बोल्यो,
अस किय कोप सिंहासन डोल्यो. ૫૫

राजन सुन दोनूं ये झूठे,
वचन सत्यसम कहत अनूठे;
सिवको पूत गनेस बतावै,
पराधीनता तामैं गावै. ૫૬

कहुं प्रसंग सुनहु इक ऐसो,
लिख्यो व्यास भगवत मुनि जैसो;
चढै त्रिपुरमारनकूं सारै
हरिहरसहित देव अधिकारै. ૫૭

नहि गणेसको पूजन कीनो,
त्रिपुर न रंचहु तिनतैं छीनो;
पुनि पछिताय मनाय गणेशा,
त्रिपुर विनास्यो रह्यो न लेसा. ૫૮

भये समर्थ किये जिहि पूजा,
सेवनयोग्य सु इक नहि दूजा;
रामपूत दशरथको जैसे,
विघ्नहरण शिवको सुत तैसे. ૫૯

व्यास गणेश पुराण बनायो,
सबको हेतु गणेश बतायो;
हरिहर विधि रवि शक्ति समेता,
तुंडीतैं उपजत सब तेता. ૬૦
करत ध्यान जिहि छन जन मनमैं,
नासत विघ्न प्रधान गगनमैं;
विघ्नहरण युं जागत निशदिन,
भक्तिसहित सेवहु तिहि अनछन. ૬૧

અર્થ—ગણેશ એ શિવનો પુત્ર છે. અને કારણનો (શિવનો ગુણ કાર્યમાં (ગણેશમાં) આવ્યો છે એમ શિવપૂજકે કહ્યું તે

સાંભળીને ગણેશ પૂજકને ક્રોધ ઉત્પન્ન થયો. તેથી તે પોતાના આસન ઉપરથી ઉછળીને બોલ્યો. ૫૫

હે રાજન્ ! સાંભળો; એ બન્ને જૂઠા છે. તેઓ સત્ય હોય તેવાં વચન બોલે છે, પણ તે સાચાં નથી, ગણપતિને શિવનો પુત્ર કહે છે ! અને શિવની પાસેથી મળેલા સામર્થ્ય વડે તે વિઘ્નનાશક કહેવાય છે ! ૫૬

વ્યાસ ભગવાને પુરાણમાં એક પ્રસંગ લખ્યો છે તે હું તમને કહું તે સાંભળો. ત્રિપુરાસુરને મારવાને વિષ્ણુ અને શિવ સહિત સઘળા દેવોએ ચઢાઇ કરી હતી. ૫૭ પણ તેમણે આરંભમાં ગણપતિનું પૂજન કર્યું નહોતું તેથી ત્રિપુરાસુરને તેઓ કાંઈ કરી શકયા નહિ. પછી તેઓ પસ્તાયા અને જ્યારે ગણપતિનું પૂજન અર્ચન કરી તેમને પ્રસન્ન કર્યા. ત્યારે ત્રિપુરાસુરનો નાશ થયો. ૫૮

જેનું પૂજન કરવાથી ત્રિપુરાસુરનો નાશ કરવાને વિષ્ણુ તથા શિવ વગેરે સમર્થ થયા તેજ દેવ એક સેવા કરવા યોગ્ય છે. બીજો નથી. અને રામ જેમ દશરથના પુત્ર કહેવાય છે, તેમ ગણપતિ શિવના પુત્ર કહેવાય છે. ૫૯

વ્યાસજીએ ગણેશપુરાણ રચ્યું છે, તેમાં સઘળાનો હેતુ ગણપતિ છે એમ કહ્યું છે. વિષ્ણુ, શિવ, બ્રહ્મા, સૂર્ય અને શકિત સહિત સઘળું વિશ્વ ગણપતિથી ઉત્પન્ન થયું છે. ૬૦

મનુષ્ય એ ગણપતિનું ધ્યાન જે ક્ષણે મનમાં કરે છે તેજ ક્ષણે તેનાં તમામ વિઘ્નો આકાશમાં ઉડી જાય છે (નાશ પામે છે) વિઘ્નહરણ એ દેવ સદાકાળ જાગતો છે માટે ભક્તિ સહિત તમે તેનુંજ હંમેશાં સેવન કરો. ૬૧

૪૭ દેવી ભકતનો ઉત્તર.

हेतु गनेस सक्तिको सुनिके,
भगतभागवत उचर्यो गुनिके;
सुन राजन बानी मम साची,
तोनूं सकल कहत वे काची. ६२

सूने देव सक्तिबिन सारे,
मृतक देहसम लखि हतियारे;
सक्तिहीन असमर्थ कहावे,
सो कैसे कारज उपजावे ६३

जिन बहु सक्ति उपासन धारी,
तातैं भये सकल अधिकारी;
हरिहर सूर गणेश प्रधाना,
तिनमैं सक्ति देखियत नाना. ६४

सक्ति लोकमैं भासतजाकूं,
रूप भगवतीको लखि ताकूं;

શક્તિની ઉત્પત્તિ પણ ગણપતિથી થયેલી છે એમ સાંભળીને ભગવતીનો ભગત વિચાર કરીને બોલ્યો કે હે રાજન્ હું સાચી વાત કહું તે સાંભળો. એ બધા ત્રણે કહે છે તે વાત ખોટી છે. ૬૨

શક્તિ વિનાના સઘળા દેવો મુડદા જેવા અમંગળ રૂપ છે. શકિત વિનાનાને અસમર્થ કહે છે; એવા અસમર્થથી કોઈ પણ કાર્યની ઉત્પત્તિ શી રીતે થાય? ૬૩

વિષ્ણુ, શિવ, સૂર્ય અને ગણપતિ વગેરે દેવોમાં નાના પ્રકારની શકિત જોવામાં આવે છે કેમકે તેમણે શકિતનું ઘણું ઉપાસન કર્યું છે અને તેથી તેઓ સૃષ્ટિના અધિકારી દેવો થયા છે. ૬૪

લોકોમાં પણ જેનામાં શકિત દેખાય છે તેનામાં ભગવતીનું સ્વરૂપ જોઇનેજ લોકો તેને શકિતમાન કહે છે.

ટીકા—ભગવતીનાં બે સ્વરૂપ છે: [૧] સામાન્ય સ્વરૂપ, અને [૧] વિશેષ સ્વરૂપ.

[૧] સર્વ પદાર્થોમાં જે પોતાનું કાર્ય કરવાની શક્તિ છે તે ભગવતીનું સામાન્ય સ્વરૂપ છે.

[૨] અષ્ટભુજાદિક સહિત મૂર્તિ એ વિશેષ સ્વરૂપ છે.

સામાન્યરૂપ શક્તિના સંખ્યારહિત અનંત અંશ છે. જેમાં શક્તિના અંશ ઓછા હોય તે અલ્પશક્તિ હોય છે–તે અસમર્થ કહેવાય છે. જેનામાં

શક્તિના અંશ ઘણા હોય છે તે સમર્થ કહેવાય છે. વિષ્ણુ, શિવ, વગેરેમાં શક્તિના અંશ અધિક છે માટે તે અધિક સમર્થ કહેવાય છે.

એ રીતે ભગવતીનું સામાન્યરૂપ જે શક્તિ, તેના અંશોની અધિકતાથી વિષ્ણુ, શિવ, ગણપતિ, અને સૂર્યનો મહિમા પ્રસિદ્ધ છે. જો તેજ દેવો શક્તિથી રહિત હોય તો જેમ પ્રાણવિના શરીર અમંગળ રૂપ થઇ જાય છે તેમ બધા દેવો પણ અમંગળરૂપ થઇ જાય. માટે જે શક્તિની અધિકતાથી દેવોનો મહિમા પ્રસિદ્ધ છે તે મહિમા તે દેવોનો નથી પણ તે શક્તિનો છે. વિષ્ણુ, શિવ, વગેરે દેવોએ શક્તિની અધિક ઉપાસના કરી છે, માટે તેનામાં શક્તિના અંશ અધિક છે. આ બધી વાત કહેવામાં ભગવતીભક્તનો અભિ-પ્રાય આ પ્રમાણે છે:—

જેમ ભગવતીની નિરાકારરૂપ શક્તિના અનંત અંશ છે, તેમ સાકાર રૂપના પણ અનંત અંશ છે. તે સાકાર અંશોમાં કાલી રૂપ પ્રધાન છે; તેમ માહેશ્વરી, વૈષ્ણવી, સૌરી ગાણેશી, આદિક પણ પ્રધાન અંશ છે. વિષ્ણુને ભગવતીના ઉપાસનથી વૈષ્ણવી નામે ભગવતીના અંશનો લાભ થયો છે; તેમજ બીજા દેવોને પણ ભગવતીના ઉપાસનથી પોતપોતાના માહેશ્વરી આદિક શક્તિના અંશોના લાભ થાય છે. તેમાં પણ વિષ્ણુ અને શિવ એ ભગવતીના પ્રધાન ભક્ત છે. કેમકે ધ્યાતાને ધ્યેયરૂપની પ્રાપ્તિ થાય એ ઉપા-સનાનો પરમ અવધિ છે. વિષ્ણુ અને શિવને ઉપાસનાથી ધ્યેય રૂપની પ્રાપ્તિ થઇ છે, માટે તે પ્રધાન ઉપાસક છે. એજ વાત નીચે કહી છે:—

लाख केरोरि मात्रिका गन पुनि,
तंत्रग्रंथ लखि अंश सकल गुनि. ६५
काली ताको अंश प्रधाना,
माहेश्वरि आदी लखि नाना;
हरिहर ब्रह्म सकल तिहि ध्यावे,
निजनिज अंश कृपा तिहि पावे. ६६
ध्येयरूप ध्याता व्है अबही,
सिद्ध उपासन लखिये तबही,
अंश उपासना हरि अरु हरकी,
नारी मूर्ति धरी तजि नरकी. ६७

दोहा.

अमृतमथन परसंगमैं, हरि मोहिनी स्वरूप;
अर्ध अंग शिवको लसै, [illegible] अनूप. ६८

તંત્રના ગ્રંથોમાં લખ્યું છે કે લાખ્ખો અનેકરોડો માત્રિકાના ગણો છે. તે સઘળા શક્તિના અંશો છે. ૬૫ તે સર્વમાં પ્રધાન અંશ કાલી છે. અને માહેશ્વરી વગેરે પણ તે શક્તિના જૂદા જૂદા અંશો છે. વિષ્ણુ, શિવ, બ્રહ્મા, એ સઘળા દેવો તે શક્તિનું ધ્યાન કરે છે અને તેની કૃપાથી પોતપોતાના શક્તિરૂપ અંશોને તે પ્રાપ્ત કરે છે. ૬૬ જ્યારે ધ્યાતા ધ્યેયરૂપ થઈ જાય ત્યારે ઉપાસના સિદ્ધ થઇ એમ જાણવું. આવી ઉપાસના વિષ્ણુએ અને મહાદેવે કરી છે, અને તેથીજ તેમણે નરનું સ્વરૂપ તજીને નારીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. ૬૭ અમૃત મથનના પ્રસંગમાં વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું; અને મહાદેવનું અર્ધું શરીર અનુપમ દેવી સ્વરૂપે શોભે છે. ૬૮

ટીકા—જ્યારે સમુદ્રમંથન કરીને અમૃત પ્રગટ કર્યું, ત્યારે દેવ અને અસુરમાં ટંટો થયો. તે મટાડવાને વિષ્ણુ અસમર્થ થયા. ત્યારે પોતાની ઉપાસ્ય દેવતા જે ભગવતી, તેનું એકાગ્ર ચિત્તથી એવું ધ્યાન કર્યું કે જેથી પોતે વિષ્ણુ ઉપાસ્ય દેવીરૂપ થયા. અને તે રૂપના મહાત્મ્યથી અસુરો પણ તેને અનુકૂળ થયા.

તેમજ શિવજીએ પણ સમાધિમાં ભગવતીનું એવું ધ્યાન કર્યું કે જેથી શિવનું અર્ધું શરીર ઉપાસ્ય રૂપ થયું. કોઇ વખત વિક્ષેપથી સમાધિનો ભંગ થાય છે. માટે શિવનું આખું શરીર ઉપાસ્યરૂપ ન થયું]

આ રીતે બધા દેવો ભગવતીના ઉપાસક છે. તે ઉપાસના બે પ્રકારની છેઃ એક દક્ષિણ માર્ગથી અને બીજી ઉત્તર માર્ગથી પાછળ દક્ષિણ માર્ગ કહ્યો છે, તેથી હવે ઉત્તર માર્ગ કહીએ છીએઃ—

चौपाई.

भक्त भगवतीके हर हरि है,
इनसम कौन उपासन करि हैः
तदपि महामाया जो ध्यावै,
तुरत सकल पुरुषारथ पावै. ६९
नहि साधन जगमैं अस औरा,
उपजै भोगमोक्ष इक ठौरा;
भक्त भगवतीको जो जगमैं,
भोगे भोग न आवत भगमैं. ७०

शिवकृत तंत्र रीति यह गाई,
भक्ति भगवती अति सुखदाई;
पंच मकार न तजिये कबहु,
जिनहि सनातन सेवत सबहु. ७१
कृष्णदेव बलदेव सुज्ञानी,
प्रथमा पिवत सदा ज्यूं पानी;
और प्रधान पुरातन जेते,
सेवत सकल मकारहि तेते. ७२
तिन सेवनकी जो विधि सारी,
शिव निजमुख भाखी उपकारी;
शिवको वचन धरै जो मनमैं,
लहै सुभोगमोक्ष इक तनतैं. ७३
ग्रंथ भागवत व्यास बनायो,
उपपुराण काली समुझायो;
भक्ति भगवतीकी इक गाई,
पूजाविधि सगरी समुझाई. ७४
ध्याता सकल भगवतीके है;
हरिहर सूर गनेस जिते है;
सकल पिये प्रथमा मतिवारे,
पूजत शक्ति मग्न मन सारे. ७५
जगजननी जागै इक देवी,
परमानंद लहै तिहि सेवी;

ભગવતીના વિષ્ણુ અને શિવ એ બે પરમ ભક્ત છે. તેમના જેથી ઉપાસના બીજા કોનાથી થાય એમ છે? એમ છતાં બીજો પણ કોઈ જો મહામાયાનું ધ્યાન કરે તો તેને પણ સઘળા પુરૂષાર્થ પ્રાપ્ત થાય છે. ૬૯

જગતમાં એવું સાધન બીજું એકે નથી કે જેમાં ભોગ અને મોક્ષ એકજ સ્થળે પ્રાપ્ત થતા હોય! જે ભગવતીનો ભક્ત હોય છે તે ભોગ ભોગવે છે છતાં તેને ફરી જન્મ ધારણ કરવો પડતો નથી! ૭૦

શિવકૃત તંત્રમાં એમ કહેલું છે કે ભગવતીની ભક્તિ અતિ સુખકારક છે. પાંચ મકારનો ત્યાગ કદી પણ ન કરવો, કેમકે બધા સનાતન કાળથી તેનું સેવન કરતા આવ્યા છે; ૭૧

સારા જ્ઞાની એવા કૃષ્ણદેવ અને બળદેવ પણ જેમ પાણી પીએ તેમ પ્રથમા (મદ્ય) ને પીએ છે. બીજા પણ જે મુખ્ય અને પ્રાચીન દેવો છે તે સઘળા બધા મકારોનું સેવન કરે છે. ૭૨

તે મકારોનું સેવન કરવાનો સઘળો વિધિ જગત ઉપર ઉપકાર કરવાના હેતુથી શિવજીએ પોતાના મુખથી કહેલો છે. જે માણસ શિવનું એ વચન માને છે તેને ભોગ અને મોક્ષ એકજ જગોએ પ્રાપ્ત થાય છે. ૭૩

વ્યાસજીએ ભાગવત ગ્રંથ (દેવી ભાગવત) બનાવ્યો છે, અને કાલી પુરાણ નામે ઉપપુરાણ કર્યું છે. તેમાં ભગવતીની ભક્તિનુંજ ગાન કર્યું છે અને તેની પૂજા કરવાનો સઘળો વિધિ સમજાવ્યો છે. ૭૪

વિષ્ણુ, શિવ, સૂર્ય. ગણપતિ, એ સઘળા ભગવતીનું ધ્યાન કરનારા છે. તે સઘળા બુદ્ધિમાન દેવો પ્રથમા (સુરા) નું પાન કરે છે. અને શક્તિમાં પોતાનું મન મગ્ન કરીને તેનુ પૂજન કરે છે. ૭૫

માટે જગજ્જનની દેવી એજ એક જાગતી દેવતા છે, અને તેનું સેવન કરનારને પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

૪૮ સૂર્ય ભક્તનો ઉત્તર.

सूर्य भक्त भगवतिको यस सुनि,
क्रोधसहित बोल्यो इक मुनि पुनि. ७६
सुन राजन बानी इक मोरी,
भाखू झूठ न सपथ करोरी;
अति पापिष्ठ नीच मत याको,
श्रवण सनेह सुन्यो तैं जाको. ७७
औगुन जिते बखानत जगमैं,
ते गिनयत गुणगण या मगमैं;
मद्य मलीनहि तीरथ राखत
शुद्ध नाम आमिषको आखत. ७८
कहत और यूं सब विपरीता,
शंभू तंत्र सेवि मति रीता;

दक्षिण संप्रदाय जो दूजी,
यद्यपि श्रेष्ठ अनेक न पूजी. ७९
तथापि बिन भानू सब अंधे,
इन सबके मन जिनमें बंधे;
करत भानु सगरो उजियारो,
ता बिन होत तुरत अंधियारो. ८०
और प्रकाशक जगमें जेहै,
अंश सबै सूरजके ते है;
भानु समान कौन हितकारी,
भ्रमत आप परहित मति धारी. ८१
काल अधीन होत सब कारज,
ताहि त्रिविध भाखत आचारज;
वर्तमान भावी अरु भूता,
सूरज क्रिया करत यह सूता. ८२
या विधि सकल भानु तैं उपजै,
भस्म होत सब जब वह कुपिजै;
भानुरूप द्वै भांति पिछानहु,
निराकार साकारहि जानहु. ८३
निराकार परकाश जु कहिये,
नामरूपमें व्यापक लहिये;
अधिष्ठान सबको सो एका,
जग विवर्त्त व्है जिहि अविवेका. ८४
अहं भानु यह वृत्ति उदै जब,
तामैं प्रगटि विनासत तम सब. ८५

ભગવતી ભક્તના ભગવતીના યશ સંબંધી વચન સાંભળીને સૂર્યનો ભક્ત એક મુનિ હતો તે ક્રોધ કરીને બોલી ઉઠયોઃ ૭૬

હે રાજન્! એક મારી વાત સાંભળો. હું જૂઠું બોલતો નથી તે વાતના હું કરોડો સોગંદ ખાઉં છું. આ ભગવતી ભક્તનો મત અતિ પાપિષ્ટ અને નીચ છે, તે તમે પોતાને કાને સ્નેહ સહિત સાંભળ્યો છે. ૭૭

પણ જગતમાં જેટલા કાંઇ અવગુણ કહેવાય છે તે સઘળાને આ માર્ગમાં ગુણ માન્યા છે. મલિન એવા મદ્યને એ લોકો

'તીર્થ' કહે છે અને માંસને 'શુદ્ધ' કહે છે. ૭૮ અને એજ રીતે બીજા પદાર્થોને પણ એવાં ઉલટાં નામ આપેલાં છે. માટે જેઓ છેકજ બુદ્ધિહીન હોય તેઓજ શિવતંત્રનું (વામતંત્રનું) સેવન કરશે. બીજો એક દક્ષિણ સંપ્રદાય છે તે જો કે શ્રેષ્ઠ છે અને અનેક લોકો તે માર્ગે દેવીનું સેવન કરે છે. ૭૯ તથાપિ સૂર્ય વગર બધાજ આંધળા છે. એ સઘળા ઉપાસકોનાં મન જેના જેનામાં બંધાઇ રહ્યાં છે, તે સઘળામાં અજવાળું તો સૂર્ય દેવજ કરે છે; તેના વગર તરત અંધારૂં થઇ જાય છે. ૮૦

બીજા પણ જગતમાં જેટલા પ્રકાશ કરનારા પદાર્થો છે તે સઘળા સૂરજનાજ અંશ છે. અહો! સૂર્યના જેવો બીજો પરોપકારી દેવ કોણ છે, કે જે પરનું હિત કરવાની બુદ્ધિથી પોતે સદાકાળ ભમ્યા કરે છે! ૮૧

સઘળાં કાર્ય કાળને અધીન રહીને થાય છે. આચાર્યોએ તે કાળ—વર્તમાન, ભૂત અને ભવિષ્ય એમ–ત્રણ પ્રકારનો કહ્યો છે. સૂર્યની ગતિરૂપ ક્રિયા વડે કાળના એવા વિભાગ ઉપજે છે. ૮૨

એ રીતે સર્વ કાંઇ સૂર્યથી ઉત્પન્ન થાય છે. એ સૂર્ય જ્યારે કોપે છે ત્યારે સર્વ પદાર્થો બળીને ભસ્મ થાય છે. સૂર્યનાં બે રૂપ છે; એક નિરાકાર પ્રકાશ અને બીજો સાકાર પ્રકાશ ૮૩ તે બેમાંથી નિરાકાર પ્રકાશ તમામ નામરૂપમાં વ્યાપક છે. વેદાંતીઓ જેને 'ભાતિ' (પ્રકાસે છે) શબ્દે કરીને વ્યવહાર કરે છે. તે નિરાકાર પ્રકાશરૂપ જે સૂર્યનું સામાન્ય રૂપ છે, તે સઘળા જગતનું એકજ અધિષ્ઠાન છે. તે અધિષ્ઠાનના અવિવેકથી જગતરૂપી વિવર્ત ઉપજ્યું છે. ૮૪ એજ નિરાકાર પ્રકાશ અંતઃકરણની વૃત્તિમાં પ્રતિબિંબ સહિત હોય છે તેને 'જ્ઞાન' કહે છે. પ્રકાશના પ્રતિબિંબ સહિત અંતઃકરણની વૃત્તિ જ્યારે "હું સૂર્ય" એવી થાય ત્યારે અજ્ઞાનની નિવૃત્તિ દ્વારા જગતની નિવૃત્તિ થાય છે. ૮૫

सुनि साकार रूप यह ताको,
होय चांदिना दिनमें जाको;
ताके अंश और बहुतेरे,
चंद तारका दीप घनेरे. ८६

यातैं द्वैविध भानु बतायो,
ज्ञेय ध्येयको भेद जनायो;
वेद सकल याहीकूं भाखत,
रूप प्रकाश सत्य अिहिं आखत. ८७
जामैं लेश न तमको कबही,
लखि तिहि जग जन जागत सबही. ८८
कबहुन सोवै सो युं जागै,
ध्यान करत ताको तम भागै;
और हि जागत भाखत सगरे,
राजन जानि झूठ ते झगरे. ८९

હવે એ સુર્યનાં સાકાર સ્વરૂપ કહું તે સાંભળો. એ સાકારસ્વરૂપથી દિવસે પ્રકાશ પડે છે. ચંદ્રમા, તારા, અને દીવો, વગેરે બીજા પ્રકાશ એ સહુ સૂર્યના સાકાર રૂપના અંશ છે.૮૬

એવી રીતે નિરાકાર અને સાકારરૂપથી સૂર્યનાં બે રૂપ છે. તેમાં નિરાકારરૂપ જ્ઞેય છે અને સાકારરૂપ ધ્યેય છે. વેદાંતમાં એનેજ નિર્ગુણ બ્રહ્મ અને સગુણબ્રહ્મ કહે છે. સઘળા વેદોમાં એનુંજ કથન કર્યું છે અને તેનું રૂપ પ્રકાશ છે અને તે સત્ય છે એમ કહેલું છે. ૮૭ જેનમાં અંધકારનો લેશ પણ નથી એવા તેના સ્વરૂપને જોઇને જગતના બધા લોક જાગ્રત થાય છે. ૮૮

એ દેવ કદી ઊંઘતો નથી પણ સદા જાગે છે. જે એનું ધ્યાન કરે છે તેનો અંધકાર નાશ થાય છે. બીજા દેવો સદા જાગે છે એમ જેઓ કહે છે, તે સઘળા જૂઠો વિવાદ કરે છે એમ હે રાજા ! તમારે જાણવું. ૮૯

૪૯ સ્માર્તમત.

ऐसे पांच उपासक बोले,–
निजगुण, अवगुण परके खोले;
पंडित और अनेक जु आये,
भिन्न भिन्न निज मत समुझाये. ९०

એ રીતે પાંચે ઉપાસકોએ કહ્યું અને પોતાના ગુણ તથા બીજા અવગુણ ઉઘાડા કર્યા. બીજા પણ અનેક પંડિતો આવ્યા હતા તેમણે પણ પોતપોતાના જૂદા જૂદા મત સમજાવ્યા. ૯૦

મતલબ કે જેમ પાંચ ઉપાસકોએ પરસ્પર વિરૂદ્ધ વચનો કહ્યાં તેમ બીજા અનેક પંડિતોએ પણ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વિરૂદ્ધ વચનો જ કહ્યાં.

ટીકા—જેમ પાછળ કહેલા પાંચેના મત પરસ્પર વિરૂદ્ધ છે. તેમ સ્માર્ત-મતનો પંડિત—જે પાંચે દેવમાં ભેદબુદ્ધિ રાખતો નથી—તેનો મત પણ તે સઘળાથી વિરૂદ્ધજ છે. કેમકે—

વૈષ્ણવનો મત એવો છે કે વિષ્ણુ સમાન બીજો દેવ નથી. બીજા બધા દેવો વિષ્ણુના ભક્ત છે. વળી રામ, કૃષ્ણ, નારાયણ, વગેરે જે વિષ્ણુનાં નામ છે, તે નામની સમાન જે બીજા દેવનાં નામને જાણે તે નામાપરાધિ કહેવાય છે. તેમને રામાદિક નામ ઉચ્ચારવાથી યથાર્થ ફળ થય નહિ.

(નામાપરાધ સંબંધી હકીકત જાણવા જેવી હોવાથી ટીકાકારે લખી છે તે અહીં ઉતારી છે:—

૫૦ દશ નામાપરાધ.

(જેનાથી દશ નામાપરાધમાંથી કોઇ પણ નામાપરાધ થાય તે નામાપરાધી કહેવાય છે. તે દશ નામાપરાધ નીચે પ્રમાણે છેઃ—

सन्निन्दा, सति नामवैभवकथा, श्रीशेशयोर्भेदधीः ।
अश्रद्धा श्रुतिशास्त्रदैशिकगिरां, नाम्न्यर्थवादभ्रमः ।
नामास्तीति निषिद्धवृत्तिविहितत्यागो, हि धर्मान्तरैः
साम्यं नाम्नि, जपे शिवस्य च हरेर्नामापराधा दश ॥

(**અર્થ**:—૧. સત્પુરૂષની નિંદા, ૨ અસાધુ પુરૂષની પાસે નામના મહિમાનું કથન, ૩ વિષ્ણુનો શિવની સાથે ભેદ, ૪. શિવનો વિષ્ણુથી ભેદ, ૫. શ્રુતિવાકયમાં અશ્રદ્ધા, ૬. શાસ્રવાકયમાં અશ્રદ્ધા, ૭. ગુરૂવાકયમાં અશ્રદ્ધા, ૮. નામવિષે અર્થવાદ (મહિમાની સ્તુતિ) નો ભ્રમ, ૯. અનેક પાપનો નાશ કરનારૂં નામ મારી પાસે છે એવા વિશ્વાસથી નિષિદ્ધ કર્મનું આચરણ અને એજ વિશ્વાસથી વિહિત કર્મનો ત્યાગ. અને ૧૦ અન્ય ધર્મોથી (એટલે અન્ય નામોની સાથે) ભગવાનના નામની તુલ્યતા જાણવી, એ દશ શિવ અને વિષ્ણુના જપમાં નામાપરાધ છે)

(એટલા માટેજ કોઇ મહાત્માએ હિંદીમાં દોહરો કહ્યો છે કેઃ—

राम राम सबको कहे, दशरित कहे न कोय,
एक बार दशरित कहे, (तु) कोटि यज्ञफल होय.

दशरित=દશ નામાપરાધ વિના. (रित=रिक्त=ખાલી-વિના)

એજ રીતે શિવ મતમાં શિવસમાન અન્ય દેવ નથી, અને વિષ્ણુનું નામ ઉચ્ચારવાથી શિવનું નામ ઉચ્ચારવાનું ફળ થાય નહિ.

એ રીતે બધાંના મતમાં પોતપોતાના દેવ સમાન બીજા દેવ નથી; અને સ્માર્ત મતમાં બધા દેવ સરખા છે. માટે સ્માર્તમત પણ એ પાંચેથી વિરૂદ્ધ છે.

૫૧ છ શાસ્ત્રોની પરસ્પર વિરૂદ્ધતા.

(૧) સાંખ્ય, (૨) પાતંજલ, (૩) ન્યાય, (૪) વૈશેષિક, (૫) પૂર્વમીમાંસા, (૬)ઉત્તરમીમાંસા, એ છ શાસ્ત્રોનો મત પણ પરસ્પર વિરૂદ્ધ છે. કેમકે—

(૧) **સાંખ્યશાસ્ત્રમાં** ઈશ્વરનો અંગીકાર નથી. અને યોગનિરપેક્ષ પ્રકૃતિ પુરૂષના વિવેક જ્ઞાનથી મોક્ષ માન્યો છે. યોગનિરપેક્ષ એટલે સમાધિની જરૂર વગર-કેવળ વિવેકથી.

(૨) **પાતંજલમાં**—ઈશ્વરનો અંગીકાર કર્યો છે. અને સમાધિથી મોક્ષ માન્યો છે. એવો વિરોધ સાંખ્ય અને યોગમાં છે.

(૩-૪) **ન્યાયમતમાં**—ચાર પ્રમાણ અને **વૈશેષિકમાં** બેજ પ્રમાણ માન્યાં છે, એ ન્યાય અને વૈશેષિકમાં વિરોધ છે. બીજા પણ એ બન્નેમાં ઘણા વિરોધ છે, પણ જિજ્ઞાસુને તે જરૂરના ન હોવાથી લખ્યા નથી.

(૫) **પૂર્વમીમાંસામાં**-ઇશ્વરનો અંગીકાર નથી, મોક્ષરૂપ નિત્ય સુખનો અંગીકાર નથી, પણ કર્મજન્ય વિષયસુખ એજ પુરૂષાર્થ છે.

(૬) **ઉત્તરમીમાંસામાં**—ઈશ્વરનો અને મોક્ષનો અંગીકાર છે અને વિષય સુખ એ પુરૂષાર્થ નથી; ઉત્તરમીમાંસાનો મત તો આ ગ્રંથમાં સ્પષ્ટજ છે. સઘળાં શાસ્ત્રોનો મત એનાથી વિરૂદ્ધ છે. બીજાં શાસ્ત્રોમાં ભેદવાદ છે અને આમાં ભેદનું ખંડન તથા અભેદનું પ્રતિપાદન છે.

એ રીતે બધાં શાસ્ત્રોના સિદ્ધાંતો પરસ્પર વિરૂદ્ધ છે.

ભિન્ન ભિન્ન મતોનું ખંડન અને અદ્વૈતનું પ્રતિપાદન.

૫૨. તર્કદૃષ્ટિનો પિતાની સાથે મેળાપ.

वचन विरुद्ध सुन सब राजा,
यह संसे उपज्यो तिहि ताजा;
इनमें कौन सत्य बुध भाखत,
युक्ति प्रमाण सकल सम आखत. ९१

संसै सोक दुखित यूं जियमैं,
को उपास्य यह लख्यो न हियमैं;
चिंता हृदय हुई यह जाकूं,
निज संदेह सुनाउं काकूं. ९२
शास्त्रनिपुणपंडित जग जेते,
सुने विरुद्ध बकत यह तेते;
यूं चिंतत बहु काल भयो जब,
तर्कदृष्टि तिहिं आप मिल्यो तब. ९३

दोहा.

मिलै परस्पर ते उभै, पुत्र पिता जिहि रीति;
करि प्रणाम आसिष दुहु, आसन लहे सप्रीति. ९४

અર્થ—રાજાએ જ્યારે આ પ્રમાણે દરેક મતવાળાનાં પરસ્પર વિરૂદ્ધ વચનો સાંભળ્યાં ત્યારે તો વળી તેને વધારે સંશય ઉત્પન્ન થયો. આ બધા પંડિત પોતપોતાના મતને યુક્તિ અને પ્રમાણવડે સરખી રીતે પ્રતિપાદન કરે છે, ત્યારે એમાં કયો પંડિત સાચી વાત કહેતો હશે ? ૯૧.

આ રીતે રાજા સંશયથી ઉપજેલા શોક વડે મનમાં દુઃખી થયો અને કયો દેવ ઉપાસ્ય છે તે વાત નક્કી કરી શક્યો નહિ એના મનમાં વળી એવી ચિંતા ઉપજી કે આ મારો સંદેહ હવે હું કોના આગળ કહી સંભળાવું ! ૯૨

જગતમાં જેટલા જેટલા શાસ્ત્રમાં નિપુણ પંડિતો કહેવાય છે, તેઓ સઘળા એક બીજાની વિરૂદ્ધ કહી રહ્યા છે, એમ તેણે સાંભળ્યું. આવો વિચાર કરતાં કરતાં ઘણોક કાળ વીતી ગયો ત્યારે તર્કદૃષ્ટિ તેને આવી મળ્યો. ૯૩

બાપ અને દીકરો જેવી રીતે મળે તેવી રીતે તે પરસ્પર મળ્યા. એટલે દીકરાએ આવીને પિતાના ચરણમાં પ્રણામ કર્યો અને બાપે તેને આશીર્વાદ આપ્યો તથા પછી બન્ને પ્રેમપૂર્વક પોતપોતાને આસને બેઠા. ૯૪

૫૩. કારણરૂપની ઉપાસ્યતા અને કાર્યરૂપની નિકૃષ્ટતા.

निजपितु चिंतासहित लखि सुत बोल्यो यह बात;
को चिंता चित रावरे, मुख प्रसन्न नहि तात ९५

चौपाई.

शुभसंतति सुतकी सुनी बानी,
तिहि भाखि निज सकल कहानी;
चित चिंताको हेतु सुनायो,
को उपास्य यह तत्व न पायो. ९६
तर्कदृष्टि सुनि पितुके बैना,
बोल्यो शुभसंतति सुख दैना;
कारणरूप उपास्य पिछानहु,
ताके नामअनंत हि जानहु. ९७
कारजरूप तुच्छ लखि तजिये,
यह सिद्धांत वेदको भजिये;
रचे व्यास इतिहास पुराणा,
तिनमें यहि मतो नहि नाना. ९८
मनमें मर्म न लखत जु पंडित,
करत परस्पर मत ते खंडित;
नीलकंठ पंडित बुध नीको,
कियो ग्रंथ भारतको टीको. ९९
तिन यह प्रथमहि लिख्यो प्रसंगा,
श्रुति सिद्धांत कह्यो जो चंगा. १००

પછી તર્કદૃષ્ટિએ પોતાના પિતાને ચિંતાયુક્ત જોઈને પૂછ્યું કે, પિતાજી! આપનું મુખ પ્રસન્ન દેખાતું નથી, તેથી આપના મનમાં શી ચિંતા છે તે કહો. ૯૫

શુભ સંતતિ રાજાએ પુત્રનું વચન સાંભળીને બધી બનેલી વાત કહી અને "ઉપાસ્ય દેવ કયો છે" એ વાત સમજાઇ નથી તેની મને ચિંતા છે, તે કહી બતાવ્યું ૯૬

તર્કદૃષ્ટિએ પોતાના પિતાનાં વચન સાંભળીને જે કહ્યું તેથી શુભ સંતતિ રાજાને સુખ ઉત્પન્ન થયું. તર્કદૃષ્ટિએ કહ્યું કે, સર્વમાં જે કારણરૂપ હોય તે ઉપાસ્ય જાણવું. તેનેજ અનંત કહે છે.૯૭

કાર્યરૂપ તુચ્છ છે એમ જાણીને તેને તજી દેવું જોઇએ કેમકે વેદનો એવો સિદ્ધાંત છે માટે તેને જ ગ્રહણ કરવો. વ્યાસજીએ ઇતિહાસ અને પુરાણ રચ્યાં છે, તેમાં પણ તેમનો એજ અભિ-

પ્રાય છે. નાના દેવો ઉપાસ્ય છે એમ કહેવામાં તેમનો અભિપ્રાય નથી. ૯૮

જે પંડિતો વ્યાસનો એ અભિપ્રાય પોતાના મનમાં સમજતા નથી. તેઓ એક બીજાના મતનું ખંડન કરે છે નીલકંઠ પંડિત એ સારા વિદ્વાન હતા. તેમણે મહાભારત ગ્રંથ ઉપર ટીકા લખીછે. ૯૯ તેમાં આરંભમાંજ આ પ્રસંગ લખ્યો છે અને વેદનો ઉત્તમ સિદ્ધાંત ત્યાંજ બતાવી દીધો છે. ૧૦૦

૫૪. પુરાણોમાં કહેલી સ્તુતિ નિંદા કરવામાં વ્યાસનો અભિપ્રાય.

શંકા—બધાં પુરાણોના કર્ત્તા એક વેદવ્યાસ છે તેમણે સ્કંદ પુરાણમાં શિવજીમાં સ્વતંત્રતાદિક ઇશ્વરના ધર્મ કહ્યા છે અને બીજા દેવોને શિવની કૃપાથી વૈભવ પ્રાપ્ત થવાનું કહ્યું છે, માટે તેમનામાં જીવધર્મ કહ્યા એમ જણાય છે. તેમજ વિષ્ણુ પુરાણમાં અને પદ્મપુરાણમાં વિષ્ણુની ઇશ્વરતા કહી છે. વળી વિષ્ણુ અને શિવથી ભિન્ન જે ગણપતિ વગેરે દેવતાઓ છે, તેઓજ ઇશ્વર છે, એમ કોઇ દેવની પુરાણમાં તો કોઇ દેવની ઉપપુરાણમાં ઇશ્વરતા વર્ણી છે. એ રીતે વ્યાસનાં વચનોમાં વિરોધ દેખાય છે તેનું શું સમાધાન છે?

સમાધાન—વિષ્ણુ, શિવ, ગણપતિ, દેવી, સૂર્ય, એ બધાજ ઇશ્વર છે. જે પ્રકરણમાં બીજા દેવોની નિંદા કરી છે, ત્યાં તેમની નિંદા વડે તેમની ઉપાસનાનો ત્યાગ કરાવવામાં વ્યાસનો અભિપ્રાય નથી; પણ વૈષ્ણવ પુરાણોમાં શિવાદિકની જે નિંદા કરી છે, તેથી વિષ્ણુની ઉત્કૃષ્ટતા સમજાવીને વિષ્ણુની ઉપાસનામાં પ્રવૃત્તિ કરાવવાનોજ હેતુ છે. તેજ પ્રમાણે શિવ પુરાણમાં વિષ્ણુ વગેરેની જે નિંદા કરી છે, તે પણ વિષ્ણુ વગેરેની ઉપાસનાનો ત્યાગ કરાવવાના હેતુથી કરી નથી, પણ શિવની મહત્તા બતાવીને શિવની ઉપાસનામાં પ્રવૃત્તિ કરાવવાના હેતુથી કરી છે. જો એક પ્રકરણમાં બીજાની નિંદા તેની ઉપાસનાનો ત્યાગ કરાવવાના હેતુથી કરી હોય, તો પછી સઘળા દેવોની ઉપાસનાનો ત્યાગ જ થઇ જાય. માટે બીજાઓની નિંદા એ એકની સ્તુતિને અર્થે છે; બીજાઓની ઉપાસનાના ત્યાગને અર્થે નથી.

દૃષ્ટાંતઃ—વેદમાં અગ્નિહોત્રના બે કાળ કહ્યા છે. એક તો સૂર્ય ઊગ્યા પહેલાંનો અને બીજો સૂર્ય ઊગ્યા પછીનો કાળ કહ્યો છે. ત્યાં અનુદય (ઊગ્યા પહેલાંના) કાળના પ્રસંગમાં ઉદયકાળની નિંદા કરી છે; અને ઉદય કાળના પ્રસંગમાં અનુદય કાળની નિંદા કરી છે. ત્યાં નિંદા કરવાનું તાત્પર્ય જો ત્યાગ કરવામાં હોય, તો બન્ને કાળમાં હોમનો ત્યાગ કરવો પડે. પણ

નિત્યકર્મનો ત્યાગ તો થાય નહિ. માટે ઉદયકાળની સ્તુતિ માટે અનુદયકાળની નિંદા છે, અને અનુદયકાળની સ્તુતિ માટે ઉદયકાળની નિંદા છે. એમ સમજી લેવું જોઈએ. તેજ રીતે એક દેવની ઉપાસનાના પ્રસંગમાં અન્ય દેવોની નિંદાનું તાત્પર્ય તે એક દેવની સ્તુતિ કરવી એજ છે, પણ અન્ય દેવોની નિંદા કરવી, એ તાત્પર્ય નથી.

૫૫. પાંચે દેવોના ઉપાસકોને સમાન લોકની (બ્રહ્મલોકની) પ્રાપ્તિ.

જેમ વેદની ભિન્ન ભિન્ન શાખાઓવાળા પોતપોતાની શાખાઓના સંપ્રદાય મુજબ કોઇ ઉદયકાળમાં હોમ કરે છે અને કોઇ અનુદયકાળમાં હોમ કરે છે, પણ તેનું ફળ બન્નેને સમાન મળે છે. તેજ પ્રમાણે પોતપોતાની ઇચ્છાને અનુસરીને પાંચે દેવોમાંથી ગમે તેની ઉપાસના કરે, તે ઉપાસનાથી ઉપાસકને બ્રહ્મલોકનીજ પ્રાપ્તિ થાય છે. અને ત્યાં ભોગ ભોગવીને ઉપાસક વિદેહ મુક્તિ પામે છે.

જો કે વિષ્ણુ વગેરેની ઉપાસનાથી વૈકુંઠ વગેરે લોકોની પ્રાપ્તિ પુરાણોમાં કહેલી છે—બ્રહ્મલોકની પ્રાપ્તિ કહી નથી—તથાપિ જે ઉત્તમ ઉપાસક વિદેહ મુક્તિના અધિકારી છે તે બધા દેવયાન માર્ગથી બ્રહ્મલોકમાંજ જાય છે. પરંતુ એકજ બ્રહ્મલોક વૈષ્ણવ ઉપાસકને વૈકુંઠરૂપ પ્રતીત થાય છે, અને તે લોકના વાસી બધા ચતુર્ભુજ પાર્ષદરૂપ તેને પ્રતીત થાય છે, અને પોતે પણ ચતુર્ભુજમૂર્તિ થાય છે.

તેમજ શિવના ઉપાસકને બ્રહ્મલોકજ શિવલોકરૂપે પ્રતીત થાય છે. અને તે લોકના વાસી સઘળા ત્રણ નેત્રવાળા દેખાય છે અને પોતે પણ તેવોજ થાય છે.

એજ રીતે સઘળા ઉપાસકોને બ્રહ્મલોકજ પોતાના ઉપાસ્યના લોકરૂપે પ્રતીત થાય છે. કેમકે—આવો નિયમ છે કે, દેવયાન માર્ગ વિના અન્ય માર્ગથી જેઓ જાય છે, તેમનું ફરીને સંસારમાં આગમન થાય છે. અને દેવયાન એજ એકલો માર્ગ બ્રહ્મલોકનો છે, માટે વિદેહમુક્ત થવાની યોગ્યતાવાળા સર્વે ઉપાસક બ્રહ્મલોકમાં જાય છે. તે બ્રહ્મલોકનો એવો અદ્દ્ભુત મહિમા છે કે, ઉપાસકની ઇચ્છા પ્રમાણેનીજ સઘળી સામગ્રી સહિત બ્રહ્મલોક તેને પ્રતીત થાય છે.

ઉપાસક વગેરે પરલોકમાં જવાના (૧) દેવયાન, (૨) પિતૃયાન, અને (૩) જાયસ્વમ્રિયસ્વ (જન્મો અને મરો) એવા ત્રણ માર્ગ શાસ્ત્રોમાં કહેલા છે. એને સંસારના માર્ગ પણ કહે છે.

(૧) સૂર્યમંડળને ભેદીને બ્રહ્મલોકમાં જવાનો જે માર્ગ તેને **દેવયાન માર્ગ** કહે છે, એનું બીજું નામ **અર્ચિમાર્ગ** છે.

(૨) ચંદ્રમંડળને ભેદીને ઇંદ્રલોકરૂપ બ્રહ્મલોકમાં જવાનો જે માર્ગ, તેને **પિતૃયાન** કહે છે. એનું બીજું નામ **ધૂમમાર્ગ** છે.

(૩) વારંવાર જન્મમૃત્યુને માટે મૃત્યુલોકમાં આવવાનો જે માર્ગ તે **જાયસ્વમ્રિયસ્વમાર્ગ** છે.

એ ત્રણ સંસારના માર્ગ છે, ચોથો બ્રહ્મજ્ઞાનરૂપ જે માર્ગ તે **મોક્ષનો માર્ગ** છે.

આ રીતે પાંચે દેવોના ઉપાસકોને સમાન ફળ પ્રાપ્ત થાય છે.

૫૬. એક પરમાત્મામાં અનેક નામરૂપ સંભવે છે.

શંકા—પાંચે દેવોનાં નામ અને રૂપ ભિન્નભિન્ન કહ્યાં છે. અને ઈશ્વર તો એક છે. એક ઈશ્વરનાં એવાં ભિન્ન ભિન્ન નામરૂપ સંભવે નહિ.

સમાધાન—વાસ્તવિક રીતે જોતાં તો પરમાત્મામાં કોઈ નામ કે રૂપ છેજ નહિ. પણ મંદબુદ્ધિ મનુષ્યોને ઉપાસના કરવા માટે નામરૂપ રહિત પરમાત્માનાં માયાકૃત કલ્પિત નામરૂપ કહેવામાં આવ્યાં છે. માટે એકજ પરમાત્મામાં માયાકૃત કલ્પિત અનેક નામરૂપ સંભવે છે. આ રીતે તમામ પુરાણ વાક્યોનો વિરોધ દૂર થઇ શકે છે.

૫૭. બધાં પુરાણોનું તાત્પર્ય—કારણ બ્રહ્મની ઉપાદેયતા (ગ્રહણ યોગ્યતા) અને કાર્યબ્રહ્મની હેયતા (ત્યાગયોગ્યતા).

પુરાણનાં વાક્યોમાં પરસ્પર વિરોધ છે. એવી શંકાનું મુખ્ય સમાધાન તો આ પ્રમાણે છેઃ—વિષ્ણુ, શિવ, ગણપતિ, દેવી, સૂર્ય એ વગેરે જે જે એક એક દેવનાં નામ છે તે સઘળાં કારણ બ્રહ્મનાં નામ છે. અને કાર્ય બ્રહ્મનાં પણ તેજ બધાં નામ છે. જેમ માયાવિશિષ્ટ કારણને બ્રહ્મ કહે છે, અને તેનું કાર્ય જે હિરણ્યગર્ભ તેને પણ બ્રહ્મ કહે છે; એજ રીતે વિષ્ણુ, શિવ, ગણેશ, દેવી, સૂર્ય, એ શબ્દો બોલવાથી કારણ બ્રહ્મ સમજાય છે, તેમ કાર્ય બ્રહ્મ પણ એજ પાંચ શબ્દો બોલવાથી સમજાય છે. એજ રીતે એ પાંચે શબ્દોના નારાયણ, નીલકંઠ, વિઘ્નેશ, શક્તિ, સૂર્ય, ઇત્યાદિક અનંત પર્યાય છે, તે બધા કારણ બ્રહ્મ અને કાર્યબ્રહ્મ બન્નેનો બોધ કરે છે. કોઇ જગોએ તો એ શબ્દો કારણ બ્રહ્મને ઉદ્દેશીને કહેલા હોય છે અને કોઇ જગોએ તો પ્રસંગ વશાત્ એ શબ્દો કાર્ય બ્રહ્મને ઉદ્દેશીને કહેલા હોય છે. જેમ 'સૈંધવ' એ શબ્દના 'ઘોડો' અને 'લવણ' એવા બે અર્થ થાય છે. પણ ભોજનના પ્રસંગમાં 'સૈંધવ' નો અર્થ 'લવણ' થાય છે, અને બહાર

જવું હોય તે વખતે 'સૈંધવ' નો અર્થ 'ઘોડો' થાય છે. એજ રીતે વિષ્ણુ પુરાણમાં વિષ્ણુ અને નારાયણ વગેરે પદો કારણ બ્રહ્મનાં બોધક છે અને શિવ, ગણેશ, સૂર્ય વગેરે પદ કાર્ય બ્રહ્મનાં બોધક છે.

૫૮. પુરાણોમાં બ્રહ્મવાચકાદિ પદોનાં ઉદાહરણ.

(૧) વૈષ્ણવ ગ્રંથોમાં વિષ્ણુની સ્તુતિ અને શિવાદિક દેવોની નિંદા કરવામાં વ્યાસનો એવો અભિપ્રાય છે કે કારણ બ્રહ્મ ઉપાસ્ય છે અને કાર્ય-બ્રહ્મ ઉપાસ્ય નથી. તેમજ—

(૨) સ્કંદ પુરાણ વગેરે શૈવ ગ્રંથમાં શિવ મહેશ, આદિ પદો કારણ બ્રહ્મનાં બોધક છે, અને વિષ્ણુ, ગણેશ, દેવી, સૂર્ય, વગેરે પદો કાર્ય બ્રહ્મનાં બોધક છે. માટે તેમાં પણ કારણ બ્રહ્મની સ્તુતિ અને કાર્ય બ્રહ્મની નિંદા સમજવી. તેમજ—

(૩) ગણેશ પુરાણમાં ગણેશ પદ કારણ બ્રહ્મનું વાચક છે, અને વિષ્ણુ શિવ વગેરે પદ કાર્યબ્રહ્મનાં વાચક છે માટે તેમાં પણ કારણ બ્રહ્મની સ્તુતિ અને કાર્ય બ્રહ્મની નિંદા છે. તેમજ—

(૪) કાલી પુરાણમાં કાલિ આદિક પદ કારણ બ્રહ્મનાં બોધક છે, અને વિષ્ણુ. શિવ, ગણેશ, સૂર્ય વગેરે પદો કાર્ય બ્રહ્મનાં બોધક હોવાથી કાલી પદ વડે જેનો બોધ કર્યો છે એવા કારણ બ્રહ્મની સ્તુતિ અને વિષ્ણુ શિવાદિક પદો વડે જેનો બોધ કર્યો છે એવા કાર્ય બ્રહ્મની નિંદા સમજવી. તેમજ—

(૫) સૌર પુરાણમાં સૂર્ય, ભાનુ, વગેરે પદોથી કારણ બ્રહ્મ સમજાવ્યું છે. માટે તેની સ્તુતિ અને વિષ્ણુ વગેરે પદોથી કાર્ય બ્રહ્મ સમજાવીને તેની નિંદા જણાવવાનું તાત્પર્ય છે.

એ રીતે સઘળાં પુરાણોનાં કાર્યકારણની સંજ્ઞારૂપ સંકેતનો માત્ર ભેદ છે, પણ ઉપાદેય અને હેય જે અર્થ છે, તેનો ભેદ નથી. (અર્થાત્ સઘળાં પુરાણોમાં કારણબ્રહ્મ તથા કાર્યબ્રહ્મ જૂદા જૂદા શબ્દોથી વર્ણ્યું છે. અને ગમે તે શબ્દથી કહ્યું હોય તથાપિ કારણ બ્રહ્મ એજ ઉપાસ્ય છે, અને કાર્યબ્રહ્મ ઉપાસ્ય નથી એમ જણાવવાનું તાત્પર્ય છે. કારણ બ્રહ્મ ઉપાસ્ય છે માટે તેની સ્તુતિ કરી છે, અને કાર્ય બ્રહ્મ ઉપાસ્ય નથી માટે તેની નિંદા કરી છે, એટલોજ અર્થ સ્તુતિ નિંદા શબ્દોથી સમજવો.) બધાં પુરાણોમાં—

(૧) કારણ બ્રહ્મની ઉપાસના ઉપાદેય છે એટલે ગ્રહણ કરવા યોગ્ય છે. અને—

(૨) કાર્ય બ્રહ્મની ઉપાસના હોય છે એટલે તજવા યોગ્ય છે.

માટે સઘળાં પુરાણો એક કારણ બ્રહ્મ ઉપાસ્ય છે એમ બોધન કરે છે, તેથી તેમનો પરસ્પર વિરોધ નથી.

૫૯ મૂર્તિપ્રતિપાદનનો અભિપ્રાય.

જો કે ચતુર્ભુજ, ત્રિનેત્ર, ગજમુખ, અષ્ટભુજ, ઇત્યાદિ મૂર્તિઓ માયાનું પરિણામ છે અને ચેતનનું વિવર્ત છે, માટે કાર્યરૂપ છે. અને તેની પણ ઉપાસના કરવાની કહી છે; તથાપિ તે ચતુર્ભુજ વગેરે મૂર્તિઓનું જે માયાવિશિષ્ટ કારણ છે તેની સાથે એ ચતુર્ભુજાદિક રૂપનો ભેદ નથી એમ વિચાર કરવાથી સમજાશે. માટે તે આકારોનો બાધ કરીને કારણ રૂપથી તેમની ઉપાસના કરવી, એમ જણાવવાનું તાત્પર્ય છે. કેમકે આકાર તો કાર્ય છે, માટે તુચ્છ છે અને કારણ સત્ય છે. પણ કોઈની બુદ્ધિ મંદ હોવાથી તે બુદ્ધિ આકારમાં જ સ્થિર થઇ શકે એમ હોય તો તેણે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આકારનીજ ઉપાસના કરવી. એમ કરવાથી પણ બુદ્ધિ સ્થિર થઇને પરિણામે કારણ બ્રહ્મની ઉપાસનામાં સ્થિતિ થાય છે.

૬૦ કાર્યબ્રહ્મની ઉપાસના કારણ બ્રહ્મના જ્ઞાન માટે છે.

કારણ બ્રહ્મની ઉપાસના કરવાની રીત આ પ્રમાણે કહેલી છે:–બ્રહ્મ જગતનું કારણ છે; તે સત્યકામ છે; સત્ય સંકલ્પ છે; સર્વજ્ઞ છે; સ્વતંત્ર છે; સર્વનો પ્રેરક છે; કૃપાળુ છે; એવા ઇશ્વરના ધર્મોનું ચિંતન કરવું. મૂર્તિનું ચિંતન કરવામાં શાસ્ત્રનું તાત્પર્ય નથી.

શાસ્ત્રમાં જે અનેક મૂર્તિઓ લખી છે તે ઉપાસના માટે લખી નથી, પણ બધી મૂર્તિઓ કારણબ્રહ્મની ઉપલક્ષણ રૂપ છે, એમ સમજાવવાના હેતુથી લખી છે. જે વસ્તુ જેના એક દેશમાં હોય, અને તે પણ કોઇક વખતજ હોય, અને એમ છતાં તે વસ્તુ વ્યાવર્તક હોય એટલે જે સ્થળમાં હોય તેને બીજાં સ્થળોથી જૂદું પાડી બતાવનારી હોય, તો તેને વ્યાવર્તક કહે છે.

જેમ, "પેલો કાગડો બેઠો છે તે દેવદત્તનું ઘર." આ વાક્યમાં દેવ-દત્તના ઘરનું કાગડો એ ઉપલક્ષણ છે. કેમકે કાગડો ઘરના એક દેશમાં હોય છે (આખા ઘરમાં હોતો નથી), અને તે પણ કોઇ વખત હોય છે, સદાકાળ હોતો નથી, અને એમ હોઇને બીજાં ઘરથી દેવદત્તના ઘરનો વ્યાવર્તક છે એટલે ભિન્ન પાડી બતાવનાર છે, માટે કાગડો એ જગોએ ઉપલક્ષણ કહેવાય છે. (લક્ષણ ન છતાં લક્ષણનું કાર્ય કરે છે માટે તે ઉપ-લક્ષણ કહેવાય છે. જે લક્ષણ હોય તે આખી વસ્તુમાં સદાકાળ હોઇને વ્યાવર્તક હોય છે.) એજ રીતે જગતનું કારણ બ્રહ્મ છે. તે કારણ રૂપ બ્રહ્મના એક દેશમાં ચતુર્ભુજાદિક મૂર્તિ છે, અને તે પણ કદાચિત્ હોય છે–સદાકાળ હોતી નથી; અને એમ હોઇને તે બીજા બધાથી કારણ બ્રહ્મની વ્યાવર્તક છે. કેમકે ચતુર્ભુજાદિ મૂર્તિ કારણ બ્રહ્મ વિષેજ હોય છે–બીજામાં હોતી નથી, માટે તે કારણબ્રહ્મનું ઉપલક્ષણ છે.

ઉપલક્ષણનું માત્ર એટલુંજ પ્રયોજન હોય છે કે તેથી વિશેષ્ય વસ્તુનું જ્ઞાન થાય. જેમ કાગડારૂપ વિશેષણથી વિશેષ્યરૂપ દેવદત્તના ઘરનું જ્ઞાન થાય છે; એ સિવાય બીજું કોઈ પ્રયોજન કાગડાનું નથી. તે રીતે ચતુર્ભુજ વગેરે મૂર્તિથી પણ નિરાકાર કારણ બ્રહ્મનું જ્ઞાન, એજ ઉપાસના માટે મૂર્તિ પ્રતિપાદનનું પ્રયોજન છે, બીજું પ્રયોજન નથી.

૬૧ આકારમાં આગ્રહવાળા શૈવાદિકને ખેદની પ્રાપ્તિ.

શાસ્ત્રના અભિપ્રાયને સમજ્યા વિના કેટલાક મંદબુદ્ધિવાળા ઉપાસકો મૂર્તિના આકારોમાં આગ્રહ કરે છે. અને 'શ્યાલ સારમેય' ન્યાયથી પરસ્પર કલહ કરે છે. શ્યાલ એટલે સાળો-સ્ત્રીનો ભાઇ; સારમેય એટલે કૂતરો.

શ્યાલ સારમેય ન્યાય—એક ભરવાડ અને વાઘરીનાં ઘર જોડે જોડે હતાં ભરવાડને એક કૂતરો હતો તેનું નામ **ધાવક** હતું; અને વાઘરીના કૂતરાનું નામ ઉત્ફાલક હતું. એ ભરવાડનાં પછીથી લગ્ન થયાં. તે ભરવાડના **સાળાનું નામ** ઉત્ફાલક હતું અને ઉત્ફાલકના એક દુશ્મનનું **નામ** ધાવક હતું સ્ત્રી પરણીને ભરવાડને ઘેર આવી. હવે ભરવાડનો અને વાઘરીનો કૂતરો વારંવાર લઢતા હતા. તે વખતે ભરવાડના ઘરનાં બધાં વાઘરીના કૂતરા ઉત્ફા-લકને ગાળો દે અને પોતાના કૂતરા ધાવકનાં વખાણ કરે. નવી આવેલી ભરવાડની સ્ત્રીને કૂતરાંના નામની ખબર ન હોવાથી તે સમજી કે આ ઘરનાં બધાં મારા ભાઇ ઉત્ફાલકને ગાળો દે છે અને તેના દુશ્મન ધાવકનાં વખાણ કરે છે. એમ સમજીને સાંજે જ્યારે એનો ધણી ઘેર આવ્યો ત્યારે તેની જોડે લઢવા લાગી કે તમારા ઘરનાં મારા ભાઇને નિત્ય ગાળો દે છે ને તેના દુશ્મનનાં વખાણ કરે છે, એ ઠીક નહિ. કોઇ વખત જોવા જેવું થશે! ભર-વાડે એ વાતની તપાસ કરી સ્ત્રીને સમજણ પાડી કે એ તો કૂતરાનાં નામ છે—તારા ભાઈની વાત નથી, ત્યારે તે શાંત થઈ!

જેમ ભરવાડણે પોતાના સાસુ સસરા વગેરેનો અભિપ્રાય જાણ્યા વિના સરખા નામથી ભરમાઇને ક્લેશ કર્યો; તેમ વૈષ્ણવ ગ્રંથોમાં શિવ વગેરેનાં નામથી કાર્યબ્રહ્મની નિંદા કરી છે—શૈવ ગ્રંથોમાં શિવ વગેરે નામથી ઓળ-ખાતા કારણ બ્રહ્મની નિંદા કરી નથી—એ અભિપ્રાયને જાણ્યા વગર શૈવાદિક દુઃખિત થાય છે; અને એમજ વિષ્ણુ નામથી કાર્યની નિંદા સમજ્યા વગર વૈષ્ણવો દુઃખી થાય છે.

સઘળાં પુરાણોનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

(૧) કારણ બ્રહ્મ ઉપાસ્ય છે.

(૨) કાર્ય બ્રહ્મ ત્યાજ્ય છે.

(૧) માયાવિશિષ્ટ ચેતનને કારણબ્રહ્મ કહે છે.

(૨) માયાકૃત કાર્યવિશિષ્ટ ચેતનને કાર્યબ્રહ્મ કહે છે.

એજ અર્થ ભારતની ટીકાના આરંભમાં લખ્યો છે અને સઘળા વેદાંતનો પણ એજ સિદ્ધાંત છે.

૬૨. શાસ્ત્રોના વિરોધ વિષે પ્રશ્ન.

शुभसंतति सुनि सुतके बैना,
उपज्यो जियमें किंचित चैना;
पुनि तिन प्रश्न कियो निजपूतहि,
शास्त्र परस्पर कहत अनूतहि. १०१
तिनमें सत्य कौन सो कहिये,
जाको अर्थ बुद्धिमें लहिये. १०२
तर्कदृष्टि सुनि निजपितु वानी,
बोल्यो वचन सु परम प्रमानी,
उत्तर मीमांसा उपदेसा,
वेदविरुद्ध न जामें लेसा. १०३
शास्त्र पंच ते वेदविरुद्धं,
यातें जानहु सकल अशुद्धं;
किंचित अंश वेद अनुसारी,
लखि बहुग्रहत मंद अधिकारी. १०४

અર્થ—પુરાણોના પરસ્પર વિરોધની શંકા દૂર થવાથી શુભસંતતિ રાજાને પોતાના પુત્રનાં વચન સાંભળીને મનમાં થોડીક શાંતિ થઇ પણ છ શાસ્ત્રોનો પરસ્પર વિરોધ છે એ શંકા તેની મટી નહિ, તેથી તેણે ફરીને પોતાના પુત્રને પ્રશ્ન કર્યો કે શાસ્ત્રો પરસ્પર જે વિરોધી વાત કહે છે. ૧૦૧ તેમાંથી કયા શાસ્ત્રની વાત સાચી માનીને તેનો અર્થ બુદ્ધિમાં ધારણ કરીએ? ૧૦૨

ઉત્તર મીમાંસાની પ્રમાણુતા.

પોતાના પિતાની વાણી સાંભળીને તર્કદૃષ્ટિએ પરમ પ્રમાણુ યુક્ત વચન કહ્યું કે ઉત્તરમીમાંસામાં જે ઉપદેશ છે તેમાં લગાર પણ વેદથી વિરૂદ્ધ નથી. ૧૦૩ બાકીનાં પાંચ શાસ્ત્ર વેદથી વિરૂદ્ધ છે માટે તેને દોષવાળાં જાણવાં. તે શાસ્ત્રોમાં થોડોક ભાગ વેદને

અનુસરતો છે તે જોઇને ઘણાક મંદ અધિકારીઓ તે શાસ્ત્રોનો સ્વીકાર કરતા જણાય છે. ૧૦૪

ટીકા—જો કે છ શાસ્ત્રોના કર્તાઓ સર્વજ્ઞ કહેવાય છેઃ—

(૧) સાંખ્યના કર્ત્તા કપિલમુનિ.

(૨) પાતંજલના કર્ત્તા પતંજલિમુનિ. એ શેષનો અવતાર છે.

(૩) ન્યાયના કર્ત્તા ગૌતમમુનિ.

(૪) વૈશેષિકના કર્ત્તા કણાદમુનિ.

(૫) પૂર્વમીમાંસાના કર્ત્તા જૈમિનિ આચાર્ય.

(૬) ઉત્તરમીમાંસાના કર્ત્તા વ્યાસમુનિ.

એ સઘળાઓનું માહાત્મ્ય પ્રસિદ્ધ છે, માટે એમનાં વચનરૂપ શાસ્ત્રો પણ બધાં સરખાંજ પ્રમાણ માનવાં જોઇએ.

સમાધાન—પરંતુ સઘળાં વાકયોમાં પ્રબળ પ્રમાણ વેદવાક્ય છે. કેમકે—

(૧) વેદનો કર્ત્તા સર્વજ્ઞ ઇશ્વિર છે, તેને વિષે ભ્રમ, સંદેહ અને વિપ્રલિપ્સા (ઠગવાની ઇચ્છા) દોષ સંભવતા નથી.

(૨) શાસ્ત્રોના કર્ત્તા જીવો છે; તેમનામાં ભ્રમ વગેરે દોષો હોવાનો સંભવ છે.

શંકા—શાસ્ત્રકારો પણ સર્વજ્ઞ કહેવાય છે.

સમાધાન—એ વાત ખરી; પણ તેમને યોગ માહાત્મ્યથી સર્વજ્ઞતા પ્રાપ્ત થયેલી છે, તેથી તેઓ **યુંજાનયોગી** થયેલા છે; અને ઇશ્વિરની સર્વજ્ઞતા સ્વભાવસિદ્ધ છે માટે તે **યુક્તયોગી** કહેવાય છે.

૧. જે પદાર્થનું ચિંતન કરે તે પદાર્થનું જેને જ્ઞાન થાય તેને **યુંજાનયોગી** કહે છે.

૨. જેને સઘળા પદાર્થો સર્વદા એકરસ (આખા એક પદાર્થની પેઠે) અપરોક્ષ પ્રતીત થાય તે. **યુક્તયોગી** કહેવાય છે. એવો ઇશ્વિર છે.

૧ યુક્તયોગીકૃત વેદવચન **પ્રબળ** છે.

૨. યુંજાનયોગીકૃત શાસ્ત્રવચન **દુર્બળ** છે.

૬૪. વેદાનુસારી શાસ્ત્રની પ્રમાણતા.

વેદને અનુસરનારૂં શાસ્ત્ર પ્રમાણ જાણવું અને વેદથી વિરૂદ્ધ હોય તેને અપ્રમાણ જાણવું. ઉત્તરમીમાંસા સિવાયનાં પાંચે શાસ્ત્રો કેવી રીતે વેદવિરૂદ્ધ છે તે વાત શારીરક આદિ ગ્રંથોમાં સ્પષ્ટ કરીને કહેલી છે, માત્ર ઉત્તરમીમાંસા શાસ્ત્ર કોઇ પણ અંશમાં વેદથી વિરૂદ્ધ નથી માટે તે પ્રમાણ છે.

બીજાં શાસ્ત્રોને પણ કોઇ કોઇ અંશમાં વેદને અનુસરનારાં જોઇને મંદ બુદ્ધિવાળાં મનુષ્યો તેમાં વિશ્વાસ કરતા જેવામાં આવે છે; પણ તે

શાસ્ત્રો ઘણે અંશે વેદથી વિરૂદ્ધ છે માટે તજવા જેવાંજ છે. જો કોઇ અંશમાં વેદાનુસારી હોવાથી તે શાસ્ત્ર ગ્રહણ કરવા યોગ્ય મનાતું હોય, તો જૈનશાસ્ત્ર પણ અહિંસા અંશમાં વેદને અનુસરનારૂં છે માટે તે પણ ગ્રહણ કરવા યોગ્ય ગણાવું જોઇએ: પણ ઘણે અંશે વેદવિરૂદ્ધ હોવાથી તે તજવા જેવું છે પણ ગ્રહણ કરવા જેવું નથી.

શંકા—સુગત એટલે બુદ્ધ પણ ઇશ્વરનો અવતાર છે. માટે તેનાં વચન પણ વેદ સમાન પ્રમાણ માનવાં જોઇએ.

સમાધાન—પણ બુદ્ધનો અવતાર અસુરોને ઠગવા માટે થયો છે, માટે તેનાં વચન સર્વ પ્રકારે અપ્રમાણ છે.

માટે સર્વ અંશમાં વેદને અનુસરનાર ઉત્તર મીમાંસા હોવાથી મુમુક્ષુઓએ તે શાસ્ત્ર સર્વ પ્રકારે ગ્રહણ કરવા જેવું છે.

શંકા—ઉત્તર મીમાંસા ગ્રંથ વ્યાસકૃત સૂત્રરૂપ છે. તેનું વ્યાખ્યાન પણ અનેક પુરૂષોએ જૂદી જૂદી રીતે કરેલું છે. તેમાંથી કયું ગ્રહણ કરવું ?

સમાધાન—પૂજ્યપાદ શંકરાચાર્યકૃત વ્યાખ્યાનજ વેદાનુસારી છે; બીજાં વ્યાખ્યાનો તેવાં નથી. એ વાત પાછળ પાંચમા તરંગમાં પ્રતિપાદન કરી છે, માટે ઉત્તર મીમાંસા સિવાયનાં પાંચે શાસ્ત્રો અપ્રમાણ છે

૬૫ બીજાં શાસ્ત્રોની ઉપયોગિતા સારગ્રાહી દૃષ્ટિથી છે.

આ તરંગમાંજ પાછળ કહેવામાં આવ્યું છે કે સઘળાં શાસ્ત્રો મોક્ષમાં ઉપયોગી છે, તે માત્ર તર્કદૃષ્ટિના સારગ્રાહી વિવેકને અનુસરીને કહ્યું છે. જેમ કોઇ માણસનો વધ કરવાને તેનો શત્રુ તરવારનો ઝટકો મારે, તેથી લોહી વહી જઇને દૈવયોગથી તેનો રોગ મટી જાય. તે વખતે તે સારગ્રાહી રોગી મનુષ્ય તરવાર મારનારનો ઉપકાર માને; તેવીજ રીતે બીજાં શાસ્ત્રોથી પણ કોઇ રીતે અંતઃકરણની શુદ્ધિ અને સ્થિરતા થવાથી મનુષ્ય નિવૃત્તિ પરાયણ થઇને વેદાનુસાર નિશ્ચય કરે તો મોક્ષ થાય. પણ જો સર્વ પ્રકારે તે બીજા શાસ્ત્રમાં આગ્રહ રાખે તો **અંધગોલાંગૂલ ન્યાયથી** તેને અનર્થની પ્રાપ્તિ થાય. માટે સઘળાં શાસ્ત્રોનો ત્યાગ કરીને અદ્વૈત વ્યાખ્યાનની રીતે ઉત્તર મીમાંસા શાસ્ત્ર ગ્રહણ કરવા જેવું છે.

૬૬ અંધગોલાંગૂલ ન્યાયનો ખુલાસો.

અંધગોલાંગૂલ ન્યાય આવો છેઃ—જેમ કોઇ ધનવાનના ઘરેણાંગાંઠાં પહેરેલા છોકરાને ચોર લોકો પકડીને જંગલમાં લેઇ ગયા અને તેનાં ઘરેણાં ઉતારી લેઈ તેની આંખો ફોડીને તેને જંગલમાં છોડીને ચાલ્યા ગયા. તે રડતા છોકરાને જોઇ કોઇ નિર્દય ઠગારાએ તેને કહ્યું કે આ બળદ તારા ગામ

ગામ તરફ જાય છે માટે તેનું પુંછડું તું પકડી લે-છોડીશ નહિ. તે ઉપર વિશ્વાસ રાખીને તે છોકરો બળદનું પુંછડું પકડીને ઠગારાના વચનમાં વિશ્વાસ રાખવા વડે દુઃખી થઇ નાશ પામે છે.

તેમ વિષય રૂપી ચોર વિવેક રૂપ નેત્રોને ફોડીને મનુષ્યને સંસાર રૂપી વનમાં મૂકી દે છે. ત્યાં ભેદવાદી નિર્દય ઠગારા બીજાં શાસ્ત્રોના સિદ્ધાંતમાં આગ્રહ કરાવે છે અને કહે છે કે;—અમારા ઉપદેશથીજ તને પરમ સુખની પ્રાપ્તિ થશે માટે તેને છોડીશ નહિ. જિજ્ઞાસુ બિચારો તેના વચનમાં વિશ્વાસ રાખીને પુરૂષાર્થ સુખથી રહિત થાય છે અને જન્મમરણરૂપ મહાદુઃખનો અનુભવ કરે છે. માટે બીજાં શાસ્ત્રો તજવા જેવાં છે.

રાજાનો મોક્ષ તથા ગ્રંથ સમાપ્તિ.

દોહા

तर्कदृष्टिके वचन सुनि, सुभसंतति तिहि तात;
संसै सोक नस्यो सकल, कह्यो हिये कुसलात. १०५
कारनब्रह्म उपासना, करी बहुत चित लाय;
तर्कदृष्टि निज लखि गुरु, राजसमाज बढाय. १०६

૯૭. રાજાએ કરેલી કારણબ્રહ્મની ઉપાસના તથા તેનો મોક્ષ.

તર્કદષ્ટિનાં વચન સાંભળીને તેના પિતા શુભ સંતતિના મનમાંથી સઘળા સંશય અને શોક નાશ પામ્યો તથા મનમાં શાંતિ થઇ. ૧૦૫

તેણે મનને એકાગ્ર કરીને કારણ બ્રહ્મની ઉપાસના કરી; તથા તર્કદષ્ટિને પોતાનો ગુરૂ માનીને રાજસમાજમાં તેને મોટું માન આપ્યું. ૧૦૬

ટીકા—જો કે તર્કદષ્ટિ પુત્ર હતો, તથાપિ ઉત્તમ ઉપદેશ કર્યો તેથી તેને ગુરૂ પદવી પ્રાપ્ત થઇ, એ બ્રહ્મવિદ્યાનું માહાત્મ્ય છે.

શુભસંતતિનો મોક્ષ.

कछु बीत्यो काल तब, तजि राजा निज प्राण,
ब्रह्मलोकमें सो गयो, मुनि जहँ जात सध्यान. १०७

અર્થ—એ પ્રમાણે ઉપાસના કરતાં કરતાં કેટલોક કાળ વીત્યા પછી રાજા મૃત્યુ પામ્યો અને જ્યાં ધ્યાની મુનિઓ જાય છે તે બ્રહ્મલોકમાં તે ગયો. ૧૦૭

ટીકા—અહીં રાજાના મરણનો યોગ્ય દેશકાળ કહ્યો નથી, તેનો આવો અભિપ્રાય છેઃ—ઉપાસકના મરણમાં દેશકાળની અપેક્ષા નથી. ભલે તે દિવસે મરે કે રાત્રે દક્ષિણાયનમાં મરે કે ઉત્તરાયનમાં—પવિત્ર ભૂમિમાં મરે કે અપવિત્ર ભૂમિમાં—સર્વથા ઉપાસનાના બળથી દેવયાનમાર્ગદ્વારા તેને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે.

પાછળ જે અદૃષ્ટિના પ્રસંગમાં દેશકાળની અપેક્ષા કહી છે તે યોગસહિત ઉપાસકને માટે કહી છે; કેવળ ઇશ્વરશરણ ઉપાસકને દેશકાળની અપેક્ષા નથી. એજ અર્થ સૂત્રકાર અને ભાષ્યકારે પણ પ્રતિપાદન કર્યો છે.

૯૮ તર્કદૃષ્ટિનો દેહપાત અને પરમાત્મા સાથે અભેદ.

राजकाज सब तब कियो, तर्कदृष्टि हुसियार;
लग्यो न रंचक रंग तिहि, लह्यो ब्रह्म निर्धार. १०८
अंत भयो प्रारब्धको, पायो निश्चल गेह;
आतम परमातम मिल्यो, देह खेहमैं छेह. १०९

અર્થ—પિતાના મૃત્યુ પામ્યા પછી તર્કદૃષ્ટિએ સાવધ રહીને સઘળું રાજ્યકાજ કરવા માંડયું. પણ તેણે નિશ્ચયપણે બ્રહ્મનો સાક્ષાત્કાર કરેલો હોવાથી તેને તેમાંથી લગાર પણ રંગ લાગ્યો નહિ. ૧૦૮

જ્યારે તેના પ્રારબ્ધનો અંત આવ્યો ત્યારે તેને નિશ્ચળ ઘર પ્રાપ્ત થયું [મોક્ષ મળ્યો]; એટલે એનો સાક્ષી કૂટસ્થ જે આત્મા તે પરમાત્મામાં મળી ગયો અને તેનો દેહ માટીમાં મળી ગયો. ૧૦૯.

૯૯ વિદેહ મુક્તિ વિષે ભિન્ન ભિન્ન મતો—સિદ્ધાંતમાં ઇશ્વર સાથે ભેદાભેદને વિદેહ મુક્તિ કહે છે.

ટીકા—જો કે કૂટસ્થનો પરમાત્મા સાથે સદા અભેદ છે, તથાપિ ઉપાધિકૃત ભેદ તો છે. તે ઉપાધિનો નાશ થવાથી ઉપાધિકૃત ભેદનો પણ નાશ થાય છે.

ઉપર કહ્યું છે કે "તેનો આત્મા પરમાત્મામાં મળી ગયો" એટલે આત્મા પરમાત્મા સાથે અભેદપણે રહ્યો, એવો અર્થ થાય છે. એમ કહેવામાં એવો અભિપ્રાય છે કેઃ—વિદેહ મુક્તિમાં ઇશ્વર સાથે અભેદની પ્રાપ્તિ થાય છે, શુદ્ધ બ્રહ્મચેતન સાથે અભેદ થતો નથી. આ વિષય શારીરક ભાષ્યના ચોથા અધ્યાયમાં પ્રતિપાદન કર્યો છે. ત્યાં આ પ્રસંગ છેઃ—

(૧) વિદેહ મુક્તિમાં સત્ય સંકલ્પાદિકરૂપની પ્રાપ્તિ **જૈમિનિના** મતથી કહી છે.

(૨) **ઔડુલોમિના** મતથી સત્ય સંકલ્પાદિકનો અભાવ કહ્યો છે.

(૩) **સિદ્ધાંતમાં** સત્ય સંકલ્પાદિકનો ભાવ અને અભાવ બન્ને કહ્યું છે. તેનો આવો અભિપ્રાય છેઃ—વિદેહ મુક્તિમાં આત્માનો ઈશ્વર સાથે અભેદ થાય છે. તેથી ઈશ્વરના જે સત્ય સંકલ્પાદિક ગુણો છે, તે ગુણો મુક્તમાં પણ આવે છે એમ બીજા જીવો માને છે. અર્થાત્ જીવોની અપેક્ષાએ મુક્તમાં સત્ય સંકલ્પાદિકનો આરોપ કરાય છે. પણ ઈશ્વર તો પરમાર્થ દૃષ્ટિએ શુદ્ધ છે, તેનામાં કોઈ ગુણ નથી પણ તે નિર્ગુણ છે, માટે ઈશ્વરની સાથે અભેદ પણે રહેલા મુક્તમાં પણ સત્યસંકલ્પાદિક ગુણોનો અભાવજ છે.

૭૦ ઈશ્વર અને શુદ્ધ ચૈતન્યનો અભેદ.

જો કે સંસાર દશામાં પણ જીવ વાસ્તવિક રીતે જોતાં તો નિર્ગુણ છે અને શુદ્ધ છે, તથાપિ જીવને સંસાર દશામાં અવિદ્યાથી કર્તાપણું અને ભોક્તાપણું પ્રતીત થાય છે.

ઈશ્વરને કદી પણ આત્મામાં અથવા અન્યમાં સંસાર પ્રતીત થતો નથી, માટે તે સદા અસંગ, નિર્ગુણ, અને શુદ્ધ છે. માટે મુક્તનો ઈશ્વર સાથે જે અભેદ તેજ શુદ્ધ બ્રહ્મચૈતન્ય સાથે અભેદ છે.

જો ઈશ્વર સાથે અભેદને શુદ્ધ બ્રહ્મ સાથેનો અભેદ ન માનીએ તો ઈશ્વરને શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ કદી પણ થાય નહિ. કેમકે જીવની પેઠે ઈશ્વરને ઉપદેશજન્ય જ્ઞાન અને વિદેહ મોક્ષ તો કદી થાય નહિ; અને સદાપ્રાપ્ત જે તેનું રૂપ તે શુદ્ધ નથી (કેમકે તેને માયોપાધિક સર્વજ્ઞતાદિક ગુણવાળો માન્યો છે), માટે ઈશ્વર તો જીવથી પણ ન્યૂન અને સદાબદ્ધ છે એમ કહેવું પડશે! માટે આ રીતે માનવું જોઈએ કેઃ—

(૧) ઈશ્વરને આવરણ નથી. માટે તેને ઉપદેશ જન્ય જ્ઞાનની અપેક્ષા નથી,

(૨) આવરણ ન હોવાથી તેને ભ્રાંતિ નથી. માટે તે નિત્ય સર્વજ્ઞ છે અને નિત્ય મુક્ત છે.

(૩) માયા અને તેનું કાર્ય આત્મામાં પ્રતીત થતું નથી, માટે તે સદા અસંગ છે, અને તેથી તે શુદ્ધ છે.

એ રીતે મુક્તનો ઈશ્વર સાથે અભેદ તેજ શુદ્ધ ચેતન સાથે અભેદ છે.

દૃષ્ટાંત વડે પણ મુક્તનો ઈશ્વર સાથેજ અભેદ સિદ્ધ થાય છે. જેમ, ઘરમાં મૂકેલો ઘડો ફૂટી જાય એટલે ઘટાકાશનો મહાકાશમાં લય થયો કહેવાય;

મહાકાશમાં લય થયો કહેવાય નહિ. તેમ જ્ઞાનીનું શરીર ઇશ્વરકૃત બ્રહ્માંડમાં નાશ પામે છે, અને આખું બ્રહ્માંડ ઇશ્વરના શરીરરૂપ માયામાં અંતર્ભૂત છે. જ્ઞાનીનો આત્મા વિદેહ મોક્ષ પામતાં બ્રહ્માંડની બહાર ગમન કરતો નથી, માટે તેનો ઇશ્વરની સાથેજ અભેદ થાય છે. પણ જેમ ઘટાકાશનો મહાકાશ સાથે અભેદ થાય છે, અને તે મહાકાશ મહાકાશ રૂપજ છે; તેમ જ્ઞાનીના આત્માનો ઇશ્વર સાથે અભેદ થાય છે, અને તે ઇશ્વર એ શુદ્ધ બ્રહ્મજ છે, માટે જ્ઞાનીના આત્માને શુદ્ધ બ્રહ્મનીજ પ્રાપ્તિ થાય છે.

(અહીં આ રહસ્ય છે:—જ્ઞાનીની દૃષ્ટિથી તો વિદેહ મોક્ષ થતા પહેલાં પણ બ્રહ્માંડાદિ જગત્ કાંઇ છેજ નહિ, પણ શુદ્ધ બ્રહ્મજ છે. માટે તેની દૃષ્ટિથી તો શુદ્ધ બ્રહ્મ સાથેજ અભેદ છે. અને એજ તેને શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ કહેવામાં આવે છે.)

(અજ્ઞાનીઓની દૃષ્ટિથી બ્રહ્માંડ વગેરે જેમનું તેમ પ્રતીત થાય છે, માટે તેની દૃષ્ટિથી જ્ઞાનીનો ઇશ્વર સાથે—ઇશ્વરના દેહરૂપ બ્રહ્માંડ સાથે—અભેદ થાય છે. તે ઇશ્વર વાસ્તવિક શુદ્ધ બ્રહ્મજ છે. તેથી પણ જ્ઞાનીને શુદ્ધ બ્રહ્મ-નાજ પ્રાપ્તિ થાય છે.)

૭૧ ભાષાગ્રંથ રચવાનું પ્રયોજન.

यह विचारसागर कियो जामैं रत्न अनेक;
गोप्य वेदसिद्धांततैं, प्रगट लहत सविवेक. ११०
सांख्य न्यायमैं श्रम कियो, पढि व्याकरन असेष;
पढे ग्रंथ अद्वैतके, रह्यो न एकहु सेष १११
कठिन जु और निबंध हैं, जिनमैं मतके भेद;
श्रमतैं अवगाहन किये, निश्चलदास सवेद. ११२
तिन यह भाषाग्रंथ किय, रंच न उपजी लाज;
तामैं यह इक हेतु है दयाधर्म सिरताज. ११३
बिन व्याकरन न पढि सकै, ग्रंथ संसकृत मंद;
पढै याहि अनयास हि, लहै सु परमानंद. ११४
दिल्लीतैं पश्चिम दिशा, कोस अठारह गाम;
तामैं यह पूरो भयो, किहडोली तिहि नाम. ११५
ज्ञानी मुक्ति विदेहमैं, जासौं होय अभेद;
दादू आदूरूपसो, जाहि बखानत वेद. ११६
नामरूप व्यभिचारीमैं, अनुगत एक अनूप;
दादूपदको लक्ष्य है, अस्तिभातिप्रियरूप. ११७

ગુપ્ત રાખવા યોગ્ય એવા વેદ સિદ્ધાંત વડે આ વિચારસાગર રચવામાં આવ્યો છે, જેમાં સિદ્ધાંત રૂપી અનેક રત્નો (જે આજ સુધી ગુપ્ત હતાં તે) વિવેકી માણસો પ્રકટ જોઇ શકે છે. ૧૧૦

આ ગ્રંથના કર્ત્તા નિશ્ચળદાસે પ્રથમ સમગ્ર વ્યાકરણ ભણીને પછી સાંખ્યશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્ર સમજવામાં શ્રમ વેઠયો છે. અને પછી અદ્વૈત શાસ્ત્રના તમામ ગ્રંથો વાંચ્યા છે; એક પણ ગ્રંથ બાકી રાખ્યો નથી. ૧૧૧

વળી બીજા પણ જે મતભેદવાળા કઠણ કઠણ નિબંધરૂપ ગ્રંથો છે, તેમાં તથા વેદમાં પણ નિશ્ચળદાસે ધ્યાન આપીને ઘણા પ્રયાસથી બુદ્ધિનો પ્રવેશ કરાવ્યો છે. ૧૧૨

એવા વિદ્વાને આ ભાષાનો ગ્રંથ રચ્યો છે, અને તેમ કરતાં તેને લગર પણ શરમ આવી નથી; તેનું એક કારણ તો એવું છે કે તેથી માત્ર ભાષા ગ્રંથો સમજવાની શક્તિવાળા માણસો ઉપર દયા થઇ શકે છે—કેમકે દયા ધર્મ એ બધા ધર્મ કરતાં શ્રેષ્ઠ છે. ૧૧૩

મંદ બુદ્ધિના માણસો વ્યાકરણ ભણ્યા વિના સંસ્કૃત ગ્રંથો ભણી શકે નહિ; પણ આ ગ્રંથને તો વગર મેહેનતે ભણી શકે અને પરમાનંદ પ્રાપ્ત કરી શકે.

૭૨. મંગલાચરણ પૂર્વક ગ્રંથની સમાપ્તિ.

દિલ્હીથી પશ્ચિમમાં અઢાર ગાઉ પર કિહડોલી કરીને ગામ છે. (એ ગામમાં શ્રી નિશ્ચલદાસજીનો ગુરૂદ્વારો છે, અને ત્યાં અદ્યાપિ તેમની શિષ્ય શાખા પણ છે. વળી તેમણે જે ગ્રંથો સંગ્રહ કર્યા હતા તે પણ ત્યાં છે.) એ ગામમાં આ ગ્રંથ પૂરો થયો છે.

વિદેહ મુક્તિ પામ્યા પછી જ્ઞાનીઓ જેની સાથે અભેદરૂપે રહે છે અને વેદ જેનાં વખાણ કરે છે, તે આદિ સ્વરૂપ દાદૂ છે. (નિશ્ચળદાસજી દાદૂ પંથના સાધુ હતા માટે તેમણે પોતાના આદિ ગુરૂ દદૂને વારંવાર સંભાર્યા છે)

(અહીં જે દાદૂ શબ્દવડે લક્ષ્યાર્થ છે તે કહે છે.)

પદાર્થ માત્રમાં નામ અને રૂપ વ્યભિચારી છે એટલે કોઈ વખત હોય ને કોઈ વખત ન હોય એવાં છે, તે સઘળામાં સદાકાળ અનુગત રહેલું એક અસ્તિ, ભાતિ અને પ્રિય એવું જે ઉપમા રહિત રૂપ છે (શુદ્ધ ચૈતન્ય છે) તે દાદૂ પદનો લક્ષ્ય અર્થ છે.

इतिश्री विचारसागरे जीवन्मुक्ति विदेहमुक्ति वर्णनं नाम सप्तमतरंगः समाप्तः ॥

શ્રી વિચારસાગર સમાપ્ત.